१६७३

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૭

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૭૩, સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ લોકશાહીમાં વિરોધ પક્ષનું સ્થાન ☆

લોકશાહી તંત્રમાં વિરોધ પક્ષનું ઘણું મહત્ત્વનું સ્થાન મનાય છે. લોકશાહીની સફળતા માટે વિરોધ પક્ષ તેનો એક આધાર-સ્થંભ લેખાય છે. જ્યાં એક જ પક્ષનું રાજ્ય હોય ત્યાં લોકશાહીનો અભાવ અથવા સરમુખત્યારશાહી છે એમ આપણે માનીએ છીએ. અહીં જે લોકશાહીનો ઉલ્લેખ થાય છે તે બ્રિટિશ પદ્ધતિની સંસદીય લોકશાહી - પાર્લમિન્ટરી ડેમોક્રેસી - સમજવાની છે. રાજ્ય-તંત્ર માટે ઈંગ્લાંડમાં શરૂ થયેલ અને વિકસેલ આ એક વિશિષ્ટ પ્રકારની શાસનપદ્ધતિ છે. અમેરિકાએ આ પદ્ધતિ કેટલાક અગત્યના ફેરફારો સાથે અપનાવી છે. આટલેન્ટિક મહાસાગરના બંને બાજુના મોટા દેશોએ આ રાજ્યપદ્ધતિ અપનાવી હોવાથી તેને આટલેન્ટિક ડેમોક્રેસી પણ કહે છે. વખત જતાં દુનિયાના બીજા દેશોએ પણ એક અથવા બીજા સ્વરૂપે આ રાજ્યપદ્ધતિ સ્વીકારી છે અથવા સ્વીકારતા જાય છે. આપણા દેશમાં પણ દેશના રાજ્ય-તંત્ર માટે બંધારણ ઘડવાનો પ્રસંગ આવ્યો ત્યારે ઘણો વિચાર કરીને આ પદ્ધતિ સ્વીકારી છે. બ્રિટિશ પ્રજાનો રાષ્ટ્રીય સ્વભાવ–નેશનલ કેરેક્ટર–અને ત્યાંની બીજી પરિસ્થિતિ જોતાં આ પ્રકારનું રાજ્યતંત્ર તે દેશને માટે એકંદરે અનુકૂળ સિદ્ધ થયું છે. પણ બીજા દેશો માટે તે તેટલું જ અનુકૂળ અથવા સફળ નીવડયું છે એમ નહિ કહેવાય. બીજા વિશ્વયુદ્ધ પછી એશિયા અને આફ્રિકાના દેશો સ્વતંત્ર થયા તેવા ઘણા દેશોએ શરૂઆતમાં આવી સંસદીય લોકશાહીવાળું બંધારણ કર્યું, પણ બધા દેશોમાં તે સફળ થયું છે તેમ નથી. કેટલાક દેશોમાં તે નિષ્ફળ ગયું છે, તો કેટલાક દેશોમાં આવી લોકશાહી નામની જ છે. રાજ્યતંત્ર માટે આ જ શ્રેષ્ઠ પદ્ધતિ છે એમ પણ નથી. ઈંગ્લાંડમાં પણ કેટલીય સદીઓના અનુભવથી આ પદ્ધતિ વિકસતી અને ઘડાતી રહી છે. કેટલાક વિદ્વાનો એમ પણ માને છે કે બ્રિટિશ પ્રજાની સ્વાભાવિક ખાસિયતો જોતાં તે દેશ માટે આવું રાજ્યતંત્ર અનુકૂળ થયું છે. પણ દરેક પ્રજાએ પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ, ઐતિહાસિક પરંપરા અને બીજા સંયોગો વિચારીને પોતાની રાજ્યપદ્ધતિ ઘડવી જોઈએ.

વળી, એક રાજ્યપદ્ધતિ તરીકે સંસદીય લોકશાહી એક વસ્તુ છે અને જીવનદૃષ્ટિ તરીકે લોકશાહી વર્તન - Democracy as a way of life–એ તદ્દન જુદી વસ્તુ છે. જીવનવ્યવહારના દરેક ક્ષેત્રમાં લોકશાહી દૃષ્ટિ અને તે મુજબનું વર્તન એ સમાજસ્વાસ્થ્ય અને સમાજકલ્યાણનો પાયો છે. કૌટુંબિક ક્ષેત્ર હોય, શૈક્ષણિક ક્ષેત્ર હોય, વ્યાપારી ક્ષેત્ર હોય, સામાજિક ક્ષેત્ર હોય, આ દરેક ક્ષેત્રમાં લોકશાહી ધોરણ સંભવે છે એટલું જ નહિ પણ આવકારપાત્ર છે એ સમજવું જરૂરનું છે. અત્યારે આપણે એમ જ માનતા થયા છીએ કે લોકશાહી એટલે સંસદીય લોકશાહી–પણ જીવનના બીજા વ્યવહારમાં સાચી લોકશાહી ન હોય તો સંસદીય લોકશાહી કોઈ દિવસ સફળ ન થાય. આવી સર્વવ્યાપક લોકશાહીનો પાયો માનવીય સમાનતા છે. માણસનું ગૌરવ કરવું, પછી તે ગરીબ હોય કે તવંગર, પુત્ર હોય કે શિષ્ય, સ્ત્રી હોય કે પુરુષ, સાચી લોકશાહીનો આ પાયો છે. જેનામાં આવી સમાનતાની ભાવના નથી તે લોકશાહી સમજતો નથી, આચરતો નથી. લોકશાહીમાં ઉચ્ચ - નીચના ભેદને અવકાશ નથી. ભ્રાતૃભાવ અને સમાનતા સાચી લોકશાહીનાં અવિભાજ્ય અંગ છે. આવી સાચી લોકશાહી, સામાજિક, આર્થિક ક્ષેત્રમાં હોય તેવા સમાજમાં રાજકીય પદ્ધતિ જેને સંસદીય લોકશાહી કહીએ છીએ તેવી ન પણ હોય. અને છતાં તે રાજ્યપદ્ધતિ સાચી લોકશાહી હોય.

વર્તમાન સંસદીય લોકશાહીનું ઉદ્‌ગમસ્થાન ઈંગ્લાંડમાં વિજ્ઞાનને કારણે થયેલ ઔદ્યોગિક ક્રાન્તિમાં રહ્યું છે. આ ક્રાન્તિને કારણે સમાજમાં એક નવો ધનિક વર્ગ થયો. ત્યાં સુધી રાજા સર્વસત્તાધીશ હતો. ઉમરાવો સંપત્તિના માલેક હતા. ત્યારે સંપત્તિ મુખ્યત્વે જમીન જ હતી. રાજ્ય કરવેરા નાખે તેનો મોટો ભાગ રાજા અને અમીરોના લાભ માટે હતો. ત્યારે અવાજ ઊઠયો કે પ્રજાની સંમતિ વિના કરવેરા ન હોવા જોઈએ. No taxation without representation. ઈંગ્લાંડનો રાજકીય ઈતિહાસ એટલે રાજ્યતંત્રમાં પ્રજાનો અવાજ અને સત્તા વધતાં રહ્યાં તેનો ક્રમિક વિકાસ.

રાજ્યતંત્રમાં પ્રજાનો અવાજ કેવી રીતે લાવવો? તેને માટે મતદાન પદ્ધતિ સ્વીકારી, શરૂઆતમાં મર્યાદિત મતદાન વિચાર્યું. શિક્ષિતો માટે, કરવેરા ભરતા હોય તેવા માટે, માત્ર પુરુષો માટે, પણ ધીમે ધીમે પ્રજામાં જાગૃતિ આવી તેમ આ બધી મર્યાદાઓ છોડવી પડી અને અંતે પુખ્ત વયના સાર્વત્રિક મતાધિકારનો સ્વીકાર થયો.

કોઈ પણ સમાજમાં, સામાજિક અને આર્થિક હિતો બધાનાં સમાન નથી હોતાં. દરેક પોતાનું હિત જુએ છે અને ખેંચે છે. પરિણામે સમાજમાં ભિન્ન ભિન્ન વર્ગો ઉત્પન્ન થાય છે. પછી આવા વર્ગોનું સંગઠન થાય છે અને દરેક વર્ગ પોતાના માની લીધેલ હિતો માટે લડે છે. પછી પોતાનું હિત સાધવા દરેક વર્ગ સંસદમાં પોતાનું વધુમાં વધુ પ્રતિનિધિત્વ મેળવવા પ્રયત્ન કરે છે. આ રીતે સંસદમાં જુદા જુદા પક્ષો સત્તાસ્થાને આવવા અને રહેવા પ્રયત્ન કરે છે.

આપણે જ્યારે એમ કહીએ છીએ કે વિરોધ પક્ષ હોવો તે સંસદીય લોકશાહીનું મહત્ત્વનું અંગ છે અથવા તેનો એક આધાર-સ્થંભ છે તેનો અર્થ શું? તેનો અર્થ એટલો જ છે કે દરેક પક્ષને પ્રતિનિધિત્વ મળવું જોઈએ, પોતાનો અભિપ્રાય વ્યકત કરવાની તક મળવી જોઈએ, પોતાની માન્યતાઓના પ્રચારનો પૂરો અવકાશ રહેવો જોઈએ. આ પરિસ્થિતિ માટે અનિવાર્ય હકીકત એ છે કે મતદાન સ્વચ્છ, લાંચ, લાલચ કે ભયરહિત થવું જોઈએ.

સંસદીય લોકશાહીની પાયાની માન્યતા એ છે કે સમાજમાં જે સામાજિક અને આર્થિક પરિવર્તન વખતોવખત જરૂરનું છે તેવું પરિવર્તન બળજબરીથી કે હિંસાથી નહિ પણ શાન્તિમય માર્ગે, સાથે બેસીને પરસ્પર વિચારવિનિમયથી બાંધછોડ કરીને, સર્વનાં હિતનો વિચાર કરીને કરવું હિતાવહ છે, શકય છે, જરૂરનું છે. આવી પદ્ધતિ ત્યારે સફળ થાય કે જ્યારે બધા વર્ગોની દૃઢ માન્યતા હોય કે શાન્તિમય માર્ગે પરિવર્તન શકય છે. આવી પદ્ધતિને સફળ બનાવવા દરેક પક્ષે અમુક મર્યાદા, નિયંત્રણ અને વર્તનનું ધોરણ સ્વીકારવું પડે, જેમ કોઈ રમત રમવી હોય-ક્રિકેટ કે ટેનિસ—તો તેના નિયમો - Rules of game સ્વીકારવા પડે, તેમ સંસદીય પદ્ધતિમાં આવી પાયાની મર્યાદાઓ સ્વીકારવી પડે. સામ્યવાદીઓ, દાખલા તરીકે એમ માને છે કે મૂડીવાદી વર્ગ પોતાનાં હિતો સ્વેચ્છાએ કે સમજણથી કોઈ દિવસ જતાં કરશે જ નહિ અને તેને માટે વર્ગવિગ્રહ અને હિંસક ક્રાંતિ અનિવાર્ય છે. પણ લોકશાહીની પ્રતિષ્ઠા એટલી મોટી છે કે જેઓ લોકશાહીમાં માનતા નથી તેઓ પણ એવો દાવો કરે છે કે તેમની પદ્ધતિ લોકશાહી છે અને તેને નવાં નામો આપે છે: પીપલ્સ ડેમોક્રેસી, બેઝિક ડેમોક્રેસી, ગાઈડેડ ડેમોક્રેસી, વગેરે. પણ તેમાં લોકશાહીનો અંશ પણ નથી હોતો. વર્ષો પહેલાં હેરલ્ડ લાસ્કીએ તેમના પુસ્તક 'ડેમોક્રેસી ઈન ક્રાઈસિસ'માં લખ્યું છે કે મૂડીવાદી વર્ગ અમુક હદ સુધી શાન્તિમય માર્ગે પરિવર્તન સ્વીકારશે પણ તેના મૂળમાં ઘા પડવાનો વખત આવશે ત્યારે તે વર્ગ પણ બધાં સાધનોથી લડશે—By means fair and foul અને ત્યારે સંસદીય લોકશાહી તૂટી પડશે. ઈંગ્લાંડમાં આ આગાહી ખરી પડી નથી અને ઈંગ્લાંડે સંસદીય પદ્ધતિથી ઘણાં પરિવર્તનો સફળતાપૂર્વક કર્યાં છે. છતાં બધા પ્રકારની અસમાનતા દૂર કરી છે એમ તો નથી જ.

સંસદીય લોકશાહીમાં વિરોધ પક્ષ હોવો અનિવાર્ય છે એમ પણ નથી. વર્તમાન સંસદીય લોકશાહીનાં ગંભીર દૂષણો જોતાં વિનોબાજી અને જયપ્રકાશ નારાયણ જેવા તેના સખત વિરોધી છે. અતિ ખર્ચાળ ચૂંટણી, ભ્રષ્ટાચાર, લાંચરુશવત વગેરે અનેક દોષોથી ભરપૂર આ પદ્ધતિ દિવસે દિવસે વિકૃત થતી જાય છે. જેમ વર્તમાન ન્યાયપદ્ધતિ અતિ ખર્ચાળ અને વિલંબવાળી હોવાથી ન્યાય મેળવવો એક ક્રૂર મશ્કરી બની ગયો છે તેમ સંસદીય લોકશાહીમાં પણ પ્રજાનો વિશ્વાસ ઘણો ઓછો થયો છે. તેની ચૂંટણીમાં પ્રજાનું સાચું પ્રતિનિધિત્વ આવતું નથી. વિરોધ પક્ષ હોય તે આવકારપાત્ર છે પણ તે સાચો વિરોધ પક્ષ હોય તો. વિરોધ પક્ષ કૃત્રિમ રીતે ઊભો નથી કરી શકાતો. રાજકારણી વ્યકિતઓનું વર્તન જોતાં શાસક પક્ષ અને વિરોધ પક્ષમાં પ્રજાને પસંદગીનો બહુ અવકાશ રહેતો નથી. પ્રજા ઉદાસીન થતી જાય છે.

મહત્ત્વની વસ્તુ એ છે કે ભિન્ન મત વ્યકત કરવાનો પૂરો અવકાશ રહેવો જોઈએ. સરમુખત્યારો કે રાજકીય પક્ષો વિરોધી મતને યેનકેન પ્રકારેણ દબાવી દેવાનો જ પ્રયત્ન કરે છે. આવા વિરોધ મતની અભિવ્યકિત માત્ર વિરોધ પક્ષ માટે જ જરૂરની છે એમ નથી. એક જ પક્ષમાં પણ આવું મતસ્વાતંત્ર્ય રહે તે જરૂરનું છે. શાસક પક્ષને મોટી બહુમતી હોય ત્યારે તે પક્ષમાં પણ મત-સ્વાતંત્ર્ય રહેતું નથી. Right of Dissent એ બધા જીવન-વ્યવહારનો પાયો છે. તે સાથે સ્વૈચ્છિક નિયંત્રણ અને સર્વજન-હિતની દષ્ટિએ કલ્યાણનો માર્ગ છે. વિરોધની ખાતર વિરોધ એ ઘાતક છે. સર્વસંમતિથી જેટલું થઈ શકે તેટલું સ્થાયી બને છે. આ માટે જીવનદષ્ટિ બદલાવી જોઈએ અને સ્વાર્થ અને પરિગ્રહલાલસા ઘટવાં જોઈએ. તો જ સાચી લોકશાહી જીવનના બધા વ્યવહારમાં સ્થાપી શકીશું.

(આકાશવાણીના સૌજન્યથી) ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## પ્રેસિડન્ટ નિક્સનનો ઘમંડ

પ્રેસિડન્ટ નિક્સને ફરીથી ઉત્તર વિયેટનામ ઉપર ભયંકર બૉમ્બમારો શરૂ કર્યો છે. ચૂંટણી પહેલાં નિક્સન અને કિસિન્જરે જાહેર કર્યું હતું કે ઉત્તર વિયેટનામ સાથે શાન્તિકરાર લગભગ થઈ ગયા છે અને યુદ્ધવિરામ હાથવેંતમાં છે. આ જાહેરાત અમેરિકન પ્રજાને છેતરવા કરી હતી કે ચૂંટાઈ ગયા પછી નિક્સને વિચાર બદલાવ્યો છે તે કહેવું મુશ્કેલ છે. ચૂંટણીસમયે કદાચ સહેજ નમતું મૂકયું હશે પણ ચૂંટાઈ ગયા પછી ચાર વર્ષ પ્રમુખ તરીકે સલામત છે એટલે ફરીથી સત્તાના મદનું ઘેન ચડયું છે અને ઉત્તર વિયેટનામને નમાવવા વિનાશક માર્ગ ગ્રહણ કર્યો છે. દુર્ભાગ્ય એ છે કે એક વ્યકિતના હાથમાં એટલી બધી અમર્યાદ સત્તા છે કે તેને કોઈ રોકી શકે તેમ નથી. વિશ્વમત કે અમેરિકન પ્રજામત આ માંધાતાને સ્પર્શતો નથી. "માન્ચેસ્ટર ગાર્ડિયને" લખ્યું છે કે "આ એક એવી વ્યકિતનું વર્તન છે કે જે રોષથી આંધળી બની છે અથવા પોતાના વર્તનનાં પરિણામો જોવા અસમર્થ છે; ઇતિહાસમાં નિક્સન સૌથી વધારે લોહીતરસ્યો અને ખૂની (bloodthirsty and murderous) અમેરિકન પ્રમુખ તરીકે સ્થાન પામશે."

આવા ક્રૂર વર્તનથી વિયેટનામની પ્રજાની બરબાદી થાય છે એટલું જ નહિ પણ અમેરિકન પ્રજાની નૈતિક અધોગતિ અને વિનાશ નોતરે છે.

## શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારી

ભારતરત્ન શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીનું ૯૪ વર્ષની પુખ્ત વયે અવસાન થતાં આપણા દેશે અને દુનિયાએ એક મહાપુરુષ ગુમાવ્યો છે. રાજાજીનું ૫૦ વર્ષથી વિશેષ સમયનું જાહેર જીવન સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ રહ્યું છે. ગાંધીજીના લોહચુંબકમાં અનેક વિરલ વ્યકિતઓ આકર્ષાઈ તેમાં રાજાજી સૌથી વિરલ હતા. સ્વાતંત્ર્ય-યુદ્ધના એક અગ્રગણ્ય સેનાની, ગાંધીજીના તારામંડળના સૌથી તેજસ્વી તારલા તરીકે રાજાજી જુદી જ ભાત પાડતા. તેમની બુદ્ધિપ્રતિભા કોઈની છાયા સ્વીકારે તેમ ન હતું. પોતાનો જુદો માર્ગ ખેડવામાં કદાચ તેઓ ગૌરવ લેતા. નહેરુ, સરદાર પટેલ, મૌલાના આઝાદ વગેરે નેતાઓને ગાંધીજી સાથે મતભેદો થતા, કેટલાક તીવ્ર પણ હતા, છતાં અંતે સૌ ગાંધીજીનું માર્ગદર્શન સ્વીકારતા. રાજાજી એક જ એવા હતા કે જે નમતું નહોતા મૂકતા. ગાંધીજીની અસીમ ઉદારતાનું રાજાજીને રક્ષણ ન હોત તો રાજાજીને તેમના જાહેર જીવનમાં મુશ્કેલી પડત. "હિન્દ છોડો" જેવા આખરી જંગ વખતે રાજાજીએ વિરોધ કર્યો. મુસ્લિમ લીગ અને ઝીણાને ટેકો આપ્યો અને ગાંધીજી જેવાને પણ પાકિસ્તાન સ્વીકારવા લગભગ તૈયાર કર્યા. પોતાના અભિપ્રાયો બદલવામાં પણ રાજાજી સંકોચ ન રાખતા. પોતાના અભિપ્રાયોનું સમર્થન કરવા યુકિતઓ અને દલીલો બેસુમાર રજૂ કરી શકતા. વિવાદમાં તેમને કોઈ ન પહોંચે.

આઝાદી પછી ઘણા મહાન હોદ્દાઓ તેમણે શોભાવ્યા. દેશના છેલ્લા અને એક જ હિન્દી ગવર્નર જનરલ જેવું પદ પ્રાપ્ત કર્યું. મદ્રાસના મુખ્ય મંત્રી તરીકે, બંગાળના ગવર્નર તરીકે, કેન્દ્રના ગૃહમંત્રી તરીકે યશસ્વી કામગીરી બજાવી. સરદાર પટેલનો વિરોધ ન હોત તો દેશના પ્રથમ રાષ્ટ્રપતિ થયા હોત. નહેરુને બુદ્ધિશાળી વ્યકિતઓ માટે આકર્ષણ હતું. નહેરુનું ચાલ્યું હોત તો, રાજાજી સાથે ઘણી બાબતોમાં ઉગ્ર મતભેદ હોવા છતાં, તેમને પ્રથમ રાષ્ટ્રપતિ બનાવત. કેવી વિચિત્રતા કે એ જ નહેરુના અને નહેરુ કુટુમ્બના રાજાજી કટ્ટર વિરોધી થયા. ૧૯૫૮માં સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી ત્યારથી કૉંગ્રેસને તોડવા તેમની શકિતનો ઉપયોગ થયો. આ મહા-વિદ્વાન પુરુષે સ્થાપિત હિતોના રક્ષણહારનું સ્વરૂપ ધારણ કર્યું.

રાજાજીની બુદ્ધિપ્રતિભા બહુમુખી અને સર્વગ્રાહી હતી. રાજકારણમાં ન પડયા હોત તો પ્રખર તત્ત્વજ્ઞાની તરીકે ખ્યાતિ પામ્યા હોત.

ગીતા, ઉપનિષદો, મહાભારત, રામાયણ, કુરાન જેવા ધર્મ-ગ્રન્થો ઉપરનાં તેમનાં વિવેચનો મૌલિક છે. રામકૃષ્ણ પરમહંસના ઉપદેશનો સાર રામકૃષ્ણ ઉપનિષદરૂપે રાજાજી જ આપી શકે. અંગ્રેજી અને તામિલ ભાષા ઉપર તેમનું અદ્ભુત પ્રભુત્વ હતું. તેમની ટૂંકી વાર્તાઓ પંચતંત્ર કે ટૉલ્સ્ટૉયની ધર્મકથાઓને તોલે મૂકી શકાય.

રાજાજી વિજ્ઞાન અને સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. વર્તમાન જીવનપ્રવાહો અને વિચારધારાઓથી સુપરિચિત રહેતા. આણુશસ્ત્રોના પ્રબળ વિરોધી હતા. તે માટે કેનેડી અને કુશ્ચેવને સમજાવવા વૉશિંગ્ટન અને મોસ્કોની યાત્રા કરી. ગાંધીજીના રચનાત્મક કાર્ય-ક્રમના દઢ સમર્થક હતા. દારૂબંધી માટે છેવટ સુધી લડયા. ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યોમાં તેમની અવિચળ શ્રદ્ધા હતી. સાદાઈ, અપરિગ્રહ, સંયમ તેમના જીવનના પાયામાં હતાં. ગાંધીજી પેઠે, દુર્બળ દેહ પાસેથી દીર્ઘકાળ સુધી તેમણે ભારે કાર્ય લીધું. અંત સુધી બુદ્ધિની તીવ્રતા એટલી જ સતેજ રહી.

રાજાજીના ઘણા પ્રશંસકોને મન વસવસો રહ્યો છે કે કાંઈ નહિ તો, તેમના જીવનનાં છેલ્લાં ૧૫-૧૭ વર્ષ રાજકારણના કાદવથી ન ખરડાતાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને જીવનવ્યવહારશુદ્ધિ માટે તેમણે આપ્યાં હોત તો દેશ અને સમાજને ઘણો લાભ થાત.

રાજાજી સદા વિવાદાસ્પદ વ્યકિત રહ્યા. પ્રશંસા-નિન્દાથી પર હતા. ટીકા કે વિરોધ નોતરતા. બુદ્ધિશાળી વ્યકિતઓ માટે આવું સામાન્યપણે બને છે. તેમનાથી રહેવાતું નથી. તેમના કટાક્ષનાં વાક્બાણો, તીર કરતાં પણ વધારે ભોંકાય છે અને એવા ઘા ઝટ રુઝાતા નથી. રાજાજી વિષે કહેવાતું કે તેઓ ચાણકય છે. તેમના વિષે ઘણી ગેરસમજૂતી ફેલાતી. He was a controversial and much misunderstood person. આપણને આશ્ચર્ય થાય કે આવા બુદ્ધિ-ભાસ્કર અને તત્ત્વજ્ઞાની માટે આવું કેમ? રાજાજીની પ્રકૃતિમાં કાંઈક એવું તત્ત્વ હતું જે વિરોધ પેદા કરતું. આ વિચક્ષણ વિભૂતિને હું અંતઃકરણની શ્રદ્ધાંજલિ અર્પું છું.

### એક ઉદાર સજ્જન

પાંચ વર્ષ પહેલાની વાત છે. બે ગૃહસ્થો મારી ઓફિસમાં આવ્યા. પિતા-પુત્ર. પિતાશ્રી વયોવૃદ્ધ-બન્ને સાદા, ખાદીનું પહેરણ પહેરેલું. મને કહે, તમારા વિષે અમે બહુ સાંભળ્યું છે, તમે શિક્ષણસંસ્થાઓ સારી ચલાવો છો, ખાસકરી કોલેજના વિદ્યાર્થી-ઓને લોન સ્કોલરશિપ આપી, તે રકમો પાછી મળે એવી સરસ યોજના કરી છે. અમારે પાંચ લાખ રૂપિયા કચ્છમાં કેળવણી માટે આવી યોજનાથી વાપરવા છે, તેનું એક ટ્રસ્ટ અમને કરી આપો. મેં પૂછયું, તમને કોણે મારી પાસે મોકલ્યા? તો કહ્યું, શ્રી. ભવાનજી અરજણ ખીમજીએ. વિશેષમાં કહ્યું કે આ ટ્રસ્ટ સાથે તેમનું નામ પણ જોડવું નથી પણ સરદાર વલ્લભભાઈ પટેલનું નામ જોડવું. મને આગ્રહ કર્યો કે મારે એક ટસ્ટી તરીકે તેમાં રહેવું. પછી તો અમારો સારો પરિચય થયો. મેં ટ્રસ્ટ કરી આપ્યું, જેને સરદાર વલ્લભભાઈ પટેલ કચ્છ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, એવું નામ આપ્યું. શ્રી. ધરમસીભાઈ ખાટાઉને ટ્રસ્ટના ચેરમેન નિયુક્ત કર્યા અને બીજા આગેવાન કચ્છી ભાઈઓને ટ્રસ્ટી લીધા, હું એક વિશેષમાં. પાંચ વર્ષમાં કોલેજમાં અભ્યાસ કરતાં ૧૯૬ વિદ્યાર્થિ-નીઓ અને ૩૩૩ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે અને કુલ રૂા. ૧૭૬૧૫૦ આજ સુધી સ્કોલરશિપ તરીકે આપ્યા છે, જેમાં રૂા. ૪૯૩૦૦) વિદ્યાર્થિનીઓને સ્કોલરશિપ તરીકે અને રૂા. ૧૨૬૮૫૦) વિદ્યાર્થીઓને લોન-સ્કોલરશિપ તરીકે. દર વર્ષે અરજીઓ વધતી જાય. ફંડની આવક કરતાં વધારે સ્કોલરશિપ આપવી પડે તો તે ગૃહસ્થ પોતે દર વર્ષે ઉમેરતા જાય. કોઈને ના પાડતાં મન ન ચાલે.

થોડા દિવસ પહેલાં પિતા-પુત્ર મારી ઓફિસમાં આવ્યા. મને કહે, ચીમનભાઈ, અમારે પાંચ લાખ રૂપિયા દેશના આદિ-વાસીઓ અને હરિજનોના કલ્યાણ માટે વાપરવા છે. તેનું ટ્રસ્ટ કરી આપો. આમાં પણ એ જ શરત કે તેમનું પોતાનું નામ નહિ રાખવું પણ ઠક્કરબાપાનું નામ જોડવું અને મારે એક ટ્રસ્ટી તરીકે રહેવું. શ્રી જયપ્રકાશ નારાયણને ટ્રસ્ટના ચેરમેન બનાવવા તેવી તેમની ઈચ્છા હતી. જે. પી.એ સ્વીકાર્યું. તેઓ મુંબઈમાં હતા પણ બેચાર દિવસમાં જવાના હતા એટલે મને કહે, તુરત ટ્રસ્ટ કરી આપો. અમારો ઘણો ગાઢ સંબંધ થયો છે એટલે તેમના આવા શુભકાર્યમાં જોડાવાનું મારું સદ્ભાગ્ય લેખી તુરત ટ્રસ્ટડીડ કરી આપ્યું, જેને શ્રી ઠક્કરબાપા અખિલ ભારતીય આદિવાસી અને હરિજન કલ્યાણ ટ્રસ્ટ નામ આપ્યું અને જે. પી. જાય તે પહેલાં સહીઓ કરી. બીજા ટ્રસ્ટીઓમાં શ્રી ઢેબરભાઈ, સુમતિબેન મોરારજી, શ્રી ગોરધનદાસ રૂપારેલ અને મારું નામ અને તેમના બે પુત્રો.

મેં હજી સુધી આ સજ્જનોનું નામ નથી લખ્યું. તે છે શ્રી હરિદાસ દામોદર આણંદજી. આવી વિનમ્ર અને ઉદાર વ્યકિતઓ મેં બહુ ઓછી જોઈ છે. દાન તો લાખો રૂપિયાના મેં મેળવ્યાં છે પણ સામે ચાલીને આપે અને તેમાં પોતાનું નામ પણ ન હોય એવી ઉદારતા વિરલ છે. દામોદર આણંદજીની પેઢી વિખ્યાત છે. કચ્છ-માંડવીના, સો વર્ષ પહેલાં તેમના વડીલો પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રિકા ગયા. ત્યાં બહુ સારો વેપાર જમાવ્યો. આયાત-નિકાસનો વેપાર હજી પણ ચાલે છે.

હરિદાસભાઈ અને તેમના બન્ને પુત્રો મથુરાદાસભાઈ અને ગોકલદાસભાઈ સૌજન્યમૂર્તિ. તેમની નમ્રતા, વિવેક અને સાદાઈ જોઈએ તો જ સાચો ખ્યાલ આવે. તેમના કુટુમ્બનાં બીજાં પણ ટ્રસ્ટો છે. દામોદર આણંદજી ચેરિટેબલ ટ્રસ્ટ, લગ-ભગ પાંચ લાખ રૂપિયાનું ફંડ છે, મુખ્યત્વે કેળવણી માટે. આણંદજી વિશ્રામ અને દામોદર આણંદજી ધર્માદા ટ્રસ્ટ, મુખ્યત્વે મંદિરો અને ગોસેવા માટે. દામોદર આણંદજી વિશ્રામ ઔષધાલય, કચ્છ માંડવીમાં. કોઈ શુભકાર્યમાં ના નહિ. ખૂબ ધાર્મિક વૃત્તિના. કોઈ પ્રસિદ્ધિનો મોહ નહિ. પ્રસિદ્ધિથી દૂર ભાગે. હું આટલું લખું છું તે પણ તેમને નહિ ગમે. આવી વ્યકિતઓને જોઈએ ત્યારે જગતની મંગળમય રચનામાં શ્રદ્ધા દઢ થાય છે.

**ચીમનલાલ ચકુભાઈ**

# સંઘ સમાચાર

## સંઘના લાઇફ મેમ્બરો

સંઘના આજીવન સભ્યોનાં ૧૩૫ નામો અગાઉ જાહેર થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે પ્રાપ્ત થયાં છે:

૧૩૬. શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૩૭. શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૩૮. શ્રી નિર્મળાબહેન ગણપતલાલ ઝવેરી
૧૩૯. શ્રી ચાંપસીભાઈ દેવસી નન્દુ
૧૪૦. શ્રી પોપટલાલ પ્રેમજી દેઢીઆ
૧૪૧. શ્રી પ્રકાશભાઈ અમીચંદ શાહ, સુરત

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

૧૯૭૨ના વર્ષના ઘણા સભ્યોનાં લવાજમો બાકી છે. હવે વર્ષ પૂરું થઈ ગયું હોઈ લવાજમના રૂા. ૧૦/- કાર્યાલયમાં સત્વર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ચહેરા અને મહોરાની વાત: તેની બીજી બાજુ

યશવંત દોશીનો ઉપરના વિષયે એક લેખ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૨-'૭૨ ના અંકમાં પ્રકટ થયો છે, તે વિચારપ્રેરક છે. પણ તેમાં એક બાજુ રજૂ થઈ છે. તેની બીજી બાજુ વિચારવા જેવી છે. ભાઈ દોશીના કથનનો સાર આ પ્રમાણે છે:

"વ્યક્તિની સ્વાભાવિકતાનું સમાજનો વ્યવહાર દમન કરે છે અને વ્યક્તિને દંભરૂપી મહોરું પહેરવાની ફરજ પાડે છે. આજનો સંસ્કારી ગણાતો મનુષ્ય દંભી છે. મનુષ્યે સંસ્કૃતિના પ્રાંગણમાં પ્રવેશ કર્યો ત્યારથી જ એણે દંભનો સ્વીકાર કર્યો છે. બીજી રીતે કહું તો સંસ્કૃતિનો પાયો જ દંભ છે. બીજી વાત એ છે કે માણસ ગમે તેટલું ઇચ્છે તો પણ સંપૂર્ણ દંભમુક્ત થઈ શકે એમ નથી. અને ત્રીજી વાત કે સંપૂર્ણ દંભમુક્ત થવું એ આવશ્યક પણ નથી, અને યોગ્ય પણ નથી. ખરી રીતે જગતનો કોઈ મનુષ્ય દંભમુક્ત નથી...કેવળ સ્વેચ્છાએ, કેવળ પોતાના મનને જ અધીન વર્તવાનું કોઈને પણ માટે શક્ય નથી... જીવનમાં એવા અસંખ્ય પ્રસંગો બને છે જ્યારે સભ્યતા અને દંભ વચ્ચેની ભેદરેખા આંકવી ખરેખર મુશ્કેલ બની જાય."

ભાઈ યશવંત દોશીનું કહેવું એમ છે કે "કોઈ મનુષ્ય પોતાનો ચહેરો—ખરો સ્વભાવ—દેખાવા દેતો નથી. તેના ઉપર કાંઈક મહોરું—પોતાનો ચહેરો ઢાંકવા—ચઢાવે છે. તેમના કહેવા મુજબ માણસ પોતાની ઇચ્છા મુજબ વર્તી શકતો નથી. સભ્યતાનો દંભ કરે છે. પોતે ખરેખર જેવો છે તેને ઢાંકે છે અને નથી એવો દેખાવાનો દંભ કરે છે."

આમાં રહેલ વિચારદોષ સમજવા માણસ શા માટે આવો "દંભ" કરે છે તે પૂછવું જોઈએ.

સ્વાભાવિક શબ્દ બે અર્થમાં વપરાય છે. સ્વાર્થી થવું માણસ માટે સ્વાભાવિક છે. નિસ્વાર્થી થવું તે પણ માણસના સ્વભાવમાં છે. વાસ્તવિકતા અને આદર્શ બન્ને માણસના સ્વભાવનું અંગ છે. માણસ નિસ્વાર્થી થવા પ્રયત્ન કરે ત્યારે તે "દંભ" કરે છે એમ કહેવું તેમાં દંભ શબ્દનો અનર્થ છે. માણસમાં સદ્ અને અસદ્ વૃત્તિઓ બન્ને પડી છે. અસદ્ વૃત્તિઓનું સ્વેચ્છાએ નિયંત્રણ કરી, માણસ સારો થવા અથવા દેખાવા પ્રયત્ન કરે તેમાં દંભ નથી. તેમાં તેની માનવતા છે. કોઈ માણસ પોતાના આદર્શને સંપૂર્ણપણે પહોંચી શકતો નથી, તેમાં અપૂર્ણતા રહે જ છે. પણ તેનું વર્તન પ્રામાણિક હોય તો પોતાની અપૂર્ણતા ઢાંકવાનો અને સારો દેખાવાનો પ્રયત્ન દંભ નથી પણ ઊર્ધ્વગામી થવાની ભાવના છે. સંયમ, દમન અને દંભ, આ બધા પર્યાયવાચી શબ્દો હોય તેવી રીતે ભાઈ યશવંત દોશીએ રજૂઆત કરી છે.

કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું હોય અને તેનાં સગાંઓને મળવા જઈએ અથવા તેની શોકસભા હોય ત્યાં તેના ગુણોનો ઉલ્લેખ કરીએ અને તેના દોષ પ્રત્યે ઉપેક્ષા કરીએ તેમાં દંભ નથી. સભ્યતા છે, વિવેક છે. આવો પ્રસંગ દોષદર્શન માટે નથી. તેના ગુણાનુવાદમાં અતિશયોક્તિ ન કરીએ, તેનું જીવનચરિત્ર લખતા હોઈએ તો તેના દોષ ઢાંકી ન શકીએ, ત્યારે ગુણદોષ બન્ને બતાવવા જોઈએ. સંસ્કૃતિનો પાયો દંભ નહિ પણ વિવેક છે. સભ્યતા અને દંભની ભેદરેખા આંકવી મુશ્કેલ નથી.

માણસ પોતાની દુર્વૃત્તિઓને ત્રણ કારણે દબાવે છે, કાયદાના ભયથી, જાહેર મત અને સામાજિક વ્યવહારથી, અને સ્વેચ્છાએ સદ્ભાવનાથી. આમાં દંભ નથી, સદ્વ્યવહાર છે.

દંભમાં અપ્રામાણિકતા છે. પોતે જે નથી અને જે થવા ઇચ્છતો પણ નથી છતાં સ્વાર્થ સાધવા, સામી વ્યક્તિને છેતરવા, એવો દેખાવ કરે છે તે દંભ છે.

માણસે સતત જાગ્રત રહી પોતાના ખરાબ વિચારો અને વર્તનની ચોકી કરવી જ જોઈએ અને તેને અટકાવવાં જોઈએ. તેમ કરવામાં પૂરી રીતે સફળ ન થાય તો પણ આવા વર્તનમાં કોઈ દંભ નથી. કોઈ રૂપાળી સ્ત્રી જોઈ ખરાબ વિચાર મનમાં આવે તે રોકીએ તેને દંભ ન કહેવાય. માણસના મનમાં એક ચોકીદાર સદા બેઠો જ છે. મનના અગાધ ઊંડાણમાંથી અણધાર્યા વમળો ઊઠે છે. ઉપર બેઠેલ દ્વારપાળ તેને બહાર આવવા દેતો જ નથી. તેમાં કોઈ મહોરું પહેરવાનું નથી, ચહેરો ઢાંકવાનો નથી. માણસાઈભર્યું વર્તન કરવાનું છે.

ગીતામાં કહ્યું છે:

પ્રયત્નમાં રહે તો યે, શાણાએ નર ના હરે,<br>
મનને ઇન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી—

આનો દરેક શબ્દ વિચારવા જેવો છે. નર શાણો છે, પ્રયત્નમાં છે, પણ ઇન્દ્રિયો મસ્ત છે તેથી વેગથી તેના મનને વિષયો ભણી હરી જાય છે. આવો માણસ પુરુષાર્થથી સંયમ આચરે અને મસ્ત ઇન્દ્રિયોને વિષયો ભણી જતી રોકે તેમાં તે કોઈ ચહેરા ઉપર મહોરું પહેરતો નથી, દંભ કરતો નથી. પોતાનામાં રહેલ દૈવી અંશથી આસુરી વૃત્તિ ઉપર કાબૂ મેળવે છે. તેમાં પૂરો સફળ ન થાય છતાં સફળ થયો છે તેવો દેખાવ કરે ત્યારે પૂરી રીતે સફળ થવાનો પોતાનો ભગીરથ પ્રયત્ન છે તે બતાવે છે.

ભાઈ યશવંત દોશીને તેમના કથનમાં રહેલ વિચારદોષની કાંઈક ઝાંખી છે તે તેમના લખાણના છેલ્લા પેરામાં દેખાય છે.

"મહોરા વિનાનો ચહેરો જ સત્ય છે કે મહોરા સહિતનો ચહેરો તે જ માણસનો ખરો ચહેરો છે તે કોણ નક્કી કરી શકશે?... મને તો મહોરા વિનાના માનવચહેરાની ખાસ મહત્તા નથી લાગતી. મહોરું એની માનવતાનો અંશ છે."

ચહેરો, મહોરું અને દંભ શબ્દોમાં તેઓ તણાઈ ગયા છે. તેથી બીજી બાજુ જોઈ શક્યા નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# સાપુતારા પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે નાસિક નજીક પણ ગુજરાત રાજ્યમાં—દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઊંચાઈએ - આવેલ સાપુતારા નામના હીલ સ્ટેશનનું જાન્યુઆરી તા. ૨૫મીને ગુરુવાર રાતથી શનિવાર, તા. ૨૭મીની રાત સુધીનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં જોડાનાર ભાઈ—બહેનોને તા. ૨૫મી જાન્યુઆરી ગુરુવારે રાત્રિના ૧૦-૩૦ વાગ્યે વિક્ટોરિયા ટરમિનસથી ઊપડતી ભુસાવળ પેસેન્જરમાં નાસિક લઈ જવામાં આવશે અને ત્યાંથી બસમાં સાપુતારા પહોંચાડવામાં આવશે. એ જ રીતે જાન્યુઆરી તા. ૨૭મીને શનિવારે સાંજના ચાર વાગ્યે સાપુતારાથી નીકળીને નાસિક થઈને રવિવાર સવારના સાડા પાંચ વાગ્યે મુંબઈ પાછા ફરવાનું રહેશે.

આ પ્રવાસમાં જોડાનાર ભાઈ - બહેનોઓ વ્યક્તિદીઠ રૂા. ૯૦ અને બાર વર્ષથી નીચેનાં બાળકો માટે રૂા. ૭૦ ભરવાના રહેશે. આ પર્યટન, વહેલો તે પહેલો એ ધોરણે ૮૦ પ્રવાસીઓ પૂરતું જ વિચારવામાં આવ્યું છે. તેથી સંઘના જે સભ્યોને આ પર્યટનમાં જોડાવાની ઇચ્છા હોય તેમને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ સત્વર ભરી જવા વિનંતિ છે.

—ચીમનલાલ જે. શાહ<br>
—સુબોધભાઈ એમ. શાહ<br>
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ સ્વ. શ્રી ઝાલાસાહેબ : કેટલાંક સંસ્મરણો ☆

**[આવતી તા. ૧૧મી જાન્યુઆરીએ સ્વ. ઝાલાસાહેબની પુણ્યતિથિ છે. આ પ્રસંગે એમનાં એક વિદ્યાર્થિનીએ આલેખેલાં સંસ્મરણો નીચે પ્રગટ કરવામાં આવ્યા છે.]**

પૂજ્ય ઝાલાસાહેબના અવસાનને એક વર્ષ થવા આવ્યું, આમ છતાંયે પૂજ્ય ઝાલાસાહેબનો 'સ્વર્ગસ્થ' કહી ઉલ્લેખ કરવો કે તેમના વિશે ભૂતકાળ વાપરીને વાત કરવી તે મારા જેવા તેમના વિદ્યાર્થીઓને માટે અતિશય કપરું છે. પૂરાં બાર વર્ષ સુધી તેઓ રોજ બપોરે બે કલાક મને શીખવતા. તેમાં ય ખાસ કરીને પીએચ. ડી. માટે અભ્યાસ કરતી હતી, ત્યારે ૧૯૫૮થી માંડીને ૧૯૬૨ સુધી તેમની પાસેથી સતત, એકધારું માર્ગદર્શન પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મને સાંપડયું. વેદાન્તના જટિલ, રહસ્યપૂર્ણ અને સૂક્ષ્મ વાદાનુવાદથી દુર્ગમ અને કઠિન એવા ગ્રંથો, એક પછી એક મને શીખવ્યા. આજે આ અંગે એક પ્રસંગ યાદ આવી જાય છે: હું પૂછતી : 'विद्वन्मण्डन' ગ્રંથ બહુ અઘરો લાગે છે; 'અણુભાષ્ય' થઈ જાય પછી શીખવશો?'—તો કહેતા: 'You bring it along—we will read it together.' પોતે વહેલી સવારથી કાર્યરત હોવા છતાં, કૉલેજથી થાકીને આવ્યા હોવા છતાં તરત જ અધ્યાપનનું કામ હાથ ધરતા, અને ઘણીવાર તો પોતાને ભોજન લેવાનો સમય સુદ્ધાં ન રહે તો પણ વિદ્યાદાનનું કાર્ય તેઓ ચાલુ રાખતા, અને આ ઉપરાંત 'શીખવું છું' કે 'ભણાવું છું' એ જાતની ભાવના સુદ્ધાં તેમનામાં નહીં! "આપણે સાથે વાંચીશું કે જોઈ જશું" એમ જે તેઓ કહેતા તેમાં તેઓના ઉદાત્ત, નિઃસ્વાર્થ અને સત્ત્વગુણપ્રધાન એવા જીવનનો એક અનુપમ એવો રણકો રહેલો છે. કર્તાનું 'કર્તા-પણું' જ્યાં નથી, શીખવનારને 'મેં શીખવ્યું' એવો જ્યાં અહં નથી, જ્યાં શીખનાર જિજ્ઞાસુ વિદ્યાપ્રાપ્તિના પ્રવાહમાં લીન થઈ જાય છે, જ્યાં જ્ઞાતૃ-જ્ઞાન અને જ્ઞેયનો સંગમ થાય છે ત્યાં ભલે ને અદ્યતન અણુ-યુગ પ્રવર્તતો હોય, સાક્ષાત્ ઉપનિષદકાળની અનુભૂતિ થાય છે.. પૂજ્ય ઝાલાસાહેબની નાનકડી રૂમમાં બેસી, વેદ-વેદાન્તના ગ્રંથોનું તત્ત્વ પામવાની મથામણ કરતાં કરતાં આવો જ કંઈક અનુભવ થતો. કયારેક ઘણાયે મુદ્દાઓ અંગે સ્પષ્ટતા અને માર્ગદર્શન મેળવવા માટે જતી, અને એમની એ સાદાઈથી શોભતી નાનકડી રૂમમાં, પૂજ્ય ઝાલાસાહેબના ધીર-શાંત, તેજસ્વી અને પ્રતિભાસંપન્ન વ્યકિતત્વની સામે, વગરપૂછયે જ મારી મુશ્કેલીઓનું નિવારણ થઈ જતું, 'મુદ્દાઓ' અંગે તેમની સ્પષ્ટતાની જરૂર જ ન રહેતી... અને મને યાદ આવી જતું: "गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः!"—મેં આવા અનુભવ વિષે તેમને પણ એકાદવાર વાત કરી હતી—તો જવાબમાં તેઓ નિર્લેપ એવું સ્મિત માત્ર કરતા.

આવા નિસ્પૃહી અને સ્થિતપ્રજ્ઞની કોટિએ પહોંચેલા એવા પૂજ્ય ઝાલાસાહેબની પાસેથી 'ગીતા' શીખવાનું સૌભાગ્ય જે જે વિદ્યાર્થીને પ્રાપ્ત થયું છે તે તે વિદ્યાર્થી પરમ ભાગ્યશાળી છે, કેમકે તેના ગુરુએ ગીતાનો શબ્દાર્થ માત્ર સમજાવ્યો નથી, પરંતુ અનાસકત એવા સ્થિતપ્રજ્ઞનું જીવન ખુદ પોતે જીવી બતાવ્યું છે.

વળી, પૂજ્ય ઝાલાસાહેબનું શિક્ષણ સર્વાંગીણ હતું. માત્ર પરીક્ષા અંગે જ વિદ્યાર્થીઓ તૈયારી કરે તે તેમને માન્ય નહોતું. દરેકના જીવનમાં પણ પોતે પ્રાપ્ત કરેલા ઉદાત્ત શિક્ષણની સુવાસ ફેલાય અને મનુષ્ય પોતાની આસપાસના જનસમુદાયમાં કે કુટુંબીજનોમાં, દૂધમાં સાકર ભળે તેમ, ઓતપ્રોત થઈ જાય એવી તેમની સલાહ હતી, પોતાના શિષ્યો પાસેથી અપેક્ષા હતી.

એક પ્રસંગ યાદ આવી જાય છે. હું ભાંડુપ રહેતી હતી; મારે નાની, એક વર્ષની બેબી હતી. ઘરકામ આટોપી, જલદી જલદી પુસ્તકો ઊંચકી હું કૉલેજ જતી; રિસર્ચ રૂમમાં બેસી અભ્યાસ કરતી ને બપોરે પૂજ્ય ઝાલાસાહેબ કૉલેજથી ઘરે જાય ત્યારે બે કલાક તેમની પાસે શીખવા જતી. એક વખત અમુક અટપટી તાર્કિક-યુકિતઓથી સભર એવા ફકરાની છણાવટ કરવાની હતી; મારે બરાબર વાંચી, સમજી, પૂરેપૂરું સંશોધન કરીને જવાનું હતું; પરંતુ સાંસારિક સમસ્યાઓને કારણે તેમ જ અતિશય કામના બોજાને લીધે મારાથી પૂરતું ધ્યાન આપી વંચાયું નહોતું, તેથી મારાથી બચાવમાં કહેવાઈ ગયું : "જરાયે સમય નથી મળતો." —અને જાણો છો ઝાલાસાહેબે શું કહ્યું? તેમણે શાંતિથી છતાં દઢતાથી જણાવ્યું: "મૃદુલા! ભગવાને બધાંને જ દિવસમાં ચોવીસ કલાક આપ્યા છે!"... એમના આ ટૂંકા સાદા-સરળ વાકયમાં કેટલું બધું સૂચિત છે?

ઉદાત્ત માનવીઓની લાક્ષણિકતા મુજબ પૂજ્ય ઝાલાસાહેબ પણ પ્રેમાળ છતાં દુર્ગ જેવા અડગ હતા, જીવન અંગે નક્કી કરેલાં મૂલ્યો કે સિદ્ધાંતો બાબત બાંધછોડ કરવા રાજી નહોતા. જો પોતે ઈચ્છા કરી હોત કે દર્શાવી હોત તો પોતાના હાથ નીચે શિક્ષણ પામેલા અને દુનિયામાં ઊંચી ઉપાધિ અને પદવી ભોગવતા અનેક શિષ્યો મારફત પોતે ધનનો ઢગલો ભેગો કરી શકત, ... પરંતુ ઉપનિષદકાળના ઋષિઓની યાદ આપી જાય એવું સુંદર, સાદું, સંયમી, સાત્ત્વિક અને સંતોષમય જીવન ગાળતા ઝાલાસાહેબને આવી દુન્યવી પ્રાપ્તિનો મોહ નહોતો, ઈચ્છા યે નહોતી. બાર બાર વર્ષ મને ખાસ, વિશિષ્ટ એવું શિક્ષણ આપ્યું તેના બદલામાં તેમણે એક 'કાણી કોડી' યે લીધી નથી, એટલું જ નહીં પરંતુ કયારેક ફળ, વગેરે લઈ જતી, તો સંતાડીને અંદર એમનાં ભાભી કે પુત્ર-વધૂને આપી આવતી, કેમકે પૂ. ઝાલાસાહેબને આવું કશું જ લેવું ગમતું નહીં. વળી કયારેક પાછળથી પણ ખબર પડે તો મને વળતે દિવસે ઠપકો આપતા, કહેતા : "This is not proper. I do not like it."

મારે રોજ ભણવા જવાનું થતું, તેથી તેમનાં બાપુજી તથા બા પ્રત્યે પણ એક પ્રકારની માયા બંધાઈ હતી. તેઓને પણ મારે માટે અનુરાગ—સ્નેહ હતો. બા દેવપૂજા કરતાં તે માટે હું ફૂલ લઈ જતી ને તેઓ ખૂબ ખુશ થતાં. જ્યારે ઝાલાસાહેબના બાપુજીનો સ્વર્ગવાસ થયો ત્યારે મને બહુ દુઃખ લાગ્યું, તે જોઈ સ્વસ્થતાથી પૂ. ઝાલાસાહેબે કહ્યું: "He lived in peace. He passed away in peace. And what else do you expect at his age?"

આમ, પોતાના વડીલના દુઃખદ અવસાનના શોકમય પ્રસંગે પણ માનસિક સ્વસ્થતા જાળવી રાખવી અને સાંસારિક સુખદુઃખને 'આગમાપાયી' અર્થાત્ આવવા-જવાવાળાં, માત્ર 'ઉપાધિ'-રૂપ ગણવાં એ કોઈ જેવીતેવી સિદ્ધિ નથી. આ પ્રમાણે સુખ-દુઃખ, લાભાલાભ, જયાજય, રાગદ્વેષ, વગેરે દ્વંદ્વોથી પર જવું એ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ પૂજ્ય ઝાલાસાહેબમાં વારંવાર દેખા દેતું.

તા. ૧૧મી જાન્યુઆરીએ વિષાદથી વલોવાઈ જતા હૈયે અને શોકના ભારથી જાણે વજ્ર જેવા બની ગયેલા પગે એમને ત્યાં જ્યારે હું ગઈ, ત્યારે કોણ જાણે કેમ પણ મારું મન આ દુઃખદ હકીકત માનવા જ તૈયાર નહોતું; અને જેમ દરેક આઘાતજનક પ્રસંગે પૂજ્ય ઝાલાસાહેબ સાંત્વન આપતા અને દિલનું દુઃખ હળવું થતું, તેમ જાણે કે તેઓ પોતે જ આવી રહ્યા છે અને તેમની પ્રકૃતિગત શાંતિ તેમ જ સ્વસ્થતાથી દિલાસો આપે છે તેવો મને અનુભવ થયો... તેમના સદાને માટે ચાલી જવાથી આપણા મનમાં ઊપજતા શોકને ત્યજી દેવાનું ઉદ્બોધન તેઓ પોતે જ કરે એ વિચિત્ર લાગે છે—છતાં મને જાણે કે તેની પ્રતીતિ થઈ.

પીએચ. ડી.ની મારી થીસિસ અંગે 'Acknowledgements'માં મેં લખ્યું હતું: "The author also takes this opportunity of putting on record her grateful appreciation of the invaluable aid received from the learned Prof. G. C

Jhala, (Head of the Dept. of Sanskrit, St. Xavier's College). No words can adequately formulate what she owes to his selfless assistance and painstaking help, not only on this occasion but also throughout he rstudent-career." આ વાંચી તેમણે કહ્યું કે "મારે વિષે આટલું બધું લખવાની જરૂર નથી. મેં તો માત્ર ખાનગી રીતે જ શિક્ષણ આપ્યું છે. યુનિવર્સિટીએ નિયત કરેલા તારા જે official guide છે તેમને માટે આવું લખ્યું હોય તો ઠીક લાગે."

પોતે અજ્ઞાત રહે અથવા હું તેમને વિષે કશો ઈશારો માત્ર કે ઉલ્લેખ સુદ્ધાં ન કરું તો યે તેમને વાંધો નહોતો...આ બાબત આમ તો નાની-સરખી છે, નજીવી છે, પરંતુ આવા જ પ્રસંગે બીજા દુનિયાદારી બુદ્ધિજીવીઓ તો પોતાનું ઋણ બરાબર અદા ન થયું હોય અથવા તો 'આભારદર્શન'માં પોતાને ઠીક ઠીક મહત્ત્વ ન મળ્યું હોય તો કદાચ આખડી પડે એમ કહીએ તો અતિશયોકિત નથી. ઉપરના પ્રસંગમાં પૂજ્ય ઝાલાસાહેબની અનેરી એવી જીવન-દષ્ટિની તેમ જ ઉદાત્ત એવી મનોવૃત્તિની જ ઝાંખી થાય છે.

આટઆટલા ગુણો ધરાવતા હોવા છતાં તેમના પર ક્યારેક ક્રોધ સવાર થઈ જતો: બહુ લાંબા ગાળા સુધી, તેઓએ ખાસ પોતાના ગણેલા એવા વિદ્યાર્થીઓમાંથી કોઈ જો મળવા ન આવે, અથવા પોતે સમજાવેલાં જીવન-ઘડતરનાં અમુક વિશિષ્ટ મૂલ્યોને અપનાવવામાં પાછી પાની કરે તો તેમને ખૂબ ખરાબ લાગતું... અને ક્યારેક એના પ્રત્યાઘાતરૂપે ગુસ્સો વર્તાઈ આવતો. આવું થતાં તેઓ મિતભાષી બની જતા, અને એમની અલ્પ-શબ્દી વાતચીત એક પ્રકારનું વિશિષ્ટ સૂચન કરી જતી: વિદ્યાર્થીને તરત સમજાઈ જતું કે પોતે કાંઈ ભૂલ કરી છે, જે ઝાલાસાહેબના શિષ્ય તરીકે પોતે નહોતી કરવી જોઈતી.

૧૯૬૨-'૬૩ની રજા દરમ્યાન મારે ત્યાં પૂના આવવા માટે તેમને મેં મહામહેનતે સમજાવ્યા હતા. તેમની પ્રકૃતિ બહુ સ્વસ્થ નહોતી અને આમ તો કોઈને ત્યાં ખાસ કરીને જવા તૈયાર ન થાય; પરંતુ જ્યારે તેમને પ્રેમપૂર્વક આમંત્રણ આપ્યું અને ઉપનિષદ-કાળના 'सह नौ भुनक्तु'ના મહિમા અંગે ઈશારો કર્યો, ત્યારે તેઓએ અઠવાડિયું આવવાનું કબૂલ કર્યું. પૂના સ્ટેશને અમે લેવા ગયાં ત્યારે હૃદયમાં એક પ્રકારની અપૂર્વ લાગણીનો અનુભવ થતો હતો – જે મને હજુ સાંભરે છે. મૂળા-મૂઠા નદીને કાંઠે અમે રહેતાં, – અને પ્રાત:કાળે, અન્ય સૌ જાગે તે અગાઉ જ ઝાલા-સાહેબ નદીકાંઠે બેસી ધ્યાનમગ્ન થઈ જતા. સવારનાં ચા-પાણી પતાવી, નાહી-ધોઈ પોતાનું વાચન-કર્મ હાથ ધરતા, ત્યારે મારી ચાર વર્ષની બેબી તેમની આસપાસ ફર્યા કરતી અને બાલસહજ અનેક પ્રશ્નોની પરંપરાથી તેમને નવાજતી! એકવાર 'ચિત્ર દોરી આપો'ની જીદ લઈ બેઠી હતી, અને તેમણે હસતાં-હસતાં દોરી આપેલું વહાણનું ચિત્ર હજુ મારી નજર સામે તરવરે છે. 'ते हि नो दिवसा गता:'–બીજું કાંઈ નહીં! જીવનમાં એક અતિ વિશિષ્ટ સ્થાને સ્થાપિત કરેલા એવા ઝાલાસાહેબ પણ ગયા- સદાને માટે- એ વિચારમાત્ર ગૂંગળાવી મૂકે છે.

વર્ષો પહેલાંની એક વાત યાદ આવે છે: તેમની પુત્ર-વધૂને મેં ગુપ્ત રીતે ઝાલાસાહેબનું માપ જણાવવા કહ્યું હતું. તેમને માટે સ્વેટર બનાવવું હતું, પરંતુ તેમને પૂછવાથી તેઓ કહે નહિ અને કોઈ વસ્તુ સ્વીકારવા તૈયાર ન થાય. આમ છાનામાના એક સફેદ સ્વેટર બનાવી, પૂનાથી મેં કોઈની મારફત તેમને ત્યાં મોકલ્યું હતું-બરાબર માપસર આવશે કે કેમ તેવા સંશય સહિત, તેમ જ ગમશે એવી આશાપૂર્વક. વળતો જ તેમનો ઉત્તર આવ્યો: "સ્વેટરની સાઈઝ બરાબર છે – સુંદર છે એમ સૌએ કહ્યું છે. આ વસ્તુ દ્વારા વ્યકત થતા તમારા ભાવ માટે બીજું શું લખું? – કેવળ सह वीर्यं करवावहै। तेजस्विनावधीतमस्तु। मा विद्विषावहै।' એ પ્રાચીન વાકયોનું સ્મરણ થાય છે."

આવી તો અનેકાનેક બાબતો છે જેની યાદ ઝાલાસાહેબ સાથે સંકળાયેલી છે. મારું મન તો 'ઝાલાસાહેબ હવે નથી' એ ઘટના માનવાને તૈયાર જ નથી.

મૃદુલા મારફતિયા

# નોબેલ પારિતોષિક : રસપ્રદ વાતો

સ્વીડનના વિજ્ઞાની આલ્ફ્રેડ નોબેલે તેના ૧૮૯૫ના વસિયત-નામામાં વિશ્વના ઉત્તમ વૈજ્ઞાનિકોને પારિતોષિક આપવાની જોગવાઈ કરી હતી. આ પારિતોષિકો ૧૯૦૧ની સાલથી આપવાનું શરૂ થયું છે. આલ્ફ્રેડ નોબેલે પોતે સુરંગની શોધ કરી હતી. તે ઘણો ધૂની સ્વભાવનો હતો. રસાયણશાસ્ત્ર અંગે નોબેલ શોધો કરીને તેણે અમુક પેટન્ટો નોંધાવવાની શરૂઆત કરી તે દરમિયાન તેની શોધની વિગતો ચોરાઈ જતી હતી એટલે આવા પેટન્ટ–ચોર પ્રત્યે તેને ખૂબ ગુસ્સો હતો. નોબેલ યુદ્ધને પણ ધિક્કારતો હતો એટલે યુદ્ધને અટકાવવા તેણે વિવિધ સ્ફોટક પદાર્થોની શોધ કરી હતી! તેનો એવો હેતુ હતો કે અતિ ઘાતક સ્ફોટક પદાર્થો શોધીને અને તેની માલિકી રાખીને દુનિયાને ધમકી દ્વારા શાંત રાખી શકાય. પ્રસિદ્ધિભૂખ્યા વૈજ્ઞાનિકો પ્રત્યે પણ નોબેલને ભારે ચીઢ હતી. કોઈ વ્યકિત પોતાનાં બણગાં ફૂંકે અગર તો ગપ્પાં મારે ત્યારે નોબેલ ગુસ્સાથી સળગી ઊઠતો. તે કહેતો કે "આ યુગમાં ખેતીવાડીના ઉદ્યમ પછી વાહિયાત વાતો કરવાના ઉદ્યમનો બીજો નંબર આવે છે!"

આલ્ફ્રેડ નોબેલની ઈચ્છા પ્રમાણે દર વર્ષે જે પારિતોષિકો અપાય છે તેમાં વિજ્ઞાની ઉપર પસંદગી ઢોળતી વખતે નોબેલની ઉપરની ખાસિયતોનો ખાસ ખ્યાલ રખાય છે. કોઈ વિજ્ઞાની પ્રસિદ્ધિ માટે પ્રયાસ કરતો હોય અગર સ્વીડનની પસંદગી સમિતિ પોતાને પારિતોષિક માટે પસંદ કરે તેવી આડકતરી કારવાઈ કરતો હોય તેને નોબેલ પારિતોષિક ન જ મળવું જોઈએ એવો પસંદગી સમિતિનો આગ્રહ રહે છે. જો કે નોબેલે આવા કોઈ માપદંડ માટે તેના વસિયત-નામામાં લખ્યું નથી છતાં પસંદગી કરનારા સ્વીડિશ વૈજ્ઞાનિકો નોબેલના ગમા–અણગમાનો માપદંડ વાપરે છે. આલ્ફ્રેડ નોબેલે તો માત્ર ૨૬૩ શબ્દોમાં ૨૭મી નવેમ્બર, ૧૮૯૫ના રોજ નીચેના મતલબનું લખાણ કરાવ્યું હતું:

"મારી જે બાકીની એસ્ટેટ છે તેમાંથી જે નાણાં મળે તેનો નીચે મુજબ ઉપયોગ કરવો:

એસ્ટેટના વેચાણમાંથી મળેલી રકમનું મારા વહીવટકારોએ સલામત રીતે મૂડીરોકાણ કરવું. તેમાંથી જે વ્યાજ મળે તેનું એક ભંડોળ બનાવવું. એ ભંડોળમાંથી જે લોકોએ માનવજાતને મોટામાં મોટો ફાયદો પહોંચે તેવી શોધ કે વર્તણૂક કરી હોય તેને ઈનામો આપવાં. ઈનામની ફાળવણી આ પ્રકારે કરવી: (૧) પદાર્થવિજ્ઞાનના (ફિઝિક્સ) ક્ષેત્રે જેણે મહત્ત્વની શોધ કરી હોય, (૨) રસાયણશાસ્ત્રમાં નવી શોધ કરી હોય, (૩) ઔષધશાસ્ત્ર અને શરીર વિજ્ઞાનમાં શોધ કરી હોય, (૪) આદર્શોને મૂર્તિમંત કરે તેવું અદ્ભુત સાહિત્ય રચ્યું હોય, અને (૫) રાષ્ટ્રો વચ્ચે સુલેહ કરા-વવાનું કે સશસ્ત્ર દળોની સંખ્યા ઘટાડવાનું કે વિશ્વશાંતિ સાધવાનું કામ કર્યું હોય તે લોકો વચ્ચે સરખી રીતે ઈનામ ફાળવવું.

આ ઈનામો પૈકી પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને શરીર–વિજ્ઞાનનાં ઈનામો નક્કી કરવા માટે નોબેલ સ્વીડિશ એકેડેમી ઑફ સાયન્સને સર્વાધિકાર આપ્યા છે. સાહિત્યનું પારિતોષિક નક્કી કરવા માટે સ્ટોકહોમની બીજી એક એકેડેમી કાર્ય કરે છે અને વિશ્વશાંતિમાં ફાળો આપનાર વ્યકિતની પસંદગી કરવા માટે એક નોર્વેજિયન સંસ્થાએ નીમેલી પાંચ વ્યકિતની સમિતિ રચાય છે.

પૈસાની દષ્ટિએ પારિતોષિક જીતનારને લગભગ રૂા. ૭.૨૬ લાખની (૧ લાખ અમેરિકન ડૉલર) રોકડ રકમ મળે છે અને તે કરવેરામુકત હોય છે. પરંતુ નોબેલ પારિતોષિક જીતનારને બીજા કેટલાક આનુષંગિક ફાયદા પણ મળે છે.

વિજ્ઞાનીઓ તો પારિતોષિક જીતનારને બહુ માન આપતા નથી પણ જગતભરની સામાન્ય પ્રજા આ વિજેતાને બહુ માનની દષ્ટિએ જુએ છે. પુસ્તકોના પ્રકાશકો વિજેતાનાં આંગણાં ઘસતા થઈ જાય છે. તેની આત્મકથા વિષે, માનવજીવનના અંતિમ ભાવિ વિષે, સમાજની પુનર્રચના વિષે અને જીવનનાં વિવિધ પાસાં વિષે વિજેતાઓને પુસ્તક લખવાનાં આમંત્રણો મળે છે. યુનિવર્સિટીનું ચાન્સેલરપદ કે સરકારમાં કોઈ મોટો હોદ્દો લેવાની પણ ઑફર થાય છે.

ઘણા દેશની સરકારો વિજેતાને સાયન્સ કે બીજા વિષયોમાં

સરકારી સલાહકાર તરીકે નીમે છે. સ્વીડનના વિજ્ઞાનીઓ સાથે દોસ્તી કરવાનો મોકો મળે છે. બ્રિટન, ફ્રાંસ અને અમેરિકામાં ત્યાંની સરકારોને કોઈ જાહેર અનુરોધ કરીને વર્તમાનપત્રોમાં છપાવવાનો હોય તો ચળવળિયાઓ નોબેલ પારિતોષિકના વિજેતાઓની સહી માટે પડાપડી કરે છે. 'ન્યુયોર્ક ટાઈમ્સ'માં વિજેતાની સહી સાથે બહાર પડેલા અનુરોધ ઉપર પ્રમુખ નિક્સને પણ ધ્યાન આપવું પડે છે!

જ્યારે નોબેલ પારિતોષિક ન મળ્યું હોય ત્યારે જે વિજ્ઞાનીની કોડીની કિંમત હોતી નથી તેને પારિતોષિક મળે એટલે તેનું મૂલ્ય બદલાઈ જાય છે. લિનસ પાઉલિંગ નામના એક વિજ્ઞાનીએ શરદી મટાડવાના રામબાણ ઈલાજ અંગે એક પુસ્તક લખેલું ત્યારે બધા વિજ્ઞાનીઓએ તેને ઉતારી પાડયો હતો. પણ પાઉલિંગને રસાયણશાસ્ત્રની શોધ માટે નોબેલ પારિતોષિક મળ્યું હતું. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિને નોબેલ પારિતોષિક મળ્યું તે પછી જ ભારતમાં ગીતાંજલિ અને ગુરુદેવનું મૂલ્ય આપણને સમજાયું હતું.

પસંદગી સમિતિની બેઠક પાછલા વર્ષે કયા વૈજ્ઞાનિકે અગર સાહિત્યકારે શ્રેષ્ઠ કાર્ય કર્યું તેની સમીક્ષા કરતી વખતે સંભવિત ઉમેદવારે કોઈ ગુનો કર્યો છે કે નહિ તેની પણ તપાસ કરે છે. ખૂન, બળાત્કાર કે બનાવટનો ગુનો કર્યો હોય તો તે પારિતોષિક માટે નાલાયક ઠરે છે. ઉપરાંત પોતાની શોધ માટે વર્તમાનપત્રોમાં જાણીજોઈને પ્રસિદ્ધિ આપનાર કે સંપર્ક અધિકારી દ્વારા પોતાની શોધના આડકતરા ગુણગાન ગવરાવનારા વિજ્ઞાની પણ નાપાસ થાય છે.

નોબેલ પારિતોષિક માટે પસંદગી ઢોળવાના માપદંડની વિચિત્રતા એ છે કે પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્રની શોધોને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. તેમાં ટેક્નોલોજી, મેથેમેટિક્સ, અવકાશવિજ્ઞાન કે ખગોળશાસ્ત્રને તો સ્થાન જ નથી. અર્થશાસ્ત્રના વિષયને પારિતોષિકપાત્ર બનાવવાનું ૧૯૭૨ની સાલથી જ શરૂ થયું છે. પસંદગીની આ વિચિત્રતાને કારણે થોમસ આલ્વા એડિસન, એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ, સિગમન્ડ ફ્રોઈડ, વિલિયમ જેમ્સ, વિલબર અને ઓરવિલ રાઈટ જેવા પ્રખર વિજ્ઞાનીઓ અને સંશોધકોને નોબેલ પારિતોષિક મળ્યાં નથી. કેન્યાના સખત તાપમાં રહીને નૃવંશનું મૂળ શોધવામાં મદદ કરનારા શ્રી લૂઈ લીકીને પણ નોબેલ પારિતોષિક મળવામાંથી બાકાત રખાયા હતા. ચંદ્ર ઉપર પ્રથમ પગલું મૂકનારા અમેરિકન અવકાશયાત્રી આર્મસ્ટ્રોંગ કે પૃથ્વી ફરતે પ્રથમ વાર ચક્કર લગાવનારા રશિયન અવકાશયાત્રી ગેગેરીન ઉપર પણ નોબેલ પારિતોષિકની મીઠી નજર પડી નથી એ એટલા માટે કે નોબેલના વસિયતનામામાં એ વિષયો માટે કોઈ જોગવાઈ નથી!

કૉમ્પ્યુટર યંત્રોની શોધ કરનારાઓ માટે કે ભૂસ્તરવિજ્ઞાનીઓ માટે કે માનસવિજ્ઞાનમાં સંશોધન કરનારા માટે, નૃવંશશાસ્ત્રીઓ માટે કે પૌરાણિક શિલ્પકળા સિદ્ધ કરનાર માટે નોબેલના ખતપત્રમાં કશી જ જોગવાઈ નથી.

પસંદગી કરનારા ન્યાયાધીશો દર વર્ષે નવેમ્બર માસમાં પસંદગી કરતાં પહેલાં એકાદ વરસ અગાઉ વિશ્વભરની વૈજ્ઞાનિક સંસ્થાઓને ૮૦૦ જેટલા આમંત્રણપત્રો મોકલે છે. એના જવાબરૂપે ૮૦૦ જેટલા વૈજ્ઞાનિકોનાં નામની પારિતોષિક માટે ભલામણ થાય છે. એ ૮૦૦ ભલામણોમાંથી ૧૦ થી ૨૦ નામો તારવવામાં આવે છે. જાન્યુઆરી સુધીમાં આ કામ પૂરું થાય તે પછી વૈજ્ઞાનિક વિષેની ખરેખરી તપાસ આરંભાય છે. લેસર અને મેસર કિરણોની શોધ કરનારા વિજ્ઞાની તરીકે ચાર્લ્સ ટાઉન્સ નામના અમેરિકન નાગરિકનું નામ નોબેલ પારિતોષિક માટે એક વખત સૂચવાયું, પણ તેને આ પારિતોષિક આપવાનું મોકૂફ રખાયું અને ઊંડી તપાસ આરંભાઈ. તપાસ કરતાં માલૂમ પડયું કે રશિયાના બેસોફ અને પ્રોકોરોફ નામના બે વિજ્ઞાનીઓએ પણ લેસર વિષે સારી શોધ કરી છે. અંતે ચાર્લ્સ ટાઉન્સને પારિતોષિક મળ્યું પણ તેમાં તેણે બેસોફ અને પ્રોકોરોફને ભાગીદાર બનાવવા પડયા.

રૉયલ એકેડેમીના સેક્રેટરીને ઊંડી તપાસ પછી પ્રતીતિ થાય એટલે તે રોયલ એકેડેમી ઓફ સાયન્સની પારિતોષિક સમિતિને વિજેતાના નામ માટે ભલામણ કરે છે. આ ભલામણ ઉપર સમિતિ વિચાર કરે છે અને અંતે એકેડેમીને આખરી વિજેતાનું નામ સૂચવે છે. ઑકટોબરમાં આ નામ પસંદ થાય ત્યારે રોયલ એકેડેમીના સેક્રેટરી વિજેતાનું નામ પત્રકારોને જણાવે છે. આ વિધિ તો પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર પૂરતી થઈ. અન્ય ક્ષેત્રો માટે પણ લગભગ આવી વિધિ થયા પછી ઑકટોબરના અંતમાં કે નવેમ્બરમાં તમામ વિજેતાનાં નામો જાહેર થાય છે.

—પ્રિયકાન્ત ભાટિયા

# દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાત

શ્રી શેઠ લાલચંદ હીરાચંદની સાથે તા. ૧૫મી ડિસેમ્બરે વાલચંદનગર જવા માટે પૂના ગયો. તા. ૧૬મીએ સાત વાગ્યે અમે લોકો વાલચંદનગર જવા રવાના થયા અને દસ વાગ્યે ત્યાં પહોંચ્યા. વાલચંદનગરમાં બગાસ (શેરડીના કૂચા)નો, પશુઓના ચારારૂપે ઉપયોગમાં લેવા માટે વાલચંદ ઈન્ડસ્ટ્રીદ્વારા પ્રયોગો થઈ રહ્યા છે અને પશુઓની એક છાવણી છે જેમાં ૨૦૦થી વધારે પશુઓને રાખવામાં આવ્યાં છે, જેનો પ્રારંભ ઈન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડિરેકટર શ્રી ભરત ગુલાબચંદ દોશી દ્વારા તા. ૩૦-૧૧-'૭૨ના દિને થયો ત્યારે શ્રી કુસુમબહેન મોતીચંદ શાહ સાથે હું પણ ત્યાં હાજર હતો. એ સમયે જે પશુઓ ત્યાં આવ્યાં હતાં તેમાંથી કેટલાંક તો એટલાં બધાં દુર્બળ હતાં કે એકવાર બેસી જાય તો પાછાં ઊભાં ન થઈ શકે, પરંતુ આ વખતે અમે પશુઓના કેમ્પમાં ગયા ત્યારે જોયું તો એમાંથી અર્ધા કરતાં વધારેની સ્થિતિ ઘણી સારી બની હતી. વાલચંદ ઈન્ડસ્ટ્રીઝે પોતાના કેમ્પ ઉપરાંત, સેન્ટ્રલ રિલીફ ફંડ તથા ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર તરફથી ચાલતા માઢા જિલ્લાના મહાતપુર ગામનાં ૨૦૦ કરતાંય વધારે પશુઓને બચાવવાના કાર્યમાં ૮ ટ્રક ભરીને મોલેસિસ તથા પ્રોટીન–વિટામિનમિશ્રિત બગાસનો ચારો આપીને મદદ કરી છે. આ પ્રયોગના અભ્યાસ માટે કોલ્હાપુરના તથા અન્ય સ્થાનોના કાર્યકરો આવ્યા અને બીજા આવી રહ્યા છે. પરિણામે વિભિન્ન સ્થાનોમાં બગાસના ઉપયોગથી ચારાની સમસ્યા ઉકેલી શકાય. અમે વાલચંદનગરથી સાંજના સાતારા ગયા અને બીજે દિવસે સાંગલી પહોંચ્યા.

સાંગલીમાં શ્રી કેશવરાવ ચૌધુલેને ત્યાં પહોંચ્યા ત્યારે ગામના કેટલાક આગેવાન કાર્યકરો અને દાતાઓ હાજર હતા અને એવો નિર્ણય કરવામાં આવ્યો કે બે વાગ્યે કાર્યકરોની એક સભા યોજવી.

બરાબર બે વાગ્યે કસ્તુરબાઈ વાલચંદ આર્ટ કૉલેજ હૉલમાં મળેલી સભામાં વેપારીઓ, કાર્યકરો તથા શિક્ષણક્ષેત્રના કાર્યકરો ભારે મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા.

પ્રારંભમાં શેઠ લાલચંદ હીરાચંદે પોતાના વકતવ્યમાં કહ્યું કે દુષ્કાળનું સંકટ ભારે મોટું અને વ્યાપક છે. એમાં આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. આપણા હાથમાં સાધનો મર્યાદિત છે. એટલે એ સાધનોનો વધુમાં વધુ ઉપયોગ થાય એ જરૂરી છે. આપણે મર્યાદિત અને એવો વિસ્તાર શોધવો પડશે કે ત્યાંના લોકો પોતે દુષ્કાળનું સંકટ દૂર કરવામાં પ્રયત્નશીલ હોય. વળી અમે લોકો મુંબઈથી આવીને અહીં કામ કરીએ એ સંભવિત પણ નથી અને યોગ્ય પણ નથી. જેટલું સ્થાનિક લોકો કામ કરે, એટલે જ્યાંના લોકો જાતે પરિશ્રમી અને દષ્કાળની આપત્તિથી બચવા માટે પ્રયત્નશીલ હોય અને જ્યાં કાર્યકર તન, મન, ધનથી આ કાર્ય કરવા માટે સક્રિય તથા ઉત્સુક હોય એમને અમે, એમના કાર્યમાં જરૂર સહકાર આપશું.

ત્યાર બાદ સાંગલી કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ચૌગુલેએ કહ્યું કે લગભગ બધી શિક્ષણસંસ્થાઓએ પોતાના કાર્ય માટે એક એક ગામ પસંદ કરી રાખ્યું છે. એ ગામ જ લેવામાં આવે તથા આજ દુષ્કાળના કારણે શિક્ષણ છોડવું પડે છે તેમને પરીક્ષા સુધી સહાય આપવામાં આવે કે જેથી તેઓ તેમનો વિદ્યાભ્યાસ પૂર્ણ કરી શકે. આજ કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસ ચાલુ રાખવામાં અસમર્થ છે અને તેઓ સરકારદ્વારા ચાલતા દુષ્કાળ–રાહતકાર્યોમાં કામ પર જાય છે.

પછી વેપારીઓના નેતા શ્રી રતનશીભાઈએ કહ્યું કે વેપારી સમાજ આ ભયંકર આપત્તિમાં પોતાની સેવાઓ આપવા માટે તૈયાર છે. કહેવામાં આવે છે કે વેપારીઓએ આવા પ્રસંગે નફાનો

લોભ છોડવો જોઈએ. પરંતુ હું વેપારીઓ વતી કહું છું કે નફાની વાત તો બાજુએ રાખો પણ અમે નુકસાન સહન કરીને ય અનાજ વેચવા તૈયાર છીએ. સરકારે અમારો સાથ - સહકાર અને સેવા લેવાં જોઈએ

અન્ય સભ્યોમાંથી ખાસ કરીને જેસિંગપુરથી આવેલા શ્રી ઝેલેએ સાંગલી અને કોલ્હાપુર જિલ્લામાં પ્રવર્તતી પાણીની ભીષણ તંગી પર પ્રકાશ ફેંકયો. આજે કેટલાંય ગામોમાં પાંચ - દસ માઈલ દૂરથી ટેન્કરમાં પાણી લાવવામાં આવે છે. કૂવા કે બોરિંગ માટે જો મશીન ખરીદવામાં આવે તો એ સમસ્યાનો ઉકેલ આવી જાય અને આજે જે ખર્ચ થઈ રહ્યો છે એથી ઓછા ખર્ચમાં આ સમસ્યાનો ઉકેલ થઈ શકે છે.

સસ્તા ભાવે લોકોને ભોજન આપવું, ચારા વગેરે બાબતો પર પણ ચર્ચાવિચારણા થઈ અને સાંગલી શહેરના નાગરિકોની એક કમિટી બનાવવામાં આવી. આ કમિટીને આ કામ માટે યોગ્ય લાગે તેમને નીમવાનો અધિકાર આપવામાં આવ્યો અને જિલ્લામાંથી પાંચ પ્રતિનિધિ મહારાષ્ટ્રની મુંબઈ કમિટી માટે ચૂંટવાનું કહેવામાં આવ્યું.

ત્યાંથી અમે લોકો જેસિંગપુર પહોંચ્યા. ત્યાં શ્રી ઝેલેની દુકાને ગામના મુખ્ય કાર્યકરો અને નાગરિકો એકઠા થયા. સાથેસાથે સહકારી અધિકારી, તહસીલદાર બી. ડી. ઓ. પણ હાજર રહ્યા.

પ્રારંભમાં શેઠ લાલચંદ હીરાચંદે કાર્ય વિશે સમજણ આપી, માર્ગદર્શન આપ્યું. ત્યાર બાદ મેં દુષ્કાળની પરિસ્થિતિ સામે સંઘર્ષ કરવા માટે આપણે બધાએ એક બનીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં, ગામડાંની જનતાની કેવી રીતે વધુમાં વધુ સેવા કરી શકાય એ તરફ ધ્યાન દોર્યું. ભયાનક દુષ્કાળ છે એમાં શંકા નથી, પરંતુ આપણે બધા સાથે મળીને જો પ્રયત્ન કરી શકીએ તો એની ભીષણતા ઓછી થાય અને આપણે એ દુઃખ સારા એવા પ્રમાણમાં હળવું કરી શકીએ. બધાના મનમાં દુષ્કાળપીડિતો પ્રત્યે સહાનુભૂતિ છે અને પોતપોતાની શકિત અને બુદ્ધિ પ્રમાણે કામ કરી રહ્યા છે. આમાં એકબીજાના દોષ ન જોતાં બધા મળીને કેવી રીતે સારું કામ કરી શકીએ તે જોવું પડશે. સરકાર પણ બહુ મોટા પાયા પર કામ કરી રહી છે, વિદેશી સેવા - સંસ્થાઓનો પણ આ કામમાં સારો એવો લાભ લઈ શકાય છે. ઉપરાંત લોકસેવા માટે બનેલાં ચેરિટેબલ ટ્રસ્ટ તથા દાતાઓની સહાય આ કાર્યમાં ઉપયોગી થઈ શકે. એવી જ રીતે ટેક્નિકલ એકસ્પર્ટ અને સેવાભાવી કાર્યકરોનો–બધાનો સાથ લેવો પડશે. એકબીજાની ટીકા ન કરતાં, બધા સાથે મળીને કેવી રીતે કામ કરી શકીએ એ વિશે વિચારીએ. આપણી સામે પાણી, પશુઓ માટે ચારો તથા માનવીઓને ભરપેટ ભોજન સાથે તેઓ સ્વસ્થ રહી શકે એવો સાથ આપવાની સમસ્યા છે. કપડાં અને દવાઓની પણ જરૂરત પડશે, અને વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂરો થાય એ તરફ પણ ધ્યાન આપવું પડશે. અપંગ, વૃદ્ધ, નિરાશ્રિત અને અશકતોને ભોજન તથા આ કામોમાંથી જેની જે કામમાં રુચિ હોય તેવું કામ તેમની પાસેથી લેવું. પરંતુ આ બધું કામ જો બધાનો સહકાર મળશે તો જ સફળ થશે. કોલ્હાપુર અને સાંગલી જિલ્લામાં વિતરણ માટે જેસિંગપુર ખાતે બનનારી સુખડી બાબત મેં કહ્યું કે શ્રી અરવિંદભાઈ જેના પ્રણેતા છે એ સદ્‌ગુરુ સેવા ટ્રસ્ટ બહુ જ ઉપયોગી અને સારું કામ કરે છે. એથી દુષ્કાળગ્રસ્તોને સારી એવી સહાયતા મળશે. પરંતુ દુષ્કાળનો વિસ્તાર એટલો મોટો છે કે આપણે સૌએ પોતપોતાની રુચિ અને શકિત પ્રમાણે કામ કરવું પડશે.

સ્થાનિક લોકોએ બોરિંગ મશીન, વિદ્યાર્થીઓને મદદ અને સસ્તા તથા યોગ્ય ભાવે અનાજ વેચવાની વ્યવસ્થા કરવા બાબત આગ્રહ કર્યો હતો.

અહીં પણ દુષ્કાળપીડિત સહાય સમિતિ સ્થાપવામાં આવી હતી ભારત જૈન મહામંડળના જેસિંગપુર શાખાના મંત્રી ડેાૅ. ડુગે, શ્રી ઝેલ, અણુવ્રત સમિતિના શ્રી શાંતિલાલજી રૂણવાલ, તેરાપંથી સમાજના શ્રી નથમલજી રૂણવાલ તથા યુવકસાથી, અને ગુજરાતી સમાજના શ્રી મહેતા, જેમણે સુખડી બનાવવા માટે માત્ર જગ્યા જ નહિ પરંતુ સુખડી બનાવવાના કામની જવાબદારી પણ સ્વીકારી છે, તેઓ પણ હાજર હતા.

ત્યાંથી અમે લોકો બાહુબલિ આશ્રમ, કુંભોજ પહોંચ્યા અને શ્રી લાલચંદભાઈ ત્યાં રોકાયા અને હું તથા શ્રી બાળ પાટિલ કોલ્હાપુર ગયા. બાળ પાટિલને કાર્યની વ્યવસ્થા માટે આગળથી મોકલી દેવામાં આવ્યા હતા. એમણે સાંગલી, જયસિંગપુર તથા કોલ્હાપુરવાળાઓ સાથે સંપર્ક સાધ્યો હતો. એ પ્રમાણે કોલ્હાપુરના સેશન જજ શ્રી ચાન્દમલજી વોરાને ત્યાં પહોંચ્યા. ત્યાં શ્રી પાટણે, દાદા ચૌધુલે તથા 'પ્રગતિ'ના સંપાદક ચૌધુલે આવ્યા. ત્યાં કોલ્હાપુર જિલ્લાની સ્થિતિ સંબંધી ચર્ચા-વિચારણા કરવામાં આવી.

આમ તો કોલ્હાપુર જિલ્લાના કેટલાક વિસ્તારમાં દુષ્કાળ છે અને પાણીની સમસ્યા અત્યંત વિકટ છે, પરંતુ ત્યાંના કાર્યકરોના પ્રયત્નો અને પ્રાપ્ત થનારાં સાધનોથી આ સમસ્યા ઉકેલી શકાય એવી સ્થિતિ છે. ચારાની સમસ્યા બગાસદ્વારા ઉકેલવા ઇચ્છે તો એમને સુગર મિલોનો સહકાર મળી શકે એમ છે. અને બહારથી મોંઘો ચારો મગાવવાને બદલે બગાસમાંનાં પ્રોટીન, વિટામિન, કેલ્શિયમદ્વારા પૂર્તિ કરી, બહુ ઓછા ખર્ચે હજારો જાનવરોને બચાવી શકાય એમ છે. અહીં પણ આ લોકોએ કૂવા ખોદાવવા અને બોરિંગ મશીન ખરીદવા બાબત જ આગ્રહ સેવ્યો હતો, કારણ કે પાણીની ભારે મુશ્કેલ સમસ્યા છે.

હું તા. ૧૭મીએ કોલ્હાપુર જ રહ્યો. અને તા. ૧૮મીએ બાહુબલિ ગુરુકુળ કુમ્ભોજ ગયો. ત્યાં મુનિ સમંતભદ્રજી તથા ગુરુકુળના વ્યવસ્થાપક શ્રી માણિકચંદજી ભસીકર સાથે વાતચીત થઈ. આશ્રમમાં રહેતા વિદ્યાર્થીઓ અને કાર્યકરો માટે પાણીની ભારે મુશ્કેલ પરિસ્થિતિ છે. લગભગ ૩ મહિનાથી ટેંકરદ્વારા પાણી લાવવામાં આવે છે, જેનું રોજનું ખર્ચ રૂા. ૧૦૦/- આવે છે. કૂવામાં બોરિંગ નાખવું કે નદીમાંથી પાણી લાવવું જરૂરી છે. અહીં ભણતા સેંકડો વિદ્યાર્થીઓ દુષ્કાળના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. દરેક વિદ્યાર્થીને નાહવા માટે એક મોટો લોટો પાણી મળે છે. પરંતુ એટલા પાણીથી નાહવાનું તો બાજુએ રાખો, પણ માંડ મોઢું ધોવાય અને શરીર લુછાય. અહીં જાણવા મળ્યું કે કોલ્હાપુર, સાંગલી તથા બેલગાંવ જિલ્લામાં કેટલાંય ગામો એવાં છે કે જ્યાં વ્યસન નથી અને લોકો પરિશ્રમી છે તથા વિકાસ માટે ઉત્સુક છે.

તા. ૧૮મીએ ફરીથી સાંગલી ખાતે વાલચંદ હીરાચંદ કૉલેજમાં ગયા. ત્યાંના પ્રિન્સિપાલ તથા પ્રાધ્યાપકો સાથે પાણીની સમસ્યા તથા ગામડાંઓનાં સેનિટેશન વિષે ચર્ચા થઈ અને એમને વિનંતિ કરી કે તેઓ ગામડાંની પાણી તથા સફાઈ સમસ્યા ઉકેલવામાં મદદ-રૂપ થાય. વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને ગામડાઓમાં મોકલી પાણીપ્રાપ્તિ બાબત અભ્યાસ કરી સૂચનો કરે તથા ગામનું મેલું, છાણ, મૂત્ર વગેરેનો એવો ઉપયોગ સૂચવે કે જેથી ગામલોકો એનો ઉપયોગ કરે, એથી થનારા નુકસાનથી ઊગરી જઈ લાભ ઉઠાવી શકે.

– રિષભદાસજી રાંકા

# ✶ તને પાછી લઈ જવા હું ફરી આવીશ ✶

**[એક વ્યવસાયી ડિટેક્ટિવ લગભગ દરરોજ માનવીય કરુણતાનું દર્શન કરે છે. પણ એમાં ક્યારેક એકાદ કેસ એવો આવી જાય, જેમાં એ પોતે જ એક અંતરંગ પાત્ર બની જાય છે. એડ ગોલ્ડફેડરે હમણાં આવો એક કિસ્સો રજૂ કર્યો છે, જે અત્રે ઉતાર્યો છે.]**

મારા ડિટેક્ટિવ વ્યવસાયમાં જાતજાતના કેસો મારી પાસે આવે છે. ગુમ થયેલા વારસો, ઘર છોડી ગયેલા પતિઓ, ભાગેડુ દેવાદારો – જાતજાતના લોકોને મેં ખોળી આપ્યા છે. પણ આ કેસ જુદો જ હતો. એના જેવા આશ્ચર્યજનક કેસો મેં બહુ ઓછા જોયા છે. એનો આરંભ એક પત્રથી થયો હતો. એ પત્રલેખકને હું જૉન સ્કવાયર્સ નામ આપીશ. તેણે પત્રમાં લખ્યું હતું:

ડીઅર સર: મ્યુરીઅલ ફુલર અને હું ૧૯૫૭માં લગ્નથી જોડાયાં. એની ચાર વર્ષ પહેલાં, પોતાના પ્રથમ પતિના અવસાનને કારણે, તેમની આઠ વર્ષની વયની પુત્રી ક્લોડીઆની સંભાળ લેવાનું મારી પત્નીને મુશ્કેલ જણાયું અને તેથી ક્લોડીઆને એક અનાથાલયમાં મૂકવાની તેને ફરજ પડી હતી. ત્યાં તેણે દત્તક અંગેના સંમતિપત્રક પર પણ સહી કરી આપી હતી.

પોતાના એકમાત્ર સંતાન સાથેનો બધો સંપર્ક ખોઈ બેસવા વિષેનું તેને હંમેશાં ઊંડું દુ:ખ રહ્યું છે. તાજેતરમાં ક્લોડીઆનો પત્તો મેળવી આપવામાં હું તેને મદદરૂપ થવા પ્રયાસ કરી રહ્યો છું, પણ અમે તેનો કોઈ અણસારસરખો મેળવી શક્યાં નથી.

સ્કવાયર્સે તેના પત્રમાં તેની પત્નીએ ક્લોડીઆ જ્યારે રડવા લાગેલી ત્યારે તેને જે છેલ્લા શબ્દો કહેલા તેનું પણ વર્ણન કર્યું હતું. 'મારી લાડલી, આ તો થોડા સમય માટે જ છે. પછી તને લેવા હું ફરી આવીશ.' ક્લોડીઆને તેણે સોનેરી વાળ ને ભૂરી આંખોવાળી વર્ણવી હતી અને ઉમેર્યું હતું કે સંગીત વિશે તે નોંધપાત્ર કૌશલ દાખવવા લાગી હતી. અનાથાલયમાંથી મળતા અહેવાલો બતાવતા હતા કે ક્લોડીઆની શક્તિઓની કદર થઈ હતી ને તેને ગાયનની તાલીમ આપવામાં આવી રહી હતી. પણ એક વર્ષ પછી, ક્લોડીઆ જ્યારે દત્તક લેવાઈ ત્યારથી અહેવાલો મળતા બંધ થયા હતા. આ વાતને બાર વર્ષ વીતી ગયાં હતાં.

પત્ર મળ્યા બાદ સ્કવાયર્સનો મેં ફોન પર સંપર્ક સાધ્યો. તેની સૌમ્ય સહૃદયતા મને સ્પર્શી ગઈ. તેણે કહ્યું કે તેની પત્ની ક્લોડીઆના જીવનમાં હસ્તક્ષેપ કરવા ઈચ્છતી નથી, ક્લોડીઆ સુખી છે એટલું જાણવાની જ માત્ર તેની ઇચ્છા હતી અને શક્ય હોય તો તેને ફરી મળવા માગતી હતી.

સ્કવાયર્સે કહ્યું હતું: 'આ કદાચ ખર્ચાળ હશે. પણ ક્લોડીઆનો પત્તો મેળવવા તમે બધું જ કરી છૂટો એમ હું ઇચ્છું છું. મારી પત્નીને લાંબા કાળથી પીડાતી હું જોઈ રહ્યો છું. હું તેને ચાહું છું અને એટલે તેને મદદ કરવા માગું છું.'

એની જેવા માણસને ના પાડવાનું કઠિન છે. પણ મેં એની સમક્ષ એ સ્પષ્ટતા કરી લીધી કે કાયદેસર દત્તક અપાયેલા બાળકનો પત્તો મેળવવાનું તેની ખરી માતા માટે ઘણું મુશ્કેલ હોય છે. દત્તકવિધિ સાથે સંકળાયેલી કોઈ પણ પ્રતિષ્ઠિત સંસ્થા દત્તક લેનાર માતા-પિતાનાં નામ યા બાળકના સંજોગો સંબંધમાં કશું જ જાહેર કરે નહિ. દત્તકવિધિ સંબંધે અદાલતી કાગળિયાં પર પણ સીલ કરી દેવાય છે.

આમ છતાં હુ ન્યુયૉર્કના ઉટિકામાં આવેલા એ અનાથાલયમાં ગયો. ત્યાંના સંચાલકોએ યોગ્ય રીતે જ પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કરવા સાથે અજાણતાં જ મને એક સંકેત આપી દીધો. 'ક્લોડીઆની જરૂરિયાતો વિશે પૂરતી કાળજી લેવાઈ રહી છે એમ તેમણે મને કહ્યું અને ઉમેર્યું, 'હકીકતમાં, અમને ખબર છે ત્યાં સુધી, તેને તેની પોતાની કારકિર્દી છે.'

કારકિર્દી વિશેના આ ઉલ્લેખે મને એમ વિચારતો કરી મૂક્યો કે ક્લોડીઆ ધંધાદારી ગાયિકા તો નહિ બની હોય ને! પરફૉર્મર્સ યુનિયનની ફાઈલોમાં પછી મેં ક્લોડીઆ નામની ૨૧ વર્ષની વયની, સોનેરી વાળ ને ભૂરી આંખોવાળી કંઠય સંગીતની કલાકાર માટે શોધ આદરી. એમાંથી ત્રણ નામ મળ્યાં. એક દક્ષિણની એક હૉટેલમાં ગાતી હતી, બીજી એક પ્રવાસી બેન્ડમાં હતી. એ બે પૈકી કોઈ હું જેની શોધમાં હતો તે ક્લોડીઆ ન હતી.

ત્રીજીનું નામ હતું ક્લોડીઆ બ્લેર. તે લૉસ એન્જેલસની એક નાની નાઈટ ક્લબમાં કાર્યક્રમ આપતી હતી. હું વિમાનમાં ત્યાં ગયો અને મેં તેને એક ચિઠ્ઠી પાઠવી કે મારા એક અસીલ માટે માહિતી મેળવવા માગું છું અને તેને કેટલાક પ્રશ્નો પૂછવા નાઈટ ક્લબમાં મળીશ.

બીજી રાત્રે, પહેલા શોના સમયે હું ક્લબમાં પહોંચી ગયો. પડદા પડયા ને સ્ટેજ પર ક્લોડીઆ બ્લેર ઊભી હતી. તે એકવડિયા બાંધાની પણ ખૂબ જ રૂપાળી યુવતી હતી. તેનો અવાજ મધુર હતો અને તખતા પરની તેની અદા પણ સરસ હતી. શ્રોતાઓને તે ગમતી હતી. મને પણ તે ગમી.

તેણે ગાવાનું પૂરું કર્યું ત્યારે હું તેના ડ્રેસિંગરૂમમાં ગયો. તે ખુરશીમાં બેસીને ગૂંથી રહી હતી અને મેં મારો પરિચય આપ્યો ત્યારે તેણે મુખ ઊંચું કર્યું નહિ. 'તમને મળતાં ઘણો આનંદ થયો, મિ. ગોલ્ડફેડર' તે બોલી. 'અમારા મૅનેજરે તમારી ચિઠ્ઠી મને વાંચી સંભળાવી હતી. હું મારી જાતે તે વાંચી શકું તેમ નથી. તમે જોતા હશો કે હું અંધ છું.'

હું સ્તબ્ધ થઈ ગયો. 'ખૂબ દિલગીર છું' હું ધીમેથી બોલ્યો. 'મને તેની જાણ ન હતી.'

'ઘણાને તેની જાણ નથી. મને તખ્તા પરથી કોઈ દોરી જાય છે તે પહેલાં તો હમેશાં પડદા પડી ચૂક્યા હોય છે.'

'આ વિશે કંઈ થઈ શકે?'

'ના' તેણે કહ્યું. 'હું હમેશાં અંધ રહીશ. વારુ, તમારે શું કામ હતું?'

હું જેને ખોળી રહ્યો છું તે જ આ યુવતી હોવા વિશે હવે મારા મનમાં ગંભીર શંકા જાગી હતી. મેં તેને મારી કામગીરીની વાત કરી. તે સાંભળતી ગઈ તેમ તેનો ચહેરો કઠોર અને ભાવવિહોણો બની રહ્યો.

'હા, હું તે બાળક છું.' તેણે કહ્યું: ' હું આઠ વર્ષની હતી ત્યારે મારી માતાએ મને અનાથાલયને સોંપી દીધી – કારણ તેને ખબર પડી ગઈ હતી કે હું આંધળી બની રહી છું.'

ક્લોડીઆની કટુતા, દેખીતી રીતે જ ઘણી પ્રબળ હતી. તેની માતા ક્યાં છે તેની તેને કશી જાણ ન હતી અને તેણે એ સ્પષ્ટ કર્યું કે તે જાણવા પણ માગતી નથી. તેને દત્તક લેનાર માતાપિતા—બ્લેર દંપતી વિશે તે ઊંડી લાગણીથી બોલતી હતી. તેમની સાથે તે નજીકના પરામાં રહેતી હતી. તેની માતાને તે મળે તેવા મારા સૂચનને તેણે ધસીને ધુત્કારી કાઢયું.

મેં જ્યારે જૉન સ્કવાયર્સને ક્લોડીઆના અંધત્વ વિશે અને

તેના દિલમાં ભરેલી કડવાશ વિશે જાણ કરી ત્યારે ક્ષણભર તો એ મૂંગો રહ્યો. પછી તેણે કહ્યું, 'હું ખૂબ જ દિલગીર છું. પણ કલોડીઆ તેનો નિર્ણય બદલે તેમ કરવા – તેને સમજાવવા તમે એકેએક પ્રયાસ કરો એમ હું ઈચ્છું છું.'

'એ કદાચ અશકય છે.' મેં કહ્યું. 'કલોડીઆને જ્યારે અનાથાલયમાં મૂકી ત્યારે તે અંધ બની રહી છે તેની તમારાં પત્નીને હતી એ સાચી વાત છે?'

જૉન સ્કવાયર્સ ખમચાયો. છેવટે તેણે કહ્યું, 'સત્યને ઘણાં પાસાં હોઈ શકે છે. કૃપા કરીને પ્રયાસ પડતો ન મૂકશો.'

મેં તેને કહ્યું કે હું કલોડીઆના દત્તક માતાપિતને મળીશ અને તેમનો સાથ મેળવવા મથીશ.

તે સાંજે કલોડીઆ કલબમાં જવા નીકળી ગઈ હોય એવો સમય પસંદ કરીને હું બ્લેર-દંપતીને ઘરે પહોંચ્યો. તેઓ સ્પષ્ટપણે જ ઉષ્માભર્યું હૃદય ધરાવતાં પતિપત્ની હતાં. પણ જ્યારે મેં તેમની મદદ માગી ત્યારે શ્રીમતી બ્લેર ક્ષુબ્ધ બની બોલી ઊઠયાં, 'કલોડીઆને તેની માતા સાથે હવે કશી જ લેવાદેવા શા માટે હોય તે હું સમજી શકતી નથી.'

બ્લેર નિષ્ઠાપૂર્વક બોલ્યા, 'તમે એ જાણો એમ અમે ઇચ્છીએ છીએ કે કુલોડીઆને તેની માતાની વિરુદ્ધ થઈ જવા અમે કયારેય પ્રેરી નથી. તેનામાં કટુતા ભરેલી જણાતી હોય તો તે અનાથાલયમાં તેની માતા તેને મૂકી ગઈ તે પ્રસંગને તે ભૂલી શકી નથી તેને કારણે છે.'

'તમે ત્યારે જો તેને જોઈ હોત!' શ્રીમતી બ્લેર ભભૂકી ઊઠયાં, 'અમે એ અનાથાલયમાં એક નાના બાળકને દત્તક લેવા ગયાં હતાં. પણ ત્યાં નવ વર્ષની આ કલોડીઆને અમે જોઈ. પિતા નહિ, માતા નહિ. અને તે આંખનું તેજ ગુમાવી રહી હતી. અમે તેને લીધા વિના રહી શકયાં નહિ પણ અમને તે વિશે કદી અફસોસ થયો નથી.'

'એ સાચું છે.' બ્લેરે કહ્યું. 'તે અમારી પોતાની પુત્રી હોત તો ય અમે તેને આથી વધુ ચાહતાં ન હોત.'

મેં નરમાશથી દબાણ કર્યું, 'તો પછી તેની પોતાની માતાને શું થતું હશે તે તમારે સમજવું જોઈએ.'

અમે કલાકથી વધુ સમય સુધી વાતો કરી. કલોડીઆ જે કડવાશ મનમાં ભરીને બેઠી છે તે તેના આખા જીવનને કોરી ખાશે એમ મેં દર્શાવ્યું. એ કડવાશને હમેશ માટે ભૂંસી નાખવી એ વધુ સારું નહિ હોય? સમજાવટની મારી બધી જ શકિતઓને મેં કામે લગાડી હતી. છેવટે તેઓએ એકબીજા સામે જોયું અને શ્રીમતી બ્લેરે ધીમેથી કહ્યું, 'અમે આ વિશે કલોડીઆને વાત કરીશું. તમે તેને કાલે સાંજના ટેલિફોન કરજો. છેવટનો જવાબ તો તેણે જ આપવો જોઈશે.'

મેં ફોન કર્યો કે કલોડીઆ લાગલી જ ભભૂકી ઊઠી, 'મને છોડી દેવામાં આવી હતી– તજી દેવાઈ હતી! મારી માતાની મને સૌથી વધુ જરૂર હતી ત્યારે જ તેણે મને રઝળતી મૂકી દીધી, કારણ એક આંધળી છોકરીનો બોજો તેને વેંઢારવો ન હતો એ હું માફ કરું એવી તમે મારી પાસે અપેક્ષા રાખો છો?'

'તમે કંઈ નહિ તો છેવટે તેને તેના પક્ષે શું કહેવાનું છે એટલું તો સાંભળશો ને!'

ઘણી વાર સુધી કલોડીઆ મૌન રહી. છેવટે તેણે કહ્યું, 'ભલે, મને દત્તક લેનારાં માતાપિતાને હું ખૂબ ચાહું છું, તેમને ખુશ કરવા હું તેને મળીશ, માત્ર એકવાર. પણ તેના વિશે મારા મનમાં જે ઘૃણા છે તેને કશું જ કદી પલટી શકશે નહિ. કશું જ નહિ!'

મેં જૉન સ્કવાયર્સને ટેલિફોનથી જાણ કરી. તેણે કહ્યું કે તે અને તેની પત્ની તે રાત્રે વિમાનમાર્ગે લોસ એન્જેલસ આવશે 'મને લાગે છે કે કલોડીઆ પહેલાં એકલી તેની માતાને મળે એ વધુ ઈષ્ટ હશે, તેણે કહ્યું: 'હોટેલમાં હું બાજુબાજુમાં બે રૂમ રાખીશ અને સવારમાં તમને ફોન કરીશ.'

બીજી સાંજે કલોડીઆની ગભરામણ અને તેની પ્રતિકારની વૃત્તિ હું સમજી શકતો હતો. શ્રીમતી સ્કવાયર્સના રૂમ તરફ હું તેને દોરી ગયો ત્યારે કલોડીઆએ મારો હાથ સખત રીતે પકડી રાખ્યો હતો. 'તેની સાથે મને એકલી મૂકીને જતા ન રહેશો' તેણે કહ્યું. 'તમે મને અંદર લઈ જાવ. હું તેને હેલો એમ કહીશ. અને એટલું બસ થઈ પડશે.'

મેં બારણા પર ટકોરા કર્યા અને અમે રૂમમાં પ્રવેશ્યાં. એક મોટી આરામખુરશીમાં ભૂરી આંખોવાળી મહિલા બેઠી હતી. તેના વાળ ભૂખરા ન હોત તો કોઈ તેને કલોડીઆની બહેન જ માની લે.

કલોડીઆ ધ્રૂજતી હતી તે હું અનુભવી રહ્યો હતો. તેણે ધીમા સાદે કહ્યું, 'હેલો!'

'કેટલાં વર્ષો વીતી ગયાં!' શ્રીમતી સ્કવાયર્સનો ભાવકંપિત સ્વર સંભળાયો. 'આ પ્રસંગે કહેવા માટે મેં કેટલું કેટલું ગોઠવી રાખ્યું હતું! અને અત્યારે એ કશુંય મને યાદ નથી. તારો અવાજ હજીય એવો જ રણકતો છે, તે રાત્રે મેં સાંભળ્યો હતો, બરાબર એવો જ–'

'પ્લીઝ!'

'પાસે આવ.' શ્રીમતી સ્કવાયર્સે કહ્યું, 'મારે તને જોવી છે.'

હું કલોડીઆને તેની માતાની નજીક લઈ ગયો. અમે પાસે જતાં તે હાથ લંબાવી ઊભી થઈ. પણ પોતાની પુત્રીને આશ્લેષમાં લેવા તેણે પ્રયાસ ન કર્યો. તે તેમ કરશે એવી મેં અપેક્ષા રાખેલી. એને બદલે તેના હાથ કલોડીઆના ખભાને સ્પર્શ્યા અને ત્યાંથી ખસીને તેના ચહેરા તરફ ગયા. હેતભરી આંગળીઓ ત્વરાથી અને ચોકસાઈપૂર્વક એ ચહેરાનો તાગ લઈ રહી હતી. 'આહ!' તેણે હળવેથી કહ્યું. 'તું મોટી થઈ ગઈ છે. અને કેટલી બધી સુન્દર!'

કલોડીઆના હાથ સંકોચસહ ઊંચે ઊંચકાયા અને તેની માતાના હાથને સ્પર્શ્યા. 'તું ...' કલોડીઆ રૂંધાતા સાદે બોલી, 'તું... શું તું પણ –'

'હા,' તેની માતાએ જવાબ આપ્યો, 'હું પણ જોઈ શકતી નથી, પણ ગમે તેમ, તને મેં ગમે ત્યાં પિછાણી લીધી હોત.'

'ઓહ!' કલોડીઆએ અચાનક રડી પડતાં કહ્યું, 'મને જો એ ખબર હોત! તું કદી મને લેવા ફરી આવી નહિ તેનું હવે મને આશ્ચર્ય રહ્યું નથી. તારે મને છોડી દેવી પડી હતી, શા માટે? તે પણ હવે સમજી ગઈ છું! પણ મને કોઈએ આ વાત કયારેય કરી નહિ ...'

હું પાસેની બીજી રૂમમાં ગયો. તેમાં એક ઊંચો પુરુષ બારી પાસે ઊભો રહી શહેરનાં દશ્યોને નજરથી ઝીલી રહ્યો હતો. તે મારા તરફ ફર્યો. અને તેના ચહેરા પરની તાણ મેં જોઈ. 'બધું બરાબર છે, મિ. સ્કવાયર્સ,' મેં કહ્યું. 'બધું જ હવે બરાબર છે.'

તેની પત્નીના અંધત્વ વિશે તેણે મને શા માટે કહ્યું ન હતું? 'તેને ડર હતો કે તમે કદાચ કહી દેશો', તેણે કહ્યું. 'કલોડીઆ તેને દયાને ખાતર જ મળવા તૈયાર થાય એ વિચાર તેને માટે અસહ્ય હતો.'

કલોડીઆ આ પછીય બ્લેર-દંપતીની સાથે જ રહી છે. પણ આજે હવે તે અને તેની માતા સ્નેહ અને સમજદારીમાં – દૃષ્ટિ ગુમાવી રહેલી એક સ્ત્રી કેવા વાત્સલ્યભાવથી પ્રેરાઈને, એવા જ વારસાગત રોગનાં ચિહ્નો દાખવી રહેલી બાળકીને, જે બાળકીને અંધ અને વિધવા માતા આપી શકે તેથી વિશેષ સ્નેહ અને હૂંફની જરૂર હતી તેને તજી દેવા તૈયાર થઈ તે વાત્સલ્ય ને સ્નેહની સમજદારીમાં ફરી એકબીજાની નજીક આવ્યાં છે ને આપ્તજન બની ગયાં છે.

: મૂળ લેખક :
ઓડ ગોલ્ડફેડર

અનુ:
હિંમતલાલ મહેતા

['રીડર્સ ડાયજેસ્ટ'માંથી]

# ✻ શ્રી પુરુષોત્તમ માવળંકરનો વાર્તાલાપ ✻

તાજેતરમાં અમદાવાદમાંથી ચૂંટાયેલા લોકસભાના સભ્ય શ્રી પુરુષોત્તમ માવળંકરનો એક જાહેર વાર્તાલાપ તા. ૨૦-૧૨-'૭૨ના રોજ સાંજના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીના પ્રમુખપણા નીચે રાખવામાં આવ્યો હતો.

શરૂઆતમાં આવકાર આપતાં પ્રમુખશ્રીએ માવળંકરદાદા સાથેના પોતાના સંસ્મરણો તાજાં કર્યાં હતા અને શ્રી પુરુષોત્તમભાઈ માવળંકર લોકસભાના સભ્ય તરીકે, ચૂંટણીને લગતા બધા જ નિયમોની મર્યાદા સાચવીને મોટી બહુમતિથી ચૂંટાઈ આવ્યા તે માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. અને તેમણે જણાવ્યું કે, તેઓ થોડા સમય પહેલા જ અમારા સંઘના આજીવન સભ્ય બન્યા અને ત્યાર બાદ આવા મહત્ત્વના પદે ચૂંટાઈ આવ્યા તેથી અમને વિશેષ આનંદ થાય છે. તેઓ સાચા સેવક છે અને તેમના લોકહિતના કાર્યોમાં તેઓ વધારે ને વધારે સ્નેહ મેળવતા રહે અને તેમનું નામ સેવાક્ષેત્રે વધારે ઉજ્જ્વળ બનતું રહે એવી મારી અંતઃકરણની પ્રાર્થના છે.

ત્યાર બાદ શ્રી રામુ પંડિતે શ્રી માવળંકરનો પરિચય આપતાં જણાવ્યું કે લોકશાહીની પરંપરા માવળંકરની ગળથૂથીમાં જ હતી. માવલંકરની જીત એ ૨૫ વર્ષે પહોંચેલી લોકશાહી માટેનો એક શુભ પ્રસંગ ગણાય.

કાર્ય કરનારને અમદાવાદની પ્રજા લોકસભામાં ચૂંટીને મોકલે છે. તેમાં માવળંકરનો ત્રીજો નંબર છે. પહેલા માવળંકરદાદા, બીજા, ઈન્દુચાચા અને ત્રીજા, પુરુપોત્તમ માવળંકર.

ત્યાર બાદ શ્રી માવળંકરે બોલતાં જણાવ્યું કે, મારા સાહસને અંતે આજે પ્રથમવાર આપની સમક્ષ આવતાં હું આનંદની લાગણી અનુભવું છું. આ સભાગૃહમાં આવતાં પૂ. પરમાનંદભાઈની સ્મૃતિ તાજી થાય છે. તેમને હું મારી આદરઅંજલિ આપું છું.

શ્રી માવળંકરનો વાર્તાલાપ એક રસપ્રદ કહાણી જેવો હતો.

તેમને સ્વતંત્ર રીતે ઊભા રહેવાનું સાહસ કરવાની કેમ પ્રેરણા થઈ, તેમની જીત કયા કારણોથી થઈ અને લોકોએ તેમને કેવા પ્રેમથી નવાજ્યા તેની વિગતપૂર્ણ અને રસપ્રદ કહાણી રજૂ કરીને શ્રી માવળંકરે પોતાનો હર્ષ પ્રદર્શિત કર્યો હતો અને તેમને સાંભળીને શ્રોતાઓ ક્ષણે ક્ષણે હાસ્યના હેલે ચઢીને સભાગૃહને ગજાવતા હતા.

તેમણે કહ્યું કે, લોકોના આ પ્રેમનો જવાબ મારે ભાષણ કરીને નહિ પણ કાર્ય કરીને આપવાનો છે.

હું કોઈ વ્યવસાયી રાજકારણી નથી, એટલે બીજી ચૂંટણીમાં હું ઊભો રહું કે નહિ તેની મને ખબર નથી. જે કામ આવી પડ્યું છે તેને દેશની ઉન્નતિ માટે કેમ આગળ વધારવું તેને હું મારી ફરજ સમજું છું. હું કાયમ લોકશાહીને વળગી રહીશ. કોઈ પક્ષની કંઠી બાંધી શકું એવી મારી વૃત્તિ નથી રહી.

આજે બધું દિલ્હીમાંથી નક્કી થાય છે - એટલે કે ઉપરથી- પરંતુ નીચેથી નક્કી થવું જોઈએ અને દિલ્હીએ એને સ્વીકારવું જોઈએ. આજે રાજકારણી ગંદકીના છાંટા નહિ પણ છોળો ઊડી રહી છે.

અપક્ષ ઉમેદવાર એટલે દરેક નાગરિકનો અને દરેક પક્ષનો પ્રતિનિધિ ગણાય.

નવી - શાસક કૉંગ્રેસના ખખડધજ તંત્ર સામે મેં એકલા ઊભા રહેવાની હિંમત કરી, તેની પાછળ એક વિચાર એવો હતો કે શાસક પક્ષની સામે કોઈ ઊભો જ ન રહી શકે એ પ્રણાલિકાને મારે તોડવી હતી અને મને પ્રેરણા આપી હતી અંતરના અવાજે. ગાંધીજી અંતરના અવાજની વાત કરતા હતા તેની મને આ સમયે અનુભૂતિ થઈ.

મને જીતાડવા માટે મારા સહકાર્યકરોએ કામ કર્યું તેના કરતાં શાસક પક્ષે ખોટાં પગલાંઓ ભરીને મને જીતાડવા માટે મોટો ફાળો આપ્યો છે એમ મારે કહેવું જોઈએ.

ચૂંટણીના અને લોકશાહીના નિયમોનું અક્ષરશઃ મેં પાલન કર્યું છે, અને છેવટ સુધી કરતો રહીશ.

ત્રણ વિરોધપક્ષોએ પણ મને બિનશરતી ટેકો આપ્યો.

આપણા દેશમાં ચૂંટણી લડવી એટલે ખાઈપીને તેની પાછળ મંડી પડવું. પણ મેં મારા ચાલુ કામો કરવાનું અને નિરાંતે ઊંઘવાનું ચાલુ રાખ્યું હતું. કેમકે પરિણામની ઉપાધિ મેં ઈશ્વરને સોંપી હતી.

પ્રચારમાં ફોટો નહિ, છાપામાં જાહેરાત નહિ, કોઈની દીવાલ બગાડી નહિ અને ૩૫૦૦૦ ની લિમિટથી ઓછો ખર્ચ કર્યો. સવા છ લાખ મતદારોવાળા ક્ષેત્રમાં માત્ર ૨૦૦ જ બેનરોનો ઉપયોગ કર્યો.—આ બધાએ મારી જીતમાં મદદ કરી.

મારે અહીં એનો ઉલ્લેખ કરવો જોઈએ કે ચૂંટણીના થોડા દિવસ પહેલા મને મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી એવા પાંચસો પત્રો મળ્યા કે તમોને મદદ કરવા માટે અમો અમદાવાદ આવીએ છીએ અને અમો અમુક જગ્યાએ ઊતરવાના છીએ. મને આવી મદદ મળશે એની મને કોઈ કલ્પના સુદ્ધાં નહોતી.

શાસકપક્ષે છેલ્લે દિવસે મિલો બંધ કરાવી ત્યારે મજૂરો કહેતા હતા કે 'તેમણે અમારો પાવર કટ કર્યો છે તો અમે તેમનો પાવર કટ કરીશું'.

ચૂંટણીનો ખર્ચ ઘટાડવા માટે એમ કરવું આવશ્યક છે કે, કેન્ડીડેટો મતદારોને નંબરો પહોંચાડે છે તેને બદલે ચૂંટણીપંચ જ તે નંબરો પહોંચાડે.

શાસક પક્ષે ૨૫ તારીખે જનતા-રેલી નામે મોટી રેલી કાઢી - તેમાં વાહનો અને છોકરાંઓ ઘણા હતા પણ જનતા જ નહોતી.

પહેલા હું માનતો હતો કે ઈન્દિરાજીના હાથ આપણે મજબૂત કરવા જોઈએ. પરંતુ એ હાથ એટલા બધા વધારેપડતા મજબૂત થઈ ગયા કે આપણા હાથપગ ઢીલા પડવા લાગ્યા.

જ્યાં મજબૂત સરકાર અને મજબૂત વિરોધપક્ષ હોય ત્યાં પાર્લામેન્ટની ડેમોક્રેસીનાં મૂળિયા ઊંડાં ઊતરે છે.

લોકસભામાં જેટલી હાજરી જવાહરલાલ આપતા હતા તેના પચીશ ટકા પણ હાજરી ઈન્દિરાજી આપતા નથી. અને તેનું અનુકરણ પ્રધાનો પણ કરે છે.

આપણી લોકશાહીમાં એક પ્રકારનું ઈમબેલેન્સ આવ્યું છે—ઘોંઘાટ વધ્યો છે. પણ આપણે બધા શોક-પ્રૂફ થઈ ગયા છીએ.

મારા માટે આ અધિવેશન નિરીક્ષણનું છે, આવતા અધિવેશનમાં મોઢું ઉઘાડીશ. લોકસભાના સભ્યોની હાજરી વધારે રહે તેનો સ્પીકરે આગ્રહ રાખવો જોઈએ.

લોકસભાનું કોરમ ૫૨ સભ્યોનું છે, પણ ૩૨ની હાજરી હોય તો પણ કામ ચાલે, કોઈ બોલે નહિ. મેં વિરોધ કર્યો. ઘંટડી વાગી- બધા દોડતા આવ્યા, ઈન્દીરાજી—ચૌહાણસાહેબ સુદ્ધાં-રોષે ભરાયા—કોણે ઘંટડી વગાડી એમ કહીને - આવી લોકશાહી ચાલે છે.

સત્ય, ન્યાય, નીતિને વળગીને જ હું આગળ વધીશ, અને એટલે હું એકલો છું એમ મને લાગતું નથી. લોકોએ મારામાં જે વિશ્વાસ મૂકયો છે તેને અમુક અંશમાં પણ હું સફળ કરી બતાવીશ એવો આપને વિશ્વાસ આપું છું.

કેટલાક લોકસભાના સભ્યોની કીમતી પરદેશી ગાડીઓ જોઉં છું અને મને જનતા યાદ આવે છે.

મેં અને પીલુ મોદીએ હમણાં જ શ્રી ઈન્દિરાજી પાસે નર્મદાનો પ્રશ્ન છેડ્યો હતો અને સમગ્ર રાષ્ટ્રની દૃષ્ટિએ તેનો ઉકેલ તાત્કાલિક આપવો જોઈએ એવી રજૂઆત કરી - તેનો ઈન્દિરાજીનો જવાબ સંતોષપ્રદ હતો.

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે બે શબ્દો કહ્યા હતા. બીજા મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે આભારવિધિ કર્યો હતો. - જૈન સોશ્યલ ગ્રુપ વતી પણ શ્રી ચીમનલાલ જે. શાહે હાર પહેરાવ્યો હતો. અને સભા વિસર્જિત થઈ હતી.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

# વિચારીને ચાર ઉચાર વાણી

વણમાગી સલાહ આપવામાં જેમ વિવેક વાપરવો જરૂરી છે તેવું જ વણમાગ્યા અભિપ્રાય આપવામાં છે. કોઈ પણ બાબત વિશે ફટ દઈને અભિપ્રાય આપતાં આજે ઘણા લોકો અચકાતા નથી. આવા અભિપ્રાય બીજું કંઈ નહિ પણ ટીકા જ કહેવાય. સ્પષ્ટ અભિપ્રાય આપી દેવાનો વાંધો નથી, પણ એ સ્પષ્ટતાના પડઘા કેવા પડશે, એનું પરિણામ કેવું આવશે તેનો વિચાર કરવો જ જોઈએ. એ વિચાર કરવાથી જ વિવેકબુદ્ધિ મદદે આવી લાગશે. પણ ઘણી વાર એવું બને છે કે આવા સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચારીને માનવી પોતાનો અહમ્ પોષતો હોય છે. પોતાના સ્પષ્ટ અભિપ્રાયથી કોઈનું ભલું થઈ જાય એવો તેનો ખ્યાલ હોતો નથી. હા, કેટલાક દાખલામાં એવું જોવા મળેલું છે કે પોતાના અભિપ્રાયથી કોઈનું નુકસાન થાય તો આવો અભિપ્રાય ઉચ્ચારનાર મનમાં મનમાં રાજી થતો હોય છે!

આવું વલણ એક પ્રકારની આત્મવંચના જેવું જ હોય છે. આવા વલણમાંથી એક પ્રકારની ક્ષુદ્રતા જ દેખા દે છે. તો, બીજી તરફ આપણા સંસારવ્યવહારમાં કે સામાજિક સંબંધોમાં કેટલાક લોકો અધકચરો અભિપ્રાય આપીને કોઈકનું ભલું કર્યાનો આત્મસંતોષ મેળવતા જોયા છે. એક ઉદાહરણ લઈએ. દીકરીને ઠેકાણે પાડવા નીકળેલા કોઈ પિતા બીજા કોઈ સંબંધીને પૂછે કે ફલાણો છોકરો કેવો છે? એના ઘરમાં દીકરી દઈએ તો વાંધા જેવું તો નથી ને? આવાં લગન–સગપણનાં કાર્યોમાં અભિપ્રાય આપનારા કહેવાતા જ્ઞાતિ આગેવાનો કે કુટુંબના મોવડીઓ એ છોકરા વિશે એવો અભિપ્રાય આપે કે, ‘આ કંઈ ખોટું નથી અને છોકરો ય ઠીક કહેવાય. તમે તમારે તેની સાથે દીકરીનું સગપણ કરો.’ હકીકતમાં એ ઘર કે એ છોકરો પૂર્ણ રીતે લાયક નથી તે એ લોકો જાણતા હોય છે, છતાં સ્પષ્ટ કહેતા નથી. દીકરીનો બાપ વિશ્વાસ રાખીને ત્યાં સંબંધ જોડે છે. અજવાળું માગવા ગયેલા દીકરીના બાપને થોડાક તો અંધારામાં રાખવામાં જ આવે છે!

આવું કેમ કર્યું? એમ જ્યારે આવા મોવડીઓને પૂછવામાં આવે છે ત્યારે તે લોકો કહે છે કે, ‘ભાઈ, કો’કનું ઘર મંડાતું હોય તો તેમાં અમારે શા માટે આડી જીભ વાળવી?’ આમ કહીને પોતે જાણે મહાન પુણ્યકાર્ય કર્યું હોય એવો આત્મસંતોષ માનતા હોય છે. પૂછવાનું મન થાય છે કે આપણું આ વલણ સાચું છે ખરું? જરાક આપણા મનને આપણે પૂછીએ તો સાચો જવાબ મળશે અને જો એ જવાબ પ્રમાણે આચરણ કરીશું તો જીવનની આ યાત્રા એટલી સાર્થક થઈ ગણાશે.

અભિપ્રાય આપવાનું બીજું પણ એક પાસું છે. એ પણ એક દૃષ્ટાંતથી આપણે સમજીએ. આપણે કોઈની ઑફિસે ગયા. માનો કે અવારનવાર ત્યાં જવાનો આપણો શિરસ્તો છે. એ ઑફિસમાં આપણી સારી ખાતર-બરદાસ્ત હમેશાં થતી હોય... તેના અધિકારી સાથે દોસ્તી હોય, એટલે અન્ય કર્મચારીઓ પણ આપણને ઓળખતા હોય. સલામ-સાહેબજી જેવી બધા સાથે પિછાણ હોય. આપણે ત્યાં ગયા. અધિકારી હાજર નથી. ત્યાંના પટાવાળાને આપણે પાણી લાવવા કહ્યું, પણ પટાવાળો તે ઘડીકમાં લાવ્યો નહિ. જાણે એ પટાવાળાને આપણે પગાર આપતા હોઈએ તેમ ધમકાવીએ, પટાવાળો તે નમ્રતાથી સાંભળી લે અને તમારી ખિદમત કરે, કારણ કે તમે સાહેબના દોસ્ત છો. પોતાની ગરજ ખાતર એ તમારો રુઆબ સહન કરી લે છે. પણ ધારો કે એમાં કોઈક થોડો અસહિષ્ણુ પ્રકૃતિનો માણસ હોય અને તે તમારી બધી ધમકીને પચાવે નહિ. તમને આ વાત ખટકે છે અને તમે તેના શેઠ અથવા સાહેબ પાસે એ માણસ વિશે ખરાબ અભિપ્રાય આપો છો. તમારા અભિપ્રાયથી રંગાઈને એ શેઠ કે સાહેબ પણ ગરમ થાય છે. સાહેબના મનમાં એ પટાવાળા, ગુમાસ્તા કે કારકુન પ્રત્યે પૂર્વગ્રહ બંધાઈ જાય છે; અને કદાચ કોઈ ક્ષણે સાહેબ એને નોકરીમાંથી ગડગડિયું આપે છે.

તો આપણા આ અભિપ્રાયનું પરિણામ શું આવ્યું? કોકનો રોટલો ઝૂંટવાયો એ જ કે બીજું કંઈ? ઑફિસ કોકની, આપણે બહુ બહુ તો અવારનવાર ત્યાં જઈએ, ચા-પાણી પીએ, બસ ... હવે એમાં કોઈ માણસ તમે અપેક્ષા રાખો એટલું બધું તમારું માનપાન ન સાચવી શકે, એટલે તમે તમારા અભિપ્રાય વડે એના રોટલાને રોળી નાખો? આ તો એક જાતનું વેર વાળ્યું જ કહેવાય. સાચા અર્થમાં તો જે દુશ્મન નથી એની સામે વેર વાળ્યું કહેવાય.

જો એ ઑફિસનો એ માણસ આટલાં વરસ ત્યાં નોકરી કરી શક્યો હોય અને ઑફિસને ઉપયોગી રહ્યો હોય તો તે માણસ આપણા જેવા કોકનું મન અથવા તો આપણી શેઠાઈને ન સાચવે તો આપણે આપણા અભિપ્રાયના શસ્ત્રથી તેનું અકલ્યાણ કરવું એ શું ગૌરવપ્રદ છે? એના શેઠને એ માણસ પોસાતો હતો અને તમે આવનજાવન કરનારાને તે નહોતો પોસાતો એટલે એ માણસ ખરાબ કહેવાય? ઘણીવાર હાથ નીચેના ઘણા માણસો એમના શેઠ કે સાહેબને પૂરેપૂરા વફાદાર હોય છે, પણ બીજાઓ પ્રત્યે એટલું બધું સૌજન્ય દાખવતા નથી હોતા. પણ તેથી આવા માણસો દુષ્ટ ન કહેવાય. આવા માણસો જ્યાં કામ કરે છે ત્યાં એ દુકાન, ઑફિસ કે સંસ્થાને મદદરૂપ જ છે. પછી પેટનો બળ્યો ગામ બાળે એ કહેવતની જેમ આપણે આપણા અભિપ્રાયની એક ચિનગારીથી એ માણસની લીલીછમ જિન્દગીને વેરાન શા માટે બનાવવી?

અંદર ડોકિયું કરીને જોઈશું તો આપણામાં રહેલો દ્વેષ એ આગ લગાડે છે અને પછી તેના ભડકાથી તાપે છે. આપણું આ વલણ અભિપ્રાયો આપીને કોઈનો છેદ ઉડાડવાનું આ વલણ, આપણને પણ ક્યાં ઉપકારક છે? આપણને એક રાતા પૈસાનો ફાયદો નથી છતાં બીજાની જિન્દગીને આપણે આપણા અભિપ્રાયથી રઝળતી કરી મૂકીએ છીએ!

આપણને ખબર પણ ન પડે એમ આપણા અભિપ્રાયો કોઈનું કલ્યાણ કરવાને બદલે કોઈનું અકલ્યાણ કરી બેસે છે. આપણા આવેશને, આપણા અહમ્‌ને અને આપણી સંકુચિતતાને આપણે અંકુશમાં રાખશું તો અભિપ્રાય આપવાની વિવેકબુદ્ધિ આપોઆપ આપણી તથા અન્યની જીવનયાત્રામાં મંગલતા મહોરાવશે, ‘વિચારીને ચાર ઉચાર વાણી’ એ કાવ્યપંક્તિમાં પણ વિચારવા ઉપર જ ભાર મૂક્યો છે. આપણે આપણા વિશે આ રીતે વિચારતા રહીશું તો આપણી વાણી પુનિત પુષ્પો ઉગાડશે. એ પુષ્પો કદી કરમાશે નહિ.

—વેણીભાઈ પુરોહિત

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૮

મુંબઈ, જાન્યુઆરી ૧૬, ૧૯૭૩, મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ કઈ દિશામાં ? ☆

કેરળના મુખ્ય મંત્રી શ્રી અચ્યુત મેનને ત્યાંના સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશનના કામદારોને દરખાસ્ત કરી છે કે કોર્પોરેશનનો વહીવટ કામદારો સંભાળી લે. આ દરખાસ્ત કરવાનું કારણ એ છે કે કામદારો વધુ અને વધુ વેતનની માગણીઓ કરે છે, કોર્પોરેશનને મોટી ખોટ છે—ચાર કરોડની—. કામદારો બરાબર કામ કરતા નથી, વહીવટ કથળી ગયો છે અને રાજ્ય હવે લાંબો સમય સંભાળી શકે તેમ નથી. આ પરિસ્થિતિમાંથી છૂટવાનો માર્ગ શ્રી મેનનને એ જ જણાય છે કે કામદારો વહીવટ સંભાળે તો કદાચ તેમની સાન ઠેકાણે આવશે. તેમણે શરત એટલી કરી છે કે વધારે મૂડીરોકાણ કામદારોએ રાજ્ય પાસેથી માગવું નહિ. વરસ–બે વરસમાં કામદારો કદાચ તેને વધારે ખાડે નાખશે તેની ચિન્તા તેમણે કરી જણાતી નથી. શ્રી મેનન સામ્યવાદી છે. હમેશ કામદારોનો પક્ષ લેતા આવ્યા છે, એટલે કામદારો જ્યારે તેમને અને પ્રજાને પરેશાન કરે છે ત્યારે યુગોસ્લાવિયામાં જેમ કામદારો ઉદ્યોગો ચલાવે છે તેવી પદ્ધતિનો તેમણે વિચાર કર્યો છે.

જાહેર ક્ષેત્રના ઉદ્યોગો અને બીજાં આર્થિક તંત્રો, બેન્કો, વીમો વગેરે, જેનું રાષ્ટ્રીયકરણ થયું છે, ત્યાં પણ કાર્યક્ષમતાનો અભાવ, ઉડાઉ ગેરવહીવટ અને લાંચરુશવતની ફરિયાદો છે. જાહેર ક્ષેત્રની ક્ષતિઓ પ્રત્યે ખાનગી ક્ષેત્રના આગેવાનો સતત આંગળી ચીંધ્યા જ કરે છે.

જ્યારે બીજી તરફ જોઈએ તો સરકારની આર્થિક નીતિ જાહેર ક્ષેત્રને વિકસાવવાની અને ખાનગી ક્ષેત્રને વધુ અંકુશમાં લેવાની અને મર્યાદિત કરવાની રહી છે. તાજેતરમાં, કલકત્તામાં કૉંગ્રેસનું અધિવેશન થયું તેમાં આ નીતિનું સમર્થન થયું. વેપારઉદ્યોગો અને બીજાં આર્થિક ક્ષેત્રોમાં વધારે સરકારી અંકુશો અને નિયંત્રણો લાદવાની સરકારી નીતિ છે. ખાનગી ક્ષેત્રમાં રહેલી બેફામ નફાખોરી અને કાળાં બજાર ડામવાનો બીજો કોઈ માર્ગ સૂઝતો નથી. ગરીબી હટાવોનું સૂત્ર જોરથી પોકાર્યું ત્યારથી આ દિશામાં વેગથી પ્રયાણ કરવું એવી નેમ રહી છે.

ખાનગી ક્ષેત્રના અગ્રતમ પ્રવકતા શ્રી પાલખીવાળાએ તાજેતરમાં એ. સી. સી. ના ચેરમેન તરીકેના પોતાના શેરહોલ્ડરો-જોગ કરેલા પ્રવચનમાં સરકારની આ નીતિની સખત ઝાટકણી કાઢી છે. તેમણે કહ્યું છે કે "સમુદ્રની ભરતીએ એક રાજાના હુકમ મુજબ પાછી વળવાનો ઈનકાર કર્યો હતો; તેવી જ રીતે ગરીબીએ પણ સત્તા ઉપરના માણસો તરફથી ઉચ્ચારવામાં આવેલ "ગરીબી હટ જા"ના સખત અને વારંવારના હુકમ છતાં પણ ભારતને છોડી જવાનાં કોઈ ચિહ્નો બતાવ્યાં નથી. ગરીબી જો કે મજબૂત છે, પણ હટાવી શકાય તેવી છે; કદાચ ફકત કાર્યક્ષમતાને જ ધ્યાનમાં લઈને ગરીબી હટાવવા માટે નવો માર્ગ પસંદ કરવાનો યોગ્ય સમય હવે આવી પહોંચ્યો છે."

શ્રી પાલખીવાળાના મતે આ નવો માર્ગ એટલે ખાનગી ક્ષેત્રને પૂરો અવકાશ આપવો, મોનોપોલી હાઉસીઝના વિસ્તરણને ઉત્તેજન આપવું, તેમને મોટા પ્રમાણમાં અને ઝડપથી વધવા માટે સક્રિય મદદ કરવી. પાલખીવાળા કહે છે કે જાહેર વિભાગનો અર્થ જાહેર જનતાનું ભલું જ અને ખાનગી વિભાગનો અર્થ ખાનગી લાભ જ એવો થતો નથી. જાહેર અને ખાનગી વિભાગ એવા ભેદ ભૂલી જઈ રાષ્ટ્રીય વિભાગ જ, એવો વિચાર કરીએ.

શ્રી પાલખીવાળાની માન્યતા એવી જણાય છે કે કાર્યક્ષમતા ખાનગી ક્ષેત્રે જ હોઈ શકે. તેમણે એમ કહ્યું છે કે સામાજિક ન્યાય અને ગરીબી હટાવવાની વાતો કરીએ તે પહેલાં આર્થિક વિકાસ સાધવો જોઈએ; અને આર્થિક વિકાસ ખાનગી ક્ષેત્રને પૂરો અવકાશ આપવાથી જ સાધી શકાશે. વેપારી વર્ગના અને સુખી મધ્યમ વર્ગના મોટા ભાગની આ માન્યતા છે.

અનુભવ એમ કહે છે કે કાર્યક્ષમતાનો અભાવ, ગેરવહીવટ, લાંચરુશવત, વગેરે જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર બન્નેનાં દૂષણો છે. કોઈ તેનાથી મુકત નથી. ખાનગી ક્ષેત્રે વિશેષમાં નફાખોરી છે. સરકારની મૂર્ખતા, ખોટી અથવા અવળી આર્થિક નીતિ, રાજકારણી વ્યકિતઓ અને અમલદારોની અપ્રામાણિકતા, આ બધાનો પૂરો લાભ ખાનગી ક્ષેત્રે લીધો છે અને લઈ રહ્યો છે. ભારે કરવેરાની ફરિયાદ કરવાવાળા મોટી કરચોરી કરે છે અને ભારે કરવેરા જાણે મોટી કરચોરીનો બચાવ હોય એમ કહેવાય છે. ખાનગી ક્ષેત્રના અગ્રણીઓને પણ હવે સામાજિક ન્યાય અને ગરીબી હટાવવાની આવશ્યકતા સ્વીકારવી પડે છે. પણ આર્થિક વિકાસને નામે સામાજિક ન્યાય પછીનો તબક્કો ગણાય છે. સરકારી અંકુશો અને નિયંત્રણોની વધુમાં વધુ ફરિયાદ કરવાવાળા, પોતાના વેપાર-ઉદ્યોગોને વિકસાવવા પૂરા પ્રયત્નશીલ છે અને વધુમાં વધુ નફો બતાવવો એ કંપનીની કાર્યક્ષમતાની નિશાની ગણે છે. સરકારી અંકુશો અને નિયંત્રણોએ વિનાકારણની ઘણી હાડમારીઓ અને વિલંબો ઊભા કર્યા છે તે ખરું છે. પણ આ બધાનો બોજો છેવટ તો પ્રજા ઉપર જ પડે છે. ગમે તે ભોગે પૈસો મેળવવો એ જ વૃત્તિ સર્વત્ર છે.

આપણે ગરીબીના અફાટ સહરાના રણ વચ્ચે સમૃદ્ધિના ટાપુઓ રચ્યા છે તે જોઈ શકતા નથી. આ નિર્ધન દેશમાં અતિશય ઉપભોગ,

સામાજિક અને આર્થિક પાપ છે તેનું આપણને હજુ ભાન નથી. ધનિક વર્ગ પણ હવે સુખી નથી, કારણ કે તે ભયભીત છે, ભાવિની અનિશ્ચિતતા તેને મૂંઝવે છે. વેપારઉદ્યોગમાં પડેલ અને શહેરોનો મજૂર વર્ગ પણ પોતાનો જ સ્વાર્થ જુએ છે. વેતન, ઉત્પાદન સાથે સાંકળવાને બદલે મોંઘવારીના આંક સાથે સાંકળે છે. દેશના મોટા ભાગના લોકોને અન્ન–વસ્ત્ર પણ મળતાં નથી તે તરફ દુર્લક્ષ છે. મોટા ઉદ્યોગો, કરોડોના મૂડીરોકાણ છતાં, અતિ મર્યાદિત રોજગારી આપી શકે તેમ છે. લાખો–કરોડોને રોજગારી આપવા માટે જરૂરી એવા ગ્રામકલ્યાણ અને ગ્રામ રોજગારના કાર્યક્રમો પ્રત્યે દુર્લક્ષ રહ્યું છે અને હજુ છે. હરિયાળી ક્રાન્તિ છતાં આ વર્ષના દુષ્કાળે બતાવ્યું છે કે ગામડાંઓ પ્રત્યે કેટલી ઉપેક્ષા થઈ છે.

મોટા કરવેરા, સંપત્તિ અને આવકની મર્યાદા વગેરે સામે વિરોધ કરનાર વર્ગ એવી દલીલ કરે છે કે આવું થશે તો કામ કરવા આકર્ષણ–Incentive–નહિ રહે. આ આકર્ષણ માત્ર અમર્યાદ આવક અને સંપત્તિ હોય તો જ જાગે? સુપ્રીમ કોર્ટનો જજ માસિક ૪૦૦૦ રૂપિયા પગાર લઈ સર્વોચ્ચ ન્યાયાલયનું અતિ જવાબદારીભર્યું સ્થાન સ્વીકારે અને મોટા વકીલો રોજના ૪૦૦૦ રૂપિયા ફી લે તેમાં સામાજિક ન્યાય છે? આવા વકીલોને સામાજિક ન્યાયની, વ્યકિતસ્વાતંત્ર્યની, મૂળભૂત હક્કોની સુફિયાણી વાતો કરવાનો અધિકાર છે? સ્થાપિત હિતોનું રક્ષણ લોકશાહી અને વ્યકિતસ્વાતંત્ર્યને નામે જ થાય છે. સમાનતા અથવા ભ્રાતૃભાવની ભાવનાને તેમાં બહુ અવકાશ રહેતો નથી.

આ સમગ્ર પ્રશ્ન આર્થિક નથી પણ માનસિક અને નૈતિક-Psychological and moral છે.

પાલખીવાળાએ તેમના પ્રવચનમાં કહ્યું છે કે છેવટે આ પ્રશ્ન સમર્પણ અને સ્વૈચ્છિક શિસ્તનો છે. સમાજના આર્થિક રીતે સુખી વર્ગે મોટા ખર્ચાને અંકુશમાં રાખવાની તેને ફરજ પાડે એવા કાયદાની રાહ જોયા વગર, તે માટે પોતાને મનાઈ કરતો વટહુકમ અમલમાં છે એમ સમજવું જોઈએ.

આવાં સમર્પણ અને સ્વૈચ્છિક મર્યાદા સ્વીકારવા આપણે તૈયાર છીએ? દેશની ગરીબાઈ આજે નવી નથી. દાદાભાઈ નવરોજજી અને ગોખલેએ પોકારીને તે તરફ આપણું ધ્યાન ખેંચ્યું હતું. ગાંધીજીએ ગરીબાઈ હટાવવાનો રાજમાર્ગ બતાવ્યો છે. સ્વૈચ્છિક ગરીબી સ્વીકારવી અને પોતાની જાતને મિલકતના ટ્રસ્ટી માનવા. ખાનગી ક્ષેત્રમાં કાર્યક્ષમતા લાવી ઉત્પાદન વધારવાની જેની શકિત છે તેવી વ્યકિતઓ જાહેર ક્ષેત્રે યોગ્ય વેતન લઈ શા માટે સેવા ન આપે? બધા વર્ગોએ પોતાની માનસિક દિશા પલટાવવાનો અને પોતાની નૈતિક જવાબદારી સમજવાનો પ્રશ્ન છે. આવી રહેલ આંધીમાંથી બચવાનો સાચો નવો માર્ગ આ છે. આ દિશામાં નથી શાસક પક્ષને જવું કે નથી વિરોધ પક્ષોને, ન વેપારી કે ઉદ્યોગપતિને કે ન મજૂરને, ન શિક્ષકને કે ન બુદ્ધિજીવી વર્ગને. બધાને પૈસો, સત્તા અને 'ઉચ્ચ' જીવનધોરણ – ઉપભોગમય – જોઈએ છે અને પરસ્પરનો દોષ કાઢી પોતાના દોષોને ઢાંકવા છે.

૭-૧-'૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

## વિમલા ઠકારના સાન્નિધ્યમાં યોજાયેલ શિબિર

શ્રી વિમલા ઠકારના સાન્નિધ્યમાં એક 'સ્વશિક્ષણ શિબિર' નું આયોજન 'રુબી હોટેલ' માથેરાન (મહારાષ્ટ્ર) ખાતે શુક્રવાર તા. ૨-૨-'૭૩ થી બુધવાર તા. ૭-૨-'૭૩ સુધી કરવામાં આવ્યું છે. શિબિરનો વ્યકિતગત ખર્ચ ૯૦ રૂપિયા થશે. જેઓ શિબિરમાં ભાગ લેવા માગતા હોય એમણે તા. ૨૪-૧-'૭૩ સુધીમાં શિબિરનો ખર્ચ શ્રી ચંદ્રાબહેન પારેખ, 'ચંદ્રકિરણ,' ૬૩, વલ્લભનગર સોસાયટી, નોર્થ સાઉથ રોડ, નં. ૧, જૂહુ–પાર્લા, ડેવલપમેન્ટ સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૫૬, (ટે. નં. ૫૭૩૦૯૫) એ સરનામે મોકલી આપવો, એમ શિબિરસંચાલન સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### આન્ધ્ર અને તેલંગણ

આ બન્ને વિસ્તારોમાં તોફાનો વધતાં રહ્યાં છે. પોલીસને લગભગ રોજ ગોળીબાર કરવા પડે છે અને બે - ત્રણનાં મૃત્યુ થાય છે. કરફ્યુની અસર નથી. જાહેર મિલકત, ખાસ કરી, રેલવેને પારાવાર નુકસાન થાય છે. બન્ને વિસ્તાર અલગ થવા માગે છે. આન્ધ્રના નવ પ્રધાનોએ આ મુદ્દા ઉપર રાજીનામાં આપ્યાં. જુવાળ એટલો ચડયો છે કે બીજી વાત સાંભળવા કોઈ તૈયાર નથી. શાન્તિ સ્થાપવાના કેન્દ્રસરકારના પ્રયત્નો સફળ થતા નથી. આ રાજ્યનું વિભાજન કેન્દ્ર–સરકાર સહેલાઈથી ન સ્વીકારે તે સ્વાભાવિક છે, કારણ કે તેનાં પરિણામો ગંભીર અને વ્યાપક છે. ભાષાકીય ધોરણે આન્ધ્ર પહેલું રાજ્ય થયું. તે પણ એક વ્યકિતના આમરણાન્ત ઉપવાસ અને મૃત્યુના દબાણ નીચે રચાયું. હૈદરાબાદનું વિસર્જન થયું ત્યારે તેના તેલુગુભાષી પ્રદેશ તેલંગણનો આન્ધ્રમાં સમાવેશ કર્યો અને મરાઠીભાષી મરાઠવાડા મહારાષ્ટ્રમાં.

તેલંગણ પછાત વિસ્તાર છે અને તેને આર્થિક વિકાસમાં અન્યાય થયો છે તે કારણે તેને અલગ કરવાનું આંદોલન કેટલાય વખતથી ચાલે છે. તેને કાંઈક શાન્ત પાડયું ત્યાં મુલકી નિયમોથી આન્ધ્રને કહેવાતા અન્યાયને કારણે અલગ થવા બહાનું મળ્યું. આમ વિચારીએ તો બહુ નાનો પ્રશ્ન છે. માત્ર સરકારી નોકરી કોઈ વિસ્તારને ઓછી મળે કે વધુ, તેટલો જ મુદ્દો છે. પણ જેને બે અલગ વિભાગો કરવામાં સ્વાર્થ છે એવાં રાજકીય અને બીજાં સ્થાપિત હિતોએ આ તકને ઝડપી લીધી છે અને વિકરાળ સ્વરૂપ આપ્યું છે. કેન્દ્ર–સરકાર હજી મક્કમપણે વિભાજનની વિરુદ્ધ છે અને અત્યારે મામલો શાન્ત પાડવા રાષ્ટ્રપતિ–શાસનનો વિચાર કરતા લાગે છે. પણ અંતે જબરજસ્તીથી કયાં સુધી ભેગા રાખી શકે તે જોવાનું રહે છે.

જો વિભાજન થાય તો બીજો ખળભળાટ થશે. મહારાષ્ટ્રમાંથી વિદર્ભ જુદું થવા ઈચ્છે છે. મરાઠવાડા મૂળ હૈદરાબાદનો વિભાગ હતું, તેને ફરી તેલંગણ સાથે જોડવાની માગણી થાય. સૌરાષ્ટ્રમાં ઊહાપોહ થાય. ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશ બહુ મોટાં રાજ્યો છે અને વિવિધ વિસ્તારના સમૂહો છે, તેના વિભાજનની માગણી થાય.

એક ભાષા અથવા એક ધર્મ, એક રાજ્યરચના માટે મહત્ત્વનું કે જોડનાર તત્ત્વ નથી, જેટલું આર્થિક હિતોની સમાનતા છે. ભાષાકીય ધોરણે થયેલ રાજ્યરચના ભૂલ હતી. સુધારવામાં ખોટું નથી પણ વળી અસ્થિરતા આવે તે ભય છે. પંજાબ અને હરિયાણા જુદાં કરવાં જ પડયાં. આસામમાંથી નાગાલેન્ડ, મેઘાલય રચવા પડયાં. આસામનો કચાર જિલ્લો બંગાળમાં જવા માગે છે. સમર્થ અને પ્રભાવશાળી તેમ જ અપ્રિય થઈને પણ નીડર નેતાગીરીનો અભાવ જણાઈ આવે છે. છેવટ પરિસ્થિતિ એટલી કાબૂબહાર જાય કે કોઈના હાથની વાત ન રહે અને અનિચ્છાએ પણ ઘસડાવું પડે.

### અક્ષમ્ય

સમાજવાદની જોરશોરથી વાતો કરતા ધારાસભ્યો અને સંસદસભ્યો પોતાના સ્વાર્થ માટે કેવા ઉત્સુક રહે છે તેના બે નમૂના તાજેતરમાં જોવા મળ્યા. મધ્ય પ્રદેશની ધારાસભાએ તેના સભ્યોના પગારવધારો કરી લગભગ બમણો કર્યો. તેથી બે ડગલાં આગળ જઈ હિમાચલ પ્રદેશની ધારાસભાએ નિવૃત્ત થતા ધારાસભ્યો માટે માસિક રૂપિયા ૪૦૦નું પેન્શન નક્કી કર્યું. નિવૃત્તિ કોને કહેવી? એક વખત પાંચ વર્ષ સભ્ય થઈ જાય અને પછી ચૂંટણીમાં ઊભા ન રહે અથવા હારી જાય તેને નિવૃત્તિ ગણવી?

તો મોટી કિંમત ચૂકવીને કે મોટો ખર્ચ કરીને પણ એક વખત ધારાસભ્ય થઈ જવા જેવું, કે જિંદગીની નિરાંત. હિમાચલ પ્રદેશનો એકટ મેં હજુ જોયો નથી. પણ વર્તમાનપત્રોના અહેવાલ ઉપરથી જણાય છે કે સારા પ્રમાણમાં લાભ મેળવ્યો છે. પેન્શન તો અક્ષમ્ય છે. બીજાં રાજ્યો પણ આનું અનુકરણ કરશે? ધારાસભ્યો કે સંસદ-સભ્યો નસીબદાર છે કે પોતાનું વેતન કે બીજા લાભો પોતે જ નક્કી કરે છે. કોઈને પૂછવાનું નથી કે કોઈનો અંકુશ નથી.

પૈસાદારોને સ્વેચ્છાએ ગરીબી સ્વીકારવા રાતદિવસ ઉપદેશ કરતા ધારાસભ્યો પોતાની 'ગરીબી' પહેલા દૂર કરે છે. એ ખરું છે કે નિષ્ઠા-પૂર્વક કામ કરનાર સભ્યને આ કામમાં ઘણો સમય આપવો પડે અને બધા ધારાસભ્યો પૈસાદાર નથી હોતા. પણ એ ભૂલવું ન જોઈએ કે ઘણા સભ્યો સુખી, ધંધાદારી કે સારી આવકવાળા છે, બધા આજીવન સેવાવ્રતધારી નથી. વળી પરોપદેશે પાંડિત્યમ્‌ની કાંઈ અસર થાય નહિ. વળી સંસદસભ્યોને માસિક પગાર અને રોજના ભથ્થા ઉપરાંત બીજી સવલતો સારા પ્રમાણમાં મળે છે. એક ગણતરી મુજબ સંસદસભ્યનું વેતન કે ભથ્થાં લગભગ માસિક રૂપિયા ૪૦૦૦ થવા જાય છે. ગરીબ દેશને આ પોસાય નહિ. સરકારી કર્મચારીઓને પગારવધારો આપવા વિરોધ કરતા સભ્યો કયા મોઢે પોતાના પગાર વધાર્યે જાય? તેમણે તો દાખલો બેસાડવો જોઈએ.

## વિયેટનામ અને નિક્સન

વિયેટનામ વિશે ફરી ફરી લખવું પ્રાપ્ત થાય છે, કારણ કે આવું ભયાનક, સંહારક અને નિષ્પ્રયોજન યુદ્ધ ઈતિહાસમાં નથી. ઍટમ બૉમ્બ વાપરવા સિવાય બધી વિનાશક શકિતઓનો અમેરિકાએ ઉપયોગ કર્યો છે. શા માટે અને શું અધિકારે અમેરિકા આ વિનાશ સર્જે છે તેનો કોઈ જવાબ મળે તેમ નથી. આ યુદ્ધમાં અમેરિકાને અત્યાર સુધી એક લાખ કરોડ (એક હજાર અબજ) રૂપિયાનું ખર્ચ થયું છે. અમેરિકાના લગભગ ૫૦ હજાર યુવાનો મરી ગયા, લાખો ઘાયલ થયા છે. ઉત્તર વિયેટનામની ખુવારી, જાનમાલની, બેસુમાર છે. પણ સૌથી વધારે ખુવારી તો અમેરિકા જેને બચાવવાનો અને જેનું રક્ષણ કરવાનો દાવો કરે છે તે દક્ષિણ વિયેટનામની થઈ છે. ત્રણ તરફથી તેનો મરો છે. દક્ષિણ વિયેટનામમાં વિયેટકોંગ સામ્યવાદી છે. દક્ષિણ વિયેટનામનો ઘણો પ્રદેશ વિયેટકોંગને કબજે છે. આંતરવિગ્રહ-સિવિલ વૉર—ચાલે છે. એટલે **પ્રદેશનો કબજો વખતોવખત** બદલાતો રહે છે. વિયેટકોંગને શંકા થાય કે કોઈ ગામડામાં કોઈ વ્યકિત થીયુ સરકારને મદદ કરે છે તો તેને દંડે—તેવું થીયુના લશ્કર તરફથી સામે પક્ષે વર્તન થાય. દક્ષિણ વિયેટનામની પ્રજાના મોટા ભાગને વિયેટકોંગ પ્રત્યે સહાનુભૂતિ છે અને ખાનગી મદદ કરે છે. ઉત્તર વિયેટનામનું લશ્કર સારા પ્રમાણમાં દક્ષિણમાં છે. વિયેટકોંગ અને ઉત્તરના લશ્કર ઉપર અમેરિકન લશ્કર અને બૉમ્બ-રોના સતત હુમલા ચાલુ છે. એટલે અમેરિકન લશ્કરે દક્ષિણની પ્રજાની ભારે ખુવારી કરી છે. આ પ્રજાની ત્રિવિધ બરબાદી, થીયુનું લશ્કર, અમેરિકન લશ્કર અને વિયેટકોંગ અને ઉત્તર વિયેટનામના લશ્કરથી થઈ રહી છે. જંગલો નાશ પામ્યાં છે, બૉમ્બમારાથી જમીન ખોદાઈ ગઈ છે.

આ બધું શેને માટે? દક્ષિણ વિયેટનામનું સ્વતંત્ર અસ્તિત્વ કાયમ કરવા, ઉત્તરના સામ્યવાદીઓથી તેને બચાવવા અને થીયુના લશ્કરી અમલને ટકાવવા. અમેરિકા શા માટે આ કરે છે? દક્ષિણ-પૂર્વમાં સામ્યવાદનો ફેલાવો અટકાવવા. ચીન સાથેના સંબંધો બદલાયા પછી આ બધું પોકળ અને મિથ્યા છે. હવે માત્ર અમે-રિકન પ્રતિષ્ઠા અને અભિમાનનો સવાલ છે. ત્યાંથી નીકળે જ છૂટકો છે. 'માનભેર' છૂટવાનો દાવો છે. કિસિન્જરે, કેટલેક દરજજે ઈરાદાપૂર્વક ગોળગોળ, અસ્પષ્ટ શરતો કરી સમાધાન તૈયાર કર્યું. કોઈ વાતે નીકળવું હતું એટલે પછી જે થાય તે ખરું, તેમ માની કરારના મુદ્દા નક્કી કર્યા. ચૂંટણીમાં સફળ થયા પછી નિક્સનનું વલણ બદલાયું અને વધારે સખત થયું. આ બધું માત્ર પોતાની પ્રતિષ્ઠા માટે. ઉત્તર–દક્ષિણ બન્ને એક જ પ્રજા છે, તેમને જ નક્કી કરવા દો.

પોતાની જાતને માંધાતા માનવાવાળા આ બધા કાળનાં રમકડાં છે. અમેરિકાએ ચ્યાંગ - કે - શેક ને ટકાવવા અનર્ગળ મદદ કરી, પણ તેને બચાવી ન શકયા અને હવે તેને છેહ દીધો. માણસ અભિ-માન કરે છે પણ અગમ્ય ઈશ્વરી લીલામાં તેનું બધું ધૂળધાણી થાય છે. માનવી - અહંકારની કાળ ક્રૂર મશ્કરી કરે છે. આ બધા પાપનો દંડ અમેરિકન પ્રજાએ ચૂકવવો પડશે.

ચીમનલાલ ચકુભાઈ

# નવા 'ભગવાનો'થી ભગવાન બચાવે!

ધાર્મિક અથવા તો આધ્યાત્મિક ક્ષેત્રે હમણાં અંધશ્રદ્ધાનું સ્થાન અરાજકતાએ લીધું હોય એમ લાગે છે. ભગવાનો, પરમહંસો, જગદ્-ગુરુઓ, સંતો, સાંઈઓ, યોગીઓ, માતાજીઓની સંખ્યા વધતી જાય છે! આ દેશમાં સંપ્રદાયો તો ઘણા બધા હતા અને છે. હવે આ પ્રકારના કેટલાક મહાપુરુષની આસપાસ નવો સંપ્રદાય રચાતો હોય અને નવાં મંદિરો, આશ્રમો, મઠો સ્થપાતાં હોય એવું જોવા મળે છે! આવા 'મહાપુરુષ'ની પૂજા, અર્ચના, ભકિત કંઈક જૂની રીતે અને કંઈક નવી રીતે ચાલુ થઈ ગયાં છે. એમની આસપાસ અનુયાયીઓનો એક મોટો સમૂહ રચાય છે અને તેમાં કેટલાક આગેવાની લઈને વ્યવસ્થિત મંડળો સ્થાપી સભાઓ, શિબિરો, યાત્રાઓ વગેરે ગોઠવે છે અને વિશાળ પાયા પર સામયિકો તથા પુસ્તકોનાં પ્રકાશનો પણ કરે છે. વર્તમાનપત્રોનો યે પૂરો લાભ લેવામાં આવે છે. એવો લાભ જ્યારે સહજ રીતે મળતો નથી ત્યારે હજારો રૂપિયાને ખર્ચે જાહેરખબરો દ્વારા પોતાના મહાપુરુષની મહત્તાનાં દર્શન કરાવવામાં આવે છે! આવા મહા-પુરુષો અંગે વિશેષ જાણવા જેવું એ છે કે એમના અનુયાયીઓ તેમને સર્વશ્રેષ્ઠ તરીકે સ્થાપિત કરે છે એટલું જ નહિ, પરંતુ ભૂત-કાળમાં થઈ ગયેલા કે થઈ ગયેલા ગણાતા અવતારો, તીર્થંકરો, બુદ્ધો, સિદ્ધો કરતાં યે તેમને ઊંચેરા કે અદ્‌ભુત દર્શાવે છે. 'ભગવાન' જેવું વિશેષણ પણ ઓછું પડતું હોય તેમ વિવિધ રીતે એમનું વર્ણન થાય છે!

આ બધું જોઈને, સાંભળીને, વાંચીને પહેલી મૂંઝવણ તો એ થાય છે કે આપણા આ દેશમાં ધર્મભાવના અને આધ્યાત્મિક જ્ઞાન તથા ઊંચેરા જીવન અંગે ખરેખર નવા પ્રકારની કોઈ તીવ્ર ભૂખ પેદા થઈ છે? લોકસમુદાયમાં પરમતત્ત્વને જાણવાની અને પામ-વાની પવિત્ર પિપાસા પ્રગટી છે? આધ્યાત્મિક ક્ષેત્રે નૂતન ચેત-નાનો ઉદય થયો છે? જિજ્ઞાસાના હજાર - લાખ દીવડા પ્રગટી ઊઠયા છે? આ મહાપુરુષોની વ્યાખ્યાન - વાણી સાંભળવા હજારો લોકો જાય છે એમાં શંકા નથી. આમાં 'સામાન્ય જનતા' કહી શકાય એવા લોકો પણ સારી સંખ્યામાં હોય છે, પરંતુ આશ્ચર્ય-કારક તત્ત્વ એ છે કે મહાપુરુષની આસપાસના વર્તુળમાં અને સર્વ પ્રકારની એમની પ્રવૃત્તિના પ્રેરક અને સંચાલક તરીકે જેઓ મોખરે હોય છે તેમાં મુખ્યત્વે ધનવંતો, અને કોઈક દાખલામાં સત્તાવંતો, નજરે પડતા હોય છે. દરેક મહાપુરુષની આસપાસનું આ વર્તુળ સામાન્ય રીતે ભેદી શકાતું નથી અને મોટા ભાગના સામાન્ય લોકો અને મહાપુરુષની વચ્ચે આ ધનવંતો અને સત્તાવંતો દીવાલરૂપ હોવાથી મહાપુરુષો સાથેનો એમનો સંપર્ક પ્રમાણમાં ઘણો ઓછો હોય છે. આ મહાપુરુષોની રહેણીકરણી પણ બહુધા વૈભવયુકત હોય છે. આ દેશમાં સાધુ - સંતોની પરંપરાની આપણા ચિત્ત પર જે અસર છે તેની સાથે આવી રહેણીકરણીનો કોઈ મેળ બેસતો નથી.

આધ્યાત્મિક જીવનની ઝંખના, ધર્મભાવના, જિજ્ઞાસાની તીવ્રતા, જ્ઞાન - ભકિત પ્રત્યેનું વલણ—એ બધું કેટલા પ્રમાણમાં સાચું, કેટલા પ્રમાણમાં ખોટું, કેટલા પ્રમાણમાં સ્વાભાવિક અને કેટલા પ્રમાણમાં દંભરૂપ તે સમજવા માટે તો માનવીના વિચાર, વાણી અને વર્તનના ગુણવિકાસની જ કસોટી હોવી જોઈએ. આ કસોટીએ તપાસતાં એવું પરિવર્તન ભાગ્યે જ કોઈ દાખલામાં જોવા મળે છે. કયાંક ચમત્કારોની વાતો સંભળાય છે અને કયાંક વાક્ચાતુરીનું વશીકરણ જોવા મળે છે. માનવીના ચિત્તને શાંતિ મળે, અન્ય માનવીઓ ને પ્રાણીઓ પ્રત્યેના તેના સંપર્કોમાં ને સંબં-ધોમાં સ્નેહ, સહકાર અને સહાનુભૂતિ અથવા પ્રેમ અને કરુણા

જોવા મળે, તેનાથી સહજ ભાવે લોકકલ્યાણનાં કાર્યો થતાં રહે, ભગવદ્ ગીતામાં કહ્યું છે તેમ તે કશાથી ઉદ્વેગ પામે નહિ અને કોઈના ઉદ્વેગનું કારણ બને નહિ. આપણે વિચારવું જોઈએ કે જેમને આજે મહત્તા મળી છે તેમાંથી કેટલાની આસપાસ આવું કંઈક પ્રગટતું, વિકસતું, વિલસતું જોવા મળે છે?

આ બધું અવલોકતાં કેટલીક વાર તો મન ઉપર એવી અસર પેદા થાય છે કે આ ભગવાનો, પરમહંસો, જગદ્ગુરુઓ, સંતો, સાંઈઓ, યોગીઓ, માતાજીઓ પોતાની જાતને આ દુનિયાના સામાન્ય સુખદુ:ખથી પર સમજે છે અને એમના અનુયાયીઓના મન ઉપર પણ એવી અસર ઉપજાવે છે કે સંસારના સામાન્ય જીવોનાં સુખદુ:ખ પ્રત્યે દુર્લક્ષ સેવવાથી ઊંચેરી અવસ્થાએ પહોંચી પરમસિદ્ધિ પામી શકાય છે! જે વ્યક્તિ પોતા પર આવતાં સુખદુ:ખની અસરથી મુકત રહી શકે તે મહાન છે એમાં શંકા નથી, એણે એટલા પ્રમાણમાં આત્મતત્ત્વ ઓળખ્યું છે ને દેહતત્ત્વ વિસાર્યું છે એમ જરૂર કહી શકાય, પરંતુ જે જાતે દુન્યવી સુખોમાં આળોટે કે કશા સંકોચ વિના તે માણે, પરંતુ બીજાં દુખિયાંઓથી દૂર રહી અન્ય સુખિયાંઓની સાથે જ નિરંતર સંબંધ રાખ્યા કરે તેમને વિશે શું કહેવું? જે મહાપુરુષની વાણી સાંભળીને અને જીવન જોઈને આપણા રાગદ્વેષ મોળા પડતા હોય, ત્યાગ - સમર્પણ સહજ બનતાં હોય, વિચાર, વાણી અને વર્તનમાં સર્વ જીવો પ્રત્યે પ્રેમ અને કરુણાનાં ભાવ - ઝરણ પ્રગટતાં હોય તે મહાપુરુષ જરૂર વંદનાને યોગ્ય છે. અન્યથા, આ નવા ભગવાનોથી આ દેશને અને સમાજને ભગવાન બચાવે એવી જ પ્રાર્થના કરવી રહી! આજના સંયોગોમાં જેમને ભગવાન, પરમહંસ, જગદ્ગુરુ, સંત, સાંઈ, યોગી, માતાજી કે એવું બીજું કોઈ બિરુદ મળેલું હોય તે સૌને હાથ જોડીને કહીએ કે દેશના અને દુનિયાનાં દુ:ખો દૂર કરવાનો ઈલાજ બતાવો. એવો ચમત્કાર સર્જો કે અન્ન, પાણી, વીજળી પ્રાપ્ત થાય; લોકહૃદયમાં સમાનતાનો એવો ભાવ પ્રગટાવો કે શોષણખોરી અટકી જાય; આજના જગતમાંથી યુદ્ધ, હિંસા, અન્યાય, જૂઠાણાને જલાવી દેવા માટેની કોઈ સાધના દર્શાવો અને તમારી સિદ્ધિને પણ એવી કોઈ કસોટીએ ચડાવો. એમને એમ પણ કહીએ કે આવું કંઈ કરવાને આપ જો સમર્થ ન હો તો આ દેશના અને દુનિયાના લોકોના પુરુષાર્થને હણી નાખનારી ચમત્કારની પ્રવૃત્તિથી દૂર રહો અને અમને અમારું ફોડી લેવા દો.

['અભિનવ ભારતી'માંથી] **મોહનલાલ મહેતા–સોપાન**

# વાચન અને વિચાર

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬ ડિસેમ્બરનો અંક એક બેઠકે વાંચવાનું લાંબે સમયે બન્યું. વર્તમાન કટોકટી, દૂષિત હવામાનથી જીવમાત્રને થતું નુકસાન, ટેક્નોલૉજીના વિકાસથી સર્જાતાં અનિષ્ટો વિશેનો તંત્રીલેખ વિચારણીય છે.

આ વિષયો પર છેલ્લાં બે વર્ષમાં ખૂબ ચિંતન, વાચન અને એ અનિષ્ટો જ્યાં વધુ ફેલાયેલાં છે એવા દેશોની યાત્રાના જાતઅનુભવ પછી એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે આટલા મોડેમોડા પણ જો આ સૃષ્ટિને બચાવવી હોય તો હવે ગુરજીફે (Gurdjeiff) કરેલી, અને આપણે નાનપણમાં રમતા હતા તે 'સ્ટૉપ' (Stop) ની 'રમત' 'રમવા' સિવાય બીજો ઉપાય નથી. માનવીએ Reproduction અને Production ઉભય હાલના સ્તર પર યા એથી પણ નીચી સપાટીએ સ્થગિત કરી દેવાં જોઈએ. કોઈ પણ ખાસ દિશામાં, પછી તે ટેક્નૉલૉજી હોય કે વિજ્ઞાન હોય, વિકાસ ન થાય તો જ આપણો, જીવમાત્રનો, શારીરિક અને માનસિક હ્રાસ અને વિનાશ રોકાશે. Produce or Perish નહિ, પરંતુ Produce and Perish એ સૂત્ર હવે સાચું લાગે છે.

આધ્યાત્મિક બાબતોમાં પણ Stop કહેવું, અને Stop કરવું, કયાં ખોટું છે? આધ્યાત્મિકતા પણ વિચારો, વિવાદો, વાચન, પરિસંવાદો, ચર્ચાઓથી નહિ, પરંતુ એ બધુંય બંધ કરવાથી આવવાની શકયતા વધુ છે.

It is indeed true that, time and again, we have to stop to think about so many things worth thinking about, but it is equally necessary that as often as that, we stop thinking, stop all thoughts, and enter the state of "No Mind."

ભાઈશ્રી યશવંત દોશીનો 'ચહેરા અને મહોરાં' વિશેનો લેખ અભ્યાસ કરવા જેવો છે. મહોરું માનવતાનો જ અંશ છે એ સાચું ગણીએ તો ય માનવમાં રહેલો જે ઈશ્વર અંશ છે તેનો એ અંશ નથી. માનવી જો એ દિવ્ય અંશને પહોંચવાનો - અડવાનો - વારંવાર પ્રયત્ન કરતો રહે તો મહોરાનો ઉપયોગ આપમેળે ઓછો થઈ જાય.

જ્યાં સંસ્કૃતિ અને સભ્યતા છે ત્યાં થોડો દંભ તો હોવાનો જ. દા.ત. હું એક ચિત્રકાર હોઉં અને મારા ચિત્રની કોઈ પ્રશંસા કરે તો હું લખનવી ભાષામાં એનો જવાબ વાળી શકું કે "આપ જેવાના આશિષ છે," યા "આપ જેવાની કૃપાથી આ ચિત્ર શકય બન્યું છે," વગેરે; આમાં ચાપલુસી અને દંભ છે. પણ હું માત્ર સ્મિત કરી, હાથ જોડી, દંભરહિત મૌન રહી શકું છું, યા "આપને આ ચિત્ર ગમ્યું તે જાણી રાજી છું" એમ સહજતાથી કહી શકું છું. માનવનિર્મિત આધુનિક સમાજમાં શરીરને વસ્ત્ર વિના ન ચાલે, તેમ જ સામાજિક સંબંધોને અમુક પ્રકારનાં આભૂષણ, આવરણરૂપી સ્નિગ્ધતા વિના ન ચાલે; પરંતુ એનો ઉપયોગ ન્યૂનતમ કરવાનું તો ચોક્કસ આપણા હાથમાં છે... એક સમય હતો જ્યારે મને 'હાઉ ટુ વીન ફ્રેન્ડ્સ એન્ડ ઈન્ફલુઅન્સ પીપલ'ની વાતો ગમતી, કારણ એ સાચી લાગતી; એ પુસ્તક મેં છ-સાત વેળા તો વાંચ્યું જ હશે. આજે એની કોઈ ખાસ ઉપયોગિતા જણાતી નથી, કારણ મિત્રોને જીતવા યા લોકોને પ્રભાવિત કરવાની વાસના ક્ષીણ થઈ ગઈ છે... જેના જીવનમાં બહારની વસ્તુઓ કે વ્યકિતઓ તરફની દોડ ઓછી થઈ, અંદરની યાત્રા શરૂ થાય છે, તેને મહોરાની જરૂરિયાત ઓછી પડે છે. ઝેન બુદ્ધોમાં જે મૌલિક ચહેરો ઓળખવાની (Know your original face) વાત કહેવાઈ છે તે આ સંદર્ભમાં જ છે.

શ્રીપાલનગરમાં આરસના મન્દિર પાછળ રૂપિયા બાવીસ લાખ ખર્ચાયા તે તેમ જ ખોટા પ્રતિષ્ઠામહોત્સવ, બેન્ડ-વાજાંના વરઘોડા, નાહકના ઘોંઘાટ અંગેની આપની ટીકા પણ મનનીય છે. તા. ૧૨ ડિસેમ્બરના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં મદુરાઈના મીનાક્ષી મન્દિર વિશે પણ એને મળતા જ સમાચાર વાંચેલા કે દેવીને માથે તેર લાખ રૂપિયાનો હીરાજડિત મુગટ તાજેતરમાં ચઢાવવામાં આવ્યો હતો, અને સાત કિલોગ્રામ સોનાથી મઢેલો એક ઝબ્બો પણ દેવીને પહેરાવવામાં આવ્યો. દર વર્ષે દેશભરમાં નાણાંનો આવો દુર્વ્યય કુલ કરોડ રૂપિયા કરતાં પણ વધુ થતો હશે. કહેવાતા ધાર્મિક, પણ વાસ્તવમાં ધર્માંધ, લોકોને દુષ્કાળ, ગરીબી, બેરોજગારી, કશું જ નજરે ચઢતું નથી! દિવસો સુધી એક વેળાનુંય સરખું ભોજન ન મળતું હોય એવી દશામાં લાખો લોકો મરવાને વાંકે જીવી રહ્યા છે; એ ગરીબ લોકો પૈસા વેડફી નાખતા ધનિકોને કયાં સુધી સાંખી લેશે? સામ્યવાદ આવે તો દોષ કોનો?

છેવટે 'ચિન્તા કર્યે ચાલશે ના'નો લેખ, જેમાં ઘણું ચિંતનીય છે. એમાં આ લેખકના Art of Health ના Stresses of Lifeવાળા પ્રકરણનો પડઘો છે.

**ડૉ. એમ. એમ. ભમગરા**

# અહિંસા, સંયમ અને તપ

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સાધ્વીશ્રી પ્રિયદર્શનાશ્રીજીએ 'અહિંસા, સંયમ અને તપ' એ વિષય પર આપેલું વ્યાખ્યાન ટૂંકાવીને નીચે પ્રગટ કરવામાં આવ્યું છે.]

આપણા દેશમાં અનેક ધર્મોનો પ્રાદુર્ભાવ થયો છે. અહીં બહારથી પણ અનેક ધર્મો આવ્યા છે. આ બધામાં એક કેન્દ્રવર્તી તત્ત્વ એવું છે કે જેનાથી આપણે સૌ જોડાયેલા છીએ. આ તત્ત્વ છે ધર્મ. ધર્મ એટલે શું? દુર્ગતિમાં પડતા પ્રાણીને રોકે એનું નામ ધર્મ. ધર્મનું સ્વરૂપ અહિંસા, સંયમ અને તપ કહ્યાં છે. બધા સૂક્ષ્મ કે સ્થૂળ રૂપથી એને માને છે.

બૌદ્ધ ધર્મમાં આનો ઉલ્લેખ છે: હિંસા ન કરે, દુઃખ ન પહોંચાડે એનું નામ આર્ય. મહાભારતમાં આદિપર્વમાં "અહિંસા પરમો ધર્મ" કહેવાયું છે. મનુસ્મૃતિમાં ય આવું છે.

હિન્દુ એટલે હિંસાથી દૂર રહેનાર એવું પતંજલિએ પણ કહ્યું છે.

અહિંસા શું છે? એ શ્રમણ કે જૈન શક્તિની કસોટી છે.

ઈસ્લામમાં શું લખ્યું છે? કુરાન એટલે પઠન. શરીફ એટલે પવિત્ર. ખુદા વિશ્વનો માલિક છે, આપણે એના બંદા છીએ.

ઈસાઈ ધર્મમાં ઈસુએ દસ આજ્ઞાઓ આપી છે. શીખ, પારસી ધર્મમાં પણ આવું જ છે.

જૈન ધર્મનો આખોય આધાર અહિંસા પર છે. અહિંસા કાઢી નાખતાં જૈન ધર્મમાં કશું બાકી રહેતું નથી.

હિંસા બે પ્રકારની છે: (૧) જાણીબૂજીને કરવામાં આવે છે; (૨) ખબર ન હોય અને થઈ જતી હોય છે.

બધું લૌકિક કાર્ય કરવામાં પાપ છે, તો શું કરવું? એવા ગૌતમસ્વામીના પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીરે કહ્યું હતું કે જે કંઈ કરીએ તે વિવેક, સાવધાનીથી કરીએ. આમ થતાં હિંસા સીમિત થઈ શકશે. પ્રમાદ જ્યાં જ્યાં છે ત્યાં હિંસા આવે જ છે. સંસારમાં જીવવા માટે અહિંસા રાખવી જોઈએ. સૌને પ્રેમ કરવો જોઈએ. માત્ર અહિંસાના નારાઓ લગાવવાથી કશું વળવાનું નથી.

ડાકુ અને દાકતર શબ્દોનો આરંભ 'ડી' થી થાય છે. એક મારે છે, બીજો તારે છે. ડાકુ પકડાય છે ત્યારે તે દંડાય છે. ઑપરેશન દરમિયાન દરદી મૃત્યુ પામે તો દાકતર દંડાતો નથી. આ પાપ-પુણ્યનો ખેલ છે. તેનો આધાર માનવીની વિચારશક્તિ પર છે.

AHIMSA – શબ્દના દરેક અક્ષરમાં સંકેત છે. એમાં (austerity) ત્યાગ, સંયમ કરવાની વાત છે. જીવન પ્રત્યે સન્માનની ભાવના (honour) કરવાની એમાં વાત છે. આત્મા માટે પ્રેમ કેળવવાનું એમાં દર્શાવાયું છે. વળી integrity જરૂરી છે. વાણીમાં પવિત્રતા જોઈએ. આજે વાણીમાં મિલાવટ વધુ દેખાય છે. ઉપર ઉપરથી મધુરપ હોય છે, પણ અંદર ઝેર ભેળવી દઈએ છીએ. આ હિંસા છે. આવું બાકીના અક્ષરોનું છે.

આજે અંગ્રેજોનું અનુકરણ કરીએ છીએ. પરંતુ અંગ્રેજોની અક્કલ અને બુદ્ધિનું અનુકરણ કર્યું હોત તો ક્યાંય આગળ આવી ગયા હોત. એ લોકો સંશોધન, સ્વાધ્યાય કરે છે. આપણે ત્યાં પુસ્તકાલયોમાં પુસ્તકો સડી રહ્યાં છે. આપણે એનો ઉપયોગ ભાગ્યે જ કરીએ છીએ. ૨૫ વર્ષ સુધી આપણે બાલ્યાવસ્થામાં હતા. હવે યુવાવસ્થા આવી છે. અત્યાર સુધી ક્ષમ્ય હતું, હવે આ ન ચાલે. આપણું સર્વાંગી અસ્વાસ્થ્ય વધી ગયું છે. આ ખોટું છે.

હસ્તધૂનન કરતી વખતે આપણે કહીએ છીએ કે તમને મળતાં પ્રસન્નતા થઈ. પણ અંદર ખરેખર પ્રસન્નતા હોય છે ખરી? પ્રેમ, અહિંસા, સહાનુભૂતિ હોય તો પ્રસન્નતા જાગે.

આપણા ઘરમાં આપણે કંઈ કેટલીય વાર દગો કરીએ છીએ. આ બધું હિંસક છે.

અહિંસામાં વધુ એક અક્ષર દ્વારા બધા માટે mercy રાખવાનું અભિપ્રેત છે. દયાભાવ તો ધર્મનું મૂળ છે. ઘરે આવેલા મહેમાનોને આપણે તાણ કરી કરીને જમાડીએ છીએ. બીજી તરફ ગરીબો, ભિખારીઓ આપણે દરવાજે આવે તો કહીએ છીએ કે આજે રસોઈ કરી નથી! આવું કેમ?

દેશમાં ગરીબાઈ ખૂબ જ છે. આપણને પ્રાણી માટે દયા છે, માણસ માટે નથી? કેમ? કૂતરાને ફેંકેલા ટુકડામાંથી માણસ એક ટુકડો લઈને ખાય છે. જાનવરો માટે પાંજરાપોળો બનાવાઈ છે, પરંતુ અનાથ, વિધવા, ભિખારી માટે શું કર્યું છે?

અહિંસા સાધન નથી પણ સાધ્ય છે. એનું સાધન છે સંયમ. પોતા પર, મન પર સંયમ રાખવો જોઈએ. સંયમ બે પ્રકારના છે: પ્રાણીસંયમ અને ઈન્દ્રિય સંયમ. અહિંસાની સાધના માટે આ સંયમની જરૂર છે.

માણસ સ્વર્ગને નરક કરી શકે છે અને નરકને સ્વર્ગ પણ. મન ચંચળ છે. એને વશમાં રાખવા સંયમ આવશ્યક છે. પૈસાની ગણતરી કરતી વખતે મન વશ થઈ જાય છે! રુચિ નથી હોતી ત્યાં પ્રીતિ ક્યાંથી હોય? અને પ્રીતિ ન હોય ત્યાં ભાવના ક્યાંથી હોય?

સંયમનું પાલન કરવું અઘરું છે. ઈસા મસીહનો દાખલો છે. એક સ્ત્રીને લઈને કેટલાક માણસો ઈસુ પાસે આવીને કહે છે કે એણે ખરાબ કામ કર્યાં છે. એને કોરડે મારવી જોઈએ. ઈસુએ કહ્યું: 'જેણે વિકાર, ભ્રષ્ટાચાર નથી કર્યો તે આ સ્ત્રીને કોરડો મારે. બધા નાસી ગયા. તો કોરડો મારે કોણ?

ભોગમાં આનંદ, સુખ મળે છે. પણ એનું પરિણામ સારું નથી હોતું. પરંતુ સંયમ માટે તપની જરૂર છે.

તપ એટલે પોતાની ઈચ્છાને રોકવી. તપ અજ્ઞાનનું આવરણ કાઢવા માટેનું બીજું નામ છે. તપ બે પ્રકારનાં છે: બાહ્ય અને અંતરનું. બાહ્ય તપ કરતાં અંતરતપ મોક્ષ માટે વધુ જરૂરી છે. કારણ કે બાહ્ય તપ પરોક્ષ છે.

પરંતુ આપણે આજે જે તપશ્ચર્યા કરીએ છીએ એ બહારની જ બની રહી છે. ઉપવાસમાં આવતી કાલના પારણાની વિચારણા ઊભી જ હોય છે. મનમાં ક્રોધ, નિંદા, ઈર્ષા ચાલતી રહેતી હોય છે. આ કેમ?

મનમાં સમતોલન હોવું જોઈએ. વીજળીની બત્તીમાં ધન (Positive) અને ઋણ (Negative)ની આવશ્યકતા હોય છે. એ હોય તો જ દીવો ઝબૂકે છે. એ પ્રમાણે મનમાં સમતુલા હોવી જોઈએ. મન માટે બંને પ્રકારનાં તપની જરૂર છે. બહારનું તપ અંદરના તપને સહાયભૂત થવું જોઈએ. આ માટે ઘણો ત્યાગ કરવો જોઈએ. દોષ, નિંદા, હિંસા, ક્રોધનો ત્યાગ કરવો જરૂરી છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે તેમ પહેલાં માનવી બનવાનું છે. પછી નરથી નારાયણ બની શકાય છે.

ધર્મ જીવન છે. ધર્મ કોઈ જડીબુટ્ટી નથી. અહિંસા, સંયમ અને તપની ત્રિપુટી આવશે તો જીવનમાં પ્રકાશ આવશે. બેટરીની પેઠે. એના સેલની પેઠે આ ત્રણ સેલ કામ કરશે તો જીવન ઝળાંહળાં થઈ પ્રકાશિત બનશે.

બેટરીમાં અંધારું છે. એ માટે સેલની જરૂર છે. એ રીતે જીવનમાં અહિંસા, સંયમ, તપની આવશ્યકતા છે. આ પછી જ વાસ્તવમાં જીવનમાં ખરેખર શાંતિ આવશે.

સાધ્વીશ્રી પ્રિયદર્શનાશ્રીજી

# ✽ ડૉલર અને રૂબલનો રોમાંચક સંબંધ ✽

ભારતના સંસદગૃહમાં જ્યારે ઉદ્યોગપ્રધાન શ્રી સી. સુબ્રહ્મણ્યમ કોકા-કોલાના પીણાને ધિક્કારતા હતા ત્યારે રશિયામાં નવેસરથી પેપ્સીકોલાનું પીણું દાખલ થઈ રહ્યું હતું. દુનિયાભરના ૧૩૬ દેશોમાં કોલાનું પીણું હાજર થાય પછી રશિયા શું કામ બાકી રહી જાય? ખાસ કરીને પ્રમુખ નિક્સનની રશિયાની મુલાકાત વખતે જ પેપ્સીકોલાને રશિયામાં ઘૂસવાનો સારો મોકો મળી ગયો. છેલ્લાં તેર વર્ષથી રશિયામાં પેપ્સીકોલા દાખલ કરવા માટે પેપ્સીકોલાની કંપનીના સંચાલક શ્રી ડોનાલ્ડ કેન્ડાલ પ્રયાસ કરતા હતા. પણ જ્યારે પ્રમુખ નિક્સન મોસ્કો ગયા ત્યારે તેમને શ્રી ડોનાલ્ડ કેન્ડાલની દોસ્તી યાદ આવી ગઈ. પ્રમુખ કેનેડીની સામે હારી ગયા પછી નિક્સન બહુ નિરાશ હતા ત્યારે પેપ્સીકોલા કંપનીએ પ્રમુખ નિક્સનને સારી મદદ કરી હતી. તે મદદનો બદલો તેમણે વાળી આપ્યો અને પેપ્સીકોલાને રશિયામાં ૧૧ વર્ષનો કૉન્ટ્રાક્ટ અપાવવામાં પ્રમુખ નિક્સને સારી વગ વાપરી. આમ પ્રમુખ નિક્સન એક ચતુર રાજપુરુષ જ નહિ પણ બાહોશ સેલ્સમેન પણ બની શક્યા છે. જો કે મોસ્કો જઈને તેમણે રશિયા સાથે જે ધંધાકીય ગોઠવણો કરી છે તે તો પેપ્સીકોલાના સોદાને સાવ ઠીંગણો બનાવે તેવી છે.

પ્રમુખ નિક્સન સાથે અમેરિકાની જબરી કંપનીઓના સો જેટલા સંચાલકો પણ મોસ્કોની યાત્રાએ ગયા હતા. તે લોકો પ્રમુખ નિક્સનને વિશ્વના એક નંબરના સેલ્સમેન તરીકે બિરદાવે છે. રશિયા જેવા દુશ્મનને પ્રમુખ નિક્સન અમેરિકાનો ઘણો માલ વેચી આવ્યા છે. રશિયામાં પૉકેટ સાઈઝનાં ઈલેક્ટ્રોનિક યંત્રો મળતાં નથી. ગુણાકાર અને ભાગાકાર કરે તેવાં આ યંત્રો રૂા. ૨૪૦૦માં મળે છે. ભારતમાં આ યંત્રો દાણચોરીથી આવે છે. રશિયા આવાં યંત્રો બનાવી શકતું નથી. એટલે મોસ્કો જઈ આવેલા અમેરિકન વેપારીઓએ રશિયન અધિકારીઓ જે વેપાર ખાતામાં હોય તેમને આવાં ઈલેક્ટ્રોનિક યંત્રોની ભેટ નવા વરસ માટે મોકલી છે.

છેલ્લાં પચ્ચીસ વર્ષથી અમેરિકાના પ્રમુખોએ રશિયા સાથે વેપાર કરવા ઉપર કડક પ્રતિબંધો મૂકીને તેને ચુસ્તપણે પાળ્યા છે અને હવે એ બધા તંગ પ્રમુખ નિક્સને મોકળા કરી મૂકયા છે. ઘણા સિદ્ધાંતવાદીઓ પ્રમુખ નિક્સનની આ નીતિનો વિરોધ કરે છે. તેમણે કદાચ કાર્લ માર્ક્સનાં પુસ્તકો વાંચ્યાં છે તે હજી તેમને યાદ હશે. માર્ક્સે કહ્યું છે કે "એક એવો સમય આવશે કે મૂડીવાદીઓ નફા માટે આપણને (સમાજવાદીઓને) દોરડાં વેચશે અને આપણે એ મૂડીવાદીના દોરડા વડે તેમનાં જ ગળાં ઘોંટી નાખીશું." પણ સિદ્ધાંતવાદીઓની આ વાતને કોઈ સાંભળતું નથી. સૌને વેપાર કરવો છે. તેમાં પાછળ રહી જાય તો આબરૂ જાય. અમેરિકામાં તો પૈસો એ જ આબરૂ છે

રશિયા સાથે પ્રમુખ નિક્સને જે કરાર કરી આવ્યા છે તેને કારણે રશિયામાં નિકાસ કરનારી અમેરિકન પેઢીઓને અને રશિયાને મોટાં ધિરાણો અમેરિકન સરકાર તરફથી મળશે. આવડાં મોટાં ધિરાણો અમેરિકાએ હજી સુધી કોઈ મૂડીવાદી મિત્રદેશને પણ આપ્યાં નથી. ખુદ અમેરિકન વેપારીઓને પણ પ્રમુખ નિક્સનની આ ઉદારતા માટે નવાઈ લાગે છે. પણ આ ઉદારતા પરસ્પરની છે. અમેરિકન વેપારીઓએ રશિયાના વડા પ્રધાન શ્રી કોસિગિનને પણ નિકટથી નિહાળ્યા છે. અમેરિકાના વેપાર ખાતાના પ્રધાન સાથે શ્રી કોસિગિને સતત બાર કલાક ગાળીને રશિયાની કુદરતી સંપત્તિનાં વખાણ કર્યાં છે. એ કુદરતી સંપત્તિનો મોટો ભાગ અમેરિકાને આપવાની વાત કરી છે. રશિયામાં કુદરતી ગેસ, કોલસો, હીરા, નિકલ અને તાંબું જે પેઢી દર પેઢી ચાલે તેટલી વિપુલતામાં પડ્યાં છે તે અમેરિકાની તહેનાતમાં આપવા માટે શ્રી કોસિગિને તૈયારી બતાવી હતી. અમેરિકાને એમ પણ કહેવામાં આવ્યું કે "તમે સખણા રહો તો રશિયામાં તમને દર વર્ષે ૨૪ કરોડ ગ્રાહકોની રોજિંદી જરૂરિયાતો માટેની વિશાળ બજાર મળી રહે છે." શ્રી કોસિગિન અને અમેરિકન વેપારપ્રધાન વચ્ચેની ૧૨ કલાકની વાતચીતે અમેરિકા અને રશિયા વચ્ચેના વેપાર કરારોની ગોઠવણને સરળ બનાવી દીધી છે.

તે કરાર થવાના હતા ત્યારે જ રશિયન અધિકારીઓ અને વેપારીઓ અમેરિકન વેપારી મિત્રો પાસેથી અમેરિકન મૅગેઝિનો ઝૂંટવતા હતા. કારણ કે ટપાલની નાકાબંધીને કારણે અમેરિકન મૅગેઝિનો મોસ્કોમાં આવતાં નથી. આ મૅગેઝિનોનાં એકેએક પાનાં પીંખીને તેમાંથી મોઢામાં પાણી આવે તેવી રોજિંદી વપરાશની અને મોજશોખની અમેરિકન ચીજોનું લિસ્ટ રશિયન વેપારીઓ બનાવતા હતા. આ અમેરિકન વેપારીઓ રશિયા જવા ઊપડ્યા ત્યારે તો એ લોકોને ઘણાએ ચેતવ્યા હતા કે મોસ્કોની ૬,૦૦૦ રૂમવાળી ભવ્ય "હૉટેલ રુશિયા" માં રેસ્ટોરાંમાં ચા પીરસતી છોકરી પણ જાસૂસ હોય છે એટલે ધ્યાન રાખજો. પણ મોસ્કો પહોંચેલા વેપારીઓને લાગ્યું કે આ જાસૂસો પણ અમેરિકન માલની ક્યારે આયાત થાય તેની વિગતો જાણવા જ વધુ આતુર હતી!

પ્રમુખ નિક્સન સાથે અમેરિકાના ધનપતિ શ્રી ડેવિડ રોકફેલર પણ મોસ્કો ગયા હતા. વડા પ્રધાન કોસિગિનને શ્રી રોકફેલરે કહ્યું: "મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર, તમે અમેરિકન મૂડી રશિયામાં રોકવા માટે કહો છો પણ મારી પોતાની ચેઝ મેનહટ્ટન બૅંક અમેરિકન પેઢીઓને મૂડી રોકવા ત્યારે જ કહે કે જ્યારે એ રોકાણમાંથી નફો મળે."

ત્યારે શ્રી કોસિગિને કહ્યું હતું કે "અમને ખબર છે કે દુનિયામાં નફાની આશા સિવાય કોઈ ધંધો કરતું નથી." (સામ્યવાદી દેશ પણ). જ્યારે શ્રી રોકફેલર સાનફ્રાન્સિસ્કો પાછા ફર્યા ત્યારે તેમણે તેમના સાથીદારોને કહ્યું કે રશિયાનાં સરકારી કોર્પોરેશનો સાથે ભાગીદારીમાં ઉદ્યોગો નાખવામાં કાંઈ હરકત નથી. સામ્યવાદીઓ નફામાં ન માનતા હોય તો તેનો ઈલાજ છે. મૂડીવાદ અને સામ્યવાદની ભાગીદારીવાળી પેઢીની સ્થાપના સ્વિટ્ઝરલૅન્ડમાં કરી શકાય છે અને એ રીતે અમેરિકામાં નફાને તાણીને લાવી શકાય છે! સિંહની બોડમાં હાથ નાખીને તેના મૂછના વાળ ખેંચવા અને સામ્યવાદી દેશમાંથી નફો ખેંચવો એ બંને બરોબર છે. એ કપરું કામ કરવા અમેરિકન કંપનીઓ તૈયાર થઈ છે. તો પછી ભારતમાં અમેરિકન કંપનીઓ રૂા. બે લાખ રોકીને રૂા. બાવીસ કરોડનો નફો સહેલાઈથી ઘરભેગો કરી જાય તેમાં નવાઈ પામવા જેવું નથી.

રોકફેલર જેવા વ્યવહાર ઉદ્યોગપતિને રશિયામાં વ્યાપારી સાહસ કરવામાં કંઈ જોખમ લાગ્યું નથી. તેમણે એક અમેરિકન બૅંકની શાખાઓ રશિયામાં સ્થાપવાના હક્કો શ્રી કોસિગિન પાસેથી મેળવી લીધા છે. પેપ્સીકોલાનું પીણું રશિયામાં વેચવાના હક્કો અપાયા છે પણ તેની સામે રશિયન વોડકા દારૂ અને બીજા શેમ્પેન જેવા હળવા દારૂ અમેરિકામાં વેચવાના હક્કો રશિયાએ મેળવ્યા છે. એક અબજ ડૉલરના અમેરિકન ઘઉં રશિયાએ ખરીદ્યા છે તે પણ નિક્સન અને બ્રેઝનેવ વચ્ચેની જગતની "શાંતિ વાટાઘાટો"ના એક ભાગરૂપે જ ખરીદાયા છે.

વ્યાપાર અંગેની વાતચીતો વખતે જૂની દોસ્તી તાજી થઈ હતી. ૭૪ વર્ષની વયના ઓક્સિડંટલ પેટ્રોલિયમ કંપનીના માલિક ડૉ. અરમાન્ડ હેમરે લેનિનના ભૂખ્યા ક્રાંતિકારી લડવૈયાઓને ૧૯૨૦ના દાયકામાં અનાજની મદદ કરી હતી. આ જૂની મદદનાં સ્મરણોને તાજાં કરીને કોસિગિન અને ડૉ. અરમાન્ડ વચ્ચે એકબીજાને ધબ્બા મારવા જેવી દોસ્તી થઈ ચૂકી છે અને ડૉલર અને રૂબલ વચ્ચેના રોમાન્સને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો છે. ડૉ. હેમરની એવી યોજના છે કે મોસ્કોમાં અમેરિકન જીવનની ઝાંખી કરાવવા એક કાયમી વ્યાપારી

કેન્દ્ર ખોલવું. એ કેન્દ્ર મોટા મકાનમાં રખાશે. તેમાં ૪૦૦ જેટલી અમેરિકન કંપનીઓના હેડક્વાર્ટર રખાશે. ઉપરાંત અમેરિકન લોકોને ઊતરવા માટે તેમાં હોટેલની સગવડ કરાશે.

રશિયામાં પેદા થતા એમોનિયા, યુરિયા અને નિકલના બદલામાં અમેરિકા તરફથી રસાયણો અને ખાતર આપવામાં આવશે. આ બે ચીજોનો વેપાર જ આવતાં ૨૦ વર્ષમાં રૂા. ૪૮૦૦ કરોડનો આંકડો આંબી જશે. રશિયાની મોટરટ્રકો માટે મેટલપ્લેટિંગ કરવા માટે અમેરિકા રૂા. ૧૦૦ કરોડનો કોન્ટ્રાકટ લેવા પ્રયાસ કરી રહ્યું છે. નિક્સન સાથે કે કોસિગિન સાથે જે અમેરિકન વેપારીની વધુ વગ હશે તેને આ વ્યાપારી સમુદ્રમાંથી સારુ ઉલેચવાનું મળશે. ઑકિસડંટલ પેટ્રોલિયમ કંપનીના માલિક ડૉ. હેમર સાઈબીરિયાના કુદરતી ગેસને અમેરિકામાં લાવીને વેપારનો સૌથી મોટો કોળિયો આરોગવા માગે છે. મધ્યપૂર્વના આરબ દેશો, વેનેઝુએલા અને અલ્જીરિયા એ ત્રણ દેશોમાં પણ કુદરતી ગેસ છે. પણ એ ત્રણેય દેશના ગેસના સરવાળાને ટપી જાય એટલો ગેસ સાઈબીરિયામાંથી મળી રહે તેમ છે; અને તે ગેસના રાક્ષસી ભક્ષક તરીકે એકમાત્ર અમેરિકા જ ઊભું છે.

રશિયામાં પડેલા દુષ્કાળને કારણે એને અમેરિકન ઘઉંની ગરજ છે તે વાત અમેરિકનો સારી રીતે જાણે છે. તે રીતે અમેરિકાને તેલના કે ગેસના બળતણ માટે જમાનાજૂની ભૂખ છે તે વાત રશિયનો સારી રીતે પામી ગયા છે. એટલે ગરજ પરસ્પરની છે. આ ગરજનો નકશો આવી રીતે ચીતરાયો છે: ૨૫ વર્ષના ગાળામાં અમેરિકા રૂા. ૧૦,૦૦૦ કરોડનો સાઈબિરીયન ગેસ ખરીદશે. ૧૯૭૯માં આ ગેસની ખરીદી શરૂ થશે. પાંચ ફૂટના વ્યાસવાળી બે પાઈપ-લાઈનો ઠેઠ સાઈબીરિયાથી અમેરિકા સુધી નાખવામાં આવશે. ગેસ લઈને જતી આ પાઈપલાઈનો અમેરિકાના કેટલાક દુશ્મન દેશોની ધરતીમાંથી પસાર થશે. એક પાઈપલાઈન તો સાઈબીરિયાથી રશિયન બંદર - વ્લાડીવોસ્ટોક સુધી પહોંચતામાં જ ૨૫૦૦ માઈલ લાંબી થઈ જશે! આ ગેસને અમેરિકા સુધી લઈ જવામાં પાઈપ અને બીજા પ્લાન્ટમાં જ રૂા. ૨૬૮૦ કરોડનું મૂડીરોકાણ થશે! આ મૂડીરોકાણ ઉપરાંત રશિયાને અમેરિકન માલ ખરીદવા માટે રૂા. ૮૦૦૦ કરોડની ઉધારી રશિયાને મળશે. સાઈબીરિયામાંથી ગેસ કાઢવાના પ્રોજેકટમાં રશિયાના ૪૦,૦૦૦ કામદારોને રોજી મળશે. આ ગેસની ગોઠવણને કારણે જાપાનના મોંમાં પાણી આવી રહ્યું છે. ગેસને ટાંકીમાં ભરીને લઈ જવા માટે ૧૫થી ૨૦ ટેંકર - જહાજો જોઈશે તે બાંધવાનો કોન્ટ્રાકટ કદાચ જાપાનને મળે.

મોસ્કોથી ૫૫૦ માઈલ દૂર આવેલા મોટરટ્રકના એક જંગી પ્લાન્ટની વિગતો અત્યાર સુધી રશિયાએ છુપાવી હતી પણ તે ટ્રકો માટે રશિયાને જુદા જુદા આધુનિક ભાગોની જરૂર પડી છે એટલે અમેરિકનોને ટ્રકના નકશા પણ બતાવવા પડયા છે. અમેરિકાની એક ઈજનેરી કંપનીએ રશિયામાં સ્થાપવાની એક ફાઉન્ડ્રીની ડિઝા-ઈન તૈયાર કરી છે. આ માટે ઈજનેરી કંપનીના ઈજનેરોએ મોસ્કોની ૨૮ વખત સફરો ખેડવી પડી હતી. અમેરિકાના લશ્કરી વડાએ રશિયાના મોટરટ્રક પ્લાન્ટમાં અમેરિકન મૂડી રોકવા કે તેને બીજી સહાય કરવા સામે ચેતવણી ઉચ્ચારી હતી. એ મોટરટ્રક ઉત્તર વિયેટ-નામમાં જઈને તેમાં લાદેલા બોંબથી અમેરિકનોને જ આંટી દેશે તેવો ડર પેન્ટાગોનને લાગે છે! પણ દર વર્ષે ૨ા લાખ ટ્રકો બનાવનારા આ પ્લાન્ટને કેટલી બધી સામગ્રીની જરૂર પડશે તે કલ્પના અમેરિકનોને નવરા બેસવા દેતી નથી. ગમે તેમ કરીને મોટરટ્રકના પ્લાન્ટને અમેરિકન ભાગો પૂરા પાડવાનો કોન્ટ્રાકટ મેળવવા અમે-રિકનો તલપાપડ બન્યા છે.

આમ નિક્સનની મોસ્કોની મુલાકાતે ડૉલર અને રૂબલ વચ્ચેનો રોમાંચક સંબંધ સ્થાપવાની શરૂઆત કરી દીધી છે. ભારત જેવા વિકસતા દેશો પોતાના નાનકડા પ્રયાસોની અને રૂપિયાની નાનકડી ફાયર કેટલી હદ સુધી મારી શકે છે તે જોવાનું છે.

કાંતિ ભટ્ટ

# ❋ સાર્વભૌમ સેવાસંગઠન ❋

કુદરતે પ્રાણીઓમાં બે આકર્ષણ મૂકયાં છે અને આ બંને આકર્ષણ ખૂબ જ આવશ્યક હોવાથી બંનેમાં ઉત્કટ શારીરિક સુખ પણ રાખ્યું છે. શરીર ટકાવવા માટે અને શરીરની વૃદ્ધિ માટે અન્નની આવશ્યકતા છે એટલે કુદરતે ખાવામાં અત્યંત આનંદ મળે એવું કર્યું છે. એ જ રીતે વંશ ચાલુ રાખવા માટે પ્રજોત્પત્તિની આવશ્યકતા છે. આમાં સ્ત્રી-પુરુષનો સહયોગ જરૂરી છે. પ્રજોત્પ-ત્તિના હેતુથી સ્ત્રી-પુરુષના થતા સહયોગને સંભોગ કહે છે. આમાં પણ બંનેને ખૂબ જ શારીરિક સુખ મળે છે. આમાંથી કુટુંબસંસ્થાની સ્થાપના થઈ, જે સમસ્ત પ્રાણીજગતમાં જોવા મળે છે. કુટુંબ-સંબંધને આદર્શ બનાવવા માટે કુળધર્મની ઉત્પત્તિ થઈ. મનુષ્ય-જાતિમાં સર્વત્ર આ કુળધર્મ જોવા મળે છે.

આવાં અનેક કુટુંબોના સહજીવનને લીધે જાતિઓ ઉત્પન્ન થાય છે અને એને માટે સનાતન જાતિધર્મ પણ જોવા મળે છે. (ગીતામાં કુળધર્મ અને જાતિધર્મ બંનેને શાશ્વત કહેવામાં આવેલ છે અને બંનેના ઉછેરને મહાસંકટરૂપ ગણવામાં આવેલ છે.)

આ પછી માણસે પોતાની ઉન્નતિ માટે અનેક સંસ્થાઓ ચલાવી છે. અન્નપ્રાપ્તિ માટે ફળ તોડવાં અને શિકાર કરવો એ સૌથી પુરાણી પ્રવૃત્તિ હતી. આનાથી આગળ જતાં ખેતી અને પશુપાલનની પ્રવૃત્તિઓ ચાલી. આ બંને પ્રવૃત્તિઓ માટે કુળધર્મ કરતાં યે વધુ સહયોગની આવશ્યકતા ઊભી થઈ. આમાંથી જાતિ-ઓની રચના થઈ. ચીજોના વિનિમય માટે બજારોની જરૂર ઊભી થઈ. રહેવા માટે ઘર, એકબીજાને મળવા માટે માર્ગો અને માનવ-વસતિની રક્ષા માટે શહેર અને ગામની કિલ્લેબંદી—આટલી વસ્તુઓ પણ આવી. આત્મરક્ષા માટે લડી લેવું અને સાથેસાથે બીજાની જમીન, ખેતી, ગામ અને સંપત્તિ લૂંટવા માટે આક્રમણ કરવા જેવી અસામાજિક વાતો પણ આવી ગઈ અને એથી વિશાળ સમાજની રચના કરવાનું મુશ્કેલ બની ગયું.

આમાંથી જે લોકો વચ્ચે સહકાર હતો, એના સંગઠનની વ્યવસ્થા માટે એક વ્યવસ્થાપક અને લડવા માટે એક નેતા એમ બે વ્યકિત-ઓની આવશ્યકતા પેદા થઈ. એક થયો રાજા અને બીજો બન્યો સેનાપતિ. કયારેક બંને કામ એક વ્યકિત જ કરતી હતી.

આક્રમણ અને આત્મરક્ષા (અને બંને માટે સંગઠન) એ જ બની ગઈ સામાજિક પ્રવૃત્તિ. રાજા, રાજસત્તા, એના કાનૂન અને એની સેના - આ બધાંનું બન્યું સૌથી વધુ મહત્ત્વનું સંગઠન. બાકીનાં બીજાં બધાં સંગઠન ગૌણ બની ગયાં. લેણદેણ માટે બજાર બન્યું. લેણદેણમાં સરળતા થાય એ માટે રૂપિયા—પૈસાની જરૂરિયાત ઊભી થઈ. આમાંથી અર્થવ્યવસ્થાનો ઉદ્‌ભવ થયો. લગ્નના પણ નિયમ કરવા પડયા. આનંદ વ્યકત કરવા માટે સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્રકલા અને ઉત્સવનું આયોજન થયું અને એ રીતે સંસ્કૃતિનો વિકાસ થયો. આ બધામાં શકિતનું સંગઠન રાજાના આશ્રયે થયું અને બધા પ્રકારના સંગઠનના નિયમ બનાવીને એના પાલનનું શિક્ષણ દેવાનું કામ ધર્મસંસ્થાનું બન્યું. સામર્થ્ય માટે રાજસત્તા અને કર્તવ્યપાલનના બોધ માટે ધર્મસંસ્થા - આ બે મુખ્ય સંસ્થાઓ વિશ્વવ્યાપી બની ગઈ. તત્ત્વત: ધર્મસંસ્થા શ્રેષ્ઠ અને વસ્તુત: રાજસત્તા શ્રેષ્ઠ; અને બંનેની વચ્ચે કયારેક સહકાર થયો અને વધુ પ્રમાણમાં સંઘર્ષ થયો, એ બન્યો માનવજાતિનો ઈતિહાસ. ધર્મે પોતાનું જોર ચલાવીને રાજસત્તાને મહાત કરવાનો પૂરો પ્રયત્ન કર્યો. એને અમુક સમય સુધી આમાં સફળતા મળી, પણ આંતરિક દોષોને લીધે ધર્મોની શ્રેષ્ઠતા ટકી નહિ. ધર્મોએ આલોક ઉપરાંત પરલોકની લાલચ અને ડર બતાવ્યો. અને એની પોકળતા

પ્રગટ થતાં અને ધર્મોની આંતરિક શકિતનું દેવાળું નીકળતાં એક રાજસત્તા જ સર્વોપરી બની ગઈ.

રાજસત્તા લોકશિક્ષણ પર ગમે તેટલો આધાર રાખે અને જનતાની સંપત્તિના બળ પર પોતાને ભલે સંગઠિત કરે પણ રાજ-સત્તાનો અંતિમ આધાર તો શારીરિક બળ અને એની તંત્રવ્યવસ્થા પર જ છે.

અને જ્યાં સુધી આ જ અંતિમ સત્ય છે ત્યાં સુધી તો ગુને-ગારને સજા કરવી અને લડાઈની તૈયારી રાખવી એ જ રાજસત્તાનો અંતિમ આધાર અને અંતિમ બળ બની રહેશે.

આ રાજસત્તાએ એક વધુ સારું કામ પણ કર્યું. બહારના જગતનો અને માનવીના માનસનો અભ્યાસ કરવાવાળા વિદ્વાનોને એકત્રિત કરીને એમના દ્વારા રાજસત્તાએ પોતાનું બળ વધાર્યું અને સાથે સંસ્કૃતિની સેવા પણ કરી. પણ રાજસત્તાએ પોતાના સ્વભાવ પ્રમાણે સઘળી પ્રવૃત્તિઓમાં પોતાનો અધિકાર છે એવું બધા પાસે માન્ય કરાવ્યું. આ છે માનવઈતિહાસ અને માનવ-સંસ્કૃતિનો નિચોડ. રાજસત્તા અથવા સરકાર એ જ છે સર્વશ્રેષ્ઠ શકિત અને વ્યવસ્થા તેમ જ એનો અંતિમ આધાર છે મનુષ્યના જીવન પર બહારથી કાબૂ રાખવાની એની શકિત, એટલું આપણે કબૂલ કરવું પડે છે. આ પરિસ્થિતિને સમજાવવા માટે જ આપણે કહીએ છીએ કે સમાજ પર બહારથી પોતાનો કાબૂ મજબૂત કરવાવાળી સરકાર નામની સંસ્થા પંચવિધ સંગઠનના બળ પર ચાલી રહી છે— ફોજ, પોલીસ, જેલ, કોર્ટ અને કાનૂન. કાનૂન અસામાજિક વ્યકિતને પકડીને કોર્ટ સમક્ષ ઊભી કરે છે. કોર્ટ એને કાનૂન મુજબ સજા કરે છે. પોલીસ આવા માણ-સને જેલમાં પહોંચાડી દે છે; અને આવી કાનૂની વ્યવસ્થામાં બધાં બાધા નાખતાં તત્ત્વોને પોલીસ અને ફોજ ઠેકાણે લાવે છે. આ છે આજની સંસ્કૃતિનું સાચું અને નગ્ન સ્વરૂપ.

હવે સમાજના સર્વોચ્ચ નેતાઓને આ પરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન કરવાની ઈચ્છા જાગી છે. રાજસત્તાના બળને કાબૂમાં રાખવાની કોશિશ એક વખત દરેક દેશમાં ધર્મસંસ્થાએ કરી જોઈ છે એ તેઓ જાણે છે. એ પ્રયત્નનો આંતરિક ઈતિહાસ આપણે પણ જાણીએ છીએ. ધર્મસત્તા નિષ્ફળ પુરવાર થઈ અને રાજસત્તા પોતાના સામર્થ્યને વધારીને વિશ્વયુદ્ધ સુધી પહોંચી ગઈ. વિજ્ઞાન, યંત્રવિદ્યા અને વિશાળ સંગઠન દ્વારા યુદ્ધ એટલાં વ્યાપક અને ભયાનક બની ગયાં છે કે યુદ્ધના અંતે કરોડોની કતલ અને સર્વનાશ નિશ્ચિતપણે થાય તેમ છે.

ધર્મસત્તા નિષ્ફળ પુરવાર થઈ છે અને રાજસત્તાને ખૂબ જ સફળતા મળવાને કારણે આત્મહત્યા સુધી પહોંચી જવાની છે. આ બે નિરાશામાંથી માનવજાતે માર્ગ શોધી કાઢવાનો છે.

આજે તો બળનું સંગઠન કરવાવાળી સંસ્થા રાજસત્તા જ છે. માનવીની સંકલ્પશકિતને માર્ગ ચીંધનારી બીજી શકિત 'શિક્ષણ, ચિંતન અને સેવાના સંગઠન' ની છે. એટલા માટે હવે વ્યકિતઓના મન પર તેમ જ સમાજના મન પર રાજસત્તાનો જે કાબૂ છે એને શકય તેટલો આપણે ઓછો કરવો જોઈએ. બળ અને સત્તાનો સ્વભાવ જ એવો છે કે એનો નાશ કરવા માટે જે કંઈ પ્રયત્ન થશે એ બીજી સત્તા અને શકિતને ઊભી કરશે અને પરસ્પર વિરોધી બળ જ્યારે પોતાનું વિશ્વસંગઠન કરે છે ત્યારે એમાંથી સર્વનાશ સર્જાવાનો ભય છે. આ વાત સવિશેષ સ્પષ્ટ થઈ રહી છે.

આ સ્થિતિનો એક જ ઈલાજ છે કે આપણે રાજસત્તાનું સંગઠન, બળ અને આવશ્યકતાને ઓછાં કરતાં જઈએ અને રાજ-સત્તાથી ભિન્ન એવા એક બીજા આધ્યાત્મિક શકિતવાળા સંગઠનનું નિર્માણ કરીએ. આનો આધાર સેવાપરાયણ, ઉચ્ચ ચારિત્ર્ય અને સરકારથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર એવું લોકશિક્ષણનું સંગઠન હશે. જ્ઞાનપ્રાપ્તિ અને એના પ્રચારના બળ પર આપણે અહંકાર, અભિમાન અને સ્વાર્થનો સર્વથા ત્યાગ કરનાર નૈતિક નેતાઓનું જૂથ ઊભું કરીએ, એ જ બચવાનો અને સર્વોચ્ચ ઉન્નતિનો એકમાત્ર ઉપાય છે.

પણ આ કામ કરશે કોણ? અત્યારે તો વિશાળ જનસમુદાય સુસંસ્કૃત નથી અને એ યોગ્ય રીતે સંગઠિત પણ થયેલો નથી. એનો સરકાર નામની સંસ્થા પર આંધળો વિશ્વાસ છે અને જનતાએ પણ સાર્વત્રિક મતદાન દ્વારા સરકારની ચોટલી પોતાના હાથમાં રાખવાથી આપણે બધી રીતે સુરક્ષિત બની જઈશું એમ માની લીધું છે. પણ આ અંધવિશ્વાસ છે. સરકાર નામની સંસ્થા જ્યાં સુધી શારીરિક બળ અને સ્વાર્થી સંગઠન પર આધાર રાખે છે ત્યાં સુધી એના દ્વારા આત્મરક્ષા અને આત્મોન્નતિ બંને થઈ શકે તેમ નથી. એટલા માટે સરકારરૂપી બળ - સંગઠન-પ્રધાન સંસ્થાની શકિત ધીમે ધીમે ઓછી કરતા જવી અને નિ:સ્વાર્થ સેવા અને તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરતા આધ્યાત્મિક નેતૃત્વનું સંગઠન વધારવું એ જ એક ઉપાય છે.

વિચારશીલ લોકોને આ વિશ્લેષણ ગમે તો એમણે સરકારથી અલગ એવી સેવાપરાયણ અને જ્ઞાનપરાયણ સંસ્થાઓનું સંગઠન કરવું જોઈએ અને સમસ્ત માનવજીવનને આ સેવાપરાયણ સંગઠનની નીચે લાવી મૂકવું જોઈએ. યોગ્ય દિશાની ઉન્નતિ માટે અને આત્મરક્ષા માટે બીજો કોઈ ઉપાય નથી. આવા આધ્યાત્મિક નેતાઓને પ્રાચીન કાળમાં ગુરુ કહેતા હતા. અત્યારે કદાચ આવા નેતાઓને મહાત્મા કહીએ એ યોગ્ય થશે. પણ બધી પ્રવૃત્તિઓ આ દિશામાં ચાલવી જોઈએ. બીજો કોઈ રસ્તો નથી.

['મંગળ પ્રભાત'માંથી] કાકાસાહેબ કાલેલકર

## એક ખુલાસો

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧ જાન્યુઆરી ૧૯૭૩ના અંકમાં પ્રગટ થયેલું પોતાના વાર્તાલાપનું સંકલન એકંદરે સરસ થયું છે એમ કહીને શ્રી પુરુષોત્તમ માવળંકર એમના પત્રમાં જણાવે છે કે:

'બેત્રણ મુદ્દાઓ વિશે અર્થનો અનર્થ નહિ તો ય કંઈક ગેરસમજ અથવા ઊલટી સમજ થવાનો ભય છે માટે ખુલાસા-રૂપે આ લખું છું. મેં એમ નહોતું કહ્યું કે મારી જીતમાં સાથીઓના કામ કરતાં શાસક કૉંગ્રેસનાં ખોટાં પગલાં વધારે મૂલ્યવાન અને જવાબદાર હતાં. શાસક કૉંગ્રેસે કેટલાંક કાતિલ પણ આત્મઘાતીય પગલાં લીધાં એ નિ:શંક, પણ મારી ઉમેદવારીને ટેકો આપવાનું કામ સ્વયંભૂ રીતે અનેક નાનાં - મોટાં ભાઈ - બહેનોએ ઠેર ઠેર ઉપાડી લીધું અને સ્વયંસંચાલિત તંત્ર ઊભું કરીને દરેક જણ સાચા અર્થમાં સ્વયંસેવક બની રહ્યાથી મારો વિજય શકય બન્યો. વિવિધ રાજકીય પક્ષોએ જેમ બિનશરતી ટેકો મને આપીને એમના સંગઠનનો લાભ મને સુલભ કરી આપ્યો તેમ મારા અસંખ્ય વિદ્યાર્થી ભાઈ - બહેનોએ તથા પરિચિત - અપરિચિત યુવક મિત્રોએ પણ મારી જીતમાં બહુ મોટો ફાળો આપ્યો છે.

"તમારો અહેવાલ મારા માટે એવું વાકય ટાંકે છે કે, 'આપણે બધા શૉક - પ્રૂફ થઈ ગયા છીએ.' મેં કહેલું કે "આપણે બધા શૉક - પ્રૂફ જેવા, એટલે કે આંચકા - આઘાતો સહી-જીરવી શકીએ એવા થવા માંડયા છીએ."

# ✶ વિસ્તૃત કૉમન માર્કેટ અને ભારત ✶

છેલ્લાં પંદરેક વર્ષથી પશ્ચિમ યુરોપનાં છ રાજ્યોના આર્થિક સંઘ – કૉમન માર્કેટ–માં જોડાવું કે ન જોડાવું તેની ચર્ચા કરતું બ્રિટન, આખરે, આ વર્ષની પહેલી તારીખે, કૉમન માર્કેટમાં જોડાયું અને કૉમન માર્કેટના રાજકીય અને આર્થિક બળમાં ગણનાપાત્ર વધારો થયો. બ્રિટનનો લોકમત હમેશાં "યુદ્ધખોર" યુરોપથી દૂર રહેવા ઈચ્છે છે. કુદરતે બ્રિટનને યુરોપથી છૂટી પાડતી માત્ર ૨૧ માઈલની ખાડી - ઈંગ્લિશ ચૅનલ - આપી તેથી બ્રિટન, અમેરિકા અને યુરોપ વચ્ચે એક કડી સમું બની રહ્યું. હવે બ્રિટને તેની ભૂતકાળની ભવ્યતા યાદ કરવાને બદલે યુરોપ સાથે પોતાનું ભાગ્ય જોડી દેવાનું નક્કી કર્યું છે. બ્રિટનનો આ નિર્ણય ખરી રીતે રાજકર્તા કૉન્ઝર્વેટિવ પાર્ટીના આગેવાન એડવર્ડ હીથની સંકલ્પશક્તિનું પરિણામ છે. બ્રિટિશ લોકમત (ઓપિનિઅન પોલ્સ) બ્રિટન કૉમન માર્કેટમાં જોડાય તેની વિરુદ્ધ છે. રાજકર્તા કૉન્ઝર્વેટિવ પાર્ટીમાં પણ એક વગદાર વર્ગે આ જોડાણ સામે બળવો પોકાર્યો છે. હમણાં સુધી રાજ્ય કરતી લેબર પાર્ટી પણ તેની વિરુદ્ધ છે. જો કે લેબર પાર્ટીનું એક નાનું જૂથ કૉમન માર્કેટની તરફેણ કરે છે. ૧૯૭૧ના ઑક્ટોબરની ૨૮મીએ હાઉસ ઑફ કૉમન્સે બ્રિટન કૉમન માર્કેટમાં જોડાય તેવો નિર્ણય કર્યો ત્યારે ૩૫૬ મત તરફેણમાં હતા અને ૨૪૪ મત વિરુદ્ધમાં હતા. જો લેબર પાર્ટીના કૉમન માર્કેટતરફી સભ્યોએ કૉન્ઝર્વેટિવ પાર્ટી સાથે મત ન આપ્યો હોત તો આ જ મુદ્દા પર હીથ સરકારનું પતન થાય એટલી હદ સુધી બ્રિટિશ પાર્લામેન્ટમાં આ વિશે મતભેદ પ્રવર્તતો હતો. લેબર પાર્ટીએ તો જાહેર કર્યું જ છે કે તે સત્તા પર આવશે ત્યારે બ્રિટન જે શરતે કૉમન માર્કેટમાં જોડાયું છે તેમાં ફેરફાર કરવા માટે વાટાઘાટો શરૂ કરશે. સાદી ભાષામાં આનો અર્થ એ થયો કે લેબર પાર્ટી જો સત્તા પર આવશે તો તે બ્રિટનને કૉમન માર્કેટમાંથી બહાર લઈ જશે. આમ છતાં અત્યારે તો બ્રિટન કૉમન માર્કેટમાં જોડાયું છે એ હકીકત જ ધ્યાનમાં લઈ આપણે આ શકવર્તી પગલાની દુનિયા અને ભારત ઉપર શું અસર થશે તેનો વિચાર કરવો જોઈએ.

### કૉમન માર્કેટ શું છે?

ફ્રાન્સ અને જર્મની વચ્ચેના વૈમનસ્યને કારણે યુરોપમાં વારંવાર નાનાંમોટાં યુદ્ધો ફાટી નીકળતાં. બીજું વિશ્વયુદ્ધ યુરોપનું સૌથી વધુ દારુણ યુદ્ધ હતું. આથી યુદ્ધ બાદ તરત યુરોપમાં 'યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ યુરોપ'ની ચળવળ શરૂ થઈ. યુરોપમાં અમેરિકા જેવું એક સંગઠિત યુરોપિયન રાજ્ય સર્જવાના આ સ્વપ્નને સાકાર કરવા માટે ફ્રાન્સ અને જર્મનીના ડાહ્યા રાજપુરુષોએ ધીમે ધીમે એક પછી એક આર્થિક પગલાં લેવાનું નક્કી કર્યું. શરૂઆત 'યુરોપિયન કોલ એન્ડ સ્ટીલ કૉમ્યુનિટી'થી કરી. ૧૯૫૨માં સ્થપાયેલા આ આર્થિક મંડળના પરિણામે ફ્રાન્સ અને જર્મનીમાં ઉત્પન્ન થતો કોલસો અને પોલાદ જાણે એક જ દેશમાં બનતાં હોય તે રીતે તેમની હેરફેરની નીતિ ઘડવામાં આવી.

કૉમન માર્કેટનું આ નાનું પણ મહત્ત્વનું બીજ હતું. યુરોપના આગેવાનોએ એમ વિચાર્યું કે આર્થિક વ્યવહારની દિશામાં જો એકતા થશે તો રાજકીય એકતા માટેનો નક્કર પાયો તૈયાર થશે. આથી તેમણે એમ નક્કી કર્યું કે પહેલાં આપણે એમ ઠરાવીએ કે યુરોપનાં બજારો વચ્ચે જકાતની દીવાલો ન રહે, અને યુરોપનાં જુદાં જુદાં રાજ્યો જાણે કે એક જ દેશ છે તે રીતે અંદરોઅંદર વ્યાપાર ચાલે. આ કરતાંય બીજો મહત્ત્વનો નિર્ણય એ હતો કે આ કૉમન માર્કેટ (સહિયારી બજાર)માં આયાત થતા બહારના માલ સામે સભ્ય દેશોએ એકસરખી જકાતની દીવાલ રાખવી. આનો અર્થ એ થયો કે બહારની દુનિયા સાથેના વ્યાપારમાં કૉમન માર્કેટના સભ્ય દેશો એક જ દેશ હોય તેમ વર્તશે. આવું કૉમન માર્કેટ સ્થાપવા માટે ૧૯૫૭ના માર્ચની ૨૫મી તારીખે રોમમાં એક સંધિ થઈ જે 'ટ્રીટી ઑફ રોમ'ને નામે ઓળખાય છે. આ રોમની સંધિ અનુસાર ૧૯૫૮ના જાન્યુઆરીની પહેલી તારીખે 'યુરોપિયન ઇકોનોમિક કૉમ્યુનિટી' (ઈ. ઈ. સી.)નો જન્મ થયો. આ ઈ. ઈ. સી. કૉમન માર્કેટ તરીકે ઓળખાય છે.

શરૂઆતમાં કૉમન માર્કેટના છ સભ્યો આ હતા: ફ્રાન્સ, જર્મની, ઈટાલી, નેધરલેન્ડ્ઝ (હૉલૅન્ડ), બેલ્જિયમ અને લક્ઝમ્બર્ગ. આ કૉમન માર્કેટ એના અસ્તિત્વના એક દસકામાં તો એક પ્રચંડ વેપારી જૂથ તરીકે સ્થાપિત થઈ. કૉમન માર્કેટનું પાટનગર બ્રસેલ્સ બન્યું. આમ તો બ્રસેલ્સ બેલ્જિયમની રાજધાની છે પણ ત્યાંની કૉમન માર્કેટના ભવ્ય સેક્રેટરિયેટની પ્રવૃત્તિને કારણે તે પશ્ચિમ યુરોપનું પાટનગર બન્યું છે. બ્રિટન, આ જાન્યુઆરીની પહેલી તારીખે કૉમન માર્કેટમાં જોડાયું તેની સાથે આયર્લૅન્ડ અને ડેન્માર્ક જોડાયાં. નૉર્વે પણ જોડાવાનું હતું પણ ત્યાં પ્રજામત (રેફરન્ડમ) લેવામાં આવ્યો અને પ્રજાએ કૉમન માર્કેટમાં નહીં જોડાવાનો નિર્ણય કર્યો.

### સૌથી ઊંચી આંટ

વિસ્તૃત કૉમન માર્કેટમાં હવે નવ સભ્યો છે અને તેની વસતિ લગભગ ૨૫ કરોડ જેટલી છે. અમેરિકા પછી આ વિસ્તૃત કૉમન માર્કેટની રાષ્ટ્રીય આવક દુનિયામાં સૌથી વધારે છે. બીજી રીતે કહીએ તો વિસ્તૃત કૉમન માર્કેટની વસતિ દુનિયાની વસતિના સાત ટકા જેટલી છે. પણ દુનિયાની સંપત્તિનો લગભગ પાંચમો ભાગ ત્યાં છે. આ કરતાં યે વધારે મહત્ત્વની વાત એ છે કે આજે દુનિયાની કુલ નિકાસના ચાલીસ ટકા જેટલી નિકાસ આ કૉમન માર્કેટ કરે છે. દુનિયાની સોનું અને બીજી વિદેશી ચલણની અનામતોના ચાલીસ ટકા જેટલી જંગી અનામતો કૉમન માર્કેટમાં છે. વિસ્તૃત કૉમન માર્કેટની આંતરરાષ્ટ્રીય લેવડદેવડ અંગેની આંટ ઊંચામાં ઊંચી છે.

કૉમન માર્કેટ સમૃદ્ધ છે પણ તેની મનોદશા અત્યાર સુધી તો સંકુચિત રહી છે. આથી તે 'શ્રીમંત દુનિયાની કલબ' તરીકે ઓળખાય છે. જેમ કોઈ ગરીબ માણસ પૈસાદાર થાય અને તેનો ભૂતકાળ ભૂલી જાય તેવું કૉમન માર્કેટનું થયું છે. અમેરિકાના 'માર્શલ પ્લાન'ની અઢળક મદદ ન મળી હોત તો ભાંગી ગયેલું યુરોપ આટલું વહેલું ઊભું થયું ન હોત. અત્યારે તો અમેરિકાની એ અનન્ય ઉદારતા યુરોપ લગભગ ભૂલી ગયું છે અને એક હરીફ મહાસત્તા હોય તેમ આર્થિક ક્ષેત્રે વર્તવાનો પ્રયત્ન કરે છે. પણ અમેરિકા પાસે એક ચાબૂક છે અને તે તેની પ્રચંડ આયાતની. કૉમન માર્કેટ અમેરિકાનું બજાર ગુમાવે તો તેની સમૃદ્ધિ પરપોટા જેવી થઈ જાય. આથી કૉમન માર્કેટ પાસે વેપારની બાબતમાં અમેરિકા હમેશાં પોતાનું ધાર્યું કામ કરાવે છે. કૉમન માર્કેટનો ગરીબ દેશો પ્રત્યેનો વર્તાવ તદ્દન ઠંડોગાર રહ્યો છે. એકબીજા સભ્યોને વ્યાપારી સગવડ આપી, યુરોપની સમૃદ્ધિ વધારવામાં જ કૉમન માર્કેટને રસ છે. બહારની દુનિયામાં તેને પોતાની નિકાસ વધારવા સિવાય બીજો કોઈ રસ નથી.

### ભારતનો કડવો અનુભવ

કૉમન માર્કેટની વિકસતી દુનિયા પ્રત્યેની ઉદાસીનતાનું સૌથી વિખ્યાત ઉદાહરણ તેના ભારત સાથેના આર્થિક સંબંધોમાં જોવા મળે છે. દુનિયાના વિકસતા દેશો સાથે તે એવા આર્થિક સંબંધો રાખવાનો પ્રયત્ન કરે છે કે તેમની વેપારખાધ ઓછામાં ઓછી રહે. રશિયા, અમેરિકા, બ્રિટન અને જપાને પણ આ દિશામાં નક્કર પગલાં લીધાં છે. ભલે આર્થિક મદદ આપીને વેપાર વધારે પણ ગરીબ દેશને એમ ન લાગે કે તેને જંગી આયાત કરવી પડે છે અને

નિકાસ માટે કોઈ તક નથી. એ અકસ્માત નથી કે આપણા વેપારના ચાર સૌથી મોટા ભાગીદારો અમેરિકા, રશિયા, જપાન અને બ્રિટન છે. કૉમન માર્કેટ સાથે આપણી વેપારની ખાધ એટલી મોટી રહે છે કે ધીમે ધીમે આપણા તેની સાથેના વેપારી સંબંધો ઓછા થતા જાય છે. ૧૯૭૧-૭૨માં કૉમન માર્કેટના છ દેશોમાંથી આપણે ૨૮૫ કરોડ રૂપિયાના માલની આયાત કરી. એ વર્ષે આપણી કૉમન માર્કેટમાં નિકાસ માત્ર ૧૨૪ કરોડ રૂપિયાની હતી. આ સામે તે વર્ષ દરમિયાન આપણી અમેરિકામાં નિકાસ ૨૬૩ કરોડ રૂપિયાની, રશિયામાં ૨૦૯ કરોડ રૂપિયાની, જપાનમાં ૧૮૨ કરોડ રૂપિયાની અને બ્રિટનમાં ૧૬૮ કરોડ રૂપિયાની હતી.

એટલે આપણી ખરી ચિંતા એ છે કે બ્રિટનમાં અત્યારે આપણે જે નિકાસ કરીએ છીએ તે કૉમન માર્કેટની જકાતની દીવાલને કારણે ઘટી ન જાય. વિધિની વિચિત્રતા છે કે આઝાદીની લડત સમયે આપણે જે 'કૉમનવેલ્થ પ્રેફરન્સીસ'નો વિરોધ કરતા હતા તે ચાલુ રહે તે માટે આપણા વિદેશવેપારપ્રધાન ટૂંક સમયમાં લંડન જવાના છે. ૧૯૩૨ના 'ઓટાવા એગ્રીમેન્ટ' અનુસાર ભારતના માલને બ્રિટનમાં અને બ્રિટનના માલને ભારતમાં લાવવાની સામે કોઈ જકાતી દીવાલ ન હતી. આનું નામ 'કૉમનવેલ્થ પ્રેફરન્સીસ.' ૧૯૩૯માં 'ઓટાવા એગ્રીમેન્ટ'ને 'ઈન્ડો-બ્રિટિશ ટ્રેઈડ એગ્રીમેન્ટ'માં ફેરવી નાખવામાં આવ્યો હતો. ગયા ડિસેમ્બરની ૩૧મી તારીખે બ્રિટને આપણને એવી નોટિસ આપી છે કે એક મહિનામાં 'કૉમનવેલ્થ પ્રેફરન્સીસ' અમલી બનાવતો 'ઈન્ડો-બ્રિટિશ ટ્રેઈડ એગ્રીમેન્ટ' રદ થશે.

આમ તો છેલ્લાં દસેક વર્ષથી આપણો બ્રિટન સાથેનો વેપાર ઘટતો જાય છે. ૧૯૬૦માં આપણી નિકાસનો લગભગ ચોથો ભાગ બ્રિટનમાં જતો. આજે એ માત્ર દસ ટકા છે. એ જ રીતે ૧૯૬૦માં આપણી આયાતનો પાંચમો ભાગ બ્રિટનમાંથી આવતો. આજે તે ઘટીને માત્ર સાત ટકા થઈ ગયો છે. આમ છતાં આજે પણ બ્રિટન આપણું એક અગત્યનું બજાર છે. બ્રિટન એમ કહે છે કે તે કૉમન માર્કેટમાં જઈને તેની સંકુચિત વ્યાપારી નીતિને ઉદાર બનાવવાનો પ્રયત્ન કરશે. પણ અત્યારે તો હકીકત એ છે કે ૧૯૭૪ના જાન્યુઆરીની પહેલી તારીખથી કૉમન માર્કેટની જકાતી દીવાલ આપણા માલ સામે બ્રિટનની આજુબાજુ પણ ઊભી થઈ જશે. એટલે એક વર્ષ સુધી આપણે કદાચ બ્રિટન સાથેનો વેપાર થોડાઘણો સાચવી શકીએ પણ સરવાળે એ રૂપિયો ખોટો છે એમ સમજીને જ આપણે ચાલવું જોઈએ.

**વાડીલાલ ડગલી**

# ❋ ધીરજનાં ફળ મીઠાં ❋

હું એક એવા ભાઈને ઓળખું છું, જે સતત ઉતાવળમાં જ હોય છે. એમનાં હલનચલન, વાતચીત પરથી એમ જ લાગે કે તેઓ સતત દોડધામમાં જ રહેતા હશે. એમને એક પળનો પણ સમય નહિ મળતો હોય અને તેઓ ખૂબ જ કામમાં રહેતા હશે. એમની પ્રવૃત્તિનું થોડુંક નિરીક્ષણ કરતાં જ લાગશે કે ઉતાવળિયાપણું, અધીરાઈ એ તેમનો સ્વભાવ છે અને એટલે તેઓ સ્વસ્થ રહી શકતા નથી. એમના મનમાં એટલી બધી ઉતાવળ હોય છે, અમુક કામ પૂરું થશે કે નહિ એની એટલી બધી અધીરાઈ હોય છે કે એમનાથી ઘણીવાર તો સાવ નિરર્થક દોડધામ થઈ જાય છે. આ પ્રકારની અધીરાઈ પછી એમને નુકસાન કરે છે અને એમનું કામ બગડે છે. પણ એમનો સ્વભાવ જ એવો થયો છે એટલે એમનાથી ધીરજ રાખી શકાતી નથી. એમના આવા સ્વભાવને લીધે બીજા સાથેના એમના સંબંધમાં પણ કેટલીક વાર આંચ આવે છે.

કેટલાક લોકો જ આવા અધીરા–ઉતાવળા સ્વભાવના હોય છે. એમનામાં ધીરજનો અભાવ હોય છે અને આ કારણે જ એમનાં સારાં કામો પણ બગડે છે. જો તેઓ થોડી ધીરજ રાખે, થોડીક રાહ જુએ તો એમણે કરવા ધારેલું કામ પાર પડે તેમ હોય છે, પણ એ જ કામ ઉતાવળે કરવા જતાં એમાં અવ્યવસ્થિતતા આવી જાય છે, ગૂંચવણો ઊભી થાય છે અને પછી એ ગૂંચવણોનું નિરાકરણ કરતાં વધારે સમય જાય છે અને કેટલીક વાર પછી એ કામ જ જવા દેવું પડે એવી સ્થિતિ ઊભી થાય છે. આ પ્રકારની અધીરાઈ અને ખોટી ઉતાવળને લીધે ઉપાડેલા કામમાં નિષ્ફળતા મળે છે, કશું જ પ્રાપ્ત થવાને બદલે નુકસાન થાય છે અને એથી ઘણીવાર જીવનમાં પીછેહઠ પણ સહન કરવી પડે છે.

ઘણાં કામો એવાં હોય છે કે જે ધીરજ માગી લે છે અને એવે વખતે જો ધીરજ રાખવાને બદલે માણસ ઉતાવળ કરે તો કામ ઊંધું વળી જાય છે. ઉતાવળે પૂરતી ગણતરી કર્યા વિના અયોગ્ય નિર્ણયો લેવાય છે અને આ રીતે લેવાયેલા નિર્ણયોનાં ધાર્યાં પરિણામ આવી શકતાં નથી.

સ્વભાવથી અધીરા-ઉતાવળા માણસો કેટલીક વાર સાહસિક લાગે છે, બહાદુર જેવા લાગે છે અને ગમે તેવી વાતમાં ઝંપલાવી દેનારા લાગે છે, પણ એવું નથી હોતું. તેઓ કોઈ પણ બાબતને શાંતિથી, ધીરજ રાખીને કશું વિચારવા ટેવાયેલા જ નથી હોતા. એમની પાસે કોઈ વાત આવે અને તાત્કાલિક એમને ગમી જાય તો પછી તેઓ એનાં સંભવિત પરિણામનો પણ કેટલીક વાર વિચાર કર્યા વિના એમાં કૂદી પડતા હોય છે. આને લીધે તેઓ સાહસિક કે બહાદુર લાગે છે, પણ પોતાની શકિત-અશકિતનો વિચાર કર્યા વિના, કશા જ આયોજન વિના જ તેઓ કોઈ પણ કામ કે પ્રવૃત્તિમાં ઝંપલાવી દેતાં હોય છે અને પછી થોડુંક દોડીને એમને અટકી જવાનો પ્રસંગ આવે છે. આનું કારણ એ હોય છે કે કોઈકે એમને અમુક કામ કે પ્રવૃત્તિ કરવા પ્રેર્યા હોય છે અને કશા વધુ વિચાર વિના તેઓ એમાં સામેલ થઈ ગયા હોય છે. પછી થોડીક તકલીફ આવતાં, થોડીક મુશ્કેલી ઊભી થતાં એનો માર્ગ કઈ રીતે કાઢવો એ વિશે એમણે વિચાર્યું હોતું નથી એટલે અટકી પડયા વિના બીજો રસ્તો નથી રહેતો.

આવા લોકોને આ રીતે અટકી પડવાનો સમય આવે તો પણ તેઓ પરિસ્થિતિને સુધારી શકાય તેમ છે કે નહિ એ ધીરજથી વિચારી શકતા નથી. તેઓ તો અધીરાઈમાં અહીંતહીં દોડાદોડી કરી મૂકતા હોય છે અને પોતે તંગદિલી અનુભવે છે અને પોતાની આસપાસ પણ તંગ વાતાવરણ ઊભું કરે છે. આમાં યે આવા લોકો સામે કોઈ મોટી સમસ્યા ઊભી થઈ હોય તો તો એમનામાં એટલી બધી માનસિક તાણ ઊભી થાય છે કે કેટલીક વાર તેઓ નાનીમોટી બીમારીનો ભોગ પણ બને છે. આ બીમારીને લીધે પછી બીજી દોડધામ શરૂ થાય છે. દાકતરો કે વૈદ્યો આવા લોકોની બીમારી માટે બહુ કરી શકતા નથી, કેમકે એમની બીમારીનું મૂળ એમના સ્વભાવમાં હોય છે. તેઓ એમના ઉતાવળિયાપણાને લીધે જે માનસિક તાણ અનુભવે છે એમાંથી એમને આ બીમારી આવી હોય છે અને તેઓ પોતાના સ્વભાવને બદલીને જ આવી શારીરિક બીમારીમાંથી મુકિત મેળવી શકે છે.

આવા લોકો જ્યારે પોતાની પ્રવૃત્તિમાં કે પોતે ઉપાડેલા કામમાં પોતામાં ઘર કરીને રહેલી અધીરાઈને લીધે ગૂંચવાઈ જાય છે કે આગળ વધી શકતા નથી અથવા તો એમને એ કામ જ છોડી દેવાની સ્થિતિ ઊભી થાય છે ત્યારે કેટલીક વાર પોતાના સાથીદારો ઉપર, પોતાના મિત્રો કે કુટુંબીઓ ઉપર વારે વારે ચીડાઈ જાય છે, ગુસ્સે થઈ જાય છે અને કેટલીક વાર તો પોતાની મુશ્કેલી પ્રત્યે કોઈને સહાનુભૂતિ કે સમભાવ નથી એવાં મહેણાંટોણાં મારીને એમને પણ નિરર્થક પરેશાન કરી મૂકે છે. આ રીતે એમના સ્વભાવનો ભોગ એમનાં કુટુંબીજનો, સંબંધીઓ, મિત્રો અને સાથીઓ બને છે અને પરિણામે એમના આ લોકો સાથેના સંબંધોમાં પણ કેટલીક વખત વિક્ષેપ આવી જતો હોય છે. આમાં પણ એમનો અધીરો અને ઉતાવળિયો સ્વભાવ જ જવાબદાર હોય છે.

આ સાથે એમના અધીરા સ્વભાવને લીધે એમનામાં કામ કરવાનો ઉત્સાહ, આગળ ધપવાની ધગશ હોવા છતાંયે એમને નિષ્ફળતા મળે છે એથી ધીરે ધીરે એમનો જીવન પ્રત્યેનો અભિગમ નકારાત્મક થઈ જાય છે. પછી જો એમનામાં પોતાની નિષ્ફળતાનાં કારણો પોતાની અંદર શોધવાની વૃત્તિ ન હોય તો પોતાની નિષ્ફળતાઓ

માટે તેઓ સંજોગોને અને નસીબને દોષ આપે છે અને બીજાઓની સફળતા જોઈને એમને પોતાનું જીવન કેટલું ઊતરી ગયું છે એવા વિચાર પણ એને આવે છે.

આ તો એવા લોકોની વાત થઈ જેઓ ઉતાવળિયાપણામાં અને અધીરાઈથી જીવનમાં નિષ્ફળતા મેળવે છે અને પોતાને તેમ જ પોતાની આસપાસના લોકોને પણ એથી સહન કરવું પડે એવી સ્થિતિ લાવી મૂકે છે. આવા લોકો પણ ધારે તો આમાંથી મુકિત મેળવી શકે છે અને પોતાના જીવનને નવો ઓપ આપી શકે છે.

આની સામે આપણે આપણી આસપાસ નિરીક્ષણ કરીશું તો આપણને એવા લોકો પણ જોવા-જાણવા મળશે જેઓ કદી ધીરજ ગુમાવતા નથી કે ખોટી ઉતાવળ કે દોડધામ કરીને પોતાનું કામ બગડે એવું થવા દેતા નથી. તેઓ સૌ પ્રથમ પોતે જે કામ હાથમાં લેવા માગતા હોય કે જે કોઈ પ્રવૃત્તિ કરવા માગતા હોય એ વિશે પૂરેપૂરો વિચાર કરી લે છે. એ કામ કે એ પ્રવૃત્તિ ઉપાડવાની પોતાની શકિત-અશકિતનો પણ પૂરો અંદાજ માંડી લે છે. એ પછી પોતે કરવા ધારેલા કામની વિગતે આયોજના કરે છે, એમાં આવનારી સંભવિત મુશ્કેલીઓ કે અવરોધોનો બરાબર વિચાર કરી લે છે, શકય હોય તો આ અવરોધોના એકથી વધુ ઉપાયો પણ વિચારી રાખે છે. દરેક તબક્કે કઈ રીતે આગળ વધવું એ નક્કી કરી લે છે. આ રીતે વ્યવસ્થિત આયોજના કરીને ઉપાડેલું કામ કે હાથ ધરેલી પ્રવૃત્તિમાં કદાચ થોડો વધુ સમય જાય છે પણ એ પ્રવૃત્તિ ધીરજ રાખવાથી અને વિચારીને કરવાથી ચોક્કસપણે આગળ વધી જ શકે છે. એમાં વચ્ચે મુશ્કેલીઓ કે અવરોધો આવે તો પણ એવે વખતે માથે હાથ દઈને બેસી રહેવાને બદલે એમાંથી પાર ઊતરવાનો માર્ગ અગાઉથી વિચારી રાખેલો હોવાથી પ્રવૃત્તિને અધૂરી મૂકીને ખસી જવાનો વખત આવતો નથી.

કોઈપણ મહાન કામ ધીરજ વગર થતું નથી. વિજ્ઞાન અને યંત્રવિદ્યાના ક્ષેત્રે જે અદ્‌ભુત શોધો થઈ છે, આજે માનવી ચંદ્ર સુધી પહોંચી શકયો છે અને બીજા ગ્રહો પર પહોંચવાની યોજના કરી રહ્યો છે એ વૈજ્ઞાનિક જ્ઞાન અને સંશોધનને લીધે તેમ જ નવી નવી શોધોને લીધે શકય બન્યું છે. પણ આ શોધકોમાં ધીરજ ન હોત તો તેઓ આ કામ કરી શકત નહિ. આવા કામમાં જે ચોકસાઈ, જે સૂક્ષ્મ નિરીક્ષણ અને તલસ્પર્શી વિચારણા જોઈએ એ ધીરજ હોય તો જ શકય બને છે. વર્ષોનાં કામ પછી કે અસંખ્ય પ્રયોગો પછી કંઈક નવું શોધવામાં સફળતા મળે છે અને આવી શોધનું કામ ઉપાડનારામાં ફરી ફરી વાર પ્રયોગો કરવાની, ગણતરીઓ માંડવાની ધીરજ ન હોય તો એનાથી એ કામ શકય બનતું નથી એ સહેજે સમજાય એવી વાત છે. અલબત્ત, ધીરજની સાથે આવશ્યક બુદ્ધિ-પ્રતિભા, ખંત અને પુરુષાર્થ તેમ જ સંકલ્પશકિત પણ અવશ્ય જોઈએ.

કેટલીક વાર યોજનાપૂર્વક કરેલી પ્રવૃત્તિઓ પણ ખરાબે ચડી જાય એવું બને છે. માણસે નહિ વિચારેલી એવી પરિસ્થિતિ પણ એકાએક ઊભી થાય છે અને બધી જ યોજના ઊંધી વળી જાય એવું પણ બને છે પણ જે માણસ વિચારપૂર્વક અને વૈજ્ઞાનિક ઢબે આગળ વધવા ટેવાયેલો છે એને તરત જ પોતે કયાં ભૂલ કરી હતી અથવા તો પરિસ્થિતિનો કયાં ખોટો અંદાજ બાંધ્યો હતો એનો ખ્યાલ આવી જાય છે. એ ખામીને દૂર કરીને એ પુન: કામ શરૂ કરી દે છે અને પોતાના કામને આગળ ધપાવે છે. આવા માણસના પુરુષાર્થને છેવટે સફળતા મળે જ છે. આવા માણસો કાર્યકુશળ, ધીરજવાન અને સંકલ્પશકિતવાળા હોય છે એટલે ઉપાડેલી પ્રવૃત્તિને પાર પાડયા વિના તેઓ રહેતા નથી.

એમનો જીવન પ્રત્યેનો અભિગમ પણ વિધાયક હોય છે એટલે એમને એવો આત્મવિશ્વાસ હોય છે કે તેઓ જે કંઈ કામ ઉપાડશે એમાં જે કંઈ મુશ્કેલીઓ આવે, અવરોધો આવે કે વિલંબ થાય તો પણ છેવટે ધાર્યા પ્રમાણે એ પૂરું થવાનું જ છે. આવા લોકો જ ધીરજ, ખંત અને પુરુષાર્થ વડે પોતાના જીવનને પોતાની ઈચ્છા મુજબ ઘડી શકે છે, આંતરિક સ્વસ્થતા મેળવી શકે છે અને પોતાના જીવનના ધ્યેયને પરિપૂર્ણ કરી શકે છે.

**શિવમ્**

# બે સંમેલનો

નાતાલનો સમય ભારતમાં પ્રવાસ માટે વધુ અનુકૂળ ગણાય છે. એ સમયે રજાના કેટલાક દિવસ મળતા હોવાને કારણે તથા શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓમાં પણ રજાઓ હોવાને કારણે સંમેલનો માટે પણ એ સમય અનુકૂળ ગણાય છે. રહેવા માટે તથા સભાઓ માટે આવી સંસ્થાઓનાં મકાનોમાં સગવડ મળતી હોવાને લીધે આર્થિક દૃષ્ટિએ પણ એ સમય દરમિયાન ઓછા ખર્ચે સંમેલનો યોજી શકાય છે.

આ વખતે નાતાલની રજાઓ દરમિયાન આવાં બે સાહિત્યિક સંમેલનોમાં ઉપસ્થિત રહેવાની તક મને સાંપડી હતી. એક તે અમૃતસર ખાતે યોજાયેલ પી. ઈ. એન.નું અખિલ ભારતીય લેખક સંમેલન અને બીજું તે આજોલ મુકામે યોજાયેલું ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર.

પી. ઈ. એન.ના સંમેલનનો અનુભવ ઈતર સંમેલનો કરતાં જુદો હોય છે. પંજાબમાં અમૃતસરમાં આવેલી ગુરુ નાનક યુનિવર્સિટી તરફથી એ માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ભારતની જુદી જુદી ભાષાના મળીને સોએક લેખકો એકત્ર થયા હતા. જે સ્થળે સંમેલન યોજાય ત્યાંના સ્થાનિક લેખકોની તેમાં હાજરી વધુ પ્રમાણમાં હોય એ સ્વાભાવિક છે. વળી, એ યુનિવર્સિટીએ એક દિવસનો કાર્યક્રમ સુપ્રસિદ્ધ પંજાબી કવિ ભાઈ વીરસિંગની શતાબ્દી નિમિત્તે વધારાનો રાખ્યો હતો, એટલે પણ પંજાબી ભાષાના લેખકોની સંખ્યા એમાં વધારે હોય એ દેખીતું હતું. પંજાબી પછી પ્રમાણમાં વધુ સંખ્યા ગુજરાતીઓની હતી. વળી આ વખતે સંમેલનના પ્રમુખ આપણા મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષી હતા એ પણ આપણે માટે ગૌરવની વાત હતી.

લેખકોને ઉતારો યુનિવર્સિટીના નવા બંધાયેલા સુંદર ગેસ્ટહાઉસમાં આપવામાં આવ્યો હતો અને પંજાબી ભાષાના બે અધ્યાપકો પ્રૉ. પ્યારસિંગ અને પ્રા. વિદ્યાર્થીએ તથા તેમના વિદ્યાર્થીઓએ બધી વ્યવસ્થા સંભાળી લીધી હતી.

અમૃતસરમાં તે સમયે ઠંડી સખત હતી. પણ સંમેલનના કાર્યક્રમોમાં અને એની ચર્ચાઓમાં ગરમી હતી. કાર્યક્રમોનું આયોજન કરવામાં અત્યંત કુશળ એવા પી. ઈ. એન.ના મંત્રી શ્રી નિસિમ ઈઝિકેલ કાર્યક્રમોની નિયમિતતા તથા સભાની શિસ્ત માટે પૂરા સજાગ હતા. વળી તેઓ પ્રકૃતિએ શાંત તથા ઓછાબોલા એટલે પોતે માઈકનો ઝાઝો મોહ ન રાખતા અને બીજા એનો દુરુપયોગ ન કરે એ પણ જોતા. પરિણામે દરેક સભાના સંચાલનની શ્રોતાઓ ઉપર સ્પષ્ટ છાપ પડતી.

પી. ઈ. એન.માં જે જે લેખકોને બોલવાનું અગાઉથી નિમંત્રણ આપવામાં આવ્યું હોય તે તે લેખકોએ પોતાનો પેપર લખીને તૈયાર કરીને ત્યાં વાંચવાનો હોય છે. એથી લેખક પૂરી સજ્જતા સાથે ત્યાં આવે છે અને એના પેપર ઉપર ચર્ચા પણ મુદ્દાસર થાય છે.

પહેલા દિવસે સાંજે પંજાબના ગવર્નર ડૉ. પાવતેના હાથે સંમેલનનું ઉદ્‌ઘાટન થયું હતું. એ કાર્યક્રમમાં પ્રમુખ તરીકે શ્રી ઉમાશંકર જોષીએ પોતાનું પ્રવચન કર્યું હતું. જગતની વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં એમણે સાહિત્યની શકિત વિશે કેટલાક મનનીય વિચારો રજૂ કર્યા હતા. બીજે દિવસે પંજાબી ભાષાના સંત-પ્રકૃતિના કવિ ભાઈ વીરસિંગ વિશે આઠેક પંજાબી વિદ્વાનોએ પોતાના પેપર વાંચ્યા હતા. ત્રીજે દિવસે 'આધુનિક ભારતીય સાહિત્યમાં મૌલિકતા' અને 'આધુનિક ભારતીય સાહિત્યમાં પ્રણયનું નિરૂપણ' એ વિષયો પર જુદા જુદા વકતાઓએ પોતાના પેપર વાંચ્યા હતા, જેમાં આપણા સાહિત્યકારો શ્રી ચન્દ્રકાન્ત બક્ષી અને શ્રી બકુલ ત્રિપાઠીના મૌલિક અને છટાદાર પેપરો નોંધપાત્ર હતા અને એ પેપરોએ ઠીક ઠીક ચર્ચા જગાડી હતી. એ દિવસે એક ચર્ચાનું સંચાલન

(૧૨) 12



શ્રી ગુલાબદાસ બ્રોકરે સારી કુશળતાથી કર્યું હતું, અને એક ચર્ચાનું સમાપન શ્રી ઉમાશંકર જોષીએ પોતાની વિદ્વત્તાથી એટલું સરસ કર્યું હતું કે બધા જ શ્રોતાઓ ખૂબ પ્રભાવિત થયા હતા. છેલ્લે દિવસે 'સ્વાતંત્ર્યોત્તર ભારતીય સાહિત્ય' ઉપર ચર્ચા હતી. એમાં ગુજરાતી સાહિત્ય વિશે શ્રી હરીન્દ્ર દવેએ પણ સરસ પેપર વાંચ્યો હતો. બીજી ભાષાઓના સાહિત્ય વિશે તે સાહિત્યના વિદ્વાન વકતાઓએ પોતાના પેપર વાંચ્યા હતા. છેલ્લી સભામાં સમાપનરૂપે કન્નડ ભાષાના યુવાન તેજસ્વી લેખક ડૉ. અનંત મૂર્તિએ ભારતીય સાહિત્યપ્રવાહો ઉપર અત્યંત ગંભીર અને મૌલિક ચિંતનથી સભર એવો પેપર વાંચીને શ્રોતાઓને મુગ્ધ કરી દીધા હતા.

આમ એકંદરે પી. ઈ. એન.ના લેખક સંમેલનને સારી સફળતા સાંપડી એમ કહી શકાય. જો કે બધી જ ભાષાના ઉત્તમ સાહિત્યકારો ત્યાં એકત્ર થયા હતા એમ ન કહી શકાય. કેટલાક ઉત્તમ સાહિત્યકારો સ્વભાવથી જ આવાં જાહેર સંમેલનોથી વિમુખ રહેતા હોય છે અને કેટલાક સાહિત્યકારોને આર્થિક, તો કેટલાકને વાડાબંધીનાં કારણો નડતાં હોય છે. એટલે કેટલીક ભાષાના મધ્યમ પ્રકારના સાહિત્યકારોની જ ઉપસ્થિતિ દેખાતી હતી. તેમ છતાં ત્યાં આવનાર સાહિત્યકારોની એકંદરે કક્ષા ઊંચી હોવાને કારણે તથા તેઓ જ માત્ર શ્રોતાવર્ગમાં હોવાને કારણે અને કાર્યક્રમોનું આયોજન વિચારપૂર્વક થયું હોવાને કારણે દરેક ચર્ચા વ્યવસ્થિત, મુદ્દાસર અને પ્રકાશ પાડનારી નીવડી હતી.

આજોલ મુકામે યોજાયેલું સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર એના અધિવેશનના મેળા જેવું નહિ, પણ એનાં જ્ઞાનસત્રોની પરિપાટીનું હતું. છતાં મેળાના તત્ત્વથી એ સાવ મુકત હતું એમ પણ ન કહી શકાય. એકંદરે બસો જેટલા સાહિત્યરસિકો ત્યાં એકત્ર થયા હતા.

આજોલમાં 'સંસ્કારતીર્થ' નામની સંસ્થામાં જ્ઞાનસત્ર યોજાયું હતું. એ સંસ્થાનું સ્વચ્છ અને રમણીય વાતાવરણ, એની વ્યવસ્થા અને એની વિદ્યાર્થિનીઓની કામ કરવા માટેની તત્પરતા ઉત્સાહપ્રેરક હતાં.

પહેલે દિવસે સત્રનું ઉદ્‌ઘાટન શ્રી કાકાસાહેબના હસ્તે થયું. વળી એ કાર્યક્રમમાં પારિતોષિક વિતરણનો કાર્યક્રમ પણ ઉમેરાયેલો હતો. આ ઔપચારિક કાર્યક્રમ સ્વાગત-ગીતથી શરૂ થયો અને એક પછી એક એમ ઓગણીસ જેટલી વ્યકિતઓનાં વકતવ્ય એમાં રજૂ થયાં. આપણી પરિષદના અધિવેશનમાં અને હવે તો જ્ઞાનસત્રમાં પણ શ્રોતાઓમાં માત્ર સાહિત્યરસિકો હોતા નથી. વળી આપણા કાર્યક્રમોનું આયોજન પણ કેટલીક વાર શ્રોતાઓની કસોટી કરનારું હોય છે. વળી ઉદ્‌ઘાટન પ્રવચન કરતાં કાકા કાલેલકર શિક્ષકોનું આ કોઈ સંમેલન છે એમ સમજીને ઠીક ઠીક સમય સુધી બોલેલા અને એમના પુત્ર શ્રી સતીશ કાલેલકર તરફથી ચિઠ્ઠી મોકલાવાઈ ત્યારે તેમને ખ્યાલ આવ્યો અને તે પછી સાહિત્ય વિશે પણ તેઓ એટલું જ લાંબુ બોલ્યા. કાકાસાહેબના વકતવ્યમાં હવે એનું એ જ પુનરુચ્ચારણ જોવા મળે છે અને ૮૮ વર્ષની ઉંમરને લીધે એમને વિસ્મૃતિ પણ થતી હશે. વળી કેટલાંક વર્ષથી તેઓ બિલકુલ સાંભળી શકતા જ નથી. એટલે કાકાસાહેબની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનું કાર્ય હવે પરિષદે બંધ કરવું જોઈએ એમ લાગે છે.

પારિતોષિક વિતરણમાં 'ઉમા-સ્નેહરશ્મિ'નું પારિતોષિક શ્રી હીરાબહેન પાઠકને એમના 'પરલોકે પત્ર' માટે અપાયું. પ્રૉ. ચીમનલાલ ત્રિવેદીએ એ કાવ્યસંગ્રહનો પરિચય કરાવ્યો. આ પારિતોષિક ઉપરાંત બીજાં ત્રણેક પારિતોષિકો પણ અપાયાં. કાકાસાહેબના વકતવ્યથી કહોળાયેલી સભાને ફરીથી સ્વસ્થ અને જીવંત બનાવી શ્રી ઉમાશંકર જોષીના વકતવ્યે. હમેશાં જ્યાં જન્મ લેવાનું મન થાય એવી ગુજરાતની ધરતીને ઓળખાવીને એમણે કાવ્યોચિત બાનીમાં, કવિ નાનાલાલની ઉપમાનો નિર્દેશ કરીને, સરસ રીતે બિરદાવી.

બીજા દિવસની બે બેઠકોમાં પહેલી "લોકસાહિત્ય" વિશે હતી. એમાં વિષયને કોઈ સ્પષ્ટ આકાર જ નહોતો આપવામાં આવ્યો. પરિણામે, કેટલાંક ઉપયોગી વકતવ્ય એમાં રજૂ થયા છતાં એ કાર્યક્રમ સારી સંખ્યામાં શ્રોતાઓને આકર્ષી શકયો નહિ. બપોરની બેઠક 'સર્જાતું સાહિત્ય અને વિવિધ વિચારધારાઓ' પર હતી. એમાં પ્રૉ. ચન્દ્રકાન્ત બક્ષી, પ્રૉ. મધુસૂદન બક્ષી અને પ્રૉ. સિતાંશુ મહેતાએ ખરેખર અભ્યાસપૂર્ણ, વિચારશીલ અને મૌલિક વકતવ્યો રજૂ કર્યાં અને એની ચર્ચા પણ સરસ થઈ. જ્ઞાનસત્રની આ સૌથી સફળ બેઠક હતી એમ કહી શકાય.

ત્રીજે દિવસે પ્રૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળા અને પ્રૉ. ચન્દ્રકાન્ત શેઠે 'આજની કવિતા' વિશે પોતાના પેપર વાંચ્યા. બંનેના વકતવ્યમાં કવિતાના ભાષા સાથે સંબંધની કેટલીક દ્યોતક વિચારણા હતી. એ પેપરો ઉપર ચર્ચા પણ સારી થઈ.

આ ત્રણેય બેઠકોમાં પ્રમુખ શ્રી સ્નેહરશ્મિએ અંતે સમયોચિત સુંદર સમાપન કરતાં પહેલાં શ્રી ઉમાશંકર જોષીને બોલવા માટે વિનંતી કરી તે સર્વથા યોગ્ય અને લાભદાયક થયું. દરેક બેઠકમાં ચર્ચાયેલા બધા મુદ્દાઓને વણી લઈ, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના, શ્રી ઉમાશંકર જોષીએ સમગ્ર દષ્ટિથી જે વિદ્વત્તાપૂર્ણ, મૌલિક અને પ્રેરક વકતવ્ય રજૂ કર્યું એથી શ્રોતાઓમાં ખરેખર સંતોષની સારી લાગણી જન્મી હતી.

આમ એકંદરે આજોલના જ્ઞાનસત્રમાં કેટલાક મહત્ત્વના પ્રશ્નોની ગંભીર, સફળ ચર્ચા થઈ અને જ્ઞાનસત્રના આયોજનની ઉપયોગિતાની પ્રતીતિ થઈ. અલબત્ત, એને એથી પણ વધુ સફળ બનાવવાને હજુ ઠીક ઠીક અવકાશ છે એમ પણ કહી શકાય.

**રમણલાલ ચી. શાહ**

# સંઘ સમાચાર

## સાપુતારા પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે નાસિક નજીક પણ ગુજરાત રાજ્યમાં - દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઊંચાઈએ - આવેલ સાપુતારા નામના હીલ સ્ટેશનનું જાન્યુઆરી તા. ૨૫મી ને ગુરુવાર રાતથી શનિવાર, તા. ૨૭મીની રાત સુધીનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં જોડાનાર ભાઈ-બહેનોને તા. ૨૫મી જાન્યુઆરી ગુરુવારે રાત્રિના ૧૦-૩૦ વાગ્યે વિકટોરિયા ટરમિનસથી ઊપડતી ભુસાવળ પેસેન્જરમાં નાસિક લઈ જવામાં આવશે અને ત્યાંથી બસમાં સાપુતારા પહોંચાડવામાં આવશે. એ જ રીતે જાન્યુઆરી તા. ૨૭મીને શનિવારે સાંજના ચાર વાગ્યે સાપુતારાથી નીકળીને નાસિક થઈને રવિવાર સવારના સાડા પાંચ વાગ્યે મુંબઈ પાછા ફરવાનું રહેશે.

આ પ્રવાસમાં જોડાનાર ભાઈ - બહેનોએ વ્યકિત દીઠ રૂા. ૯૦ અને બાર વર્ષથી નીચેનાં બાળકો માટે રૂા. ૭૦ ભરવાના રહેશે. આ પર્યટન, વહેલો તે પહેલો એ ધોરણે ૮૦ પ્રવાસીઓ પૂરતું જ વિચારવામાં આવ્યું છે. તેથી સંઘના જે સભ્યોને આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ સત્વર ભરી જવા વિનંતિ છે.

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## સાભાર સ્વીકાર

## જૈન સોશ્યલ ગ્રુપ-પરિચય પુસ્તિકા-૧૯૭૨

આ ગ્રૂપે આઠમા વર્ષના અન્તે ૪૦૦ સભ્યોની વિગતપૂર્ણ માહિતી અને દરેક સભ્યોના ફોટોગ્રાફસ સાથેની એક સુન્દર અને વિગતપૂર્ણ પુસ્તિકા તૈયાર કરી છે.

સંપ્રદાયના કોઈ પણ ભેદભાવ વિનાનાં સાંસ્કૃતિક મિલનો એ આ ગ્રૂપનું ધ્યેય છે. શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી ઢેબરભાઈ અને શ્રી પુરુષોત્તમ માવળંકર જેવા વકતાઓ આ ગ્રૂપને ઉદ્દેશી ગયા છે. દર મહિને ગ્રૂપના સભ્યોનું એક મિલન યોજાતું હોય છે. તેમાં વકતવ્યો ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. તેનું સરનામું છે, ૪૮, નાગદેવી, મુંબઈ - ૩.

એક વ્યાપારી ગ્રૂપ હોવા છતાં સાહિત્યિક તેમ જ સાંસ્કૃતિક ક્ષેત્રે આ ગ્રૂપ રસ ધરાવે છે તે માટે તે ખરેખર આપણાં અભિનન્દનનું અધિકારી બને છે.

**માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬**

**મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧**

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૧૯

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૭૩, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ૩૦ જાનેવારી

૩૦ જાનેવારી, ૧૯૪૮ના દિવસે હું ટ્રેનમાં રાજકોટથી લીંબડી જતો હતો. સાંજે સુરેન્દ્રનગર સ્ટેશન પહોંચ્યો ત્યારે ગાંધીજી ઉપર ગોળીબાર થયાના સમાચાર સાંભળ્યા. સ્તબ્ધ થઈ ગયો. સૂનમૂન લીંબડી જવા ટ્રેનમાં બેઠો. વિચારશકિત હણાઈ ગઈ હતી. આઘાતથી મૂઢ મને શૂન્યમનસ્ક બેસી રહ્યો. આંસુ પણ ન આવ્યાં. ચેતનરહિત ઘેર જઈ ઢગલો થઈ પડયો. બીજે દિવસે લીંબડીમાં પ્રાર્થનાસભા થઈ. હજારો સ્ત્રી-પુરુષોએ એક કલાક 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન લગાવી શ્રાદ્ધાંજલિ અર્પી.

૨૫ વર્ષે આજે વિચાર કરીએ તો એમ લાગે છે કે આ બનાવ ઈશ્વરનો અગમ્ય સંકેત હતો. આ બલિદાન આપ્યે છૂટકો હતો. ગોડસે માત્ર નિમિત્ત હતો. પ્રજાજીવનમાં રગેરગમાં ઝેર વ્યાપી ગયું હતું. તેને નીચોવવા ધરતી ભોગ માગતી હતી. બલિદાન જેટલું નિર્દોષ અને પવિત્ર તેટલું ભવ્ય અને પાવનકારી. આ જગતનો ક્રમ કાંઈ એવો છે કે શહીદીથી તે નભે છે. જગતની ઉત્પત્તિ યજ્ઞપુરુષથી થઈ અને યજ્ઞથી સંસારનો વ્યવહાર ચાલે છે. ભીનામાં સૂઈ સંતાનને સૂકામાં સુવાડતી માતા, કષ્ટ વેઠી પોતાનાં સંતાનોને શિક્ષણ આપતાં ગરીબ માબાપ, પડોશીને માંદગી હોય તો રાત-દિવસ સેવા આપતો મિત્ર, જીવનના નાના વ્યવહારમાં આ ત્યાગ છે અને તેથી માનવતા છે; તેમ મોટા વ્યવહારમાં દેશની આઝાદી કાજે સર્વસ્વનો ભોગ આપતા સેંકડો–હજારો યુવાનો અને સ્ત્રી-પુરુષો. સોક્રેટિસને સ્વહસ્તે ઝેરનો પ્યાલો પીવો પડયો, ક્રાઈસ્ટને ક્રોસ ઉપર ખીલા ઠોકયા. અનેક શહીદોએ તેમની ભવ્ય શહીદીથી જગતમાં પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે, જીવન શુદ્ધિ કરી છે. तेन त्यक्तेन भुंजीथा : ત્યાગથી જ ભોગવી શકાય છે.

એમ કહેવાય છે કે લોકો ગાંધીજીને ભૂલી ગયા છે, ગાંધીને દગો દીધો છે, ગાંધીનો દ્રોહ કર્યો છે; ગાંધીનું શારીરિક મૃત્યુ ગોળીથી એક વખત થયું પણ આપણે દરરોજ, હર કલાકે, ગાંધીચીંધ્યા માર્ગની અવગણના કરી ગાંધીનું ખૂન કરી રહ્યા છીએ. આપણા સ્વાર્થી જીવનની અપ્રામાણિકતા કે નૈતિક કાયરતાને આંચકો આપવા અને આપણા ધર્મ કે ફરજની યાદ દેવડાવવા આવું કથન ઠીક છે. બાકી તો તે અર્ધસત્ય છે અને ભ્રામક છે. ગાંધીને ભૂલી જવા અશકય છે. પ્રજાજીવનના અણુએ અણુમાં તે વ્યાપેલ છે. ૧૯૧૫ પહેલાંનું ભારતવર્ષ અને ત્યાર પછીના ભારતવર્ષમાં યુગપલટો થયો તે ગાંધીનો પ્રતાપ છે.

ભારતવર્ષ તો શું પણ દુનિયા પણ ગાંધીને ભૂલી શકે તેમ નથી.

હકીકતમાં ગાંધી માત્ર કોઈ રાજકીય પુરુષ ન હતા કે જેની અસર અમુક સમય પૂરતી જ રહે. ગાંધી ધર્મપુરુષ હતા. એવા પુરુષનો પ્રભાવ માનવજીવનમાંથી લુપ્ત થતો જ નથી. માનવી–સહજ નિર્બળતાને કારણે તેમણે બતાવેલ માર્ગ પૂરો અપનાવી શકતા નથી પણ તે જ સાચો માર્ગ છે એવી અંતરપ્રતીતિ જાગ્રત વ્યકિતને સતત રહે છે. બુદ્ધ કે મહાવીરને, ક્રાઈસ્ટ કે મહમદને ભૂલી ગયા છીએ એમ કહેવાય અને છતાં કરોડો મનુષ્યો હમેશ નત મસ્તકે તેમને યાદ કરે છે.

ગાંધીજીના જીવનની અને તેમના વિચારોની પ્રેરણા વધારે વ્યાપક છે. ગાંધીજી અવતારી કે પૂર્ણપુરુષ ન હતા કે જેની માત્ર પૂજા જ કરીએ. દેખીતી રીતે સામાન્ય માનવી, પુરુષાર્થથી આધ્યાત્મિક જીવનના સર્વોચ્ચ ઉન્નત શિખરે પહોંચી શકે છે તેનું જીવંત દષ્ટાંત છે. વિકારોથી પીડાયા છે, હિમાલય જેવડી ભૂલો કરી છે, અકથ્ય વેદનાઓ સહી છે, છતાં આઈન્સ્ટાઈને કહ્યું છે તેમ આવો એક માનવી સદેહે આ ધરતી ઉપર વિચરતો હતો એવું ભવિષ્યની પેઢી માની ન શકે એટલી વિરાટ આધ્યાત્મિક શકિતનો પરિચય મુઠ્ઠીભર હાડકાંના નિર્બળ દેહે જગતને આપ્યો છે.

ગાંધીજીની જીવનસાધના કઠિન અને દીર્ઘ રહી છે. તે પ્રકટ છે, સૌને માટે ઉપલબ્ધ છે. ગાંધીજીના જીવનની મહત્તાનો આધાર કોઈ ચમત્કારો ઉપર નથી, છતાં તેમનું જીવન અદ્‌ભુત ચમત્કાર છે. તેમના જીવનનો વિચાર કરીએ અને લખાણોનો અભ્યાસ કરીએ તો આશ્ચર્ય થાય કે એક વ્યકિત આટલું બધું કરી કેમ શકે? ઝીણામાં ઝીણી બાબત પણ ધ્યાનબહાર ન જાય. આશ્રમની વ્યવસ્થાની વાત હોય તો છગનલાલ જોશીને વિગતથી સૂચનાઓ આપે. સરદારને કબજિયાત છે તો કોમોડ પર કેમ બેસવું, કેટલો સમય બેસવું, મળવિસર્જન કરતાં બળ ન કરવું તેની સૂચનાઓ આપે. કાકાસાહેબને દાંતની પીડા હોય તો દાંત પડાવવો કે નહિ, પછી શું કરવું, ખાટાં ફળ (સાઈટ્રસફ્રુટ) લેવાં તેની સૂચનાઓ હોય. સેંકડો–હજારો વ્યકિતઓને તેમના જીવનના માર્ગદર્શક–ભોમિયા બન્યા.

જીવનના મહાન પ્રસંગોમાં પ્રચંડ સંકલ્પબળ. મીઠાનો સત્યાગ્રહ હોય કે હિન્દ છોડોની લડત હોય, સાથીઓ સહમત ન હોય ત્યારે પણ પોતાના નિર્ણયને દઢતાથી વળગી રહેવું. એવે સમયે કેટલું મનોમંથન થયું હશે? હજારો સ્ત્રી-પુરુષો હોમાઈ જવાનાં છે તે જાણતા છતાં વજ્રથી પણ કઠોર હૃદય કરી, નિર્ભયતાથી લડત કરવી. મારા મૃતદેહ ઉપર દેશના ભાગલા થશે એવું જાહેર કર્યા પછી, સાથીઓની ખાતર દેશના ભાગલા સ્વીકારવા પડે અને તેનો બચાવ કરવો પડે ત્યારે કેટલી વેદના અનુભવી હશે? હિંસાનો દાવાનળ ફાટી નીકળ્યો ત્યારે સૌ સાથીઓને વિદાય કરી, નોઆખલીમાં મુસલમાનોની વચ્ચે એકલા વિચરતા કેટલી વ્યથા અનુભવી હશે?

આ બધું બળ કયાંથી આવે? ઈશ્વરની અખૂટ શ્રાદ્ધાથી જ. નિર્બલ કે બલ રામ. જીવનની કઠોર વાસ્તવિકતાઓ સાથે, સત્ય અને અહિંસા, પ્રેમ અને કરુણાથી કોઈએ આવો સંઘર્ષ કર્યો નથી, થઈ શકે એવી કલ્પના પણ કરી નથી.

ગાંધીજી વિશે ઘણું લખાયું છે, જીવનચરિત્રો, સંસ્મરણો વગેરે. પણ આ બધું બાહ્ય હકીકતો અને બનાવોની નોંધ જેવું લાગે છે. તેમને સાચી રીતે પિછાની તેમના જીવનનું રહસ્ય બતાવે તે તો બીજો ગાંધી થશે ત્યારે કદાચ જાણવા મળશે.

ચીમનલાલ ચકુભાઈ

# ૨૬ જાનેવારી

જાનેવારી ૨૬, ૧૯૫૦ને દિને સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય તરીકે ભારતનો જન્મ થયો. બ્રિટિશ સત્તાના છેલ્લા પ્રતિનિધિ અને તે પણ એક ભારતીય ગવર્નર-જનરલે સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિને સત્તાનાં સર્વ સૂત્રો સુપરત કર્યા. ત્રણ વર્ષની મહેનત પછી વિધાનસભાએ ઘડેલ બંધારણ તે દિવસે અમલમાં આવ્યું. પાંચ હજાર વર્ષના ઈતિહાસમાં પહેલી જ વાર કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કચ્છ સુધી, એક તંત્ર અને એકસૂત્રથી બંધાયેલ, અખંડ અને દેશના ભાગલા થયા હોવા છતાં, મહાન રાષ્ટ્રનો ઉદય થયો. ભારતની આઝાદીએ એશિયા અને આફ્રિકાના દેશો માટે આઝાદીની ઉષા પ્રકટાવી અને થોડાં વર્ષોમાં સંસ્થાનવાદ અને વિદેશી સત્તાઓનાં સામ્રાજ્યો વિલીન થયાં.

ભારતના બંધારણના ઘડતરમાં ભાગ લેવાનું અને રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના સોગંદવિધિના ભવ્ય સમારંભમાં હાજર રહેવાનું મારું સદ્‌ભાગ્ય હતું. તે દિવસો યાદ કરું છું ત્યારે હૃદય પુલકિત થાય છે.

રાજકીય આઝાદી પછી આ દેશમાં કેવા પ્રકારના સમાજનું નવનિર્માણ કરવું છે તેની ગંભીર અને લંબાણ ચર્ચાઓ મને યાદ આવે છે. વિધાનસભામાં થતી ચર્ચાઓ ઉપરાંત કૉંગ્રેસ પક્ષની લગભગ હંમેશ મળતી બેઠકોમાં કલાકો સુધી મુકત વિચારણા થતી. તીવ્ર મતભેદો હતા. પણ બધાનો તોડ કાઢતા. અંતે નવા સમાજનું સ્વરૂપ કેવું હશે તેનું ચિત્ર અને આદર્શ, બંધારણમાં મૂકયાં, તેના ઉપોદ્‌ઘાતમાં અને વધારે વિસ્તારથી મૂળભૂત અધિકારો તથા રાજ્યનીતિના નિદર્શક સિદ્ધાંતોનાં બે પ્રકરણોમાં. દરેક નાગરિકે આ વાંચવાં જોઈએ, તેના ઉપર મનન કરવું જોઈએ. દરેક વિદ્યાર્થીને, શાળામાં અને કૉલેજમાં શીખવવાં જોઈએ.

ઉપોદ્‌ઘાત મનનીય છે. અહીં રજૂ કરું છું:

"અમે ભારતના લોક, ભારતને એક સંપૂર્ણ પ્રભુત્વસમ્પન્ન લોકતંત્રાત્મક ગણરાજ્ય બનાવવા માટે, તથા તેના સમસ્ત નાગરિકોને, સામાજિક, આર્થિક અને રાજનૈતિક **ન્યાય**, વિચાર, અભિવ્યકિત, વિશ્વાસ, ધર્મ અને ઉપાસનાની **સ્વતંત્રતા**, પ્રતિષ્ઠા અને અવસરની **સમાનતા** પ્રાપ્ત થાય તે માટે અને સૌ **નાગરિકોમાં** વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સુનિશ્ચિત **કરવા**, **ભ્રાતૃભાવ** વધે તે માટે, દઢ સંકલ્પથી આ સંવિધાનસભામાં અને તે દ્વારા આ સંવિધાન અંગીકૃત, અધિનિયમિત અને આત્માર્પિત કરીએ છીએ."

કેટલો ભવ્ય આદર્શ છે. સ્વતંત્રતા, સમાનતા, ભ્રાતૃભાવ, ન્યાય, માનવીનું ગૌરવ. માણસ સમજણો થયો ત્યારથી આ સ્વપ્નો સેવતો આવ્યો છે. હજારો વ્યકિતઓએ, ઈતિહાસના દરેક તબક્કે અને દરેક દેશમાં, આ આદર્શોની સિદ્ધિ માટે બલિદાન આપ્યાં છે. માનવજાત આ આદર્શોથી હજુ ઘણી દૂર છે, આપણે પણ ઘણાં દૂર છીએ. દમન અને શોષણ, ગરીબાઈ અને બેકારી, અસમાનતા અને અન્યાય, આ બધાં અનિષ્ટો વિવિધ સ્વરૂપે સમાજને પીડી રહ્યાં છે.

આપણા દેશનાં છેલ્લાં ૨૫ વર્ષના ઈતિહાસ ઉપર દષ્ટિપાત કરીએ તો આશા - નિરાશાનો અનુભવ થાય છે. કેટલીક વ્યકિતઓ એવી હોય છે કે જે વર્તમાન અને ભવિષ્ય સર્વથા અંધકારમય જ જુએ છે. કેટલાક રાજકીય પક્ષોને આવું વાતાવરણ ઉત્પન્ન કરવામાં સ્વાર્થ હોય છે. ૨૫ વર્ષના ગાળામાં આપણે કેટલીય ગંભીર કટોકટી પાર કરી છે. આપણી પાસે શકિત છે, સાધનો છે, બુદ્ધિશાળી માણસો છે. આપણો દેશ, બીજા અણવિકસિત દેશો પેઠે, અનુભવરહિત નથી. ગરીબાઈ છે, પણ સદીઓ જૂની સંસ્કૃતિ છે. આપણા દેશની સરખામણી કરવી હોય તો ચીન સાથે થાય. ત્યાં પણ આપણા જેવી ગરીબાઈ અને સદીઓની ગુલામી હતી. પણ ભગીરથ પુરુપાર્થથી ગણનાપાત્ર પ્રગતિ કરી છે અને ૨૫ વર્ષની યાતનાઓ અને બહિષ્કાર પછી, દુનિયાના દેશોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક એવી માન્યતા છે કે આ બધું દમનથી અને બળજબરીથી થયું છે. આ વાત સાચી નથી. એ ખરું છે કે ત્યાં આપણા જેવી લોકશાહી નથી, ત્યાં દબાણ છે. પણ માત્ર દમનથી કોઈ સિદ્ધિ થતી નથી. માઓની સિદ્ધિ એ છે કે દેશમાં ત્યાગની અને સેવાની ભાવના દઢ કરી છે અને સ્વાર્થી કે અસામાજિક વર્તન ઉપર જાહેર મતનો ભારે અંકુશ છે. તે સાથે સાદાઈ, અને મોજશોખ અને ઉપભોગ ઉપર કાબૂ છે.

આપણી વર્તમાન સમસ્યાઓ મોટે ભાગે આર્થિક છે. આપણી આર્થિક મુસીબતોનાં કારણો બાહ્ય તેમ જ આંતરિક છે. પાકિસ્તાની યુદ્ધ, દુષ્કાળ, ચીનની દુશ્મનાવટ, અમેરિકાનો વિરોધ, આ બધા સંજોગો તો છે જ. પણ આંતરિક કારણો કેટલેક દરજ્જે આપણા હાથમાં છે અને આપણા પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. હું અહીં આર્થિક નીતિની ચર્ચામાં નથી ઊતરતો. પણ વિશેષ ચિન્તાનો વિષય છે. આપણાં માનસિક વલણ-લાંચ - રુશવત, ધનલાલસા, પૈસો છે, તેવાઓની ઉડાઉગીરી, જાહેર જીવનમાં સામાન્ય પ્રામાણિકતાનો પણ અભાવ, આ બધાં અનિષ્ટો આપણને કોરી ખાય છે. આ દૂષણોમાંથી કોઈ વર્ગ મુકત નથી. રાજકીય વ્યકિતઓ અને પક્ષોને દોષ દઈ આપણે મુકિત મેળવી શકતા નથી.

અલબત્ત, રાજકીય ક્ષેત્રે વ્યાપક ભ્રષ્ટાચાર છે. પણ આપણે પોતે તેને માટે કેટલા જવાબદાર છીએ તે પણ વિચારવું જોઈએ. વેપારી, મજૂર, શિક્ષક, બુદ્ધિજીવી વર્ગ-વકીલ, ઈજનેર, ડૉકટર - શિક્ષિતો, આ બધા એક યા બીજી રીતે કોઈ પણ ભાગે પૈસો મેળવવામાં જ પડયા છે. વ્યકિતસ્વાતંત્ર્ય અને લોકશાહીને નામે સ્થાપિત હિતોનું રક્ષણ કરવાના પ્રયત્નો થાય છે. વાતાવરણમાં હિંસા વધતી જાય છે. આંધ્રનાં તોફાનો ખરેખર ભયજનક સ્થિતિ ઉત્પન્ન કરે છે. કાયદો, પોલીસ અને લશ્કરથી આ સ્ફોટક સ્થિતિને પહોંચી વળાશે નહિ. પ્રજાની સ્વયંજાગૃતિ અને પુરુપાર્થ વિના સરકાર પણ સફળતાપૂર્વક આવી પરિસ્થિતિનો સામનો કરી નહિ શકે.

આ બધું છતાં નિરાશાને કારણ નથી. શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવી ન બેસીએ. દેશમાં ઘણાં સારાં તત્ત્વો અને સેવાભાવી સ્ત્રી - પુરુષો છે, તેમને પ્રોત્સાહન મળે અને પ્રજામત જાગ્રત થાય તે માટે પ્રયત્ન કરવા જોઈએ અને તેમાં શિક્ષિતોની ખાસ ફરજ છે.

**ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

**વિયેટનામમાં યુદ્ધવિરામ**

આખરે વિયેટનામમાં યુદ્ધવિરામ થયો. માત્ર અમેરિકા અને વિયેટનામ જ નહિ પણ દુનિયા છુટકારાનો દમ ખેંચશે કે ઈતિહાસમાં સૌથી ક્રૂર અને ઘાતકી યુદ્ધનો અત્યારે અંત આવે છે અને ભયંકર નિરર્થક સંહાર હવે અટકશે. પ્રેસિડેન્ટ નિક્સને કહ્યું કે તેઓ 'માનભેર'ની શાન્તિ લાવ્યા છે અને તેમણે કરેલી બધી શરતો હેનોઈને સ્વીકારવી પડી છે. માણસ પરાજયમાં પણ અભિમાન છોડી શકતો નથી. જેને નિક્સન માનભેર માને છે તેના કરતાં મોટું કલંક અમેરિકા માટે કોઈ ન હતું. હેનોઈએ અમેરિકાની શરતો સ્વીકારી કે અમેરિકાએ હેનોઈની શરતો સ્વીકારવી પડી તે તો હવે પછીના બનાવો બતાવશે. દુનિયાની સૌથી સમૃદ્ધ સત્તા, એક નાના દેશને, બધાં શસ્ત્રાસ્ત્રો વાપર્યાં તો પણ નમાવી ન શકી. વિયેટ-

નામની પ્રજાની ખાનાખરાબી તો થઈ છે, પણ અમેરિકાએ કેટલું ગુમાવ્યું છે તેનું માપ કાઢી શકાય તેમ નથી. અમેરિકાના ૫૦ હજાર યુવાનો મરી ગયા, ત્રણ લાખ ઘાયલ થયા, ૧૦૦ અબજ ડૉલરનો ધુમાડો થયો તે બધું તો કદાચ સહન થશે અને ભુલાઈ જવાશે, પણ તેનું સામાજિક અને નૈતિક પતન થયું છે તેની અસર ઊંડી ઊતરશે. હજારો સૈનિકો કેફી દવાઓના ભોગ બન્યા, સામાજિક અને નૈતિક મૂલ્યો ગુમાવી બેઠા, ગુનાહિત માનસ પ્રસર્યું, જાતીય વિકૃતિઓ ફેલાઈ વગેરે દૂષણો અમેરિકન જીવનને કોરી ખાશે.

આ યુદ્ધવિરામથી કાયમી શાન્તિ થશે? હજી એવો વિશ્વાસ પડતો નથી. દક્ષિણ વિયેટનામના પ્રમુખ થીયુ જે વધારે સારી રીતે જાણે તેણે કહ્યું કે યુદ્ધની હવે શરૂઆત થાય છે. વિયેટનામના બે વિભાગો – ઉત્તર અને દક્ષિણ–ને એક કરવાની વાત ઊભી જ છે. અમેરિકન લશ્કર દક્ષિણ વિયેટનામમાંથી ૬૦ દિવસમાં ખસી જશે. પણ ઉત્તર વિયેટનામનું લશ્કર તો રહેવાનું છે. આ લશ્કર પણ પાછું ખેંચાવું જોઈએ તેવી થીયુની માગણી અમેરિકા હેનોઈ પાસે સ્વીકારાવી શક્યું નથી. દક્ષિણ વિયેટનામનો સારો એવો પ્રદેશ વિયેટકોંગના કબજે છે તે રહેશે. વિયેટકોંગની આરઝી હકૂમત (પ્રોવિઝનલ ગવર્નમેન્ટ) રહેશે. અમેરિકન લશ્કરની છત્રછાયા ખેંચાઈ જતાં, પ્રેસિડન્ટ થીયુ ક્યાં સુધી ટકશે તે જોવાનું રહે છે. અત્યારે દક્ષિણ વિયેટનામમાં થીયુ સરકાર જ કાયદેસરની સરકાર છે એમ કહેવાયું છે. તેને ટકાવી રાખવાના કેટલાક પ્રયત્નો સંધિ કરારમાં છે. પણ કાગળ ઉપર લખેલું નક્કર વાસ્તવિકતાને ભૂંસી શકતું નથી. પ્રેસિડન્ટ થીયુએ દક્ષિણ વિયેટનામની પ્રજાનું દમન કરવામાં અને અત્યાચારો કરવામાં બાકી મૂકી નથી. લાખો સ્ત્રી-પુરુષોથી તેની જેલો ઊભરાય છે. ઉત્તર વિયેટનામ અને વિયેટકોંગ સાથે સતત સંઘર્ષ રહેશે. આંતરરાષ્ટ્રીય પરિષદ થવાની છે. યુદ્ધવિરામનો ભંગ ન થાય તે માટે ચાર દેશોના ૧૧૬૦ નિરીક્ષકો રહેવાના છે. મુક્ત ચૂંટણી કરી દક્ષિણ વિયેટનામની પ્રજાએ પોતાનું ભાવિ નક્કી કરવું એવી આશા સાથે કાંઈક પ્રબંધ કર્યો છે. અમેરિકા થાઈલૅંડમાં હજુ સારા પ્રમાણમાં લશ્કરી જમાવટ રાખવાનું છે કે જરૂર પડયે ફરી દરમિયાનગીરી કરી શકે. અમેરિકાનું દુર્ભાગ્ય છે કે દુનિયામાં કેટલાય દેશોમાં સરમુખત્યારશાહી અને પ્રત્યાઘાતી બળોને તેણે ટેકો આપ્યો છે અને ટકાવી રાખવા ભગીરથ પ્રયત્ન કરે છે. તાઈવાન અને ચ્યાંગ-કાઈ-શેક જ ચીનની કાયદેસરની સરકાર છે એવો દંભ ૨૧ વર્ષ ચલાવ્યો. છેવટે નમતું મૂકવું પડયું.

ઉત્તર વિયેટનામ સામ્યવાદી છે પણ ચીન અથવા રશિયાની તાબેદારી કે ગુલામી સ્વીકારશે તે માનવું ભૂલભરેલું છે. હો-ચી-મિન્હ મહાન નેતા હતો. ટીટો પેઠે, પોતાના દેશની સ્વતંત્રતા ઉત્તર વિયેટનામને પણ એટલી જ પ્રિય છે. લાઓસ અને કેમ્બોડિયામાં પણ સામ્યવાદી તત્ત્વો સારા પ્રમાણમાં છે. વિચિત્રતા તો એ છે કે રશિયાનું વર્ચસ્વ વધતું અટકાવવા ચીન માગણી કરે છે કે અમેરિકન સૈન્ય એશિયામાં રહે તે જરૂરનું છે. એ જ ભય ઈન્ડોનેશિયા, થાઈલૅન્ડ, મલાયા અને સિંગાપોરને છે. દક્ષિણ એશિયામાં મોટાં પરિવર્તનોનો સંભવ છે. ભારતવર્ષ તેમાં અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે પણ અત્યારે તેવી શકયતા જણાતી નથી. પંદર વર્ષના અનુભવે અમેરિકા એટલું શીખી લે કે આ પારકી ભૂમિ ઉપર પોતાનું લશ્કર મોકલી સ્થાનિક પ્રજાની વિરુદ્ધ લડી શકાતું નથી.

## ગુજરાતમાં દુષ્કાળની પરિસ્થિતિ

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં દુષ્કાળની અસર હવે વધુ ને વધુ જણાતી જાય છે. સદ્‌ભાગ્યે ગુજરાતમાં દુષ્કાળનું સંકટ એટલું વ્યાપક નથી. ચાર જિલ્લાઓ – બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા તથા અમદાવાદ જિલ્લામાં વધતાઓછા પ્રમાણમાં અછતની સ્થિતિ છે. બીજા જિલ્લાઓમાં પ્રમાણમાં સારું છે. સૌરાષ્ટ્ર અને કચ્છ પૂરી રીતે દુષ્કાળમાં ઘેરાયેલ છે અને ખરેખર વિષમ સ્થિતિ છે. ઘાસ, પાણી અને અનાજ, ત્રણેની ભારે તંગી છે. ગુજરાત સરકાર પોતાનાથી બનતા બધા પ્રયત્નો કરી રહી છે. મોટા પ્રમાણમાં રાહતકાર્યો શરૂ કર્યાં છે તેમ જ બીજા પ્રકારની રાહતો પણ છૂટથી આપવાની યોજનાઓ છે. કેન્દ્ર સરકારની પૂરી સહાનુભૂતિ અને મદદ છે. પણ આવાં સંકટોનો સામનો માત્ર સરકારી ધોરણે થઈ શકતો નથી. પ્રજાનું ખમીર અને ધૈર્ય જાળવી રાખવામાં પ્રજાકીય સહકાર અને પુરુષાર્થ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રજાકીય જાગૃતિ જોઈએ તેટલી જોવા મળતી નથી. છટાછવાયા પ્રયત્નો થાય છે. ગામગામના ફંડફાળા શરૂ થયા છે પણ વ્યવસ્થિત યોજના નથી. ગુજરાતનું દૂષિત રાજકીય વાતાવરણ આવી ઉદાસીનતા માટે કાંઈક કારણભૂત છે એમ લાગે છે. સમગ્ર પ્રજાએ સાથે મળી આ સંકટનો સામનો કરવાની ભાવના જાગી નથી. રાજકીય પક્ષો રાજકીય હેતુ માટે આવી પરિસ્થિતિનો લાભ લેવા પ્રયત્ન કરતા હોય તેમ જણાય છે. જનસંઘ ગોડાઉનો તોડવાની પ્રવૃત્તિ કરે પણ સક્રિય સહાય માટે કોઈ પ્રયત્ન નહિ. દુ:ખદ વલણ સંસ્થા કોંગ્રેસ અને તેના આગેવાનોનું છે. સરકારની ટીકા કરવી અને તેને ઉતારી પાડવા સિવાય બીજું કોઈ વલણ દેખાતું નથી. રાજકીય મતભેદોને ભૂલી જઈ, આવા પ્રસંગે સૌએ સાથે મળીને કામ કરવાની વૃત્તિ દેખાતી નથી. વિરોધ પક્ષો કદાચ એવી ફરિયાદ કરી શકે કે તેમનો સહકાર મેળવવા સરકારે પ્રયત્ન કર્યો નથી. આવા વિવાદમાં ઊતરવાનું અત્યારે ઉચિત નથી. આ બાબતમાં મહારાષ્ટ્રે દાખલો બેસાડયો છે. પ્રજાકીય ધોરણે પણ કોઈ સંગઠિત પ્રયત્ન નથી. શાસક કૉંગ્રેસના આંતરિક મતભેદોને કારણે પ્રજાકીય સંગઠન થયું નથી. મુંબઈમાં શાસક કૉંગ્રેસની પ્રદેશ સમિતિએ આ બાબતમાં પ્રશંસનીય કાર્ય કર્યું છે. મહારાષ્ટ્ર સરકાર તરફથી પણ પ્રજાકીય સહકાર મેળવવા ખંતથી પ્રયત્નો થાય છે. ગુજરાત સરકાર અને પ્રજા વચ્ચે આવો સહકાર અસરકારક રીતે જણાતો નથી. સૌરાષ્ટ્રમાં વર્ષો પહેલાં સૌરાષ્ટ્ર રાહત સમિતિ હતી જે સૌરાષ્ટ્રમાં ક્યાંય પણ આવું સંકટ આવે ત્યારે બોજો ઉઠાવી લેતી. આ સમિતિનું ગુજરાત રાહત સમિતિમાં વિસર્જન કર્યું, એમ સમજીને કે હવે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ એક રાજ્ય થતાં એક જ રાહત સમિતિ હોય તે કદાચ વધારે આવકારદાયક લેખ્યું હશે. આ દુષ્કાળમાં ગુજરાત રાહત સમિતિએ પણ પોતાનું કાર્યક્ષેત્ર ગુજરાતના ચાર જિલ્લાઓ પૂરતું સીમિત કર્યું છે. એક એવી હવા ઊભી કરી છે કે સૌરાષ્ટ્રનું કાર્ય શ્રી ઢેબરભાઈ સંભાળશે અને કચ્છનું કાર્ય શ્રીમતી સુમતિબેન મોરારજી સંભાળશે. મુંબઈમાં બે સંસ્થાઓ–સેન્ટ્રલ રિલીફ ફંડ અને ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર–વર્ષોથી દેશના કોઈ પણ ભાગમાં આવું સંકટ હોય ત્યારે રાહતકાર્ય કરે છે તે પ્રમાણે આ વર્ષે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ કાર્ય કરવા આ સંસ્થાઓએ શરૂઆત કરી છે. તે સાથે મહારાષ્ટ્રમાં પણ આ બંને સંસ્થાઓ રાહતકાર્ય કરવાની છે. સૌરાષ્ટ્ર અને કચ્છનું સંકટ એટલું મોટું અને વ્યાપક છે કે આ બે સંસ્થાઓ તો શું પણ એવી દસ-વીસ સંસ્થાઓ માટે કામનો અવકાશ છે અને જરૂરિયાત છે. મુંબઈમાં વસતા સૌરાષ્ટ્ર અને કચ્છના વતનીઓ પોતપોતાના પ્રદેશ કે ગામ માટે ફંડફાળા કરે છે. પણ આ વખતે દુર્ભાગ્યે મારો એવો અનુભવ થયો છે કે દરેક પોતપોતાનું કરવા ઈચ્છે છે અને પોતે જાતે વધારે સારું કરી શકશે એમ માને છે. આ સંકુચિત વૃત્તિ અનુભવના અભાવનું પરિણામ છે એવો મારો નમ્ર મત છે. અમદાવાદ અને ગુજરાતે પણ સૌરાષ્ટ્ર અને કચ્છની વહારે જવાની ભારે જરૂરિયાત છે. સંકટ વધતું જાય છે અને માર્ચથી જૂન સુધી ચાર મહિના કટોકટીના હશે. અત્યારથી બધી વ્યવસ્થા કરવાની

જરૂર છે. પ્રજાકીય પ્રયત્નો સરકારી કામના પૂરક રહે એટલું જ શકય છે. ઘાસ, પાણી અને અનાજ ત્રણેના પુરવઠા ઉપર રાહતનો આધાર છે. સરકારી કામોમાં કાર્યક્ષમતાનો અભાવ અથવા લાંચ-રુશવત હોય ત્યાં પ્રજાકીય સહકારથી તે અટકાવી શકાય. પ્રજાનો આત્મા હજી જાગ્રત થયો નથી. સંકટ ઘેરી વળે તે પહેલાં, હજુ સમય છે ત્યારે ચેતીએ.

**શ્રી ઢેબરભાઈ અને ડૉ. ડી. એસ. કોઠારીનું બહુમાન**

પ્રજાસત્તાક દિને સન્માનનીય વ્યકિતઓનું રાષ્ટ્રપતિ તરફથી બહુમાન થાય છે તેમાં આ વર્ષે શ્રી ઢેબરભાઈ અને ડૉ. ડી. એસ. કોઠારીને પદ્મવિભૂષણ એનાયત કર્યા તેથી આપણને સૌને અને મને અંગત રીતે ઘણો આનંદ થયો છે. આવી સુયોગ્ય વ્યકિત-ઓનું બહુમાન કરી તેમની કદર કરવા માટે રાષ્ટ્રપતિને અભિનંદન ઘટે છે.

શ્રી ઢેબરભાઈએ ૧૯૩૭માં જાહેર જીવનની શરૂઆત કરી ત્યારથી ૩૫ વર્ષમાં એકધારી સેવા વિવિધ ક્ષેત્રે અને જવાબદારી-ભર્યાં સ્થાનોમાં તેમણે આપી છે. શ્રી ઢેબરભાઈ કરતાં પીઢ કાર્યકરો ૧૯૩૭માં સૌરાષ્ટ્રમાં હતા. પણ સરદાર અને બાપુએ શ્રી ઢેબરભાઈને પસંદ કર્યા અને તેમનામાં વિશ્વાસ મૂકયો અને સૌરાષ્ટ્રના રાજકીય ક્ષેત્રનું સુકાન તેમને સોંપ્યું. રાજકોટની લડતમાં તેમની પહેલી કસોટી થઈ અને સરદાર અને બાપુની પરીક્ષામાં તેઓ પાર ઊતર્યા. લીંબડીની લડતને કારણે હું તેમના પરિચયમાં આવ્યો અને ત્યારથી અમારો સંબંધ ગાઢ રહ્યો છે. જૂનાગઢની આરઝી હકૂમત સમયે અમે ઘણા નજીક આવ્યા. ૧૯૪૮માં સૌરાષ્ટ્રનું એકમ થયું ત્યારે સ્વાભાવિક રીતે આ નવા રાજ્યની રચના અને વ્યવસ્થા કરવાની જવાબદારી તેમને શિરે આવી. શૂન્યમાંથી સર્જન કરવાનું હતું. ૨૦૨ સરહદો અને કાંઈક ગૂંચવણભર્યા પ્રશ્નોમાંથી એકતા ઊભી કરવાની હતી. કેટલીક વખત જાનના જોખમે પણ આ કામ કેટલી સફળતાપૂર્વક તેમણે પાર પાડયું તે સુવિદિત છે. એ કાળમાં સૌરાષ્ટ્રનો જે વિકાસ થયો તે ખરેખર પ્રશંસનીય હતો. ત્યાર પછી કોંગ્રેસના પ્રમુખપદનો કાંટાળો તાજ તેમના શિરે મુકાયો. ચાર વર્ષ સુધી આ ભાર ઉઠાવ્યો. પછીના સમયમાં ગુજરાત કોંગ્રેસના આગેવાનોની નીતિને કારણે, ગુજરાત અને સૌરાષ્ટ્રને તેમની શકિતનો જેટલો લાભ મળવો જોઈએ તે નથી મળ્યો. લોકસભામાં ચૂંટાયા પણ ત્યાંથી રાજીનામું આપી, ખાદી ગ્રામોદ્યોગ પંચનું અધ્યક્ષપદ સ્વીકાર્યું અને છ વર્ષ સુધી તે સંભાળ્યું. નાગરની સંસ્કારિતા અને કાર્યકુશળતા તેમનામાં ભારોભાર છે. ગાંધીજીની વિચારધારાથી પૂરા રંગાયેલા છે. સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારી છે. વ્યકિતગત અને જાહેર જીવનમાં નૈતિક મૂલ્યોની પ્રતિષ્ઠાના એ આગ્રહી છે. ઘણું ખમી ખાવું અને ગળી જવું તેમના સ્વભાવમાં છે. ગાંધીજીની પેઠે, કેટલીક વખત તેમની કાર્યપદ્ધતિથી તેમના સાથીઓ મૂંઝવણમાં મુકાય છે પણ સૌના આદર અને પ્રેમના પાત્ર રહે છે. ખાદી અને ગ્રામોદ્યોગ અને વિકેન્દ્રિત અર્થરચનામાં પૂરી શ્રદ્ધા છે. કેટલાક સમયથી તેમનું સ્વાસ્થ્ય કથળ્યું છે અને ચિન્તા કરાવે તેવો વ્યાધિ છે. છતાં દુષ્કાળના કામમાં ડૂબ્યા છે. તેમને પદ્મવિભૂષણ બનાવ્યા તેથી તે પદનું ગૌરવ થયું છે.

ડૉ. દોલતસિંહજી કોઠારી, હમણાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષપદેથી નિવૃત્ત થયા. મહાન વૈજ્ઞાનિક છે. ખાસ કરીને અણુ-વિજ્ઞાનના નિષ્ણાત છે. યુ. જી. સી. ના અધ્યક્ષ તરીકે, સમર્થ શિક્ષણ-શાસ્ત્રી તરીકે પરિચય આપ્યો અને શિક્ષણ કમિશનના ચેરમેન તરીકે 'કોઠારી કમિશન રિપોર્ટ' શિક્ષણના ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન છે. તેમની વિદ્વત્તા સાથે તેમના પ્રત્યે આદર કરે તેવા તેમના ગુણો છે. નમ્રતા અને સાદાઈ તથા તેમની ધાર્મિક વૃત્તિ. અણુવિજ્ઞાનના અભ્યાસે અહિંસામાં તેમની શ્રદ્ધા દૃઢ કરી છે. તેઓ માને છે કે ધર્મ અને વિજ્ઞાનના સમન્વય વિના માનવજાત બચી શકે તેમ નથી. અણુશકિતની સંહારકતા સામે અહિંસા કેળવવી અને આચરવી એ જ બચાવ છે. જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં તેમનું પ્રવચન 'ધર્મ અને વિજ્ઞાન' ઉપર હતું, જેનાથી ઘણા શ્રોતાઓ પ્રભાવિત થયા હતા.

ડૉ. કોઠારી સ્થાનકવાસી જૈન છે. સ્થાનકવાસી કોન્ફરન્સના પ્રમુખ હતા. જૈન સમાજનું ગૌરવ છે.

૨૭-૧-'૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

# અન્ન અને પાણી, ત્યાં જ જીવન

કુરળના રચયિતા સંત તિરુવલ્લુવર ઈસ્વીસન પહેલી સદીમાં થયા હોય તેમ લાગે છે. તેઓશ્રીની જન્મ અને કર્મભૂમિ તામિલ-નાડુ (મદ્રાસ) છે. જૈન શ્રમણો દક્ષિણ ભારતમાં વિહાર અને ધર્મ-પ્રચાર કરતા હતા. શ્રાવણ-બેલગોળામાં (મહિસુર) બાહુબલિની ભવ્ય અપ્રતિમ મહાકાય પ્રતિમા તેની સાક્ષી પૂરે છે. કદાચ સંત તિરુવલ્લુવર તેમના સહવાસમાં આવ્યા પણ હોય અથવા તો જૈન સંસ્કૃતિની અસર પડી હોય એમ લાગે છે. તેઓશ્રીએ તેમનાં પત્ની વાસુકીના મૃત્યુ બાદ સંન્યાસ ગ્રહણ કરેલો. આત્માનુભવથી કુર-ળની રચના કરી. સત્યનું દોહન કર્યું.

તેઓશ્રીએ કુરળમાં પ્રકરણ-૨માં વર્ષા-સ્તુતિ કરી છે, જે અક્ષરશઃ નીચે મુજબ છે:

"(૧૧) વર્ષાની અચૂક વૃષ્ટિ જ પૃથ્વીની જીવાદોરી છે વર્ષાને અમૃતરૂપે જુઓ. અમૃત એટલે દેવતાઓનું પેય.

(૧૨) જીભને મીઠો લાગતો અનાજનો એક એક કણ વર્ષાએ માનવીને આપેલો ઉપહાર છે. વર્ષા પોતે પણ માનવીનો આહાર છે.

(૧૩) જો વર્ષા ન વરસે તો મહાસાગરથી વીંટળાયેલી હોવા છતાં પૃથ્વી ભીષણ દુષ્કાળથી ભરખાઈ જવાની.

(૧૪) જો અંતરીક્ષનાં ઝરણાં સુકાઈ જશે તો ખેડૂતો હળ હાંકતા બંધ થશે.

(૧૫) વર્ષા જ વિનાશનું નિમિત્ત છે; અને એની એ વર્ષા, વિનાશ પછીના નવજીવનનું પણ નિમિત્ત બને છે.

(૧૬) અંતરીક્ષમાંથી જળની વર્ષા નહિ થાય તો ઘાસ પણ ઊગતું અટકી જશે.

(૧૭) જો અંતરીક્ષ મહાસાગરના જળને શોષવાનું અને તેને પુનઃ વરસાવવાનું બંધ કરશે તો પ્રચંડ મહાસાગરો દુર્ગન્ધથી છવાઈ જશે.

(૧૮) જો આકાશ શુષ્ક બની જશે તો દેવોને હવિ નહિ મળે, પૃથ્વી પર ઉત્સવો નહિ થાય.

(૧૯) જો સ્વર્ગની સરવાણીઓ વરસ્યા વિના રહેશે તો વિશાળ પૃથ્વી પર દયા કે તપનું નામનિશાન નહિ રહે.

(૨૦) જળ વિના આ પૃથ્વીની લીલા શકય નથી. એટલે જ ધર્મજ્ઞ મનુષ્યોનો સદાચાર વર્ષા પર અવલંબે છે."

વરસાદ રૂઠે ત્યારે શું થાય તેનું પ્રત્યક્ષ ચિત્ર આજે સારાય ભારતદેશમાં જોવા મળે છે. સમગ્ર દેશની ધરતીમાં આગ ભભૂકી ઊઠી છે. ગયા વર્ષે હરિયાળા પાકથી ઝૂલી રહેલી ધરતી આજે શૂન્યકાર - સ્મશાનવત્ લાગે છે. સ્મશાનમાં મડદાં બળે ત્યારે જે ભડકાઓની જ્વાળા દેખી માનવહૈયું નિરાશ અને વૈરાગ્યમય બની જાય, તેથી વિશેષ ખેતરનું કરુણ દશ્ય છે. દુનિયામાં દરિ-યાનું પાણી ત્રણ ભાગમાં છે. છતાં તેનાથી ખેતરને શો લાભ? ગામડાઓમાં ભયંકર ભૂખમરો - બેકારી - લૂંટફાટના બનાવો વર્ત-માનપત્રમાં રોજ વાંચીએ છીએ. શહેરોમાં ભરચક વ્યાપારી લત્તામાં આવેલી દુકાનોમાં શાંતિ છે. કોઈ ખરીદી કરતું નથી. ફક્ત રેશનિંગની અનાજની દુકાનો ઉપર આબાલવૃદ્ધોની કતાર દેશની અન્ન અને ધનની તંગી બતાવી આપે છે. અન્ન અને પાણી ત્યાં જ જીવન. તેથી સંત તિરુવલ્લુવરે વર્ષા-સ્તુતિ કરી તેનો મહિમા ગાયો છે. અનાવૃષ્ટિનું દશ્ય આજે કેટલું ભયાનક લાગે છે!

સંકલન: **દિનેશચંદ્ર એન. મહેતા**

# ☆ ઉપનિષદનો મહામાનવ ☆

[ સંઘ આયોજિત ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલ વ્યાખ્યાનનો ટૂંકસાર ]

ઉપનિષદોનો શોખીન છું. વાંચતાં જ મસ્તી આવી જાય છે. માનવી અને પ્રભુમાં મારે ભેદ નથી એ ભાવનામાં જે કહું તે ગમે તો સ્વીકારજો.

મહામાનવ હજુ સર્જાયો નથી. એ હજુ કલ્પના છે.

બૃહદારણ્યમાં એની પ્રબળ કલ્પના છે. યાજ્ઞવલ્કયે એની કલ્પના મૂકી છે. આ ઈન્દ્રિયોની વાત નથી પરંતુ એને પેલે પારની કલ્પનાની વાત છે. આ વાત એણે એના શિષ્યોને કરી હતી.

જ્યાં જઈએ ત્યાં આ જ મન રહે છે. આ લોભ, મોહ, વસ્તુ, ક્રોધ સાથે લઈ જતા હોઈએ છીએ. પરંતુ આ બધું 'અનિત્યમ્' છે. મન અનિત્ય છે. ઈન્દ્રિયો, દ્રવ્યો પણ અનિત્ય છે. માનવ-શરીર ઉત્ક્રાંતિને એવે તબક્કે આવે છે કે આપણને તે ઉપર લઈ જાય છે. શ્રી અરવિંદનો દાખલો આપણી સમક્ષ જ છે.

ઉપનિષદમાં નિત્ય વસ્તુ છે, જે આ બધાંથી પર છે. ઉપનિષદમાં પરા અને અપરા વિદ્યાનો ઉલ્લેખ છે જ.

સત્યકામ જાબાલ, સુકેતુ, ગોશા, અપાલા, રાત્રી આ બધી એક જ વાત છે. બધા જ ઉપનિષદમાં સર્વવ્યાપી એક જ બ્રહ્મતત્ત્વ છે. એ બધાં હૃદયંગમ પાત્રો છે. એક જ પરંપરા છે. માત્ર તેમણે જુદાં જુદાં સ્વરૂપો ધારણ કર્યાં છે. આ બધાં એક જ આત્માનાં રૂપો છે.

આ બધું સત્ય હશે ખરું? શ્રદ્ધાનો સંચાર થાય એ માટે એ બધું થયું કે કરાયું હોય. "રસનંદા" પુસ્તકમાં આ વિશે મેં લખ્યું છે.

૧૯૪૭-૪૮ની વાત છે. એ વખતે હું 'સૂટેડ-બૂટેડ હતો. ૧૨૫ વર્ષની વયના સંત હંસજીનો પરિચય થયો. એમનું ટટ્ટાર શરીર જોઈને દંગ થયો. એવામાં હું 'ઑલિવર લૉર્ડ' વાંચતો હતો. એનું વાક્ય – "Mind is connected with ether" (ઈથર સાથે મન સંકળાયેલું છે.) મનમાં બેસી ગયું હતું. એ વખતે હું બૃહદારણ્ય પણ વાંચતો હતો. એમાંનું "અનંતમ્ વય મન" અને 'ઑલિવર લૉર્ડ'માંના પેલા વિચારનું સામ્ય જોયું.

એક દિવસે વહેલી સવારે આ સમજવા સંત હંસદેવ પાસે પહોંચી ગયો. બંને વિચારોમાં મેળ બેસાડવા જણાવ્યું. એમણે કહ્યું કે પ્રાણોપાસનાથી, ૐકારથી આ બધી સિદ્ધિ મેળવી શકવાની વાત કરી. એ સિદ્ધિના મૂળમાં પ્રાણોપાસના, ૐકાર હોવાનું એમણે જણાવ્યું. એમણે મને તૈતરીય ઉપનિષદ વાંચવા કહ્યું. આપણા પાંચેય કોષોની વાત એમાં છે.

ૐકારમાં વ્યાપ્ત થતાં તે તમારામાંથી પસાર થશે. તમારામાં એકાગ્રતા આવશે. કઠોપનિષદમાં પણ ૐકારની વાત છે જ. ઉપનિષદો માત્ર Informative (માહિતીપ્રદ) ગ્રંથો નથી. ઉપાસના પછી જ્ઞાન મેળવવા માટેના એ ગ્રંથો છે. છાયાપુરુષની જે જે સિદ્ધિઓ છે તે તૈતરીય ઉપનિષદમાં અપાઈ છે. એ અન્નમય, પ્રાણમય, મનોમન, વિજ્ઞાનમય થાય છે અને પછી એ બધું સર્વજ્ઞ બની જાય છે.

મેકસમુલરે વેદો વિશે લખ્યું છે. વેદોમાં ઈતિહાસ-ભૂગોળની વાતો નથી. મેકસમુલરની વેદ વિશેની વાતો મૂર્ખાઈભરેલી છે, કેમકે આર્યો નવરા હતા નહીં. એમાં બ્રહ્માંડ વગેરેની વાત છે. વેદને સમજવા માટે ઉપનિષદની જરૂરિયાત ઊભી થાય છે. યાજ્ઞવલ્કય 'સુપર સૉક્રેટિસ' માણસ હતા. આ બધું સમજવા જેવું છે.

યાજ્ઞવલ્કય એમના પ્રિય શિષ્યને અંદર ઉપાસના માટે લઈ જાય છે. આવા પ્રસંગોથી મારો વિશ્વાસ બેસી જાય છે.

ઉપનિષદોમાં કેટલાય પ્રકારની ઉપાસનાઓ છે. ઉપનિષદોમાં અનેક સૂચક શબ્દો છે. એમાં સૌન્દર્ય છે. બસ, એ સૌન્દર્ય માણ્યા જ કરો. વેદ-ઉપનિષદની પરંપરામાં શ્રીકૃષ્ણે ગીતા ગાઈ છે.

ભગવાન મહાવીરે પણ આ ઉપાસનાની વાત કરી છે. કોઈ પણ ભારતીય દાર્શનિક ઉપાસના વગરની વાત કરતો નથી. જો કે એ વૈખરીનો વિલાસ નથી. આધ્યાત્મિક સંસ્કૃતિ એ જ ભારતીય સંસ્કૃતિ છે. ટૂંકમાં આત્માને પ્રિય છે એ જ સાચું. આત્માના આનંદને પરિણામે એ સંભવી શકે છે અને આત્માના આનંદને ક્યાંયથી ખરીદી શકાતો નથી. બ્રહ્માનંદ એ જ સાચો આનંદ છે.

ભૂમિકા ઉપરથી ક્રમે ક્રમે ઉપર જવાય છે. અનેક દૃષ્ટાંતો-માંથી આ ફલિત કરાયું છે. આવા સંસ્કારથી વિશાળ દૃષ્ટિ આવે છે. એનાથી સાત્ત્વિક આનંદ પ્રગટે છે. પરંતુ 'ઉત્તિષ્ઠ જાગૃતિ' પ્રમાણે જાગૃત થઈને ઊભા થવું જોઈએ.

સત્યાગ્રહ કરવો હોય તો એ માટે મન અને ચિત્તનો અધિકાર જોઈએ. આવા અધિકારની વાત ઉપનિષદમાં છે. સત્યકામ જાબાલની વાતમાં આનો જ ઉલ્લેખ છે. એ ગુરુને એના જન્મની વાત કરે છે. એની નિષ્ઠા, એનું સત્ય, એનું તપ જોઈ ગુરુને સંતોષ થયો.

સત્ય-તપ માટે અભયવ્રત પાળવું જોઈએ. આ અભય અસ્વસ્થ નહીં ચાલે. ઉપનિષદમાં જણાવાયું છે કે 'તું જ્યારે બ્રહ્મની ઉપાસના કરે ત્યારે ડર્યા વગર તારું કાર્ય કર.' બ્રહ્મશકિતમાં નિષ્ઠા રાખીને આગળ વધવાનો એમાં આદેશ છે.

આવા આદેશને માથે ચઢાવીને સત્યકામ ગાય ચરાવવાનું કામ લઈને વનમાં પણ જાય છે.

બ્રહ્મજ્ઞાન એ ગોખવાનું કે અરણ્યમાં જવા માટેનું જ્ઞાન નથી. મહામાનવ થવાનું આપણા માટે સર્જાયું છે. શ્રી અરવિંદે જે કંઈ લખ્યું છે તે સાચું છે. ઉત્ક્રાંતિ માટે આપણું સર્જન થયું છે. જ્ઞાનની આવશ્યકતા માટે આ જરૂરી છે.

–યશોધર મહેતા

# ❋ પ્રેરણા ❋

રૂના પોલ જેવા આકાશમાં પથરાઈને પડેલાં વાદળાં, ધોળાં દરિયાના મોજાં, સ્વચ્છ નિર્મળ ચાંદની, બચપણના દૂધિયા દાંત, ચમકતા સફેદ મોતીની માળા, શ્વેત વસ્ત્રોમાં સજ્જ પરિચારિકાઓ કે શાળાનાં બાળકો-શ્વેત રંગનું સર્વ દર્શન પ્રિય લાગે છે; પરંતુ જિંદગીની કોઈ એક પળે આયનામાં દેખાતો માથા પરનો સફેદ વાળ મનમાં આટલી બેચેની શીદને પ્રેરે છે? 'શ્યામ રંગ સમીપે ન જાઉં મારે' ગાનાર મન, મસ્તક પરના આ શ્વેત કેશને શ્યામલ કરવા આટલા ફાંફાં શું કરવા મારે છે?

પૂર્ણવિરામ ભણી વળાંક લેતી જીવનગતિનો સંકેત કરનાર આ સફેદ વાળ ખરેખર શું માનવીની અવકૃપાને પાત્ર છે?

ના!...ના!... કલ્પની કાલિમાથી વિકૃત બનેલો કે નિષ્ઠુર બનેલો કે નિષ્ઠુર રીતે ચૂંટાઈને કોઈ ખૂણે ફેંકાઈ ગયેલો મસ્તક પરનો આ સફેદ વાળ તો મન-ઈન્દ્રિયોની આ બધી રંગલીલાને પેલે પાર રહેલા જીવનની પ્રેરણા છે!

શારદાબેન બાબુભાઈ શાહ

# સંઘના લાઈફ મેમ્બરો

**સંઘનાં આજીવન સભ્યોનાં ૧૪૧ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે:**

૧૪૨ શ્રી ધારસી મોણસી ભુજપુરીઆ
૧૪૩ શ્રી જયન્તીલાલ એન. ડેલીવાળા
૧૪૪ શ્રી હિંમતલાલ છોટાલાલ શાહ
૧૪૫ શ્રી વિનોદચંદ્ર ભાણજી શાહ
૧૪૬ શ્રી પ્રેમચંદ લક્ષ્મીચંદ શાહ
૧૪૭ શ્રી કેશવજી હીરજી ગોગરી
૧૪૮ શ્રી પોપટલાલ મેઘજી
૧૪૯ શ્રી રવજી ખીમજી છેડા
૧૫૦ શ્રી મૃદુલાબહેન પી. મહેતા (ગ્રામ દક્ષિણામૂર્તિ–લોકશાળા)
૧૫૧ શ્રી હેમેન્દ્ર શાન્તિલાલ દેવજી નન્દુ
૧૫૨ શ્રી ચંદુલાલ છોટાલાલ મહેતા–અમદાવાદ
૧૫૩ શ્રી અનિલકુમાર છોટુભાઈ
૧૫૪ શ્રી બાલકૃષ્ણ જે. ગાંધી
૧૫૫ શ્રી પન્નાલાલ બાલાભાઈ ઝવેરી–અમદાવાદ
૧૫૬ શ્રી શાન્તિલાલ હરજીવનદાસ શાહ

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ☆ નિષ્ઠાવાન પત્રકારના જીવનની એક ઝલક ☆

"સનસનાટીવાળા સમાચાર છાપીને ખોટા પડવા કરતાં ચોક્કસ તપાસવાળા સાચા અને સચોટ સમાચાર; ભલે પછી તે જનતાના તીખા સ્વાદની દૃષ્ટિએ મોળા હોય તેવા પણ આધારભૂત સમાચાર છાપવાનું હું પસંદ કરું છું." આ ઉદ્ગારો તાજેતરમાં બ્રિટનના આર્થિક બાબતોના દૈનિક વર્તમાનપત્ર 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ'ના નિવૃત્ત થયેલા તંત્રી સર ગૉર્ડન ન્યુટને ઉચ્ચાર્યા હતા. સર ગૉર્ડનની આ નિવૃત્તિને યુરોપનાં તમામ વર્તમાનપત્રોએ ખૂબ મહત્ત્વ આપ્યું હતું પણ ભારતમાં પત્રકારજગત સિવાયના લોકોને તે ઘટનામાં બહુ રસ ન હોય એટલે ખાસ કરીને ગુજરાતી વર્તમાનપત્રોમાં સર ગૉર્ડનની નિવૃત્તિનો નિર્દેશ થયો નથી.

યુરોપ અને અમેરિકાનાં મોટાં વર્તમાનપત્રોના તંત્રીઓનું શાસકો ઉપર સારું વજન હોય છે. ભારતમાં તો સરકારને અનુકૂળ હોય તેવાં વર્તમાનપત્રોને કેટલાક પ્રધાનો સરકારના અમુક નિર્ણયોની અગાઉથી જાણ કરી દે છે. ઉપરાંત પોતાનાં વકતવ્યો ભારતીય વર્તમાનપત્રમાં સારી રીતે છપાય તે માટે વર્તમાનપત્રના તંત્રીઓ સાથે સુંવાળા સંબંધો રાખવા પૂરતો સરકાર અને વર્તમાનપત્રનો સંબંધ મર્યાદિત બને છે. જો કે 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના તંત્રી વિભાગના શ્રી શામલાલને વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધી સાથે નિકટનો પરિચય છે એટલે વાતચીતમાં સરકારની નીતિ અંગે શ્રી શામલાલ ટકોર કરતા હશે; પરંતુ કોઈ વર્તમાનપત્રના તંત્રીને યોગ્ય આર્થિક નિર્ણય લેવા અંગે સલાહ આપવા નવી દિલ્હી બોલાવ્યા હોય તેવો કિસ્સો ભારતમાં બન્યો નથી. ઈંગ્લાંડે પૌંડનું અવમૂલ્યન કરવાનું હતું ત્યારે સર સ્ટેફર્ડ ક્રિપ્સે 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' ના તંત્રી સર ગૉર્ડનની સલાહ લીધી હતી. અત્યાર સુધી પણ બિનસત્તાવાર રીતે બ્રિટનના નાણાપ્રધાન કે આર્થિક બાબતોના પ્રધાન અવારનવાર સર ગૉર્ડન સાથે મસલતો કર્યા પછી નિર્ણયો લેતા હતા. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના કટારલેખક શ્રી દિલીપ મુકરજીએ લખેલા લેખો કે તેમનાં મંતવ્યોનું નવી દિલ્હીમાં સારું વજન પડે છે, પણ શ્રીમતી ઈન્દિરા ગાંધી કોઈ તંત્રી કે પત્રકારની સલાહ લેતાં હોય તેવું સાંભળવામાં આવ્યું નથી. દિલ્હીના 'સ્ટેટ્સમેન' અને 'હિંદુસ્તાન ટાઈમ્સ' જેવાં વર્તમાનપત્રોની ટીકાને શ્રીમતી ગાંધી સિવાયના પ્રધાનો ગંભીરતાપૂર્વક વિચારે છે ખરા પણ તે ટીકાનો સરકારના નીતિવિષયક નિર્ણય ઉપર બહુ પ્રભાવ પડતો નથી.

બ્રિટનમાં 'સેન્ટ્રલ ઑફિસ ઑફ ઈન્ફોર્મેશન' નામનો એક માહિતી વિભાગ છે, જેની કામગીરી ઘણી મહત્ત્વની ગણાય છે આ વિભાગની સમીક્ષા કરવા માટે બ્રિટનના વડા પ્રધાન શ્રી એડવર્ડ હીથે સર ગૉર્ડનને વિનંતિ કરી હતી અને સર ગૉર્ડને બહુ સરસ સમીક્ષા કરીને આ વિભાગની કુશળતા વધારવામાં મદદ કરી હતી. આર્થિક જગતના જ સમાચારો આપતા 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ,' જેનું કદ માત્ર ૮ પાનાંનું હતું અને ફેલાવો ૫૦,૦૦૦ નકલનો હતો ત્યારે સર ગૉર્ડન ૨૩ વર્ષ પહેલાં તંત્રીપદે આવ્યા અને તેમની ચોકસાઈ તેમ જ નિષ્ઠાને કારણે 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ'નો ફેલાવો વધીને અત્યારે ૨ લાખ નકલનો થયો છે અને તેનું કદ વિસ્તરીને ૪૦ પાનાંનું થયું છે. સર ગૉર્ડન ૬૫ વર્ષની વયે હજુ પણ 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ'ના તંત્રીપદનો કાર્યભાર ઉપાડવા સમર્થ હતા. પણ તેમણે મજાકમાં કહ્યું કે "લોકો ત્રાસીને કહે કે આ ડોસો હજુ કેમ જતો નથી તે પહેલાં મારે યુવાન લોહીને જગ્યા આપવા નિવૃત્ત થવું જોઈએ." સર ગૉર્ડનને તેના વર્તમાનપત્રે સાવ નિવૃત્ત કરવાને બદલે તેમને ડિરેકટર બોર્ડમાં સમાવ્યા છે તે બતાવે છે કે ૨૩ વર્ષમાં તેમણે તેમના વર્તમાનપત્ર સાથે કેવો લાગણીભર્યો સંબંધ બાંધ્યો હશે. લાંબો વખત એક વર્તમાનપત્રમાં તંત્રીપદે રહેનારા લગભગ તમામ તંત્રીઓને તેમના વર્તમાનપત્ર પરત્વે મમતા બંધાઈ જાય છે. કદાચ દીકરા પ્રત્યેની મમતા છૂટે પણ પોતાના સંપૂર્ણ વ્યકિતત્વને જેમાં નીચોવ્યું હોય તેવા વર્તમાનપત્રમાંથી તેમની મમતા છૂટતી નથી. સર ગૉર્ડન સમક્ષ જ્યારે કોઈ પણ વ્યકિત 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ'ની પ્રશંસા કરે ત્યારે તે અચૂક કહેતા કે "એક 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' જ નહિ પણ કોઈ પણ વર્તમાનપત્ર એ એકલા તંત્રીની કુશળતાથી ચાલતું નથી. વર્તમાનપત્ર બધાની સહકારી ભાવનાની પેદાશ છે. સવારે ચા પીતી વખતે તમારા હાથમાં આવેલું વર્તમાનપત્ર નીચેની વ્યકિતઓની મહેનતનો સુંદર સરવાળો છે: તંત્રી વિભાગના ઉપતંત્રીઓ, સંચાલકો, જાહેરખબર વિભાગના કર્મચારીઓ, કમ્પોઝિટરો, છાપનારાઓ અને વિતરકો." સર ગૉર્ડનની આ વાત વર્તમાનપત્ર સાથે સંકળાયેલી કોઈ પણ વ્યકિતને ગળે તુરત ઊતરી જશે.

તંત્રીની ફરજ અંગે સર ગૉર્ડને ઉચ્ચારેલું મંતવ્ય પણ જાણવા જેવું છે. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર અને અધ્યક્ષો એક મૂળભૂત નીતિ આલેખી હોય છે. તંત્રીએ આ નીતિને અનુરૂપ રહીને દેશમાંથી કે વિદેશમાંથી શ્રેષ્ઠ ભેજાંઓને શોધી કાઢીને તેમને માર્ગદર્શન આપીને એ ભેજાંનું સત્ત્વ વર્તમાનપત્રમાં રેડવાનું હોય છે. સર ગૉર્ડન ભેજાંઓ ચૂંટવામાં પક્કા હતા. અહીં એ વાત નોંધવાની લાલચ થાય છે કે જન્મભૂમિ જૂથના અર્ધસાપ્તાહિક પત્ર 'વ્યાપાર'ના તંત્રી શ્રી હ. ઝ. ગિલાણીને 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' તરફથી વૃત્તાંતનિવેદક તરીકે નીમ્યા હતા. તે બતાવી આપે છે કે સમાચારની ચોકસાઈના અત્યંત આગ્રહી એવા શ્રી ગિલાણીની વરણી સર ગૉર્ડનની ચોકસાઈના આગ્રહને અનુરૂપ હતી.

એક નવાઈની વાત એ છે કે સર ગૉર્ડને પોતે તંત્રીલેખ બહુ લખ્યા નથી. તેમણે ઉપતંત્રીઓ અને ન્યુઝ એડિટરને વારંવાર માર્ગદર્શન આપવામાં જ શકિત ખર્ચી છે. એકબે મરણનોંધ કે બેત્રણ ફકરા સિવાય સર ગૉર્ડને ૨૩ વર્ષમાં કશું જ લખ્યું નથી. એ બતાવી આપે છે કે તંત્રીએ તંત્રીલેખ લખવા ઉપરાંત બીજું ઘણું કરવાનું હોય છે. અને સર ગૉર્ડને માત્ર તંત્રીલેખ ઉપર નહિ પણ 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' ના સમગ્ર ઉઠાવને સર્વગ્રાહી બનાવવામાં પોતાની શકિત કેન્દ્રિત કરી હતી. આ હકીકત અન્ય તંત્રીઓ માટે નેત્રદીપક બનવી જોઈએ. સર ગૉર્ડનની જાગરૂકતાને કારણે જ યુરોપ-અમેરિકાના વેપારીઓ અને ઉદ્યોગપતિઓ 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' અચૂક વાંચે છે.

સર ગૉર્ડનની બીજી એક ખાસિયત એ હતી કે બ્રિટિશ સરકારનો ઉચ્ચ અમલદાર તેમને મળવા માગતો હોય તો તેમની કેબિનમાં પ્રથમ ચિઠ્ઠી મોકલવી પડે અને કદાચ સર ગૉર્ડન કંઈ કામમાં હોય તો તેણે રાહ પણ જોવી પડે. પરંતુ નીચેના તંત્રી સ્ટાફને સર ગૉર્ડન ગમે ત્યારે મળવા તૈયાર રહેતા અને એક જીવતીજાગતી રેફરન્સ બુક જેવું કામ આપતા. ભારતના તંત્રીઓ પણ આ બાબતમાં હંમેશાં તેમની નીચેના સ્ટાફને પ્રાપ્ય હોય છે તે ગૌરવ લેવા જેવી વાત છે.

સર ગૉર્ડનની બીજી એક મહત્ત્વની ખાસિયત એ હતી કે વર્તમાનપત્રને લોકપ્રિયતાની ટોચે જોવા છતાં તેમણે કદી જ ખોટો સંતોષ લીધો નથી. તેમણે કહ્યું છે કે "૧૯૫૫ની સાલથી 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ' કૂદકે ને ભૂસકે આગળ વધતું હતું છતાં ય રોજ સૂરજ ઊગે અને અમે કંઈક નવું આયોજન કરતા જ હોઈએ. હજુ પણ હું આવતી કાલે નિવૃત્ત થવાનો છું ત્યારે ૧૯૭૩ના વરસ માટે કયાં નવાં અંગો ઉમેરવાં તેનું આયોજન કરવામાં હું માથું ફોડું છું." માત્ર વર્તમાનપત્રો માટે જ સર ગૉર્ડનની આ નિત્ય - જાગૃતિની વાત સાચી ઠરે છે એવું નથી. માણસે વ્યકિતગત રીતે, કે કોઈ વ્યાપારીએ કે કોઈ સંસ્થાએ આગળ ધપવું હોય તો રોજ કંઈક નવું આયોજન વિચારવું જ પડે છે. આત્મસંતોષ લેવાથી તંત્ર સડી જાય છે નવા આયોજન વગરનું વર્તમાનપત્ર તો પાછળ પડી જ જાય છે.

**કાન્તિ ભટ્ટ**

# વિસ્મય અનુભવવામાં તમારા બાળકને સહાય કરો

સૂસવતા પવન અને વરસાદની એક રાત્રિએ મારા વીસ માસના ભત્રીજાને કામળામાં લપેટીને હું તેને વર્ષાઘેરા અંધકારમાં સાગરકાંઠે લઈ ગઈ. રેતી અને પાણીનું જ્યાં મિલન થાય છે તે છેક તીર પર જઈને અમે ઊભાં. મોટાં ઘૂઘવતાં મોજાં અંધકારમાં આછા શ્વેત આકાર જેવાં લાગતાં હતાં. અમારા પગ પાસે જ, કાંઠા પર મોટા અવાજ સાથે એ અફળાતાં હતાં અને ફીણના ફૂલગોટા અમારા તરફ ઉડાડતાં હતાં. નિર્ભેળ આનંદમાં અમે મુકતપણે હસી પડયાં – એનું હસવું હતું સાગરની રુદ્ર પ્રકૃતિનું પહેલી જ વાર દર્શન કરતા એક બાળકનું; મારા હાસ્યમાં સાગરપ્રેમની અડધી જિંદગીનું લૂણ ભળ્યું હતું. રૉજરના વધુ જન્મદિનો પસાર થતા ગયા અને તે સાથે તેના બચપણથી અમે આરંભેલી નિસર્ગની અમારી સહિયારી સાહસયાત્રા પણ આગળ ધપતી ગઈ – શિક્ષણના કરતાં વિશેષ તો સાથે મળીને ગમ્મત માણવી એ અમારા આ સહયોગની ભૂમિકા હતી. છોડવાઓ કે પ્રાણીઓનાં નામ આપવાનો કે તે વિશે સમજણ આપવાનો કોઈ સભાન પ્રયાસ મેં કર્યો ન હતો, પણ અમે જે નિહાળતાં તે વિશેનો મારો સ્વૈર આનંદ હું પ્રગટ કરતી. હું માનું છું કે તેનું પરિણામ સરસ આવ્યું છે.

વસ્તુઓને આ રીતે માણવામાં અમે રૉજરને ભાગીદાર બનાવ્યો. લોકો ઘણીવાર કાં તો એ અગવડભર્યું હોય છે એટલે યા તેમના નિદ્રાના સમયમાં ખલેલ થતી હોય છે એ કારણે બાળકોને આવા આનંદથી વંચિત રાખે છે. અમે રાત્રે સાગરકાંઠે ભૂતિયા કરચલાં ખોળતાં–રેતી જેવા રંગનાં. ઝડપથી દોડી જતાં એ પ્રાણીઓ દિવસના ભાગ્યે જ જોવા મળે છે. અમારી ટૉર્ચ અંધકારને વીંધતો પીળા પ્રકાશનો શંકુ આકારનો શેરડો પાડતી. ઘરમાં અંધારા ખંડમાં બારી પાસે અમે બેસતાં અને પૂર્ણ ચન્દ્રને, રૂપેરી જ્વાળાઓથી સમગ્ર જળરાશિને પ્રજવલિત કરતો, અખાતના સામા કાંઠા તરફ નીચે ને નીચે ઢળતો જતો નિહાળી રહેતાં. તેના બાળમનમાં અંકાઈ ગયેલી આવાં દશ્યોની સ્મૃતિરેખાઓ તેણે ગુમાવેલી નિદ્રા કરતાં, પુખ્ત વયે તેને માટે ઘણી સાર્થક બની રહેશે.

એક બાળકનું વિશ્વ તાઝગીભર્યું, નૂતન અને રમણીય તેમ જ વિસ્મય અને ઉત્તેજનાથી ભરેલું હોય છે. મોટા ભાગના આપણા માટે વિમળ દષ્ટિનું એ દર્શન, આપણે પુખ્ત વયે પહોંચીએ ત્યાં સુધીમાં ઝાંખું કે અદશ્ય થઈ જાય છે. બધાં બાળકોના છઠ્ઠીના લેખ લખતી વિધાતા સુધી મારી વગ જો પહોંચતી હોત તો હું તેની પાસે એટલું માગી લેત કે દરેક બાળકને તે વિસ્મય પામવાની શકિતની ભેટ આપે – એ શકિત એવી અખૂટ હોય જે જીવનભર ટકી રહે; મોટી વયે જાગતા કંટાળા અને ભ્રમનિરાસનું, જે બધી કૃત્રિમ છે એવી બાબતોમાં વિફળ વ્યસ્તતાનું, આપણા પ્રેરણાસ્રોતો સાથેની અલિપ્તતાનું એ અચૂક મારણ છે.

એક બાળકે તેની જન્મજાત વિસ્મયની લાગણીને સજીવન રાખવી હોય તો, આપણા આ જગતનાં આનંદ, ઉત્તેજના અને રહસ્યની તેની સાથે નવેસરથી ખોજ કરતા રહી, તેમાં હિસ્સેદાર બની શકે એવી એક પુખ્ત વયની વ્યકિતની બિરાદરીની તેને જરૂર છે. બાળકના આતુર, જિજ્ઞાસુ, સંવેદનશીલ મન સમક્ષ માબાપ ઘણી વાર અધૂરપની લાગણી અનુભવે છે. " મારા બાળકને પ્રકૃતિ વિશે હું કઈ રીતે શીખવી શકું – અરે, હું જ જ્યાં આ કે તે પક્ષીને જાણતો નથી!" એમ મા-બાપ ઉદ્‌ગારો કાઢી બેસે છે. હું માનું છું કે બાળક માટે, અને તેને દોરવણી આપવા માગતાં મા - બાપ માટે પણ, જાણવાનું નહિ, પણ સમસંવેદનનું વધુ મહત્ત્વ છે. એક વાર લાગણીઓ જાગી ઊઠે – સુન્દર માટેની ભાવના, અજ્ઞાત માટેની ઉત્તેજના, સહાનુભૂતિ કે પ્રશંસાનો ભાવ જાગી ઊઠે–પછી જ્ઞાન માટેની ઈચ્છા આપોઆપ પ્રગટશે.

તમે ગમે ત્યાં હો અને તમારાં સાધનો ગમે તેવાં હોય, છતાં તમે આકાશ તરફ ઊંચે જોઈ શકો છો – અરુણોદય અને સંધ્યાના તેનાં સૌન્દર્ય તરફ, તેનાં સ્વૈરવિહારી અભ્રો તરફ, રાત્રે ચમકી ઊઠતા તારાઓ તરફ જોઈ શકો છો. પવનને તમે સાંભળી શકો છો, ભલે જંગલમાંથી સુસવાટા સાથે તે ફૂંકાતો હોય યા તમારા ઘર કે વસવાટના મકાનનાં નેવાં, બારી ને ખૂણાઓ પાસેથી સૂરાવલીઓ સર્જતો વહેતો હોય. વરસાદનાં ફોરાંને તમે ચહેરા પર ઝીલી શકો છો અને ત્યારે તેની દીર્ઘ યાત્રા – સાગરમાંથી વરાળ બની ઊંચે હવામાં અને ત્યાંથી ધરતી તરફના તેના પરિવર્તનચક્ર વિશે વિચાર કરી શકો છો. તમે શહેરીજન હો તો પણ એકાદ ઉદ્યાન યા રમતનું મેદાન શોધી શકો છો, જ્યાં પક્ષીઓનાં રહસ્યમય મોસમી સ્થળાંતરો અને પલટાતી ઋતુઓનું નિરીક્ષણ કરી શકો છો યા ઘરઆંગણે કુંડામાં વાવેલા બીજને અંકુરિત થતું નિહાળી તે પાછળના રહસ્ય વિશે ચિંતન કરી શકો છો.

તમારા બાળક સાથે નિસર્ગની ખોજ એ મહદ્ અંશે તો તમારી આસપાસ જેનું અસ્તિત્વ છે તેના પ્રત્યે ગ્રહણશીલ બનવાની બાબત છે. તમારી આંખો ખોલવાનો એક ઉપાય તમારી જાતને એમ પૂછવાનો છે: " મેં પહેલાં કદી આ જોયું ન હતું તેથી શું? હું તે ફરી કદી નહિ જોઈ શકું એમ જાણતો હોઉં તેથી શું?" ગ્રીષ્મની એક રાત્રિ મને યાદ આવે છે જ્યારે અખાતમાં ઊંડે સુધી ગયેલા એક સપાટ ટેકરા પર હું જઈ ચઢી હતી. ચોતરફ અખાતનું પાણી હતું. રાત એવી નિ:સ્તબ્ધ હતી કે દૂર અખાતના મુખથી ય આગળ જળમાંના ખડકોનો ભય નિર્દેશવા રાખવામાં આવેલાં બોયાંનો પવનમાં થતો અવાજ હું સાંભળી શકતી હતી. એકબે વાર સામેના કાંઠા પરથી કોઈએ ઉચ્ચારેલા શબ્દો નિર્મળ હવાની પાંખે ચઢી મારા કાન પાસે પહોંચ્યા હતા. ઝૂંપડાઓમાં થોડા દીવા બળતા દેખાતા હતા. એ સિવાય મારી આસપાસ માનવઅસ્તિત્વનાં કોઈ ચિહ્નો ન હતાં. આકાશી તારાઓ સાથે હું એકલી હતી: આકાશગંગાની ધૂંધળી નદી આકાશ વચ્ચે પથરાઈને વહેતી હતી, નક્ષત્રોના આકારો ચમકતા અને સ્પષ્ટ આગળ તરી આવતા હતા: આકાશમાંથી ખરીને પૃથ્વીના વાતાવરણમાં બળી જતી ઉલ્કાનો તેજલિસોટો એકબે વાર આંખોને ભરી ગયો. ત્યારે મને થયું કે એકાદ પેઢી જેટલા સમયગાળામાં જ માત્ર જોઈ શકાય એવું આ દશ્ય હોત તો આ નાનું સ્થળ પ્રેક્ષકોથી ઊભરાતું હોત! પણ આવું દશ્ય કોઈ પણ વર્ષમાં અસંખ્ય રાત્રિઓએ જોવા મળતું હોય છે, અને એટલે ઝૂંપડીઓમાં દીવા ટમટમી રહ્યા હતા. તમે એક પણ તારાનું નામ જાણતા ન હો તો પણ આના જેવા અનુભવમાં એક બાળકને સહભાગી બનાવી શકો. તમે આ સૌન્દર્યના પાનમાં લીન બની જઈ શકો અને એ બધાના અર્થ વિશે વિસ્મય અનુભવી શકો.

અને છતી આંખે આપણે ભાગ્યે જ જોઈએ છીએ એવું એક આખું વિશ્વ – નાની નાની ચીજોનું આખું વિશ્વ–આપણી આસપાસ પથરાયેલું પડયું છે. થોડો ખર્ચ કરીને એકાદ સૂક્ષ્મદર્શક કાચ મેળવી લઈએ તો એક નવી જ દુનિયાની ક્ષિતિજો આપણી દષ્ટિ સમક્ષ ખુલ્લી થશે. બરફની પાતળી ફરફર પર આવો કાચ રાખીને જેમણે જોયું છે તે બધા જાણે છે કે પ્રકૃતિની કેટલીક રમણીય કારીગરી ત્યાં નાની ભૂમિકા પર જોવા મળે છે. રેતીના વેરા-

યેલા થોડા કણ એ રીતે જોવામાં આવે તો તે ગુલાબી કે સ્ફટિકની આભા ધરાવતાં પાણીદાર રત્નો જેવા યા ચમકતા કાળા મણકા જેવાં અથવા ઢીંગુજીઓની દુનિયાના ખડકોની ધાર જેવા લાગે! પાણીમાં બાઝેલી લીલ પર આ રીતે સૂક્ષ્મદર્શક કાચ માંડીને નિહાળવામાં આવે તો ઉષ્ણ પ્રદેશનું ઘેરું વન નજરે ચઢે, જેમાં વાઘ જેવડાં મોટાં જંતુઓ, વિચિત્ર રીતે રચાયેલાં ને ખૂબ ઘટાદાર વૃક્ષો વચ્ચે છુપાઈને ફરતાં જોઈ શકાય. તળાવ કે દરિયાકાઠાંનાં ઝાંખરાં એક ગ્લાસમાં મૂકીને સૂક્ષ્મદર્શક કાચ વડે તેના અભ્યાસ કરવામાં આવે તો તેમાં અસંખ્ય વિચિત્ર પ્રાણીઓ વસેલાં જણાશે.

દૃષ્ટિ સિવાયની અન્ય ઈન્દ્રિયો પણ આનંદ અને ખોજનાં ક્ષેત્રો બની શકે છે. વહેલી સવારે સાગરકાંઠે જઈને મેં અને રૉજરે ઊતરતી ભરતીની ગંધ માણી છે – દરિયાઈ લીલ અને કચરાની અને માછલીની, નિયત સમયક્રમે ચઢતી ને ઊતરતી ભરતીની, પાણી વહી જતાં નીકળી આવતા છીછરા કાદવિયા વિસ્તારની અને ખડકો પર સુકાતા મીઠાના દ્રાવણની – એમ વિભિન્ન ગંધો મળીને મધુર સ્મૃતિઓ જગાડતી એ અદ્‌ભુત સોડમ અમે માણી છે. લાંબા સમય પછી સાગરકાંઠે જતાં એ સોડમની પહેલી જ લહર સાથે આનંદનાં સ્મરણોની ભરતી ચઢતી હું જેમ અનુભવું છું તેમ જ રૉજર પાછળથી મોટો થયે અનુભવશે એવી મારી આશા છે. શ્રવણ વધુ સભાન કેળવણી માગી લે છે. મેં ઘણા લોકોને કહેતાં સાંભળ્યાં છે કે તેમણે કયારેય પક્ષીનું મધુર ગાન સાંભળ્યું નથી, જો કે તેમના વાડામાં જ દરેક વસંતઋતુમાં પક્ષીઓનો ગીત મહોત્સવ યોજાય છે તે હું જાણું છું. પૃથ્વીના અવાજો– મેઘગર્જના, પવનો, સાગર–મોજાંના પછડાટના ધીરગંભીર ને ભવ્ય અવાજો સાંભળવા અને તેના વિશે તથા તેના તાત્પર્ય વિશે વાત કરવા થોડો સમય ફાજલ પાડો.

વસંતમાં પ્રાત:કાળે પક્ષીઓના કલગાનથી અનભિજ્ઞ રહીને કોઈ બાળક મોટું થવું ન જોઈએ. પક્ષીઓનું આવું પહેલું ગાન સાંભળવા મળે ત્યારે અરુણોદય પૂર્વેના અંધકારમાં વહેલા ઊઠવાનો ખાસ પ્રસંગ યોજાયો હોય તેનો અનુભવ જીવનમાં પછી એ કયારેય નહિ ભૂલે. વિવિધ પક્ષીઓના સ્પષ્ટ ને તીણા તેમ જ વિશુદ્ધ ને દિવ્ય સ્વરો સાંભળતાં આનંદની સ્મૃતિઓની એક સ્વપ્નિલ દુનિયામાં સરી પડાય છે. પક્ષીઓના આ એકધારા ને લયબદ્ધ સમૂહગાનમાં જીવનનો જ ધબકાર અનુભવાય છે.

બહુ પવન ન હોય તેવી કોઈ શાંત રાત્રિએ ટ્રાફિકના ધમાલિયા વાતાવરણથી દૂર કોઈ સ્થળ પસંદ કરીને બેસી જાવ અને પછી સાંભળો. તુરત માં જ નાના નાના ધ્વનિઓ – ચીંચીંકારા, લથડતા સિસકારા, પ્રિય સાથીને સાદ કરતા સૂરો, તમને શ્રવણગોચર થશે.

સ્થળાંતર કરીને આવેલાં પક્ષીઓના એ અવાજો છે. આકાશમાં અત્રતત્ર વેરાયેલા પોતાના જૂથનાં સાથીઓ સાથે તેઓ એમ કરીને દેખીતી રીતે જ સંપર્ક જાળવતાં હોય છે. આ સ્વરો સાંભળું છું અને વિશાળ અંતરો વચ્ચેની એકલતા, ઈચ્છા કે ઈનકારથી પર એવાં બળોથી અવશપણે પ્રેરાતાં લઘુક જીવો વિશેની કારુણ્યમય સભાનતા અને જેનો તાગ મેળવવાના માનવીના પ્રયાસો હજુ વિફળ રહ્યા છે તે માર્ગ અને દિશાસૂઝની અચૂક અંત:સ્ફુરણા પ્રત્યે ઊભરાતો અહોભાવ અનુભવ્યા વિના હું કદી રહી શકી નથી.

આ અહોભાવ અને વિસ્મયની લહાણીને જાળવી રાખવાનું મૂલ્ય શું છે? નૈસર્ગિક વિશ્વની ખોજ એ બચપણનો સોનેરી સમય વિતાવવાનો માત્ર એક આહ્‌લાદક માર્ગ જ છે કે તેનો કોઈ વિશેષ ઊંડો અર્થ રહેલો છે? મને ખાતરી છે કે કશુંક વધુ ઊંડું, કશુંક ચિરંતન અને સૂચક એવું તેની પાછળ રહેલું છે. આ વસુંધરાનાં સૌન્દર્યો અને રહસ્યોમાં રમમાણ રહેનારાઓને કદી એકલવાયું જણાતું નથી કે કદી જીવનનો થાક લાગતો નથી. વ્યકિતગત જીવનની ગમે તેટલી અકળામણો વચ્ચેય તેમના વિચારો એવા માર્ગ ખોળી લે છે જે આંતરિક સંતૃપ્તિ તરફ અને અસ્તિત્વની નૂતન ઉત્તેજના ભણી તેમને દોરી જાય છે. પૃથ્વી પર જોવા મળતાં સૌન્દર્યોનું જેઓ ચિંતવન કરે છે તેમને શકિતના જીવનભર ટકી રહે તેવા અખૂટ સ્રોત સાંપડે છે. પક્ષીઓના સ્થળાંતરમાં, ભરતી અને ઓટમાં, વસંતની હવાના સ્પર્શની રાહ જોતી પુષ્પકળીમાં પ્રતીકાત્મક તેમ જ પ્રત્યક્ષ સૌન્દર્ય રહેલું છે. નિસર્ગના અવિરામ ચક્રમાં રાત્રિ પછી પ્રભાત અને શિશિર પછી વસંતના અવશ્યમ્‌ભાવિ ક્રમમાં કોઈક શાશ્વત, સ્વાસ્થ્યપ્રેરક–શાતાદાયી–તત્ત્વ રહેલું છે.

મારા પર આવતી ઢગલાબંધ ટપાલમાં એક વેળા મારી એક વાચકનો પત્ર મને મળ્યો હતો, જેમાં તેણે રજા ગાળવા માટે દરિયાકાંઠાનું સ્થળ પસંદ કરવા મારી સલાહ માગી હતી– એવું સ્થળ જે પૂરતું વન્ય હોય, જ્યાં પુરાણા છતાં નિત્ય નૂતન એવા જગત વિશે ખોજ કરતાં રહીને, સંસ્કૃતિથી અણબોટ એવા સાગરતટ પર તે લટારો લઈ શકે. ખેદપૂર્વક તેણે ઉત્તરના ખડકાળ કાંઠાને બાદ ગણ્યો હતો. તેણે લખ્યું હતું, મેઈનના ખડકો પર ચઢવાનું કદાચ કઠિન લાગે, કારણ તરતમાં જ તેનો ૮૯મો જન્મદિન આવી રહ્યો હતો! તેનો પત્ર મેં નીચે મૂકયો ત્યારે તેના યૌવનસહજ મન અને અંતરમાં વિસ્મય અને અજાયબી પામવાની ઊર્મિ, ચાર કોડી વર્ષો પૂર્વે ધબકતી હશે એવી જ આજેય ઉષ્માભરી ધબકી રહી છે તે જાણીને મારું હૈયું હરખી ઊઠયું.

:મૂળ લેખક: **રાચેલ કાર્સન**

:અનુવાદક: **હિંમતલાલ મહેતા**

## સાભાર સ્વીકાર

**દર્પણ: (હિન્દી)**: લેખક: ચંદનમલ 'ચાંદ': પ્રકાશક: સંજય સાહિત્ય સંગમ, આગ્રા-૨, કિંમત: બે રૂપિયા.

'દર્પણ'માં શ્રી ચંદનમલ 'ચાંદ'નાં મુકતકો અને કવિતાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. લેખકે જણાવ્યું છે એ પ્રમાણે વ્યકિત, સમાજ, રાજનીતિ, ધર્મ અને સંસ્કૃતિનાં વર્તમાન રૂપોને 'દર્પણ'નાં મુકતકો અને કવિતાઓમાં પ્રતિબિંબિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**આલ્બર્ટ સ્વાઈટ્‌ઝર**: લેખક: વીણા શાહ, પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. મૂલ્ય ૦૦-૫૦.

મહાત્મા ગાંધી જેવા જ સિદ્ધાંતોને અનુસરનાર પશ્ચિમી દુનિયાના મહાપુરુષ આલ્બર્ટ સ્વાઈટ્‌ઝર થઈ ગયા. તેમની અહિંસા ગાંધીજી કરતાં પણ સૂક્ષ્મ હતી એમ કહી શકાય. તેમને, બાળકો જાણી અને માણી શકે એવી સરળ શૈલીમાં તેમનો ટૂંક પરિચય આ ટચૂકડી પુસ્તિકામાં આપવામાં આવ્યો છે.

**જ્યૉર્જ વૉશિંગ્ટન કારવાર**: લેખક, પ્રકાશક, કિંમત: ઉપર પ્રમાણે. કારવારનો, જન્મથી જ અસહાય દશામાં ઉછેર થયો. આમ છતાં પોતાની હૈયાસૂઝથી અને અસાધારણ જાત–મહેનત અને બુદ્ધિકૌશલ્ય તેમ જ ઈશ્વર પરની અચળ શ્રદ્ધાથી તે અમેરિકાના વિકાસ માટેનું નિમિત્ત બન્યા. એમના કામો એટલાં બધાં સફળ થતાં કે લોકો તેમને કીમિયાગર કહેતા. આ પુસ્તક વાંચવાથી બાળકોમાં આત્મવિશ્વાસ, ઈશ્વરનિષ્ઠા દઢ થશે અને સ્વબળે આગળ વધવાની પ્રેરણા મળશે.

**ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર**: લેખક, પ્રકાશક, કિંમત: ઉપર પ્રમાણે. વિદ્યાસાગર ખૂબ જ ગરીબ સ્થિતિમાંથી સ્વબળે મહાન બન્યા. તેઓ સ્વમાની, સુધારક અને મહાન કેળવણીકાર હતા. સેવા એ જ તેમનું જીવન હતું. સ્રીસ્વાતંત્ર્ય અને સ્રીકેળવણીના તેઓ મહાન હિમાયતી હતા. આવા એક ભારતના સપૂતના જીવનનું દર્શન સચોટ રીતે આ પુસ્તિકામાંથી થઈ શકે છે. આ રીતે બાળકો માટે તે જીવન સમૃદ્ધિ બક્ષનાર બની રહે તેવું છે.

**–શાન્તિલાલ ટી. શેઠ**

# ☆ શબ્દ–સમાધિથી સંભોગ–સમાધિ સુધી.... ☆

**[ જયપુરથી પ્રગટ થતા સાપ્તાહિક 'અણિમા' ના દિવાળી અંકમાં શ્રી રાજેન્દ્ર ગોયન્કાનો એક સચિત્ર લેખ આચાર્ય રજનીશજી વિશે પ્રગટ થયો હતો. આ સચિત્ર લેખ વિશેના પોતાના પ્રત્યાઘાત શ્રી ભંવરમલ સિંઘીએ એ સાપ્તાહિકના સંપાદક પર લખેલા એક પત્રમાં વ્યકત કર્યા હતા. 'અણિમા'ના તા. ૩૦–૧૨–'૭૨ ના અંકમાં પ્રગટ થયેલો શ્રી ભંવરમલજીએ મારા પર મોકલેલ એ પત્ર અહીં રજૂ કરવામાં આવ્યો છે. તંત્રી]**

સાપ્તાહિક 'અણિમા'નો દીપાવલિ વિશેપાંક જોયો. ... આચાર્ય (હવે ભગવાન) રજનીશજીના 'બંધ શિબિરો'નાં 'ખુલ્લાં ચિત્ર' પ્રગટ કરીને તમે એક મોટું કામ કર્યું છે - સૂઝનું, સાહસનું કામ કર્યું છે. સો લેખો જે કામ ન કરે તે વિશેપાંકમાં પ્રકાશિત છ ચિત્રોથી થશે. આ ચિત્રો સંભોગ - સાધનાનાં ભલે ન હોય તો પણ એ ખુલ્લંખુલ્લાં સેકસનાં તો છે જ. એમાંથી રજનીશજીની ખૂબ જ પ્રચલિત શિબિરોની ઝાંખી થાય છે. એમાં થતી સાધના અને સમાધિનું આ જ અસલી સ્વરૂપ છે. રજનીશજીના અધ્યાત્મનું આ રીતે અનાવરણ થયું છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં અધ્યાત્મ અને યોગના જે ઋષિઓ, મહર્ષિઓ, આચાર્યો અને મહાત્માઓની ખૂબ જ જોરજોરથી વાતો થઈ રહી છે એમાં રજનીશજીનું નામ પણ ઠીક ઠીક આગળ છે. એમના અનેક લેખો પ્રગટ થયા છે અને અનેક પુસ્તકોનું પ્રકાશન પણ થયું છે. તેઓ પોતાને મહાન વિચારક અને બુદ્ધિવાદી માને છે, અને કહે છે, પણ એમની વાતોની અસર બૌદ્ધિક વર્ગમાં નહિ પણ જે લોકો ધર્મ અને અધ્યાત્મના આવરણ હેઠળ પોતાના ભોગ - વિલાસની સઘળી યોજનાઓમાં લાગેલા - બંધાયેલા રહેવા માગે છે એમના પર સવિશેષ થઈ છે. આવા લોકોએ જ આચાર્યજીને ભગવાન કહેવાની શરૂઆત કરી અને એમણે આ નામ અને સંબોધનનો સ્વીકાર કરી લીધો છે. આચાર્યજી કદાચ એમ માને પણ છે કે એમનો જન્મ અને ઉદ્ભવ માનવજાતને જીવનના વાસ્તવિક પ્રશસ્ત - માર્ગનું આત્મદર્શન કરાવવા માટે જ થયેલો છે.

વ્યાખ્યાતામાંથી આચાર્ય અને આચાર્યમાંથી ભગવાન બનવાની એમની સાધના શબ્દોની કરામતથી થઈ છે. તેઓ એક અદ્ભુત શબ્દકાર છે એમાં કોઈ શક નથી. એમની શબ્દ - યોજનામાં– શબ્દ–સમાધિ જ એને કહીએ,– એવો પ્રબળ જાદુ હોય છે કે એકવાર એની અસર બધા પર છવાઈ જાય છે. કથા - વાર્તાઓનો કીમિયો કરતાં પણ એમને ખૂબ આવડે છે. દેશ - વિદેશના અનેક વિચારકો અને દાર્શનિકોના પ્રસંગાનુકૂલ ઉલ્લેખ અને ઉદ્ધરણ પણ તેઓ આપી શકે છે. પરન્તુ એમની પાસે જે કંઈ છે તે આટલું જ છે. આત્મદર્શનના નામે તેઓ આત્મપ્રશસ્તિ પ્રાપ્ત કરનાર સફળ સોદાગર સાબિત થયા છે, પણ આ શબ્દગત જ છે, જીવનગત નથી. એટલા માટે આ સિદ્ધિ બહુ ઊંડી અને બુનિયાદી નથી. મને એમ લાગે છે કે એ દિવસ દૂર નથી, જ્યારે અન્ય મૉડર્ન ઋષિઓ અને મહર્ષિઓની માફક આ નવા ભગવાન પણ બેસી જશે અને વાસ્તવિકતાનો પડદો હટતાં જ શોર ખતમ થઈ જશે. જે સાધના, શબ્દો સુધી જ સીમિત હોય એ કેટલા દિવસ ટકે? કોઈ પણ પ્રકારની કર્મ - સાધનાનો સંઘર્ષ તો એમાં છે જ નહિ. શબ્દોના તાણાવાણા ગૂંથીને જે લોભામણી જાળ રચવાની કલા એમનામાં છે, એનું જીવન બહુ લાંબું નહિ હોય. શબ્દોના સર્કસની આકર્ષકતા શબ્દોની નિષ્ફળ ટક્કરમાં જ ખતમ થઈ જાય છે અને જે લોકો શબ્દો અને કથા - વાર્તાઓની આળપંપાળથી પર એવા જીવનના સંદર્ભોમાં વાસ્તવિક અર્થબોધની શોધ કરતાં જાણે છે અને એવી શોધ કરે છે એમને માટે તો રજનીશજીની સાધના કેવળ શબ્દાડંબર જ છે. આડંબરના પણ ભકતો તો હોય જ છે, અને કદાચ એના વધારે ભકતો હોય છે; કેમકે જીવનની સચ્ચાઈથી તેઓ દૂર જવા માગતા હોય છે અને સચ્ચાઈની સાથેના પોતાના મુકાબલાથી તેઓ પોતાની જાતને બચાવી લેવા માગતા હોય છે.

રજનીશજીનાં ભાષણો અને લેખોમાં નાટકીયતા પણ સારા પ્રમાણમાં હોય છે, જે દર્શકો અને શ્રોતાઓને પોતાના પ્રભાવમાં બાંધી રાખે છે. કલકત્તામાં જૈનોની એક સભામાં એમણે જે કહ્યું હતું એ મને યાદ આવે છે: 'મહાવીર ત્યાગી હતા એવું કોણ કહે છે, તેઓ તો પરમ ભોગી હતા.' આ વાકયથી શરૂઆત કરીને એમણે ભોગવાદની વ્યાખ્યા અને પરિભાષાની એક તાંત્રિક એવી જાળ ગૂંથી કે લોકો કંઈ સમજી શકયા નહિ, તેમજ કંઈ કહી પણ શકયા નહિ. હા, એટલું જરૂર લાગ્યું કે ભોગવાદ (પરિભાષા અને વ્યાખ્યા તમારી રીતે કરી લો) માં ભગવાન છે. તમે જે ચિત્રો પ્રગટ કર્યાં છે એ તો સાફ સાફ બતાવે છે કે એ અધ્યાત્મ શિબિર વાસ્તવમાં ભોગ - પ્રવૃત્તિઓની કલબ છે. આવી કલબો આપણા દેશમાં ખુલ્લંખુલ્લા ચલાવી શકાતી નથી એટલે એવી કલબો અધ્યાત્મની, આત્મદર્શનની સાધના માટે ચલાવાતી શિબિરોના રૂપમાં ખૂબ મોજથી ચલાવી શકાય છે. રજનીશજીને આ એક સારું સાધન મળી ગયું છે. જે લોકો અનેક પ્રકારના સામાજિક અને રાજકીય નિષેધોથી કુંઠિત, દમિત અને સંત્રસ્ત છે એમને અધ્યાત્મનું આ ભોગ - આહ્વાન ખૂબ જ પ્રિય અને ઉત્તેજનાપૂર્ણ લાગે છે. તેઓ આ શિબિરોમાં પૂર્ણ સ્વચ્છંદતાનો ઉપભોગ કરીને, આધ્યાત્મિક સ્તર પર આત્મદર્શનનું પુણ્ય, હા, પુણ્ય જ, મેળવી લે છે અને સાથે પ્રસાદ તો હોય જ છે!

મેં રજનીશજીના કેટલાક લેખો અને પુસ્તકો વાંચ્યાં છે. આજ સુધીનાં આપણાં ચિંતન અને ચિંતનની પદ્ધતિઓ વિશે નવા ઢંગથી અને ક્રાંતિકારી દષ્ટિથી તેઓ લખે–બોલે છે અને આપણી ઘણી બધી પરંપરાગત તેમ જ રૂઢ માન્યતાઓને આંચકો પણ આપે છે. જે ઘણી વાતોને આપણે આજ સુધી પાપ અને નાસ્તિકતાની સંજ્ઞા આપી છે એને તેઓ પાપ નહિ, વર્જ્ય નહિ પણ ધર્મ્ય અને અનિવાર્યત: બાહ્ય પણ બતાવે છે. જે વાતોને આપણે પરંપરાગત રીતે ધર્મના રૂપમાં સ્વીકારેલી છે એમાંની ઘણી વાતોના સંબંધમાં એમની વ્યાખ્યા એવી છે કે એ અપ્રાકૃતિક અને અગ્રાહ્ય છે, કેમકે માનવતાના વિકાસમાં એ બાધક છે. આ વાત સાચી પણ છે અને એ અર્થમાં એમનું ચિંતન ક્રાંતિકારી છે. પણ તેઓ અધ્યાત્મ આદિના પ્રાચીન પરંપરાગત રૂપોનો આશ્રય લે છે ત્યારે એમનું સમગ્ર પ્રતિપાદન પ્રવંચના જેવું જ લાગે છે. તેઓ સીધી વાતોને સ્પષ્ટ શબ્દોમાં શા માટે નથી કહેતા? સેકસની વાત જ લઈએ. જે નિષેધો આજ સુધી માનવતાને કુંઠિત કરે છે અને એનું દમન કરે છે એને દૂર કરવાની વાત તેઓ મુકત રીતે શા માટે નથી કહેતા? હજુ હમણાં જ અમેરિકાના એક પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. સ્વૈચમેને સાફ સાફ દર્શાવ્યું છે કે સેકસનું દમન જ માનવજીવનની ઘણી સમસ્યાઓના મૂળમાં હોય છે. રજનીશજી પણ જો આ જ કહેવા માગતા હોય તો એમણે સ્પષ્ટ રીતે એ કહેવું જોઈએ. ધર્મ, મોક્ષ, અધ્યાત્મ આદિનો આશ્રય લઈને છદ્મ રૂપમાં શા માટે એ કહેવું જોઈએ? સંન્યાસની નવી મુકત પરિભાષા અને વ્યાખ્યા કર્યા પછી પણ વેશભૂષા અને નામનું પરિવર્તન શા માટે જરૂરી બને છે? સહજ સ્વાભાવિક

વાતને ખુલ્લી રીતે કહેવામાં અચકાવું શા માટે ? એનો ભય શા માટે? યૌનક્રાંતિના મહત્ત્વ વિશે કંઈ કહેવાનું હોય તો બિલકુલ સીધી - સ્પષ્ટ રીતે કહેવું જોઈએ; એની સાથે સાધના, સમાધિ, આદિને જોડવાની શી આવશ્યકતા છે? જે જીવનની સહજ પ્રવૃત્તિ છે એને સહજ રીતે કહેવામાં આવે એ જ ઉચિત છે. જે પ્રાચીનતાના મોહમાંથી નીકળવું છે અને સમાજને પણ એમાંથી બહાર કાઢવો છે એના કોઈ પણ સ્વરૂપને લેવા – ઓઢવાની જરૂર શું છે? એક આડંબરને ખતમ કરવો છે તો પછી નવા આડંબરની પણ શી જરૂર છે? આડંબર એ આડંબર જ છે, એમાં જૂનો શું અને નવો શું? વાસ્તવમાં, આચાર્યજીની તથાકથિત સાધના આત્મદર્શનની નહિ, આત્મભોગ અને આત્મપ્રશસ્તિ દ્વારા આત્મતૃપ્તિ મેળવવા માટેની છે. એમની સમગ્ર સમાધિ - યોજના જ તૃપ્તિ માટેની છે. હોય તો ભલે હોય પણ એને 'એ નથી'ના આડંબરમાં કેમ રાખ્યું છે અને એમાં શા માટે રૂપાંતરિત કર્યું છે? જ્યારે દરેક માણસ અંદરથી માણસ જ છે, પોતાની શારીરિક અને ભાવનાત્મક ઈચ્છાઓ અને પ્રવૃત્તિઓ સહિત, તો પછી નામનું, વેશભૂષાનું, જીવનદર્શનનું પરિવર્તન, મૂળ વાસ્તવિકતાનું પરિવર્તન કઈ રીતે સમજી કે માની શકાય? મને તો લાગે છે કે આત્મપ્રશસ્તિની યાત્રામાં ભકતપ્રવાહને વધારવામાં જ્યારે શબ્દ - સમાધિ પૂરતી નથી થતી ત્યારે સંભોગ - સમાધિનું આકર્ષણ ઊભું કરવામાં આવે છે અને આ સમાધિની સફળતા માટે શિબિર યોજીને આજ સુધી જામેલ શૃંખલાબદ્ધ નિષેધોથી મુકત થવાનો અવજર્ય (આધ્યાત્મિક) માર્ગ અને પ્રસંગ પ્રસ્તુત કરવામાં આવે છે. શબ્દથી સંભોગ સુધી આ સમગ્ર યાત્રા આપણા દર્શનવાદની એક વધુ કડી માત્ર બની રહેશે, કેમકે જીવનની સચ્ચાઈ આમાં પણ નથી. કોઈ પણ પ્રકારનાં બંધનો, નિર્દેશો અને પરિવેશોને કાયમ રાખીને, મુકિતની સાધના અને સમાધિ સંભવિત નથી.

વિશેષાંકમાં રજનીશજી સંબંધી ભાઈ રાજેન્દ્ર ગોયેન્કાનો લેખ વાંચી અને એની સાથે છાપવામાં આવેલાં ચિત્રોને જોઈને જે વિચાર આવ્યા એ લખી મોકલવાની પ્રેરણા થતાં આ પત્ર લખી રહ્યો છું. તમે સાહસપૂર્વક જે પ્રશ્ન ઉઠાવ્યો છે એના પર ભિન્નભિન્ન પ્રતિક્રિયાઓ મળશે, એને તમે પ્રગટ કરશો જ. મને વિશ્વાસ છે કે આ પ્રશ્નની ચર્ચાથી સારો વિચારલાભ થશે તથા પ્રવંચના અને પાખંડના પ્રસારને રોકવામાં મદદ થશે.

–ભંવરમલ સિંઘી

# શ્રીપાલનગરના મંદિર વિશે–

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧૨-'૭૨ના અંકમાં શ્રી જરીવાળાએ એક અગત્યની સમસ્યા લખી છે અને તે માટે હું એમનો હાર્દિક આભારી છું.

હું જૈન શ્વેતાંબર છું. મહારાષ્ટ્રમાં રહું છું. મહારાષ્ટ્રમાં ઘણાં જૈન કુટુંબો નાનાં ગામડાઓમાં રહે છે અને ખેતી અને શાહુકારીનો વ્યવસાય બંધ થવાથી એમની આર્થિક સ્થિતિ ખરાબ થઈ છે. બધાં ગામડાઓમાં સહકારી સોસાયટી થઈ જવાથી અનાજ, કપાસ વગેરે માલનો વેપાર હવે જૈનોના હાથમાં રહ્યો નથી. જે કુટુંબો ૧૦૦ વર્ષો સુધી પૈસાદાર હતા અને સારી સ્થિતિમાં હતા, એમનાં છોકરાંઓને માટે કોઈ પણ ધંધો કે વ્યવસાય હવે રહેલો નથી.

પરંતુ આવા શ્રાવકો માટે વિદ્યાલય કાઢવું હોય અથવા ધંધાને મદદ કરવા ભંડોળ આપવા સંસ્થા ઊભી કરવી હોય તો આપણા ધનિકોનો દાનનો પ્રવાહ આવાં કામો માટે જલદી મોટા પ્રમાણમાં બહાર આવતો નથી. પરન્તુ મંદિર બાંધવું હોય, અઠ્ઠાઈ મહોત્સવ કે ઉપવાસ કરવા હોય તો લાખો રૂપિયા ખર્ચવા માટે, ધનિકોમાં, મહારાજશ્રીના કહેવા ઉપરથી સ્પર્ધા થાય છે! એનું કારણ કદાચ મારા નમ્ર મંતવ્ય મુજબ એક જ હોઈ શકે કે કાળા પૈસાનો ઉપયોગ કરવા આ એક સુંદર રસ્તો છે! પૈસાનો ઉપયોગ પણ થાય અને સમાજમાં પ્રતિષ્ઠા પણ મળી શકે. પરન્તુ ખરેખર આપણા સમાજનું એ દુર્ભાગ્ય છે કે સારા અને વિધાયક કાર્ય માટે પૈસા આગળ આવતા નથી, પરન્તુ જે ખર્ચનો સમાજ માટે અથવા શ્રાવકો માટે કાંઈ પણ ઉપયોગ થતો નથી એવા પૈસાનો ધર્મના નામથી ધુમાડો થાય છે. સમય બદલ્યો પણ જૈનો ચેતતા નથી. ખરેખર વિચાર આવે છે કે આપણા સમાજનું ભવિતવ્ય શું હશે?

પૂ. ન્યાયવિજયજી મહારાજસાહેબે તા. ૨૬-૩-૧૯૩૯ ના દિને 'મનુષ્યકર્તવ્ય' પર ભાષણ આપ્યું હતું એમાં પૂ. મહારાજશ્રી કહે છે: "દેશના લાખો – કરોડો ગરીબો ભૂખમરાની આગમાં બળી રહ્યા છે એવા વિષમ સમયમાં નિરુપયોગી જમણવારોમાં, નોકારસી-સાહમિવચ્છલોમાં ધર્મને નામે પૈસા વેરવા અયોગ્ય છે... દેશ પર આગ વરસી રહી હોય એવા કુસમયમાં પણ પ્રજાના હિતાર્થે, દેવાલયની ધનરાશિનો એક પૈસો પણ ખર્ચવો જો અયોગ્ય મનાય છે તો એવા ધનની વૃદ્ધિ કરવી નકામી છે...પુણ્યના નામે એવું ધન વધવું, પ્રજાજનના કલ્યાણમાં તો તદ્દન નકામું રહેતાં બાહ્ય આડંબરોના ભપકા બતાવવામાં એનો ઉપયોગ થાય એવી સ્થિતિ આ યુગમાં હવે ન નભી શકે. શ્રાવકોની પુષ્ટિ ઉપર જ ધર્મની પુષ્ટિ છે. આજે તે વર્ગ બેકારીથી, ઉદ્યોગના અભાવથી અને કેળવણીનાં સાધનો નહિ મળવાથી શોષાતો જાય છે. તેમની પુષ્ટિમાં ધન ન વપરાય અને ભગવાનના અંગ પર લાખોના દાગીના ચઢાવાય એ કેટલું અયોગ્ય છે! "ભગવાન બને માલદાર અને ભકત બને કંગાળ" કેવું વિચિત્ર! પણ ભકતો નહિ હોય તો ભગવાનને કોણ પૂજશે? ધાર્મિકો વગર ધર્મ હોય?... સમાજ એ ધર્મનું મંદિર છે. દાનનો પ્રવાહ કઈ દિશામાં વહેવડાવવો ઉચિત છે એ જરા સમજો! એક દેરાસર બરાબર સચવાતું ન હોય ત્યાં બીજું દેરાસર બંધાવનાર દોષનો ભાગી થાય છે. ભરતામાં ન ભરો! નિરર્થક ન ફેંકો!" ['પૂ. ન્યાયવિજયનો મુંબઈનો ચાતુર્માસ – પૃષ્ઠ ૧૪, ૧૫, ૨૫, ૨૬, ૨૭.]

ખરેખર પૂ. મહારાજસાહેબે ત્રીસ વર્ષો પહેલાં કહ્યું એ હજુ સુધી જૈન સમાજ સમજ્યો નથી! દરેક ઠેકાણે પૂ. આચાર્ય શ્રી ગયા પછી અઠ્ઠઈ મહોત્સવ કે શાન્તિ સ્નાત્ર અને વરઘોડા તથા જમણવારોમાં લાખો રૂપિયા ખર્ચાય છે. પરન્તુ સમાજ માટે કાંઈ પણ થતું નથી એ કેવું દુર્ભાગ્ય!

નિપાણીના પ્રમુખ આગેવાન શ્રીમાન શેઠ દેવચંદ છગનલાલ શાહે નિપાણીના સંઘને ચાંદીનો રથ અર્પણ કર્યો એ વખતે પૂજ્ય પરમાનંદભાઈએ 'પ્રબુદ્ધજીવન'માં આ પ્રસંગની આકરી ટીકા કરેલી હતી. એમણે એમ લખ્યું હતું કે આજે શ્રાવકો માટે કાંઈ થવું જોઈએ.

પરન્તુ આવું જૈન સમાજમાં કહેવા માટે આગેવાનો ઘણા ઓછા છે. શ્રી ચીમનલાલભાઈએ જે જવાબ આપ્યો અને વિચારો લખ્યા એ સાથે હું સહમત છું. પૂ. ચીમનભાઈ આ બાબતમાં વધારે પ્રચાર કરીને જૈનોમાં જાગૃતિ લાવવાનો યત્ન કરી રહ્યા છે માટે એમને અભિનંદન આપું છું.

દુર્ભાગ્ય એ છે કે આપણા આચાર્યો હજુ સુધી સમય બદલ્યો છે એ ખ્યાલમાં લેતા નથી અને આપણા શ્રાવકો પણ સાચો ધર્મ શું છે એ ખ્યાલમાં લેતા નથી. એટલે જ શ્રીપાલનગરમાં લાખો રૂપિયાનું ખર્ચ થાય છે, પણ સારાં કામો માટે કાંઈ પણ ધન આવા ધનિકો આપતા નથી! ભાઈઓ, "જૈનો જરા વિચારો! કહતા હૈ કયા જમાના?" શું આપણા આચાર્યો અને ધનિકો આ સમજશે?

શાન્તિલાલ છોટાલાલ શાહ

# ☆ ભારતવ્યાપી સ્ત્રીશકિત જાગરણ ☆

પૂ. વિનોબાજીના સાન્નિધ્યમાં પરમધામ પવનારના બ્રહ્મ-વિદ્યામંદિરના આશ્રમમાં ભારતની ૧૨ વર્ષની પદયાત્રાએ નીકળેલી બહેનોએ તા. ૭-૮-૯ જાન્યુઆરીના દિવસોમાં એક અખિલ ભારતીય મહિલા સંમેલન યોજ્યું હતું, જેમાં ભારતનાં ઘણાં રાજ્યોમાંથી અધ્યાત્મ અને સર્વોદય વિચારધારા દ્વારા સ્ત્રી - જાગૃતિમાં શ્રદ્ધા રાખનારી બહેનોએ ભાગ લીધો હતો. મહેમાન બહેનોને માટે આશ્રમના અતિથિગૃહમાં રહેવાની સગવડ કરી હતી, જેથી તેઓ આશ્રમના દૈનિક કાર્યક્રમમાં બ્રહ્મવાદિની બહેનોની સાથે જોડાઈને આશ્રમના વાતાવરણમાં આત્મસાત થઈ શકે.

આ આશ્રમમાં પૂ. બાબા (વિનોબાજી)એ સર્વોદય વિચાર-ધારાની અંતર્ગત ઘણા પ્રયોગો કર્યા છે, જેમાંથી ખાસ ખાસ ઋષિ-ખેતી, કાંચનમુકિત, ગ્રામદાન અને ગ્રામસભા છે. ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિની મહાન યાત્રા પણ પૂ. બાબાએ અહીંથી જ પ્રારંભ કરી હતી. હમણાં તો કેટલાક સમયથી તેઓએ ક્ષેત્રસંન્યાસ લઈને સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો છે. એટલે આશ્રમમાંથી કયાંય બહાર નહીં જવાનું. એમનો દૈનિક કાર્યક્રમ અત્યંત શાંતિથી ચાલતો રહે છે. મુલાકાતી લોકો સારા પ્રમાણમાં આવતા રહે છે. તેમને મળવાનું, તેમના પ્રશ્નો, સમસ્યાઓના ઉત્તરો આપવા, આદિમાં તેઓ પ્રસન્નતાપૂર્વક ભાગ લે છે. વાતચીત દરમિયાન તેમનું જ્ઞાન, વિદ્વત્તા, વિનોદવૃત્તિ અને મુકત હાસ્યનો પરિચય પણ મળે છે. રોજ પ્રભાતમાં સામૂહિક સફાઈ અને ખેતીકાર્યમાં પણ તેઓ નિયમિત રૂપે જોડાય છે.

### આશ્રમના દૈનિક કાર્યની ઝલક

પ્રભાતમાં ૪ વાગે મધુર ઝંકારવાળી ઘંટડી બધાને ઊઠી જવાની સંજ્ઞારૂપે વાગે છે. ૪ાા વાગે બાબાના સાન્નિધ્યમાં તેઓની કુટિરની સામેના પ્રાંગણમાં ઔદુંબર ઝાડ નીચે પ્રાર્થના થાય છે. એ ઝાડની નીચે દત્ત ભગવાનની બે પાદુકાઓ, જે આશ્રમના ખોદ-કામ દરમિયાન મળેલી, તેની સ્થાપના કરવામાં આવી છે અને પાસે જ ભગવાન બદ્રીનાથની મૂર્તિની સ્થાપના એક જાંબુના ઝાડ નીચે કરવામાં આવી હોવાથી આ વિભાગ બદ્રીક્ષેત્રને નામે ઓળખાય છે. થોડે દૂર નંદી, શિવલિંગ અને ઉમા-મહેશ્વરની સુંદર મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે તેથી એ વિભાગ કેદારક્ષેત્રને નામે ઓળખાય છે. પાંચ જામફળીઓનાં ઝુંડવાળો વિભાગ પંચવટી નામથી ઓળખાય છે. આ જામફળીઓ પોતાની મોસમમાં મબલખ ફળો આપે છે. રોજના ચારપાંચ ટોપલાભર સરસ તાજાં સુગંધી મીઠાં જામફળ નીકળે છે. અમને પણ સીઝનનો લાભ મળ્યો હતો. ફળો જેને જેટલાં જોઈએ તેટલાં ખાઈ શકે છે.

આ બદ્રીક્ષેત્રમાં પ્રભાતમાં ૪ાા વાગે પ્રાર્થના થાય છે. ૫ થી ૫ાા સુધી સૌ પોતપોતાના સ્વાધ્યાયમાં મગ્ન રહે છે. કોઈ શ્લોકોનું ગાન કરે, કોઈ ધ્યાનમગ્ન થાય, તો કોઈ વાચન -મનનાદિમાં લીન થાય. પૂ. બાબા ૫ વાગે પોતાનો પહેલો આહાર ગ્રહણ કરે છે. તેમનો આહાર પણ અત્યંત સૂક્ષ્મ હોય છે. થોડાં પનીર, દૂધ, પપૈયું અને ગોળ. આમાંથી દૂધ સિવાયની બધી વસ્તુઓને પાતળી રસ જેવી બનાવીને ધીરે ધીરે તેઓ લે છે. બીજો આહાર સવારે ૯ વાગે અને ત્રીજો ૧૨ વાગે. તેમાં પણ આ જ ચીજોને આ જ રીતે લેવાની. ૧૨ વાગ્યા બાદ તેઓ પાણી સિવાય કશું લેતા નથી.

૫ાા વાગે પૂ. બાબાના નાનાભાઈ પૂ. બાળકોબાજી ભાવે બહેનોને ઉપનિષદ સમજાવે છે. ૬ાા વાગે આશ્રમના રૂમો અને રસ્તાઓની સફાઈનો સામૂહિક કાર્યક્રમ હોય છે. આ રસ્તાઓનાં નામો સુંદર હોય છે. જ્ઞાનપથ, શુદ્ધિપથ, શ્રદ્ધાપથ (આ પથ પર એક જર્મન યુવતી નવ વર્ષથી સાધના કરે છે. એ યુવતીનું નામ પૂ. બાબાએ શ્રદ્ધા રાખ્યું છે, અને તે જ નામ રસ્તાને પણ આપ્યું છે). ધ્યાનપથ, મુકિતપથ, પ્રજ્ઞાપથ, કર્મપથ, ત્યાગપથ અને કારુણ્યકૂપ આદિ. એક મોટા કૂવા પાસે સાધનામાં શાંતિથી બેસવા માટે મોટો વિશાળ ઓટો બનાવ્યો છે, એટલે એ પથનું નામ સાધનાપથ રાખ્યું છે અને બે રસ્તાને જોડનારો રસ્તો તે સામ્યપથ છે.

સામૂહિક સફાઈના કાર્યક્રમ પછી સામૂહિક ખેતીનો કાર્યક્રમ હોય છે. આશ્રમની વચ્ચોવચ્ચ વિશાળ જગ્યામાં ખેતી થાય છે. તે ઉપરાંત આશ્રમની બહાર બે ખેતરવા દૂર લગભગ ૧૭ - ૧૮ એકરના વિસ્તારમાં નદીકિનારે બહુ જ સુંદર ખેતી થાય છે. આ ખેતીના ઉત્પાદન અને તેમાંથી થતી આવકમાંથી આશ્રમ અન્ન, ફળ અને શાકભાજીની બાબતમાં સ્વાવલંબી છે. આ ખેતીનું કામ સંભાળનારા બે યુવાન આસામી ભાઈઓ હેમદત્ત અને આનંદ છે. અનન્ય ભકિત અને પ્રેમથી તેઓ આ કામ કરે છે. પાંચછ વર્ષ પહેલાં ૨૨ વર્ષની ઉંમરે તેઓ જ્યારે આસામથી અહીં આવ્યા ત્યારે ખેતી વિશે નહિવત્ જ્ઞાન હતું, પણ સારી રીતે ભણેલા હતા. બાબાની આજ્ઞાથી આ કામ હાથ ધર્યું, અને આજે તેઓ ખેતીમાં એટલા નિષ્ણાત થઈ ગયા છે કે ઉત્પાદનનો આંક અઢીત્રણગણો કર્યો છે. આ ખેતીમાં પણ બાબાએ સર્વોદયની ભાવનાનો વિસ્તાર કર્યો છે. ખેતીમાં ૪૫ મજૂર ભાઈબહેનો કામ કરે છે. આ કામ-ગારોને સામાન્ય રીતે જેટલી મજૂરી મળતી હોય છે તેના કરતાં બેગણી મજૂરી આપવામાં આવે છે, અને વાડીમાં થતાં ફળો અને શાકભાજી તેઓ નિ:શુલ્ક પોતાના ઉપયોગ જેટલાં લઈ શકે છે. આ તો થઈ મનુષ્યોની વાત, પણ ત્યાં આવતાં પક્ષી-ઓનો પણ આ ઉત્પાદનમાં ભાગ હોય છે. ઝાડ પર પાકેલાં પપૈયાં, જામફળ, બોર આદિ ફળો અને ધાન્ય, પક્ષીઓને ખાવાની છૂટ રહે છે. આ ખેતીમાંથી ખાતાં પક્ષીઓને ઉડાડવામાં નથી આવતાં અને એ પણ હકીકત છે કે તેઓ પણ એટલું જ ખાય છે કે આશ્રમના નિભાવ માટે પૂરતું બાકી રહે છે. ખેતીમાં મજૂરો સિવાયના કાર્યકરો એક કલાકની ફકત ૫૦ પૈસા મજૂરી પોતાના નિભાવ માટે લે છે. તેઓ સામાન્ય રીતે પાંચ કલાક કામ કરે છે. પણ સાત કલાક કામ કરે તો પણ પાંચ કલાકની જ મજૂરી લેતા હોય છે. આ જ મજૂરીમાંથી તેમનાં ખાનપાન અને વસ્ત્રોની સગવડ થઈ રહે છે. આ ખેતીમાં ઘઉં, જુવાર, ચાવલ, બટાટા, શકરિયાં અને બીજાં મોસમનાં શાકભાજી ઉપરાંત કેળાં, પપૈયાં, જામફળ, બોર આદિ ફળો સારા પ્રમાણમાં થાય છે.

આશ્રમની ખેતીમાં સીંગદાણા, બટાટા, શકરિયાં અને પશુઓ માટે ઘાસચારો અને શાકભાજી થાય છે. સામૂહિક ખેતી વખતે સૌ જાતજાતનાં કાર્યોમાં લાગી જાય છે. પૂ. બાબાના નેતૃત્વમાં પાવડા, કોદાળી, દાતરડાં, ખુરપી, તગારાં, ખંપાળા અને ઝાડુ આદિથી સજ્જ બહેનોનું લશ્કર કૂચકદમ કરીને યથાસ્થાને પહોંચી જાય છે. કોઈ તૈયાર શાકો ઉતારવા લાગી જાય છે, કોઈ જમીન ખોદકામ કરે છે. કેટલાક નકામું ઘાસ ઉખેડી કાઢે છે, તો વળી કોઈ માટી–ખાતર કયારાઓમાં પૂરે છે. પ્રકૃતિની સાથે આત્મસાત થઈને આ કામ કરવામાં એક પ્રકારના અદ્‌ભુત આનંદનો અનુભવ થતો હતો. આવો આનંદ બીજા કોઈ કાર્યમાં આવવાનો સંભવ નથી. પૂ. બાબા પણ પોતાની નાની ખુરપી અને એક ઝૂલતી ટોપલી લઈને ઘાસ કાઢવા મંડી પડે છે. વચ્ચેવચ્ચે ખેતીકામનું નિરીક્ષણ કરવા એક રાઉન્ડ પણ લગાવે છે. આ ચાલતા કામ વચ્ચે કોઈ વાર તેમના અંગત સેક્રેટરી શ્રી બાલભાઈ અને કુસુમતાઈ દેશપાંડે કોઈક અગત્યનો સંદેશો હોય તો વાંચી સંભળાવે છે અને

ઘાસ કાઢવાના ચાલુ કામ સાથેસાથે બાબા તે પર પોતાનો ઉત્તર અભિપ્રાય આદિ લખાવી દે છે.

સામૂહિક ખેતી પછી તરત જ સામૂહિક ધ્યાનનો સમય હોય છે. બદ્રીક્ષેત્રમાં સૌ ધ્યાનમાં નિમગ્ન થાય છે. ઠીક આઠ વાગે નાસ્તાની ઘંટડી વાગે છે. નાસ્તામાં પપૈયાં, જામફળ, ઉપમા અને ધપાણીમાં ગોળ, તુલસીપત્ર, લીલી ચા ઉકાળીને કરેલો સુગંધીદાર ઉકાળો હોય છે. ત્યાર બાદ સ્નાનાદિથી નિવૃત્ત થઈને ૯ વાગે સંમેલનની પ્રથમ બેઠકમાં પહોંચવાનું રહેતું. ૯ થી ૧૦ વાગ્યા સુધી સંમેલનનો કાર્યક્રમ રહેતો. ૧૦ થી ૧૦ાા બાબા સાથે પ્રશ્નોત્તરી રહેતી હતી. આ પ્રશ્નોત્તરી દરમિયાન ઘણી મહત્ત્વની ચર્ચાઓ થતી. પૂ. બાબાના વિચારો જાણવાનો આ અવસર ઘણો સુંદર રહેતો હતો. બાબાને કાને બહેરાશ હોવાથી પ્રશ્નો તેમને લખીને આપવા પડતા હતા. પરંતુ જવાબમાં તો તેઓ પોતે બોલતા હતા એટલે ઘણી મઝા આવતી હતી. આ રસપ્રદ પ્રશ્નોત્તરીનો ઉલ્લેખ યથાસ્થાને આલેખવામાં આવશે. ૧૦ાા થી ૧૧ાા બાબાનું પ્રવચન રહેતું. ૧૧ાા વાગે વિષ્ણુસહસ્રનામ અને ભરતરામમંદિરમાં આરતીનો કાર્યક્રમ રહેતો. ૧૨ વાગે ભોજન. આશ્રમના સાદા, સાત્ત્વિક, શુદ્ધ અને પૌષ્ટિક ભોજનની વ્યવસ્થા ઘણી સુંદર હતી. આશ્રમના રસોઈઘરની વ્યવસ્થા કર્ણાટકનાં શ્રીમતી ભાગીરથી પ્રભુ સંભાળે છે. તેમના પ્રેમાળ અને વત્સલ સ્વભાવને લઈને આશ્રમવાસી લોકો તેમને 'આક્કા' ના સંબોધનથી બોલાવે છે. તેઓ કુલ ૨૪ વર્ષથી બાબા સાથે છે.

ભોજન પછી ૧ કલાક આરામ. શાંતિની ઘંટડી વાગે એટલે આખા આશ્રમમાં કયાંય જરા પણ અવાજ ન સંભળાય. સંપૂર્ણ શાંતિનો અનુભવ થાય. સવા બે વાગે ફરીથી બાબાના સાન્નિધ્યમાં ઝાડ નીચે સામૂહિક ધ્યાનપ્રયોગ થતો. ધ્યાન દરમિયાન ઘણાં બહેનો ભાવવિભોર થતાં હતાં. તેમાં એક દિવસ વડોદરાથી આવેલાં એક બહેનના હાથમાંથી કંકુ ખર્યું, તે પ્રસંગ બહુ જ યાદગાર રહેશે. આપણે સૌએ ભૂદાન પત્રિકા અને મધુસંચયના વાચન દરમિયાન 'હરિશ્ચંદ્ર'નું નામ વાંચ્યું જ છે. આ નામ પરથી સામાન્ય રીતે એવો ખ્યાલ આવે કે હરિશ્ચંદ્ર નામે કોઈ સર્વોદય વિચારધારાવાળા ભાઈ હશે. પણ ના, તેઓ ભાઈ નથી, પરંતુ બે બહેનો છે. તેમાંનાં એકનું નામ હરવિલાસબહેન અને બીજાનું નામ ચંદ્રકાન્તાબેન છે. નાનપણથી જ અનન્ય મૈત્રીની ગાંઠથી જોડાયેલી આ જોડીને ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને સાથે રહીને સર્વોદયનાં કામો કરવાની હોંશ જાગી. પૂ. બાબાના પરિચયમાં આવીને આ ભાવના બલવત્તર બની. બાબાએ આ બહેનોનાં અરસપરસ લગ્ન કરાવી દીધાં અને તેમનું નામ રાખ્યું 'હરિશ્ચંદ્ર'. આ બહેનો પહેલાં તો મુંબઈ રહેતાં હતાં પણ હમણા ઘણાં વર્ષોથી વડોદરા રહે છે. તેમાંનાં ચંદ્રકાન્તાબહેનને નામસ્મરણની ખૂબ લગની છે. નામસ્મરણ દ્વારા તેમનો આધ્યાત્મિક ક્ષેત્રમાં ઘણો વિકાસ થયો છે. ઘણાં સાદાં, સરળ અને નિરાભિમાની આ બહેનમાં આત્માની સુગંધનો અનુભવ થયો. ઘણીવાર તેઓને કંકુ-ચોખા હાથમાંથી પડે છે. શરીરમાંથી જાતજાતની સુગંધ છૂટે છે. ફૂલો ન હોય ત્યાંથી આવીને પૂજાના ગોખલામાં ગોઠવાય, અથવા તેમના બિછાનામાં માથા પાસે આવી જાય છે. જો કે આવી બાબતોને તેઓ જરા પણ મહત્ત્વ આપતાં નથી. સંજોગવશાત્ તે દિવસના ધ્યાનમાં હું નહોતી જઈ શકી, પણ તેમના હાથમાંથી ખરેલું કંકુ સૂંઘ્યું તો અત્યંત સુગંધીદાર લાગ્યું અને જ્યારે જ્યારે અમને સાથે બેસવાનું થતું ત્યારે અચૂક તેમના શરીરમાંથી નીકળતી સુગંધનો અનુભવ થતો હતો. હરવિલાસબહેન, ચંદ્રકાન્તાબહેનની ખૂબ કાળજીભરી સંભાળ રાખે છે. બેઉ બહેનોમાં વિદ્વત્તા, પ્રાસાદિકતા, લેખનશૈલી અને સૂઝનો સરસ અનુભવ થયો. અસ્તુ.

સંમેલનની બીજી બેઠક ૨ાા વાગે ભરાતી હતી, જેમાં અલગ અલગ વિષયો પર વ્યાખ્યાનો, મુદ્દાઓની ચર્ચા, ટોળીચર્ચા, આદિ થતું હતું. ૫ થી ૫ાા સુધી પૂ. બાબા સાથે પ્રશ્નોત્તરી યા તેમનું વ્યાખ્યાન અને ૫ાા વાગે સામૂહિક પ્રાર્થના અને આરતી રહેતી. છ વાગે બાબા ઊંઘી જાય છે. બાકી લોકો માટે ૬ થી ૭ સુધી એકબીજાને મળવાહળવાનું, ફરવા જવાનું, નદીને કિનારે જઈને ભજનધૂન લગાવી બેસવાનું આદિ રહેતું. ૭ વાગે ભોજન અને ૮ વાગે શાંતિ ઘંટડી વાગતાં સૂઈ જવાનું. લાઈટ આદિ બંધ થઈ જતાં. બાબા સાંજે છ વાગે સૂઈને પ્રભાતમાં ૩ વાગે ઊઠી જાય છે. આશ્રમવાસીઓને ૪ વાગે ઊઠવાનું હોય છે.

આ સંમેલનનો મૂળ હેતુ અને કેટલાક વિચારણીય મુદ્દાઓ આ પ્રમાણે હતા:

આપણા સમાજમાં પરિપૂર્ણતા લાવવા માટે ત્રણ બાબતની ખાસ આવશ્યકતા રહે છે: (૧) વિચારોની સફાઈ; (૨) વિચારને અમલમાં મૂકવા માટેના ઉપાયો; (૩) તે માટેની ઉપાસના. વિચારની સફાઈથી કાર્યની દિશા સ્પષ્ટ થાય છે, અને કાર્યદ્વારા વિચારપરિપુષ્ટ થાય છે; અને આ બેઉને શુદ્ધિપ્રદાન કરવાવાળી છે ઉપાસના.

વિજ્ઞાન બહુ તેજ ગતિથી પ્રગતિ કરી રહ્યું છે. હવે તો વિજ્ઞાને આપણા સામે બહુ મોટો પડકાર ફેંકયો છે કે હિંસા દ્વારા સર્વનાશને નોતરો યા અહિંસા દ્વારા સર્વોદયની પસંદગી કરો. વિશ્વમાં જ્યાં જ્યાં માનવતાપ્રેમીઓ વસે છે તેઓ દીર્ઘદષ્ટિથી પ્રેરિત અહિંસક સમાજરચનાના ક્રાંતિકાર્યમાં સર્વશકિતથી લાગી ગયા છે. હિંસક સમાજરચનામાં સ્ત્રી હંમેશાં પછાત રહેવી જોઈએ અને રહી છે, પરંતુ અહિંસક સમાજરચનામાં તો સ્ત્રીને જ નેતૃત્વ લેવાનું છે. અહિંસાપ્રેમી લોકોની દષ્ટિ આ બાબતમાં સ્વાભાવિક રીતે જ સ્ત્રીની તારિણીશકિત તરફ વળે છે. સ્ત્રી કેવળ લિંગવાચક શબ્દ નથી, પરંતુ ગુણવાચક શબ્દ છે. સ્નેહ, ત્યાગ, સમર્પણ આદિ ગુણ સ્ત્રીમાં સ્વાભાવિક હોય છે. સ્ત્રી-શકિતનો ચરિતાર્થ તેમનામાં રહેલા આ સ્વાભાવિક ગુણોના વિકાસ દ્વારા અહિંસક સમાજરચનાના નિર્માણમાં સમાયેલો છે. સ્ત્રીશકિત એટલે જ અહિંસાનો પરિપોષ કરનારો ગુણ.

સ્ત્રીમાં પડેલી આ સુષુપ્ત શકિતના વિકાસ માટે અને એની ઉન્નતિ માટે વ્યાપક તથા સઘનરૂપે અનેક દિશાઓથી પ્રયત્નો થવા જરૂરી છે. આ પ્રયત્નો વ્યકિતગત તેમ જ સામુદાયિક રૂપે કરવા જોઈશે. આ સંદર્ભમાં ચિંતન માટે સંક્ષેપમાં થોડાક મુદ્દાઓ નીચે પ્રમાણે છે:

**સ્ત્રીશકિત જાગરણ:**

(૧) અહિંસક ક્રાંતિકાર્યમાં સ્ત્રીઓનું યોગદાન, તેનું સ્વરૂપ તથા કાર્ય.

(૨) સંયમના વાતાવરણને પુ કરવા માટે પ્રયાસ. ચાર આશ્રમોની પુન: પ્રતિષ્ઠા, વાસનાઓને ઉત્તેજિત કરનારી ચીજોનો પ્રભાવ કમ કરવો, અશોભનીય પોસ્ટરો હટાવવા પ્રયત્નો આદિ.

(૩) આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક મૂલ્ય સ્થાપિત કરવા માટે વિવિધ ભૂમિકાએ વિવિધ કાર્યક્રમો ઘડવા; શિક્ષિત મહિલાઓ, ગ્રામીણ મહિલાઓ અને મહિલા સંસ્થાઓ માટે કાર્યક્રમો અને આ સૌમાં પરસ્પર અનુબંધ રચવો.

(૪) અવિવાહિત રહીને આધ્યાત્મિક સાધના અને સમાજસેવામાં રુચિ રાખનારી બહેનોને માટે કાર્યક્રમ અને વ્યવસ્થા.

(૫) સ્ત્રીશકિતજાગૃતિ માટે બ્રહ્મવિદ્યાની સાધનાની જરૂરત.

પશ્ચિમમાં સ્ત્રી-જાગરણના પ્રયત્નો, તેની વિશેષતા તથા મર્યાદા. ભારતમાં સ્ત્રી-જાગરણનું સ્વરૂપ તથા વિશેષતા.

ત્રણે દિવસનાં સંમેલનની સભાઓમાં ઉપરના મુદ્દાઓ અનુસાર બહુ જ સુંદર વકતવ્યો અને ચર્ચાઓ થઈ હતી, જેનું વિવરણ લેખમાળાના આગલા હપ્તામાં આવશે.

ક્રમશ: **પૂર્ણિમા પકવાસા**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૨૦

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૭૩, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ફ્રોઈડ અને યોગ

આ યુગમાં બે વ્યક્તિઓએ પોતાની વિચારધારાથી ક્રાન્તિ સર્જી છે—માર્ક્સ અને ફ્રોઈડ. એકે આર્થિક ક્ષેત્રે અને બીજાએ માનસિક ક્ષેત્રે. ફ્રોઈડના મનોવિશ્લેષણ ( સાયકોએનાલિસિસ ) અંગેનાં લખાણોએ માનવીમનનું અવગાહન કરવામાં એક નવી દિશા ખોલી અને નવી પરિભાષા રચી. માર્ક્સની જેમ ફ્રોઈડના વિચારો પણ ઘણા અપૂર્ણ, એકપક્ષી અને ખોટા હતા, છતાં બન્નેના વિચારોએ દુનિયા ઉપર અને ખાસ કરી પશ્ચિમની દુનિયા ઉપર અને હવે સર્વત્ર, ઊંડી અને વ્યાપક અસર કરી છે. ફ્રોઈડના વિચારોનાં ઘણાં પાસાં છે અને કેટલાંક માનસિક ચિકિત્સામાં સારી પેઠે ઉપયોગી નીવડયાં છે. આ વિચારોએ મોટી હાનિ પણ કરી છે અને સમાજને અવળી દિશામાં દોરી ગયા છે.

આ વિચારોનું સાચું મૂલ્યાંકન કરવાનો સમય પાકી ગયો છે અને તે થવા લાગ્યું છે.

ફ્રોઈડના મુખ્ય બે સિદ્ધાંતોએ ઘેરી અસર કરી છે. એક એ છે કે મનની વૃત્તિઓને દબાવવાથી માનસિક તાણ અને વ્યાધિઓ થાય છે. બીજો સિદ્ધાંત એ છે કે મનુષ્યના વર્તનનું મુખ્ય પ્રેરકબળ કામવાસના (સેકસ) છે અને બધા વર્તનનું મૂળ ત્યાં શોધી શકાય છે. આ બે સિદ્ધાંતો—આને અનુમાન કહેવાં જોઈએ, સિદ્ધાંતો નહિ— ને અનેક રીતે વિકસાવવામાં આવ્યા છે અને તેનાં ગંભીર પરિણામો આવ્યાં છે. અજ્ઞાત અથવા સુષુપ્ત મન (અનકોન્શિયસ માઈન્ડ) ફ્રોઈડની નવી શોધ નથી. પણ જે રીતે અજ્ઞાત મનના ભંડારને ફ્રોઈડે ખોદવા પ્રયત્ન કર્યો અને તેમાંથી જે અનુમાનો તારવી તેને સિદ્ધાંતનું સ્વરૂપ આપ્યું તેમાં કાંઈક નવીનતા હતી.

સંક્ષેપમાં કહીએ તો આ બે વિધાનોનું પરિણામ એ આવ્યું કે મનની વૃત્તિઓ ઉપર કોઈ કાબૂ રાખવો અને તેનું નિયમન કરવું એ નુકસાનકારક લેખાયું. મનને છૂટો દોર આપવો એ વિકાસનો માર્ગ ગણ્યો તેમ જ કામવાસનાને મુકતપણે વિહાર કરવા દેવી તે મનને સ્વસ્થ રાખવાનું લક્ષણ લેખાયું. નાના બાળકનાં વર્તનમાં પણ ફ્રોઈડે કામવાસનાનાં મૂળ શોધી કાઢયાં: પરિણામ ભયંકર આવ્યું. વર્તમાન સંયમહીન સમાજ અને કામવાસનાનો વિસ્ફોટ—જ્વાળામુખી પેઠે ફાટી નીકળવું—એ મહદ્ અંશે ફ્રોઈડને આભારી છે. તેણે પોતે આવું પરિણામ કલ્પ્યું નહિ હોય.

કોઈ વિચારમાં સત્યનો અંશ ન હોય તો તે ટકે નહિ. ઘણી વખત નવો વિચાર પરંપરાગત વિચારનાં અનિષ્ટ પરિણામોના પ્રત્યાઘાતરૂપે જન્મે છે. પણ એ સત્યનો અંશ પૂર્ણ સત્યનો દાવો કરે અને તેને તેવી રીતે સ્વીકારવામાં આવે ત્યારે અનિષ્ટ પરિણામ આવે છે.

તાજેતરમાં ફ્રોઈડ ઉપર ૧૧ વિદ્વાન લેખકોનો નિબંધસંગ્રહ પ્રકટ થયો છે તેમાં ફ્રોઈડના વિચારોની મીમાંસા અને તેનું સાચું સ્થાન બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

કોઈ પણ લેખક પોતાની આસપાસના સંજોગો અને પરિસ્થિતિથી પૂરી રીતે પર થઈ શકતો નથી. આ સંજોગો તેના વિચારોને જન્મ આપે છે અને ઘડે છે. ફ્રોઈડ યહૂદી હતો (માર્ક્સ પણ). વિયેનામાં જન્મ્યો અને લાંબો સમય ત્યાં રહ્યો. વિયેનામાં યહૂદીઓ પ્રત્યે વિરોધ હતો. તે સમયનું વિયેના યુરોપનું સાંસ્કૃતિક કેન્દ્ર હતું. ઓસ્ટ્રિયન સામ્રાજ્ય, જેનો પહેલા વિશ્વયુદ્ધ પછી અંત આવ્યો, તે સમયે સમૃદ્ધ હતું. ૧૧ વિદ્વાન લેખકોએ ફ્રોઈડનું મનોવિશ્લેષણ કર્યું છે. તેમનાં વિવેચનનો સાર મનનીય છે.

તે સમયના વિયેનાનું જીવન અત્યંત વિલાસમય હતું. કામવાસના વિશેનાં ફ્રોઈડનાં વિધાનો આ વિલાસમય જીવનના અનુભવનું પરિણામ હતું. His theories of sexuality reflect the sordid sensuality of Vienna. વિયેનાની વિલાસી સુંદરીઓની માનસિક વિકૃતિઓ અને અસ્થિરતામાંથી ફ્રોઈડના મનોવિશ્લેષણનો જન્મ થયો.

Freud developed psychoanalysis as a treatment for psychoneurosis. He generalised from the neurotic fantasies of middle class viennese women of his period and sought to understand human nature at all places and at all times

અતિ મર્યાદિત અને અસામાન્ય કિસ્સાઓના અનુભવને ફ્રોઈડે વ્યાપક સ્વરૂપ આપી પૂર્ણ સત્ય રૂપે રજૂ કર્યા, એટલું જ નહિ પણ તેને વિજ્ઞાન કહી, વૈજ્ઞાનિક શોધખોળ પેઠે પુરવાર થઈ શકે તેવા છે એમ ભ્રમ પેદા કરી, પ્રતિષ્ઠા આપી. Science of Psychoanalysis. ખરી રીતે આ માત્ર અનુમાનો હતા, જેનો પુરાવો મળવો શકય નથી.

Much of Freud is arbitrary metaphysical speculation masquerading as Science. These theories cannot be falsified, cannot be experementally refuted or upheld.

આમ છતાં, ફ્રોઈડના વિચારોએ માણસના મનનો કબજો લીધો છે અને માનસિક પરિવર્તન આણ્યું છે. એનું કારણ માનવસહજ નિર્બળતા છે. સંયમ કઠણ છે. તેથી સંયમ—તેને દમન કહ્યું—સંયમ બિનકુદરતી છે અને હાનિકારક છે એવો વિચાર માણસને સ્વાભાવિક રીતે આવકારદાયક થાય. વળી કામવાસના અતિ પ્રબળ અને લોભામણી છે. તેને ઉત્તેજન આપનાર "વિજ્ઞાન" માણસને લપસવું હોય અને ઢાળ મળે એવું થાય.

The theory had a certain charm and a wide appeal because everyone enjoys thinking about sex and enjoys the comforting companionship of an unconscious.

ફ્રોઈડના વિચારોમાં સત્યનો અંશ એ છે કે માણસના અજ્ઞાત મનમાં અસંખ્ય વિકારો ભર્યા છે. તે વિકારો ઉપર માણસ સમજણપૂર્વક સ્વપુરુષાર્થથી કાબૂ ન મેળવે અને માત્ર બહારના દબાણથી તેનું દમન કરે અને પીડાય તો વિપરીત માનસિક પરિણામ

આવે. પણ તેનો અર્થ એમ નથી કે મનની પ્રવૃત્તિઓને છૂટો દોર આપવો. તે તો ગાંડપણ છે. ગાંડપણ એટલે મન ઉપરનો કાબૂ ગુમાવી બેસવો અને ચંચળ મનની વૃત્તિઓ દોરે ત્યાં સઢ વિનાની નાવ પેઠે ખેંચાઈ જવું. ગાંડા માણસને મન અને પરિણામે વર્તન ઉપર કાબૂ નથી હોતો. દરેક વ્યકિતમાં અંશત: આવું ગાંડપણ છે. પૂર્ણ સ્થિતપ્રજ્ઞનો મન ઉપર પૂરો વિજય છે. મનમાં ઘણા ખરાબ વિચારો આવે છે. ખાનગી રીતે ઘણું ખરાબ વર્તન કરીએ છીએ. બહારથી શાણી દેખાતી વ્યકિતઓની માનસિક અને જાતીય વિકૃતિઓ આશ્ચર્યજનક હોય છે. બહારનું દમન નુકસાનકારક છે તેથી જ આત્મસંયમ ભટકતા મનને કાબૂમાં રાખવાનો સાચો ઉપાય છે. તે જ પ્રમાણે કામવાસના માણસની અતિ પ્રબળ વાસના છે. તેને પ્રજનન સાથે જોડી કુદરતે મોહક અને સામાજિક ઉપયોગિતાવાળી બનાવી છે. આ પ્રમત્ત વૃત્તિ વિનાશનું કારણ બને છે. જેટલી તે પ્રબળ છે તેટલો જ પ્રબળ અંકુશ માગે છે. ફ્રોઈડના મનોવિશ્લેષણને સ્થાને સાચો માર્ગ અંતરનિરીક્ષણનો છે. મનમાં અજ્ઞાતપણે પડેલ વિકારોને ખેંચી બહાર લાવી જ્ઞાત મનની સપાટીએ મૂકી, પૂરા તપાસવા અને તેનું પરિમાર્જન કરવું. મન હળવું થઈ જશે.

ફ્રોઈડ અને તેના જેવા ગમે તે કહે અને તેને ગમે તેવું લોભામણું સ્વરૂપ આપે. સત્ય એ છે કે સંયમ એ ધર્મ છે, સુખનો માર્ગ છે. અસંયમમાં વિનાશ છે. હજારો વર્ષ પહેલાં સ્વાનુભવથી આ સત્ય ઋષિમુનિઓએ કહ્યું અને તે સનાતન સત્ય છે. योगः चित्तवृत्ति-निरोध : ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ છે.

तं योगमिति मन्यन्ते, स्थिरामिन्द्रीय धारणाम्

अप्रमत्तस्तया भवति, योगो हि प्रभवाप्ययौ ।।

ઈન્દ્રિયોની સ્થિર ધારણાને યોગ કહ્યો છે. સદા અપ્રમત્ત રહેવું કારણ કે યોગ પ્રાપ્ત થયા પછી પણ ગુમાવવાનો ભય છે.

આજે યોગીઓનો રાફડો ફાટયો છે. પ્રભુપાદ અને મહેશ યોગી, રજનીશ અને બાલયોગી–બધા યોગ અને ધ્યાન શીખવવા નીકળી પડયા છે. સાચા ગુરુનું માર્ગદર્શન આવકારદાયક છે. પણ સાચા ગુરુ દુર્લભ છે. સ્વપુરુષાર્થ, સતત જાગૃતિ, ચિન્તન અને મનન અને પ્રતિક્ષણ આત્મનિરીક્ષણ એ ખરો ઉપાય છે. સાધના કઠિન અને દીર્ઘ છે, પણ તેનો આનંદ અદ્ભુત છે. અસંયમથી વિનાશ છે. ફ્રોઈડ અને માર્ક્સ બન્ને સામે ગાંધીએ સાચો માર્ગ બતાવ્યો છે.

ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## શ્રી ચિત્રભાનુએ લગ્ન કર્યાં

શ્રી ચિત્રભાનુએ પોતે છેવટે જાહેર કર્યું છે કે તેમણે લગ્ન કર્યાં છે. ('મુંબઈ સમાચાર'માં તેમનો પત્ર પ્રકટ થયો છે તેમાં આવું સ્પષ્ટ લખ્યું નથી પણ પત્રનો આ જ અર્થ છે) કેટલાક સમય પહેલાં આવી વાત જાહેર થઈ હતી ત્યારે ચિત્રભાનુ અને તેમના કેટલાક અનુયાયીઓએ તેનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો અને ચિત્રભાનુની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા આવી ખોટી અફવા ઊભી કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું. ચિત્રભાનુ હવે લખે છે કે વર્ષોથી જે કન્યાના પ્રેમમાં તેઓ હતા તેનો સ્વીકાર કરવાનું નિર્દંભ પગલું તેમણે લીધું છે. ('મુંબઈ સમાચાર'માં પ્રકટ થયેલ પત્રમાં 'વર્ષોથી' શબ્દ છપાયો નથી. મેં અસલ કાગળ વાંચ્યો છે તે ઉપરથી લખું છું). વર્ષોથી પ્રેમમાં હતા તો સાધુજીવનમાં કેટલાં વર્ષ દંભ ચાલ્યો? હવે જાહેર રીતે તે કન્યાનો સ્વીકાર કરી નિર્દંભ થયા તે સારું થયું. પણ ચિત્રભાનુ એમ જણાવે છે કે તેઓ વિદેશ ગયા ત્યારે વિરોધ થયો અને પાછા આવ્યા ત્યારે ઉપેક્ષા થઈ તેથી તેમને ઊંડો આઘાત થયો અને તેથી સત્ય લાધ્યું અને તે કારણે કન્યાનો સ્વીકાર કરી નિર્દંભ થવાનો નિર્ણય કર્યો તે બરાબર લાગતું નથી. વર્ષોથી પ્રેમમાં હતા તો વિદેશ ગયા તે પહેલાંની આ વાત હોવી જોઈએ. વિદેશ જવાનું તેમણે પગલું ભર્યું તેનો વિરોધ થશે તે હકીકત તેમના લક્ષબહાર હોય નહિ. બલ્કે કેટલાક લોકોએ આ પગલું આવકાર્યું હતું તેથી તેમને સંતોષ થવો જોઈએ. સાધુજીવનમાં મોટું પરિવર્તન લાવતું આવું પગલું ભરે ત્યારે વિરોધ માટે પૂરી તૈયારી હોવી જ જોઈએ. કોઈ પણ સમાજસુધારક આવા વિરોધને કારણે આઘાત અનુભવવાને બદલે પોતાના નિર્ણયમાં વધારે દૃઢ થાય છે અને પોતાના સદ્વર્તનથી પોતે લીધેલ પગલું સમાજહિતમાં હતું એવી ખાતરી કરી આપે છે. ચિત્રભાનુએ સાધુજીવનના બાહ્ય આચારમાં પરિવર્તન કર્યું ત્યારે સાચી સાધુતા અને સંયમી જીવન આચરી પોતાના જીવનને વધારે સાર્થક બનાવી શકયા હોત. સાચી હકીકત એમ જણાય છે કે વર્ષોથી જે આચારશિથિલતા આવી હતી અને જે અંતે એક કન્યાના પ્રેમમાં પરિણમી તેમાંથી પાછા ફરવાની વૃત્તિ કે શકિત ન હતી તેથી વિદેશ જઈ આ કાર્યની પરિણતિ કરવાની ઈચ્છા થઈ. દેશમાં રહી તેમ કરવાની હિંમત ન હતી. કામવાસના એવી વસ્તુ છે કે એક વખત તે દિશામાં મન લાગ્યું પછી તેમાંથી વિરલ વ્યકિતઓ જ મુકત થઈ શકે છે. પોતાની આ નિર્બળતા જાહેર કરવાની હિંમત ચિત્રભાનુએ બતાવી તે માટે અભિનંદન ઘટે છે. સાધુજીવનમાં રહી લાંબો વખત આવું પાપ આચર્યું હોત તો વધારે પતન થાત.

ચિત્રભાનુ વિદેશ ગયા ત્યારે ડિવાઈન નોલેજ સોસાયટી તરફથી નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું કે ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડિગ તરફથી જીનિવામાં સર્વ ધર્મ પરિષદ યોજવામાં આવી છે તેમાં જૈન ધર્મને યોગ્ય પ્રતિનિધિત્વ મળે એ હેતુથી અને ભગવાન મહાવીરના સિદ્ધાંતોની સમજૂતી ફેલાવવા તથા વિશ્વશાન્તિનું સમર્થન કરવા તેઓ જીનિવા જઈ રહ્યા છે. ત્યારે તેમના આ પગલા માટે મને બહુ ઉત્સાહ ન હતો. મેં લખ્યું હતું કે આવાં વિશ્વધર્મ સંમેલનો ખાસ ફળદાયી થતાં નથી અને આવા એક સંમેલનમાં મુનિ ચિત્રભાનુ હાજરી આપે તેથી જૈન ધર્મનો કોઈ પ્રભાવ વધશે અથવા તેને વિશે યોગ્ય સમજણ અન્ય ધર્મીઓને મળશે એમ માનવાને કારણ નથી. છતાં મેં વિરોધ નહોતો કર્યો. પરિણામની રાહ જોવાનું મને ઉચિત લાગ્યું હતું. તે સાથે મેં ચેતવણી આપી હતી:

"મુનિ ચિત્રભાનુ પોતાના સાધુજીવનમાં આવું મોટું પરિવર્તન કરી રહ્યા છે ત્યારે, સાચા સંયમના માર્ગથી અને સાચી સાધુતા અથવા મુનિપણાથી વિચલિત ન થાય એમ આપણે સૌ ઈચ્છીએ. બાહ્ય આચારમાં ફેરફાર થાય ત્યારે પણ મહાવ્રતોના સાચા પાલનમાં ખામી ન આવે, બલ્કે તે વિશેષપણે જીવનમાં ઊતરે તો ફેરફાર સાર્થક થશે." ('પ્રબુદ્ધ જીવન' તા. ૧-૪-'૭૦)

પરમાનંદભાઈએ ચિત્રભાનુના વિદેશગમનને હાર્દિક આવકાર આપ્યો હતો અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ આ પરદેશગમન પાછળ રહેલ ધર્મપ્રચારના પ્રશસ્ય હેતુને ધ્યાનમાં લઈ, આવકાર આપતો અને તેમના મિશનને સફળતા ઈચ્છતો પ્રસ્તાવ કર્યો હતો.

આ બનાવ માટે ચિત્રભાનુ કરતાં આપણે પોતે વધારે દોષિત છીએ તે બીના તરફ સમાજનું લક્ષ દોરાય તે જરૂરનું છે. સમાજમાં રહેલ અંધશ્રદ્ધા અને વેશપૂજાનું આવું જ પરિણામ આવે તે આપણે સમજી લેવું જોઈએ. કોઈ વ્યકિતમાં થોડી શકિત જોઈએ તો આપણે તેને બહુ ઊંચે ચડાવી દઈએ છીએ અને તે વ્યકિતએ સાધુસંન્યાસીનો વેશ પહેર્યો હોય ત્યારે બધો વિવેક ભૂલી જઈએ છીએ. રૂપ અને યૌવન હોય, વકતૃત્વ હોય, ત્યારે તેને બહેકાવવામાં આપણે જ કારણભૂત બનીએ છીએ. દુર્ભાગ્યે કેટલીક સ્ત્રીઓ આવી વ્યકિતઓ પ્રત્યે આકર્ષાય છે અને તેને ઘેરી વળે છે. સ્ત્રીસંગ વધે તેમાં રહેલ જોખમ પ્રત્યે પછી દુર્લક્ષ થાય છે. અંતે વાત એટલી આગળ વધે છે કે કાબૂબહાર જાય છે.

ચિત્રભાનુના આ વર્તનથી સાચાં પ્રગતિશીલ તત્ત્વોને ધક્કો પહોંચશે અને જુનવાણી માનસને ટેકો મળશે તે મોટું નુકસાન છે.

**શ્રી સત્ય સાઈબાબા**

સાઈબાબાના હજારો અનુયાયીઓ છે. તેઓ સાઈબાબાને સાક્ષાત્ ભગવાન અથવા ભગવાનના અવતાર માને છે. તેમના ઘણા ચમત્કારોની વાતો સાંભળીએ છીએ. કદાચ સૌથી મોટો ચમત્કાર હવે એ છે કે માણસ મરી જાય તેને બાબા સજીવન કરી શકે છે. એવા બે કિસ્સાઓનું વર્ણન આપતી એક પત્રિકા મિ. સોલોમન બેન્જામિને બહાર પાડી છે તે મને મળી છે. એક કિસ્સામાં, આંધ્ર પ્રદેશના કુપ્પમ્ ગામના એક જાણીતા નાગરિક અને કારખાનાના માલેક મિ. વી. રાધાકૃષ્ણનને તેમના મૃત્યુ પછી તેમનો મૃતદેહ સડી ગયો હતો અને વાસ મારતો થયો હતો ત્યારે ત્રીજા દિવસે સજીવન કર્યાનું જણાવ્યું છે. બીજો કિસ્સો કોઈ મિ. વોલ્ટર કાવનનો છે. તેઓ મેકિસકોના વતની છે. તેમને બાબાએ ડિસેમ્બર ૧૯૭૧ અને જાનેવારી ૧૯૭૨માં ત્રણ વખત સજીવન કર્યાનો વિગતવાર અહેવાલ છે. ડૉકટરોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા પછી બાબાએ હૉસ્પિટલમાં જઈ તેમને સજીવન કર્યા. બીજી વખત હૃદય-હુમલો થયો ત્યારે મિ. કાવન હૉસ્પિટલમાં હતા. બાબા કોઈ સભામાં હતા. દેહથી બાબા સભામાં જ રહ્યા પણ પરોક્ષ રીતે તેઓ હૉસ્પિટલ જઈ આવ્યા અને કાવનને સજીવન કર્યા. ત્રીજી વખત કાવન મદ્રાસમાં હતા અને બાબા બેંગલોર હતા. એમ કહેવાય છે કે બાબાને તાર મોકલ્યો અને બાબાએ જવાબ આપ્યો. હકીકતમાં કોઈ તાર આવ્યો જ ન હતો. શ્રીમતી કાવનની પ્રાર્થનાનો બાબાએ જવાબ આપ્યો. આ રીતે બાબાએ કોઈ મિ. હિસલોપને કહ્યું કે, Mr. Cowan died three times. I had to bring him back three times. "મિ. કાવન ત્રણ વખત મૃત્યુ પામ્યા અને ત્રણ વખત હું તેમને પાછા લાવ્યો." આ બધી હકીકતો મિ. હિસલોપે તા. ૭-૫-'૭૨ના રોજ શ્રીમતી કાવન ઉપર લખેલ પત્રમાં વિગતથી જણાવી છે જે પત્ર પત્રિકારૂપે પ્રકટ કર્યો છે અને શ્રીમતી કાવને તેનું સમર્થન કર્યું છે. કાવન ઘણા વ્યાધિથી પીડાતા હતા. બાબાના હાથે સજીવન થતાં વ્યાધિમુકત થયા. કાવનનું શારીરિક મૃત્યુ થયું પછી કાવન અને બાબાએ પરલોકની યાત્રા કરી. ત્યાં કાવનને તેમના પૂર્વજન્મોનું જ્ઞાન થયું અને બાબાએ યમરાજને વિનતિ કરી કાવનને મૃત્યુમાંથી મુકિત અપાવી પાછા લઈ આવ્યા. કાવને પોતે આ અનુભવનું સમર્થન કરતું નિવેદન આપ્યું છે.

મૃત મનુષ્યને સજીવન કરવાની સંજીવની વિદ્યા શુક્રાચાર્ય પાસે હતી એમ કહેવાય છે તેથી દેવદાનવના યુદ્ધમાં દેવો હારી જતા કારણ કે મૃત દાનવોને શુક્રાચાર્ય તુરત જ સજીવન કરતા. છેવટે કચ બ્રાહ્મણવેશ લઈ શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા શીખી આવ્યો. વર્તમાન યુગમાં આવી સંજીવની વિદ્યાના જાણકાર છે તે જાણી આનંદ થાય!

શ્રી કિશોરલાલ મશરૂવાળા પાસે એક ભાઈ (કિસાન હતા) એક વખત ગયા અને મશરૂવાળાને ભગવાન કહી સંબોધ્યા. ગાંધીજી અને વિનોબાને પણ પોતે ભગવાન માને છે એમ કહ્યું પણ જવાહરલાલ નેહરુને નહિ. આવી ખોટી ભાવિકતા વિશે મશરૂવાળાએ એક લેખ લખ્યો છે જેમાંથી નીચેનો ભાગ, અત્યારે ઘણા ભગવાનો અવતર્યા છે ત્યારે, મનનીય હોઈ આપું છું:

"એ સજ્જનની ભાવિકતા અને શ્રદ્ધાથી જેટલો મને ખેદ થયો, તેટલો જ તેમાં આપણા સત્યપુરુષોએ સ્થાપેલી અવિવેકી અને બેજવાબદાર પરંપરા માટે પણ થયો. આપણા દેશના સાધુ-સંત - આચાર્ય - સદ્ગુરુ - મહાત્મા તથા સંપ્રદાય - પ્રવર્તકોએ લોકોને શ્રદ્ધાને નામે કેટલા દુર્બળ, નમ્રતાને નામે નિષ્કારણ પામર, વેદાંતને નામે વિવેકહીન અને ઊલટીસૂલટી દલીલો કરવામાં હોંશિયાર, તથા સગુણ ભકિતને નામે અયોગ્ય રીતે મનુષ્યપૂજક બનાવી મૂકયા છે! गुरु साक्षात् परब्रह्मः ની આપણે એવા પ્રકારની સ્થૂળ વ્યાખ્યા બનાવી છે, અને તેનો હવે એટલો આપણને મહાવરો થઈ ગયો છે કે, પોતાના શિષ્યો કે જનતા પોતાને 'ભગવાન' શબ્દથી સંબોધે, મંદિરમાંની મૂર્તિની જેમ પોતાની પૂજા-અર્ચા કરે, પરમેશ્વર - વાચક સંજ્ઞાઓ અને મહિમાના શબ્દો પોતાના નામ સાથે જોડે, અને પોતાની મૂર્તિ પણ પૂજાય, તેમાં આપણને કશું ભૂંડું - આઘાત પહોંચાડનારું લાગતું નથી. ઊલટું, એ જ મોક્ષનો સાચો રસ્તો લાગે છે! મહેનત ઉઠાવીને શિષ્યોમાં ગુણોની વૃદ્ધિ કરવી, તેમની બુદ્ધિ સૂક્ષ્મ કરવી, તેમની વિવેકશકિત તેજ કરવી, તેમને સ્વતંત્ર - સ્વાધીન માનવ બનાવવા — તેને બદલે તેમને પરાવલંબી અને પામર રહી કેવળ ગુરુભકિતથી જ મોક્ષની શ્રદ્ધા રાખવાવાળા કરી મૂકીએ છીએ. ખુદ પોતાનો અહંકાર તો 'બ્રહ્મ' —અતિ મહાન—કરીએ છીએ! અને શિષ્યનો દિવસે દિવસે ક્ષુદ્ર; પોતે તો પુરુષોત્તમ પદ પર ચડી બેસીએ છીએ, અને શિષ્યોને અપુરુષ - પુરુષાર્થહીન કરીએ છીએ.

આમાં ભગવાનનો દ્રોહ એટલે ગુનો થાય છે, ભાષાનો દ્રોહ એટલે અવિવેક થાય છે, અને આપણા પોતાના મનુષ્યત્વનો દ્રોહ એટલે અપમાન થાય છે. જ્ઞાની મહાત્મા બ્રહ્મનિષ્ઠ થયો હોય તો યે આપણે માત્ર એક પરમાત્માને જ ભગવાન કહેવા જોઈએ. બીજા કોઈને—ગમે તેટલા તે મહાન કે પવિત્ર કાં ન હોય—તે શબ્દ ન લગાડવો ઘટે. તે સર્વે મનુષ્યો જ છે."

**ડૉ. પી. એમ. સાંગાણીનું સન્માન**

૪૨ વર્ષ સુધી સર હરકિસનદાસ હૉસ્પિટલમાં એકધારી સેવા આપી, અસ્વસ્થ તબિયતને કારણે ડૉ. સાંગાણી હવે નિવૃત્ત થયા છે તે પ્રસંગે, મુંબઈના નાગરિકો તરફથી નગરપતિની આગેવાની નીચે રચાયેલી સન્માન સમિતિ તરફથી તા. ૭ ફેબ્રુઆરીને રોજ તાજમહાલ હોટેલમાં શ્રી અરવિંદ મફતલાલના પ્રમુખપદે એક શાનદાર સમારંભ યોજાયો હતો. મુંબઈના અગ્રગણ્ય ડૉકટરો અને નાગરિકો ઘણી સારી સંખ્યામાં હાજર હતા અને ડૉ. સાંગાણીના જીવનભરના નિષ્ઠાપૂર્વકના સમર્પણને ભાવભરી અંજલિ અર્પી હતી.

૨૫ વર્ષની ઉંમરે, ૧૯૩૦માં એમ. બી. બી. એસ. થયા પછી તુરત જ ડૉ. સાંગાણી સર હરકિસનદાસ હૉસ્પિટલમાં જોડાયા અને પછી સુપરિન્ટેન્ડન્ટ નિમાયા. ડૉ. સાંગાણી હરકિસનદાસ હૉસ્પિટલ સાથે એટલા બધા તાદાત્મ્ય થયા હતા કે હૉસ્પિટલનો વિકાસ તેમના જીવનનો વિકાસ હોય તેમ લાગે. હૉસ્પિટલમાં તેનું કાર્યવાહક મંડળ દાન લાવી આપે, સાધનો પૂરાં પાડે, પણ તેનો પ્રાણ જેને રોજનો વહીવટ કરવો છે તે મુખ્ય અધિકારી છે. હૉસ્પિટલની પ્રતિષ્ઠા અને સુવાસ મોટે ભાગે મુખ્ય અધિકારીને આભારી હોય છે. આવી મોટી હૉસ્પિટલનું સંચાલન ખૂબ કુશળતા માગે છે. તે સાથે સૌની સાથે મળી કામ કરવાની વૃત્તિ તેમ જ શિસ્ત જાળવતા છતાં સૌનો આદર પ્રાપ્ત કરવો તેમાં નિરભિમાનતા મોટો ગુણ છે. નિષ્ણાત ડૉકટરો, મોટી સંખ્યાના કર્મચારીઓ, દરદીઓ અને તેમના સંબંધીઓ, આ બધાને સંતોષ આપવો અતિ વિકટ કાર્ય છે. ડૉ. સાંગાણીએ ઘણી સફળતાપૂર્વક આ જવાબદારી અદા કરી છે. ખાસ કરી, તબીબી રાહતના કાર્યમાં, માનવતા અને અંતરકરુણા, સફળતાની ગુરુચાવી છે. ડૉ. સાંગાણીમાં આ બધા ગુણોનો અનુભવ થયો છે. માનદ સલાહકાર તરીકે ડૉ. સાંગાણીની સેવાઓનો લાભ હૉસ્પિટલને મળતો રહેશે એમ હૉસ્પિટલની કાર્યવાહક સમિતિએ નક્કી કર્યું છે તે સર્વથા ઉચિત છે.

**શ્રી માણેકલાલ વખારિયા**

શ્રી માણેકલાલ વખારિયાનું ૬૭ વર્ષની ઉંમરે તા. ૭-૨-'૭૩ ના રોજ મુંબઈમાં અવસાન થયું. કેટલાક સમયથી હૃદયરોગ હતો અને તબિયત અસ્વસ્થ હતી. રાધનપુરમાં પ્રાથમિક શિક્ષણ લઈ મુંબઈમાં

હાઈસ્કૂલ સુધી અભ્યાસ કર્યો અને નાની ઉંમરે ધંધામાં જોડાવું પડ્યું. ભાઈ માણેકલાલ સ્વભાવથી સેવાભાવી હતા. જૈન સ્વયંસેવક મંડળના આગેવાન સભ્ય હતા. આઝાદીની લડતમાં સક્રિય ભાગ લીધો હતો અને ત્રણ વખત જેલ ભોગવી હતી. તેઓને જે. પી. અને ઓનરરી મેજિસ્ટ્રેટ બનાવ્યા હતા તેમાં પણ સાધારણ સ્થિતિના માણસોને ખૂબ ઉપયોગી થતા. ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી ધારાસભાના સભ્ય રહ્યા ત્યારે સારી પેઠે લોકસંપર્ક રાખી પ્રજાના પ્રશ્નોના ઉકેલમાં રસ લેતા. પૂ. રવિશંકર મહારાજ પ્રત્યે તેમની અનન્ય ભકિત હતી, અને મહારાજની બધી પ્રવૃત્તિમાં ભાઈ વખારિયા તથા તેમનાં પુત્રી ભારતીબહેન તન, મન, ધનથી સેવા આપતાં. મહારાજના સંપર્કથી તેમની સેવાવૃત્તિને વેગ મળ્યો હતો. રાધનપુર કેળવણી મંડળ અને દુષ્કાળના કાર્યમાં ખૂબ સમય આપતા. છેલ્લે તબિયત નરમ હતી તો પણ ચાર યુવકો આગ્રા પકડાયા હતા ત્યારે ભારતીબહેનને જવાની અનુમતિ આપી.

સાચી સેવાભાવના હોય તો પ્રમાણમાં એક સામાન્ય લાગતા માનવી પણ લોકકલ્યાણનાં કેટલાં કાર્યો કરી શકે છે તેનો ભાઈ વખારિયાના જીવન ઉપરથી બોધપાઠ મળે છે. ભાઈ વખારિયાનો મને સારો પરિચય હતો. તેઓ નિરભિમાની અને ધાર્મિક વૃત્તિના હતા. ભારતીબહેનને સેવાનો વારસો આપતા ગયા છે.

**કરપીણ ખૂન**

નેપિયન્સી રોડ ઉપર દરિયા મહાલમાં ૨૦ મે માળે રહેતાં એક બહેનનું ત્રણ કડિયા-મજૂરોએ કરપીણ ખૂન કર્યું એ ખૂબ આઘાતજનક હોવા ઉપરાંત ચિન્તાજનક બનાવ છે. બહેન ઘરમાં એકલાં હતાં. પતિ ઓફિસે ગયા હતા. પુત્રો મેચ જોવા ગયા હતા. આ ત્રણ મજૂરો ઘરમાં કામ કરતા હતા. આ ત્રણના મનમાં બાઈનું ખૂન કરી લૂંટ કરવાનો સંકલ્પ જન્મ્યો. શું બન્યું તે હજી પૂરી ખબર નથી, પણ પાંચ વાગે પુત્ર ઘરે આવ્યો ત્યારે બહેન લોહીલોહાણ પડયાં હતાં. એક માણસ હોય તેના મનમાં આવું પાપ ઊઠે અને આવેશમાં કાંઈક કરી બેસે, પણ ત્રણ માણસો અચાનક આવાં ભયંકર કૃત્યોમાં સહભાગી થાય અને કોઈને મનમાં ખટક ન થાય કે રોકવાનું મન ન થાય એ બતાવે છે કે સમાજમાં હિંસકવૃત્તિ કેટલી ફેલાયેલ છે. આ કોઈ પૂર્વયોજિત પગલું ન હતું. તકનો લાભ લઈ તત્ક્ષણ થયેલ કૃત્ય છે. થોડા પૈસા મેળવવા માણસ—અને ત્રણ જણા એક-સાથે—આટલી હદે જાય તે ખરેખર ચિન્તાનું કારણ છે. સમાજજીવન કેટલું અસ્વસ્થ અને રોગિષ્ટ છે તે આ બનાવ ઉપરથી દેખાય છે. માત્ર ગરીબાઈને કારણે પણ આવું અક્ષમ્ય કૃત્ય કલ્પી ન શકાય.

ચીમનલાલ ચકુભાઈ

# શ્રી રજનીશનો શક્તિપાત ધ્યાનનો પ્રયોગ

પૂજ્ય ચીમનભાઈ,

ગઈ કાલે તા. ૧લી ફેબ્રુઆરીએ સવારના સાડા આઠ વાગે આચાર્ય રજનીશજીનો 'શકિતપાત ધ્યાન'નો પ્રયોગ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી પર ખુલ્લા બગીચામાં હતો.

અમે ૮-૨૦ કલાકે લગભગ પહોંચ્યાં. એક રૂપિયાની પ્રવેશ-ફી હતી. તે ઉપરાંત ગુલાબ પણ જો લઈએ તો એક ગુલાબનો એક રૂપિયો હતો. અમે પ્રવેશ-ફી આપી અંદર ગયાં.

સૂર્યનો તડકો સારાયે વાતાવરણને સુંદર બનાવતો હતો. ઘણાં ભાઈ-બહેનો અમારી માફક વહેલાં આવી ગયાં હતાં.

થોડા જ વખતમાં રજનીશજીએ આવી પોતાની જગ્યા ઊંચા સ્ટેજ જેવા બાંધકામ પર વચમાં ગોળ ફરતી ખુરશીમાં લીધી. એમની પ્રતિભા ખરેખર ઘણી જ સુંદર લાગતી હતી. વાતાવરણમાં ગંભીર મૌન હતું. એમના આગમનને લીધે વાતાવરણ કોમળ બનતું જતું હતું. ઘણા લોકો અહોભાવથી પ્રણામ કરતા હતા. લગભગ ચારસો ભાઈ-બહેનો હાજર હતાં.

ભગવાં કપડાંવાળાં ભાઈ–બહેનો પણ હતાં. લગભગ દસ મિનિટ પછી રજનીશજીએ 'શકિતપાત ધ્યાન'માં આવનાર ભાઈ-બહેનોને એમના ઘેરા મધુર અવાજમાં સૂચનાઓ આપવા માંડી. એમણે કહ્યું, "આપ સહકાર આપો, આપ ગભરાશો નહીં. હું બધું સંભાળી લઈશ. કંપ થાય તો કાંપજો. હું આપની અંદર પ્રવેશ કરીશ.

"આંતરયાત્રામાં નીકળવાનું છે. ઝંઝાવાત આવે તો ડરશો નહીં. બધું જ છોડી દો. આપની અંદર જે કાંઈ થાય તેને થવા દેજો. હું બધું જ સંભાળી લઈશ.

"લગભગ વીસ મિનિટ આ પ્રમાણે થશે. સંગીત વાગશે.

"ત્યાર બાદ વીસ મિનિટ શાંત રહેજો. આંખો બંધ કરી બેસજો. મનમાં-હૃદયમાં શાંતિ રાખજો.

"ત્યાર બાદ વીસ મિનિટ આનંદની આવશે. સંગીત વાગશે. જેમ ગમે તેમ કરજો. નાચજો, કૂદજો—જેમ કરવું હોય તેમ કરજો. આનંદનો આવિર્ભાવ કરજો..."રજનીશજીએ બોલવાનું બંધ કર્યું.

... અને ધ્યાન શરૂ થયું ... સંગીત વાગવા લાગ્યું. હજુ તો વીસ મિનિટ માટેનું સંગીત શરૂ થયું ત્યાં તો ચારેબાજુથી ચિચિયારીઓના અવાજ આવવા લાગ્યા. મારી આંખો બંધ હતી એટલે એકાદબે મિનિટ હું સમજી ન શકી, પરંતુ અવાજો વધવા લાગ્યા. રડવાનો અવાજ, ઘાંટા પાડવાનો અવાજ, માથા કૂટવાનો અવાજ, પશુઓના જેવા જાતજાતના અવાજો અને સાથેસાથે લોકો કાંપતાં હતા. કોઈ શરીરને આમતેમ ધુણાવતાં હતાં, તો કોઈ બેઠા બેઠા રડતાં હતાં.

તરત જ મારી આંખો ખૂલી ગઈ. મેં ચોમેર નજર કરી. મારી આજુબાજુ એક ગાંડાઓની દુનિયા ઊભી થઈ હોય એવું લાગવા માંડયું. જેઓ આમ નહોતાં કરતાં તેઓ મારી જેમ બેઠા હતાં તેમ જ જોતાં હતાં.

સંગીત વધતું ગયું. વાતાવરણમાં ખૂબ જ ગાંડપણ અને સાથે-સાથે કરુણાનું દર્શન વધતું જ ગયું. હું અવાક્ થઈ ગઈ. મારો આ પહેલો જ અનુભવ હતો. લોકો આ પ્રમાણે ધ્યાનમાં કરતાં હશે એવી મને કલ્પના ન હતી.

મારા હૃદયમાંથી અસીમ કરુણા વહેવા લાગી. લગભગ સોએક જેટલાં સ્ત્રી-પુરુષોને મેં રડતાં, કકળતાં, કાંપતાં, પોતાનાં ચંપલ વડે માથું પછાડતાં જોયાં.

રજનીશજી પોતાની ખુરશીમાં ચારે બાજુ ગોળ ફરતા હતા. પોતાની શકિત દરેકમાં રેડતા જતા હતા. એમના અવાજમાં એક જાતનું ખેંચાણ હતું.

સંગીત Climax પર પહોંચ્યું. લોકોની ચિચિયારીઓ પણ વધી ગઈ. મારા હૃદયમાંથી ઉદ્‌ગાર સરી ગયા ...... 'હે પ્રભુ, કૃપા કરો, આપ જલદી આ પૃથ્વી પર ઊતરો. આ માનવીઓનાં મનની અસીમ દુ:ખી દશા હવે મારાથી જોવાતી નથી. તેઓની યાતના અસહ્ય છે. તેઓના અર્ધજાગ્રત તેમ જ અજાગ્રત મન ઉપર ઘણા જ આઘાતો છે. એ આઘાતો સહન કરવાની એમને શકિત આપ. હે પ્રભુ! તું તેઓમાં તારું સ્થાન લે.'

સંગીત બંધ થયું. રજનીશજીએ લોકોને આંખ બંધ કરવા, શાંત થવા તેમ જ બધું દુ:ખ તેઓને આપી દેવા કહ્યું. જાદુ થયો હોય તેવી રીતે બે મિનિટમાં લોકોએ આંખો બંધ કરવા માંડી. મારી બાજુમાં જે ભાઈ ઊભા થઈ રોકકળ કરતા હતા તે જોરમાં જમીન પર પડી ગયા. આંખો મીંચી સૂઈ ગયા.

વીસ મિનિટની શાંતિ બાદ બીજું સંગીત શરૂ થયું. આનંદનું સંગીત. રજનીશજીએ સર્વેને આનંદમાં મગ્ન થવાનું કહ્યું. ત્રણચાર મિનિટમાં લોકોએ હસવાનું શરૂ કર્યું. કેટલાક બેઠા બેઠા જ હસતા હતા. કેટલાક ઊભા થઈને નાચતા હતા, તો કેટલાક ભજનો ગાઈને હાથપગ હલાવતા હતા.

આમ ને આમ લોકો પોતાનો ધ્યાનનો સમય પસાર કરતા હતા. જેઓ આમાંનું કશું જ નહોતા કરતા તેઓ એમ ને એમ બેઠા હતા. તેમના પર રજનીશજીના શકિતપાતની કોઈ અસર દેખાતી નહોતી.

...... અને અમે ઊઠયા

એ જ

તા. ૨-૨-'૭૩ દામિનીનાં પ્રણામ

# ☆ તુર્કી કયા માર્ગે જઈ રહ્યું છે? ☆

પાકિસ્તાને પણ કદી ભગવદ્ ગીતા ઉપર પ્રતિબંધ મૂકયો નથી ત્યારે કમાલ આતાતુર્ક જેવા નેતાના દેશ તુર્કીમાં ભગવદ્ ગીતા ઉપર પ્રતિબંધ મુકાય ત્યારે આપણને જરૂર નવાઈ લાગે. માત્ર ગીતા જ નહિ પણ ઉપનિષદો અને ડૉ. રાધાકૃષ્ણનના "ધી હિન્દુ વ્યૂ ઑફ લાઈફ" નામના પુસ્તકની આયાત ઉપર પણ તુર્કી સરકારે પ્રતિબંધ મૂકયો છે. તુર્કીની સરકાર કદાચ અહિંસા અને પ્રેમનો સંદેશો આપતાં પુસ્તકો પચાવી શકતી નહિ હોય. તાજેતરમાં ત્યાં લશ્કરની મદદ વડે નામની લોકશાહી ચાલે છે, અને ટૂંક સમયમાં નવી ચૂંટણીઓ પણ થવાની છે. લોકો ભગવદ્ ગીતા વાંચીને તુર્કીની સરકારમાં જે કેટલાંક હિસાનાં છૂપાં તત્ત્વો દેખાય છે તેને નામશેષ કરવામાં પ્રોત્સાહિત ન થાય તે માટે જ ચૂંટણી ટાંકણે જ ભગવદ્ ગીતા ઉપર સરકારે પ્રતિબંધ મૂકયો છે કે શું તેવો પ્રશ્ન થાય. તુર્કીમાં અત્યારે જે છૂપો ત્રાસ ચાલી રહ્યો છે તેની વિગતો પણ કંપાવનારી છે.

મુસ્તફા કમાલ પાશાએ ત્રેસઠ વર્ષ પહેલાં તુર્કીને સુલતાનોની ગુલામીમાંથી છોડાવીને, તુર્કી ઉપર "યુરોપના બીમાર માણસ" તરીકેનું જે મહેણું હતું તે ટાળ્યું હતું. મુસ્તફાનો આત્મા અત્યારે તુર્કીમાં ચાલતા પાશવી અત્યાચારો જોઈને કકળતો હશે. વિયેટનામમાં અમેરિકાનાં બી-૫૨ બૉંબર વિમાનો મોતની ચાદર બિછાવે તે રીતે બૉંબવર્ષા કરે કે લેસર કિરણો દ્વારા સ્માર્ટ બૉંબ ફેંકે તો દુનિયાને ખૂણેખૂણે એ કૃત્યના સમાચાર ફેલાઈ જાય છે. તુર્કીમાં અત્યારે લશ્કરી અમલદારોની મદદથી જે લોકશાહી ચાલે છે તેણે સામ્યવાદને ડામવાને બહાને જે સામંતશાહી આદરી છે તેના અહેવાલો આપણને ભાગ્યે જ જોવા મળશે. ભારતે સામાજિક ન્યાય આપવા અગર તો બીજાં કારણોસર રાજ્ય બંધારણમાં ૨૯ વખત સુધારા કર્યા છે. પણ તુર્કીમાં વ્યકિતસ્વાતંત્ર્ય, વર્તમાનપત્રોના સ્વાતંત્ર્ય અને રાજકીય પક્ષોની વાચાને ડામવા માટે તુર્કીના લશ્કરી અફસરોએ તેની બંધારણની ૧૫૭ કલમમાં ૩૭ વખત સુધારા કર્યા છે. સામ્યવાદનો હાઉ જાણે અમેરિકા કરતાં તુર્કીને વધુ સતાવતો હોય તે રીતે ઉદ્દામવાદી વિચારશ્રેણી ધરાવતા વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, વકીલો અને બીજો બુદ્ધિશાળી વર્ગ કશીક રાજકીય પ્રવૃત્તિ કરે એટલે તેમાં લાલ રંગ જોઈને તુર્કીના શાસકો જુલમ આદરવા માંડે છે.

તુર્કીના ઈસ્તુંબલ શહેરમાં સાદિક અકીનસીલર એક ઘણાં જ સાલસ સ્વભાવના લોકપ્રિય વકીલ છે. છ મહિના પહેલાં તેને સાદા વેશધારી પોલીસ પકડી ગયા. સાદિકને આંખે પાટા બાંધવામાં આવ્યા. એક ભોંયરામાં લાવીને તેના પાટા ખોલ્યા ત્યારે સાદિક તુર્કી લશ્કરના એક જનરલ સામે બેઠા હતા. "તમે ગેરીલા પ્રવૃત્તિમાં પડીને હાલની જમણેરી સરકારને ઊથલાવવાનું કાવતરું કરો છો તેમ માલૂમ પડયું છે, પણ હવે તમે પકડાઈ ગયા છો. એક કૂતરાથી પણ બદતર જીવન તમારે જીવવું પડશે. બંધારણ કે કાયદો તમારું રક્ષણ કરી શકે તેમ નથી." સાદિકની ઉપર પછી શું ગુજરી તે વાત તો ધરતીમાં જ ધરબાઈ ગઈ હોત, પરંતુ બ્રિટનમાં "એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ" નામની એક સંસ્થા રાજકીય નેતાઓ ઉપર ચલાવાતા અત્યાચારની જાસૂસી કરીને નિર્દોષ લોકોને છોડાવવા માટેની પ્રવૃત્તિ કરે છે. બ્રિટનના એક ખ્યાતનામ અખબારે આવા અત્યાચારોની ખબર મેળવવા જાસૂસી પત્રકારો રાખ્યા છે. આ જાસૂસી પત્રકારો જીવને જોખમે તુર્કીની છૂપી જેલોમાં પહોંચી ગયા અને સાદિક ઉપર અને બીજા વિદ્યાર્થીઓ ઉપર જે અત્યાચાર અને રિબામણી થતાં હતાં તેના અહેવાલો લઈ આવ્યા છે.

સાદિકને ભોંયરામાં ગોંધીને પછી લોહી ન નીકળે તે રીતે જાપાનીસ સ્ટાઈલના કરાટે-ફટકા મારવામાં આવ્યા. જંગલી પ્રકારે મૂઢ માર મારીને પછી તેમને જમીન ઉપર ફેંકી દેવાયા. તે પછી તેમના પગ બાંધીને અદ્ધર હવામાં લટકાવવામાં આવ્યા. "ફલાકા" નામની અતિક્રૂર પદ્ધતિથી તેમના ઉપર રિબામણી થઈ. કોઈ કેદીને પગમાં રબરના સોલવાળા બૂટ પહેરાવીને પછી તે સોલ ઉપર લોખંડના સળિયાથી જોરદાર પ્રહાર કરવામાં આવે તેને "ફલાકા"ના ફટકા કહે છે. ફલાકાના ફટકાને કારણે સાદિકના પગમાં ભયંકર સોજા આવી ગયા હતા. તેની ચામડી બિલકુલ તૂટે નહિ તેનો ખ્યાલ રખાયો હતો. ખૂબ ફટકા મારીને પછી સૂજેલા પગ વડે સાદિકને પથરાળી જમીન ઉપર ચાલવાનું કહેવામાં આવતું હતું.

આ બધી રિબામણી સાદિક ઉપર એટલા માટે જ થઈ કે "પીપલ્સ લિબરેશન આર્મી" નામના એક માર્ક્સવાદી જૂથના નેતાઓને બચાવવા માટે સાદિકે વકીલાત કરી હતી! જો કે ગેરીલાના નેતા માહીર કાયાનને તો જેલ પડી હતી, પણ માહીર જેલમાંથી નાસી છૂટયો હતો. સાદિક ઉપર લશ્કરી વડાએ એમ પણ આરોપ મૂકયો કે માહીરને ભગાડવાનું કાવતરું તેમણે (સાદિકે) ઘડયું હતું. સાદિકને રિબાવી રિબાવીને માહીર કયાં નાસી ગયો છે તેની માહિતી પોલીસે કઢાવવાની હતી, પણ હકીકતમાં સાદિકને કોઈ વાતની ખબર જ નહોતી.

સાદિકે બાતમી ન આપી એટલે તેમના શરીરના કોમળ ભાગો ઉપર ઈલેક્ટ્રોડ્ઝ ચીટકાવવામાં આવ્યા. એ પછી તેમને એક લોખંડની ખુરશીમાં બેસાડીને લોખંડના દોરડાથી બાંધવામાં આવ્યા. કપાળ સાથે લગાવેલા ઈલેક્ટ્રોડ્ઝને તાર સાથે જોડીને સાદિકને વીજળીના આંચકા આપવામાં આવ્યા. આ આંચકાની મગજ ઉપર જબરદસ્ત અસર થતી હતી, અને ચીસ પાડીને સાદિક તેમની લોખંડની ખુરશી સહિત ભોંય ઉપર ઢળી પડતા હતા. આટલા ત્રાસ પછી લશ્કરી વડાએ પોતે ઘડી કાઢેલા એક નિવેદનમાં કશું જ જોયા વગર સાદિકે સહી કરી આપી ત્યારે તેમના ઉપર ત્રાસ ગુજારવાનું બંધ થયું પણ તેમને કેદની સજા તો થઈ જ.

સાદિક જેવા અસંખ્ય નિર્દોષ નાગરિકો અને રાજકીય નેતાઓને પકડવામાં આવે છે. તેમાં સ્ત્રીઓ ઉપર પણ દયા રખાતી નથી. જ્યારે સાદિક પાસેથી માહીર કયાં નાસી ગયો છે તેની માહિતી ન મળી ત્યારે ઈસ્તંબુલની એક કંપનીમાં નોકરી કરતી ૨૨ વર્ષની યુવતી - આકગોલને પકડવામાં આવી. કોઈએ પોલીસને કહ્યું કે આકગોલને એક વખત માહીર સાથે દોસ્તી હતી. પોલીસને માટે આટલી વાત બસ હતી. આકગોલને બે છૂપી પોલીસના માણસો પકડી ગયા. શરૂમાં કહ્યું કે, "એક સરસ નાટક જોવા જઈએ છીએ." પણ પછી જીપમાં બેઠેલી આકગોલને આંખે પાટા બાંધી દીધા. એક ભોંયરામાં લઈ જઈને તેને માહીરની હિલચાલ વિશે પૂછવામાં આવ્યું. આકગોલને કશી જ ખબર નહોતી. લશ્કરનો અફસર ચિઢાયો. આકગોલને નિર્વસ્ત્ર કરવામાં આવી અને પછી તમામ પોલીસોએ બીભત્સ ભાષા વાપરી. ઈલેકિટ્રકના ઝટકા અપાયા. તેનાથી પણ ન માની ત્યારે તેના ઉપર બળાત્કાર કરવામાં આવ્યો. આકગોલે પણ ત્રાસથી છૂટવા માટે તૈયાર નિવેદનમાં સહી કરી આપી હતી.

સૌરાષ્ટ્રના ઘણા ફોજદારો શંકાસ્પદ વ્યકિતઓને દંડા મારીને ગુના કબૂલ કરાવવામાં નિષ્ણાત હતા તેમ તુર્કીની પોલીસ પણ હાલનું અર્ધલશ્કરી શાસન નહોતું ત્યારે પણ શંકાસ્પદ લોકો ઉપર ત્રાસ અને રિબામણી આચરવા માટે પ્રખ્યાત હતી. હવે આ ત્રાસ કરનારામાં તુર્કીની એમ. આઈ. ટી. નામની ઈન્ટેલિજન્સ એજન્સીનો ઉમેરો થયો છે. છેલ્લા ૧૮ મહિનામાં એમ. આઈ. ટી. એ રાજકીય ચળવળ કરનારાને પકડવા માટે તુર્કીભરમાં છૂપાં કેન્દ્રો સ્થાપ્યાં છે.

બ્રિટનના એક વર્તમાનપત્રે તેમના જાસૂસી પત્રકારોને મોકલીને તુર્કીના જાસૂસી ખાતાનાં આ કેન્દ્રોમાં થતા અત્યાચારોના ફોટા પાડયા છે.

૧૨મી માર્ચ ૧૯૭૧ની તારીખથી તુર્કીના વડા પ્રધાન ડેમીરેલને રાજીનામું આપવાની ફરજ પાડીને તુર્કીની લોકશાહીને કાગળ ઉપર સલામત રાખીને અત્યારે લશ્કરી જનરલો મન ફાવે તે રીતે તુર્કી ઉપર શાસન ચલાવે છે. તુર્કી 'નાટો'નું સભ્ય હોઈને સામ્યવાદને ખાળવાની તેની ફરજને તે અમેરિકા કરતાં વધુ ઉત્સાહથી અત્યાચાર દ્વારા પાળે છે. અમેરિકા તો પારકી ભૂમિ ઉપર જઈને બૉંબમારો કરે છે, પણ તુર્કીના જનરલો તો પોતાની જ પ્રજાને રિબાવે છે.

એક માર્ક્સવાદી યુવાન પકડાયો તેના ઉપર કામ ચલાવવાને બદલે તદ્દન નજીકથી પિસ્તોલના ત્રણ શોટ મારીને તેને ખતમ કરવામાં આવ્યો હતો. તુર્કીમાં રાજકીય હેતુ પાર પાડવા માટે અપહરણ ન થાય તે માટે રાતોરાત રેડિયો ઉપર પ્રસારણ કરીને કાયદો પસાર કરવામાં આવે છે. અપહરણ કરનારને માટે તુર્કીમાં દેહાંત દંડની સજા થાય છે. એ પછી અપહરણની શંકા પડે તો પણ વિદ્યાર્થીઓ, વકીલો, શિક્ષકો અને પત્રકારોની ધરપકડ કરવામાં આવે છે. આવા ૧૨૦૦૦ જેટલા શિક્ષિતો તુર્કીની જેલમાં સબડે છે. ૩૫૦૦ ઉપર તો હજી કોર્ટનું કામ પણ ચાલ્યું નથી. તુર્કીનો રેડિયો અને ટેલિવિઝન અત્યારે લશ્કરી અફસરો ચલાવે છે. ડાબેરી કામદાર મંડળો ઉપર પ્રતિબંધ મુકાયો છે. અંકારાના એક વર્તમાનપત્રના તંત્રી ઉપર સામ્યવાદી પ્રચાર કરવા માટે ૬ માસની જેલ ઠોકવામાં આવી છે. માર્ક્સવાદ કે સમાજવાદનાં પુસ્તકોમાં શું લખ્યું છે તે ન સમજનારા એક પુસ્તક પ્રકાશકને જેલમાં ગોંધવામાં આવ્યા છે.

વર્તમાનપત્રના તંત્રીઓ કે વકીલોને જેલમાં બીમારી આવે તો જેલની હોસ્પિટલના ખાટલામાં તેમના પગ સાથે સાંકળ બાંધીને જ રાખવામાં આવે છે. ૨૧ વર્ષના એક વિદ્યાર્થીને ઉદ્દામ વિચારશ્રેણીવાળો સમજીને તેના પગના નખ ઊતરડી લેવામાં આવ્યા હતા. તે પછી એક મહિનો નીંગળતા લોહી સાથે તે પોલીસની કોટડીમાં ગોંધાઈ રહ્યો ત્યારે તેના પગમાં જીવાત પડી ગઈ હતી.

તુર્કીમાં ચાલતા આ છૂપા અત્યાચારની 'નાટો' ના ભાગીદાર દેશોને ખબર પડી ત્યારે પૅરિસમાં છેલ્લે ડિસેમ્બર માસમાં મળેલી બેઠકમાં અમેરિકન ભાગીદારે પૂછયું, "તુર્કીમાં આ બધું શું ચાલે છે?" બ્રિટને પણ ટાપસી પુરાવી હતી. ત્યારે તુર્કીના પ્રતિનિધિએ સામું પૂછયું, "વિયેટનામ અને ઉત્તર આયરલૅન્ડમાં શું ચાલે છે એ અમે પૂછીએ છીએ? (!)" આમ 'નાટો'ના ભાગીદારો કંઈ કરી શકતા નથી. સંયુક્ત રાષ્ટ્ર સંઘે રાજકીય અટકાયતીઓ ઉપર અમાનુષી અત્યાચાર ન થાય તે માટે પ્રયાસ આદર્યા છે. લગભગ ૩૬ દેશોએ રાજકીય અટકાયતી પરત્વે માનવતાભર્યો વર્તાવ કરવાના ખતપત્રમાં સહી કરવા તૈયારી બતાવી છે. તુર્કી કહે છે કે અમારું રાજ્યબંધારણ જુઓ, તેમાં સ્પષ્ટ લખ્યું છે, "તુર્કીમાં કોઈ વ્યક્તિ પ્રત્યે ખરાબ વર્તણૂક કરવામાં નહિ આવે કે રિબાવવામાં નહિ આવે." (!)

પણ બંધારણની આ કલમ અત્યારે કાગળ ઉપર જ રહી ગઈ છે.

—કાંતિ ભટ્ટ

## 'પ્રબુદ્ધ જીવન' અંગે—

'પ્રબુદ્ધ જીવન'ના હાલના સ્વરૂપ અંગે કાર્યાલયને ઘણા પત્રો મળે છે, તેમાં ખૂબ જ સંતોષ વ્યક્ત કરવામાં આવે છે. તેમાંથી બે જ પત્રો વાચક-સમુદાયની જાણ માટે નીચે પ્રગટ કરવામાં આવ્યા છે.

એક છે આપણા જાણીતા સાક્ષર પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો અને બીજો છે મલાડ મહિલા કોલેજના વાઈસ પ્રિન્સિપલ શ્રી બકુલ રાવળનો.

—મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

[ ૧ ]

સૂરત, તા૦ ૬-૨-૧૯૭૩

**સ્નેહી ભાઈશ્રી ચીમનલાલભાઈ,**

આપ કુશળ હશો.

'પ્રબુદ્ધ જીવન' હું નિયમિત અને રસથી વાંચું છું. આ એક ઉત્તમ વિચારપત્ર છે. તંત્રીપદ સ્વીકારતાં તમને થોડી દ્વિધા હતી, પણ તમે એ શોભાવ્યું છે એમાં શંકા નથી. તમારા પોતાના લેખો અને નોંધો ઉપરાંત બીજા વિદ્વાનોના પણ વિચારસમૃદ્ધ લેખો એમાં આવે છે. એમાં ઘણું ઘણું મનનીય હોય છે. ક્યાંય અપરુચિનું દર્શન થતું નથી. એની ધ્યેયનીતિ સ્વસ્થ તેમ જ પ્રગતિશીલ છે.

... આ છેલ્લા અંકમાં તમારો '૩૦મી જાનેવારી'નો લેખ કેવો સુંદર છે! ગાંધીજીના સ્મરણથી હૃદય દ્રવે અને પવિત્ર થાય એવું તમારું વાસ્તવિક દષ્ટિવાળું, દીપ્તિમય લખાણ છે. ગાંધીજીને તમે 'ધર્મપુરુષ' કહ્યા છે તે પૂરી સાચી વાત છે. મહાત્મા તો તેઓ હતા જ, પણ સાથે ધર્માત્મા, ધર્મદ્રષ્ટા અને સત્ય પરાક્રમી હતા...'મારા મૃતદેહ ઉપર દેશના ભાગલા થશે'-એ અન્ય રીતે સાચું જ પડયું ગણાય—દેશના ભાગલા ઉપર જ એમનો દેહ પડયો! દેશના ભાગલાએ જ (જે ભાગલાની માનસિક પ્રક્રિયા ૧૮૮૫ થી શરૂ થઈ હતી) એમનો પ્રાણ લીધો છે. પણ આ શતકના એ મહાયજ્ઞનું મહાબલિદાન એળે નહિ જાય એવી આપણી શ્રદ્ધા છે. "પ્રજાજીવનના અણુએ અણુમાં તે (ગાંધીજી) વ્યાપેલ છે." એ તમારું વિધાન સાચું છે. એ ગમે ત્યારે પ્રગટ થશે જ.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના નમસ્કાર

મુંબઈ, તા. ૨૨-૧-'૭૩

**આદરણીય મુરબ્બી શ્રી ચીમનલાલ શાહ,**

'પ્રબુદ્ધ જીવન'માં દિનપ્રતિદિન આવતાં સુખદ પરિવર્તનો જોઈને આનંદ થાય છે અને તેની લાગણી વ્યક્ત કર્યા વગર રહી શકતો નથી. તમે આ સામયિકને સર્વજનસુલભ બનાવવા પ્રયાસ કરી રહ્યા છો એ સ્પષ્ટ દેખાય છે અને છતાં એનું સ્તર સુયોગ્ય રીતે જળવાઈ રહ્યું છે.

કૃતિઓની ગુણવત્તા પણ પ્રશસ્ય છે. તમારી સંપાદન-દષ્ટિ સંપન્ન છે તેવી છાપ ઊપસી આવે છે. સાહિત્ય, ધર્મ, શિક્ષણ તથા રાજકારણના અને જનસામાન્યને પણ પ્રેરણા આપે તેવા લેખોથી સભર 'પ્રબુદ્ધ જીવન' વાચનક્ષમ બન્યું છે. વૈવિધ્ય અને ગુણવત્તા બંને જળવાય છે તે સવિશેષ નોંધપાત્ર છે. હું આપને તથા આપના સાથી કાર્યકરોને અભિનંદન આપ્યા વગર રહી શકતો નથી.

કુશળ હશો!

વિનમ્ર

બકુલ રાવળ

# ✻ સંઘ સમાચાર ✻

## સંઘના લાઈફ મેમ્બરો

સંઘના આજીવન સભ્યોનાં ૧૫૬ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે:

૧૫૭ શ્રી મોહનલાલ છોટાલાલ

૧૫૮ શ્રી ઝવેરચંદ પદમશી

૧૫૯ શ્રી મૂળચંદભાઈ પ્રેમજી

૧૬૦ શ્રી દિનેશ એચ. શાહ, કલકત્તા

૧૬૧ શ્રી ઈન્દુલાલ હી. વોરા

૧૬૨ શ્રી પોપટભાઈ હેમચંદ કોઠારી—ભાવનગર

## અંદાજપત્ર અંગે

ભારત સરકારનું અંદાજપત્ર પ્રગટ થયા બાદ, માર્ચના પહેલા અઠવાડિયામાં, અર્થશાસ્ત્રના નિષ્ણાત એવા વક્તાનું એક જાહેર વ્યાખ્યાન (ગુજરાતીમાં) શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, યોજવાનું વિચારવામાં આવ્યું છે. તારીખ અને વક્તા નક્કી થયે, તેની જાહેરાત, વર્તમાનપત્રોની સ્થાનિક નોંધમાં કરવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

૧૯૭૨નું વર્ષ પૂરું થયું છે, હવે થોડાક સભ્યોનાં લવાજમો બાકી રહે છે. તેમને લવાજમના રૂા. ૧૦/– કાર્યાલય પર સત્વર મોકલી આપવા અથવા તો લવાજમ લેવા આવનાર ભાઈ પ્રાણલાલને આપવા વિનંતિ છે. જે સભ્યો હજુ આજીવન સભ્ય ન થયા હોય તેમને આજીવન સભ્ય થવા અથવા મિત્રોમાંથી મેળવી આપવા વિનંતિ કરવામાં આવે છે. આપણી પ્રવૃત્તિઓને સમૃદ્ધ બનાવવા આપ સર્વનો સહકાર આવશ્યક છે.

**ચીમનલાલ જે. શાહ**

**સુબોધભાઈ એમ. શાહ**

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ ભારતવ્યાપી સ્ત્રીશક્તિ જાગરણ ☆

(ગતાંકથી ચાલુ)

भज गोविन्दम् भज गोविन्दम्
गोविन्दम् भज मूढमते ।

ઉત્તરાખંડની પહાડી કન્યા જાનકીના બુલંદ અવાજે ગવાયેલા આદિ શંકરાચાર્યના સ્તોત્ર સાથે તા. ૭મીએ સવારના નવ વાગે સંમેલનની પ્રથમ બેઠક શરૂ થઈ. આ બેઠકનું અધ્યક્ષસ્થાન વિશ્વ-નાગરિક બનેલાં અને લગભગ ૩૫ વર્ષથી ભારતવાસી બનેલાં શ્રીમતી સરલાદેવીએ સંભાળ્યું હતું. લંડનનાં રહેવાસી આ સેવાવ્રતધારી મહિલાનું મૂળ નામ હતું કેથેલીન હાઈલીન. તેમની ઉંમર હશે લગભગ ૭૨-૭૩ની આસપાસ. અત્યંત સુદઢ બાંધાનાં, બેઠી દડીનાં આ બહેને હિમાલયમાં આલમોડા પાસે એક આશ્રમમાં નિવાસસ્થાન કર્યું. ત્યાંના પહાડી લોકોમાં તેમણે ખૂબ કામ કર્યું છે. તેઓ પોતાને ભારતવાસી તરીકે ઓળખાવવામાં ગૌરવ લે છે. તેઓ હિંદી ભાષા ઉપર અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. સરસ લખી, વાંચી અને બોલી શકે છે એટલું જ નહીં પણ સર્વાંગશુદ્ધ હિંદીમાં સુંદર વ્યાખ્યાન પણ આપી શકે છે. આ બહેન અને બીજા કેટલાક લોકો જેઓએ ભારતને પોતાનું ઘર બનાવ્યું છે તેઓ એમ કહે છે કે અંગ્રેજોએ ભારતને ચૂસવામાં, ભારતવાસીઓને પછાત અને ગુલામી મનોદશા-વાળા બનાવવામાં પાછું વાળી જોયું નથી, તે પાપનું યત્કિંચિત્ પ્રાયશ્ચિત્ત અમારાં જીવન ભારતની સેવામાં સમર્પણ કરવાથી થાય તે હેતુથી અમે અહીં વસીને જ્યાં જરૂર હોય ત્યાં સેવાકાર્યમાં લાગી જવા માગીએ છીએ. સરલાબેનના સામાનમાં હતા માત્ર બે જાડી ખાદીના બગલથેલા. આ બે થેલામાં તેમનાં કપડાં, કામળો અને જરૂરતની બધી ચીજોનો સમાવેશ થતો હતો. તેઓ પોતે ખાદીનાં પંજાબી સલવાર, કમીજ અને નાના દુપટ્ટામાં સજ્જ હોય છે. આ બે થેલા ખભે લટકાવીને તેઓ બધે ફરે છે. હિમાલયમાં તેમણે અનેક સેવાવ્રતધારી વ્યકિતઓને તેમ જ દંપતીઓને તૈયાર કર્યાં છે. તેમાં એક ગુજરાતી દંપતી પણ સરસ કામ કરે છે. પહાડી લોકો પાસેથી ઊન ખરીદીને આશ્રમમાં ધાબળાઓ વણાવીને વેચવાની વ્યવસ્થા તેઓ કરે છે. નફામાં પહાડી લોકોને સરસ હિસ્સો મળે છે. આ યુગલને પહાડી લોકો દેવની માફક પૂજે છે. પહાડી લોકોમાં અક્ષર-જ્ઞાન, સફાઈ, તંદુરસ્તી, હિસાબકિતાબ, રૂઢિઓનો ત્યાગ, બાળવાડીઓ આદિ અનેક હિતકારી કાર્યો તેઓ યોજે છે.

હમણાં સરલાબેન ચંબલ ઘાટીના સમર્પિત ડાકુઓના પરિવારોને થાળે પાડવાના કાર્યમાં અત્યંત લગનથી લાગી પડયાં છે. હમણાં જે ચાર બહેનો ભારતની પદયાત્રાએ નીકળ્યાં છે તેવી એક બીજી પદયાત્રા માટે સંમેલનની એક સભામાં જ્યારે નિર્ણય લેવાયો ત્યારે સૌથી પહેલું નામ તેઓએ નોંધાવ્યું. હું તો આશ્ચર્યમુગ્ધ થઈ ગઈ. વૃદ્ધાવસ્થામાં આવું સાહસ ઉઠાવવાની તેમની વૃત્તિ તેમનામાં રહેલી પ્રબળ ઈચ્છાશકિત, અને ભારત પ્રત્યેનું ઋણ અદા કરવાની તીવ્ર ભાવનાનાં દ્યોતક છે. આ બહેન મારી સાથે એક જ રૂમમાં હતાં એટલે એમના સેવાભાવી સ્વભાવનો સરસ પરિચય મળ્યો. સવારમાં ૪ વાગે ઊઠીને સ્નાન, કપડાં ધોવાનું ઝટપટ પતાવીને આશ્રમના દરેક કાર્યક્રમોમાં ભકિતભાવપૂર્વક જોડાઈ જાય. રૂમમાં ઝાડુ પણ તેઓ જ કાઢી નાખતાં હતાં.

આશ્રમના ઉપવનમાં જ્યાં પીપળા, વડ, આમળા, લીમડા, ઉમરો અને વાંસનાં ઝાડની સુંદર છાયા, અને પાસે જ વહેતી ધામ નદીથી વહેતો શુદ્ધ વાયુ એ બધાંની વચ્ચે અમારું સંમેલન મળ્યું હતું. શિયાળાનો સવારનો હુંફાળો તડકો અમારી ઠંડી ઉડાડતો હતો. આ પ્રથમ બેઠકમાં વિનોબાજીના ગ્રામસ્વરાજના આંદોલન સાથે પરોક્ષ અને અપરોક્ષ રીતે જોડાયેલી ભારતભરની બહેનોનો સત્કાર કરતાં બ્રહ્મવિદ્યામંદિરનાં શ્રીમતી સુશીલાબેન અગ્રવાલે બ્રહ્મવિદ્યા-મંદિરની સ્થાપનાની પાર્શ્વભૂમિકા બાંધતાં કહ્યું કે અહીં બે દષ્ટિએ પ્રયોગ ચાલી રહ્યો છે. અકર્માવસ્થામાં પણ ચિત્ત કેટલું ઉપર ઊઠી શકે છે તેનો પ્રયોગ; બીજું સંન્યાસનો આધાર પહેલાના સમયમાં ભિક્ષા હતી. આ વિજ્ઞાનયુગમાં શ્રમઆધારિત સંન્યાસ રહેશે. બાબાએ આ વાત વિચારી ત્યારે બ્રહ્મવિદ્યામંદિરનો મજદૂરીમાં - શ્રમક્ષેત્રમાં પ્રવેશ થયો. બ્રહ્મવિદ્યાપ્રાપ્તિનું પ્રણ (વ્રત) લઈ બેઠેલી બહેનો શ્રમસાધના કરે છે. એટલે કે ખેતીકામ અને બીજા કામ દ્વારા પોતાના નિભાવ-પૂરતું મેળવી લે છે, જેથી આશ્રમ યા તો બીજા કોઈ પર બોજારૂપ થયા વિના સ્વમાનપૂર્વક આજીવિકાની સ્વયં વ્યવસ્થા થઈ ગઈ.

આગળ ચાલતાં તેમણે કહ્યું કે અહીં કોણ કોનું સ્વાગત કરશે? આપણે સૌ તો એક જ પરિવારનાં છીએ. પરંતુ ચર્ચામાં પ્રવેશ કરવા માટે જરૂર થોડું કહીશ. આપણો પરિવાર હવે વિશાળ થતો જાય છે. એક લોકયાત્રા આઠ પ્રદેશોમાં ઘૂમી ચૂકી છે. સમાન વિચાર-ધારાવાળા અનેક લોકો સાથે સંપર્કો વધ્યા છે. "મૈત્રી" માસિક દ્વારા પણ સંપર્કનો વિસ્તાર વધતો જાય છે. એટલે અહિંસક સમાજ નિર્માણ કરવાની દિશામાં વિચારવિનિમય કરવાનું સરળ બન્યું છે. જે સ્થાન પર આપણે મળ્યાં છીએ તેની થોડી ઐતિહાસિક ભૂમિકા જાણી લઈએ.

પંદરસો વર્ષ પૂર્વેનાં અનેક પ્રકારના મૂર્તિઓરૂપી અવશેષો અહીંથી મળી આવે છે. એમ પ્રતીતિ થઈ છે કે એક જમાનામાં અહીં ભકિતની સાધના થઈ હશે. કહેવાય છે કે અહીં પ્રવરસેન રાજા રાજ કરતો હતો. તેની માતા પ્રભાવતી અત્યંત ભકિતવાન હતી. તેણે ભગવદ્સ્મરણમાં સગવડ રહે તે માટે અનેક મંદિર - ધર્મશાળા આદિ બનાવ્યાં. અહીંથી નીકળતા અવશેષો આ કથાને પુષ્ટ કરે છે. પૂ. બાબાના અહીં આવ્યા પછી એક ચમત્કારિક ઘટના બની. ૧૯૩૨માં બાબાએ એવી ભાવના પ્રગટ કરી હતી કે અયોધ્યામાં જ્યારે ૧૪ વર્ષના વનવાસ બાદ રામ-ભરતમિલાપ ઘટિત થયો, ત્યારે તપશ્ચર્યાથી બેઉનાં શરીર કૃશ થયેલાં હતાં, છતાં બેઉના ચહેરા પર આધ્યાત્મિક કાંતિ દેદીપ્યમાન હતી. તે વખતે એ કહેવું મુશ્કેલ હતું કે આ બેમાંથી કોણે વનવાસ વેઠયો, અને કોણ રાજધાનીમાં રહેલું! આ પ્રસંગવાળી મૂર્તિ હોય તો કેવું સારું? સંયોગવશાત્ આશ્રમના ખોદકામ વખતે ૧૯૩૮માં પૂ. બાબાના હાથે જ સ્વયં ભગવાન પ્રગટ થયા તેવું બન્યું. રામ--ભરતમિલાપની આવી મૂર્તિ બીજે કશે જોવામાં નથી આવતી. આ મૂર્તિની મંદિરમાં વિધિવત્ પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને ત્યાં સવાર-સાંજ આરતી થાય છે. પૂ. બાબાની કુટિર સામે જ છે. બાબાએ જ્યારથી સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો છે ત્યારથી આ બહેનો કંઈ સવાલ લઈ જાય તો તેઓ કહે છે કે અમને ન પૂછો, રામ-ભરતને પૂછો. આપણાં સૌની ઉપાસનાનું કેન્દ્ર તો તે જ છે.

આપણે સૌ અહીં ભેગાં મળ્યાં છીએ તેમાં યુગની માગ છે. બ્રહ્મચર્યપૂર્વક સામૂહિક સાધનાના પ્રયોગો તો ભારતમાં ઘણાં સ્થાનોમાં થાય છે, પરંતુ અહીંની વિશેષતા એ છે કે અહીં સંન્યસ્તવૃત્તિપ્રધાન જીવન છે અને અહીં વસતી સાધિકા બહેનોની જીવિકા ભિક્ષાથી નહિ પણ શ્રમથી મેળવેલી હોય છે; અને આ શ્રમ દ્વારા અમે લોકો ભારતમાં સૌથી પછાતમાં પછાત જે પીડિત વર્ગ છે તેમની સાથે હાર્દિક સ્પર્શ અનુભવી શકીએ છીએ. અમારી બીજી વિશેષતા એ છે કે ચિત્તશુદ્ધિપૂર્વક ભકિત સાથે અહીં ક્રાંતિની તમન્નાવાળી બહેનો ભેગી થઈ છે. સર્વાંગીણ સાધના હંમેશાં સમાજને સાથે રાખીને કરવી પડશે. અન્યથા કેવળ ક્રાંતિનું કામ કરવાવાળા થાકી જશે અને કેવળ શાંતિ માટે કામ કરવાવાળા એકાંગી રહી જશે. માટે જ્યાં

ક્રાંતિ-શાંતિયુકત સર્વાંગીણ સાધના હશે ત્યાં બ્રહ્મવિદ્યાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે.

લોકયાત્રી બહેનો પાંચ વર્ષથી ભારતમાં ઘૂમી રહી છે. તેઓ બ્રહ્મવિદ્યામંદિરનું જંગમ સ્વરૂપ છે. આજે ગ્રામસ્વરાજ દ્વારા દેશમાં અહિંસક ક્રાંતિનું કામ થઈ રહ્યું છે, એ પણ સામૂહિક સાધનાનો એક પ્રયોગ જ છે. તો બ્રહ્મવિદ્યામંદિર, લોકયાત્રા, અને ગ્રામસ્વરાજ આ ત્રણેના સંમિલિત પ્રયાસ થકી સમાજને હિંસાશકિતથી ભિન્ન અને દંડશકિતથી વિરોધી એવી ત્રીજી પ્રબળ શકિતનું આપણે પ્રદાન કરવાનું છે. આ ત્રણે પ્રવાસ કરનારા લોકો જો પરસ્પર હૃદયથી એક પ્રેમસૂત્રમાં બંધાઈ જાય તો કાર્યસિદ્ધિમાં કોઈ શંકા જ નથી. હાર્દિક સંબંધ જેટલો સુગઠિત હશે તેટલું બહારનું કામ મજબૂત થશે.

**વિષયપ્રવેશ:** આજ વિશ્વમાં અહિંસાની માગ છે. આપણે કહીએ છીએ કે "अन्नं ब्रह्मेति प्राणो ब्रह्मेति" અને "मनोब्रह्मेति." આ બધી ભૂમિકાઓથી પસાર થતાં થતાં આપણે હવે "विज्ञानब्रह्मेति"ના સંધિકાળમાં આવીને ઊભા છીએ. હિંસા પરથી આપણો વિશ્વાસ ઊઠી ગયો છે, પણ સાથેસાથે એ પણ કબૂલ કરવું જોઈએ કે અહિંસા પર હજુ આપણો વિશ્વાસ દૃઢ નથી થયો. એવી અસ્થિર ભૂમિકા પર હમણાં આપણે ઊભા છીએ. વિજ્ઞાનની સાથે જો અહિંસાને નહીં જોડીએ તો સર્વનાશ નિશ્ચિત છે; અને જો જોડાઈ જાય તો સૌનું તારણ છે. આપણે સંધિયુગમાં ઊભા છીએ. સૂર્યોદય થવાનો છે તેવી ઝાંખી મળે છે. અહીં જે દ્રષ્ટાપુરુષ બેઠા છે તે આ સૂર્યોદય જોઈ રહ્યા છે અને તેઓ કહે છે કે અહિંસાની માગને પૂરી કરવાની શકિત સ્ત્રીમાં છે. સ્ત્રી તારણશકિત છે, અને તેથી જ અહિંસક ક્રાંતિનું માધ્યમ તે બની શકશે. આ ઉદ્‍ઘોષના ઉદ્‍ગાતા આપણી વચ્ચે જ બેઠા છે તે આપણું સૌભાગ્ય છે. આપણે આપણી પાત્રતા આ દિશામાં કેવી રીતે વધારીએ તે વિચારવાનું છે.

તારિણીશકિતનો અર્થ શું? બાલસંગોપન, સંવર્ધન, કરુણા, સંયમ અને વાત્સલ્યના ગુણો તો આપણે માટે પ્રકૃતિદત્ત છે. પણ જે આર્થિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ છે તે સ્ત્રીને પોતાના આ પ્રકૃતિદત્ત ગુણોને પ્રગટ કરવા નથી દેતી. આજ પોતાના પરિવારમાં પણ સ્ત્રી સુરક્ષિત નથી. સમાજની સુરક્ષાની વાત તો બાજુ પર રહી. તો આવી હાલતમાં પુરુષ સાથે સ્ત્રી નિર્ભયતાપૂર્વક રહી શકે એના ઉપાયો યોજવા જોઈશે. દાદાએ (ધર્માધિકારી) તો કહ્યું છે કે આની ચાવી સ્ત્રી પોતાના પાલવમાં બાંધીને દુનિયાભરમાં તેની શોધ કરી રહી છે. તો આ શકિતને આપણે બહાર નથી શોધવાની, અંતરમાં જ શોધવાની છે. જો અંદરની શોધ સફળ થાય તો બહારનું માળખું બદલવાની શકિત પોતાની મેળે પ્રગટ થશે.

મીરાંબાઈનો એક કિસ્સો છે કે તે કયાંક જઈ રહી હતી. વચ્ચે થોડા લંપટ અને ટીખળી નવયુવકો મળ્યા. સ્વરૂપવતી મીરાંને એકલી જોઈને તેઓ બોલ્યા કે "અમે તમને પ્રેમ કરીએ છીએ." મીરાંએ પાછું વાળીને જોયું અને પ્રેમપૂર્વક બોલી કે "હું તો તમારી જ છું, મને લઈ લો." હૃદયનાં ઊંડાણમાંથી નીકળેલા આ શબ્દોએ યુવકોનાં હૃદયને સ્પર્શ કર્યો અને શરમિંદા થઈને તેઓ પગમાં પડી ગયા. આપણામાં રહેલા શાશ્વત માતૃભાવને જો આપણે બરાબર વ્યકત કરી શકીએ તો તેની સામે ગમે તેવા બલિષ્ઠ પુરુષનું પૌરુષ પણ પરાસ્ત થઈ જાય છે.

આવી નિર્ભયતા તો ઈશ્વરનું સાન્નિધ્ય પ્રાપ્ત કર્યા વિના ન આવે. સદાસર્વદા એ મારી નજદીક તો શું પણ સ્વયં મારામાં બેઠેલો જ છે, માત્ર આપણે એનો સ્પર્શ અનુભવવાનો છે. ઈતિહાસ સાક્ષી છે કે આર્તતાપૂર્વક દ્રૌપદીએ ભગવાનને પુકાર્યા તો તેઓ હાજર થઈ ગયા, પરંતુ જ્યાં સુધી દ્રૌપદીએ પોતાના બળ ઉપર ભરોસો રાખ્યો અને દાંતેથી પાલવ પકડી રાખ્યો ત્યાં સુધી તેમને મદદ મળી ન શકી. પણ "કૃષ્ણ" પુકારતાં જ દાંત તળેથી પાલવ છૂટી ગયો અને તેમને સહાય મળી ગઈ. એટલે આપણે પણ આપણી સ્ત્રીશકિતને નારાયણી શકિતના રૂપમાં પ્રગટ કરવાની છે.

અહિંસક શકિતનો પ્રભાવ વધારવા માટે જે શસ્ત્ર જરૂરી છે તેની શોધ જો આપણે બહાર કરીશું તો આપણે થાકી જઈશું, પણ જો અંદરની બાજુ પર અભિમુખ થઈશું તો શકિતનું એક જબરદસ્ત ઝરણું હાથમાં આવી જશે. હવે આપણે જે સાધના કરવાની છે તેનો આરંભ તો ત્યાંથી થશે કે જ્યાં સ્ત્રી માત્ર સ્ત્રી જ નથી, પરંતુ તે માનવ છે, તે વિચારની પ્રતિષ્ઠા કરવી પડશે. અને આપણે "હું"-માંથી "અમે" તરફ યાત્રા કરવી પડશે. ઈસાએ કહ્યું છે કે "Love each other, as I loved you." તો પરસ્પર એકબીજાને માટે સમર્પણ કરવાની વૃત્તિ આપણે વધારવાની છે.

બાબાએ એકવાર કહ્યું કે વિચારવશ, કાર્યવશ અને સ્નેહવશ એકત્રિત થયેલો સમૂહ સ્વયં પોતામાં એક વિસ્ફોટક શકિત છે. તે શકિત પોતાની મેળે વિશ્વમાં ફેલાઈ શકે છે. એને કશે બહાર જવાની પણ જરૂર નથી રહેતી. બાબાએ સામૂહિક સમાધિની વાત કરી હતી તે જ આજના યુગની સાધના થશે. વ્યકિતગત મોક્ષની ઈચ્છા કરતાં સૌ સાથેનો સામૂહિક મોક્ષ ઈચ્છનીય છે. બાબાએ પોતાના માટે કહ્યું કે મને આશ્રમના ઝાડ પર પોપટ બનાવીને રાખો તે કબૂલ છે, પણ એકલા સ્વર્ગમાં જવાનું કબૂલ નથી. સ્વાધ્યાયનું સ્વરૂપ ચિત્રિત કરતાં તેમણે કહ્યું હતું કે "સ્વરૂપનો પરિચય તે જ સ્વાધ્યાય." અનુશાસનનું મહત્ત્વ સમજાવતાં તેમણે કહ્યું હતું કે હિંસામાં અનુશાસન જેટલું જરૂરી છે તેટલું જ અહિંસામાં પણ જરૂરી છે. અનુશાસન વિના અહિંસા પ્રભાવશાળી નહીં બની શકે. આવી અનુશાસનયુકત ભકિતભાવ અને સમર્પણભાવવાળી દસવીસ બહેનો પ્રેમસૂત્રમાં બંધાઈને સામૂહિક સાધના સ્વીકાર કરે તો બહુ જ મોટી ઉપલબ્ધિની સંભાવના રહે છે.

જીવનના દરેક ક્ષેત્ર માટે આમૂલ ક્રાંતિની તમન્ના હૃદયમાં ભરીને બ્રહ્મચર્યપૂર્વક સામૂહિક સાધનાનો પ્રયોગ અહીં ચાલે છે. અહિંસક ક્રાંતિમાં લાગેલાં ભાઈબહેનો પણ આ જ સામૂહિક સાધનાનાં અભિન્ન અંગ છે. શકિતસ્ફોટ માટે આંતરબાહ્ય યાત્રા જરૂરી છે. આંતરિક રીતે સ્ત્રી માનવ છે, પરમાત્મા શકિતનો અંશ છે એનું ભાન અને બાહ્ય રીતે સ્વના અહંને ઓગાળીને સર્વની સાથે આત્મીયતાનો ભાવ અનુભવાશે ત્યારે સામૂહિક ચિત્તનિર્માણ થશે, જે આખા વિશ્વમાં ફેલાશે.

ત્યાર બાદ લોકયાત્રી શ્રીમતી નિર્મલા વેદે કહ્યું કે વિજ્ઞાનયુગની માગ સમન્વય છે, સંઘર્ષ નહીં. આવી સમન્વયક શકિત જ સમાજનું અધિષ્ઠાન બની શકશે. પ્રેમ, ત્યાગ કે અહિંસા એ કાંઈ સ્ત્રીઓની જ આગવી મૂડી નથી. પરંતુ પ્રકૃતિએ સ્ત્રીને સૃજનકાર્ય સોંપ્યું છે એટલે આ બધા ગુણોના સહજ વિકાસની સંભાવના સ્ત્રીઓમાં વધારે છે. આવી સંભાવના સ્ત્રીઓને આપી હોવા છતાં વાસ્તવિકતા એ છે કે પ્રેમ અને કરુણાનો ઉચ્ચતમ ઉત્કર્ષ આપણે પુરુષોમાં પણ થતો જોયો છે. ઈશુ, મહાવીર, બુદ્ધ, ગાંધીરૂપે પ્રેમ અને કરુણાની સર્વોપરી ઉત્કૃષ્ટતા તેમનામાં જન્મી. એ સર્વોચ્ચતા સ્ત્રીજીવનમાં કેમ ન પ્રગટ થઈ તે આપણા માટે ચિંતનનો વિષય છે. આપણે સંદર્ભને સમજીને, તારતમ્ય કાઢીને સ્ત્રીમાં રહેલી અહિંસક શકિતને પ્રવાહિત કરવાનો રસ્તો શોધીએ.

ત્યાર બાદ પૂ. બાબાએ સંમેલનનું ઉદ્‍ઘાટન કરતાં કહ્યું કે

"इयं मे नाभिः, रह मे सर्वस्थं

हमे मे देवाः, अयमस्मि सर्वः ।

અર્થાત્ "હું જ્યાં રહું છું તે બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ છે, અહીં મારી સહસાધના ચાલે છે, આ સૌ મારા માટે પરમાત્મારૂપ છે, અને હું એ સર્વરૂપ છું." આજે બાબામાં પ્રચ્છન્ન રહેલો શિક્ષક સક્રિય થઈ ગયો હતો. હસતા-હસાવતા, દેડકા-કોયલની મિમિક્રી કરતા રમતરમતમાં એમણે ઉપર્યુકત ઋગ્વેદના એક નાના મંત્ર દ્વારા જીવનનો હેતુ, સાથે જોઈતું ભાથું અને જીવનની ચોમેર વીંટળાયેલા સંદર્ભને ઓળખવાની દૃષ્ટિ ગાંઠે બાંધી આપ્યાં. તેમણે કહ્યું કે જે સ્થાન પર તમે એકઠાં થયાં છો તે સામૂહિક સાધનાનું સ્થાન છે. આ યુગને માટે આ શબ્દનું એક વિશેષ પ્રયોજન છે. આશા રાખું છું કે આ શબ્દની પ્રેરણા તમને સૌને નિરંતર ઉત્સાહ આપતી રહેશે.

ક્રમશ: **પૂર્ણિમા પકવાસા**

# આગમવાચના

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૉ. ભોગીલાલ સાંડેસરાએ 'આગમવાચના' એ વિષય ઉપર આપેલ વ્યાખ્યાનનો મહત્ત્વનો સાર અહીં પ્રગટ કરવામાં આવેલ છે.]

આ પુરાતન વિષય હશે એમ લાગશે, પરંતુ આધુનિક સાથે એને સંબંધ છે. એ સનાતન, ચિરંતન છે.

જૈન ધર્મનો સ્યાદ્વાદ નામનો એક સિદ્ધાંત આ આગમ-વાચનામાં છે. જૈન દર્શનોનો પાયો આગમ પર છે.

અધિત (અભ્યાસ), બોધ (સમજણ), આચરણ અને પછી પ્રચારણ આ વિદ્યાની ચાર દશાઓ છે. ગીતામાં પણ આવું કહેવાયું છે. દ્રવ્યમય યજ્ઞથી જ્ઞાનયજ્ઞ—સ્વાધ્યાયયજ્ઞની મહત્તા વધુ છે. આ મહત્તા જૈન આગમોમાં છે.

હિન્દુઓમાં જે સ્થાન વેદોનું છે એવું જ સ્થાન જૈનોમાં આગમોનું છે. એ વીતરાગની વાણી છે. સામાન્ય મત પ્રમાણે ૪૫ જેટલા આગમો છે, પરંતુ બીજી એક ગણતરી પ્રમાણે તે ૮૫ હોવાનું પણ મનાય છે. વિચારની વાણી ઉપરાંત મહાન આચાર્યોની કૃતિઓનો પણ આગમોમાં સમાવેશ થયો છે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી બીજી સદીમાં પાટલિપુત્રમાં જૈન વિદ્વાનો, પંડિતો અને સાધુઓની એક પરિષદ મળી હતી. આગમો ભુલાઈ રહ્યા હતા. મુખપાઠથી કેટલું યાદ રાખી શકાય? આ રીતે આગમોની સાચવણી વધુ ને વધુ મુશ્કેલ બનતી જતી હતી. એથી આ પરિષદમાં આચાર્યોએ આગમોની જાળવણી માટેનું કામ હાથ ધરવાનું નક્કી કર્યું અને તેને ૧૪ પૂર્વરૂપે સંકલિત કર્યા.

એ બાદ કેટલીય સદીઓ પછી મથુરા અને વલ્લભીપુરમાં પરિષદો મળી હતી. આગમો અંગેની આ પરિષદોમાં ફરીવાર સંકલના થઈ, પરંતુ પહેલાંની પેઠે અહીં પણ એનું સંકલન મુખપાઠ-રૂપે થયું. એને લેખનસ્વરૂપ હજુ અપાયું ન હતું.

પુસ્તકો પરિગ્રહ છે એવું માનીને પુસ્તકો લખાતાં નહીં. પ્રાયશ્ચિત્ત કરવું ન પડે એ કારણે પણ પુસ્તકો લખાતાં જ નહીં! પુસ્તકો જ્ઞાનનું સાધન હોઈ, તેનો ગ્રંથના રૂપમાં—ધીમે ધીમે વિજ્ઞાનના રૂપમાં મહિમા થયો.

દેવર્દ્ધિગણિના સમયમાં વલ્લભી પરિષદમાં બધા આગમોને એકત્ર કરીને "આગમવાચના" તૈયાર કરાઈ. તેનું લેખનકાર્ય થયું. તેની અનેક નકલો તૈયાર કરાવાઈ. આમ આગમોનો ફેલાવો અહીંથી થયો. આ મૂળની વાત થઈ.

એ પછી ટિપ્પણ, ટીકા, ભાષ્ય વગેરેનો યુગ શરૂ થયો. આગમો પર ભાષ્યો, નિર્યુક્તિઓ, ચૂર્ણી, વૃત્તિ અથવા ટીકાઓ લખાઈ હતી. ભાષ્યો અને નિર્યુક્તિઓ પ્રાકૃતમાં લખાયાં હતાં. ચૂર્ણી મિશ્ર ભાષામાં અને વૃત્તિ અથવા ટીકાઓ સંસ્કૃતમાં લખાઈ હતી. આમ જૈન સાહિત્યમાં આને પંચાંગી કહેવામાં આવે છે.

ત્યાર પછીના સમયમાં આગમ—સાહિત્ય વધુ ને વધુ સમૃદ્ધ થતું ગયું. શીલાચાર્યે સૂત્રો લખ્યાં. આગમની ટીકાઓ પર આ ટીકા છે. એ પછી નવાંગિકા ટીકાઓ પણ આવી.

હરિભદ્રસૂરિ, મલયગિરિ, શાંતિસૂરિ, અભિયદેવસૂરિ, મલધારી હેમચંદ્રાચાર્યના સમયમાં પણ આ પરંપરા ચાલુ રહી. એમાં સમૃદ્ધિ થતી રહી.

આજના આધુનિક દૈનંદિન જીવનમાં આ આગમોનું મહત્ત્વ શું? આ પ્રશ્ન સહજ થાય છે. આવા પ્રશ્નો સ્વાભાવિક છે. એ જરૂરી પણ છે.

જૈન ધર્મ સાથે એના શા ઉદ્દેશો છે એ સમજવું જોઈએ, સમજવું જોઈએ. આગમવાચના સનાતન મુદ્દાઓ સાથે સુસંગત છે એ સમજવું જોઈએ.

વર્તમાન સમયમાં સાગરાનંદજી મહારાજ તથા પુણ્યવિજયજી મહારાજે આ ક્ષેત્રમાં મૂલ્યવાન કાર્ય કર્યું છે. સાગરાનંદસૂરિ તથા પુણ્યવિજયજી મહારાજે આ આગમો પ્રકાશિત કરાવ્યા હતા.

બૃહદ્ કલ્પસૂત્ર વર્ષો પહેલાં છપાયું હતું. આમ તો આ બધાંના પ્રકાશન માટે સમય તૈયાર હતો, પરંતુ કોઈ પહેલ કરવા તૈયાર જ થતું નહીં.

આજે આગમોનું વાચન કરવામાં આવે છે, પરંતુ પહેલાં સામાન્ય લોકો એનું વાચન કરી શકતા નહીં. ઈતિહાસ તપાસીશું તો ખ્યાલ આવ્યા વગર રહેતો જ નથી કે એ સમયમાં આગમવાચના માટે પ્રયત્નો થતા રહ્યા હતા. એનાં અનેક અર્થદર્શન પણ કરવામાં આવતાં. આ જરૂરી છે, એ થવું જોઈએ. આ માટે આજે વિદ્વાનો અને આચાર્યનો સહકાર આવશ્યક છે.

આદ્યકવિ નર્મદનો જ દાખલો લો. 'સ્વદેશી' અંગેનો એ નિબંધ જુઓ. એમણે લખ્યું છે કે માત્ર સ્વદેશી ન ચાલે, સાથે જ્ઞાન પણ જોઈએ. એ માટે માત્ર પૈસા ન જ ચાલે.

વિદેશોમાં કર્તવ્યનિષ્ઠાથી આપણાં વિષયો, ભાષાઓ, સાહિત્યનું અધ્યયન કરાતું હોય છે. આપણે આપણા આ વારસાઓનું અધ્યયન કેમ ન કરીએ? કેટલાક વિદ્વાનો, આચાર્યો, પંડિતો આ કાર્ય કરવા માટે તૈયાર થવા જોઈએ. એ માટેની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

જ્ઞાનની આરાધના ઉપર ભાર મુકાવો જોઈએ. નિરંતર અને અખંડ જ્ઞાનાર્જન, ઉપાસના પ્રવૃત્તિ સિવાય કોઈ સમાજ પ્રગતિ કરી શકે નહીં કે સારી રીતે જીવી શકે નહીં. એ વગર સમાજ ઊભો રહી શકતો નથી

જૂનું અને નવું એવા કોઈ ભેદો નથી. ભક્તિ સિવાય જ્ઞાન શુષ્ક થઈ જાય છે. જ્ઞાન પ્રત્યેની ભક્તિ સર્વદેશીય ઉન્નતિ માટે જરૂરી છે

ટૂંકમાં, આગમવાચનાનો સંદેશ જૈન સમાજ પર, જૈન ધર્મ પર આધારિત છે એ હવે તો સમજાવું જોઈએ, સ્વીકારાવું જોઈએ.

ડૉ. ભોગીલાલ સાંડેસરા

## ભગવાનની શ્રેષ્ઠ પૂજા

જીવનમાં દરરોજ કોઈ ને કોઈ મંગલ કાર્ય કરવું, જે કેવળ ભગવાનને ખાતર જ કરેલું હોય, જેનો તને બદલો ન મળવાનો હોય, જે સંપૂર્ણ નિઃસ્વાર્થભાવે ગુપ્ત રીતે કરવામાં આવ્યું હોય. એ વખતે તારે મનમાં મનમાં કહેવું કે "હે ભગવાન, આ કામ હું સંપૂર્ણપણે તને જ અર્પણ કરું છું - એને વિશે ફક્ત તું જ જાણે છે અને હું જ જાણું છું" જો કે સંસારનાં બધાં જ કામો તેમનાં કામ છે, કારણ, આ સંસાર તેમનો જ સંસાર છે - તેમ છતાં એ બધાં કામો સાથે આપણા નાનાવિધ સ્વાર્થ અને પરસ્પર પ્રત્યેની નાનાવિધ ફરજો સંકળાયેલાં હોય છે. દિવસ દરમિયાન ઓછામાં ઓછું કોઈ એક કામ જો સ્વેચ્છાએ, ફરજ ન હોવા છતાં, બધા જ ફળની ઈચ્છા પૂરેપૂરી છોડી દઈને, ભગવાનને સંપૂર્ણપણે સમર્પણ કરીને જો તું કરી શકે તો તે કામમાં તારી પૂજા પૂર્ણતાને પામશે, તારું જીવન કૃતાર્થ થશે. ભગવાનના કામમાં કોઈ નાનું કે મોટું છે જ નહિ, તેઓ તો ભાવના ભૂખ્યા છે. તું તારી શક્તિ અનુસાર સામાન્ય જે કંઈ કરી શકે એમ હોય તે જ કર. કર્મ દ્વારા કરેલી ભગવાનની પૂજા એ જ શ્રેષ્ઠ છે.

(એક પત્રમાંથી) રવીન્દ્રનાથ ટાગોર

# કામના: દાસત્વનું મૂળ

આપણામાં એક કહેવત છે કે 'ગરજવાનને અક્કલ ન હોય.' ગરજ અને અક્કલ બંને સાથે ન રહી શકે! ગરજ માણસની બુદ્ધિને એવી ઘેરી લે છે કે પછી માણસ બીજી બધી બાબતોમાં ચકોર, હોંશિયાર હોવા છતાં ફક્ત એક આ ગરજવાળી બાબતમાં જ બેવકૂફની પેઠે વર્તતો થઈ જાય. આવો બધાનો અનુભવ છે.

'ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે' એવી એક બીજી પણ કહેવત છે. ગરજને કારણે અક્કલ કેટલી હદે બહેર મારી જાય છે અને વિવેકબુદ્ધિ કેવી સૂઈ જાય છે એ આ બીજી કહેવતમાં કંઈક આકરી અને આખાબોલી રીતે બતાવાયું છે.

કોઈ ત્રીજાએ વળી આ જ વાતને એક ગીતની કડીમાં ગૂંથી લીધી છે: 'નથી ગરજ સમ ગળી, શર્કરા નથી ગરજ સમ ગળી!' સાચી વાત છે. 'ગરજ' જેટલી મીઠી છે, તેટલી તો ખુદ શર્કરા - સાકર પણ મીઠી નથી! પણ 'મીઠી' કોની પાસે? જેની પાસેથી કામ કઢાવવું છે એની પાસે સ્તો! આ સિવાય, બીજે બધે ઠેકાણે તો માણસ પ્રકૃતિથી જેવો હોય છે તેવો જ રહે છે! બલ્કે, ગરજને કારણે કૃત્રિમ રીતે કેળવવી પડતી મીઠાશનું પરિણામ ઘણી યે વાર એવું પણ આવે છે કે માણસ અંદરખાનેથી કડવો ઝેર થઈ જાય છે. એક ઠેકાણે 'ગરજ ના માર્યા' વધુ પડતી મીઠાશ બતાવવી પડે છે એ વાતનું વેર એ, જાણે, બીજે ઠેકાણે વધુ પડતી કડવાશ વાપરીને વાળતો હોય છે.

આનો અર્થ એટલો જ કે ગરજ માણસને દંભની દીક્ષા આપે છે; અને માણસ દંભી થયો, પછી કયો દુર્ગુણ બાકી રહે? દુર્ગુણોની આખી દુનિયાનો કોઈ એક અગ્રણી હોય તો તે દંભ જ છે.

ગરજાઉ માણસ દુનિયાને બે ભાગમાં વહેંચી નાખતો હોય છે, મનમાં ને મનમાં! એક ભાગ એ કે જેની પાસેથી તેને કામ કઢાવવું છે! બીજો ભાગ, બાકીનો! આ પહેલા ભાગની સાથે ગરજાઉ માણસ પોતે જાણે 'શર્કરાથી યે મીઠો' હોય એવું વર્તન રાખવાનો દંભ કરે છે, જ્યારે બીજા ભાગ પાસે તે સ્વતંત્ર, અક્કડ, નિ:સ્પૃહ, નિર્ભય, કોઈની પણ શેહમાં ન તણાય એવો, ગમે તેને રોકડું પરખાવી દે એવો હોવાનો દાવો અને ડોળ કરતો હોય છે.

પણ સમય જતાં આમાં ફેરફાર થાય છે; ધીમે ધીમે જેમ જેમ જગતનો વધુ ને વધુ અનુભવ થતો જાય છે તેમ તેમ ગરજવાનને એક નવું સત્ય સમજાવા માંડે છે. એ સત્ય એ કે જગતમાં કોની ક્યારે ગરજ પડશે એ કહેવાય જ નહિ! ગમે તેની ગમે ત્યારે જરૂર પડે. એટલે પછી 'ગરજ હોય ત્યાં ગળ્યા થવું!' એ પોતે સ્વીકારેલ 'સિદ્ધાંત'માં એ સુધારાવધારા કરે છે અને 'જીવનમાં કોઈ પણ વખતે કોઈની પણ જરૂર પડવા સંભવ છે, માટે સૌની સાથે ગળ્યા થવું' એ નવું સૂત્ર અપનાવે છે અને સર્વત્ર, ગળ્યો જ થતાં શીખે છે—ખુશામતખોર બની જાય છે. દંભ એ જ તેના જીવનનું પછી ધ્રુવપદ બને છે. સૌને નમતા-ભજતા રહેવાની વૃત્તિ એ જ તેનો સ્વભાવ બની જાય છે, અને ક્યાંય કોઈની યે સામે માથું ઊંચકવાની હિંમત તેનામાં રહેતી નથી. 'કોણ જાણે ક્યારે આપણને એની જરૂર પડે!'— એ બીકમાં ને બીકમાં જ એ સૌને સલામો ભરતો રહે છે!

મર્દની મર્દાઈને ઢીલી, શિથિલ, જો કોઈ કરી નાખતું હોય, તો તે એક કામના જ! ઈચ્છાઓ, વાસનાઓ, તૃષ્ણાઓ! એ કામનાઓ છોડી, તે કોઈનો દાસ નહિ! કોઈનો ય ગોલાપો તેણે કરવાનો નહિ! નિષ્કામ કસ્ય કિંકર:?

પ્રશ્ન, સૌ પ્રશ્નોનો મહાપ્રશ્ન, કેવળ એક જ છે—માણસે પોતાનું જીવન કોના હાથમાં સોંપવું? કોના હાથમાં સોંપાય તો એ સુરક્ષિત રહે? અનેક દૈહિક કામનાઓના હાથમાં કે એક ઉચ્ચ આદર્શના હાથમાં? જીવનનું લક્ષ્ય કોઈ ભવ્ય ઉન્નત આદર્શ હોવો જોઈએ કે ક્ષણેક્ષણે નવા નવા સ્વરૂપે ઉત્પન્ન થતી નવી નવી કામનાઓ? માણસની હોડીને કોઈ મંગલ ધ્યેયરૂપી સુકાન હોવું જોઈએ કે પછી વાસનાઓના વાયરાઓ જ્યાં એને ખેંચી જાય ત્યાં એને ખેંચાવાનું?

જગતના તમામ ધર્મો આ પ્રશ્નનો જવાબ આપવા માટે જાણે પ્રસ્થાપિત થયા છે; જગતની તમામ સંસ્કૃતિઓ આ પ્રશ્નનો જવાબ આપવા માટે જ જાણે નિર્માઈ છે; અને જગતનું તમામ તત્ત્વચિંતન આ એક જ પ્રશ્નની છણાવટ કરીને તેનો જવાબ શોધવા માટે જ જાણે પ્રવૃત્ત થયું છે.

અને એ રીતે પ્રાપ્ત થયેલ જવાબ, અલબત્ત, સૌ જાણે છે. પ્રશ્ન જાહેરમાં પૂછવામાં આવે તો સૌ તેનો એક જ ઉત્તર આપે છે. પણ જીવનની સૌથી મોટી, સૌથી વધુ દુ:ખદ કરુણતા એ છે કે પોતાના અંતરાત્માના એકાંતમાં માણસ આ સવાલનો જવાબ જુદી રીતે જ આપે છે! ઉપરઉપરથી આદર્શો અને ધ્યેયોની વાતો કરતો છતાં ભીતર તો એનામાં ઈન્દ્રિય સુખોની જ આરાધના ચાલતી હોય છે. વાસનાઓ એ જ જાણે એનું સાચું વિશ્વ છે; અને ઈચ્છાઓની—સુખેચ્છાઓની તૃપ્તિ - એ જ જાણે એનું અંતિમ લક્ષ્ય છે, એમ એ વર્તે છે. એવી દ્વિમુખી દંભી નીતિના દાસોને વાસનાના ઘેનમાંથી જગાડવા માટે આ નૈતિક ચોંટિયાઓ અવારનવાર ભરતા રહેવાની જરૂર સંતોને અને શાસ્ત્રોને લાગી છે કે 'ભાઈ, યાદ રાખજે—દાસત્વનું મૂળ કામના.'

કરસનદાસ માણેક

# શોકની જાહેરાત?

જાહેરાત અને દેખાવ એ આ યુગનું પ્રધાન લક્ષણ છે. બીજી બધી બાબતોમાં આપણે દેખાવ કરીએ એ તો ઠીક છે, પરંતુ મૃત્યુ પામેલાં કુટુંબીજનોને તેમની સંવત્સરીએ છાપે ચડાવી જે શ્રદ્ધાંજલિ આપીએ છીએ તે ઈચ્છવા જેવું છે ખરું? આમાં અંજલિરૂપે જે લખવામાં આવે છે તે કોઈવાર એટલું તો હાસ્યાસ્પદ હોય છે કે આથી મૃત માનવીનું અપમાન થઈ મૃત્યુની ગંભીરતા હણાઈ જાય છે.

આના કરતાં તો આપણા અભણ વડીલો શાણા અને સમજુ હતા કે કુટુંબીજનોના મૃત્યુદિને દાનધર્મનું પુણ્યકાર્ય કરી સદ્ગત આત્માની શાન્તિ ચાહતા. શોકની તે કદી જાહેરાત હોય?

છાપામાં ફોટા પ્રગટ કરાવી શ્રદ્ધાંજલિ આપવાનો આ અણછાજતો રિવાજ લોકો બંધ કરે એવી આશા રાખીએ. રિવાજનું આ તે કેવું અસંસ્કારી અનુકરણ!

શારદાબહેન બાબુભાઈ શાહ

## ભૂલસુધાર

ગતાંકમાં પાના ૨૨૩ ઉપર "પ્રેરણા" વાળા લખાણમાં ત્રીજા પેરેગ્રાફની પહેલી લીટીમાં "કે નિષ્ઠુર બનેલો" એ શબ્દ વધારાનો છપાઈ ગયો છે - તે શબ્દ કાઢીને તે લખાણ વાંચવું એ જ રીતે પૂર્ણિમાબહેન પકવાસાના લેખમાં છેલ્લી કોલમમાં 'આપણા સમાજમાં' છપાયું છે એને બદલે 'આપણી સમજમાં પરિપૂર્ણતા' એમ જોઈએ.

# જીવન : વલણો અને વિચારો

સફળતા અને નિષ્ફળતા, આશા અને નિરાશા, સુખ અને દુ:ખ - એવાં દ્વંદોનું જ આપણું જીવન બનેલું છે. આ દ્વંદ્વને સમજીને, એમાંથી માર્ગ કાઢીને આપણે આપણા જીવનને ઉન્નત કરી શકીએ, જીવનને શકય તેટલે અંશે અર્થપ્રદ બનાવી શકીએ અને જીવનમાં આંતરિક શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરી શકીએ તો આપણે જીવનને સારી રીતે જીવી શકીએ છીએ એવું આપણને લાગશે.

દરેક માણસના જીવનમાં એક અથવા બીજા તબક્કે નિરાશા, નિષ્ફળતા અને દુ:ખ આવતાં જ હોય છે. આમાં એવા કેટલાક લોકો પણ હોય છે કે જેમને જીવનમાં પોતે શું પ્રાપ્ત કરવા માગે છે, જીવન પાસે એમની શી અપેક્ષા છે એનો સ્પષ્ટ ખ્યાલ જ હોતો નથી. તેઓ પછી જીવનના એકધારાપણાથી, જીવનની નીરસતા અને ધ્યેયહીનતાથી કંટાળી જાય છે અને પોતાનું જીવન નિષ્ફળ જવાનું છે એમ માનીને એક પ્રકારની નિરાશા અને હતાશાની લાગણી અનુભવતા હોય છે. એમનાં વલણો નકારાત્મક થઈ ગયાં હોય છે એટલે ઘણી વાર એવું પણ બને છે કે એમને પોતાના અસંતોપ અને નિરાશામાંથી બહાર આવવાનો માર્ગ પણ સૂઝતો નથી.

'મારે જોઈતી વસ્તુઓ હું ખરીદી શકું એટલા પૈસા મળે, જીવનમાં આવશ્યક સાધનસગવડ મળી રહે અને એટલી આવક થાય એવો નોકરીધંધો મળે તો બસ' એમ કહેનારા પણ છેવટે જીવનમાં અસંતોષનો ભોગ બને છે, કેમકે આટલું મળે એ પૂરતું નથી હોતું. આટલું અને એથી વધુ મળી રહે પછી પણ માણસના જીવનમાં સંતોપ કે શાંતિ ન હોય એવું બની શકે છે.

આપણું જીવન અર્થપ્રદ હોય એ ખૂબ જ મહત્ત્વનું છે. આમ નહિ હોય તો પછી આપણા જીવનને નિરાશા અને હતાશા એટલી ઘેરી વળશે કે પછી આપણે આપણી પરિસ્થિતિને દોષ દેવા લાગીશું. આનો અર્થ એવો નથી કે આપણે જીવનમાં કોઈ મહાન—આંબી ન શકાય એવી મહત્ત્વાકાંક્ષા રાખવી જોઈએ. પણ કમમાં કમ એટલું તો થવું જ જોઈએ કે આપણામાં આપણા જીવ-નના ધ્યેય વિશે સ્પષ્ટતા હોય અને એ માટે પ્રયત્ન કરવા આપણે તત્પર હોઈએ. એ પ્રયત્ન અને પુરુષાર્થમાં આપણને આનંદ અને સંતોષ મળવાં જોઈએ.

આપણે જે કંઈ પ્રાપ્ત કરવા માગતા હોઈએ, આપણું ધ્યેય ગમે તેવું હોય પણ એ સાથે આપણે એ વિશે બીજાની સાથે સ્પર્ધામાં ઊતરવાની કે બીજાને મળેલી સિદ્ધિની ઈર્ષા કરવાની કંઈ જરૂર નથી. સામા માણસ સાથે ખોટી હરીફાઈમાં ઊતરીને કે એ રીતે પછી એની ઈર્ષા કરવાથી આપણને કંઈ મળતું નથી, ઊલટાનો આપણી એટલી શકિતનો નિરર્થક વ્યય થાય છે અને એટલા પ્રમાણમાં આપણે આપણા પોતાના કામમાં એટલી ઓછી શકિત રોકી શકીએ છીએ. આવા માણસોને પછી ધીરે ધીરે નિરાશા મળે છે અને આવી નિરાશા એમનામાં હંમેશાં પોતે નિષ્ફળ જશે એવી ભયની લાગણી જન્માવે છે.

આપણે આપણી જાત પાસે શેની અપેક્ષા રાખીએ છીએ અને આપણી શકિત - અશકિત કેટલી છે એનો અંદાજ અને આપણા ધ્યેય વિશે આપણામાં પૂરેપૂરી સમજદારી હોય એ આવશ્યક છે. એટલે સૌપ્રથમ તો કંઈ પણ કામ હાથ ધરતી વખતે, કોઈ જીવનલક્ષ્ય નક્કી કરતી વખતે, આપણે આપણી શકિતની પૂરેપૂરી ગણતરી કરી લેવી જોઈએ. એ સાથે આપણી ઊણપો, આપણી સામે આવનારી મુશ્કેલીઓ અને આપણી સમક્ષ પડેલી સંભાવનાઓનો પણ પૂરેપૂરો ખ્યાલ મેળવી લેવો જોઈએ. આ બધાંનો બરાબર કયાસ કાઢીને પછી આપણે જે દિશામાં જવું હોય .એ દિશામાં કદમ ઉઠાવવાં જોઈએ.

આ સાથે આપણે આપણા વિશેના અતિશયોકિતભર્યા ખ્યાલો નહિ રાખવા જોઈએ. આ રીતે અતિશયોકિતભર્યા ખ્યાલો બાંધવાથી અને એ રીતે કામ કરવાથી આપણી ધારી પ્રગતિ થશે નહિ, કેમકે આપણે માંડણી જ ખોટી કરી હોય છે અને એટલે આપણને નિરાશા મળે એવી પૂરી શકયતા રહે છે.

વ્યવહારુ અને ડહાપણભર્યું વલણ રાખીને આપણે ધારી સિદ્ધિ મેળવી શકીશું. આપણે જે કંઈ કરવા માગતા હોઈએ, આપણે ચાલતાં શીખતાં પહેલાં દોડવાની મનોવૃત્તિથી કામ નહિ કરવું જોઈએ. નાનાં કામો પાર પાડીને એકધારી રીતે આગળ વધવાથી છેવટે આપણે આપણા ધ્યેય સુધી પહોંચી શકીશું.

જે કંઈ કામ આપણે પસંદ કરીએ એ વિશે સઘળી જાણકારી આપણે પ્રાપ્ત કરી લેવી જોઈએ. આમ કરવાથી આપણે ઘણી ભૂલો કરવામાંથી ઊગરી શકીશું. એ જ રીતે બીજાની ટીકાઓ કે બીજાની સલાહો પણ આપણે ખચકાયા વિના સાંભળવી જોઈએ, અને એ પછી આપણામાં કાંઈ સુધારો કરવા જેવું હોય તો એ કરવા જેટલી નમ્રતા આપણે બતાવવી જોઈએ. જીવનમાં દરેક તબક્કે કંઈ ને કંઈ નવું શીખવાનું હોય છે અને એ શીખવા માટે આપણે તૈયાર હોઈએ તો આપણી પ્રગતિ વધારે સારી રીતે થશે તેમ જ બીજાઓનો સાથ અને સહકાર પણ આપણને મળશે. બીજા લોકો પ્રત્યે આપણામાં આદરભાવ હોવો જોઈએ. આમ કરવાથી આપણને એમની શુભેચ્છા પણ મળી રહેશે.

આ ઉપરાંત, આપણે જે કામ ઉપાડીએ એના જુદા જુદા વિકલ્પો પણ વિચારી લેવા જોઈએ કે જેથી કરીને એક દિશા બંધ થાય તો બીજી દિશા તરફ વળીને આપણે આપણું કામ આગળ ધપાવી શકીએ.

આપણે આપણી જાત સાથે અને બીજા લોકો સાથેના વ્યવહારમાં પ્રામાણિક રહેવું જોઈએ. એ સાથે આપણે બીજા લોકો પર અવલંબન રાખવાની સ્થિતિમાં ન મુકાવું જોઈએ. બીજા લોકો આવીને આપણને મદદ કરશે કે જાતે સામે ચાલીને આપણને ટેકો આપશે એવી અપેક્ષા પણ નહિ રાખવી જોઈએ. એ જ રીતે બીજાની સહાનુભૂતિ, કદર કે સમજદારી આપણને મળી જ રહેશે એમ પણ નહિ ધારી લેવું જોઈએ. આવી અપેક્ષા રાખશો તો તમને પછડાટ અને નિરાશા મળે એવું બનવાની પૂરી સંભાવના છે. આવી રીતે નિરાશા મળતાં તમને હતાશાની લાગણી થાય અને જીવનમાં નિષ્ફળ-તાનો ભાવ આવી જાય એવું થશે.

એટલે આપણું જીવનધ્યેય એવું રાખવું જોઈએ કે બીજાના પર કશું અવલંબન રાખ્યા વિના આપણે એ પાર પાડવા સમર્થ હોઈએ. આનો અર્થ એવો નથી કે બીજાંના સાથ અને સહકારને પણ આપણે ન આવકારીએ. એ સાથે પીછેહઠો અને નિરાશાઓ મળવા છતાં યે આપણે જીવનમાં કંઈક સિદ્ધિ મેળવવા માગતા હોઈએ તો આપણામાંથી નકારાત્મક વિચારોને આપણે દેશવટો દેવો જોઈએ. આપણે રચનાત્મક, વિધાયક વલણો રાખવાં જોઈએ. આપણી સમસ્યાઓ, મુશ્કેલીઓ અને નિરાશાઓનું આપણે પૃથક્કરણ કરવું જોઈએ અને એ વિશે આપણે શું કરી શકીએ તેમ છીએ એનો વિધાયક રીતે વિચાર કરવો જોઈએ.

એ સાથે આપણી નજર લાંબે સુધી, દૂર સુધી જોઈ શકે એવી રાખવી જોઈએ. આપણી સમક્ષ જે કોઈ તક આવે એનો આપણા માટે ઉપયોગ કરવા જેટલા સજાગ આપણે રહેવું જોઈએ. જીવન અને લોકોમાંથી આપણે નવું નવું શીખ્યા જ કરવું જોઈએ. આપણા જીવનમાં જે કંઈ બને એને વધુ અનુભવ અને વધુ જ્ઞાન સંપાદન કરવાની તકરૂપે ગણવું જોઈએ.

આપણે સૌથી વધુ તો ગમે તેવી તકલીફમાં પણ વિધાયક વિચારો જ કરવા જોઈએ. નિષ્ફળતાના વિચારો કરીને આપણે માથે હાથ દઈને બેસી રહીએ એનો કંઈ અર્થ નથી. આપણે રચનાત્મક વિચારો દ્વારા આપણી મુશ્કેલીઓમાંથી પણ માર્ગ કાઢી શકીએ એવો આત્મવિશ્વાસ મેળવવો જોઈએ. વિધાયક વિચારના સામાન્ય રીતે વિધાયક પ્રત્યાઘાત જ આવે છે. આપણાં વલણો આપણું ઘડતર કરતાં હોય છે અને એટલે આપણાં વિધાયક વલણો આપણને વિધાયક રીતે વિચાર કરતા કરશે અને આપણે આપણા જીવનધ્યેય સુધી પહોંચવા માટે સમર્થ બનીશું.

—શિવમ્

# હજુ પડદો ઊંચકાયો નથી

આદિકાળથી, માનવે જ્ઞાન સંપાદન કર્યું ત્યારથી તેણે આ અગાધ વિશ્વ, તેના નવલખના નવલખ અને તેના ય નવલખ એવા તારલાઓ અને તેની પાછળ રહેલા બ્રહ્માંડનો તાગ પામવા મથામણ કરી છે. આ બ્રહ્માંડનો આરંભ ક્યાં છે? અંત ક્યાં છે? તે શાશ્વત છે કે અશાશ્વત? સાકાર છે કે નિરાકાર? નિશ્ચિત છે કે અનિશ્ચિત? અને તેમાં માનવનું સ્થાન કેવું છે? આવા પ્રશ્નોના પોતપોતાની મતિ અનુસાર ઉત્તરો મેળવી પોતાના મનનું સમાધાન કરવાના પ્રયાસો કર્યા છે. આ પ્રયાસોની પાછળ અનેક ઋષિઓ, અનેક મુનિઓ, અનેક તત્ત્વચિન્તકો અને અનેક ફિલસૂફોએ પોતાની વિચારશકિત અને તર્કશકિત ખર્ચી છે અને આજ પણ આદરણીય ગણાતું હોય તેવા સાહિત્યનો ભંડાર તેઓ પોતાની પાછળના ભાવિ સમાજના લાભાર્થે રાખતા ગયા છે.

લગભગ આધુનિક કાળ સુધી બ્રહ્માંડનો ભેદ પામવાની માનવ-જિજ્ઞાસાએ કેવળ પોતાની તર્કશકિત અને વિચારશકિતથી કામ લીધું. પણ લગભગ ચારસો વર્ષ પહેલાં યુરોપમાં વિજ્ઞાનનો વિકાસ શરૂ થયો ત્યારથી આ ગહન વિષયના અભ્યાસના એક સાધન તરીકે માનવીએ કેવળ તર્કશકિત ઉપર આધાર રાખવાને બદલે વિજ્ઞાનનો આશ્રય પણ લેવા માંડયો છે.

અને વિજ્ઞાન હવે એવું વિકસ્યું છે કે તેણે પણ વિશ્વના આદિ અને આરંભનાં ગૂઢ રહસ્યો પામવા તર્કશકિતને એક બાજુ રાખી કેવળ વિજ્ઞાનની શોધખોળને આધારે આ રહસ્યોનો તાગ પામવાની મથામણ શરૂ કરી છે તથા ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન વગેરેના સિદ્ધાંતો મુજબ વિશ્વની સમગ્ર રચનાનું આલેખન કરવા માંડયું છે. વિજ્ઞાનના વિકાસમાં આધુનિક યુગના માનવે સિદ્ધિઓ તો ઘણી જ મેળવી છે એમાં કાંઈ શક નથી. જીવ-શરીરના જીવંત કણોને છૂટા પાડી તેણે પ્રયોગશાળાઓની નળીઓના રસાયણમાં દાયકાઓ સુધી જીવતા જ રાખ્યા છે. માણસની શ્રવણશકિતમાં હજારગણો અને તેની દષ્ટિમાં એક લાખગણો વધારો કર્યો છે.

એક મિલિમીટરના દસમા ભાગની તેની દષ્ટિમર્યાદા સૂક્ષ્મદર્શક યંત્રો દ્વારા વિકસાવી દસગણી, સોગણી, હજારગણી અને હવે ઈલેકટ્રોનિક સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા લાખગણી બનાવી છે કે જેથી એક મિલિમીટરના દસ લાખમા ભાગના અણુકણોની આકૃતિનો આભાસ પામી શકાય. પણ વિજ્ઞાન આમ એક બાજુ જેમ ગૂઢ રહસ્યોના એક પછી એક પડ ઉખેડી રહ્યું છે તો બીજી બાજુ એ જ વિજ્ઞાન પોતાના સંશોધનના જ્ઞાન-સમુચ્ચયથી આ રહસ્યોને વધુ ને વધુ ઘેરાં બનાવતું જાય છે. કારણકે ઈલેકટ્રોનિક સૂક્ષ્મદર્શક યંત્રથી એક લાખગણા વધુ નજીક આવેલા અણુનો પ્રત્યક્ષ પરિચય કરવાથી માનવની આકાંક્ષા સંતોષવાની તક એ જ જ્ઞાનને આધારે સિદ્ધ થયેલા બીજા વિધાનથી દસ લાખગણી દૂર ગઈ છે. તે અણુકણ—ઈલેકટ્રોનનું કદ એવું સૂક્ષ્મ છે કે એક ટપકા જેવડા મિલિમીટરના અવકાશમાં દસ લાખ વાર દસ લાખ એટલે કે એક હજાર અબજ જેટલા ઈલેકટ્રોનો સમાવી શકાય અને એમ સૂક્ષ્મતમ કણના પરિચયથી હતો તેના કરતાં પણ વધુ દૂર ગયો છે. જ્યારે અણુશાસ્ત્ર વિકસ્યું નહોતું ત્યારે અણુના કદની જે કલ્પના હતી અને સૂક્ષ્મદર્શક યંત્રથી જેનું સાક્ષાત્ દર્શન શકય હતું તે વસ્તુ વચ્ચેનો તફાવત ઘટવાને બદલે ઊલટો વધી ગયો છે.

અનેક દિશામાં, અનેક દેશોમાં, અનેક ઔદ્યોગિક નિગમોનાં સંશોધન કેન્દ્રોમાં કે સરકારી આશ્રયે ચાલતી પ્રયોગશાળાઓમાં યા શિક્ષણસંસ્થાઓ દ્વારા ચલાવાતાં અભ્યાસકેન્દ્રોમાં વિજ્ઞાનનાં અસંખ્ય પાસાંઓનો આજે જે ઝીણવટપૂર્વક અભ્યાસ થઈ રહ્યો છે તેની લગભગ કહી શકાય તેવી સ્થિતિ આ જ છે.

આનો એવો અર્થ ઘટાવવાનો નથી કે વિજ્ઞાન નિરર્થક છે; વૈજ્ઞાનિક વિકાસ લાભદાયી નથી કે ફળદાયી નથી. અનેક રોગો સામે વિજ્ઞાને માનવશરીરને રક્ષણ આપ્યું છે. યાતનાઓ અને દુ:ખદર્દોથી ભરપૂર માનવસમાજમાં વિજ્ઞાને અનેક સુવિધાઓ પૂરી પાડી છે તથા જીવનનો ભાર હળવો બનાવ્યો છે. પણ છતાં ય એક હકીકત તો છે જ કે વિજ્ઞાનને આધારે બ્રહ્માંડનાં રહસ્યો પરનો પડદો ઊંચકવાની વૈજ્ઞાનિકો જે મથામણ કરી રહ્યા છે તે મથામણમાં હજુ તેઓ અંધકારમાંથી બહાર નીકળી શકયા નથી. ઘણી વાર એમ લાગે છે કે જીવનનું રહસ્ય વિજ્ઞાને હસ્તગત કર્યું; જીવનક્રિયાનો ભેદ તેણે મેળવ્યો તથા તેની પ્રાકૃતિક રાસાયણિક ક્રિયાનો મર્મ શોધી કાઢયો, પણ આ બધી શોધો વિષેના અખબારી અહેવાલો ખોટા પડયા છે તથા જીવનનું રહસ્ય હજી એવું ને એવું ગૂઢ જ રહેલું છે.

અને એક રહસ્ય પરનો પડદો ઊપડે તો તે જ વેળાએ બીજા એવા ઘણા પડદા ઊંચકવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સદીઓ સુધી ચંદ્ર પૃથ્વી પરના માનવો માટે રહસ્યમય રહ્યો. વિજ્ઞાનની સહાયથી વૈજ્ઞાનિકોએ તેના વિશે ઘણી માહિતી મેળવી. તેના ભ્રમણના વેગનો સેકંડના એક ઇંચ સુધીનો તાગ કાઢયો. તેના પર વાતાવરણ નથી એ પુરવાર કર્યું અને ચંદ્ર વિશેની પોતાની જિજ્ઞાસા સંતોષવા તેણે ચંદ્રની ધરતી પર માનવીઓનાં ઉતરાણ કર્યાં. આ ઉતરાણથી ચંદ્રના રહસ્ય પરના કેટલાક પડદા ઊંચકાયા તો વળી બીજા કેટલાક નવા ભેદો પ્રકાશમાં આવ્યા.

ચંદ્ર પર વાતાવરણનું અસ્તિત્વ નથી તો મંગળમાં કેમ છે? પૃથ્વી પર કેમ છે? અને પૃથ્વીના જેવડા જ લગભગ શુક્રના ગ્રહ પર તે અનેકગણું કેમ વધુ છે?

પૃથ્વી પર જીવનનો આરંભ દરિયાના ખારા પાણીમાં થયો. બસો અબજ અને અઢીસો અબજ વર્ષ પૂર્વે પૃથ્વી પરના જીવનની પ્રક્રિયા પ્રાણવાયુ અને કાર્બનના સંયોજન પર નિર્ધારિત છે. પણ બીજાં કોઈ તત્ત્વોના સંયોજનથી બીજા કોઈ પ્રકારની જીવન-પ્રક્રિયા કેમ સંભવિત ન હોય? આવા અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. જીવંત શરીરના જીવકણોમાં ચાલતી પ્રક્રિયાઓ વીસ પ્રકારનાં પ્રોટીન દ્રવ્યો અને ચાર બીજાં રસાયણોને આધારે ચાલે છે. પણ વીસ જ પ્રોટીનો શા માટે અને ચાર જ રસાયણો શા માટે? બીજાં કેમ નહિ? એથી અન્ય પ્રકારની જીવનપ્રક્રિયા શકય નથી?

અર્વાચીન યુગના વિચારકોએ કેવળ તર્કશકિતથી બ્રહ્માંડના ભેદના મેળવેલા ગૂંચવણભર્યા પ્રશ્નોના ઉત્તરો કે આધુનિક યુગમાં વૈજ્ઞાનિકો વિજ્ઞાનની સિદ્ધિઓ દ્વારા જે ઉત્તરો મેળવી રહ્યા છે તેને આખરી વાકય કહેતાં પહેલાં તથા તેના આધારે નાહકના વિતંડાવાદમાં ઊતરતાં પહેલાં કે શબ્દયુદ્ધમાં ઝંપલાવતાં પહેલાં માણસે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે બ્રહ્માંડનો ભેદ હજુ પૂરેપૂરો ઉકેલાયો નથી. જીવનનાં ગૂઢ રહસ્યો પરનો પડદો હજુ ઊંચકાયો નથી.

**-મોહનલાલ પી. ગાંધી**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૭૩, ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## રાષ્ટ્રીય પરિસ્થિતિ

દર વર્ષે સંસદના અંદાજપત્ર સત્રના પ્રારંભે રાષ્ટ્રપતિ સંસદસભ્યોને ઉદ્‌બોધન કરે છે તેમાં રાષ્ટ્રની પરિસ્થિતિનું અવલોકન કરે છે અને સંસદની બેઠકમાં સરકાર શું કાયદાઓ કરવા ઈચ્છે છે તેની જાહેરાત કરે છે. આ વર્ષે, તા. ૧૯ ફેબ્રુઆરીએ સંસદની બેઠક શરૂ થઈ ત્યારે, રાષ્ટ્રપતિએ કરેલ પ્રવચનમાં દેશ સમક્ષ પડેલ આર્થિક પ્રશ્નોનો ઉલ્લેખ કરી, તેના ઉકેલ માટે સરકાર શું પગલાં લઈ રહી છે તેનો નિર્દેશ કર્યો છે તેમ જ વિદેશો સાથેના સંબંધો કેવા પ્રકારના છે તે જણાવ્યું છે. પ્રવચનના અંત ભાગમાં રાષ્ટ્રપતિએ કહ્યું છે કે "જ્યારે જ્યારે દેશને ગંભીર કટોકટીનો સામનો કરવો પડ્યો છે ત્યારે આપણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિની યથાર્થતા તેમ જ આપણા અર્થતંત્ર, આપણી Institutions ની અને પ્રજાની બુનિયાદી તાકાત પુરવાર થયાં છે. મને ખાતરી છે કે આપણી વર્તમાન મુસીબતો ટૂંક સમય માટે છે અને તેને પાર કરશું અને વધારે સંગઠિત અને શકિતશાળી બનીશું. આ પડકારોને ઝીલવા આપણે સ્પષ્ટ દૃષ્ટિ અને એક ધ્યેયથી કામ કરવું પડશે."

રાષ્ટ્રપતિનો આ આશાવાદ સાચો પડે એમ આપણે ઈચ્છીએ. પણ સખેદ સ્વીકારવું પડે કે પ્રજામાં એ વિશ્વાસ અને શ્રદ્ધા એક વર્ષ પહેલાં હતાં તેટલાં દઢ અત્યારે રહ્યાં નથી. આપણી આંતરરાષ્ટ્રીય નીતિ એકંદરે યથાર્થ છે એમ કહી શકાય. પ્રજામાં બુનિયાદી તાકાત છે એ પણ ખરું છે. પણ જે મુસીબતો અને પડકારોનો રાષ્ટ્રપતિએ ઉલ્લેખ કર્યો છે અને જે ગંભીર આર્થિક તેમ જ રાજકીય કટોકટી સર્જાઈ રહી છે તેને પહોંચીવળવા સરકાર અસરકારક પગલાં લઈ રહી છે અથવા સરકારની આર્થિક નીતિ આ કટોકટીને ટૂંક સમયમાં પાર કરી શકશે એમ કહેવું મુશ્કેલ છે.

દેશની ગરીબાઈ ઝટ હટી જાય એમ કોઈ નહિ કહે; પણ જે નવી સમસ્યાઓ પેદા થઈ છે તેને પણ પહોંચી વળવા આપણે કટિબદ્ધ છીએ તેમ નહિ કહેવાય. વધતી જતી મોંઘવારી, આસમાને ચડતા ચીજવસ્તુના ભાવો, ફુગાવો અને પરિણામે પગારવધારાની માગણીઓ, કાળા બજારનું ફેલાતું નાણું, લાંચરુશવતખોરી—આ બધાં અનિષ્ટો વધતાં રહ્યાં છે. તેને અંકુશમાં લાવવામાં કોઈ સફળતા મળી નથી. અનાવૃષ્ટિને કારણે અન્ન–ઉત્પાદન ઘટયું છે અને કેટલાક રાજ્યોમાં દુષ્કાળ છે. પણ કેટલાંક રાજ્યોમાં સારો પાક છે અને કુશળતાથી અને ઝડપથી પગલાં લેવાય તો અનાજની એટલી અછત નથી કે લોકોએ ભૂખે મરવું પડે. ઘઉંનો અને ચોખાનો જથ્થાબંધ વેપાર સરકારે પોતાના હસ્તક કરવાનો નિર્ણય કર્યો છે. પણ વહીવટી વ્યવસ્થાનો અભાવ અથવા ગેરવ્યવસ્થાને કારણે મુસીબતો વધશે એવો ભય છે. રાષ્ટ્રપતિએ તેમના પ્રવચનમાં કહ્યું છે કે છત અને અછતવાળા વિસ્તારો વચ્ચે ખરેખર સહકારથી કામ લેવાય તો દુષ્કાળને પહોંચી વળીએ. પણ આ જ ખામી છે. કેન્દ્ર સરકાર આવો સહકાર લાવવામાં હજુ સુધી સફળ થઈ નથી.

લાંબા ગાળાની આર્થિક યોજનાઓમાં સરકારના બે મુખ્ય મુદ્દાઓ છે—પંચવર્ષીય યોજના અને જાહેર ક્ષેત્રનું વિસ્તૃતીકરણ—મોટા ઉદ્યોગો અને જીવનની જરૂરિયાતની વસ્તુઓનો વેપાર સરકાર હસ્તક રાખવાનો. કોલસાની ખાણોનો વહીવટ સરકારે હસ્તગત કર્યો છે. સરકારનો દાવો છે કે જાહેર ક્ષેત્રનો વહીવટ ખાનગી ક્ષેત્ર કરતાં હજાર ગણો સારો છે. રાષ્ટ્રપતિએ કહ્યું છે કે સમાજવાદના ધ્યેયની સિદ્ધિ માટે વધુમાં વધુ આ બધું જરૂરનું છે.

હકીકતમાં ઔદ્યોગિક ઉત્પાદન ઘટયું છે. અનેક કારણોએ મજૂરોનો પૂરો સહકાર સાંપડયો નથી. શિક્ષિતોની વધતી બેકારી ગંભીર ચિન્તાનું કારણ છે.

આર્થિક નીતિના વિવાદમાં ઊતર્યા વિના, એક હકીકત સ્પષ્ટ છે કે પ્રજામાં નિરાશાનું વાતાવરણ છે તેને ઉત્સાહમાં ન પલટાવીએ ત્યાં સુધી આ મુસીબતોનો સામનો સફળતાપૂર્વક કરી શકીશું નહિ આ નિરાશાનું એક મુખ્ય કારણ રાજકીય પક્ષો અને રાજકીય આગેવાનોમાંથી પ્રજાનો ઊઠી ગયેલો વિશ્વાસ છે. તેમની પ્રમાણિકતામાં પ્રજાને સકારણ વિશ્વાસ નથી. તેમનાં સ્વાર્થ અને સત્તા–લાલસાથી કેટલી હાનિ થઈ શકે તે આંધ્રમાં જે બની રહ્યું છે તે બતાવે છે. આંધ્રની બાબતમાં રાષ્ટ્રપતિનું—સરકારનું—વલણ નરમ દેખાય છે. રાષ્ટ્રપતિએ કહ્યું છે કે હિંસાનો માર્ગ છોડી દે એટલે વાજબી તોડ કાઢીશું. આંધ્રનું વિભાજન નહિ જ થાય એવું મક્કમતાથી કહ્યું નથી.

આંધ્રમાં શાસક કોંગ્રેસે વરિષ્ઠ મંડળનો આદેશ સ્વીકાર્યો નથી. આંધ્ર અને તેલંગણ બન્ને વિસ્તારના અલગતાવાદીઓ ઈન્દિરા ગાંધી પ્રત્યે વિશ્વાસ જાહેર કરે છે, પણ તેમનું ધાર્યું થાય તો જ. ઈન્દિરા ગાંધીનાં ઉચ્ચારણો બતાવે છે કે તેઓ પણ અકળાયાં છે. શાસક કોંગ્રેસની મોટી બહુમતી કેન્દ્રમાં અને રાજ્યોમાં છે તે છે, પણ પ્રભાવ નથી, એકતા નથી. આંધ્રના અલગતાવાદને દ્રમુકનો ટેકો છે. ઉત્તર પ્રદેશમાં ચૂંટણી નજીક આવે છે ત્યારે એક ચિન્તા–જનક ચિહ્ન એ જણાય છે કે શાસક કોંગ્રેસ મુસલમાનોને તેમના મત મેળવવા ઉત્તેજન આપે છે અને મુસ્લિમ લીગ કે બીજાં કોમી બળો માથું ઊંચકે છે. કેન્દ્રના મંત્રીમંડળમાં ફેરફાર કર્યો તેમાં પણ મુસલમાનોને વધારે સ્થાન મળ્યું છે.

શાસક કોંગ્રેસ, જૂની કોંગ્રેસ જેવો જ વિરોધી બળોનો શંભુમેળો છે. તેથી ઉદ્દામ અથવા ડાબેરી વાતો ઘણી થાય છે પણ ગાજ્યા મેહ વરસે નહિ એવું છે. સ્થાપિત હિતોની જડ ઊંડી છે. શાસક કોંગ્રેસની વર્તમાન નેતાગીરી સાચી ક્રાન્તિ માટેનું માનસ, શકિત

અથવા હિંમત ધરાવતી નથી. દેખાવ માટે અને સ્થાન ટકાવી રાખવા જે કાંઈ કરે છે-કેટલુંક રાષ્ટ્રીયકરણ—અને બીજી ગર્જનાઓ કરે છે તેથી અનિશ્ચિતતા અને અસંતોષ વધારે છે. કદાચ ક્રાન્તિની ભૂમિકા સર્જતું હશે.

એશિયા, આફ્રિકા કે દક્ષિણ અમેરિકાના દેશોની સરખામણીમાં આપણી પ્રગતિ નોંધપાત્ર છે, ગાડી પાટા ઉપર છે, પ્રજાની શકિત, ખમીર, અનુભવ, ગંભીરતા, ગૌરવ લેવા જેવા છે. રાષ્ટ્રપતિએ કહ્યું તેમ જોઈએ છે સ્પષ્ટ દષ્ટિ અને ધ્યેયની એકતા—clarity of vision and unity of purpose. અને પ્રજાને સાચું માર્ગદર્શન આપી શકે અને વિશ્વાસ પડે એવી પ્રમાણિક અને નિ:સ્વાર્થ નેતાગીરી.

વિદેશો સાથેના સંબંધોનો રાષ્ટ્રપતિએ ઉલ્લેખ કર્યો તેમાં પાકિસ્તાન, ચીન, અમેરિકા અને રશિયા વિશે કહ્યું તે ખાસ નોંધપાત્ર છે.

સિમલા કરારનો અમલ કરવા આપણે ઈંતેજાર છીએ. ભૂતો પોતાની મુશ્કેલીઓને કારણે અથવા ચીન, અમેરિકાના ઉત્તેજનથી ઢીલ કરે છે. યુદ્ધકેદીઓના પ્રશ્નનો વહેલો નિકાલ થાય તે જરૂરનું છે. ૯૦ હજાર કુટુમ્બો પાકિસ્તાનમાં ઉશ્કેરાયેલ છે. પાકિસ્તાનનો યુવાન વર્ગ પેલેસ્ટાઈનના ગેરીલા પેઠે ઘોર નિરાશાથી હિંસાના માર્ગે વળે છે. લંડનમાં આપણી એલચી કચેરી ઉપરનો હુમલો તેનું ચિહ્ન છે. શેખ મુજીબ સાથે કાંઈક સમજૂતી કરી આ પ્રશ્નનો નિકાલ વહેલી તકે લાવવો જોઈએ. જેની સામે મુકદ્દમો કરવો છે એવા એકબે હજારને રાખી બીજાને છોડવા જોઈએ.

અમેરિકા સાથેના આપણા સંબંધો સુધારવામાં હજુ સફળતા મળી નથી. એક એશિયા પરિષદમાં ઈન્દિરા ગાંધીએ વિયેટનામના યુદ્ધ વિશે થોડું કહ્યું તેનો સર્વથા વિપરીત અર્થ કરી નિકસન છંછેડાયા, ડંખતું દિલ સત્યવચન સહન કરી ન શકે. ઈન્દિરા ગાંધીએ એટલું જ કહ્યું હતું કે 'એશિયાની પ્રજા હતી તેથી આવો ભયંકર બોમ્બમારો કર્યો, યુરોપની કોઈ પ્રજા હોત તો ન થાત.' ઉચિત સ્થાને ઉચિત વચન હતું. આપણા પ્રત્યેના અમેરિકાના વિરોધ કે અણગમાનાં ઊંડાં કારણો છે. નિકસને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પાયાનો પલટો આણ્યો છે. ચીન અને અમેરિકા, રશિયાનું વર્ચસ્વ સર્વત્ર ઘટાડવા માગે છે. રશિયા સાથેના આપણા સંબંધો ગાઢ છે અને થતા જાય છે તેથી અમેરિકા અને ચીન આપણને મૂંઝવવા અને નમાવવા ઈચ્છે છે. પાકિસ્તાની યુદ્ધસમયે રશિયા આપણી મદદે આવ્યું ન હોત તો જુદું જ પરિણામ આવ્યું હોત. અમેરિકાની બેધારી નીતિ છે. રશિયા સાથે પણ સારા સંબંધો કરે છે. રશિયાને તેમ કરવાની ફરજ પડી છે. ચીન અને રશિયા સામ્યવાદી દેશો, જે અમેરિકન શાહીવાદ અને મૂડીવાદને દુશ્મન માનતા, તે બન્ને દેશોએ વાસ્તવિકતા પિછાની, પોતાની વિદેશનીતિમાં પાયાનો ફેરફાર કર્યો છે. યુરોપિયન મજિયારી બજાર અને જાપાન અમેરિકાને માટે પડકારરૂપ છે. ૧૪ મહિનામાં બે વખત ડૉલરનું અવમૂલ્યન કરવું પડયું. બ્રિટન કોમનવેલ્થને છોડી યુરોપમાં દાખલ થાય છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ મોટો પલટો લઈ રહી છે. આપણી વિદેશનીતિ એકંદરે સાચા રાહ ઉપર છે. થોડીક વાસ્તવિકતા સાથે મક્કમતા અને ધીરજથી એક મોટા દેશ તરીકે આપણું સાચું સ્થાન પ્રાપ્ત કરી શકીશું. પણ અંતે, એ સ્થાનનો આધાર આપણી આંતરિક શકિત ઉપર અવલંબે છે.

દુનિયાના બધા દેશોમાં વિકટ પરિસ્થિતિ છે, મહાન સમસ્યાઓ છે. હિંમતપૂર્વક તેનો સામનો કરીએ તો નિરાશાનું કારણ નથી. રાષ્ટ્રપતિનો આશાવાદ અસ્થાને નથી પણ તેને માટેનો ભગીરથ પુરુષાર્થ અને સ્વાર્થનો ત્યાગ કરવા પ્રજાના બધા વર્ગો તૈયાર નહિ હોય તો આપણા દોષે જ સમસ્યાઓ ઘેરી બનશે.

૨૬-૨-'૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## દુ:ખદ અનુભવ

ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં કારમો દુષ્કાળ છે. અનાજ, ઘાસ અને પાણી બધાંની તીવ્ર અછત છે. સરકારી દુકાનોમાં અનાજ નામનું મળે છે, ભાવ આસમાને ચડયા છે. આ તરફ આ સ્થિતિ છે તો પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દરેક રાજ્યમાં અનાજની સારી પેઠે છત છે. કેન્દ્ર સરકાર વતી વડા પ્રધાન અને અન્નપ્રધાન ફખરુદ્દીન અહમદ વખતોવખત કહે છે કે અનાજની તાણ નામની (માર્જિનલ) છે, રવિપાક ઘણો સારો છે, થવાનો છે. ખરીફ પાકની થોડી અછત રવીપાક પૂરી કરશે અને ચિન્તાનું કોઈ કારણ નથી. આ નિવેદનોથી એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થાય છે. કેન્દ્ર સરકાર કહે છે તેમ હોય તો, ગુજરાત—ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને મહારાષ્ટ્રમાં સરકાર પાસે અનાજનો પુરવઠો કેમ નથી એ કોયડાનો ઉકેલ સમજાતો નથી. ગુજરાતના પુરવઠાપ્રધાન અનાજ મેળવવા દિલ્હીની યાત્રા ઘણી વખત કરી આવ્યા. છતવાળાં રાજ્યો પાસેથી અનાજ મેળવવાના તેમના પ્રયત્નોમાં સફળતા મળતી નથી. સેન્ટ્રલ રિલીફ ફંડ, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર, ગુજરાત વેપારી મંડળ અને બીજી સામાજિક સેવાની સંસ્થાઓ છતવાળાં રાજ્યોમાંથી અનાજ મેળવવા પ્રયત્ન કરે છે છતાં મળતું નથી. ગુજરાત અને મહારાષ્ટ્ર સરકાર તેમાં પૂરી સહાય કરે છે અને જ્યાંથી અનાજ મળે ત્યાંથી લઈ આવો એમ કહે છે પણ છતવાળાં રાજ્યોએ નિકાસબંધી કરી છે. ઉત્તર પ્રદેશમાં બાજરાનો લેવીનો ભાવ રૂા. ૫૮ કિવન્ટલ છે. લેવી આપ્યા પછી વેપારી, બાકીનો માલ બજારમાં વેચી શકે છે. ત્યાં બજારભાવ રૂા. ૮૫ કિવન્ટલ છે, પણ નિકાસ માટે વેપારી રૂા. ૧૧૦ નો ભાવ માગે છે. સૌરાષ્ટ્રમાં રૂા. ૧૫૦ જેવો ભાવ છે. એવી જ સ્થિતિ પંજાબ, હરિયાણા, મધ્ય પ્રદેશમાં છે. ત્યાંના ખેડૂતો અને વેપારીઓ સારી પેઠે કમાય છે. લાંચરુશવત પણ એટલી જ છે. ખાનગી રીતે સેંકડો ટ્રકો ભરાઈને જાય છે. સરકાર પાસે બે માર્ગો છે— કાં તો બધો વધારાનો માલ લેવીમાં લઈ, સરકારી દુકાનો મારફત યોગ્ય વિતરણની વ્યવસ્થા કરવી અથવા જાડા અનાજના મુકત વેપારની છૂટ આપવી. આપણો આ એક દેશ છે કે અનેક વિદેશોની સરહદો છે? ઊંચા ભાવે સ્થાનિક અનાજની ખરીદી, સસ્તાં રસોડાં અથવા અનાજ આપીએ છીએ તો સ્થાનિક પુરવઠો ઓછો થાય છે અને ભાવવધારાનું કારણ બને છે. કેટલાય ભાઈઓ અને સંસ્થાઓએ સેવાની ભાવનાથી પ્રેરાઈ આવાં સસ્તાં રસોડા અથવા અનાજ આપવું શરૂ કર્યું છે અને પૈસા વાપરવા છે એટલે સ્થાનિક જે ભાવે મળે તે ભાવે લઈ ચલાવે છે. પરિણામે સ્થાનિક પુરવઠો ઓછો થાય છે અને ભાવ વધે છે. સાચો ઉપાય છતવાળા વિસ્તારોમાંથી અનાજ લાવવાનો છે. હજુ સુધીના અમારા પ્રયત્નોને બહુ સફળતા નથી મળી. જ્યારે કેન્દ્ર સરકારમાં, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં દુષ્કાળની ગંભીરતાની પૂરી જાગૃતિ થઈ હોય તેમ જણાતું નથી. કદાચ પ્રજામાં ગભરાટ ન થાય તે માટે વડા પ્રધાન અને અન્નમંત્રી એવાં નિવેદનો કરતાં હશે કે ચિન્તાનું કોઈ કારણ નથી અને અછત નામની છે. છતાં વાસ્તવિકતાની અવગણનાથી તેને ઢાંકી શકીશું નહિ. હવે પછીના મહિનાઓ વધારે વિકટ આવવાના છે. અછત વિસ્તારોમાં સુખી માણસો અને ખેડૂતોએ સંગ્રહ કરી રાખ્યો છે. ૯૦ ટકા માણસો રોજેરોજ ઉપર નભે છે તેનું શું થશે?

એથી પણ વધારે ખરાબ સ્થિતિ પશુઓ માટે છે. ઘાસનો પુરવઠો નજીવો છે. અમે લગભગ ૧૬ લાખ રૂપિયાનું ઘાસ ખરીદ્યું હતું. ગુજરાત, મહારાષ્ટ્રમાં ચટણી થઈ ગયું. પાંજરાપોળના વ્યવસ્થાપકો

અને માલધારીઓ ઘાસ માટે ટળવળે છે. ખોળ અને બીજા પશુ માટેના પુરવઠાના ભાવ પણ આસમાને ચડયા છે. સરકારની નીતિ સમજાતી નથી. કાંઈ નીતિ છે કે નહિ તે ખબર પડતી નથી.

રાહતકાર્યોમાં પડેલાની ચિન્તા ખૂબ વધતી જાય છે. ઊંઘ ઊડી જાય છે. ખરેખર દુ:ખદ અનુભવ છે.

## વિચિત્ર ચુકાદો

એક સ્ત્રીએ પોતાના પતિ ઉપર તેમના લગ્ન રદ કરવા અથવા પતિથી જુદા રહેવાના અધિકાર માટે દાવો કર્યો. લગ્ન રદ કરવા કારણ એમ આપ્યું કે પતિ નપુંસક છે. વિકલ્પે જુદા રહેવા માટે કારણ એમ આપ્યું કે પતિએ તેને તજી દીધી છે અને ક્રૂર વર્તન કરે છે. આ યુગલને એક બાળક હતું એટલે નપુંસકતાનું કારણ ટકી ન શક્યું. ત્યાગ અને ક્રૂરતા પણ પુરવાર નથી થયાં એમ નીચલી કોર્ટે ઠરાવ્યું અને અપીલમાં હાઈકોર્ટે આ ચુકાદો માન્ય રાખ્યો. તજી દીધી હોય તો ક્રૂર વર્તન કયાંથી આવે? બાઈએ બીજી અપીલ કરી. બીજી અપીલમાં પણ નપુંસકતા અને ત્યાગનાં કારણોનો સ્વીકાર ન થયો પણ ક્રૂરતાનો સ્વીકાર થયો અને જુદા રહેવાનો અધિકાર (Judicial seperation) મળ્યો. ક્રૂરતા કેવા પ્રકારની? પતિમાં જાતીય નિર્બળતા છે અને સંભોગ સંતોષકારક થતો નથી એમ બાઈનું કહેવું હતું અને કોર્ટે આને ક્રૂરતા ગણી. એક બાળક હતું તે પણ જાતીય નિર્બળતાનું પરિણામ હતું એમ કહ્યું. પુરુષની જાતીય નિર્બળતાથી સ્ત્રીને માનસિક ત્રાસ રહે છે અને નિરાશા થાય છે. "The result is frustration and misery due to denial of normal sexual life and hence cruelty." બન્ને પક્ષકારો તંદુરસ્ત હોય અને એક પક્ષ ઈરાદાપૂર્વક સંભોગનો ઈનકાર કરે તો કાયદામાં તેને ક્રૂરતા ગણી છે. પણ "પૂર્ણ સંભોગ" નથી થતો અને જાતીય નિર્બળતા તેથી ક્રૂરતા ગણાય એ નવું છે. દિલ્હી હાઈકોર્ટના બે જજોનો આ ચુકાદો છે

જાતીય નિર્બળતા કોને ગણવી? સંભોગ પૂરી રીતે સંતોષકારક નથી એનો અર્થ શું? તેનો પુરાવો શું? તેના સાક્ષી તો હોય નહિ. કોર્ટ તેની તપાસ કરાવે? સંતોષકારક નથી તેમાં કોનો દોષ છે? પત્ની તરફથી સંતોષકારક સંભોગ નથી એવી ફરિયાદ પતિ કરી શકે? વધારે પડતી જાતીય આક્રમકતા હોય તેને ક્રૂરતા ગણવી? આ બન્ને પક્ષો હોઈ શકે છે.

મને એક કેસ યાદ આવે છે. એક બહેને પતિ ઉપર ભરણપોષણનો દાવો કર્યો. હું તે બહેન તરફથી સોલિસિટર હતો. તેના પતિએ બીજી પત્ની કરી હતી. કારણ એ આપ્યું કે તેની પત્નીને સંતાન નથી થતું. મેં જે બેરિસ્ટરને રોકેલા—સ્વર્ગસ્થ—મંગળદાસ દેસાઈ—ટીખળી હતા. કોર્ટમાં કેસ નીકળ્યો ત્યારે પતિના વકીલે કહ્યું કે પત્નીને સંતાન નથી તેથી બીજી પત્ની કરી છે. દેસાઈએ કોર્ટને કહ્યું, My lord, whose fault? નામદાર, આમાં દોષ કોનો? કોર્ટે ભરણપોષણ બાંધી આપ્યું, જે હજુ પણ આ બહેનને મળે છે.

"જાતીય નિર્બળતા"ને ક્રૂરતા ગણવામાં આવે તો કોણ જાણે કેવા કેવા કેસ નહિ થાય. જજોને પણ જમાનાની અસર થાય. કાયદાએ સામાજિક પરિવર્તન સાથે પલટાવું જોઈએ તેનો આ કેસ કદાચ એક નમૂનો હશે! સ્ત્રી પ્રત્યે સહાનુભૂતિ હતી અને તેને મુક્તિ આપવી હતી તો "જાતીય નિર્બળતા"નું કારણ શોધવાની જરૂર ન હતી.

## હિંમતભર્યો ચુકાદો

સામાન્ય નિયમ એ છે કે કોઈ કેસ કોર્ટમાં નોંધાયેલ હોય ત્યારે તે કેસ સંબંધી કોઈ ટીકા કે વિવેચન જાહેરમાં કરી ન શકાય. આમ કરવાથી કોઈ પક્ષકારને અન્યાય થવા સંભવ છે, ન્યાયના કામમાં દખલગીરી કરી ગણાય, અને કોર્ટના તિરસ્કારને પાત્ર થાય. કેસ ન થયો હોય ત્યારે અથવા પૂરો થયા પછી ટીકા-વિવેચન થઈ શકે પણ કેસ ચાલુ હોય ત્યાં સુધી ન થાય એવો નિયમ આજ સુધી રહ્યો છે. થોડા દિવસ પહેલાં ઈંગ્લાંડની અપીલ કોર્ટે આ નિયમમાં અપવાદ કર્યો છે. આ અસાધારણ કેસની વિગત પણ જાણવા જેવી છે.

ડિસ્ટિલર્સ નામની કંપનીએ ૧૯૬૦માં થેલીડોમાઈડ દવા બનાવી અને વેચી. ઘેનની દવા હતી. ગર્ભવતી સ્ત્રીઓએ દવાનો ઉપયોગ કર્યો. પરિણામે લગભગ ૪૫૦ સ્ત્રીઓને વિકૃત બાળકો જન્મ્યાં, કોઈ હાથ વિનાના, કોઈ પગ વિનાના અને બીજી વિકૃતિઓ સાથે. માબાપોને આ સંતાનોની સારવાર માટે ખૂબ ખર્ચ કરવો પડયો અને જિંદગીભર અપંગ નિભાવવાં પડશે. માબાપોમાં કેટલાંક સુખી તો કેટલાક સાધારણ અથવા ગરીબ. કેટલાક સુખી માબાપોએ કંપની સામે નુકસાનીના દાવા કર્યા. ૧૦-૧૧ વર્ષ થઈ ગયાં પણ હજુ કાંઈ નિકાલ આવ્યો નથી. કંપની ખૂબ પૈસાવાળી છે અને મોટો નફો કરે છે. તેનો મુખ્ય ધંધો દારૂનો છે. કંપની જવાબદારીનો ઈનકાર કરે છે. સમાધાન માટે દરેક બાળકદીઠ ૧૨૦૦-૧૫૦૦ પાઉન્ડ આપવાની તૈયારી બતાવી. ગરીબ માબાપો લેવા તૈયાર થયાં. બીજાએ ના પાડી એટલે વાત પડીભાંગી. આ સ્થિતિમાં એક વર્તમાનપત્ર 'સન્ડે ટાઈમ્સે' થોડા મહિના પહેલાં આ વાત ઉપાડી લીધી અને બેત્રણ લેખ લખ્યા. પાર્લમેન્ટના એક સભ્યે વાત ઉપાડી લીધી અને પાર્લમેન્ટમાં ઊહાપોહ થયો. પરિણામે કંપની પાંચ લાખ પાઉન્ડ આપવા તૈયાર થઈ, પણ એ શરતે કે બધાં માબાપો સ્વીકારે અને કોઈ દાવો ઊભો ન રહે. જાહેર ઊહાપોહ વધી પડયો. કંપનીની સામાજિક જવાબદારી, અપંગ બાળકોની હાલત વગેરે મુદ્દાઓ ઉપર ખૂબ વિવાદ ચાલ્યો અને છેવટ માગણી થઈ કે કંપનીએ ૨૦ લાખ પાઉન્ડ નુકસાની આપવી જોઈએ. બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ સ્વીકારવા તૈયાર ન હતા. કંપનીના મોટા શેર-હોલ્ડરો, બેંકો, વીમા કંપનીઓ વગેરે ઉપર દબાણ આવ્યું કે ડાયરેક્ટર્સને દબાણ કરવું. શેરહોલ્ડરોની અસાધારણ સભા બોલાવવા હિલચાલ શરૂ થઈ કંપનીના માલનો બહિષ્કાર થયો. દયા, કરુણા, વગેરે ભાવનાઓની ઉત્તેજના થઈ. કંપનીએ એક યોજના ઘડી, જેને પરિણામે છેવટે ૨૦ લાખ ડૉલર મળે પણ તેનું ટ્રસ્ટ કરવું, જેમાં કરમુક્તિ માગી, જેથી કંપનીને ખરી રીતે પાંચ લાખ પાઉન્ડ આપવાના થાય. સરકારે એવી કરમુક્તિ આપવાની ના પાડી. બીજાં ઘણાં અપંગ, નિરાધાર છે તેને માટે પણ કરવું પડે. ઊહાપોહ હજી ચાલુ જ છે. મુખ્ય મુદ્દો કંપની કાયદેસર જવાબદાર ગણાય કે નહિ તે છે. આ તો હજી કોર્ટે નક્કી કરવાનું છે. કંપનીની કોઈ બેદરકારી હતી? વર્તમાન કાયદા પ્રમાણે કદાચ કંપની જવાબદાર ન ગણાય. આ સંજોગોમાં 'સન્ડે ટાઈમ્સ' એક વિશેષ લેખ પ્રકટ કરવા માગતું હતું, જેમાં કંપની બેદરકાર રહી છે એવો આક્ષેપ હતો. દવાની બનાવટમાં અને વેચતા પહેલા કંપનીએ વધારે ચોકસાઈ કરવી જોઈતી હતી, એવી બધી વિગતોથી ભરપૂર લેખ હતો. આ લેખને પ્રકટ થતો અટકાવવા સરકાર વતી એટર્ની જનરલે હાઈકોર્ટમાં અરજી કરી. ચાલુ કાયદા અને નિયમ પ્રમાણે આવા લેખથી કંપનીના બચાવને ભારે હાનિ થાય અને ન્યાયના કામમાં દખલગીરી થાય. હાઈકોર્ટે આ દલીલો સ્વીકારી લેખ પ્રકટ કરતાં વર્તમાનપત્રને અટકાવ્યું. તેમાંથી અપીલ કરી અને હવે અપીલ કોર્ટે લેખ પ્રકટ કરવાની છૂટ આપી છે. તેથી આ ચુકાદો ઘણો મહત્ત્વનો છે.

અપીલ કોર્ટે કહ્યું કે જાહેર હિતનો (public interest) મોટો સવાલ છે. ૧૦/૧૨ વર્ષથી કેસનો નિકાલ આવતો નથી કે સમાધાન થતું નથી. તેથી જાહેર હિતમાં તેની ટીકા કે વિવેચન થાય એ ખોટું નથી. એક તરફ કંપનીનું હિત અને બીજી તરફ

જાહેર હિત વચ્ચે સમતુલા જાળવવી અને આ કેસમાં જાહેર હિત વધારે અગત્યનું છે. કોર્ટે કબૂલ કર્યું કે લેખનો ઉદ્દેશ કંપની ઉપર સમાધાન કરવા દબાણ લાવવાનો છે, પણ કોર્ટે કહ્યું કે એવું દબાણ ગેરવાજબી નથી.

No doubt the article was intended to bring pressure to bear on Distillers — but that pressure was legitimate in the light of all that had happened.

It is in the interest of the public in matters of national concern and the freedom of the press to make fair comment on such matters. The one interest must be balanced against the other.

આ ચુકાદો ખરેખર ઐતિહાસિક છે. તેમાં જોખમ પણ છે. કોઈ પક્ષકારને અન્યાય થવા સંભવ છે. એમ પણ દલીલ થઈ છે કે આવો નિયમ—ચાલુ કેસે ટીકા ન કરવાનો—ફોજદારી કેસ માટે વધારે જરૂરનો છે. દીવાની દાવાઓમાં અન્યાયનો સંભવ ઓછો છે. જાહેર ચર્ચાથી કોર્ટ ખેંચાઈ જાય નહિ, જ્યારે ફોજદારી કેસમાં ચાલુ કેસે જાહેર ચર્ચાથી અપરાધીને અન્યાય થવાનો વધારે સંભવ છે. આ દાવામાં એક તરફ કેટલાંય ગરીબ માબાપો છે અને બીજી તરફ સમૃદ્ધ કંપની છે - જેને ખર્ચ કરવાનો હિસાબ નથી અને વર્ષો સુધી લડે અને માબાપો થાકી જાય.

બીજી તરફ અગત્યનો મુદ્દો દવા બનાવતી કંપનીઓની જવાબદારીનો છે. બનતી બધી કાળજી લીધી હોય તો પણ પરિણામ વિપરીત આવે ત્યારે મોટી નુકસાની ભરવી પડે તો કંપનીઓના શું હાલ થાય? આ અને આવા ઘણા બધા અગત્યના મુદ્દાઓ સમાયેલ છે. છેવટનું પરિણામ શું આવે છે તે જોવાનું રહે છે.

**ચન્દ્રકાન્તાબહેનના 'ચમ-કારો'**

શ્રી પૂર્ણિમાબહેન પકવાસાએ સ્ત્રીશકિત જાગરણ વિશે લખ્યું છે તેમાં ચન્દ્રકાન્તાબહેનના હાથમાં કંકુ ચોખા પડે છે, શરીરમાંથી સુગંધ છૂટે છે, ફૂલો આવે છે વગેરે લખ્યું છે. તે સંબંધે કેટલાક ભાઈઓના મારા ઉપર પત્ર આવ્યા છે. પૂર્ણિમાબહેન પોતે આવા ચમત્કારોમાં માનતાં નથી. ચન્દ્રકાન્તાબહેન પોતે આવી બાબતોને જરા પણ મહત્ત્વ આપતાં નથી. બહેન પોતે વિદ્વાન અને આધ્યાત્મિક વલણવાળાં છે. તેમાં દંભ કે કોઈ લાભ ઉઠાવવાનો ઈરાદો હોવા સંભવ નથી. કોઈ હાથચાલાકી પણ નથી. કદાચ તેઓ પોતે પણ આ વાત સમજાવી ન શકે. શરીરમાંથી સુગંધ આવે તે સ્વાભાવિક છે. પૂર્ણિમાબહેને પોતે સાંભળેલી અને કેટલીક અનુભવેલી હકીકત જ લખી છે. કોઈ વખત ચન્દ્રકાન્તાબહેનને મળવાનો મને પ્રસંગ થશે તો જરૂર આ હકીકત સમજવા પ્રયત્ન કરીશ.

—ચીમનલાલ ચકુભાઈ

## * 'બજેટ' અંગે વાર્તાલાપ *

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૮મી માર્ચના રોજ સાંજના ૬-૧૫ વાગે, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, ભારત સરકારના ચાલુ વર્ષના બજેટ પર, "કૉમર્સ રિસર્ચ બ્યૂરો"ના વડા અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. નરોત્તમભાઈ શાહનું એક જાહેર પ્રવચન રાખવામાં આવ્યું છે.**

**આ પ્રસંગે જાણીતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પેઢી મેસર્સ એ. જે. શાહ એન્ડ કું.ના ભાગીદાર શ્રી પ્રદીપ એ. શાહ પણ બજેટ અંગે પોતાના વિચારો વ્યકત કરશે. તો આ વિષયમાં રસ ધરાવતા સૌને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે.**

**બન્ને વકતાઓ ગુજરાતીમાં પ્રવચન કરશે.**

**સ્થળ :**

૩૮૫, સરદાર વી. પી. રોડ,<br>
વનિતા વિશ્રામ સામે,<br>
મુંબઈ-૪.

**ચીમનલાલ જે. શાહ**<br>
**સુબોધભાઇ એમ. શાહ**<br>
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# સ્વર્ગ અને નરક

કવિને રાત્રે સ્વપ્નું આવ્યું કે પોતાનું મૃત્યુ થયું છે. મૃત્યુ બાદ યમદૂત આવ્યો અને તેને ભગવાન પાસે લઈ ગયો. ભગવાને કવિને કહ્યું કે "હું તારા પર ખૂબ જ પ્રસન્ન છું, કારણ કે મેં જે કામ માટે તને પૃથ્વી પર મોકલ્યો હતો તેને તેં નિષ્ઠાપૂર્વક પૂરું કર્યું છે. તારી કર્તવ્યપરાયણતાની હું કદર કરું છું અને હું તને સ્વર્ગમાં મોકલું છું."

કવિએ સાહસ કરીને ભગવાનને વિનંતિ કરી કે, "પ્રભુ, જો તમે મારા પર ખરેખર પ્રસન્ન થયા હો તો, મારી વિનંતિ છે કે હમણાં આપ મને સ્વર્ગમાં ન મોકલો. મારી ઈચ્છા એવી છે કે સ્વર્ગ અને નરક બન્ને જોઈ લેવાં અને પછી મને જ્યાં ગમશે ત્યાં હું જઈશ." ઈશ્વરે કવિના આ પ્રસ્તાવને મંજૂર કર્યો.

કવિએ દૂતને કહ્યું, "પહેલાં મને નરકમાં લઈ જાઓ." નરકમાં પ્રવેશ કરતાં પહેલાં કવિએ કલ્પનાઓ કરી રાખેલી કે ત્યાં એક આગનો દરિયો હશે, ભયંકર સર્પો અને ઝેરી વીંછીઓ હશે ... વગેરે, પરંતુ ત્યાં પહોંચતાં તો તેને જુદી જ જાતનાં દર્શન થયાં. નરકમાં પ્રવેશ કરતાં જ એક સુંદર વનશ્રીવાળું મોટું મેદાન તેની નજરે પડયું, જ્યાં એક નદી વહી રહી હતી અને પક્ષીઓ કિલકિલાટ કરી રહ્યાં હતાં. આ જોઈને કવિને દ્વિધા થઈ અને તેણે મનોમન પ્રશ્ન કર્યો કે 'શું આ જ ખરેખર નર્ક હશે? દૂતની કાંઈ ભૂલ તો નહિ થઈ હોય ને?' આગળ ચાલતાં કવિએ અને દૂતે એક સાત માળની હવેલીમાં પ્રવેશ કર્યો. આ હવેલી બધી જ આધુનિક વસ્તુઓથી સજ્જ કરેલી હતી. વાતાનુકૂલ, લિફ્ટ, વાયોલિન અને અન્ય પ્રકારનાં વાદ્યો-બધી જ સગવડો તેમાં હતી. સાતમા માળ પર એક વિશાળ ભોજનખંડ જોયો, જ્યાં ટેબલો ઉપર સ્વાદિષ્ટ પકવાનો પીરસેલાં હતાં. લોકો ખુરસી પર સામસામા બેઠાં હતાં અને જમવાની રાહ જોતાં હતાં. ઘંટ વાગ્યો, પરંતુ કોઈએ ખાવાની શરૂઆત ન કરી. આથી કવિએ દૂતને પૂછ્યું, "આ લોકો જમવાની શરૂઆત કેમ નથી કરતાં?"

દૂતે હસીને જવાબ આપ્યો, "એ બિચારાઓના હાથ કોણીથી વળતા નથી, તેથી તેઓ ખાઈ શકતા નથી."

કવિએ કહ્યું, "જ્યાં પોતાની સામે પીરસેલા પકવાનોનો ઉપભોગ ન કરી શકાય તે નરક જ ગણાય, મહાન નરક." કવિએ કહ્યું, "મારે અહીં નથી રહેવું." અને પછી તે સ્વર્ગ તરફ ચાલ્યા.

સ્વર્ગમાં પણ બધી એ જ વસ્તુઓ હતી, જે તેણે નરકમાં જોઈ હતી. સુન્દર મેદાન, નદી, સાત માળની હવેલી, ભોજનખંડ, ટેબલ, પકવાન-બધું જ.

કવિએ વિચાર કર્યો, આ લોકોના હાથ કોણીથી વળી શકતા હશે, પરંતુ દૂતે કહ્યું, "એવું નથી." કવિએ પૂછ્યું કે, "તો પછી બેમાં ફરક શું છે?" દૂતે જવાબ આપ્યો કે, "જ્યારે ખાવાનો ઘંટ વાગશે ત્યારે તમને રહસ્ય સમજાશે.''

ખાવાનો ઘંટ વાગ્યો અને ખુરસી પર બેઠેલા માણસોએ ખાવાનું શરૂ કર્યું, પરંતુ મુશ્કેલી તો એ જ હતી, અહીં પણ કોઈનો હાથ કોણીથી વળી શકતો ન હતો, તો પણ તેઓ આનંદથી ખાઈ શકતા હતા. કારણકે એ એકબીજાની સામે બેઠા હતા. એટલે તે એકબીજાના મોઢામાં ખોરાક આપી શકતા હતા. એ રીતે એકબીજાના સહકારથી એ બધાએ આનંદથી ભોજન કર્યું.

દૂતે કવિને કહ્યું, "સહયોગ એ જ સ્વર્ગ છે." અને કવિનું સ્વપ્ન પૂરું થયું.

મૂળ લેખક<br>
**મુઝફ્ફરહુસેન**

અનુવાદક:<br>
**શાંતિલાલ ટી. શેઠ**

(તીર્થંકર હિંદી માસિકમાંથી સાભાર ઉધ્ધૃત)

# ☆ ગાંધી ક્યાંય નથી ભારતમાં.... ☆

એમ કહેવાય છે કે ગાંધીને આપણે ભૂલી ગયા તેમ કહેવું તે "અર્ધસત્ય છે અને ભ્રામક છે ... પ્રજાજીવનના અણુએ અણુમાં તે (ગાંધી) વ્યાપેલ છે"

સાચે જ શું ગાંધીને આપણે યાદ રાખ્યા છે? આપણે એટલે કોણે? સમગ્ર પ્રજાએ કે પ્રજાના કોઈ એક વર્ગે? કયા વર્ગે? અને યાદ રાખ્યા છે એટલે શું કર્યું છે?

હા, આજે પણ ગાંધીનું નામ લેવાય છે, તેમની મહત્તાનાં ગુણગાન ગવાય છે, તેમના વિશે લખાય છે, છપાય છે, તેમની 'વિરાટ આધ્યાત્મિક શકિત'નો સ્વીકાર થાય છે, 'જીવનની કઠોર વાસ્તવિકતાઓ સામે તેમણે સત્ય અને અહિંસા, પ્રેમ અને કરુણાથી' જે સંઘર્ષ કર્યો તે યાદ કરતાં આજેયે ચકિત થઈ જવાય છે ને માથું નમી પડે છે.

પણ ગાંધીને યાદ કરવા એટલે શું આટલું જ? ભારતના જન-જીવનનાં અનેક પાસાંઓને નવા ચેતનથી ગતિમાન કરતા એક પ્રચંડ પરિબળ તરીકે તેઓ આવ્યા એમ સ્વીકારીએ તો પૂછવાનું મન થાય છે કે જીવન પર, ભારતના આજના પ્રજાજીવન પર ગાંધીનો પ્રભાવ ક્યાંય દેખાય છે? ભારતના રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક જીવનમાં, કોઈ કરતાં કોઈ ઠેકાણે એવું કશું જોવા મળે છે જે વિશે કહી શકાય કે અહીં ગાંધીનો પ્રાણ ધબકે છે?

૩૦મી જાન્યુઆરી હમણાં જ ગઈ. તે દિવસે હંમેશ મુજબ દેશમાં અન્ય સ્થળોએ અને રાજઘાટ પર પ્રાર્થના વગેરે થયાં. તે દિવસે એક બીજો વિશિષ્ટ કાર્યક્રમ પણ યોજાયો – ગાંધીજીને લગતી કેટલીક વસ્તુઓનો સંગ્રહ એક નળી-આકાર ખોલ (કૅપસૂલ)માં ભરી એને ભાવિ પેઢીઓ માટે જમીનની અંદર ઉતારવાનો. આ અંગે ભૂદાન આંદોલનના હિન્દી મુખપત્ર 'સર્વોદય'માં અહેવાલ આવેલો તેનો સારભાગ અહીં રજૂ કરવાનું જરૂરી લાગે છે.

*

૩૦ જાન્યુઆરી ૧૯૭૩ - નવી દિલ્હી.

જ્યાં ગાંધીજીની હત્યા થઈ હતી ત્યાં ઉપરાષ્ટ્રપતિએ એક ગાંધીમંજૂષા ધરતીના ગર્ભમાં ત્રીસ ફૂટ નીચે ઉતારી એમાં ગાંધીની આત્મકથા, તેમનાં વચનોના સંકલનની માઈક્રોફિલ્મ, છેલ્લાં ને પ્રસિદ્ધ ભાષણોની માઈક્રોફિલ્મ, સંસારભરમાં તેમને અપાયેલી શ્રદ્ધાંજલિઓ, એમની અને કસ્તુરબાની કાંસાની મૂર્તિઓ અને બીજી કેટલીક વસ્તુઓ મૂકવામાં આવી હતી.

આ મંજૂષા શિક્ષણખાતું, રાષ્ટ્રીય સંગ્રહાલય, આકાશવાણી અને ભાભા અણુ શોધકેન્દ્રે સાથે મળીને, શિક્ષણપ્રધાનની દેખ-રેખ હેઠળ તૈયાર કરી છે. આ મંજૂષાના બહારના ભાગ પર લખેલું લખાણ અંગ્રેજીમાં છે, ઉપરાંત, ગાંધીજીની આત્મકથા અને તેમનાં વચનોનું સંકલન પણ અંગ્રેજીમાં છે. મંજૂષા તૈયાર કરનારાઓને એ યાદ નહિ રહ્યું હોય કે ભવિષ્યના પુરાતત્ત્વવેત્તા ક્યારેક આ મંજૂષા બહાર કાઢશે તો તેઓ માનશે કે આ દેશની ભાષા અંગ્રેજી હતી અને ગાંધીજી અંગ્રેજીમાં લખતા હતા. અંદર મૂકેલાં ભાષણો તો હિન્દીમાં હશે કારણ કે ગાંધીજી ઘણુંખરું હિન્દીમાં જ બોલતા હતા. તો પુરાતત્ત્વવેત્તાઓ માટે તો કોયડો થઈ પડશે કે ગાંધીજી લખતા હતા અંગ્રેજીમાં ને બોલતા હતા હિન્દીમાં! ભવિષ્ય માટે ગાંધીને સુરક્ષિત રાખનારાઓ કંઈ નહિ તો ખોલ પરનું લખાણ તો હિન્દીમાં કરાવી શકત, અને અંદર આત્મકથાની મૂળ ગુજરાતી નકલ મૂકી શકત! કાર્યક્રમમાં આવેલા ગાંધીજીના એક જૂના ભકતે એમ પણ પૂછ્યું કે આપણે એમને કેટલા ફૂટ નીચે ઉતાર્યા?

... ભાવિને આપણે શું ગાંધીનાં પુસ્તકો અને તેમનો અવાજ આપીશું? તેમણે જે ભારતનું સપનું જોયું અને જેને સાકાર કરવા તેમણે આખી જિંદગી સંઘર્ષ કર્યો, તે ભારત નહિ આપીએ?

... રાજઘાટ પર આમ તો શ્રદ્ધાંજલિ અર્પવા આવતા લોકોની કતાર લાગતી હોય છે. પણ ૩૦ જાન્યુ. અને ૨ ઑકટોબરના દિવસે રાજનેતાઓ આવે છે અને તે જુદી જ જગ્યા બની જાય છે. સાધારણ પ્રજાનો આવવા-જવાનો માર્ગ અને બેસવાનું સ્થાન અલગ હોય છે, વિશિષ્ટ લોકોના આવવા-જવાનો માર્ગ અને બેસવાનું સ્થાન અલગ હોય છે. ગાંધીજીની સમાધિ પર સામાન્ય અને વિશિષ્ટ જન વચ્ચેનો ભેદભાવ કેટલો હાસ્યપ્રદ છે!

રાજઘાટ પર મળસ્કાના આછા અંધારા-અજવાળામાં શહીદ દિનનો કાર્યક્રમ શરૂ થયો. અગિયાર વાગ્યે લગભગ રાષ્ટ્રપતિ તેમની છ લાખની વિદેશી કારમાં આવ્યા ને સફેદ ગુલાબોનો હાર સમાધિ પર ચઢાવ્યો. હાર પર નાયલોનની રિબન સાથે અંગ્રેજીમાં એક ચિઠ્ઠી હતી : ધ પ્રેસિડન્ટ, ભૂમિદળ, નૌકાદળ અને હવાઈ દળના પચાસ પચાસ જવાનોએ શસ્ત્રસલામી આપી. પછી બ્યુગલ પર 'લાસ્ટ પોસ્ટ'ની ધૂન વગાડવામાં આવી. બે મિનિટ મૌન પાળવાની સૂચના માટે તોપ ફોડવામાં આવી. મૌનની બે મિનિટ પૂરી થવાની સૂચના માટે પણ તોપ ફોડવામાં **આવી**.

અહિંસાના પૂજારીની સમાધિ પર આ શસ્ત્રસલામી કેટલી અસંગત છે! સંસદના પિસ્તાળીસ જેટલા સભ્યોએ એક ઠરાવ કરીને સરકારને કહેલું કે શસ્ત્રોની સલામીનો કાર્યક્રમ બીજે ક્યાંક યોજાય, અહીં ગાંધીની સમાધિ પર તે શોભા નથી આપતો. પણ સરકારે તેનો સ્વીકાર ન કર્યો. ગાંધીની સ્મૃતિને અમર રાખવા માટે આપણે ધરતીમાં મંજૂષા ઉતારી શકીએ તો એમની ભાવનાઓનું માન રાખવા આ શસ્ત્રસલામી બંધ ન કરી શકીએ?

*

'સર્વોદય'માં પ્રગટ થયેલા આ અહેવાલ વિશે કોઈ ટિપ્પણીની જરૂર નથી. ગાંધીના જન્મદિન કે ગાંધીના નિર્વાણદિનને નિમિત્તે થતા કાર્યક્રમોમાં પણ એમના સિદ્ધાંતોથી મૂળભૂત વિરોધી નીતિ-રીતિ યોજાય છે. અને આ કાંઈ આજની વાત નથી. ગાંધી મૃત્યુ પામ્યા ત્યારે પણ તેમના શબને આ જ રીતે, તોપો ને શસ્ત્રોની સલામી સાથે લઈ જવામાં આવેલું અને આ વિશે વિખ્યાત અમેરિકન લેખિકા પર્લ બકે અચરજ પ્રગટ કર્યું હતું અને પછી પોતે જ ખુલાસો આપતાં કહેલું: "પણ સરકારને આ સિવાયની બીજી કોઈ રીત સૂઝી શકે જ નહિ. સરકાર – તે ગમે ત્યાંની હોય – તેના તંત્રનું સ્વરૂપ જ એવું છે કે તે શસ્ત્રો સિવાયની બીજી કોઈ કલ્પના કરી જ શકે નહિ."

અને આ એવે વખતે બનેલું, જ્યારે જવાહરલાલ નેહરુ જેવા કવિહૃદયના સંવેદનશીલ માનવી સત્તાના સૂત્રધાર હતા, જેમણે ગાંધીને અત્યંત નિકટતાથી જાણેલા અને જેઓ શસ્ત્રરહિત સત્તાની કલ્પના કરવાને સમર્થ હતા.

આમ, ગાંધીના સ્થૂલ મૃત્યુની ક્ષણથી જ તેમને વીસરવાની પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ હતી અને આજે આ પ્રક્રિયા લગભગ પૂર્ણતાએ પહોંચવા આવી છે. 'પ્રજાજીવનના અણુઅણુમાં' વ્યાપ્તિ હોવાની વાત તો જવા દો, પણ ઉપરછલ્લી સપાટીએ જોવા જઈએ તો ય ... ગાંધી ક્યાં છે?

સત્તા માટે કાંઈ પણ કાળાંધોળાં કરવા તૈયાર રાજનેતાઓમાં?

સરકારી તંત્રમાં?

ભ્રષ્ટાચારથી દુર્ગંધાઈ ગયેલા તેના વહીવટમાં?

મોભો દર્શાવતી સંજ્ઞાઓના વિતરણમાં?

પંચવર્ષીય યોજનાઓમાં?

ગાંધીએ કહેલું કે ભારત તો સાત લાખ ગામડાંમાં વસેલું છે. તેઓ આજે જીવતા હોત તો જોત કે ભારતના હાર્દ સમાં હજારો

ગામડાંઓમાં સ્વતંત્રતાનાં ૨૫ વર્ષ પછી હજુ પીવાના પાણીની સુદ્ધાં સગવડ નથી. શહેરોમાં ઝડપી ઉદ્યોગીકરણ થઈ રહ્યું છે, શોખ-સગવડનાં સાધનો પાછળ કરોડો રૂપિયાનું મૂડીરોકાણ થાય છે અને ગામડાંઓ હજુ એ જ ગંદકી, અજ્ઞાન, અભાવથી પીડાય છે. ગાંધીએ આખા દેશને એકતાના સૂત્રે બાંધ્યો, અને આજે રાજ્યો અને રાજ્યોના નાના પ્રદેશો પોતાના લાભ માટે, અલગ થવા માટે આખા દેશને વિચ્છિન્ન કરી નાખે તે રીતે ઝઘડે છે ને લોહી રેડે છે; સામાજિક વિષમતા જેવી ને તેવી છે, હરિજનો પર આજે યે અત્યાચારો થાય છે ને તેમને સળગાવી દેવાય છે, 'હેવ્ઝ' અને 'હેવ નોટ્સ' વચ્ચેની ખાઈ વધુ ને વધુ મોટી થતી જાય છે; ગાંધીએ તમામ પ્રશ્નો પરત્વે મૌલિક સૂઝ અને ડાયનેમિક ચિંતનથી પાયાના અભિગમો રચ્યા અને એક સ્વતંત્ર દષ્ટિ વિકસાવી, આજે અંધશ્રદ્ધા, વહેમ અને પરાવલંબીતા, યોગ અને ધ્યાનનાં નવાં આધુનિક સ્વરૂપોના વેશમાં ફરી જોરદાર રીતે વિકસી રહ્યાં છે; નાનો કે મોટો દરેક પ્રશ્ન અમુક તબક્કે પહોંચતાં તીવ્ર ઉત્તેજનાઓ અને હિંસાથી ભડકે બળવા લાગે છે; બધા જ આંદોલનકારો રાષ્ટ્રીય સંપત્તિનો નાશ કરવાનું પોતાનું કર્તવ્ય માને છે...

આ બધામાં ગાંધી ક્યાં છે? ક્યાં છે તેમનો સવિનય કાનૂનભંગ, ક્યાં છે તેમનો અસત્યો સામેનો ન્યાય માટેનો અહિંસક પ્રતિકાર? ક્યાં છે ગાંધીનાં આત્મશકિત, સ્વાવલંબન અને પ્રેમ-કરુણા પર આધારિત મૂલ્યો? ક્યાં છે એ શ્રમ, જેને તેમણે ઊંચા આસને બેસાડ્યો? ક્યાં છે એ સંવેદના, બીજાનાં દુઃખને પોતાનાં કરી લેતી માનવતા, જેણે તેમને આ વિશાળ દેશના એક એક મનુષ્ય સાથે એકરૂપ બનાવ્યા હતા? માનવસેવાનાં કાર્યો નથી થતાં એમ નહિ પણ એની પ્રેરણા જેટલી સાધુસંતોની છે એટલી ગાંધીજીની નથી.

ભારતમાં આજે જે કાંઈ છે તે ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, ટેકનોલૉજિકલ વિકાસનું પ્રતિબિંબ છે. ગાંધીનો પ્રભાવ તો કોઈ ક્ષેત્રે શોધ્યો જડતો નથી. મદ્યપાન અને માંસાહાર આજે એટલાં પ્રચલિત છે કે શાકાહારી ગણાતા ગુજરાતમાં પણ, શિક્ષિત યુવાન વર્ગમાં બહુ ઓછા લોકો એનાથી વિમુખ મળશે. સ્વદેશીને બદલે પરદેશી વસ્તુઓનો મોહ, ખાસ કરીને સ્ત્રીઓમાં તો ગાંડપણની હદે પહોંચી ગયો છે. 'ફોરેન રિટર્ન્ડ' યુવાન હોય, તો લગ્નના બજારમાં તેનું મૂલ્ય કેટલું બધું વધી જાય છે!

અને લગ્નસમારંભના ભપકા, ઠાઠમાઠ, ઝાકઝમાળ અને અઢળક ખર્ચ માટે તો નવેસરથી આંદોલન શરૂ કરવું પડે એવો અતિરેક થયો છે. ગાંધીજીને ચાહનારા ને તેમના પ્રત્યે માન ધરાવનારા લોકોનો પણ શું જીવન-વ્યવહાર શુદ્ધ, પ્રામાણિક છે? તેઓ શું પૂરેપૂરો ઈન્કમટેક્સ ભરે છે? ગાંધીજી જેલમાં પણ કાયદાથી મળે તે સિવાયની બીજી કોઈ સગવડ, આપવામાં આવે તો યે સ્વીકારવા તૈયાર નહોતા. અને આજે બધા જ, સંસ્કારી ને આદર્શપ્રેમી લોકો, સામાજિક હિતનાં કાર્યો કરતા લોકો પણ પોતાને માટે, કાયદામાંથી છટકબારી શોધતા હોય છે. ૧૦૦ માણસોથી વધારેને ન જમાડી શકાય તેવો કાયદો હોય, તો ૯૯ માણસોને ચાર-પાંચ વાર અલગ અલગ જમાડે છે અને આ કાયદા પાછળનો જે મૂળ હેતુ છે તેનો સહેજે ખ્યાલ સુદ્ધાં કરતા નથી. જમણવારોમાં ધૂમ પૈસા ખર્ચાય છે, પણ એ ખર્ચ બંધ રાખીને એના પૈસા દુષ્કાળ-રાહત માટે આપવાનું દષ્ટાંત કોઈ ધનિકે પૂરું પાડયું હોય એમ જણાતું નથી. ફાળો એકઠો કરવા જતાં મને કેટલાક સોફિસ્ટિકેટેડ લોકોએ એમ પણ કહેલું કે અમે દુકાળમાં માનતા નથી.

તો શું દુકાળ એ માન્યતાનો વિષય છે? ગાંધી સામે ભારતની ગરીબીનો પ્રશ્ન આવ્યો ત્યારે તેમણે શું એમ કહેલું કે હું ગરીબીમાં માનતો નથી? તેમણે પોતાનાં વસ્ત્રોનો સુદ્ધાં ત્યાગ કર્યો, પેન્સિલનો એક ટુકડો, લોઢાની એક ટાંકણી, પાણીનું એક ટીપું સુદ્ધાં વેડફાય નહિ, તેનું ધ્યાન રાખ્યું, ઝૂંપડીએ ઝૂંપડીએ ફરીને એ માણસે લોકોનાં આંસુ લૂછવાનો પ્રયત્ન કર્યો અને આજે, દુકાળમાં લાખો લોકો ભૂખે ટળવળે છે, લાખો ઢોરો તરફડીને મરે છે, પાણીના ઘૂંટ માટે વલખે છે ત્યારે ક્યાંય કશું જ બન્યું નથી એમ માનીને પોતાની રીતે જીવ્યે જનારા, પોતાના માનવબંધુના દુઃખથી જેમનું રૂંવાડું યે ફરકતું નથી તે લોકોની વચ્ચે... ગાંધી ક્યાં છે? કોણ તેમને સંભારે છે? કોઈ પણ પરિસ્થિતિમાંથી લાભ જ શોધતા વ્યાપારીઓ? રાજકીય પક્ષો? વાતે વાતે તોફાને ચડતા બેજવાબદાર વિદ્યાર્થીઓ? વારતહેવારે હડતાલ પાડી દેશના અર્થતંત્રને નુકસાન કરતા મજૂરો ને તેમને ઉશ્કેરીને પોતાની 'ઈમેજ' ઊભી કરતા ટ્રેડ યુનિયનના નેતાઓ? પોતાના સ્વાર્થ સિવાય બીજું કશું વિચારી ન શકતા દેશના કરોડો કરોડો પ્રજાજનો? વિદેશીઓ માટે જ ઊભાં કરવામાં આવ્યાં હોય તેવાં મોંઘાદાટ ખાદી-એમ્પોરિયમો ચલાવતી સંસ્થાઓ? વિકૃત માનસના વિકૃત વ્યાપારોને રજૂ કરતા, કહેવાતા આધુનિક કલાસ્વરૂપોના સર્જકો? સાહિત્યક્ષેત્રમાંથી ગાંધીને કેં દહાડાના નિર્વાસિત કરવામાં આવ્યા છે. 'ગાંધીયુગનું સાહિત્ય' ને 'ગાંધીયુગની કવિતા' તે જાણે નાકનું ટીચકું ચડાવવા જેવી બાબત ગણાય છે. ગાંધીએ કહેલું, હું તો ઝૂંપડીમાં રહેનારો ખેડૂત છું', અને કન્યાકુમારીને સાગરતટે તેમના સ્મારક માટે લાખો રૂપિયા ખર્ચાય છે...

રસ્તાઓનાં નામ સિવાય, બજારો ને મારકેટોનાં નામ સિવાય, ફોટાઓ ને પૂતળાંઓ સિવાય, ગ્રામપંચાયતનાં પુસ્તકાલયોમાં સડી રહેલાં ગાંધી-પુસ્તકો સિવાય, કોઈ કહેશે કે ગાંધી ક્યાં છે?

એક વાર ભાષણ કરતાં રાજાજીએ આવું કાંઈક કહેલું કે "હવે હું ગાંધીને ટાંકીશ, કારણ કે પોતાને અનુકૂળ પડે તે રીતે ગાંધીને ટાંકવાની આજે ફેશન છે."

પણ હવે એ ફેશન પણ નહિ રહે. ગાંધી આઉટ આફ ફેશન થઈ જશે. ગાંધીની સાથેના થોડાઘણા સન્નિષ્ઠ લોકો છે તે ચાલ્યા જશે, એમનાં મૂલ્યો ને આદર્શો પર ચાલતી છૂટીછવાઈ કોઈ કોઈ સંસ્થાઓ છે તે એમના સૂત્રધારો જતાં તરતમાં જ આથમી જશે, અમારા જેવા લોકો — જેમણે તારુણ્યકાળમાં ભલે ચાર-છ વર્ષ પણ ગાંધીની મહાનતાનો સૂર્યોજ્જવલ પ્રકાશ જોયો હતો - તે લોકો પણ જ્યારે વિદાય લઈ જશે, તે પછી —

... હરીન્દ્ર દવેએ 'માધવ ક્યાંય નથી મધુવનમાં' ગાયેલું, તેમ કદાચ કોઈ ભવિષ્યનો કવિ ગાશે... "ગાંધી ક્યાંય નથી ભારતમાં.'

**કુન્દનિકા કાપડિયા**

# સાભાર સ્વીકાર

**દષ્ટિવિલોપન**: લેખિકા: સુશીલા ઝવેરી, પ્રકાશક: પ્રેરણા પ્રકાશન, ૧૪૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, કિંમત: ચાર રૂપિયા.

'દષ્ટિવિલોપન' શ્રીમતી સુશીલાબહેન ઝવેરીની પ્રગટ થતી પ્રથમ નવલકથા છે. 'દષ્ટિવિલોપન'માં લેખિકાએ વસ્તુગૂંથણી એવી સૂઝથી કરી છે કે, એકવાર નવલકથા વાંચવાનું શરૂ કર્યા પછી વાચક એને અડધેથી છોડવા ઈચ્છે નહિ. નવલકથાનો આમુખ શ્રી હરીન્દ્ર દવેએ લખ્યો છે. એમના જ શબ્દોમાં મૂકીએ તો આ નવલકથામાં લેખિકાએ 'પ્રેમને એક વિરૂપ સ્ત્રી, અંધ માનવી, હતાશ કળાકાર અને ઊછરતી આશા સાથેની આધુનિક યુવતીની આંખે જોવાનો પ્રયત્ન કર્યો છે.'

## શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘ સંચાલિત શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ, સભા-સંમેલનો માટે આપણે ભાડે આપીએ છીએ તો સંઘના સભ્યો અને શુભેચ્છકો અને મિત્રોને વિનંતિ કરવાની કે સભાગૃહની જરૂર પડે તો 'ફોન નં. ૩૫૦૨૯૬' પર કાર્યાલયનો સંપર્ક સાધે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ખંભાતના અખાતમાંથી કાળું સોનું

ખંભાતના અખાતની દક્ષિણે "બોમ્બે હાઈ" નામે ઓળખાતા દરિયાનું તળિયું વીંધીને કાળા સોના તરીકે ઓળખાતું ખનિજ તેલ કાઢવાનું કામ હવે શરૂ થાય છે. તેમાં આપણે સફળ થશું તો આપણે આર્થિક રીતે તરી જઈએ એવી સફળતા પણ મળે, જો નિષ્ફળ જશું તો કરોડો રૂપિયા ડૂબી પણ જાય. આપણી પહેલી નિષ્ફળતાની યાદગીરી જેવી 'રિગ' અલિયાબેટ પાસે દરિયામાં કાટ ખાય છે. તેમાં આપણા આશરે પોણો કરોડ રૂપિયા ડૂબી ગયા છે.

આ સાહસ જ એવું છે કે જેમાં જોખમ ખેડવું જ પડે. ૧૯૬૭માં અમેરિકાએ પોતાના સમુદ્રમાંથી તેલ કાઢવા માટે સાડા ચાર અબજ ડૉલરની મૂડીનું રોકાણ કર્યું હતું અને ૧૯૭૭માં વધીને ૧૬ અબજ ડૉલરનું રોકાણ કરશે. આજે દુનિયાના ઘણા દેશો સમુદ્રમાંથી તેલ કાઢે છે, પણ અમેરિકા, વેનેઝુએલા અને રશિયા જેવી સફળતા કોઈને નથી મળી. બિનસામ્યવાદી દેશો જે તેલ વાપરે છે તેમાંથી માત્ર ૧૬ ટકા કે તેથી થોડું વધારે તેલ સમુદ્રમાંથી નીકળે છે; અને દુનિયામાં ધરતીના પેટાળમાં તેલના જે જથ્થાનો અંદાજ છે તેના માત્ર ૨૫ ટકા સમુદ્રના તળિયા નીચે હોવાનું જાણવામાં આવ્યું છે. પરંતુ સમુદ્રમાં હજી ઘણી ખંડીય છાજલીઓ (કાંધીઓ) તથા છીછરા સમુદ્રોનું સર્વેક્ષણ થયું નથી. દા. ત. આપણે ત્યાં હજી ખંભાતના અખાતનું જ ઠીકઠીક સર્વેક્ષણ થયું છે અને ત્યાં દુનિયાનો એક સૌથી મોટો તેલભંડાર છે એમ સર્વેક્ષણ કરનાર ભારતીય અને રશિયન તજ્જ્ઞો કહે છે. પણ સમુદ્રમાંથી તેલ કાઢવું એ જોખમી ખર્ચાળ કામ છે. દુનિયામાં ૧૫૦ અદ્યતન તરતી રિગ (શારડી ધરાવનાર હરતાફરતા તરતા પ્લેટફોર્મ) સમુદ્રમાં નવાં તેલક્ષેત્રો શોધે છે, અને તે ૩૦૦ મીટર ઊંડે પણ શારકામ કરી શકે તેવી છે, પણ ૩૦૦ ફૂટ કરતાં વધુ ઊંડા સમુદ્રમાં તેલકૂવો ગાળવો વ્યવહારુ નથી, કારણ કે મરજીવાઓ એથી વધુ ઊંડે ડૂબકી મારીને કામ કરી શકતા નથી. ખંભાતનો અખાત ૩૩ મીટરથી વધુ ઊંડો નથી, તેમ છતાં ત્યાં ભરતી - ઓટના પ્રવાહ અને જોરદાર પવન હોય છે અને વર્ષમાં પાંચ - છ માસ સમુદ્ર તોફાની રહે છે.

દુનિયામાં સમુદ્રમાં દસ હજારથી વધુ તેલકૂવા છે! એક કરોડ ડૉલરની કિંમત સુધીની તરતી રિગ બની છે. ધરતી કરતાં સમુદ્રમાં તેલકૂવો ગાળવાનો ખર્ચ ચાર ગણો આવે છે, અને ૩૦-ગણો આવ્યાના બનાવ પણ બન્યા છે! તેમ છતાં તેલ કંપનીઓ છીછરા સમુદ્રમાં તેલકૂવા ગાળવાના પરવાના મેળવવા માટે પડાપડી કરે છે. અમેરિકાના લુઈસિયાના રાજ્યના જળવિસ્તારમાં સાડા સાત લાખ એકર જળવિસ્તારનો પટ્ટો મેળવવા માટે તેલ કંપનીઓએ ૫૧ કરોડ ૨૦ લાખ ડૉલર આપ્યા હતા! અમેરિકાના કાંઠા પાસેથી તેલ કાઢવું તેના કરતાં પૃથ્વીને બીજે છેડે કુવૈતમાંથી તેલ કાઢી લઈ આવવું સોંઘું પડે છે, તેમ છતાં તેલ કંપનીઓ સમુદ્રમાંથી કાળું સોનું મેળવવા આટલો પૈસો અને આટલો શ્રમ વાપરે છે. કારણ કે તેઓ જાણે છે કે દુનિયામાં તેલની માગ વધી રહી છે અને અમેરિકાના પોતાના તેલકૂવા ખાલી થવા લાગ્યા છે. હિમાચ્છાદિત એલાસ્કામાં અને તેના સમુદ્રમાં તેલના નવા ભંડારો મળી આવ્યા તેથી તેને રાહત મળી છે.

ખંભાતના અખાતને કાંઠે તેલક્ષેત્રો પણ છે અને ગેસક્ષેત્રો પણ છે. "બોમ્બે હાઈ"માંથી તેલ નીકળે તો સારું, કારણ કે ગેસ કરતાં તેલનો ઉપયોગ વધુ છે. તેમ છતાં ગેસ પણ આશીર્વાદરૂપ છે બ્રિટનના પૂર્વ કાંઠે ઉત્તર સમુદ્રમાં ૧૯૬૫માં ગેસ મળી આવ્યો ત્યારે બ્રિટનમાં આનંદનું મોજું ફરી વળ્યું, કારણ કે બ્રિટન કે પશ્ચિમ યુરોપની ધરતીમાં તેલ નથી. પછી તો ઉત્તર સમુદ્રના કાંઠાના બીજા દેશોએ પણ ઝંપલાવ્યું. ઉત્તર સમુદ્ર છીછરો છે, પણ ભરતી – ઓટના પ્રવાહો અને શિયાળામાં તોફાની હવામાન ત્રાસ આપે છે. ૧૯૬૫ના સપ્ટેમ્બર માસમાં બ્રિટનની 'સી જેમ' (સમુદ્રરત્ન) નામની રિગે કાંઠાથી ૪૦ માઈલ છેટે પહેલી વાર ગેસકૂવો ગાળ્યો, પરંતુ ત્રણ માસ પછી તેના આઠ પગમાંથી બે પગ બેસી ગયા અને રિગ સમુદ્રમાં ધસી પડી! આપણી પહેલી રિગ અલિયાબેટ પાસે પાણીમાં ઊભી કાટ ખાય છે. તેને બીજે લઈ જવાનો ખર્ચ નવી રિગ બનાવવા જેટલો થાય છે. આથી આપણે જાપાન પાસેથી તરતી રિગ બનાવડાવી છે, જેથી એક ઠેકાણે તેલ ન નીકળે તો તેને બીજે ઠેકાણે લઈ જઈ શકાય. જો નીવડેલો તેલકૂવો હોય તો બેઠી રિગ વધુ સગવડભરેલી ઠરે. રશિયા કાસ્પિયન સમુદ્રમાંથી વિશાળ પાયા પર તેલ કાઢે છે તે માટે તેણે છીછરા સમુદ્રમાં અસંખ્ય પાંયા નાખી તેલનગર અને તેલ કારખાનાં વિકસાવ્યાં છે, જ્યાં હજારો લોકો રહે છે, ભણે છે, કામ કરે છે, અને તેલનો નદી જેવો પ્રવાહ કાંઠે મોકલે છે!

ધરતીના તેલકૂવાની જેમ સમુદ્રના તેલકૂવા પણ આગ લાગવાના જોખમ વચ્ચે કામ કરે છે. હમણાં આસામમાં આપણા એક તેલકૂવાને આગ લાગી છે તે અઠવાડિયાથી ભડકે બળે છે. કાસ્પિયન સમુદ્રમાં રશિયાના એક તેલનગરમાં થોડા સમય પહેલાં વડવાનલ સળગ્યો હતો તે મહાભયાનક હતો. કાસ્પિયન સમુદ્ર પર વાવાઝોડાં થાય છે, પણ ત્યાં ભરતી - ઓટ નામની જ કે નહિવત્ થાય છે.

ઉત્તર સમુદ્રનું તેલક્ષેત્ર પશ્ચિમ યુરોપને આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ કરશે. ૧૯૭૫ સુધીમાં ત્યાંથી બ્રિટન રોજનો એક અબજ ઘનફૂટ ગેસ મેળવવાની આશા રાખે છે! પણ અહીં કામ કરતા લોકોએ બહુ કઠોર અને જોખમી પરિસ્થિતિમાં કામ કરવું પડે છે.

કાંઠાની નજીકના સમુદ્રના તળિયા નીચે તેલ હોય ત્યારે ક્યાંક કાંઠાની ધરતી પરથી જ ત્રાંસો કૂવો ખોદવામાં આવે છે! તેથી કૂવાની લંબાઈ વધી જાય, પણ સમુદ્રમાં રહીને શારકામ કરવાનો વધુ ખર્ચ અને વધુ મુશ્કેલી લાગે તેમાંથી બચી જવાય. આપણે પણ ખંભાતના અખાતમાં આ રીત વિચારી હતી અને ભવિષ્યમાં કદાચ ત્રાંસા કૂવા ખોદવામાં આવે, જેમનું મુખ ધરતી પર હોય પણ છેડો સમુદ્રના તળિયા નીચે હોય. અમેરિકાના કેલિફોર્નિયાના સમુદ્રમાં તેલ છે એવી શોધ થઈ ત્યારે શરૂઆતમાં આવા ત્રાંસા તેલકૂવા ખોદવામાં આવ્યા હતા. સમુદ્રમાંથી તેલ મેળવવાનો તેનો એ પહેલો પ્રયાસ હતો. હવે તો તેણે પૂર્વ કાંઠે, દક્ષિણ કાંઠે તથા પશ્ચિમ કાંઠે સમુદ્રમાં હજારો તેલકૂવા ગાળ્યા છે. દક્ષિણ અમેરિકાના વેનેઝુએલામાં મારાકાઈબો નામનું વિશાળ પણ છીછરું સરોવર સમુદ્રનો જ એક ભાગ છે અને તેમાં એટલા બધા તેલકૂવા ગાળવામાં આવ્યા છે કે તે રિગનું જંગલ લાગે છે. એવું જ જંગલ રશિયાના કાસ્પિયન સમુદ્ર પર છે.

સમુદ્રમાં તેલકૂવા ધરાવતા બીજા દેશોમાં ત્રિનિદાદ (વિસ્ટ ઈન્ડીઝ), લીબિયા, ઈજિપ્ત અને પશ્ચિમ આફ્રિકા; એશિયામાં ઈરાની અખાત, મલયેશિયા, ઈન્ડોનેશિયા અને જાપાનનો સમાવેશ થાય છે. યુરોપમાં ઉત્તર સમુદ્રના ગેસ માટે બ્રિટન, ફ્રાન્સ, બેલ્જીઅમ, નેધરલૅન્ડ, ડેનમાર્ક અને નોર્વેએ ઝંપલાવ્યું છે.

ઉત્તર ધ્રુવ પ્રદેશના છીછરા સમુદ્રોને તળિયે પુષ્કળ તેલ હોવાનું જણાયું છે. આમ તેલની માગ વધતી જાય છે તેમ નવાં નવાં તેલક્ષેત્રો પણ શોધાતાં જાય છે. ૧૯૬૯ના આંકડા પ્રમાણે અમે-

રિકાએ તે વર્ષમાં ૪૫ કરોડ ૫૭ લાખ ટન તેલ કાઢયું હતું. રશિયાએ ૩૨ કરોડ ૮૩ લાખ ટન. તે પછી રશિયાનું ઉત્પાદન વધતું જાય છે. રશિયા પછી અનુક્રમે વેનેઝુએલા, ઈરાન, લીબિયા, સાઉદી અરબસ્તાન, કુવૈત, ઈરાક, કેનેડા અને અલ્જીરિયાનું સ્થાન છે.

ભારતનો અરધો જેટલો પ્રદેશ સમુદ્રમાંથી બહાર આવેલ છે. આથી તેના ૩૨,૮૦,૪૮૩ ચોરસ કિલોમીટર પ્રદેશમાંથી ૧૦ લાખ ૩૬ હજાર ચો. કિ. મી. વિસ્તારમાં તેલ હોવાની આશા છે. તેમાં કચ્છનો પણ સમાવેશ થાય છે. તેમ છતાં હજુ આસામ અને ગુજરાત સિવાય કયાંય તેલ કાઢવાનો પ્રયાસ નથી થયો. આથી ૧૯૭૦ના આંકડા પ્રમાણે આપણા દેશમાં તેલનું વાર્ષિક ઉત્પાદન માત્ર ૬૮ લાખ ૧૦ હજાર ટન હતું. આથી ૧૧૬ લાખ ૫૦ હજાર ટન તેલ આયાત કરવું પડયું હતું. અમેરિકામાં છ લાખ કૂવા તેલ આપે છે ત્યારે આપણે ૧૯૭૧ ના ફેબ્રુઆરી સુધીમાં માત્ર ૮૭૫ કૂવા ખોદ્યા હતા, જેમાંથી ૪૮૨ કૂવા તેલ આપે છે અને ૬૭ કૂવા ગેસ આપે છે. ૮૩ની ચકાસણી ચાલતી હતી. તેલની માગ કૂદકે ને ભૂસકે વધતી જાય છે. ૧૯૪૮માં ૨૨ લાખ ૪૦ હજાર ટનની માગ હતી, ૧૯૬૮ માં ૧૫૮ લાખ ટનની અને ૧૯૭૦માં ૧૮૪ લાખ ટનથી વધુ થઈ. ઉત્પાદન કરતાં બમણી આયાત કરવા માટે બહુ ભારે હૂંડિયામણ ચૂકવવું પડે છે. આથી દેશમાં તેલના વિપુલ ભંડારો મળી આવે એ આપણા વિકાસ માટે તેમ જ સંરક્ષણ માટે પણ અત્યંત જરૂરી છે. પરંતુ ઉપરના આંકડા અને બીજા દેશો સાથેની સરખામણી બતાવે છે કે આપણે કેટલા બધા પાછળ છીએ. એટલે જ આપણે "બોમ્બે હાઈ" અને ખંભાતના અખાત ઉપર આશાભરી મીટ માંડીને બેઠા છીએ.

વિજયગુપ્ત મૌર્ય

## આપણો પોતાનો પરિચય

'તમે તમારી જાતને ઓળખો', એ સૂત્ર સોક્રેટિસથી માંડીને આજ સુધીના અનેક તત્ત્વવેત્તાઓ માણસને સમજાવી ગયા છે પણ હજુ યે માણસ ખરેખર એનાં સર્વ સ્વરૂપે અને પૂર્ણપણે પોતાને ઓળખી શકયો છે એ કહેવું મુશ્કેલ છે. ખરેખર આવો દાવો કેટલા કરી શકે તેમ છે?

માણસ જો ખરેખર પોતાને ઓળખી શકે, પોતાનો પરિચય મેળવી શકે તો અનેક ગ્રંથો, વ્યાખ્યાનો અને ઉપદેશો એને ન આપી શકે એટલું બધું જ્ઞાન એને પોતાની જાતને ઓળખવામાંથી મળી જાય એવો પૂરો સંભવ છે.

આપણે જો આપણી જાતનું બરાબર અવલોકન કરીશું, આપણી એક એક પ્રવૃત્તિનું જાગૃતપણે નિરીક્ષણ કરીશું તો આપણને લાગશે કે આપણે આપણા વિશે બાંધેલા ઘણા ખ્યાલો કાં તો ખોટા છે, કાં અતિશયોકિતભર્યા છે. બીજું આપણને એમ પણ સમજાવાનો સંભવ છે કે આપણે આપણી શકિત - અશકિતઓના કંઈક અયોગ્ય ખ્યાલ બાંધેલા છે. જ્યાં આપણે એમ માની લીધેલું હોય છે કે અમુક કામ આપણે કરી શકીશું નહિ, કે અમુક કામ આપણી શકિત ઉપરવટનું છે ત્યાં વધુ વિચાર કરતાં આપણને એમ લાગે છે કે એ કામ હાથ ધરવાની આપણામાં પૂરેપૂરી લાયકાત હતી અને એ કામને સારી રીતે આગળ ધપાવવા માટે આવશ્યક શકિત પણ આપણામાં મોજૂદ છે. એ જ રીતે કેટલીક વાર આપણે આપણી શકિતને વધુ પડતી આંકતા હોઈએ છીએ, એથી પણ મુશ્કેલીમાં મુકાઈએ છીએ.

એટલે જીવનમાં આપણે કંઈક સિદ્ધિ મેળવવા માગતા હોઈએ તો આપણે સૌપ્રથમ તો આપણી જાતને ઓળખવી જોઈએ. આપણી શકિત- અશકિતઓનો અંદાજ બાંધી લેવો જોઈએ. આ પછી આપણે આપણા જીવનને કેવો ઘાટ આપવા માગીએ છીએ, આપણું જીવનધ્યેય શું છે એનો આપણે વિચાર કરવો જોઈએ, અને એને અનુરૂપ આપણે આપણું જીવન અને આપણી જીવનવ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ જીવનધ્યેય પણ આપણે શું કરી શકીએ તેમ છીએ એને ધ્યાનમાં રાખીને જ નક્કી કરવું જોઈએ.

જીવનમાં કશુંક પ્રાપ્ત કરવા માટે આપણા વિચારો કેવા છે એનું પણ ઘણું મહત્ત્વ છે. એટલે આપણી જાતનો પરિચય મેળવવામાં આપણા વિચારો વિધાયક છે કે નકારાત્મક છે એ પણ જાણી લેવું જોઈએ. જો આપણા વિચારો નકારાત્મક હશે તો આપણે આપણા જીવનધ્યેયને પહોંચતાં પહેલાં જ અધવચ્ચે કયાંક મુશ્કેલી ઊભી થતાં અટકી જઈશું.

આપણને એમ લાગે કે આપણા વિચારો નકારાત્મક છે તો આપણે આપણા વિચારોને સભાનપૂર્વક યોગ્ય દિશામાં વાળવાનો પ્રયાસ કરવો જોઈએ. કેટલીક વાર મનને વિધાયક દિશામાં વાળવાનું મુશ્કેલ હોય છે, કેમ કે ભૂતકાળમાં નકારાત્મક રીતે વિચાર કરવાની જે ટેવ પડી હોય છે એથી ચિત્તતંત્ર ખોટી રીતે કામ કરતું થઈ જાય છે. આવી સ્થિતિમાં મનમાં નકારાત્મક વિચાર ઉદ્‌ભવે કે તરત જ એને દૂર હાંકી કાઢીને એના સ્થાને વિધાયક વિચારને મૂકી દેવાની તકેદારી રાખવી જોઈએ

કેટલીક વાર આપણે આપણા કામને, આપણી પ્રવૃત્તિને એક બાજુ મૂકીને બીજાનું કામ, બીજાનાં વલણ કેટલાં અયોગ્ય છે એની ટીકા કરવામાં સમય વ્યતીત કરીએ છીએ. આ પણ નકારાત્મક વલણની સરજત છે. આવી હાનિકારક વૃત્તિને મનમાંથી દેશવટો આપવો જોઈએ. બીજા લોકોની નિંદા કરવાથી એમને તો જે થતું હોય તે પણ આપણને એથી કંઈ લાભ થતો નથી એટલે બીજાઓનો ન્યાય તોળવા બેસવાનું વલણ પણ છોડવું જોઈએ.

આપણી લાગણીઓ, ઊર્મિઓ પર આપણે બરાબર નજર રાખવી જોઈએ. આપણે ભય કે ધિક્કારને લીધે તકહીન પૂર્વગ્રહો બાંધીને એને આધારે અમુક વલણ રાખતા થઈએ છીએ. આ પણ નકારાત્મક વલણનું જ પરિણામ છે. એને સ્થાને પ્રેમ, સમભાવ અને સમજદારીના વિધાયક ગુણો આપણે અપનાવવા જોઈએ

વિધાયક દષ્ટિકોણ અપનાવ્યા બાદ આપણે આપણા ધ્યેય પર સ્થિર નજર રાખવી જોઈએ. આમ થતાં આપણે આપણી સામે આવતા પડકારોને ઝીલી શકીશું. આપણી જાતનો ખરો પરિચય પામીને આપણે આપણા જીવનની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવી હશે તો પછી આપણે આપણા જીવનધ્યેયને પામી શકીશું અને જીવનમાં આનંદ, સંતોષ અને સફળતા મળવાનો માર્ગ મોકળો થશે

શિવમ્

## રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

ફોર્મ નં. ૪

| | | |
|---|---|---|
| ૧ | પ્રસિદ્ધિસ્થળ | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૨. | પ્રસિદ્ધિક્રમ | : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ |
| ૩. | મુદ્રકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૪ | પ્રકાશકનું નામ | : શ્રી ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઈ-૪. |
| ૫. | તંત્રીનું નામ | : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું : | : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી રોડ, મુંબઈ-૪. |
| ૬. | માલિકનું નામ અને સરનામું | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ટોપીવાળા મેન્શન, ૩૮૫, સરદાર વી પી રોડ, મુંબઈ-૪ |

હું ચીમનલાલ ચકુભાઈ શાહ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-'૭૩ ચીમનલાલ ચકુભાઈ શાહ-તંત્રી

# અપરાજિત ચિત્ત

સંસારના કલેશથી પીડાતા હૃદયની શાંતિ માટે ઈશ્વરના અનુગ્રહ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એટલું ચોક્કસ જાણજે કે સુખદુ:ખનો આધાર બહારની ઘટના ઉપર નથી હોતો - બહારની ઘટના તો અત્યંત ક્ષુદ્ર નિમિત્તમાત્ર છે. ઈશ્વર જેના અંત:કરણમાં સુખી થવાની શકિત આપે છે, તે જ જીવનમાંથી, જગતમાંથી સુખ પામી શકે છે. હું એવા ઘણા માણસોને જાણું છું જેઓ સુખનાં બધાં સાધનોથી ઘેરાયેલા હોવા છતાં જીવનમાં કદી સુખ પામ્યા નથી. દૂરથી ઉપદેશ આપવો સહેલો છે, પરંતુ હું જાણું છું કે અંત:પુરના સંકીર્ણ અધિકારની અંદર જીવન જ્યારે આખો વખત સંકુચિત થઈ જાય છે ત્યારે જગતમાંથી રસ ખેંચવો અત્યંત મુશ્કેલ થઈ પડે છે. પણ જીવન જો મળ્યું જ છે, જીવવાનું જ છે, તો પોતાની સંકીર્ણ અવસ્થાથી ઉપર અનંત આકાશમાં માથું ઊંચું કરવું જ પડશે, પ્રકાશ મેળવવો જ પડશે, મુકત હવામાં આત્માને વિસ્તૃત કરવો જ પડશે. બહારની પ્રતિકૂલતા જેટલી કઠિન હોય તેટલી જ અંતરની શકિતને, પ્રાણને હોડમાં મૂકીને જાગ્રત અને બળવાન બનાવવી જ પડશે. તારી આસપાસ જે કંઈ લેશ પણ સુખ, જે કંઈ કણમાત્ર આનંદ હોય તેને જ મનની સંમુખ રાખજે, કહેજે "आनन्दं परमानन्दम्." હારી જઈશ નહિ. દુ:ખને હંમેશાં દુ:ખ તરીકે સ્વીકાર્યા કરવાથી જ તેની જાળ છેદવી મુશ્કેલ બની જાય છે. સમસ્ત દુ:ખ દૈન્ય અભાવ કરતાં હું મોટી છું એ વાત મનને વારંવાર સમજાવજે. હું પ્રત્યેક ક્ષણે જીવું છું. એ માટે ઈશ્વરની અનંત શકિત ખર્ચાય છે, એ શકિતનો એક કણ સુદ્ધાં હ્રાસ પામે તો તત્કાળ હું વિલુપ્ત થઈ જાઉં; એ આવડી મોટી શકિત વડે રક્ષાયેલી હું આવડા મોટા પ્રેમથી વીંટળાયેલી હું–મારે વળી ખેદ કેવો? કોણે મને શું કહ્યું, કોણ મારી વાત કેવી રીતે સમજ્યું એ જ શું જગતમાં સૌથી મોટી વસ્તુ છે? મારી એક ક્ષણની દૃષ્ટિશકિત પણ એક પ્રકાંડ ઘટના છે, મારી એક વાર માત્ર શ્વાસ લેવાની શકિત પણ આશ્ચર્યજનક ઘટના છે– મારા જેવી પરમાશ્ચર્યકારક સત્તાને કોઈ પણ દુ:ખ મલિન કરી શકે એમ નથી, કોઈ પણ પીડન ક્ષુદ્ર બનાવી શકે એમ નથી. મન જ્યારે પણ અવસાદ પામવા જેવું થાય ત્યારે તેને તારી પૂરી શકિતથી ઉપર ખેંચી લેજે, કહેજે –

सुखं वा यदि वा दु:खं
प्रियं वा यदि वा प्रियम् ।
प्राप्तं प्राप्तमुपासीत
हृदयेनापराजिता–

સુખ કે દુ:ખ, પ્રિય કે અપ્રિય જે કંઈ આવી મળે તેને જ અપરાજિત ચિત્તે ઉપાસવું.

[એક પત્રમાંથી] રવીન્દ્રનાથ ઠાકુર

# જીવનની સપ્તપદી

માણસ જીવનમાં શાંતિ, સંતોષ, અને સુખ પ્રાપ્ત કરવા માગતો હોય, એનું રોજનું જીવન એ સારી રીતે, સંઘર્ષ વિના અને કશા ઉત્પાત વિના જીવવા માગતો હોય તો એણે પોતાના જીવનને એ રીતે ગોઠવવું જોઈએ. જે માણસ પોતાના દૈનિક વ્યવહારને સારી રીતે ગોઠવી શકતો નથી કે સારી રીતે 'જીવી' શકતો નથી એ માણસને જીવનમાં નિરર્થક અને નિવાર્ય મુશ્કેલીઓમાં મુકાવું પડતું હોય છે અને પછી એ નાની - મોટી અનેક વસ્તુઓને પોતાની સ્થિતિ માટે દોષ દેતો હોય છે.

ડૉ. નોર્મન વિન્સેટ પીલે સુખની એક સપ્તપદી બનાવી છે. એને અનુસરવાથી માણસ પોતાના જીવનને વ્યવસ્થિત અને સભર બનાવી શકે છે, પોતાના જીવનને અર્થપ્રદ બનાવી શકે છે. નીચે આ સપ્તપદી ઉતારવામાં આવી છે:

૧. સવારના પહોરમાં જાગ્રત થતાંની સાથે જ બે સારાં વાકયો બોલવાની ટેવ કેળવજો. કંઈક સુખકારક, આશાવાદી અને રચનાત્મક વાત કરજો. એનાથી તમારો આખો દિવસ સુધારી નાખે એવું આનંદબળ રહેવા માંડશે.

૨. પ્રાર્થના માટે સમય ન મળતો હોય તો ઊંઘમાંથી પાંચ મિનિટ પણ ઘટાડીને એ મિનિટો બને તો પારિવારિક સમૂહ-પ્રાર્થનામાં ઉપયોગમાં લેજો. આખા દિવસની પ્રવૃત્તિઓ માટે આના કરતાં મંગલ પ્રારંભ બીજો કોઈ નથી.

૩. રોજ સવારે રેડિયો ઉપરથી સારાં ભજન, સંગીત કે નાનકડા પ્રવચનનો કાર્યક્રમ શોધી કાઢીને એને સ્થાન આપવું જ. શકય બને તો આ વખતે બધાંએ સાથે મળીને બેસવું.

૪. ભોજન વખતે ભલે મનોમન પણ ઈશ્વરનો આભાર માનવો. આથી નિયમિતતા જળવાશે. આ વખતે કોઈ ચિંતા, ક્રોધ, ટીકા કે નિરાશાનો શબ્દ તો શું, આછો વિચાર પણ ન પથરાય એ ખાસ જોજો.

૫. ઘરમાં જીવનલક્ષી પ્રેરણાદાયી અને ઉત્સાહપ્રદ સાહિત્ય રાખો જ. પરિવારના સભ્યોમાં એ વિશે રુચિ અને ઉત્સાહ પ્રકટાવો.

૬. અવકાશ કાઢીને પણ મહિને, પખવાડિયે ને બને તો સપ્તાહે એક વાર પરિવારના સભ્યો સાથે બહાર જવાનું રાખો. નદીનો કિનારો, શાંત જગા કે કોઈ સારા મંદિરની મુલાકાત ગોઠવો જ.

૭. થોડાંક સારાં વાકયો, વિચારો, આદર્શો, ભાવનાઓ અને પ્રેરણાઓનું સંચયન કરીને એમને મનમાં ઉતારવાનો પ્રયત્ન કરો. એવા આત્મસાત્ થયેલા વિચારો તમારું બળ બની રહેશે. જીવનની ફૂલકાંટાની કેડી ઉપર આ સામગ્રી તમને ખૂબ જ મદદરૂપ સિદ્ધ થશે.

સંક.: અનિકેત

# દયાધર્મ છે કયાં?

અમેરિકામાં 'સર્વત્ર દુ:ખભંજની' નામે એક સંસ્થા (કેર એવ્રીવ્હેર) છે તે દાતાઓનું ધ્યાન ખેંચવા એક જાહેરખબર આપે છે. તેમાં ઉપર એક પરદેશી બાળકની છબિ છે. પછી કહે છે,

'આ એક પરદેશી નિશાળિયાનો ફોટો છે. એની નિશાળ તથા જમણમંડપ (ડાઈનિંગ હોલ) ચણવામાં 'સર્વત્ર દુ:ખભંજની'એ સહાયતા કરી છે અને હવે એ તે બાળકને જમાડવા અન્ન પણ અમેરિકાથી મોકલે છે. દાણોદૂણી અમેરિકન સરકાર આપે છે તથા એ સરકાર જ દાણોદૂણી ને બીજી ખાદ્ય વસ્તુ પરદેશ પહોંચાડે છે, અને 'સર્વત્ર દુ:ખભંજની' નાનાં–મોટાં છોકરાંને પુષ્ટિકારક અન્ન જમાડે છે.

'આપણા દેશના સીમાડા બહાર તમારી નજર પહોંચે છે? આવાં બાળકોને સહાયતા કરવાનું તમને મન થાય છે? આપણું કર્તવ્ય આપણે કરીએ તો જે નવી સૃષ્ટિનું નિર્માણ થાય તેની કલ્પના કરવા જેટલી દીર્ઘદૃષ્ટિ તમારામાં છે? જો હોય તો અમને તમારો ફાળો મોકલો. જેટલું આપી શકો તેટલું આપો.'

બીજી એક સંસ્થા પણ અમેરિકામાં જ છે, એનું નામ 'પાલક માબાપ યોજના.' તે પ્રમાણે છ લાખ લોકો 'પાલક માબાપ' બન્યાં છે, અને પરદેશમાં એક બાળકને ઉછેરી મોટું કરવા ને ભણાવવા માસિક ૧૬ ડૉલર (૧૨૦ રૂા.)નું દાન કરે છે.

ભારતમાં ગર્ભપાત કરવાની વધારે છૂટ મળી તેને લીધે હજારો ભૃણહત્યા થઈ. ઈંગ્લેન્ડમાં વળી વધારે છૂટ છે તો ત્યાં લગભગ લાખ જેટલી ભૃણહત્યા થઈ. એટલે ગર્ભપાત વિરુદ્ધ પ્રચાર કરવા 'લાઈફ' (જીવન) નામે એક સંસ્થા ઊભી થઈ છે. ગર્ભપાત કેવી રીતે કરાવે છે તેની વિગત એ લોકોને જણાવે છે. ૩૫,૦૦૦ છોકરાંને માના પેટમાંથી ચીપિયાથી કટકા કટકા કરીને કાઢયાં, ૩૩,૦૦૦ની ઝીણી કરચ કરી નાખી અને પછી વૅકયુમ કલીનરના જેવી ક્રિયાથી કરચ ચૂસી લીધી. બાર હજારને સિઝેરિયન કાપ મૂકીને કાઢયાં; તેમાંથી કેટલાંક મરતાં પહેલાં હાંફતાં ને તરફડતાં હતાં.

દેસાઈ વાલજી ગોવિન્દજી

# જૈનદર્શન—તેની મહત્તા અને ઉપયોગિતા

**[ ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી કલ્યાણમલ્લ લોઢાએ 'જૈનદર્શન - તેની મહત્તા અને ઉપયોગિતા' એ વિષય ઉપર આપેલ વ્યાખ્યાનનો મહત્ત્વનો સાર અહીં પ્રગટ કરવામાં આવ્યો છે ].**

જૈનદર્શનની સર્વોપરિતા, આવશ્યકતા આજે માનવયુગમાં છે એટલી કયારેય ન હતી. ચિંતનદષ્ટિએ ધર્મ મહત્ત્વનો હોય છે, પરંતુ આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં એક પ્રશ્ન ઉઠાવાય છે— માનવીય સંસ્કૃતિના કલ્યાણ માટે ધર્મનું ઉપયોગીપણું કેટલું ?

ધર્મ મહાન છે, દર્શન ઊંડું છે. પરંતુ ૨૦મી સદીમાં ધર્મ અને વિજ્ઞાનનો સંબંધ જોડવાની વાત છે, એ વખતે ધર્મ અને સંસ્કૃતિનું સામંજસ્ય કરીને તેનું દર્શન કરવું જોઈએ.

બહુ જ પહેલાં, આશરે બે હજાર વર્ષ પૂર્વે એથેન્સના કોટાયજનીનમાં ડાયજનીસ દિવસે લાલટેન લઈને ઘૂમતો જોવા મળે છે. ઈસુના જન્મપૂર્વેની આ વાત છે. કોઈકે એને આમ કરવાનું કારણ પૂછયું તો એણે વ્યંજનાત્મક ભાષામાં કહ્યું કે ઈમાનદાર માનવીની શોધમાં છું ! એથેન્સવાસીઓને ડાયજનીસની આ વાતનો જવાબ મળતો હતો. એ લોકો ઉત્તર આપી શકતા હતા. ૨૫૦૦ વર્ષ દરમિયાન મનુષ્ય જ આજે ખોવાઈ ગયો છે. તેની સાંસ્કૃતિક ભૂમિકા કઈ હશે ? કઈ જગ્યાએ મનુષ્યની ભાળ મળી શકે ? મનુષ્ય કસોટીઓનો સામનો કરીને પરિસ્થિતિ દરમિયાન માનવીયપણાને આગળ લઈ જાય છે.

આર્નોલ્ડ ટોયન્બી કહે છે તેમ આધુનિક સમાજશાસ્ત્રમાં પડકાર અને એકરૂપ બનવું એ યથાર્થ આદર્શ છે. સોરોકીનના જણાવ્યા પ્રમાણે આપણી સમક્ષ ચાર પ્રશ્નો હોવા જોઈએ—આપણું ચરમ લક્ષ્ય કયું ? પ્રેરણા કઈ ? કામના કઈ અને લક્ષ્યની સીમા કઈ ?

આપણી ધર્મસંસ્કૃતિ વિશે વિચારીએ એ પહેલાં બીજા ધર્મ અને સંસ્કૃતિને જોઈએ. વ્યકિત, પરિવાર અને સમાજ એ આ માટેના ત્રણ મુખ્ય વિચારો, કેન્દ્ર છે. માનવીય સંસ્કૃતિ માટે આ અત્યંત મહત્ત્વનાં છે; એ પર ધર્મ, દર્શન અને સંસ્કૃતિ આધારિત છે.

પોફેનનું એક પુસ્તક છે—" The Future Shock. " એ જણાવે છે, આપણને સાંસ્કૃતિક ધક્કો લાગે છે એથી સાંસ્કૃતિક નિષ્ઠા તૂટી ગઈ છે. આજે સાંસ્કૃતિક વિઘટન થઈ ગયું છે. મનુષ્ય અને સંસ્કૃતિ કઈ બાજુ જશે એ કહેવું મુશ્કેલ થઈ પડે છે.

બર્ટ્રાન્ડ રસેલે "Has man a future ?" પુસ્તકમાં આવી જ વાત છેડી છે. માનવીય સંસ્કૃતિના ભાવિનો એમાં ઈશારો છે. હાઈડ્રોજન તો શું કોબાલ્ટ બૉમ્બથી સમગ્ર સૃષ્ટિ નષ્ટ થઈ શકે એમ છે.

ઑકસફોર્ડ યુનિવર્સિટીની વ્યાખ્યાનમાળામાં ડૉ. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે મનુષ્ય અંતરાત્મામાં ઉગ્ર રૂપથી પીડાતો રહે છે એથી આજે આપણે સ્વસ્થ નથી. માનસિક અવરોધોથી તાણ વધ્યા કરે છે. જીવનની અંતરભૂમિકા તૂટી ગઈ છે. આવું ને આવું ચાલુ રહેશે તો આગામી ૫૦-૬૦ વર્ષોમાં તો સાંસ્કૃતિક ક્ષમતા તૂટી જશે !

આ પરિપાટીમાં આપણે વિચાર કરવો જોઈએ: જૈન સંસ્કૃતિમાં વિશેષતાઓ કયાં છે? આપણો ધર્મ સરખી રીતે સમજી શકાયો નથી. જયાં વ્યકિતપરસ્ત ધર્મ હોય તો ત્યાં શાસ્ત્રપરસ્ત ધર્મ, ચમત્કારપરસ્ત ધર્મ. આ બધું બહુ લાંબા વખત સુધી ચાલી શકતું નથી. કાળક્ષેપિતાવાળો ધર્મ લાંબું ટકી શકે છે. આ બધાંને સાથે લઈને સંસ્કૃતિ હોય તો તે લોક—વ્યવહારમાં સંચાલન અભિપ્રેત કરે છે.

આપણો ધર્મ આમાંનું એક જ નહીં, પરંતુ બધાંને સાથે રાખીને અજસ્યધારા જેવો છે. ટૂંકમાં એ લોકનિષ્ઠ છે.

ભગવાન ઋષભદેવની અસર ઠેર ઠેર પહોંચી હતી. અમેરિકા, પૂર્વ અને પશ્ચિમમાં સર્વત્ર એ ફેલાઈ હતી. આવું કેમ? આ જૈન સભ્યતા છે. યજુર્વેદમાંની સંહિતાઓમાં પણ ઋષભદેવનું નામ આવે છે

નેમિકાઓનું જોઈએ. અહિંસક સમાજના સામાજિક જીવનનું તે એક અંગ બની ગઈ છે. માનવીય સભ્યતાનો વિકાસ એકથી થયો નથી એ આપણે જાણીએ છીએ. જૈન સાહિત્યમાં સુંદરી-ભરતની વાત આવે છે. આમ સામાજિક પરિસ્થિતિ બદલાતી રહી છે. આપણું પ્રદાન કંઈ ઓછું નથી.

કોઈ લોકો અર્થસમતા જરૂરી હોવાનું કહેતા હોય, કોઈ વળી આધ્યાત્મિક સમતાની વાત કરતું હોય, વળી કોઈ સામાજિક સમતાની જરૂરિયાત પર ભાર મૂકતું હોય, પરંતુ આ બધી સમતા માનવીય સમતામાં વણાઈ ગઈ છે.

ભગવાન મહાવીરે પડકાર ઝીલી લીધો અને એમણે માનવીય સમતાનો ઉદ્‌ઘોષ કર્યો. તેમણે તર્કબદ્ધ સ્વીકાર કર્યો. આ વિશ્વબંધુત્વની ભાવના છે. આમાં વ્યવહાર, સમાજ, અધ્યાત્મ વગેરેની સમતા આવી જાય છે.

આજના સમયમાં જૈન સંસ્કૃતિ પ્રસંગાનૂકૂળ છે. તેનું ઉત્તરદાયિત્વ, તેની જવાબદારી આપણા પર અવલંબિત છે. સનાતન ધર્મનું સામંજસ્ય જૈન ધર્મમાં જોવા મળે છે તેમ વિદ્યાલંકારે કહ્યું હતું.

વિજ્ઞાનયુગમાં માનવીય સંસ્કૃતિની વાત વૈજ્ઞાનિક લાગે છે. અહીં આત્મચેતન, સમષ્ટિચેતનની વાત આવે છે. આધુનિક વિજ્ઞાનમાં Electro - magneticની વાત છે. આત્મચૈતન્યથી સમષ્ટિચૈતન્ય તરફ માનવી જતો હોય છે. એથી એ મહામાનવ બનવા તરફ પગલાં માંડી રહ્યો છે. આને વિદ્યુતક્ષમતા કહી શકાશે. આ એક વિચિત્ર સત્ય છે જ.

આપણી સાંસ્કૃતિક પરંપરા આચાર, પ્રચાર જ માત્ર નથી. વૈજ્ઞાનિક મનુષ્યને આગળ લઈ જવા માટે આ વિજ્ઞાનયુગમાં એવા કેટલાક મુદ્દાઓ, વિચારો લેવા પડશે કે જે આપણા જૈનદર્શનમાં જોવા મળે છે. ટૂંકમાં, તથ્યપ્રધાન અને તત્ત્વપ્રધાન આપણું દર્શન મનુષ્યને સંતોષ આપી શકશે.

લક્ષ્યપૂર્તિનાં સાધન સનાતન, અનંત છે. એ પ્રેરિત કરી શકે, કલ્યાણ ન કરી શકે. આ બધું એક વસ્તુ નિશ્ચિત કરાવે છે: દર્શન મેળવવા માટે મહાનતમ, ઉચ્ચતમ બનવું જોઈએ.

પ્રત્યેક યુગમાં ચિંતકો, વિચારકોમાં અંતરવિરોધ રહેતો નથી, પણ આપણે એની અવહેલના કરીએ છીએ. એનો સ્વીકાર થાય તો આપણને બહાર જોવાનું નહીં થાય, અંદરથી એનો જવાબ મળશે.

કોઈ એવો ધર્મ છે કે જેણે અહિંસા પર ભાર મૂકયો હોય ? ગીતામાં કૃષ્ણે અર્જુનને ગાંડિવ ધારણ કરવાનું કહ્યું . આપણાં ધાર્મિક ઈતિહાસમાં પણ કેટલાક પ્રસંગો છે.

એમાંથી શાશ્વત સિદ્ધાંત મળે છે. અહિંસા માટેનો પ્રમાદ છોડી દેવાશે તો અહિંસા આવશે. રાગદ્વેપને છોડી દેવાશે ત્યારે પ્રમાદને છોડી દેવાશે; અને ત્યારે તપ, પ્રેમ, કરુણા, સહિષ્ણુતા, સંયમની ભાવના પ્રગટશે. પરંતુ આજે આપણે અંદરથી અને બહારથી સંયમ ખોઈ બેઠા છીએ. પ્રત્યેક દષ્ટિથી આપણે સંયમહીન થઈ ગયા છીએ. નૈતિક મૂલ્યોની દષ્ટિએ કર્તવ્ય અને અધિકારનો સમન્વય થવો જોઈએ. આજે સૌ અધિકાર માગે છે. સાધ્યની પ્રાપ્તિને માટે સાધન છોડી દે છે. આથી પતન થયું છે. અધિકારની સાથે કર્તવ્ય વિચારવું જોઈએ. આપણું દર્શન નીતિ-મૂલ્યોની દષ્ટિએ કર્તવ્યનો બોધ આપે છે. આપણું દર્શન કેવળ આચાર કે વિચારપ્રધાન નથી, તે જીવનનાં શાશ્વત મૂલ્યો પર ભાર મૂકે છે.

સાચા અર્થમાં તો આત્મઉપલબ્ધિ, આત્મઉન્નતિ માટે આપણી પેઢી સાથે સામંજસ્ય કરી શકે એને આપણે માધ્યમ બનાવીએ. Creative involvement (સક્રિયપણે સામેલ થવું), Creative resposibility (સક્રિય જવાબદારી) અને Creative Sacrifice (સક્રિય ત્યાગ) વગર માનવીય પરંપરા આગળ વધી શકતી નથી.

**કલ્યાણમલ્લ લોઢા**

# ભારતવ્યાપી સ્ત્રીશકિત જાગરણ

(ગતાંકથી ચાલુ)

તે દિવસે બપોરની બેઠકમાં "સ્ત્રી જાગરણ" અંગે એક કલાક સમૂહચર્ચા અને દોઢ કલાક જુદાં જુદાં જૂથોમાં ચર્ચા રાખેલી. સામૂહિક ચર્ચાનો પ્રારંભ મારી અધ્યક્ષતામાં લોકયાત્રી દેવી રીઝવાણીએ કર્યો. તેમણે કહ્યું કે "યવતમાલ જિલ્લામાં અમારી યાત્રા ચાલી રહી હતી. ઈંગ્લૅન્ડની એક યુવાન કન્યા પેટ્રિશિયા અમારી સાથે થોડા સમય માટે જોડાઈ હતી. તેનું ભારતીય નામ પવિત્રા રાખેલું. તે સારી વકતા પણ હતી. બહેનોની સભાઓને તે જ્યારે સંબોધન કરતી હતી ત્યારે લગભગ હંમેશાં પૂછતી હતી કે ભારતના પ્રત્યેક ઘરમાં એક એક સંત નિવાસ કરે છે, તે સંત કોણ તે આપ જાણો છો? તે સંત તે સ્વયં ઘરની સ્ત્રી જ છે. સંત તો તે વ્યકિત બની શકે છે કે જે પોતાને માટે નહીં જીવતાં બીજાને માટે જીવે છે. ભારતીય કુટુંબોમાં માનું આ જ કર્તવ્ય છે. પરિવારની સ્ત્રી પોતા માટે નહીં પણ પરિવાર માટે જીવે છે. આપ સૌ સંત મહિલાઓ છો, પરંતુ આપ આપની શકિતથી અનભિજ્ઞ છો." આ પવિત્રા ભારતીય નારીને જોઈને બહુ જ પ્રભાવિત થતી હતી એ કહેતી કે ભારતીય નારીમાં જે ભાવનાઓનું દર્શન થાય છે તે વિશ્વના અન્ય દેશોની નારીઓમાં થતું નથી. એની વાતમાં જરૂર તથ્ય છે. તેમ છતાં ય સર્વસામાન્ય સ્ત્રી આજે લાચારીનું જીવન વીતાવે છે. જીવનનું કોઈ મૂલ્ય એમની સામે નથી. એમનું જીવન-સમસ્ત પુરુષસાપેક્ષ છે. શરીરની સજાવટ આદિ પણ તેમની માનસિક ગુલામીનાં દ્યોતક છે. તેઓની સામે અન્ય કોઈ રસ્તો ખુલ્લો નથી. નિ:સંદેહ આજે સ્ત્રીમાનસને પોતાની જીવનપદ્ધતિથી સંતોષ નથી. નવવિચાર તેમની પાસે પહોંચે તો એ દિશામાં જાગરણ શક્ય છે અને તો જ પુરુષસાપેક્ષ સ્ત્રીજીવનમાંથી જે સુંદરતમ વસ્તુ આજે પ્રગટ થતી દેખાતી નથી તેનું પ્રાગટ્ય થઈ શકે. આપણું કામ જ એ છે કે એ સર્વોત્તમ શકિતને ઢંઢોળીને જગાડવી, અને કામમાં લેવી.

ત્યાર બાદ ઓરિસાનાં બહેન અન્નપૂર્ણા મહારાણાએ કહ્યું કે ગ્રામીણ સ્તરે સ્ત્રીજાગરણનો કાર્યક્રમ ઉપાડવો જોઈએ. ગાંધી-શતાબ્દીની ઉજવણી દરમ્યાન બહેનોની ઘણી શિબિરો તેઓએ યોજી હતી, જેમાં ગ્રામીણ બહેનોએ જ વધારે ભાગ લીધેલો. આ બહેનોની સામે મુખ્ય બે વાતોની ચર્ચા થતી હતી. પ્રથમ તો આપ મંદિરમાં જઈને મૂર્તિની સેવાપૂજા કરો છો, ભોગ ધરાવો છો એ બધું બરાબર છે, પણ તે ઉપરાંત બીજું કરવાની પણ જરૂર છે. ભગવાન કેવળ મૂર્તિમાં જ સમાયા છે તેમ નથી, મનુષ્યમાં પણ છે. એટલે મનુષ્યસેવા ઉપર આપણું લક્ષ્ય કેન્દ્રિત થવાની જરૂર છે. બીજી વાત એ કે ગામડાની સામાન્ય સ્ત્રીઓને પણ "ચિત્ત-વૃત્તિનિરોધ"ની તાલીમ આપવી જરૂરી છે. આપણે રોજિંદા વ્યવહારમાં અનુભવીએ છીએ કે ક્રોધ આવે છે, લોભ જાગે છે, તેનું નિયંત્રણ કેવી રીતે કરવું? મહારાષ્ટ્રનાં લેખિકા ગીતાબહેન સાનેએ એક કિસ્સો સંભળાવ્યો. તેમની યુવાન દીકરી બહુ જ ગુસ્સાબાજ હતી. તેણે માને પૂછ્યું કે મને નાનીનાની વાતો પર બહુ જ ગુસ્સો આવે છે તેને કેવી રીતે રોકવો? ગીતાબહેને પ્રેમથી દીકરીને સમજાવી કે જ્યારે પણ તને એમ લાગે કે અમુક ઘટના યા વાત બની રહી છે અને તને ગુસ્સો આવવાનો સંભવ છે, તો તરત તે સ્થાન છોડીને ચાલ્યા જવું. દીકરીએ માની વાત માની લીધી અને સલાહ પ્રમાણે કરતી રહી. ધીરેધીરે તેનો ક્રોધી સ્વભાવ બદલાયો જ. ગુસ્સાને કેમ નિયંત્રિત કરવો એ ગૃહિણીઓ તેમ જ યુવા લોકોની રોજેરોજની સમસ્યા છે, એટલે આ બાબતમાં કોઈ સરળ સહજ માર્ગ બતાવે તો ઘણું જ લાભદાયી પરિણામ આવે. બાળકોને સારા સંસ્કાર આપવામાં પણ સરળતા થાય. સમગ્ર ગુણવિકાસની વાત સર્વસાધારણ ભૂમિકા પર વિચારવાની જરૂર છે.

તદ્‌પરાંત સમાજનું રુચિપરિવર્તન કરવા બાબત પણ વિચારવાનું છે. કૅબેરે, અશોભનીય પોસ્ટર્સ, બીભત્સ સિનેમા દૃશ્યો, કલબો આદિ પ્રતિ જે અનિવાર્ય આકર્ષણ દઢ થતું જાય છે, તેને સમતુલિત કરવા માટે મનોરંજનનાં નિર્મળ સાધનો શોધવાં પડશે. રુચિપરિવર્તન માટે લલિત કલાઓને તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરવાની બહુ જરૂર છે.

આગ્રાનાં શકુન્તલા ઓકે કહ્યું કે મારી વિદ્યાર્થિની–અવસ્થામાં જો બ્રહ્મવિદ્યામંદિર જેવી સંસ્થા હોત તો હું સીધી તેમાં ચાલી આવત. વાસ્તવિક રીતે ગૃહસ્થધર્મમાં આંતરિક સાધના થઈ શકે છે, પણ આ તો ત્યારે શક્ય બને કે બચપણથી તેવા સંસ્કારોનું સિંચન થયું હોય. મેડમ મોન્ટેસોરીએ કહ્યું છે કે બચપણમાં જે સંસ્કાર મળે છે તે જ ભવિષ્યમાં કામ આવે છે.

મારા પતિને મૂર્તિ-પ્રાર્થના-પૂજાદિમાં શ્રદ્ધા નહિ હતી એટલે ઘરમાં તે વાતાવરણ નહોતું. એક દિવસ મારી સાત વર્ષની બાળકીને સિનેમાનું એક અભદ્ર ગીત ગાતાં અને નાચતાં જોઈને મને આશ્ચર્ય થયું. સિનેમા યા સિનેમાસંગીતનું વાતાવરણ તો અમારે ત્યાં હતું જ નહિ તો આમ કેમ બન્યું? પણ તરત જ ખ્યાલ આવ્યો કે બાળકો ઉપર બહારની પણ અસર પડે છે. હવે શું કરવું? મને એક વિચાર આવ્યો કે ઘરમાં સારા સંસ્કારોનું વાતાવરણ હોય તો બહારના સંસ્કારોની અસર ઊંડી ન થાય. એટલે તરત જ પરિવારમાં સામૂહિક પ્રાર્થના, ગીતાપાઠ આદિ શરૂ કર્યાં. ઘરમાં જો નિર્મળ વાતાવરણ નિર્માણ થાય તો અગરબત્તીની સુવાસની જેમ તે ઘરમાં અને બહાર ફેલાય છે. આ સામૂહિક પ્રાર્થનાનું બહુ જ સરસ પરિણામ આવ્યું. બાળકી ઉપર સરસ અસર થતી ગઈ. બાળ-માનસપટ ઉપર જે સંસ્કારો પડે છે તેનું તેના જીવનનિર્માણમાં કેટલું મહત્ત્વ છે તેનું ભાન માતાઓને હોવું ઘટે છે. "માતૃ" શબ્દ જ કહે છે કે એમાંનો "તૃ" અક્ષર તે તારિણીશક્તિનો છે; તે શકિત પ્રગટ થવી જોઈએ. આ આશ્રમના વાતાવરણને આપણે સમાજમાં લઈ જવું પડશે. થોડુંક આક્રમક થવું પડે તો થવું, પણ તે સિવાય આજની ભોગવૃત્તિની દુર્ગંધ દૂર નહિ થાય.

પૂનાનાં શોભનાતાઈ રાનડેએ કેટલાક મુદ્દાઓ સવાલરૂપે મૂક્યા. ખાસ તો બે પેઢી વચ્ચેનો "જનરેશન ગૅપ" કેમ પૂરવો? ચારેબાજુના વિપરીત વાતાવરણમાં બાળકોને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય? તેમણે કહ્યું કે હું ત્રણ જુવાન દીકરીઓની મા છું; તેને લઈને એવા સમાજ સાથે મારો સંપર્ક રહે છે કે જ્યાં શિક્ષિત જુવાન કન્યાઓની સમસ્યાઓ રોજ નવી નવી ઉદ્‌ભવતી હોય છે.

મારી મૂળ ઈચ્છા રહે છે કે મારી દીકરીઓ મારી મિત્ર બને, પણ એ નથી બની શકતું. જ્યારે રજાઓ દરમિયાન તેઓ ઘેર આવે છે ત્યારે મને ઘણી વાર સાંભળવું પડે છે કે "યુ આર સચ આ બેકવર્ડ મધર." (તું તે કેવી પછાત મા છે). આ એક વિચારણીય મુદ્દો છે. શહેરોમાં નવી પેઢી જે પ્રવાહોમાં તણાઈ રહી છે તેના માનસનો પરિચય આપણે કેળવવો ઘટે. સ્કૂલ–કૉલેજોમાં જતાં બાળકો નિયમિત વર્ગ ભરતાં નથી તે હકીકત છે, તેઓ તે દરમિયાન ક્યાં જાય છે તેની માતાપિતાને ખબર નથી હોતી. નીચેના વર્ગના લોકોમાં માબાપ મજૂરી કરવા જાય એટલે બાળકોને તેમનો સહવાસ દુર્લભ થાય છે, ત્યાં આધ્યાત્મિક વાતાવરણ નિર્માણ કરવાની વાત જ ક્યાં રહી? એનાથી ઠીક ઊલટું, સંપન્ન પરિવારોમાં દીકરા - દીકરીઓ

(૧૨)　　12—



કૉલેજ - સ્કૂલ અને હૉસ્ટેલોમાં શું કરી રહ્યાં છે તેની માબાપને ખબર નથી પડતી; અને જો ખબર પડે છે તો પણ તે પરિસ્થિતિ ઉપર તેમનો કાબૂ નથી હોતો. ત્યાં શરાબ, સિગારેટ અન્ય પ્રકારના નશાઓ અને "ડેટિંગ"નાં દૂષણો પુરબહારમાં ચાલી રહ્યાં છે. ઊંચી ગણાતી સોસાયટીમાં તો વળી પતિ બીજી સ્ત્રી સાથે ડાન્સ ન કરે તો પત્ની તેને ગંવાર માને છે, તે જ પ્રમાણે પત્ની પણ બીજા જોડે નૃત્ય ન કરે તો પતિને મનથી તેનું મૂલ્ય ઘટી જાય છે. આ બધી વર્તમાનની સળગતી સમસ્યાઓ છે. એની સામે આંખ-મિચામણાં થઈ શકે તેમ નથી. આ બાબત જરૂર વિચારીને ઉપાયો શોધાવા જોઈએ.

ભાવનગરનાં મીરાંબહેન ભટ્ટે "ચક્રવ્યૂહ"ભેદન વિષે સરસ ચર્ચા કરી. તેમણે કહ્યું કે સ્ત્રીજાગરણ માટે સર્વ-પ્રથમ જીવનદૃષ્ટિ ખીલવવી પડશે. આજે સ્ત્રી ચારે બાજુથી પરિવાર, સંસ્કૃતિ, સંસ્કાર, રૂઢિઓ, આદિ વર્તુલોથી ઘેરાયેલી છે. આ ચક્રોનું બળ શું છે, અને તેને ભેદવાના ઉપાયો કેવા હોવા જોઈએ તે બાબત વિચારીશું.

સૌપ્રથમ સ્ત્રીને એ ભાન થઈ જવું જોઈએ કે તે પોતે કોણ છે. સ્ત્રીને પોતાની સ્વતંત્ર હસ્તીની જ ખબર નથી. તેણે તો પોતાની (સેકન્ડરી) ગૌણ ભૂમિકા સ્વીકારી લીધી છે. પિતા, પતિ યા પુત્ર અને તેના પરિવાર માટે પોતે છે, પોતાને માટે નહિ અને આ માન્યતાને લઈને તેનામાં આત્મશ્રદ્ધાનો અભાવ જણાય છે. ચૈતન્યના મહાસાગરથી છૂટી પડી ગયેલી પોતે એક સ્વતંત્ર ચેતના છે, અને પેલા મહાચૈતન્યની સાથે પોતાનું સીધું અનુસંધાન સદાય છે, તે બાબત તે અજ્ઞાન છે. તો પરમાત્માની સાથે પ્રત્યેક ક્ષણ પોતાની ચેતનાનું સીધું અનુસંધાન સ્થાપિત કરવું તે થયું પહેલા ચક્રવ્યૂહનું ભેદન.

આવી વિરાટ દૃષ્ટિ ખીલવવા માટે વિસ્મૃતિના પરદાઓ હટાવવા પડશે અને તેને માટે સ્ત્રીએ પ્રકૃતિ સાથે સંબંધ જોડવો પડશે. જો તે ક્ષિતિજ પર ઊગતા સૂર્યને ન જોઈ શકે અને સંધ્યાસમયે આથમતા સૂર્યની મજા ન માણી શકે તો એને પ્રશ્ન જ કેવી રીતે ઉદ્‌ભવે કે હું ક્યાંથી આવી? મારી ક્ષિતિજ, મારી પૃથ્વી ક્યાં છે? મારે ક્યાં જવાનું છે આદિ!

નિર્મલાબહેને બિહારની એક સ્ત્રીનો કિસ્સો કહ્યો કે તેને બિચારીને કવિતા કરવાનું મન થતું હતું. ઈચ્છા થતી કે સૂર્યોદય - સૂર્યાસ્તનાં દર્શન કરું ને પ્રેરણા મેળવું. પરંતુ ચાર દીવાલોમાં પુરાયેલી નવવધૂને એ પરવાનગી નહોતી. છેવટે ઘરના એક નાના કાણામાંથી તેણે જોવાનો પ્રયાસ કર્યો, તો સાસુએ ધમકાવી કે "કોને જુએ છે?" તદુપરાંત જેઓ પર આવાં બંધનો નથી તેમને પ્રકૃતિનાં આવાં સુંદર દશ્યો જોવા અને માણવાની નથી દૃષ્ટિ, નથી ફુરસદ. જાણે કે આવા પ્રાકૃતિક સૌન્દર્ય પ્રતિ સૌ બધિર બની ગયાં કેમ ન હોય! આવી રીતે પ્રકૃતિ અને સૃષ્ટિના સંબંધથી સ્ત્રી વંચિત છે. મીરાંને "ગિરિધર ગોપાલ" કેમ પ્રતિક્ષણ યાદ આવતા હતા? મેવાડની ગિરિકંદરાઓમાં ખોવાઈ જતી મીરાંને તે "ગિરિધર" સ્વરૂપ જ યાદ આવે. એટલા માટે સૌથી પહેલું ચક્રભેદન તે ઈશ્વર સાથે સીધું અનુસંધાન અને તેના માટે જ સૃષ્ટિ સાથેનો સંબંધ.

બીજી ભ્રાંતિ આપણા સ્ત્રીશરીર બાબત ભેદવાની છે. આ દેહ ન તો કોઈના ભોગનું સાધન છે, અથવા ન તો આકર્ષણનું; અને તે કોઈની સંપત્તિ પણ નથી. પૂ. બાબાએ કહ્યું છે કે "દેહ એક ટ્રસ્ટ છે", અને તેનું પ્રયોજન છે આત્મસાક્ષાત્કાર. "પરમેશ્વરનો સાક્ષાત્કાર શું ચીજ છે તે આપણે નાચીજ શું જાણી શકવાનાં" એવી લઘુતાગ્રંથિ તત્ક્ષણ દૂર કરવી ઘટે. પરમાત્માએ આપણને આ જીવન આપ્યું છે તેને સમગ્રતાપૂર્વક જીવવાનું છે, અને આ પ્રયત્નો જ આપણને પરમતત્ત્વ સુધી પહોંચાડશે.

પ્રત્યેક ક્ષણને સમગ્રતાપૂર્વક જીવવા માટે આપણે જો દિલ-દિમાગને ખુલ્લાં નહિ રાખીએ તો, કેવળ શ્વાસ લેતા રહીશું, પણ આપણા જીવનની તે ક્ષણો જે જીવનચૈતન્યનું ઉપાદાન લઈને આવી હતી તેને આપણે ખોઈ બેસીશું. આપણે દેહ નથી, પણ દેહથી પર કંઈક છીએ તેનું ભાન કરવા માટે સત્સંગ અને સ્વાધ્યાય બેઉ મદદમાં આવશે. સ્ત્રી પરંપરાગત સત્સંગ તો કરે જ છે, પરંતુ તેમાં ચૈતન્યનો સ્પર્શ ક્યાં છે? સત્સંગમાં માણસની સમસ્ત હસ્તી હલાવી મૂકવાની તાકાત છે.

દેહથી પર હોવાનું ભાન થતાં જ આત્મશકિતનું ભાન જાગે છે અને તે ભાન સ્ત્રીને સ્વયં પોતાને ભરોસે જીવવાનું શીખવાડે છે. તે ભલે પુરુષના સાથમાં જીવશે, પરંતુ જીવશે પોતાને ભરોસે જ. અને પછી એ સહજીવન બે સમર્થોનું સહજીવન હશે અને તેમાંથી જે નિષ્પન્ન થશે તે નિ:સંદેહ બેઉને માટે ઉદ્ધારક સાબિત થશે.

ત્રીજી વસ્તુ એ કે સ્ત્રીના જીવનમાં માતૃત્વ અલ્પવિરામ રહેવું જોઈએ. માતૃત્વ એક વૃત્તિ છે, દિવ્ય વૃત્તિ છે, કારણ કે તેમાંથી આત્મવિસ્તાર થાય છે. એકમાંથી બે, ત્રણ, ચાર, પાંચ સુધીનો વિસ્તાર. પરંતુ આપણે અહીં જ થોભવાનું નથી, આપણે તો બ્રહ્મ-સાક્ષાત્કાર સુધી પહોંચવાનું છે, બ્રહ્માંડ સુધી આપણો વિસ્તાર કરવાનો છે. માતૃત્વ સ્ત્રીજીવનનું પ્રયાગ જરૂર છે, પરંતુ ગૌરી-શિખર ન બની શકે.

ચોથા ચક્રભેદનમાં આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવાની વાત છે. તેનો અર્થ એવો નથી કે મા થયા પછી પણ નોકરી કરવા બહાર જવું, મા અને ગૃહિણી - પત્નીના રૂપમાં પરિવારની જે સેવા તે આપે છે તેનું મૂલ્ય ગણાવું જોઈએ. આ સંદર્ભમાં આર્થિક સ્વાતંત્ર્ય પણ જીવનનું અનિવાર્ય અંગ છે.

સ્ત્રી માનવ છે, માનવને નાતે તે સમાજનું અભિન્ન અંગ છે, સમાજની જવાબદાર નાગરિક છે તેનો તેને ખ્યાલ હોવો જોઈએ. આજ સ્ત્રીમાં સામાજિક દૃષ્ટિ અને ભાવનાનો અભાવ છે. તેના ત્રાજવામાં માત્ર પરિવારનું એક જ પલ્લું છે. તેની સામાજિક દૃષ્ટિ વિકસશે ત્યારે જ તેની વિશિષ્ટ સ્ત્રીશકિતનો સમાજને લાભ મળી શકશે. સ્ત્રી પરિવારથી બહાર નીકળે તો માત્ર પુરુષનું અંધ અનુકરણ કરવા માટે નહિ પણ પોતાના સ્ત્રીત્વને સમાજ સાથે જોડવા માટે. પ્રત્યેક સ્ત્રીએ સમાજ માટે ઓછામાં ઓછા એકબે કલાક આપવા જોઈએ.

આખર સ્ત્રીજાગરણનો અર્થ શું છે? પોતાની અંતર્ગત જે ઉદાત્ત અંતસ્તત્ત્વ છે તેને પ્રગટ કરવું તે. માનવને નાતે સ્ત્રી-પુરુષનો કોઈ ભેદ નથી, પરંતુ પ્રકૃતિએ સ્ત્રીને સૃજનકાર્ય સોંપ્યું છે તો તેનામાં તેને અનુરૂપ સહજ સ્નેહ - સમર્પણ, સંગોપન, સંવર્ધન આદિ ગુણવિકાસની સંભાવના વધારે આપી છે. સૃજનની પ્રસૂતિ-વેદના જેણે સહન કરી છે તે વિનાશની સંયોજના કદી સહન ન કરી શકે. હા, સર્વનાશની દિશામાં લઈ જનારાં આસુરી તત્ત્વોનો સંહાર કરવા માટે માતૃશકિતને વાઘની સવારી કરીને હિંસાશકિતની લગામ પોતાના હાથમાં લેવી પડશે. ઉપરથી જોતાં માનું આ રુદ્ર સ્વરૂપ લાગશે, પરંતુ છેવટે તે શિવશકિતમાં પરિણમશે. પછી તો માનવમાં પડેલાં શુભ તત્ત્વોનું પ્રગટીકરણ કરવા માટે માનું ભદ્ર-સ્વરૂપ હશે જ. આવશ્યકતા પ્રમાણે રુદ્ર અને ભદ્ર બન્ને ભૂમિકાઓ સ્ત્રીએ ભજવવાની છે.

સંક્ષિપ્તમાં આપણું સ્ત્રીજાગરણ સમસ્ત વિશ્વને માટે શુભ તત્ત્વોનું જાગરણ સિદ્ધ થાય તે શુભ કામના વ્યકત કરું છું.

સમાપ્ત　　**પૂર્ણિમા પકવાસા**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ—૪ ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ—૧

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૨૨

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૭૩, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ માનવીની વિચિત્રતા ☆

માણસના વર્તનના હેતુઓ અકળ હોય છે. પોતે કહે કાંઈ અને મનમાં હોય કાંઈ. કેટલીક વખત પોતે પણ પૂરી રીતે જાણતો ન હોય અથવા જાણવા માગતો ન હોય અને પોતાથી પણ ઢાંકી રાખે. અનેક હેતુઓનું સંમિશ્રણ એવું હોય કે એક હેતુ જ છે એમ કહેવું મુશ્કેલ બને. અનેક હેતુઓમાં પણ મુખ્ય હેતુ કદાચ ખૂબ ઊંડે મનમાં સૂક્ષ્મપણે પડયો હોય અને પ્રેરક બળ એ હેતુ હોય તો પણ તેને જણાવા ન દે, પોતે સ્વીકારે પણ નહિ.

વિયેટનામના યુદ્ધવિરામ કરાર કર્યા છે તેમાં જણાવ્યું છે કે અમેરિકા પોતાની પરંપરાગત નીતિ અનુસાર, યુદ્ધના ઘા રુઝાવવા અને યુદ્ધોત્તર પુનર્નિર્માણ કરવા, ઉત્તર વિયેટનામને સહાય કરશે. પ્રેસિડન્ટ નિક્સને કોંગ્રેસ સમક્ષ આવી સહાય માટે દરખાસ્ત રજૂ કરી છે અને કેટલાક અબજ ડોલરની સહાય કરવાની દરખાસ્ત છે. અમેરિકામાં હવે વિવાદ ચાલે છે કે ગઈ કાલ સુધી જે દુશ્મન હતા અને હજી પણ જેનો વિશ્વાસ નથી એવી પ્રજા અને રાજ્યને અમેરિકાએ મદદ કરવી કે નહિ અને કરવી હોય તો શા માટે? દસ વર્ષ સુધી જેનો વિનાશ કરવામાં બાકી નથી રાખી અને છેવટ ભયંકર બોમ્બમારો કરી મહાવિનાશ સર્જ્યો તે દેશને હવે બેઠા થવા સહાય કરવાનો હેતુ શો? કરારમાં કહ્યું છે કે પોતાની પરંપરાગત નીતિ અનુસાર અમેરિકા સહાય કરશે. આ પરંપરાગત નીતિ શું છે? પહેલાં વિનાશ કરવો અને પછી પંપાળવા? નિ:સ્વાર્થ સેવા? નૈતિક જવાબદારી? અંતરની ઉદારતા? નરી માનવતા? દસ વર્ષમાં ૧૩૫ અબજને ખર્ચે યુદ્ધ કર્યું, પોતાના લગભગ ૫૦ હજાર યુવાનો મરી ગયા, ૩૦ લાખ ઘાયલ થયા, સમાજમાં અનેક અનિષ્ટોએ ઘર કર્યું, ઉત્તર - દક્ષિણ વિયેટનામમાં દસ લાખ માણસોને મારી નાખ્યા, બન્ને દેશને ખેદાનમેદાન કર્યા, અને હવે 'ઉદાર' થઈ મદદ કરશે?

સામાન્ય રીતે, આપણે કોઈનું બૂરું કર્યું હોય તો પ્રાયશ્ચિત્તરૂપે તેનો બદલો વાળવા પ્રયત્ન કરીએ. આવી કોઈ નૈતિક જવાબદારી સ્વીકારવા અમેરિકન પ્રજા અથવા નિક્સન તૈયાર નથી. તેમાં ગુનાનો એકરાર છે, જ્યારે નિક્સને માનભેર શાંતિ ( Peace with honour ) કરી છે એવો તેનો દાવો છે. એક લઘુમતી એવી છે કે જે માને છે કે અમેરિકાએ વિયેટનામને ભારે અન્યાય કર્યો છે અને પાપનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. પણ જાહેર રીતે આવી દલીલ નિક્સન અથવા અમેરિકન પ્રજા સ્વીકારે તેમ નથી. અમેરિકામાં પણ અમુક વર્ગમાં ગરીબાઈ ઓછી નથી, ખાસ કરી કરોડો હબસીઓની. આ વર્ષના બજેટમાં સામાજિક સેવા (Social Service)ના ઘણા કાર્યક્રમો ઉપર નિક્સને મોટો કાપ મૂકયો છે. પ્રજાના આ વર્ગ તરફથી ભારપૂર્વક કહેવામાં આવે છે કે ઘરઆંગણેની ગરીબાઈ પ્રત્યે નફરત સેવવી અને વિદેશી પ્રજાને સહાય કરવા નીકળવું તે કયાંનો ન્યાય?

જેણે આક્રમણ કર્યું હોય પણ છેવટ હારી જાય એવા રાજ્યે વિજેતાને કરેલ નુકસાનનો બદલો આપવો (રૅપેરેશન્સ) એવો એક નિયમ છે. પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની ઉપર મિત્રરાજ્યોએ ભારે નુકસાની લાદી. પરિણામે તેમાંથી છૂટવા હિટલર જાગ્યો અને બીજું વિશ્વયુદ્ધ થયું. ઉત્તર વિયેટનામ કદાચ પોતાની જાતને વિજેતા માને છે પણ અમેરિકાએ કોઈ નુકસાનીનો બદલો આપવાનો છે એવું કદી નિક્સન કે અમેરિકન પ્રજા સ્વીકારે નહિ.

બીજા વિશ્વયુદ્ધ પછી, અમેરિકાએ જાપાન અને જર્મનીને માર્શલ પ્લાન પ્રમાણે અઢળક સહાય કરી, પણ તેનાં કેટલાંક સબળ કારણો હતાં. એમ કહી શકાય કે અમેરિકાને હિટલર, મુસોલિની કે ટોજો સાથે દુશ્મનાવટ હતી, જર્મન, જાપાનીઝ કે ઈટલીની પ્રજા સાથે નહિ. બલ્કે આ પ્રજાઓની મૈત્રી મેળવવા અને હિટલર વગેરે તેમને અવળા માર્ગે દોરી ગયા હતા તે બતાવવા, સહાય કરવી જરૂરી હતી, તેમાં માનવતા હતી. વળી, જાપાનનો પૂરો કબજો અમેરિકાએ લીધો હતો અને જર્મનીનો મિત્રરાજ્યોએ. તેથી જાપાનીઝ અને જર્મન પ્રજાને નિભાવવાની અને ફરી પગભર કરવાની જવાબદારી હતી. અલબત્ત, પરિણામે આજે જાપાન અને જર્મની અમેરિકાનાં મોટાં હરીફ થયાં છે અને યેન કે માર્ક પાસે ડૉલરે હવે નમતું જોખવું પડે છે તે જુદી વાત છે. પણ ઉત્તર વિયેટનામ વિશે આવી દલીલ થઈ શકે તેમ નથી. એ જ પ્રજા છે અને એ જ રાજ્યકર્તાઓ છે. કદાચ પ્રજાને તેમના રાજ્યકર્તાઓમાં વિશ્વાસ વધ્યો છે. ત્યાં કોઈ હારી ગયેલ હિટલર કે મુસોલિની નથી. અમેરિકાએ ઉત્તર વિયેટનામનો કબજો લીધો નથી એટલું જ નહિ પણ અમેરિકન લશ્કરને ત્યાંથી હટવું પડે છે.

અમેરિકાને હજુ ઉત્તર વિયેટનામનો વિશ્વાસ નથી કે દક્ષિણનો કબજો ઉત્તર નહિ લે, બલ્કે ઉત્તરના સામ્યવાદીઓ દક્ષિણનો કબજો કરશે એવો સકારણ ભય છે અને તેથી દક્ષિણ વિયેટનામમાં યુદ્ધવિરામ થયો, પણ શાન્તિ નથી. અમેરિકાએ પણ જરૂર પડે તો ફરી દરમિયાનગીરી કરી શકાય તે માટે થાઈલૅન્ડમાં મોટાં જંગી થાણાઓ રાખ્યાં છે. તેમ જ દક્ષિણમાં પ્રેસિડન્ટ થીયુને ટકાવી રાખવા લશ્કરી અને આર્થિક સહાય મોટા પ્રમાણમાં આપી રહેલ છે. જાપાન અને જર્મનીને સામ્યવાદથી બચાવવા મદદ કરી એમ કહેવાયું હતું.

ચીન અથવા રશિયાથી ઉત્તર વિયેટનામને બચાવવા મદદ કરતું હોય એમ પણ અમેરિકા કહી શકે તેમ નથી. કારણ કે ચીન અને

રશિયા સાથેના સંબંધો અમેરિકાએ સુધાર્યા છે અને ચીન હવે દુશ્મન નથી પણ મિત્ર થતું જાય છે.

તો પછી નિક્સન ઉત્તર વિયેટનામને શા માટે સહાય કરે છે? નિક્સને કહ્યું છે કે શાન્તિ માટે. It is an investment in peace. આ શબ્દોનો અર્થ શો કરવો? નિક્સન એમ માને છે કે ઉત્તર વિયેટનામને સહાય કરે તો કદાચ કાંઈક મૈત્રીભાવ થાય અને દક્ષિણને ઉત્તરના સામ્યવાદથી બચાવી શકે? ઉત્તર વિયેટનામ આવી સહાય લઈને અમેરિકા પ્રત્યે કાંઈ નરમ વલણ રાખે? લાઓસ અને કેમ્બોડિયામાં પણ સામ્યવાદી બળ સારા પ્રમાણમાં છે. ઉત્તર વિયેટનામને સહાય કરી આખા ઈન્ડોચાઈનાને સામ્યવાદથી બચાવી શકશે અથવા ચીન અને રશિયાનું વર્ચસ્વ અટકાવી શકશે એવી કાંઈ માન્યતા હશે?

અથવા, ઉત્તર વિયેટનામને સહાય કરવામાં, પોતાના વેપાર-ઉદ્યોગ વધારવા અથવા ટકાવવા, એવો કોઈ સ્વાર્થ હશે? વેપારીને કોઈ મિત્ર કે દુશ્મન નથી. જ્યાંથી લાભ મળે તેને મિત્ર ગણે. લશ્કરી સરંજામના ઉત્પાદકો બન્ને પક્ષને સહાય કરે છે એ જાણીતી હકીકત છે. જાપાન, જર્મની, પશ્ચિમ યુરોપ, બધેથી આર્થિક હરીફાઈ તીવ્ર બની છે ત્યારે પછાત દેશો અને તેમાં પણ ભાંગી પડેલ દેશ સાથે વ્યાપારી સંબંધો અમેરિકન મૂડીવાદીઓને લાભદાયક થાય એવી ગણતરી હોય તો આશ્ચર્ય પામવા જેવું નથી.

અને અમેરિકા પાસેથી આવી સહાય લેવામાં ઉત્તર વિયેટનામના શા હેતુઓ હશે? અમેરિકા પ્રત્યે ઉત્તર વિયેટનામની પ્રજાને કોઈ સદ્ભાવ હોય અથવા નજીકના ભવિષ્યમાં થાય તે અશક્ય છે. અમેરિકાએ મદદ કરી હોય તેવા દેશો તરફથી તેણે કોઈ ઉપકારની લાગણી અનુભવી હોય તેવું બન્યું નથી, બલ્કે આવી લાગણીનો અભાવ અમેરિકાની ફરિયાદ છે.

નૈતિક જવાબદારીનો અથવા આક્રમણથી ઈરાદાપૂર્વક કરેલ વિનાશનો વિચાર કરીએ તો પાકિસ્તાને બંગલા દેશને કેટલો બદલો આપવો પડે? થોડા મહિનાના ગાળામાં ૩૦ લાખ માણસોનો સંહાર કર્યો, બે લાખ સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યો, કરોડોની મિલકતની બરબાદી કરી. પણ ભૂત્તો આવી કોઈ નૈતિક જવાબદારી કે બદલાનો વિચાર પણ કરતો નથી એટલું જ નહિ પણ જાણે બંગલા દેશે પાકિસ્તાનનો ગુનો કર્યો હોય એવું વલણ રાખે છે અને અમેરિકા અને ચીન ભૂત્તોને તેમાં ટેકો આપે છે.

માણસ ખરેખર વિચિત્ર પ્રાણી છે. તેના મનના અગાધ ઊંડાણમાં શું પડયું છે તે કોઈ જાણી શકતું નથી, પોતે પણ જાણતો નહિ હોય. આપણા વ્યકિતગત જીવનનો વિચાર કરીએ ત્યારે પણ આવા પરસ્પરવિરોધી વર્તનનો અનુભવ થશે.

ચીમનલાલ ચકુભાઈ

૧૧-૩-૭૩

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### મારુતિ લિમિટેડ

નાની મોટર અથવા જનતા ગાડી વિષે વર્ષો સુધી વિવાદ ચાલ્યો. છેવટ વડા પ્રધાનના પુત્ર સંજય ગાંધીને તે માટે લાઈસન્સ અપાયું. બહુ ઓછી મૂડીથી તેમણે મારુતિ લિમિટેડ કંપની શરૂ કરી. અત્યારે તેનું ભંડોળ કરોડો રૂપિયાનું થયું છે. હરિયાણા રાજ્યમાં લગભગ ૪૦૦ એકર જમીન પ્રાપ્ત કરી છે. નાની ગાડીનો નમૂનો પણ તૈયાર થઈ ગયો છે. વિરોધ પક્ષો તરફથી આક્ષેપો થતા રહે છે કે કેન્દ્ર સરકાર અને હરિયાણા રાજ્ય સરકાર તરફથી સંજય ગાંધીને ઘણા (ગેર) લાભો આપવામાં આવ્યા છે. આ આક્ષેપોમાં વજૂદ હોય કે નહિ, પણ આ બાબત એક પાયાનો મુદ્દો ઊભો કરે છે. સત્તાસ્થાને બેઠેલ વ્યકિતઓએ પોતાની સત્તાનો કોઈ લાભ પોતાના માટે ઉઠાવવો નહિ એ જાહેર જીવનની સ્વચ્છતા માટે અનિવાર્ય છે. દરેક પ્રધાને દર વર્ષે પોતાની મિલકત જાહેર કરવી એવી માગણી થાય છે. ઈંગ્લાંડમાં હવે એવી માગણી થાય છે કે પાર્લામેન્ટના દરેક સભ્યે પોતાનાં આર્થિક હિતોની જાહેરાત કરવી. રાજકીય વ્યકિતઓએ સીધી રીતે આર્થિક લાભ ન ઉઠાવવો એ સિદ્ધાંત સૌ સ્વીકારશે. પણ આડકતરી રીતે, સગાંવહાલાં અથવા મિત્રો દ્વારા પણ આવો લાભ ન ઉઠાવવો એ મહત્ત્વનો મુદ્દો છે. કંપની ધારામાં જોગવાઈ છે કે કંપનીના કોઈ ડાયરેકટરે પોતે લાભ ન લેવો એટલું જ નહિ પણ પોતાનાં સગાં અથવા ભાગીદારો મારફત પણ લાભ ન લેવો અને સગાની વ્યાખ્યા વ્યાપક કરી છે. રાજકીય નેતાઓને આ ધોરણ સવિશેષ લાગુ પડે છે અથવા પાડવું જોઈએ. સંજય ગાંધીએ કરોડો રૂપિયાનું ભંડોળ ભેગું કર્યું. ઈન્દિરા ગાંધીના પુત્ર ન હોત તો એ શકય હતું? આ ભંડોળમાં રોકાણ કરવાવાળા—શેરમાં અથવા લોનમાં—કેટલીય વ્યકિતઓ એવી હશે કે જેને સરકાર પાસેથી કાંઈ ને કાંઈ કામ કઢાવવાનું હોય છે. એવો લાભ મળે છે પણ ખરો એ જાણીતી હકીકત છે. ઈન્દિરા ગાંધી પોતે ન જાણતાં હોય તો પણ તેમને નામે અથવા સંજય ગાંધી તેમના પુત્ર છે તે કારણે અમલદારો અને પ્રધાનો અથવા રાજ્ય સરકારો સંજય ગાંધીને અનુકૂળ રહે એ સ્વાભાવિક છે. રાજકીય આગેવાનોની પ્રામાણિકતા વિષે શંકાને પણ સ્થાન રહેવું ન જોઈએ એ જરૂરનું છે. પંજાબના મુખ્ય પ્રધાન પ્રતાપસિંહ કૈરોન સમર્થ વ્યકિત હતા, પણ તેમનાં પત્ની અને પુત્રોએ તેમની લાગવગનો પુષ્કળ લાભ ઉઠાવેલો તે જાણીતી હકીકત છે. શ્રી મોરારજીભાઈના પુત્ર વિષે પણ આવા જ આક્ષેપો છે. લાલબહાદુર શાસ્ત્રીએ આ બાબતમાં પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડયું છે. પોતે તો છેવટ સુધી ગરીબ રહ્યા પણ તેમના પુત્રો પણ કયાંય લાભ ન ઉઠાવે તેની પૂરી કાળજી રાખી. ગુજરાતમાં હું જાણું છું, શ્રી ખંડુભાઈ દેસાઈએ આ પરંપરા નિષ્ઠાપૂર્વક પાળી છે. સરદારના પુત્ર ડાહ્યાભાઈએ સરદારના નામનો કાંઈક લાભ લીધો છે એવું કહેવામાં આવ્યું ત્યારે સરદાર ખૂબ નારાજ થયા હતા.

એવી દલીલ થાય છે કે આગેવાન કોઈ આર્થિક લાભ ન ઉઠાવે તે બરાબર પણ તેમના પુત્રો કે નિકટના સંબંધીઓ પોતાની શકિત કે ગુણવત્તાથી આગળ આવે તેમાં શું ખોટું છે? એમનો શું ગુનો કે તે કોઈ આગેવાનના સગા છે? દલીલની ખાતર દલીલ બરાબર છે. પણ પોતાની શકિતથી આગળ આવ્યા કે લાગવગથી તે કોણ કહી શકે? જાહેર જીવનની શુચિતા માટે આગેવાનના નિકટના સંબંધીઓએ આટલો ત્યાગ કે ભોગ કરવો રહ્યો.

નેહરુ કુટુમ્બે કોઈ દિવસ પૈસાની પરવા કરી નથી. આ કુટુમ્બનો ત્યાગ અતિ ઉજ્જવલ છે. સંજય ગાંધીએ આ પરંપરા જાળવી હોત તો વધારે સારું થાત.

બીજા દેશોમાં રાજકીય નેતાઓ અને તેમનાં સંબંધીઓ અને મિત્રો અથવા તેમને એક અથવા બીજી રીતે મદદ કરી હોય તેવી વ્યકિતઓ પુષ્કળ આવા લાભો ઉઠાવે છે તે હકીકત છે. સામ્યવાદી દેશો કેટલેક દરજજે આમાં અપવાદરૂપ છે. કહેવાતા લોકશાહી દેશોમાં આવો ભ્રષ્ટાચાર વ્યાપક છે. પણ આપણે ત્યાં ગાંધીજીએ જે આદર્શ આપણી સમક્ષ મૂકયો છે અને ભારતીય સંસ્કૃતિની જે ત્યાગની પરંપરા છે તેમાં આવું વર્તન ખટકે છે. આવા વર્તનને કારણે પ્રજાને એમ લાગે છે કે ગાંધીને આપણે ભૂલી ગયા છીએ. હકીકતમાં આવો અનાચાર આપણે સહન નથી કરતાં તે જ બતાવે છે કે ગાંધીને ભૂલી ગયા નથી, ભૂલી શકીએ તેમ નથી. બીજા દેશોમાં આ બધું

સહજ લેખાય છે. આપણે ત્યાં તેમ નથી અને આશા રાખીએ પ્રજા આવું સહન નહિ કરે.

**મુંબઈની મ્યુનિસિપલ ચૂંટણી**

મુંબઈ મ્યુનિસિપલ ચૂંટણીનાં જાહેર થયેલ પરિણામો વિચાર કરતા કરી મૂકે તેવાં છે. લોકસભા અને ધારાસભામાં જંગી બહુમતી મેળવ્યા પછી શાસક કોંગ્રેસ મ્યુનિસિપાલિટીમાં પણ જંગી નહિ તો બહુમતી તો મેળવશે એવી આશા હતી. શાસક કોંગ્રેસે તૈયારી પણ એવી જ કરી હતી. બધી બેઠકો માટે ઉમેદવારો ઊભા રાખનાર આ એક જ પક્ષ હતો. વળી દરેક બેઠક ઉપર ૪/૫ ઉમેદવારો ઊભા હતા એટલે મતો વહેંચાઈ જશે અને તેનો લાભ પણ શાસક કોંગ્રેસને મળશે એવી માન્યતા હતી. પરિણામ જુદું જ આવ્યું છે. ૧૪૦માંથી માત્ર ૭૫ બેઠક મેળવી શકયા. શિવસેનાને ૩૯ બેઠક મળી તે પણ આશ્ચર્યજનક છે. લોકસભા અને ધારાસભાની ચૂંટણીમાં શિવસેનાનો પરાજય થયો પણ ફરી સજીવન થઈ. સંસ્થા કોંગ્રેસ સાફ થઈ ગઈ છે. ૯૯માંથી માત્ર ચાર બેઠક મળી. જનસંઘનું બળ વધ્યું છે. વર્તમાનમાં છ બેઠક છે, તેને બદલે ૧૫ મેળવી. પણ વધારે ચિન્તાજનક મુસ્લિમ લીગનું પરિણામ છે. વર્તમાનમાં બે જ બેઠક છે, તેને સ્થાને ૧૬ મેળવી એટલું જ નહિ પણ માત્ર ૨૪ ઉમેદવાર ઊભા રાખ્યા હતા તેમાંથી ૧૬ સફળ થયા. વન્દે માતરમ્‌નો વિરોધ અને મુસ્લિમ કાયદામાં કાંઈ ફેરફાર ન કરવા એવા પ્રત્યાઘાતી મુદ્દાઓ ઉપર મુસ્લિમ લીગ ચૂંટણી લડી અને ફત્તેહમંદ થઈ.

૧૯૪૭ પછી મુસ્લિમ લીગ ઘસાતી ગઈ હતી. ફરીથી એક રાજકીય પક્ષ તરીકે સ્થાન પ્રાપ્ત કરે છે. મુસ્લિમ લીગના આગેવાન મિ. બનાતવાલાએ કહ્યું કે મુસ્લિમોની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા તરીકે મુસ્લિમ લીગ પુરવાર થઈ છે. ૧૯૪૭ પૂર્વેના વાતાવરણનું કોઈક પુનરાવર્તન થતું હોય તેમ લાગે. કોંગ્રેસે મુસ્લિમ લીગને પંપાળી છે. ઈન્દિરા ગાંધીએ જનસંઘ ઉપર જેટલા પ્રહારો કર્યા છે તેનો અંશ પણ મુસ્લિમ લીગ વિષે કહ્યું નથી. બન્ને કોમી સંસ્થાઓ છે અને વિઘાતક છે. કોઈને ઉત્તેજન આપવા જેવું નથી. મુસ્લિમ લીગનું બળ વધશે તો પ્રત્યાઘાતરૂપે જનસંઘનું પણ વધશે. બન્ને હાનિકારક છે. સુધરાઈમાં રાજકારણને અવકાશ નથી અથવા ન હોવો જોઈએ એવું કહેવાવાળા જ રાજકારણને અગ્રસ્થાને મૂકે છે. મુંબઈ શહેરના પ્રશ્નો અતિ વિકટ થતા જાય છે ત્યારે વિવિધ રાજકારણી પક્ષોની હુંસાતુંસી પ્રજાને માટે ખતરનાક છે. પરિણામે મ્યુનિસિપલ તંત્ર કથળતું જાય છે.

**હિંસાની પરાકાષ્ઠા**

મ્યુનિકમાં ઓલિમ્પિક સમયે પેલેસ્ટાઈનના ગેરીલાઓએ ૧૧ યહૂદી ખેલાડીઓનાં ખૂન કર્યાં ત્યારે એમ થતું હતું કે હવે અવધિ થઈ. વિમાનોનું અપહરણ કરવું, ટપાલમાં બોમ્બ મોકલવા વગેરે હિંસાના નવા પ્રકારો જાણે પૂરતા ન હોય તેમ વિદેશમાં ખૂનોની પરંપરા શરૂ થઈ. પણ આથી ભયંકર બનાવો બનવાના હતા તેની કોઈ કલ્પના કરી શકે તેમ ન હતું. લીબિયાથી કેરો જતું ઉતારુ વિમાન, તેના ફ્રેન્ચ કપ્તાનની કાંઈક ભૂલથી, સિનાઈના રણવિસ્તાર ઉપર થોડું અંદર આવી ગયું. આ વિસ્તાર તો ઈજિપ્તનો છે પણ હાલ ઈઝરાયલને કબજે છે. ઈઝરાયલ પણ ભયભીત દશામાં જીવે છે. પેલેસ્ટાઈન ગેરીલાઓનું આ વિમાન ઈઝરાયલ ઉપર હુમલો કરવા આવે છે એમ માની લીધું. કપ્તાનને ચેતવણી આપી કે તુરત ઉતરાણ કરવું. કપ્તાને માની લીધું કે ઝટ બહાર નીકળી જઈ કેરો તરફ વળી જવું. તુરત ઈઝરાયલનાં વિમાનોએ પીછો પકડયો અને જોતજોતામાં હુમલો કરી, ઉતારુ વિમાનને તોડી પાડયું. ૧૧૧માંથી ૧૦૫ ઉતારુઓ મરણશરણ થયા. આવા ભયંકર કૃત્યનો ઈઝરાયલ પણ બચાવ કરી શકે તેમ નથી. ઉતારુ વિમાન સિનાઈની હદ છોડી ચાલી જતું હતું તેને તોડી પાડવું અક્ષમ્ય અપરાધ છે. પેલેસ્ટાઈન ગેરીલાઓએ સુદાનમાં વેર વાળ્યું. સાઉદી અરેબિયાના એલચીને ત્યાં એક વિદાય સમારંભ હતો તેને ઘેરી લઈ બે અમેરિકન એલચીઓ અને એક બેલ્જિયમના એલચીને ઠાર કર્યા અને પછી શરણે ગયા.

વિયેટનામમાંથી કાંઈક છૂટયા પછી નિક્સન આરબ-ઈઝરાયલ આગને ઠારવા કાંઈક પ્રયત્ન કરશે એમ લાગતું હતું. ઈજિપ્તના પ્રમુખ સાદતનું વલણ કાંઈક નરમ થયું હતું અને તેમના પ્રતિનિધિ ઈસ્માઈલ નિક્સનને મળવા જતા હતા. ૨૫ વર્ષથી સળગતી આ આગને કાબૂમાં લાવવાની કાંઈક આશા બંધાતી હતી તેમાં આવા સર્વથા અર્થહીન કૃત્યો ઘી હોમવાનું કામ કરે છે. બન્ને પક્ષકારો પણ જાણે નિરુપાય હોય તેમ કોઈ અકળ બળથી ધકેલાતા જાય છે. માનવીહૃદય પાષાણ બની જતું હોય તેમ લાગે. કોઈ સંવેદન રહ્યું નથી. પ્રજામતની કોઈ અસર રહી નથી. ઘોર અંધકારમય નિરાશામાંથી જાણે કોઈ માર્ગ કે પ્રકાશનું કિરણ ન હોય તેમ મરણિયા થયેલ યુવાનો અકલ્પ્ય હિંસાનું શરણ લઈ રહ્યા છે. વિજ્ઞાને એવાં સાધનો પૂરાં પાડયાં છે કે હિંસાને કોઈ મર્યાદા રહી નથી. આવાં કૃત્યો પ્રત્યેની ઘૃણા કે વેદના વ્યકત કરવા શબ્દો પણ રહ્યા નથી. ઉત્તર આયર્લેન્ડમાં એક જ ધર્મના અનુયાયીઓ વર્ષોથી ખૂનની આગ વરસાવી રહ્યા છે. શેને માટે? માણસને સદ્‌બુદ્ધિ નહિ જ સૂઝે?

**બંગલા દેશ અને પાકિસ્તાન**

બંગલા દેશ સ્વતંત્ર થયો ત્યારે શેખ મુજીબુર રહેમાન સમક્ષ અતિ વિકટ પ્રશ્નો પડયા હતા. છતાં એક વર્ષના ગાળામાં દેશ માટે નવું બંધારણ તૈયાર કરી, સામાન્ય ચૂંટણી કરવી એ અસાધારણ સિદ્ધિ છે. ચૂંટણીમાં શેખસાહેબના પક્ષને અભૂતપૂર્વ બહુમતી મળી તેથી આશ્ચર્ય નહિ થાય. વિરોધ પક્ષ કોઈ નથી રહ્યો તે અત્યારના સંજોગોમાં ચિન્તાનું કારણ નથી. શેખ મુજીબમાં પ્રજાએ મૂકેલ વિશ્વાસ તેમને બળ આપશે અને પાકિસ્તાન સાથેના સંબંધો થાળે પાડવામાં મદદ કરશે. આપણે ત્યાં ૯૦ હજાર યુદ્ધકેદીઓ છે તેનો તુરતમાં નિકાલ આવવો જોઈએ. ભૂતો બંગલા દેશને સ્વીકૃતિ આપે પછી જ આ પ્રશ્ન વિશે ચર્ચા થાય તે મમત હવે છોડી દેવો જોઈએ. અલબત્ત, બંગલા દેશની સંમતિ વિના આ પ્રશ્નનો નિકાલ આપણે કરી શકીએ તેમ નથી. પણ શેખ મુજીબ, ભૂતોની સરખામણીમાં ઘણું સબળ સ્થાન ધરાવે છે. તેમણે હિંમતપૂર્વક પહેલ કરવી જોઈએ. ભૂતોએ કહ્યું છે કે શેખ મુજીબ તેમને મળે તો તુરત બંગલા દેશને સ્વીકૃતિ આપવા તૈયાર છે. ચૂંટણી નહોતી થઈ ત્યાં સુધી આવી પહેલ કરવી શેખ મુજીબ માટે જોખમ હતું. પણ હવે જરૂર કરી શકે અને કરવું જોઈએ. તે સાથે લાખો બંગાળી પાકિસ્તાનમાં છે અને લાખો બિહારી બંગલા દેશમાં છે તે પ્રશ્નો પણ હલ થવા જોઈએ. લાખો કુટુમ્બની માનવતાનો સવાલ છે ત્યાં પ્રતિષ્ઠાનું ભૂત વળગવું ન જોઈએ. ભૂતોની આંતરિક સ્થિતિ જોતાં તેને માટે હિંમતથી પગલાં ભરવાં મુશ્કેલ છે. સિમલા કરારનો અમલ અટકી પડયો છે. વાતાવરણ વધારે તંગ બને તે પહેલાં, બંગલા દેશ અને આપણે મળીને, ભૂતોને સિમલા કરારના અમલમાં સહાય કરવી જોઈએ. શેખ મુજીબને પણ આપણે કહેવું જોઈએ કે ખરેખર ગુનેગાર હોય તેવા હજાર-બે હજાર યુદ્ધકેદીઓ સામે તેમણે અદાલતી તપાસ કરવી હોય તે માટે ૯૦ હજાર કેદીઓને રોકી રાખવા અને તેનો બોજો આપણે સહન કરવો અને "બ્લેક ડિસેમ્બર"ના નામે પાકિસ્તાનના યુવાનોને ઉશ્કેરણીનું કારણ આપવું

કોઈ રીતે વાજબી નથી. ભારત, બંગલા દેશ અને પાકિસ્તાનમાં શાન્તિ થાય તે અત્યંત આવશ્યક છે અને તેમાં વિલંબ કરવો ભયાવહ છે.

**ફરી પાછું ઓરિસા**

ઓરિસામાં નન્દિની સત્પથી સરકારને રાજીનામું આપવું પડયું તેથી આશ્ચર્ય નહિ થાય. નંદિની સત્પથી જે રીતે સત્તા પર આવ્યાં અને શાસક કોંગ્રેસ લઘુમતીમાં હતી તેની બહુમતી કરી તેમાં પાટલીબદલુ પરંપરાનો શાસક કોંગ્રેસે આશ્રય લીધો. તેની કિંમત પૂરી ચૂકવી ન શકયા એટલે બિજુ પટનાયક જેવા ખેલાડી જંપીને બેસવા ન દે તે જાણવું જોઈતું હતું. લાખો રૂપિયાનું ખર્ચ કરી, નન્દિની સત્પથીએ પેટાચૂંટણીમાં હમણાં જ સફળતા મેળવી. પ્રધાનમંડળનો વિસ્તાર કર્યો અને બીજી ઘણી યુકિતઓ અજમાવી, પણ સત્તાલાલસુઓને સંતોષી ન શકયા. હરેકૃષ્ણ મહેતાબ, રાજ સિંગદેવ, બિજુ પટનાયક - જૂના જોગીઓ છે. પરસ્પરને વેર હોવા છતાં, સાથે મળી, શાસક કોંગ્રેસે રેતીના મહેલ જેવી બહુમતી કરી હતી તેને તોડી પાડી. ધારાસભામાં નન્દિની સરકારની હાર થાય તે પહેલાં રાજીનામું આપી ધારાસભા વિસર્જન કરવાની ગવર્નરને ભલામણ કરી. અલબત્ત, આ સંજોગોમાં રાષ્ટ્રપતિ શાસન સિવાય બીજો કોઈ માર્ગ ન હતો. વિરોધ પક્ષ સ્થિર સરકાર રચી શકે એવી કોઈ શકયતા ન હતી. આ બધા રંગપલટામાં, શાસક કોંગ્રેસનું વર્તન, કોઈ રીતે તેને ગૌરવ આપે તેવું નથી. તેમ જ, શાસક કોંગ્રેસે કોઈ પ્રશંસનીય પરંપરા અપનાવી હોય તેમ પણ નહિ કહેવાય. સત્તાલોલુપતાએ બધા પક્ષોને ઘેરી લીધા છે અને કોઈએ કાવાદાવામાં બાકી મૂકી નથી. પ્રજાનું દુર્ભાગ્ય છે કે ફરીથી પણ કદાચ આ જ વ્યકિતઓમાંથી પસંદગી કરવાની રહેશે.

**શ્રી વસંતલાલ કાન્તિલાલ**

શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલના પુત્ર ભાઈ વસંતલાલનું નાની વયે (૪૬) અવસાન થયું તે દુ:ખદ છે. ભાઈ વસંતલાલ એક ખૂબ સંસ્કારી વ્યકિત હતા. લેખક તરીકે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. તેમનાં બધાં લખાણોમાં નૈતિક અને ધાર્મિક છાપ હતી. ભાષામાં પ્રસાદ હતો. શ્રી કાન્તિલાલભાઈના ધાર્મિક સંસ્કારોનો વારસો ભાઈ વસંતલાલે સારી પેઠે જાળવ્યો હતો અને વધાર્યો હતો. મને તેમનાં લખાણોમાં સૌથી વધારે નોંધપાત્ર હકીકત લાગતી હતી તે એ કે જીવનના માંગલ્યમાં તેમને પૂરી શ્રાદ્ધા હતી. કયાંય નિરાશા ન હતી. જીવન જીવવા જેવું છે ( Life is worth living ) એ એમનું ધ્યેય હતું. આ ખોટો આશાવાદ ન હતો પણ ઈશ્વર ઉપરની શ્રાદ્ધાનું પરિણામ હતું. જ્યારે મને મળતા ત્યારે તેમને હું પ્રસન્ન જોતો. તેમના ચિત્તની પ્રસન્નતાનું પ્રતિબિમ્બ તેમના મુખ ઉપર હતું. તેમનાં કુટુમ્બીજનો અને ખાસ કરી શ્રી શકુન્તલાબહેન પ્રત્યે આપણા સૌની સહાનુભૂતિ છે અને તેમના દુ:ખમાં આપણે ભાગીદાર છીએ.

ચીમનલાલ ચકુભાઈ

## સાભાર સ્વીકાર

**ચિત્રકલા સોપાન:** લેખક: રવિશંકર મ. રાવળ, પ્રાપ્તિસ્થાન: કલા કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર, જિ. ખેડા, કિંમત: સાત રૂપિયા.

શ્રી રવિશંકર રાવળના આ પુસ્તકમાં એમણે ચિત્રકલા વિશે લખેલા લેખો અને જુદે જુદે પ્રસંગે આપેલા વાર્તાલાપોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં શ્રી રવિભાઈના કલા અને કલાકાર વિશેના વિચારોનો ખ્યાલ મળે છે. પુસ્તકને અંતે પરિશિષ્ટમાં કેટલોક ક્રિયાભ્યાસ પણ ઉમેરવામાં આવ્યો છે. પુસ્તકના 'અગ્રવચન'માં એમણે લખ્યું છે તે મુજબ 'ચિત્રકળાનું આ પ્રાથમિક સાહિત્ય ચિત્રશિક્ષકોને પણ ચિત્રકળાનો અભ્યાસ વધારવા પ્રેરે અને તેમને ગૌરવ અને શિષ્ટતા અર્પે એવું ઇચ્છું છું.'

## ☆ ટ્રસ્ટીશિપ ☆

**[ શ્રી લક્ષ્મીદાસભાઈ ઘણાં વર્ષોથી આદિવાસીઓ અને હરિજનોની સેવા કરે છે. પૂ. ઠક્કરબાપાના જમણા હાથ હતા. કેટલોક સમય કેન્દ્ર સરકારના શેડયુલ્ડ ટ્રાઈબ કમિશનર હતા. તેમનું લખાણ જિંદગીના અનુભવનું તારણ છે. —તંત્રી ]**

જેમ 'સેવા' શબ્દનો અંગ્રેજી પર્યાય 'Service' અપૂરતો છે, તેમ ટ્રસ્ટી અંગ્રેજી શબ્દનો ગુજરાતી પર્યાય જડતો નથી; પરંતુ પૂ. ગાંધીજીએ વર્ગવિગ્રહને ટાળવા અને ધનિકો અને ગરીબો વચ્ચેની દીવાલો તોડવા યા બન્ને વચ્ચેનું અન્તર ઓછું કરવા ધનિકોને પોતાની મિલકતના ટ્રસ્ટી બની જીવન ગુજારવા સૂચવ્યું; જેથી સામ્યવાદની અવેજીમાં સર્વોદયની વિચારધારા નિર્માણ થાય ('સૌનું કરો કલ્યાણ') અને અહિંસાની પ્રતિષ્ઠા જામી જાય.

આજે દેશમાં કેટલાકને સામ્યવાદ આવી રહ્યો છે તેના ભણકારા વાગે છે; રશિયા જેવો દેશ સામ્યવાદનો પ્રયોગ અનેક ભોગો આપી અજમાવી રહ્યો છે અને ચીન જેવા વિશાળ અને કુંભકરણની ઊંઘ લેતા દેશમાં અજબ જાગૃતિ આવી છે, અને સામ્યવાદ અને સમાજવાદના ઉપાયો અજમાવવાની વૃત્તિ ઉત્તેજિત થાય છે; ઉદ્યોગીકરણ સાથે રોજ-બ-રોજ વધતી જતી મજૂરોની હડતાળ અને અસંતોષની ચળવળ જોર પકડતાં જાય છે. કારણ કે સત્તાને નમાવવાની સફળ ચાવી મળી રહે છે. રાષ્ટ્રીયકરણથી આ ચળવળો વધુ સંગઠિત થવાનો સંભવ છે. હિંસા ઓછી થવાનો સંભવ દેખાતો નથી.

પૂ. ગાંધીજીએ સેવેલું સર્વોદયનું સ્વપ્ન, ટ્રસ્ટીશિપની વિચારધારા પ્રબળ ન થાય અને અમલમાં ન મુકાય તો સમાજવાદ, સામ્યવાદ સિવાય બીજો તરણોપાય નજરે ચઢતો નથી. ટ્રસ્ટીશિપનો ખ્યાલ માત્ર મિલકતોનું ટ્રસ્ટ રજિસ્ટર કરવાથી અમલમાં આવતો નથી, પણ ટ્રસ્ટી બની જીવનકેડી બદલવાની હોય છે. ધનિક વ્યકિતએ પોતાની જરૂરિયાતો ઓછી કરી ધન અને અધિકાર અને છેવટે કીર્તિની લોલુપતા છોડીને સંતોષી જીવન ગાળવાનો વિકટ માર્ગ લેવાનો હોય છે. 'येन केन प्रकारेण' ધન કમાઈ દાન કર્યા કરવાથી ટ્રસ્ટી થવાતું નથી. પોતાની આવકની મર્યાદા બાંધી તેમાંનો અમુક ભાગ લોકોપયોગી કામોમાં ખર્ચ કરી બાકીની બચતમાંથી જીવનનિર્વાહ કરવાની કળા સંપાદન કરી શકીએ તો સાચા અર્થમાં શ્લોક રટી શકીએ કે 'तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्यचिद् धनम्.'

આજે આવા સંતોષી જીવનમાર્ગે જનાર બહુ જ ઓછા ધનિકો છે. સમય આજે પોતાનું પોત પ્રકાશી એ માર્ગ ચીંધે છે કે આવક અને ખર્ચની મર્યાદા નહિ આંકો તો ગરીબોના શાપ ઊતરવાના છે અને મિલકત અને જીવનની સલામતી જોખમાશે. પૂ. વિનોબાજીએ સાચું સૂત્ર ઉચ્ચાર્યું છે કે (૧) કરુણા પછી (૨) કાનૂન, અને તે બન્ને નિષ્ફળ જાય તો પછી (૩) કતલ આવવાની છે. ગરીબાઈમાં રિબાતા સમાજને ઈર્ષા અને અસંતોષના વંટોળમાંથી ઉગારી લેવા સર્વોદયની દિશામાં પ્રયાણ કરવું જરૂરી છે. દેશનો મોટો સમુદાય ગરીબાઈમાં સબડે છે ત્યાં આ સૂતેલો જ્વાળામુખી કયારે સામ્યવાદનું સ્વરૂપ પકડશે એ કહેવાય એમ નથી.

ધનિકોએ રજિસ્ટર કરાવેલા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ટ્રસ્ટની અનેક સગવડો પોતાના અંગત સ્વાર્થ સાધવામાં વાપરે છે અને પોતાની લાગવગ વધાર્યે જાય છે, ત્યારે સંતોષી જીવનની વાત અસ્થાને લાગશે. દેશના હાડમાં એક પ્રકારની ધાર્મિક ભાવના અને ઈશ્વર પ્રત્યેની અડગ શ્રાદ્ધા આજે તો મોજૂદ છે, પણ નિરીશ્વરી શિક્ષણના પ્રચાર સાથે આ ભાવના કજળી જવાની છે અને તેના પરિણામે સમાજવાદનાં સૂત્રો લોકોને મોઢે ચઢવા લાગશે અને ખાસ કરીને વિદ્યાર્થીજગતમાં હડતાળો, તોફાનો અને હિંસાના પ્રયોગો શરૂ થવાના. શેઠ અરવિંદ મફતલાલ જેવા કરોડપતિ નીકળી આવીને ગરીબોની વહારે ધાય અને સંત રવિશંકર મહારાજ જેવા સમાજને સાચો માર્ગ બતાવે છે તે એક કાળા વાદળામાં રૂપેરી લકીર છે. ઉપર દર્શાવેલી વિચારધારાનો અમલ કરતા કરતા આ વિચારો રજૂ કરવાની હિંમત કરી છે.

લક્ષ્મીદાસ શ્રીકાન્ત

# શ્રી ચિત્રભાનુના લગ્ન અંગે—

[શ્રી ચિત્રભાનુ વિષેનો શ્રી ઈશ્વર પેટલીકરનો 'સંદેશ'માં પ્રગટ થયેલો લેખ વિચારણીય હોવાથી તેનો મહત્ત્વનો અંશ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે. —તંત્રી]

ચિત્રભાનુએ પ્રેમ અને લગ્નનો જાહેરમાં સ્વીકાર કરીને નિર્દંભ બનવાનો માર્ગ લીધાનું જણાવ્યું છે અને બાહ્ય સાધુ કરતાં આન્તર સાધુ શા માટે ન બનવું તેમ પ્રશ્ન કર્યો છે. પરંતુ એમનો પત્ર વાંચતાં તે પૂરા નિર્દંભ બન્યા હોય તેમ પ્રતીતિ થતી નથી. એમને આઘાત પહોંચ્યો માટે એ સાધુપણામાંથી મુક્ત થઈ સંસારી બન્યા તે દલીલ ગળે ઊતરે તેવી નથી. વર્ષો ઉપર મુનિશ્રી સંતબાલજીએ જૈન સાધુઓના અમુક આચાર સામે બળવો કર્યો હતો અને તેના પ્રત્યાઘાત જૈન સમાજ ઉપર એવા પડયા કે તેમને માટે ઉપાશ્રયોનાં દ્વાર બંધ થયાં. એ પોતે પોતાને જૈન સાધુ માનવા છતાં જૈન સમાજ તેમને સાધુ તરીકે સ્વીકારવા તૈયાર ન હતો અને તે કારણે ઉપાશ્રયમાં તેમને સ્થાન આપવા તૈયાર ન હતો.

આજે પણ એમની એ સ્થિતિમાં ખાસ ફેર પડયો છે તેમ ન કહેવાય, છતાં એમણે તેના પ્રત્યાઘાતમાં સાધુપણું છોડવાનું પગલું ભર્યું નથી. એ પોતાની રીતે સાધુ તરીકે લોકહિતનું કાર્ય કરી રહ્યા છે. જૈન સમાજમાં જે પ્રગતિશીલ તત્ત્વો છે તે એમનો સાધુ તરીકે આદર કરે છે અને એમની માનવધર્મની વ્યાપક ધર્મભાવનાને લીધે જૈનેતર સમાજ તરફથી એમનાં કાર્યોને સાથ-સહકાર મળે છે અને એક સાધુ તરીકે એમનો આદર કરે છે. એમનો વેશ જૈન મુનિનો છે એટલે જૈનેતર સમાજ એમનો આદર કરવાથી દૂર રહ્યો નથી.

મૂળ સવાલ એ છે કે ચિત્રભાનુને આઘાત લાગ્યો હોત તો પણ એ પ્રેમમાં ન હોત અને તેમનું મન સંસાર તરફ ઢળેલું ન હોત તો લગ્ન કરવાનો સવાલ ઊભો થયો ન હોત. એ સંસારી બન્યા વિના સંતબાલજીની માફક ક્રાંતિકારી સાધુ તરીકે કાર્ય કરતા રહ્યા હોત. મુનિ જિનવિજયજીનો દાખલો પણ જાણીતો છે. બાળપણમાં તેમણે દીક્ષા લીધી હતી. તે પછી એમને જૈન સાધુના આચારો જમાના સાથે સુસંગત ન લાગ્યા. વાહનનો ઉપયોગ સાધુઓ ન કરી શકે તે પરંપરા સામે તેમણે બળવો કર્યો. રેલવેમાં મુસાફરી કરી તે અમદાવાદ ગાંધી આશ્રમમાં આવ્યા. જૈન સાધુ તરીકે તે બહિષ્કૃત થાય તે સ્વાભાવિક છે. તેમણે એની પરવા ન કરી અને ક્રાંતિકારી સાધુ તરીકે તે ચાલુ રહ્યા. સંતબાલજી જૈન સાધુનો પહેરવેશ રાખે છે જ્યારે એમણે તે પણ રાખ્યો નથી. છતાં એમણે જૈન સમાજની માન્યતાની કે ઉપેક્ષાની પરવા કરી નથી અને પોતાની રીતે સાધુ તરીકેનું જીવન વીતાવ્યું છે. ચિત્રભાનુ પણ એ રીતે જૈન સમાજની પરવા કર્યા વિના ક્રાંતિકારી સાધુ રહી શકયા હોત. જિનવિજયજી ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપનકાર્ય કરતા હતા તેમ ચિત્રભાનુ ન્યુયોર્ક સ્ટેટ યુનિ.માં મુનિપણું ચાલુ રાખી અધ્યાપનકાર્ય કરીને જૈન ધર્મનો સંદેશ આપી શકત અને તેમને અત્યંત આનંદ મેળવવામાં મુશ્કેલી નડત નહિ.

પરંતુ એ વરસોથી પ્રેમમાં હતા અને સંસારી થવાની ઝંખના રાખતા હતા તેની આડે એમનું સાધુપણું આવતું હતું. જો એ લગ્ન કરે તો જે સમાજમાં એમણે ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી તે ડૂલ થઈ જાય. એ ભયે તે નિર્દંભ પગલું ભરી શકતા ન હતા અને દંભી જીવન ગાળતા હતા. પ્રતિષ્ઠાની એમને જે બીક હતી તેને પ્લેનનો પ્રવાસ કરી જીનિવા જવાથી ધોકો પહોંચ્યો એટલે જેને કારણે આજ સુધી તે સંસારી બનવાનું પગલું ભરી શકતા ન હતા તે ભરવા તરફ ખેંચાયા, છતાં એમનામાંથી ભય પૂરો નિર્મૂળ થતો નથી. આથી દેશમાં એ પગલું ભરે અને વિરોધ થાય તે સહી લેવાની તૈયારી ન હોવાથી એમણે અમેરિકા જવાનું પગલું ભર્યું અને એ પોતાના સમાજથી દૂર નવી દુનિયામાં સંસારી બનવાની તૈયારી બતાવી છે.

એમણે પત્રમાં જણાવ્યું છે કે 'ઘણા વખતથી મનની વાત કહેવા માગતો હતો પણ કેટલાંક કારણોને લીધે તે જણાવી ન શકયો. આજ સમય પાકતાં જણાવું છું.' કેવા અર્થમાં સમય પાકયો તે એમણે સ્પષ્ટ કર્યું નથી. અમેરિકામાં તે લાંબો સમય રહી શકશે અને સંસારી તરીકે આર્થિક મુશ્કેલી નહિ આવે તેની ખાતરી થતાં સુધી તે વાત પાકી ન હતી તેમ અનુમાન કરવું? અમુક વર્ષો વીતી ગયાં પછી દેશમાં પાછા ફરવું પડે તો વિરોધ ન રહે અને આર્થિક મુશ્કેલી ન પડે તે માટે અમેરિકામાં અમુક સમય વસવાટ કરવો એવી ગણતરી એમાં રહેલી છે? ગમે તે હોય, પરંતુ લગ્નનો સ્વીકાર કરવા પૂરતા એ નિર્દંભ બની શકયા છે એટલું જ. જો કે સ્પષ્ટ શબ્દોમાં લગ્ન કર્યું છે તેવો સ્વીકાર કરવા જેટલી હિમત બતાવી શકયા નથી. એમણે, પ્રેમને કારણે લગ્ન કરે છે તે સીધી બિના ટાળીને આઘાત અને ઉપેક્ષાને આગળ ધર્યાં છે એ જોતાં તે પૂરા નિર્દંભ બન્યા નથી તેમ સહેજે અનુમાન કરી શકાય.

જો સંસારી વ્યકિત પણ અંતરમાં સાધુપણું હોય તો ભાવસાધુ બની શકે છે એમ જો એ માનતા હોય તો એ સંસારી સુખ ઈચ્છતા હતા તેમ કહેવામાં પાછા શું કામ પડે છે? સત્યની ઝાંખી થયાનું માનતા હોય તો સંસારસુખના ત્યાગનો જે કૃત્રિમ મહિમા જૈન સમાજમાં રૂઢિગત બન્યો છે તેનો વિરોધ કરવો જોઈતો હતો. અમેરિકા ચાલ્યા જવાની ભાગેડુવૃત્તિને વશ થયા વિના લગ્નનું પગલું દેશમાં જાહેર રીતે ભરવું જોઈતું હતું.

ફાધર ફેરર કેથોલિક સાધુ તરીકે મહારાષ્ટ્રમાં કાર્ય કરતા હતા તેથી લોકોની ચાહના મેળવી હતી. મહારાષ્ટ્ર સરકારે તેમના વસવાટ અંગે મનાઈ ફરમાવી તેથી એ આખા દેશમાં જાણીતા બન્યા હતા આંધ્ર રાજ્યે તેમને પોતાના પ્રદેશમાં વસવાની છૂટ આપી હતી. એ કાર્યક્ષેત્ર છોડયા વિના તેમણે સાધુપણું છોડીને સંસારી બનવાની હિમત બતાવી છે, તેમ ચિત્રભાનુ દેશમાં રહીને લગ્નની હિમત બતાવી શકયા હોત. જો સાધુપણું એ વેશમાં નથી પણ ભાવમાં છે અને એ ભાવના સંસારીમાં પણ હોય તેમ એ માને છે અને અનુભવવાનો દાવો કરે છે તો એ સત્યના બળને વશ થઈ તેમણે દેશમાં લગ્ન કરવાની નિર્ભયતા બતાવી હોત. એને બદલે એમણે દંભનો આશરો ચાલુ રાખ્યો છે. સાધુ તરીકે મને જાકારો મળ્યો પછી હું લગ્ન ન કરું તો શું કરું!

આમ તો ચિત્રભાનુનું લગ્ન વ્યકિતગત પ્રસંગ છે. પરંતુ વ્યકિતનો સમાજ ઉપર જેટલો પ્રભાવ તેટલો એનો પ્રત્યાઘાત સમાજ ઉપર પડે છે. ચિત્રભાનુ જેવા પ્રતિભાસંપન્ને વર્ષોથી દંભ સેવ્યો એ સ્થિતિ જોતાં સામાન્ય સાધુઓનું દંભની બહાર નીકળવાનું ગજું શી રીતે ચાલે? પરિણામ ચિત્રભાનુ દંભમાંથી બહાર નીકળી શકયા તેમ બીજા નીકળી શકવાના નહિ. જ્યાં સુધી જૈન સમાજમાં કે બીજા કોઈ પણ સમાજમાં સાધુપણાને એના વેશને લીધે નાહક મહત્ત્વ મળતું રહેવાનું ત્યાં સુધી દંભીપણું પોષાવાનું. સંસારત્યાગને ખોટો મહિમા આપવાથી સાધુઓ બનવાનું માનસિક વલણ વધે છે અને એક વખત સાધુ થયા પછી કસોટી શરૂ થાય છે ત્યારે તેમાંથી ઊગરવાનું થોડાઓ માટે સહજ બને છે.

જે સ્રીના પ્રેમમાં પડતા નથી અને સ્રીસંબંધથી એક યા બીજા કારણે દૂર રહે છે તેમનું ચિત્ત એ સુખની ઝંખના કર્યા વિના રહી શકે છે તેવું નથી. એ સુખની વૃત્તિ માટે કિશોરો અને જુવાનો સંસારી બનતાં પહેલાં હસ્તદોષ અને જાતીય સંબંધોમાં ફસાય છે તેમ સાધુઓનું બનતું હોય છે. સ્રીસોબતથી દૂર રહેવાથી માણસ વિજાતીય સંબંધમાંથી દૂર રહી શકે પણ જાતીય સુખની લાગણી વ્યકિતની અંદર પડેલી છે એટલે તેની ઈચ્છામાંથી અને તાણમાંથી બચી જવું મુશ્કેલ છે. આથી સાધુજીવનનો ખોટો મહિમા કરવામાંથી સમાજ બહાર ન નીકળે ત્યાં સુધી સાધુઓમાં વાસનાનો દંભ ઓછાવત્તા પ્રમાણમાં ચાલુ રહેવાનો. ચિત્રભાનુને આ સત્ય ન લાધ્યું હોય તેમ માનવાને કારણ નથી. પરંતુ પોતે સંસારી બન્યા છે માટે સંસારી જીવનનો મહિમા કરે છે તેમ પોતાના વિશે છાપ પડે અને લોકો તેને સાચા અર્થમાં લેવાની તટસ્થતા ન બતાવે તેવા ખ્યાલથી તેમણે એ પ્રશ્ન ટાળ્યો હોવાનો સંભવ છે.

—ઈશ્વર પેટલીકર

# ☆ ગર્ભપાતનાં લાંબા ગાળાનાં જોખમો ☆

ભારતમાં, કુટુંબનિયોજનના એક ઉપાય તરીકે જ નહિ પરંતુ બીજી કેટલીક સામાજિક સમસ્યાઓના ઉકેલમાં સરળતા થઈ પડે તે માટે પણ, ગર્ભપાતનો કાયદો ઉદાર બનાવવા માટે શ્રી શાન્તિલાલ શાહના વડપણ હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી અને એ સમિતિએ આપેલા હેવાલને આધારે ઘડાયેલો ગર્ભપાતને લગતો વધારે ઉદાર કાયદો ૧૯૭૨ના એપ્રિલથી અમલમાં આવ્યો હતો. પૂર્વમાં જાપાન, તો પશ્ચિમમાં હંગેરી એ બન્ને દેશોમાં ગર્ભપાત સંપૂર્ણત: કાયદેસર ગણાય છે અને જાપાનમાં તો એને વસતિ-વધારો થતો અટકાવવા માટેનું એક અગત્યનું સાધન ગણવામાં આવે છે. હમણાં જ ગર્ભપાત અંગે જે છેલ્લામાં છેલ્લું વૈજ્ઞાનિક સંશોધન થયું છે તે ઉપરથી તો એમ જ લાગે છે કે શાન્તિલાલ શાહ સમિતિએ આવી કોઈ વ્યાપક છૂટછાટ મૂકવાની ભલામણ નહોતી કરી એ માટે આપણે સમિતિનો, અને સમિતિને સદ્‌બુદ્ધિ આપનાર જે બળો હોય તે બળોનો આભાર માનવો જોઈએ.

ભારતમાં દર વરસે, ગેરકાયદે અને ઊંટવૈદો દ્વારા કરાવાતા ગર્ભપાતમાં ૨ લાખ સ્ત્રીઓનાં મરણ થાય છે અને કેટલાક સમાજ-શાસ્ત્રીઓ તો આવાં મરણની સંખ્યા ૧૨ લાખ સુધીની હોવાનો પણ દાવો કરે છે. એટલે ગર્ભપાતને કાયદાનું સંપૂર્ણ સંરક્ષણ આપવાની હિમાયત કરતો એક વર્ગ પણ આપણે ત્યાં હતો અને છે. છતાં, ગર્ભપાતની શરીર ઉપર અને વંશવૃદ્ધિના શાસ્ત્રના સંદર્ભમાં જે અસર થાય છે તેની આવી હિમાયત કરનારાઓને ખબર ન હોય એ સ્વાભાવિક છે. હમણાં જ, દુનિયાના બાર દેશોમાં ગર્ભપાતની અસર અંગે થયેલા સંશોધન ઉપરથી માલૂમ પડ્યું છે કે ગર્ભપાતની પ્રક્રિયામાંથી પસાર થયેલી સ્ત્રીને, એ પછી બીજું બાળક અવતરે તો તે ઘણે ભાગે માંદલું જ અવતરે છે અને કેટલાંકમાં તો જન્મજાત ખોડખાંપણ પણ હોય છે. ઈંગ્લેન્ડમાં, "ફાઉન્ડેશન ફોર એડ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન ચાઈલ્ડ બેરિંગ" નામની જે સંસ્થા બાળકો જન્મવાની પ્રક્રિયા અંગે સંશોધન કરવા અને લોકોને શિક્ષણ આપવા રચાયેલી છે એણે તો ગર્ભપાત અંગે બધી જ સ્ત્રીઓને ચેતવણી પણ આપી છે.

ઈંગ્લેન્ડમાં ગર્ભપાત અંગેના કાયદાની તપાસ માટે એક લેઈન સમિતિ નામની સમિતિ છે. (આપણી શાહ સમિતિ જેવી જ સ્તો.) આ સમિતિ સમક્ષ ડૉ. માર્ગરેટ વીન અને ડૉ. આર્થર વીને, દુનિયાના જુદા જુદા બાર દેશોમાં, ગર્ભપાતની અસર અંગે પ્રગટ થયેલાં ૭૫ જેટલાં પ્રકાશનોનું દોહન કરીને જે સાર ગ્રહણ કર્યો હતો અને જેને તેમણે લેઈન સમિતિ સમક્ષ રજૂ કર્યો હતો એ, લેઈન સમિતિએ હમણાં જ પ્રસિદ્ધ કર્યો છે.

ઈંગ્લેન્ડના સ્વાસ્થ્ય ખાતાએ, ગર્ભપાતમાં કશું જોખમ નથી એવો પ્રચાર કરવા માંડ્યો હતો. આપણે ત્યાં પણ એવો પ્રચાર થતો હતો અને રશિયનોએ શોધેલા સકશન પમ્પ વડે ગર્ભપાત કરાવવો ઘણો સરળ અને નિર્જોખમી થઈ પડે છે એવી વાત પણ દિલ્હીનાં મંડળોએ કરી હતી. તાત્કાલિક દૈહિક જોખમ નહિ થાય પરન્તુ લાંબા ગાળાનાં, આજે અદશ્ય રહેતાં જોખમોનું શું? ઉપરોકત ડૉકટર દંપતીએ તૈયાર કરેલા હેવાલમાં આવાં અદશ્ય જોખમો પ્રત્યે આંખમિચામણાં કરવા માટે, ઈંગ્લેન્ડના સ્વાસ્થ્ય ખાતાની સખત ઝાટકણી કાઢવામાં આવી છે.

ઉકત ડાકટર દંપતીએ, બ્રિટનની વિવિધ હૉસ્પિટલોમાં ફરીને અને જે જે દેશોમાં લાંબા સમયથી ગર્ભપાતની સરળતા છે તે દેશોમાંથી અધિકૃત હેવાલો મેળવીને એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે ગર્ભપાત પછી ઊભી થતી ફરિયાદોના જે આંકડા બ્રિટનના સ્વાસ્થ્ય ખાતાએ આપ્યા છે તેના કરતાં ૧૦ગણી વધારે ફરિયાદો અને માંદગી ઊભી થતી હોય છે પણ એની નોંધ બ્રિટનના સ્વાસ્થ્ય ખાતા પાસે નથી કારણ કે ગર્ભપાત પછી એક કે બે દિવસમાં જ સ્ત્રી હૉસ્પિટલ છોડીને જતી રહેતી હોય છે. (આપણે ત્યાં, શાહ સમિતિના હેવાલના અનુસંધાનમાં કાયદો તો ઘડાયો પણ એ કાયદાના અમલના અનુસંધાનમાં, ઉકત ડૉકટર દંપતીએ કર્યું છે એવું સંશોધન થતું હશે ખરું?)

વીન દંપતી તો એવું સ્પષ્ટ રીતે કહે છે કે આવી, ગર્ભપાત પછીની માંદગી ઉપરાંત ગર્ભપાતની લાંબા ગાળાની, અને ગર્ભપાત પછી આવનારા બાળક ઉપરની અસર ઘણી જ ગંભીર હોય છે અને સમાજનું સ્વાસ્થ્ય ઈચ્છનારાં બધાંએ આને લક્ષમાં લીધે જ છૂટકો છે.

ડૉ. માર્ગરેટ વીને કરેલા સંશોધન ઉપરથી જણાયું છે કે ગર્ભપાત કરાવનારી સ્ત્રીઓમાં બેથી પાંચ ટકાને પાછળથી સંતાન થતું જ નથી. ગર્ભપાત પછી, સમયના પ્રવાહ સાથે ગર્ભવતી બનનારી સ્ત્રીઓમાં પણ ૩૦થી ૪૦ ટકાને કસુવાવડ થઈ જાય છે અને ગર્ભાધાનનાં જોખમો બેવડાં બની જાય છે. ગર્ભપાત પછી ગર્ભવતી બનનાર સ્ત્રીઓનાં બાળકો અધૂરે જન્મવાનો સંભવ ઘણો વધી જાય છે અને જેઓ પૂરે મહિને જન્મે તેઓ પણ નબળાં અને શકયત: માનસિક કે શારીરિક ખોડવાળાં જન્મવાનો પૂરો સંભવ છે.

ડૉ. વીન કહે છે કે ઉંમરમાં મોટી હોય તે સ્ત્રી કરતાં પણ જે યુવાન સ્ત્રીને પહેલી જ વાર ગર્ભાધાન થયું હોય અને એ ગર્ભપાત કરાવવા આવે તો એને, ભવિષ્યના ગર્ભાધાન અંગેનાં ભયસ્થાનો ડૉકટરોએ બરાબર ભારપૂર્વક જણાવી દેવાં જોઈએ.

૧૯૫૦ના વરસ પછી જે કેટલાક દેશોએ ગર્ભપાતના કાયદામાં મોટી છૂટછાટ મૂકી હતી તે દેશોએ પણ પોતાની નીતિમાં ફેરફાર કર્યો છે. બેચાર બાળકોવાળી મોટી ઉંમરની સ્ત્રીને ગર્ભપાતનો અધિકાર પહેલાંની જેમ જ આપવામાં આવ્યો છે, પરંતુ યુવતીઓ માટે તો, ડૉકટરની સ્પષ્ટ સલાહ હોય તો જ ગર્ભપાતની છૂટ રાખવામાં આવી છે.

ડૉ. આર્થર વીને તો ગર્ભપાતનાં ભયસ્થાનો અંગે પ્રજાને જાગૃત કરવા ઝુંબેશ ઉપાડી છે. લંડનના પત્રકારો સમક્ષ બોલતાં તેમણે જણાવ્યું હતું કે ધારો કે દોઢ લાખ સ્ત્રીઓ ગર્ભપાત પછી ગર્ભવતી બની છે. આ સ્ત્રીઓને જ્યારે બાળકો જન્મે ત્યારે ૬૦૦૦ જેટલી સ્ત્રીઓનાં બાળકો તદ્દન માંદલાં બે-ચાર રતલનાં જ જન્મશે. એ જ રીતે આ દોઢ લાખમાંથી ૨૦૦ સ્ત્રીઓને માનસિક રીતે જબરી ખોડ-ખાંપણવાળાં બાળકો જન્મશે. અલબત્ત, આ પ્રકારનાં જોખમો અંગે હજી વધારે સંશોધનને અવકાશ છે અને બ્રિટનના સ્વાસ્થ્ય ખાતાએ આ અંગે વ્યાપક સંશોધન હાથ ધરવું જોઈએ એવું પણ વીન દંપતીએ જણાવ્યું છે.

[ઉપર જે ફાઉન્ડેશનનો ઉલ્લેખ છે તેના ઉપક્રમે, વીન દંપતીએ લખેલી એક પુસ્તિકા પ્રસિદ્ધ થઈ છે. આ પુસ્તિકાનું નામ છે "સમ કોન્સીકવન્સીસ ઓફ ઈન્ડયુસ્ડ એબોરશન ટુ ચિલ્ડ્રન બોર્ન સબસીકવન્ટલી." આ પુસ્તિકાની કિંમત ૬૦ પેન્સ (લગભગ ૧૨ રૂપિયા છે)].

મનુભાઈ મહેતા

# પ્રવૃત્તિ અને પ્રેમ : જીવનનાં બે અમૂલ્ય રસાયણો

શ્રી ઢેબરભાઈ એક વખત ઉરુલીકાંચન આશ્રમમાં પૂ. વિનોબા ભાવેના નાના ભાઈ પૂ. બાળકોબા ભાવે સાથે વાતચીત કરતા હતા ત્યારે સ્વાસ્થ્ય અંગેની ફરિયાદ કરી, ત્યારે પૂ. બાળકોબા ભાવેએ સલાહ આપી, "આરામ કરો!" ત્યારે ઢેબરભાઈએ તુરત જ કહ્યું કે "આરામ કરું તો તો હું ઊલટાનો વધુ બીમાર પડી જાઉં." ઘણા લોકો માટે કામ અગર પ્રવૃત્તિ એ જ ઓસડ બની જાય છે. અમેરિકન ફિલસૂફ ઈમરસને કહ્યું છે કે "ડૂબતા જુસ્સાને અને નિરાશાને હાંકી કાઢવા માટે કામ એ સર્વશ્રેષ્ઠ ઈલાજ છે."

ફ્રોઈડને કોઈએ પૂછેલું, "આ જીવનનો ઉદ્દેશ શું છે?" ત્યારે તેણે જવાબ આપ્યો હતો કે "જીવનનો ઉદ્દેશ પ્રેમ કરવાનો અને પ્રવૃત્તિ કરવાનો છે." આ ટૂંકા અને ટચ જવાબમાં કોઈ લાંબી ફિલસૂફી સમાઈ નથી. કોઈ પણ સામાન્ય માનવીને સમજાય તેવી વાત છે. આપણે પ્રેમ અને પ્રવૃત્તિ વગર જીવી શકતા નથી. આ જગતમાં મોટા ભાગની પીડા ઊભી થાય છે તે માણસની કાર્ય અને પ્રેમની બાબતમાં નિરાશા ઊભી થાય ત્યારે જ તે પીડા વસમી બને છે. આને બદલે આપણે એમ પણ કહી શકીએ કે આપણી સામે ગમે તેવડા મુશ્કેલીઓના પહાડ રચાઈ જાય તો પણ જ્યારે આપણા કામમાં અને આપણને મળતા પ્રેમમાં સંતોષ હશે તો એ તમામ મુશ્કેલીઓ આપણને રાઈ જેવડી દેખાશે. પ્રેમની નિષ્ફળતા અંગે આપણે બહુ વાંચીએ છીએ. સાહિત્યકારોએ જીવનનાં બે રસાયણો – પ્રવૃત્તિ અને પ્રેમ પૈકીના પ્રેમના વિષયને પોતાની પાસે ઝૂંટવી લઈને તે વિષયને ખૂબ જ ચૂંથ્યો છે, પરંતુ પ્રેમને પ્રવૃત્તિ સાથે જોડીને આપણે વિચારીશું તો કંઈક નવો પ્રકાશ પડશે.

પ્રેમનો અહીં વિશાળ અર્થ લેવો પડશે. વ્યકિત, વસ્તુ અને વિશ્વ સાથેના લગાવને આપણે પ્રેમ કહીશું. અંગત સિદ્ધિ, આત્મસંતોષ અને આપણા વ્યકિતત્વને પ્રગટ કરવા માટે આપણે પ્રવૃત્તિ કરીએ છીએ (એ હિસાબે બાળકો હુતુતુ રમતાં હોય કે મોટી વયના લોકો નવકુકરીની રમત રમતા હોય તેને પણ આપણે પ્રવૃત્તિ કહેવી જોઈએ) પરંતુ પ્રેમનો અને કાર્યનો વિશાળ અર્થ કરવાને બદલે આપણે તે બન્નેના અર્થને ઘણા સંકુચિત બનાવી દીધા છે. આપણા પ્રેમના ખ્યાલો અને પ્રવૃત્તિ અંગેના આપણાં વલણો આપણા જીવનના મૂળભૂત અભિગમ સાથે સંકળાયેલાં છે. ઘણા લોકો પ્રેમ કે પ્રવૃત્તિ બન્નેમાં સંતોષ મેળવી શકતા નથી અને ત્યારે જીવન ખૂબ દુ:ખી બને છે. જ્યારે આપણા કાર્ય વિશે આપણે ઊંધા અગર ખોટા ખ્યાલ બાંધીએ ત્યારે જ તકલીફ ઊભી થાય છે.

દા. ત. ઘણા લોકો માને છે કે કામ કરવું તે તો એક અનિવાર્ય આફત છે. જાણે કાર્ય એક એવી ચીજ છે કે તે પરાણે કરવાની હોય. જો લોટરી લાગી' જાય કે પેન્શન મળી જાય અને ગ્રેચ્યુઈટીનો મોટો લોચો હાથમાં આવી જાય એટલે ઝટપટ કામને છોડી દઈએ એવી કલ્પના આપણે કરતા હોઈએ છીએ. પરંતુ જે લોકોને પોતાના કાર્યમાં સંપૂર્ણ રસ હોય છે તેને લાખો રૂપિયાનું ઈનામ મળી જાય તો પણ તે પ્રવૃત્તિ છોડશે નહિ. મલયેશિયામાં સોશ્યલ વેલફેર લોટરીનો બહુ પ્રચાર છે. ત્યાં એક ડ્રાઈવરને ૧ લાખ ડૉલરનું ઈનામ લાગ્યું પણ તે રકમ બેંકમાં મૂકીને તેણે ડ્રાઈવર તરીકેની નોકરી ચાલુ રાખી હતી. એક ચીના બેંક મેનેજરને ત્યાં નોકરી કરતા. આ ડ્રાઈવરે કદી અકસ્માત કર્યો નથી અને કોઈ કૂતરાને પણ કદી હડફેટમાં લીધું નથી!

પરંતુ લોટરી લાગતાંવાર કામ છોડી દેવાની કલ્પના કરનારને વખોડી શકાય નહીં. કદાચ તે જે પ્રવૃત્તિ અગર કાર્ય કરતા હશે તે અત્યંત કંટાળાજનક હશે. તેને કામ દ્વારા પ્રેમ નહિ મળતો હોય કે કામની કદર નહીં થતી હોય. પોતાનું વ્યકિતત્વ કાર્ય દ્વારા ન નીખરે ત્યારે કામ કંટાળાજનક અને બોજારૂપ લાગે છે.

રશિયામાં તાજેતરમાં એક કારખાનાના મેનેજરે એક સરકારી ડૉકટરને ફરિયાદ કરી કે મારા કારખાનાના કામદારને પૂછું છું કે "શું કામ નહોતો આવ્યો"? તો એવો ઉદ્ધત જવાબ મળે છે કે "બસ, કામ કરવાનું દિલ નહોતું થતું." ડૉકટરે આવા અનેક કિસ્સા જોયા હતા અને "કામ કરવાનું આજે દિલ નથી" એમ કહેનારાની સંખ્યા રોજ વધતી જતી હતી. મોટરકાર કે જીપના અમુક ભાગને એક ગ્રેજ્યુએટ બનેલો કામદાર આઠ કલાક હથોડી હાથમાં લઈને ખીલા ઠોકયા કરે અને બીજી કોઈ વિવિધતાવાળું કામ ન મળે ત્યારે તેનો સર્જક સ્વભાવ બળવો કરે છે. તેને કામે ચઢવાનો ઉત્સાહ થતો નથી. પોતાની કોઈ આગવી શકિતને વ્યકત કરવાનો મોટે પાયે થતા યંત્રવત્ ઉત્પાદનમાં તેને માટે અવકાશ જ હોતો નથી. પશ્ચિમ જર્મનીમાં પણ મૂડીવાદી સમાજરચના છતાં ત્યાં "કામે જવાનું દિલ નથી" એવો પ્રશ્ન ઊઠયો હતો ત્યારે કેટલાંક કારખાનાંએ નિયમ કર્યો કે "કોઈ પણ કામદારને આખા દિવસમાં જ્યારે પણ દિલ થાય, ત્યારે જ કામે ચઢે." આવા ઉદાર આદેશનું સુંદર પરિણામ આવ્યું હતું.

કેટલાક લોકો એમ પણ કહે કે પૈસાનું આકર્ષણ રાખીને કામદારને કામમાં રસ લેતો કરી શકાય છે. આવશ્યકતા અગર અપેક્ષા કરતાં સહેજ વધુ પૈસા આપીને આપણે કોઈની પાસે કંટાળાજનક કામ કરાવી શકીએ છીએ. પરંતુ આ પ્રકારે કાર્યમાં વ્યાપારી તત્ત્વ ઉમેરવાથી કાર્ય અને મોકળા મનની પ્રવૃત્તિ વચ્ચે મોટી ખાઈ ઊભી કરીએ છીએ. પૈસાની પ્રેરણા દ્વારા કોઈને પ્રવૃત્તિમાં ધકેલવાનું અમુક હદ સુધી જ બને છે. પૈસા સિવાયનું બીજું કોઈ પ્રેરક તત્ત્વ હોય ત્યારે જ કાર્ય સંપૂર્ણ બને છે. આ બીજા પ્રેરક તત્ત્વમાં પ્રેમ મુખ્ય હોય છે. પરંતુ માનવીને જીવાડી રાખવા માટે એકલો પ્રેમ કે એકલી પ્રવૃત્તિ એકાકીરૂપે ઉપકારક નીવડતાં નથી. બીજા શબ્દોમાં કહીએ તો પ્રેમની ઊણપને એકલી પ્રવૃત્તિ દ્વારા ભરી ન શકાય. ઘણા લોકો પ્રેમમાં નિરાશ થાય કે નિકટના લોકો પાસેથી આઘાત પામે ત્યારે એ નિરાશાને ટાળવા માટે દિવસ અને રાત કામમાં લાગી જાય છે. અમારા વતનના ગામના એક માબાપ વગરના છોકરાને અમે સાથીદાર તરીકે રાખ્યો હતો. તે ઘરના દીકરા જેમ વર્તીને કામ કરતો. કોઈ દિવસ તેને ઓછું આવી જાય તેવું વર્તન અમારાથી થઈ જાય તો તેને પ્રેમની ઊણપ ગણીને તે સાથીદાર-છોકરો રોજ કરતાં બમણું કામ કરીને પ્રેમના નુકસાનને પ્રવૃત્તિના ફાયદા દ્વારા ધોવા કોશિશ કરતો હતો. પરંતુ પ્રવૃત્તિ પ્રત્યેનો લગાવ પ્રેમની અવેજીમાં ન હોવો જોઈએ. એવી જ રીતે માત્ર પ્રેમ થકી આપણે જીવી શકતા નથી. પ્રેમની અવેજીમાં તનતોડ કામ કરવાથી જીવનનો એકરાગ તૂટી જાય છે તેવી જ રીતે પ્રવૃત્તિની અવેજીમાં માત્ર પ્રેમ જ મેળવ્યા કરીએ તો પણ જીવનમાં એકતાલ-Harmony-જળવાતો નથી.

અમારે સ્કૂલો કે કૉલેજોમાં વેકેશન પડતું ત્યારે કોઈ રચનાત્મક પ્રવૃત્તિ રહેતી નહિ. હોસ્ટેલમાં લાંબો વખત રહ્યા પછી વતનને ગામ જતા ત્યાં કાંઈ પ્રવૃત્તિ હાથ લાગતી નહિ. મા બિચારી એમ વિચારતી કે દીકરો હોસ્ટેલનો લુખ્ખો ખોરાક ખાઈને આવ્યો છે એટલે પ્રેમ કરીને નિતનવા પકવાનો ખવરાવશું. પરંતુ ૯૦ દિવસ સુધીનો આ લાગલગાટ પ્રેમ યુવાન વિદ્યાર્થીના ઘડતરમાં બહુ કામ કરી શકતો નથી. માતાના પ્રેમની સાથેસાથે કોઈ રચનાત્મક પ્રવૃત્તિ પણ યુવાન વિદ્યાર્થીને કરવાની હોય તો જીવનનો શરૂનો પાયો જ પ્રેમ અને પ્રવૃત્તિના સુંદર સંયોજન દ્વારા નખાય છે. આપણા સમાજમાં આ પ્રકારે દરેકને મનગમતું કામ અને તે કામ કરવા દિલ પ્રેરાય તેવો પ્રેમ મળી રહે ત્યારે જ તંદુરસ્ત સમાજ રચાય. માત્ર પૈસાના આકર્ષણથી ઉત્તમ કાર્ય સધાતું નથી. પ્રેમનો પાસ ન ચઢે ત્યાં સુધી પ્રવૃત્તિ બરાબર પ્રકાશતી નથી.

**કાંતિ ભટ્ટ**

# માનવીનો મિજાજ

કેટલાક લોકો દારૂગોળા જેવા હોય છે. જરાજરામાં તેઓ સળગી ઊઠે છે અને પોતે તો દાઝે છે પણ બીજાને પણ દઝાડે છે. હું એક એવા સંબંધીને જાણું છું કે જેઓ વાતવાતમાં મિજાજ ગુમાવે છે. એમને અણગમતું કે એમની વ્યવસ્થામાં બંધબેસતું ન આવે કે એમના વિચારોથી કંઈક ભિન્ન વિચાર કોઈ વ્યકત કરે તો તેઓ તરત જ ગુસ્સે થઈ જાય છે અને એનો વિરોધ કરવા લાગે છે. ઉશ્કેરાઈ જાય છે અને તંગદિલી અનુભવે છે. આ ઉશ્કેરાટમાં પછી તેઓ જે કંઈ બોલે, જે કંઈ પગલાં ભરે એ માટે એમને પાછળથી ઘણીવાર અફસોસ પણ થતો હોય છે.

માણસ જો પોતાના મિજાજને શાન્ત, સ્વસ્થ રાખવા માગતો હોય તો એણે પોતાના હઠીલા આગ્રહોને છોડવા જોઈએ. પોતે જ સાચા છે અને બીજા બધા ખોટા છે અને ખોટા માર્ગે જ જઈ રહ્યા છે એમ માનીને પોતાથી ભિન્ન વિચાર રજૂ કરનાર પ્રત્યે મગજ ગુમાવવાથી છેવટે આપણને જ નુકસાન થાય છે. આપણે સમજવું જોઈએ કે ગમે તેવો બુદ્ધિશાળી માણસ પણ ભૂલ કરી શકે છે કે અમુક વખતે ખોટો પડી શકે છે.

ઘણીવાર એવું બને છે કે માણસ પોતાને અણગમતી એવી કોઈ વાત સાંભળે કે તરત ઊંકળી ઊઠે છે. હકીકતમાં એણે આ રીતે ઊકળી ઊઠવાને બદલે પ્રથમ એ વિશે ચર્ચા કરવી જોઈએ. અમુક વસ્તુ અમુક રીતે કેમ બને છે એ પૂછવું જોઈએ. પણ વાતવાતમાં ઉશ્કેરાતા માણસમાં એટલી ધીરજ હોતી નથી અને એથી સામે ચાલીને જાતે જ એ પોતાને માટે અને બીજાઓને માટે મુશ્કેલીઓ ઊભી કરે છે.

એ જ રીતે પોતાથી ભિન્ન રીતે વિચારતો માણસ કે કોઈ-વાર આપણી કોઈ પ્રવૃત્તિની ટીકા કરનાર માણસ આપણો વિરોધી છે અને એને તો બતાવી દેવું જોઈએ એમ માનીને એના પ્રત્યે રોષ દર્શાવવો એ કંઈ દૃઢ ચારિત્ર્યની નિશાની નથી. ઊલટાનું એમાં તો આ રીતે ગુસ્સો કરનાર માણસની નબળાઈ છતી થાય છે. ગુસ્સો કરવાને લીધે સામો માણસ આપણાથી ડરી જશે કે એના પર આપણા સામર્થ્યની છાપ પડશે એમ માની લેવું બરાબર નથી. હકીકતમાં, આપણા આવા વર્તાવની સામા માણસ પર અવળી જ છાપ પડવાનો સંભવ છે. વાતવાતમાં ગુસ્સે થઈ જનાર, અકળાઈ જનાર અને અજંપો અનુભવનાર માણસ તરીકેની આપણી છાપ પડવાનો સંભવ છે.

વિશેષમાં એવું બનવાનો પણ સંભવ છે કે તમે જો બીજાની સામે જરાકમાં મિજાજ ગુમાવશો કે ઉશ્કેરાશો ને બીજાઓ તમારી સામે જો મિજાજ ગુમાવશે તો એથી કરીને મુશ્કેલી વધવાની જ છે, ઘટવાની નથી અને તમારી પ્રતિમા તકલીફ ઊભી કરનાર ઝઘડાળુ માણસ તરીકેની ઊપસવાનો સંભવ છે.

એ સાથે આપણે જ્યાં હોઈએ ત્યાં આપણું જ મહત્ત્વ છે અને બીજા જે કંઈ કરે, વિચારે એનું કશું મહત્ત્વ નથી એમ માનીએ એ પણ બરાબર નથી. વાસ્તવમાં તો જ્યારે આપણે બીજા સાથે અસંમત થતા હોઈએ ત્યારે પણ આપણે આપણો મિજાજ ગુમાવવાને બદલે સ્વસ્થતાથી એને સ્થાને આપણને મૂકીને એના દૃષ્ટિબિંદુને વિચારવાનો પ્રયાસ કરવો જોઈએ. આમ કરવાથી કદાચ આપણને આપણા દૃષ્ટિબિંદુમાં ફેરફાર કરવાની જરૂર ન લાગે તો પણ આપણે સામા માણસે જે મત બાંધ્યો છે એ શા માટે બાંધ્યો છે એ સમજી શકીશું અને આપણે આપણી સ્વસ્થતા જાળવી શકીશું.

આપણે એ હકીકતનો પણ સ્વીકાર કરવો જોઈએ કે આપણી ઈચ્છા મુજબ દરેક વસ્તુ સંપૂર્ણ બની શકતી નથી, એ જ રીતે આપણે કરેલી યોજના પ્રમાણે હમેશાં બધું બરાબર ચાલ્યા કરે એમ માનવું પણ ભૂલભરેલું છે. માનવી કયાંક ભૂલ કરે છે, કોઈક સ્થળે બહારના સંજોગોને લીધે આપણે કરેલી યોજના પણ ઊંધી વળવાનો સંભવ છે. આ બધાને ધ્યાનમાં લીધા વિના ચાલે જ નહિ અને આવા સંજોગોમાં સ્વસ્થતા ન જાળવીએ અને અકળાઈ, ઉશ્કેરાઈ જઈએ તો એમાંથી કંઈક ઊપજવાનું નથી, કદાચ એથી મુશ્કેલી અને નુકસાન વધવાનો સંભવ છે.

આપણે જોયું એ પ્રમાણે એક અથવા બીજા કારણે માણસ મિજાજ ગુમાવતો હોય કે અસ્વસ્થ થતો હોય તો એ માણસ જીવનમાં મિત્રો મેળવી શકતો નથી. એકલોઅટૂલો પડી જાય છે અને પોતાની આસપાસના લોકો પ્રત્યે, પોતાના વાતાવરણ વિશે, પોતે જે સ્થિતિમાં હોય એના વિશે એને અસંતોષ રહે છે. એ સતત ખેંચા-ણની સ્થિતિમાં રહે છે અને એની અસર એનાં મન તેમ જ શરીર પર પડયા વિના રહેતી નથી.

જે કોઈ માણસ જીવનમાં કંઈક કરવા માગતો હોય, કંઈક સિદ્ધિ મેળવવા માગતો હોય, એણે પોતાના જીવનમાં સ્પષ્ટ ધ્યેય અપનાવ્યું હોય અને એ ધ્યેયને હાંસલ કરવા કટિબદ્ધ હોય એ માણસ આંતરિક સ્વસ્થતા અને શાંતિ વિના, પોતાના મિજાજને કાબૂમાં રાખવાની શકિત વિના આ કામ કરી શકે નહિ.

જેમણે જીવનમાં કંઈક પ્રાપ્ત કર્યું છે, જેમણે અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાના ધ્યેયને સિદ્ધ કર્યું છે એવા લોકોમાં આંતરિક સ્વસ્થતા હતી, તેઓ નાની નાની વાતમાં ઉશ્કેરાતા નહિ, નિષ્ફળતા એમની શાંતિને જરાય આંચ આવવા દેતી નહિ. તેઓ સહજ રીતે મિત્રો મેળવી શકતા, એમને એમના સાથીઓનો સહકાર મળી રહેતો અને એમના વ્યકિતત્વમાં જ એવું કંઈક ચેતનસભર તત્ત્વ હતું કે જેને લીધે મુશ્કેલ કામો પણ તેઓ શાંતિથી પાર પાડી શકતા હતા. જીવનમાં કશુંક અર્થપ્રદ કરવા માટે આપણે પણ આપણા વ્યકિતત્વને આવો ઓપ આપી શકીએ છીએ.

—શિવમ્

# સંઘ સમાચાર

## સંઘના એક શુભેચ્છકની અણધારી સહાય

સંઘના એક શુભેચ્છક શ્રી તારાબહેન ન્યાલચંદ મહેતાનું કૅન્સરની ટૂંકી બિમારી બાદ તાજેતરમાં દુ:ખદ અવસાન થયું. તેઓ સંઘની વ્યાખ્યાનમાળામાં અવારનવાર આવતાં હતાં અને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચતાં હતાં. તેઓ હૉસ્પિટલમાં હતાં તે દરમિયાન તેમણે કેટલીક સંસ્થાઓને પોતાના તરફથી આપવાની રકમોના ચેકો લખાવી પોતાની સહી કરી રાખી હતી. તેમાં તેમણે આપણા સંઘને પણ યાદ કરીને રૂા. ૫૦૧/– નો ચેક લખાવી રાખ્યો હતો, તે ચેક અમોને હમણા શ્રી ન્યાલચંદભાઈ તરફથી મળ્યો છે.

આ દાખલો બીજાઓ માટે પણ પ્રેરણાત્મક બને એવો છે. આવા દાન માટે અમે અમારી અંત:કરણપૂર્વકની ખુશી વ્યકત કરીએ છીએ.

## વસન્ત વ્યાખ્યાનમાળા

દર વર્ષ માફક આ વર્ષે પણ સંઘના ઉપક્રમે કોટમાં, બ્રુસ સ્ટ્રીટમાં આવેલ તાતા ઓડિટોરિયમમાં એપ્રિલ માસની તારીખ ૨૩–૨૪–૨૫–૨૬ના રોજ એમ ચાર દિવસ માટે વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. વકતાઓ મેળવવા માટે પ્રયત્નો ચાલુ છે. નામો આવતા અંકમાં પ્રગટ કર-વામાં આવશે. "દેશની આર્થિક પરિસ્થિતિ" પર બે પ્રવચનો અને 'વિદેશનીતિ' પર બે પ્રવચનો—એમ કુલ ચાર પ્રવચનો ગોઠવવાનું વિચાર્યું છે.

ચીમનલાલ જે. શાહ,
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# કેન્દ્ર સરકારનું અંદાજપત્ર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ગુરુવાર તા. ૮ મી માર્ચના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, સંઘના, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, ભારત સરકારના ચાલુ વર્ષના અંદાજપત્ર પર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એક જાહેર સભા યોજવામાં આવી હતી. એ સમયે "કોમર્સ રિસર્ચ બ્યૂરો"ના વડા અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. નરોત્તમ શાહ અને શ્રી પ્રદીપભાઈ એ. શાહે અંદાજપત્ર વિશે પોતાનાં અભ્યાસપૂર્ણ મંતવ્યો રજૂ કરી સૌને પ્રભાવિત કર્યા હતા. શરૂઆતમાં પ્રમુખશ્રીએ બન્ને વકતાને આવકાર આપ્યો હતો, તેમનો પરિચય કરાવ્યો હતો અને સુખડના હારથી તેમને સન્માન્યા હતા, અને બે શબ્દો કહ્યા હતા.

ત્યાર બાદ ડૉ. નરોત્તમ શાહે બોલતાં જણાવ્યું કે નાણાપ્રધાન શ્રી યશવંતરાવ ચવ્હાણે પોતાના વકતવ્યમાં જણાવ્યું છે કે આ અંદાજપત્રમાં નીચેના મુખ્ય ચાર હેતુઓ પાર પાડવા અંગેની તેમની દષ્ટિ છે. તેમાં તેઓ કેટલા સફળ થશે તે વિશે આપણે વિચારીએ.

તેમણે કલ્પેલો ખર્ચ બે ભાગોમાં વહેંચાશે.

(૧) યોજનાઓ માટેનો ખર્ચ

(૨) અન્ય વહીવટી ખર્ચ

તેમણે યોજનાઓ માટેના ખર્ચમાં આ વર્ષે ૯ ટકાનો વધારો કર્યો છે, આગલા વર્ષોના અનુક્રમે ૨૦ – ૨૦ – ૨૦ અને ૨૯ ટકાના વધારાની સામે આ વધારો ઓછો ગણાય.

બીજું આજના ભાવો વધેલા છે એટલે એ હિસાબે ખર્ચની કિંમત વધે એટલે લાભ ઓછો મળે. પરિણામે, વિકાસની પ્રક્રિયામાં વેગ આવે એવું આ અંદાજત્રમાં લાગતું નથી.

ગરીબો માટે નાણાંની જે ફાળવણી કરવામાં આવી છે તેમાં ખાસ વિશેષ નવી ફાળવણી કે વધારો કર્યો નથી. ભણેલા બેકારો માટે મોટી રકમ ફાળવી છે. આપણે ત્યાં ૩૦ ટકા ભણેલો વર્ગ ગણાય. એમાં ઉપલા વર્ગના ભણેલા બેકારો ટકાના પ્રમાણમાં ઓછા ગણાય. એમને આનો લાભ મળશે, પરંતુ જે ભણેલા બેકારોનો બાકીનો મોટો વર્ગ છે તેમાંના મોટા ભાગને આનો લાભ મળવા સંભવ નથી.

આ વખતે આંકડાઓ સાથેનો વિગતવાળો અહેવાલ આપવામાં આવ્યો નથી. જો આંકડાઓની વિગત આપવામાં આવી હોત તો આપણે તેની સિદ્ધિ વિશે અભિપ્રાય દર્શાવી શકત, પરંતુ આંકડાઓ દબાવવામાં આવ્યા છે એટલે શંકા રહે છે કે સિદ્ધિ નહિ હોય. ગરીબોને તો કોઈ પ્રકારનો લાભ થવાનો જ નથી.

ગરીબોને બેંકો નાણાં આપશે એમ કહેવામાં આવ્યું છે. બેંકોનું રાષ્ટ્રીયકરણ થયું ત્યારે પણ જાહેરાત થયેલી કે ગરીબોને રાહત આપવી; પણ પરિણામ દર્શાવે છે કે ગરીબોને મોટી રાહતો મળી નથી. બેંકોએ આપેલી એકંદર લોનોમાંથી નાના માણસોને કેટલી લોન મળી તેની ટકાવારી અંદાજપત્રમાં પણ આપવામાં આવી નથી.

નાના માણસોને નાની લોન માટે સો ધક્કા ખાવા પડે છે. આપણા અરવિંદભાઈના સુરેન્દ્રનગર ખાતે ચાલતા સેવાકેન્દ્રના સંચાલક એક મોટી પાર્ટી છે, તેઓ મોટી લાગવગ ત્યાં ધરાવે છે, એમ છતાં વિધવા બહેનોને આપવા માટેના ૩૫૦ રૂપિયાની કિંમતના સંચાઓ માટે લોન મેળવવા માટે લાંબા સમયથી પ્રયત્નો કરે છે પરંતુ તેમને લોન મળતી નથી. માટે ગરીબી હઠાવવાનો જે બીજો હેતુ છે તે માત્ર સૂત્રો જ છે, એમ માનવું પડે છે.

તેમનો ત્રીજો ઉદ્દેશ છે, ફુગાવાને ડામવો અને ભાવોને કાબૂમાં રાખવા.

ફુગાવાને ખાધ સાથે સંબંધ છે. જેમ ખાધ વધે તેમ ફુગાવો પણ વધે. અને નાણાપ્રધાને જે માત્ર ૮૫ કરોડની ખાધ બતાવી છે તે આંકડો ભ્રામક છે, તેમાં મોટો વધારો થશે. પે કમિશનની ભલામણનો સ્વીકાર થાય તો ૧૫૦ કરોડની ખાધ વધે, અને એટલે, ખાધ વધશે એમ તેમણે પોતે કહ્યું છે. આ ઉપરાંત અનાજ ખરીદીને, પડતર કરતાં ઓછા ભાવે વેચવામાં આવે છે તેની સબસીડી માટે ૧૩૦ કરોડની ખાધ અંદાજી છે અને અનાજના વ્યાપારનું રાષ્ટ્રીયકરણ કરવાના છે તેની સબસીડીનો બીજો રૂા. ૧૦૦ કરોડનો વધારો થશે.

અને ગયા વર્ષે ૨૫૦ કરોડની ખાધ અંદાજવામાં આવી હતી તે આંકડો ૫૦૦ કરોડે પહોંચ્યો હતો – એ રીતે વિચારતાં આ અંદાજની ખાધ વર્ષાન્તે ૫૫૦ કરોડની આવે તો નવાઈ ન લાગે. અને કેન્દ્રની અમુક ખાધ આમાં બતાવવામાં આવતી નથી. [ એટલે રિઝર્વ બેંકના આંકડાઓ પ્રમાણે ૮૦૦ થી ૧૦૦૦ કરોડની ખાધ અંદાજી શકાય.

આજે મોંઘવારી ખૂબ વધી છે, તેમાં આ અંદાજપત્રના કારણે ૫–૬ ટકાનો વધારો થશે, પરંતુ જો આવતા વર્ષે ચોમાસું નબળું જાય તો મોંઘવારીમાં ૧૦ ટકાનો વધારો થાય અને જો ચોમાસું વધારે નબળું જાય તો મોંઘવારીમાં ૨૦ ટકાનો વધારો થાય.

ચોથું, આત્મનિર્ભરતા. આ બાબતમાં કદાચ સફળતા મળે. આ બાબતમાં આપણા દેશે સારી પ્રગતિ કરી છે એમ કહી શકાય.

પાંચ વર્ષ પહેલાં નિકાસવ્યાપારમાં ૯૦૦ કરોડની ખાધ હતી, જ્યારે આઝાદી પછીનું આ પહેલું જ વર્ષ એવું છે કે જે વર્ષમાં ૧૪૪ કરોડની પુરાંત રહે છે. આ એક મોટો ક્રાંતિકારી ફેરફાર કહેવાય. એ માટે આપણને સૌને આનંદ થવો જોઈએ.

કસ્ટમ ડ્યુટી વધારવામાં આવી છે તેને પણ આવકાર્ય પગલું લેખી શકાય.

આ પછી શ્રી પ્રદીપભાઈ શાહે અંદાજપત્ર વિશેના પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે, ધાર્યું નહોતું કે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મારે બોલવાનો પ્રસંગ આવશે. આપ સહુ પાસે અંદાજપત્ર સંબંધી વાતો કરવાની આ તક માટે જૈન યુવક સંઘના વ્યવસ્થાપકોનો હું ખૂબ આભારી છું.

અંદાજપત્ર દ્વારા થતા ફેરફારો બે જાતના હોય છે: (૧) કરના દરમાં થતા ફેરફાર; (૨) કાયદામાં થતા ફેરફાર. આ વખતે દર વખતના પ્રમાણમાં ફેરફાર ઓછા છે અને સરળ છે; અને એનું કારણ એ છે કે કરના દર વધીને એટલા ઊંચા થઈ ગયા છે કે એમાં કોઈ વધારાની જગ્યા જ રહી નથી અને કાયદાને લગતા ફેરફારો હવે પછી એક જુદા ખરડા દ્વારા લાવવામાં આવશે એમ જાહેરાત થઈ ચૂકી છે. અંદાજપત્રમાં સીધા કરવેરાની જે દરખાસ્તો છે એનો આપણે હવે વિચાર કરીએ.

**(અ) કરના દરમાં કરાયેલ ફેરફારો**

**(૧) હિંદુ અવિભકત કુટુંબને લગતા જે ફેરફારો કરાયા છે એ નીચે મુજબ છે:**

(૧) હિંદુ અવિભકત કુટુંબને (અમુક સંજોગોમાં) જે રૂા. ૭૦૦૦ ની કરમુકત મર્યાદા મળતી હતી તે ઘટાડી ને રૂા. ૭૦૦૦–માંથી રૂા. ૫૦૦૦ કરાઈ છે.

(૨) જે હિંદુ અવિભકત કુટુંબના એક પણ સભ્યની આવક રૂા. ૫૦૦૦થી વધારે હોય તેવાં કુટુંબોને લાગતા આવકવેરાના દરમાં વધારો કરાયો છે. આવાં કુટુંબોને દરેક સ્લેબ પર સામાન્ય રીતે જે

દર લાગે તે કરતાં એક ઉપરના સ્લેબનો દર લાગશે. દા. ત. રૂા. ૫૦૦૦ થી રૂા. ૧૦,૦૦૦ સુધી સામાન્ય રીતે ૧૦ ટકાનો દર લાગે છે તેને બદલે આવાં કટુંબોને ૧૭ ટકાનો દર લગાડવામાં આવશે. આવી જ રીતે રૂા. ૧૦,૦૦૦ થી રૂા. ૧૫,૦૦૦ ની આવક સુધી ૧૭ ટકાને બદલે ૨૩ ટકાનો દર લાગશે.

(૩) જે હિંદુ અવિભકત કુટુંબના એક પણ સભ્યની નેટ વેલ્થ રૂા. ૧,૦૦,૦૦૦ થી વધારે હોય તેવા કુટુંબને વેલ્થટેક્સમાં પણ ઊંચા દર લાગશે.

આ ફેરફાર હિંદુ અવિભકત કુટુંબ કરી કાયદાના લેવાતા ગેરલાભ સામેના પગલાંરૂપે છે. પણ આ છતાં હજુ હિંદુ અવિભકત કુટુંબની જુદી આકારણી કરાવવી એ ફાયદાકારક તો રહેશે જ, જો કે પહેલા કરતાં થોડું ઓછું ફાયદાકારક બનશે.

**(૨) ખેતીની આવક**

ખેતીની આવક હવે દરની ગણતરી માટે હિસાબમાં લેવામાં આવશે. ખેતીની આવક પર કોઈ ઈન્કમટેક્સ નથી એટલે કાળું નાણું ખેતીની આવક તરીકે બહાર આવતું હતું. આ સામે આ પગલું લેવાયું છે. આનાથી જેને બિનખેતીની આવક સાથે ખેતીની આવક હશે તેને સારે હિસાબે કર વધી જશે. દા. ત. પહેલાં જેને ૨૫૦૦૦ ની બિનખેતીની આવક અને ૧૫૦૦૦ ની ખેતીની આવક હોય તેને રૂા. ૪૬૦૦ કર લાગતો એને બદલે હવે રૂા. ૯૭૭૫ કર ભરવાનો થશે.

**(૩) વધારે શેરહોલ્ડરોવાળી કંપનીઓ**

આવી કંપનીઓને શરૂઆતની ૫૦,૦૦૦ રૂા.ની આવક પર ફકત ૪૫ ટકાનો દર લાગતો. હવેથી પહેલા રૂા. ૧,૦૦,૦૦૦ ની આવક પર ૪૫ ટકાનો દર લાગશે અને ત્યાર બાદ ૫૫ ટકાનો દર લાગવાનો શરૂ થશે.

**(૪) ઓછા શેરહોલ્ડરોવાળી કંપનીઓ**

આવી કંપનીઓ કે જેની મુખ્ય આવક ઉદ્યોગમાંથી થતી હોય તેને પહેલા ૧૦ લાખ પર ૫૫ ટકા અને ત્યાર બાદ ૬૦ ટકાનો દર લાગતો. હવેની દરખાસ્ત મુજબ પહેલા ૨ લાખ પર ૫૫ ટકા અને ત્યાર બાદ ૬૦ ટકાનો દર લાગશે.

આ દરને લગતા બધા ફેરફાર ૧૯૭૪-૭૫ ના આકારણી વર્ષથી લાગુ પડશે. કંપનીઓ પર બંગલા દેશને હિસાબે કર પર ૫ ટકાનો સરચાર્જ લગાવવામાં આવેલો તે દૂર કરાયો નથી.

**(બ) કાયદામાં કરાયેલા ફેરફારો**

(૧) લાંબા ગાળાના કેપિટલ ગેઈન્સમાં અત્યાર સુધી જો કોઈ પણ Capital Assetમાં ૨૪ મહિનાથી વધુ સમય રોકાણ હોય તો તેના વેચાણ પર થતા નફાને લાંબા ગાળાનો કેપિટલ ગેઈન્સ ગણવામાં આવતો અને આવકમાં ગણતી વખતે એમાંથી અમુક ટકા બાદ કરીને બાકીના જ નફાને આવક ગણવામાં આવતી. હવે આ મુદતને વધારીને ૬૦ મહિનાની કરવામાં આવી છે. આથી ૬૦ મહિનાથી ઓછા રોકાણથી થતા નફાને Short termનો ગણીને આવકમાં જ ગણી લેવામાં આવશે. આવી જ રીતે ૬૦ મહિનાથી ઓછા રોકાણમાં થતી નુકસાની પણ આવકમાંથી પૂરી બાદ મળશે.

(૨) વીમાના પ્રીમિયમ, પ્રોવિડંટ ફંડના ફાળા વગેરે જેમાં પહેલા રૂા. ૧૦૦૦ આવકમાંથી પૂરા બાદ મળતા તેને બદલે હવે રૂા. ૨૦૦૦ બાદ મળશે.

(૩) કોઈ પણ ઈન્ડસ્ટ્રિયલ અન્ડરટેકિંગની ફરજિયાત લઈ લેવાયેલ જમીન, મકાન વગેરેમાંથી થતા કેપિટલ ગેઈન્સને ૩ વર્ષ અંદર પાછું એ જ રીતનું રોકાણ કરવામાં આવે તો ટેકસમાંથી માફ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

**(ક) બાકીની જોગવાઈઓ**

આ સિવાય અંદાજપત્રમાં બીજી થોડી વાતો કરવામાં આવી છે જેની જોગવાઈ થઈ નથી પણ કરવામાં આવશે.

(૧) ડેવલપમેન્ટ રિબેટના સ્થાને ઈનિશિયલ ડિપ્રિસિયેશન: ૩૧-૫-'૭૪ થી ડેવલપમેન્ટ રિબેટ ખેંચી લેવામાં આવનાર છે. તેને બદલે હવે ઈનિશિયલ ડિપ્રિસિયેશન આપવામાં આવશે, પણ આ પસંદ કરાયેલ ઉદ્યોગોને જ મળશે—ડેવલપમેન્ટ રિબેટ માફક બધાને નહિ. ડેવલપમેન્ટ રિબેટને હિસાબે કોસ્ટના ૧૦૦ ટકા ઉપરાંત ડેવલપમેન્ટ રિબેટની રકમ આવકમાંથી બાદ મળતી. ઈનિશિયલ ડિપ્રિસિયેશન ફકત ખર્ચના ૧૦૦ ટકા જ બાદ મળશે. એટલું જ કે ૨૦ ટકા છેલ્લે મળવાને બદલે શરૂઆતમાં જ મળી જશે. આને Accelerated depreciation કહી શકાય. આ દેખાય છે એટલો સારો ફાયદો નથી.

આપણે અંદાજપત્રમાં આવેલા મુખ્ય ફેરફારો જોઈ ગયા. હવે એમાં શું નથી એ પર નજર કરીએ.

વાંછુ કમિશનની ભલામણ હોવા છતાં આકાશે પહોંચેલા કરના દરને ઓછા કરવામાં આવ્યા નથી. આવા ઊંચા કરવેરાને લીધે દિનપ્રતિદિન વધારે અને વધારે લોકો કરચોરી કરતા થાય છે અને કાળાં નાણાંની સમસ્યા વધતી જાય છે. જે કરચોરી નથી કરતા તેમને કામને માટે કોઈ પ્રોત્સાહન રહેતું નથી. આ બન્ને દેશના હિતમાં નથી.

આવી જ રીતે કરવેરાના કાયદાઓમાં જે અમાનુષી પેનલ્ટીઓ છે તેને પણ ઓછી કરીને વ્યવહારુ કરવાની જરૂર હતી. આ પણ વાંછુ કમિશનની ભલામણ હતી. આ બાબતમાં પણ કંઈ જ કરવામાં આવ્યું નથી.

ત્યાર બાદ પ્રશ્નોત્તરી થઈ હતી અને તેના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

છેલ્લે સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે આવાં વિચારગંભીર વકતવ્યો માટે બન્ને વકતાઓનો અંતઃકરણપૂર્વકનો આભાર માન્યો હતો અને સભા વિસર્જિત થઈ હતી.

—સંકલન : શાંતિલાલ ટી. શેઠ

# પૃથ્વીની ગતિ અને હવામાન

પૃથ્વી જો સૂર્યની આસપાસ એકસરખા ગોળ માર્ગે ફરતી હોય અને પૃથ્વીની ધરી વિષુવવૃત્તની સપાટીને બરાબર કાટખૂણે સ્થિર રહેતી હોય તો પૃથ્વીમાં ઉત્તર ગોળાર્ધ કે દક્ષિણ ગોળાર્ધ દરેક સ્થળે પૃથ્વી સૂર્યની આસપાસ પોતાનું પરિભ્રમણ પૂરું કરે તે આખું વર્ષ એકસરખી ગરમી-ઠંડી રહેતી હોય. દરેક સ્થળે સૂર્યની જે ગરમી મળતી હોય તેટલા પ્રમાણમાં વરસના બારેય મહિના અને મહિનાના ત્રીસેય દહાડા એકસરખી ગરમી મળ્યા કરે. નિરનિરાળે સ્થળે ગરમી ઓછીવત્તી પડે. ઉત્તર ધ્રુવમાં અને દક્ષિણ ધ્રુવમાં ખૂબ જ ઓછી ગરમી મળે કારણ કે અહીં સૂર્યનાં કિરણ ખૂબ જ ત્રાંસાં પડે. જ્યારે વિષુવવૃત્તના પટ્ટા પર વધુમાં વધુ ગરમી પડે કારણ કે અહીં સૂર્યનાં કિરણો સીધેસીધાં આવે. પણ પૃથ્વી ન તો સૂર્યની આસપાસ એકસરખા ગોળાકારમાં ફરે છે કે ન તો પૃથ્વીની ધરી વિષુવવૃત્તની સપાટી પર બરોબર કાટખૂણે રહેલી છે. પૃથ્વીના પરિભ્રમણનો માર્ગ ગોળ નહીં, લંબગોળ છે અને આ લંબગોળ માર્ગ પણ એવો છે કે જેની વક્રતા ચોક્કસ મર્યાદામાં ઓછીવત્તી થતી રહેતી હોય છે અને પૃથ્વીની ધરી પણ

વિષુવવૃત્તની સપાટીને નમતી રહે છે તથા તેનો નમનકોણ પણ એકસરખો સ્થિર રહેવાને બદલે ઊંચોનીચો થતો હોય છે.

આ ઉપરાંત પૃથ્વીની એક ત્રીજી ગતિ પણ છે. આ ગતિ પૃથ્વીની ધરીના પોતાના વર્તુળાકાર પરિભ્રમણની છે. દક્ષિણ ધ્રુવનો પોતાનો છેડો સ્થિર રાખીને આ ધરી ઉત્તર ધ્રુવ આગળ ભમરડો પોતાની અણી ધરતી પર સ્થિર રાખીને પોતાના માથાને નમતું રાખી ગોળ ગોળ ઘુમાવ્યા કરે તેમ વર્તુળાકારે ફર્યા કરે છે! અને પૃથ્વીની આવી વિવિધ ગતિઓને લીધે લાંબે સમયે તેની આબોહવામાં તથા તેની સપાટીના ઉષ્ણતામાનની પરિસ્થિતિમાં વ્યાપક ફેરફારો થયા કરે છે.

### પૃથ્વીની ત્રણ ગતિઓ

સૂર્યથી પૃથ્વીનું સરેરાશ અંતર ૯૨૯ લાખ માઈલ યા ૧૪૯૫ લાખ કિલોમીટર જેટલું છે. પણ આ સરેરાશ અંતર છે અને રોજેરોજ પૃથ્વીના પરિભ્રમણની સાથેસાથે તે ફરતું રહે છે. પૃથ્વીના પરિભ્રમણની ગતિ આ અંતર પર આધારિત છે. ખગોળશાસ્ત્રના નિયમ મુજબ જેમ પૃથ્વી સૂર્યથી વધુ દૂર હોય તેમ તેની પરિભ્રમણની ગતિ ધીમી પડે તથા જેમ તે સૂર્યની નજીક હોય તેમ તેની પરિભ્રમણની ગતિ વેગવાન બને. સરેરાશ સેકન્ડે ૧૮.૫૨૫ માઈલની આ ગતિ ધીમી ધીમી દર સેકન્ડે અઢાર માઈલ પરથી તીવ્ર બની દર સેકન્ડે ઓગણીસ માઈલ જેટલી બદલાયા કરે છે. ખગોળશાસ્ત્રીઓની ગણતરી મુજબ પૃથ્વીથી સૂર્ય વચ્ચે ઓછામાં ઓછું અંતર ૯.૧ કરોડ માઈલ અને વધુમાં વધુ અંતર ૯.૬ કરોડ માઈલ જેટલું થાય.

આમ પૃથ્વીના પરિભ્રમણની લંબગોળ આકૃતિનો લાંબો વ્યાસ ૯.૬ કરોડ માઈલનો અને ટૂંકો વ્યાસ ૯.૧ કરોડ માઈલનો હોઈ શકે. પણ પરિભ્રમણમાર્ગની લંબગોળાઈમાં વધઘટ થયા જ કરે છે તથા લાંબા–ટૂંકા વ્યાસ નાના–મોટા થતા હોય છે. પૃથ્વીના પરિભ્રમણની આ વક્રતા (અં. એક્સેન્ટ્રિસિટી) બાણું હજાર વર્ષે પોતાનું એક ચક્કર પૂરું કરે છે તથા એ સમય બાદ ફરી એ જ રીતે પૃથ્વીનું પરિભ્રમણ થયા કરે છે.

### પૃથ્વીની ધરીની વક્રતા

પૃથ્વીની બીજી ગતિ તેની ધરીની વક્રતામાં થતા ફેરફારની છે. ૨૧ ૧/૨ અંશથી ૨૪ ૧/૨ અંશ સુધી ધરીની વક્રતામાં ફેરફાર થાય છે. હાલ ધરી ખગોળના વિષુવવૃત્તની સપાટી પરના લંબ જોડે ૨૩ ૧/૨ અંશનો ખૂણો કરે છે. ધરીની વક્રતાના ફેરફારોની ગતિનું સમયમાન ૪૦ હજાર વર્ષનું છે.

આ ઉપરાંત પૃથ્વીની ધરીનો ઉત્તર ધ્રુવનો છેડો ગોળાકારે ફરે છે અને ધરીના આ પરિભ્રમણને કારણે ખગોળના અન્ય તારાઓનું અંશમાન બદલાતું રહે છે. આ પરિભ્રમણને કારણે સંક્રાંતિનો વાર્ષિક દિન અંદાજે સાઠ વર્ષે એક દિન આગળ ઠેલાતો જાય છે. સો વર્ષ પહેલાં તા. ૧૨મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ ગણાતી. હાલ તા. ૧૪ના રોજ આ દિન આવે છે અને ગણતરીનાં વર્ષોમાં હવે તા. ૧૫ના રોજ મકરસંક્રાંતિ થવા લાગશે. પૃથ્વીની ધરીના પરિભ્રમણની ગતિનું સમયમાન ૨૫૬૦૦ વર્ષનું હોવાનું મનાય છે. પૃથ્વી પર તડકો–છાંયો, ઉષ્ણતામાન અને શીતમાનના સર્જનનો આધાર આ ત્રણેય ગતિઓ પર છે. પૃથ્વી સૂર્યથી દૂર હોય તો તેને ઓછી ગરમી મળે, સમીપ હોય તો વધુ ગરમી મળે. પૃથ્વીની ધરી ઓછી નમેલી હોય તો પણ તાપ આકરો લાગે, વધુ નમેલી હોય તો તેની ઉગ્રતા ઓછી હોય. અને ધરીના પરિભ્રમણનું પરિણામ એવું હોય છે કે પૃથ્વીના બે ગોળાર્ધ–ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધમાં ઋતુનો સમય બદલાતો રહે છે. હાલ ઉત્તર ગોળાર્ધમાં એપ્રિલથી સપ્ટેમ્બર ઉનાળાના મહિના ગણાય છે તથા ઓકટોબરથી માર્ચ સુધી ઠંડીની ઋતુ રહે છે. જ્યારે દક્ષિણ ગોળાર્ધમાં એટલે કે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઈન્ડોનેશિયા તથા દક્ષિણ આફ્રિકા, ટાન્ઝાનિયા, ર્‍હોડેશિયા, ઝાંબિયા અને દક્ષિણ અમેરિકાના ઘણા દેશોમાં એથી ઊલટું હોય છે. એટલે કે શિયાળો એપ્રિલથી સપ્ટેમ્બરમાં અને ઉનાળો ઓકટોબરથી માર્ચ સુધી ચાલે છે. પણ પૃથ્વીની ધરી પોતાના પરિભ્રમણનું આખું ચક્કર પૂરું કરે એટલે આ સ્થિતિ પલટાઈ જાય તથા ઋતુનો સમય બદલાઈ જાય.

ઉત્તર ગોળાર્ધમાં વર્તમાન પ્રચલિત સમશીતોષ્ણ હવામાનનું એક કારણ એવું છે કે જ્યારે અહીં શિયાળો હોય છે ત્યારે પૃથ્વી સૂર્યથી ટૂંકા વ્યાસને છેડે હોય છે અને ઉનાળામાં લાંબા વ્યાસને છેડે હોય છે. એટલે ઉત્તર ગોળાર્ધમાં શિયાળા હળવા તથા ઉનાળા પણ ઓછા ઉગ્ર હોય છે. પણ જ્યારે ધરીના પરિભ્રમણનું અડધું ચક્કર પૂરું થાય અને હાલના શિયાળાના સમયે ઉનાળો આવે ત્યારે ઉનાળો વધુ ઉગ્ર અને શિયાળો પણ ખૂબ ઉગ્ર બને, જે પરિસ્થિતિ હાલ દક્ષિણ ગોળાર્ધમાં પ્રવર્તે છે. અહીં લાખો ચોરસ માઈલના વિસ્તારમાં પાણી થીજીને જામેલા એકથી બે માઈલ ઊંચા બરફના પહાડો બંધાય છે. જ્યારે ઉત્તર ધ્રુવમાં પ્રમાણમાં બરફ હાલ નહિવત્ છે. પણ સદૈવ આ સ્થિતિ રહેવાની નથી. પૃથ્વીના સાડા ચાર અબજ વર્ષના જીવનકાળમાં દસબાર હજાર વર્ષનો સમય તો વર્ષના સમયમાં સાત સેકન્ડના જેટલો છે અને બાર હજાર વર્ષમાં પૃથ્વીના ધરીના પરિભ્રમણનું અર્ધું ચક્કર પૂરું થાય છે. બાર હજાર વર્ષ પહેલાં ઉત્તર ધ્રુવમાં સમશીતોષ્ણ હવામાન બદલાતાં ત્યાં વસેલા આર્યોએ સ્થળાંતર કર્યું એનું સંશોધન લોકમાન્ય બાળગંગાધર તિલકે "આર્યોના ઉત્તર ધ્રુવનિવાસ" નામના એક સંશોધન ગ્રંથમાં કર્યું છે. લોકમાન્ય તિલકે આપણા દેશના રાજકારણમાં એવું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે કે તેમનું આ વિદ્વત્તાપૂર્ણ સંશોધનકાર્ય તેમની એક ગૌણ સિદ્ધિ જ બની ગઈ. પણ એંસી વર્ષ પહેલાં તેમણે કરેલા આ સંશોધન પાછળના સત્યનો હવે સ્વીકાર થઈ ચૂક્યો છે.

પણ શીત હવામાનને કારણે ઉત્તર ધ્રુવ પ્રદેશ પરથી આર્યોએ કરેલા જે સ્થળાંતરનો તેઓએ નિર્દેશ કર્યો છે તે સ્થળાંતર તો બાર હજાર વર્ષ પૂર્વેના બહુ ઉગ્ર ન ગણાય એવા એક હિમયુગના સમયમાં થયેલું. એવા તો બીજા ઘણા હિમયુગો આ પૃથ્વી પર આવી ગયા છે અને બરફના પહાડો જમાવી ગયા છે અને તે ઓસરી પણ ગયા છે. સિત્તેર હજાર વર્ષ પૂર્વે એક ભારે હિમયુગ ઉત્તર ગોળાર્ધમાં પ્રવર્તી રહ્યો હતો જ્યારે યુરોપ–અમેરિકાના ઘણા દેશો પર બરફના પહાડો ફરી વળ્યા હતા. અને આવા હિમયુગો કેમ સર્જાવા પામે છે તેનો અભ્યાસ કરતાં સંશોધકોએ પૃથ્વીની આ ત્રણ ગતિઓના સંયોજનનો તાળો મેળવ્યો છે તથા છેલ્લાં દસ લાખ વર્ષમાં આવા જ પ્રચંડ પાંચ–છ જેટલા બીજા હિમયુગો થઈ ચૂક્યા છે એવું તારણ કાઢ્યું છે.

પૃથ્વીના સૂર્યની આસપાસના પરિભ્રમણમાર્ગની ધરીની વક્રતાનું ૯૨ હજાર વર્ષનું સમયમાન, પૃથ્વીનું ધરીના પરિભ્રમણનું ૨૫૬૦૦ વર્ષનું સમયમાન તથા ધરીની વક્રતાનું ૪૦ હજાર વર્ષનું સમયમાન એ ત્રણેય ગતિઓથી આ દસ લાખ વર્ષના સમયમાં ઘણી વાર પૃથ્વી અવકાશમાં એવા સ્થાન પર આવી જાય કે જ્યારે પરિભ્રમણની વક્રતા વધુમાં વધુ હોય, ધરી ખૂબ નમેલી હોય. આનાથી વિપરીત સંજોગોમાં એટલે કે વક્રતા ઓછામાં ઓછી હોય તથા ધરી ઓછી નમેલી હોય ત્યારે પૃથ્વીને સૂર્યમાંથી સવાગણી ગરમી મળે અને એમ તેના પરના હવામાનમાં સતત ફેરફારો થતા જ રહે છે.

**મોહનલાલ પી. ગાંધી**

# ફ્રોઈડ અને શ્રી અરવિંદ

[ફ્રોઈડ ઉપરના મારા લેખના અનુસંધાનમાં અમદાવાદથી ભાઈ એચ. એમ. વ્યાસે ફ્રોઈડ વિશે શ્રી અરવિંદે તેમના યોગ ઉપરના ગ્રંથમાં જે લખ્યું છે તેનું અવતરણ મને મોકલ્યું છે, જેનો અનુવાદ અહીં આપ્યો છે. —તંત્રી]

ફ્રોઈડના મનોવિશ્લેષણને કોઈએ યોગની સાથે સાંકળવું ન જોઈએ. એ માનવપ્રકૃતિના ચોક્કસ અંશને, સૌથી નિમ્ન, સૌથી જોખમી, રોગિષ્ઠ અંશને, સુષુપ્ત મનની નિકૃષ્ટ ચેતનાને હાથ ધરે છે; તેની કેટલીક સૌથી વિકારી પ્રક્રિયાઓને અલગ તારવે છે અને તેને તથા તે સર્વને પ્રકૃતિમાંના તેમના યથાર્થ હિસ્સાથી અમર્યાદ એવી સક્રિયતા અર્પે છે. આધુનિક માનસશાસ્ત્ર એ હજી ઊછરતું વિજ્ઞાન છે– એકીસાથે અવિચારી, અણઘડ અને પ્રાકૃત. માનવમનની એક સાર્વત્રિક ટેવ છે કે આંશિક યા એકાંગી સત્યને અયોગ્ય રીતે સર્વસામાન્ય નિયમનું રૂપ આપવું અને તેની સંકુચિત સંજ્ઞામાં પ્રકૃતિના સમગ્ર ક્ષેત્રને સમજાવવાનો પ્રયાસ કરવો–આ ટેવ બધાં ઊછરતાં વિજ્ઞાનોની જેમ અહીં પણ માઝા વટાવી ગઈ છે. વળી, દબાવાયેલી કામવાસનાના મહત્ત્વની અતિશયોકિત એ એક ભયજનક જૂઠાણું છે અને તેની ખરાબ અસર પડી શકે છે અને તે મન તથા પ્રાણશકિતને પહેલાં કરતાં મૂળભૂત રીતે ઓછાં નહિ પણ વધુ અશુદ્ધ બનાવે છે.

એ સાચું છે કે માનવીમાં રહેલી પ્રચ્છન્ન ચેતના તેની પ્રકૃતિનો સૌથી બૃહદ્ અંશ છે અને તેમાં અદશ્ય ક્રિયાશીલતાનું રહસ્ય છુપાયેલું છે, જે સપાટી પરની તેની પ્રવૃત્તિઓનું પ્રેરક છે. પણ ફ્રોઈડનું મનોવિશ્લેષણ તમોગ્રસ્ત અધસ અર્થાત્ અવચેતનાને જ ઓળખતું હોય એમ જણાય છે અને તેમાં પણ તેના કેટલાક અંધારિયા ખૂણાઓને જ– એ અવચેતના સમગ્ર પ્રચ્છન્ન ચેતનાના એક મર્યાદિત અને નિમ્ન અંશથી વિશેષ નથી. પ્રચ્છન્ન ચેતના ભીતરમાં રહે છે અને સમગ્ર બહિર્મુખ ચેતનાને સાથ આપે છે; તેની અંદર સપાટી પરના મનસની પાછળ બૃહદ્ અને વધુ કુશળ અધિમનસ્ રહેલું છે. સપાટી પરની પ્રાણશકિતની પાછળ બૃહદ્ અને વધુ શકિતસંપન્ન પ્રાણશકિત રહેલી છે, સપાટી પરના દૈહિક અસ્તિત્વ પાછળ વધુ મુકત અને સૂક્ષ્મતર ભૌતિક ચેતના રહેલી છે. અને તેમની ઉપર ઉચ્ચતર પરા-ચેતનામાં તેમ જ નીચે અધોમુખી અવચેતનાનાં ક્ષેત્રોમાં તે ખૂલે છે. પ્રકૃતિને પરિશુદ્ધ કરવા અને તેનું પરિવર્તન સાધવા ઈચ્છનારે આ ઊર્ધ્વ પરાચેતનાની અભિમુખ ખુલ્લા થવાની જરૂર છે અને તેમના દ્વારા પ્રચ્છન્ન તથા સપાટી પરની ચેતના ઉભયનું પરિવર્તન સાધવું જોઈએ. આ પણ ખૂબ સાવધાનીપૂર્વક કરવું જોઈએ, અપકવ રીતે કે ઉતાવળમાં નહિ, પણ એક ઉચ્ચતર શકિતની દોરવણીને વશ વર્તીને તથા હમેશાં યથાર્થ વલણ અપનાવીને; કારણ નહિ તો અવતરણ પામતી શકિત પ્રકૃતિના એક અસ્પષ્ટ અને નબળા માળખા માટે વધુ પડતી પ્રબળ હશે. પણ નિમ્ન અવચેતના પ્રતિ ખુલ્લા થઈને આરંભ કરવો એ તેમાં જે કંઈ નિકૃષ્ટ કે અસ્પષ્ટ છે તે સર્વને જાગૃત કરવાનું જોખમ વહોરવા જેવું છે–જાણે મુશ્કેલીને હાથે કરીને આમંત્રણ આપવું! સૌ–પ્રથમ ઉચ્ચતર મન અને પ્રાણશકિતને મજબૂત અને દઢ કરવાની તથા તેમને પ્રકાશ અને શાંતિથી ભરી દેવાની જરૂર છે. એ પછી અવચેતના પ્રત્યે ખૂલી શકાય યા તો તેમાં વધુ સલામતીથી તથા ઝડપી અને સફળ પરિવર્તનની થોડીક તક સાથે ડૂબકી મારી શકાય.

* * *

આ મનોવિશ્લેપકો આધ્યાત્મિક અનુભવને જ્યારે તેમની ટોર્ચને અજવાળે તપાસવા પ્રયાસ કરે છે ત્યારે તેમને જરા પણ ગંભીર ભાવે લેખવાનું મને મુશ્કેલ જણાયું છે, – છતાં કદાચ તેમને એ રીતે લેખવા જોઈએ કારણ અર્ધદગ્ધ જ્ઞાન એ એક ભારે શકિત-શાળી વસ્તુ છે અને સાચા તથ્યની આગળ તે એક મોટા અવરોધ-રૂપે આવી શકે તેમ છે. આ નવું માનસશાસ્ત્ર પૂરતા મૂળાક્ષરો નહિ પણ કોઈક પ્રકારનો તેનો સાર શીખતાં હોય તેવાં બાળકોના જેવું જ મને વધુ લાગે છે. તેઓ અવચેતનાના તેમનાં અ-બ-ક-ડ ને રહસ્યમય આંતરિક બૃહદ્ અહમ્ સાથે સાંકળવામાં ખૂબ જ આનંદ પામે છે અને એમ કલ્પી લે છે કે અસ્પષ્ટ આરંભની તેમની બાળપોથી (સીએટી - કેટ, ટી આર ડબલ ઈ - ટ્રી) એ સાચા જ્ઞાનનું ખરેખરું હાર્દ છે. તેઓ નીચેથી ઉપર તરફ દષ્ટિ કરે છે અને નિમ્ન સ્તરની અસ્પષ્ટતાઓ દ્વારા ઉચ્ચતર પ્રકાશની સમજ આપે છે; પણ આ બાબતોનો પાયો તો ઉપર છે અને નીચે નહિ–उपरि बुघ्नो एसम् । અવચેતના નહિ પણ પરાચેતના એ જ સર્વ વસ્તુઓની સાચી આધારશિલા છે. કમળની સૂચકતા તે અહીં જેમાંથી ઊગે છે તે કાદવનાં રહસ્યોના પૃથક્કરણથી પ્રાપ્ત નહિ થાય, પણ દિવ્ય પ્રકાશમાં ચિરંતન ખીલી રહેલા કમળના સ્વર્ગીય નમૂનામાં તેનું રહસ્ય ખોળવું રહે છે. આ મનોવિશ્લેષકોએ જેને આપમેળે અપનાવી લીધું છે તે તેમનું ક્ષેત્ર વધુમાં કંગાળ, અંધારઘેરું અને મર્યાદિત છે. અંશને જાણી શકો તે પહેલાં તમારે સમગ્રનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ અને નિમ્નતમને ખરેખર સમજી શકો તે પહેલાં ઉચ્ચતમનું જ્ઞાન મેળવવું જોઈએ. જેનો સમય પાકી રહ્યો છે તે બૃહદ્ મનોવિજ્ઞાનનું આ વચન છે અને તેની આગળ પછી આ કંગાળ આંધળુકિયાં અદશ્ય બની જશે અને તેની અસર પણ તદ્દન ધોવાઈ જશે.

શ્રી અરવિંદ : અનુ. હિંમતલાલ મહેતા

## સંભવામિ

ગોપીઓ ઉદાસ છે.
કીર્તનકારોએ કીર્તન બાજુ પર મૂકી દીધાં છે.
કૃષ્ણ વૃંદાવન છોડી ગયા છે,
અને હવે
ન્યુયૉર્ક ગયા છે.
ત્યાંથી તેઓ લૉસ - એન્જેલિસ જશે
અને ત્યાં ગીતાના મહિમા પર પ્રવચન આપશે.
કહે છે ત્યાંના લોકો
'હરે કૃષ્ણ, હરે કૃષ્ણ' ગાતા
ભાવ - આવેશમાં ડૂબી જાય છે.
ત્યાંથી તેઓ લંડન જશે
અને પછી ફ્રેન્કફર્ટ સેટલ થશે.
એક આશ્રમ સ્થપાશે
ત્યાં ગાયો હશે, દહીં વલોવાશે
પ્રભાતે વેદની ઋચાથી ઉષાને વધાવાશે.

જે લોકો સમૃદ્ધિની છોળથી ઓચાઈ ગયા છે
અને જ્યાં શૂન્ય વિસ્તરી રહ્યું છે
તેમની વચ્ચે હવે કૃષ્ણ
પોતાની લીલાનું રહસ્ય ખુલ્લું કરશે,
અને

ફરીથી ધર્મની સ્થાપના કરશે!?

વિપિન પરીખ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪ ટે. નં, ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૨૩

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૭૩, રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## સંઘર્ષ કે સહકાર?

ઈંગ્લાંડમાં ફુગાવો ખૂબ વધી ગયો છે. તેને અંકુશમાં લાવવા કન્ઝર્વેટિવ સરકાર મજૂરોનાં વેતન અને ચીજવસ્તુના ભાવો ઉપર અંકુશ મૂકવા કાયદો કરે છે. Wages and Prices Policy. ઉદ્યોગ અને મજૂરો સમજણપૂર્વક સ્વેચ્છાએ આવા અંકુશો સ્વીકારે તે માટે સરકારે બન્ને પક્ષ સાથે લગભગ છ મહિના વાટાઘાટ કરી પણ નિષ્ફળ ગઈ. અંતે કાયદો કર્યો. મજૂરોનો આ સામે સખત વિરોધ છે અને ઈંગ્લાંડમાં ઉપરાઉપર હડતાળો પડે છે. રેલવે, ગેસ, હોસ્પિટલ સ્ટાફ, ફોર્ડનાં કારખાનાં અને બીજાં કેટલાં ય ક્ષેત્રોમાં હડતાળો પડે છે. ત્યાં મજૂર-સંઘો ઘણા બળવાન અને સંગઠિત છે. સરકાર અને મજૂરો વચ્ચે તીવ્ર સંઘર્ષ જામ્યો છે. મજૂરોને લાગે છે કે ભાવઅંકુશ જોઈએ તેટલો નથી અને મોંઘવારી વધતી જાય છે, તેવા સંજોગોમાં પગારવધારા ઉપર અંકુશ મૂકવાથી મજૂરોની સાચી આવક ઘટે છે. આ કાયદો ઘણો અટપટો છે અને તેનો અમલ બરાબર થાય તે વિષે શંકાઓ છે.

### આપણું ગાણું સાવ પુરાણું

આપણું ગાણું સાવ પુરાણું
સાંકડી શેરીએ જે સમાણું,
પંડનું કેવળ ગાય ઉખાણું,
આપણું ગાણું સાવ પુરાણું

આભના ઓલ્યા સૂરજ ચંદર
અંજવાળાં ના સંઘરે અંદર;

વાયરા સદા વાય વેળાના
ભોર ભલે હો રાતનું ટાણું!
આપણું ગાણું સાવ પુરાણું

બંસરી બોલે બોલ બે મીઠા
કંઠનાં કામણ કોક અદીઠાં;

સાત સૂરો ના અમથા છેડે
ઉરને એના વીંધતું કાણું!
આપણું ગાણું સાવ પુરાણું

ગામને પાધર વડલો મોટો
વડવાઈયુંનો હોય ના તોટો;

ભૂળિયાં એનાં ભોંયમાં ઊંડાં
આપતો શીતળ છાંયનું લ્હાણું!
આપણું ગાણું સાવ પુરાણું

દિલની વાતું દિલ હી માણે
આંખની વાણી આંખડી જાણે;

એકબીજાંને રંગવામાં, ભાઈ,
માનવીના હું મનને માણું!
આપણું ગાણું સાવ પુરાણું

—બકુલ રાવળ

આવા સંઘર્ષને બદલે સહકારને માર્ગે જવા એક ઉદ્યોગપતિ અર્નેસ્ટ બેડરે સૌને અપીલ કરી છે. બેડરનો માર્ગ સર્વોદયનો છે. તેમનું પોતાનું કારખાનું હતું. ૧૯૫૧માં આ કારખાના ઉપરથી પોતાના માલિકીહક્ક તેમણે છોડી દીધા અને મજૂરોને સહભાગી બનાવ્યા. સ્કોટ-બેડરે કોમનવેલ્થ રચી, અને એક નવી સમાજરચનાનો પ્રયોગ શરૂ કર્યો. A New Social Order. પોતે અમુક પગાર લીધો અને નિવૃત્તિ પેન્શન નક્કી કર્યું. ૨૧ વર્ષના અનુભવે તેઓ જણાવે છે કે આ પ્રયોગ સફળ થયો છે. ૧૯૫૧માં છ લાખ પાઉન્ડનું વેચાણ હતું તે વધીને ૫૦ લાખનું થયું છે. દોઢ લાખ પાઉન્ડ મજુરોને બોનસ તરીકે આપ્યા છે, દોઢ લાખ પાઉન્ડ લોકકલ્યાણનાં કાર્યોમાં વાપર્યા છે. પોતે નિવૃત્ત થયા છે અને સારું પેન્શન મળે છે અને કહે છે કે પોતે સંપૂર્ણ સલામત છે–(આર્થિક દષ્ટિએ). કારણકે ૪૦૦ વ્યકિતઓની સલામતી તેમની સલામતીમાં સમાયેલી છે.

વર્તમાન આર્થિક કટોકટીમાં સંઘર્ષ છોડી સહકારને માર્ગે જવા તેમણે ઉદ્યોગપતિઓ અને મજૂરોને અપીલ કરી છે. તેમની અપીલ, જે તા. ૧૬-૩-'૭૩ના 'ગાર્ડિયન'માં પ્રકટ થઈ છે તેના અગત્યના બે ફકરાઓનો અનુવાદ અહીં આપું છું:

'સતત પ્રવર્તમાન ઔદ્યોગિક કટોકટીમાં સરકારી સંસ્થાઓ અને કામદાર–સંઘો ઉભય, તેમની સ્વરૂપગત પ્રકૃતિથી આપણા સમાજમાં વિસ્તાર પામી રહેલી ખાઈને પૂરવા અસમર્થ છે. આપણે આફતની દિશામાં આગળ વધી રહ્યાં છીએ એમ સમજી શકનાર સંભવત: આપણે પહેલી જ સંસ્કૃત પ્રજા છીએ. વિનિપાતની ચક્રાકાર ગતિને ભેદવા માટે કોઈકે તો પ્રવૃત્ત બનવું જ જોઈશે, જેથી માનવીય તેમ જ સામગ્રીના રૂપનાં આપણાં સર્વ સાધનોનો સમસ્ત માનવજાતના હિતમાં વિનિયોગ થઈ શકે. આપણા ઉદ્યોગપતિઓ સમક્ષ આ વિધાયક પગલું લેવાની તકો રહેલી છે.'

*

'સમષ્ટિના કલ્યાણ અર્થે સંપત્તિ અને સત્તાના પોતાનાં વળગણોથી જેઓ મુકત બની શકતા નથી તેઓ બધા જ એક વાતની ખાતરી રાખે કે વહેલે યા મોડે તે સંપત્તિ અને સત્તાને, તમારાં મૂલ્યધોરણોને જેણે ફગાવી દીધાં છે તેવા એક સમાજ દ્વારા નિરર્થક બનાવી દેવાશે, અથવા તો હિંસક ક્રાંતિદ્વારા એને તમારી પાસેથી બળપૂર્વક આંચકી લેવાશે. તો પછી જ્યાં સુધી હજી એ અર્થપૂર્ણ રહ્યાં છે ત્યાં સુધી એક બહેતર જગતનું નિર્માણ કરવાના ઉત્તેજનાપૂર્ણ સાહસમાં તેને યોજવાનો આનંદ શા માટે ન માણવો?'

છેલ્લા ફકરામાં ચેતવણી છે તે આપણે સાંભળશું?

૨૬–૩–'૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

**ગુજરાતનું દુર્ભાગ્ય**

આ લખાય છે ત્યારે ગુજરાતનું રાજકારણ ચકડોળે ચડયું છે. છેલ્લી ચૂંટણીમાં શાસક કૉંગ્રેસને જંગી બહુમતી મળી ત્યારે એવી આશા બંધાઈ હતી કે હવે ગુજરાતને સ્થિર રાજતંત્ર મળશે. શાસક કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી આપવા આ જોરદાર દલીલ આગળ ધરવામાં આવતી. આ આશા ઠગારી નીવડી છે. વિરોધ પક્ષ નથી ત્યારે શાસક કૉંગ્રેસના આંતરિક સંઘર્ષો તેને નબળી પાડે છે. પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખની ચૂંટણી સમયે શ્રી કાન્તિલાલ ઘિયા અને શ્રી ચીમનભાઈ પટેલના જૂથે ઉઘાડો બળવો કર્યો અને સર્વાનુમતે ચૂંટણી કરવાના કૉંગ્રેસ વરિષ્ઠ મંડળના પ્રયત્નો નિષ્ફળ ગયા. આ જૂથ હારી ગયું, પણ ઝેર નિચોવાયું નહિ. એમ કહેવામાં આવતું કે લોકશાહીમાં ચૂંટણી આવકારદાયક લેખાવી જોઈએ. પણ ચૂંટણીના પરિણામને ખેલદિલીથી સ્વીકારવાને બદલે ખટપટ ચાલુ રહી. હવે સમાજવાદી ફોરમે ઉપાડો લીધો છે. જે વ્યકિતઓને જાહેર જીવનમાં કોઈ સ્થાન હોવું ન જોઈએ એવી વ્યકિતઓ આગેવાનીનો દાવો કરે છે. શાસક કૉંગ્રેસમાં શંભુમેળો ભેગો થયો છે અને તેમાં અનેક અનિષ્ટ બળો દાખલ થયાં છે અને કોઈ તત્ત્વનિષ્ઠા રહી નથી. તેનું પ્રતિબિમ્બ વર્તમાન પરિસ્થિતિમાં પડે છે. ચૂંટણી પછી પક્ષની મોટી બહુમતી હોવા છતાં નેતાની પસંદગી કરી ન શકયા. છેવટ શ્રીમતી ઈન્દિરા ગાંધીએ શ્રી ઘનશ્યામભાઈ ઓઝાની પસંદગી કરી. પણ આ પસંદગી ધારાસભ્યોની પોતાની નહિ હોવાથી ધારાસભ્યોને કોઈ જવાબદારીનું ભાન નથી રહ્યું, તેમ નેતા પ્રત્યે વફાદારીની લાગણી નથી. ઘનશ્યામભાઈ સજ્જન છે અને સૌને રાજી રાખવા પ્રયત્ન કરે છે પણ નાજુક સંજોગોને કારણે બળવાખોરો સામે સખત હાથે કામ લેવું જોઈએ તે લઈ શકે તેમ નથી. કૉંગ્રેસ વરિષ્ઠ મંડળની નીતિ સમજાતી નથી. અથવા કોઈ નીતિ હોય તેમ જણાતું નથી. શાસક કૉંગ્રેસમાં સામ્યવાદીઓ ઘૂસ્યા છે, જેમના તરફથી સમાજવાદી ફોરમને પ્રોત્સાહન મળે છે. જાહેર જીવનનું ધોરણ એટલું નીચું ગયું છે કે હવે આપણને આઘાત પણ થતો નથી. નહિ તો વિકરાળ દુષ્કાળનો પંજો પ્રજા ઉપર ફરી વળ્યો છે ત્યારે આ વેંતિયા માણસો પોતાની સત્તા અને સ્થાન માટે હોંસાતોંસી કરતા હોય તે અસહ્ય થઈ પડવું જોઈએ. કૉંગ્રેસ વરિષ્ઠ મંડળને આવી અસ્થિર પરિસ્થિતિ કદાચ ગમતી હશે કે જેથી બધાને દિલ્હીના દોડા કરવા પડે અને દીક્ષિત, શર્મા કે વડા પ્રધાનના દ્વારે લાચારીથી સલામી કરવી પડે. આવા સંજોગોમાં દુષ્કાળ છે ત્યારે તંત્રની શિથિલતા પ્રજાનું મોટું દુર્ભાગ્ય જ લેખાવું જોઈએ. વિરોધ પક્ષ રહ્યો નથી અને જે છે તે એટલા મરણિયા થયા છે કે તદ્દન બિનજવાબદાર રીતે ધાંધલ અને ચિચિયારી કરવામાં જ માને છે. આ બળવો કદાચ શમાવી દેવાશે પણ મૂળિયાં ખવાતાં જાય છે.

**વન્દે માતરમ્**

વન્દે માતરમ્‌ના વિવાદે જે વંટોળ જગાડયો છે તે જોતાં તેની પાછળ કોઈ વિશિષ્ટ બળો કામ કરી રહ્યાં છે તેમ માનવાને કારણ મળે છે. નહિં તો સ્કૂલમાં વન્દે માતરમ્ ગાવું કે નહિ એવી નજીવી બાબત આવું ગંભીર સ્વરૂપ લે નહિ. બન્ને બાજુનાં કોમી બળો જમાવટ કરી રહ્યાં છે. વન્દે માતરમ્ પ્રેરક ગીત છે પણ તે રાષ્ટ્રગીત નથી તે ભૂલી જવું ન જોઈએ. રાષ્ટ્રગીત પ્રત્યે પણ પ્રજાનો જોઈએ તેવો આદર નથી અને આદર મેળવવા કાયદો કરવો પડે છે, દંડ કરવો પડે છે. તો, વન્દે માતરમ્ ફરજિયાત બધે ગવાવું જોઈએ એવો આગ્રહ વાજબી નથી. મુસલમાનોનો વિરોધ પાયા વિનાનો છે. તેમની ધાર્મિક લાગણી દુભાય તેવું વન્દે માતરમ્ ગીતમાં કાંઈ જ નથી. મુસલમાનો મૂર્તિપૂજામાં માનતા નથી તેથી માતૃભૂમિને વંદન કરવામાં ધાર્મિક બાધ આવે છે એ અર્થહીન વાત છે. સ્થાનકવાસી જૈનો મૂર્તિપૂજામાં માનતા નથી, આર્યસમાજીઓ મૂર્તિપૂજા સ્વીકારતા નથી, તેથી 'વન્દે માતરમ્'નો વિરોધ કરે તેમ નથી. સમજદાર મુસલમાનોએ વન્દે માતરમ્‌ના વિરોધનો અસ્વીકાર કર્યો છે. વન્દે માતરમ ફરજિઆત ગાવાનો આગ્રહ રાખવામાં ન આવે તો વિરોધ ઉગ્ર સ્વરૂપ લેવાને બદલે શમી જશે. ધારાસભા કે કોર્પોરેશનમાં હમેશ શરૂઆતમાં વન્દે માતરમ્ ગાવાનો આગ્રહ રાખવો વ્યાજબી નથી લાગતો. વન્દે માતરમ્‌ને બદલે મુસલમાનો "હિન્દુસ્તાં હમારા" ગાય તેમ કરવું એ સૂચના વધારે બેહૂદી છે. તેથી તો બે કોમ વચ્ચેનો ભેદ વધારે દઢ કરીએ છીએ. જનસંઘને અને મુસ્લિમ લીગને કોમી લાગણી ઉશ્કેરવાનો આ મોકો મળી ગયો છે. એવી તક તેમને આપવી ન જોઈએ. કૉંગ્રેસના માણસો પણ આ ઉશ્કેરણીમાં ખેંચાય છે તે આશ્ચર્યજનક છે. આ વિવાદ વધારે વિપરીત પરિણામો લાવે તે પહેલાં તેનો અંત લાવવો જોઈએ.

**બનારસ યુનિવર્સિટી**

શિક્ષણ સંસ્થાઓમાં થતાં તોફાનો માટે દેખીતી રીતે વિદ્યાર્થીઓને દોષ દેવાય છે. પણ થોડા ઊંડે ઊતરી તપાસ કરીએ તો જે બીજાં તત્ત્વો ખરો ભાગ ભજવે છે તે દેખાઈ આવે છે. ૧૪૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી દેશની મોટી યુનિવર્સિટી લગભગ ચાર મહિનાથી બંધ રાખવી પડી છે અને ફરી શરૂ કરવાના પ્રયત્નો થતાં ફરી તોફાનો થાય છે તેમાં વિદ્યાર્થીઓ કરતાં કેટલાક રાજકીય પક્ષો જ દોષિત છે તે હવે સ્પષ્ટ છે. બનારસ યુનિવર્સિટી કેટલાંક વર્ષોથી રાજકીય પક્ષોનો ભોગ બની છે. બનારસ યુનિવર્સિટીને હિન્દુ યુનિવર્સિટી રાખવી અને હિન્દુ ધર્મના પ્રચારનું અને હિન્દુ રાજ્યના સ્વપ્નનું કેન્દ્ર બનાવવું એ ધ્યેય કેટલાક રાજકીય પક્ષોનું છે. આર. એસ. એસ. અને જનસંઘે વિદ્યાર્થીઓમાં પગપેસારો કરી, યુનિવર્સિટીમાં અડ્ડો જમાવ્યો છે. વિદ્યાર્થી પરિષદનો દોર આ પક્ષોના હાથમાં છે. બીજા વિરોધ પક્ષો રાજકીય હેતુથી તેમાં જોડાયા છે. પ્રત્યાઘાતરૂપે કૉંગ્રેસ અને સામ્યવાદી પક્ષ પોતાનો પ્રચાર કરે છે. વિદ્યાર્થીઓની સાચી ફરિયાદો – જો કાંઈ હોય તો – ને ગૌણ સ્થાન છે. યુનિવર્સિટીને રાજકીય સંઘર્ષનો અખાડો બનાવી છે. વાઈસ ચાન્સેલર ડૉ. શ્રીમાળી વિદ્યાર્થીઓની સાચી ફરિયાદોનું નિરાકરણ કરવા તત્પર છે, પણ હેતુ રાજકીય હોવાથી અશકય માગણીઓ મૂકે છે. દા. ત. દિલ્હીમાં એશિયા પ્રદર્શન થયું તેની મુલાકાત માટે વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવી, નાપાસ થયેલ બધા વિદ્યાર્થીઓને ઉપરના વર્ગમાં ચડાવવા, શિસ્તહીન વર્તન માટે બરતરફ કરેલ વિદ્યાર્થીઓને દાખલ કરવા વગેરે.

અલીગઢ યુનિવર્સિટી અને બનારસ યુનિવર્સિટી બન્ને કેન્દ્રસંચાલિત છે. બન્નેનું કોમી સ્વરૂપ દૂર કરી, રાષ્ટ્રીય બનાવવા કેન્દ્રના પ્રયત્ન છે. બન્ને સ્થળે, એક પક્ષે હિન્દુ અને બીજા પક્ષે મુસ્લિમ કોમવાદીઓનો વિરોધ છે. અલીગઢ યુનિવર્સિટીના એકટમાં કેટલાક ફેરફાર કર્યા તે આવશ્યક અને તેના વહીવટમાં હિતકારી છે. પણ તેથી યુનિવર્સિટીનું "મુસ્લિમ સ્વરૂપ" જળવાતું નથી તેવું કારણ આપી તાજેતરમાં દિલ્હીમાં સંમેલન થયું. તેને સંસ્થા કૉંગ્રેસ, સ્વતંત્ર વગેરે પક્ષોએ ટેકો આપ્યો. ઉત્તર પ્રદેશમાં થોડા સમય પછી ચૂંટણી આવી રહી છે તેના સંદર્ભમાં આ બન્ને યુનિવર્સિટીમાં આંદોલનો માત્ર રાજકીય હેતુથી થાય છે તે સ્પષ્ટ છે. હજારો વિદ્યાર્થીઓનું ભાવિ બગડે છે તેની આ રાજકીય પક્ષોને કાંઈ પડી નથી. મોટા ભાગના વિદ્યાર્થીઓ આવા આંદોલનમાં ભાગ લેતા નથી અથવા

તેની વિરુદ્ધ છે. પણ કેટલાક વિદ્યાર્થીઓ રાજકીય પક્ષોના હાથા બન્યા છે તે બળજબરીથી શાન્તિ થવા દેતા નથી.

કેન્દ્ર સરકારે દૃઢતાથી કામ લેવું જ પડશે અને કોમી બળોને ડામવાં જોઈશે.

## ઘઉંનો જથ્થાબંધ વેપાર

કેન્દ્ર સરકાર મક્કમ હોવાથી, છેવટ બધાં રાજ્યોએ ઘઉંનો જથ્થાબંધ વેપાર પોતાના હસ્તક લેવાની શરૂઆત કરી છે. રૂનો વેપાર સરકાર હસ્તક લીધો તેના કરતાં આ પગલાનો વધારે વ્યાપક અને સખત વિરોધ થયો છે. કારણ કે આ પગલાની અસર આખા દેશમાં વ્યાપારી આલમ ઉપર અને સમગ્ર જનતા ઉપર પડે છે. બન્ને પક્ષે જાણીતી દલીલો છે. સરકાર તરફથી કહેવામાં આવે છે કે વેપારીની સંગ્રહવૃત્તિ, નફાખોરી, અછતનો પૂરો લાભ લેવાની તકવાદિતા, કાળાં નાણાંનો વ્યાપક ઉપયોગ, ખેડૂતોનું શોષણ વગેરે અનિષ્ટોને દૂર કરવાનો બીજો ઉપાય નથી. સરકાર માને છે કે આ પગલાથી સમસ્ત પ્રજાને, ખાસ કરી આમજનતાને, વાજબી ભાવે ઘઉં અને પછી બીજું ધાન્ય પૂરું પાડી શકાશે અને ભાવ નીચે આવશે, મોંઘવારી ઘટશે અને ફુગાવો અંકુશમાં આવશે. વેપારી તરફથી કહેવાય છે કે સરકાર પાસે આવા મોટા કામને પહોંચી વળવા કાર્યક્ષમ તંત્ર નથી; અમલદારશાહી વધતાં લાંચરુશવત વધશે, પ્રજાને અનાજ પહોંચતાં વિલંબ થશે અને હાડમારી વધશે, કરોડોનો ખોટો ખર્ચ થશે અને બગાડ થશે, લાખો માણસો, ખાસ કરી મધ્યમ વર્ગના, જે આ ધંધામાં રોકાયેલ છે તે બેકાર થશે, કાળાં બજાર વધશે, અનાજ ભૂગર્ભમાં જશે.

બન્ને પક્ષે દલીલોમાં વજૂદ છે. પરિણામથી જ ખબર પડશે કે કયો માર્ગ વધારે પ્રજાહિતકારી છે.

વેપારીઓએ માત્ર વિરોધ કરવાને બદલે, જે અનિષ્ટોને કારણે સરકારે આ પગલું લેવું પડ્યું છે તેને દૂર કરવા અથવા ઓછાં કરવાના અસરકારક ઉપાયો બતાવ્યા હોત તો, વેપારીઓ પોતાના સ્વાર્થ માટે જ લડે છે એમ ન લાગત અને પ્રજાહિત તેમના હૈયે છે તેવી ખાતરી પ્રજાને કરી આપવી જોઈતી હતી.

સરકાર તરફથી આ યોજનાનો અમલ બરાબર થાય તો જે ભય બતાવાય છે તેને કદાચ કારણ નહિ રહે. પણ કેટલીક રાજ્ય સરકારોને આ યોજનામાં વિશ્વાસ નથી અને ફરજિયાત કરવું પડ્યું છે. વળી આ યોજનાના સફળ અમલ માટે, સખત પગલાં લેવાં જરૂરી થઈ પડે તે લેવા સરકારની હિંમત ન હોય, ખેડૂતો બાંધેલા ભાવે અનાજ આપે નહિ, કાળાં બજાર થાય. આ યોજના પ્રજાનો પૂરો સહકાર માગે છે.

એ પણ છે કે ઘઉંના પરચૂરણ વેપારની છૂટ છે. સરકાર અને આવા વેપારીઓ વચ્ચે સમજણપૂર્વક કામ થાય તો પ્રજાને બહુ હાડમારી ન થાય. પણ પરચૂરણ વેપારીઓ કાળાં બજારમાં પડી જાય તો પ્રજાની હાલાકી વધે અને સરકારે સખત હાથે કામ લેવું પડે. રેશનિંગ અને ફેર પ્રાઈસ શોપના અનુભવો બતાવે છે કે ગેરરીતિઓ સારા પ્રમાણમાં રહે છે.

આ સરકાર અત્યારે તો આ માર્ગને જ વરેલી છે. ચોખાનો જથ્થાબંધ વેપાર પણ લેશે એટલું જ નહિ પણ પ્લાનિંગ મિનિસ્ટર મિ. ધરે કહ્યું છે કે જીવનજરૂરિયાતની બીજી વસ્તુઓ – ખાંડ, કાપડ, ઘાસલેટ, સાબુ વગેરેનો વેપાર પણ સરકાર હસ્તક કરવો પડશે. સંગ્રહખોરી કે નફાખોરીનાં અનિષ્ટો દૂર કરવાનો એક માર્ગ સહકારી ધોરણ છે. પણ સહકારી મંડળીઓનો અનુભવ સુખદ નથી. મહારાષ્ટ્રની ખાંડની સહકારી મંડળીઓએ નવી "રાજાશાહી" પેદા કરી છે.

શ્રી જયપ્રકાશ નારાયણે સરકારના આ પગલાનો વિરોધ કર્યો છે. તેમની દૃષ્ટિ સર્વોદયની છે. જેમાં રાજ્યતંત્ર અથવા અર્થતંત્ર વિકેન્દ્રિત છે અને ઓછામાં ઓછી સરકારી દરમિયાનગીરીને સ્થાન છે. પણ તે સાથે તેમાં પરિગ્રહ, લોભ અને તૃષ્ણાનો ત્યાગ છે, સ્વેચ્છાએ સંયમ છે. આવો સ્વૈચ્છિક સંયમ અને ત્યાગ પ્રજા અને તેનો ધનિક અને સુખી વર્ગ સ્વીકારવા તૈયાર ન હોય તો શ્રી જયપ્રકાશ નારાયણના વિરોધથી વેપારી વર્ગ બહુ આશ્વાસન મેળવી શકે તેમ નથી અથવા તેનો આશરો લઈ, પોતાના વિરોધ માટે ટેકો મેળવે તેમ નથી.

સરકારના આ પગલાંના આર્થિક પરિણામો કરતાં પણ તેનાં રાજકીય પરિણામો વધારે વિચારણા માગે છે. વેપારી અને ખેડૂત વર્ગ મોટે ભાગે કૉંગ્રેસને ટેકો આપતો રહ્યો છે. હવે સરકાર અને આ વર્ગ વચ્ચે સંઘર્ષ થાય છે. જમીનસુધારણાના કાયદાઓથી મોટા ખેડૂતોનો વિરોધ અને તેમનું સરકારવિરોધી સંગઠન થઈ રહ્યું છે. અનાજનો વેપાર સરકાર હસ્તક જતાં મોટા ખેડૂતો અને સરકાર વચ્ચે વધારે સંઘર્ષ થશે એવું જ વેપારીઓનું. શાસક કૉંગ્રેસમાં વેપારી વર્ગ સારા પ્રમાણમાં છે. મુંબઈમાં શ્રી દેવજી રતનશી શાસક કૉંગ્રેસના આગેવાન કાર્યકર્તા છે પણ સરકારની આ નીતિનો વિરોધ કરવામાં તેમની આગેવાની છે અને તેમની સામે શિસ્તભંગનાં પગલાં કેમ ન લેવાં તેવી માગણી થઈ રહી છે. રશિયામાં જમીનદારોનો નાશ કરવા સ્ટેલિને દમનનો દોર છૂટો મૂક્યો હતો. આપણે ત્યાં લોકશાહી છે. શાસક પક્ષ નીચલા થર અને ગરીબોના મત મેળવવા વર્ગવિગ્રહ અને સંઘર્ષ વધારશે? રાજકીય અને આર્થિક બળોનું ધ્રુવીકરણ" (Polarisation of political and economic forces) વધશે? શાસક કૉંગ્રેસ મધ્યમ માર્ગ અને મિશ્ર અર્થતંત્રને વરેલી છે તે વધારે ડાબેરી થશે? જમણેરી અને ડાબેરી બળોનું સંગઠન વધશે? શાસક કૉંગ્રેસનું વર્તમાન સ્વરૂપ જોતાં તેનાં આવાં બધાં પગલાં અર્ધદગ્ધ–Half hearted રહેશે એમ લાગે છે. પરિણામે વિરોધ નોતરશે છતાં તેનાં પગલાં સફળ નહિ થાય અને અસ્થિરતા વધશે.

## હેવાનિયતની અવધિ

દિલ્હીમાં બે નર્સો રાત્રે સિનેમા જોઈ એક મિની બસમાં બેઠી. છેલ્લા બસસ્ટોપ ઉપર બધા ઉતારુઓ ઊતરી ગયા. નર્સોને થોડે દૂર જવું હતું એટલે ત્યાં સુધી લઈ જવા કન્ડક્ટરને વિનંતિ કરી. બસ થોડી આગળ ગઈ અને ડ્રાઈવર અને કન્ડક્ટરની દાનત બગડી અને નર્સો ઉપર હુમલો કર્યો. બન્ને નર્સો લશ્કરી હૉસ્પિટલમાં નોકરી કરતી હતી અને લેફ્. કર્નલનો હોદ્દો ધરાવતી હતી. બહાદુર હતી એટલે કાંઈક સામનો કર્યો, પછી બન્નેએ બસમાંથી પડતું મૂક્યું. એકનું તાત્કાલિક મૃત્યુ થયું અને બીજી સખત ઘાયલ થઈ. ડ્રાઈવર અને કન્ડક્ટર ૨૨/૨૩ વર્ષના યુવાનો હતા.

આ બનાવ ઘણો આઘાતજનક છે. ડ્રાઈવર અને કન્ડક્ટરનું વર્તન પૂર્વયોજિત ન હતું. જેમ થોડા સમય પહેલાં નેપીઅન્સી રોડ ઉપર એક ફ્લેટમાં ત્રણ મજૂરોએ એક બાઈનું ખૂન કર્યું, તેવું જ તત્કાલનું આ દુષ્કૃત્ય હતું. પાર્લામેંટમાં આ બનાવની ચર્ચા થઈ ત્યારે પોલીસે સખત હાથે કામ લેવું જોઈએ એવી માગણી થઈ. પણ આપણે ભૂલવું ન જોઈએ કે આવા બનાવો સમાજના રોગિષ્ઠ અને અસ્થિર માનસનું પ્રતિબિમ્બ છે. પોલીસ કેટલું કરી શકે? શું એક એક માણસ પછવાડે પોલીસ મૂકીશું? દિલ્હીમાં ગુનાનું પ્રમાણ ઘણું વધતું રહ્યું છે. બધાં મોટાં શહેરોનું આ અનિષ્ટ છે. અમેરિકામાં મોટાં શહેરોમાં રાત્રે સ્ત્રીએ એકલા બહાર નીકળવામાં જોખમ છે. માત્ર સ્ત્રીઓ જ શું, પુરુષો પણ લૂંટાય છે. મુંબઈમાં કહેવાતા સારા લત્તાઓમાં અનીતિનાં ધામોમાંથી કેટલીક યુવાન સ્ત્રીઓને છોડાવવાના બનાવો લગભગ હમેશ બહાર આવે છે. જીવન પ્રત્યે નફરત વધતી જાય છે. તેનો ઉપાય પોલીસ કે કાયદો નથી પણ સમાજના આગેવાનો અને પ્રજા ઉપર અને યુવાન પેઢી ઉપર પ્રભાવ પાડી શકે તેવા શિક્ષકો કે ધર્મગુરુઓની જવાબદારી છે.

## વકીલોની ફી

થોડા દિવસ પહેલાં ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્ન પુછાયો હતો કે વકીલોની ફી ઉપર સરકાર કાંઈ મર્યાદા બાંધવા વિચારે છે કે નહિ. તેના જવાબમાં નાણામંત્રી શ્રી કાન્તિલાલ ઘિયાએ કહ્યું હતું કે સરકાર હાલ આવું કાંઈ વિચારતી નથી. શ્રી ઘિયાને અથવા પ્રશ્ન પૂછનારને આ બાબતની ગંભીરતાનો પૂરો ખ્યાલ કદાચ નહિ હોય તેમ લાગે છે. પણ આ પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે.

દરેક બુદ્ધિજીવી ધંધામાં બને છે તેમ, લબ્ધપ્રતિષ્ઠ થોડી વ્યકિતઓ મોટી કમાણી કરે છે જ્યારે મોટા ભાગના લોકોને આજીવિકા મેળવવા મુશ્કેલી પડે છે. ઓડિટરના ધંધામાં આવી પરિસ્થિતિની ગંભીરતા સરકારના ધ્યાન ઉપર આવી છે અને તેને માટે કંપની ધારામાં ફેરફાર કરવાનું સરકાર વિચારી રહી છે. દાકતર, વકીલ કે ઈજનેરના ધંધામાં પણ આવી જ પરિસ્થિતિ છે. મોટા વકીલો અમર્યાદ ફી લે છે. કેટલાક રોજના રૂા. ૩૦૦૦/૪૦૦૦ લે છે. કેટલાક ૧૫૦૦/૨૦૦૦ લે છે. દિવસમાં એક કલાક કામ કર્યું હોય તો પણ આખા દિવસની ફી લે. ૨૦/૩૦ મિનિટ કૉન્ફરન્સમાં સલાહ આપવાના ૩૦૦/૫૦૦ રૂપિયા લે છે. લેખિત અભિપ્રાય આપવાના ૧૫૦૦/૨૦૦૦ રૂપિયા લે છે. પૈસાદાર લોકો જ કોર્ટે જઈ શકે. તેમને પણ ભારે પડે તેવું છે. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજો કેટલીક પ્રતિષ્ઠા મેળવીને આવે છે, તેનો લાભ લે છે. ધનલાલસા પ્રજાના બધા વર્ગને ઘેરી વળી છે. બુદ્ધિજીવીઓ તેમાં અપવાદ નથી. બુદ્ધિજીવીઓ કહે છે, વેપારીઓ અને બીજાઓ ખૂબ કમાય છે તો તેઓ કેમ નહિ? આવા ધંધાઓમાં થતી ગેરરીતિઓ એક બાજુએ રાખીએ તો પણ જે ફી લેવાય છે તેનો બચાવ થઈ શકે તેમ નથી. પોતાની મહેનતના પ્રમાણમાં વળતર લેવું જોઈએ. બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે તો કાંઈક વધારે લે, પણ તે અમર્યાદ ન જ હોય. રોજના ૨/૩ હજાર રૂપિયા ફી લેવી તે વેપારી નફાખોરી કરે તેના જેવું જ અસામાજિક કૃત્ય છે. અછતનો લાભ લેવો અથવા ઓછામાં ઓછી મહેનત કરી વધુમાં વધુ કમાણી કરી લેવી તે બન્ને અસામાજિક છે.

મોટા વકીલો એમ કહે છે કે અમે કયાં કહીએ છીએ કે અમારી પાસે આવો. તમારે જરૂર હોય તો આવો; અને તો અમારી ફી આપવી પડશે. આ જ વસ્તુ બીજા બુદ્ધિજીવીઓને પણ લાગુ પડે છે. આ દલીલ બરાબર નથી. માણસ માંદો હોય તો સારા ડૉકટર પાસે જવા ઈચ્છે. કોર્ટે જવું પડે તો હોશિયાર વકીલને રોકવા ઈચ્છે. તેનો અર્થ એમ નથી કે તેને લૂંટાય. પ્રમાણ જોઈએ. કેટલાક મોટા વકીલો આવું પ્રમાણ જાળવે છે તે હું જાણું છું પણ એવા બહુ થોડા છે.

એમ પણ કહેવાય છે કે કરવેરા એટલા ભારે છે કે અમારા હાથમાં શું રહે છે? એ ખરું છે કે જેઓ પૂરા કરવેરા ભરે છે તેમની બચત ઘણી ઓછી છે. પણ પ્રશ્ન એ છે કે ૧૦૦ રૂપિયા લઈને જો સરકારને ૯૩ કે ૯૭ રૂપિયા આપી દેવાના હોય તો સરકારના કર ઉઘરાવનારનું કામ શા માટે કરવું?

વકીલ કે દાકતરનો ધંધો ઉમદા–Noble અને સેવાનો કહેવાય છે. ઈંગ્લાંડમાં એમ કહેવાતું હતું કે વકીલ પૈસા માગે નહિ, તેને અડે પણ નહિ. વકીલ ઝબ્બો પહેરે છે તેની પાછળ નાની કોથળી હોય છે. વકીલને ખબર ન પડે તેવી રીતે અસીલ આ કોથળીમાં ગિનીઓ નાખી દે. આપણા વકીલો પણ હજી આવા જ ઝબ્બા પહેરે છે પણ કોથળી ફાટી ગઈ છે.

અંતે પ્રશ્ન સામાજિક ન્યાય અને સમતુલાનો છે. દેશની ગરીબાઈ જોતાં, થોડી વ્યકિતઓ અઢળક કમાણી કરે એમાં ભારે અન્યાય છે. ઓછામાં ઓછી અને વધુમાં વધુ આવક વચ્ચે પ્રમાણ હોવું જોઈએ. આ ધોરણ વેપારી, બુદ્ધિજીવી, ખેડૂત કે મજૂર–બધા વર્ગોને લાગુ પડે છે. આવી મોટી અસમાનતા સામાજિક ઈર્ષાનું કારણ બને છે. બુદ્ધિજીવી વર્ગ સ્વેચ્છાએ સંયમ સ્વીકારે અને સમાજમાં સારો દાખલો બેસાડે એવી અપેક્ષા રાખી શકાય. પણ અત્યારે તો આ અરણ્યરુદન લાગે છે. માટે સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ અથવા સરકારે કાંઈક અંકુશ મૂકવો જ જોઈએ.

૨૫-૩-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# અમેરિકા અને ઉત્તર વિયેટનામ

**[યુદ્ધોત્તર પુનર્નિર્માણમાં અમેરિકા, ઉત્તર વિયેટનામને સહાય કરશે તે વિષયે 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં મેં "માનવીની વિચિત્રતા" શીર્ષકથી લખ્યું છે. તે જ વિષયે, 'જન્મભૂમિ અને પ્રવાસી'ના તા. ૨૫-૩-'૭૩ ના અંકમાં 'શીલ અને સમાજ' કોલમમાં શ્રી મનુભાઈ પંચોળીએ લખ્યું છે. આ સહાયમાં તેમને પણ કેટલીક વિચિત્રતા લાગી છે છતાં એકંદરે તેમણે આ બનાવને ભાવનાનો ઓપ આપ્યો છે અને તેમાં માનવઆત્માની ઊજળી બાજુ છતી થાય છે તેમ માને છે. મને તેમાં અનેક હેતુઓ લાગ્યા છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે શ્રી મનુભાઈના વિચારો અહીં આપું છું. –તંત્રી]**

માણસજાત શાણી છે કે બેવકૂફ તે કોઈ વાર સવાલ થાય. વિયેટનામમાં શાંતિકરાર થયા તેમાં એક કલમ પ્રમુખ નિક્સને આગ્રહપૂર્વક મુકાવી કે "અમેરિકા ઉત્તર વિયેટનામની નવરચનામાં આર્થિક મદદ કરશે." આ કલમને તેણે શાંતિ માટેના મૂડીરોકાણ જેવી ગણાવી, યુદ્ધના જખમો તેનાથી રૂઝાશે તેમ કહ્યું.

આના અનુસંધાને પ્રમુખ કચેરીએ દસ અબજ પૌંડની મદદ કરવી જોઈશે તેમ જણાવ્યું છે. આ જ ઉત્તર વિયેટનામ પર ગયા ડિસેમ્બરમાં જે બોમ્બમારો કર્યો તેમાં આ જ અમેરિકાએ એક અબજ પૌંડની ખાનાખરાબી કરી હતી! એક હાથે જખમ, અને બીજા હાથે મલમપટ્ટા, વિચિત્ર લાગે તેવું છે ને!

અને છતાં, તેમાં માણસની એક મોટાઈ અને સમજદારીનું પણ આશ્ચર્યજનક દર્શન થાય છે. તે છે વૈરભાવને બાજુ પર મૂકવાની શકિતનું. વૈર બઢાવેલ હઠ, હિંસા, નઠોરતા, બર્બરતાના આવેગો કેવા તીવ્રતમ હોય છે! મહાભારતના યુદ્ધ પછી પાંડવો ધૃતરાષ્ટ્રને પગે લાગવા ગયા, પોતાના પિતરાઈ ભાઈઓની હત્યાના પશ્ચાત્તાપથી તેમને દુ:ખ થયું હતું, અને જેમને પોતે માર્યા છે તેમના પિતા પાસે મોં બતાવતાં શરમાતા હતા - વિજેતાનું ગુમાન તો હતું જ નહિ, અને છતાં ધૃતરાષ્ટ્રના વૈરાગ્નિએ તો એ વખતે ભીમને આલિંગનમાં ભીંસી, કચડી નાખવાનું કાવતરું જ ગોઠવેલું, માત્ર શ્રીકૃષ્ણની દૂરંદેશીથી ભીમ બચી ગયો.

પહેલા મહાયુદ્ધને અંતે આ વૈરવૃત્તિના આવેગે જ "કૈસરને ફાંસીએ ચડાવો"ની માગ પેદા કરેલી અને એ વેરે જ જર્મન પ્રજા કદી ન ભરી શકે તેવો દંડ ઠોકેલો.

એટલે જેની સાથે દાંત ભીંસીને, ગળાંકાપ લડાઈ, રાતદિવસ, વર્ષોનાં વર્ષો કરી છે, તેને જ મદદ કરવાનો સંકલ્પ કરવો તેમાં માનવઆત્માની અત્યંત ઊજળી બાજુ છતી થાય છે.

છ વર્ષના આંતરયુદ્ધને અંતે સાતેક લાખની ખુવારી પછી જ્યારે દક્ષિણ વિભાગ ઉત્તરને શરણે ગયો ત્યારે લિંકને ઉત્સવ ઊજવવાની ના પાડેલી, અને યુદ્ધ શરૂ કરવાની ગુસ્તાખી કરનાર દક્ષિણના જ મલમપટ્ટા કરવાની અપીલ કરી હતી.

બીજા મહાયુદ્ધને અંતે પણ જર્મની અને જાપાનને મિત્રરાષ્ટ્રોએ અને ખાસ કરીને અમેરિકાએ ભરપટ્ટે મદદ કરેલી.

આમાં સંસ્કૃતિની યાત્રાનું આગેકદમ છે. રામચંદ્રજીએ રાવણને હણ્યા પછી કહેલું "મરણાંતાન્તિ વૈરાણી" - વૈરનું પણ હવે મરણ થવું જોઈએ. આવેગની ચેનલ આમ તુરત બદલવી તેમાં મનુષ્યની અનાસકિતની શકિતની ઝલક છે.

પણ એ પણ વિચિત્રતા છે ને કે જે અમેરિકા પોતાના દસકાજૂના શત્રુ ઉત્તર વિયેટનામને સમાધાન થયા પછી મદદ કરવા તૈયાર થાય છે, તે જ આ વિયેટનામ યુદ્ધનો વિરોધ કરનાર ઘરઆંગણાના યુદ્ધવિરોધીઓને છોડતાં હજુ અચકાય છે.

મનુભાઈ પંચોળી–'દર્શક'

# સર્વ સમૃદ્ધિ હાંસલ થયા પછી પણ સુખ મળશે?

ભવિષ્યવેત્તાઓની સાથેસાથે હવે વૈજ્ઞાનિકો પણ ભવિષ્યની દુનિયા કેવી હશે તેની આગાહીઓ કરતા રહે છે. પ્રવાસ માટે સૌ પાગલ બન્યા જ છે, પણ ૨૫ વર્ષ પછી તો હવાઈ મુસાફરી બધા માટે સહજ બની જશે. અમેરિકાનાં વર્તમાનપત્રો વૈજ્ઞાનિકોની આગાહીઓ નિયમિત રીતે બહાર પાડતા હોય છે. "વૉલસ્ટ્રીટ જર્નલ"ની વૈજ્ઞાનિક કોલમ લખનારાઓએ કહ્યું છે કે હવે પછીનું આપણું જીવન, "ઑટોમેટેડ લિવિંગ", એટલે કે આપમેળે ચાલતાં યંત્રો વડે ચાલતું જીવન હશે. સોયાબીન જેવા કઠોળના મેંદામાંથી બનાવેલો સંપૂર્ણ પોષણ ધરાવતો એકસરખો ખોરાક વિશ્વના તમામ લોકો ખાતા હશે. એટલે કે સોયાબીન એ આંતરરાષ્ટ્રીય ખાદ્ય બની જશે. પરંતુ જેને સ્વાદ ખાતર જમવું હશે તેને માટે સ્વસંચાલિત યાંત્રિક રસોડાં ઊભાં થઈ જશે. એક પંચ-કાર્ડની સૂચના મુજબ માઈક્રોવેવ ભઠ્ઠી દ્વારા જોઈએ તેવી વાનગી પાંચ સેકન્ડમાં તૈયાર થઈ જશે.

પરંતુ આવી રીતે માઈક્રોવેવ ભઠ્ઠીમાં પાકેલા ખોરાકનો દેખાવ લોકોને ગમશે નહિ, કારણ કે ક્ષણોની અંદર તૈયાર થયેલો ખોરાક દેખાવમાં કાચો લાગશે. અમેરિકાની સ્વિફ્ટ એન્ડ કંપની જે રસોડા માટેનાં ઉપકરણો બનાવે છે તેણે તો અત્યારથી એવાં વાસણોની શોધ આદરી છે જેમાં તપેલી અને તવી જેવાં સાધનોની જરૂર જ ન પડે!

ફોરેન પોલિસી એસોસિયેશન નામની એક અમેરિકન સંસ્થાએ આગાહી કરી છે કે ૨૦૧૮ની સાલમાં લોકો ભાગ્યે જ ઘરમાં રહેશે. વળી જે પ્રવાસ નહિ કરે તેમને ઈલેકટ્રોનિક વિજ્ઞાનના વિકાસ સાથે ઘરબેઠાં ટેલિવિઝન દ્વારા સમગ્ર દુનિયાનાં દર્શન થશે. વળી દૂર-દૂરના જંગલમાં ફરવા જનારો પોતાને ઘરે ટેલિફોન કરી શકશે, કારણ કે ઉપગ્રહો દ્વારા ટેલિફોનની સેવા જગતવ્યાપી બની જશે. સુપરસોનિક વિમાનોમાં ૧૦૦૦ ઉતારુ બેસાડી શકાશે અને એરોપ્લેનમાં બેઠાંબેઠાં ફોન કરી શકાશે. એવી પણ તૈયારી થઈ છે કે ટેકનોલોજીના ઝડપી વિકાસને કારણે માણસ અંજાઈ ન જાય માટે તેના મનનો મેળ બેસાડવા માટેની "બિહેવયરલ ટેકનોલોજી" અર્થાત્ વર્તણૂકલક્ષી ટેકનોલોજી પણ વિકસાવી કઢાશે! લોકો આ દુનિયાથી નાસી ન જાય અને બીજા ગ્રહમાં ચાલ્યા ન જાય તે માટે તેની ભાળ મળી રહે તેવી કોમ્પ્યુટર યંત્રો દ્વારા તૈયાર કરેલી ફાઈલો સરકાર પાસે રહેશે.

અમેરિકન ટેલિફોન અને ટેલિગ્રાફ કંપનીના અધિકારી શ્રી જી. ઈ. કલહાન કહે છે કે કોમ્પ્યુટર યંત્ર સાથે માનવજાતને એટલી દોસ્તી થઈ જશે કે પછી શિક્ષકો નકામા બની જશે. જે જે શહેરની શેરીઓમાં અંધકારને કારણે ગુનાખોરી વધે છે તે રસ્તા ઉપર એવી જાતનો પ્રકાશ પાથરી શકાશે કે ગુનાખોરીનું પ્રમાણ જંગી રીતે કાપી શકાશે. કોઈ ધનપતિનો "મુડ" બરાબર ન હોય કે તેને "ડિપ્રેશન" જેવું જણાતું હોય તો સેંકડો જોજન દૂર રહેલો ડૉકટર તેને તપાસી શકશે અને દર્દનું નિદાન કરી શકશે. ઈલેકટ્રોનિક યંત્રો દ્વારા સંદેશાવ્યવહારની વ્યવસ્થા એટલી બધી વધી જશે કે બે વ્યકિતઓના હસ્તધૂનન કરવા સિવાયની તમામ સંદેશાની આપલે થઈ શકશે.

વૈજ્ઞાનિકો આનાથી વધુ "ઊજળી" આગાહી હજી સુધી કરતા નથી. પરંતુ આટલું કહેવાની સાથે ગરીબ વધુ ગરીબ બનશે અને પૈસાદાર વધુ પૈસાદાર બનશે એ વાત ટેકનોલોજિસ્ટો અને વૈજ્ઞાનિકોના ક્ષેત્રની નહિ હોઈને તેમાં તેમને રસ નથી! અમેરિકનો હાલના કરતાં પાંચગણી સરેરાશ આવક ધરાવતા હશે એમ કેટલાક અર્થશાસ્ત્રીઓ કહે છે. જો તેમ હોય તો તો ગજબ થઈ જાય. અત્યારે અમેરિકામાં સૌથી સમૃદ્ધ વિસ્તાર ગણાય છે તે ઉત્તર અમેરિકાના લોકો, જે જગતની કુલ વસતિનો ૭ા ટકા હિસ્સો ધરાવે છે છતાં પણ તે વિશ્વની કુદરતી સંપત્તિમાંથી અડધોઅડધ સંપત્તિનો ઉપભોગ કરે છે! જો ગામડિયું ગણિત લાગુ કરીએ તો ઉત્તર અમેરિકાના લોકો ૨૦૨૦ની સાલમાં જ અર્થશાસ્ત્રીની આગાહી પ્રમાણે જગતની પૂરેપૂરી સંપત્તિનો એકલા જ ઉપભોગ કરશે.

આવું થઈ જાય તો પણ ઉત્તર અમેરિકાના લોકો સુખની પરાકાષ્ઠાએ પહોંચશે ખરા? આ પ્રશ્નનો જવાબ આપણે બીજી રીતે શોધીએ. અત્યારે અમેરિકાનું જીવનધોરણ બાંગલા દેશ કરતાં ૩૦ ગણું ઊંચું છે. તો શું એમ કહી શકાય કે બાંગલા દેશ કરતાં તે ૩૦ ગણું સુખી છે? ભારત કરતાં અમેરિકાનું જીવનધોરણ ૨૧ ગણું વધુ ઊંચું છે. તો આપણા કરતાં તે એકવીસગણું સુખી હોય તો અમેરિકન ગંજેરીઓ નેપાળ, તિબેટ અને ભારતની યાત્રાએ શું કામ આવે છે? વધુ ને વધુ ટ્રાન્કિવલાઈઝર અને ઉત્તેજક ઔષધો અમેરિકા કયા દુ:ખને દાબવા માટે વાપરે છે?

ઉપર વૈજ્ઞાનિકોએ ભાખી છે તેટલી તમામ સગવડો સમૃદ્ધ દેશના લોકોને લાભશે તે છતાંય સુખનું શીકું તો અદ્ધર જ રહેશે. અમેરિકાના ઘણા લોકોની સિદ્ધિ તેમને સહજ લાગે છે. મોટરકાર, રેફ્રિજરેટર અને ટેલિવિઝન એવાં સાધનો તેમને માટે નવાઈની વાત નથી. ભારતમાં આવાં ભૌતિક સાધનોની પ્રાપ્તિ ઘણા માટે સ્વપ્નવત્ છે. ભારતના શહેરી પાસે જે ચીજો છે તે ગામડાના લોકોને પ્રાપ્ય નથી, એટલે શું ગામડાના વાસીઓ કરતાં શહેરવાસી વધુ સુખી છે? પચાસ વર્ષ પહેલાં અમેરિકા કે ભારતનો કોઈ પણ નાગરિક કુદરતી આપત્તિનો સામનો ટેક્નિકલ સાધનો વગર એકલે પંડે કરતો હતો. હવે પચાસ વર્ષ પછી શહેરમાં રહેનારો માણસ કેટલો પરવશ બન્યો છે! વીજળીનો કયાંક ખોટકો આવે એટલે વાહનવ્યવહાર, સંદેશવ્યવહાર, અને બીજી તમામ વ્યવસ્થા ઠપ થઈ જાય છે. માત્ર બે સપ્તાહ સુધી કોઈ જાહેર સેવા બંધ થઈ જાય ત્યાં તો આપણે ઘાંઘા થઈ જઈએ છીએ અને તેને આપણે "કટોકટી" નામ આપી દઈએ છીએ.

વધુ ને વધુ સગવડોનું સર્જન અગર તો વધુ ને વધુ તેમ જ નવા ને નવા માલોનું ઉત્પાદન સમાજના મૂળભૂત સુખમાં એકસરખો જ વધારો કરતું નથી. આને કારણે જ તમામ નવી ચીજની શોધ સાથે તે ચીજમાંથી મળતા સંતોષની માત્રા ઘટતી જાય છે. આમાં અર્થશાસ્ત્રનો નિયમ લાગુ પડે છે. ચાર રોટલી ખાધા પછી પાંચમી અને છઠ્ઠી રોટલીએ આપણા સ્વાદની માત્રા ઘટતી જાય છે. અર્થશાસ્ત્રની ભાષામાં તેને લૉ ઑફ ડિમિનિશિંગ રિટર્ન કહે છે. દરેક વધુ ઉપભોગ સાથે આપણને મળતો સંતોષ ઘટતો જાય છે. આને કારણે જેમ ઉપભોગની નવી ચીજો વધતી જાય છે તેમ સંતોષ વધવાને બદલે અસંતોષ ઉગ્ર થતો જાય છે. સ્વાધીનતા બાદ ભારતના લોકોની ભૌતિક સંપત્તિમાં ઉમેરો થયો જણાશે પણ તેમના સંતોષની વૃત્તિ વણસંતોષાયેલી રહી છે. આને કારણે સમૃદ્ધ દેશોની માફક આપણે ત્યાં મદ્યપાન, અશ્લીલ ફિલ્મોનું પ્રદર્શન, અર્ધનગ્ન દેહોનાં નૃત્યો અને માદક ઔષધોનું સેવન કરીને કૃત્રિમ સુખ લેવા પાછળની દોટ વધી છે.

જથ્થાબંધ ઉત્પાદન આપતા ઉદ્યોગો દ્વારા રચાયેલા નવા સમાજે ઔદ્યોગિક ઉત્પાદનની પ્રક્રિયા એવી ઊભી કરી છે કે નવા માલના ઉત્પાદન દ્વારા જનસમાજની ભોગવૃત્તિને શમાવવાને બદલે ભડકાવી દીધી છે. આ આખી પ્રક્રિયામાંથી અમેરિકા છૂટવા મથતું હતું ત્યારે આપણે ભારતમાં ઔદ્યોગિક ક્રાન્તિ દ્વારા તેમાં સપડાવા માટે મથતા હતા! માલ ઘણો પેદા થાય છે, નવી નવી ચીજો પેદા થાય છે. એડવર્ટાઈઝિંગ એજન્ટો વણજોઈતી ચીજો માટે જાહેરખબરો દ્વારા માગ ઊભી કરે છે. આમ આપણને જે જોઈએ તે ચીજ પેદા થતી નથી પણ કોઈ કીમિયાગર ઉદ્યોગપતિ અમુક ચીજ પેદા કરે તે આપણે જાહેરખબર વાંચીને વાપરવી પડે છે. તમારા ઘરમાં નજર નાખશો તો માલૂમ પડશે કે તમે બહુ સહેલાઈથી જે ચીજો વગર ચલાવી શકો એવી ઘણી ચીજો ખડકાઈ ગઈ છે અને તેનાં નાણાંનો હિસાબ કરશો તો એકાદ ગરીબ માણસના મહિનાના દાણાપાણી તે રકમમાંથી આવી જશે!

અત્યારે આપણી પાસે નથી તે સમૃદ્ધિ માટે જો આપણે વલખાં મારતાં હોઈએ તો આપણે આપણને પ્રશ્ન પૂછવો જોઈએ કે તે સમૃદ્ધિ હાંસલ થયા પછી પણ આપણને સુખ લાભશે ખરું?

કાંતિ ભટ્ટ

# ☆ વિદ્યાનિષ્ઠ સૌજન્યમૂર્તિ ડૉ. હીરાલાલ જૈન ☆

ડૉ. હીરાલાલ જૈનનું તા૦ ૧૩-૩-'૭૩ની સંધ્યાએ ૬૭ વર્ષની ઉંમરે દુ:ખદ અવસાન થયું. તેમને જોતાં એમ ન લાગે કે ડૉ૦ જૈન આટલી ઉંમરના હશે. સંયમી જીવનનો એ પ્રતાપ હતો. બહુમુખી પ્રતિભા તેમનામાં હતી. સંસ્કૃત-પ્રાકૃત અપભ્રંશના એ પ્રખર પંડિત હતા. પ્રોફેસર છતાં પંડિતને મહાત કરે એવું તેમનું પાંડિત્ય હતું. સત્યનિષ્ઠા તેમની અપૂર્વ હતી. પંડિતો સાથે બાખડયા તો તેમને દેખાડી આપ્યું કે એક પ્રોફેસર પણ પંડિતોથી સૂક્ષ્મ વિચારણામાં અને વિવાદમાં જરાય ઊતરે એવા નથી. વિવાદ હતો એક પાઠનો. તેઓએ અનેક અપભ્રંશ ગ્રન્થોનું સંપાદન કર્યું હતું અને એમ કહી શકાય કે અપભ્રંશ ભાષાના ઉદ્ધારમાં તેમનો ફાળો અપૂર્વ હતો. પરંતુ તેમણે ષટ્ખંડાગમ-જે દિગંબર સંપ્રદાયમાં માન્ય આગમ છે તેનો ઉદ્ધાર ટીકા સાથે ડૉ. ઉપાધ્યેની સાથે રહી કર્યો તે તેમની યશકલગી બની રહેશે. માત્ર રૂપિયા ૧૩ હજારના ફંડમાંથી તેમણે તે આગમને સોળ ભાગમાં અનુવાદ સાથે સંપાદિત કર્યો છે. આ તેમની અદ્ભુત ગણાય તેવી સિદ્ધિ હતી. એક સાંપ્રદાયિક ગ્રન્થ હતો છતાં તેમણે પોતાની અસાંપ્રદાયિક દૃષ્ટિ કાયમ રાખી તેમાં જે સંશોધન કરી પાઠનું ઉમેરણ કર્યું હતું તે સાંપ્રદાયિક પંડિતોને ગમ્યું ન હતું અને તેની ચર્ચા થઈ ત્યારે એક સુવિદ્વાનને શોભે તે રીતે તેમણે પંડિતોની સામે ટક્કર ઝીલી અને પોતાના પક્ષને સત્ય સાબિત કર્યો. છેવટે જેના ઉપરથી એ સંપાદન થયું હતું તે પ્રત સાથે મેળવતાં ડૉ. જૈનનું ઉમેરણ સાચું ઠર્યું હતું અને પંડિતોની સાંપ્રદાયિકતા ખુલ્લી પડી ગઈ હતી. છતાં પણ આશ્ચર્ય તો એ છે કે આજે એ પંડિતો પ્રતમાં ઉપલબ્ધ પાઠને પણ સ્વીકારવા તૈયાર નથી. આવી સાંપ્રદાયિકતા વચ્ચે તેમણે સત્યનિષ્ઠાથી જે રીતે ષટ્ખંડાગમનો ઉદ્ધાર કર્યો છે તે તેમની અમર કીર્તિ બની રહેશે.

જ્યારે એ આગમનો ઉદ્ધાર શરૂ કર્યો ત્યારે આગમને છપાવાય જ નહિ એવું માનનારા ઘણા સાંપ્રદાયિકો હતા અને તેઓએ તેનો વિરોધ કર્યો હતો. દરમિયાન એમની પત્નીનું દેહાવસાન થયું. એટલે તેમાંના કોઈએ તેમને લખ્યું કે જુઓ આ પરિણામ. હવે તો આગમસંપાદનનું કામ છોડો. આનો એક જ ઉત્તર ડૉ. જૈને આપ્યો કે ભલું થયું ભાંગી જંજાળ સુખે કરશે સંપાદન. તેમનાં પત્ની બહુ લાંબા કાળથી બીમાર હતાં અને તેમની સેવામાં ડા. જૈનનો ઠીક ઠીક સમય જતો હતો. એટલે મૃત્યુને પણ તેમણે આ રીતે એક વિવેકી પુરુષને શોભે એ રીતે વધાવી લીધું હતું, અને આગમસંપાદનમાં પોતાનો બધો જ સમય આનંદથી ખરચવા લાગી ગયા હતા.

સરકારી નોકરીનાં અનેક આર્થિક આકર્ષણોને છોડીને તેમણે સાહિત્યનિષ્ઠ થવાનું પસંદ કર્યું હતું. સેવા-નિવૃત્તિ સમયે તેમનો સમય મધ્યપ્રદેશની સરકાર લંબાવવા માગતી હતી પરંતુ તેમણે આગમ-સંપાદનનું જે કામ ઉપાડ્યું હતું તેને વફાદાર રહેવાનું પસંદ કરી તે સમયવધારો પસંદ કર્યો નહિ અને નિવૃત્ત થયા. પરંતુ તેમને ભાગ્યે નિવૃત્તિ લખાઈ ન હતી. તે જ સમયમાં પ્રાકૃત વિદ્યાપીઠનું સંચાલન કરવા માટે બિહાર સરકારે આમંત્રણ આપ્યું અને તે સ્વીકાર્યા વિના છૂટકો નહોતો. મેં જોયું છે કે અનેક વિઘ્નો પસાર કરીને તેમણે એ વિદ્યાપીઠનું સફળ સંચાલન કર્યું. મકાન ઑફિસ માટે નહિ, રહેવા માટે નહિ, સાથીઓ નહિ, ચપરાસી નહિ એવી સ્થિતિમાં તે બધું જ નભાવી લઈ તેમણે એ સંસ્થાનો પ્રારંભ કર્યો અને અનેક વર્ષો સુધી તેનું સફળ સંચાલન કરી તેના પાયા દૃઢ કર્યા. આજે તે એક-માત્ર સરકારી સંસ્થા છે, જે માત્ર જૈન ધર્મ અને પ્રાકૃત ભાષાનું અધ્યાપન-સંશોધન કરે છે.

'ભારતીય સંસ્કૃતિમાં જૈનોનું પ્રદાન' એ નામે તેમણે હિન્દીમાં એક દળદાર ગ્રન્થ લખ્યો છે તે આજ સુધીમાં એ વિષયમાં જે કાંઈ લખાયું છે તેમાં સર્વશ્રેષ્ઠ સિદ્ધ થયો છે. તેના અનેક ભાષામાં અનુ-વાદ થઈ રહ્યા છે. તેનું અંગ્રેજી રૂપાંતર પોતાનું સ્વાસ્થ્ય ઠીક ન હોવા છતાં તેઓ કરી રહ્યા હતા. ખબર નથી કે તેમનું એ કાર્ય પૂરું થયું કે અધૂરું જ રહ્યું છે.

અમદાવાદની વિદ્યાસભાએ તેમને અધ્યાત્મ વિશે વ્યાખ્યાનો આપવા આમંત્રણ આપ્યું હતું એ તેમણે સ્વીકાર્યું પણ હતું પરંતુ એ કામ પણ કેટલું થયું તે વિશે કશી માહિતી નથી. તેમણે એ સ્વીકાર પછી મને પૂછ્યું હતું કે મારે આંખનું ઓપરેશન કરાવવાનું છે તો થોડી વાર લાગશે તો ચાલશે કે નહિ. આવી કર્તવ્યનિષ્ઠા એમનામાં જે હતી એ આજે દુર્લભ થતી જાય છે.

તેમના એક પુત્ર ડૉ. પ્રફુલ્લકુમાર મોદી પ્રોફેસર છે અને આજે બાલાઘાટમાં સરકારી કૉલેજના આચાર્ય છે. તેઓ પણ અપભ્રંશના વિદ્વાન છે. એક પુત્રી પણ નાગપુરમાં પ્રોફેસર છે. તે સર્વ પ્રત્યે તેમનો પ્રેમ મેં જોયો છે. આ ટાણે તેમના પરિવારમાં જે દુ:ખની લાગણી વ્યાપી હશે તેની તો કલ્પના જ કરવી રહી. પણ તેમનો પરિવાર એ તેમનું માત્ર કુટુંબ ન હતું. અનેક છાત્રો અને મિત્રો તેમના વિશાળ પરિવારમાં શામિલ છે. અમારી સંસ્થામાં તેમના છાત્ર ડૉ૦ સિકંદર તેમના વિષે બોલતાં રડી પડયા. તે સૂચવે છે કે તેઓ પોતાના છાત્રોમાં કેટલા આત્મીય હતા.

ડૉ૦ હીરાલાલજી ગયા પણ તેઓ તેમના જીવનની જે સુવાસ મૂકી ગયા છે તે પ્રેરણા આપતી રહેશે એમાં સંદેહ નથી. તેમના આજીવન સાથી ડૉ૦ ઉપાધ્યે તેમના જીવનનાં સંસ્મરણો લખે એવી આ પ્રસંગે વિનંતી કરીએ તો અસ્થાને નહિ ગણાય. કારણ ડૉ૦ હીરા-લાલજીની જીવનસૌરભ તેમણે માણી છે અને અનેક વર્ષોના તેઓ સાથી છે. તેમને તો એક હાથ કપાઈ ગયાનું દુ:ખ થયું હશે. પણ છેવટે તો સર્વને મૃત્યુ છે જ એટલે તેની રોકકળ કરવી નકામી છે અને તેમના જીવનમાંથી જે કાંઈ લેવા જેવું છે તે લઈને જ સંતોષ માનવો રહ્યો. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તે જ અભ્યર્થના.

**દલસુખ માલવણિયા**

# ભય અને ચિન્તા

મોટે ભાગે લોકો એક અથવા બીજા સમયે ભય, ચિન્તા, અનિશ્ચિતતા, આશંકા વગેરેનો ભોગ બનતા હોય છે. ભય અને ચિન્તા તેમ જ બિનસલામતીની ભાવના આપણા જીવનને ખારું બનાવી દે છે. આપણી શાંતિને હરી લે છે અને જીવનમાં કંઈક પ્રાપ્ત કરવાના આપણા પ્રયાસોમાં રુકાવટ નાખે છે.

માણસ આ બધાથી ઘેરાઈ જાય છે એનું મુખ્ય કારણ તો એણે જે જીવનપદ્ધતિ અપનાવી હોય છે અને આ પદ્ધતિને લીધે એને જે ટેવો પડે છે એમાં રહેલું હોય છે. માણસ ધારે તો પોતાની ટેવો બદલીને પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકે છે. એ જ રીતે માણસ ધારે તો ચિન્તા કરવાની, ખોટા ભય રાખવાની પહેલી આદતમાંથી પણ સંકલ્પ કરીને મુક્ત થઈ શકે છે. આ માટે એણે દૃઢ મનોબળ કેળવવું જોઈએ.

આપણને આપણા વિશે, આપણે જે કામ કરવા માગતા હોઈએ એના વિશે કેટલાક ખોટા ભય અને ચિન્તા રાખવાની ટેવ પડી ગઈ હોય છે. એ ટેવમાંથી મુક્ત થવાનો એકમાત્ર માર્ગ જેનાથી આપણે ગભરાતા હોઈએ એ કામ કે પ્રવૃત્તિ શરૂ કરી દેવાનો છે. ખોટા ભય, ગભરાટ અને ચિન્તાને, જેના વિશે આપણામાં આવી લાગણી થતી હોય તે કામને શરૂ કરીને, એમાં મગ્ન થઈને જ દૂર કરી શકાશે.

આપણે જો આત્મવિશ્વાસ, સંકલ્પ અને પુરુષાર્થ સાથે જીવન જીવીશું તો ધીરેધીરે પ્રયત્નપૂર્વક અને સતત જાગ્રત રહીને ભય, ચિન્તા, ગભરાટ અને નિષ્ફળતાની લાગણીઓમાંથી મુક્તિ મેળવી શકીશું.

**શિવમ્**

# ☆ ભારતવ્યાપી સ્ત્રીશકિત જાગરણ ☆

**[ શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાની 'ભારતવ્યાપી સ્ત્રીશકિત જાગરણ' વિશેની લેખમાળાનો એક વધુ હપ્તો અહીં પ્રગટ કરવામાં આવ્યો છે. ]**

ચક્રવ્યૂહભેદનવાળા શ્રીમતી મીરાંબેન ભટ્ટના વકતવ્ય પછી મંચ પાસે આવ્યાં આસામનાં શ્રીમતી અમલપ્રભા બાયદેવ. ('બાયદેવ' તે સન્માનનીય મહિલાઓ માટે નામની પાછળ લગાડાતું એક વિશેષણ છે.

આસામથી કુલ ૮ બહેનોનું એક જૂથ આ સંમેલનમાં ભાગ લેવા આવ્યું હતું. આ બહેનો જૈન સાધ્વીઓના વૃંદ જેવી લાગતી હતી. તેમનાં વેશપરિધાનની રીતે પણ તેઓ જૈન સાધ્વીને બહુ જ મળતી આવતી હતી. તે જૂથનાં નેતા તે અમલપ્રભા બાયદેવ. આસામથી અહીં પહોંચવામાં વચ્ચે ૪ ઠેકાણે ગાડી બદલવી પડે અને પાંચમે દિવસે વર્ધા પહોંચાય. આમાંનાં એક બહેન તો પોલિયોને લઈને લંગડા અને પરાધીન હતાં. સૌના ચહેરા પર સ્ફૂર્તિ અને ઉલ્લાસ હતાં. પાંચ દિવસના પ્રવાસના પરિશ્રમથી થાકેલાં બહેનો આશ્રમમાં પહોંચીને તરત જ સ્નાનાદિથી પરવારીને કાર્યક્રમમાં જોડાઈ ગયાં હતાં. સંમેલનના કાર્યક્રમમાંથી જે થોડો સમય મળે તે વખતે બધા સ્વાધ્યાયમાં લાગી ગયાં હોય. અમલપ્રભાજી ધાર્મિક પુસ્તકો, બાબા યા બાપુનાં લખાણમાંથી કંઈક વાંચી સંભળાવે, પ્રશ્નોત્તરી થાય. આ બધું મારી બાજુની રૂમમાં જ થતું હતું, એટલે મને નિકટથી આ શિસ્તબદ્ધ સાધ્વીઓની દિનચર્યાનું નિરીક્ષણ કરવાનો લાભ મળ્યો હતો. સૌથી વધારે સંખ્યાનું પ્રતિનિધિત્વ આસામનું જ હતું. બધાં જ ભકિતભાવથી ભરપૂર બહેનો, પૂ. બાબાના શબ્દ ઉપર બધું જ ન્યોછાવર કરવા તૈયાર. અમલપ્રભાજી બહુ શ્રીમંત ઘરનાં છે. પૂ. બાબાની આસામની ભૂદાનયાત્રા વખતે સર્વોદયના રંગે રંગાઈને ત્યાં આશ્રમ સ્થાપીને તેનું સંચાલન કરે છે.

ગયા ડિસેમ્બરમાં સર્વોદય અંતર્ગત તેઓએ એક આંતરરાષ્ટ્રીય કેમ્પ યોજ્યો હતો. તેમાં ભારતબહારના પંદર દેશોનાં યુવક-યુવતીઓ અને ભારતનાં મળીને ૮૮ લોકોએ ભાગ લીધો. અમલપ્રભાજીનો શબ્દ ત્યાંના લોકો માટે ખૂબ સન્માનનીય ગણાય છે. તેમનાં ત્યાગ અને સેવાભાવના માટે આસામમાં તેઓ ખૂબ પ્રખ્યાત છે.

---

તેઓએ પોતાના વકતવ્યમાં કહ્યું કે બાબાની આસામયાત્રા દરમ્યાન તેઓ વારંવાર કહેતા હતા કે "આસામમાં સ્ત્રીશકિત છે." પણ અમને સમજ નહોતી પડતી કે બાબાને અહીંની બહેનોમાં શકિત કયાં દેખાઈ રહી છે! તેઓએ ભારપૂર્વક એમ પણ કહ્યું કે આસામની બહેનોએ આસામ બહાર જઈને ભારતભરમાં કામ કરવું જોઈએ. આ વાત પણ અમને અશકય લાગતી હતી. ૧૯૬૭માં અમે ત્રણચાર બહેનો બિહાર ગયાં. બાબાએ સહજ રીતે કહ્યું કે હેમભરાલીની યાત્રા ભારતમાં થવી જોઈએ. બસ, અમે વાત ઉપાડી લીધી. લક્ષ્મી મૈત્રી આશ્રમમાં હતી તેને બોલાવી લીધી. નિર્મલ અને દેવી પણ તૈયાર થઈ ગયાં. જ્યારે બાબાએ આ લોકયાત્રાની વાત કરી ત્યારે અમને કલ્પના નહોતી કે આનું સ્વરૂપ કેવું વિકસશે. પણ પાંચ વર્ષથી લોકયાત્રા ચાલી રહી છે. યાત્રીબહેનો લોકોને કંઈક આપી રહી છે, કંઈક શીખી રહી છે અને પોતાનો વિકાસ સાધી રહી છે.

ત્યાર બાદ આસામમાં પણ લોકયાત્રા શરૂ કરી. અમે ગામડાઓમાં કામ કરનારા લોકો શહેરોથી બહુ ડરતા હતા. પણ આ યાત્રાના વિચારે એ ડર કયાંય ભાગી ગયો. ગૌહત્તીમાં જ હિમ્મતપૂર્વક યાત્રા કરી. લોકોએ બહુ જ પ્રેમ અને સહયોગ આપ્યા. અમારી સહકાર્યકર કન્યાઓએ પણ લોકયાત્રા દરમ્યાન લોકો સામે સરસ રીતે વિચારો રજૂ કર્યા. પરિણામે શહેરની કન્યાઓ અને બહેનોમાં પણ ખૂબ ઉત્સાહ અને સ્ફૂર્તિ આવ્યાં, અને પછી તો તેઓએ જ કેટલાક કાર્યક્રમો ઉપાડી લીધા.

હવે આ બધાનો વિચાર કરતાં એમ લાગે છે કે આ બહેનોમાં કોઈ એવી શકિત પ્રારંભમાં તો દેખાતી નહોતી કે જેથી આવાં મોટાં આયોજનો પાર પાડી શકે. તે છતાં હિમ્મતપૂર્વક આયોજન કર્યું, આગળ ધપ્યે ગયા, તો શકિત પ્રગટ થઈ. બહેનોમાં સુષુપ્ત શકિત તો પડેલી છે જ. તેને કાર્યાન્વિત કરવા માટે આવાં આયોજનો થવાં જરૂરી છે, જેથી સામૂહિક સમાજ જાગરણ સાથેસાથે તેમનામાં રહેલી સેવાભાવનાનો વિકાસ થાય છે, જેની બહુ મોટી વ્યાપક અસર થાય છે.

શ્રીમતી અમલપ્રભાજીના વ્યાખ્યાન પછી બેઠક જૂથ-ચર્ચામાં ફેરવાઈ ગઈ હતી. બીજે દિવસે તા. ૮મીની સવારે સમારંભની બેઠક પહેલાં એક સુંદર સમારંભ પૂ. બાબાની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. આ સમારંભ માતા જાનકીદેવી બજાજને ૮૦ વર્ષ પૂરાં થયાના ઉપલક્ષમાં યોજાયો હતો. બાબાએ રમૂજી શૈલીમાં કહ્યું કે "હમારી શુભકામનાઓંસે વહ અવશ્ય મરનેતક જી લેગી." વૈદિક પરંપરામાં "શતંજીવ શરદ:" સો વર્ષ જીવો કહ્યું છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં પણ આ જ વાત કહી છે. પણ વેદોમાં આ આશીર્વાદ સાથે એક શબ્દ બીજો જોડયો છે કે "શતંજીવ શરદ: વર્ધમાન" અર્થાત્ વિકાસશીલ રહીને સો વર્ષ જીવો, ક્ષીણ થઈને નહીં. જૈનોમાં ભગવાન મહાવીરને વર્ધમાન નામ અપાયું છે, એટલે નિરંતર વિકાસ, મનનો વિકાસ, ચિત્ત, હૃદય, બુદ્ધિ આદિના વિકાસ સાથે વર્ધમાન મહાવીરની સ્થિતિ પ્રાપ્ત થાવ. આવી રીતે વર્ધમાનવૃત્તિથી ઉત્તરોત્તર હૃદયનો વિકાસ કરતા કરતા માતાજી સો સાલ જીવે. આ સાંભળીને પાસે બેઠેલાં માતાજીએ ટહુકો કર્યો કે "આપ કો ભી તબતક જીના પડેગા."

આગળ ચાલતાં બાબાએ કહ્યું કે બીજી વાત એ છે કે આવે પ્રસંગે વ્યકિતનાં ગુણગાન કરવાનાં હોય છે. પણ મારા મત અનુસાર માણસની સ્તુતિ ખુદ તેની જ સામે કરવી એટલે "ઝહર પિલાના" હૈ. સ્તુતિ કેવળ ભગવાનની હોઈ શકે. અન્યથા સ્તુતિ ઝેર છે, જે ભગવાન શંકર જેવા જ પી શકે અને પચાવી જાણે. અને જો તેમની નિંદા કરવી હોય તો એ આમ બધા લોકોની સામે કરવી ઠીક નથી. એટલે આપકી હાજરીમેં ઉનકી નિંદા નહીં અને આપકી હાજરીમેં ઉનકી સ્તુતિ નહીં, એટલે વિષય સમાપ્ત થઈ ગયો.

માતાજીએ પણ પોતાની રાજસ્થાની મિશ્રિત હિંદીમાં તેમની આગવી રમૂજી શૈલીમાં કહ્યું કે "મને જીવવાનો બહુ શોખ છે. મારી અદમ્ય ઈચ્છા છે કે હું સો વર્ષ જીવું, પણ કાર્ય કરતા કરતા. હજી કેટલાં બધાં કામ કરવાનાં બાકી છે. સ્ત્રીશકિત કો જગાણી હૈ, ગાયું કો બચાણી હૈ, ગાયુંસે બૈલ, બૈલસે ખેતી, ખેતીસે પ્રાણીમાત્રકા જીવન શકય બનતા હૈ. રામકૃષ્ણ પેટમેં થા તબસે ગાયુંકા કામ ઉઠાયા થા. ગાંધીને કહા કિ સ્વરાજ મિલના આસાન હૈ, ગોહત્યા બંધ કરના મુશ્કિલ હૈ." સ્ત્રીશકિત જગાવવા માટે તો આ બધી બહેનો અહીં ભેગી થઈ છે. વિધવા અને મનથી કમજોર બહેનોને બચાવવાવાળું કોણ છે? એ કામ પુરુષો પર છોડવાનું નથી. એણે પોતે જ ઉપર ઊઠવા માટે મહેનત કરવાની છે. એટલે એ રીતે "ગાય ઔર માય દોનોં ઊંચે ઉઠેંગે તબ દેશ ઉઠેગા." પોતાનો અભ્યાસ

ક્યાં સુધી થયો છે તે બાબત ઉપર પ્રકાશ નાખતાં તેમણે જણાવ્યું કે "પ્રથમામેં ફેલ હો ગઈ, મધ્યમાકા ફોર્મ જરાસા લિખકર દે દિયા. ઉત્તમાકી પરીક્ષા દેનેકો ગઈ. સુંદર સફેદ કાગજ દેખકર વિચાર આયા કે ઈતને સુંદર સફેદ કાગજમેં કાલા અક્ષર ડાલના અચ્છા નહીં હૈ, સોચકર વૈસાકા વૈસા પેપર દે દિયા. પરિણામ જો આના થા વહી આયા. મૈં પરીક્ષકકે સાથ લડનેકો ગઈ, કિ કાગજ કાલે કરનેવાલે પાસ હો ગયે, ઔર મૈંને સફેદ કાગજકો સફેદ હી રહને દિયા તો મુઝે ફેલ કર દિયા યહ કહાંકા ન્યાય હૈ?"

આ સમારંભ પછી તરત જ તાનપૂરાના મધુર સ્વરો સાથે હરિ ૐના સામૂહિક મંત્રગાન સાથે અમારી બેઠક શરૂ થઈ. આજે "સ્વાધ્યાય અને સાધના" વિષે બ્રહ્મવિદ્યામંદિરનાં ઉષાબેન વોરાએ અભ્યાસપૂર્ણ અને સ્વાનુભવના રંગે રંગાયેલી શૈલીમાં વિષય-પ્રવેશ કરાવતાં કહ્યું કે "અભ્યાસ એટલે બાહ્યાંગથી અંતરંગ સુધીની યાત્રા. સ્વરૂપનિર્ણય, સાધ્યનિર્ણય અને સાધનનિર્ણય થયા પછી જ આંતરિક યાત્રાનો આરંભ થાય છે. આ યાત્રામાં અપેક્ષિત ગતિ લાવવા માટે શકિત અને શુદ્ધિ બે સાધનને કામે લગાડવાનાં છે. નામસ્મરણ, ભકિત, સત્સંગ દ્વારા શુદ્ધિ થઈ શકે. સ્વાધ્યાયમાં ઊંડાણ જોઈએ. અધ્યયનની પરિપકવતા ચિંતન દ્વારા સ્પષ્ટ થાય છે. અન્નથી માંડીને આનંદ સુધીની યાત્રાને હું સ્વાધ્યાય કહું છું. દેહ, ચિત્ત, મન, વિજ્ઞાન અને છેવટે "आनंदो ब्रह्मेति" આવે છે. આ પાંચેયનું સંતુલન સ્થપાવું જોઈએ. સ્વાધ્યાય જીવનની પ્રત્યેક ક્ષણમાં પ્રતિબિંબિત થવો જોઈએ, અને તેમાંય ખાટલે ને પાટલે તો ખાસ.

સ્ત્રીની અંતશ્ચેતનાને જગાડવાની છે. એક શાંત રચનાત્મક ક્રાંતિનો પાયો તેનામાં નખાઈ જવો જરૂરી છે. આ તો ત્યારે જ બનશે કે જ્યારે તેને ભાન થશે કે "પોતે કોણ છે." વાસ્તવમાં તો આ "હું" જે છે તે તો સ્ત્રીપુરુષનિરપેક્ષ તત્ત્વ છે. લિંગભેદ આધારિત દેહથી તો તે નિરપેક્ષ છે જ, પરંતુ વ્યાપક અર્થમાં પણ તે દેહનિરપેક્ષ તત્ત્વ છે. દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ અને આત્મા ચેતનની વિશિષ્ટતાઓ છે. આમાંથી પ્રથમ ચારને આપણે બાહ્યાંગ કહીશું, જ્યારે આત્મા અંતરંગ છે. આ પાંચેયના સંદર્ભમાં આપણે વિચારીશું તો ખાતરી થશે કે "હું દેહ નથી જ." મારો હાથ કપાઈ ગયો, પગ તૂટી ગયો તો પણ હું મોજૂદ છું. તેવી જ રીતે શ્રવણ-શકિત ચાલી ગઈ, આંખો ક્ષીણ થઈ ગઈ, તો પણ હું તો કાયમ રહું છું. આવી જ રીતે મન અને બુદ્ધિ સંબંધમાં પણ કહી શકાય. આપણે ઘણીવાર કહીએ છીએ કે "આજકાલ મારું ચિત્ત શાંત છે અથવા મારી બુદ્ધિ કમજોર થઈ ગઈ છે આદિ...એટલે કે ચિત્ત અને બુદ્ધિને સાક્ષીરૂપ જોવાવાળું ઉભયભિન્ન કોઈ ત્રીજું તત્ત્વ ત્યાં હાજર છે, તેની પ્રતીતિ થાય છે. આને આપણે આત્મા, પરમાત્મા અથવા મૂળતત્ત્વ કહી શકીએ. નામ કોઈ પણ દઈ શકાય, પણ તે બધાની પાછળ તે આધારરૂપ રહેલો જ છે, જે બધાને ગતિ આપી રહ્યો છે. દેહ, ઈન્દ્રિય, મન-બુદ્ધિને બાહ્યાંગ કહ્યાં અને આત્માને અંતરંગ. આ બાહ્યાંગથી અંતરંગ સુધી જેની યાત્રા જાગૃતિપૂર્વક ચાલે છે તે અધ્યયનશીલ છે, તે સ્વાધ્યાયી છે.

સ્વાધ્યાય એટલે "સ્વ"નું અધ્યયન. સ્વરૂપની ઓળખાણ. "સ્વ"ના અધ્યયન વગર સ્વરૂપની ઓળખાણ અસંભવ છે. એટલે સ્વાધ્યાયનું પ્રથમ પાસું છે આત્મપરીક્ષણ. આત્મપરીક્ષણનાં પણ ત્રણ પાસાંઓ છે. પહેલું "હું કોણ છું?" તે થયો સ્વરૂપનિર્ણય. બીજું "મારે ક્યાં જવાનું છે?" સાધ્યનિર્ણય. ત્રીજું "કેવી રીતે જવું?" તે થયો સાધનાનિર્ણય. આ ત્રણે પાસાંઓ વિષે જેની સમજ સ્પષ્ટ થઈ છે, તેની યાત્રા શરૂ થઈ જાય છે, બાકી તો સમજ્યા વગર રસ્તો ઢૂંઢવાનાં ફાંફાં માર્યા કરવાનું જ રહે છે.

જેનો માર્ગ-નિર્ણય થઈ ગયો, યાત્રા શરૂ થઈ ગઈ તેની સામે એક પ્રશ્ન ઊભો થાય છે, તે છે ગતિનો. ગતિ કેમ વધારવી? તે તો શકિત દ્વારા જ બની શકે. પણ આ કોઈ ભૌતિક યાત્રા નથી. આ તો અંતસ્તત્ત્વ પ્રતિની યાત્રા છે. અંતરંગનો સ્પર્શ શુદ્ધિ વગર સંભવે નહીં. અત: શુદ્ધિઆધારિત શકિત જોઈએ. પણ શકિતની આરાધનાથી શુદ્ધિ પ્રાપ્ત થતી નથી. એ તો આવે છે સ્પર્શથી. પણ કોનો સ્પર્શ? જે સ્વયં શુદ્ધ છે, બુદ્ધ છે, મુકત છે, એવા તત્ત્વના સ્પર્શથી જ. અને એ તો કેવળ પરમાત્મા જ હોઈ શકે. પણ વળી પ્રશ્ન થાય છે કે પરમાત્મા તો અવ્યકત છે, તો એનું પ્રતિનિધિત્વ કોણ કરી શકે છે? તો સંતોએ કહ્યું છે કે "નામ" ઉત્તમ પ્રતિ-નિધિત્વ કરી શકે. "જેઈ નામ સેઈ હરિ." "રામે" તો એક શબરી, એક કેવટ, એક ગીધ અને એક શિલાને તારી, પરંતુ "નામ" દ્વારા અનેક શબરી, અનેક, કેવટ, અનેક ગીધ અને અનેક શિલાઓ તરી છે, અને ભવિષ્યમાં પણ તરશે. એટલે નામસ્મરણથી શુદ્ધિ, અને શુદ્ધિ દ્વારા સ્વરૂપનો પરિચય પામી શકાય છે. એટલે નામસ્મરણ સ્વાધ્યાયનું મહત્ત્વનું પાસું છે.

પાછો પ્રશ્ન ઊઠે છે કે "નામ" પણ જેને અવ્યકત લાગે છે તેની શું ગતિ? એમને માટે આધાર છે સત્સંગનો. સત્સંગ કોનો? ગુરુનો, સંતોનો, સજ્જનોનો, સત્સાહિત્યનો, સૃષ્ટિ અને સમાજનો પણ. જો આપણામાં સંવેદનક્ષમતા હોય તો સર્વત્ર સત્સંગ જ ભરેલો અનુભવાય. સૃષ્ટિનાં પાંદડે પાંદડે વેદની ઋચાઓ લખેલી છે. ઉપનિષદમાં સત્યકામ જાબાલની વાત આવે છે. તે ગુરુગૃહે જાય છે. ગુરુ એને કેટલીક ગાયો આપે છે અને કહે છે કે "આ ગાયો-માંથી એક હજાર ગાયો કરીને પાછો આવ." તે ગાયોને લઈને જંગલમાં ચાલ્યો જાય છે. નદીઓ, પહાડો, વૃક્ષો, વનસ્પતિ, ગાય-બળદની વચ્ચે તે આનંદથી એકરૂપ થઈને રહે છે. તેની સૃષ્ટિ પ્રતિની પ્રસન્ન અભિમુખતાથી જ એને જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે. અગ્નિ આવીને એને જ્ઞાન કરાવે છે, ગાયોમાંથી જ્ઞાન મળે છે. જે કંઈ તેના સંપર્કમાં આવે છે તે બધામાંથી તે જ્ઞાન ગ્રહણ કરે છે. એની પોતાની સંવેદનક્ષમતાથી એને જ્ઞાન પ્રાપ્ત થાય છે. હજાર ગાયો થયા પછી જ્યારે તે ગુરુગૃહે પાછો ફરે છે ત્યારે ગુરુ આશ્ચર્યમુગ્ધ થઈને કહે છે કે "અરે, તારું મુખ તો જ્ઞાનથી ચમકી રહ્યું છે; તને ક્યાંથી જ્ઞાન પ્રાપ્ત થયું, કોણે જ્ઞાન કરાવ્યું?" આ રીતે જો જીવનમાં સંવેદનક્ષમતા હોય તો બધી જગાએ જ્ઞાન ભરેલું પડયું છે. કબીરે કહ્યું છે કે 'खुले नैन पहचानो, हँसी हँसी सुंदर मुख निहारो' અત: સંવેદનક્ષમતાથી આપણે સ્વયં આપણામાં ખૂલી શકીએ, સૃષ્ટિ અને સમાજ પણ ખૂલશે.

ત્યાર બાદ સાધનામાં સત્સાહિત્યના પ્રભાવ વિશે બોલતાં કહ્યું કે વેદ-વેદાંત, બાઈબલ, કુરાન, તત્ત્વાર્થસૂત્ર, ધમ્મપદ આદિમાં મનીષી અને દ્રષ્ટાઓને થયેલો આત્માનુભવ આપણે માટે શબ્દ-રૂપમાં સંગ્રહિત છે. એટલે તેમાંથી મદદ મળે છે. પરંતુ તે દ્વારા સ્વયં આત્માનુભવ થાય તો જ આ સાતત્ય ટકી શકે છે. અન્યથા કાળની ચાળણીમાં તે ટકી શકતું નથી.

સામાજિક પ્રવાહના અધ્યયન વિશે જણાવ્યું કે જેમ "સ્વ"નું અધ્યયન આપણને "સ્વ" સાથે જોડે છે અને સૃષ્ટિ સાથે જોડે છે, તેવી જ રીતે તે સમાજ સાથે પણ જોડે છે. આપણે કહીએ પણ છીએ કે ચિત્તશુદ્ધિની ભાવના અને ક્રાંતિની તમન્ના એ બેઉનાં સમન્વયથી સમાજક્રાંતિનો માર્ગ આપણે ખોલવાનો છે. એટલે સમાજજીવનની પ્રત્યેક શાખાનું અધ્યયન જરૂરી છે. સામાજિક, આર્થિક, રાજનૈતિક અને વૈજ્ઞાનિક શકિતઓ, જે સમાજપરિવર્તનની પ્રક્રિયામાં પોતાનો હિસ્સો આપી રહી છે તે બધાનું અધ્યયન નિતાંત જરૂરી છે.

તદુપરાંત શબ્દશકિતની આરાધના પણ સ્વાધ્યાયનું એક મહત્ત્વનું પાસું છે. આમ જુઓ તો પ્રકૃતિની ખુલ્લી કિતાબમાંથી જ આપણું અધ્યયન શક્ય બને છે. શબ્દશકિત એક વિરાટ શકિત છે. તે શસ્ત્રશકિતની પર્યાય પણ બની શકે છે, જો સમાજમાં તેનું ઉચિત દિશામાં આકલન કરાવી શકાય તો. જ્યારે તે જીવનના અતલ ઊંડાણમાંથી અંતસ્તલમાંથી પ્રસ્ફુટિત થાય છે ત્યારે જાણે ચમત્કાર જ લાગે છે. ગાંધીજીના શબ્દ પર દેશ ઉપવાસ કરતો હતો, જેલો ભરી દેતો હતો અને અનેક પ્રકારે કષ્ટ વેઠવા તત્પર રહેતો હતો. તો એમના શબ્દોમાં આ શકિત આવી ક્યાંથી? શાસ્ત્ર

કહે છે કે જેની વાણી સત્યને સંભાળે છે, તે વાણીને સત્ય સંભાળી લે છે. ગાંધીજીની વાણીએ સત્યને સંભાળ્યું તો સત્યે તેમની વાણીને સંભાળી લીધી. શંકરાચાર્યે પણ પૂછ્યું છે કે "केषां अमोघ-वचनम् ?" અર્થાત્ કોનું વચન વ્યર્થ નથી જતું ? તે પોતે જ ઉત્તર આપતા કહે છે કે "ये च पुनः सत्य-मौनशम-शीलाः" ।। અર્થાત્ જે સત્ય, મૌન અને શાંતિથી યુક્ત છે તેનું વચન વ્યર્થ નથી જતું. વ્યાખ્યાનનું સમાપન કરતાં તેમણે કહ્યું કે-

तच्-चिंतनं तत्- कथनं अन्योन्यं तत्-प्रबोधनम् ।
एतदेकपरत्वं च, ब्रह्माभ्यासं विदुर बुधाः ।।

**અર્થાત્** તેનું ચિંતન, તેનું કથન, અન્યોન્યને તેનું પ્રબોધન, તેના એકમાં જ તન્મયતા, જ્ઞાની લોક આને જ બ્રહ્માભ્યાસ કહે છે.

ઉષાબેન વોરાના "અધ્યયન અને સાધના" વિષય પર અત્યંત વિદ્વત્તા અને ઊંડાણથી ભરેલા વ્યાખ્યાન બાદ તે જ વિષય પર મારે બોલવાનું હતું. ચર્ચાની શરૂઆત કરતાં મેં કહ્યું કે આ જમાનો વિજ્ઞાનનો છે એટલે વૈજ્ઞાનિક રીતે જ આપણે વિષયને તપાસવો જરૂરી છે. વિશ્વમાં અનેક પ્રકારનાં વિજ્ઞાન દ્વારા ખૂબ સંશોધન ચાલી રહ્યું છે, પરંતુ એ બધાં વિજ્ઞાનોનો દાદો તો છે અધ્યાત્મ-વિજ્ઞાન. એના દ્વારા બીજાં બધાં વિજ્ઞાનો સહજ ખૂલે છે, બ્રહ્માંડનું રહસ્ય તેમાંથી જ જાણવા મળે છે. આપણને જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે કે આ ધરાતલ પર આપણો જન્મ શા માટે છે ? પણ જો આપણે સ્વયંમાં ઉત્પન્ન થતા પ્રશ્નો પર ધ્યાન નથી આપતા તો આપણો પ્રવાસ તદ્દન ઊલટી જ દિશામાં ચાલવા લાગે છે. પરમાત્માએ આપણને આ પૃથ્વી પર મોકલ્યા છે તે કોઈ હેતુ વગર નહીં, આપણને કશી જવાબદારી આપીને મોકલ્યા છે. અને તે જવાબદારી એ છે કે સ્વયંપૂર્ણ પરમાત્માને આ શરીરના માધ્યમ દ્વારા પ્રગટ કરવો. પરમાત્મા પણ આવા શરીરનું માધ્યમ ન હોય તો પ્રગટ થઈ શકતો નથી. એટલે તેને પ્રગટ કરવાનું જ માનવ-જીવનનું મુખ્ય લક્ષ્ય, અવતારકાર્ય છે. જીવનનાં બીજાં બધાં કાર્યો છે તે આ લક્ષ્યને પ્રગટ કરવા માટેનાં આનુષંગિક કાર્યો છે. આ લક્ષ્ય-ધ્યેયનો નિર્ણય સર્વપ્રથમ થવો જરૂરી છે. ત્યાર બાદ આપણી યાત્રા શરૂ થાય છે. ધ્યેયવિહીન યાત્રા અનંતકાળ ભ્રમણના ચક્કરમાં નાખે છે. આધ્યાત્મવિજ્ઞાનમાં પણ કોઈ અંધશ્રદ્ધાથી આગળ વધવાનું નથી, પણ "સી એન્ડ સે"-"સ્વયં જુઓ અને પછી જ માનો"ની વૃત્તિ અપનાવવી પડશે. સ્વયં જોઈએ, ખાતરીપૂર્વક જોઈએ, પછી શંકાને સ્થાન જ ન રહે અને ત્યારે જ તે પ્રમાણિત સત્ય છે તેમ પ્રતીત થાય. વિજ્ઞાનના જમાનામાં આ પદ્ધતિ જ અધિક ઉપયુક્ત રહેશે.

માનવજન્મનો હેતુ જાણવા માટે આપણી યાત્રા ચાલે છે. આ યાત્રામાં પાંચ ભૂમિકાવાળા લોકો મળે છે: (૧) સર્વોત્તમ (૨) ઉત્તમ (૩) મધ્યમ (૪) કનિષ્ઠ અને (૫) વિમુખ. આ વિમુખ ભૂમિકાવાળા લોકો ઘોર અંધકારમાં ફસેલા છે. તેઓની વિચારધારા પણ ઠીક ઊલટી દિશામાં વહેતી હોય છે અને તેમનાં વાણી-વર્તન પણ તેને જ અનુસરે છે. એટલે મિથ્યા જ્ઞાન, મિથ્યા દર્શન અને મિથ્યા ચારિત્ર્યમાં જ તેઓ વર્તતા હોય છે. કનિષ્ઠ શ્રેણીવાળા લોકો તદ્દન અંધકારમાં તો નથી પરંતુ પરમાત્મા જેવું કોઈ તત્ત્વ મોજૂદ છે તેમ સમજીને ત્યાં પહોંચવા માટે કથાવાર્તા, સત્સંગ, યાત્રા, સ્નાન-પૂજાપાઠ આદિ દ્વારા તેઓ કંઈક ને કંઈક કોશિશો કર્યા કરે છે. મધ્યમ ચેતનાવાળા લોકો શાસ્ત્રઅધ્યયન અને ગ્રંથોની મદદ વડે માનવજન્મનો હેતુ જાણવા મહેનત કરે છે અને તેને માટે સ્વાધ્યાયાદિમાં પરોવાય છે. આ શ્રેણીવાળા લોકોમાંથી બહુ જ થોડા ઉત્તમ ભૂમિકા સુધી પહોંચે છે. ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે-

मनुष्यांणां सहस्त्रेषु कश्चि यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।।

**અર્થાત્** હજારો લાખો મનુષ્યોમાં કોઈક જ મનુષ્ય મારી પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે અને તે યત્ન કરનારા સાધકોમાંથી પણ કોઈક જ મારા પરાયણ થઈને મને તત્ત્વથી અને યથાર્થ મર્મથી જાણી શકે છે. આ લોકો સ્વયં તત્ત્વ જાણવા સુધી પહોંચી જાય છે અને પોતાની બુદ્ધિને ઋતંભરાપ્રજ્ઞામાં પરિવર્તિત કરીને સ્વયં પરમાત્મ ચેતનામાં એકાકાર થાય છે. આ લોકોમાં સમ્યક્ જ્ઞાન-દર્શન અને ચારિત્ર્યની ક્ષમતા આવે છે. અને સર્વોત્તમ ભૂમિકા-વાળા તે લોકો છે કે જેઓ નિરંતર "अहं ब्रह्मास्मि"ની ભૂમિકામાં સ્થિત રહીને પોતામાં પ્રગટ થયેલી ઉત્કૃષ્ટ ચેતનાની જ્યોત બીજા અનેકોમાં પ્રગટાવવા સતત પ્રયત્નશીલ રહે છે, જેઓ સમ્યક્ સંબુદ્ધ હોય છે અને કેવળજ્ઞાની હોય છે.

ભગવાન મહાવીરને અને બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું તે પછી તેઓ એકાંતમાં ઝાડ નીચે ન બેસી રહ્યા. તેઓ તો પાછા સમાજમાં આવ્યા, ખૂબ ઘૂમ્યા, અને અનેકોમાં એ જ્ઞાનજ્યોત પ્રગટાવી. આ અનુભવ પછી તેઓના હૃદયમાં સમાજ માટે એટલો બધો પ્રેમ ઊભરાવા લાગ્યો કે પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાનની લહાણી બીજાઓને કર્યા સિવાય તેઓથી રહી જ ન શકાયું. સૃષ્ટિભરમાં તેઓ પોતાનું જ સ્વરૂપ જોતા હતા. રામકૃષ્ણ, ઈસુ ખ્રિસ્ત, મહમ્મદ પેગમ્બર આદિ પરમાત્માના દૂતો હતા. તેઓના માધ્યમ દ્વારા સ્વયં પરમાત્મા જ પૃથ્વીતલ પર પ્રગટ થયા હતા. માનવજીવનનો પણ આ જ ઉદ્દેશ છે. આપણા જીવનમાં પણ આપણે પરમાત્માને પ્રગટ કરવાના છે.

આ ઉદ્દેશ માટે આપણે બહારની સાધના તો કરીએ જ છીએ પણ ભીતરની સાધના બહુ જરૂરી છે. સૃષ્ટિમાં સર્વત્ર જડ-ચૈતન્ય ભરેલું છે. ચૈતન્યના વિરાટ સાગરમાં જડતત્ત્વ તો માત્ર રાઈના દાણા જેટલું જ છે. આપણે સૌ પંચમહાભૂતના બનેલા છીએ, તે છતાં એમ ન કહી શકાય કે આપણે જડ છીએ. એ જડને ગતિપ્રવૃત્તિ દેનારું ચૈતન્યતત્ત્વ પણ સાથે છે જ. અને આ બેઉ જડ અને ચૈતન્ય મનુષ્ય, પશુ, પક્ષી સર્વમાં છે. આથી એ સત્યની પ્રતીતિ થાય છે કે પંચમહાભૂતની દષ્ટિએ તો આપણે સૌ એક જ છીએ અને ચૈતન્ય પણ સર્વમાં છે એટલે આત્માની દષ્ટિએ પણ એક છીએ. તો પછી આપણને એકએકથી ભિન્ન બનાવીને રાખનારું કોઈ ત્રીજું તત્ત્વ પણ હોવું જ જોઈએ. તે છે ચિત્તની ભૂમિકા, અને તે ભૂમિકા પર સૌ અલગ છીએ. પરમાત્મા સર્વત્ર ભરેલો છે છતાં તેનો અનુભવ નથી થતો તે માટે યોગસૂત્રમાં કહ્યું છે કે 'योगः चित्तवृत्ति निरोधः" અર્થાત્ ચિત્તની વૃત્તિઓનું આવરણ આપણા અને પરમાત્માની વચ્ચે પરદો બની ગયું છે. આમ જુઓ તો પરમાત્મા સાથે આપણો અખંડ યોગ ચાલુ જ છે પણ ચિત્ત આડે આવે છે. આ મૂળ કારણને જાણ્યા વિના આપણે નિદાન માટે અહીંતહીં ફાંફાં મારતા રહીએ છીએ. આપણને ખબર નથી કે મૂળ રોગ શું છે ? રોગ જ્યાં છે ત્યાં જ અનું ઓપરેશન થવું જરૂરી છે. રોગ ચિત્તમાં હોય અને શરીરને કષ્ટ આપીને તપશ્ચર્યા કરીએ તો પરિણામદાયી નહીં બને. આ રોગ ચિત્તનો છે" એટલે ચિત્તની ભૂમિકા પર ઓપરેશન જરૂરી છે. દિલદિમાગનું સૂક્ષ્મ પરીક્ષણ કરીને આ ઓપરેશન થવું ઘટે. પણ આ તો છે અત્યંત સૂક્ષ્મ ભૂમિકા. આ કેવી રીતે બને ? તો ભગવાને આપણને ચીંધ્યું છે કે "असंग शस्त्रेण दृढेन छित्वा" કે પરમાત્મ ચેતનારૂપી અસંગ સૂક્ષ્મ શસ્ત્રથી જ તેનું છેદન શક્ય બનશે.

આપણા ચિત્તમાં ત્રિવિધ અવસ્થાઓ રહેલ છે : અજાગૃત, અર્ધજાગૃત અને જાગૃત. આ ત્રણેમાં ઓછેવધતે અંશે જન્મ-જન્મના સંસ્કારોની રેકોર્ડ પડી હોય છે અને પ્રતિક્ષણ નવા સંસ્કારોની નવી રેકોર્ડ થતી જાય છે. આ સંસ્કારોને વિલીન કરવાના છે એટલે તો ભગવાન બુદ્ધે કહ્યું છે કે-

विसंखारगतं चितं, तण्हानं खय मज्झगा ।।

અર્થાત્ ચિત્ત તદ્દન સંસ્કારશૂન્ય બની ગયું છે અને તૃષ્ણાઓનો ક્ષય થઈ ગયો છે. આ કાર્ય કરવાનું વૈજ્ઞાનિક રીતે સરળ પડશે. જે

કચરો છે તેને જોઈ લેવો, પ્રતીતિ કરવી કે એ કચરો જ છે, એટલે કચરાનું અર્ધું જોર નરમ પડી જશે અને ધીરે ધીરે વિલીન થશે. નામસ્મરણ પણ એક સારો ઉપાય છે. આ બધું જાગૃતિપૂર્વક થવું જરૂરી છે. અન્યથા "રામરામ" યા બિલ્લીકુત્તાનું રટણ કરવું તે બેમાં કશો ફરક નહીં રહે.

સૂર્યકિરણો ૧ લાખ ૮૬ હજાર માઈલની ગતિથી પ્રતિ સેકંડે પ્રવાસ કરીને પૃથ્વી પર આવે છે. પણ મનની ગતિ તેથી પણ શીઘ્ર છે. આવા ગતિશીલ મલ્લની સાથે આપણે કુસ્તી કરવાની છે. આપણે ચિત્તને ચીત કરવા માટે ખૂબ બળ કેળવવાનું છે. ક્ષત્રિયોચિત વીરત્વ કેળવવાનું છે. યમ, નિયમ, આસન, અને પ્રાણાયામથી શરીર શિસ્તબદ્ધ બને છે. ત્યાર બાદ પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન દ્વારા સમાધિની સ્થિતિ સુધી પહોંચવું શક્ય બને છે. મનની શકિત વધુ રહસ્યમય શકિત છે, અનંત શકિત છે, કારણકે તેની પાછળ પણ સ્વયં પરમાત્મ–ચેતના જ કામ કરી રહી છે. સ્વયં પરમાત્મા મનરૂપી માયા ઊભી કરીને આપણી તાકાતની કસોટી કરે છે. પરીક્ષા લે છે કે આ પાત્ર કેટલું યોગ્ય બન્યું છે. આપણે એ પરીક્ષામાં પાસ થવાનું છે.

આપણું પૂરું જીવન જ એક યજ્ઞ છે. આપણા પ્રત્યેક કર્મો યજ્ઞરૂપે થવાં જોઈએ. બોધપૂર્ણ જાગૃતિપૂર્વક કરેલાં કાર્યો બંધન નથી કરતા પણ "કર્મયોગ" બની જાય છે. જ્યારે અજ્ઞાનમાં કરેલા કર્મો "કર્મબંધ" થાય છે. આવી જાગૃતિ કેળવવા માટે શ્વાસોચ્છ્વાસની ગતિ પર મન કેન્દ્રિત કરતાં સ્થિરતા મળે છે. બાહ્યમાંથી અંતરમાં જવા માટેની મોકળાશ અનુભવાય છે. આને આનાપાન સ્મૃતિ કહે છે. ત્યારબાદ વિપશ્યના, એટલે કે માથાથી તે પગ સુધી અને પગથી માથા સુધી આપણી ચેતનાને જાગૃતિપૂર્વક પસાર કરવાની અને ભાવ કરવાનો કે આ બધું જ અનાત્મિક અને અનિત્ય છે, પણ તેનો દર્શક જે હું છું તે શાશ્વત છું. ત્યારબાદ મૈત્રીભાવ, સારી સૃષ્ટિ જોડે એકાકાર વૃત્તિ, બધામાં જ મિત્રનાં દર્શન અને તે દ્વારા બ્રહ્મવિહાર શકય બને છે, જેથી ચિત્ત, ચિત્ત ન રહેતાં બ્રહ્મભાવથી ભરાઈ જાય છે, અને સર્વત્ર એકતા, આત્મીયતા અને આનંદ આનંદ પ્રવર્તમાન લાગે છે.

(અપૂર્ણ) પૂર્ણિમા પકવાસા

# 'બુદ્ધિનો વ્યભિચાર' શેમાં છે?

મહારાષ્ટ્ર સરકારે દારૂબંધી હળવી કરી તે સંબંધી 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના તા૦ ૨૭-૮-'૭૨ના અંકમાં તેના તંત્રી શ્રી ખુશવંતસિંગે જે લખેલું તે તથા તા૦ ૧૬-૯-'૭૨ના 'પ્રબુદ્ધ જીવન'માં લખાયેલ 'બુદ્ધિનો વ્યભિચાર' એ બન્ને લખાણો ખૂબ જ ધ્યાનપૂર્વક મેં વાંચ્યાં છે. એ વાંચ્યા પછી મારા મન ઉપર એવી છાપ પડી છે કે શ્રી ખુશવંતસિંગનું લખાણ હૃદયપૂર્વકની સચ્ચાઈનો રણકો બજાવે છે: જ્યારે 'બુદ્ધિનો વ્યભિચાર' પોતાની માન્યતાને જ સાચી ઠરાવવા માટેના હેતુપૂર્વક લખાયેલું છે.

દારૂ પીવો એ સારી વસ્તુ છે અથવા મારે દારૂ પીવો છે માટે હું આમ કહું છું એમ ન માનશો. પરંતુ, કોઈ પણ ખાવાપીવાની વસ્તુ ઉપર રાજ્ય તરફથી પ્રતિબંધ ફરમાવવામાં આવે એ વાત જ સૈદ્ધાંતિક દષ્ટિએ ખોટી છે. કેમ કે, કાયદો એ માત્ર ગધેડો નહિ, ગાંડો ગધેડો છે. તેનો જ્યારે અમલ કરવામાં આવે ત્યારે તેમાં સારા-નરસાનો કે સંજોગોનો વિવેક જળવાતો નથી; ત્યારે કેટલીક વખત જેને આપણે ઝેરી કે નશીલી ચીજ માની તરછોડીએ છીએ તે પણ ઉપયોગી અને જીવનરક્ષક બની રહે છે તેનું શું? One man's food is another man's poison. પણ સાથે સાથે one man's poison is another mans life drug. પણ કાયદાની દષ્ટિમાં તો બધું એક જ અસ્ત્રે મૂંડવામાં આવે. એટલે કાયદાથી દારૂબંધી ન જોઈએ.

દારૂબંધી એ આજથી નહિ પણ શ્રીકૃષ્ણના સમયથી જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે રાજ્ય તરફથી ફરમાવવામાં આવી છે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે એ નિષ્ફળ જ નીવડી છે. અને ત્યાર પછી જેમ દુકાળિયાને અનાજની પ્રાપ્તિ થાય અને અકરાંતિયો થઈને ખાય એવી પરિસ્થિતિ સર્જાઈ છે. તેમ જ કાયદાથી પ્રતિબંધિત થયેલ વસ્તુ પરત્વે લોકોનું આકર્ષણ ઊલટું વધે છે. હું રહું છું તે લત્તામાં આજુબાજુનાં મકાનોમાં 'પીવાવાળા'ઓનો વસવાટ છે. પહેલાં જ્યારે હું રાતના ઘેર આવતો ત્યારે રસ્તામાં બેચાર પીધેલા તો મળે જ. જ્યારે દારૂબંધીમાં છૂટછાટ મુકાયા પછી એક પણ એવો પીધેલો જોવા મળતો નથી. થોડા વખત પહેલાં હું ગોવા ગયેલો. ગોવાના મુખ્ય શહેર પંજીમમાં બે દિવસ રહ્યો. ત્યાં દર પાંચ-છ દુકાને એક દારૂની દુકાન છે, 'બાર' છે, પણ મને કોઈ રસ્તામાં લથડિયાં ખાતો ન મળ્યો. જ્યારે મુંબઈમાં દારૂબંધી હળવી બનાવાઈ તે પહેલાં પુષ્કળ માણસો પીધેલા જોવા મળતા. આજે તો નવી નીતિને કારણે છૂટ હોવાથી પીનારો પોતાના ઘેર લઈ જઈને પી શકે છે.

ખાવાપીવાની વસ્તુઓમાં સેળભેળ ન થાય તે જોવાની રાજ્યની ફરજ છે. દરેક વસ્તુ શુદ્ધ અને સ્વચ્છ મળે તે માટે રાજ્યે સજાગ રહેવું જોઈએ. દારૂમાં ઝેરી ચીજો ભેળવીને લોકોને આપનારા સામે રાજ્યે સારો દારૂ સસ્તામાં આપવો જોઈએ એવી વાત કરવામાં શ્રી ખુશવંતસિંગે કાંઈજ ખોટું કર્યું નથી.

હવે બુદ્ધિના વ્યભિચારની વાત ઉપર આવીએ.

શું સત્યનો એકરાર કરવો એ બુદ્ધિનો વ્યભિચાર છે? દારૂબંધી સરિયામ નિષ્ફળ નીવડી છે એ હકીકત છે એટલું જ નહિ, એ કોઈ જગ્યાએ ક્યારેય સફળ બની શકવાની નથી એ પણ ચોક્કસ છે. આપણા દેશમાં દ્વૈપાયન ઋષિના શાપથી ભયભીત બનેલા શ્રીકૃષ્ણ વાસુદેવે દારૂને દાટી દીધેલો. પરંતુ તે એવા જોરથી ઊછળ્યો કે સુવર્ણમયી દ્વારિકાનો વિનાશ થયો. બીજા દેશોમાં પણ આવા અખતરાઓ કરવામાં આવ્યા છે પણ બધી જગાએ તે નિષ્ફળ નીવડયા છે. આ નિષ્ફળતાને કબૂલ કરવી એમાં બુદ્ધિનો વ્યભિચાર શાનો?

સત્યનો સ્વીકાર કરવામાં બુદ્ધિનો વ્યભિચાર નથી, પરંતુ જે વસ્તુ નથી તેને છે એમ સ્થાપિત કરવા પ્રયત્ન કરવો એમાં બુદ્ધિનો વ્યભિચાર છે.

એક વકીલ કોઈને ખૂન કરતાં નજરે જુએ, છતાં ખુનીને નિર્દોષ ઠરાવવા અદાલત સમક્ષ છટાભરી ભાષામાં દલીલો કરે, પોતાનો અસીલ ખોટો છે એમ જાણવા છતાં તેના પક્ષે ઊભા રહી બનાવટી પુરાવાઓના આધારે તે સાચો ઠરાવવા પ્રયત્નો કરે; એક ડૉક્ટર, દર્દીનું દર્દ અસાધ્ય છે એમ જાણવા છતાં પોતાને પૈસા મળે તે ખાતર તેને બિનજરૂરી દવાઓ કે ઈન્જેકશનો આપે; 'સાધુઓ કંચન અને કામિનીના ત્યાગી હોવા જોઈએ' એવી ગુલબાંગો પોકારનાર સંઘના નેતાઓ અમુક સાધુને ચાતુર્માસ કરાવવાથી સંઘને ફંડફાળો કરવામાં લાભ થશે માટે તે સાધુને તેમની કોઈ ચોક્કસ પ્રવૃત્તિ માટેના ફંડમાં નાણાં યાને પાઘડી આપી પોતાને ત્યાં ચાતુર્માસ કરાવે એમાં બુદ્ધિનો વ્યભિચાર છે.

રતિલાલ ચીમનલાલ શાહ

**નોંધ:** શ્રી રતિલાલ ચીમનલાલ 'મુંબઈ સમાચાર'માં ધર્મ-પ્રિયને નામે જય જિનેન્દ્ર કોલમના લેખક છે. શ્રી ખુશવંતસિંગના જે વિચારોની મેં ટીકા કરી હતી તેમાં કાયદાથી દારૂબંધી સફળ ન થાય એ મુદ્દો નથી. શ્રી ખુશવંતસિંગ દારૂ પીવામાં માને છે અને તેમણે કહ્યું છે કે દારૂના વ્યસનને કાબૂમાં લાવવા દારૂબંધી રદ કરી છે એવી વાતમાં કોઈ વજૂદ નથી. શ્રી ખુશવંતસિંગ માને છે કે દારૂ પીવાનો તેમને હક્ક છે અને તે હક્કની સ્વતંત્રતા સ્થાપિત કરવા તેઓ સત્યાગ્રહ કરવા ઈચ્છે અને ભરબજારે પદ્માસન વાળી, લલકારે:

સોડા બરફ વ્હીસ્કી દો
નહિ તો ગાદી છોડી દો.

પ્રથમ બોટલવાલા શહીદ થવાની તેમની મહેચ્છા હતી. તેમને દારૂના ધંધાનું ભવિષ્ય ઉજ્જવળ લાગે છે.

શ્રી રતિભાઈ આવા વિચારોમાં સચ્ચાઈનો રણકાર જોતા હોય તો મારે કાંઈ કહેવાનું નથી. હું આશા રાખું છું કે દારૂ પીવાનો કોઈને હક્ક છે એમ શ્રી રતિભાઈ માનતા નહિ હોય. તેઓ એમ માનતા લાગે છે કે દારૂબંધી હળવી કરી તેથી દારૂનું વ્યસન કાબૂમાં આવશે. શ્રી ખુશવંતસિંગ એમ નથી માનતા. તેઓ દારૂને વ્યસન નથી માનતા.

દારૂબંધી માત્ર કાયદાથી સફળ ન થાય તે સૌ કોઈ જાણે છે. દારૂના વ્યસનમાંથી લોકોને છોડાવવા બહુ અઘરું કામ છે. પણ તે માટે સસ્તો દારૂ પ્રજાને પૂરો પાડવો તે અવળી દિશાનો ઉપાય છે.

ચીમનલાલ ચકુભાઈ

# ☆ આપણી બિનસાંપ્રદાયિક લોકશાહી : એક સરખામણી ☆

પાકિસ્તાનના નવા બંધારણમાં તેને ઈસ્લામી રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે, સીરિયાના આરબ રાજ્યના નવા બંધારણમાં તેને ઈસ્લામી રાજ્ય તરીકે જાહેર કરવામાં ન આવ્યું તેથી હુલ્લડો થયાં અને ૬૦ માણસો માર્યા ગયા. આથી પ્રમુખે તેમને રાજી રાખવા એક કલમ ઉમેરી કે રાજ્યનો વડો હમેશાં મુસલમાન જ હશે. (સીરિયામાં ૧૨.૬ ટકા આરબો ખ્રિસ્તી છે.) બાંગલા દેશના નવા બંધારણમાં તેને બિનસાંપ્રદાયિક લોકશાહી દેશ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ બનાવોના સંદર્ભમાં ભારતની બિનસાંપ્રદાયિક લોકશાહી પૂર્વના અને પશ્ચિમના દેશો સાથે સરખાવવી રસપ્રદ થઈ પડશે.

ભારતના ટીકાકાર અંગ્રેજો અને અમેરિકનો ભારતને હિંદુ ઈન્ડિયા તરીકે ઓળખાવવાની કોઈ તક જતી કરતા નથી. ભારતની વસતિમાં ૬ કરોડ ૧૫ લાખ જેટલા મુસ્લિમો, ૧ કરોડ ૪૩ લાખ જેટલા ખ્રિસ્તીઓ ઉપરાંત શીખ, બૌદ્ધ અને જૈન સંપ્રદાયો મળીને દોઢ કરોડથી વધુ લોકો વસે છે એટલું જ નહિ પણ આ બધી કોમો બંધારણમાં તેમ જ વ્યવહારમાં સંપૂર્ણ સમાન અધિકારો ભોગવે છે. તેમ છતાં ભારત સંપૂર્ણ બિનસાંપ્રદાયિક રાજ્ય છે એ હકીકત પ્રત્યે આ ટીકાકારો આંખ આડા કાન કરે છે. ખરેખર તો આપણે તેમના દેશની ટીકા કરી શકીએ, કારણ કે બ્રિટનમાં રાજા અને રાણી ખ્રિસ્તી, અને તે પણ પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયનાં જ હોવાં જોઈએ. અમેરિકામાં પ્રમુખપદ માટે બિનગોરા કે બિનખ્રિસ્તીને બંધારણે અપાત્ર ઠરાવેલ નથી તેમ છતાં કોઈ રંગીન માણસ કે કોઈ ગોરી સ્ત્રી પણ પ્રમુખ બની શકે એવી કલ્પના પણ ન થઈ શકે. પ્રધાનમંડળમાં પણ કોઈ સીદી મહત્ત્વનું સ્થાન મેળવવાની આશા ન રાખી શકે. ત્યારે ભારતમાં ડૉ. ઝાકીરહુસેન જેવા વિદ્વાન મુસ્લિમ રાષ્ટ્રપતિ તરીકે પણ ચૂંટાઈ આવ્યા હતા અને અનેક મુસ્લિમો પ્રધાનોના તેમ જ સૈન્યમાં મહત્ત્વના હોદ્દા ભોગવતા આવ્યા છે. આવી ઉદારતા યુરોપના લોકશાહી દેશોમાં પણ નથી. હિટલરે યહૂદીઓ પર અત્યાચારો કર્યા તે પહેલાં પણ યુરોપી દેશોમાં યહૂદીઓ પર અન્યાય અને અત્યાચારો થતા આવ્યા હતા. બ્રિટને અને ફ્રાન્સે મળીને આરબ પેલેસ્ટાઈનને યહૂદીઓનું પિતૃગૃહ જાહેર કર્યું તેની પાછળ તેમનો ઈરાદો યુરોપમાંથી યહૂદીઓને ઓછા કરવાનો પણ હતો. ઈંગ્લેન્ડમાં શેકસપિયરે પણ પોતાનાં નાટકોમાં યહૂદીઓને તિરસ્કારવાયોગ્ય પાત્રો તરીકે રજૂ કર્યા છે, તેમાં તે જમાનાના ખ્રિસ્તી માનસનું પ્રતિબિમ્બ છે.

લોકશાહીની વાત કરીએ તો લેટિન અમેરિકા, આફ્રિકા અને એશિયામાં ભારતની લોકશાહી સાથે સરખાવી શકાય એવી લોકશાહી કેટલા દેશોમાં છે? લેટિન અમેરિકામાં અને આફ્રિકામાં એકે નહિ. લેટિન અમેરિકામાં યુનાઈટેડ સ્ટેટ્સે હમેશાં લશ્કરી સરમુખત્યારોને ટેકો અને મદદ આપ્યાં છે અને તેમના દ્વારા તેમના દેશોનું આર્થિક શોષણ કર્યું છે. આવું આફ્રિકામાં પણ બન્યું છે. યુરોપમાં નિંદાપાત્ર જુલમી આપખુદી ધરાવતી સરકારો સ્પેન, પોર્ટુગાલ અને ગ્રીસમાં છે અને અમેરિકાએ એ ત્રણેને હમેશાં મદદ કરી છે.

એશિયાની વાત કરીએ તો પશ્ચિમ એશિયામાં બધાં મુસ્લિમ રાજ્યો અને અગ્નિ એશિયામાં ઈન્ડોનેશિયાનું મુસ્લિમ રાજ્ય સરમુખત્યારી ધરાવે છે. લોકોનો થોડો અવાજ કંઈક અંશે સીરિયા અને લેબેનોનમાં સંભળાય છે. ઈરાનમાં લશ્કરના બળ પર આધારિત આપખુદ રાજાશાહી છે અને અમેરિકાએ તેને હમણાં જ બે અબજ ડૉલરની કિંમતનાં શસ્ત્રો આપીને શહેનશાહની સરમુખત્યારીને મજબૂત બનાવી છે. પાકિસ્તાનના સરમુખત્યારોને અમેરિકાએ લગભગ બે દાયકા સુધી શસ્ત્રો આપીને તેમને આક્રમક બનાવ્યા, અને હજી પણ ભુટ્ટોને શસ્ત્રો આપી આક્રમક બનાવવા માગે છે.

અગ્નિ એશિયામાં જોઈએ તો બ્રહ્મદેશમાં લશ્કરી સરમુખત્યારી છે, પણ તે બિનજોડાણની નીતિ અનુસરે છે. શ્યામ (થાઈલેન્ડ)માં અમેરિકાના છત્ર નીચે લોખંડી સરમુખત્યારી છે. એથી પણ વધુ અત્યાચારી સરમુખત્યારી અમેરિકાએ દક્ષિણ વિયેટનામમાં સ્થાપી છે અને હજી તેને પોષે છે. હિંદી ચીનના કોઈ રાજ્યમાં લોકશાહી નથી. ફિલિપાઈન્સમાં અમેરિકાના છત્ર નીચે લોખંડી સરમુખત્યારી છે, અને દક્ષિણ કોરિયામાં પણ. ઉત્તર કોરિયામાં, ઉત્તર વિયેટનામમાં અને ચીનમાં સામ્યવાદી સરમુખત્યારી છે. કહો, લેટિન અમેરિકામાં, આફ્રિકામાં કે એશિયામાં લોકશાહી કયાં છે?

એશિયામાં ભારત સિવાય કયાંય લોકશાહી બંધારણ હોય તો માત્ર જાપાનમાં છે, પરંતુ તે અમેરિકાના લશ્કરી છત્ર નીચે છે. તેની ભૂમિ પર અમેરિકાનાં યુદ્ધમથકો છે. અલબત્ત, તેથી વિદેશનીતિમાં સ્વતંત્ર નિર્ણયો લેવામાં તેને બાધ નથી નડતો.

આપણી ફરિયાદ એ છે કે અમેરિકા લોકશાહી દેશ હોવા છતાં અને બ્રિટિશ સામ્રાજયવાદ સામે લડીને પોતાની સ્વતંત્રતા મેળવી હોવા છતાં તેણે હમેશાં આપખુદ રાજકર્તાઓને, રંગભેદની રાક્ષસી નીતિમાં માનતા દક્ષિણ આફ્રિકા તથા રોડેશિયાને અને લશ્કરી સરમુખત્યારોને મદદ અને ટેકો આપેલ છે અને હજી આપે છે. પાકિસ્તાને ચાર વખત ભારત સામે આક્રમણ કર્યું, બાંગલા દેશમાં અમાનુષી અત્યાચારો કર્યા, આપણી સામે ત્રણ આક્રમણો અમેરિકન શસ્ત્રો વડે કર્યાં, તેમ છતાં પ્રમુખ નિક્સન ફરીથી પ્રમુખ ભુટ્ટોની સરકારને શસ્ત્રો આપવા માગે છે. ઈરાનના શાહને, તુર્કીને અને સાઉદી અરબસ્તાનના રાજાને અમેરિકા જે શસ્ત્રો આપે છે તેમાંથી વિમાનો સહિત કેટલાંક શસ્ત્રો પાકિસ્તાનમાં પહોંચે છે. તેનો અર્થ એ થયો કે ભારતમાં સ્વતંત્ર, લોકશાહી, લોકકલ્યાણકારી રાજ્યનો વિકાસ થાય તેમાં અમેરિકા રાજી નથી.

અમેરિકા અને ભારતની લોકશાહીની સરખામણી કરો તો અમેરિકા કરતાં પણ ભારતમાં વધુ શુદ્ધ લોકશાહી છે. અમેરિકામાં પ્રમુખ એવી વિશાળ સત્તાઓ ભોગવે છે કે જે પ્રમુખને કેટલીક બાબતમાં આપખુદ બનાવે છે. પ્રમુખ ચૂંટાયા પછી પોતાના પક્ષના અંકુશ નીચે નથી હોતો. તેની ઉપર કૉંગ્રેસનો અંકુશ પણ મર્યાદિત અને બુઠ્ઠો હોય છે. પ્રમુખનું પ્રધાનમંડળ પણ કૉંગ્રેસને જવાબદાર નથી. રશિયામાં પ્રમુખ અને વડા પ્રધાન પર (સામ્યવાદી) પક્ષનો અંકુશ હોય છે, પણ અમેરિકામાં નહિ! કૉંગ્રેસમાં એક પક્ષની બહુમતી હોય અને પ્રમુખ બીજા પક્ષનો હોય! પ્રમુખ નિક્સને પોતાના શાસનકાળનાં પહેલાં ચાર વર્ષોમાં બતાવી આપ્યું કે તેઓ પક્ષ, કૉંગ્રેસ, અખબારો અને પ્રજામત વિરુદ્ધ જઈને પણ પોતાની દુરાગ્રહી નીતિ અમલમાં મૂકી શકે છે. આપણી લોકશાહીમાં કે બ્રિટિશ લોકશાહીમાં આવી કલ્પના પણ ન થઈ શકે.

આપણા દેશમાં તેજોદ્વેષી સંસ્થા કૉંગ્રેસ સહિત વિરોધ પક્ષો હમેશાં કાગારોળ કરતા હોય છે કે ભારતમાં ઈન્દિરા ગાંધી સરમુખત્યાર બની રહ્યાં છે, તેમની કૉંગ્રેસ સરકાર આપખુદીથી રાજ કરે છે, વડા પ્રધાનની વ્યકિતપૂજા થઈ રહી છે, વિરોધ પક્ષોને કચડી નાખવામાં આવે છે, વગેરે. પરંતુ જે વિરોધ પક્ષો ઈન્દિરા સરકારને સંકટમાં મૂકવા માટે રાજ્યોના ટુકડા કરવાની અને તે માટે નવું રાજ્યપુનર્રચના પંચ નીમવાની હિમાયત કરે, જે વિરોધ પક્ષો અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને કોમવાદી મુસ્લિમોનો અડ્ડો બનાવવા માટે મળેલા કોમવાદી મુસ્લિમોના સંમેલનમાં સામેલ થાય અને આવા અનિષ્ટ ઠરાવને ટેકો આપે તેમને કયા શબ્દોમાં વખોડવા? (આ મુસ્લિમ સંમેલનમાં સંસ્થા કૉંગ્રેસ, સ્વતંત્ર પક્ષ અને રાજનારાયણના સંયુકત સમાજવાદી પક્ષના નેતાઓ સામેલ થયા હતા!)

જેઓ ભારતમાં સરમુખત્યારી સ્થપાતી હોવાની કાગારોળ કરે છે તેમણે આપણી બિનસાંપ્રદાયિક લોકશાહીને બીજા દેશો સાથે સરખાવવી જોઈએ. પરંતુ જેઓ દ્વેષથી પ્રમાણભાન ગુમાવે છે તેઓ પ્રામાણિકપણે વિચારી શકતા નથી. એટલે જ તેઓ વિકલ્પ સરકાર રચવાની શકિત ધરાવતા નહિ હોવા છતાં સ્થિર અને લોકશાહી સરકારને તોડી પાડીને દેશવ્યાપી અરાજકતા, અંધાધૂંધી, હિંસા અને બળવા માટે દ્વાર ખોલી નાખવા માગે છે. તેનો અર્થ એ નથી કે ઈન્દિરા સરકાર એક શ્રેષ્ઠ આદર્શ સરકાર છે; પણ તેના કરતાં વધુ સારી અને અણિશુદ્ધ લોકશાહીને વરેલી સરકાર સ્થાપવાની શકયતા ન હોય તો ચીન, પાકિસ્તાન અને અમેરિકાના હાથ મજબૂત થાય એવી ખંડનાત્મક નીતિ તો તજવી જ જોઈએ.

વિજયગુપ્ત મૌર્ય

# પ્રવાસો આવા જ હોય છે?

આવ્યો ત્યારે એકલો: હવે અહીંયા મળ્યો મેળો;
ક્યાંક છે ઝાડ ને ક્યાંક છે પંખી: ક્યાંક છે નાજુક વેલો!

ટહુકામાં અહીં દરિયો તરે
થઈને પારિજાત;
કોઈકની સાથે શબ્દો, અરે
કોઈકની સાથે વાત.
મેઘધનુષે પોતે આવી રસ્તો આ રંગેલો;
આવ્યો ત્યારે એકલો: હવે અહીંયા મળ્યો મેળો!

ક્યાંક છે ગીતો, ક્યાંક છે આંસુ:
કોઈકના સ્મિતની માયા;
અહીંની મધુર માટી ઉપર
મૌનના છે પડછાયા.
ભર્યો ભર્યો સંસાર મળ્યો છે એકલાને અલબેલો;
આવ્યો ત્યારે એકલો: હવે અહીંયા મળ્યો મેળો!

આ મારું ઘર છે. હું મને પણ કહું છું અને બીજાં બધાંને પણ કહું છું કે આ મારું ઘર છે. બહાર બારણાં પર મારા નામની તકતી પણ છે. લોકો મને અહીં મળવા આવે છે અને હું અહીંથી જ લોકોને મળવા જાઉં છું. મારી પાસે સાચવેલી ભાડાની રસીદો પણ છે. મને લાગે છે કે આ મારું ઘર છે.

ઘરમાં રેડિયો છે, ફ્રીજ છે, ફોન છે, કબાટ છે, વાસણો છે. ડાઈનિંગ ટેબલ છે, એશ-ટ્રે છે, મંદિરનો ગોખલો છે, પત્ની છે, બાળકો છે, નોકર છે, વ્યવસ્થા છે, અવ્યવસ્થા છે. કામની અને નકામી વસ્તુઓ છે. અરીસો છે, દાંતિયો છે, ટૂથબ્રશ છે, કિટલી છે, સાણસી છે, ચીપિયો છે, દાઢીનું બ્રશ છે. વળગણી પર સુકાતાં કપડાં છે, મેગેઝિનો છે, ચોપડા છે, ફાઈલ છે, કાગળિયાં છે, કચરો છે, દવાની બાટલીઓ છે. મને લાગે છે કે ઘર આવું જ હોવું જોઈએ!

પણ મારો જીવ હમેશાં પ્રવાસમાં લઈ જવાની બેગ પર જ લાગ્યો હોય છે. ચાર દીવાલની બહાર અંતે તો માણસને દીવાલનો જ અનુભવ થયો હોય છે તો પણ ઘડી બે ઘડી ટેવની દુનિયાની બહારની દુનિયાનો અનુભવ થવો જોઈએ.

અંધારાના બોગદાને વીંધીને જતી ટ્રેન, અજાણ્યાં સ્ટેશનો, આપણી સાથે સાથે પ્રવાસ કરતો ચંદ્ર, કમ્પાર્ટમેન્ટનું ભૂરું અંધારું, મનના વિચારોની ગતિ, કોઈકની ઘૂંટાતી સ્મૃતિ, વાંચવા માટે લીધેલાં છતાં નહીં વંચાતાં પુસ્તકોના ઉપેક્ષિત બાળકો કે વૃદ્ધો જેવા ચહેરાઓ, અજાણ્યા સહપ્રવાસીઓનો તાજો આછો પરિચય, છાપાના વાચનથી તપોવૃદ્ધ થયેલી રાજકારણની ચર્ચાઓ, આજના વંઠેલા વિદ્યાર્થીની વાતો, ચલચિત્રો, કેળવણી વગેરે વગેરે વગેરે વાતો વાતો વાતો; પછી ભાથું, પછી મૌન, પછી વિચારો, પછી સ્ટેશનો...થાય છે કે શું પ્રવાસો આવા જ હોય છે?

પણ આપણે જન્મ્યા ત્યારથી જ પ્રવાસ તો સતત ચાલ્યા જ કરે છે ને! એક એક દિવસ કે એક એક મહિનો કે એક એક વરસ કે જન્મ અને પુનર્જન્મની ઘટમાળના સંદર્ભમાં એક એક જન્મ આખરે તો ટ્રેનનો એક કમ્પાર્ટમેન્ટ જ છે ને! કોઈકને માટે બહાર નામ લખાયેલું હોય છે. કોઈકે માંડ માંડ જગા મેળવીને પ્રવાસ કરવાનો હોય છે, તો કોઈકે ઊભા ઊભા. અને પરિચયમાં આવતા માણસો અંતે તો પેલા ઝડપથી પસાર થઈ જતાં અજાણ્યા સ્ટેશનો જેવા જ નથી શું? પ્રવાસની સાથે સહવાસનો પ્રાસ દેખીતી રીતે મળે પણ છે અને નથી પણ મળતો. કારણ કે અંતે તો પ્રત્યેક પ્રવાસી એકલો જ હોય છે!

જન્મ અને મરણના બે અંતિમોની વચ્ચે કેટલાંયે મિલન, કેટલીયે વિદાય, જગા માટેની પડાપડી, કેટલાંયે સ્મિત અને કેટલાંયે આંસુ, કેટલાંયે હસ્તધૂનનો અને કેટલીયે ઉગામેલી મુઠ્ઠીઓ, કેટલાયે સંકલ્પો અને કેટલાંયે સમાધાનો, કેટલો બધો કામનો અને નકામો સામાન, કેટલો કચરો, કેટલી ધૂળ. માણસને લલાટે આટલા લાંબા અનંત પ્રવાસમાં આ ધૂળનું જ તિલક? કોઈક સંત જ આ ધૂળને કંકુમાં ફેરવી શકે છે. એ સાથે છે છતાં એકલો છે. એકલો છે છતાં સાથે છે. એકલતાનું એકાન્તમાં રૂપાંતર કરી પ્રવાસને યાત્રાનું સ્વરૂપ કદાચ સંત જ આપ શકે.

ઘરની દીવાલ, શરીરની દીવાલ, મનની દીવાલ, ધનની દીવાલ, સત્તાની દીવાલ, પ્રેમને નામે માલિકી અને અહમ્‌ની દીવાલ... એક પછી એક કમ્પાર્ટમેન્ટસ. બધા પર આપણે જ આપણું નામ લખી દઈએ છીએ. આપણે ચાલીએ છીએ પણ બંધાયેલા પગે. આપણે ગાઈએ છીએ પણ રૂંધાયેલા ગળે. પ્રવાસનો આનંદ ઓસરી જાય છે. પ્રવાસ થઈ જાય છે થાક અને કંટાળો. શરીર મેલું થઈ જાય છે. નખની ધાર કાળી પડી જાય છે. આપણામાં અને આપણી સાથે પ્રવાસ કરતા આપણા સામાનમાં કશો ફેર રહેતો નથી.

આ મારું ઘર છે. બારણાં બંધ છે. બારીઓ ખુલ્લ છે. એના પર પડદા છે. પંખો ફરે છે. બત્તીઓ બળે છે. ઘડિયાળ ચાલે છે. સ્ટેન્ડિંગ કિચન છે. વૉશ બેશીન છે. સોફાસેટ છે. દીવાલ પર છબીઓ છે. ગઈ કાલનાં છાપાંઓ છે. દૂધની બાટલીઓ છે. આવતી કાલની ફૈલની પડી છે. દાળચોખાના ડબ્બાઓ છે. બામની બાટલી છે. દવાની ગોળીઓ છે. ઘીનો દીવો છે. લંબાવવા માટે ખાટલો છે. હું છું. ઉતારેલા જોડા છે. એમાં આખો રસ્તો ટૂંટિયું વાળીને પડયો છે. દિવસ અને રાત, મહિનાઓ અને વરસો અજાણ્યાં સ્ટેશનોની જેમ પસાર થઈ જાય છે.

આ ઘર છે?
કમ્પાર્ટમેન્ટ છે?

આ પ્રવાસ છે? હું મને પૂછું છું. હું તમને પૂછું છું.

કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વિના કે પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના, સામાન વિના ચુપચાપ ઊતરી જવાનું સ્ટેશન ક્યારે આવશે?

—સુરેશ દલાલ

# સંઘ સમાચાર

## સ્વ. પરમાનંદભાઈની દ્વિતીય પુણ્યતિથિ

સ્વ. પરમાનંદભાઈની દ્વિતીય પુણ્યતિથિ ૧૭મી એપ્રિલના રોજ આવતી હોઈ તે દિવસે સાયગલ સ્વરકાર સંગીતજ્ઞ શ્રી હરીશ ભટ્ટનાં ભજનો રાખવામાં આવેલ છે. 'જન્મભૂમિ પત્રો'ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીયુત શાન્તિલાલ હરજીવન શાહે આ સભાનું પ્રમુખ-સ્થાન લેવાનું સ્વીકાર્યું છે. તેઓ સ્વ. પરમાનંદભાઈના જીવન અને કાર્ય વિશે બોલશે.

## સંઘના લાઈફ મેમ્બરો

સંઘનાં ૧૬૧ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે:

(૧૬૨) શ્રી ચંપકલાલ પુ. શાહ
(૧૬૩) શ્રી શાંતિલાલ સી. શાહ - પૂના
(૧૬૪) શ્રી ભગવાનદાસ રામુભાઈ ડાંભાવાળા
(૧૬૫) શ્રી હર્ષદરાય કે. દોશી
(૧૬૬) શ્રી કિશન ગોરડિયા
(૧૬૭) શ્રી ઉમરસી ભીમસી વીરા

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪ ટે નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૪ : અંક : ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૭૩, સોમવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## બે વર્ષને અંતે

'પ્રબુદ્ધ જીવન'ના સંચાલનની જવાબદારી સ્વીકાર્યાને બે વર્ષ પૂરાં થાય છે. આ જવાબદારી સ્વીકારી ત્યારે મને સંકોચ હતો; આજે પણ છે. સતત અથવા નિયમિત લખવાનો મને અભ્યાસ નથી. પરમાનંદભાઈ આગ્રહથી લખાવતા ત્યારે મન થાય તો કાંઈક લખી આપતો. પણ દર પંદર દિવસે લખવું જ પડે એવું બંધન ન હતું. મારે કાંઈ નવું કહેવાનું છે એવું મને કોઈ દિવસ લાગ્યું નથી. હું જે કાંઈ કહું તે મારા કરતાં વધારે અધિકારપૂર્વક બીજાઓએ સરસ રીતે કહ્યું હોય છે. સમાજસુધારકની મારામાં ધગશ નથી. છતાં એટલું ખરું કે મેં સારી પેઠે મનન અને ચિંતન કર્યું છે. પરિણામે ચોક્કસ વિચારો છે. ઘણા મિત્રોએ મને કહ્યું છે કે મારાં લખાણ વાંચ્યા પછી જે વિષયે લખ્યું હોય તે વધારે સારી રીતે તેમને સમજાય છે, કોઈ નવો વિચાર મળ્યો હોય તેવું લાગે છે. મારા વિચારો મારા પોતાના છે, એ અર્થમાં કે તેને મેં સ્વીકાર્યા છે, મારી રીતે સમજ્યો છું અને મારી રીતે રજૂ કરું છું. મારા વિચારોના ઘડતરમાં બીજાનાં લખાણો ઘણાં મદદરૂપ થયાં છે પણ મને પોતાને તે સ્વીકાર્ય ન હોય તો હું ગ્રહણ કરતો નથી. કેટલીક પાયાની માન્યતાઓ, શ્રદ્ધા અને જીવનદષ્ટિ મેં દઢપણે સ્વીકાર્યાં છે. તેને અનુરૂપ હોય એવાં લખાણો મને મારા વિચારો સ્પષ્ટ કરવામાં સહાયભૂત થાય છે, પણ તેને અનુરૂપ ન હોય તો ગમે તેવા વિદ્વાન કે જાણીતી વ્યક્તિના હોય તો પણ હું તેથી આકર્ષિત થતો નથી. મારી પાયાની માન્યતાઓ અને શ્રદ્ધાને કાયમ રાખી, તેને વિકસાવે, નવું સ્વરૂપ આપે, પરિસ્થિતિને અનુકૂળ બનાવે એવા વિચારો હું સ્વીકારું છું અને તેટલે દરજ્જે મારા વિચારોમાં પરિવર્તન પણ કરું છું. પણ હું માનું છું કે દરેક વ્યક્તિએ સ્વતંત્રપણે વિચારવું જોઈએ અને જીવન વિશે તેની પાસે સ્પષ્ટ ચિત્ર અને દિશા હોવાં જોઈએ. કોઈના વક્તૃત્વથી કે વ્યક્તિત્વથી તણાઈ ન જવું છતાં મનનાં દ્વાર ખુલ્લાં રાખી, નવું ગ્રહણ કરવાની તૈયારી રાખવી. પણ પાયાની જીવનદષ્ટિ–Basic philosophy of life તો પોતાની જ હોવી જોઈએ. ફિલસૂફીના અભ્યાસે વસ્તુના મૂળમાં જવાની મને ટેવ પડી છે. તે મૂળ ખોટું જણાય તો ખોખું ગમે તેટલું આકર્ષક હોય તો પણ મને માન્ય થતું નથી. વર્તમાનમાં જે એક વ્યક્તિએ મને જીવનમાં વધુમાં વધુ પ્રેરણા આપી છે તે ગાંધીજી છે.

'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સ્વીકારવામાં સંકોચનું બીજું કારણ એ હતું કે મારી પાસે ભાષાસમૃદ્ધિ નથી. જોડણી - વ્યાકરણની વાત તો જવા દઉં - તેનું તો કાંઈ ઠેકાણું નથી–પણ યોગ્ય શબ્દો અને ભાષાસ્વરૂપનો અભાવ છે. કેટલીક વખત યોગ્ય શબ્દો નથી મળતા ત્યારે અર્થનો અનર્થ થવાનો ભય રહે છે. પણ એવો અનુભવ થયો છે કે જો વિચારધન હશે તો ભાષા આવી મળે છે. વિચારની નક્કરતા ન હોય તો ભાષાવૈભવ આડંબર બને છે. મને લાગે છે કે વિચારો વ્યક્ત કરવા માટેની ભાષા ઉત્તરોત્તર આપોઆપ આવતી જાય છે. મને ખૂબ સંક્ષેપમાં લખવાની ટેવ છે. વધારે પડતો વિસ્તાર વિચારને પાતળો પાડે છે. ગાંધીજીએ કયાંક કહ્યું છે કે અધ્યહારની ભાષા શીખી લેવી જોઈએ. થોડું લખ્યું હોય તેમાં બહુ સમાઈ જાય, અધ્યહાર હોય તો તે આપોઆપ સમજાય અથવા ફલિત થાય અને વાંચનાર પોતે વિચારતો થાય એટલું લખવું બસ છે. બધું કહી દેવાની જરૂર નથી. ભાષામાં હું ખૂબ કાળજી રાખું છું. અતિશયોક્તિ હંમેશાં ટાળું છું. કાંઈ હોય તો under–statement હોય. કોઈને અન્યાય ન થાય તે ધ્યાન રાખું છું. પણ જરૂરી હોય તે નિ:સંકોચપણે કહું છું.

ઉપદેશાત્મક અથવા નરો વા કુંજરો વા જેવા Didactic and platitudinous લખાણો મને ગમતા નથી. કોઈ પ્રસંગ અથવા પરિસ્થિતિને અનુલક્ષીને લખવું અને તેમાં તત્ત્વ અથવા સિદ્ધાંતને પરોવવા તેની અસર વધારે થાય છે. તેમ જ વિચાર ચોક્કસ અને સ્પષ્ટ હોવા જોઈએ. દૂધમાં અને દહીંમાં એવા ગોળ-ગોળ લખાણથી કોઈને લાભ નથી. ઉપદેશ આપવાની લાયકાત નથી. વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા જેની ન થઈ હોય તેવી વ્યક્તિના ઉપદેશની બહુ અસર થતી નથી, દંભ લાગે. પણ પ્રસંગને લઈને પોતાને જે લાગે તે બીજાની જાણ માટે કે વિચારણા માટે રજૂઆત થાય તેમાં સહભાગીપણાનો ભાવ છે, ઉપદેશનો નહિ.

હું દઢપણે માનું છું કે આ જગતમાં ગમે તેટલું અનિષ્ટ –Evil દેખાય તો પણ અંતે એક મંગળમય તત્ત્વ સર્વોપરી છે. તેને લીધે જ આ જગત નભે છે. અનિષ્ટ અને દુ:ખ એટલું બધું છે કે આ શ્રદ્ધા રાખવી સહેલી નથી. પણ આ શ્રદ્ધાનું બળ એ જ જીવનને ધન્ય બનાવે છે. સત્ અસત્‌ના આ સતત સંઘર્ષમાં જેટલે દરજ્જે સદ્‌વિચાર અને સદ્‌વર્તનને અપનાવીએ અને ઉત્તેજન આપીએ, તેટલે દરજ્જે ઈશ્વરની દિવ્ય યોજનામાં નિમિત્ત બનીએ છીએ. નાનામાં નાની વ્યક્તિ પણ જ્યાં તે હોય ત્યાં અલ્પ રીતે પણ આ કરી શકે છે. દરેક પ્રવૃત્તિમાં આ લક્ષ્ય રહે તો જીવન કૃતાર્થ

[શ્રી પરમાનંદભાઈની દ્વિતીય પુણ્યતિથિને અનુલક્ષીને તેમનાં પુત્રી શ્રી ગીતાબહેન પરીખે મોકલેલ કાવ્ય અહીં પ્રગટ કરવામાં આવે છે–તંત્રી]

### અરે કયાં ગયા? *

[છંદ : પૃથ્વી]

ગયા ... બસ ગયા!
અચાનક ત્યજી સહુ સ્વજનને ઘડીમાં ગયા?
વિદાય પણ ના લઈ સહુની - "જાઉં છું, આવજો!–"
કહ્યું પણ નહીં?
"ફરી મળીશું કયાહરે?" – એમ ના
હસંત વદને સવાલ નિતનો
કર્યો? ન સરનામું યે દઈ ગયા ......
અરે કયાં ગયા?
હું પત્ર લખવા ચહું, ફરી ચહું, લખું કે લખું,
પરંતુ સહુ પત્ર બે વરસથી શું પાછા ફરે?
ન એક પણ પ્હોંચતો અહીંથી પત્ર - પ્હોંચે કયમ?
ન જાણું સરનામું હું ...
પિતા, ન સરનામું જાણતી તમારું હું; કિન્તુ શેં
તમેય વિસર્યા ઘડીમહિં જ મારું ઠેકાણું કે
ન પત્રપ્રિય લેખિની+થકી તમારી એકકેય તે
સર્યો શબદ પત્રનો વરસ દીર્ઘ બેમાં કદી ......?
અનંત તમ મૌનને સમજવા કહે છે મન,
છતાં હૃદયને, કહો, કયમ મનાવવું ઉન્મન?!

તા. ૧૭–૪–'૭૩ –ગીતા પરીખ

* સ્વ. પરમાનંદભાઈ કાપડિયાની દ્વિતીય પુણ્યતિથિએ
\+ સદ્‌ગતની પ્રિય પ્રવૃત્તિ–પત્રવ્યવહારને અનુલક્ષીને.

થાય. 'પ્રબુદ્ધ જીવન'નું કાર્ય પણ આવી જ ભાવનાથી મેં સ્વીકાર્યું છે અને ચલાવ્યું છે.

મારા પોતાના વિશે કાંઈ કહેવું કે લખવું મને લેશમાત્ર પસંદ નથી. બે વર્ષને અંતે આટલું નિવેદન કર્યું છે, એટલા માટે કે 'પ્રબુદ્ધ જીવન'નો વાચકવર્ગ મારી મર્યાદાઓ સમજે અને દરગુજર કરે.

કેટલાક મિત્રો એમ કહે છે કે 'પ્રબુદ્ધ જીવન'નું ધોરણ જળવાઈ રહ્યું છે. શરૂઆતમાં કેટલાકને શંકા હતી કે ધોરણ જળવાશે કે નહિ. હવે કેટલાક કહે છે કે ધોરણ હતું તે કરતાં પણ ઊંચું થયું છે. હકીકતમાં કોઈ કોઈનું ધોરણ અપનાવી શકતું નથી. દરેકને પોતાનું ધોરણ હોય છે, હોવું જોઈએ. તે ધોરણ, પહેલાંનાં કરતાં ઊંચું છે કે નીચું તે વાચકની રુચિ ઉપર આધાર રાખે છે. આ બે વર્ષના ગાળામાં 'પ્રબુદ્ધ જીવન'ને સારી પેઠે આવકાર મળ્યો છે, એટલું જાણું છું. મારાં લખાણોમાં મારા વિચારો આવે તે સ્વાભાવિક છે. કોઈને ગમે, કોઈને ન ગમે. એટલું જ કહું કે હું જે ખરેખર માનું છું તે નમ્રભાવે લખું છું. 'પ્રબુદ્ધ જીવન'માં વૈવિધ્ય લાવવાનો પ્રયત્ન કર્યો છે. બીજા લેખકમિત્રોનો સારો સહકાર મળ્યો છે તેનો યશ 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં રહેલ ભાઈ ત્ર્યંબકલાલ મહેતાને ફાળે જાય છે. તેમના પરિચયથી આ મિત્રોનો સાથ તેઓ મેળવી શક્યા છે. આ બધાનો અંતઃકરણપૂર્વક આભાર માનવાની આ તક લઉં છું. 'પ્રબુદ્ધ જીવન' એક વૈચારિક પત્ર બને તે જોવા હું ઈંતેજાર છું. બધા વિચારોને અવકાશ છે, માત્ર એટલું જ કે જે કાંઈ લખાય તે ગંભીરતાથી અને ચિન્તન તથા મનનનું પરિણામ હોવું જોઈએ. મારી બીજી પ્રવૃત્તિઓને લીધે 'પ્રબુદ્ધ જીવન' પાછળ મારે જેટલો સમય આપવો જોઈએ તેટલો આપી શકતો નથી. તેમ બીજા મિત્રોનો પરિચય કેળવવાનો અવકાશ મળતો નથી. પણ સૌ વિચારક મિત્રોને હું કહેવા ઈચ્છું છું કે 'પ્રબુદ્ધ જીવન' કોઈ એક વ્યકિતનું પત્ર નથી. સૌનો સહકાર આવકારપાત્ર છે. મારા પોતા માટે મારા અંતરવિકાસનું આ સાધન છે. તેને કારણે મારે વધારે વાંચવું પડે છે, વિચારવું પડે છે. પરિણામે બીજા કોઈને કાંઈ લાભ થાય કે નહિ, મને પોતાને ઘણો લાભ છે. તે જ મારો આનંદ છે.

તા. ૧૦-૪-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## વેપારીઓ લડતને પંથે

ઘઉંનો જથ્થાબંધ વેપાર સરકારે લઈ લીધો અને ચોખાનો હવે લેશે તે સામે વેપારી વર્ગે દેશભરમાં સખત વિરોધ કર્યો છે. એક દિવસની હડતાળ પાડી હતી. વેપારી મંડળોએ આ પગલાને વખોડી કાઢતા ઠરાવો કર્યા છે. હમણાં દિલ્હીમાં મળેલ ફેડરેશનની મીટિંગમાં વેપારીઓના આ વલણને ટેકો અપાયો છે. ઈન્ડિયન મરચન્ટ ચેમ્બરના પ્રમુખશ્રીએ કહ્યું કે વેપારીઓ લાંબો વખત ડરપોક રહ્યા છે. હવે ખૂબ સક્રિય થઈ હડતાળ ઉપર હડતાળ પાડવી, સત્યાગ્રહ કરવો. વેપારીઓ ધારે તો દેશના અર્થતંત્રને થંભાવી દે, જેથી સરકારની સાન ઠેકાણે આવે. એક ઠરાવ એવો કર્યો છે કે ૭મી મેથી બધા વેપારીઓએ—જથ્થાબંધ અને છૂટક—બધા પ્રકારના અનાજનો વેપાર બંધ કરવો. સરકારે માત્ર ઘઉંનો જથ્થાબંધ વેપાર જ હાથ કર્યો છે અને તેમાં પણ ખેડૂતો અને છૂટક વેપારીઓ માટે ઘણી છૂટ રાખી છે, જેથી પ્રજાને અનાજ મેળવવામાં હાડમારી ન પડે. વેપારી વર્ગ બધા પ્રકારના અનાજનો છૂટક વેપાર પણ બંધ કરે તો પ્રજાની હાડમારી ઘણી વધે અને એ રીતે સરકાર ઉપર દબાણ લાવવા ઈચ્છે છે. વેપારી વર્ગનું આ પગલું વાજબી નથી. પ્રજાની મુસીબતો વધારી સરકારને પોતાની નીતિ છોડાવવા દબાણ કરવું તેમાં પોતાના સ્વાર્થની જ દૃષ્ટિ છે. હૉસ્પિટલો કે ઈલેક્ટ્રિસિટી કે પાણી, સફાઈ, જાહેર વાહનવ્યવહાર વગેરેના કામદારો હડતાળ પાડે ત્યારે આપણે તેને વખોડી કાઢીએ છીએ અને કહીએ છીએ કે પ્રજાહિતનો વિચાર કરવો જોઈતો હતો. અનાજ પ્રજાજીવનની પાયાની જરૂરિયાત છે. જથ્થાબંધ વેપાર સરકારે હસ્તગત કર્યો તેના વાજબી, ગેરવાજબીપણા વિશે મતભેદને પૂરો અવકાશ છે, પણ તે કારણે એવું કોઈ પગલું ન ભરીએ કે સમસ્ત પ્રજાને અને ખાસ કરી, ગરીબ અને મધ્યમ વર્ગને પરેશાની થાય. અંતે તેવા પગલાથી વેપારીઓને જ નુકસાન છે. સરકારે આવી પરિસ્થિતિને પહોંચીવળવા બીજાં પગલાંઓ લેવાં જ પડશે અને અત્યારે જે કાંઈ મધ્યમ માર્ગ અપનાવ્યો છે તેને અંતિમ કક્ષાએ લઈ જવાની ફરજ પડશે. સરકારની આ યોજના સફળ થશે કે કેમ તે હજુ જોવાનું રહે છે. તેટલામાં, વેપારીઓ જ પ્રજાની સહાનુભૂતિ ગુમાવી બેસે તો પ્રજાએ ન છૂટકે આ યોજનાને સફળ કરવા સહકાર આપવો જ પડે. જથ્થાબંધ વેપાર પાંચ ટકા વેપારીઓના હાથમાં હશે. તે માટે ગામડાંઓમાં પડેલ હજારો છૂટક વેપારીઓનો બધો વેપાર બંધ કરાવવાનો આદેશ આપવો તે આ સામાન્ય વર્ગને પણ અન્યાય છે.

## મુસલમાનોનું વધતું આક્રમક વલણ

મુંબઈમાં મુસ્લિમ લીગને મ્યુનિસિપલ ચૂંટણીમાં સફળતા મળી, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી બંધ કરવી પડી, ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ સંસ્થાઓ ચૂંટણીની તૈયારી કરી રહી છે, ગુજરાતમાં મુસ્લિમ આગેવાનો પોતાને થતા અન્યાયને નામે બધાં ક્ષેત્રોમાં યોગ્ય પ્રતિનિધિત્વ માગે છે; આ બધા પ્રવાહો ભયજનક છે. કૉંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડને જાહેર કરવું પડયું છે કે મુસલમાનોના શરીયતના કાયદામાં તેમની સંમતિ વિના કોઈ ફેરફાર કરવામાં નહિ આવે. પ્રત્યાઘાતી બળોનો આ વિજય છે. ગુજરાતમાં માંગરોળનાં આયશા બેગમની આગેવાની નીચે મુસલમાન આગેવાનોએ શાસક કૉંગ્રેસના પ્રતિનિધિને નિવેદનપત્ર રજૂ કરી, કેટલીક માગણીઓ રજૂ કરી છે. આ એ જ માંગરોળ છે કે જે ૧૯૪૭માં પાકિસ્તાન સાથે જોડાયું હતું. આયશા બેગમ કૉંગ્રેસમાં દાખલ થયાં તેથી રાષ્ટ્રવાદી થઈ જતાં નથી. કૉંગ્રેસમાં ઘણાં એવાં તત્ત્વો દાખલ થયાં છે, જે કૉંગ્રેસની બિનસાંપ્રદાયિકતાની નીતિને સ્વીકારતાં નથી. વધારે ચિન્તાનું કારણ એ છે કે શાસક કૉંગ્રેસના વિરોધી પક્ષો, પોતાના સ્વાર્થ ખાતર અને ટૂંકી દૃષ્ટિથી આવાં બળોને ટેકો આપે છે. સંસ્થા કૉંગ્રેસના આગેવાનો અલીગઢ યુનિવર્સિટીના આંદોલનને પ્રોત્સાહન આપે છે. શાસક કૉંગ્રેસના વિરોધમાં, ભાન ભૂલી ગમે તેવું જોડાણ કરવું એ સંસ્થા કૉંગ્રેસ માટે પણ ખતરનાક છે. મુસ્લિમ આગેવાનો બીજી પછાત કોમો, હરિજનો અને આદિવાસીઓને પણ ઉશ્કેરે છે. ગુજરાતમાં માગણી થઈ રહી છે કે આ બધા વર્ગોને મંત્રીમંડળમાં અને અન્ય સરકારી-અર્ધસરકારી વહીવટી તંત્રમાં યોગ્ય સ્થાન મળવું જોઈએ. પોતાની બહુમતી અથવા સત્તાસ્થાન રહે કે નહિ પણ શાસક પક્ષ જો એટલો દૃઢ નિર્ણય કરે કે આવાં વિઘાતક બળોને કોઈ ઉત્તેજન આપવામાં આવશે નહિ તો થોડા સમય માટે કદાચ બહુમતી કે સત્તા ગુમાવે તો પણ અંતે લાભ થશે.

## વિચિત્ર ઘટના

સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની બજેટ-બેઠક હતી. કલેકટર પણ હાજર હતા. લગભગ ૨૦ સભ્યોની હાજરી હતી. બેઠક બે કલાક ચાલ્યા પછી, ચાનાસ્તો આપવામાં આવ્યો. નાસ્તામાં ચેવડો હતો. કલેકટરે વાંધો લીધો કે ચેવડો આપી ન શકાય. એટલે તુરત નાસ્તાની રકાબીઓ પાછી લઈ જવામાં આવી અને ચેવડો કાઢી નાખી પાછી મૂકી. પણ તેટલી વારમાં કલેકટર મીટિંગ છોડી ગયા અને તુરત જ પોલીસ આવી. રકાબીઓ કબજે કરી, તેમાં ચોંટેલ ચેવડાના દાણાઓ ભેગા કરી, બધું કબજે કર્યું. સરકારી હુકમોના જડપણે થતા અમલનો આ નમૂનો છે. ખાળે ડૂચા અને દરવાજા મોકળા. જિલ્લા પંચાયતના પ્રમુખે લાંબું નિવેદન બહાર પાડયું છે કે ૨૦થી ઓછા સભ્યો હતા અને કલેકટરે વાંધો લીધો એટલે તુરત જ ચેવડો પણ કાઢી નાંખ્યો. કલેકટર તથા જિલ્લા પંચાયતના સભ્યો અને બીજા આગેવાન નાગરિકો વચ્ચે તંગદિલી થઈ છે. પરિણામે દુષ્કાળના સમયમાં રાહતકાર્યો, જેમાં પ્રજાકીય આગેવાનોના પૂરા સહકારની જરૂર છે તેને ધક્કો પહોંચે છે. કલેકટરે રાહત સમિતિની મીટિંગ બોલાવી તેનો જિલ્લા પંચાયતના સભ્યો અને આગેવાન નાગરિકોએ બહિષ્કાર કર્યો. પણ વધારે આશ્ચર્યજનક હકીકત તો આ અંગે વિધાનસભામાં થયેલ પ્રશ્નોત્તરી છે. તેમાં પુરવઠાપ્રધાને કહ્યું કે આ બાબત કાયદાની સલાહ માટે કાયદા ખાતાને સોંપવામાં આવી છે. દરમિયાન વિરોધ પક્ષના કેટલાક સભ્યોએ માગણી કરી કે કલેકટરને પૂરું રક્ષણ મળવું જોઈએ અને શાસક પક્ષના સભ્યો આ મામલામાં સંડોવાયા છે માટે ભીનું સંકેલવું ન જોઈએ. કલેકટરને આવી રીતે મહાપુરુષ–Hero-બનાવી શાસક પક્ષને કફોડી સ્થિતિમાં મૂકવાનો પ્રયત્ન વિરોધ પક્ષ માટે શોભાસ્પદ નથી. નોકરશાહીને રાજકીય પક્ષો જો પોતાનાં હથિયાર બનાવવા પ્રયત્ન કરશે તો આ પક્ષોને અને પ્રજાને ભારે પડી જશે. નોકરશાહીને રાજકારણથી સાવ દૂર રાખવી અને તેની ફરજ બજાવવામાં એક અથવા બીજા પ્રકારે કોઈ દખલગીરી ન કરવી એ નિયમને છોડી દેવામાં આવશે તો પ્રજાની હાડમારી જ વધશે.

ચીમનલાલ ચકુભાઈ

# એક ઈતિહાસવિદ્‌નું જીવનદર્શન

ડૉ. આર્નલ્ડ ટોયનબી વીસમી સદીના વિખ્યાત ઈતિહાસવિદ્ છે. હાલ તેમની ઉંમર ૮૪ વર્ષની છે. તેમણે ઈતિહાસના દસ મહાન ગ્રન્થો લખ્યા છે. તેના સારરૂપ બે ગ્રન્થો લખાયા છે. તાજેતરમાં તેમનો 'સ્ટડી ઑફ હિસ્ટરી'નો ગ્રન્થ બહાર પડયો છે. ડૉ. ટોયનબીની ઈતિહાસની સમજણ અને ઈતિહાસના અભ્યાસની ઉપયોગિતા વિશેના તેમના વિચારો બીજા ઈતિહાસકારો કરતાં જુદા પ્રકારના છે. કેટલાક તેમને ઈતિહાસકાર તરીકે સ્વીકારવાનો જ ઈનકાર કરે છે. ડૉ. ટોયનબી પ્રત્યે કેટલાક ખૂબ માનની લાગણીથી જુએ છે તો કેટલાક તેમના સખત ટીકાકાર રહ્યા છે. તેનું કારણ એ છે કે ડૉ. ટોયનબીના મત પ્રમાણે ઈતિહાસ એટલે કોઈ એક પ્રજા, એક દેશ કે એક સમયનો ઈતિહાસ નહિ, તેમ રાજાઓની વંશાવલીઓ કે યુદ્ધો કે રાજ્યપલટાઓ પણ નહિ. ઈતિહાસ એટલે સમગ્ર માનવજાતનો ઈતિહાસ. તેમાં પણ રાજકારણ કે સામાજિક બનાવો જ નહિ પણ મુખ્યત્વે ભિન્ન સંસ્કૃતિઓના ઉત્થાન અને પતનનો ઈતિહાસ. History of the rise and fall of Civilisations- માનવ કઈ દિશામાં જઈ રહ્યો છે તેની શોધ. અંતે ઈતિહાસ એટલે માનવઆત્માનો ઈતિહાસ–History of the soul of man. એ ખરું છે કે ડૉ. ટોયનબી જેને ઈતિહાસનો અભ્યાસ કહે છે તે સામાન્ય અર્થમાં ઈતિહાસ નથી, પણ ઈતિહાસનું તારણ છે. ઈતિહાસ માણસને તેના ભાવિ માટે શું શીખવે છે તે ઈતિહાસનું ખરું પ્રયોજન છે. ડૉ. ટોયનબી માને છે કે, સામાન્ય રીતે જેને ઈતિહાસકારો કહીએ છીએ તેના કરતાં કવિઓ અને તત્ત્વજ્ઞો માનવઈતિહાસ - માનવઆત્માનો ઈતિહાસ–વધારે ઊંડાણથી સમજે છે અને તેના કરતાં પણ પયગમ્બરો અને સંતપુરુષો આ બધાથી ઘણા આગળ જાય છે. The Poets and philosophers outrange the Historians; while the prophets and saints overtop and outlast them all. ડૉ. ટોયનબીને સમસ્ત વિશ્વનું ભવ્ય સંગીત સાંભળવું છે, કોઈ એક વાદ્યનો એકલ સૂર નહિ. When once I had heard this great symphony, I was no longer in danger of being hypnotised by the lone and outlandish music of the parochial history of my country alone.

ડૉ. ટોયનબીને લાગે છે કે, આ વિશ્વમાં એક દિવ્ય સંકેત, કોઈ ઈશ્વરી યોજના આકાર લઈ રહી છે. તેના વિકાસમાં, કટોકટી અને પડકારના પ્રસંગો આવે છે. Crisis and Challenge. માનવી આ પડકાર ઝીલી આગળ વધે છે. વળી નવો પડકાર તેની સમક્ષ ઊભો થાય છે. આ દુનિયા અનંત બ્રહ્માંડનો એક અંશ છે. તેના મર્યાદિત ક્ષેત્રમાં ઈશ્વરના કોઈ ગહન હેતુની સિદ્ધિ માટે પ્રયોગ થઈ રહ્યો છે. માનવી તેનું હથિયાર છે, સાધન છે. It is the masterful and progressive execution, on the narrow stage of this world, of a divine plan which is revealed to us in this fragmentary glimpse, but which transcends our human powers of vision and understanding in every direction. આપણને આ મહાન હેતુની કાંઈક ઝાંખી થાય છે પણ એને પૂરી રીતે સમજવું માનવીબુદ્ધિથી પર છે. માનવઆત્માની આ યાત્રામાં ઘણાં દુ:ખો અને યાતનાઓ સહન કરવાં પડે છે. પણ એ દુ:ખો જ તેના વિકાસનો માર્ગ મોકળો કરે છે. ડૉ. ટોયનબી એમ માને છે કે આ દશ્ય જગતની પેલે પાર એક સનાતન તત્ત્વ–Ultimate Reality–રહ્યું છે અને આ સનાતન તત્ત્વને પામવું અને તેના સંગીતમાં લીન થવું–તેની સાથે એકતાર થવું-એ જ માનવજીવનનું ધ્યેય છે. The spiritual goal of man is to seek communion with the presence behind the phenomenon and to seek it with the aim of bringing oneself in harmony with this Absolute Reality.

ડૉ. ટોયનબીની ઈતિહાસની આવી સમજને કારણે પરંપરાગત ઈતિહાસકારો તેમને પોતાના વર્ગના ગણતા નથી. કેટલાક તેમને ધાર્મિક ચિન્તક ગણે છે – Religious thinker તો કેટલાક તેમને સનાતની ધર્મના ઉદ્ધારક–Revivalist કહી હાંસી કરે છે. એ ખરું છે કે ડૉ. ટોયનબી દઢપણે એમ માને છે કે માનવ-જાત સમક્ષ જે વર્તમાન કટોકટી–Crisis–ખડી થઈ છે તેને પાર કરવા કોઈ આર્થિક, સામાજિક કે રાજકીય માર્ગ નથી પણ સાચા અર્થમાં ધાર્મિક ક્રાન્તિ–Religious Revolution એ જ માર્ગ છે. For a true and lasting peace, a Religious Revolution is a sine qua non. ડૉ. ટોયનબીની આ માન્યતા અથવા શ્રદ્ધા જેને તેઓ Faith of a Historian કહે છે - તે ધર્મગ્રન્થોના અભ્યાસનું પરિણામ નથી, પણ પાંચ છ હજાર વર્ષનો માનવીઈતિહાસ ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓનાં ઉત્થાન અને પતનનાં કારણોના અભ્યાસનો નિચોડ છે. જગતની ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ–Civilisations ના અભ્યાસમાં જુદા જુદા ધર્મોના ઉદ્‌ગમ અને અસરના અભ્યાસનો સમાવેશ થાય છે. આ બધા અભ્યાસના પરિણામે ડૉ. ટોયનબી એવા નિર્ણય ઉપર આવે છે કે, માનવની બુદ્ધિએ પ્રકૃતિ ઉપર અદ્‌ભુત વિજય મેળવ્યો છે પણ પોતાની જાતને ઓળખી નથી.

Man has been a dazzling success in the field of intellect and "know-how" and a dismal failure in the things of the spirit and it has been the great tragedy of human life on Earth that this sensational inequality of man's respective achievements in the non-human and in the spiritual sphere should, so far at any rate, have been this way round; for the spiritual side of man's life is of vastly greater importance for man's well-being (even for his material well-being in the last resort) than is his command over non–human nature.

[ માનવીએ બૌદ્ધિક તથા યંત્રવિદ્યાને ક્ષેત્રે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે જ્યારે આધ્યાત્મિક બાબતોમાં ખેદજનક નિષ્ફળતા મેળવી છે. ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાંની માનવીની તે તે બાબતથી સિદ્ધિઓની આ સ્તબ્ધ બનાવી દે તેવી અસમાનતા, ગમે તેમ, અત્યાર સુધી તો આ પ્રકારે રહેલી છે, એ પૃથ્વી પરના માનવજીવનની ઘેરી કરુણતા છે. કારણ, માનવજીવનની આધ્યાત્મિક બાજુ, ભૌતિક પ્રકૃતિ પરના તેના આધિપત્ય કરતાં, માનવીના કલ્યાણ માટે (છેલ્લે તબક્કે તેની ભૌતિક સમૃદ્ધિ માટે પણ) સવિશેષ મહત્ત્વ ધરાવે છે.]

માનવજીવનની આ નિષ્ફળતા અને કરુણતાના ડૉ. ટોયનબીના મતે શું કારણો છે અને તેનો ઉપાય શું છે તે હવે પછી...

૫-૪-૧૯૭૩ ચીમનલાલ ચકુભાઈ

# મહાવીર જયન્તી

ભગવાન મહાવીરની જન્મજયન્તીના આજના પવિત્ર દિવસે, તેમના ઉપદેશને યાદ કરી, અંતરનિરીક્ષણ કરીએ. ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગમ અને વિકાસમાં જૈનધર્મનો મહત્ત્વનો ફાળો છે ત્રણ ભારતીય ધર્મો – વૈદિક, બૌદ્ધ અને જૈન–ના ત્રિવેણી-સંગમથી ભારતીય સંસ્કૃતિનું ઘડતર થયું છે. આ ત્રણમાં, જૈન ધર્મ કદાચ પ્રાચીનતમ છે. પુરાતત્ત્વના અવશેષો અને સંશોધનથી વિદ્વાનોનો અભિપ્રાય થયો છે કે શ્રમણ સંસ્કૃતિ ભારતની પુરાતન સંસ્કૃતિ છે. ભગવાન મહાવીર જૈનધર્મના ચરમ તીર્થંકર થયા. તેમણે નવો ધર્મ પ્રવર્તાવ્યો નથી પણ જૈનધર્મનું નવસંસ્કરણ કર્યું અને તેને નવું સ્વરૂપ આપ્યું. તેમણે જે શાસનવ્યવસ્થા કરી તે ૨૫૦૦ વર્ષથી અખંડિતપણે પ્રવર્તમાન છે. તેના બાહ્ય સ્વરૂપમાં થોડોઘણો ફેરફાર થયો છે, પણ તેનું અંતરંગ સ્વરૂપ લગભગ એ જ રહ્યું છે.

ભગવાન મહાવીર ધર્મનાયક હતા. જૈનધર્મનાં મૂળભૂત તત્ત્વો અને સિદ્ધાંતોનો વિચાર કરીએ તે પહેલાં મનુષ્યના જીવનમાં ધર્મનું શું સ્થાન છે અને ધર્મ એટલે શું તે જરા જોઈએ.

માનવી વિચારવંત પ્રાણી છે. તેનામાં જ્ઞાનજિજ્ઞાસા છે. આ રહસ્યમય જગતને સમજવા અને તેનો તાગ પામવા માનવબુદ્ધિ આદિકાળથી પ્રયત્ન કરી રહી છે. આ જગત શું છે, કોઈએ પેદા કર્યું છે કે અનાદિ અનંત છે, પોતે કોણ છે, કયાં જવાનો છે, અનંત વિશ્વ સાથે તેનો સંબંધ શું છે, વગેરે પ્રશ્નો મનુષ્ય પૂછતો જ રહ્યો છે, જ્ઞાનજિજ્ઞાસા તીવ્ર ન હોય તો પણ જીવનમાં બીજું એક એવું તત્ત્વ છે કે જે મનુષ્યને આ સવાલો પૂછવાની અને તેને સમજવાની ફરજ પાડે છે – તે છે દુ:ખનો અનુભવ–Experience of Suffering. દરેક મનુષ્યને આ અનુભવ થાય છે અને તે મૂંઝાય છે. શા માટે આટલું દુ:ખ છે, તેનું મૂળ શું છે, તેનો ઉપાય શું, પોતાના કારણે છે કે પરને કારણે છે, એ બધું વિચારવાની તેને ફરજ પડે છે. આ બધા પ્રશ્નો વિષે દરેક મનુષ્યને, આછીપાતળી, સ્પષ્ટ-અસ્પષ્ટ માન્યતાઓ હોય જ છે, જેને આધારે તેનું વર્તન ઘડાય છે. ધર્મ આ બધા પ્રશ્નોનો જવાબ આપે છે અને મનુષ્યને આશ્વાસન આપે છે. આ રીતે દરેક મનુષ્યને કાંઈ ને કાંઈ ધર્મ છે જ. પણ સ્વતંત્રપણે વિચાર કરવાની બહુ થોડા મનુષ્યોની શકિત અથવા ઈચ્છા હોય છે ધર્મનાયકો, ધર્મગુરુઓ, ધર્મશાસ્ત્રો, સામાજિક રીતરિવાજો અને પરંપરાગત માન્યતાઓ સ્વીકારીને મોટા ભાગના મનુષ્યો ચાલે છે. ખાસ કરી, ધર્મગુરુઓ, શાસ્ત્રોને નામે માણસના મનનો કબજો લે છે અને તેને સ્વતંત્રપણે વિચાર કરવાનો અવકાશ રહેવા દેતા નથી. ધર્મનું હાર્દ અને આત્મા કરતાં તેનું કલેવર, આચાર-પ્રણાલિકાઓ, વિધિનિષેધો, અનુષ્ઠાનો, વધારે મહત્ત્વનાં થઈ પડે છે. પરિણામે ધર્મ, મનુષ્યના જીવનનો માર્ગદર્શક ભોમિયો રહેવાને બદલે, તેને કેદ કરતો કિલ્લો બની જાય છે.

જીવનના આ પાયાના પ્રશ્નો વિષે માત્ર પયગમ્બરો જ વિચારે છે એમ નથી, દરેક બુદ્ધિશાળી અથવા વિચારવંત મનુષ્ય તેનો કાંઈ ને કાંઈ વિચાર કરે જ છે. સંતો, તત્ત્વજ્ઞો, કવિઓ, સાહિત્યકારો, કલાકારો, વૈજ્ઞાનિકો, આ બધા પોતપોતાની રીતે આ પ્રશ્નો વિચારે છે અને તેનો જવાબ આપવા પ્રયત્ન કરે છે. અંતે જોઈએ તો જ્ઞાનની ખોજનાં મુખ્ય બે ક્ષેત્રો છે: માનવી પોતે અને પ્રકૃતિ અથવા ભૌતિક જગત. ભૌતિક જગતના જ્ઞાનમાં મનુષ્યે અદ્‌ભુત પ્રગતિ કરી છે. તેનાં રહસ્યોના ઊંડાણમાં ઊતરી પ્રકૃતિનાં બળો ઉપર વિજય મેળવ્યો છે. પણ માનવીમન, બુદ્ધિ અને આત્માને સમજવામાં, મનુષ્ય હતો ત્યાં જ રહ્યો છે, કદાચ પીછેહઠ કરી છે. બધું સાહિત્ય અને કલા, એક રીતે, માનવીમન અને તેનું વર્તન સમજવાનો અને તેની દિશા નક્કી કરવાનો પ્રયત્ન છે. આ બધી કૃતિઓ તેના લેખક કે સર્જકના અનુભવ, સ્વભાવ તથા મન અને બુદ્ધિની નિર્મળતા ઉપર આધાર રાખે છે. વ્યાસ અને વાલ્મીકિ, હોમર અને દાંતે, કાલિદાસ, શેકસપિયર કે ટાગોરની સાહિત્યકૃતિઓ માનવમન અને માનવની પ્રકૃતિના અતલ ઊંડાણના ગહન અવગાહનનું પરિણામ છે. અન્ય કૃતિઓમાં તેના લેખકોની અપૂર્ણતાઓ કે વિકૃતિઓ પ્રતિબિમ્બિત થાય. જેટલે દરજજે માણસના ચિત્તની નિર્મળતા અને બુદ્ધિની સ્થિરતા થઈ હોય તેટલે દરજજે તેની કૃતિ સત્યને આકાર આપવામાં સફળ થાય. જેને સાચું માર્ગદર્શન જોઈએ છે એવી વ્યકિત બીજાના મનના ઝંઝાવાતો પોતાના મનમાં ભરવાને બદલે, શ્રેષ્ઠ વ્યકિતઓની શ્રેષ્ઠ કૃતિઓનું જ ચિન્તન–મનન કરે તો ખરેખર માર્ગદર્શન મળે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉપનિષદો, ગીતા, ધમ્મપદ, જૈન આગમો અને એવા બીજા ગ્રંથોનો સતત અભ્યાસ ઉપકારક થાય.

જૈનદર્શન બુદ્ધિગમ્ય – Rational–છે. દરેક વ્યકિત પ્રયત્ન કરે તો સમજી શકે, અનુભવી શકે. તેમાં કોઈ એવું ગૂઢ રહસ્ય નથી કે માત્ર થોડી વ્યકિતઓને જ ઉપલબ્ધ થાય. જૈનધર્મનો પાયો આત્મોપમ્ય - દરેક જીવની સમાનતા - છે જૈનધર્મ મુખ્યત્વે આચારધર્મ છે. It is essentially an ethical religion – અનુભવ ઉપર રચાયેલ વાસ્તવવાદી છે. તેમાં જાતિ કે વર્ણનો કોઈ ભેદ નથી. માણસ પોતાના કર્મથી–વર્તનથી બ્રાહ્મણ થાય છે કે શૂદ્ર થાય છે. જન્મથી કોઈ શ્રેષ્ઠ કે નીચ નથી. સર્વજનસમાજ માટે હોઈ, મહાવીરે પોતાનો ઉપદેશ, પંડિતોની સંસ્કૃત ભાષા છોડી, સામાન્ય જનની પ્રાકૃત ભાષામાં આપ્યો.

વિનોબાજીએ ભગવાન મહાવીર વિષે કહ્યું છે:

"બુદ્ધ અને મહાવીર ભારતીય આકાશનાં બે ઉજ્જવલ રત્ન છે. ગુરુ-શુક્ર પેઠે તેજસ્વી અને મંગલદર્શન. બુદ્ધનો પ્રકાશ દુનિયામાં વ્યાપક રૂપથી ફેલાયો. મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયમાં ઊંડાઈથી પેસી ગયો. બુદ્ધે મધ્યમ માર્ગ બતાવ્યો. મહાવીરે મધ્યમ દૃષ્ટિ આપી. બન્ને દયાળુ અને અહિંસાધર્મી હતા. બુદ્ધ બોધપ્રધાન હતા, મહાવીર વીર્યવાન તપસ્વી હતા. બુદ્ધ અને મહાવીર બન્ને કર્મવીર હતા."

વિનોબાજીએ મહાવીરની મધ્યમ દૃષ્ટિનો ઉલ્લેખ કર્યો છે. મહાવીરના ઉપદેશની આ વિશેષતા છે. તેને સ્યાદવાદ અથવા અનેકાન્તવાદ કહે છે. સંક્ષેપમાં, તેનો અર્થ એ છે કે સત્યને અનેક પાસાં છે, એક જ પાસાને પૂર્ણસત્ય માની ન લેવું. પરિણામે, મતાગ્રહ કે પૂર્વગ્રહો તજી, માધ્યસ્થવૃત્તિ કેળવવી. આવી વૃત્તિમાં ઉદારતા અને સહનશીલતા રહી છે. આ વૃત્તિ વૈચારિક અહિંસા છે. મતાગ્રહથી ઝનૂન આવે છે અને વર્તનમાં હિંસા પરિણમે છે. વિચારમાં અહિંસા ન હોય તો વાણી અને વર્તનમાં વિવેક અને સમતા આવે નહિ. અનેકાન્તવાદમાં સર્વધર્મસમભાવ અને સહિષ્ણુતા રહ્યાં છે જૈનધર્મનો આ સિદ્ધાંત બીજી રીતે કહીએ તો સમાનતાનો અને "જીવો અને જીવવા દો" નો છે. ધર્મને નામે વેરઝેરને કોઈ અવકાશ રહે નહિ.

મહાવીરના ઉપદેશનો સાર એક ગાથામાં કહેવો હોય તો આ છે:

घम्मो मंगल मुक्किठ्ठं, अंहिसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।।

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જીવનમાં ધર્મ કરતાં મોટું મંગલ એટલે સુખકારી તત્ત્વ બીજું કોઈ નથી. ધર્મનું લક્ષણ અહિંસા, સંયમ અને તપ છે. આવો ધર્મ જેના મનમાં સદા રમે છે, તેને દેવો પણનમસ્કાર કરે છે.

જૈનધર્મે જીવનશુદ્ધિમાં અહિંસાને પ્રાધાન્ય આપ્યું છે. માત્ર શારીરિક અહિંસા જ નહિ પણ માનસિક અને વાચિક અહિંસા હોય તો સાચી અહિંસક વૃત્તિ કેળવાય. અહિંસક જીવન સ્વીકાર્યું હોય તેવી વ્યકિતને ભ્રમર સાથે સરખાવી છે. ભ્રમર જેમ પુષ્પમાંથી રસ લે છે પણ પુષ્પને કોઈ હાનિ કરતો નથી, એક જ પુષ્પમાંથી નહિ પણ ઘણાંમાંથી થોડું થોડું લે છે અને સંતોષ માને છે, તેવી જ રીતે સાધક આવી માધુકરી

વૃત્તિ અપનાવી, કોઈને હાનિ કર્યા વિના પોતાની જીવન-જરૂરિયાત પૂરતું જ જ્યાંથી મળે ત્યાંથી લે છે. આવા જીવનમાં સંયમ આપોઆપ આવે છે. બલ્કે સંયમ વિના અહિંસા ટકે નહિ. સંયમમાંથી અપરિગ્રહ અને બ્રહ્મચર્ય ફલિત થાય છે. પરિગ્રહ અને ભોગવિલાસમાં હિંસા છે. એક ગુણ બધા ગુણને લાવે છે. માણસના દુ:ખનું મૂળ બહાર નહિ પણ તેના મનમાં રહેલ વાસનાઓ—જૈન પરિભાષામાં—કપાયો છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ—આ બધાંને કાબૂમાં લાવવા તપ સાધન છે. તપ સંયમનું બીજું સ્વરૂપ છે આવો આચાર ધર્મ અનેક રીતે ઉપદેશ્યો છે. આવી જીવનદષ્ટિ માત્ર બૌદ્ધિક અનુમાન નથી પણ માનવપ્રકૃતિના ગહન અભ્યાસથી જીવનના અનુભવ ઉપર રચાયેલ છે આથી વિપરીત રીતે જે વર્તન કરે છે તેણે સમજી લેવું કે તે દુ:ખને નોતરે છે. આ અનુભવની વાણીની જે અવગણના કરે છે તે ઠોકર ખાઈ, ઠેકાણે આવશે. સાધના કઠિન છે, દીર્ઘ છે, પણ પોતાને માટે અને સર્વ જીવો માટે સુખનો આ જ માર્ગ છે એમ ભગવાન મહાવીરે ભારપૂર્વક કહ્યું છે.

૨૫૦૦ વર્ષ પૂર્વે આ અનુભવવાણી જેટલી સત્ય હતી તેટલી જ, અને તેથી પણ વિશેષ, આજે સત્ય છે. વિજ્ઞાને માણસની બુદ્ધિને બહેકાવી મૂકી છે. તેની હિંસાશક્તિને અમર્યાદ વિસ્તારી છે. અણુશક્તિની શોધથી નવો યુગ શરૂ થાય છે. તેમાંથી બચવાનો માર્ગ માત્ર અહિંસા છે. વૈજ્ઞાનિક શોધખોળે ઉત્પાદન અઢળક વધાર્યું છે. તેથી મનુષ્યની તૃષ્ણા અને પરિગ્રહલાલસા અમાપ વધ્યાં છે; ભોગવિલાસનાં સાધનો વિપુલ થયાં છે. ગરીબાઈનું દુ:ખ છે તેવું જ, કદાચ તેથી વધારે—આ સમૃદ્ધિનું દુ:ખ છે. વિજ્ઞાનયુગથી બધા ધર્મોની કસોટી થઈ રહી છે. શરૂઆતમાં વિજ્ઞાને, ધર્મને અજ્ઞાનતા માની, તજી દીધો. વિજ્ઞાનની કૂચની ફલશ્રુતિ હવે એ આવી છે કે મનુષ્યે ફરીથી ધર્મનું શરણ શોધવું પડે બીજો કોઈ માર્ગ નથી, નાન્ય: પન્થા: બધા ભારતીય ધર્મો—વૈદિક, બૌદ્ધ કે જૈન-જુદાં જુદાં તત્ત્વો ઉપર ભાર મૂકે છે તો પણ પાયાની એકતા છે, અને તે છે, વાસનાઓ ઉપરનો સંયમ.

ભગવાન મહાવીરનો આ ઉપદેશ સનાતન સત્ય છે. તેને ફરી યાદ કરી અંતરનિરીક્ષણ કરીએ.

**ચીમનલાલ ચકુભાઈ**

('આકાશવાણી'ના સૌજન્યથી – થોડું ઉમેરીને)
૧૩-૪-૧૯૭૩.

# સ્વ. શ્રી રાજમલજી લલવાની

શેઠ રાજમલજી લલવાનીનો જામનેરમાં તા. ૧૦મી એપ્રિલ ૧૯૭૩ના રોજ સ્વર્ગવાસ થયો એ સમાચાર સાંભળીને હાર્દિક વેદના થઈ. સ્વ. રાજમલજીની ઉંમર લગભગ ૮૦ વર્ષની હતી એટલે એમ કહી શકાય કે તેઓ પાકટવયે ગયા. અંતિમ સમયે એમનામાં જે શાંતિ, નિર્લેપતા અને પ્રસન્નતા જોવા મળી એ એમના સફળ અને સૌભાગ્યપૂર્ણ જીવનને અનુરૂપ જ હતું.

તેઓ સામાન્ય સ્થિતિના કુટુંબમાં જન્મ્યા હતા, પણ પોતાના ગુણો અને વર્તનને લીધે શેઠ લખીચંદજી એમના પ્રત્યે આકર્પાયા અને એમને દત્તક લીધા તેમ જ એ રીતે તેઓ લક્ષ્મીપતિ બન્યા. ગરીબીમાંથી અમીર બનવા છતાંયે એમનામાં નમ્રતા અને વિનયની વૃદ્ધિ થઈ. ગરીબીના અનુભવે એમનામાં ઉપકારબુદ્ધિ પ્રેરી અને એને પરિણામે તેઓ ગામ, સમાજ, દેશ અને માનવતાના મિત્ર કે સેવક બની રહ્યા. એમની પાસે જનાર કદી ખાલી હાથે પાછો ફરતો નહિ, વરસાદની માફક તેઓ વરસતા રહ્યા. એમણે એમાં પાત્ર - કુપાત્રનો પણ વિચાર કર્યો નહિ.

એમના સેવામય જીવનનો પ્રારંભ ઓસવાલ સમાજથી થયો, પણ દિનપ્રતિદિન આ ક્ષેત્ર વ્યાપક બનતું ગયું. એમને દત્તક લેનાર પિતા શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના હતા અને માતા સ્થાનકવાસી સંપ્રદાયનાં હતાં. એ દિવસોમાં ખાનદેશમાં સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓની અવરજવર વિશેપ રહેતી હતી. રાજમલજીએ સ્થાનકવાસી સાધુઓનો એટલો બધો આદર અને સત્કાર કર્યો કે લોકો એમને સ્થાનકવાસી જ ગણવા લાગ્યા. પત્ની મૂર્તિપૂજક સંપ્રદાયનાં હોવા છતાંયે બધા સંપ્રદાયનો એકસરખો આદર કરતાં હતાં. તેઓ સંપ્રદાયના વાડામાં બંધાયા જ નહિ, તેઓ તો બધાના જ હતા. એટલા માટે ભારત જૈન મહામંડળ સાથે એમનો સંબંધ રહ્યો. તેઓ બે વાર ભારત જૈન મહામંડળના અધ્યક્ષ પણ બન્યા અને વર્ષો સુધી કાર્યાધ્યક્ષ પણ રહ્યા. મંડળનું અધિવેશન જામનેરમાં યોજવા માટે એમનું હંમેશનું આમંત્રણ હતું. એમણે જામનેરમાં બે વાર અધિવેશન યોજ્યું હતું.

સામાજિક ક્ષેત્રોમાં રૂઢિઓના વિરોધી, ધાર્મિક ક્ષેત્રમાં ઉદારમતવાદી અને રાજનૈતિક ક્ષેત્રમાં તેઓ રાષ્ટ્રીય મહાસભા, લોકમાન્ય તિલક અને ગાંધીજીના અનુયાયી હતા. જ્યારે તિલકજીની સભામાં પ્રમુખ બનવું એ ધનવાનોને માટે ખતરારૂપ માનવામાં આવતું હતું ત્યારે, તિલકમહારાજ માંડલે જેલમાંથી છૂટી આવ્યા એ વેળાએ મલકાપુરની સભામાં તેઓ એના પ્રમુખ બન્યા હતા. તેઓ પોતે ક્યારેય ક્યાંય અધ્યક્ષ બનવાની ઈચ્છા રાખતા નહિ, પણ એ સ્થાન માટે કોઈ મળે નહિ અને એમને આમંત્રણ આપવામાં આવે તો તેઓ એનો ઈન્કાર કરતા નહિ.

એમનું જીવન સાદું અને સ્વભાવ મિલનસાર હતો. એમનો સ્વભાવ બીજાનું કામ કરી આપવાનો હતો. નાના – મોટા, સારા-ખરાબ, વિદ્વાન કે અશિક્ષિત એવો ભેદભાવ એમણે કદી રાખ્યો નહોતો બધા પ્રત્યે સ્નેહ અને આદર રાખતા હતા. આ કારણે જ તેઓ વર્ષો સુધી ખાનદેશના બેતાજ બાદશાહ કહેવાતા હતા. કોંગ્રેસ તરફથી તેઓ વર્ષો સુધી મુંબઈ વિધાનસભાના સભ્ય હતા. સ્વરાજ્યપ્રાપ્તિ પહેલાં તેઓ લોકસભાના સભ્ય પણ વર્ષો સુધી રહ્યા હતા. એમની લોકપ્રિયતાને લીધે તેઓ ચૂંટણીમાં હંમેશાં વિજય મેળવતા હતા.

એમનો સ્વભાવ હસવા - હસાવવાનો હતો. ગમે તેવી ગંભીર વ્યક્તિ પણ જો એમના સંપર્કમાં આવે તો તેઓ તેને પણ હસાવી દેતા હતા. તેઓ ગાંધીજી જેવાની પણ મજાક ઉડાવી શકતા હતા. જ્યારે શેઠ જમનાલાલજી બજાજના અધ્યક્ષાપદે ગોસેવા સંઘની સ્થાપના થઈ ત્યારે હું એમને ગાંધીજીની પાસે લઈ ગયો, કેમકે ખેતી અને ગોસેવામાં એમને રુચિ હતી તેમ જ તેઓ ગોપાલક હતા પણ ખરા. એમને વિનોદ સૂઝ્યો અને એમણે ગાંધીજીને કહ્યું: "બાપુ, ગોસેવા સંઘ શરૂ કરીને તમે બહું સારું કર્યું, પણ તમે એક બીજા દુ:ખી પ્રાણી પર દયા કરી શકો તો મોટી કૃપા થશે. ગધેડો એક બિચારું એવું પ્રાણી છે, જે સેવા કર્યા કરે છે પણ એના પર ભાર લાદનાર એની જરાય ચિન્તા નથી કરતો. બોજો ઉતારીને કંઈ ચારો નાખ્યા વિના જ એને કાઢી મૂકે છે. એટલું જ નહિ પણ કોઈના પર ગુસ્સો ઉતારવો હોય તો પણ એના નામનો જ પ્રયોગ કરવામાં આવે છે. એટલે ગધેડા જેવા ઉપયોગી અને નિ:સ્વાર્થ પ્રાણી માટે પણ કંઈક કરો!" વિનોદમાં ગાંધીજી પણ ક્યાં ઊતરે એવા હતા. એમણે કહ્યું: "તમે જે કહો છો એ સાવ સાચું છે. એક માણસ બધું કામ કરી શકતો નથી. મેં સેવા માટે ગાયની પસંદગી કરી છે. તમે ગધેડાને પસંદ કરો અને ગર્દભ સંઘના પ્રમુખ બની જાઓ." પ્રારંભ તો ગંભીરતાથી થયો હતો પણ જ્યારે બધા હસી પડયા ત્યારે બાપુએ પણ હસવામાં સાથ પુરાવ્યો.

અમારી મૈત્રી એકધારી પંચાવન વર્ષ સુધી રહી હતી. અમે મિત્રો ભાઈની માફક જ રહ્યા હતા. જીવનમાં અમે કદી ઝઘડયા નહોતા. આવો ભાઈ ચાલ્યો જાય પછી મનને ગમે તેટલું સમજાવીએ તો પણ દુ:ખી થયા વિના રહે નહિ. તેઓ મારા મોટાભાઈ સમાન હતા. હંમેશાં મને સાથ આપ્યો. એમના નિધનથી મારું જીવન સૂનું બન્યું છે, પણ સમાજે એક વ્યાપક દષ્ટિકોણવાળો ઉદાર, કર્મઠ કાર્યકર્તા ગુમાવ્યો, એની ઊણપ પુરાય તેમ નથી.

જૈન સમાજનો આ સપૂત પોતાની ઉદારતા, વિનોદપ્રિયતા, સહિષ્ણુતા અને વિનમ્રતાને લીધે લાખો લોકોમાં લોકપ્રિય બન્યો. જન્મની સાથે મૃત્યુ જડાયેલું જ છે, એને ભૂલી શકાય તેમ નથી. પણ જેવો એમનો જન્મ સફળ અને સાર્થક થયો એ જ રીતે એમનું મૃત્યુ પણ શાંત અને નિર્લેપતાના ભાવ સાથે થયું. આવા અભિન્ન મિત્રને મારી હાર્દિક શ્રદ્ધાંજલિ.

**રિષભદાસ રાંકા**

# ગાંધીને આપણે ખરેખર ભૂલી ગયા છીએ?

"ગાંધીજીને આપણે સાવ ભૂલી ગયા છીએ અને આપણું વર્તન ગાંધીજીના દેશવાસીઓને છાજે તેવું નથી રહ્યું" એમ કહેવાની ફૅશન આજે એટલી બધી પ્રચલિત થઈ ગઈ છે કે એની વિરુદ્ધમાં કંઈ કહેવા જઈએ તો કોઈ સાંભળવા પણ તૈયાર ન થાય.

ગાંધીને આપણે ભૂલ્યા છીએ એવી વાત એ લોકો કેમ કરે છે? એક કારણ એ છે કે કેટલાક લોકોને સુવર્ણયુગ હંમેશાં ભૂતકાળમાં જ દેખાય છે. જેમ કેટલાકને ભારતના ઈતિહાસમાં ગુપ્ત યુગ સુવર્ણયુગ લાગે છે અને ગુજરાતના ઈતિહાસમાં સોલંકીયુગ સુવર્ણયુગ લાગે છે તેમ કેટલાકને ગાંધીયુગ સુવર્ણયુગ લાગે છે.

બીજું એક કારણ એ છે કે આવી ફરિયાદ કરનારા પોતે ત્રીસીના જમાનામાં યુવાન હતા એટલે એમને એમ લાગે છે કે અમારા વખતમાં જેવી સારી સ્થિતિ હતી એવી આજે નથી.

ત્રીજું કારણ એ પણ ખરું કે આજની સમસ્યાઓ જે ગાંધીયુગથી સાવ જુદી જ સમસ્યાઓ છે તેના ઉકેલનો માર્ગ સૂઝતો નથી એટલે એ હતાશ જીવો લોકોને દોષ આપે છે કે બધા ગાંધીને ભૂલી ગયા છે.

આ ઉપરાંત પણ ઉપરની ફરિયાદનાં કેટલાંક કારણો છે પણ એ બધાથી એટલું જ સૂચિત થાય છે કે કોઈએ આ ફરિયાદ વિચારપૂર્વક કરી નથી. કાં તો ગેરસમજથી કરી છે, કાં હતાશાથી કરી છે. આ ફરિયાદમાં છેલ્લામાં છેલ્લો ઉમેરો દાંડીકૂચમાં ભાગ લેનારાઓમાંથી હજી જીવંત રહેલા અને આ વર્ષે ફરી દાંડીની યાત્રાએ ગયેલા સૈનિકોએ કર્યો છે. મને લાગે છે કે આ સૌએ આજના ભારતને જોવાની, સમજવાની કે એનું પૃથક્કરણ કરવાની તસ્દી લીધી નથી અને માત્ર આવેશમાં આવી જઈને આજના ભારત સામે તહોમતનામું પોકાર્યું છે.

"ગાંધીજીને આપણે ભૂલી ગયા છીએ" એમ કહેનારાઓના મનમાં કંઈક એવો ભાવ જણાય છે કે ગાંધી જીવતા હતા ત્યારે તો ભારતની મોટા ભાગની પ્રજા ગાંધીના કહેવા પ્રમાણે કરતી હતી અને આજે મોટા ભાગની પ્રજા ગાંધીના ઉપદેશથી વિરુદ્ધ વર્તન કરે છે. મારે એ કહેવું છે કે આ વાત એ ફરિયાદ કરનારાઓના મનનો ભ્રમ છે. હકીકત એટલી જ છે કે માણસ આખરે માણસ જ છે. શું ગાંધીના વખતમાં કે શું આજના વખતમાં, માણસને દેવ માનવાનીયે જરૂર નથી કે દૈત્ય માનવાનીયે જરૂર નથી. માણસ આખરે માણસ છે એમ કહીને હું શું સૂચવવા ઈચ્છું છું? એટલું જ કે સાધારણ રીતે એ દુષ્ટ નથી હોતો, સારા માણસ તરીકે એ જીવવા ઈચ્છતો હોય છે, અને છતાં સંજોગોનો માર્યો એ અયોગ્ય આચરણ કરી બેસે છે. આ સંજોગોમાં આસપાસના સમાજની રીતરસમ એ બહુ પ્રબળ સંજોગ છે. અને મોટા ભાગના માણસો આ જ જાતના હોય છે–ગાંધીના વખતમાં પણ હતા અને આજે પણ છે.

તરતનું વાંચેલું છે એટલે એક દૃષ્ટાંત યાદ આવી જાય છે. ૧૯૩૦-૩૧માં સરદાર જેલમાં હતા ત્યારે એમણે એ બી અને સી ત્રણે વર્ગના કેદીઓએ સી વર્ગની જ સગવડો ભોગવવી એવી રસમ પાડેલી. સરદાર કેદમાંથી ગયા કે પાછળ આ રસમ તૂટી. એ અને બી વર્ગના કેદીઓ પોતાને મળનારી વધુ સગવડો ભોગવવા આતુર હતા. સરદારની પીઠ ફરતાં જ એમણે જૂની વ્યવસ્થા વીંખી નાખી. એમાં ચાર-પાંચ જણા અપવાદરૂપ હતા પણ મોટા ભાગના કેદીઓએ તો પોતાનો હક જતો ન કર્યો. આ વાત તો હમણાં શ્રી મોરારજી દેસાઈની આત્મકથા 'મારું જીવનવૃત્તાંત'માં વાંચી. પણ રાજકીય કેદીઓ ચોરીછૂપીથી જેલમાં છાપાં, બીડી, ખાવાનું વગેરે મંગાવતા એવી વાત તો આ પહેલાં પણ અનેક નેતાઓ અને કાર્યકરોએ કહી છે. આ સગવડો ભોગવનારાઓમા કેટલાક દાંડીકૂચના સૈનિકો પણ હશે. હું અહીં ઉપર કહેલી વાત જ ફરી કહેવા ઈચ્છું છું કે ગાંધીજીના સૈનિકો પણ આખરે માણસ જ હતા. ગાંધીના આદેશથી એમણે ઘણું ત્યાગ્યું પણ હતું અને છતાં સાવ સામાન્ય વાસનાઓથી તેઓ ખેંચાઈ પણ જતા હતા.

લંબાણ કર્યા વગર કહી દઉં કે ગાંધીજીની હયાતીમાં જ વિદેશી કાપડ નહિ વેચવાનું વચન આપી પાછલે બારણેથી વેપાર કરનારા વેપારીઓ હતા, એમની હયાતીમાં જ ખાદીની સર્વોચ્ચ સંસ્થા ચરખા સંઘના કાર્યકરનો લાખેક રૂપિયાનો ગોટાળો બહાર આવેલો, ગાંધીજી પોતે પણ કોમી હુલ્લડો કે અસ્પૃશ્યતાનો સંપૂર્ણ નાશ નહોતા કરી શકયા. શિસ્ત વિશે તો કેટલાક એમ માને છે કે સત્યાગ્રહની લડતોએ જ આપણા વિદ્યાર્થીવર્ગમાં શિસ્તહીનતાનાં બીજ રોપ્યાં અને પછી એ ફાલ્યાંફૂલ્યાં. એ વખતે શાળા - કૉલેજોમાં નજીવા કારણે પણ હડતાળ પાડી શિક્ષણકાર્ય અટકાવી દેવું એ લડત માટે કદાચ જરૂરી પણ હશે. પણ એને પરિણામે આજે શિસ્તહીનતા વધી છે એવો એક મત છે.

આ બધા ઉપરથી હું એવું ફલિત કરવા ઈચ્છું છું કે ગાંધીયુગમાં પણ મોટા ભાગના માણસો માટીના માનવી જ હતા. ગાંધી પ્રત્યે એ સૌને પ્રેમ હતો, ગાંધીને એ બધા પગે લાગતા હતા, આપી શકાય તો કૉંગ્રેસના ફંડફાળામાં યથાશક્તિ આપવા ઈચ્છતા હતા, થોડોક વખત ગાંધીના આગ્રહથી વિદેશી કાપડનો ત્યાગ કરવા ને આગળ વધી ખાદી પહેરવા પણ તૈયાર થતા હતા, ને છતાં પોતપોતાના સામાજિક, વેપારવણજના, ધરમકરમના ને અન્ય વ્યવહારોમાં જે ચાલતું હતું તે ચાલુ રાખતા હતા.

ગાંધીનો ઉપદેશ ખરેખર સમજીને એ પ્રમાણે ચાલનારા, પોતાના દૈનિક વ્યવહારમાં પણ સાવ ચોખ્ખા, દેશને માટે સર્વસ્વનો ભોગ આપવા તત્પર એવા માણસો તો એ વખતે પણ વિરલ હતા. એની નવાઈ પણ ન લાગવી જોઈએ. જગતના તમામ મહાપુરુષોની બાબતમાં એમ જ બન્યું છે. કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ક્રાઈસ્ટ, મહંમદ કે શ્રી અરવિંદ–સૌના અનુયાયીઓમાં આ વલણ દેખાયું છે.

"આજે આપણે ગાંધીજીને ભૂલ્યા છીએ" એમ કહેવામાં જે કેટલાક માણસો ખરેખર સારું કામ કરનારા છે તેમને અન્યાય કરીએ છીએ. વિનોબા અને તેમની પ્રવૃત્તિની સફળતા-નિષ્ફળતાની વાત બાજુએ મૂકીએ, પણ ગાંધીના અનુયાયીઓને શોભે એવી રીતે હજારો માણસો દેશસેવાના કામમાં ગૂંથાઈ ગયા છે એમ કહ્યા વિના ચાલશે? ગુજરાતના જ એક ભાઈ સ્વ. નગીન પારેખે બિહારમાં કોરાપુટમાં જઈને આ પ્રવૃત્તિમાં જે કામ કરેલું તેને લગતું અંગ્રેજી પુસ્તક Nagin (સંપાદક: એવલીન વૂડ, પ્રકાશક: ધનંજય પારેખ) જોઈ જનારને થશે કે ગુજરાત પણ આ બાબતમાં પછાત નથી. કોમી હુલ્લડો હજીયે થઈ રહ્યાં છે એ વાત ખરી પણ ખુદ ગાંધીના સમયમાં નહિ થઈ શકેલી તેવી શાંતિસેના અખિલ ભારતીય ધોરણે આજે ચાલે છે અને કોમી હુલ્લડો, ભાષાનાં તોફાનો વગેરેમાં એના સૈનિકો શાંતિ સ્થાપવા જાય છે એની નોંધ લીધા વિના ચાલે જ નહિ. સ્વ. મહાદેવભાઈના પુત્ર શ્રી નારાયણ દેસાઈ આ કામનું સંચાલન કરી રહ્યા છે. યુદ્ધના વખતમાં શાંતિપ્રિય માણસોએ શું કરવું એ એક મોટી સમસ્યા છે. ભારતમાં ગુજરાત વિદ્યાપીઠ સહિત કેટલીક સંસ્થાઓમાં શાંતિ સંશોધનનું કામ એક વ્યવસ્થિત અભ્યાસરૂપે થઈ રહ્યું છે. એના એક પરિસંવાદનો વૃત્તાંત Perspectives of Peace Research (ગુજરાત વિદ્યાપીઠ, રૂ. ૧૦) નામના પુસ્તકરૂપે હમણાં પ્રગટ થયો છે તે જોઈ જવા જેવો છે. સ્ત્રીઓને સંપૂર્ણ સમાનતા મળી ગઈ છે એમ નહિ કહીએ તોયે ભારતે ઘડેલા પહેલા જ બંધારણમાં સ્ત્રીઓને સમાન મતાધિકાર આપ્યો અને તે પછીનાં પાંચ-છ વર્ષમાં લગ્ન, છૂટાછેડા, વારસો વગેરે બાબતમાં પણ તેમને લગભગ સરખા જ અધિકારો આપ્યા એ પણ ગાંધીજીએ ચીંધેલી દિશાનું જ પગલું છે. અને આજે વ્યવસાયમાં સ્ત્રીઓને માટે વધુ ને વધુ તકો નિર્માણ થતી જાય છે. થોડા સમયમાં કદાચ એવી સ્થિતિ નિર્માણ થશે કે શિક્ષકના વ્યવસાયમાં પુરુષો લગભગ નહિ હોય. જેને દૃષ્ટિ છે અને જોવાની ઈચ્છા છે એ તો આ દેશમાં અનેક સ્થળે ગાંધીજીને આજે પણ જોઈ શકશે. ગાંધીજીની કામગીરી જીવનનાં એટલાં બધાં ક્ષેત્રોમાં અસર કરી શકી હતી કે આજે પણ આ દેશના કરોડો માનવીઓના વ્યવહારની કેટલીયે બાબતો પર એમની છાપ દેખાય. એ છાપ ઘણી વાર તો એટલી સૂક્ષ્મ હોય કે બહુ ઝીણવટથી જોનારને જ એ દેખાય.

સજાગપણે ગાંધીને માર્ગે ચાલનારા ઓછા છે એ કબૂલ. ઘણાબધા માણસો પરિસ્થિતિના માર્યા અયોગ્ય વ્યવહારો કરે છે એય કબૂલ. એ બધું સારું નથી, એનો બચાવ ન કરવો જોઈએ એ પણ કબૂલ. પણ એ સ્થિતિ આજની નથી, પહેલેથી છે. સંજોગોએ એને આકરી બનાવી છે. પણ ગાંધીને આજે જ આપણે ભૂલી ગયા છીએ એ સાચું નથી.

યશવંત દોશી

# ભારતવ્યાપી સ્ત્રીશક્તિ જાગરણ

(ગતાંકથી ચાલુ)

મહિલા સંમેલનની બીજા દિવસની બપોરની સભા રા વાગે ઝાડની છાયા નીચે મળી. આ સભાનું પ્રમુખસ્થાન દક્ષિણ ભારતનાં શ્રીમતી મુનીઆપ્પાએ લીધું હતું. સામૂહિક ચર્ચાનો પ્રારંભ બ્રહ્મવિદ્યા મંદિરની જર્મન બ્રહ્મકન્યા શ્રદ્ધાએ કર્યો. આ સાધિકા કન્યાના નામ પરથી જ પૂ. બાબાએ આશ્રમના એક રસ્તાનું નામ શ્રદ્ધાપથ રાખ્યું છે. શુદ્ધ સુંદર હિંદીમાં બોલતાં તેણે કહ્યું કે ઈશ્વર-સાક્ષાત્કાર એ આપણા જીવનનું અંતિમ લક્ષ્ય છે, અને તે સિદ્ધ કરવા માટે સ્ત્રી–પુરુષ અભેદવૃત્તિ કેળવીને તેનો સાધનરૂપે ઉપયોગ કરવો પડશે. ઈશ્વરસાક્ષાત્કાર એટલે આપણા મૂળ સ્રોતમાં પાછા જવું. જો આપણા જીવનનું લક્ષ્ય આ ન હોય તો એવું ધ્યેયવિહીન જીવન જીવવા જેવું ન હોય. અને જો આ ધ્યેયને આપણા જીવનમાં પ્રમુખસ્થાન આપીશું તો બીજી નાનીમોટી સફળતાઓ માટે ફાંફાં મારવાં નહીં ગમે. આપણે આ વિશ્વમાં કેમ આવ્યા તે પ્રશ્નનો ઉત્તર અમારા પાશ્ચાત્ય દેશમાં કદી મળતો નથી. તેથી અમે અહીં આવીએ છીએ. આપણે દુ:ખી છીએ કે સુખી છીએ, જે કંઈ છીએ તેને માટે આપણે પોતે જ જવાબદાર છીએ. બીજા પર દોષારોપણ કરવું નકામું છે. આવી સમજ સમાજમાં લાવવા માટે ક્રાંતિ ફેલાવવી પડશે અને તે ક્રાંતિ કદાપિ ભૌતિક ભૂમિકા પર આવી શકશે નહીં; તે તો આધ્યાત્મિક ભૂમિકા પર જ આવવી શક્ય છે. દરેકે આધ્યાત્મિક બનવાનું છે. એ આ જમાનાની માગ છે. તેથી આપણો દૃષ્ટિકોણ બદલાય છે. આપણે વધારે ખુલ્લા થઈએ, પ્રેમળ થઈએ. ભીતર બદલાય તો બહારનું બદલાય છે જ. આધ્યાત્મિક સાધના સારી રીતે થઈ તો પછી ભૌતિક જીવન પણ સુધરી જાય છે. સ્વયં આધ્યાત્મિક થવું તે દેશની અને વિશ્વની સૌથી મોટી સેવા છે.

ત્યાર બાદ લોકયાત્રી શ્રીમતી લક્ષ્મીબેને પોતાની લાક્ષણિક સહજ પ્રસન્ન શૈલીમાં કહ્યું કે અધ્યાત્મ પ્રતિ મને થોડી રુચિ હતી. સેવાગ્રામ આવી. સામૂહિક સાધના અને અધ્યયન ચાલુ કર્યાં. રુચિ વધવા લાગી. પ્રતીતિ થઈ કે સ્વયંમાં પરિવર્તન આવે તે જ વધારે જરૂરનું છે. એ થાય તો સહજ આપણી આસપાસનાં લોકોમાં પણ તેની અસર થાય છે અને ઊર્ધ્વ વૃત્તિ જાગે છે. આ સધાય તો જ સ્વાધ્યાય સધાયો માનવો. "સકલ સંગ હમ બની આઈ." પૂ. બાબાનાં અંતેવાસી શ્રીમતી કુસુમ દેશપાંડેએ પોતાનો અનુભવ રજૂ કરતાં કહ્યું કે મારી દૃષ્ટિમાં તો સ્વાધ્યાય જ આપણને મનથી અલગ થવામાં મદદ કરે છે. બહેનો પર એક આરોપણ સદીઓથી થતું આવ્યું છે કે તેઓ ભેગી મળશે ત્યારે ખાનપાન, સાડી અને ઘરેણાંની વાતો કરશે. આમાં સત્યનો અંશ જરૂર છે, પરંતુ આપણે અહીં જોયું કે આપણે શાની વાતો કરી રહ્યાં છીએ! સ્થિતપ્રજ્ઞદર્શનમાં બાબાએ કહ્યું છે કે જે બુદ્ધિ વડે આત્મસાક્ષાત્કાર કરી શકાય છે તે જ બુદ્ધિનો ઉપયોગ આપણે કેવી મિથ્યા વાતોમાં કરીએ છીએ! પણ આત્મસાક્ષાત્કારનું મહત્ત્વ જ્યારે સમજીશું ત્યારે એવી નકામી વાતોમાં બુદ્ધિને વેડફવાનું નહીં જ ગમે. પ્રસિદ્ધ સાધ્વી રાબિયાને કોઈએ પૂછ્યું કે "તમે શૈતાનને ગાળો કેમ નથી દેતાં?" રાબિયાએ જવાબ આપ્યો કે "ગાળો દેવાનો સમય ક્યાંથી કાઢું, મારો તો સમગ્ર સમય ભગવત્‌સ્મરણમાં જ જાય છે."

ગ્રંથોનું અધ્યયન જરૂરી છે, પરંતુ તે બાદ તેને છોડી દેવા જોઈએ. અધ્યયન કેવી રીતે કરવું? જેટલું વાંચીએ તેથી સોગણું મનન કરવું જોઈએ. મનનથી લાખગણું નિદિધ્યાસન અને સતત તેનો જ ધ્યાસ રહેવો જોઈએ. અને ત્યાર બાદ તેને જીવનમાં ઉતારવું જોઈએ.

ત્યાર બાદ મુંબઈનાં શ્રીમતી ગીતા મહેતાએ કર્મવિકાસ, સમાધિ, અલ્પમાત્રા, નિશ્ચિત દિશા તથા વિવેક એ બાબાના પંચસૂત્રીય મંત્રને સુંદર રીતે ઘૂંટયો. ગુજરાતનાં શ્રીમતી હરવિલાસબહેને પોતાના સ્વાધ્યાયસારને નામસ્મરણ રૂપે સાંકળતાં કહ્યું કે ક્યારેક મોટા મોટા થોથાંઓમાંથી નથી જડતું એ ભજનની એકાદ નાનકડી કડીમાંથી જડી જાય છે. આંતરિક અનુભૂતિમાંથી સ્ફૂરેલાં, તેમાં ય વળી હજારો વર્ષથી લોકહૃદયમાં ઘૂંટાઈ ઘૂંટાઈને વધુ સત્ત્વશીલ બનેલાં એ ભજનો મારે માટે તો સ્વાધ્યાયની ખોટ પૂરી પાડે છે. આર્તતાપૂર્વક ઈશ્વરને પુકારીએ છીએ તો એ જરૂર હાજર થાય છે. શ્વાસોચ્છ્વાસના તાણાવાણાની જેમ જીવનમાં નામસ્મરણ એકરૂપ થઈ જવું જોઈએ. નામસ્મરણના ભાવે વિભોર થઈને આખી સભાને ભાવોદ્રેકમાં એમણે ડુબાડી દીધી. એમના વક્તવ્યમાંથી નીકળેલો એક એક શબ્દ જાણે નામમાળાનો એક એક મણકો હતો. બહેનોની સભા હતી. ભાવોદ્રેક અને આંસુઓની તો નવાઈ શી? પણ હૃદયની છીપલીમાં મોતી બનીને સદાય સંઘરાઈ જનારાં એ આંસુ હતાં. આગળ બોલવું અઘરું હતું. સાંભળવાનું પણ કંઈક એવું જ. પણ બ્રહ્મવિદ્યામંદિરનાં શીલાબહેને કુશળતાપૂર્વક માર્ગ કાઢયો અને કહ્યું કે "જીવનના પ્રત્યેક આવિષ્કારની સ્વાભાવિક ગતિ ચૈતન્ય તરફની હોય છે. મૂળ સ્વરૂપની ઓળખાણ પ્રત્યેક જીવની અભીપ્સા છે. આ અભીપ્સાપૂર્તિ માટેની પ્રક્રિયા તે જ સ્વાધ્યાય, અને તેમાં અધ્યયન તો ઔષધરૂપે જ હોય. આ કરતાં કરતાં એક પ્રકારની સજાગતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિ આવે છે. આવી વૈજ્ઞાનિકતા પેદા થાય છે ત્યારે અશોધિત દિશાઓ ખૂલે છે. વૃત્તિઓનું પરિમાર્જન થાય છે. બાબાએ સ્વાધ્યાય માટે કહ્યું છે કે, 'Unclean' એટલે અવિદ્યાનું અનધ્યયન કરો. એ પણ સ્વાધ્યાયનું એક અંગ બની શકે. અધ્યયન તે માત્ર અધ્યયન પૂરતું જ નહીં પરંતુ એક મંઝિલે પહોંચાડવાના સાધન તરીકે રહેવું જોઈએ. જેટલું જરૂરનું હોય તેટલું જ થવું ઘટે. જેમ કે એક રોગ મટાડવા માટે દવાની જરૂરી માત્રા જ લેવાય, જરા પણ વધારે-ઓછી નહીં. જે ચિત્તને હંમેશાં વિચારોનો બોજો વેંઢારવાની અને ઢસડવાની આદત પડી ગઈ છે તે ચિત્તને સંસ્કારરહિત–મુક્ત બનાવવાનું છે. જેટલા સંસ્કાર જરૂરી હોય તેટલા જ સંઘરવા, બાકીનાને ભગાડી મૂકવા. ડિક્ટેટરશિપમાં ખાસ વૃત્તિ એ કામ કરતી હોય છે કે "હું જેમ કહું તેમ જ સારું યે વિશ્વ કરે." આ વૃત્તિની પાછળ પણ સૂક્ષ્મતાથી તપાસતાં બહુ જ મહત્ત્વનો મુદ્દો છુપાયેલો માલૂમ પડશે, અને તે એ કે આ વૃત્તિ અથવા કામના અદ્વૈતની દ્યોતક છે. પણ કામના કરનાર તે સત્ય વિષે અજ્ઞાન હોવાથી તેનું વિપરીત પરિણામ ડિક્ટેટરશિપમાં આવે છે.

બ્રહ્મકન્યા ગીતા રાયજીએ કહ્યું કે હું પ્રોફેસર હતી. મારું મન અસંતોષી રહ્યા કરતું હતું. તે અસંતોષ મને શ્રી. ઉમાશંકરભાઈના એક કાવ્યમાં સાકાર થતો દેખાયો. કારણ જડી ગયું. તેમણે ગાયું છે કે–

"ચોપડીઓના કિલ્લા છોડી
હે સરસ્વતી મા
તુમ બહાર આવો
ખુલ્લા જગની હવામાં આવો."

બસ હું પણ કૉલેજની પ્રોફેસરશિપની જેલમાંથી આશ્રમની ખુલ્લી મુક્ત હવામાં આવી. મારું મન કોળ્યું. આશ્રમના રામ-ભરત મંદિરની

એકનિષ્ઠ પૂજારણ લક્ષ્મીનાં નાના મધુર વકતવ્ય બાદ ઉરુલી-કાંચન પ્રાકૃતિક ચિકિત્સા આશ્રમનાં સેવાવ્રતધારી હોશિયારીબહેન મંચ પાસે આવ્યાં. તેમની સહજ રમૂજી શૈલીમાં તેમના સાધના-જીવનના પ્રારંભનો એક કિસ્સો વર્ણવ્યો, "વગર સમજ્યે કંઈ પણ માર્ગદર્શન અને બોધ વિના સાધના સ્વાધ્યાય કરવાનું પરિણામ શું આવે છે તે સાંભળો. યુવાનીમાં વિધવા થઈ હતી. મહિયરના સમૃદ્ધ ઘરમાં લાડપ્યારથી રહેતી હતી. ભગવત્‌સ્મરણમાં મન લગાડવાના ઉપાયો ઢૂંઢતી હતી. પંજાબના નાના ગામડામાં આ ક્ષેત્રમાં રસ્તો ચીંધનારું કોઈ મળે નહીં, એટલે પોતાની મેળે સાધનાનો રસ્તો ખોળી લીધો. ગીતા, રામાયણ આદિ વાચન શરૂ કર્યું. એમાંથી એક સરસ મજાની ચાવી મળી - અને તે એ કે કામ, ક્રોધ અને લોભ એ ત્રણેયની પાર ઊતરી જવું, કારણ કે એ ત્રણેય નરકનાં દ્વાર છે. આ વાત મનમાં બરાબર જચી ગઈ. સંકલ્પ થયો કે આપણે નરકમાં નથી જ જવું. મારી સમજ પ્રમાણે મેં કામનો અર્થ કર્યો કે ઝાડું કાઢવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં આદિ કામો ન કરવાં. 'કામ' એટલે કર્મ નો અર્થ મને આ રીતે માલૂમ હતો. કામને તો જીતી લીધો. હવે માત્ર બે દ્વાર બાકી રહ્યાં— ક્રોધ અને લોભ. ક્રોધને શી રીતે જીતવો? વિચાર આવ્યો કે ક્રોધ તો કોઈ બીજા માણસ પર જ આવે છે ને? કંઈ ઝાડ-પાન, પશુપક્ષીઓ પર નથી આવતો. એટલે વાતચીત બંધ કરો. ખાઈપીને જંગલમાં જઈને બેસી જતી હતી. મારી સમજ પ્રમાણે કામ અને ક્રોધને તો જીતી લીધા. હવે વાત રહી લોભની. લોભ તો પૈસા અને ચીજો, જણસો માટે હોય છે. કેટલાક પૈસા અને જમીન મારા નામ પર હતી તેનો હિસાબકિતાબ માગવાનું છોડી દીધું. જેટલું મળે તેટલું મૂંગામૂંગાં લઈ લેતી. બસ લોભ પણ જિતાઈ ગયો. કેટલું સરસ? કામ, ક્રોધ અને લોભને ચુટકીમાં જીતી લીધા અને મોકળી થઈ ગઈ. નરકદ્વાર ટળી ગયું. હું ખૂબ આનંદમાં રહેવા લાગી. અને હવે ભગવાનનો ભેટો જલદી થશે તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે જંગલમાં એક પીપળાના ઝાડ નીચે કૂવાના થાળા પર બેસીને નામસ્મરણ કર્યા કરતી હતી. એક દિવસ આંખો બંધ કરીને નામસ્મરણ કરતી હતી ત્યાં પાછળથી અવાજ આવ્યો કે, "ઊઠો, ઝટ ઊઠો." મને લાગ્યું કે જરૂર આ ભગવાનનો અવાજ છે. આદેશાનુસાર હું ઊઠીને ગામ તરફ ચાલી ગઈ. પાછળથી માલૂમ પડયું કે ત્રણ નામચીન ડાકુઓ એ વિસ્તારમાં તે દિવસે આવ્યા હતા. પણ તેઓ જે સ્થાન પર હું બેઠેલી ત્યાં આવે ત્યાર પહેલાં જ હું ગામમાં પહોંચી ગઈ હતી. આ પ્રસંગ પછી પરમાત્મા પ્રતિની મારી શ્રદ્ધા વધુ ને વધુ દૃઢ થતી ગઈ. ૧૯૪૦માં પૂ. બાપુ સાથે રહેવા સાબરમતી આશ્રમમાં ગઈ. ત્યાર બાદ પૂ. બાબાના સંપર્કમાં આવી આ દરમ્યાન મારી દૃષ્ટિ ખૂલતી ગઈ અને સાધનાની ગાડી ઠીક રાહ પર ચાલવા લાગી. ઉરુલીકાંચનના પ્રાકૃતિક ચિકિત્સા આશ્રમમાં કામ કરતાં કરતાં એક સત્યની પ્રતીતિ થઈ કે કોઈ પણ બીમારી પાછળ માણસનાં શારીરિક કારણો કરતાં માનસિક કારણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ મન જો પ્રાર્થનામાં તલ્લીન થાય તો અંદરની તાણખેંચ મટી જાય અને સહજ સંવાદિતાવાળું મન માણસની બીમારી નાબૂદ કરે છે ને આયુષ્યને વધારે છે." તેમની વાતો અને રમૂજી શૈલીથી બધાં હસીહસીને બેવડ વળી ગયાં. આ બેઠક આવી રીતે 'હાસ્યેન સમાપયેત' થઈ.

ત્રીજે અને છેલ્લે દિવસે શ્રીમતી કૃષ્ણપ્પાના પ્રમુખપદે મળેલી સભામાં પૂ. દાદા ધર્માધિકારીનાં શિષ્યા તારા ભાગવત પ્રમુખ વકતા હતાં. તેમણે ભારત બહારના દેશોમાં સ્ત્રીઓના સ્થાન વિષે સારો ખ્યાલ આપ્યો. પૂ. બાબાનાં અંતેવાસી શ્રીમતી મહાદેવી તાઈએ સ્ત્રીઓને સ્વરક્ષણની તાલીમ લેવાનો અનુરોધ કર્યો. જોધપુરનાં સુશીલાબહેન, હરિયાણાનાં શ્રીમતી કમલા માથુર અને રાજસ્થાનનાં સરોજિની અગ્રવાલે સ્વાધ્યાય વિષે પોતાના વિચારો અને અનુભવો વર્ણવ્યા.

આજે બપોરથી આ ત્રણેય દિવસની સમૂહગત તથા જૂથોમાં થયેલી ચર્ચાના નિષ્કર્ષરૂપે કેટલાંક સૂચનો રજૂ થયાં. સભાએ તે મંજૂર કરતાં નિર્ણયરૂપે જાહેર થયા. કાર્યક્રમની જવાબદારી પણ વહેંચી લેવામાં આવી.

(૧) દર વર્ષે યોજાતા અખિલ ભારતીય સર્વોદય સંમેલનમાં એક દિવસ મહિલા સંમેલન યોજવું. બ્રહ્મવિદ્યા મંદિરમાં પણ એક વાર્ષિક સંમેલન યોજવું.

(૨) ૧૨ વર્ષની બીજી એક લોકયાત્રાનું આયોજન કરવું.

(૩) વિભાગીય ( zonal ) લોકયાત્રા. દેશના પાંચ વિભાગ પાડી તે તે પ્રદેશની સંયુકત લોકયાત્રા કાઢવી.

(૪) દર વર્ષે સ્ત્રીશકિત જાગરણ સપ્તાહની ઉજવણી કરવી.

(૫) અધ્યયન શિબિરોનું આયોજન કરવું.

(૬) પ્રશિક્ષણ કેન્દ્ર કરવું.

(૭) પ્રતિકારાત્મક કાર્યક્રમ - આરંભ પોસ્ટર આંદોલનથી. મુંબઈનાં બહેનોએ આ શરૂ કરી પણ દીધું છે.

ત્રણેય દિવસની કાર્યવાહીનો સમારોપ કરતાં શ્રીમતી નિર્મલા દેશપાંડેએ કહ્યું કે દૂષિત મૂલ્યોનો સંહાર અને માંગલ્યનું સર્જન કરનારી સ્ત્રી ચંડીદેવતા છે. સ્ત્રી-સમસ્યાઓનાં બે દૃષ્ટિકોણ છે, એક પોઝિટિવ અને બીજો નેગેટિવ. જે પોઝિટિવ છે તે રચનાત્મક અને અહિંસાનો દૃષ્ટિકોણ છે. અંધારું ઘનઘોર હોય છે તો પણ એક નાનો દીવડો પ્રકાશ ફેલાવી શકે છે, તેવી રીતે આ કાર્યમાં સ્ત્રીઓની સંખ્યા પ્રારંભમાં ભલે થોડી હોય તો પણ જો તેની ગુણવત્તા વધારીશું તો દુનિયાના હિંસારૂપી અંધકારને નષ્ટ કરવાની ક્ષમતા સ્ત્રીશકિતમાં જરૂર છે જ. એટલે સંખ્યાની સાથેસાથે ગુણવત્તા વધારવા તરફ આપણી દૃષ્ટિ રહેવી જરૂરી છે.

સ્ત્રીશકિતનો ખરો અનુભવ તો એક આઝાદી સંગ્રામમાં થયો અને બીજો અનુભવ થઈ રહ્યો છે ગ્રામસ્વરાજ્યના કાર્યમાં. આઝાદીજંગના એ દિવસો યાદ છે કે જ્યારે શરાબની દુકાનો પર પિકેટિંગ કરવા જેવું અઘરું કામ કરવા બાપુએ સ્ત્રીઓ જ પસંદ કરી. અભણ ગણાતી સ્ત્રીઓએ તે દિવસોમાં કુરબાની માટે પહેલ કરી હતી. આજે પણ ગામડાઓમાં કેટલી બધી અભણ સ્ત્રીઓ મને પ્રેરણા આપે છે? જ્યારે ગ્રામસ્વરાજ્યના કાર્ય માટે ગામડાંમાં જાઉં છું તો માલૂમ પડે છે કે એ અશિક્ષિત ગણાતી સ્ત્રીઓમાં જે હિંમત અને બહાદુરી ભરી છે તે ભણેલીગણેલી સ્ત્રીઓમાં નથી દેખાતી. કસ્તુરબાગ્રામ (ઇંદોર)માં શાંતિસેના વિદ્યાલયની એક ઘટના મને યાદ આવે છે. ઇંદોરમાં સાંપ્રદાયિક રમખાણો ફાટી નીકળ્યાં હતાં. આ વિદ્યાલયની ૧૮ - ૨૦ વર્ષની કન્યાઓ ત્યાં ગઈ. હું પણ સાથે હતી. સખત ભીડ હતી એટલે મારી તો હિંમત ન વધી તેમાં ઘૂસવાની, પણ પેલી ગામઠી છોકરીઓ બેધડક તીરની પેઠે ઘૂસી ગઈ. પછી તો હું પણ સાથે ગઈ. તેઓએ મને હિંમત શીખવી એમ કહું તો કશું ખોટું નથી. પાછળથી પોલીસ અધિકારીએ મને કહ્યું કે આ પ્રસંગે તમારી બહેનો ન હોત તો પરિસ્થિતિ કાબૂબહાર જતી રહેત અને અમારે ગોળી ચલાવવી પડત. વિદ્યાલયની બહેનોએ અમને સરસ મદદ કરી, અને તેથી વાતાવરણ કાબૂમાં આવ્યું. પડકાર સામે આવે છે ત્યારે નિર્ભયતાનો વિકાસ થાય છે.

ભારતીય સંસ્કૃતિનો જે પાયો છે તેમાં સ્ત્રી - પુરુષનો ભેદ નથી. પણ આ પાયો તો છે આત્મસત્તાનો. એટલે જ આવડા મોટા રાષ્ટ્રની પ્રધાનમંત્રી એક મહિલા બની શકી. યુરોપ અને કમ્યુ-

નિસ્ટ દેશોમાં સ્ત્રી પ્રધાનમંત્રી નથી બની શકી, અહીં બની શકી તે એક વ્યકિત તરીકે, માનવ તરીકે, સ્ત્રી તરીકે નહીં. આજ સમાજ-પરિવર્તન કરવાની જરૂર છે, પણ કોણ કરશે? જનતા જ કરી શકશે. સમાજમાં ૫૦ ટકા સ્ત્રીઓ છે. એટલે માત્ર સ્ત્રી જ આ કામ કરે તે ન બની શકે. જનશકિતથી આ કામ થવું ઘટે. અને આ પરિવર્તન અહિંસાની ભાવના વડે થવું ઘટે. અને આમાં જ સ્ત્રીશકિત જાગરણનું રહસ્ય પડેલું છે. અહિંસામાં સ્ત્રીશકિતનું જ મુખ્ય યોગદાન રહેશે, અને સમાજપરિવર્તનના કાર્યમાં સ્ત્રીશકિત જાગરણ સહજ ભાવથી થશે. એટલે એમ કહી શકાય કે સ્ત્રીશકિત જાગરણનો ઉષ:કાળ થઈ ગયો છે, સૂર્યોદય થવાનો છે.

આજ કેટલીય બહેનો સેવામાં લાગેલી છે. તેમનું એક વાત પ્રતિ ધ્યાન ખેંચવું જરૂરી છે. મેં આગળ કહ્યું તેમ ભારતીય સંસ્કૃતિનો મૂળ સ્રોત આપણે પકડવાનો છે. સેવાનું મૂલ્ય—નિર્ણય સેવાના આકાર પર નહીં થઈ શકે. સેવા પોતાના નાના ઘર—સંકુલમાં કરો અથવા વિશાળ ક્ષેત્રમાં કરો, પણ તે પૂર્ણતયા નિરહંકાર હશે તો તેનું મૂલ્ય અનંત છે. પણ જો સેવાની સાથે અહંકાર પાંગરી ગયો તો તેનું મૂલ્ય શૂન્ય રહેશે. સેવા અને તેના પરિણામનું સમીકરણ આ પ્રમાણે છે. સેવા/અહંકાર=પરિણામ. માનો કે કોઈકે ભિન્ન ભિન્ન પ્રકારની ખૂબ સેવા કરી, પોતાના ગામની, દેશની આદિ અને તેની સેવાનો હિસાબ દસ લાખ જેટલો થયો પરંતુ નીચેનો આંકડો કેટલો છે? જો તે પણ ૧૦ લાખનો હોય તો પરિણામ શું આવ્યું? તે જુઓ.

૧૦ લાખ, સેવા/૧૦ લાખ, અહંકાર = ૦ પરિણામ.

અને એક બહેન ભલે પોતાના ઘરમાં જ સેવા કરી રહી છે, તેની સેવાનો હિસાબ જો ૫ લાખ થાય, અને નીચેવાળો આંકડો ૧ લાખ હોય તો પરિણામ નીચે પ્રમાણે આવે:

૫, સેવા/૧, અહંકાર = ૫ પરિણામ.

મતલબ કે નીચેનો આંકડો જેટલો નાનો એટલું પરિણામ સરસ આવે. અને જો નીચે શૂન્ય હોય તો તો પરિણામ અનંત આવશે. કારણ કે આ તો ગણિતનો સિદ્ધાંત છે કે કોઈ પણ સંખ્યાને "૦" (શૂન્ય) શૂન્યથી ભાગાકાર કરો તો તેનો આંકડો અનંત આવે છે. સારાંશ કે સેવાનું પરિણામ સેવાના આકાર પર નિર્ભર નહીં રહે, પરંતુ ચિત્તના પ્રકાર પર નિર્ભર રહેશે. આથી શકિત વધે છે. અને શકિતનું અધિષ્ઠાન તો શુદ્ધિમાં છે. તો સ્ત્રીઓ જેટલી વિશુદ્ધ બનશે તેટલી તેમની શકિત વધી જશે.

આજે સમાજમાં ઘણાં નિષેધાત્મક કાર્યો ચાલી રહ્યાં છે. તેની સામે સાત્ત્વિક શકિતનો ઉદય થવો જરૂરી છે. ગ્રામસ્વરાજનું કામ એવું છે કે જ્યાં સાત્ત્વિક શકિતનો ઉદય થઈ શકે છે. ગ્રામસ્વરાજનાં બધાં કાર્યો સ્ત્રીઓએ ઉઠાવી લેવાં જોઈએ. એક જમાનામાં મહિલા સંસ્થાઓએ ઘણું કામ કર્યું, પણ હમણાં શહેરોમાં તેમનું જે કામ ચાલી રહ્યું છે તે તો ઢીંગલીઓની રમત જેવું છે. બાલ્યાવસ્થામા ઢીંગલીની રમત સમજશકિત વધારવા જરૂરી પણ હોય છે. પણ હવે તો સ્ત્રીએ બૌદ્ધિક પ્રૌઢતા પ્રાપ્ત કરી છે. હવે ઢીંગલીને બદલે સાક્ષાત્ ક્રાંતિના ક્ષેત્રમાં કામ કરવાનું છે. શહેરની બહેનો જો ખાદીનું કામ ઉપાડે તો ભારતની ગ્રામીણ ગરીબ મહિલાઓ સાથે તેમનાં દિલનો તાર જોડાઈ જશે.

નવી પેઢી સાથે મારો સારી પેઠે સંપર્ક રહે છે. તેમના માટે હું બહુ જ આશાવંત છું. તેઓની ગ્રહણશકિત તેજ છે. એક માન્યતા છે કે નવી પેઢી પર પાશ્ચાત્ય વિચારોનું આક્રમણ થઈ રહ્યું છે પણ મારો અનુભવ કહે છે કે કૉલેજની કોઈ જુવાન કન્યાને અમે ગંદી વસ્તીમાં લઈ જઈએ છીએ, તે ત્યાંનું દુ:ખ દારિદ્રય જુએ છે, સ્ત્રીઓ પાસે દેહ ઢાંકવા પૂરાં વસ્ત્રો નથી હોતાં તે જુએ છે, ત્યારે રોજ નવી નવી સાડીઓ પહેરવાની તેની રુચિ ઓછી થઈ જાય છે. નવી પેઢીનું હૃદય સંવેદનક્ષમ છે, બુદ્ધિ ગ્રહણશીલ છે. તેમની શકિતનો વિકાસ કરવાનું ઉચિત માર્ગદર્શન જો આપણે આપીએ તો એમાં ઘણું પરિવર્તન શકય બનશે.

આપણી ભૂમિકા સ્ત્રી - પુરુષ અભેદની છે. મનુષ્યને મનુષ્યને નાતે જ જોઈએ. પરંતુ સાથેસાથે બેઉની પોતાની વિશિષ્ટતા પણ છે. સમાનતાને નામે બહેનો ભાઈઓનું અનુકરણ કરવા જાય છે ત્યારે તે પોતાનું સત્ત્વ ખોઈ બેસે છે. તેઓમાં વિકૃતિ પેદા થાય છે. આજ શહેરોમાં જે વાતાવરણ ફેલાઈ રહ્યું છે તે જોતાં નિશ્ચિતપણે લાગે છે કે પાયાનાં મૂલ્યો સમજવામાં મોટી ભૂલ થઈ રહી છે. પશ્ચિમમાં બહેનો પુરુષોની નકલ કરે તેમાં તેમની શરીરનિષ્ઠા કામ કરી રહી છે. સ્ત્રીની નિજી સ્વાતંત્ર્યશકિતનો પાયો તો આત્મનિષ્ઠા છે. પુરુષોની બુરાઈઓને હટાવવી તે સ્ત્રીશકિતની ભૂમિકા છે. અહિંસા, કરુણા અને માંગલ્યની શકિત તે સ્ત્રીશકિત છે. તે ચંડીદેવતા છે. તે સંહારક છે અને સર્જનાત્મક પણ છે. દૂષિત મૂલ્યોનો સંહાર કરીને માંગલ્યનું સર્જન કરવાવાળી તે ચંડીદેવતા છે. આવી સ્ત્રી સમાજ અને રાષ્ટ્રના સંચાલનમાં હોય તો પ્રેમ, અહિંસા અને શુચિતા - શકિત દ્વારા સમાજ અને રાષ્ટ્રનું ઉચિત સંચાલન થાય અને આપણી ભવ્ય સંસ્કૃતિની આપણા હૃદયોમાં પુન: પ્રતિષ્ઠા થાય.

સંમેલન દરમ્યાન પૂ. બાબાનું માર્ગદર્શન મળતું રહ્યું હતું. તેમના પ્રથમ પ્રવચનનો મુખ્ય મુદ્દો "સંતતિનિર્માણ માટે જ સંભોગ" એ રહ્યો. પરિણામે એમની સાથેની ઘણી પ્રશ્નોતરી આ મુદ્દાની આસપાસ જ ફરતી રહી. બપોર-સાંજના મુકત સમયમાં પણ અરસપરસ આ વિષયને લગતી ચર્ચા થતી રહી. સ્ત્રીપુરુષ નિરપેક્ષ આત્મશકિત, બ્રહ્મચર્ય, ભારતને એક રાખી શકનારી વિવિધ શકિત, તેમાં નાગરીલિપિનું સ્થાન, ક્રાંતિકાર્ય કે દુષ્કાળનું રાહતકાર્ય, થાણાં સંભાળવા કે પોસ્ટર આંદોલન કરવું આદિ અનેક વિષય પર બાબા બોલ્યા. આ પછીની એક પ્રશ્નોત્તરી વખતે મારો પ્રશ્ન હતો કે આપે બ્રહ્મચારિણી બહેનો પર જોર આપ્યું છે તે ઠીક છે પણ મારા નમ્ર વિચાર પ્રમાણે જ્ઞાની અને યોગી દંપતીઓ હોવા પણ જરૂરી છે. એક અજ્ઞાની દંપતી ઘણાં બધાં બાળકોને જન્મ આપી દે છે, ત્યારે અજ્ઞાનની વંશવેલ વધતી અને ફાલતી રહે છે. તે જ પ્રમાણે જ્ઞાની દંપતી જ્ઞાનપૂર્ણ અને ભાવપૂર્ણ, વિચારપૂર્ણ આયોજન કરે તો જ્ઞાનીની વંશવેલ વધવાનો સંભવ ખરો કે નહિ? પ્રાચીન કાળના મદાલસા અને ઋતુધ્વજ રાજાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણી સામે મોજૂદ છે. તે રાજવી દંપતીએ પોતાના જીવનનું ઊંડી સૂઝ, સંબુદ્ધ પ્રજ્ઞા અને ભાવપૂર્વક આયોજન અને મિલન કર્યું. મિલનપૂર્વે, મિલન સમયે અને મિલન બાદ એક સુંદર તેજસ્વી કાંતિમાન ચારિત્ર્યશીલ સુદૃઢ અને બ્રહ્મૈકય ભાવનાવાળા બાળકની કામના કરી, એટલે ગર્ભમાં અભિધાન થનારા બાળકના તાણાવાણામાં આ ભાવ ગૂંથાઈ ગયો. અને પરિણામે તેમની વંશવેલમાં એકબે નહિ પરંતુ અનેક વંશો સુધી જ્ઞાની બાળકોનાં જ નિર્માણ થયાં. તેમના પૌત્ર રાજા નિર્મોહીની એક ઋષિએ બહુ જ કડક પરીક્ષા લીધી હતી. તેમાં તે સાંગોપાંગ પાર ઉતર્યો એટલું જ નહીં, પરંતુ ઋષિમહારાજના મહદ્ આશ્ચર્ય વચ્ચે દરબારનાં દાસદાસીઓ અંતેવાસીઓ બધા જ જ્ઞાની અને બ્રહ્મૈકયની ભાવનાવાળાં જણાયાં. તો બ્રહ્મચર્યથી પણ વધારે જોર જ્ઞાનઉદઘાટન ઉપર હોવું જોઈએ એમ નથી લાગતું?

બાબાએ કહ્યું કે "लो पूर्णिमा को तो यह डर लग गया कि कहीं भारत की सभी बहनें ब्रह्मचारिणी हो जायेंगी तो संसार कैसा चलेगा? लेकिन अैसा होनेवाला नहीं है, उसका भरोसा मैं देता हूँ। मनुष्यमें गुणवत्ता बढ़ाने की माता मे शक्ति है। स्त्रि यॉंही यह कर सकती है। दैवि संपत्ति के गुणों को अपने और पैदा होनेवाले बच्चेके अणु अणु में घोंटना होगा। भीतर उतारना होगा। नामस्मरण अच्छा काम देगा। जैसे होमियोपथी औषधियों में औषधि थोडी व पोटन्सी ज्यादा; सो हजार लाख तक बढ़ा सकते है, माने थोडे औषध में ज्यादा शक्तिका भर देना हुआ। नामस्मरण में यह शक्ति है।

કોઈ બહેને પ્રશ્ન કર્યો કે સ્ત્રીશકિત વધી જશે તો તે સામાજિક કાર્ય કરવા તરફ વધારે પ્રેરાશે તો કુટુંબવ્યવસ્થા તૂટી નહીં જાય? વિનોબાજીએ કહ્યું કે, वर्तमान व्यवस्था जो है वह कुटुम्ब—अव्यवस्था है। स्त्रीके जागनेसे परिणाम यह होगा कि कुटुम्ब—अव्यवस्था टूटेगी और अच्छी उचित कुटुम्ब—व्यवस्था निर्माण होगी।

ત્યાર બાદ એક અંગત સવાલ પણ મેં પૂછયો કે "આપના જ્ઞાની માતાપિતાના વિચારપૂર્ણ આયોજન દ્વારા આપ ત્રણે ભાઈઓ જ્ઞાની પાકયા. પણ આપ ત્રણેય અવિવાહિત રહ્યા એટલે આવા ઉત્કૃષ્ટ જ્ઞાનનો અહીં જ પૂર્ણવિરામ થઈ ગયો. નથી લાગતું કે, આવા જ્ઞાનની વેલી આગળ વધી હોત તો સંસારને જેની નિતાંત જરૂર છે તેવા વધારે જ્ઞાનીઓનું નિર્માણ થઈ શકતે? જ્ઞાનીઓનું આ ઉત્તરદાયિત્વ પણ ખરું કે નહીં?" બાબાએ કહ્યું કે "તમારો વિચાર ઠીક છે, પરંતુ વૈજ્ઞાનિક રીતે આ પ્રશ્નને તપાસતાં એમ લાગે છે કે અનેક જન્મોથી ધીમે ધીમે પ્રક્રિયામાંથી પસાર થતું જ્ઞાન પાંગરતું આવે છે અને કોઈ એક ઉચિત સમયે તેમાં સર્વોત્તમ ફળ - પરિણામ આવે છે ત્યારે પૂર્ણવિરામ કરવું જરૂરી છે. નહીંતર ત્યાંથી ગુણવત્તા ઘટવા માંડશે અને તેમાંથી આગળ વધતાં મૂર્ખ અને અજ્ઞાનીઓનું ઉત્પાદન થશે." અસ્તુ.

સમારંભનો છેવટનો સમારોપ કરતાં તેઓએ કહ્યું કે તમે દર વર્ષે અહીં એકવાર ભેગા થવા ઈચ્છો છો તે સારી વાત છે. પણ આ બાબાનું ભલું પૂછવું. આજે એણે સાંભળવું બંધ કર્યું છે. ગમે ત્યારે એ બોલવાનું બંધ કરી શકે, આંખેથી જોવાનું પણ બંધ કરી શકે છે. સવાલ માત્ર સંપર્કનો - સૂક્ષ્મ સંપર્કનો છે. એ સંપર્ક માટે તમે સૌ દર મહિને બાબાને પત્ર લખજો. જો તમારા પક્ષે ખુલ્લું મન હશે અને અહીં આ પક્ષે અહંકારશૂન્યતા હશે તો પરસ્પર મદદ પહોંચાડી શકાશે. આટલી મારી અપેક્ષા છે. સંમેલનમાં આવેલી પ્રત્યેક બહેનની એક એક તસવીરની પણ તેમણે માગણી કરી; અને ભાઈ ગૌતમ બજાજે એ બીડું ઝડપીને બધાંને પકડી પકડીને કૅમેરામાં સંઘરી લીધાં. છેલ્લે તેઓએ કહ્યું કે "ત્રણ દિવસના આ સંમેલનમાં એટલા બધા વિષયોની ચર્ચા થઈ છે કે વિચારોનો એક એનસાઈકલોપીડિયા જ તૈયાર થઈ ગયો છે. કેટલાક સુંદર નિર્ણયો પણ લેવાયા, અને તેને કાર્યાન્વિત કરવાની યોજના પણ થઈ ચૂકી છે. મારા ખ્યાલ મુજબ આવું સ્ત્રી સંમેલન પ્રથમ છે. મારી યાદ પ્રમાણે પૂ. ગાંધીજીના વખતમાં પણ આવું સંમેલન કદી નથી ભરાયું. હું આશા રાખું છું કે ભારતની સ્ત્રીશકિત જગાવવામાં તેનો ઉપયોગ થશે."

સ્ત્રીશકિત જાગરણની એક ચેતના સાથેસાથે પરસ્પર સ્નેહ, સૌહાર્દ અને સમજની એક અતૂટ ગાંઠે સૌ બંધાયા, એ નિશ્ચિત હતું. તેમાંય બ્રહ્મવિદ્યા મંદિર તો સૌ બહેનોનું પિયરધામ સમું પોતીકું બની ગયું. અંતઃશુદ્ધિના ઘોડે ચડીને બ્રહ્મ સુધીના વ્યાપને બાથમાં ભરી લેવાનું સ્વપ્નું અનેક બહેનોએ એક સાથે જોયું અને એ જ આ સંમેલનની ફલશ્રુતિ.

સંપૂર્ણ

**પૂર્ણિમાબહેન પકવાસા**

# સત્યના સાક્ષાત્કારની થોડીક ક્ષણો

આ તે દિવસે બન્યું જ્યારે મારી પથારી પહેલી વાર બારણાં બહાર કાઢીને હૉસ્પિટલના ખુલ્લા વરંડામાં લઈ જવામાં આવી હતી. હું એક શસ્ત્રક્રિયા પછી સાજી થઈ રહી હતી. મેં ભારે શારીરિક પીડા વેઠી હતી અને કયારેય નહિ અનુભવેલી એવી ઘેરી માનસિક હતાશામાં થોડા સમય માટે ડૂબી ગઈ હતી. એનેસ્થેટિકની અસર હેઠળ ક્યાંક, બેશુદ્ધાવસ્થાની અંધારઘેરી ગર્તામાં, એક ભયંકર રહસ્ય મેં ખોળી કાઢયું હોય એમ જણાયું હતું — કે ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહિ, અગર તો ઈશ્વર હોય તો તે માનવીની સર્વ યાતનાઓ પ્રત્યે તદ્દન ઉદાસીન બનીને બેઠો હોય એવો હશે!

મારું બિછાનું જ્યારે બહાર લાવવામાં આવ્યું ત્યારે એ હતાશાની તીવ્રતા શમી ગઈ હતી અને ભયનો માત્ર એક ડાઘ રહી ગયો હતો. વસંતઋતુના આરંભકાળનો એ એક સાધારણ, વાદળિયો ને ધૂંધળો દિવસ હતો. ડાળીઓ પર્ણહીન અને રંગવિહોણી હતી. અર્ધ–ઓગળેલા બરફના જથ્થા તજી દેવાયેલા ભૂખરા ઢગ જેવા જણાતા હતા. વૃક્ષોમાં સાદી શહેરી ચકલીઓ ચીંચીંકાર કરતી ઊડી રહી હતી. અહીં, આ રોજિંદા દશ્ય વચ્ચે અને તદ્દન અણધારી રીતે મારી આંખોનાં પડળ ખૂલી ગયાં અને મારા સમગ્ર જીવનમાં પહેલી જ વાર સત્યના દિવ્ય સૌન્દર્યની મેં ઝાંખી કરી.

રહસ્યમય પરિવર્તન ખરેખર શું હતું યા તે એકાએક આવ્યું કે ક્રમબદ્ધ રીતે તે હું કહી શકતી નથી. મેં કોઈ નવી વસ્તુ જોઈ ન હતી પણ હંમેશની બધી જ ચીજોને મેં એક ચમત્કારિક નૂતન પ્રકાશમાં — જે હું માનું છું કે તેમનો સાચો પ્રકાશ હતો તેમાં — નિહાળી. સકળ જીવન કેવું સાહજિક રીતે સુન્દર છે - વર્ણનાતીત એવું સુન્દર છે તે મેં પહેલી જ વાર જોયું.

ઉત્તેજનાની થોડીક ક્ષણો પૂરતું સર્વ સર્જનને મેં મનોરમ માની લીધું હોય એવું આ ન હતું, પણ મારાં અંતરચક્ષુ સત્યનો પાર પામી ગયાં હતાં, જેથી સદાકાળ જેની હસ્તી હોય છે તે યથાર્થ રમણીયતાનું મને દર્શન લાધ્યું અને મેં અનુભવ્યું કે પ્રત્યેક સ્ત્રી, પુરુષ, પ્રાણી, પક્ષી, વૃક્ષ—મારી સામેની એકેએક જીવંત વસ્તુ અતિશય વૈભવી રીતે સુન્દર હતી અને અદ્ભુત રીતે મહત્ત્વની હતી. એક પરિચારિકા ત્યાંથી જઈ રહી હતી, હવાની લહરીએ તેની અલકલટને અડપલું કર્યું અને સૂર્યના એક ક્ષણિક તેજકિરણની જેમ એ ઊડતી રહી—એક સ્ત્રીના વાળ માની ન શકાય તેટલી હદે આવા સુન્દર હોય છે તે જીવનમાં પહેલી જ વાર મેં જાણ્યું! એક નાની ચકલી ચીંચીકાર કરતી ઊડીને આવી ને નજીકની ડાળ પર બેઠી અને હું પ્રામાણિકપણે માનું છું કે એ પક્ષીના ઉડ્ડયનના મંત્રમુગ્ધ કરે તેવા સૌન્દર્યને કોઈ અલૌકિક સત્ત્વો જ વર્ણવી શકે. હું તેને વ્યકત કરી શકતી નથી, પણ મેં તેને ચક્ષુ વડે માણ્યું છે.

મારા જીવનના સર્વ નીરસ દિવસો વચ્ચે, એકવાર મેં વાસ્તવના હાર્દને નિહાળ્યું છે. મેં સત્યની ઝાંખી કરી છે. જીવન ખરેખર છે તેવું મેં જોયું છે. — આનન્દની સમાધિ લગાડી દે, મુગ્ધ કરી દે એટલું અલૌકિક રીતે સુન્દર અને આદિમ ઉલ્લાસથી ઊભરાતું અને અનિર્વચનીય એવા એક મૂલ્યથી ભરેલું.

એ સઘળા આનન્દ અને સૌન્દર્ય ઉપરાંત એક અજાયબ લયની લાગણી પણ અનુભવાતી હતી, માત્ર એટલું જ કે મારા મનની ગ્રહણશકિતથી એ પર હતી—અકળ હતી. હું કોઈ સંગીત સાંભળતી ન હતી, છતાં આખું જીવન જાણે એક વિશાળ, અદશ્ય સૂરાવલિને અનુસરી રહ્યું હોય એવો સૂક્ષ્મ તાલ એમાં જળવાઈ રહ્યો હતો. સજીવ ને ચલાયમાન એવું સર્વ કોઈ આ ભવ્ય અખિલાઈમાં લયનો એક સૂર ગૂંથી જતું હતું. એક પક્ષી ઊડતું હતું કારણ તેના ઊડવા માટે કોઈક સ્થળે એક તાર રણઝણી ઊઠતો હતો; અથવા તો તેના ઉડ્ડયનથી એક તાર ઝંકૃત થયો હતો; અથવા તો પરમ તત્ત્વ કે જે આ મહાન સૂરાવલિરૂપે છે તેણે એવી ઈચ્છા વ્યકત કરી હતી કે તે પક્ષીએ ઊડવું જોઈએ...

તો આ છે સર્વનું અસામાન્ય મહત્ત્વ! એમ લાગતું હતું કે જાણે મારી નજર સમક્ષ જ ભગવાન ઈસુનાં એ વચનોનું સત્ય સાકાર બની રહ્યું હતું કે પરમપિતાની જાણબહાર એક નાની ચકલી પણ જમીન પર પડતી નથી. છતાં મહત્ત્વ શું હતું તે હું સમજી શકી નહિ. મારું હૃદય જો થોડું વધુ આગળ જોઈ શક્યું હોત તો કદાચ હું સમજી શકી હોત. અત્યારે હજીય મારી સમજમાં ઊતરતાં એ સહેજમાં જ રહી જાય છે — મારા વિચારો તેને આંબવા મથે છે અને હંમેશાં જરા માટે ચૂકી જાય છે. કદાચ એમ હશે કે પ્રત્યેક જીવંત પદાર્થનું વિરલ મૂલ્ય અહીં અને અત્યારે આપણને નહિ હોય જેટલું કયાંક અન્યત્ર હશે. સર્જનહારે સર્જેલી એકેએક વસ્તુમાં એક સૂચકતા રહેલી છે. પણ એ સૂચકતા આપણી ચાલુ સમજથી પર છે. મિલ્ટને કહ્યું છે —

... કાં એમ ન હોય કે
સ્વર્ગની છાયા માત્ર હોય પૃથ્વી.

અહીં આપણે માત્ર આપણી જાતનાં પ્રતીકોરૂપે જ હોઈએ અને આપણું સાચું અસ્તિત્વ કયાંક બીજે હોય — કદાચ ઈશ્વરના હૃદયમાં, એવું કેમ ન હોય? નિઃશંક પેલા અનિર્વચનીય મહત્ત્વને વિશ્વાત્મા સાથેના આપણા સંબંધ સાથે લાગેવળગે છે, પણ શો સંબંધ છે તે હું કહી શકતી નથી. આપણી પ્રત્યે પ્રેમનો એ સંબંધ છે? એ સરકતી રમણીય ક્ષણો દરમિયાન મેં મારા પાડોશીને મારી જાત જેટલો જ પ્રેમ આપ્યો હતો. ના, વધારે. હવામાં લહેરાતી ડાળીઓ અને ઊડતી નાની ચકલીથી માંડીને માનવ સુધીનાં મારાં સર્વ પ્રકારનાં પાડોશીઓ સાથે હું આંધળી રીતે પ્રેમમાં પડી હતી ત્યારે મારી જાત વિશે હું ભાગ્યે જ સભાન હતી. પરમ સત્યના હાર્દમાં આવી કોઈક લાગણી રહેલી ન હોત તો હું આવો પ્રેમ અનુભવી શકી હોત ખરી?

હું માનું છું કે મારો અનુભવ આરોગ્યપ્રાપ્તિના પુનર્જન્મથી આકસ્મિક રીતે વિમળ બનેલી અંતર્દષ્ટિને આભારી હતો. જીવનમાં પુખ્ત તરીકે આપણે જન્મ્યા હોત તો કદાચ આ રીતે જ આપણે બધાંએ જીવનને નિહાળ્યું હોત. અત્યારે તો એવું છે કે આપણે જન્મીએ છીએ તે પછી દાંત ફૂટવાની ને ડગલાં માંડવાની ભગીરથ કામગીરીમાં એવાં ઓતપ્રોત બની ગયાં હોઈએ છીએ કે વિસ્મય અનુભવવાનો આપણી પાસે સમય જ હોતો નથી, અને એવા અનુભવ માટે જ્યારે ફુરસદ મળે છે ત્યારે જીવન એની પ્રથમ તાઝગી ગુમાવી બેઠું હોય છે. માંદગી પછી સાજા થવાનો ગાળો એ એક પ્રકારનો પુનર્જન્મ છે, જે આપણને નૂતન દષ્ટિએ જીવનને નિહાળવા શકિતમાન બનાવે છે.

મેં જે જોયું તેમાં જો કે કશું જ ચોક્કસ ધાર્મિક ન હતું, છતાં બીજા કશા કરતાં, ધાર્મિક આત્માનુભૂતિમાંથી પસાર થયેલા લોકોએ આપેલાં વર્ણનો મારી લાગણીઓના નિરૂપણની ઘણી સમીપ આવે છે.

નિ:શંક લગભગ કોઈ પણ ઉત્કટ ભાવ સત્યનાં સૌન્દર્ય પ્રતિ આપણાં અંતર્ચક્ષુને ખોલી દે છે. કેટલાક લોકોની બાબતમાં પ્રેમમાં પડવાથી પણ આમ થતું જણાય છે. બીજા ઘણાંને માટે નૈસર્ગિક સૌન્દર્યો યા કલાત્મક સર્જનનો આનન્દ આવું પરિણામ લાવે છે. કવિઓ કેવળ કલ્પનાથી આ દિવ્ય સૌન્દર્યનું ગાન કરતા હોતા નથી—જો કે સામાન્ય જનો તો એમ જ માનતા હોય છે અને મને લાગે છે કે હું પણ આજ સુધી એમ જ માનતી હતી. કવિઓ આપણને સનાતન સત્યની વાત કહેતા હોય છે. અને કવચિત તેઓ તેની અનુભૂતિ પણ કરતા હોય છે. સંભવત: કોઈ પણ ઉત્કટ અનુભવ કદાચ ક્ષણેકને માટે આપણા આત્માનો વિસ્તાર કરે છે જેથી શાશ્વત સૌન્દર્યની ઝાંખી આપણે કરી શકીએ છીએ, પણ એ જોવા માટે ઘણીવાર આપણે પૂરાં સજ્જ હોતાં નથી. એમર્સન કહે છે: 'આપણે સૌન્દર્યમાં ડૂબેલાં છીએ, પણ આપણી દષ્ટિ વિમલ નથી.'

મેં જે જોયું તેમાં નીતિવિષયક સ્વરૂપનું જણાતું હોય તેવું કશું ન હતું. આચારના કોઈ નવા નિયમો પ્રગટ થયા ન હતા. ખરેખર, સત્યના હાર્દમાં વધુ પડતી સચિત નૈતિકતાના કરતાં સૌન્દર્ય અને આનન્દ વધુ રહેલાં હોય એમ જણાતું હતું. કદાચ સાક્ષાત્કારના આવા સમયે પાપ વિશે ચિંતા કરવાની જરૂર નથી, કારણ માનવતાનું સૌન્દર્ય તેને એવી ઉચ્ચ કક્ષાએ લઈ જાય છે અને તે પ્રત્યેક માનવ—આત્મા તરફ સ્નેહની એવી ઊંડી લાગણી અનુભવે છે કે પાપ લગભગ અશકય બની જાય છે.

અસત્યનો ભૂખરો પડદો પુન: કોઈક દિવસે કદાચ ખસી જશે અને ફરી એકવાર હું સત્યના મુખને જોઈ શકીશ. ગયા ગ્રીષ્મના એક દિવસે મારા ઉદ્યાનમાં એ પડદો ઘણો જ પાતળો જણાયો હતો. ત્યારે પવન ફુંકાતો હતો અને હું જાણતી હતી કે વાર્ષિક ઉત્સવનાં ઉછળતાં નાચગાન, દેવળના મધુર ઘંટનાદો અને પુષ્પલતાઓનાં નર્તન મારફતે, જીવનના અંતસ્તલમાં રહેલો એ સઘળો મસ્ત આનંદોલ્લાસ તેની સાથે ધીંગામસ્તી કરી રહ્યો હતો, માત્ર હું તે જોઈ શકી ન હતી. પણ તેની હસ્તી છે જ – એ સદાકાળ ત્યાં રહેલો છે, બંસરીના સૂરો એ સતત આપણને સંભળાવી રહ્યો છે અને આપણે નાચી ઊઠવામાં હંમેશાં પાછાં પડીએ છીએ.

વસ્તુઓને તેમના યથાર્થ સ્વરૂપમાં જોઈ શકીએ તો નાચ્યા વિના આપણે રહી શકીએ નહિ. પછી આપણે બન્ને હાથોએ વિધાતાને ચૂમી લઈને આપણાં દેહ, હૃદય, મન અને અંત:કરણને એક ભવ્ય શરણાગતિપૂર્વક, એક નિર્બંધ, આનન્દમય વફાદારી સાથે જીવનમાં હોમી દેવાં જોઈએ, એમ જાણીને કે આપણો આદિમમાં આદિમ ઉત્કટ ઉત્સાહ પણ સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્‌ના શાશ્વત સ્વરૂપના કેવળ અંશથી વિશેષને પામી શકે તેમ નથી.

આ રીતે, મારે માટે તો શાશ્વતીનો સઘળો ભય નષ્ટ પામ્યો છે. અને ભાવિ જીવનનું અસ્તિત્વ ન હોય તો પણ, આપણાં મંદ ચક્ષુ આપણે એ જોવાને ખુલ્લાં કરી શકીએ તો આ વર્તમાન જીવન જ એટલું રમણીય છે કે એને યથાર્થ ઠરાવવા માટે દૂરના કોઈ સ્વર્ગની જરૂર રહેતી નથી. સ્વર્ગ તો અહીં જ અને અત્યારે જ છે, આપણી દષ્ટિ સામે જ રહેલું છે—એનાં ઉછળતાં મોજાં આપણા પગને ધોઈ રહ્યાં છે, આપણાં હૃદય સાથે ઘૂઘવાટ કરતાં અથડાઈ રહ્યાં છે, પણ રે! એને હૃદયની અંદર કેમ શમાવી લેવાં તે આપણે જાણતાં નથી!

માર્ગારેટ પ્રેસ્કોટ મોંટેગ્યુ
અનુ: હિંમતલાલ મહેતા

# વસન્ત વ્યાખ્યાનમાળા

દર વર્ષની માફક આ વર્ષે પણ વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતની વસન્ત વ્યાખ્યાનમાળા તા. ૨૩–૨૪–૨૫–૨૬ એપ્રિલના રોજ બ્રુસ સ્ટ્રીટમાં આવેલા તાતા ઓડિટોરિયમમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવેલ છે. દરરોજનો સમય સાંજના ૬-૧૫ રહેશે. વકતાઓ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે.

| સમય | વકતા | વિષય |
|---|---|---|
| સોમ. તા. ૨૩-૪-'૭૩ | શ્રી ઈન્દ્ર મલહોત્રા, (સિનિયર આસિસ્ટંટ એડિટર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) | ભારતની પરદેશનીતિ |
| મંગળ. તા. ૨૪-૪-'૭૩ | ડૉ. જે. એસ. રાજ, (ચેરમેન, યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા) | વર્તમાન આર્થિક પરિસ્થિતિ |
| બુધ. તા. ૨૫-૪-'૭૩ | પ્રો. વી. એમ. દાંડેકર, (ડિરેકટર, ગોખલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિકસ એન્ડ ઈકોનોમિકસ, પૂના) | વર્તમાન આર્થિક પરિસ્થિતિ |
| ગુરુ. તા. ૨૬-૪-'૭૩ | શ્રી જી. એલ. મહેતા, (અમેરિકા ખાતેના ભૂતપૂર્વ ભારતીય એલચી) | વિદેશનીતિનું ઘડતર |

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ઋતંભરા શક્તિદળ

## શારીરિક તાલીમ અને આધ્યાત્મિક સાધનાની ૧૭મી ગ્રીષ્મ શિબિર

આ સંસ્થા દ્વારા પ્રતિવર્ષ મે માસમાં તાલીમ શિબિર યોજવામાં આવે છે. શારીરિક તાલીમ અને આધ્યાત્મિક સાધનાનો અભિનવ સમન્વય સાધીને શિબિરનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે.

આ વર્ષ ૧ લી મેથી ૨૦ મી મે સુધી કોરા ગ્રામોદ્યોગ કેન્દ્ર, બોરીવલી (મુંબઈ) માં શિબિર આયોજિત થઈ છે. આ અંગેની વિગત અને પ્રવેશપત્રો માટે ઋતંભરાની ઓફિસ ૨૯, ડુંગરસી રોડ, મલબાર હિલ, મુંબઈ- ૬, ટેલિ. નં. ૩૫૦૧૭૬ પર સંસ્થાનાં કાર્યવાહી મંત્રી શ્રીમતી સરયુબેન મરચન્ટનો સંપર્ક સાધવો.

આ શિબિરમાં ૧૮ થી ૫૫ વર્ષના ગાળાની કન્યાઓ, ગૃહિણીઓ, માતાઓ, શિક્ષિકાઓ અને સમાજસેવિકાઓને પ્રવેશ મળી શકશે. પ્રવેશપત્ર ભરીને રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૦ સાથે પાછું મોકલવાની છેલ્લી તારીખ ૨૯મી એપ્રિલ છે. નિવાસ–ભોજન અને તાલીમ શુલ્ક રૂા. ૧૨૦ છે.

## ભૂલસુધાર

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧ લી એપ્રિલ ૧૯૭૩ ના અંકમાં ડૉ. હીરાલાલ જૈન વિશેના લેખમાં એમનું ૬૭ વર્ષની ઉંમરે અવસાન થયું એમ છપાયું છે પણ હકીકતમાં એમની ઉંમર ૭૪ વર્ષની હતી, એમ એ લેખના લેખક શ્રી દલસુખભાઈ માલવણિયા જણાવે છે.

# શુભને આમંત્રણ

એક નાનકડો છોકરો નિશાળમાં કોઈ સહપાઠી સાથે ઝગડયો હશે. ઘેર આવી મનોમન બબડવા લાગ્યો : 'બદમાશ! હરામખોર! હું તને મારી નાખીશ.' મા સાંભળી ગઈ. કશું બોલી નહીં પણ છોકરાને પાસેના પહાડોમાં લઈ ગઈ. એક ઊંચા પહાડ પર ચડી તેણે છોકરાને કહ્યું: 'બેટા, તું ઘરમાં શું બબડતો હતો? અહીં એ બધું છાતી ફાડીને જોરથી બોલી નાખ'. છોકરો પહેલાં તો શરમાયો પણ માએ આગ્રહ જારી રાખ્યો. સામે વિશાળ ખીણ પથરાયેલી હતી ને ત્યાર પછી ઊંચા પહાડ માથું કાઢીને ઊભા હતા. છોકરાએ બૂમ પાડી કહ્યું: 'બદમાશ!' સામેથી એવો જ અવાજ આવ્યો : 'બદમાશ!' છોકરો બોલ્યો : 'હું તને મારી નાખીશ.' જાણે સામેના પહાડો છોકરાને મારી નાખવા ધસમસતા હોય એવા પડછંદા પડયા : ' તને મારી નાખીશ.'

છોકરો આ પડઘાનો નિયમ જાણતો હતો. પણ આ વખતે એ નિયમ તેના હૃદયમાં ઘર કરી ગયો. માએ કહ્યું: 'બેટા, હવે જોરથી બોલ તો! ભાઈ, તું મને ખૂબ વહાલો છો. તારું ભલું થાય.' સામેથી એ જ શબ્દો ઊછળતા આવ્યા. માએ કહ્યું: 'આ નિયમ કદી ન ભૂલતો.'

અને એ છોકરો પડઘાનો નિયમ માત્ર ન ભૂલ્યો એટલું જ નહીં, પણ પોતાની અંદરના પ્રદેશમાં તેને જાગૃતપણે ઉતારતો ગયો. આ જગતમાં તેને પછી મિત્રોની ખોટ ન રહી. આપણા રોજના જાણીતા કુદરતી નિયમો કેટલું કહી જાય છે? પણ એમની બુલંદ વાણી સાંભળવા માટે આપણી પાસે કાન નથી. 'ક્રિયા અને પ્રતિક્રિયા સામસામી છે ને સરખી છે' વિજ્ઞાનના પ્રાથમિક પાઠોમાં આ વાકય આપણે ગોખી ગયા હોઈશું પણ એ પાઠ પાછળ આપણાં સમસ્ત કાર્યોની દિશા બદલી નાખતી પ્રેરણા પડી છે તેનો આપણને ખ્યાલ પણ નથી આવતો.

પોતાનું ખેતર ખેડી - ગોડીને તેમાં વાવણી કરવા જતા ખેડૂતને આપણે ઘણી વાર જોયો હશે. 'કણના કળશી થાય' એ કહેવત પણ ખેતરમાં ઝૂલતા પાકને જોઈ યાદ આવી શકે. પણ આપણી અંદર જ આવું ખેતર છે ને તેની વાવણીની મોસમ હર પળે ચાલી રહી છે, એના ભણી આપણું ધ્યાન જ નહીં ગયું હોય. આપણા વ્યકિતગત મનનો સંબંધ એક વિશાળ વિશ્વમન સાથે છે અને આપણે કરેલી વિચારોની વાવણી અનેકગણી થઈ આપણી સામે આવે છે. આજે તો પ્રકાશની જેમ, વાયુની જેમ, વીજળીની જેમ વિચારનાં પણ આંદોલનો છે તે પુરવાર થઈ ગયું છે. હર પળે કેટલી બધી શકિતનો પ્રવાહ આપણે વેરતાં જઈએ છીએ તેનો હિસાબ કર્યો હોય તો? અને એ પણ કેવી રીતે? કઈ દિશામાં? એક અત્યંત સૂક્ષ્મ અને શકિતશાળી યંત્ર કેવા અણઘડ હાથમાં મુકાઈ ગયું છે તેનો આપણને ખ્યાલ આવે. અને આવી શકિતનો યોગ્ય ઉપયોગ કરતાં ન આવડે ત્યારે તેનાં માઠાં ફળ ભોગવવાં જ પડે છે. આપણી પોતાની અણઆવડત સામે જોયા વિના ત્યારે બીજા કોઈને દોષ દેવા બેસીએ છીએ. અને આજના માનવ- મનની એ જ બલિહારી છે. આપણી અંદર શું છે ને શું નથી તેની શોધ કરવાને બદલે બીજાનાં પોટલાં ફંફોળવામાંથી આપણું મન ઊંચું આવતું નથી. મનની જેટલી જાગૃતિ એટલી જ જીવનની સમૃદ્ધિ. આ સાદી વાત 'મિલિન્દ પન્હા' માં આર્ય નાગસેનને મુખે સુંદર રીતે કહેવામાં આવી છે:

"રાજા મિલિન્દે પૂછયું: 'આર્ય નાગસેન, મનની જાગૃતિનું શું લક્ષણ છે?'

'મહારાજ, એક વસ્તુનું મનન અને તેનું સાતત્ય.'

'અને મનન એ મનની જાગૃતિનું લક્ષણ કેવી રીતે હોઈ શકે?'

'મહારાજ, મનુષ્યના અંતઃકરણમાં માનસિક જાગૃતિ પ્રવેશે છે ત્યારે તે સારું અને ખરાબ, સાચું અને ખોટું, ક્ષુદ્ર અને મહત્ત્વનું, તથા તેની કાળી અને ઊજળી બાજુઓ પર વારંવાર મનન કરે છે અને તે પોતાની જાતને કહે છે, મારે તત્પર અને જાગૃત રહેવા માટેની આ ચાર રીત છે, આધ્યાત્મિક પ્રયત્ન માટેનાં આ ચાર વિધાન છે. અસાધારણ શકિતઓ માટેના આ ચાર પાયા છે. પાંચ કર્મેન્દ્રિયો દ્વારા પળાતી નૈતિક દષ્ટિ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા મળતી આત્મશકિત આમાં આવી જાય છે. અર્હતપણાનું નિર્માણ આમાં જ છે. અને આર્ય અષ્ટાંગ માર્ગ પણ આમાં સમાઈ ગયો છે. આ પ્રશાંતિ છે, પ્રજ્ઞા છે અને મુકિત છે.

આ પ્રમાણે ભિક્ષુ ઈચ્છનીય અને અનિચ્છનીય ગુણોનું મનન કરે છે. જેનું પાલન કરવું જોઈએ એ ગુણોને તે કેળવે છે અને જેનો પરિત્યાગ કરવો જોઈએ તેને દૂર કરે છે. આ રીતે મનન એ માનસિક જાગૃતિનું લક્ષણ છે."

કોઈ પણ માણસને દુઃખી થવું ગમતું નથી. અને છતાં ઘણા માણસો દુઃખી જ થતા હોય છે એ આ દુનિયાનું મોટું આશ્ચર્ય છે. એનું મુખ્ય કારણ તો એ છે કે માણસ બીજાને ભોગે પોતાના સુખનો મહેલ ઊભો કરવા માગે છે. આવા મહેલના પાયામાંથી જ દુઃખનો વિસ્તાર થતો જાય છે. મારા અંતરમાંથી વેર ને તિરસ્કારની વાણી વહેતી રહે ને સામેથી મારા પર સ્નેહ ને આશીર્વાદ વરસતા આવે એ પડઘાના નિયમથી વિરુદ્ધ છે. જેનો પ્રારંભ કોઈના પર આઘાત કે પ્રહારથી થાય છે તેનું પરિણામ નીતરી પ્રસન્નતામાં આવતું જ નથી. એટલે મારે તો સુખની છાંયડી ઊભી કરવા માટે મારે પોતાની મનોભોમ સ્વચ્છ કરવાની જરૂર છે. અને મનોભોમની શુદ્ધિ થતાં સ્પષ્ટ દેખાય છે કે મારા એકલાના સુખની ઈચ્છા પાછળ જ દુઃખનાં પગલાં પડતાં આવે છે. મનુષ્યનું વ્યકિતગત મન વિશ્વમન સાથે અતૂટપણે સતત સંકળાયેલું છે ને બીજાનાં સુખની ભાવનામાંથી, સંકલ્પમાંથી, કાર્યમાંથી જ મારું સુખ પાંગરે છે. જ્યારે મન આવા શિવસંકલ્પથી સભર બની જાય છે ત્યારે સુખને નોતરું આપવું પડતું નથી પણ એ સ્વયમેવ ચાલ્યું આવે છે. શાંતિ-દેવાચાર્યના 'બોધિચર્યાવતાર' માં આ સત્ય સરળ રીતે વ્યકત થયું છે:

'યે કેચિદ્ દુઃખિતા લોકે સર્વે તે સ્વસુખેચ્છયા,
યે કેચિદ્ સુખિતા લોકે સર્વે તે અન્યસુખેચ્છયા.'

પોતાના સુખની ઈચ્છા એટલે જ દુઃખ. બીજાના [illegible]તરમાં ઈચ્છામાં જ સાચું સુખ રહ્યું છે તે સમજાઈ [illegible] દુઃખની ખૂંચતી કાંકરી નીકળી જાય. સુખ [illegible] તો મારી સામે વિસ્તરતાં જીવનનાં શિખરો સામે મેં જે ઉદ્‌ગારો કાઢ્યા તેનો પ્રતિધ્વનિ જ છે. એક વાર સાધુ માધવદાસે આ વાત 'મારું ને તારું' – એ બે શબ્દોના દ્વિઅર્થી ઉપયોગથી સમજાવી હતી. તેમણે કહેલું: "તમે કહેશો 'મારું'–એટલે કે પોતાનું, તો સામેથી ભગવાન કહેશે 'મારું'– એટલે કે મારી નાખું. તું કોઈ ચીજને મારી પોતાની કહી વળગી રહ્યો તો એનો નાશ કરી નાખીશ ને તારો પણ એમાં વિનાશ થશે. પણ તમે કહેશો કે 'તારું'–હે પરમાત્મા, આ બધું તારું જ છે. તો ભગવાન પણ કહેશે, 'તો તને તારું'– એટલે કે તને તારી દઉં." સ્થૂળ પડઘાનો નિયમ આમ સૂક્ષ્મ લોકમાં પણ વિસ્તરે છે. અને એટલે જ વૈદિક ઋષિએ સર્વ દિશામાંથી શુભને આમંત્રણ આપવા માટે સંદેશ પાઠવ્યો છે.

મકરન્દ દવે

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪ ટે નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧

મુંબઈ, મે ૧, ૧૯૭૩ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ઐતિહાસિક ચુકાદો

સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં સૌથી લાંબા કેસનો ગઈ કાલે- તા. ૨૪-૪-'૭૩-આવેલ ચુકાદાથી અંત આવ્યો. દેશના ઈતિહાસમાં આ ચુકાદો અતિ મહત્ત્વનો રહેશે. સુપ્રીમ કોર્ટના બધા -૧૩- જજોએ આ કેસ સાંભળ્યો હતો. ૧૩માંથી ૧૧ જજોએ અલગ જજમેન્ટો આપ્યાં છે. બધાં જજમેન્ટ લગભગ ૧૭૦૦ થી વધુ પાનાંનાં થાય છે. ૧૧ જજમેન્ટમાં દરેક જજે જુદું જુદું એટલું બધું અને કેટલુંક પરસ્પરવિરોધી કહ્યું છે કે અમુક મુદ્દાઓ ઉપર છેવટ શું નિર્ણય થયો તે કહેવું મુશ્કેલ છે. આ જજમેન્ટોથી સારી પેઠે અનિશ્ચિતતા રહે છે. આવા વિવાદાસ્પદ મુદ્દાઓ ઉપર સંપૂર્ણ એકમતી ન થાય એ સમજી શકાય, પણ સ્પષ્ટ બહુ મતી તો થવી જોઈતી હતી. દુર્ભાગ્યે તે પણ નથી થયું. સાત વિરુદ્ધ છ અથવા છ વિરુદ્ધ સાત એવી પાતળી બહુમતીથી વિવિધ મુદ્દાઓ ઉપર નિર્ણયો થયા છે અને તેમાં પણ અસ્પષ્ટતા રહી છે. બધાં જજમેન્ટોનો અભ્યાસ ન કરીએ ત્યાં સુધી છેવટનો અભિપ્રાય આપી શકાય તેમ નથી. છતાં ગઈ કાલે મળેલ અહેવાલો ઉપરથી જે નિર્ણયો થયા જણાય છે તે વિષે સંક્ષેપમાં સાર કહી શકાય.

એક વાત સ્પષ્ટ છે. પાર્લમેન્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે મહાન સંઘર્ષ થવાનો ભય હતો તે ટળ્યો છે. આ કટોકટી ગોલકનાથના કેસથી શરૂ થઈ અને બેન્ક રાષ્ટ્રીયકરણ અને રાજાઓનાં સાલિયાણાં કેસના ચુકાદાઓથી ઘેરી બની.

બીજી એક વાત સ્પષ્ટ થઈ. બધા જજોએ સર્વાનુમતે ઠરાવ્યું છે કે ગોલકનાથનો ચુકાદો ખોટો હતો, અને તે રદ થયો છે. બંધારણના કોઈ પણ ભાગમાં—મૂળભૂત અધિકારો સહિત— ફેરફાર કરવાનો (હું Amendment માટે સુધારો શબ્દ નથી વાપરતો. સુધારા શબ્દમાં એવો ભાવ રહ્યો છે કે હતું તે કરતાં સારું કર્યું. જે ફેરફાર થાય તેથી સારું થયું છે કે બગડ્યું છે તે દરેકના અભિપ્રાયની વાત છે. એટલે ફેરફાર શબ્દ વધારે યોગ્ય છે.) પાર્લમેન્ટને અધિકાર છે. આવા અધિકારનો સ્વીકાર કર્યા પછી સાત જજોએ તેનો એવો અર્થ કર્યો છે કે આ અધિકાર અમર્યાદિત નથી. બંધારણમાં ફેરફાર કરવાના અધિકારનો ઉપયોગ એવી રીતે ન થાય કે બંધારણના પાયાની રચના બદલી નાખે. (Basic structure and framework of the constitution.) પાયાની રચના કોને કહેવી તેની કોઈ સ્પષ્ટતા નથી કરી. સાતમાંથી બે જજોએ પાયાની રચના કોને કહેવાય તેનો આછોપાતળો ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે, પણ તે બીજા જજોએ સ્વીકાર્યો છે એમ ન કહેવાય. આ સાત જજો જેમણે એમ કહ્યું છે કે બંધારણની પાયાની રચના બદલી ન શકાય તેમાંના છ જજોએ મૂળભૂત હકો વિષે એમ કહ્યું છે કે પાર્લમેન્ટ તેમાં ફેરફાર કરી શકે છે, એટલે કે કોઈ હક અત્યારે છે તે કરતાં ઓછો અથવા ન્યૂન કરી શકે છે (abridge) પણ સર્વથા રદ (take away or abrogate) કરી શકે નહિ. When does abridgement become abrogation? સાતમા જજે સ્પષ્ટ કહ્યું છે કે મૂળભૂત હકો બંધારણની પાયાની રચનાનું અંગ ન ગણાય અને તેમાં ગમે તેવો ફેરફાર—સર્વથા રદ કરવા સહિતનો— પાર્લમેન્ટ કરી શકે છે. આ સાત સિવાયના બીજા છ જજોએ એમ ઠરાવ્યું છે કે બંધારણના કોઈ પણ ભાગમાં ફેરફાર કરવાનો પાર્લમેન્ટનો અધિકાર અમર્યાદિત છે. આથી બહુમતી અભિપ્રાય—સાત વિરુદ્ધ છ—એવો થાય છે કે મૂળભૂત હકોમાં ગમે તે ફેરફાર—કોઈ હક સર્વથા રદ કરવા સુધીનો—પાર્લમેન્ટ કરી શકે છે. આનો અર્થ એટલો જ થાય કે પાયાની રચના પાર્લમેન્ટ બદલી શકે નહિ એવું સાત જજોએ કહ્યું તેથી કદાચ એમ સમજવું કે દાખલા તરીકે, પ્રજાસત્તાકને બદલે રાજાશાહી કરી ન શકે, બિનસાંપ્રદાયિક રાજ્ય છે તેને હિન્દુ રાજ્ય જાહેર ન કરી શકે, સમવાયતંત્ર છે તે રદ કરી એક જ એકમ બનાવી ન શકે, વગેરે. નજીકના ભવિષ્યમાં આવી કોઈ શકયતા નથી. પરિણામે બંધારણના કોઈ પણ ભાગમાં ફેરફાર કરવાનો પાર્લામેન્ટને પૂર્ણ અધિકાર છે એમ નિર્ણય થયો એવું માની શકાય. આવો અધિકાર પાર્લમેન્ટને હતો જ એવું ગોલકનાથ ચુકાદા સુધી સુપ્રીમ કોર્ટે અને ઘણી હાઈકોર્ટોએ સર્વાનુમતે સ્વીકાર્યું હતું. ગોલકનાથના કેસમાં છ વિરુદ્ધ પાંચ જજોએ પૂર્વના ચુકાદાઓ રદ કર્યા તેને પરિણામે બંધારણની કલમ ૧૩(૨) અને ૩૬૮ માં પાર્લમેન્ટે ૨૪મા ફેરફારથી સ્પષ્ટતા કરી કે આવો અધિકાર પાર્લામેન્ટને છે. તેનો સુપ્રીમ કોર્ટે ફરી સ્વીકાર કર્યો છે. પહેલાં હતી તે જ સ્થિતિ ફરી થઈ પણ એટલું ઉમેર્યું છે કે બંધારણની પાયાની રચના બદલી ન શકાય - આનો જે કાંઈ અર્થ થાય તે ખરો.

ગોલકનાથના ચુકાદાની વિસ્તૃત સમીક્ષા મેં 'પ્રબુદ્ધ જીવન'માં ત્રણ લેખથી કરી હતી અને અંતે કહ્યું હતું, "આ વિષયનો અભ્યાસ કર્યા પછી મારા મનને કોઈ સંદેહ નથી કે ગોલકનાથના કેસનું બહુમતી જજમેન્ટ પ્રજાહિતને ભારે અનર્થકારી છે અને પરિસ્થિતિ જેટલી વહેલી સુધારી લેવાય તેમાં દેશનું અને પ્રજાનું કલ્યાણ છે."

આ બધી તકરાર અત્યાર સુધી મુખ્યત્વે મિલકતના હકો અને જાહેર હિતમાં સરકાર મિલકત પ્રાપ્ત કરે તો આપવાના વળતર સંબંધે જ રહી છે. ૧૯૫૪માં સુપ્રીમ કોર્ટે વળતર— Compensation—નો અર્થ એવો કર્યો કે પૂરી કિંમત ચૂકવવી જોઈએ. પાર્લમેન્ટનો આવો ઈરાદો કોઈ દિવસ હતો જ નહિ. તેથી ૧૯૫૪માં બંધારણમાં ફેરફાર કર્યો કે આપેલ વળતર પૂરું હોય કે ન હોય તે બાબત નક્કી કરવાનો કોર્ટને અધિકાર નહિ રહે. ત્યાર પછીના ચુકાદાઓમાં સુપ્રીમ કોર્ટે આ ફેરફાર માન્ય રાખ્યો છે. પણ બૅન્ક રાષ્ટ્રીયકરણ કેસમાં, પોતાના અગાઉના ચુકાદાઓ અવગણીને, સુપ્રીમ કોર્ટે ફરીથી ઠરાવ્યું કે વળતર એટલે પૂરું વળતર

આપવું જોઈએ. બંધારણમાં ફરીથી ફેરફાર કરવા સિવાય પાર્લામેન્ટને બીજો ઉપાય ન હતો. તેથી ૨૫મો ફેરફાર કર્યો, જે મુખ્યત્વે મિલકતના હકો અને વળતર સંબંધે જ છે. પણ આ ફેરફાર કરવામાં પાર્લામેન્ટ ચાર ડગલાં આગળ ગઈ. વળતર—Compensation—શબ્દ, જેનો આધાર લઈ બૅન્ક રાષ્ટ્રીયકરણ કેસમાં સુપ્રીમ કોર્ટે પૂરું વળતર એવો અર્થ કર્યો હતો તે કાઢી નાખી, રકમ - Amount - શબ્દ મૂકયો. પાર્લામેન્ટને યોગ્ય લાગે તેટલી રકમ વળતર તરીકે નક્કી કરે અને તેના વાજબી – ગેરવાજબીપણા વિષે નિર્ણય કરવાનો કોર્ટને કોઈ અધિકાર ન રહે. આ ફેરફાર તો ૧૯૫૦ થી જે સ્થિતિ હતી અને પાર્લામેન્ટનો જે સ્પષ્ટ ઈરાદો હતો તેને ફરી કાયમ કરવા માટે જ હતો. તેમાં કાંઈ નવું ન હતું. પણ આ સાથે બીજો એક ફેરફાર કર્યો—બંધારણમાં કલમ ૩૧સી ઉમેરી, જે મિલકતના હકો ઉપર મોટો કાપ મૂકે છે, અને જે માત્ર પાર્લામેન્ટને જ નહિ, પણ રાજ્ય ધારાસભાઓને પણ, માત્ર મિલકતને લગતા જ નહિ પણ બીજા મૂળભૂત હકો— સમાનતા, વાણીસ્વાતંત્ર્ય વગેરે— ને અવગણી, મિલકત સંબંધે કાયદાઓ કરવાની સત્તા આપે છે. સમાજવાદી રચના કરવા માટે આવી વિશાળ સત્તાઓ પાર્લામેન્ટ અને રાજ્ય ધારાસભાઓને ૨૫મા ફેરફારથી આપી છે.

આ સંબંધે મેં વિગતથી 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૧૨-'૭૧ના અંકમાં લખ્યું છે.

હાલ જે ચુકાદો આવ્યો તેમાં ૨૪મા ફેરફારને પડકાર હતો પણ મુખ્ય પડકાર ૨૫મા ફેરફારને અને ખાસ કરી કલમ ૩૧સીને હતો.

આ ચુકાદામાં બધા જજોએ વળતરને બદલે રકમ શબ્દનો ફેરફાર સ્વીકાર્યો છે. પણ કેટલાક જજોએ ઉમેર્યું છે કે જો મિલકતની કિંમત અને વળતરની આપેલ રકમ વચ્ચે એટલું મોટું અંતર હોય કે રકમ નામની જ (illusory) ગણાય અને હકીકતમાં વિનામૂલ્ય મિલકત ઝૂંટવી લીધી છે— expropriate— એવા સંજોગોમાં કોર્ટ રક્ષણ આપી શકે. આનો અર્થ શું કરવો તે ભવિષ્યમાં એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ખબર પડે.

કલમ ૩૧સી વિષે જજોમાં તીવ્ર મતભેદ રહ્યો. સાત જજોએ એમ ઠરાવ્યું કે ૩૧સીનો મુખ્ય ભાગ—તેના બે ભાગ છે—કાયદેસર છે. છ જજોએ તેને રદ કરવી જોઈએ એવો અભિપ્રાય આપ્યો છે. આખા કેસમાં આ સૌથી મહત્ત્વનો મુદ્દો હતો, જેમાં પાર્લામેન્ટની સત્તા બહુમતીથી સ્વીકારવામાં આવી છે. કલમ ૩૧સીમાં ઘણાં ભયસ્થાનો છે અને તેનો દુરુપયોગ, ખાસ કરી રાજ્ય ધારાસભાઓ તરફથી થવાની શકયતા છે. રાજ્ય ધારાસભા ૩૧સી અન્વયે કાયદો કરે તો રાષ્ટ્રપતિની મંજૂરી જોઈએ એટલો અંકુશ છે.

કલમ ૩૧સીનો બીજો ભાગ એટલી હદે જતો કે તે અન્વયે કાયદો થયો હોય એવું તેમાં જાહેર કરવામાં આવે કે આ કાયદો ૩૧સીના આધારે કરવામાં આવ્યો છે તો કોર્ટને તેની કાયદેસરતા વિષે નિર્ણય કરવાનો કોઈ અધિકાર ન રહે. એનો અર્થ એ કે કોઈ કાયદો બંધારણ મુજબ થયો છે કે નહિ તેનો નિર્ણય પણ કાયદો કરનાર જ કરે. સાત વિરુદ્ધ છ મતથી આ ભાગ રદ કર્યો છે. એટલે દરજ્જે કોર્ટનો અધિકાર રહે છે.

સાલિયાણાં નાબૂદીનો ૨૬મો ફેરફાર અને કેરળના કેટલાક જમીન વિતરણના કાયદાઓને રક્ષણ આપતા ૨૯મા ફેરફારને પણ પડકારતી અરજીઓ આ સાથે હતી. આ બન્ને વિષે કોર્ટે એમ ઠરાવ્યું છે કે બંધારણમાં ફેરફાર કરવાના પાર્લામેન્ટના અધિકાર વિષે – ૨૪ અને ૨૫મા ફેરફાર – જે ચુકાદો આપ્યો છે તે લક્ષમાં લઈ, ૨૬ અને ૨૯મા ફેરફાર કાયદેસર છે કે નહિ તે હવે પછી નક્કી કરવામાં આવશે.

મેં ઉપર કહ્યું તેમ મુખ્ય મુદ્દાઓનો નિર્ણય સાત વિરુદ્ધ છ અથવા છ વિરુદ્ધ સાત મતથી થયો છે. જે એક જજના હાથમાં ત્રાજવાની દાંડી રહી તે હતા જસ્ટિસ ખન્ના. કેટલીક બાબતમાં તેમણે એક પક્ષે મત આપ્યો અને કેટલીક બાબતમાં બીજા પક્ષે. મુખ્ય મુદ્દાઓમાં છ જજો એક પક્ષે હતા અને બીજા છ બીજે પક્ષે. આ ઘણી અસંતોષકારક પરિસ્થિતિ ગણાય.

એમ કહેવું જોઈએ કે જે છ જજોએ પાર્લામેન્ટની સત્તા ઉપર થોડોઘણો અંકુશ રાખવાનો પ્રયત્ન કર્યો છે તેમણે પણ એકંદરે સમતોલ વલણ લીધું છે અને પાર્લામેન્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે સંઘર્ષ ટાળવા પૂરો પ્રયત્ન કર્યો છે. કેટલેક અંશે સુપ્રીમ કોર્ટનો અંકુશ હોય— Judicial Review— તે ખોટું નથી. લોકોના પ્રતિનિધિઓને લોકોના આદેશ મુજબ કાયદા કરવાનો પૂરો અધિકાર રહેવો જોઈએ. તે સાથે આ પ્રતિનિધિત્વ કેટલું પાંગળું અને અપૂર્ણ છે તે આપણે જાણીએ છીએ અને સુપ્રીમ કોર્ટ જેવી પ્રમાણમાં તટસ્થ સંસ્થા હોય, જે કાંઈક પુનર્વિચારણાનો અવકાશ રાખે તે આવકારદાયક છે.

હકીકતમાં પાર્લામેન્ટ અને કોર્ટો પોતપોતાનાં ક્ષેત્રોમાં વિવેક અને સંયમથી વર્તવું જોઈએ અને દરેકની સત્તા અને મર્યાદા સમજવાં જોઈએ. આપણે આશા રાખીએ કે ભવિષ્યમાં કોઈ મોટો સંઘર્ષ ન થાય.

એક હકીકત સ્પષ્ટ છે. સત્તાધારી પક્ષ તરફથી એમ કહેવામાં આવતું કે સમાજવાદને ઝડપથી લાવવા આ પક્ષ ખૂબ ઇંતેજાર છે, પણ સુપ્રીમ કોર્ટ અવરોધક છે તે બહાનું હવે રહેતું નથી. જસ્ટિસ ચંદ્રચૂડ જેમણે ૨૪મા અને ૨૫મા બન્ને ફેરફારો સંપૂર્ણપણે માન્ય રાખ્યા છે અને પાર્લામેન્ટે માગી તેટલી બધી સત્તા તેને હોવી જોઈએ એવો અભિપ્રાય આપ્યો છે. તેમણે પોતાના જજમેન્ટમાં કહ્યું છે:

"સંસદને હવે વિશાળ સત્તાઓ આપવામાં આવી છે તે છતાં જો સામાજિક ઉદ્દેશો કચરાની ટોપલીઓ બની રહેવાના હોય તો લોકોએ જેમનામાં ભારે વિશ્વાસ મૂકયો છે તેમનાથી ભગવાન આપણને બચાવે."

૨૫-૪-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## ખાદી, દારૂ અને કૉંગ્રેસ

કૉંગ્રેસના બંધારણમાં એક નિયમ છે કે કૉંગ્રેસના સક્રિય સભ્યે ખાદી જ પહેરવી અને દારૂ ન પીવો. બંધારણમાં ફેરફાર સૂચવવા વરિષ્ઠ આગેવાનોની સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ એક સૂચના એવી કરી કે આ નિયમ રદ કરવો, ખાદીને બદલે સ્વદેશી વસ્ત્ર રાખવું અને દારૂ ન પીવો એવું બંધન ન રાખવું. કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ આ સૂચનાનો અસ્વીકાર કર્યો છે. અસ્વીકાર કર્યો તે તો સારું કર્યું, પણ વરિષ્ઠ આગેવાનોને આવી સૂચના કરવાની જરૂર કેમ પડી અને એ સૂચનાનો અસ્વીકાર થયો તો આ નિયમનું હવે નિષ્ઠાપૂર્વક પાલન થવાનું છે? આ નિયમ રદ કરવાની સૂચના વાસ્તવિકતા નિહાળીને કરવામાં આવી હોવી જોઈએ. કૉંગ્રેસને અને કૉંગ્રેસના સભ્યોને, તેના વરિષ્ઠ આગેવાનોને પણ ખાદી અથવા દારૂબંધીમાં શ્રદ્ધા નથી રહી. તો પછી આ દંભ ચાલુ રાખવો ઈષ્ટ નથી એ વાસ્તવિકતાનો સ્વીકાર છે. હજી દેખાવ માટે આગેવાનો ખાદી તો પહેરે છે, પણ દારૂ તો ઘેરબેઠા પીવાય, કોઈને ખબર પણ ન પડે એટલું જ નથી, તેમાંના કેટલાક તો છડેચોક પીએ છે અને એ હકીકત સુવિદિત છે. તો પછી કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ આ સૂચના કેમ ન સ્વીકારી? માત્ર પ્રતિષ્ઠા જાળવવા અને પ્રજામાં કૉંગ્રેસની છાપ બગડે નહિ એ જ હેતુ હશે એમ લાગે છે. જો આ નિયમનો નિષ્ઠાપૂર્વક અમલ થવાનો ન હોય—અને એવાં ચિહ્નો જણાતાં નથી—તો આ દંભ ચાલુ રાખવાથી પ્રતિષ્ઠાને વધારે હાનિ પહોંચવાની છે. સામાન્ય રાજકીય જીવનમાં એમ કહેવાય કે વ્યકિતના જાહેર રાજકીય જીવનને

અને તેના અંગત જીવનને સંબંધ નથી. કોઈ માણસે શું ખાવું, શું પીવું, શું પહેરવું એ તેની વ્યકિતગત વાત છે. ગાંધીજીને આવો ભેદ માન્ય ન હતો. કૉંગ્રેસની પાયાની નીતિને કૉંગ્રેસના સભ્યો જ જીવનમાં આચરે નહિ તો એ નીતિ નિષ્ફળ જ જાય. ખાદી અને દારૂબંધી હવે કૉંગ્રેસની પાયાની નીતિ રહ્યાં છે? આજે નહિ તો થોડા વખત પછી આ નિયમ જે માત્ર કાગળ ઉપર જ છે તે રદ થશે, હકીકતમાં રદ થયો જ છે.

## વર્તમાન આર્થિક પરિસ્થિતિ વિશે કૉંગ્રેસ કારોબારીનો પ્રસ્તાવ

કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ તા. ૧૭ મી એપ્રિલે એક ખૂબ લાંબો પ્રસ્તાવ વર્તમાન આર્થિક પરિસ્થિતિ ઉપર બહાર પાડયો છે. આ પ્રસ્તાવ અનેક રીતે ધ્યાન ખેંચે તેવો છે. પરિસ્થિતિ વિષમ છે તે સ્વીકાર્યું છે. કારણોમાં પાકિસ્તાની યુદ્ધ અને દુષ્કાળ. પ્રજા હિમતપૂર્વક હાડમારીનો સામનો કરી રહી છે તે માટે અભિનંદન આપ્યાં છે. મુશ્કેલીઓ ટૂંક સમયની જ છે. તેને પહોંચી વળવા ઘટતાં પગલાં લીધાં છે. આ વર્ષ સારું જશે. અન્ન તેમ જ ઔદ્યોગિક ઉત્પાદન વધશે. વીજળીનો પુરવઠો વધારવા પગલાં લીધાં છે. લોખંડ, ખાંડ, કાપડ વગેરે માટે સંજોગો ઊજળા છે. પાયાની આર્થિક સદ્ધરતા છે. Basic Health of our national economy is sound. સમાજની આર્થિક રચના પાયામાંથી બદલવી છે તે માટે લાંબા ગાળાનો કાર્યક્રમ પણ છે અને તેનો અમલ થાય છે. જમીનસુધારણા (Land Reforms) અને અન્નનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક લીધો તે આ કાર્યક્રમનું અંગ છે. આ બધું કહ્યા પછી અગત્યનો ભાગ આવે છે. આ કાર્યક્રમના સફળ અમલ માટે બે પ્રકારની સમિતિઓ ઠેરઠેર રચવા રાજ્ય સરકારોને અનુરોધ કર્યો છે. જમીનસુધારણા માત્ર આર્થિક પગલું નથી પણ સમાજરચનાને પાયામાંથી બદલવાની રાજકીય પ્રક્રિયા છે. It is basically a political process whereby. the social structure undergoes a decisive change. આવી પ્રક્રિયાનો અમલ માત્ર અમલદારો મારફત કે વર્તમાન ઢાંચામાં સફળતાથી થઈ શકે નહિ. આનો સફળ અમલ કરવા પ્રજાકીય સમિતિઓ રચવી અને આવી સમિતિઓમાં એવી વ્યકિતઓને સ્થાન આપવું કે જેને જમીનવિતરણથી લાભ થવાનો છે અને તેથી તેની સફળતામાં જેને હિત છે અને રસ છે. વળી જમીનસુધારણાના કાયદાના અમલમાં મુકદ્દમાબાજી ન થાય તે માટે કોર્ટોનો અધિકાર ઓછામાં ઓછો રાખવો. It is essential to bar jurisdiction of civil courts. આવી સમિતિઓ વધારાની જમીન કોની પાસે છે અને તેનું વિતરણ કોને કરવું તે નક્કી કરશે અને મહેસૂલી અમલદારોને સલાહ આપશે. તેવી જ રીતે, અનાજનું વિતરણ બરાબર થાય તે માટે Popular Vigilance Committees of Consumers, સ્થળેસ્થળે રચવી. ફેર પ્રાઈસ શોપ્સ ઉપર આ કમિટીઓ દેખરેખ રાખશે અને ગેરરીતિઓ અટકાવવા પગલાં લેશે. આવી કમિટીઓમાં કૉંગ્રેસના સભ્યોએ સક્રિય ભાગ લેવો. Party workers at various levels should take active interest in the functioning of popular committees. આ કાર્ય રાષ્ટ્રીય દષ્ટિએ સૌથી મહત્ત્વનું છે—of highest national importance.

આવી સમિતિઓ રચાય અને તેને ઉપર જણાવ્યું તેવી સત્તા આપવામાં આવે તેનું પરિણામ અને મહત્ત્વ સમજી લઈએ. આવી સમિતિઓમાં કૉંગ્રેસના સભ્યો સક્રિય ભાગ લેશે. મતલબ, તે જ મોટા પ્રમાણમાં હશે. જેની પાસેથી લેવું છે—જમીનનો માલેક કે વેપારી - તેના ઉપર 'દેખરેખ' રાખવા, જેને આપવું છે તેને સત્તા આપવામાં આવશે. આ સીધો વર્ગવિગ્રહ છે. Landless against the landowner and consumer against the merchant. અને તેમાં મુખ્યત્વે કૉંગ્રેસના સભ્યો હોય એટલે સમાન્તર તંત્ર ઊભું કર્યું. સામ્યવાદી દેશોમાં આવી જ વ્યવસ્થા હોય છે. ચીનના રેડગાર્ડ્ઝ, રશિયાના કોસ્મોસોલ્સ, અમલદાર કરતાં વધારે સત્તા ભોગવે. Party member is more important than the official. અનાજનો જથ્થાબંધ વેપાર લઈ લીધો છે તેમાં તેવા વેપારીના નોકરો અને મજૂરો તેમ જ છૂટક વેપારીને સહન કરવું ન પડે તેનું ધ્યાન રાખવું. Wholesalers against their servants & retailers. આ એક બીજો વર્ગવિગ્રહ.

જથ્થાબંધ વેપાર લઈ લીધો છે, કાળાં બજારિયા અને સંઘરાખોરોથી ખેડૂત અને ખરીદનારને બચાવવા. Blackmarketeers and hoarders against helpless consumers and farmers. વર્કિંગ કમિટી કહે છે: અનાજના અને જીવનજરૂરિયાતની બીજી વસ્તુઓના ભાવ નીચા લાવવા સરકારે આ પગલાં લીધાં છે.

આ બધું કહ્યા પછી પ્રસ્તાવનો લગભગ એક તૃતીયાંશ લાંબો એવો ભાગ આવે છે કે જે આશ્ચર્યજનક છે. વિરોધ પક્ષોની સખતમાં સખત ભાષામાં ઝાટકણી કાઢી છે. ખૂબ મૂંઝવણમાં હોય એવી વ્યકિત આવી ભાષા લખે. જનસંઘ, સ્વતંત્ર પક્ષ, સંસ્થા કૉંગ્રેસ —Right reactionaries, સીપીએમ, એસએસપી,— —left adventurists. આ બધાએ સમાજવાદના વધતા કૂચકદમ સામે મોટું આક્રમણ શરૂ કર્યું છે. તેઓ સફળ થશે નહિ. અમે તેમને સફળ થવા દેશું નહિ. લડત લાંબી છે, પણ અમને વિશ્વાસ છે કે અંતે આમજનતાનો વિજય છે. અમે મજૂરો, ખેડૂતો, ખેતમજૂરો, ભૂમિહીનો, બુદ્ધિજીવીઓ, યુવકો અને નાના ઉદ્યોગવાળાઓને તેમના હકોના રક્ષણ માટે પૂરી તાકાતથી આ લડતમાં ભાગ લેવા નોતરીએ છીએ. માર્ક્સનો મેનિફેસ્ટો યાદ આવે છે. આ બધામાં સી. પી. આઈ. (રશિયાતરફી સામ્યવાદી પક્ષ)નું ક્યાંય નામ નથી તે નોંધપાત્ર છે.

આ પ્રસ્તાવ વિષે મેં એટલા માટે ધ્યાન ખેંચ્યું છે કે તેની ભાષા આટલાં વર્ષોથી કૉંગ્રેસની જે ભાષા રહી છે તે નથી. કૉંગ્રેસે વિદેશી સરકાર સામે ઘણા સખત પ્રસ્તાવો કર્યા છે. મક્કમતા હતી ત્યાં પણ સંયમ હતો. કૉંગ્રેસ વર્કિંગ કમિટીના આ પ્રસ્તાવમાં રાજકીય ભાષામાં જેટલું ભાંડણ અને ઉશ્કેરાટ થઈ શકે તેટલું કર્યું છે.

કૉંગ્રેસની સમાજવાદની કે ગરીબી હટાવની નીતિ અને તેના અમલ માટે જમીનસુધારણા, અનાજનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવો, બીજાં રાષ્ટ્રીયકરણનાં પગલાં, એ બધાંના વાજબીગેરવાજબીપણા વિષે કે જરૂરિયાત વિષે હું અહીં ચર્ચા નથી કરતો. હું દૃઢપણે લોકશાહી સમાજવાદમાં માનું છું. સ્થાપિત હિતો બધાં સાધનોથી લડશે તે પણ હું જાણું છું. એ લડત દીર્ઘ અને છેવટ હિંસક પણ થાય. આ પ્રસ્તાવ વિષે આટલી વિગતથી લખવાનો મારો આશય એટલો જ છે કે કૉંગ્રેસ એક નવી દિશા તરફ જઈ રહી છે તે બાબત ધ્યાન ખેંચવું. પરિણામે, જો આવું વલણ ચાલુ રહેશે તો, લોકશાહીનો શાન્તિમય માર્ગ સચવાશે એમ ખાતરીપૂર્વક કહી શકાય નહિ.

## ભારત, પાકિસ્તાન અને બંગલા દેશ

ભારત – પાકસ્તાન વચ્ચેના સંબંધોમાં મડાગાંઠ પડી છે અને સિમલા કરારનો અમલ અટકી પડયો છે. તેનો ઉકેલ શોધવા, ભારત અને બંગલા દેશે સંયુકત રીતે પાકિસ્તાનને દરખાસ્તો કરી છે. આ દરખાસ્તો જેને સમુચિત ઉકેલ કહેવાય એવી Package deal છે. આજ સુધી બંગલા દેશનું મક્કમ વલણ હતું કે પાકિસ્તાન બંગલા દેશને સ્વીકૃતિ ન આપે ત્યાં સુધી કોઈ વાટાઘાટ કરવી નહિ. આવી શરત જતી કરવા ભારત બંગલા દેશને સમજાવી શક્યું છે તે શુભ ચિહ્ન છે. પાકિસ્તાને વહેલી મોડી સ્વીકૃતિ આપવી જ પડે તેમ છે, અને ન આપે તો પણ કાંઈ ફેર પડતો નથી એટલે આ શરતનો આગ્રહ રાખવો બિનજરૂરી હતો. મુખ્ય મુદ્દા ત્રણ છે: (૧) ૯૦ હજાર પાકિસ્તાની યુદ્ધકેદીઓનો; (૨) પાકિસ્તાનમાં રહેલા ચાર લાખ બંગાળીઓનો; અને (૩) બંગલા દેશમાં રહેલ બે લાખ બિહારીઓનો. એક રીતે કહીએ તો લાખો કુટુંબોની સલામતીનો અને માનવતાનો પ્રશ્ન છે. ભારત-બંગલા દેશની દરખાસ્ત છે કે પાકિસ્તાનમાં રહેલ બંગાળીઓને બંગલા દેશમાં જવા દેવા, બંગલા દેશમાં રહેલ બિહારીઓને પાકિસ્તાને લઈ લેવા અને તેમ થતાં, ભારતે પાકિસ્તાની યુદ્ધકેદીઓને મુકત કરવા. બંગલા દેશે હવે નક્કી કર્યું છે કે માત્ર ૧૯૫ યુદ્ધકેદીઓ ઉપર અત્યાચારો માટે મુકદ્દમો થશે. પાકિસ્તાન કોઈ પણ યુદ્ધકેદી ઉપર બંગલા દેશ મુકદ્દમો કરે તેથી વિરુદ્ધ છે. પોતે કરવા તૈયાર છે. નહિ તો પાકિસ્તાનમાં રહેલ કેટલાક બંગાળીઓ ઉપર રાજદ્રોહના આરોપ માટે કેસ કરવાની ધમકી આપી છે. પાકિસ્તાનમાં રહેલ બંગાળીઓને બંગલા દેશ મોકલવા પાકિસ્તાન તૈયાર છે, પણ બિહારીઓને લેવા તૈયાર નથી. બંગલા દેશ બિહારીઓને કાઢી મૂકતું નથી પણ બિહારીઓ બંગલા દેશમાં રહેવા માગતા નથી. ભારત - બંગલા દેશે કરેલ દરખાસ્તો પોતાને સ્વીકાર્ય નથી એવું કહીને ઉચ્ચ કક્ષાએ મંત્રણા કરવા પાકિસ્તાન તૈયાર થયું છે અને થોડા દિવસમાં આપણું પ્રતિનિધિમંડળ ત્યાં જશે એમ લાગતું હતું પણ પાકિસ્તાનનું વલણ જોતાં હાલ મુલતવી રહ્યું છે. આપણા તરફથી થયેલ સંયુકત દરખાસ્તો ઘણી વાજબી છે અને પાકિસ્તાન તેનો અસ્વીકાર કરી શકે તેમ

નથી. યુદ્ધકેદીઓને આપણે મુકિત નથી આપતા તે માટે પાકિસ્તાને દુનિયાભરમાં ભારતવિરોધી પ્રચાર કર્યો છે. તે પ્રચારને હવે પાયો રહેતો નથી. એમ આશા રાખીએ કે લાખો કુટુંબના જીવનમરણના સવાલમાં રાજકીય પ્રતિષ્ઠાનું ભૂત આડે નહિ આવે. આપણા ઉપરથી ૯૦ હજાર યુદ્ધકેદીઓનો આર્થિક બોજો ઘટે અને ભારત - પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઓછી થાય એ બધી રીતે આવકારપાત્ર છે.

## ધંધામાં નફો અને સામાજિક જવાબદારી

ગર્ભવતી સ્ત્રીઓએ ઘેન માટે થેલીડોમાઈડ નામની દવા લીધી, જેને પરિણામે વિકૃત બાળકો જન્મ્યાં. એવાં લગભગ ૪૦૦ બાળકો માટે ૧૨ વર્ષની લડત પછી, દવા બનાવનાર કંપનીએ બે કરોડ પાઉન્ડ નુકસાનીના, આ બાળકોના હિત માટે આપવાનું કબૂલ કર્યું છે. કોર્ટના હુકમથી આ જવાબદારી સ્વીકારી નથી. કેસ હજી ઊભો છે. પણ જાહેર મતનું દબાણ એટલું વધી પડયું કે કંપનીએ કાયદા પ્રમાણે જવાબદારી હોય કે નહિ તો પણ, આટલી મોટી રકમનું વળતર આપવાનું સ્વીકારવું પડયું.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે જે કંપની વધુમાં વધુ નફો કરે તેનો વહીવટ સફળ અને કુશળ ગણવો. નફો વધારવા મજૂરોને ઓછામાં ઓછું વેતન આપવું અને ખરીદનાર પાસેથી વધુમાં વધુ ભાવ લેવો. ખાસ કરીને હરીફાઈ ન હોય અને ઈજારા જેવી સ્થિતિ હોય ત્યાં આ વધારે શકય છે. હવે સ્વીકારવામાં આવે છે કે મજૂરો અને ખરીદનાર પ્રત્યે સામાજિક જવાબદારી છે એટલે તેમના હિતના રક્ષણ માટે સરકાર અંકુશો મૂકે છે.

ઈંગ્લાંડમાં તાજેતરમાં બનેલ એક બનાવ સૂચક છે. ઈંગ્લાંડમાં રોશ કંપની લિબ્રિયમ અને વેલિયમ - ઘેનની બે દવાઓ બનાવે છે અને બન્નેના પેટન્ટ હક છે એટલે ઈજારો છે. આ બન્ને ખૂબ જાણીતી દવાઓ છે અને લાખો માણસો ઉપયોગ કરે છે. રોશ કંપની સ્વીત્ઝર્લાન્ડની એક હોફમેન કંપનીની પેટા - કંપની છે. હોફમેન કંપની આંતરરાષ્ટ્રીય છે અને બીજા દેશોમાં પણ તેની પેટા - કંપનીઓ છે. ઈંગ્લાંડના મોનોપોલી કમિશને રોશ કંપનીના હિસાબો તપાસ્યા તો માલૂમ પડયું કે સાત વર્ષમાં તેણે લગભગ અઢી કરોડ પાઉન્ડનો નફો કર્યો છે પણ તેના હિસાબમાં માત્ર ૩૦ લાખ પાઉન્ડનો નફો બતાવ્યો છે. લિબ્રિયમ અને વેલિયમની બનાવટ માટેનો કાચો માલ હોફમેન કંપની પૂરો પાડે છે. ઈટલીમાં એક કિલો લિબ્રિયમનો ભાવ ૯ પાઉન્ડ છે અને એક કિલો વેલિયમનો ભાવ ૨૦ પાઉન્ડ છે. હોફમેન કંપની ઈંગ્લાંડની રોશ કંપનીને લિબ્રિયમ એક કિલો ૩૭૦ પાઉન્ડના ભાવે અને વેલિયમ એક કિલો ૯૨૨ પાઉન્ડના ભાવે વેચે છે. આ રીતે રોશ કંપનીનો મોટા ભાગનો નફો, લગભગ બે કરોડ પાઉન્ડ, હોફમેન કંપની લઈ ગઈ. મોનોપોલી કમિશને એ નિર્ણય કર્યો કે રોશ કંપનીએ અનહદ ઊંચા ભાવે લિબ્રિયમ અને વેલિયમ ઈંગ્લાંડમાં વેચ્યા છે તેથી તેણે લગભગ એક કરોડ પાઉન્ડ સરકારને પાછા આપવા. મોનોપોલી કમિશનને હિસાબોના આવા ગોટાળા અંગે પૂરી માહિતી મળી નહિ. રોશ કંપની પાસે પૂરી માહિતી હતી નહિ અને હોફમેન કંપની વિદેશી હોઈ, માહિતી પૂરી પાડવાની તેને ફરજ પાડી ન શકાય. છતાં, ઉપલબ્ધ માહિતી ઉપરથી આ નિર્ણય ઉપર આવ્યા. ઈંગ્લાંડમાં તબીબી રાહત રાજ્ય તરફથી મળે છે એટલે લિબ્રિયમ અને વેલિયમ રાજ્ય તરફથી બહુ મોટા પ્રમાણમાં ખરીદવાં પડે છે. રાજ્યે પહેલું પગલું એ લીધું કે લિબ્રિયમનો ભાવ ૫૦ ટકા અને વેલિયમનો ૭૫ ટકા એક હુકમથી ઘટાડી દીધો. આને કારણે રાજ્યને દર વર્ષે ૩૫ લાખ પાઉન્ડ - દરરોજના દસ હજાર પાઉન્ડનો ફાયદો થશે. તેમ જ ભૂતકાળમાં કરેલ ગેરવાજબી નફા પેટે એક કરોડ પાઉન્ડ પાછા માગ્યા છે. રોશ કંપની આપે છે કે નહિ તે જોવાનું રહે છે. કોઈ કાયદો નથી જેને આધારે પાછા લઈ શકાય, પણ પોતાની પ્રતિષ્ઠા જાળવવા પાછા આપશે એવી સરકારે આશા વ્યકત કરી છે.

ઈંગ્લાંડમાં જ આવું બને છે એમ નથી. આપણા દેશમાં પણ વિદેશી કંપનીઓ આવું જ કરે છે. આપણા દેશની કંપનીઓ પણ અનેક પેટા- કંપનીઓ કરી, મોટા નફાઓ વગેસગે કરે છે. અમેરિકામાં થોડા દિવસ પહેલાં જ ફોર્ડ અને જનરલ મોટર ઉપર એવો હુકમ કર્યો છે કે મોટર સ્પેર પાર્ટ્સ અને વધારાના સામાનમાં તેમણે મોટો નફો કર્યો હોવાથી લગભગ એક કરોડ ડૉલર સરકારને ભરી દેવા. To exploit labour & fleece the consumer. મૂડીવાદી રચનાનું આ પ્રમુખ અંગ છે. હમણાં બહાર આવ્યું છે કે દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ કંપનીઓ ત્યાંના વતનીઓને ખૂબ ઓછા પગાર - Starvation wages આપી અઢળક નફો કરે છે. માણસની તૃષ્ણા અને લોભને હદ નથી. પછી સરકારી નિયંત્રણો આવે. તેમાંથી લાંચરુશવત અને કાળાં બજાર જન્મે. આ વિષચક્ર ચાલ્યા જ કરે. સ્વેચ્છાએ સંયમ ન રાખીએ તો આ જ પરિણામ આવે.

## શ્રી રામજી થામજી વીરાણી

શ્રી રામજીભાઈનું, ૮૦ વર્ષની વયે, રાજકોટમાં ગુરુવાર તા. ૧૯ મી એપ્રિલને દિને અવસાન થયું. સમાજને એક ઉદારચરિત સજ્જનની ખોટ પડી. ઘણાં વર્ષોથી શ્રી રામજીભાઈના ગાઢ પરિચયમાં આવવાનું મારું સદ્‌ભાગ્ય હતું. જરા પણ અતિશયોકિત વિના હું કહી શકું કે એમના જેવા દયાળુ અને ધર્મપ્રેમી ગૃહસ્થ મેં બહુ ઓછા જોયા છે. એક ગામડામાં જન્મ થયો અને ૧૪ વર્ષની નાની ઉંમરે આજીવિકા માટે સુદાન ગયા. ત્યાર પછી પોતાના ચાર ભાઈઓને એક પછી એક સુદાન તેડાવ્યા. વેપાર મુખ્યત્વે કાપડનો. ઈશ્વરકૃપાથી બહુ સારી રીતે કમાયા. પાંચે ભાઈઓ એવા ઉદાર, સરળ સ્વભાવના અને ખાનદાન. દરેક ભાઈમાં તેમનાં માતા - પિતાના ઊંડા ધાર્મિક સંસ્કાર. વીરાણી કુટુમ્બનાં લાખો રૂપિયાનાં દાન છે. અનેક સંસ્થાઓ - કેળવણી, તબીબી રાહત, ભોજનાલય, વૃદ્ધાશ્રમ, સસ્તા ભાડાની ચાલીઓ, ઉપાશ્રયો, જૈન શાળા અને ધાર્મિક શિક્ષણ સંસ્થાઓ, પાંજરાપોળો અને જીવદયા ખાતાંઓ – તેમના દાનથી સ્થપાઈ અને વિકસી. કોઈ પણ સારું કામ હોય ત્યાં તેમનું દાન હોય. રામજીભાઈનું સદા ચિંતવન જ એ રહે કે કયાં અને કેટલું આપું. મારા ઉપર ખૂબ પ્રેમ અને વિશ્વાસ હતો. મારી સૂચનાથી લાખો રૂપિયા તેમણે આપ્યા છે. રાજકોટમાં તેમની વિશાળ, લાખો રૂપિયાની કિંમતની જમીન હતી તેનું ટ્રસ્ટ કરી નાખ્યું. તેમના પુત્ર ભાઈ નગીનભાઈ, પિતાની ભાવના પૂરી સાચવે છે.

મુંબઈ જૈન યુવક સંઘ પ્રત્યે રામજીભાઈને મમતા હતી દર વર્ષે પરમાનંદભાઈ સંઘ માટે સહાય લઈ આવે.

આવા પુણ્યશાળી આત્માની સદ્‌ગતિ જ હોય અને ચિરશાન્તિ ભોગવે.

## શ્રીમતી પ્રભાદેવીનું અવસાન

શ્રી જયપ્રકાશ નારાયણનાં ધર્મપત્ની શ્રી પ્રભાદેવીનું થોડા દિવસ પહેલાં અવસાન થયું. આ એક વિરલ યુગલ હતું, જેનો વિયોગ થયો, પ્રભાદેવીને કેન્સરનો વ્યાધિ થયો હતો. થોડા મહિના પહેલા ઓપરેશન કર્યું ત્યારે એવી આશા બંધાઈ હતી કે, રોગ કાબૂમાં આવ્યો છે. પણ ટૂંક સમયમાં ફેલાઈ ગયો અને અંતે અવસાન થયું.

શ્રી જયપ્રકાશ નારાયણના જીવનમાં પ્રભાદેવીનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. જયપ્રકાશ નારાયણ ક્રાન્તિકારી હતા અને હિંસક ક્રાન્તિમાં માનતા તેમ જ માકર્સવાદી હતા. પ્રભાદેવી વર્ષો સુધી સાબરમતી આશ્રમમાં રહ્યાં અને ગાંધીજીથી ખૂબ પ્રભાવિત હતાં. જયપ્રકાશની માકર્સથી ગાંધીવાદ અને છેવટ, સર્વોદયમાં જીવનદાન સુધીની યાત્રામાં પ્રભાદેવીનો સારી પેઠે ફાળો હતો. સામાન્ય રીતે એવું બને છે કે પુરુષ બ્રહ્મચર્ય સ્વીકારે એટલે સ્ત્રી પણ સ્વીકારે; આ યુગલના જીવનમાં એવું બન્યું કે પ્રભાદેવી એ બ્રહ્મચર્ય સ્વીકાર્યું અને પરિણામે જયપ્રકાશ નારાયણે સ્વીકાર્યું. પ્રભાદેવી માત્ર જયપ્રકાશની છાયારૂપ ન હતા. તેમનું સ્વતંત્ર વ્યકિતત્વ હતું. બન્ને વચ્ચે મતભેદ પણ થતા. પ્રભાદેવી પોતાના વિચારોમાં મક્કમ રહેતા અને ઘણી વખત જયપ્રકાશને ખેંચતા સાચાં સહધર્મચારિણી હતાં. જયપ્રકાશના જીવન ઘડતરમાં તેમનો અગત્યનો ફાળો રહ્યો છે. અંગત જીવનમાં જયપ્રકાશ બાળક જેવા છે. તેમનું સ્વાસ્થ્ય પણ સારું નથી. પ્રભાદેવી ખૂબ કાળજી રાખતા. પ્રભાદેવીના અવસાનથી જયપ્રકાશને જે ખોટ પડી છે તે કોઈ પૂરી શકે તેમ નથી. તેટલે દરજ્જે દેશને ખોટ પડી છે.

જયપ્રકાશજી અને પ્રભાદેવીના નિકટના સંપર્કમાં આવવાનું છેલ્લાં કેટલક વર્ષોમાં, ખાસ કરી બિહારના દુષ્કાળ પછી, મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમને હું અંતઃકરણપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું.

**ચીમનલાલ ચકુભાઈ**

# એક ઈતિહાસવિદ્‌નું જીવનદર્શન (૨)

ડૉ. આર્નલ્ડ ટૉયનબીએ કહ્યું છે કે બધા ધર્મો એકમત છે કે માનવજીવનનું ધ્યેય, દશ્ય જગતની પાછળ જે પરમતત્ત્વ રહેલ છે અને જે અંતિમ સત્ય છે–Ultimate Reality– તેનો અનુભવ કરવો અને તેની સાથે તાદાત્મ્ય સાધવાનો છે. All the higher religions agree that the spiritual goal of man is to seek communion with the presence behind the phenomenon and to seek it with the aim of bringing oneself into harmony with this Absolute Reality.

આ પરમતત્ત્વ શું છે? તેનો પુરાવો શું? ડૉ. ટૉયનબી કહે છે કે તેમને તેની માત્ર ઝાંખી થાય છે. તે છે એવી અનુભૂતિ થાય છે. અંતે શ્રદ્ધાનો વિષય છે–Act of faith. તેઓ કહે છે, મારા પોતાના અંતરનિરીક્ષણથી મારામાં રહેલ આધ્યાત્મિક તત્ત્વના અનુભવે વિશ્વમાં આવું આધ્યાત્મિક તત્ત્વ હોવું જોઈએ એમ હું માનું છું. દેહ છે, પણ દેહથી પર અને તેના કરતાં વધારે મહત્ત્વનું તત્ત્વ પણ મારામાં છે અને તે તત્ત્વ આધ્યાત્મિક છે એવો અનુભવ થાય છે. તે જ પ્રમાણે વિશ્વમાં જડ પ્રકૃતિ છે, પણ આધ્યાત્મિક તત્ત્વ પણ હોવું જોઈએ અને તે જ અંતિમ સત્ય છે. દેહધારી માનવ વિશ્વનું પ્રતિબિમ્બ છે. પિંડે તે બ્રહ્માંડે. આ અંતિમ સત્યને પામવું તે જ આપણી સાધનાનું લક્ષ્ય હોવું જોઈએ. ડૉ. ટૉયનબી નથી માનતા કે આ પરમતત્ત્વ સર્વશક્તિમાન છે. તેમ હોય તો દુઃખ શા માટે હોય? એમ પણ નથી માનતા કે આ પરમતત્ત્વે વિશ્વને પેદા કર્યું છે. ડૉ. ટૉયનબી કદાચ જૈનધર્મ પેઠે વિશ્વને અનાદિ, અનંત માને છે. વિશ્વના રહસ્યનો, અને તે સાથે પોતાના જીવન અને તેના અંતિમ પરિણામનો તાગ પામવા માનવ ઝંખે છે. No human soul can pass through this life without being challenged to grapple with the mystery of the universe.

આ પરમતત્ત્વને પામવાનો માર્ગ શું, સાધના શું? ડૉ. ટૉયનબી આ સંબંધે ભિન્ન ભિન્ન ધર્મો અને વિચારકોના મતો તપાસે છે. પહેલો પ્રશ્ન કે આ સંસાર સાથે વ્યક્તિનો સંબંધ શું, તેમાં તેનું સ્થાન શું, આ સંસાર સાથે, સમાજ સાથે, તેનું વર્તન કેવું હોવું જોઈએ? એક મત એવો છે કે સમાજ સર્વસ્વ છે, વ્યક્તિનું કર્તવ્ય સમાજને ચરણે પોતાનું જીવન ધરી દેવું. The individual exists for society, not society for the individual. તેથી વ્યક્તિનો અંગત વિકાસ એ લક્ષ્ય નથી પણ સમાજની પ્રગતિ એ જ લક્ષ્ય હોવું જોઈએ. સામ્યવાદી અને બધા પ્રકારના સરમુખત્યારી રાજ્યો અને સમાજો આ મત ઉપર રચાયેલ છે. ડૉ. ટૉયનબી આ મતનો અસ્વીકાર કરે છે. માણસનું વ્યક્તિત્વ અણમોલ રત્ન છે. તે સ્વતંત્ર છે. તેને કોઈનું માત્ર સાધન બનાવાય નહિ. બધા ધર્મો સ્વીકારે છે કે વ્યક્તિ અને ઈશ્વર–પરમતત્ત્વ–નો સંબંધ અંગત અને સીધો છે. સંસાર કે સમાજ, ઈશ્વરનું સ્થાન લઈ શકે નહિ. માણસ કોઈનો ગુલામ નથી.

બીજો મત એવો છે કે આ સંસાર અસાર છે, માયા છે, ઈન્દ્રજાળ છે, માણસને તેની સાથે કોઈ સંબંધ નથી. મુસાફરખાનું છે. સંસાર કે સમાજનું શું થાય છે તે સાથે વ્યક્તિને કાંઈ લેવાદેવા નથી. કાળો કોલસો, કાદવ છે–ગમે તેટલો ધોઈએ તો પણ આપણા હાથ જ બગડવાના. જૈનધર્મ, બુદ્ધધર્મ, હિન્દુધર્મ, ખ્રિસ્તધર્મ, આ બધા ધર્મોમાં આવો ભાવ કેટલેક અંશે રહેલો છે.

આ બન્ને મતોમાં સત્યનો અંશ છે, પણ પૂર્ણ સત્ય નથી. વ્યક્તિનો વિકાસ સમાજમાં થાય છે. હજારો વર્ષના અનુભવનો વારસદાર છે. માનવસમાજ અને સમસ્ત પ્રાણીસૃષ્ટિ સાથે વ્યક્તિનો ઘનિષ્ઠ સંબંધ છે. ઈશ્વરની સૃષ્ટિ છે. તેને તજીને પોતે ગુમાવે છે. પણ તેમાં ડૂબી જવાનું નથી. તેનાથી પર થવું. Dr. Toynbee rejects purely this-Worldly view and solely other-worldly view.

"If this world has the positive value that it must have if God loves it and has become incarnate in it, then His attempts and our attempts under his inspiration and on His behalf, to make this world a better place must be right and significant in some sense."

'આ જગત પોતાને માટે અનિવાર્ય એવું અસ્તિવાચક યાને ભાવાત્મક મૂલ્ય ધરાવતું હોય, તેમ ઈશ્વરની પ્રેમવર્ષાથી એ એવું અભિષિક્ત થતું હોય જેમાં એના સાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર અનુભવાતો હોય તો આ જગતને વધુ સ-રસ આવાસરૂપ બનાવવાના એના પ્રયાસો અને એ પરમતત્ત્વની પ્રેરણાથી તેમ જ એના વતી થતા આપણા પ્રયાસો સાચા અને કિંચિત્ અર્થમાં સૂચક હોવા જ જોઈએ.'

ઈશ્વરનું આ કામ માણસ કેવી રીતે કરી શકે? શા માટે કરતો નથી અથવા કરી શકતો નથી?

આ હકીકત સમજવા માટે માનવસ્વભાવનું પૃથક્કરણ કરવું પડે. માનવસ્વભાવમાં વિરોધી તત્ત્વો પડયાં છે. તેની વાસનાઓ છે, કામનાઓ છે, કષાયો છે, સ્વાર્થ છે. તે સાથે પ્રેમ, કરુણા, મૈત્રી, ત્યાગ છે. Man is great because he knows that he is or can be wretched. આ વિરોધી તત્ત્વો સાથે પડયાં છે એટલું જ નથી, અવિભાજ્ય છે. તેથી જ માણસ માણસ છે. Man is loveable, Man is despicable. માણસ પ્રત્યે પ્રેમ થાય છે, તેના પ્રત્યે ધિક્કાર પણ થાય છે.

માણસની કામનાઓ, એષણાઓ અને તૃષ્ણા –Desires and yearnings–તેને ઘણું મેળવવા પ્રેરે છે. પણ માણસ સમાજમાં રહે છે, જેમાં તેના જેવાં કામનાઓ અને તૃષ્ણાવાળા બીજા માણસો છે. Society of selves. તેથી સંઘર્ષ થાય. પરિણામે દુઃખ થાય છે. કામનાઓ અને તૃષ્ણાઓ અતૃપ્ત રહે છે.

માણસ દુઃખમાંથી મુક્તિ માગે છે. દુઃખ કામનાઓથી જન્મે છે. તેથી કામનાઓનો નાશ કરવો. કામનાઓનું બીજ પોતે જ છે. તો પોતાનો અંત આણવો. આ બુદ્ધધર્મનું નિર્વાણ છે. આ માર્ગે માણસ પોતાની જાતને બધા વ્યવહારમાંથી ખેંચી લે છે. પ્રેમ, કરુણા અને મૈત્રીની ભાવનાઓ તેને વ્યવહાર વિસ્તારવા પ્રેરે છે. હકીકતમાં દુઃખ અનિષ્ટ નથી. દુઃખનું મૂળ, સ્વાર્થ–અનિષ્ટ છે. દુઃખ સ્વાર્થમાંથી જન્મે છે. દુઃખ પરિણામ છે, કારણ નથી. ડૉ. ટૉયનબીનો દઢ મત છે:

Selfishness, not suffering, is the greatest of all evils and love, not release from suffering is the greatest of all goods.

દુઃખ બે પ્રકારનાં છે: એક સ્વાર્થથી ઉત્પન્ન થતું દુઃખ અને બીજું પરમાર્થથી. પરમાર્થમાં સ્વાર્થત્યાગ છે. પરમાર્થ કરતાં હાડમારીઓ વેઠવી પડે, સર્વસ્વનો ત્યાગ કરવો પડે, દેહનો પણ ત્યાગ કરવો પડે, તો પણ આવું દુઃખ એ જ ખરું સુખ છે.

Self-sacrifice means, not selfishly extinguishing the self but lovingly devoting to the service of others, at the cost of whatever suffering this service may bring with it.

પોતાનો સ્વાર્થ તજીને, લોકકલ્યાણના કાર્યમાં લાગે તેને ઘણાં દુઃખ સહન કરવાં પડે છે. ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું છે:

Existence will thereby become harder for him in every respect, than it would be if he lived for himself but at the same time, it will be richer, more beautiful, and happier. It will become, instead of mere living, a real experience of life.

આ અનાસક્ત કર્મયોગનો માર્ગ છે. ડૉ. સ્વાઈત્ઝર પેઠે, ડૉ. ટૉયનબીને પણ સંન્યાસમાર્ગ સ્વીકાર્ય નથી. ઈશ્વરનું કામ કરવું હોય, તો તેની સૃષ્ટિ સાથે એકતાર થવું. ઉપનિષદમાં કહ્યું છે તેમ રાજ્ય–સત્તા–નથી જોતી, સ્વર્ગનાં સુખ નથી જોતાં, મોક્ષ પણ નથી જોતો, એક જ કામના છે, દુઃખથી તપ્ત થયેલ પ્રાણીઓનાં દુઃખનો નાશ કરવાની. ડૉ. ટૉયનબીનું પણ આ જ જીવનદર્શન છે.

ચીમનલાલ ચકુભાઈ

# ☆ મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે ☆

આ વરસે મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદેની જન્મશતાબ્દી ઊજવવામાં આવી, ત્યારે ઘણા લોકોને લાગ્યું કે આ મહર્ષિ કોણ? રાજકારણમાં ભાગ લેનારાઓને જેટલી પ્રખ્યાતિ મળે છે તેટલી બીજાં ક્ષેત્રોમાં કામ કરનારાઓને મળતી નથી. સમાજસુધારાનું કાર્ય તો લોકોમાં અપ્રિય બનવાનું કાર્ય ગણાય. મહર્ષિ શિંદે મહારાષ્ટ્રના આદ્ય સમાજસુધારકોમાંના એક હતા અને અસ્પૃશ્યતા અને જાતિભેદ નષ્ટ કરવા માટે તેમણે આજીવન ઝુંબેશ ચલાવી હતી. તેમની જન્મ-શતાબ્દી ઊજવવા માટે ઉપરાષ્ટ્રપતિ મુંબઈ સુધી દોડી આવ્યા છે. પણ પોતાના અદના સેવકો માટે લોકો એટલા બધા ભૂલકણા હોય છે કે મહર્ષિ શિંદે ૧૯૪૪માં ગુજરી ગયા ત્યારે એમની શોકસભામાં વીસ માણસો પણ હાજર ન હતા!

મહર્ષિ શિંદેનો જન્મ સન ૧૮૭૩માં જમખિંડી (હવે મહિસુર રાજ્યમાં)ના દેશી રાજ્યમાં થયો હતો. ૧૮૯૧માં તેઓ મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને બે વરસ સુધી તેમણે શિક્ષક તરીકે કામ કર્યું. ૧૮૯૮માં બી.એ. અને ફર્સ્ટ એલએલ.બી. કરીને તે વખતના સમાજસુધારકોની સંસ્થા 'પ્રાર્થના સમાજ'માં તેઓ જોડાયા. એ જ વખતે તેમને યુનિટેરિયન છાત્રવૃત્તિ મળી અને તેઓ ઈંગ્લાંડ ગયા. દુનિયાના ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરીને લખેલ નિબંધ 'લિબરલ રિલિજિયન ઈન ઈંડિયા' તેમણે યુનિટેરિયન પરિષદમાં વાંચ્યો હતો. ૧૯૦૩ થી ૧૯૦૬ સુધીનાં ચાર વર્ષો તેમણે 'પ્રાર્થના સમાજના પ્રચાર માટે ભારત અને લંકામાં સર્વત્ર પ્રવાસ કરવામાં ગાળ્યાં. ૧૯૦૬માં 'ડિપ્રેસ્ડ કલાસીસ મિશન'ની સ્થાપના કરી અને દેશભરમાં તેની શાખાઓ સ્થાપી. ઈંદોરના મહારાજા હોલકર અને મુંબઈ સરકારની મદદથી એક લાખ રૂપિયા ખર્ચીને પૂનામાં પછાત વર્ગના છાત્રો માટે 'અહિલ્યાશ્રમ' અને બીજી સંસ્થાઓ ઊભી કરી અને સત્તર વર્ષ આ સંસ્થા માટે આપીને ૧૯૨૩માં તેઓ તેમાંથી નિવૃત્ત થયા.

અસ્પૃશ્યતાના પ્રશ્ન પરત્વે તેમનું ધ્યાન ૧૯૦૧માં ગયું. તે વરસે એચ. એસ. રિસ્લેના વસતિગણતરીના અહેવાલમાં તેમણે વાંચ્યું કે હિંદુસ્તાનની ૨૯,૪૩,૬૧,૦૫૬ની લોકવસતિમાં ૬,૩૨,૩૬,૬૩૨ જેટલા અસ્પૃશ્ય મનાતા લોકો છે, ત્યારે આટલા બધા લોકોને અસ્પૃશ્ય કેમ ગણવામાં આવતા હશે એનો વિચાર તેમના મનમાં સ્ફૂર્યો. તેમણે સંસ્કૃત અને પાલી ધર્મગ્રંથો અને પુરાણોનો અભ્યાસ કર્યો. ૧૯૦૪થી તેમણે પદદલિતો માટે લખવા માંડ્યું. ૧૯૦૯માં માસિક 'મનોરંજન'માં એક સચિત્ર લેખ પ્રસિદ્ધ કર્યો અને અસ્પૃશ્યતાને નાબૂદ કરવાની આવશ્યકતાનું પ્રતિપાદન કર્યું. ૧૯૩૩માં પ્રસિદ્ધ થયેલા એમના 'ભારતીય અસ્પૃશ્યાંચા પ્રશ્ન' નામના મરાઠી ગ્રંથમાં તેમણે પોતાના દીર્ઘ અભ્યાસના નિષ્કર્ષો રજૂ કર્યા છે. અમુક ગંદા કહેવાતા વ્યવસાયો કરનારાઓ, વિજેતા અને પરાજિત વચ્ચેના સંબંધો, બૌદ્ધધર્મીઓ અને બીજાઓ જેમણે બિનશરતે હિંદુ ધર્મનો સ્વીકાર નહિ કર્યો હોય તેઓ અને મનુસ્મૃતિએ ઠરાવેલ પ્રતિલોમ સંબંધોનાં સંતાનોને અસ્પૃશ્ય ગણવામાં આવ્યાં હશે એવું તેમનું પ્રતિપાદન છે, અને જાતિભેદ નષ્ટ નહિ થાય ત્યાં સુધી અસ્પૃશ્યતા પણ નાબૂદ નહિ થઈ શકે એવો તેમનો નિષ્કર્ષ છે.

પણ મહર્ષિ શિંદે માત્ર લેખક જ ન હતા. અસ્પૃશ્યતાનિવારણ માટે જાહેરમાં વાતો કરવાનું મુશ્કેલ હતું તેવા ૭૫ વર્ષો પૂર્વેના કાળમાં શિંદે અસ્પૃશ્યોના ઘરમાં જઈને સહકુટુંબ રહેતા હતા. પોતાની પત્નીને તેઓ કહેતા કે જ્યાં સુધી તમારા રસોડામાં અસ્પૃશ્યને રાંધવા માટે રાખો નહિ ત્યાં સુધી સાચું અસ્પૃશ્યતા-નિવારણ થયું છે એમ માનવા હું તૈયાર નથી. તે જમાનામાં રાજકીય નેતાઓ સમાજસુધારકોને દૂર રાખતા હતા અને સમાજસુધારકો અંગ્રેજી શાસકોની છાવણીમાં જોવામાં આવતા હતા. પણ મહર્ષિ શિંદે આમાં અપવાદ હતા. તેઓ લોકમાન્ય ટિળક અને મહાત્મા ગાંધીના રાજકારણને ટેકો આપતા હતા અને ૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં તેમને જેલની સજા પણ થઈ હતી. તેઓ એટલા કટ્ટર તત્ત્વનિષ્ઠ હતા કે મુંબઈની ધારાસભામાં મરાઠા સમાજના ઉમેદવાર તરીકે પૂનામાંથી સહેજે ચૂંટાઈ આવવાની શક્યતા હોવા છતાં ન્યાતના નામે મળનાર સન્માનનો મોકો તેમણે જતો કર્યો હતો. તેમની મહત્તા એ કે તેમણે જે કહ્યું તે પ્રથમ પોતે જ આચરણમાં મૂક્યું. તેને કારણે સમાજનો ઘોર વિરોધ સહન કર્યો, એટલું જ નહિ પણ કુટુંબ-પરિવારને ભોગવવું પડયું ત્યારે પણ તેઓ ચલિત થયા નહિ કે પોતાના અભિપ્રાયો કે માન્યતાઓને છોડયાં નહિ. પોતાની માન્યતાના સંબંધમાં તેમણે કોઈ દિવસ છૂટછાટ મૂકી નથી કે લોકપ્રિયતાને રક્ષવા માટે પોતાના વિચારો સાથે બેઈમાની કરી નથી. એટલે જ તેઓ મહર્ષિ કહેવાયા.

મહર્ષિ શિંદેનું સમગ્ર જીવન રૂઢિગ્રસ્તો સાથે સંઘર્ષમાં ગયું. આવા પ્રખર વિદ્યાવ્યાસંગી પાસે ગ્રંથો ખરીદવા માટે કોઈ દિવસ પૈસા નહોતા. સારું પુસ્તક જુએ ત્યારે કોઈ પાસેથી મેળવી લાવે. તુલનાત્મક ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, મરાઠી સંતવાઙ્મય, ભાષાશાસ્ત્ર, અને બીજા કેટલાયે વિષયોનો તેમનો ગાઢ અભ્યાસ હતો. વાચન, લેખન અને પ્રવચન એ તેમની મનગમતી પ્રવૃત્તિ હતી તેઓ દારિદ્ર્યની સાથે લડયા, સ્વજનો સાથે તેમને લડવું પડયું અને બ્રિટિશ સરકાર સાથે પણ તેઓ લડ્યા. અસ્પૃશ્યો સાથે હળીમળીને રહેતા અને અસ્પૃશ્યતાનિવારણની હિમાયત કરતા એ માટે મરાઠા સમાજે તેમનો બહિષ્કાર કર્યો હતો અને હિંદુ સમાજ પણ તેમને દૂર રાખતો હતો. શિક્ષણ વગેરેની અનુકૂળતા હોવા છતાં તેમને સરકારી નોકરી કરવી જ ન હતી અને ટિળક અને ગાંધીના વિચારો સાથે મળતા થતા હોવાથી 'બ્રાહ્મોસમાજ' પણ એમને પ્રચારક તરીકે મળનું વેતન વખતોવખત રોકી રાખતો હતો.

મહારાષ્ટ્રમાં જ નહિ પણ કદાચ આખા દેશમાં અગ્રણી સમાજ-સુધારક તરીકે મહાત્મા જ્યોતિબા ફૂલેનું નામ લઈ શકાય મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે અને કર્મવીર ભાઉરાવ પાટિલ સાથે મળી મહારાષ્ટ્રના બહુજન સમાજ એટલે કે બ્રાહ્મણેતર સમાજસુધારકોની ત્રિમૂર્તિ બને છે.

વી. એસ. બાપટ

## સુપ્રીમ કોર્ટનો ચુકાદો

સુપ્રીમ કોર્ટના ચુકાદા ઉપર શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શનિવાર તા. ૧૨-૫-'૭૩ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા દરેકને સમયસર ઉપસ્થિત થવા વિનંતી છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## સંગીતનો કાર્યક્રમ

સુપ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર શ્રી પુરુષોત્તમ ઝાલોટાજીના સંગીતનો એક કાર્યક્રમ તા. ૧૦મી મેના રોજ રાતના ૮॥ વાગ્યે ચોપાટી ઉપર આવેલા ભારતીય વિદ્યાભવનમાં રાખવામાં આવ્યો છે. તેની ટિકિટો ભારતીય વિદ્યાભવનમાં તેમ જ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં મળશે. ટિકિટના દરો રૂા. ૧૫-૧૦-૫-૩ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમનું આયોજન તેમના પ્રશંસકો અને મિત્રો તરફથી યોજવામાં આવ્યું છે.

# સ્વ. પરમાનંદભાઈની દ્વિતીય પુણ્યતિથિ

સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાની દ્વિતીય પુણ્યતિથિને અનુલક્ષીને, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે, સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૧૭-૪-'૭૩ના રોજ સાંજના સમયે એક સભા યોજવામાં આવી હતી. એ સમયે શ્રીયુત્ શાન્તિલાલ હરજીવન શાહ, શ્રીયુત્ ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી ચંદુભાઈ ઝવેરી, શ્રી રસિકભાઈ ઝવેરી, પ્રા. ઉષાબહેન મહેતા તેમ જ સ્વ. પરમાનંદભાઈનાં કુટુંબીજનો, મિત્રો અને પ્રશંસકોની સારી એવી હાજરી હતી.

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપ્યો હતો.

આ પ્રસંગ માટે ખાસ અમદાવાદથી આવેલાં તેમનાં પુત્રી શ્રી ગીતાબહેન પરીખે શરૂઆતમાં પ્રાર્થના કરાવી હતી, જેનો શબ્દેશબ્દ ભાવવાહી હતો અને અંતરના ઊંડાણમાંથી બહાર પડતો હતો.

ત્યાર બાદ જાણીતા સંગીતકાર શ્રી હરીશ ભટ્ટે તેમના ઘેરા મધુર સ્વરે પાંચેક ભજનો ગાયાં હતાં.

ત્યાર બાદ આ સભાના પ્રમુખ, માનનીય શાન્તિલાલ હરજીવન શાહે પોતાનાં સંસ્મરણો રજૂ કરતાં જણાવ્યું કે સ્વ. પરમાનંદભાઈ ધાર્મિક કુટુંબમાં જન્મ્યા હોવાથી તેમનામાં જૈન ધર્મના સંસ્કાર સંપૂર્ણ હતા. તેઓ બી. એ. એલએલ. બી. થયા હોવા છતાં સોલિસિટર ન થયા, પરંતુ ઝવેરાતના ધંધામાં પડયા. તેમની મુખ્ય ખાસિયત મિત્રો મેળવવાની અને મૈત્રી છેવટ સુધી ટકાવી રાખવાને લગતી હતી.



સ્વ. પરમાનંદભાઈ કાપડિયાની બીજી પુણ્યતિથિએ યોજાયેલી સભામાં શ્રી શાંતિલાલ હરજીવન શાહ પ્રવચન કરી રહ્યા છે.

જૈન ધર્મમાં ક્રાંતિકારી વિચારો વહેતા કરવામાં તેઓ અગ્રસ્થાને હતા. જ્ઞાતિની રૂઢિઓ, સિદ્ધાંતોમાં બેસતી આવતી નહોતી, તેના પરિવર્તન માટે તેમણે ભગીરથ કાર્ય કર્યું. એમના સમયમાં સમાજ ઉપર ધર્મગુરુઓનો જે પ્રભાવ હતો અને ધર્મની જે સંકુચિતતા હતી તે આજે રહી નથી, એટલે આજે યુવક સંઘ સમાજસેવાનું કામ કરતો થઈ ગયો છે, પણ પાછો એવો સમય આવશે તો સંઘ એવું કાર્ય કરવામાં પાછો નહિ પડે, એવી મને આશા છે.

મોટા ભાગના માણસો, વિચારો તો સારા કરતા જ હોય છે, પરંતુ પરમાનંદભાઈ એ સારા વિચારોને જીવનમાં ઉતારીને આચરી બતાવતા હતા.

તેમને સાહિત્ય, કલા, સૃષ્ટિસૌંદર્ય અને પર્યટનનો ઘણો જ શોખ હતો. મેં જે મુસાફરી કરી હોય તે જ પરમાનંદભાઈ કરે, પરંતુ એનું વર્ણન તેઓ લખે તે અદ્દભુત હોય, એવી વર્ણનશકિત તેમનામાં હતી.

તેમણે કયારેય ધર્મના મૂળ સિદ્ધાંતોનો વિરોધ કર્યો નહોતો. તેમણે તો રૂઢિચુસ્ત આચારોનો વિરોધ કર્યો; અને આવો વિરોધ કરવા માટે તેમને ખૂબ ખૂબ સહન કરવું પડયું હતું.

પર્યુષણપર્વ દરમિયાન ઉપાશ્રયોમાં જે વ્યાખ્યાનો અપાતાં હોય છે તેની ભાષા સાંભળનારા સમજી શકતા નથી. એ કારણે ત્યાં વ્યાખ્યાન સાંભળવાને લગતો ઉદ્દેશ સિદ્ધ નથી થતો હોતો, એ વિચારથી તેમણે નવી જ વિચારસરણીવાળી વ્યાખ્યાનમાળા શરૂ કરી. દેશના ખૂણેખૂણેથી નામાંકિત વ્યાખ્યાતાઓને બોલાવીને તેઓ આ વ્યાખ્યાનમાળાનું સ્તર એટલે બધે ઊંચે લઈ ગયા કે સારા સારા વ્યાખ્યાતાઓ પણ, આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવાને લગતું નિમંત્રણ મળે તેને ગૌરવરૂપ લેખવા લાગ્યા. અને આના અનુસંધાનમાં અન્યત્ર પણ આ પ્રકારની વ્યાખ્યાનમાળાઓ યોજાવા લાગી. એમ છતાં સંઘની વ્યાખ્યાનમાળાના ધોરણની વિશિષ્ટતા આજે પણ એવી જ જળવાઈ રહી છે.

'પ્રબુદ્ધ જીવન'નું સ્તર તેઓ એટલું બધું ઊંચું લઈ ગયા કે ગુજરાતી સામયિકોમાં તેણે એક ભાત પાડી એમ કહી શકાય, અને એટલે હું તેમને કહેતો કે, તમારા ગયા પછી આ પત્ર ચાલશે નહિ. પરંતુ મારે કબૂલ કરવું જોઈએ કે આજે તે વધારે સારી રીતે ચાલી રહ્યું છે.

તેઓ એક સારા પત્રલેખક હતા. તેઓ મિત્રોને માર્ગદર્શક બને એવા, નવું જાણવા–સમજવાની ઈંતેજારીભર્યા અને સંવેદનસભર પત્રો લખતા. વ્યકિતઓ પ્રત્યે તેમનામાં સમભાવ હતો. તેઓ જ્યાંથી મળે ત્યાંથી સારી વસ્તુ મેળવીને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતા. તેમના જેવો સજ્જન પુરુષ આજે [illegible] મુશ્કેલ છે. [illegible] પ્રિય એવી પ્રવૃત્તિઓને ટેકો આપીને તેને ચાલુ રાખવી અને [illegible] વિકાસ કરવામાં સહભાગી થવું એ જ તેમને માટે ખરી અંજલિ ગણાશે.

ત્યાર બાદ ડૉ. રમણલાલ સી. શાહે જણાવ્યું કે સ્વ. પરમાનંદભાઈનાં ૪૦ વર્ષ દરમિયાન લખાયેલાં લખાણોમાંથી પસંદ કરીને તેના સંગ્રહનું એક પુસ્તક તૈયાર કરવાને લગતું કામ અમને પાંચ જણને સોંપવામાં આવ્યું હતું, તેમાં પ્રમુખ જવાબદારી મારી હતી. પરંતુ એ કામ ઘણું જ અધરું હોઈ, અને સમયના અભાવના કારણે, આજે એ પુસ્તક અમે અહીં રજૂ કરી શકયા નથી તે માટે અમે ખરેખર દિલગીર છીએ. હવે થોડા જ સમયમાં તે કામ પૂરુ કરવાની હું ખાતરી આપું છું.

સ્વ. પરમાનંદભાઈ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે તેઓ ૭૬ વર્ષની ઉમ્મરે પણ યૌવનમૂર્તિ હતા, તેમનું વ્યકિતત્વ પારદર્શક હતું. તેઓ જે વસ્તુ ન જાણતા હોય તેની તેઓ સહજભાવે કબૂલાત કરી લેતા અને ગમે તેવી મોટી વ્યકિતના વિચારો પણ જો તેમને ગળે ન ઊતરે તો તે સ્વીકારતા નહિ, પરંતુ તેને સમજવા માટે સતત પ્રયત્નશીલ રહેતા. તેમનામાં સાંપ્રદાયિક સંકુચિતતા નહોતી, એ કારણે તેમણે 'પ્રબુદ્ધ જૈન'નું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' કરાવ્યું અને જૈનેતર પણ સંઘના સભ્ય બની શકે એવો બંધારણમાં સુધારો કરાવ્યો. તેઓ પ્રબુદ્ધ પુરુષ હતા.

ત્યાર બાદ સંઘના બીજા મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે આભારદર્શન કર્યું હતું અને સૌ વિખરાયા હતા.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

# વસંત વ્યાખ્યાનમાળા

[મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી વસન્ત વ્યાખ્યાનમાળાનું આ પાંચમું વર્ષ હતું. આ વખતની વ્યાખ્યાનમાળામાં આર્થિક વિષયોને સમાવીને એને થોડોક નવો ઓપ આપવામાં આવ્યો હતો. વ્યાખ્યાનમાળામાં યોજાયેલાં ચારે વ્યાખ્યાનોનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંભાળ્યું હતું. તા. ૨૩ મી એપ્રિલે પ્રથમ વ્યાખ્યાન 'ભારતની વિદેશનીતિ' વિશે હતું. વકતા હતા 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના સહાયક તંત્રી શ્રી કુમુદ ખન્ના; તા. ૨૪ મીએ બીજું વ્યાખ્યાન 'વર્તમાન આર્થિક સ્થિતિ' એ વિષય પર યુનિટ ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ. જે. એસ. રાજનું; તા. ૨૫ મીએ ત્રીજું વ્યાખ્યાન પણ 'વર્તમાન આર્થિક સ્થિતિ' એ વિષય પર પૂનાની ગોખલે ઈન્સ્ટિટયૂટ ઓફ પોલિટિક્સ એન્ડ ઈકોનોમિકસના ડાયરેકટર પ્રા. વી. એમ. દાંડેકરનું અને ચોથું વ્યાખ્યાન અમેરિકા ખાતેના ભૂતપૂર્વ ભારતીય એલચી શ્રી ગગનવિહારી મહેતાનું 'વિદેશનીતિનું ઘડતર' એ વિષય પર હતું. આ ચારે વ્યાખ્યાનોનો મહત્ત્વનો સારભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.]

## ભારતની વિદેશનીતિ

['ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના સહાયક તંત્રી શ્રી કુમુદ ખન્નાના વ્યાખ્યાનનો સારભાગ]

વિદેશનીતિનો વિષય વિશાળ સમુદ્ર જેવો છે અને જટિલ પણ છે. પરંતુ વિદેશનીતિ વિષે પંડિતો 'વિશ્વવ્યૂહ' અગર 'સત્તાના ધ્રુવીકરણ' વગેરે ગૂંચવાણભરી વાતો કરે છે તેના બદલે આપણી વિદેશનીતિની સિદ્ધિઓ અને ત્રુટિઓને વાસ્તવિક દૃષ્ટિએ અને પૃથક્જનને ગળે ઊતરે તે રીતે આપણે મૂલવીશું. પત્રકારના વ્યવસાયને કારણે મારે વિદેશમાં નિવાસ કરવો પડયો અને તેને કારણે આ વિષયની લગોલગ રહ્યા છતાં તે વિષયની સાથેનો મારો પરિચય તેની વિશાળતાની દૃષ્ટિએ મર્યાદિત લેખાય.

હું નસીબદાર હતો કે ૧૯૫૮માં હું મધ્યપૂર્વના દેશોમાં ગયો ત્યારે પંડિત જવાહરલાલ નહેરુની ઝળહળતી પ્રતિભાને કારણે ભારતનો મોભો વિશ્વમાં ટોચે હતો. તહેરાન, સીરિયા, લેબેનોન અને પછી ઈજિપ્તની હૉટેલોમાં હું, મારી પત્ની અને બાળકો રહેતાં હતાં ત્યારે સાંજે બહાર ફરવા નીકળીએ ત્યારે અમને જોઈને લોકો બોલી ઊઠતા: 'હિન્દી હિન્દી; નહેરુ - નહેરુ' અગર તો એવા ય ઉદ્ગારો સંભળાતા કે, 'હિન્દી હિન્દી; રાજ કપૂર - રાજ કપૂર.' એશિયા, આફ્રિકા અને મધ્યપૂર્વના દેશો આપણી વિદેશનીતિથી પ્રભાવિત થયા હતા. ઈજિપ્ત ઉપર બ્રિટન અને ફ્રાન્સે હુમલો કર્યો ત્યારે આપણે ઈજિપ્તની પડખે રહ્યા અને તે પછી કોરિયામાં પણ આપણા શબ્દોનું વજન પડયું હતું. અમુક આંતરરાષ્ટ્રીય ઝઘડાની પતાવટમાં ત્યારે ભારત જે પ્રસ્તાવ કરતું તેનો સ્વીકાર થતો અને તેને કારણે શાંતિ પણ સ્થપાઈ હતી.

આ સફળતા ઘણી ભવ્ય હતી, આંજી દે તેવી હતી. પરંતુ તે ભવ્યતા નબળા પાયા ઉપર રચાઈ હતી. હકીકતમાં તો નહેરુજીના પ્રભાવને બાદ કરતાં આપણા દેશની આંતરિક સ્થિતિમાં કે સામાજિક માળખામાં એવું કોઈ સબળ તત્ત્વ નહોતું કે એક નક્કર વિદેશનીતિનો પાયો તેના ઉપર માંડી શકાય. એટલે જ આપણી વિદેશનીતિની સફળતા કામચલાઉ હતી. એ કામચલાઉ સફળતા બક્ષનાર બીજું એક પરિબળ હતું. અમેરિકા અને રશિયા બે મહાસત્તાઓની ગરજ આ પરિબળ તરીકે કામ કરતી હતી. કોઈ આંતરરાષ્ટ્રીય ઝઘડો વિરાટ રૂપ ન લઈ લે તે માટે ભારત જેવા તટસ્થ અગર તો મધ્યસ્થી દેશની તે લોકોને જરૂર હતી. નહેરુ જેવી પ્રભાવશાળી વ્યકિત આવા મધ્યસ્થી દેશની સર્વસ્વ હતી એટલે કામ વધુ સરળ બન્યું.

નહેરુજીએ ભારતની વિદેશનીતિને બિન-જોડાણની નીતિનું નામ આપ્યું પણ વિદેશના નિરીક્ષકો તેને તટસ્થતાની નીતિ તરીકે નવાજવા લાગ્યા. મારી દૃષ્ટિએ આપણી વિદેશનીતિ નકારાત્મક હતી. વળી વિદેશીઓના અર્થઘટનને નહેરુ સ્વીકારતા નહોતા. તેમનું કહેવું હતું કે જ્યારે બળવાન દેશ ખોટી રીતે બીજા દેશને અન્યાય કરે ત્યારે ભારત હંમેશાં અન્યાય થયો હોય એવા દેશની પડખે રહેશે. આપણી વિદેશનીતિનો માપદંડ આપણે યોગ્ય રીતે વાપર્યો નહિ. સુએઝ ઉપરનું આક્રમણ આપણે વખોડી કાઢયું પણ રશિયાએ જ્યારે હંગેરી ઉપર અન્યાય કર્યો ત્યારે આપણે ચૂપ રહ્યા. આમ બિન-જોડાણની નીતિની પોકળતા ખુલ્લી થઈ ગઈ. ધીરેધીરે વિશ્વના રાજકીય તખ્તા ઉપર અને આપણા સીમાડા ઉપર જ એવી ઘટનાઓ બની કે આપણી વિદેશનીતિ જતરડામાંથી પસાર થવા લાગી.

એ ઘટનાઓને સમજવા પ્રથમ આપણે વિદેશનીતિનો મૂળભૂત હેતુ શું હોય છે તે જોઈએ. સાદી ભાષામાં કહીએ તો કોઈ પણ દેશની વિદેશનીતિનો હેતુ તેના રાષ્ટ્રીય હિતને રક્ષવાનો હોય છે. આ 'રાષ્ટ્રીય હિત' એટલે શું તે પણ થોડો વિવાદાસ્પદ પ્રશ્ન છે. આપણે એમ કહી શકીએ કે રાષ્ટ્રના સીમાડાઓને અકબંધ રાખવા એ તમામ રાષ્ટ્રની ફરજ છે. તેમાં પ્રથમ રાષ્ટ્રહિત સમાયું છે. જો કે રાષ્ટ્રની સરહદો ય ઘણી વખત પરિવર્તનને પાત્ર બને છે.

વિદેશનીતિની બીજી ફરજ આપણા દેશના રાજકીય અને સામાજિક હિતની રક્ષામાં સમાયેલી છે. આ રાજકીય હિતો શું છે તે કોઈ પણ દેશની આંતરિક રાજ્ય-વ્યવસ્થાના સ્વરૂપ ઉપર અવલંબે છે. દા. ત. સોવિયેટ યુનિયને સામ્યવાદી વિચારશ્રેણી અપનાવી અને પછી થોડો સમય તેણે આ વિચારશ્રેણીની અન્ય દેશમાં નિકાસ કરવાની ધૂન પણ રાખી હતી. બીજા વિશ્વયુદ્ધ પહેલાં તેણે વિશ્વના ઘણા દેશોમાં સામ્યવાદી પક્ષોની રચના કરી અને 'કૉમ્યુનિસ્ટ ઈન્ટરનેશનલ'નું નિર્માણ કર્યું હતું. યુદ્ધ પછી તેણે પૂર્વ યુરોપમાં સામ્યવાદના વિચારનું મોજું ફેરવીને સામ્યવાદી જૂથ ઊભું કર્યું હતું.

આપણા દેશે લોકશાહીની સાથે મિશ્ર અર્થતંત્રનો વિચાર અપનાવ્યો. વળી વિવિધ દેશો ભિન્ન ભિન્ન વિચારશ્રેણી અગર તો સામાજિક માળખું ધરાવતા હોય છતાં સહઅસ્તિત્વની ભાવના સાથે સુમેળથી રહી શકે છે તેવા વિચારને આપણે પુષ્ટિ આપી. જો કે અહીં કહેવું જોઈએ કે નેપાળની બાબતમાં આપણે 'પોથીમાંનાં રીંગણાં' જેવું વર્તન કર્યું. હિમાલયના આ નૃપ-શાસિત દેશમાં આપણે લોકશાહી ઠોકી બેસાડવા તત્પર થયા. નેપાળ લોકશાહી માટે પરિપકવ નહોતું તે આપણે જોઈ શકયા નહિ. આપણે લશ્કરી મંડળ પણ મોકલી ચૂકયા અને જ્યારે લાગ્યું કે ઠોકી બેસાડેલા વિચારો સફળ નહિ થાય ત્યારે એ લશ્કરી મંડળ બિસ્રાપોટલાં લઈને ભારત પાછું ફર્યું. અહીં એ કહેવું જોઈએ કે હાલમાં આપણે સિક્કિમની બાબતમાં ખૂબ જ વાસ્તવિક દૃષ્ટિએ રાજકીય નિર્ણયો લીધા છે.

અહીં પુનરુકિત કરીને પણ આપણે પ્રશ્ન કરી શકીએ કે આપણી વિદેશનીતિની પાયાની ફરજ શું છે? આપણે આપણી રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિ ઉત્તરોત્તર સુધારવા જ ચાહીએ છીએ. આપણે શરૂશરૂમાં જોયું કે સહઅસ્તિત્વ અને બિન-જોડાણની વાતો કરવાથી આપણને બન્ને બાજુથી (રશિયા અને અમેરિકા) સહાય મળે છે. બધા દેશો સાથેનો વ્યાપાર સરળ રીતે ચાલે છે. બન્ને વિચારશ્રેણીને ખુશ રાખીને આપણે વિદેશી સહાય તો ઘણી મેળવી શકયા. તેમાં થોડી અતિશયોકિત પણ થઈ.

હોલાન્ડ, ડેનમાર્ક અને સ્વીડન જેવા ટચૂકડા દેશો સુધી આપણું ભિક્ષાપાત્ર પહોંચી ગયું. તેમ છતાં ય ૧૯૬૨માં ચીને હુમલો કર્યો ત્યારે આપણી આંતરિક નબળાઈ છતી થઈ ગઈ. બ્રિટને ત્યારે મદદ કરવામાં ઠંડું વલણ અપનાવ્યું અને અમેરિકા સાથે સહાયના કરાર કરવા પડયા. ચીની હુમલાનો હેતુ જો કે મર્યાદિત હતો. તેણે ગેરકાયદેસર રીતે જે ભૂમિ પચાવી પાડી હતી તેના ઉપર તેણે મજબૂત હક્ક જમાવ્યો અને ભારતની આબરૂને વિશ્વમાં ઝાંખી પાડી.

ઝાંખી પડેલી આ પ્રતિષ્ઠાને આપણે પાકિસ્તાને ૧૯૬૫માં કાશ્મીર ઉપર ફરી હુમલો કર્યો ત્યારે અમુક અંશે ઊજળી કરી શકયા. ચીની હુમલા વખતે અમેરિકા મદદે ચઢયું અને આ વખતે હરાવેલા પાકિસ્તાન સાથે સુમેળ કરવા રશિયા આગળ આવ્યું અને તાશ્કંદ કરાર થયા. તેમાં આપણે એટલી ખત્તા ખાધી કે પાકિસ્તાન પાસેથી થોડીક ભૂમિ મેળવીને આપણે જીતેલી ઘણી ભૂમિ પાછી આપી દીધી અને તેના બદલામાં પાકિસ્તાન ફરીથી હુમલો નહિ કરે તેવી ખાતરી પણ મેળવી ન શકયા.

છેલ્લે પાકિસ્તાને ૧૯૭૧માં પાછી ગુસ્તાખી કરી ત્યારે આપણે તેને બંગલા દેશથી અલગ કરવામાં સફળ થયા અને ફરી આપણો મોભો થોડો ઊંચો આવ્યો. અમેરિકન સહાય સ્થગિત થઈ છતાં આપણું આર્થિક માળખું સદ્ધર થયું હોઈને તેમ જ આંતરિક રાજકારણ સ્થિર હોવાને કારણે આપણે બંગલા દેશના લાખો નિરાશ્રિતોને આપણા ૯૦ લાખ ટન અનાજના બફર સ્ટૉકમાંથી આસાનીથી નિભાવી શકયા. આમ સિમલા કરાર કરતી વખતે આપણો આત્મવિશ્વાસ દષ્ટિગોચર થયો હતો તે માત્ર રાજકીય જીતને કારણે જ નહિ પણ આપણા ધીંગા આર્થિક માળખાને કારણે હતો.

એ હિસાબે આપણે તારણ કાઢી શકીએ કે ભારત સહિત કોઈ પણ દેશની વિદેશનીતિ તે દેશની આર્થિક અને સામાજિક સ્થિતિનું સ્પ પ્રતિબિંબ પાડે છે. નબળું અર્થતંત્ર અને નબળી સામાજિક રચનાનું પ્રતિબિંબ તુરત વિદેશનીતિ ઉપર પડે છે.

આપણા દેશને અન્ય દેશોએ માનથી બોલાવવો પડે છે તેનાં કુદરતી કારણો આપણી તરફેણમાં છે. આપણો દેશ મોટો છે. આપણી ભૌગોલિક સ્થિતિ રાજકીય દષ્ટિએ અનુકૂળ છે. ઉપરાંત આપણી પાસે મજબૂત અને સ્થિર સરકાર છે. આ જમા પાસાની સામે ઉધાર પાસામાં રૂ. ૫૦૦૦ કરોડનું રોકાણ ખાઈ જનારાં જાહેર ક્ષેત્રનાં બિનઉપજાઉ કારખાનાં છે. તેને માટે હંમેશાં વિદેશથી કાચા માલો વગેરે આયાત કરવા મોટું હૂંડિયામણ જરૂરી બને છે. બીજું, આપણું કૃષિક્ષેત્ર હજી પણ વરસાદની દયા ઉપર નભે છે. આને કારણે ૯૦ લાખ ટન અનાજનો બફર સ્ટૉક ચવાઈ ગયા પછી આપણે ભારતમાં અનાજ માટે દુકાનો લૂંટાયાના કિસ્સા સાંભળીએ છીએ.

આમ જ્યાં સુધી આંતરિક સ્થિતિ મજબૂત ન બને અને આપણું અર્થતંત્ર ધીંગું ન બને ત્યાં સુધી એક ગૌરવપૂર્ણ વિદેશનીતિ ઉભારવાનું મુશ્કેલ બનશે.

[૨]

# વર્તમાન આર્થિક પરિસ્થિતિ

**[યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ ડૉ. જે. એસ. રાજના વ્યાખ્યાનનો સારભાગ]**

દેશમાં અત્યારે કોઈ પણ જગ્યાએ દષ્ટિ ફેરવો. દુ:ખ, દર્દ અને આપત્તિનાં ઊંડાં મૂળ બેસી ગયાં હોય તેવું જણાશે. અનાજ લૂંટવાના બનાવો, તંગી, ભાવવધારો અને કાળાં બજારની રોકકળ સંભળાય છે. વિટંબણાઓ જાણે રોજની વસ્તુ બની ગઈ છે. આ સ્થિતિ દેશને કયાં લઈ જશે તેવો પ્રશ્ન થાય. ઘણી વખત તો એવો પણ પ્રશ્ન ઊભો થાય છે કે આ તકલીફો કોણે પેદા કરી? બહારની કોઈ ગેબી શકિત તો આ આપદા ઊભી કરતી નથી ને તેવી પણ શંકા જાય છે.

આપણી આર્થિક હાલતને તપાસતી વખતે આપણે કોઈ રોગીને તપાસીએ ત્યારે જે તપાસ અને નિદાન કરીએ છીએ તે રીતે આપણે હાલની આર્થિક હાલતને જોઈએ. રોગીને તપાસતી વખતે આપણે તેના શરીરના બંધારણને જોઈએ છીએ. તેની ટેવો અને વર્તણૂકને તપાસીએ છીએ. રોગ કઈ જાતનો છે તે નક્કી કરીએ છીએ અને પછી ઈલાજ શોધીએ છીએ.

એ દષ્ટિએ જોઈએ તો આપણા અર્થતંત્રના બંધારણને પ્રથમ ચકાસવું જરૂરી છે. ચાર પાંચવર્ષીય યોજનાઓ પછી પણ આપણે આપણને ઉદ્યોગીકરણ પામેલા દેશ તરીકે ઓળખાવી શકતા નથી. હજી પણ આપણું અર્થતંત્ર ખેતી ઉપર ઘણું નિર્ભર રહે છે. દેશની કુલ કાચી રાષ્ટ્રીય પેદાશનો ૫૦ ટકા હિસ્સો આપતા કૃષિક્ષેત્રની કુલ જમીનમાંથી માત્ર ૨૦ ટકા જમીનને જ આપણે સિંચાઈ હેઠળ લાવી શકયા છીએ. બાકીની ૮૦ ટકા મેઘરાજાની દયા ઉપર જીવે છે! પેટ્રોલિયમ અને બિન-લોહ ધાતુની બાબતમાં આપણે સ્વાવલંબી નથી. પેટ્રોલિયમની આપણી જરૂરિયાતના ૨૫ ટકા જ આપણે ઘરઆંગણે પેદા કરી શકીએ છીએ. બળતણની તંગી અને વીજળીની તંગી આપણે ભોગવીએ જ છીએ. એલ્યુમિનિયમ સિવાયની બિન-લોહ ધાતુમાંની ઘણી ધાતુઓ આપણે આયાત કરવી પડે છે. વળી બોકસાઈટ નામના ખનિજમાંથી એલ્યુમિનિયમ બને છે તે બોકસાઈટ પણ અન્ય દેશો જેવી ગુણવત્તા ધરાવતો નથી. વીજળીની તંગી ટાળવા માટે આપણે અણુવીજળીના ક્ષેત્રે પ્રવેશ્યા છીએ. છતાં ય વીજળીની માગ એટલી બધી છે કે એકાદ ચોમાસું નિષ્ફળ જાય એટલે વીજળીની તંગી અનુભવતા થઈ જઈએ છીએ.

જો કે પેટ્રોલિયમ, નોન-ફેરસ ધાતુ કે શકિતનાં સાધનો થકી જ કોઈ દેશના બંધારણની રચના થતી નથી. કોઈ પણ દેશનું માનવબળ અને તે બળની ગુણવત્તા પણ ટાંચાં સાધનોના શ્રેષ્ઠ ઉપયોગ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. સદ્ભાગ્યે આપણા દેશમાં કામદારો અને બુદ્ધિશાળી વર્ગની ગુણવત્તા ઘણી જ સારી છે. આપણા કામદારને યોગ્ય તાલીમ મળે તો યુરોપના કોઈ પણ કુશળ કારીગરની બરોબરી કરે તેવો તે બને છે. દા. ત. કોઈમ્બતુરની યંત્રો બનાવતી એક કંપનીએ સ્વિટ્ઝરલેન્ડમાં બને છે તેવી જ ટેકસ્ટાઈલ મશીનરી બનાવીને વિદેશીઓની પ્રશંસા મેળવી હતી. પૂર્વ જર્મનીના એક ઈજનેરી કોન્ટ્રાકટમાં ૨૨૦ જેટલા ભારતીઓએ ઉત્તમ કુશળતા બતાવી છે.

પરંતુ જાપાનમાં જે રીતે કામદારો તેમના ઉદ્યોગ સાથે કે પેઢી સાથે ઓતપ્રોત થઈ જાય છે, તે પ્રકારે આપણા કામદારો મોટે ભાગે થઈ શકતા નથી. પેઢીને પોતાની નહિ પણ કોઈ પારકી માનવાનો આ અભિગમ આપણા પોલાદનાં કારખાનાંને ઊંચાં જ આવવા દેતો નથી. વળી આર્થિક ક્ષેત્રે જે પ્રકારની નેતાગીરીની જરૂર છે તેની ઊણપ દેખાય છે. એ હિસાબે આપણે રોગીના બંધારણને તપાસીએ છીએ, એટલે કે આર્થિક બંધારણને તપાસીએ છીએ ત્યારે આર્થિક નેતાગીરીમાં કયાં ખોટ રહી ગઈ છે તે પણ જોવું જોઈએ. આપણે આ વાતને જુદી રીતે સમજવા જાપાનનો દાખલો લઈએ. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનમાં પારાવાર તંગી હતી. જાપાનના નેતાઓએ અને ઉદ્યોગપતિઓએ નિર્ણય લીધો કે ટચૂકડા અને સુંવાળા ઉદ્યોગો ઉપર બહુ મદાર ન બાંધવો. ભારે ઉદ્યોગો જેવા કે જહાજવાડા, ઈલેકટ્રૉનિકસ અને ઈજનેરી ઉદ્યોગને અગ્રતા આપવી. આવો નિર્ણય લેવાયો એટલે જાપાનની સરકાર,

બેંકો, નાણાં સંસ્થાઓ અને ઔદ્યોગિક કંપનીઓ એકરાગ થઈને મંડી પડી. કોઈના મોઢામાંથી અલગ સૂર જ નહોતો નીકળતો. પરવાનાની કોઈ લમણાઝીંક નહોતી. ટેબલ ઉપર બેસીને જ તમામ પ્લાનની પતાવટ થઈ જતી. જાણે આખું રાષ્ટ્ર એક બનીને ઉદ્યોગો પાછળ મચી પડ્યું. અને તેનું પરિણામ જુઓ. અત્યારે જાપાન વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશોમાં ત્રીજે નંબરે છે અને ઈલેકટ્રોનિકસમાં બધાને હંફાવે છે. આપણા દેશમાં આ પ્રકારની એકરાગતા છે ખરી? જાપાને જે નૈતિક બળ અને તાલમેળનું દર્શન કરાવ્યું તે આપણે બતાવી શકતા નથી.

બીજું, આપણે દર્દીની ટેવો જોઈએ. એટલે કે આપણા અર્થતંત્રના ઈતિહાસને અને તે દરમિયાન આપણે લીધેલા નિર્ણયો અને અભિગમને તપાસીએ. કેટલાક ચાવીરૂપ આર્થિક નિર્ણયોને કારણે જ હાલની આપણી સબળાઈ કે નબળાઈ દેખાય છે તે આપણે સૌપ્રથમ સ્વીકારવું જોઈએ. સ્વતંત્રતાનાં થોડાં વરસ બાદ આપણે આયોજિત અર્થતંત્ર પસંદ કર્યું. તેમાં કાંઈ ખોટું નહોતું. રશિયા અને ચીને પણ આયોજન કર્યું હતું. પરંતુ ભારતમાં ઉત્પાદનનાં સાધનો કેન્દ્રીકરણ પામ્યાં નહોતાં. આપણે મિશ્ર અર્થતંત્રનો આશરો લીધો. પરવાનાઓ, પરમિટો અને આયાત માટે હૂંડિયામણની ફાળવણી કે પ્રતિબંધોનો આશરો લીધો.

ઉપરાંત ૧૯૫૦ના દાયકામાં આપણે ખેતીને બદલે ઉદ્યોગોને અગ્રતા આપવાની અને ઉદ્યોગો તરફ વધુ રાષ્ટ્રીય સાધનો વાળવાની નીતિ અપનાવી તે નિર્ણય પણ સાચો હતો. ઘણા કૉંગ્રેસીઓ ત્યારે કૃષિક્ષેત્રને અગ્રતા આપવાનું કહેતા હતા. પરંતુ ખેતીને અદ્યતન બનાવવા માટે ખાતર, ટ્રેકટર, પંપ અને વીજળીની જરૂર પડે છે અને એ તમામ ચીજો ઔદ્યોગિક વિકાસ થાય તો જ મળે તેમ હતી. બીજી પંચવર્ષીય યોજનાના આરંભથી પાછા આપણે ભારે ઉદ્યોગો અને પાયાના ઉદ્યોગો તરફ વળ્યા. આપણે ત્યારે રશિયન મૉડેલની ઔદ્યોગિક નીતિથી પ્રભાવિત થયા હતા. આ બારામાં આપણે રશિયાનો એક કડવો અનુભવ ટાંકવો જોઈએ. ભારે ઉદ્યોગોમાં પડેલા રશિયામાં હજી જે કાપડ કે પગરખાં બને છે છે તે વપરાશી ચીજો ઉપર ધ્યાન દેવાયું ન હોઈને તે ચીજો ભારત જેવી ગુણવત્તા પણ ધરાવતી નથી.

૧૯૫૦ના દાયકાના અંત ભાગમાં ઔદ્યોગિક નીતિ વિષયક ઠરાવ પછી આપણે સરકારી માલિકીના ઉદ્યોગોનું વિસ્તરણ કરવા માંડયા. જો કે અન્ય ઘણા દેશોની સરખામણીએ આપણા ખાનગી ક્ષેત્રનું પ્રમાણ જાહેર ક્ષેત્ર કરતાં નીચું છે. સ્વીડનમાં મોટા ભાગના ઉદ્યોગો સરકાગી ક્ષેત્રે છે. પરંતુ સરકારી સાહસનો અનુભવ બતાવે છે કે જ્યાં એક જ સ્વરૂપની કે સમાન કક્ષાની પેદાશ હોય ત્યાં સરકારી સાહસ વધુ ઉપયોગી નીવડે છે. દા. ત. ટપાલ સેવા, ટ્રાન્સપોર્ટ અને રેલવે વગેરેમાં સ્પર્ધાનું તત્ત્વ ન હોઈને તેમાં સરકારી ક્ષેત્ર સારું કામ કરી શકે છે. પરંતુ વપરાશી માલો માટે સરકારી ક્ષેત્રની ઘણી મર્યાદાઓ આવી જાય છે. આવી ચીજોમાં સરકારી સાહસ નફો ન કરે તો અગર ઓછો કરે તો કોઈ બોલતું નથી પણ નુકસાન કરે છે એટલે તરત જનતાની આંખે ચઢે છે. આપણે ધીરે ધીરે પાયાના ઉદ્યોગથી શરૂ કરીને વ્યાપારી પ્રવૃત્તિ, સહકારી પ્રવૃત્તિ, હસ્તકારીગીરીના ઉદ્યોગો વગેરે તમામમાં સરકારી ક્ષેત્રનું વિસ્તરણ કરવા લાગ્યા છીએ. રાજ્ય સરકારોને ય જાણે ચેપ લાગ્યો હોય તેમ તામિલનાડુને તે રાજ્યની એક એલ્યુમિનિયમ કંપનીનું રાષ્ટ્રીયકરણ કરવાની તલબ લાગી હતી.

અધૂરામાં પૂરું આપણે દેશના તમામ નાણાસાધનોની ફાળવણીનું કેન્દ્રીકરણ કરી નાખ્યું છે. પરવાના, વિદેશી હૂંડિયામણ, વિદેશી મૂડીરોકાણ વગેરે બાબતોમાં કેન્દ્રની પરવાનગીની જરૂર રહે છે. અગ્રતાક્રમ નક્કી કરવામાં પણ કેન્દ્ર ઉપર મીટ માંડવાની રહે છે. જ્યારે દેશ મોટો હોય ત્યારે આ પ્રકારનું કેન્દ્રીકરણ ઔદ્યોગિક વિકાસમાં બાધારૂપ નીવડે છે.

ઉપર આપણે રોગીનું બંધારણ અને તેની ટેવનો ઈતિહાસ જોયો. હવે તેના રોગને જોઈએ. એટલે કે વર્તમાન સ્થિતિ શું છે તેને ઉપરના પૃથક્કરણના ઉપલક્ષમાં જ જોઈએ. ઉપર જણાવેલા આર્થિક બંધારણ અને આપણે લીધેલા આર્થિક નિર્ણયોની પ્રક્રિયામાં જે કાંઈ સાચુંખોટું થયું તેના પરિપાકરૂપે આપણે વર્તમાન વિષમ આર્થિક પરિસ્થિતિનો અનુભવ કરીએ છીએ.

તંગીવાળી ચીજોના ભાવો વધ્યા જ કરે છે અને તેને વધુ ઉત્પાદનથી પહોંચી વળવાનું આપણા હાથમાં રહેતું નથી ત્યારે આપણે અન્ય રસ્તાઓ અજમાવીએ છીએ. આપણે કેવી રીતે આ સ્થિતિને પહોંચી વળીએ છીએ કે હાલમાં કેવી નીતિ અપનાવીએ છીએ તે સીધી રીતે કહેવાને બદલે હું બે વિભિન્ન પ્રકારની નીતિ અપનાવતા દેશોનો દાખલો આપીશ.

રશિયાએ તમામ ચીજોનું વિતરણ સરકાર હસ્તક લીધું અને અમુક 'લકઝરી'ની ગણાય તેવી ચીજો ઉપર 'ટર્ન - ઑવર - ટેકસ' નાખીને રોજિંદા વપરાશની ચીજોને સસ્તી કરવાનો પ્રયાસ કર્યો. બીજી બાજુ લેટિન અમેરિકન દેશોએ તેમના ફુગાવાને સરકારી મંજૂરીની મહોર મારી, એટલે કે કામદારો વધુ વેતન માગે તો આપવા માંડયા અને સામેથી કંપનીઓને પણ કરવેરામાં રાહત આપી. નિકાસને ક્ષેત્રે લેટિન અમેરિકન દેશોના માલ ન પરવડે એટલે તેના ઉપાય તરીકે દર વર્ષે પોતાના ચલણનું નિયમિત રીતે અવમૂલ્યન કરવા માંડયું. આવી રીતે ફુગાવાની સામે વિધિસર રીતે જ માથું નમાવીને લેટિન અમેરિકન દેશોએ વિકાસનો વૃદ્ધિવેગ હાંસલ કરવા માંડયો.

એ હિસાબે આપણે હવે વર્તમાન આર્થિક બીમારી માટે કેવો રસ્તો અપનાવવો તે અર્થશાસ્ત્રીઓના હાથની વાત રહી નથી. રશિયન મૉડેલને અપનાવવું કે લેટિન અમેરિકન દેશોનો રસ્તો અપનાવવો કે ભારતને અનુરૂપ હોય તેવો ઈલાજ શોધવો તે હવે રાજકારણીઓના હાથની વાત છે. પણ દેશનું મૂળભૂત કાઠું મજબૂત છે એટલે દર્દી મરશે નહિ તે ચોક્કસ છે.

[ ૩ ]

# આર્થિક બીમારીના સરકારી ઈલાજો ઊંધી દિશાના

[ગોખલે ઈન્સ્ટિટયૂટ ઑફ પોલિટિકસ એન્ડ ઈકોનોમિકસ, પૂનાના ડાયરેકટર પ્રો. વી. એમ. દાંડેકરના વ્યાખ્યાનનો સારભાગ]

હાલની આર્થિક સમસ્યાના સ્વરૂપને ખરેખર તો કોઈ સમજી શકતું નથી છતાં બધાય વર્તમાન આર્થિક પરિસ્થિતિ અંગે જુદી જુદી વાતો કરે છે. પણ ઊડીને આંખે વળગે તેવાં આર્થિક બીમારીનાં બે લક્ષણો આપણે જાણીએ છીએ: સર્વત્ર ચીજોની તંગી અને ખાસ કરીને આવશ્યક ચીજોની તંગી વરતાય છે. તેમાં અનાજની તંગીને કદાચ આપણે કામચલાઉ ગણી શકીએ. વરસાદ બરાબર પડયો નથી એટલે તંગી ઊભી થઈ છે. આવતે વર્ષે વરસાદ પડે તો વળી અનાજની તંગી નિવારી શકાશે તેવી આશા રાખી શકાય. પરંતુ વીસ વર્ષના આયોજન પછી પણ આપણે વીજળી, સિમેન્ટ, કાગળ, દૂધ અને બીજી આવશ્યક ચીજોની તંગીને નિવારી શકયા નથી. આયોજકો વીજળીની વિશાળ માગને જાણતા હતા છતાંય આપણે તે બાબતમાં ઊંઘતા રહ્યા છીએ.

અહીં એ સમજી લેવું જોઈએ કે ૨૦ વર્ષ પહેલાં પણ આપણે અન્નની તંગી અનુભવતા હતા, પરંતુ તે સમયની અને અત્યારની પરિસ્થિતિ જુદી છે. હવે આપણે વિકસિત અર્થતંત્રની જટિલતામાં પહોંચ્યા છીએ. એક ચીજની તંગી અન્ય ક્ષેત્રમાં કડીબદ્ધ તંગીની અવસ્થા ઊભી કરે છે. વીજળી ન હોય તો સિમેન્ટ પૂરી ન બને અને સિમેન્ટ ન હોય તો બાંધકામ મંદ પડે; અને બાંધકામ મંદ પડે તો રહેણાક અને રોજગારી ઉપર અસર પડે છે.

વર્તમાન આર્થિક સમસ્યાનું બીજુ અંગ વધતા ભાવોમાં દૃષ્ટિગોચર થાય છે. વધતા ભાવોને વશમાં લેવાનું સરકારના હાથમાં રહ્યું નથી. વળી સરકાર જાણતી પણ નથી કે વધતા ભાવને કેવી રીતે નાથવા! સરકાર મથામણ તો કરે જ છે, પણ ભાવવધારા માટે બીજાને હોળીનું નાળિયેર બનાવે છે અને ખોટી દિશામાં પગલાં લે છે.

પણ આર્થિક સમસ્યાનું ત્રીજું એક મહત્ત્વનું પાસું છે તે જાણવા અને સમજવા જેવું છે. સરકારની સમજ આર્થિક સમસ્યાના હાર્દ સુધી પહોંચી નથી. એટલે સરકાર આર્થિક બીમારીને હટાવવા જે ઈલાજ શોધે છે તે કદાચ આપણને વધુ હાડમારી

ભણી લઈ જાય તેવો ડર લાગે છે. અત્યારની સરકાર પોતાને વચનબદ્ધ કહેવડાવે છે. એટલે તેણે તંગી નિવારવા અને ભાવ-વધારાને રોકવા માટે કંઈક નક્કર કરવું જ જોઈએ. તેને માટે ઉત્પાદન વધારવાનો સીધો રસ્તો છે. પણ તે વાતને અગ્રતા આપવાને બદલે સરકાર અન્ય હથિયારો વાપરે છે. તેમાં મુખ્યત્વે (૧) બજારોનું નિયમન અને અંકુશો; અને (૨) રાષ્ટ્રીયકરણનું વિસ્તરણ એ બે હથિયારો સરકાર વાપરે છે.

સરકાર એક અમલદારની મનોવૃત્તિ રાખીને કામ કરતી જણાય છે. જિલ્લાનો કલેકટર ચીજોની તંગી નિવારવા બિચારો શું કરે? તેના જિલ્લાની અંદર માલની હેરફેર પર પ્રતિબંધ મૂકે અગર તો ભાવો ઉપર અંકુશ મૂકે. ચીજોનો પુરવઠો વધારવાની વાત તેના હાથની નથી. તે રીતે જ સરકાર અને તેનું ઉચ્ચ વહીવટી તંત્ર અંકુશો અને નિયમન દ્વારા તંગીને ટાળવા મથે છે. જો કે અહીં એ સ્પષ્ટ કરવા માગું છું કે હું મુકત વેપારનો હિમાયતી નથી. આયોજિત અર્થ-તંત્રમાં અમુક પ્રમાણમાં નિયમનો અને અંકુશો જરૂરી છે જ.

પરંતુ સરકાર અંકુશો અને નિયમનો વાપરે ત્યારે તેણે બજારના માગ અને પુરવઠાનાં પરિબળો અને આખા બજારની તંત્ર–વ્યવસ્થા (માર્કેટ મિકેનિઝમ)ને સમજવાની જરૂર છે. આપણું અર્થતંત્ર આ બજારની તંત્ર–વ્યવસ્થા હેઠળ ચાલે છે. લક્ષ્યાંકો ઠરાવ્યા હોય કે અમુક માગ ઊભી થવાની હોય તેની સામે ઉત્પાદન તો કરવું જ જોઈએ. હવે કોઈ પણ સરકાર જ્યારે અંકુશનું હથિયાર અજમાવવા માગે ત્યારે આ બજારની તંત્ર-વ્યવસ્થાને ન સમજે તો ગરબડ ઊભી થાય છે. ઉત્પાદકની પોષણક્ષમતા જાણ્યા વગર નીચા ભાવ ઠરાવાય તો ઉત્પાદન વધે નહિ. પછી તો ઠરાવેલા નીચા ભાવો જ અસ્તિ-ત્વમાં રહે અને માલનું કયાંય અસ્તિત્વ ન હોય! સરકારે બજારની તંત્ર-વ્યવસ્થાને સમજ્યા વગર અંકુશો મૂક્યે રાખ્યા એને કારણે આવશ્યક ચીજોની તંગી વધવા માંડી.

જ્યારે ઉત્પાદકને લાગ્યું કે અંકુશિત બજારવાળી આવશ્યક ચીજોમાં નફો નથી ત્યારે ઉત્પાદકો મોજશોખની અને બિનઆવશ્યક ચીજોના નિર્માણમાં પડવા માંડયા. આને કારણે અત્યારે આવી બિન-આવશ્યક ચીજોના ગંજ ખડકાયા છે. સવારે છાપું ખોલો તો આ મોજશોખની ચીજો માટે ગ્રાહકો શોધવા માટે મોટી મોટી જાહેર-ખબરો જોવા મળશે. નવાઈની વાત એ છે કે આ બધી બિન-જરૂરી અને ગંદી જાહેરખબરો છાપવા માટે આપણે ન્યુઝપ્રિન્ટની આયાતમાં મોટું હૂંડિયામણ વેડફીએ છીએ! મોજશોખની ચીજો ખપાવવા માટે જાહેરખબરો છપાવવી પડે છે, ત્યારે આવશ્યક ચીજો ભૂગર્ભમાં ચાલી ગઈ છે. એ ચીજોમાં ગ્રાહક માલની પાછળ ફરે છે. બજારનાં પરિબળોને સમજ્યા વગર અંકુશો આવ્યા તેને કારણે બીજી વિપરીત અસર એ થઈ કે આપણા જ ઉદ્યોગપતિઓ દેશની કાગળની તંગીને એમ ને એમ રહેવા દઈ વિદેશમાં કાગળનાં કારખાનાં સ્થાપે છે. ભારતમાં સિમેન્ટની તંગી છે તો પણ ભારતમાં આપણો ઉદ્યોગપતિ સિમેન્ટનું કારખાનું સ્થાપતો નથી અને પરદેશમાં કારખાનું સ્થાપે છે, ઉદ્યોગપતિને કારખાનાઓ સ્થાપવા ભારતનું વાતાવરણ અનુકૂળ જણાતું નથી.

આ દુર્મેળવાળી આર્થિક પ્રક્રિયામાં બીજું એક કમનસીબ તત્ત્વ ઉમેરાયું છે અને તે છે રાજકારણ. હકીકતમાં તો સમજ વગરના અંકુશો અને નિયમનો એક પ્રકારે રાજકીય પક્ષના તંત્રને મજબૂત બનાવવા અને પક્ષના ભંડોળને તરબતર કરવામાં ઉપયોગી થાય છે. કેટલાક મુકત વેપારના હિમાયતીઓ મુકત વેપારની વાતો કરે છે, પણ જો તેમ થાય તો તે તગડા લોકો એક દિવસ પણ મુકત અર્થતંત્રમાં જીવી ન શકે. ઊલટાનું હાલનાં અંકુશો અને નિયમનો જેમ રાજકારણીઓને જીવતા રાખે છે તેવી જ રીતે તે ઉદ્યોગ-પતિઓ અને વ્યાપારીઓને તગડા રાખે છે. સામાન્ય સમજની વાત છે કે ચીજો ઉપરના અંકુશો કે પ્રતિબંધોને નાનો માણસ–એટલે કે સામાન્ય જનતા ઉલ્લંઘી શકતી નથી, પરંતુ માલદાર માણસો અંકુશોના ગાળિયામાંથી સહેલાઈથી છટકી શકે છે. આમ અંકુશો આખરે તો સામાન્ય જનતા માટે આફતરૂપ બને છે.

આવી સ્થિતિ છતાં સરકાર સમાજવાદની વાતો કરે છે અને તે સમાજવાદના અમલ માટે રાષ્ટ્રીયકરણ અને જાહેર ક્ષેત્રના વિસ્તરણનું સહેલું હથિયાર અજમાવે છે. જાહેર ક્ષેત્રમાં સંચાલકીય કુશળતાની ખામી મૂળભૂત ઠરી છે અને તેને કારણે આપણે નુકસાન કરીએ છીએ. આ નુકસાનથી આપણે એટલા ટેવાઈ ગયા છીએ કે અમુક અર્થ-શાસ્ત્રીઓ એમ પણ કહેવા લાગ્યા છે કે "જાહેર ક્ષેત્ર તો નુકસાન જ કરતું હોવું જોઈએ." રાષ્ટ્રીયકરણનો માપદંડ વિચિત્ર છે. અમુક ઉદ્યોગ નુકસાન કરે છે કે ગેરવહીવટ કરે છે એટલે તેનું રાષ્ટ્રીયકરણ થાય છે. પણ રાષ્ટ્રીયકરણ થયા પછી શું થાય છે? સરકાર પોતે નુકસાન કરે છે. આમ સરકાર નુકસાન કરી શકે છે, તેનાં સાહ–સોમાં ગેરવહીવટ ચાલે છે, પણ ખાનગી ક્ષેત્રને તેમ કરવાની છૂટ નથી.

જાહેર ક્ષેત્રનાં સાહસોનું જતન કરવાને બદલે તે રાજકીય પક્ષ માટેના અખાડા બન ગયા છે. તેના વડા તરીકે ચૂંટણીમાં હારેલા ઉમેદવારો કે નિવૃત્ત સરકારી અમલદારોને મૂકવામાં આવે છે. વળી આ સરકારી કારખાનાના સંચાલકોનાં માનસ પણ જોવા જેવાં છે. અગાઉના રાજાના દીવાન જેવું માનસ આ સંચાલકો ધરાવે છે. દીવાનો રાજા, રાણી, રાજકુમાર અને રાજકુમારીને જાણતા, પણ પ્રજાને જાણતા નહિ. તે રીતે સંચાલકો માત્ર કયા પ્રધાનને રીઝવવાથી કામ ચાલે છે તે વાત વધુ જાણે છે. આમ જાહેર ક્ષેત્રની ઉત્પાદકતા વધારવા કે નફાકારકતા વધારવાની બાબત ગૌણ બની જાય છે. જ્યારે આ ક્ષેત્રનું વિસ્તરણ જ થતું જશે અને ખાનગી ક્ષેત્ર સાંકડું થશે અને તેના દ્વારા મળતા કરવેરા ઓછા થશે ત્યારે જાહેર ક્ષેત્રનો જંગી ખર્ચ કયાંથી કાઢીશું તેનો કોઈ વિચાર કરતું નથી. બીજી પંચવર્ષીય યોજના ઘડતી વખતે આપણે સ્વપ્નાં સેવતા હતા કે જાહેર ક્ષેત્ર જે નફો કરશે તેમાંથી આખી ચોથી યોજનાનો ખર્ચ નીકળશે. પણ અત્યારે તો સ્થિતિ એવી છે કે આખી ચોથી યોજનાનો ખર્ચ જાહેર ક્ષેત્રનાં સાહસોનું નુકસાન ખાઈ જશે!

નોંધવા જેવી વાત એ છે કે જાહેર ક્ષેત્રના કે અન્ય કર્મચારીઓએ સમાજવાદની વિચારશ્રેણી પચાવી નથી. જાહેર ક્ષેત્રના મોટા કર્મ-ચારીઓ મોજશોખથી રહે છે. તેની આ રહેણીકરણી જોઈને નાના કામદારો પણ ઊંચાં વેતનો માગે છે. એ હિસાબે જાહેર ક્ષેત્ર કે ખાનગી ક્ષેત્રના કામદારોના માનસમાં કોઈ તફાવત નથી. દેશના કુલ ૧૫ કરોડના માનવબળમાં ૧૦ કરોડ કૃષિક્ષેત્રમાં અને ૫ કરોડ બિનકૃષિક્ષેત્રમાં છે. આ માનવબળમાંથી ૨ કરોડ જેટલા કામદારો વ્યવસ્થિત ક્ષેત્રમાં છે. સરળ ભાષામાં એમ કહી શકાય કે ૨ કરોડ કામદારો હડતાળ પાડી શકે તેવી સ્થિતિમાં છે. આ લોકો ભાવવધારાની સાથે વેતનવધારો માગ્યા કરે છે અને તેથી ફુગાવાનું વિષચક્ર ચાલ્યા જ કરે છે.

[૪]

# વિદેશનીતિનું ઘડતર

**[શ્રી ગગનવિહારી મહેતાના વ્યાખ્યાનનો સારભાગ]**

વિદેશનીતિ એ ગહન વિષય છે. વિદેશી બાબતો અંગે આપણે અનભિજ્ઞ છીએ કારણ કે તે બાબતો સમજવી સહેલી નથી. એ સમજાય ત્યારે જ તેની ગંભીરતાનો ખ્યાલ આવે. એક ટૂચકો છે. રસ્તા ઉપર એક માણસ ચાલ્યો જતો હતો. તેને બીજો માણસ સામો મળ્યો. કંઈ પૂછયા વગર તે માણસને એક થપાટ મારી દીધી. થપાટ ખાનારા માણસે પૂછયું "કેમ ભાઈ, કંઈ કારણ? મેં આજે તારું શું બગાડયું છે?" જવાબમાં પેલા માણસે કહ્યું, "તેં આજે કંઈ કર્યું નથી, પણ છ મહિના પહેલાં તેં મને હિપોપોટેમસ કહ્યો હતો અને ત્યારે મને ખબર નહોતી કે હિપોપોટેમસ શું છે? પણ ગઈ કાલે હું પ્રાણીસંગ્રહાલયમાં ગયો ત્યારે હિપોપોટેમસ શું છે તેની ખબર પડી."

વિદેશી બાબતોનું પણ આમ છે. તે ન સમજાય ત્યાં સુધી તેના કદનો કે સ્વરૂપનો ખ્યાલ આવતો નથી. હું અહીં ભારતની કે અમેરિકાની કે બીજા કોઈ દેશની વિદેશીનીતિ વિષે નહિ કહું પરંતુ વિદેશનીતિ એટલે શું? તે સમજવા માટે હું "વિદેશ નીતિ એટલે શું નહિ?" તેવો અભિગમ લઈને વિદેશનીતિની વાતને સ્પષ્ટ કરવા પ્રયાસ કરીશ.

ભવ્ય અને ઊંચા સિદ્ધાંતોની ઉદ્ઘોષણામાં જ વિદેશનીતિ સમાઈ જતી નથી. બીજા લોકોએ એટલે કે અન્ય દેશોએ શું કરવું

જોઈએ તેવી ડાહી ડાહી શિખામણો પણ આપણે આપી શકીએ નહિ. ૧૯૫૦ના દાયકામાં ભારતમાં આ પ્રકારનું વલણ દેખાતું હતું પણ ૧૯૬૨માં ચીની હુમલો થયો તે પછી બીજા દેશોને મોટી મોટી શિખામણો આપવાનું જે વલણ હતું તે અદશ્ય થઈ ગયું. આપણે તો ઘણું ઈચ્છીએ કે આપણા દેશને બધા વખાણે. અમેરિકનોને પણ આવી ટેવ છે. અમેરિકનોને એવી વાત ગમે છે કે અન્ય દેશોના લોકોને પણ અમેરિકનો બહુ ગમે. પરંતુ તે હમેશાં શકય નથી.

વળી વિદેશનીતિમાં લાગણીવેડાને પણ બહુ સ્થાન નથી. વિદેશનીતિ ઘડવામાં આપણે વધુ પડતા આદર્શવાદી કે લાગણી-પ્રધાન થઈએ તો આપણો દષ્ટિકોણ ધૂંધળો બની જાય છે. દા. ત. થોડા મહિના પહેલાં બ્રિટન સાથેના આપણા વ્યાપાર કરારનો પ્રશ્ન આવ્યો ત્યારે લોકસભામાં ઘણા સભ્યો ઉશ્કેરાઈને બોલતા હતા કે "બ્રિટન આપણને વ્યાપારમાં સગવડો ન આપે તો આપણે રાષ્ટ્રકુળમાંથી નીકળી જવું જોઈએ." આ પ્રકારનો ઉશ્કેરાટ કે અધીરાઈ ચાલે નહિ. આ અધીરાઈની સામે આપણે બ્રિટનનો દાખલો લઈએ. ડિસેમ્બર ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધ સમયે બ્રિટનની રૂઢિચુસ્ત સરકારે પણ ખૂબ જ સમતોલ રીતે અને ન્યાયપૂર્ણ રીતે વર્તન કરીને ભારતના પ્રશ્નને નૈતિક ટેકો આપ્યો હતો. બીજો દાખલો લઈએ. ચીને અમેરિકાને ગાળો ભાંડવામાં કંઈ બાકી રાખ્યું નથી. પરંતુ પ્રમુખ નિકસને ચીન સાથેના સંબંધો બાંધવામાં આ ગાળો પ્રત્યે કોઈ ધ્યાન આપ્યું નથી. એટલે કોઈપણ દેશે વિદેશીનીતિના ઘડતર વખતે તત્કાળના પ્રસંગો કે ક્ષુલ્લક વાતોને લક્ષ્યમાં લઈને કે ધૂંધવાઈ જઈને લાંબા ગાળાના દષ્ટિકોણને ભૂલવો ન જોઈએ.

ઘણી વખત ખોટી ભ્રમણા અને વધુ પડતા આત્મવિશ્વાસને કારણે વિદેશનીતિનું ખોટું ઘડતર થઈ જાય છે. અમેરિકાને ૧૯૫૬ની આસપાસનાં વરસો દરમિયાન ભ્રમણા હતી કે તે જગતમાં સૌથી વધુ બળવાન દેશ છે અને તેની સર્વોપરિતા અજેય છે. પરંતુ આપણે જોયું કે અમેરિકાની આ અજેયતા વિયેટનામમાં પોકળ પુરવાર થઈ. વળી અમુક દેશ આપણો કાયમનો દોસ્ત છે કે કાયમનો દુશ્મન છે તેવી ભ્રમણા રાખવી ન જોઈએ. "રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત નથી હોતો કે કોઈ કાયમી દુશ્મન નથી હોતો; રાજકારણમાં હમેશાં કાયમી હિતો હોય છે." ચીન આ નીતિ અનુસરે છે. ચીન હમેશાં પોતાના રાષ્ટ્રહિતને આગળ રાખીને જ વિદેશનીતિ ઘડે છે.

દરેક દેશે વિદેશનીતિનાં ઉચ્ચારણો કરતી વખતે પોતાની શકિતનો પણ ખ્યાલ કરવો જોઈએ. આર્થિક શકિત કેટલી છે તેનો પણ અંદાજ રહેવો જોઈએ. અમુક મોટા સિદ્ધાંતોની વાત કરીએ અને પછી તેનું પાલન ન કરી શકીએ ત્યારે અન્ય દેશોની સામે આપણે હાંસીપાત્ર બનીએ છીએ. દા. ત. ઓકટોબર ૧૯૫૬માં હંગેરીએ રશિયા સામે માથું ઊંચકયું ત્યારે વોઈસ ઓફ અમેરિકાનાં પ્રસારણોમાં હંગેરીના લોકોને બળવા માટે મોટા મોટા પ્રેરણાના શબ્દો કહેવાતા હતા. પરંતુ હંગેરીના બળવામાં રશિયા સામે અમેરિકાએ કશી જ મદદ ન કરી. આ બાબતમાં અમેરિકાના ત્યારના વિદેશમંત્રી શ્રી જોન ફોસ્ટર ડલેસને પૂછવામાં આવ્યું ત્યારે તેણે એટલો જ ખુલાસો આપ્યો કે "અમે મદદ કરીએ તો અણુયુદ્ધ ફાટી નીકળે." જો અમેરિકા આ પ્રકારે લાચાર હતું તો વોઈસ ઓફ અમેરિકાએ પ્રસારણોમાં બહુ બહાદુરી બતાવવાની જરૂર નહોતી.

આપણું રાષ્ટ્રહિત જાળવવા જતાં અન્ય રાષ્ટ્રનું હિત જોખમાતું હોય તેવી વિદેશનીતિ ઘડી શકીએ નહિ. સંયુકત રાષ્ટ્રસંઘની રચના આ માટે જ થઈ છે. સંયુકત રાષ્ટ્રસંઘના સભ્ય બનીને અમુક અંશે દરેક દેશે પોતાની સાર્વભૌમ સત્તાને મર્યાદિત બનાવી છે. અત્યારે તો અણુશકિત ધરાવતા દેશો પણ અન્ય દેશોના હિત પરત્વે દુર્લક્ષ રાખીને વરતી શકતા નથી. કારણ કે હવે બીજા દેશો પાસે પણ અણુશકિત છે. આમ અત્યંત શકિતશાળી એવાં તમામ રાષ્ટ્રોને અણુશકિતએ શકિતહીન બનાવી મૂકયાં છે.

વિદેશનીતિ શબ્દોની વ્યૂહરચના જેવી જડ નથી. રાજકીય સ્થિતિ અને સંયોગો બદલાય છે તે પ્રકારે આપણા અભિગમ અને વલણ પણ બદલાય છે. ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધ પછી સ્થિતિ બદલાઈ હતી. તે પહેલાં આપણાં વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ બંગલા દેશમાં પાકિસ્તાની અત્યાચાર અને નિરાશ્રિતોના પ્રવાહને ધીરજથી સહન કરી લેવો પડયો હતો. સમગ્ર સંઘર્ષ દરમિયાન આપણે મુત્સદ્દીને શોભે તે રીતે ધીરજથી કામ લીધું હતું.

વિદેશનીતિના મહત્ત્વના અંશો ચર્ચીએ છીએ ત્યારે આપણી સમક્ષ "બેલેન્સ ઓફ પાવર"–શકિતની સમતુલા અને શાંતિમય સહઅસ્તિત્વની બાબતો તુરત નજરે ચઢે છે. છેલ્લી બે સદીઓથી શકિતની સમતુલા અંગેનો વિચાર આપણી પાસે યુરોપના આંગણેથી આવ્યો છે. વિશ્વમાં એવી અનિવાર્ય સ્થિતિ આવી પડે છે ત્યારે શકિતની સમતુલાનો વિચાર કરવો જ પડે છે. ૫૫ કરોડની વસતિ-વાળા ભારતની સામે ૫ કરોડની વસતિવાળા પાકિસ્તાનને બેસાડીએ ત્યારે શકિતની સમતુલાની વાત ગળે ઊતરે છે. આ વિચારનો પ્રભાવ રશિયા, અમેરિકા અને યુરોપના દેશો ઉપર ઘણો છે. આ મોટા દેશો વિદેશનીતિ ઘડતી વખતે માત્ર પોતાના ખંડનો જ નહિ પણ એશિયા અને આફ્રિકાના દેશોનો પણ વિચાર કરે છે. જો કે ઘણી વખત શકિતની સમતુલાની વાતને હાસ્યાસ્પદ તબકકે પણ પહોંચાડવામાં આવે છે. છતાંય આ વિચાર જગતમાં સ્થિરતા અને શાંતિનું તત્ત્વ લાવી શકયો છે. વળી છેલ્લાં ૨૫ વર્ષથી શાંતિમય સહઅસ્તિત્વના હેતુને ઘણા દેશોએ પોતાની વિદેશનીતિમાં અપનાવેલ છે. જો કે આ સહઅસ્તિત્વની વ્યાખ્યા અને તેના અમલના સ્વરૂપમાં ભિન્નતા દેખાય છે.

આધુનિક વિશ્વમાં આર્થિક હિતોએ પણ હવે મહત્ત્વનો ભાગ ભજવવામાં માંડયો છે. કાચા માલોનો પુરવઠો, વેપાર અને વિદેશી સહાયની બાબતો હવે વિદેશનીતિ ઘડતી વખતે મહત્ત્વનું સ્થાન પામી રહેલ છે. દક્ષિણ આફ્રિકામાં યુરેનિયમ છે તેને કારણે તે દેશ સાથેના ઘણા દેશોના સંબંધો બાંધતી વખતે સિદ્ધાંતોને નેવે મૂકવા પડે છે. વળી આરબ દેશો પાસેનું ક્રુડ તેલ યુરોપ, અમેરિકા અને જાપાનને નરમ રાખે છે. વિદેશનીતિના ઘડતરમાં આર્થિક બાબત મહત્ત્વની હોઈને ઘણા દેશો વિદેશી સહાયને પોતાના હથિયાર તરીકે પણ વાપરે છે. જો કે હવે અર્થિક સહાયનો ઉપયોગ વિદેશનીતિને સબળ બનાવવામાં કરવા સામે ઘણો વિરોધ જાગે છે. મુત્સદ્દીગીરી વિદેશનીતિનું એક મહત્ત્વનું હથિયાર છે. ૧૭મી સદીમાં સર હેન્રી નામના કવિએ રાજદૂતો માટે કહેલું કે રાજદૂતોને અન્ય દેશોમાં જૂઠાણાં કહેવા માટે જ મોકલવામાં આવે છે. જો કે હવે કોઈ પણ દેશ વિષેનાં જૂઠાણાં લાંબો વખત ચાલતાં નથી. સાચી પરિસ્થિતિનું જ્ઞાન તરત થઈ જાય છે, એટલે રાજદૂતોએ નૈતિક બળ બતાવીને પોતાના દેશ વિષે ખરી પરિસ્થિતિનો જ ખ્યાલ આપવો જોઈએ. રાજદૂત અને રાજકીય નેતાએ બીજી ઘણી કઠિન કામગીરી બજાવવાની હોય છે. જેના હાથમાં વિદેશનીતિનો દોરીસંચાર હોય તેણે સમજાવટ, બાંધછોડ, સમાધાન અને પછી છેલ્લે જ બળનું પ્રદર્શન કરવાનું હોય છે. ઠંડે પેટે વિવેકપૂર્ણ વિચાર કરીને અને ધીરજ રાખીને જ અન્ય દેશો સાથેના સંબંધોને મૂલવી શકાય છે. મુત્સદ્દીગીરી એ જ વાતમાં છે કે સામા પક્ષનો તેજોવધ કર્યા વગર કે વાટાઘાટો તૂટી પડે તેવું કંઈ કર્યા વગર સંબંધો જાળવી રાખવા જોઈએ. એક દષ્ટિએ રાજકારણમાં બળના વિકલ્પ તરીકે મુત્સદ્દીગીરીનો ઉપયોગ થવો જોઈએ. **સંકલન : કાન્તિ ભટ્ટ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: **શ્રી ચીમનલાલ જે. શાહ.** પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪ ટે નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ. મુંબઈ–૧

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૨

મુંબઇ, મે ૧૬, ૧૯૭૩ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ

ત્રણ સિનિયર જજોને ટાળીને શ્રી એ. એન. રાયની સુપ્રીમ કોર્ટના વડા જજ તરીકે સરકારે નિમણૂક કરી તે સામે વકીલ મંડળો તેમ જ વિરોધ પક્ષોએ વંટોળ જગાવ્યો છે. અત્યાર સુધી, સુપ્રીમ કોર્ટ અને બધી હાઈકોર્ટોમાં સિનિયોરિટીના ધોરણે જ ચીફ જસ્ટિસની નિમણૂક થતી આવી છે. આ ધોરણને પહેલી વખત તિલાંજલિ આપી તેથી ક્ષોભ થાય તે સ્વાભાવિક છે. તે કરતાં પણ જે રીતે અને જે સંજોગોમાં આ નિમણૂક થઈ છે તેથી વધારે ખળભળાટ થયો છે. આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની ઝડી વરસે છે. જે ત્રણ જજોએ રાજીનામાં આપ્યાં તે પણ સંગ્રામમાં ઝૂકી પડયા છે. વિવાદમાં કોઈ વિવેક રહ્યો નથી તેમ સત્યની પણ બહુ ખેવના રહી છે એમ ન કહેવાય. કેટલાક પોતાના સ્વાર્થે, તો કેટલાક આ તકનો લાભ લઈ, કાંઈક જાતના આક્ષેપો કરે છે. આગેવાન વકીલો અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત વડા ન્યાયમૂર્તિઓ અને બીજા જજો મેદાનમાં પડયા છે. તેમાંના કેટલાક સ્પષ્ટ રીતે એક અથવા બીજી રીતે પક્ષકાર છે અને તેમની પાસેથી તટસ્થ અથવા નિષ્પક્ષ રજૂઆતની આશા રાખવી નિરર્થક છે.

સરકાર સામે આરોપ છે કે આ નિમણૂકથી સરકાર ન્યાય-તંત્રને પોતાના તાબે કરવા માગે છે અને ન્યાયાધીશોની સ્વતંત્રતા ઉપર તરાપ મારે છે. વડા પ્રધાન અને કાયદાપ્રધાને ભારપૂર્વક આ આરોપોનો ઈનકાર કર્યો છે અને ન્યાયતંત્ર સ્વતંત્ર રાખવા તેઓ પૂરા ઇંતેજાર છે તેની ખાતરી આપી છે. સરકારે આવું પગલું શા માટે લીધું અને તેનાં પરિણામો શું આવશે તેની આંટીઘૂંટી સામાન્ય જન સમજી ન શકે તે સ્વાભાવિક છે. આગેવાન વકીલો જયારે સરકાર ઉપર આકરા પ્રહારો કરે ત્યારે સામાન્ય જન તેને સ્વીકારવા પ્રેરાય તેમાં તેનો દોષ નથી. પરિણામે કોર્ટોમાંથી ન્યાય મળશે એવો વિશ્વાસ ઊઠી જાય અથવા ડગી જાય અને કોર્ટો પણ સરકારનું એક અંગ અથવા ખાતું છે એવી છાપ પડે તો તેથી ભારે અનર્થ થાય. લોકોમાં હજી માન્યતા છે અને એકંદરે સાચી રીતે કે સરકારના અન્યાય સામે કોર્ટમાં ન્યાય મળશે. આ માન્યતાને ઉતાવળથી કે આવેશમાં આંચકો આપવાથી પ્રજાનું અહિત થાય છે. સાચી રીતે આવું પરિણામ આવવાનું જ હોય તો પ્રજાને ચેતવવી એ સમજદાર વ્યકિતનો ધર્મ છે.

સરકારે અત્યારે આવું પગલું શા માટે લીધું ? શરૂઆતમાં સરકાર તરફથી કેટલાક જવાબો આપવામાં આવ્યા હતા કે ખુલાસા કર્યા હતા તે ટેકનિકલી બરાબર હોવા છતાં, સંતોષકારક ન હતા. એમ કહેવામાં આવ્યું કે સુપ્રીમ કોર્ટના વડા જજની નિમણૂક કરવાની રાષ્ટ્રપતિની અબાધિત સત્તા છે. તેમાં કોઈની સલાહ કે અભિપ્રાય લેવાની તેમને જરૂર નથી. બંધારણ પ્રમાણે આ સાચું છે. પણ રાષ્ટ્રપતિ કેબિનેટની સલાહથી જ વર્તે છે એટલે અંતે આ નિર્ણય શાસક પક્ષનો છે, રાષ્ટ્રપતિનો નહિ. તેની જવાબદારી શાસક પક્ષની છે અને આ નિર્ણય રાજકીય હેતુથી થયો છે એવો આક્ષેપ પણ શાસક પક્ષ સામે જ છે. બીજો આક્ષેપ એ હતો કે આ નિર્ણયની સુપ્રીમ કોર્ટના નિવૃત્ત થતા વડા જજને પણ જાણ કરવામાં આવી ન હતી, તેમ તેમનો અભિપ્રાય જાણવાની પણ પરવા કરી નહોતી. સુપ્રીમ કોર્ટના વડા જજની નિમણૂક કરવામાં નિવૃત્ત થતા વડા જજનો અભિપ્રાય લેવો એવો પ્રબંધ બંધારણમાં નથી. સુપ્રીમ કોર્ટના બીજા જજોની નિમણૂક કરવામાં સુપ્રીમ કોર્ટના વડા જજનો અભિપ્રાય જાણવો ફરજિયાત છે; પણ એ અભિપ્રાય બંધનકર્તા નથી. પણ અત્યાર સુધી વડા જજની નિમણૂકમાં નિવૃત્ત થતા વડા જજનો અભિપ્રાય જાણવાની કોઈ અગત્ય ન હતી કારણ કે સિનિયોરિટી પ્રમાણે જ નિમણૂક થતી અને તે નિમણૂકની જાહેરાત નિવૃત્ત થતા વડા જજની નિવૃત્તિ પહેલાં થોડા સમયે થઈ જતી એટલે જાણ કરવાનો પ્રશ્ન રહેતો નહિ. જસ્ટિસ રાયની નિમણૂક, નિવૃત્ત થતા વડા જજની નિવૃત્તિના આગલે દિવસે જ થઈ તે એટલી અચાનક અને અણધારી હતી કે સહુને આઘાત થયો.

સરકાર પક્ષે બચાવ કરવામાં આવ્યો કે આ નિર્ણય કેટલાક સમય પહેલાં લેવાયો હતો પણ મૂળભૂત હક્કોના કેસને અસર કરવા આવો નિર્ણય લીધો છે એવો આક્ષેપ ન થાય તે માટે એ કેસનો ચુકાદો ન આવે ત્યાં સુધી આ નિર્ણયની જાહેરાત કરી ન હતી. આ કેસનો ચુકાદો આવ્યો તેને બીજે દિવસે જ વડા જજ નિવૃત્ત થતા હતા એટલે છેવટની ઘડીએ જ આ નિર્ણયની જાહેરાત થઈ શકી. જાહેરાત કરતાં પહેલાં નિવૃત્ત થતા વડા જજને જાણ પણ ન કરી અને તેમણે પણ રેડિયો ઉપર જાહેરાત થઈ ત્યારે જાણ્યું તેમાં અવિવેક હતો એમ કહેવાય છે. સુપ્રીમ કોર્ટ અને સરકાર વચ્ચે જે તંગદિલી થઈ છે તેમાં કોના વર્તનમાં વિવેક હતો કે તેનો અભાવ હતો તે કહેવું મુશ્કેલ છે. આ ગૌણ બાબત છે - તેને બહુ મહત્ત્વ આપવું ન જોઈએ.

શ્રી આયંગર, જે એક વખત કેન્દ્રના હોમ સેક્રેટરી હતા, તેમણે એક દાખલો આપ્યો, જે વિચારવા જેવો છે. પતંજલિ શાસ્ત્રીને વડા જજ થવાનો વારો આવ્યો ત્યારે તેમની મુદત બહુ ટૂંકી હતી તેથી નહેરુએ વિચાર કર્યો કે ત્યાર પછીના જજ મુખરજીની નિમણૂક કરવી. નહેરુએ પતંજલિ શાસ્ત્રી અને મુખરજી બન્નેને આ સંબંધે ખબર આપ્યા. પણ મુખરજીએ શાસ્ત્રીનો હક્ક ડુબાવી વડા જજનું પદ સ્વીકારવાની ના પાડી. આ બધામાં પૂર્ણ વિવેક હતો. જમાનો બદલાઈ ગયો છે. આવા વિવેકની આશા વર્તમાનમાં વ્યર્થ છે. જસ્ટિસ રાયને પોતાની નિમણૂક થશે તેની જાણ હોવી જોઈએ. તેમને પૂછ્યું જ હશે. પણ જસ્ટિસ રાય તેનો અસ્વીકાર કરે એવી આશા વધારે પડતી છે. જસ્ટિસ રાય આ વાતની બીજાને જાણ ન કરે તે સ્વાભાવિક છે. નિમણૂકની જાહેરાત ન થાય ત્યાં સુધી પોતાની નિમણૂક થશે જ એમ માની લઈ જસ્ટિસ રાય પોતે બીજાને કહી ન શકે. સરકારે જાહેરાત કરતાં પહેલાં નિવૃત્ત થતા વડા જજને જાણ કરી હોત તો તેઓ બીજા જજોને પણ તેની જાણ કરી શકત અને કદાચ આઘાત ઓછો થાત. જે હોય તે, આ મુખ્ય મુદ્દો નથી વિવેકનો સવાલ છે. નિવૃત્ત થયેલ જજોમાં જસ્ટિસ હેગડેએ જે આક્ષેપો કર્યા છે અને ભાષા વાપરી છે તે પણ એટલી જ શોચનીય છે.

સરકાર તરફથી બીજો મુખ્ય બચાવ એ હતો કે કાયદાપંચ, જેના મોતીલાલ સેતલવડ પ્રમુખ હતા અને જેમાં ચાગલા, પાલખીવાળા વગેરે સભ્યો હતા તેમણે ભલામણ કરી હતી કે વડા જજની નિમણૂક કરવામાં માત્ર સિનિયોરિટીનું ધોરણ ન રાખવું પણ ગુણવત્તાનું ધોરણ સ્વીકારવું. માત્ર સિનિયોરિટીના બે દોષ છે. નિમાયેલ વડા જજની મુદત બહુ ટૂંકી હોય તો ઘડી

ઘડી ફેરફાર થાય અને બીજું તેમાં ગુણવત્તા જળવાતી નથી. પણ આ ભલામણ ૧૫ વરસ પહેલાં કરવામાં આવી હતી અને અત્યારે સરકારને અચાનક આ ભલમણ સ્વીકાર કરવા જેવી લાગી તેમાં તેની યોગ્યતા કરતાં બીજો હેતુ હતો એવો આક્ષેપ પાયા વિનાનો નથી. આ ભલામણ સ્વીકારવી હતી તો સરકારે પહેલેથી તેની જાહેરાત કરવી જોઈતી હતી અને તેના પ્રત્યાઘાતો જાણી નિર્ણય કરવો જોઈતો હતો. જસ્ટિસ શેલત જે ત્રણ મહિના પછી નિવૃત્ત થતા હતા ત્યાં સુધી રાહ જોઈ, પછી આ નવી પ્રણાલી અપનાવી હોત તો કોઈ દોષ ન હતો.

સરકારનું આ પગલું ઉતાવળિયું અને બીજા હેતુથી પ્રેરાયેલ હતું તેવો આરોપ અસ્થાને નથી. આ વાતની સ્પષ્ટતા પાર્લામેન્ટમાં થયેલ ચર્ચા દરમિયાન દેખાઈ આવી. સરકારના બે મુખ્ય પ્રવક્તાઓમાં શ્રી મોહનકુમાર મંગલમે નિખાલસપણે સરકારના હેતુઓ જાહેર કર્યા.

હવે આ હેતુનો વિચાર કરીએ તે સમજવા માટે થોડી પૂર્વભૂમિકા આપવી પડશે. એમ કહેવાય છે કે સરકારને કમિટેડ જજો જોઈએ છે. કમિટેડ—વફાદાર—શબ્દ બહુ વપરાય છે. કમિટેડનો એવો અર્થ કરવામાં આવે છે કે સરકારને વફાદાર રહે એટલે કે સાચી કે ખોટી રીતે સરકારની તરફેણમાં જ ચુકાદા આપે. આના કરતાં મોટું પાપ કોઈ જજ માટે ન હોય. કોઈ જજ આવી રીતે કમિટેડ હોય તો તેના જેવો નાલાયક કોઈ નહિ અને કોઈ સરકાર આવા કમિટેડ જજની નિમણૂક કરે તો તેને ઉખેડી નાખવી જોઈએ.

એક બીજી વફાદારી છે, જે દરેક જજ પોતાની નિમણૂક વખતે શપથ ઉપર લે છે. Oath of office. તે છે બંધારણને વફાદાર રહેવાની. આ વફાદારીનો અર્થ એ છે કે જજ નિષ્ઠાપૂર્વક પ્રામાણિકપણે બંધારણનો અર્થ કરશે, તેનો અમલ કરશે. બીજા કોઈ હેતુઓને ન્યાય કરવામાં વચ્ચે આવવા દેશે નહિ. દરેક જજની આ સાચી અને પાયાની વફાદારી છે.

એક ત્રીજા પ્રકારની વફાદારી છે, જે અન્તર્ગત છે. કોઈ વ્યક્તિ જજ થાય તેને પણ પોતાના અંગત વિચારો અને અભિપ્રાયો હોય છે, સામાજિક, આર્થિક, રાજકીય એવી બધી બાબતો પરત્વે. આ વિચારો અને માન્યતાઓ તેના અંતરના ઊંડાણમાં પડયા હોય છે. His basic approach to life & its problems–Social, Economic & Politcal. ન્યાય કરવામાં, બંધારણનો અને બીજા કાયદાઓનો અર્થ કરવામાં, આ વિચારો અને માન્યતાઓની અસર, જાણે—અજાણે થાય છે. બંધારણમાં અને દરેક કાયદામાં, તેના અર્થઘટનમાં, જજને ઘણી છૂટ Discretion હોય છે. તેથી જ એક જ કેસમાં ભિન્નભિન્ન મતો પડે છે.

દરેક જજનો એ પ્રયત્ન હોવો જોઈએ કે બંધારણનો અને કાયદાનો પ્રામાણિકપણે અર્થ કરે અને પોતાના અભિપ્રાયને વચ્ચે આવવા ન દે. આ કહેવું સહેલું છે, કરવું અઘરું છે. કોઈ કાયદો પોતાને પસંદ ન હોય તો પણ તેના ઉદ્દેશ અને સ્પષ્ટ આદેશ પ્રમાણે તેનો અમલ કરવો જોઈએ. આમાં બે વિકલ્પ છે. એક તો પ્રમાણિકપણે ભૂલ થાય અને બીજું જાણી જોઈને પોતાના મતનો અનુકૂળ અર્થ કરે. બીજો વિકલ્પ અશકય નથી એટલું જ નહિ પણ કેટલીય વખત બને છે.

હવે આપણે ત્યાં શું બન્યું છે તે જોઈએ.

૧૯૫૦માં બંધારણ શરૂ થયું ત્યારથી ૧૯૬૭ સુધી પાર્લામેન્ટને મૂળભૂત હક્કોમાં, ખાસ કરી મિલકતના હક્કોમાં, અગત્યના ફેરફાર કરવા પડયા. તે ફેરફારોને પડકારવામાં આવ્યા અને સુપ્રીમ કોર્ટે બે ચુકાદામાં સ્વીકાર્યું કે પાર્લામેન્ટને આવા ફેરફાર કરવાનો અધિકાર છે. ૧૯૬૭માં ગોલકનાથ કેસમાં ૬ વિરુદ્ધ પાંચ મતે આ પૂર્વના ચુકાદા રદ કરી, છ જજોએ એવું ઠરાવ્યું કે પાર્લામેન્ટને આવો અધિકાર નથી. આ ચુકાદો સાવ ખોટો હતો. જે છ જજોએ આ ચુકાદો આપ્યો તેમની પાયાની માન્યતા એ હતી કે પાર્લામેન્ટને આવો અધિકાર આપીશું તો કોઈક દિવસ બધા મૂળભૂત હક્ક રદ કરશે. પાર્લામેન્ટનો વિશ્વાસ ન રખાય. આવી માન્યતાને કારણે તેમણે બંધારણનો ખોટો અર્થ કર્યો અને સુપ્રીમ કોર્ટના પૂર્વના ચુકાદાને અવગણ્યા. પાંચ જજો—પોતાનો અંગત અભિપ્રાય ગમે તે હોય તો પણ—બંધારણને વફાદાર રહ્યા. છ જજોએ બંધારણ પ્રત્યેની વફાદારી તજી, પોતાની માન્યતાઓને વધારે મહત્ત્વ આપ્યું. જે પાંચ જજો બંધારણને વફાદાર રહ્યા અને પાર્લામેન્ટની તરફેણમાં મત આપ્યો તે સરકારને વફાદાર ન હતા પણ બંધારણને વફાદાર હતા. મોતીલાલ સેતલવડે ગોલકનાથના ચુકાદાને રાજકીય ચુકાદો કહ્યો છે. એટલે કે જે છ જજોએ આ ચુકાદો આપ્યો તેમણે ન્યાય કરવાને બદલે રાજકીય હેતુથી પ્રેરાઈ આ ચુકાદો આપ્યો છે.

બંધારણમાં બીજી જોગવાઈ છે કે જાહેર હિત માટે કોઈ મિલકત લેવાય તો તેનું વળતર–Compensation આપવું. ૧૯૫૪માં સુપ્રીમ કોર્ટે વળતરનો અર્થ કર્યો કે પૂરી કિંમત આપવી. પાર્લામેન્ટનો આવો ઈરાદો કોઈ દિવસ હતો જ નહિ. તેથી બંધારણમાં ફેરફાર કર્યો કે વળતર પૂરું ન હોય તો પણ તેમાં વચ્ચે આવવાનો કોર્ટને અધિકાર નથી. આ ફેરફારને પણ પડકારવામાં આવ્યો હતો અને સુપ્રીમ કોર્ટે તેને માન્ય રાખ્યો. બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં ફરીથી, બંધારણની સ્પષ્ટ જોગવાઈને અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને અવગણી, દસ જજોએ ઠરાવ્યું કે આપેલ વળતર બંધારણ મુજબ નથી. બેંક શેરોની બજારભાવ કરતાં પણ વધારે કિંમત આપી હતી છતાં આવો ચુકાદો આપ્યો કારણ કે બેંક રાષ્ટ્રીયકરણ થયું તે કદાચ આ જજોને પસંદ નહિ હોય, એટલે બંધારણને વફાદાર રહેવાને બદલે પોતાની માન્યતાને મહત્ત્વ આપ્યું. એક જજ જસ્ટિસ રાયે બંધારણને વફાદાર રહી જુદો મત આપ્યો. આવો જુદો મત આપવામાં તે સરકારને વફાદાર ન હતા પણ બંધારણને વફાદાર હતા.

પછી તો ઘણું બન્યું અને પાર્લામેન્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે સારી એવી તંગદિલી થઈ.

છેલ્લા ચુકાદામાં ગોલકનાથ અને બેંક રાષ્ટ્રીયકરણના ચુકાદાઓ રદ થયા છે પણ ઘણી અસ્પષ્ટતા અને પરિણામે અસ્થિરતા રહે છે.

મોહનકુમારમંગલમે કહ્યું કે આ અસ્થિરતા અને અનિશ્ચિતતા દૂર કરવા અને સ્થિરતા અને સાતત્ય લાવવા સરકારે આ પગલું ભર્યું છે. સુપ્રીમ કોર્ટ વખતોવખત પોતાના ચુકાદાઓ બદલે તો પાર્લામેન્ટ ભવિષ્ય માટે સ્થાયી કાર્યક્રમ કરી ન શકે. વળી, પાર્લામેન્ટ અને સુપ્રીમ કોર્ટ વચ્ચે સતત તંગદિલી અને ઘર્ષણ હોય તે અનિચ્છનીય છે. પાર્લામેન્ટમાં જેને વિશ્વાસ ન હોય અને તેની સત્તાને વધુમાં વધુ મર્યાદિત રાખવા ઈચ્છતા હોય એવા જજો, પલટાતી પરિસ્થિતિને અને પાર્લામેન્ટની નીતિને અવગણી, બંધારણનો અર્થ કરે અને પાર્લામેન્ટે કરેલ કાયદાઓને રદ કરતા રહે તો મોટી કટોકટી સર્જાય. સામાજિક અને આર્થિક પ્રશ્નો સંબંધે કોઈ જજના વિચારો શું છે તેની ઉપેક્ષા ન થાય અને સરકારે તે લક્ષમાં લેવા રહ્યા. ગોખલે અને વડા પ્રધાને આટલું સ્પષ્ટ નથી કહ્યું. કુમારમંગલમ અને પશ્ચિમ બંગાળની ધારાસભામાં સિદ્ધાર્થ શંકર રાયે સરકારનું દષ્ટિબિંદુ વધારે સ્પષ્ટતાથી રજૂ કર્યું છે. કુમારમંગલમ અને સિદ્ધાર્થ શંકર રાયનાં વકતવ્યોમાંથી બે ત્રણ ફકરાઓથી આ સમજાશે.

In appointing the Chief Justice of the Supreme Court the Government is entitled to look into his philosophy and outlook to decide that we must have a forward looking and not a backward looking man.

We do not want committed Judges but we want people who understand the wind of change — that Parliament is sovereign and that the power of Parliament is unfettered. Such are the judges, we believe in.

We want a Chief Justice who will do justice under the Constitution and not over it and follow the social philosophy of the Constitution as interpreted by members of Parliament and the people.

આ વિચારણા તદ્દન નવી દિશા ખોલે છે. તે ક્યાં સુધી જશે અને તેનાં પરિણામ શું આવે તે કહેવું મુશ્કેલ છે. તેમાં ભયસ્થાનો છે અને દુરુપયોગનો પૂરો સંભવ છે.

પણ સરકારના આ પ્રત્યાઘાતો પરિસ્થિતિના સંદર્ભમાં બરાબર સમજીએ અને તેનાથી વધારેપડતું ઘેરું ચિત્ર ન ઉપજાવીએ તે પણ જરૂરનું છે.

ગોલકનાથના કેસથી શરૂ થયેલ કટોકટીની અકળામણનું આ પરિણામ છે. જે જજોએ આ પરિસ્થિતિ સર્જી તેમની જવાબદારી ઓછી નથી. આ બધો વિવાદ મુખ્યત્વે મિલકતના હક્કોને લગતો જ છે. મિલકત અને આવકની અસમાનતાઓ દૂર કરવા શાસક પક્ષને હજી ઘણાં પગલાં લેવાં છે. એ પગલાંમાં ચાલુ અવરોધ આવશે એવો ભય દૂર કરવાના પ્રયત્ન રૂપે આ પગલું લેવાયું છે. આ પગલાની મર્યાદા પણ સમજી લઈએ.

આ વિવાદ સામાન્ય ચાલુ તકરારો વિષે નથી. સરકાર સામે અને સરકાર તરફથી ઘણા કેસો થાય છે. દેશની નાની–મોટી બધી કોર્ટોમાં આવા કેસો થાય છે. કાયદા પ્રમાણે તેનો નિકાલ થશે. તેમાં કોઈ ડખલગીરી કરતું નથી, કરવાનું નથી. નાગરિકો વચ્ચે પરસ્પર તકરારો થાય છે– અને મોટા ભાગના કેસો આ પ્રકારના હોય છે–તેને આ વિવાદ સાથે કાંઈ સંબંધ નથી. હું એટલા માટે આ સ્પષ્ટ કરું છું કે જે રીતે આ વિરોધનો વંટોળ ઊપડેલો છે અને જે ભાષા વપરાય છે તેથી એક એવી છાપ પ્રજામાં પડે કે હવે બધી કોર્ટોમાં, બધા જજો, સરકારને વફાદાર રહેવાના અને સરકાર કહે તે પ્રમાણે નિર્ણય થશે અને પ્રજાને ન્યાય નહિ મળે, આ વિવાદ ઘણો મર્યાદિત છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા કે પ્રામાણિકતા-માંથી પ્રજાનો વિશ્વાસ ઊઠી જવાનું કારણ નથી.

આ પગલાંની બીજી મર્યાદા સમજવા માટે વર્તમાનમાં હાઈકોર્ટના અને સુપ્રીમ કોર્ટના જજોની નિમણૂક કેવી રીતે થાય છે તે જોઈએ.

બધી નિમણૂક રાષ્ટ્રપતિ એટલે કે કેન્દ્ર સરકાર કરે છે. સુપ્રીમ કોર્ટના જજોની નિમણૂક કરવામાં સુપ્રીમ કોર્ટના વડા જજનો અભિપ્રાય તેમ જ રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તેટલા સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના બીજા જજોનો અભિપ્રાય લેવો પડે. હાઈકોર્ટના કોઈ જજની નિમણૂકમાં સુપ્રીમ કોર્ટના વડા જજ, રાજ્યના ગવર્નર એટલે કે રાજ્ય સરકાર અને તે હાઇકોર્ટના વડા જજનો અભિપ્રાય લેવો પડે. ટૂંકામાં, સુપ્રીમ કોર્ટના વડા જજની નિમણૂક સિવાય, સુપ્રીમ કોર્ટના બીજા જજો અને હાઇકોર્ટના વડા જજ તથા બીજા જજોની નિમણૂકમાં, સરકારે ઘણી વ્યક્તિઓનો અભિપ્રાય લેવાનો રહે છે. વિશેષમાં, સુપ્રીમ કોર્ટ કે હાઇકોર્ટના જજની નિમણૂક થયા પછી, સરકાર કોઇને કાઢી શકતી નથી. માત્ર, કોઇ જજની ગેરવર્તણૂક કે કામ કરવાની અશક્તિ પુરવાર થાય અને પાર્લમેંટ બેતૃતિયાંશ બહુમતીથી તેને દૂર કરવાનો ઠરાવ કરે તો રાષ્ટ્રપતિ તેને દૂર કરી શકે.

સુપ્રીમ કોર્ટના જજની નિમણૂક મોટે ભાગે હાઈકોર્ટોના જજોમાંથી થાય છે. તેમાં સિનિયોરિટીનું કોઇ ધોરણ નથી. સિનિયર જજોને છોડી કેટલાય જુનિયર જજોની નિમણૂક થઇ છે.

બીજા લોકશાહી દેશોમાં બ્રિટન, અમેરિકા–હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજોની નિમણૂક રાજકીય પક્ષના સભ્યોમાંથી થાય છે. તે પદ્ધતિ જુદી છે. આપણે ત્યાં આવી પદ્ધતિ નથી પણ ગુણવત્તાના ધોરણ ઉપર થાય છે. તેમાં લાગવગને પૂરો અવકાશ છે અને તેનો ઉપયોગ પણ થાય છે પણ તે કોઇ વ્યક્તિને લાભ કરવા, રાજકીય દષ્ટિએ નહિ.

સુપ્રીમ કોર્ટના વડા જજ બીજા જજો ઉપર કોઈ દબાણ લાવી શકતા નથી. બધા જજો સમાન છે. વડા જજને કેટલીક વહીવટી સત્તા છે.

ત્રણ સિનિયર જજોએ રાજીનામાં ન આપ્યાં હોત તો સરકાર કે વડા જજ કાંઈ જ કરી ન શકે. એમને સ્વમાનભંગ લાગ્યો તે જુદી વાત છે. પણ લૉ કમિશને ભલામણ કરી જ હતી કે માત્ર સિનિયોરિટીનું ધોરણ જરૂરનું નથી. અલબત્ત, સિનિયોરિટીને અવગણવી હોય તો જેની નિમણૂક કરવી હોય તે વ્યક્તિ બીજા કરતાં દેખીતી રીતે ઘણી ચડિયાતી Out standing merit હોવી જોઇએ. આ કિસ્સામાં એવું હતું તેમ ન કહેવાય. આ કિસ્સામાં જે ત્રણ જજોને છોડી દીધા તેમનું ગોલકનાથ કેસ અને બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં બંધારણ અને પાર્લમેન્ટ પ્રત્યેનું વલણ કારણભૂત હતું.

આપણે એ પણ યાદ રાખવું જોઇએ કે, હાઇકોર્ટ કે સુપ્રીમ કોર્ટના જજ થવાને લાયક હોય એવી વ્યક્તિ, જેનો પગાર વર્તમાન સંજોગોમાં બહુ ઓછો છે, તે બીજી કોઇ લાલચથી પોતાનો આત્મા એટલી હદે ગુમાવી દે અને સરકારના ગુલામ થાય અથવા થવાનું પસંદ કરે એમ માનવું ન જોઈએ. તેમની પ્રામાણિકતામાં આપણે વિશ્વાસ રાખવો જોઈએ.

આપણે એ પણ માનવું ન જોઈએ કે, સાચી રીતે પણ સરકારની તરફેણમાં ચુકાદો આપે તે સરકારના તાબેદાર છે અને ખોટી રીતે પણ સરકારની વિરુદ્ધ ચુકાદો આપે તે સ્વતંત્ર જજ છે.

જસ્ટિસ રાયે સરકારવિરુદ્ધ ચુકાદાઓ આપ્યા છે. ન્યૂઝપેપર કેસમાં વાણીસ્વાતંત્ર્યનો મહત્ત્વનો મુદ્દો હતો તેમાં જસ્ટિસ રાયે સરકારની પોલિસી રદ કરી.

સરકારે આ પગલું લીધું તે અકળામણથી અને ઉતાવળમાં લીધું છે. લૉ કમિશનની ભલામણ મુજબ પહેલેથી જાહેર કરી, પ્રજા અને પાર્લમેન્ટના પ્રત્યાઘાતો જાણી, સરકારે આ પગલું લીધું હોત તો આ ઊહાપોહને કારણ ન રહેત. લૉ કમિશનની ભલામણ વાજબી છે અને તેનો અમલ આવી રીતે કરવાને બદલે યોગ્ય રીતે કર્યો હોત તો આ વિરોધને કારણ ન રહેત.

અત્યારે પણ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજોની નિમણૂક સરકાર જ કરે છે.

આ પગલાનું એક જ પરિણામ અત્યારે જણાય છે કે હવે પછી હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજોની નિમણૂકમાં, સરકારને અત્યારે પસંદગીનો અવકાશ છે તેમાં, સામાજિક અને આર્થિક પ્રશ્નો પરત્વે, જેની નિમણૂક કરવી છે તે વ્યક્તિનું વલણ કેવું છે તે લક્ષમાં લેવાશે. બીજો પણ એ સંભવ છે કે, વડા જજ થવાની લાલચમાં કોઇ જજ, અજાણપણે, સરકાર-વિરુદ્ધ વલણ રાખતાં ખચકાય. ખરી રીતે દરેક જજે પ્રામાણિકપણે નિષ્ઠાપૂર્વક બંધારણને વફાદાર રહેવું જોઈએ અને પોતાના અંગત અભિપ્રાયો કે માન્યતાઓને વચ્ચે આવવા દેવાં જોઈએ નહિ.

આ આદર્શ સ્થિતિ છે. છેલ્લાં છ વર્ષમાં સુપ્રીમ કોર્ટના કેટલાય જજોએ આવું ધોરણ તજી દઈ, કટોકટી ઊભી કરી તેના પ્રત્યાઘાત રૂપે સરકારે આવું વલણ લીધું છે. તેનો દુરુપયોગ ન થાય તે માટે પ્રજાએ સાવચેતી અને જાગૃતિ રાખવી પડશે. પણ આ પગલાને વધારે પડતું મોટું સ્વરૂપ આપી, ન્યાયતંત્રમાંથી તેમ જ વરિષ્ઠ અદાલતના જજોની પ્રામાણિકતા-માંથી પ્રજાનો વિશ્વાસ ઊઠી જાય એવું વાતાવરણ ઊભું કરવામાં પ્રજાનું કલ્યાણ નથી.

મૂળભૂત હકોનો ચુકાદો આપતાં જસ્ટિસ ચન્દ્રચૂડે જે કહ્યું છે તે યાદ રાખવું જોઈએ.

Let us give to Parliament the freedom, within the framework of the Constitu tion, to ensure that the blessings of liberty will be shared by all.

If the state fails to create conditions in which the fundamental freedoms could be enjoyed by all, the freedom of the few will be at the mercy of the many, and then all freedoms will vanish.

આ કોઈ કમિટેડ જજની ભાષા નથી.

૬-૫-૭૩. ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## પાપ ફૂટયા વગર ન રહે

છ મહિના પહેલાં પ્રમુખ નિક્સન કીર્તિના શિખરે હતા. જંગી બહુમતીથી પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા. વિદેશનીતિમાં ખૂબ સફળતા પ્રાપ્ત કરી. અંતે વિયેટનામમાંથી પણ છૂટયા અને અમેરિકન લશ્કર અને યુદ્ધકેદીઓ ઘરે લાવ્યા. સત્તાના નશામાં કોંગ્રેસ સાથે સંઘર્ષ નોતર્યો અને પ્રમુખ તરીકેની સત્તા વિસ્તારતા રહ્યા. એમ લાગતું હતું કે નિક્સનની આ બીજી ટર્મ ઘણી ઉજજવળ કાર-કિર્દીની જશે. આજે આ બધું ધૂળમાં રગદોળાઈ ગયું છે. એટલી હદે, કે પ્રમુખ તરીકે ચાલુ રહી શકશે કે નહિ તે વિશે શંકા સેવાય છે. આ બધું આટલી ઝડપથી કેમ બન્યું? કારણ કે નિક્સને એવાં કેટલાંક કૃત્યો કર્યા છે. જેથી અમેરિકન પ્રજાએ દુનિયામાં શરમથી માથું નમાવવું પડે. નિક્સનની આબરૂ ધૂળધાણી થાય એટલું જ નહિ પણ રિપબ્લિકન પક્ષની અને અમેરિકન પ્રજાની પણ, એવું શું કર્યું છે? પ્રમુખ તરીકેના ચૂંટણીપ્રચાર માટે તેમણે એક કમિટી નીમી હતી. Committee for Re–election of the President. પ્રમુખના નિવાસસ્થાન વ્હાઈટ હાઉસથી જ તેની કામગીરી થતી. તેમના ખૂબ વિશ્વાસુ માણસોને તેમાં મૂકયા હતા. આ કમિટીએ લગભગ સાડાચાર કરોડ ડૉલર ચૂંટણીખર્ચ માટે એકઠા કર્યા. તેમાં મોટા ભાગનું કાળું નાણું હતું. લાખ બે લાખ ડોલરની રકમો રોકડી આવે. ૭ એપ્રિલ, ૧૯૭૨થી અમેરિકામાં એક કાયદો અમલમાં આવ્યો કે ચૂંટણીપ્રચારમાં જેટલી રકમો આવે તે જાહેર કરવી. આ તારીખ આવે તે પહેલાં લાખો ડોલર ભેગા કરી લીધા. પણ આવું તો અમેરિકામાં બનતું આવ્યું છે. કેટલાંક આગેવાન વર્તમાન-પત્રો ઊહાપોહ કરતાં પણ કાંઈ ખાસ અસર ન થઈ. ચૂંટણીપ્રચારમાં કેટલીક ગેરરીતિઓ સામાન્યપણે થાય છે. નિક્સન તરફથી જે થયું તેણે હદ કરી. ડેમોક્રેટિક પક્ષના ઉમેદવારની મિટિંગો તોડવા ભાડૂતી માણસો રાખ્યા. તેની હિલચાલ ઉપર જાસૂસી કરી. છેવટ ડેમોક્રેટિક પક્ષની ઓફિસ વોટરગેટ નામના મકાનમાં હતી. ત્યાં મોટા પાયા ઉપર જાસૂસી કરાવી. આ બાબતનો સારા પ્રમાણમાં વિરોધ થયો. તો પણ તેને દબાવી દઈ વિજયને માર્ગે કૂચકદમ ચાલુ રહી. ચૂંટણી થઈ ગયા પછી વોટરગેટની જાસૂસીની તપાસ શરૂ થઈ. કેટલીક વ્યકિતઓ પકડાઈ. તેઓ સાચી હકીકત બહાર ન પાડે તે માટે મોટી લાંચો અથવા લાલચથી ગુના કબૂલ કરાવી ઢાંકપિછોડો કર્યો. પણ તેમાંના એક-બે જણાએ ઘણી વિગતો આપી અને મોટી વ્યકિતઓને તેમાં સંડોવી તેથી તપાસ આગળ ચાલી અને જેમ ઊંડા ઊતર્યા તેમ કાળાં કૃત્યો બહાર આવ્યાં. આ તપાસ દાબી દેવા નિક્સને ખૂબ પ્રયાસો કર્યા. પ્રમુખના માણસો તપાસ પંચ પાસે જુબાની આપવા જવા બંધાયેલ નથી અને તેમના ઉપર કોઈ કારવાઈ ન થઈ શકે એવો પ્રમુખનો અધિકાર Prerogative આગળ ધરી જાણકાર માણસોને જુબાની આપતા અટકાવ્યા પણ છેવટ જાહેર દબાણને વશ થઈ નમતું મૂકવું પડયું. જ્યારે આવા માણસોની જુબાની લેવાતી ગઈ તેમ પાપ પણ ઊઘડતું ગયું. પછી તો આ ઉચ્ચ સ્થાને બેઠેલા અને પ્રમુખના માનીતા માણસોમાં ગભરાટ અને ભય ફેલાયો અને ફાટફૂટ પડી. દરેક પોતાની જાતને બચાવવા એકબીજા ઉપર દોષ ઢોળવાની શરૂઆત થઈ. વાતાવરણ ખૂબ ઉગ્ર થતું ગયું. સેનેટના કેટલાક સભ્યો અને આગેવાન વર્તમાનપત્રોએ ખૂબ નીડરતાથી આ કૌભાંડ ઉઘાડું પાડવાનો નિર્ણય કર્યો. ઘેરી કાળાશ બહાર આવી. તેમ થતાં એક પછી એક નિક્સન નજીકના માણસોએ રાજીનામાં આપવાં પડયાં. છેવટ નિક્સને જાહેર પ્રવચનથી આ બધાં કૃત્યો માટે પોતાની જવાબદારી સ્વીકારી પણ સાથે જાહેર કર્યું કે વડા તરીકે જવાબદારી હોવા છતાં પોતે આ બધાથી અજાણ હતા અને સ્વતંત્ર અને પૂર્ણ તપાસ થાય તે માટે પોતે તૈયાર છે. નિક્સન અજાણ હતા, એ વાત કોઈ માને તેમ નથી. વ્યવસ્થિત કાવતરું હતું. મૂળ હકીકતથી નિક્સન અજાણ હોય તો પણ તેની જાણ થયા પછી તેનો ઢાંકપિછોડો કરવા તેમણે બધા પ્રયત્નો કર્યા એ વાતનો ઈનકાર થાય તેમ નથી. આ બધું બહાર આવ્યા પછી, અગત્યના દસ્તાવેજો બાળી નાખવામાં આવ્યા. ચૂંટ-ણીમાં કેટલુંક અયોગ્ય બને છે પણ તેની મર્યાદા હોય છે. અમુક વસ્તુઓ તો ન જ થાય એવો વણલખ્યો નિયમ છે. નિક્સને બધી મર્યાદાઓ નેવે મૂકી હલકામાં હલકાં કૃત્ય કરવામાં અથવા કરાવવામાં બાકી ન રાખી.

પાપ અંતે ફૂટયા વિના ન રહે. એક વખત પ્રજાનો આત્મા જાગે પછી માંધાતાઓ પણ ભોં ભેગા થાય છે. એમની બધી સત્તા અને પ્રતિષ્ઠા રાતોરાત ઓગળી જાય છે. નૈતિક મૂલ્યોને જેઓ સર્વથા છોડી દે છે અને સત્તા પાછળ ગાંડા થાય છે તેવા, કેટલોક વખત સફળ થતા દેખાય પણ છેવટ અનીતિના ઉપર રચાયેલ ઈમારત ભાંગી ભૂક્કો થાય છે.

પણ એક રીતે નિક્સનને બચાવવામાં અમેરિકન પ્રજાનો સ્વાર્થ છે. આ બધું નિકસનની જાણ અને સંમતિથી થયું એમ પુરવાર થાય તો તેણે રાજીનામું આપવું પડે. આ અતિ ગંભીર બાબત થાય અને અમેરિકન પ્રજાની પ્રતિષ્ઠાને દુનિયાભરમાં ધક્કો પહોંચે તેથી બીજાઓનો ભોગ લઈ નિક્સન ખાતર નહિ પણ પ્રજાની પ્રતિષ્ઠા માટે ઢાંકપિછોડો કરવામાં આવશે અને નિક્સનને આ બધી વાતની જાણ ન હતી એવો દેખાવ કરવામાં આવશે. There will be a national conspiracy to exonerate Nixon to save National prestige. કેટલું સડેલું હોવું જોઈએ?

## ગોળીબાર અને અદાલતી તપાસ

પોલીસ કયાંય ગોળીબાર કરે એટલે અદાલતી તપાસ માગ-વાનો રિવાજ થઈ ગયો છે. પોલીસના ગોળીબારમાં નિર્દોષ માણસો ભોગ બને છે. પોલીસ વધારે પડતું બળ વાપરે છે. તેથી લોક-લાગણી ઉશ્કેરાય છે. આ રોષને પરિણામે અદાલતી તપાસની માગણી

થાય છે. આ માગણીનો એક હેતુ એ હોય છે કે પોલીસની અથવા બીજા અધિકારીઓની બેદરકારી અથવા ઈરાદાપૂર્વકની ગેરવર્તણૂક ઉઘાડી પાડવી. અદાલતી તપાસથી આ હેતુ બર આવે છે? અદાલતી તપાસનો અનુભવ એવો છે કે તપાસ ખૂબ લંબાય છે. છ બાર મહિના થઈ જાય. વકીલો, ઊલટ તપાસોની પરંપરા ચાલે. પુષ્કળ ખર્ચ થાય. અંતે રિપોર્ટ આવે ત્યારે બધી વાત ભુલાઈ ગઈ હોય. રિપોર્ટ અભરાઈએ ચડાવાય. તપાસ દરમિયાન વાતાવરણ તંગ રહે. પોલીસ, રાજકીય પક્ષો, નાગરિક સમિતિઓ, મૃત્યુ પામેલ અથવા ઘવાયેલાનાં કુટુંબો પુરાવા એકઠા કરે. સાચી-ખોટી જુબાની ઊભી કરે. આનો સૌથી ધ્યાન ખેંચે એવો દાખલો ભીવંડી અને જલગાંવનાં કોમી રમખાણો માટે મહારાષ્ટ્ર સરકારે નીમેલ તપાસ પંચ છે. બે વર્ષથી તપાસ ચાલે છે. સરકારને લગભગ રૂપિયા ૩૦ લાખનું ખર્ચ થયું. હિંદુ, મુસ્લિમ સમિતિઓ અને બીજી સંસ્થાઓ વકીલો રોકી હાજર થઈ. જાહેર તપાસ છે. કોઈ પણ ભાગ લઈ શકે છે. હજી રિપોર્ટ આવ્યો નથી. આવશે ત્યારે એવો દળદાર હશે કે કોઈ વાચવાની પરવા નહિ કરે.

અદાલતી તપાસની ઉપયોગિતા, જ્યાં વ્યાપક અને વ્યવસ્થિત કાવતરું હોય, જ્યાં હકીકતો મેળવવી બહુ મુશ્કેલ હોય, જ્યાં ઊંડી તપાસની જરૂર હોય ત્યાં જરૂર પડે. પણ જ્યાં મુખ્ય હકીકતો સ્પષ્ટ હોય ત્યાં અદાલતી તપાસ કરતાં કોઈ અનુભવી ઉચ્ચ અધિકારી ઝડપથી તપાસ કરે તે વધારે ઉપયોગી થાય. સ્થળ ઉપર થોડા દિવસમાં જરૂરી માહિતી મેળવી લે અને તુરત સરકાર યોગ્ય પગલાં લે. પણ આવી વહીવટી તપાસમાં રાજકીય પક્ષોને વિશ્વાસ નથી હોતો અથવા વિશ્વાસ નથી એમ બતાવે છે અને તેથી અદાલતી તપાસની માગણી થાય છે. સરકાર પણ ઊહાપોહ ટાળવા નમતું મૂકે છે.

લીંબડીમાં હમણાં પોલીસે ગોળીબાર કર્યો તેમાં બે નિર્દોષ યુવાનોનાં મૃત્યુ થયાં અને કેટલાય ઘાયલ થયા. કલેકટર, સ્થાનિક અધિકારીઓ અને પોલીસ બેદરકાર રહ્યાં એમ કહેવાય છે. ૧૪૪-મી કલમ ચાલુ હતી. છતાં સભા-સરઘસ થવા દીધાં અને ચાંપતાં ઈલાજ ન લીધા અને છેવટ પરિસ્થિતિ હાથથી બહાર ગઈ ત્યારે ગોળીબાર કર્યો.

આ બનાવમાં હકીકતો લગભગ સ્પષ્ટ છે. કોઈ ઉચ્ચ અધિકારી ખાનગી નહિ પણ જાહેર તપાસ કરે અને બધાને સાંભળે તો થોડા દિવસમાં સ્પષ્ટ ચિત્ર મળી જાય. પોલીસ કે અમલદારની બેદરકારી હોય તો સરકારે તુરત ઘટતાં પગલાં લેવાં જોઈએ.

પણ મુખ્ય હકીકતની ઉપેક્ષા થાય છે. આ બધું બન્યું કેમ? જનસંઘે રાજકીય હેતુથી અનાજની તંગીનો લાભ લેવાના ઈરાદે સરકારી ગોદામો તોડવાનો કાર્યક્રમ કર્યો. અનાજનાં ગોદામો તોડાય ત્યારે સરકાર નિષ્ક્રિય ન જ રહી શકે. જનસંઘના આવા કાર્યક્રમને જાહેર રીતે વખોડવો અને પ્રજાને તેથી ચેતવવી એ જરૂરનું કાર્ય છે. ગોળીબાર થયો, નિર્દોષનું મૃત્યુ થયું, કેટલાય ઘાયલ થયા તે અત્યંત શોચનીય છે. પણ તેનાં કારણ પ્રત્યે ઉપેક્ષા કરીએ અને પોલીસ કે અમલદારોના દોષને આગળ ધરી અદાલતી તપાસ માગીએ તેમાં પ્રજાને સાચું માર્ગદર્શન નથી. જનસંઘે માત્ર લીંબડીમાં નહિ પણ દેશભરમાં આવો કાર્યક્રમ કર્યો છે. દુષ્કાળગ્રસ્ત સ્થિતિમાં કોઈ રાહતનું કામ કરવાને બદલે, પ્રજાને ઉશ્કેરવાનું કામ જનસંઘ કરે છે. આવી પરિસ્થિતિમાં પોલીસ કે અમલદારોનું કામ વિકટ હોય છે. વધારે પડતાં સખત પગલાં લે કે વધારે પડતી ધીરજ રાખે, બન્નેમાં જોખમ છે. અદાલતી તપાસ છેવટ એમ કહીને ઊભી રહે કે There was an error of Judgement.

અનુભવી ઉચ્ચ કક્ષાનો અધિકારી કદાચ આવી તપાસ માટે વધારે યોગ્ય વ્યક્તિ લેખાય. આવા કિસ્સામાં સરકારને ઢાંકપિછોડો કરવાનું કાંઈ કારણ નથી.

**ચીમનલાલ ચકુભાઈ**

# મહાભારતનું જીવનદર્શન

**[ગતપર્યુષણ વ્યાખ્યાનમાળામાં 'મહાભારતનું જીવનદર્શન' એ વિષય પર શ્રી ઈશ્વર પેટલીકરે કરેલા પ્રવચનનો સારભાગ અહીં આપવામાં આવ્યો છે.]**

આપણે ત્યાં કેટલાય એવા ગ્રંથો છે કે એનું આપણે માત્ર વાચન જ કરીએ છીએ, પરંતુ સ્વાધ્યાય કરતા નથી. પરિણામે પ્રજામાંની તેજસ્વિતા પ્રગટતી નથી.

આવો એક ગ્રંથ છે—મહાભારત. તે અદ્‌ભુત ગ્રંથ છે. વિશ્વના અમૂલ્ય ગ્રંથમાં એને પહેલી હરોળમાં મૂકી શકાય. સંસારનાં દરેક પાસાંની લીલા એમાં પડી છે.

ભગવદ્ ગીતા સામાન્ય માણસ સુધી પહોંચી શકતી નથી. એને સમજાવવા માટે કથાનો ઉપયોગ લેવાયો. હવે આવી કથાના રસદર્શન સાથે અંગ્રેજીમાં જેને 'between the lines' કહે છે એની સમજણ વધારવી જોઈએ. પોતાને પ્રશ્નો પૂછીને આ રસદર્શન કરવું જોઈએ.

મહાભારતમાં ભીષ્મપ્રતિજ્ઞાની વાત આવે છે. આ કોઈ સામાન્ય પ્રતિજ્ઞાની વાત નથી. પ્રથમ દૃષ્ટિએ પ્રેમની વાત સનાતન છે. સત્યવાન - સાવિત્રીનું પણ આવું જ હતું ને?

શાન્તનુને માછીમારની કન્યા પ્રથમ દૃષ્ટિએ પસંદ પડે છે અને તેને પરણવાનું નક્કી કરે છે. માછીમાર પાસે જાય છે. માછીમાર તેને પોતાની શરત જણાવે છે કે તેની પુત્રી પટરાણી બનવી જોઈએ અને તેની પુત્રી વડે અવતરેલો પુત્ર ગાદીવારસ બનવો જોઈએ.

શાન્તનુને દેવવ્રત જેવો ૨૫ વર્ષનો પુત્ર છે. એની માતા ગંગા વર્ષો પહેલાં મૃત્યુ પામી હતી. આથી એ આ શરતો સ્વીકારવાની ના પાડે છે, છતાં લાગણીથી પરેશાન થાય છે. દેવવ્રત સમજીને, જાણીને માછીમાર પાસે જાય છે અને પ્રતિજ્ઞા લઈ અપરિણીત રહેવાનો અને ગાદીનો હક્ક જતો કરવાનો નિશ્ચય કરે છે. આમ આ ભીષ્મપ્રતિજ્ઞા કહેવાઈ.

સત્યવતીના દીકરાઓ માટે દેવવ્રત અને હવે ભીષ્મ અપહરણ કરી લાવે છે.

પ્રશ્ન થાય છે કે પોતાના સાવકા ભાઈઓ માટે જે અપહરણ કરી શકે છે તે સત્યવતીનું અપહરણ કેમ નથી કરતો? આ તે કેવું જીવનદર્શન? આમાં તે વખતના રાજ્યકાળ, સમાજકારણ, સંસ્કારના જીવનનું દર્શન કરવાનું છે.

કોઈ પણ પ્રજાજનની દીકરીનું અપહરણ ન થઈ શકે, પોતાના સમાન હોય એ દૃષ્ટિએ આ કૃત્ય કરી શકાતું અને આથી જ તે કાશીરાજની કુંવરીઓનું અપહરણ કરે છે.

રામાયણમાં છેલ્લો માણસ ધોબી છે, અહીં માછીમાર છે. અને તેને બંને મહાકાવ્યમાં વર્ણન મળે છે. એક નાનો શો માણસ પણ કેટલે સુધી જઈ શકે છે! અને માગણી પણ કેવી! મહાભારતનું આ ચિત્ર છે અને તેમાં સમાજજીવનની આભા વર્તાય છે. ભીષ્મ પોતે બળવાન હોવા છતાં અહીં તે ઉત્તમ કામ કરે છે.

શાંતિપર્વની વાત જોઈએ. આ પર્વમાં ભીષ્મ વિદ્વાન, પંડિત દેખાય છે અને છતાં એ સત્યનો પક્ષ લઈ શકતા નથી. એ જાણે છે કે દુર્યોધનનો પક્ષ ખોટો છે. છતાં એ પાંડવોનો ઉઘાડો પક્ષ લઈ શકતા નથી. આ એમની મર્યાદા છે.

સત્યવતીના બંને દીકરાઓ મરી જાય છે. સત્યવતી ભીષ્મને પરણવાનું જણાવે છે, પણ ભીષ્મને પ્રતિજ્ઞા વધુ મહત્ત્વની લાગે છે અને તે પરણવાની ના પાડે છે. જે કારણસર ન પરણવાની પ્રતિજ્ઞા લીધી હતી તે કારણ તો જતું જ રહે છે. તેમ છતાં એ ના પાડે છે. એથી ભિષ્મ અહીં ધર્મ ચૂકી જાય છે.

રામાયણમાંના જ પ્રસંગો જોઈએ: રામે વચન પાળ્યું છે? એણે વચન પાળ્યું જ નથી. કૈકયીનાં બે વચનો હતાં. રામ ૧૪ વર્ષ વનવાસ જાય અને ભરત રાજગાદી પ્રાપ્ત કરે. પરંતુ ભરત માત્ર ૧૪ વર્ષ જ ગાદી ભોગવે એવું તો વચનમાં હતું જ નહીં રામ

વનવાસ પછી રાજગાદી પર બેસે જ છે. અહીં રઘુકુળનું વચન ગયેલું જ છે. પરંતુ તે જીવંત ધર્મ છે. ભીષ્મે જે ધર્મ પાળ્યો તે શુષ્ક શબ્દાર્થધર્મ પાળ્યો.

સાબરમતી આશ્રમમાં મહાત્માજીએ વાછરડીને રિબાતી બચાવવા ગોળી છોડવા જણાવ્યું જ હતું, અને એ પણ અમદાવાદમાં. આનું નામ જીવંત ધર્મ. ગાંધીજીને વાછરડી માટે સમભાવ હતો. એનું દુ:ખ ગાંધીજીથી સહેવાતું ન હતું. દેહના છુટકારા માટે એમણે આ માર્ગ લીધો. આ માનવતાનો પોતાનો ધર્મ છે.

વનમાં રામ-ભરત મિલાપ વખતે રામ ભરતનો વિલાપ સમજે છે. એ જાણે છે કે ભરતનો તે સ્મશાનવૈરાગ્ય નથી ત્યારે પોતાની પાદુકા આપે છે.

દશરથ વચનો આપીને બેભાન થઈ ગયા. અહીં બાપની ઈચ્છા છે એવું નથી. અહીં રામ ઊંચો અર્થ કરે છે. દશરથ બોલી શકયા નથી. પરંતુ રામ શબ્દાર્થ જોતા નથી, પકડતા નથી, પરંતુ એ જીવંત ધર્મ પકડે છે.

વેદવ્યાસે મહાભારતમાં જે લીલા મૂકી છે તે જોવા જેવી છે. આમ ભીષ્મ ખૂબ જ શકિતશાળી હોવા છતાં એમાં નિષ્ક્રિયતા દેખાય છે. એથી એ પાંડવો કે કૌરવો પર અસર કરી શકતા નથી. વિભીષણ જેવી સક્રિયતા કર્ણ કે દ્રોણ કે ભીષ્મમાં જોવા મળતી નથી.

અર્જુનને ટપી જાય એવો કર્ણ દાનેશ્વરી હોવા છતાં તે દાનધર્મને જ કેવળ ધર્મ માની લે છે. એ જાણે છે કે બ્રાહ્મણનું ખોટું રૂપ લઈને ઈન્દ્ર આવે છે. આમ માગણી થતાં કર્ણ પોતાનું અમોઘ શસ્ત્ર સવારે એ બ્રાહ્મણને અર્પણ કરે છે. પરંતુ આ શુષ્ક શબ્દાર્થધર્મ છે. અને જઓ તો ખરા, કર્ણ કેટલો મોટો દાનેશ્વરી, કેટલુંય દાન કરે છે અને છતાં એ જોડાય છે તો ચાંડાળ ચોકડીમાં જ! કારણ કે એને પ્રારંભથી જ પાંડવો સામે વેર હતું. દ્રોણ અને ભીષ્મ ખોટું દેખાતું એ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતા, પણ એથી આગળ વધતા જ નહીં.

છૂતાછૂતની વાત પણ કેટલી ઊંડી છે. એકલવ્યને હરીફાઈમાં દ્રોણે ઊતરવા ન જ દીધો. આજે પણ આ વસ્તુ જોવા મળે જ છે

ઊંચનીચના ભેદભાવવાળાં પાંડવોના સ્થાપિત હિતની સાથે દુર્યોધનનું હિત વધુ ખરાબ છે. એની સાથે કર્ણ જોડાવા છતાં એ આગળ નથી જઈ શકતો.

અર્જુનનો વિકાસ થયો છે. મહાભારતમાં જ એ કહે છે કે આ યુદ્ધમાં લડવું નથી. કૃષ્ણને ય કોઈ સ્વાર્થ નથી. એને ગાદી જોઈતી નથી. કૃષ્ણ કહે છે કે એને દુર્યોધન વગેરે સામે નહીં, પરંતુ દુષ્ટતા અને અનિષ્ટતા સામે લડવાનું છે.

કૃષ્ણ, પાંડવો તરફથી વિષ્ટિકાર તરીકે દુર્યોધનના દરબારમાં ગયા હતા ત્યારે પણ એમને અનુભવ થયો જ હતો. ત્યાં પાંચ ગામના પ્રતીકની વાત હતી. અનુભવે એ જાણી ગયા હતા કે દયા બતાવવાથી સમાજનું હિત થતું નથી. એથી એ અર્જુનને લડવા સંબોધે છે.

મહાભારતમાં કૃષ્ણનું પાત્ર મહત્ત્વનું છે. છતાં કૃષ્ણનું મરણ તો નીચમાં નીચ માણસનું થાય એ રીતે થયું તેનું કેમ? કૃષ્ણને મહાભગવાન કહીએ છીએ. અને છતાં યાદવાસ્થળી થઈ, એ શું? પારધિ પશુ સમજીને એમના તરફ બાણ વીંઝે છે. શા માટે?

બીજી જગ્યાએ એનું કેટલું બધું ઊપજે છે, અહીં કેમ કશું ઊપજતું નથી? ભગવદ્‌ગીતામાં અનાસકિતની વાત કરી છે. આમ આગળ કહ્યું તેમ between the line જેવું જોઈએ. અનાસકત માણસ સમાજના હિત માટે કાર્ય કરતો હોય છે. આસકત માણસ પોતાના હિત માટે કામ કરે છે.

ઈશુનું મૃત્યુ જોઈએ. ઈશુ પણ એક જ ક્ષણ માટે પણ આસકત બની જાય છે. કહે છે: તું પણ મને ભૂલી ગયો? પણ અનાસકત થઈને એમને ભૂલી જવાની પછી ભગવાનને પ્રાર્થના કરે છે.

કૃષ્ણ પણ એકાદ ક્ષણ આસકત બની ગયા. જે યાદવો સર્જાયા હતા એ બધા કપાઈ મર્યા અને એનો એમને આઘાત લાગે છે. અનાસકત એ કસોટી છે. કૃષ્ણ અનાસકતભાવે બધું જોઈ શકે છે. ગીતાની ભાવના, ફિલસૂફી વ્યાસે નાટકરૂપે મહાભારતમાં મૂકી છે. આ બધાંની લીલા (ગીતાદર્શન) નાટકરૂપે પાત્રો દ્વારા મહાભારતમાં વેદવ્યાસે મૂકી છે.

અભણ માણસો માટે સત્યનો જય થાય છે એ સમજાવવાનો આમાં પ્રયાસ છે. રામાયણ - મહાભારત ગ્રંથોએ અધર્મ, અસત્ય ખોટાં છે એવું જણાવી ધર્મ અને સત્યના જયજયકારની વાત સમજાવી છે.

ટૂંકમાં, સમાજે જે નીતિ ઘડી તે ભૂમિકા આમાં છે. માટે આનો સ્વાધ્યાય થવો જોઈએ.

—ઈશ્વર પેટલીકર.

# યુગકવિ 'દિનકર'

"મારી કવિતાની ભીતરમાં જે અનુભૂતિઓ ઊતરી, એ વિશાળ ભારતીય જનતાની અનુભૂતિઓ હતી. એ એક એવા કાળની અનુભૂતિઓ હતી, જેના અંકમાં બેસી મેં રચનાઓ કરી હતી. કવિ થવાનું સામર્થ્ય કદાચ મારામાં ન હતું. આ ક્ષમતા મારામાં ભારતવર્ષનું ધ્યાન ધરવાથી જાગ્રત થઈ; આ શકિત મારામાં ભારતીય જનતાની આકુળતાને આત્મસાત કરવાથી સ્ફૂરિત થઈ."

આ વર્ષે જેમને જ્ઞાનપીઠ પારિતોષિક પ્રાપ્ત થયું છે એ હિંદી ભાષાના કવિ રામધારી સિંહ 'દિનકરે' તેમના ૧૯૫૬માં પ્રગટ થયેલા કવિતા સંગ્રહ 'ચક્રવાલ'ની પ્રસ્તાવનામાં ઉપરના શબ્દો લખ્યા છે.

ભારત અને ભારતીય જનતા માટેનો દિનકરનો આ પ્રેમ હમેશાં વાચાળ રહ્યો છે. કયાંક એમણે કહ્યું છે:

ભારત સ્વયં મનુષ્યજાતિકી
બહુત બડી કવિતા હૈ.

'દિનકર'નો જન્મ ૧૯૦૮ના ૩૦મી સપ્ટેમ્બરના રોજ મુંગેર જિલ્લાના સિમરિયા ગામે થયો હતો. એ એક વરસના હતા ત્યારે પિતાની છાયા ગુમાવી. ૧૯૨૮માં તેઓ મેટ્રિક થયા; ૧૯૩૨માં પટણા કૉલેજમાંથી બી. એ. થયા. પછી હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે કામ કર્યું. પણ તેમાં એમને બહુ રુચિ ન રહી. બિહાર સરકાર હેઠળ સબરજિસ્ટ્રાર તરીકે તેમને નોકરી મળી.

વિધિની એક મહાન વિચિત્રતા છે કે બ્રિટિશ સરકારનો ખોફ વહોરી લે એવી કવિતાઓ લખવા છતાં 'દિનકર'ને સરકારી નોકરીમાં જ રહેવું પડયું; ૧૯૪૩માં તો તેમની યુદ્ધપ્રચાર વિભાગમાં બદલી કરવામાં આવી.

કૌટુંબિક સંયોગો કંઈક એવા હતા, કે દિનકર નોકરી છોડી શકે એમ ન હતા; પણ પોતાની રાષ્ટ્રભાવનાની અભિવ્યકિત આડે તેમણે કયારે ય સરકારી નોકરીને આવવા દીધી ન હતી. તેમના કવિતાસંગ્રહ 'રેણુકા'માંની રાષ્ટ્રીય ભાવનાથી ભરપૂર કવિતાઓ માટે અંગ્રેજી-હિંદી વર્તમાનપત્રોમાં ભરપૂર પ્રશંસા આવી ત્યારે અંગ્રેજ સરકારના કાન ચમકયા. મુઝફ્ફરપુર જિલ્લાના મેજિસ્ટ્રેટ બોસ્ટેડે દિનકરને બોલાવીને પૂછયું: 'તમે જ રેણુકાના લેખક છો?' દિનકરે કહ્યું: 'હા.' બોસ્ટેડે પૂછયું: 'તમે સરકાર-વિરોધી કવિતાઓ શા માટે લખી? પુસ્તક પ્રગટ કરતાં પહેલાં તમે સરકારની અનુમતિ શા માટે ન માગી?' દિનકરે ઉત્તરમાં કહ્યું: 'મારું ભવિષ્ય સાહિત્યમાં છે. અનુમતિ માગી પુસ્તકો પ્રગટ કરવામાં મારા ભવિષ્યને હાનિ પહોંચશે. વળી, 'રેણુકા'ની કવિતાઓ સરકાર-વિરોધી નથી, દેશભકિતપૂર્ણ છે અને દેશભકિત તો અપરાધ નથી ને?' મેજિસ્ટ્રેટે તેમની વાત સ્વીકારી લીધી.

દિનકરને પોતાને આ નોકરીથી છૂટવાના વિચારો આવતા. એમ. એ. કરી લે તો કયાંક પ્રાધ્યાપક થઈ શકાય એવા વિચારે તેમણે એમ. એ. ની ટર્મ્સ ભરી; પુસ્તકો ખરીદ્યાં. જયપ્રકાશ નારાયણને આ વાતની ખબર પડી. તેમણે કહ્યું: 'આ શું હવે, નિશાળિયાની માફક તમે પરીક્ષામાં બેસશો? તમે તમારી પોતાની ઈજ્જત ન કરી શકો તો કંઈ નહીં, જે લોકો તમને કવિ માને છે તેઓની તો ઈજ્જત કરો...' અને દિનકરે આગળ ભણવાનું માંડી વાળ્યું. ૧૯૫૦માં મુઝફ્ફરપુર કૉલેજમાં તેઓની નિમણૂક પ્રાધ્યાપક અને હિંદી વિભાગના અધ્યક્ષ તરીકે થઈ. ત્યારે જયપ્રકાશે તેમને એક પુસ્તક ભેટ મોકલાવ્યું અને લખ્યું: 'હવે તો ખાતરી થઈને કે તમે એમ. એ. ન થયા એથી તમને કાંઈ નુકસાન નથી થયું!'

એ પછી તો સંસદસભ્ય તરીકે, તેમજ કેન્દ્ર સરકારના હિંદી સલાહકાર તરીકે તેમણે સેવાઓ આપી. રાજકારણમાં પણ તેઓ રચ્યાપચ્યા રહ્યા.

કોઈકે તેમને પૂછયું; 'તમે કવિ હોવા છતાં રાજકારણમાં ગયા એથી તમારી કવિતાને અસર નહીં પહોંચે?' દિનકરે તેના ઉત્તરમાં કહ્યું: 'ના, કારણ કે મારો આત્મા સાહિત્યના અમૃતકોષમાં વસે છે.'

દિનકરની સૌ પ્રથમ કવિતા ૧૯૨૪ની આસપાસ છપાઈ હતી. એ જોતાં તેમના કવિજીવનની અર્ધશતાબ્દી પણ આ અરસામાં જ હોઈ શકે અને કવિ તરીકેની પચાસ વરસની સાધનાનો પુરસ્કાર ભારતીય જ્ઞાનપીઠે આપ્યો એમ કહીએ તો પણ અતિશયોકિત ન કહેવાય.

દિનકરની કવિતા 'લાઉડ' કહીએ એ પ્રકારની છે: આપણને મેઘાણીની યાદ આવે એવી ભાષા અને એવા મિજાજ સાથે દિનકર હિંદી કવિતાના ક્ષેત્રે પ્રવેશ્યા હતા. એ વેળા છાયાવાદી કવિતાની બોલબોલા હતી; તેનો પ્રભાવ તો દિનકર પર પડયો જ, પણ સાથે સાથે રવીન્દ્રનાથનો પ્રભાવ પણ દિનકરે ઝીલ્યો.

૧૯૨૯માં તેમનું સૌપ્રથમ કાવ્યપ્રકાશન 'પ્રાણભંગ' પ્રગટ થયું. ૧૯૩૫માં 'રેણુકા' પ્રગટ થયું અને દિનકરને હિંદીભાષી જગતમાં સ્વીકૃતિ મળી ગઈ. ૧૯૩૯માં 'હુંકાર' પ્રગટ થયું:

'હિલે આલ્પ્સકા મૂલ, હિલે રાકી
છોટા જાપાન હિલે,
મેઘરન્ધ્રમેં બજે રાગિની
અબ તો હિંદુસ્તાન હિલે.'

જેવી કવિતાઓ દ્વારા 'હુંકાર' તરત જ કાવ્યપ્રેમીઓના હૃદયમાં વસી ગયો.

રાષ્ટ્રીયતાની ભાવના એમની કવિતામાં અટલ રહેવા પામી છે. ભાગલા, કોમી વિદ્રેષ વગેરે મેલથી દૂષિત થયેલી ભૂમિને એ સંબોધે છે:

શંકાકી યહ આગ નહીં ક્યા બુઝ પાયેગી?
દેશોકી દીવાર તોડ તુમ જી ન સકોગે?
ફૈલ રહા હૈ જહર તુમ્હારા જો ધરતી પર
રાષ્ટ્રદેવતા! ઉસે પુન: તુમ પી ન સકોગે?

રાષ્ટ્રીયતામાંથી આંતરરાષ્ટ્રીયતા તરફની ગતિ આ પંકિતઓમાં જોવા મળે છે. સંકુચિતતાઓને અતિક્રમી જવાની ભાવના આ કવિમાં પ્રબળ બનતી જોઈ શકાઈ છે.

ભારતીય ગણતંત્રના જન્મને એમણે જે ભાષામાં આવકાર્યો છે, એ કાનમાં સતત ગુંજ્યા કરે એવો છે:

'સબસે વિરાટ જનતંત્ર જગતકા આ પહુંચા
તેંતીસ કોટિ-હિત સિંહાસન તૈયાર કરો,
અભિષેક આજ રાજાકા નહીં, પ્રજાકા, હૈ,
તેંતીસ કોટિ જનતા કે સિર પર મુકુટ ધરો.'

૧૯૬૨માં જ્યારે ચીનનું આક્રમણ થયું ત્યારે પણ આ કવિ પોકારી ઊઠયા હતા:

હમેં ચાહીએ કર્મગીત ઉન્માદ, પ્રલયકા
અપની ઊંચાઈ સે તૂ કૂછ ઔર બડા હો.

દિનકરનો વિચાર આધુનિક કવિતાના સંદર્ભમાં કરીએ તો કદાચ તેમની ઘણી બધી રચનાઓ સામયિક સ્વરૂપની લાગે; પણ આ સામયિક સ્વરૂપની રચનાઓના માર્ગે થઈને આ કવિ 'રશ્મિરથી' કે 'ઉર્વશી' જેવી કૃતિઓ નીપજાવે છે, એ વાતને કેમ ભૂલી શકાય?

'ઉર્વશી' માટે એમને જ્ઞાનપીઠનું પારિતોષિક મળ્યું છે. અહીં એમણે પુરુરવા અને ઉર્વશીના પ્રેમની જ વાત નથી કરી, પણ રાણીનો પ્રેમ, અપ્સરાનો પ્રેમ, માતાનો પ્રેમ વગેરે નારી-પ્રેમના જુદા જુદા સ્તરોને ઉપસાવ્યા છે. રવીન્દ્રનાથની 'વિશ્વેર પ્રેયસી' અને 'અપૂર્વ શોભના' ઉર્વશી દિનકરની કવિતામાં આવે છે ત્યારે—

'નહીં, ઉર્વશી નારિ નહીં, આભા હૈ નિખિલ ભુવનકી
રૂપ નહીં, નિષ્કલુષ કલ્પના હૈ સૃષ્ટા કે મનકી.'

દિનકરનો કર્ણ દુર્યોધનનો યશ છોડી જયેષ્ઠ પાંડવનું સ્થાન લેવાના કુંતિના નિમંત્રણને આ રીતે ઠુકરાવે છે:

'હો ચુકા ધર્મ કે ઉપર ન્યોછાવર હું
મેં ચઢા હુઆ નૈવેદ્ય દેવતાકા હું;
અર્પિત પ્રસૂન કે લિયે ન યોં લલચાઓ
પૂજા કી વેદી પર મત હાથ બઢાઓ.'

દિનકરનો કાવ્યનો આદર્શ સ્પષ્ટતા છે. એ કહે છે 'હું સૌંદર્ય કરતા સુસ્પષ્ટતાનો વધારે ચાહક છું,' આ મત જોડે કદાચ આધુનિકતાના સમર્થકો સંમત ન થાય; પણ દિનકર આ સ્પષ્ટતાને વધુ સુગમ કરે છે, આ શબ્દોમાં: 'હું ભાવોની સ્વચ્છ અનુભૂતિ માટે કેટલાયે સમય સુધી સમાધિમાં રહી જાઉં છું; જ્યાં સુધી મને વિશ્વાસ ન બેસે કે હું ભાવોને બરાબર સમજી ગયો છું, ત્યાં સુધી રચનાનો આરંભ કરતો નથી.' અન્યત્ર એ કહે છે: 'આજનો વાચક અનુભૂતિની સચ્ચાઈ પહેલા માગે છે, અભિવ્યકિતની સજાવટનો સવાલ પછીથી કરે છે.'

દિનકરનો આ કાવ્યઆદર્શ એમની કવિતાને સમજવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.

દિનકરે કવિતા સિવાય કાવ્યવિવેચન પણ લખ્યું છે, અને એથીએ વધારે મહત્ત્વાકાંક્ષી કૃતિ છે એમનું 'સંસ્કૃતિ કે ચાર અધ્યાય' નામનું પુસ્તક. આ પુસ્તક માટે તેમનો પોતાનો અનુરાગ આ શબ્દોમાં જોઈ શકાય છે: 'મારું મુખ્ય ક્ષેત્ર સાહિત્ય છે, પણ આટલો શ્રમ લઈ મેં બીજું કોઈ પુસ્તક લખ્યું નથી. મારી કોઈ કૃતિ વાંચવા મેં કોઈને અનુરોધ કર્યો નથી, પણ આ વાંચવાનો સૌને અનુરોધ કરું છું."

'સંસ્કૃતિ કે ચાર અધ્યાય'માં ભારતીય સંસ્કૃતિની ચાર મહાન ક્રાંતિઓની વિગતે ચર્ચા કરાઈ છે; આ ક્રાંતિઓ દિનકર આ પ્રમાણે ગણાવે છે: (૧) જ્યારે આર્યો ભારતમાં આવ્યા અને ભારતની આર્યેતર જાતિઓના સંપર્કમાં મુકાયા ત્યારે પ્રથમ ક્રાંતિ રચાઈ. (૨) મહાવીર અને બુદ્ધે સ્થાપિત ધર્મ અને સંસ્કૃતિ સામે વિદ્રોહ કર્યો, (૩) ઈસ્લામ ભારતમાં આવ્યો, (૪) ભારત પશ્ચિમની સંસ્કૃતિના પરિચયમાં મુકાયો.

હિંદી ભાષામાં આ પ્રકારનું આ અપૂર્વ પુસ્તક છે. એમાં દિનકરના ગદ્યની સહજતા અને સરળતા જોઈ શકાય છે. આ કૃતિ માટે તેમને સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

દિનકરને કોઈકે પૂછયું: 'તમારી પ્રિય રચના કઈ?'

દિનકરે તેનો સરસ ઉત્તર આપ્યો હતો: 'મારી પ્રિય રચના હજી લખાઈ જ નથી. જ્યારે હું રિલ્કેના ભાવને તુલસીની ભાષામાં લખી શકીશ ત્યારે મારી જાતને સિદ્ધ કવિ માનીશ.' હરીન્દ્ર દવે

# સંઘ સમાચાર

## સાહિત્યમાં હાસ્ય અને વ્યંગ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે, તેના શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, શનિવાર, તા. ૨૬-૫-૭૩ ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, સંઘના સભ્યો પૂરતો જ, પ્રો. રમેશ ભટ્ટનો એક વાર્તાલાપ "સાહિત્યમાં હાસ્ય અને વ્યંગ"—એ વિષય ઉપર રાખવામાં આવ્યો છે. આ વિષયમાં રસ ધરાવતા સભ્યોને સમયસર ઉપસ્થિત થવા વિનતિ છે.

## રકતદાન માટે વિનતિ

રકતદાન ખૂબ જ પ્રચલિત શબ્દ છે. ઘણાં એવું દાન આપે છે, ઘણાં એને વર્તમાનપત્રમાં પ્રગટ કરે છે, ઘણાં આવાં દાનની વાહવાહ પોકારે છે. એમ છતાં બધાં જ એવું દાન આપતા નથી, બધાએ આપવું જોઈએ કેમકે આપનારે એમાં કાંઈ ગુમાવવાનું નથી. આપણામાંના ઘણાને એની કદાચ જાણ નહિ હોય કે આપણે આપેલું લોહી, શરીરના ગુપ્ત રસાયણથી થોડા જ દિવસમાં આપણને પાછું મળી જાય છે, એટલે રકતદાનથી નુકસાન બિલકુલ થતું નથી. જ્યારે ફાયદાઓ તો ચમત્કારિક અને અભૂતપૂર્વ છે. આપણે દાન કરેલા લોહીથી કોઈનો જીવ બચી જશે, કોઈનું હૃદય ચાલુ થશે, કોઈના ઘેર નવી આશા પ્રગટશે.—"પ્રબુદ્ધ જીવન" તા. ૧૬/૧૨/૭૧

ઉપરની વાત જેમના દિલને સ્પર્શી જાય તેમના માટે, રકતદાન આપવાને લગતી વ્યવસ્થા, બ્લડ સેન્ટર મારફત, 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના ઉપક્રમે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં કરવામાં આવી છે. તો સમય નોંધી લ્યો: તા. ૨૭ મે રવિવારે, સવારના ૯થી ૧૨. ૧૮ અને ૫૫ વર્ષ વચ્ચેની પ્રત્યેક તંદુરસ્ત વ્યકિત રકતદાન કરી શકે છે.

તા. ક.: લોહી આપવા ઈચ્છનારે એમનું નામ અમને તા. ૨૧/૫/૭૩ પહેલા જણાવવા વિનતી છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ ઉદાસીનતા, તમન્ના અને ચિંતા ☆

ઔદ્યોગિક ક્રાન્તિ પછી મનુષ્ય જે રીતે યાંત્રિક અને યંત્રવત્ જીવનમાં ફસાયો તે રીતે અગાઉ કદી ફસાયો નહોતો. અગાઉ માનવીના જીવનમાં કોઈ સમસ્યાઓ આવે તો પ્રેમ અને ઈચ્છાશકિતના હથિયાર વડે તે સમસ્યાઓ ઊકલી જતી, હવે તો આ પ્રેમ અને ઈચ્છાશકિત જ સમસ્યારૂપ બની ગયાં છે, પછી તે આપણા આધુનિક જીવનની સમસ્યાને કયાંથી ઉકેલી શકે! આપણી ફિકરના વિષય વધી પડયા છે. એકબીજાને આપણે વળગી રહ્યા છીએ અને મન મનાવીએ છીએ કે આ વળગણ એ જ પ્રેમ છે. આપણી ઈચ્છાશકિતને બુઠ્ઠી કરી નાખવા માંડયા છીએ. કોઈ એક વિચારશ્રેણી, કોઈ એક ચીજ કે કોઈ એક સંબંધ સ્વીકારી લેશું તો બીજી વિચારશ્રેણી, બીજી ચીજ કે બીજો સંબંધ ગુમાવી બેસીશું તેવો સતત ભય આપણને રહે છે. તે ભયને કારણે પ્રેમ અને ઈચ્છાશકિત નાબૂદ થતાં જાય છે. પ્રેમપૂર્વક વર્તન કરવાનું ઘણું મન થાય છે અને ઈચ્છાશકિત વાપરવાની ઘણી હોંશ હોય છે, છતાં લાચાર બની જઈએ છીએ ત્યારે અંતે એક પ્રકારની ઉદાસીનતા છવાઈ જાય છે.

આ ઉદાસીનતા એ આ જમાનાનો ભયંકર રોગ છે. રસ્તે ચાલ્યા જતા માનવી ઉપર નજર નાખો. આસપાસના વાતાવરણથી અલિપ્ત રહીને તે ચાલ્યો જતો હોય છે. ઘણી સપાટીઓ ઉપર રંગ જ લાગતો નથી. આવી રંગ ન લાગે તેવી સપાટી લઈને માણસ ફરે છે. "એવું તો બન્યા જ કરે" એવા ઉદ્‌ગાર મારામારી માટે કે ખૂનના બનાવ માટે તે કાઢશે. દસકા પહેલાં બુદ્ધિજીવી વર્ગનો એક સામાન્ય ઉદ્‌ગાર રહેતો "કંટાળો આવે છે - 'બોર' થઈ ગયા છીએ." આ પ્રકારનું ખાલીપણું ભરવા માટે કે કંટાળાને મારવા માટે નિતનવા મનોરંજનના માર્ગો શોધાય. એ માર્ગો જ હવે કંટાળો આપવા લાગ્યા છે. ફરી પાછો માનવી પોતાને ખાલી ને ખાલી અનુભવે છે. આ ખાલીપણું ઝાઝો વખત ટકે તે સારું નથી. માણસ તદ્દન ખાલી રહી શકે નહિ. માનવી ગતિશીલ છે. તેને કોઈ વસ્તુ તરફ ગતિ કરતા રહેવાનું મન રહે છે. જ્યારે ખાલીપણું માનવીને ઘેરી વળે અને તેને કાંઈ કરવાનું ન રહે ત્યારે અંતે તે ધ્વંસાત્મક પ્રવૃત્તિ તરફ વળે છે.

આ ખાલીપણું આવવાનું એક કારણ છે. માનવીને લાગે કે હવે તેનાથી કઈ ઊપજવાનું નથી, આ દુનિયા તેનાથી બદલાવાની નથી, તેની શકિતઓની અજમાયશ માટે કોઈ ક્ષેત્ર નથી, પોતે અસરકારક રીતે જીવી શકે તેમ નથી, ત્યારે તે ધીરેધીરે અંદરથી ખવાતો જાય છે. તેને લાગવા માંડે છે કે તે શકિતહીન બનતો જાય છે, તે ક્ષીણ બનતો જાય છે. પોતાના જીવનને પોતાનાં મૂલ્યોના સહારે જ તે ચલાવી શકતો નથી. પોતાના પ્રત્યેના અન્ય લોકોના વલણને બદલવા માટે તે અક્ષમ બની જાય છે. થોડો સમય તેને ધૂંધવાટ રહે છે. કોઈ વખત અર્થહીન બળવો પણ કરે છે અને અંતે તે નાસીપાસ થાય છે. આવું થયા પછી તેને લાગે છે કે તેની ઈચ્છાઓ, તમન્નાઓ કે લાગણીનો કોઈ અર્થ નથી. તેનું ઉદાત્ત ધ્યેય હોય કે તે ભ્રષ્ટાચારી હોય તેનાથી દુનિયામાં કાંઈ તફાવત પડવાનો નથી તેવું વિચારવા લાગે છે. એટલે પછી પોતે પોતાની વિચારશ્રેણી છોડી દે છે. લાગણીઓને 'લાગણીવેડા' નામ આપીને તેને તિલાંજલિ આપે છે.

આમ એ ઉદાસીન બની જાય છે. ઘણી વખત તેની સામેની સમસ્યાઓને ઉકેલી ન શકે અગર ચિંતાનો ભાર ઉપાડી ન શકે ત્યારે માનવી ઉદાસીન બની જાય છે. એ પછી કુટુંબના, સમાજના, દેશના કે વિશ્વના બનાવો તેને અસર કરતા નથી. 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ'માં છપાયેલા એક સમાચાર કહે છે કે ન્યૂ યૉર્કના એક બગીચામાં એક મહિલાને એક જુવાન માણસે છૂરીના ત્રણ ઘા કર્યા તો ય સ્ત્રી મરી નહિ ત્યારે ફરીથી મહિલાને છૂરી ઘોંચવા લાગ્યો ત્યારે બગીચામાં લટાર મારતા ૩૮ જેટલા સદ્‌ગૃહસ્થોએ શાંતિથી આ ખૂની કૃત્ય નિહાળ્યા કર્યું. "વચ્ચે પડીને નાહકની ઉપાધિ કોણ વહોરે" એવું વલણ રાખીને સૌ ઠંડે કલેજે પોતપોતાની સૃષ્ટિમાં વિહરતા હતા!

મુંબઈમાં જૂહુના દરિયાકિનારે એક ધનવાન સ્ત્રીનું મડદું પડયું હતું ત્યારે જાણીતા ફિલ્મ અભિનેતા શ્રી બલરાજ સહાનીએ તે મડદા અંગે કંઈક લાગણી બતાવીને પોલીસ સ્ટેશને ખબર કરવાનો ઉત્સાહ બતાવ્યો ત્યારે તેના ઘણા મિત્રો અને સંબંધીઓએ તેમને રોકયા હતા, "શું કામ પંચાતમાં પડો છો?"

લંડનની એક બહુમાળી ઈમારતના વચલા ભાગે ઈમારતની બહારની સાંકડી પાળીને પકડીને એક યુવાન અદ્ધરશ્વાસે ટીંગાઈ રહ્યો હતો. તેનો હાથ છટકે તો નીચે પટકાઈ પડે અને એટલી ઊંચાઈથી પડે તો તે બચનાર નહોતો. છતાંય નીચેથી આ દશ્ય જોનારાએ કહ્યું કે "એ છોકરો પાગલ છે" ત્યારે એ છોકરાના પાળીને ચીટકી રહેવાના મરણિયા પ્રયાસની સૌ મજાક ઉડાવતા હતા! લંડનના 'ટાઈમ્સ' અખબારે એક અહેવાલ આપ્યો તે મુજબ લંડનમાં એક સ્ત્રી ઉપર બે જણાએ બળાત્કાર કર્યો, ત્યારે ચાળીસ માણસોનું ટોળું શેરીમાં એકઠું થઈ ગયું, પણ કોઈએ બળાત્કાર કરનારને હાથ સરખો ય લગાવ્યો નહિ અને એ ઘૃણાસ્પદ દશ્ય જોયા કર્યું!

ઉપરના જેવા ઘણા કિસ્સા ટાંકી શકાય. માત્ર સ્થૂળ બનાવોની દષ્ટિએ જ નહિ પણ આપણા પોતાના નિકટનાં સંબંધીઓની હાજરી કે ગેરહાજરી અંગે આપણે બહુ નિર્લેપ બનતા જઈએ છીએ. પ્રેમની ઉષ્મા ઓછી થઈ ગઈ છે. કેરીની મોસમ આવવાની આપણે રાહ જોતા નથી. સુંદર પાકેલી કેરી ખાવા માટે મળે તો આપણો રાજીપો વધી જતો. હવે આ રાજીપો કયાંય દેખાતો જ નથી. આપણે કોઈ અદ્‌ભુત દુનિયાને જાણે અનુભવીને આવ્યા હોઈએ તે રીતે કોઈ આનંદ કે ઉત્સાહ આપનારી ચીજ આપણને હવે આનંદિત કે ઉત્સાહિત કરી શકતી નથી.

આ ઉદાસીનતા ખતરનાક ચીજ છે. એ એટલા માટે કે પ્રેમ અને ઈચ્છાશકિત સાથે ઉદાસીનતાનો સંબંધ છે. આપણે 'પ્રેમ'ની વિરુદ્ધના શબ્દ માટે 'ધિક્કાર' શબ્દને મૂકીએ તે સાચું નથી. 'પ્રેમ' ની વિરુદ્ધનો શબ્દ 'ઉદાસીનતા' છે. એ રીતે ઈચ્છાશકિત ની વિરુદ્ધનો શબ્દ 'દ્વિધા' નહિ પણ આપણી 'લાગણીહીનતા' છે.

તો શું અત્યારે તમામ લોકો ઉદાસીન બની ગયા છે? સાવ ભૂંસાડિયો જ વળી જવાનો છે? ભાવિ ધૂંધળું બની જવાનું છે? ના, આવું બની શકે નહિ. માનવીની તમન્ના જાગતી રહે ત્યાં સુધી વાંધો નથી. તમન્નાનો છાંટોય નહિ રહે ત્યારે મરેલી ચેતના જાગતી નથી. માણસ ગમે તેટલો ઉદાસીન હોય કે થાકેલો હોય છતાંય તેનામાં કયાંક થોડીક તમન્ના છુપાઈ રહેલી હોય છે. આ તમન્ના દ્વારા માણસ તેની આસપાસની પરિસ્થિતિને ધ્યાનથી નિહાળે છે. તમન્ના એ એક પ્રકારનું ધ્યાન છે અને એ 'ધ્યાન' પરોવાય છે ત્યારે માનવીને લાગે છે કે "ના, હું સાવ અશકત નથી, હું કશુંક કરી શકું છું."

આમ ખરેખર તો માનવી થાકથી થાકે તેવો નથી. મોટે ભાગે થાકી જાય ત્યારે જ તે નવી તાજગી અનુભવીને ફરીથી એકવાર તેની સમસ્યા ઉપર આક્રમણ કરે છે. પછડાટ એ ઉત્થાન માટેનું પગથિયું બની જાય છે. પરંતુ તમન્નાને જગાડવી તો જોઈએ જ. માણસની તમન્ના જોરદાર હશે તો તે ગમે તેટલો હારેલો અને થાકેલો હશે તો પણ તેનામાં એક નવી તાકાતનો અનુભવ કરશે. આ તમન્નાને કારણે જ માનવી અન્ય પ્રાણીઓથી અલગ પડે છે. આ તમન્નાના ધખારાને કારણે તે કોઈ પણ પરિસ્થિતિથી ઉપરવટ જઈ શકે છે.

અહીં એક વાત નોંધવી ઘટે કે તમન્નાનું રૂપાંતર આતુરતામાં થઈ જવું ન જોઈએ. માણસ વધુ પડતી તમન્ના રાખે ત્યારે તે ચિંતામાં ફેરવાઈ જાય છે. ચિંતાના કારણે માણસની દષ્ટિ ધૂંધળી બની જાય છે અને તેની શકિતનો હ્રાસ થાય છે. જ્યારે આપણે અત્યંત ચિંતાતુર હોઈએ છીએ ત્યારે કંઈ આયોજન કરી શકતા નથી, આશાવંત બની શકતા નથી અને સર્જન પણ કરી શકતા નથી. ચિંતાતુર માણસ પ્રેમ પણ કરી શકતો નથી અને તેની ઈચ્છાશકિત પણ નાબૂદ થઈ જાય છે. આમ ચિંતાને કારણે આપણે ઉદાસીનતા દૂર કરવા માટે જે આખરી હથિયાર શોધ્યું તે હથિયાર પણ નાકામિયાબ બની જાય છે.

કાન્તિ ભટ્ટ

## આ વખતે આઠ જ પાના કેમ?

સ્ટેટ્સ પીપલ પ્રા. લી. માં આપણે પ્રબુદ્ધજીવન છપાવીએ છીએ—ત્યાંની આંતરિક પરિસ્થિતિને કારણે બાર પાના સમયસર થવાની શકયતા નહિ હોવાથી આ વખતે આઠ જ પાના પ્રગટ કરવા પડે છે.—તંત્રી

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.. પી. રોડ, મુંબઈ-૪. ટે નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૩

મુંબઇ, જુન ૧, ૧૯૭૩ શુક્રવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઇ શાહ

## સરકાર અને ધર્માદા ટ્રસ્ટો

આ સરકાર કલ્યાણ રાજ્ય છે. અને એમ માને છે કે પ્રજાની બધી જરૂરીયાતો, અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય અને દરેક પ્રકારની સુખાકારી પોતે પુરી પાડશે. ગરીબી હઠાવવાનો નિરધાર કર્યો છે. ગરીબી ન હોય તો બીજાની મદદની જરૂર ન રહે. એટલે, ધર્માદા ટ્રસ્ટો અથવા સામાજીક સેવાની સંસ્થાઓની જરૂર ન રહે. બધું સરકાર કરે. આ બધું થાય ત્યારે, પણ અત્યારે એમ લાગે કે આ બધું થઇ ગયું છે એમ માની સરકાર ધર્માદા ટ્રસ્ટોને ખતમ કરવા બેઠી છે. આવા ટ્રસ્ટો અને તેના ટ્રસ્ટીઓ ઉપર એક પછી એક એવા નિયંત્રણો અને બોજાઓ લાદવામાં આવે છે કે કોઇ સારા માણસને ટ્રસ્ટી રહેવાનું મન ન થાય અને ટ્રસ્ટ માટે આવકના બધા દ્વાર બંધ થાય.

સરકારી ધોરણે જ્યાં પ્રજાની આવી બધી જરૂરીયાતો પુરી પાડવામાં આવે છે ત્યાં આ 'સેવાઓ' કેટલી યાંત્રિક, કરૂણાહીન, બને છે અને ત્યાં કેટલો ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ચાલે છે તેનો ખ્યાલ આપણને પૂરો નહિ આવે, કારણકે એવો અનુભવ હજી આપણને થયો નથી. પણ સમૃદ્ધ દેશોમાં જ્યાં અનેક પ્રકારની Social Services રાજ્ય તરફથી મળે છે તેના અહેવાલો વાંચીએ તો આ બધું એક મોટો વ્યાપાર થઇ ગયો હોય તેવું લાગે.

પરમાર્થપ્રવૃત્તિનો આત્મા અંગત સેવા અને અંતર કરૂણા છે. માત્ર પૈસા આપવાથી કે કોઇ બીજા પ્રકારની સહાય કરવાથી જ દુઃખ ઓછું થતું નથી, પણ દુઃખમાં સહભાગી થઇએ અને પ્રેમ અને દયાભાવ હોય ત્યારે જ આવી સહાય અથવા સેવા ચરિતાર્થ થાય છે.

આપણા દેશમાં આવો પરમાર્થભાવ હાડોહાડ છે. કોઇ વ્યકિતનું મૃત્યુ થાય અને સાધારણ સુખી હોય તો તે કેટલી મિલ્કત મૂકી ગયો તે જાણવાની ઇંતેજારી નહિ થાય પણ તેની પાછળ અથવા તેણે પોતે શું ધર્માદા કર્યો તે તુરત પૂછાશે. એવી રીતે કોઇ શુભ પ્રસંગ હોય–લગ્ન કે બીજો કોઇ–ત્યારે તેણે શું કરીયાવર કર્યો કે લીધું દીધું તે જાણવાની ઇચ્છા નહિ થાય, પણ ધર્માદા કેટલા કર્યો તે જાહેર કરવું જ પડે. આ ભાવના આપણા દેશમાં એટલી બધી ઊંડી અને વ્યાપક છે કે સાધારણ સ્થિતિના માણસ હોય તે પણ તણાઇને મૃત્યુ અથવા શુભ પ્રસંગે કોઇને કાંઈ ધર્માદો કરે જ.

અત્યારે દુષ્કાળની સ્થિતિ પ્રવર્તે છે ત્યારે હું જાતઅનુભવથી કહું કે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છનું કોઇ ગામ કે તાલુકો ભાગ્યે જ એવો હશે કે જ્યાં સંસ્થાઓ અને વ્યકિતઓએ રાહતકાર્ય સારા પ્રમાણમાં ઉપાડી લીધું ન હોય. સરકાર કરોડો રૂપિયા ખરચે છે. જ્યારે આવા પ્રજાકીય કાર્યમાં તેના પ્રમાણમાં બહુ ઓછું ખરચાય છે, તો પણ તે કેટલું ઉગીનીકળે છે તેનો મને જાતઅનુભવ છે.

એક સમય એવો હતો કે આવા ધર્માદા ટ્રસ્ટો અને સંસ્થાઓને સરકાર ઉત્તેજન આપતી. કારણકે છેવટે તો એ સરકારનો બોજો હળવો કરે છે. દરેક જ્ઞાતિ, કોમ કે પ્રદેશમાં આવી સંસ્થાઓ સુંદર કામ કરી રહી છે. કેટલાક વર્ષોથી મેં એ પણ અનુભવ્યું છે કે સુખી માણસો આવા ટ્રસ્ટો કરી તેમાં સારા પ્રમાણમાં ફાળો આપે છે અને સંસ્થાઓ ચલાવે છે. સાથે એ પણ અનુભવું છું કે સરકાર તરફથી આવા ટ્રસ્ટો અને સંસ્થાઓને ઉત્તેજન આપવાને બદલે ઉત્તરોત્તર તેના ઉપર નિયંત્રણો અને બોજાઓ લાદવામાં આવે છે. અત્યારે એવી પરિસ્થિતિ ઉભી થઇ છે કે ટ્રસ્ટી થવામાં ચિન્તા અને ભય રહે છે.

હું એ પણ જાણું છું કે આવા ટ્રસ્ટોમાં ગેરવહીવટ અને ઉચાપત પણ થાય છે. તેથી તેના વહીવટ ઉપર દેખરેખ રાખવાની પણ જરૂર હતી. તે માટે 'પબ્લીક ટ્રસ્ટ એકટ' જુના મુંબઇ રાજ્યમાં કરતાં પહેલાં, તપાસ કરી, ભલામણો કરવા સરકારે જસ્ટીસ ટેન્ડુલકરના પ્રમુખપદે સમિતિ રચી હતી, તેનો હું મંત્રી હતો. ચેરીટી કમીશનરની નિયુકિત કરવાની ભલામણ કરી ત્યારે સમિતિના કેટલાક સભ્યો ચેરીટી કમીશ્નરને વિશાળ સત્તાઓ આપવા માગતા હતા, તેનો મેં વિરોધ કર્યો હતો અને એક લાંબી અલગ નોંધ Minute of Dissent લખી હતી. છેવટે ટ્રસ્ટનો વહીવટ ટ્રસ્ટીઓએ કરવાનો છે. ચેરીટી કમીશ્નરને સુપર ટ્રસ્ટી બનાવવાનો નથી.

પણ અત્યારે ચેરીટી કમીશ્નર અને તેની સત્તાઓની વાત એક બાજુ રાખું છું. પણ ટ્રસ્ટોની આવક ઉપર અને તેના ઉપયોગ ઉપર ઇન્કમટેક્ષ એકટમાં જે પ્રબંધ થાય છે તેથી મને ભારે ચિન્તા થાય છે.

જાહેર ટ્રસ્ટ હોય તો તેની આવક કરમુકત હતી અને તેને અપાતાં દાનને પણ કેટલેક અંશે કરમુકિત મળતી. જાહેર ટ્રસ્ટ એટલે સાર્વજનિક જ નહિ પણ કોઇ કોમ કે જ્ઞાતિ માટે હોય (Section of the Public) તે પણ જાહેર ટ્રસ્ટ ગણાય.

ઉત્તરોત્તર આવી કરમુકિત સરકાર ઓછી કરતી આવી છે, અને બીજા ઘણાં અંકુશો મૂકાતા જાય છે. ૧૯૬૧માં ઇન્કમટેક્ષનો નવો કાયદો કર્યો ત્યારે કોઇ કોમ કે જ્ઞાતિ માટે ટ્રસ્ટ હોય તો, તેને અપાતા દાનને મળતી આંશિક કરમુકિત રદ કરી. તેમજ ૧-૪-૬૨ પછી આવા કોમ કે જ્ઞાતિ માટે થતા ટ્રસ્ટોની આવકને પણ કરમુકિત રદ કરી. પણ તા. ૧-૪-૬૨ પહેલા થયેલ આવા ટ્રસ્ટો માટે તેની આવકને મળતી કરમુકિત ચાલુ રાખી. હવે ઇન્કમટેક્ષમાં ફેરફાર કરતું નવું બીલ પાર્લામેંટમાં રજુ થયું છે તેમાં આવા કોમ કે જ્ઞાતિ માટેના બધા ટ્રસ્ટની આવક પર આવક વેરો લાગુ પડશે એવો પ્રબંધ કરે છે. પરિણામે આવા ટ્રસ્ટોની આવકનો મોટો ભાગ કરવેરામાં જશે.

સંભવ છે કે બીનસાંપ્રદાયિકતાના ખોટા અને અવળા ખ્યાલો આવું પગલું લેવાતું હશે. દરેક વ્યકિત સંપૂર્ણપણે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય થઇ જાય એવી આશા રાખવી વ્યર્થ છે. ધર્મ કે લોહીના સંબંધે બંધાયા હોય એવા સ્વધર્મીઓ અથવા જ્ઞાતિજનો માટે પ્રથમ આકર્ષણ હોય તેમાં દોષ નથી. કોમ કે જ્ઞાતિ માટે દાન આપવાવાળા સાર્વજનિક ટ્રસ્ટોમાં પણ દાન આપે છે. આવા ટ્રસ્ટો પણ, કોઇ કોમ કે જ્ઞાતિની સેવા કરી, જાહેર બોજો ઓછો કરે છે. રાજકીય દ્રષ્ટિએ કોમવાદ વધે તે ખતરનાક છે. સરકાર પોતે જ તે વધારી રહી છે. ચૂંટણીઓએ માઝા મૂકી છે. સેવાના ક્ષેત્રમાં વ્યકિત સમસ્ત દેશનો વિચાર કરતાં પહેલા, પોતાની કોમ કે જ્ઞાતિનો વિચાર કરે તેમાં કોઇનું નુકસાન નથી. સરકારને પૂરો ખ્યાલ પણ નહિ હોય કે કોમ કે જ્ઞાતિ માટેના આવા હજારો ટ્રસ્ટો આ દેશમાં છે અને ભારે સેવા કરી રહ્યા છે. આ બધાની આવક ઉપર આવક વેરો લાદવાથી સામાજીક સેવાનું ક્ષેત્ર કેટલું સંકુચિત થઇ જશે અને પરિણામે સમાજને કેટલી મોટી હાનિ થશે તેની કલ્પના આ કાયદો ઘડનારને નહિ હોય, ધાર્મિક ટ્રસ્ટો હોય તે તો એક કોમના જ હોય. બધા ધાર્મિક ટ્રસ્ટોની આવક ઉપર આવક વેરો આવશે.

આવા બધા ટ્રસ્ટો અને તેની સંસ્થાઓ મરી પરવારશે. કેટલાક લોકો આવા ટ્રસ્ટોને નામના સાર્વજનિક બનાવે છે, તે છેતરપીંડી છે અને છેવટ ટ્રસ્ટીઓને કોઇક દિવસ સંકટમાં મૂકવાવાળું છે.

બીજો મોટો ફેરફાર આ વર્ષથી એ થાય છે કે ટ્રસ્ટ ફંડ, ફાળા કરે તે પણ આવક ગણાશે. આવકનો સાચો અર્થ મિલ્કતમાંથી ઉત્પન્ન થતી આવક-વ્યાજ, ભાડું, ડીવીડન્ડ વિગેરે. ઉપલક ફંડફાળા થાય તે દર વર્ષે ઓછા, બધું હોય-ખાસ ઉદ્દેશ માટે કરેલ હોય. તેવા દાન Voluntary Contribution આજ સુધી આવક નહોતા ગણાતા, હવે તે આવક ગણાશે. મારો અનુભવ છે કે દરેક સંસ્થા માટે પાંચ-સાત વર્ષે તેનો તોટો પુરો કરવા મોટો ફંડ-ફાળો કરવા પ્રયત્ન કરીએ અને પાંચ-સાત વર્ષની નિરાંત થાય. આવા દાનને આવક ગણે અને આવક વેરાને પાત્ર કરે તો બધું ધોવાય જાય. વળી એવો પ્રબંધ કર્યો છે કે બધા ટ્રસ્ટો સાર્વજનિક અથવા કોમી-એ પોતાની આવકના સો ટકા ચાલુ વર્ષ દરમ્યાન વાપરી નાખવા જોઇએ, જો ન વાપરે અને બચત રહે તો તેના ઉપર આવક વેરો લાગે. પાંચ-સાત વર્ષ માટે એક વખત મહેનત કરી સારૂં ફંડ કરીએ તે એકજ વર્ષમાં વાપરી નાખવાનું હોય તો મૂડી રહેજ નહિ અને દર વર્ષે ખર્ચની ચિન્તા રહે. હવે ૨૫ ટકા બચત કરવાની છૂટ આપે છે, પણ તે બીજે વર્ષે વાપરી નાખવી પડે. કોઇ દાન ટ્રસ્ટભંડોળ માટે જ આપવામાં આવે છે એવી શરતથી આપે તો આવક ન લેખાય. કેટલા જણ પાસે આવી શરતો લખાવી લેવી પડે? આવા અર્થહીન કાયદાથી શું ફાયદો છે? હું જાણું છું કે કેટલાક ટ્રસ્ટો આવક વાપરતા ન હતાં અને વર્ષો સુધી જમા કરતા. તેને માટે યોગ્ય નિયમ થાય, પણ બધા ટ્રસ્ટોને એક લાકડીએ હાંકવાથી મૂડી જ ન રહે એ સ્થિતિ આવે.

એક બીજો મહત્વનો ફેરફાર એ થયો છે કે કોઇ ટ્રસ્ટ કે સંસ્થાને કોઇ રકમ મળી હોય, તે ક્યાંથી અથવા કોના તરફથી મળી છે તેનો સંતોષકારક ખુલાસો ટ્રસ્ટીઓ આપી ન શકે તો તેવું દાન આવક ગણાશે, અને ૬૫ ટકા આવક વેરાને પાત્ર થશે. કાળાનાણાંને ધર્માર્થ વપરાતા અટકાવવા આ પ્રબંધ થાય છે. કાળાનાણાંનું અનિષ્ટ બહુ વ્યાપક છે એ ખરૂં છે, પણ વર્તમાન કરવેરાનું માળખું જોતાં, એ હિસાબે બચત થવી લગભગ અશક્ય છે, તેથી દાન-ખાસ કરીને મોટી રકમનું-આપવું શકય નથી. કેટલાય લોકો ખાનગી પૈસો ધર્માર્થ વાપરવા એમજ આપી દે છે. વિશેષમાં ઘણાં ટ્રસ્ટો તરફથી ખાસ કરી ધર્મસ્થાનોમાં ફંડ-પેટી રાખવામાં આવે છે. તેમાંથી સારી આવક થાય છે. મંદિરોને ભંડારો હોય છે, જેની સારી આવક હોય છે. કેટલીય વખત સમારંભો યોજી ટીકીટથી સારી આવક કરે છે. આ બધી આવક કયાંથી અથવા કોના તરફથી આવી તે કહેવું અશકય છે. ઇન્કમટેક્ષ ઓફીસરને સત્તા આપી છે કે તેને સંતોષ ન થાય તો આવી બધી આવક ઉપર ૬૫ ટકા આવક વેરો લેશે.

કોઇ ટ્રસ્ટનું નાણું કોઇ કંપની અથવા ધંધામાં-સરકારી કંપની સિવાય-રોકી શકાશે નહિ. કેટલાય લોકો પોતાના ટ્રસ્ટના નાણાં પોતાના ધંધામાં અથવા કંપનીમાં રોકી સારી આવક કરે છે. આમાં જોખમ છે, લાભ પણ છે. હવે તે સદંતર બંધ કરે છે.

અત્યારે કોઇ વ્યકિત કરમુકત હોય તેવા કોઇ ટ્રસ્ટને દાન આપે તો દાનની રકમના ૫૫ ટકા તેની આવકમાં મજરે મળે છે. હવે ૫૦ ટકા મજરે મળશે.

આ બધા ફેરફારોનું એકજ પરિણામ આવશે કે ધર્માદા ટ્રસ્ટો અને સંસ્થાઓની આવકમાં મોટો કાપ પડશે અને કોમી ટ્રસ્ટો કે સંસ્થાઓની આવક ઉપર આવક વેરો પડતા તેને મોટો ભાગ ગુમાવવો પડશે. ગરીબી હટે ત્યારે ખરી પણ અત્યારે ગરીબાઇનું દુઃખ હળવું કરવાનું થોડું પણ સાધન છે તે સરકાર લઇ લેશે અથવા બંધ કરશે.

ટ્રસ્ટીઓ ઉપર પણ જવાબદારી વધતી જાય છે. દરેક ટ્રસ્ટે ઇન્કમટેક્ષ રીટર્ન ભરવો પડે. ટ્રસ્ટને ઇન્કમટેક્ષ કમીશનરમાં રજીસ્ટર કરાવવું પડે, ચેરીટી કમીશનરની સત્તાઓ વધારી છે. દરેક ટ્રસ્ટે બજેટ રજુ કરવું પડે. પોતાના ઘરનો કે ધંધાનો વહીવટ કરવામાં પણ પૂરી કાળજી રાખી શકાતી નથી. ટ્રસ્ટ મોટા પગાર આપી ન શકે. કુશળ માણસો ન મળે. વહીવટ કાંઇક ઢીલો રહે. આ બધી જવાબદારી માથે રાખતા હવે મુંઝવણ થાય તેવું છે. કેટલાય ટ્રસ્ટોમાં હું ટ્રસ્ટી છું. સાથીઓ અથવા માણસો ઉપર વિશ્વાસ રાખી ચલાવીએ છીએ, પણ હવે લાગે છે કે બોજો અને જવાબદારી બહુ વધી જાય છે. સંસ્થાઓ ચલાવવી અઘરું થતું જાય છે.

ટ્રસ્ટોનો ગેરવહીવટ અથવા ટ્રસ્ટ ફંડોનો દુરુપયોગ અટકાવવો જરુરનો છે. પણ અસહ્ય બોજો નાખે તો સારા પ્રમાણિક માણસોની ચિન્તા વધી પડે. સૌથી ખતરનાક વસ્તુ તો એ છે કે ધર્માદાટ્રસ્ટો અને સંસ્થાઓની આવકના દ્વાર એક પછી એક સરકાર બંધ કરે છે. ગરીબોની હાડમારી વધારશે.

**ચીમનલાલ ચકુભાઇ**

# 卐 પ્રકીર્ણ નોંધ 卐

## ઇઝરાઇલના ૨૫ વર્ષ

ઇઝરાઇલના જન્મને ૨૫ વર્ષ થયા; તેની શરૂઆત થઇ ત્યારે વિરોધનો વંટોળ થયો તે હજી સળગતો છે. યહુદીઓ આ ભૂમિને પોતાની પવિત્ર ભૂમિ Holyland માને છે. ઇસ્લામનો જન્મ થયો તે પૂર્વ સેંકડો વર્ષથી આ ભૂમિ તેમનું નિવાસ-સ્થાન હતી. ઇશ્વરે તેમને બક્ષી છે- God's gift- એવી માન્યતા છે. ઇસ્લામ ધર્મના ફેલાવા સાથે મધ્યપૂર્વનો વિશાળ પ્રદેશ આટોમન સામ્રાજ્ય-તુર્કસ્તાનના કબ્જે આવ્યો. પ્રથમ વિશ્વયુદ્ધમાં આ સામ્રાજ્યનો અંત આવ્યો અને અનેક આરબ રાજ્યો થયા. સેંકડો વર્ષના ગાળામાં યહુદીઓ દુનિયામાં ફેલાઇ ગયા. યહુદી પ્રજાનો ઇતિહાસ આશ્ચર્યજનક છે. અત્યંત બુદ્ધિ-શાળી, કુશળ પ્રજા, પણ એક ખાસિયત કે સદા અલગ રહે અને ગમે તે દેશમાં જાય ત્યાં તેની અલગતા કાયમ રહે, યહુદી ગમે તેટલો શિક્ષીત અને પ્રગતિશીલ હોય પણ ધર્મનો પ્રભાવ ઘણો. ભારે ક્રિયાકાંડી. આહાર, રહેણીકરણી, સામાજીક વ્યવહાર, બધામાં બ્રાહ્મણોએ સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રો રચ્યા તેનાં કરતાં પણ વિશેષ યહુદીધર્મમાં છે. ખ્રીસ્તી ધર્મ અને ઇસ્લામ બન્ને ઉપર યહુદી ધર્મની ઘણી અસર છે, તેને વિશાળ ધાર્મિક સાહિત્ય છે. અર્થોપાર્જન અને લોભમાં મારવાડીને પણ ચડી જાય, અને લોહીપીવાવાળા એવી એની શાખ. યહુદીકોમમાં જીવનના દરેક ક્ષેત્રમાં ઘણા મહાપુરૂષો થયા છે. પણ ગમે તે કારણે, યહુદી કોમ પ્રત્યે જ્યાં તે રહે ત્યાં ઇર્ષા અને વિરોધ રહે. યહુદી કોમે સહન કર્યું છે તેટલું દુનિયાના ઇતિહાસમાં કોઇ કોમે સહન કર્યું નથી. પ્રથમ વિશ્વ-યુદ્ધમાં આ કોમની આર્થિક સહાય મિત્રરાજ્યોને મોટા પ્રમાણમાં હતી. બ્રીટન અને અમેરિકામાં યહુદીઓ મોટા ધનાઢયો હતા અને છે. આ ભટકતી કોમને ઠરીને ઠામ થવા પોતાનો દેશ Homeland હોવો જોઇએ એવી માંગણી ૧૯૧૪થી જોરશોરથી ઉપડી. ઝીયોનીઝમનો પ્રચાર વધતો રહ્યો. ૧૯૧૭માં પ્રખ્યાત બેલફર જાહેરાતથી બ્રીટને વચન આપ્યું કે યહુદીઓને તેમની ભૂમિ પાછી મળશે. ત્યારથી દુનિયાભરમાંથી યહુદીઓનો પ્રવાહ પેલેસ્ટાઇન ભણી વળ્યો. આ ઘણી રોમાંચક કથા છે. બીજા વિશ્વયુદ્ધમાં હીટલરે ૬૦ લાખ યહુદીઓને ખત્મ કર્યા. આ અત્યાચારો અકલ્પ્ય અમાનુષી હતા. યુરોપના બીજા દેશોમાં પણ યહુદીઓ પ્રત્યે સારીપેઠે વિરોધ હતો એટલે શરણાર્થીઓનો પ્રવાહ વધ્યો. છેવટે ૧૯૪૮ માં આરબ રાજ્યોના સખ્ત વિરોધ છતાં પેલેસ્ટાઇનના રાષ્ટ્રસંઘે ભાગલા કર્યા અને ઇઝરાઇલનો જન્મ થયો. યહુદીઓ આક્રમક અને શકિતશાળી છે, મરણિયા થવાનો હજારો વર્ષનો અનુભવ છે. પરિણામે ઇઝરાઇલમાંથી સાત લાખ આરબોને ભાગવું પડયું અને ઇઝરાઇલના સીમાડાઓ ઉપર ચારે તરફ ઘેરીને હજી પડયા છે. આ આરબ શરણાર્થી-ઓને નિભાવવા રાષ્ટ્રસંઘે ૨૫ વર્ષમાં અબજો ડોલર ખરચ્યાં છે. આ સાત લાખ આરબો આરબ દેશોમાં સહેલાઇથી સમાવી શકાત, પણ આ પ્રશ્નને સળગતો રાખવા આરબરાજ્યો તેમને પોતાના દેશમાં લેતા નથી. ત્રણ વખત આરબ રાજ્યોએ ઇઝરાઇલ ઉપર આક્રમણ કર્યું અને હાર્યા. સાત કરોડ આરબોમાં સંગઠન નથી. નાસરે સંગઠન કરવા પ્રયત્ન કર્યો પણ સફળતા ન મળી. ઇઝરાઇલને અમેરિકાની અને દુનિયાના યહુદીઓની અઢળક સહાય છે. અબજો ડોલર અને લશ્કરી સરંજામ અવિરત વહયે જાય છે. યહુદીઓ પોતે ખૂબ મહેનતુ, બુદ્ધિશાળી અને કાર્યકુશળ છે. વેરાનભૂમિને હરિયાળી બનાવી છે. ૧૯૪૮માં ૬ લાખની વસ્તી હતી, તે ૩૦ લાખ થઇ છે. ઇઝરાઇલનો ૨૫ વર્ષનો ઇતિહાસ અદ્દભૂત છે. દુનિયાના બધા દેશોમાંથી યહુદીઓ ત્યાં આવ્યા છે. તેમની વચ્ચે શિક્ષણ, સંસ્કારિતા, રહેણીકરણીનું મોટું અંતર હતું. આફ્રિકાના યહુદીઓ અને પશ્ચિમ યુરોપના યહુદીઓ વચ્ચે ધર્મ સિવાય કોઇ સામાન્ય તત્ત્વ ન હતું. આવા વિસંવાદી તત્ત્વોમાંથી એક પ્રજા ઘડવાનું કામ હતું. હીબ્રુ ભાષા, જે મૃતપ્રાય હતી, તેને સજીવન કરી, દેશની ભાષા બનાવી. ધર્મને પ્રાધાન્ય આપી રાજ્યની સામાજીક અને આર્થિક રચના કરવાનો પ્રયત્ન કર્યો. It is theocratic state. દેશની સંખ્યા જોતાં, ચોથા શકિતશાળી દેશ ગણાય. જુની પેઢી અને નવી પેઢીનો પણ સંઘર્ષ છે. શરૂઆતના વર્ષોમાં, ત્યાગ અને બલિદાનની ભાવના પ્રબળ હતી. સમૂહજીવન–જેને 'કીબુઝ' કહે છે. એક પ્રકારની સહકારી મંડળીઓ અને સહજીવન ખૂબ વિકસાવ્યું. ઉગતી પેઢીમાં આ ભાવના ઓછી થતી જાય છે અને વ્યકિતગત જીવન જીવવાની ભાવના જાગી છે. આખી પ્રજા ૨૫ વર્ષથી યુદ્ધના ધોરણે જીવે છે.

આરબ–ઇઝરાઇલ સંઘર્ષનો અંત કેવી રીતે આવે? ઇઝરા-ઇલને ઉખેડી નાખે અથવા નાબુદ કરે તે અશક્ય છે. સમજદાર આરબો આ જાણે છે છતાં વાસ્તવિકતા સ્વીકારાવા તૈયાર નથી. ઇઝરાઇલના સીમાડાઓની ફુલગુંથણી–જોરડન, સીરીયા, લેબેનોન, ઇજીપ્ત, ઇરાક–આ બધા દેશો સાથે એવી રીતે અટવાઇ ગયા છે કે તેને કોઇકે વ્યવસ્થિત કરવા અનિવાર્ય છે. ૧૯૬૭ના યુદ્ધમાં ઇઝરાઇલે, ઇજીપ્ત અને જોરડનનો ઘણો પ્રદેશ કબ્જે કર્યો છે અને હજી તેના કબ્જામાં છે. રાષ્ટ્રસંઘે ઠરાવ કર્યો છે કે ઇઝરાઇલે આ પ્રદેશ પાછો સોંપવો. આપણે જેમ પાકિસ્તાનનો પ્રદેશ પાછો સોંપ્યો. ઇઝરાઇલ આ માટે તૈયાર નથી. કદાચ કાયમી સીમાડાઓ નક્કી થાય તો ઇઝરાઇલ ઘણો ભાગ પાછો આપવા તૈયાર થાય. આ પ્રદેશ રાખવામાં પણ ઇઝરાઇલને મુંઝવણ છે. આ પ્રદેશની વસ્તી આરબ છે. ઇઝરાઇલનો તે ભાગ થાય તો આરબ વસ્તીનું પ્રમાણ ઇઝરાયલમાં વધી જાય અને ૧૫–૨૦ વર્ષ પછી એવો સમય આવે કે ઇઝરાઇલમાં આરબોની બહુમતિ થાય. તેથી ઇઝરાઇલમાં આ વિષે તિવ્ર મતભેદ છે. કેટલાક, આ બધો પ્રદેશ પાછો આપી દેવાની તરફેણમાં છે, તો કેટલાક અમુક ભાગ–સલામતી માટે–રાખવાના આગ્રહી છે. બધે ઠેકાણે બને છે તેમ અંતે બધા થાકશે ત્યારે છેવટ કાંઇક નીવેડો આવશે. બીજો ભડકો થાય પછી કે તે પહેલાં, કાંઇક સમજપૂર્વક ઉકેલ લાવવો જોઇએ. એટલું જ જોવાનું રહે છે.

## ભારત–પાકિસ્તાન અને બંગલા દેશ

ભૂતોએ નિર્ણય કર્યો લાગે છે કે આ ઉપખંડમાં શાન્તિ થવા ન દેવી. માનવતાની દ્રષ્ટિએ પાકિસ્તાનના ૯૦ હજાર યુદ્ધ-કેદીઓ, બંગલા દેશમાં વસતા બે લાખ બિહારીઓ અને પાકિ-સ્તાનમાં વસતા ચાર લાખ બંગાળીઓના પ્રશ્નોનો નિકાલ લાવવા ભારત તથા બંગલા દેશે સંયુકત દરખાસ્તો કરી, તેનો ભૂતોએ સ્વીકાર કર્યો નથી. કદાચ ૯૦ હજાર યુદ્ધકેદીઓને પાછા લેવાની તેને ઉતાવળ નથી, પાછા જાય તો તેની મુંઝવણ વધે, જયારે આપણા દેશ ઉપર તેનો મોટો આર્થિક બોજો ચાલુ રહે, આવી કાંઇક ગણતરી હશે. પણ આટલેથી ન અટકતા

તેણે જે વળતાં પગલાં લીધાં છે તેથી વાતાવરણ તંગ બને છે. હજારો બંગાળીઓની તેણે અચાનક ધરપકડ કરી અને તેમાંના કેટલાક સામે, દેશદ્રોહ કે એવા કોઇ આરોપસર કેસ ચલાવવાની ધમકી આપી છે. બંગલા દેશે ૧૯૫ પાકિસ્તાની યુદ્ધકેદીઓ ઉપર અત્યાચારો માટે કેસ કરવાનો નિર્ણય કર્યો છે તે અટકાવવા, આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ભૂતોએ ફરીઆદ કરી દાદ માગી છે, કાયદાના અટપટા પ્રશ્નો ઉભા થાય છે. એક વાત સ્પષ્ટ છે કે સીમલા કરારની સમજુતી અને તેના ધોરણને વળગીરહેવા ભૂતોની અત્યારે દાનત નથી, તાસ્કંદ કરાર પછી પણ આવી જ સ્થિતિ ઉભી થઈ હતી, આપણે વધારે સજાગ રહેવું પડશે અને લશ્કરીખર્ચ કાંઇ ઓછો કરવાનો વિચાર કરી શકાય તેવું રહેતું નથી, અમેરિકા, ભૂતો ઉપર દબાણ ન લાવે ત્યાં સુધી ભૂતોનું આવું વલણ રહેશે. હવે ઇરાનના શાહ, તેની મદદે ચડયા છે. મધ્યપૂર્વમાં ઇરાનને પોતાની લાગવગનું મોટુ મથક બનાવવાનો અમેરિકાનો પ્રયત્ન છે.

**ચીમનલાલ ચકુભાઇ**

## 卐 મરણ ભય 卐

આ લખાણ કોઇ ગર્વથી અથવા કીર્તિના મોહથી નથી લખતો, સહજ લખાઇ જાય છે. કેટલાય સમયથી મનમાં એમ રહે છે કે મારા બધા વિચાર અને આચારના પાયારૂપ મારી અંતિમ માન્યતાઓ મારે એક વખત લખીનાંખવી. આ માન્યતાઓ વિવાદનો વિષય નથી. ઘણાં ચિન્તનનું પરિણામ હોવા છતાં, માત્ર બુદ્ધિ ઉપર આધારિત નથી. અંતરતમ ઊંડાણમાંથી, એનું સ્વરૂપ ઘડાયું છે, અનેક તાણાવાણાથી ગુંથાયેલ છે, તે દરેક છુટો પાડી રજુ કરી શકું તેમ નથી. છતાં આ માન્યતાઓ એટલી દૃઢ અને ઉંડી છે કે મારા સમગ્ર જીવનના આધારરૂપ છે.

હમણાં શંકરાચાર્યના ભજગોવિન્દમ્ અને વિવેક ચૂડામણિ વાંચું છું. વ્યવહારિક પ્રવૃત્તિઓમાં રચ્યોપચ્યો છું ત્યારે આ ગ્રન્થો એક જુદી જ દુનિયામાં લઇ જાય છે. આ બે દુનિયા વચ્ચે કોઇ સેતુ દેખાતો નથી. છતાં બન્નેનો અનુભવ છે એમ લાગે છે. બન્ને એક સિક્કાની બે બાજુ હોવી જોઇએ એવી પ્રતીતિ થાય છે, જીંદગીનો ૯૯ ટકા સંબંધ વ્યવહારિક દુનિયામાં જાય છે. એક ટકો અન્ય અનુભૂતિ થાય છે. તે જે ચમકારો મૂકી જાય છે તેથી જીવન ધન્ય થતું લાગે છે. ત્યાં વધારે રહેવાનું મન થાય છે પણ ટકી શકાતું નથી.

આવું બધું વિચારતાં મરણ ભય શું છે તે ઉપર મન દોડયું, મરણ ભય મોટામાં મોટો ભય લેખાય છે, જીજીવિષા એટલી પ્રબળ છે કે જીવવા વલખાં મારતાં જીવને જોઇ આટલી બધી તિવ્ર જીજીવિષા કેમ હશે તે સમજાતું નથી. મારા જીવનનો વિચાર કરૂં છું ત્યારે કોઇ ક્ષણે મને મરણ ભય થયો હોય એવો અનુભવ નથી. મારા માટે આ સાવ સહજ સ્થિતિ હોય એવું મને લાગે છે. શારીરિક અવસ્થા જન્મથી જ નિર્બળ રહી છે. લાંબો સમય માંદગી ભોગવી છે. બે વખત મોટાં ઓપરેશન કરાવવા પડયા છે. બીજું ઓપરેશન કર્યું ત્યારે કેન્સર જ નીકળશે એમ ડો. બાલીગાનો મત હતો. મરણની પુરી તૈયારી કરી ઓપરેશન કરાવ્યું હતું. જરા પણ ક્ષોભ થયો હોય એવી મને સ્મૃતિ નથી. કોઇ અભિમાનથી આ લખતો નથી. કોઇ ક્ષણે એવો ભય નથી અનુભવ્યો કે મૃત્યુ થશે તો શું થશે. સદા તેને માટે તૈયાર હોઉં એવી વૃત્તિ રહી છે. ક્યાંક મનની આસકિત રહે એવું લાગ્યું નથી. કોઇ બન્ધન મને અહીં રોકી રાખે એવું જાણ્યું નથી. સ્થિતિ બહુ સાધારણ હતી ત્યારે પણ આ વૃત્તિ હતી, આજે પણ આ વૃત્તિ છે, કોઇ આદર્યું અધરૂં રહી જશે એવો ભાવ મનમાં આવ્યો નથી. મારા વિના કોઇ વ્યકિત કે સંસ્થા કે બીજું કાંઇ પણ અભાવભાવ અનુભવશે એવું પણ લાગ્યું નથી. મારાથી થાય તે મેં કર્યું છે. હું નહિ હોઉં તો પણ આ ઘટમાળ ચાલુ રહેવાની છે. મારી ઊણપ કયાંય લાગવાની નથી. હું નિમિત્તમાત્ર હતો અને છું એ ભાવ સદા રહ્યો છે. જિંદગીમાં આઘાત-પ્રત્યાઘાત સારી પેઠે અનુભવ્યા છે. કોઇનો ઊંડો ઘા મન ઉપર રહ્યો નથી. બધું સરી ગયું છે. ક્રોધ થાય છે, આવેશ થાય છે, ઉદ્વેગ થાય છે, પણ બધું ક્ષણિક રહે છે. થોડા સમયમાં જ ચિત્તની સ્વસ્થતા પ્રાપ્ત થઇ જાય છે.

મૃત્યુનો ભય શા માટે હોય તે મને સમજાયુ નથી. લાંબી માંદગી ભોગવવી પડે, પરવશ થઇ જઇએ, કોઇને ભારરૂપ થઇએ તેનું દુઃખ થાય. આવા પ્રસંગે અનશન કરી સ્વેચ્છાએ દેહત્યાગ કરવો એ યોગ્ય છે એવી મારી માન્યતા છે.

મરણભય વિષે લખું છું ત્યારે આત્મા, કર્મ, અમરત્વ, મોક્ષ વિગેરેનો વિચાર નથી કરતો. આ બધા વિશે મારી કેટલીક માન્યતાઓ છે તે વિષે કદાચ હવે પછી લખીશ. અત્યારે માત્ર મારા મનની વૃત્તિઓ અને અનુભવ વિષે જ લખું છું. આત્મા છે કે નહિં, હોય તો અમર છે કે નહિં, પૂર્વભવ, પુનર્જન્મ આ બધી વસ્તુ હોય કે ન હોય, કોઇ પણ સંજોગોમાં મરણભયનું કારણ નથી એમ મને લાગે છે. આ દેહના અંત સાથે બધાનો અંત આવે છે અને આગળ પાછળ કાંઇ જ નથી એમ માનીએ તો પણ મરણભયનું કારણ નથી. અંત આવી ગયો, છૂટી ગયા, દુઃખ કે ચિન્તાને કાંઇ અવકાશ નથી. આત્મા છે અને અમર છે અને પુનર્જન્મ છે એમ માનીએ તો પણ મરણભયનું કારણ નથી. આ દેહ છોડી કયાં જવાના છીએ તે કાંઇ જાણતા નથી. આથી સારી દશામાં કેમ જવાનું ન હોય ? આ જિંદગીમાં કોઇ એવું કર્મ કર્યું નથી કે તેનું પરિણામ દુઃખરૂપ આવશે એવો ભય હોય. સારી દશા પ્રાપ્ત કરવાના ઇરાદે પણ કાંઇ કર્યું નથી. સહજપણે માણસ તરીકે પ્રાપ્તકર્તવ્ય કર્યું છે તેનો સંતોષ છે. દેહ યોગથી નીપજે, દેહ વિયોગે નાશ, એ સ્થિતિ હોય તો પણ દુઃખ નથી. પુનર્જન્મ હોય તો પણ ભય નથી. અજ્ઞાનથી ભય ઊભો કરવાની જરૂર નથી. એટલું જ્ઞાન નથી કે નિશ્ચિતપણે એમ કહી શકું કે હવે પછી સદ્‌ગતિ છે. જે હોય તે, આ ભવે કાંઇ એવું કર્યું નથી કે ચિન્તા કે ઉદ્વેગ થાય.

ઇશ્વરકૃપાથી જીવન એકંદરે સુખી અને બધી રીતે સમૃદ્ધ રહ્યું છે. કદાચ મરણભયના અભાવનું આ એક કારણ હોય, પણ આવા પ્રકારનું જીવન ઘડવામાં વિચારપૂર્વક પુરુષાર્થ કર્યો છે. અકસ્માત નથી. આવી વૃત્તિ વધતી જ રહે છે.

કોલેજમાં અભ્યાસ કરતો ત્યારે પ્લેટોના સંવાદો વાંચ્યા હતા. તેનો સારો એવો અભ્યાસ કર્યો છે. સોક્રેટિસને સ્વહસ્તે ઝેરનો પ્યાલો પીવાનો છે છતાં તેના ચિત્તની સ્વસ્થતા અદ્‌ભૂત અને અવર્ણનીય રહી છે. તેને બચાવવા અથવા છોડાવવા મિત્રો પ્રયત્ન કરે છે તેને સોક્રેટીસ અવગણે છે. છેલ્લે દિવસે, ચારે તરફ કકળાટ છે ત્યારે આ સ્થિત-પ્રજ્ઞ પુરૂષ આત્મા અમર છે અને મૃત્યુના ભયનું કોઇ કારણ નથી તેનો ઉપદેશ આપે છે. પ્લેટોનો આ સંવાદ જેનું નામ 'ફીડો' છે તે અમર સાહિત્ય છે. મારા મન ઉપર આ સંવાદની ઊંડી અસર રહી છે. મારા જીવનઘડતરમાં સોક્રેટીસે કરેલ " બચાવ " અને આ સંવાદનો મોટો ફાળો છે.

મારી પ્રાર્થના છે કે મારો આ ભાવ અંત સુધી ટકી રહે.

૨૭-૫-૧૯૭૩.

**ચીમનલાલ ચકુભાઇ**

# ☆ 'બધી ગતિની ગતિ શરણાગતિ' ☆

સન્ત સંપ્રદાયમાં એક બાબત સર્વસ્વીકાર્ય છે: અનન્ય ભક્તિ જ મોક્ષનો અવ્યવહિત ઉપાય છે. પ્રપત્તિ અથવા શરણાગતિ જ મોક્ષનું પરમ સાધન છે. વેદાન્ત કહે છે કે મનુષ્યનું આખરી લક્ષ્ય અથવા પુરુષાર્થ મોક્ષ અર્થાત્ મુક્તિ છે. આ સંસાર ઉપાધિનું મૂળિયું છે. સંસારમાં માણસ વિશેષ ઊંડો ઊતરતો જાય છે તેમ ઉપાધિઓનાં મૂળિયાં પાંગરતાં જાય છે. માણસનું આખરી લક્ષ્ય મુક્તિ હોય તો ઉપાધિનાં મૂળિયાંમાં ગૂંચવાઇ જવાનું કે માયાના વિરાટ પ્રદેશમાં ખોવાઇ જવાનું એને માટે ઇષ્ટ નથી. મૂળ તત્ત્વ તરફ પાછા ફરવાથી જ મુક્તિનો રસ્તો હાથમાં આવવો હોય તો આવે, પણ જો એ અનન્ત તરફ મ્હોં રાખીને ભટકયા કરે તો એ વિસ્તારમાં કે ભીડમાં ખોવાઇ જવાનો.

પોતે કોણ છે, શા માટે જગતમાં આવ્યો છે અને આખરે જીવનમાં શું કરવા ધારે છે તેનો વિચાર કરવાનો માણસને ઘણુંખરું અવકાશ મળતો નથી અને અવકાશ મળે છે તો એ આજુબાજુની પરિસ્થિતિથી એટલો ગૂંચવાઇ ગયેલો હોય છે કે એ જાતના પ્રશ્નો એને સૂઝતા નથી; પ્રશ્નો ઊઠે તો એનો ઇલાજ હાથ આવતો નથી. કદાચ ઇલાજ સૂઝે તો એનો અમલ કરવાની એનામાં હિંમત અને ધીરજનો અભાવ વર્તાતો હોય છે. એટલે સ્વ–ની શોધમાં અંતરખોજ કરવાનું તે ટાળે છે. એને નજરે ચડતી અથવા ઇન્દ્રિયોથી અનુભવાતી લીલામાં અથવા કહો કે માયામાં વિશેષ અનુકૂળતા લાગે છે.

માયા તરફના આ પ્રકારના વલણનું કારણ અજ્ઞાન છે. એટલે આપણા સન્તોએ જ્ઞાનનો મહિમા કર્યો છે જ્ઞાન એટલે સામાન્ય જ્ઞાન અથવા માત્ર માયાના પ્રદેશમાં આવતી વસ્તુઓની જાણકારી નહીં; જ્ઞાનને તેમણે વિદ્યા કહી છે, અને વિદ્યા એટલે આત્મવિદ્યા. બ્રહ્મવિદ્યા. જ્ઞાન એટલે આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન.

બ્રહ્મજ્ઞાનની વાત આવે એટલે ઇશ્વરના સ્વરૂપ વિશેની ભાંજગડ સ્વાભાવિક રીતે શરૂ થાય. પ્રથમ પ્રશ્ન એ ઊઠે કે ઇશ્વર નિરાકાર કે સાકાર? હિંદુ શાસ્ત્રોએ ઇશ્વરના નિરાકાર અને સાકાર એમ બંને સ્વરૂપનો સ્વીકાર કર્યો છે. પરમાત્મા સગુણ, સવિશેષ, સાકાર અને સ–ઉપાધિ છે એવો એક મત અને તે નિર્ગુણ, નિર્વિશેષ, નિરાકાર અને નિરુપાધિ એવો બીજો મત—આ પરસ્પરવિરોધી બાબતોનો કેવી રીતે મેળ પડે? એક જ પરમાત્મા એક સાથે સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર, અવિશેષ અને નિર્વિશેષ અથવા સ–ઉપાધિ અને નિરુપાધિ કેવી રીતે હોઇ શકે? વેદાન્તવાદીઓએ આ પ્રકારની મૂંઝવણનો માર્ગ કાઢયો છે. તેઓ કહે છે કે પરમાત્મા સ્વયં નિર્ગુણ, નિર્વિશેષ. નિરાકાર અને નિરુપાધિ જ છે, પણ અ–વિદ્યાને કારણે અથવા કહો કે ઉપાસનાને માટે તેમને મર્યાદાના પિંજરમાં પૂરવામાં આવ્યા છે. વસ્તુત: પરબ્રહ્મને સોપાધિ ગણવા એ રજ્જુને સર્પ માની લેવા જેવું છે. અંધારામાં દોરડું દોરડું જ હોય છે, પણ અજ્ઞાનને કારણે અથવા આકારના સ્પર્શને કારણે કે ભીતિને કારણે એને સર્પ માની લેવાય છે. પણ એથી દોરડું સર્પ બની જતું નથી. પ્રકાશને અભાવે એ પ્રકારનું અજ્ઞાન સેવાય છે. જેવો પ્રકાશ થાય કે તરત વસ્તુના મૂળ સ્વરૂપનું ભાન થાય છે. ભ્રમને કારણે અજ્ઞાન પ્રવર્તતું હતું. તેનું નિરસન થતાં મૂળ બાબતન પમાય છે, તેવી જ રીતે નિર્ગુણ, નિર્વિશેષ, નિરાકાર અને નિરુપાધિ એવા બ્રહ્મને ભ્રમ અથવા ભૂલને કારણે સગુણ સાકાર આદિ માની લેવામાં આવે છે. કઠોપનિષદમાં સ્પષ્ટપણે કહ્યું છે કે પરમાત્મા "શબ્દ–રહિત, સ્પર્શરહિત, રૂપરહિત. વ્યયરહિત, રસરહિત, ગન્ધરહિત છે–" (૩–૧૫). બૃહદારણ્યક ઉપનિષદમાં આ બાબત સહેજ જુદી રીતે મૂકવામાં આવી છે:

".. તે ન તો સ્થૂલ છે કે ન તો સૂક્ષ્મ છે; ન તો નાનો છે કે ન તો મોટો છે; ન લાલ છે, ન દ્રવ છે; ન છાયા છે, ન અંધકાર છે; ન વાયુ છે, ન આકાશ છે; ન સંગ છે, ન રસ છે, ન ગંધ છે, ન નેત્ર છે, ન કાન છે, ન વાણી છે, ન મન છે, ન તેજ છે, ન પ્રાણ છે, ન મુખ છે, ન પરિમાણ છે..." (અધ્યાય ૩, બ્રાહ્મણ ૮)

આદિ શંકરાચાર્યની વાણીમાં પણ બૃહદારણ્યક ઉપનિષદના પડઘા સંભળાય છે:

ન ચ વ્યોમ ભૂમિર્ન તેજો ન વાયુ:–
ચિદાનન્દરૂપ: શિવોઽહં શિવોઽહમ્

X X X

અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો
વિભૂત્વાચ્ચ સર્વત્ર સર્વેન્દ્રિયાણામ્,
ન ચાસંગતં નૈવ મુક્તિર્ન બન્ધ:
ચિદાનન્દરૂપ: શિવોઽહં શિવોઽહમ્.

પરમાત્માનું આવું વર્ણન કર્યા પછી છેવટે તો બ્રહ્મવેત્તાઓ એને નેતિ નેતિ કહીને જ સંબોધે છે (બૃહદારણ્યક, અધ્યાય ૨, બ્રાહ્મણ ૩.) છતાં અહીં એનો અર્થ અ–ભાવરૂપે લેવાનો નથી.

આ પરમાત્મા ભાવરૂપ છે એમ માનીને તો વેદાન્તીઓ એનું વર્ણન કરતાં સત, ચિત, આનંદ એવા શબ્દો પ્રયોજે છે. વૃક્ષમાં મૂળથી માંડીને ફળ સુધી રસ સભર ભર્યો હોય છે તેમ પરમાત્મા ચૈતન્યસ્વરૂપે અખિલ બ્રહ્માંડમાં વિલસી રહ્યા છે એવું તેઓ દૃઢપણે માને છે. 'છાન્દોગ્ય ઉપનિષદ'ના કર્તાએ આ બાબત સરસ રીતે સ્પષ્ટ કરી છે. "પરમાત્મા જ કર્તાહર્તા છે, બધી કામનાઓથી પરિપૂર્ણ છે, બધા રસોના આશ્રયરૂપ છે, સર્વ ગન્ધયુકત છે." 'મુંડક'માં પરમાત્માની વિભૂતિનું વર્ણન કરતાં ઋષિ અચકાયા નથી: "અગ્નિ એમનું શિર છે, સૂર્ય ચન્દ્ર આંખો છે, દિશાઓ કાન છે." આ રીતે નિર્ગુણ અને નિરાકાર બ્રહ્મને ઋષિએ સગુણ અને સાકાર બ્રહ્મ કહ્યા છે. પણ અહીં ઋષિએ જ્ઞાનીને લક્ષમાં રાખીને વિચાર નથી કર્યો; ઉપાસકને લક્ષમાં રાખીને વિચાર કર્યો છે. આ ગુણમય પરમાત્માને સંસારના વ્યવહાર સાથે સંબંધ છે. માણસ જે સારાં-નરસાં કર્મો કરે છે તેનો ફલદાતા પણ આ ગુણમય બ્રહ્મ જ છે. એટલે માયાવાદી વેદાન્તીઓ તો નિશ્ચિતપણે 'માયોપાધિક ચૈતન્ય"ને પરમેશ્વર કહે છે.

આ ગુણયુકત જગતને લક્ષમાં રાખીને 'પુરૂષ' અને 'માયા'ની વિચારણા હિન્દુ તત્ત્વજ્ઞાનમાં દાખલ થઇ છે. વેદાંતીઓ અને સાંખ્યશાસ્ત્રીઓ અંગે આ બાબતમાં સારો એવો મતભેદ છે અને આપણા પ્રાચીન તેમજ અર્વાચીન તત્ત્વજ્ઞાનીઓએ તેની વિગતે વિચારણા કરી છે. એટલે એનું પુનરાવર્તન કરવાને બદલે પ્રકૃતિને અથવા માયાને ત્રિ–ગુણપ્રધાન તરીકે મોટે ભાગે સ્વીકારાઇ છે, એટલું કહીને આગળ વધીએ.

માયા શબ્દ જ આપણને એક સૂચન કરે છે. સંસ્કૃતમાં મા એટલે ના અને યા એટલે જવું. એનો સમગ્ર અર્થ એવો થાય કે 'જઈશ નહીં'. વ્યાપક રીતે કહી કહીએ તો માયામાં બહુ ઊંડા ઊતરવા જેવું નહીં.' આપણા ઋષિ–મુનિઓએ અને સાધુ–સંતોએ માયાના પ્રભાવને સારી રીતે ઓળખી લીધો હતો. એટલે માયાની ગતિવિધિથી સાવચેત રહેવા બાબત વારંવાર સંસારીઓને તેમણે ચેતવ્યા છે.

માયાની તાકાતનું કબીરે આબેહૂબ ચિત્ર આલેખ્યું છે:

**'રમૈયા કી દુલહિનને લૂટલી બજાર'**

ઇશ્વરની નવવધૂ માયા કંઇ સામાન્ય માટીની નથી. એણે વિશ્વામિત્રાદિ સમર્થ ઋષિઓના અહંકારને ગાળી નાખ્યો છે. કબીર કહે છે કે આ માયા એ તો

સુરપુર લૂટા, નરપુર લૂટા, તીન લોક મચા હાહાકાર;
બ્રહ્મા લૂટે, મહાદેવ લૂટે, નારદ મુનિ કે પરી પછાર.

બ્રહ્મા અને મહાદેવ જેનાથી લૂંટાયા તે માયા 'શૃંગી કી મિંગી કરિ' નાખે અને કાન ફૂંકવાવાળા ગુરુઓની બુદ્ધિ કાશીમાં લૂંટે તેવી જબરી છે. આ માયાનો પ્રભાવ બતાવતાં એક અન્ય ભજનમાં તેમણે કહ્યું છે:

**તૂ માયા રઘુનાથકી ખેલના ચલી અહેડે,**
**ચતુર ચિકારે ચુણિ ચુણિ મારે કોઇ ન છોડયા નેડે.**
**મુનિવર પીર દિગમ્બર મારે જતન કરંતા જોગી,**
**જંગલ–મહિકે જંગમ મારે તૂંર ફિરન્ત બલવન્તી.**
**વેદ પઢંતા બ્રાહ્મણ મારા સેવા કરંતા સ્વામી,**
**અરથ કરંતા મિસર પછાડયા તૂંર ફિરૈ મૈમંતી.**

એટલે પ્રબળ માયા સાથે બાથ ભીડવાની કબીરજી સલાહ આપતા નથી. ભૂતકાળમાં સાધુ–સન્તોને થયેલા અનુભવ ઉપરથી કબીરજી એવા નીચોડ ઉપર આવ્યા છે કે ઇશ્વરનું શરણુ લેવું એ જ ખરો ઉગારો છે. પરમાત્માની કૃપા વિના માયાના પ્રભાવ-માંથી મુનિ, પીર, જતિ, જોગી, સંન્યાસી કોઇ બચ્યાં નથી. સહજાનંદ સ્વામીએ આ બાબતને બીજી રીતે કહી છે: "ભગવાનનો નિશ્ચય અને મહાત્મ્યરૂપી જેને ખટાઇ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઇન્દ્રિયોરૂપ જે દાઢો છે તે સર્વ અંબાઇ જાય છે." એટલે સન્ત–પરંપરાએ પરમાત્માની નવવધૂના મોહપાશમાંથી છૂટવા માટે પરબ્રહ્મની કૃપા અને સાવધાની એ બે બાબત પર વિશેષ ભાર મૂકયો છે. કબીરે 'કબીર ગ્રંથાવલિ'-માં ઉચિત રીતે જ કહ્યું છે: "હે માયા રાણી, પથ્થર પલળતો નથી, કબીર પણ ડગશે નહીં. જે મહામચ્છની તું માછલી છે તે તો મારો રખેવાળ છે. હું તારા ઉપર નજર નાખું તો મારો રખેવાળ નારાજ થઇ જાય. એટલે મહેરબાની કરી તુ કોઇ બીજું ઘર શોધ."

શ્રી મશરૂવાળાએ 'સમૂળી ક્રાન્તિ'માં આધુનિક ભાષામાં અને આજના યુગને અનુલક્ષીને આ જ બાબત પરત્વે આપણુ ધ્યાન આ રીતે દોર્યું છે: "આપણે માયાની સાધનામાં ભગવાનને ભૂલ્યા છીએ, પ્રકૃતિના ધ્યાનમાં આત્માને ખોઇ બેઠા છીએ... આપણે મહત્તાના અને વૈભવના મોહમાં માણસાઇને છોડતા આવ્યા છીએ. જેને માટે મહેલ બાંધવાનો તે પોતે મરવા પડયો છે, છતાં તેના શુશ્રુષા કરવાની આપણને નવરાશ નથી. પહેલાં મહેલ બાંધી લેવા દો, તેમાં એક હૉસ્પિતાલનો ઓરડો પણ રાખશું, ત્યારે તેમાં આપણે એનો ઇલાજ કરશું એવી આપણી ગણતરી છે. એ મરશે તો એના દીકરાનો ઇલાજ કરશું, અને એને દીકરો નહીં હોય તો કોઇ બીજા માંદાને લાવીને ખશું એ આપણો ન્યાય છે. 'અંધેરી નગરીના ગંડુ રાજા'નો ન્યાય એથી વધારે દોષરૂપ નહોતો. ઊલટું, એણે શૂળી સમજીને શૂળી ઊભી કરી હતી, આપણે કદાચ મહેલ સમજીને કતલખાનું ઊભું કરીએ છીએ." આમ કબીરથી કિશોરલાલ મશરૂવાળા સુધીના વિચારકોએ માયાની શકિતને ઓછી આંકી નથી.

આપણા સંતો કે વિચારકોએ માયાથી ભાગવાની અથવા ડરી જવાની વાત નથી કરી. તેમણે આપણી 'શાહમૃગવૃત્તિ' પરત્વે ધ્યાન દોરવાનું કાર્ય કર્યું છે. આંધી કે તોફાન આવતાં શાહમૃગ પોતાનું શિર રેતીમાં ઘૂસાડી દેવાની તક શોધે છે. એને ખ્યાલ નથી હોતો કે એમ કરીને એ મૃત્યુના મુખમાં જલદી પ્રવેશ કરે છે. તેમ નાદારી કે ભીરુતા એ માયાના પ્રભાવમાંથી બચવાનો ઉપાય નથી. માયાની સામે બાથ ભીડવી એ પણ હિમાલયને બાથમાં લેવા જેવું કપરું કાર્ય છે. ઉપાય છે સમજણને વિકસાવવાનો અને અનાસકિત-ભાવ કેળવતા જવાનો. અહંની ગ્રંથિ પોચી પડતી જાય તેમ માયાનો પ્રભાવ આપોઆપ પોચો પડતો જવાનો એટલે છેવટે વાત આવીને ઊભી રહે છે આચરણની ભૂમિકાએ. કોઇ પણ વિચાર, પછી એ ભલે ગમે તેટલો મહાન હોય, પણ આચરણની એરણે ચડીને પાર ઊતરતો નથી, આચરણ સાથે એકરૂપ થતો નથી, ત્યાં સુધી એ વિચાર વાંઝિયો રહે છે. સાધુ–સંતોએ ભકિતનો મહિમા ગાયો છે, તે ભકિત જેમના રૂંવાડે રૂંવાડે ઊતરી ગઇ છે એવા ભકતોના જીવનને આધારે જ. ભકત વિના ભકિતને અવકાશ નથી. ભકિત પોતે નિરાકાર છે, ભકત સાકાર છે. ભકિતને પ્રગટ થવા ભકતમાં અવતરવું પડે છે. એટલે ભકતનો મહિમા ભકિત કરતાં ઓછો નથી. ભકત એ ભકિતનું સાકાર રૂપ છે. ભકત પોતાના અહંકારની પર્યુપાસના કરવાને બદલે પરબ્રહ્મને ભજે છે. એ પોતામાં કે પોતાના કર્તૃત્વમાં આસકિત નથી રાખતો. પરબ્રહ્મની શરણાગતિ સ્વીકારીને એ અનાસકત થઇ ગયો હોય છે. સંત તુકારામ શરણાગતિને બધી જ ગતિની ગતિ તરીકે ઓળખાવે છે. એટલે આ યુગમાં કે કોઇ પણ યુગમાં અનાસકિત અને અનન્ય ભકિત એ જ માયાના વા–વંટોળમાંથી બચવાનો નિર્ભેળ ઉપાય લાગે છે.

—કાંતિલાલ કાલાણી

# સાધનાનું પહેલું સૂત્ર

હું ગંગાનગર તરફ ગયો હતો, ત્યારે પાકિસ્તાનની સરહદ સુધી પહોંચી ગયો હતો. ત્યાંના સેનાધિકારીએ મને કહ્યું: આચાર્યશ્રી, આપ જોઇ શકો છો કે અમારો એક સીપાઇ સીમા પર ઊભો છે. તે આઠે પહોર ત્યાં ઉભો રહે છે. તેનું કામ છે પાકિસ્તાનની સરહદ પર સતત જોતા રહેવાનું. પેલી બાજુ પાકિસ્તાનની સરહદ પર પણ તેનો એક સીપાઇ ઊભો છે, તે આઠે પહોર ભારતની સીમા તરફ ધ્યાન રાખે છે.

રાજ્યનીતિનું એ સૂત્ર છે કે તમે જાગ્રત રહો કે તમારું પડોશી રાષ્ટ્ર શું કરે છે? સમાજનીતિનું એ સૂત્ર છે કે તમારો પડોશી સમાજ શું કરી રહ્યો છે તે જોતા રહેવાનું, પરંતુ ધર્મનીતિનું ચિન્તન સાવ તેની વિપરીત દિશાનું છે. એ કહે છે કે બીજા શું કરે છે એના વિશે ચિન્તા ન કરો, પરંતુ તું પોતે શું કરે છે એનું ચિન્તન કર. આત્મખોજ કર. કેટલું હૃદયસ્પર્શી સૂત્ર એ છે, કે માણસ પોતે પોતાની આલોચના કરે. પોતાની આરસીમાં પોતાનું મોઢું જુએ. જો આપણે એમ નહિ કરીએ તો ફકત ઉપદેશનુ પરિણામ વાણીવિહારથી વિશેષ નહિ હોય અને એવા કોરા ઉપદેશથી મનમાં નાસ્તિકતા જાગવાનો સંભવ રહે છે.

અનુવાદક **શાન્તિલાલ ટી. શેઠ**

મૂળ હિંદી **આચાર્ય તુલસી**

# ★ આજનો સૌથી મોટો યુગપ્રશ્ન ★

પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ આપણે આપણા માટે અને આપણા પરિવાર માટે ભરણપોષણ મેળવવું, દુનિયાના બધા લોકો અને પ્રાણીઓ પ્રતિ યથાસંબંધ અને યથા શક્તિ મદદગાર બનવું અને જીવનસંસ્કૃતિ દ્વારા માનવી–જીવનનો ઉત્કર્ષ કરવો એજ છે મનુષ્યજીવન.

જીવનદર્શન કહે છે કે બધા મનુષ્યોની, બધાં પ્રાણીઓની આપણે પ્રેમભાવે સેવા કરીએ અને સમગ્ર વિશ્વની યોજનામાં આપણે બધા જીવો માટે હિતકારક પુરવાર થઈએ એ જ છે આપણા જીવનનો ઉદ્દેશ.

જીવનદર્શન કહે છે કે સમગ્ર વિશ્વમાં ગમે તેટલી વિવિધતા હોય અને એમાં ક્યાંક પરસ્પર 'વિરોધી' સંઘર્ષ પણ જોવા મળતો હોય તો પણ આખા વિશ્વમાં એક અખંડ સર્વવ્યાપી આત્મા જ અનુસ્યૂત છે. એ આત્માનો સાક્ષાત્કાર કરવો અને એના જ અનુભવ દ્વારા આપણા જીવનને કૃતાર્થ કરવું એજ છે સાચી જીવન સાધના. આ માટે પરસ્પર પ્રેમ, સેવા, સ્વાર્થ-ત્યાગ, સંયમ અને આત્મબલિદાન એ જ છે જીવનસાધના.

આ માટે પરિસ્થિતિ પ્રમાણે આપણાં જ્ઞાન અને કૌશલ્યને વિકસાવીને આપણી સઘળી શક્તિનો વિનિયોગ સેવા માટે અને દુ:ખનિવારણ માટે કરતા રહીએ એ જ છે જીવનનું પ્રયોજન અને જીવનનો સર્વોચ્ચ આનંદ.

સંઘર્ષમય જીવનમાંથી સંઘર્ષના તત્ત્વને ઓછું કરતા જવું અને સહયોગ દ્વારા વિશ્વસમન્વયની સ્થાપના કરીએ એ જ છે સંસ્કૃતિ, એજ છે જીવનવિકાસ, એ જ છે આત્મોન્નતિ અને સર્વોન્નતિ.

(૨)

માનવીની અંદર અંદર જે પરસ્પર અણબનાવ હોય છે, સંઘર્ષ હોય છે, અન્યાય, અત્યાચાર અને શોષણ ચાલે છે એની ચર્ચા આપણે ઉપરના વિચારમાં નથી કરી. એમાં તો અન્ન, વસ્ત્ર, રહેવા માટે આવશ્યક આશ્રય, ગામ અને શહેરનું સંગઠન અવરજવરની સગવડો, પૂર, દુષ્કાળ આદિ સંકટોનો સામનો કરવો અને પરિસ્થિતિ પર વિજય પ્રાપ્ત કરવા માટે જ્ઞાન, કૌશલ્ય વગેરેનો વિકાસ સાધવો, માનવ–શક્તિઓને પરસ્પર પોષક એવું સંગઠન કરવું વગેરેનો સમાવેશ થાય છે. અને આજ છે સ્વભાવિક જીવનસાધના, આ જ છે જીવનના આદર્શની સિદ્ધ.

પણ બાહ્ય પરિસ્થિતિની મુંશ્કેલીઓ ઉપરાંત મનુષ્ય-જીવનમાં જે આંતરિક કઠણાઈઓ ઊભી થાય છે. ક્ષુદ્ર સ્વાર્થ, અહંકાર, પરસ્પર પ્રેમનો અભાવ, અવિશ્વાસ, ઈર્ષા અને દ્વેષ વગેરે અસામાજિક દોષોને લીધે માણસ માણસ વચ્ચે જે સંઘર્ષ ચાલે છે, એ કારણે અન્યાય, અત્યાચાર, શોષણ અને વિનાશ માટે માણસ તૈયાર થઈ જાય છે. એનું કારણ શોધવાનું મહત્ત્વનું છે.

જીવનચિંતન, જીવનના નવા નવા પ્રયોગ, યંત્રવિદ્યાનો વિકાસ, સંગઠન–ચાતુર્ય અને ઇન્દ્રિય શક્તિઓનો વિકાસ–આ બધા દ્વારા મનુષ્યે પોતાનું જીવન નીરોગી, દીર્ઘજીવી, સમર્થ, સંગઠિત અને સુખી કરવાની પરાકાષ્ટા કરી જ છે. અને આવી પ્રગતિ અનંતકાળ સુધી ચાલ્યા કરશે.

પણ (આ 'પણ' જ ઘણો મોટો છે) મનુષ્ય પોતાના સ્વભાવના દોષોને લીધે પોતાનો જ દુશ્મન બને છે અને અન્યાય કરવા માટે તૈયાર થઈ પરસ્પર શોષણ કરે છે, યુદ્ધ ચલાવે છે અને બીજાના નાશમાં અથવા નુકસાનમાં પોતાનો લાભ અને ઉત્કર્ષ જુએ છે. માનવસંસ્કૃતિનો આ જે મોટો દોષ છે એનો ઇલાજ શું છે? આ જ છે આપણી સમક્ષ સૌથી મોટો પ્રશ્ન. આમાં એક માનવ બીજા માનવ પ્રત્યે જે અન્યાય કરે છે, એક સમાજ બીજા સમાજને દબાવે છે, એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર પર પોતાનું આધિપત્ય જમાવે છે, એક વંશ (રેસ) બીજા વંશનું શોષણ કરીને પોતાનો ઉત્કર્ષ સાધવાની યોજના કરે છે અને એને જ સંસ્કૃતિનું સુંદર નામ આપે છે એનો ઇલાજ શોધવાનો છે. આજકાલ આપણે જેને માનવ-સંસ્કૃતિ કહીએ છીએ એની અંદર દુર્દૈવને લીધે સંકુચિત સ્વાર્થ, આત્મીયતાનો અભાવ, એમાંથી ઉત્પન્ન થતી વૈરવૃત્તિ અને એના ફલસ્વરૂપ સમય સમય પર આવી પડતાં યુધ્ધો જ મળે છે. માનવઇતિહાસનો ઘણો મોટો હિસ્સો આવી ઘટનાઓનો જ છે. આવા પ્રકારની માનવસંસ્કૃતિનો દોષ પારખીને અન્યાય, શોષણ, અત્યાચાર, દાસ્ય આદિ દોષોને દૂર કઇ રીતે કરી શકાય અથવા તો જે સંસ્કૃતિ આજ સુધી સંઘર્ષ-પ્રધાન છે. એને સંગઠન, સહયોગ અને સમન્વયપ્રધાન કઈ રીતે બનાવી શકાય, એ આપણી સમક્ષ સૌથી મોટો યુગપ્રશ્ન છે.

આ દિશામાં આજ સુધી બહુ ઓછું ચિંતન થયું છે. હવે પરસ્પર ઇર્ષા, મત્સર અને સંઘર્ષને કારણે યુદ્ધ કરવાની તૈયારીઓ વધવા લાગી છે. નાનાં યુદ્ધ જાગતિક યુદ્ધ બની જાય એવો ભય ઊભો થયા કરે છે. આજકાલ વૈજ્ઞાનિક યુધ્ધોમાં કોઇએક પક્ષનો વિજય થવાની સંભાવના નષ્ટ થઇ ગઇ છે. પ્રત્યેક સંઘર્ષ સ્વાર્થી સંગઠન દ્વારા જ્યારે જાગતિક સંઘર્ષનું સ્વરૂપ લેશે ત્યારે બંને પક્ષોનો વધુમાં વધુ નાશ થશે. લાખો અને કરોડો લોકોની હત્યા તો થશે જ, પણ એ સાથે માનવમૂલ્યોની પણ હત્યા થશે એ સૌથી મોટો ભય છે. લોકસંખ્યા ઓછી થાય તો એને વધારી શકાય છે પણ માનવી મૂલ્યોની હત્યા થાય તો એને સજીવન કરવાનું આસાન નથી. પછી તો સર્વનાશ બાદ 'ઇશ્વરી યોજના' કોઇ નવસર્જન કરે તો જુદી વાત છે.

સર્વનાશ ભણી લઇ જતા આવા સંગઠનને કઇ રીતે ટાળી શકાય? અન્યાય કરવાવાળી પ્રવૃત્તિઓને આપણે જડ-મૂળથી કઇ રીતે નાબૂદ કરી શકીએ? આ સવાલ આજે આપણી સમક્ષ છે

આજ સુધીની સંસ્કૃતિનો જવાબ આસાન હતો. 'જ્યાં અન્યાય જુઓ ત્યાં લડી લો. અન્યાયી પક્ષને દબાવી દો, એટલાથી કામ ન થાય તો અન્યાયી પક્ષનો વિનાશ કરો'–આજ હતો અત્યાર સુધીની સંસ્કૃતિનો જવાબ. હવે જ્યારે એવો અનુભવ થઇ રહ્યો છે કે યુદ્ધ દ્વારા અન્યાયનું પરિમાર્જન કરવામાં વિશ્વાસ નથી રહ્યો અને અન્યાયનો તો ઇલાજ કરવાનો જ છે તો આ ઇલાજ શું છે અને કઇ રીતે એને અમલમાં લાવી શકાય એ આપણી સમક્ષનો સૌથી મોટો પ્રશ્ન છે.

[ ૩ ]

જ્યારે મનુષ્ય તટસ્થ ભાવથી પક્ષપાતરહિત વિચારવા લાગે છે ત્યારે એ એવા નિર્ણય પર આવે છે કે પૂર્ણતયા નિર્દોષ અને પૂર્ણતયા પાપી એવો કોઇ માણસ મળી શકે તેમ નથી. દરેકમાં વત્તાઓછા ગુણદોષ હોય છે. પાપી મનુષ્યમાં પણ અનેક પુણ્યતત્ત્વ હોય એવું બને છે અને પુણ્યવાન માણ-

સમાં ક્યાંક ક્યાંક નાનાંમોટાં પાપ છુપાયેલાં કે પ્રગટપણે જોવા મળે છે. તો પછી આપણે કોનો નાશ કરીએ? પાપીનો નાશ કરવા જતાં એનામાં રહેલાં પુણ્યતત્ત્વનો પણ નાશ થઇ જશે. એટલા માટે પાપનું પ્રાયશ્ચિત્ત સ્વયં પાપી જ કરે. પાપ માટે સજા અથવા આદેશ સ્વયં ભગવાન પાસેથી મળી શકે. આપણે તો પૂર્ણ સહાનુભૂતિ સાથે પાપીના પ્રાયશ્ચિત્તમાં સામેલ થઇ શકીએ અથવા સહાનુભૂતિ બતાવી શકીએ. એના દ્વારા અન્યાય થાય તો એ અન્યાય પ્રત્યે એનું ધ્યાન અત્યંત પ્રેમથી દોરવાનું કામ આપણું છે.

પણ સવાલ તો બીજો જ છે. અન્યાયનો પ્રતિકાર આપણે કઇ રીતે કરીએ?

આ સવાલનું ચિંતન ખૂબ જ મહત્ત્વનું છે.

મારા હાથે અન્યાય થયો હોય તો હું મારી જાતને સજા કરું એ પહેલાં મારા હાથે જેને અન્યાય થયો હોય એને થયેલું નુકસાન દૂર કરવાનું (નુકસાની ભરપાઇ કરવાનું) કર્તવ્ય મારે પ્રથમ અદા કરવું જોઇએ. મનુષ્ય પોતાને હાથે થયેલા અન્યાયનું પરીક્ષણ કડક રીતે કરતા નથી. એના પ્રત્યે ક્ષમાવૃત્તિ ધારણ કરે છે. અલબત્ત, એ જો અંતર્મુખ સાધક હોય તો જુદી વાત છે. આપણા હાથે થયેલા અન્યાયનો પ્રતિકાર આપણે કઇ રીતે કરીએ એ સવાલ આપણી ચર્ચાનો વિષય નથી.

મારા મા-બાપ, પુત્ર-પુત્રી, અથવા એવા જ નજીકના કુટુંબીના હાથે અન્યાય થાય તો હું એનો પ્રતિકાર જરુર કરીશ પણ અન્યાય કરવાવાળા પ્રતિ ક્ષમાવૃત્તિ, ઉદારતા પણ અધિકમાં અધિક રાખીશ. અન્યાય દૂર થાય પણ અન્યાયી પ્રત્યે સજા કરવાની અથવા બદલો લેવાની વૃત્તિ જાગ્રત ન થાય એ જ ઇચ્છા એ વખતે મારામાં મુખ્યત્વે હોય છે. અન્યાયનો પ્રતિકાર અલગ ચીજ છે. અન્યાયનો બદલો લેવામાં આપણે પોતે એટલો જ અન્યાય કરીને 'બદલો લેવાની વૃત્તિ'ને સંતોષીએ છીએ; એ ન્યાય નથી. એ તો કેવળ બદલો છે. પાપની સામે પાપ કરવું, મનુષ્યસ્વભાવને સંતોષ આપતું હશે, પણ ન્યાયબુદ્ધિ કે ધર્મબુદ્ધિ એને માન્ય કરતી નથી.

મારો પુત્ર કોઇને અન્યાય કરે તો એ દુઃખી આદમીનું નુકસાન હું પૂરેપૂરું ભરપાઇ કરીશ. મારા પુત્રને એણે જે કર્યું એ સારું નથી કર્યું એવો બોધ આપીશ. કદાચ ખાનગીમાં એને ફિટકાર પણ આપીશ. પણ ન્યાયાધીશ બનીને એને સજા કરવાનો વિચાર પણ મારા મનમાં નહિ આવે. (જો આવે તો પણ એના પર ધ્યાન નહિ આપું.)

મારા પુત્રે નહિ પણ મારા કોઇ જાતવાળાએ કોઇને અન્યાય કર્યો હોય તો મારા પુત્ર જેટલી આત્મીયતા ત્યારે મારામાં કામ નહિ કરે. પણ અન્યાયી માણસ મારો જાતભાઇ છે એ બાબતને યાદ કરીને મારું મન થોડુંક નરમ તો બનશે જ.

હવે જ્યારે કોઇ માણસમાં વૈશ્વાત્મૈક્ય ભાવના જાગી હોય, સાધના દ્વારા જેણે વૈશ્વાત્મૈક્ય ભાવના ઉત્કટ અને મજબૂત બનાવી હોય એ અન્યાયકારી પ્રત્યે ન્યાયાધીશની તટસ્થતા રાખશે, પણ એ સાથે પિતા અને ભાઇના જેવો પ્રેમભાવ પણ મનમાં રાખશે. અન્યાય કરનારને સજા કરવાનો ખ્યાલ મનમાં લાવ્યા વિના કેવળ અન્યાયને લીધે કોઇનું જે નુકસાન થયું હોય એ નુકસાનને ધોઇ નાખવાનો જ એ યથાશકિત પ્રયાસ કરશે.

અને આવો અન્યાય ફરીથી ન થાય એટલા માટે સમગ્ર વાયુમંડળમાં શુદ્ધ ભાવના ઉત્પન્ન કરવા પર જ પોતાનું મન એકાગ્ર કરશે.

આવા પ્રયત્નને આપણે અન્યાયનો પ્રતિકાર નહિ કહી શકીએ. અન્યાયને લીધે થયેલા નુકસાનને થઈ શકે એટલું દૂર કરવું અને ફરી આવો અન્યાય ન થાય એ માટે પરિસ્થિતિને અને અન્યાય કરનારના મનને સુધારવું એટલી જ વાત માત્ર રહે છે.

વૈશ્વાત્મૈક્ય-ભાવનાનું આ જ સર્વોત્તમ ફળ હશે. આજે માનવ-જાતિમાં ન્યાયની ભાવના જોઇએ તેટલી વિશુદ્ધ નથી. સ્વકીય અને પરકીય એવો ભેદ રહે જ છે. ન્યાયાધીશ ઉત્તમોત્તમ હોય તો પોતાના મનમાં એ સ્વકીય અને પરકીયનો ભેદ રહેવા જ નહિ દે. એ પોતાના મનને બિલકુલ તટસ્થ રાખશે. સમાજ એના આ તટસ્થ ભાવની પ્રશંસા કરશે, પણ અધ્યાત્મસાધના કહે છે કે આ તટસ્થ ભાવ ન્યાયયુકત ભલે હોય, આપણા આદર્શથી એ ઊતરતો ભાવ છે. આપણા મનમાં અન્યાય કરનાર અને અન્યાયને લીધે જેને સહન કરવું પડયું હોય એ બન્ને પ્રત્યે પૂરી આત્મીયતા હોવી જોઇએ. જેને અન્યાય થયો છે એને આપણી વૃત્તિથી સંતોષ નહિ મળે. આવી સ્થિતિમાં જેને અન્યાય થયો છે, એનું નુકસાન દૂર કરવા ઉપરાંત એની મનોવૃત્તિની સુશ્રુષા પણ કરવી જોઇએ. આ કામ ઘણું મુશ્કેલ છે, પણ એ જ શ્રેષ્ઠ કામ છે.

આવી આત્મીયતાની પરિપૂર્ણવૃત્તિથી આપણે જે કંઇ કરીશું એ સર્વોદય માટે ઉત્તમ જ હશે. એના દ્વારા સમગ્ર સમાજનું ચારિત્ર્ય સુધરી જશે. આદર્શ વૈશ્વાત્મૈક્ય-ભાવનામાં કેવળ ન્યાયનું જ્ઞાન નહિ, પણ પ્રેમની ઉદારતા જ સાર્વભૌમ બનવી જોઇએ.

['મંગલ પ્રભાત'માંથી] **કાકા કાલેલકર**

# દયાધર્મ છે ક્યાં?

વિલાયતમાં 'વૃદ્ધને સહાય થાઓ' ('હેલ્પ ધી એજેડ') નામે સંસ્થા છે. તેની 'ધ સ્પેકટેટર' નામે પત્રમાં જાહેરખબર આવી છે. તેમાં લખે છે કે 'આજકાલ વૃદ્ધનો કોઇ ભાવ પૂછતું નથી. તે એકલાં અને ભયંકર હાડમારી ભોગવતાં હોય છે. અને તે પણ એવી અવસ્થામાં કે જેમાં તે પોતાનો સાદ સંભળાવવાને અશકત હોય છે.

'બ્રિટનમાં ત્રણ લાખ વૃદ્ધ સ્ત્રીપુરૂષ છે જેને ઘરની જરૂર છે પણ જે આજ તો ભેજવાળી ઓરડીઓમાં ટાઢથી થરથર કંપે છે. એને રહેવા યોગ્ય ઘર (ફ્લેટ) અમે ગણાવીએ છીએ, પણ અમારી પાસે જોઇએ એટલા પૈસા નથી.

'શ્રી લંકામાં સાધન વિનાનાં વૃદ્ધ માણસ જ્યાં ત્યાં મૃતઃ પડયા હોય છે તેને અમારા સ્વયંસેવક ઉગારે છે અને એને રેવરંડ જેઇમ્સ કૂક જમાડે છે. બીજા એક સ્વયંસેવક દાકતર અફઘાનિસ્તાનમાં વૃદ્ધ માણસના મોતિયા ઉતારીને એને દેખતા કરે છે. એવી સેવા કરનારા હજારેક સ્વયંસેવક છે. બે પાઉંડના દાન દ્વારા વીસ ઘરડાં માણસને પોષક ભોજન આપી શકાય છે.

'લોકો હજી ભૂખ્યા ને ઘરબાર વગરના રહે છે તે દુઃખદ વાત છે. છતાં એવાની સેવા કરનાર નિઃસ્પૃહ સ્ત્રીપુરૂષો પડયાં છે એ જાણીને સંતોષ થાય છે. આ વિનંતિ ઉપર ધ્યાન આપીને એવાને કૃપા કરીને મદદ કરો. પાંચ પાઉંડના દાનથી બ્રિટનમાં વૃદ્ધ માણસો માટે ૧૨૫ પાઉંડનું ઘર ચણી શકાય. દોઢસો પાઉંડ આપીને તમે તમારા પ્રિયજનનું સ્મારક નામ મકાનને આપી શકો એમ છો.—'**લેડી ઇસોબેલ બાનેટ**'.

આ સંસ્થાના માનવેતની કોષાધ્યક્ષ લોર્ડ મેગ્રે-કિંગ છે.

**વાલજી ગોવિન્દજી દેસાઇ**

# 卐 રકત–દાન એટલે જીવન–દાન 卐

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સંઘના આશ્રયે રકત–દાન આપવાને લગતો એક પ્રયોગ યોજવામાં આવ્યો હતો. પ્રયોગ એટલા માટે કે આ રીતે રકતદાન માટેનું આયોજન સંઘ તરફથી પ્રથમવાર જ કરવામાં આવ્યું હતું.

ઓમ્એ મ્યુનીસીપાલીટી બ્લડ સેન્ટર – કે. ઇ. એમ. હોસ્પીટલ તરફથી સંઘને વિનંતિ કરવામાં આવી કે હમણાં વેકેશન ચાલે છે એટલે મોટા ભાગના શહેરીઓ મુંબઈ બહાર હોવાથી અમને હમણાં રકતની ખેંચ રહે છે, તો તમારી સંસ્થા તરફથી આવું આયોજન ગોઠવો. સંઘે આ માંગણી સહર્ષ સ્વીકારી લીધી અને તા. ૨૭–૫–૭૩ રવિવારના રોજ સવારના ૯ થી ૧૨ એમ ત્રણ કલાક માટે આ આયોજન કરવામાં આવ્યું. મંત્રીઓનો ઉત્સાહ ઘણો હતો, બે હજાર કાર્ડ છપાવીને સભ્યોને અને મિત્રોને મોકલ્યા. હજાર પત્રીકાઓ છપાવીને વહેંચી અને આ વિસ્તારના રહેવાસીઓને વર્તમાનપત્રોમાં નાખીને પણ વહેંચી. ઘણા બધા ટેલીફોન કર્યા, પરંતુ ૨૬ મીની સાંજ સુધીમાં ફકત ૧૧ નામો જ લખાયા હતા. પરંતુ જેમણે નામો નથી લખાવ્યા એવી વ્યકિતઓ પણ આવશે એવી મનમાં શ્રદ્ધા હતી. પરંતુ ૨૪ મી તારીખે મુંબઇ સમાચારમાં એક ભાઇનું ચર્ચાપત્ર પ્રગટ થયું. તેમણે લખ્યું હતું કે, 'રકત–દાન એક તુત છે અને તેમાં ઘણાંનો નુકશાન થતું હોય છે. અને તેમના આ અભિપ્રાય સામે કોઇને કાંઇ કહેવાનું હોય તો તેમને લખે અગર મળે, એમ જણાવીને તેમનું સીરનામું પણ આપ્યું હતું. એટલે એ વાંચનાર કોઇને પણ એ વાતમાં જરા તથ્ય જેવું લાગે. આ કારણે, બીજા ડોનરો આવશે એવી જે અમારી આશા હતી તે નિરાશામાં ફેરવાઇ ગઇ અને થોડી હતાશા અનુભવી, પરંતુ ઇશ્વર પર શ્રદ્ધા રાખવામાં આવી.

બરાબર નવના ટકોરે કે. ઇ. એમ. હોસ્પીટલનો સ્ટાફ તેમની વાનમાં તેમના સાધનો લઇને આવી પહોંચ્યો, ત્યારે રકત–દાન આપવાવાળા એક ભાઇ આવ્યા હતા. પરંતુ બધી ગોઠવણી થઇ ગઇ ત્યાં ડોનરો આવવા લાગ્યા. પાટ ઉપર એક પછી એક ગોઠવાયા અને બ્લડ લેવાની શરુઆત થઇ. અમારી ભીતી વચ્ચે પણ એક પછી એક ડોનરો આવવા લાગ્યા અને બોટલો ભરાવા લાગી. બરાબર બાર વાગ્યે એ આંકડો ૨૩ પર પહોંચ્યો. જ્યાં બધું સંમેટવાની તૈયારી ચાલતી હતી ત્યાં એક ટેલીફોન આવ્યો કે અમો બે જણ દસ મીનીટમાં આવીએ છીએ. તેમની રાહ જોઈ અને એ લોકો આવી ગયા એટલે ૨૫ નો આંકડો પૂરો કર્યો અને સવાબાર વાગ્યે વિધિ પુરી થઇ.



સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહ રકતદાન કરી રહેલ છે. ઉભેલામાં ડાબેથી પહેલાશ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી પ્રવિણભાઇ મંગળદાસ શાહ અને હોસ્પિટલનો સ્ટાફ છે.

પરંતુ આ આયોજનના સંચાલનમાં ભાગ લેવો એ પણ લ્હાવો હતો એવી મન પર છાપ પડી. કોઇ પણ જાતના સ્વાર્થ વિના–નિસ્વાર્થ ભાવે – પોતાના શરીરમાંનું અમૂલ્ય લોહી–અને તે પણ એક આખી બોટલ ભરીને–લગભગ ૨૫૦ ગ્રામ–આપવાનો નિર્ણય કરવો તે સહેલી કે નાની વાત નથી. આજે જ્યારે એક પાઇ–પૈસા માટે સ્વાર્થની ખેંચતાણ ચાલી રહી છે. જાણે આપણે સ્વાર્થમાં ખદબદી રહ્યા હોઇયે એવી સ્થિતિ છે. એવા સમયમાં રકતદાન માટેના ડોનરો મળે ત્યારે તેમના પ્રત્યે આપણને અવશ્ય માનની લાગણી ઉત્પન્ન થાય. આ પચીશ ડોનરોમાં બે બહેનો પણ હતા અને સંઘની ઓફીસનો સ્ટાફ તો ખરો, પણ પ્યુન પણ હતો.

આ અમારો પહેલો જ અનુભવ હતો, પરંતુ આ અનુભવ પછી એનો વધારે પ્રચાર કેમ કરવો અથવા વધારે ડોનરો મેળવવા માટે શું શું વિશેષ પ્રયત્નો કરવા જોઇએ તેને લગતી થોડી સુઝ–દિશાસૂચન અમે મેળવ્યું અને હવે બીજી વખત આવું આયોજન કરીએ ત્યારે તેમાં ચોકકસ સારી સફળતા મેળવી શકીશું એવી શ્રદ્ધા બેઠી.

અહિં એક વાતનો ઉલ્લેખ કર્યા વિના નથી રહી શકાતું કે આ રકતદાનને લગતી જાહેરાત સ્થાનીક ગુજરાતી ત્રણે દૈનિક વર્તમાનપત્રોને મોકલેલી, એ પ્રગટ થાય તેને માટે વિનંતિ પણ કરેલી, પરંતુ એકે વર્તમાનપત્રે આવી લોકહિતની વાતને પણ પ્રગટ કરવાનું મુનાસીબ ન માન્યું. આવા શુદ્ધ માનવતાલક્ષી કામ માટે દૈનિક વર્તમાનપત્રો ત્રણ લીટી જગ્યા પણ ફાજલ ન પાડી શકયા એ વાતથી ભારે આશ્ચર્ય થયું મને આઘાત લાગ્યો.

જે પચીશ ભાઇ–બહેનોએ રકતદાન કર્યું છે અને એ રીતે સંઘની આ નવી પ્રવૃત્તિને સહકાર આપ્યો છે તે માટે મંત્રીઓ તેમનો આભાર માને છે.

આવા રકતદાનથી કેટલાયની જીંદગીઓ બચી જતી હોય છે. તે બચી જતી વ્યકિતઓના અંતઃકરણપૂર્વકના છુપા આશિર્વાદો આ ડોનરોનેમળતા હશે –તેની કીંમત અમૂલ્ય જ ગણાય. એટલે જ્યારે અનુકુળતા હોય ત્યારે, જ્યાં આવું રકતદાનને લગતું આયોજન ગોઠવાતું હોય ત્યાં, જઇને આ માટે યોગ્યતા ધરાવતી વ્યકિતઓએ રકતદાન આપવાને તત્પર રહેવું જ જોઇએ. આ જમાનાનું આ એક મોટું ધર્મકાર્ય છે.

શાન્તિલાલ ટી. શેઠ

# નવીન કવિતાના સફળ અગ્રયાયી—કવિ ઉશનસ

નવીનતમ ગુજરાતી કવિતાના એક અગ્રયાયી અને ઘણા સફળ કવિ ઉશનસ–શ્રી નટવરલાલ કુબેરભાઇ પંડ્યા–ને અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ ૧૯૭૨ ની સાલનો રણજિતરામ સુવર્ણચન્દ્રક અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે, તે સર્વ રીતે પ્રશંસનીય અને ઉચિત છે. ઉશનસની કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભાનું અર્થાત સર્જક પ્રતિભાનું અને વિવેચકપ્રતિભાનું આ સન્માન તેમની અક્ષરજગતની અવિરામપણે અને ઉત્કટતાથી ચાલુ રહેતી યાત્રાના મધ્યાહ્નકાળે થાય છે તેની એક વિશિષ્ટતા પણ ધ્યાનમાં આવે છે, તે એ કે, ઉશનસને પ્રથમ કુમાર ચન્દ્રક, પછી નર્મદ ચન્દ્રક અને તેને પગલે હવે રણજિતરામ સુવર્ણ ચન્દ્રક પ્રાપ્ત થાય છે. તે આરોહણ ક્રમાત્મક સન્માન, સર્જન અને વિવેચન ક્ષેત્રે તેમને ઉત્તરોત્તર પ્રાપ્ત થતી જતી અધિકાધિક સધન અને સત્ત્વવન્તી સંસિદ્ધિનું દ્યોતક છે. પ્રતિભાનો ઉન્મેષ જે અધિકાધિક ઉજ્જવલ રીતે અને સફળતા પૂર્વક તેઓ દાખવી રહ્યા છે તથા સર્જન અને વિવેચન ક્ષેત્રે વિકાસ લક્ષી સાતત્ય જે રીતે તેઓ જાળવી રહ્યા છે તેના સંદર્ભમાં ઉશનસ પાસે સ્વાભાવિક રીતે જ ઘણી મોટી અપેક્ષા રહે છે. તેમના આ સન્માન માટે તેમને અભિનંદન આપીને ઇચ્છીએ કે એ અપેક્ષા તેઓ પૂરી કરે. તેઓ તે પૂરી કરશે જ એવો વિશ્વાસ સહેજે અનુભવાય છે.

✽

૧૯૨૦ ના સપ્ટેમ્બરની ૨૮ મી તારીખે વડોદરા જિલ્લાના સાવલી ગ્રામમાં, શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મીને, માધ્યમિક શિક્ષણ ડભોઇની હાઇસ્કૂલમાં અને સ્નાતક સુધીનું શિક્ષણ બરોડા કોલેજમાં પામીને, મુખ્ય વિષય તરીકે ગુજરાતી લઇને મુંબઇ યુનિવર્સિટીની એમ. એ.ની ઉપાધિ પ્રાપ્ત કરનાર કવિ ઉશનસે કેટલાંક વર્ષો સુધી નવસારીની કોલેજમાં અધ્યાપક તરીકેની કામગીરી બજાવીને હાલ તેઓ તે કામગીરી વલસાડની કોલેજમાં બજાવી રહ્યા છે. કવિ, વિવેચક અને વિચારક ઉપરાંત તેઓ એક સફળ વિદ્યાર્થીપ્રિય અધ્યાપક પણ છે.

✽

પોતાની અક્ષરોપાસનાનો સર્જક તરીકેનો આરંભ ઉશનસે પ્રેમાનન્દની અસર દાખવતું પ્રહ્લાદ આખ્યાન રચીનેકર્યો હતો. તે પછી તેમણે ભજનો ઉપર પોતાનો હાથ અજમાવ્યો હતો. ભજનો પછી તેમણે છંદોબદ્ધ કાવ્યો રચવા શરૂ કર્યાં હતાં. અદ્યયાવત ચાલુ રહેલી તેમની એ કાવ્યયાત્રા દરમિયાન તેમની પાસેથી 'પ્રસૂન' 'નેપથ્યે', 'મનોમુદ્રા', 'આર્દ્રા', 'તૃણનો ગ્રહ' તથા 'સ્પન્દ અને છંદ' એમ ૭ કાવ્ય સંગ્રહો મળ્યા છે; તો વિવેચન પ્રવૃત્તિને પરિણામે "ચાર અધ્યયનો" તથા "રૂપ અને રસ" એમ મૌલિક અને તેમની પરિશીલનજનિત પરિપક્વ વિવેકબુદ્ધિના સુફલરૂપ બે વિવેચન સંગ્રહો સાંપડયા છે. આ સમ્પ્રાપ્તિ પણ આપણી ઉત્તમ વિવેચન સંપત્તિના એક મહત્ત્વના અને મૂલ્યવાન અંશરૂપ છે. તેમનું કાવ્યસર્જન વિષયગત અને કાવ્ય પ્રકારગત એમ ઉભયગત વૈવિધ્યથી સમૃદ્ધ છે. તેમણે પ્રકૃતિ કાવ્યો, જાનપદી સંસ્કૃતિ અને નગર સંસ્કૃતિને વિષય કરતાં કાવ્યો, જાગતિક ઘટનાઓના પ્રત્યાઘાત ઝીલતાં કાવ્યો, પ્રણય કાવ્યો, ઋતુવર્ણનનાં અને ઋતુની વિધવિધ લીલાનો તેમણે મનભર માણેલો આનન્દ અભિવ્યકત કરતાં કાવ્યો, અંજલિ કાવ્યો. માનવ હૃદયના ભાવવિશ્વને અનેક સ્તરે સ્પર્શતાં કાવ્યો, પૌરાણિક કથા વસ્તુ અને પ્રસંગોને આલેખતાં સંવાદ કાવ્યો, સંસારની વાસ્તવિકતાઓનાં ચિત્રો ઉપસાવતાં કાવ્યો તથા ઉદાત્ત ભાવનાઓને અનુલક્ષતાં કાવ્યો, એમ અનેક અનેક વિષયોનાં કાવ્યો રચ્યાં છે. સોનેટ, છાંદસ અને અછાંદસ રચનાઓ, ગીતો તથા હાઇકુ એમ પ્રકારવૈવિધ્ય પણ તેમના કાવ્યસર્જનમાં ઓછું નથી.

✽

ઉશનસનો સમગ્ર કાવ્યરાશિ નિરપવાદ રીતે એક સરખો તેજસ્વી અને સમૃદ્ધ નથી એ સાચું, તથાપિ તેમના સકલ કાવ્ય સર્જનમાંથી એક ઉત્તમ અને આપણી મૂલ્યવાન કાવ્યસંપત્તિના મહત્ત્વના અંશરૂપ નીવડે એવો કવિતા સંગ્રહ જરૂર તારવી શકાય.

✽

ઉશનસનું કાવ્યસર્જન નિજાનન્દલક્ષી છે. કાવ્યનિર્માણ એ તેમનો પ્રકૃતિગત સહજ છન્દ છે; તે અનાયાસ છે. આત્મસંવેદનને તીવ્ર કરી મૂકતા સ્વાનુભવોને, અપૂર્વ રમણીયતાની ચિરસ્મરણીય અનુભૂતિને, સૌન્દર્ય લસિત કલ્પના વૈભવને કે ઉદાત્ત એવી ભાવના સૃષ્ટિને કાવ્યાભિવ્યક્તિ અર્પતાં ઉશનસમાંનો કાવ્યપુરુષ જે સહજ આનંદ અને સંતૃપ્તિ અનુભવે છે તે તેમની સાત્ત્વિક આનન્દની મૃગયાનો લબ્ધિવિશેષ છે. સંવેદનાત્મક સ્વાનુભૂતિના અને તજ્જન્ય ચિંતનના પ્રાકટયમાં આત્મસત્ત્વિનો વિકાસ અને ચેતનાની સાથોસાથ ચેતો વિસ્તાર અનુભવતો તેમનામાંનો કાવ્યપુરુષ કાવ્યસર્જન દ્વારા બૃહદ વિશ્વ સાથે એકરૂપ થયાનો તથા દૈવદત્ત પ્રતિભાના સફળ વિનિયોગનો આનન્દ અનુભવે છે. પ્રતિભાના સફળ વિનિયોગમાં ઉશનસની સ્વકીય દૃષ્ટિની કાવ્ય-વિભાવના મૂર્ત અલબત્ત થઇ જ છે કિન્તુ તે વિભાવના ટાગોર, રોબર્ટફ્રોસ્ટ, એલિયટ, આસ્બેરકાસુ કે આપણાં આચાર્ય આનન્દશંકર, ઠાકોર, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા શ્રી ઉમાશંકર જેવા પ્રતિભાવાન કવિ અને વિવેચકોની દૃષ્ટિથી અનંકિત નથી. પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય કવિતા તથા કાવ્ય શાસ્ત્રનું પણ ઉશનસની કાવ્ય વિભાવનાને ઘાટ આપવામાં કંઇકને કંઇક અર્પણ છે જ. તેમનું કાવ્ય સર્જન કવિતા વિશેની તેમની જે આત્મપ્રતીત સમજના ફલરુપ છે તે આ મુજબ છે. તેઓ માને છે કે કાવ્યસર્જન એ શુદ્ધ પ્રેરણોત્થ તથા, ગહનતમ–જેને આત્મા એવું નામ આપી શકાય એવા-સ્થળના એકાન્તને પ્રશાન્તિમાંથી લયાન્વિત આનંદમય શબ્દ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ છે. કાવ્યાનંદ એ બ્રહ્માનન્દ સહોદર ખરો. કિન્તુ બંને વચ્ચે અદ્વૈત હોવાનું ઉશનસ સ્વીકારતા નથી. તેનું જે કારણ તેઓ રજુ કરે છે તેમાં પણ ભારોભાર તથ્ય છે. તેઓ કહે છેઃ કાવ્યનો આનન્દ અને બ્રહ્મના સાક્ષાત્કારથી થતો આનન્દ એ બંને આનન્દની સમ્પ્રાપ્તિની પદ્ધતિ ભિન્નભિન્ન છે. બ્રહ્માનુભવ તે કલાનુભવ નથી અને બ્રહ્માનન્દની સંક્રાન્તિ એ કોઇ ઉપાદાન કે ઇન્દ્રિયના માધ્યમ દ્વારા થતી નથી. ત્યારે કાવ્યાનન્દની અથવા કલાનુભવ માત્રની પ્રવૃત્તિ કોઇને કોઇ ઉપાદાન અને ઇન્દ્રિયના માધ્યમની અપેક્ષા રાખે છે.

ઉશનસનું વિવેચન પણ કેટલીકવાર કારયિત્રી પ્રતિભા અને ભાવયિત્રી પ્રતિભાના સંપુટ જેવું હોય છે. તેઓ વિવેચન ક્ષેત્રે કદી આત્મપ્રતીતિ વિના આગળ વધતા નથી. તેમના વિવેચનમાં કર્તાનિરપેક્ષ કૃતિ પ્રત્યેની વિચારની પરિપકવતા, નિષ્ઠા, સહાનુભૂતિ અથવા સમસંવેદન હૃદયની ઉષ્મા, ભાવાવેગ, અભિગમની મૌલિકતા, શૈલીની વિવિધતા, અભિવ્યક્તિની નિરનિરાળી છટા અને કૃતિનું સર્વગ્રાહી મૂલ્યાંકન એમ, ઉચ્ચ વિવેચનાને અપેક્ષિત લગભગ સર્વ અંશોની ઉપસ્થિતિ હોય છે. એમની વિવેચના ક્યારેક પાંડિત્યના ભારથી ઝુકી પડતી લાગે છે પરન્તુ તે તેમની એક મર્યાદા છે. એટલું ખરું કે ભાષાનો વૈભવ વિલાસિતા સુધી પહોંચી જઇ વરવો નથી બનતો. ઉશનસના વિવેચનમાં ભાષાના ઓજસ ઉપરાંત વિચારનું તેજ અને અભિવ્યક્તિની ધાર બંને અનુભવાય છે.

ઉશનસ આપણા એક શ્રદ્ધાવાન કવિ છે તેમને આજની નવી કવિતા પ્રત્યે વિરાગ નથી. આસક્તિ હશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. પરન્તુ તેને તેઓ ધિક્કારતા નથી. માનવી ઘણેબધે અંશે અપૂર્ણ હોવા છતાં તેના પ્રત્યે ઉશસને ચાહના છે. અપૂર્ણ માનવી પુર્ણત્વ પ્રાપ્ત કરી શકશે એવી તેમને પાકી શ્રદ્ધા છે. તેમ ક્ષણિક સૌંન્દર્ય પણ શાશ્વત સૌન્દર્યની ખોજમાં પ્રસ્થાનબિન્દુ બની શકે એવી એમની શ્રદ્ધા છે.

—કૃષ્ણવીર દીક્ષિત

માલિક: શ્રી મુબઇ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૪

મુંબઇ, જૂન ૧૬, ૧૯૭૩ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## વર્તમાન પરિસ્થિતિ

ચારે તરફ નજર કરીએ તો લોકોમાં ઘેરી ચિન્તા અને ભારે નિરાશા જણાય છે. આવી લાગણી કોઈ એક વર્ગમાં જ છે એમ નથી. ગરીબ કે તવંગર, માલેક કે મજૂર, શિક્ષક કે વિદ્યાર્થી, બધા વર્ગો એક યા બીજા સ્વરૂપે આવી ચિન્તા કે નિરાશા અનુભવે છે. આ પરિસ્થિતિ માટે વાસ્તવિક કારણો છે, પણ બાહ્ય કારણો ઉપરાંત તેનાં મૂળ જોઈએ તો માનસિક કારણો છે. એક રીતે જોઈએ તો દુનિયાના બધા દેશોમાં વધતેઓછે અંશે, આવી પરિસ્થિતિ પ્રવર્તે છે. સમૃદ્ધ દેશો છે તેને સમૃદ્ધિમાંથી પરિણમતી પીડાઓ મૂંઝવે છે. ગરીબ દેશોની પીડાઓ જુદા પ્રકારની છે.

આપણા દેશની વર્તમાન પરિસ્થિતિ માટે પહેલાં વાસ્તવિક કારણો તપાસીએ. રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રે એવા બનાવો બનતા રહ્યા છે કે ઉત્તરોત્તર પરિસ્થિતિ વણસતી રહી છે અને ક્યાં જઈ અટકશે તે કહેવાય નહિ.

૧૯૭૧માં લોકસભામાં અને ૧૯૭૨માં રાજ્ય વિધાનસભાઓમાં શાસક પક્ષને મોટી બહુમતી મળી ત્યારે એવી આશા બંધાઈ હતી કે હવે સ્થિર રાજ્યતંત્ર થશે. બે વર્ષના ગાળામાં બધું પલટાઈ ગયું છે. શાસક પક્ષની નામની બહુમતી રહી છે પણ તેના આંતરિક વિખવાદોએ પક્ષની બધી નિર્બળતાઓ ઉઘાડી પાડી છે. ઈન્દિરા ગાંધીનો પ્રભાવ ઝાંખો થતો જાય છે. આ માનસિક વલણ છે. એક વખત લોકલાગણી પલટાવી શરૂ થાય પછી સોનું પણ કથીર થઈ જાય. અલબત્ત, હજુ ઈન્દિરા ગાંધીની હરીફાઈ કરી શકે કે તેમની સત્તાને પડકારી શકે એવું કોઈ નથી. છતાં, શાસક પક્ષ ઉપર પણ તેમનો પ્રભાવ હતો તે ઓછો થયો છે. તેમની આસપાસ હજૂરિયા છે. પ્રભાવશાળી વ્યકિતઓ નથી. કોઈ આગેવાન, પોતાની સત્તા બિનહરીફ કરવા પ્રયત્ન કરે ત્યારે, પોતે પણ નિર્બળ થાય છે, તેની આસપાસનાં પણ નિર્બળ થાય છે. તેને કોઈનો ટેકો રહેતો નથી. બધી સત્તા પોતાને હસ્તક કરે ત્યારે બધી જવાબદારી પણ એક જ વ્યકિતની થાય છે. બીજાને જવાબદારી લાગતી નથી. કેટલાંક રાજ્યોમાં પોતાના પ્રતિનિધિઓ મુખ્ય મંત્રી તરીકે નિયુક્ત કર્યા. આ પગલાનાં પરિણામો હવે દેખાય છે. ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, ગુજરાત, મહિસુર આ દરેક રાજ્યમાં શાસક પક્ષમાં ભયંકર જૂથબંધી અને એકબીજાના પગ ખેંચવાની રમત જોરથી ચાલી રહી છે. કોંગ્રેસનું વરિષ્ઠ મંડળ પણ કોઈ એવી ભેદી નીતિ અપનાવી રહ્યું છે કે એમ લાગે કે આવી જૂથબંધીનો અંત લાવવા તે ઈંતેજાર નથી, પણ કદાચ, તેને પોતાની સત્તા ટકાવી રાખવાનું સાધન માને છે. ઉત્તર પ્રદેશમાં આ લખાણ છપાય તે પહેલાં કદાચ રાષ્ટ્રપતિનું શાસન આવ્યું હશે. ગુજરાતમાં અંતિમ દાવ ખેલાઈ રહ્યો છે. બિહારમાં જે નાટક ભજવાઈ ગયું તે શરમજનક હતું. પણ બધે થીગડાં મારી ગાડું ગબડાવવાની વૃત્તિ દેખાય છે. સડેલું કાપી નાખવાની હિંમતનો અભાવ છે. ગમે તે ભોગે બહુમતીનો દેખાવ ટકાવી રાખવાથી અંતે લાભ નથી. પક્ષમાં મોટી સાફસૂફીની જરૂર છે. પક્ષની નીતિને નિષ્ઠાપૂર્વક સ્વીકારે તેવાને જ પક્ષમાં રાખવા–પછી ભલે સંખ્યા ઘટી જાય- અંતે આવી નીતિ જ લાભદાયી થાય. અત્યારે તો એમ લાગે છે કે અસ્થિરતા વધતી રહેવાની છે. બંગાળ, બિહારમાં તો રાજકીય ખૂનો ઉઘાડેછોગ થાય છે. અસામાજિક તત્ત્વોનું જોર ખૂબ વધ્યું છે. રાજકીય આગેવાનો આવાં તત્ત્વોનો આશ્રય લે છે. તામિલનાડુમાં ડીંડીગલની ચૂંટણીનું પરિણામ સૂચક છે. શાસક પક્ષ ત્યાં કોઈ પગદંડો કરી શક્યો હોય તેમ જણાતું નથી. અન્ના દ્રમુકનો વિજય કોઈ ઉચ્ચ નીતિ અથવા ચારિત્ર્યશીલ આગેવાનીનું પરિણામ નથી. વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે પ્રજાના ગંભીર અસંતોષનું જ પરિણામ છે

આર્થિક ક્ષેત્રે આથી પણ વધારે ચિન્તાજનક સ્થિતિ છે. મોંઘવારીએ માઝા મૂકી છે. જીવનની જરૂરિયાતની વસ્તુઓના ભાવ કૂદકે ને ભૂસકે વધે છે. ફુગાવો અમર્યાદ વધી રહ્યો છે. આર્થિક પરિબળો ઉપર સરકારનો કાબૂ નથી. ઘઉંનો જથ્થાબંધ વેપાર સરકારે હસ્તક કર્યો તેમાં મુસીબતો ઊભી થઈ છે. તે પાર કરી નહિ શકે તો મોટી કટોકટી સર્જાશે. સરકારનું બધું વલણ વધુમાં વધુ સરકારી નિયંત્રણો અને મોટી કંપનીઓ અથવા ઉદ્યોગો સરકાર હસ્તક કરવા તરફ છે. વહીવટી અક્ષમતા અને લાંચરુશવત, આ નીતિને સફળ થવા દેતાં નથી. પણ સરકાર આ નીતિને તજી દે એ આશા વેપારી આલમ રાખતી હોય તો વ્યર્થ છે. આ માર્ગે સરકાર વધારે આગળ જશે એમ હું માનું છું- પરિણામ ગમે તે આવે.

વિખ્યાત અર્થશાસ્ત્રી એડમ સ્મિથને ૨૫૦ વર્ષ થયાં તે પ્રસંગે આગેવાન અર્થશાસ્ત્રીઓ ભેગા થાય છે. સ્મિથે મૂડીવાદ માટે અર્થશાસ્ત્ર પુરું પાડ્યું. કોઈ પણ સરકારી નિયંત્રણ વિના મુકત વ્યાપાર અને આર્થિક બળોનો મુકત વ્યવહાર (Free play of Economic forces), સમૃદ્ધિનું કારણ માન્યું. એડમ સ્મિથ આજે હોય તો શું કરે એવો પ્રશ્ન લંડનના પ્રખ્યાત સાપ્તાહિક 'ઈકોનોમિસ્ટે' કર્યો છે અને લખે છે:

Adam Smith might well call for the roll-back of state intervention. He would also call for the elimination of restrictive practices of organised labour. Politically, these solutions will not be acceptable today, short of a new world slump. Yet the alternative is an inexorable slide further unto state intervention and Control, which ultimately solves nothing. The world's leaders face an agonising choice between these alternatives.

રાજકીય અને આર્થિક ક્ષેત્રે આવી ચિન્તાજનક સ્થિતિ છે ત્યારે બીજા ક્ષેત્રે સારું નથી. જનમાનસમાં હિંસા વધતી રહી છે.

કાયદો અને વ્યવસ્થા કથળી રહી છે. ઉત્તર પ્રદેશમાં સશસ્ત્ર પોલીસ દળનો બળવો ભયજનક છે. આવો બનાવ આ પહેલો જ છે. લખનૌ યુનિવર્સિટીનાં તોફાનો માત્ર વિદ્યાર્થીઓનાં ન હતાં. સશસ્ત્ર પોલીસ દળનો તેમને ટેકો હતો અને ઘણાં અરાજક તત્ત્વો તેમાં જોડાયાં હતાં. રાજકીય પક્ષો અને આગેવાનો પણ તેમાં સંડોવાયેલા હતા.

સદ્ભાગ્યે, મહારાષ્ટ્ર, ગુજરાત અને દેશના બીજા ભાગોમાં ભીષણ દુષ્કાળ હતો તેને માણસ કે પશુધનના મોટા નુકસાન વિના, એકંદરે પાર ઊતર્યા છીએ પણ લોકમાનસ ઘણું અસ્થિર થતું જાય છે. સુખી વર્ગને પણ ભાવિની ચિન્તા કોરી ખાય છે.

આ પરિસ્થિતિ માટે સરકારને અથવા રાજકીય આગેવાનોને દોષ દઈએ તે ઠીક છે, પણ પ્રજામાનસ પલટાય નહિ ત્યાં સુધી આગેવાનો કાંઈ જાદુ કરે એવી આશા વ્યર્થ છે. સામાન્ય પ્રામાણિકતા તથા સામાજિક જવાબદારીનું ભાન આપણે ગુમાવી બેઠા છીએ. અપ્રમાણિક તથા સ્વાર્થી વર્તન માટે ગમે તેટલાં બહાનાં આપીએ પણ પ્રજાકીય પુરુષાર્થ અને ત્યાગભાવના વિના આ કટોકટીમાંથી પાર ઊતરવું શક્ય નથી. પ્રજાનો દરેક વર્ગ અને દરેક વ્યક્તિ અત્યારે પોતાનો જ સ્વાર્થ શોધે છે: વેપારી હોય, મજૂર હોય, શિક્ષક હોય, બુદ્ધિજીવી હોય, બધા પોતાના હિતનો જ વિચાર કરે છે. સમાજમાં જે કાંઈ સાત્ત્વિક બળો છે તે ક્રિયાશીલ અને ચેતનવંતાં થાય તો આ આંધીને કાંઈક પહોંચી વળીએ.

૧૦-૬-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## મુક્ત (સ્વચ્છંદી) સમાજ

ઈંગ્લાંડમાં બે ઉમરાવો વેશ્યાઓ સાથે વ્યભિચાર કરતાં પકડાયા. બન્ને સામાન્ય વ્યક્તિ ન હતા. એક પ્રધાનમંડળમાં હતા, બીજા લૉર્ડ પ્રીવીસીલ અને ઉમરાવસભામાં સરકારના પ્રવક્તાનો ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા. એકની ઉમ્મર ૫૦ વર્ષની, બીજાની ૫૫. બન્ને પરણેલા અને અનેક સંતાનના પિતા. પ્રોફ્યુમો પ્રકરણમાં, શરૂઆતમાં પ્રોફ્યુમો આમસભામાં જૂઠું બોલ્યા. પછી પકડાયા એટલે રાજીનામું આપવું પડ્યું. આ બન્ને ઉમરાવોએ પોતે આવું વર્તન કર્યું છે એવું તુરત સ્વીકાર્યું અને રાજીનામું આપ્યું. જાહેર નિવેદનો કર્યાં. લૉર્ડ લેમ્બર્ટે તો બી.બી.સી. ઉપર મુલાકાત આપી. તેમને પૂછ્યું કે તેમણે આવું શા માટે કર્યું? જવાબ આપ્યો: વિવિધતા (Variety) ખાતર. તેમણે ઉમેર્યું કે બીજા માણસો આવું વર્તન કરે તેનો કાંઈ ઊહાપોહ થતો નથી. તો અમે કાંઈક ઉચ્ચ સ્થાને બેઠા છીએ તેથી આવો ઊહાપોહ શા માટે? અમારા ખાનગી જીવનને અને જાહેર જીવનને શું સંબંધ છે? આવાં બે પ્રકારનાં ધોરણ રાખવાથી જાહેર જીવનમાં ઉચ્ચ સ્થાન ભોગવતી વ્યક્તિઓને 'પૂતળા સંતો' (Plastic Saints) સમાજ બનાવવા માગે છે? એમ કહેવાય છે કે બન્ને ઉમરાવોની પત્નીઓ અને સંતાનો તેમના પતિ અને પિતાશ્રીને પડખે ઊભાં રહ્યાં છે. એ જ માર્ગે જવું હોય તો પડખે ઊભાં જ રહે ને! આમસભાના સભ્યો અને જાહેર મત પણ તેમના પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે અને પકડાઈ ગયા તે માટે તેમની દયા ખાય છે. લૉર્ડ લેમ્બર્ટ, બે નગ્ન સ્ત્રીઓ વચ્ચે નગ્ન દશામાં સૂતેલા, તેના ફોટાઓ લેવાયા છે. લૉર્ડ જેલીકોનાં આવાં અનેક પરાક્રમો છે. આ વેશ્યાઓ પૂરું પાડવાનું ષડ્યંત્ર (CallGirl Racket) આંતરરાષ્ટ્રીય છે. તેમાં ઘણા ઉદ્યોગપતિઓ, રાજદૂતો, જાહેર જીવનમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતી વ્યક્તિઓ સંડોવાયેલ છે. પૈસાની રેલમછેલ છે. વિલાસિતા કલ્પનાતીત છે.

વડા પ્રધાન હીથની એટલી જ ચિન્તા હતી કે આ બે ઉમરાવો મારફત દેશની સલામતી જોખમાય એવી માહિતી બહાર ગઈ નથી ને? તેમના આવા વર્તન માટે કોઈને ખેદ નથી, ઠપકો આપવાની વાત તો દૂર રહી.

કેટલું સડેલું હશે? મુક્ત સમાજ (Permissive Society) ને નામે કેટલો સ્વચ્છંદ નિભાવી લેવાય?

આ બધું સ્વાભાવિક છે, લગભગ આવકારદાયક છે, એવું વાતાવરણ છે.

જાહેર જીવન અને ખાનગી જીવન વચ્ચેનો આ ભેદ ખતરનાક છે. વ્યભિચારી, દારૂડિયા, કેફી દવાઓ લેવાવાળા (લૉર્ડ લેમ્બર્ટ પાસેથી કેફી દવાઓ નીકળી) જાહેર જીવનમાં ઉચ્ચ સ્થાન ભોગવી પ્રજાનું હિત કરી શકે? જેનાં ચિત્ત ભમી ગયેલાં છે, જે ચારિત્ર્યહીન છે, જેને પોતાના વર્તન ઉપર સંયમ કે કાબૂ નથી, તેવી વ્યક્તિઓ સમાજમાં આગેવાન થાય તેથી કેટલું અનિષ્ટ થાય તેનું વર્ણન કરવાની જરૂર નથી. શ્રેષ્ઠ જનો કરે તે પ્રમાણે સામાન્ય જન વર્તે- ઉપરનો સડો બધે વ્યાપે.

આ બધું પાપ વધારેપડતી સમૃદ્ધિનું છે. વ્યક્તિ કે પ્રજા, સમૃદ્ધિ વધે ત્યારે ભોગવિલાસમાં ડૂબે અને છેવટ નાશ પામે. આવી પરિસ્થિતિનો, સ્વતંત્રતા કે વ્યક્તિગત સુખને નામે ગમે તેટલો બચાવ કરવામાં આવે, પરિણામે વિનાશ છે. માણસમાં નિર્બળતા તો છે જ–ખાસ કરી કામવિકાર અંગે, જે અતિ પ્રબળ છે. પણ માણસ તેને વશ થાય ત્યારે શરમ અનુભવે, અભિમાન ન લે અથવા બચાવ ન કરે.

આપણે ત્યાં પણ, ખાસ કરીને શહેરોમાં અને પૈસાદાર લોકોમાં આવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. હોટેલોમાં, ક્લબોમાં, રાત્રિક્લબોમાં કેબેરે વગેરે અનેક સ્થળો આવા અખાડા થતા જાય છે.

## ગર્ભપાત

ઈંગ્લાંડમાં ૧૯૬૯માં ગર્ભપાતનો કાયદો હળવો બનાવ્યો ત્યાર પછી ગર્ભપાતની સંખ્યા ખૂબ વધતી રહી છે. ૧૯૬૯માં અંદાજે ૫૦,૦૦૦ ગર્ભપાત થયા હતા તે ૧૯૭૨માં વધીને ૧,૫૬,૭૧૪ થયા છે. દર વર્ષે વધતા રહ્યા છે. આમાં ખેદની વાત તો એ છે કે લગભગ ૨૦,૦૦૦ ગર્ભપાત ૨૦ વર્ષથી ઓછી ઉંમરની કન્યાઓના હતા, જેમાં ૬૨૫ પંદર વર્ષથી પણ ઓછી ઉંમરની હતી અને ૧૨૯૩ ને એક બાળક પણ હતું. જ્યારે ૩૪૭ કન્યાઓને માટે આ બીજો ગર્ભપાત હતો. આ તો રજિસ્ટર થયેલ ગર્ભપાતની સંખ્યા છે. બીજા તો કેટલા હશે કોણ જાણે. આશ્ચર્ય તો એ છે કે ગર્ભનિરોધનો જોરશોરથી પ્રચાર થાય છે અને તે માટે બધા સાધનો ઉપલબ્ધ છે. પૂરાં પાડવામાં આવે છે અને બહોળા પ્રમાણમાં ઉપયોગ છે છતાં આટલી મોટી સંખ્યાના ગર્ભપાત થાય છે.

અનિવાર્ય સંજોગોમાં, સ્ત્રીની શારીરિક રક્ષા માટે ગર્ભપાત કરવો પડે તે એક વાત છે અને વિલાસના પરિણામથી બચવા ઈરાદાપૂર્વક ગર્ભપાત કરે તે બીજી વાત છે. ગર્ભપાતથી સ્ત્રીના શરીરને અને મનને કેટલી હાનિ અને આઘાત થાય છે તે વિશે ડૉક્ટરોએ ગંભીર ચેતવણી આપી છે. આપણે ત્યાં પણ આ પવન જોરથી ફૂંકાય છે.

## હિંમતભર્યું પગલું

પશ્ચિમ જર્મનીના ચાન્સેલર વીલી બ્રાન્ટ આદર્શવાદી નીડર નેતા છે. તેઓ ચાન્સેલર થયા પછી યુરોપમાં શાન્તિ સ્થાપવા તેમણે એક પછી એક હિંમતભર્યાં પગલાં લીધાં છે. વાસ્તવિકતાને પિછાની જર્મનીના ભાગલા સ્વીકાર્યા અને પૂર્વ જર્મની સાથે શાન્તિ કરાર કર્યા. પોલાન્ડ સાથે સરહદી ઝઘડા હતા તે મિટાવી ઓડરનીસી સરહદ કાયમ કરી. પરાપૂર્વના દુશ્મન રશિયાના વડા બ્રેઝનેવને પશ્ચિમ જર્મની આવવા આમંત્રણ આપી જર્મની અને રશિયા વચ્ચેના સંબંધો મૈત્રીભર્યા કર્યા. આ રીતે બીજા વિશ્વયુદ્ધ પછી શરૂ થયેલ ઠંડા યુદ્ધનો છેવટ તેમણે અંત આણ્યો. હવે એથી પણ હિંમતભર્યું

પગલું લીધું છે, હિટલરે ૬૦ લાખ યહૂદીઓને ગેસ ચેમ્બરમાં મારી નાખ્યા. આ અભૂતપૂર્વ પાપનું જાણે પ્રાયશ્ચિત્ત કરવા વીલી બ્રાન્ટ ઈઝરાયલ ગયા છે. ઈઝરાયલે આમંત્રણ આપ્યું તે પણ વીલી બ્રાન્ટની શુભનિષ્ઠામાં તેનો વિશ્વાસ બતાવે છે. ભૂતો બાંગલા દેશ જાય અથવા નિક્સન ઉત્તર વિયેટનામ જાય- તેના કરતાં પણ વિશેષ હિંમતભર્યું આ પગલું છે. વિશ્વમાં શાન્તિ માટે સાચી ઝંખના હોય તો પ્રતિષ્ઠાના ભૂતને અળગું રાખી શું કરી શકાય તે વીલી બ્રાન્ટે કરી બતાવ્યું છે. એક આગેવાન આખી પ્રજાના માનસમાં કેટલો પલટો લાવી શકે છે તે વીલી બ્રાન્ટે પુરવાર કર્યું. જે જર્મનીને કારણે બે વિશ્વ-યુદ્ધો થયાં તે જ જર્મની હવે શાન્તિને માર્ગે દુનિયાને નવો રાહ બતાવે છે. વીલી બ્રાન્ટને નોબેલ પીસ પ્રાઈઝ આપ્યું તે સર્વથા યથાર્થ હતું.

**અવળી દિશામાં**

વીલી બ્રાન્ટથી વિપરીત દાખલો નિક્સનનો. વિયેટનામમાં ભયંકર બૉમ્બમારાથી અને અન્યથા અમાનુષી અત્યાચારો કર્યા છતાં પ્રતિષ્ઠા ગુમાવી જવું પડયું. હજી કમ્બોડિયા અને લાઓસમાં બૉમ્બ-મારો અને લશ્કરી દરમિયાનગીરી ચાલુ રાખી છે. અમેરિકન સેનેટ અને પ્રજામતના વિરોધ છતાં ઈન્ડોચીનની પ્રજાની સત્તાના જોર ઉપર ખાનાખરાબી કરી. દુનિયામાં કેટલાંય સ્થળોમાં યુદ્ધનું કારણ અમેરિકા રહ્યું છે. શસ્ત્રસામગ્રીના અમર્યાદ ઉત્પાદનને કારણે દુનિયાના ઘણા દેશોને એ સંહારનાં શસ્ત્રો પૂરાં પાડે છે. દક્ષિણ અમેરિકાના કેટલાય દેશોમાં બળવાઓ કરાવ્યા. કોરિયા, ગ્રીસ, ટર્કી, સ્પેન, ઈઝરાયલ, આફ્રિકાના કેટલાય દેશો, પાકિસ્તાન, બધાને શસ્ત્ર-સામગ્રી પૂરી પાડી, પરસ્પર લડવાનાં સાધન આપ્યાં. હવે આરબ રાજ્યો અને ઈરાનને મોટા પ્રમાણમાં શસ્ત્રસામગ્રી પૂરી પાડવાનું શરૂ કર્યું છે. અમેરિકાના ઉદ્યોગો સારા પ્રમાણમાં લશ્કરી સરંજામ અને સાધનોના ઉત્પાદનમાં રોકાયેલ છે. તે ઉદ્યોગોને ચાલુ રાખવા અને ટેકો આપવા, સંહારનો વેપાર અમેરિકા કરે છે. રિપબ્લિકન પક્ષના વડા તરીકે નિક્સન મૂડીવાદી અર્થરચનાને વરેલ છે. મોટા ઉદ્યોગ-પતિઓનો તેને ટેકો છે અને તેમને નિક્સનનો ટેકો છે. એક કારણ એમ આપવામાં આવે છે કે અમેરિકા શસ્ત્રો ન આપે તો બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશો આપશે-અને આપે છે. તેથી અમેરિકા પાછળ રહી જાય. નિક્સન પોતાની જાતને શાન્તિદૂત તરીકે મનાવવા પ્રયત્ન કરતા હતા અને નિક્સનને નોબેલ પીસ પ્રાઈઝ મળવું જોઈએ એવા પ્રયત્નો થાય છે. શાન્તિની સાચી ઝંખના શું કરી શકે તે વીલી બ્રાન્ટે બતાવ્યું છે. નિક્સનને નોબેલ પીસ પ્રાઈઝ મળે તો વિધિની વક્રતા જ લેખવી જોઈએ. એક જ વ્યકિત વિશ્વશાન્તિ માટે કેટલું કરી શકે અને અશાન્તિ માટે કેટલું કરી શકે તેના નમૂનાઓ વીલી બ્રાન્ટ અને નિક્સન છે. જર્મનીએ બે વિશ્વયુદ્ધમાં વિનાશનો અનુભવ કર્યો તેનો કાંઈક પાઠ જર્મન પ્રજા શીખી છે એમ લાગે છે. અમેરિકાએ પોતાની ભૂમિ ઉપર યુદ્ધ અનુભવ્યું નથી અને વિનાશની વેદના જાણી નથી. તેથી તેની સમૃદ્ધિ અને ઉત્પાદનશકિત દુનિયાને શાપરૂપ થઈ રહી છે.

૧૩-૬-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# સંઘ સમાચાર

## એક આવકારદાયક પ્રસંગ

તાજેતરમાં સંઘની કારોબારીના ઉત્સાહી સભ્ય શ્રી બાબુભાઈ જી. શાહ તરફથી તેમની પુત્રી ચિ. મીતાનાં શુભ લગ્ન પ્રસંગે આપણી સંસ્થાને રૂા. ૧૦૦૧નો ચેક મળ્યો છે. થોડાક સમય પર ચિ. મીતાની સગાઈ પ્રસંગે પણ શ્રી બાબુભાઈએ સંઘને યાદ કરીને રૂા. ૧૦૧નો ચેક મોકલ્યો હતો. આ રીતે સંઘ પ્રત્યે પોતાનો પ્રેમ અને સદ્ભાવ દાખવવા બદલ અમે શ્રી બાબુભાઈ જી. શાહનો આભાર માનવા સાથે આનંદ પ્રગટ કરીએ છીએ.

આ વાત આમ તો નાની છે, પણ આપણા સૌ માટે લક્ષમાં રાખવા જેવી છે, માટે જ અમે એની આટલી પણ જાહેરાત કરીએ છીએ. આપણા સૌના જીવનમાં આવા શુભ પ્રસંગો તેમ જ મોટી તપસ્યાના પારણા જેવા ધાર્મિક પ્રસંગો પણ આવે છે અને તેવા પ્રસંગોએ આપણે સારો એવો ખર્ચ પણ કરીએ છીએ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અત્યારે ૪૮૦ સામાન્ય સભ્યો છે અને ૧૭૪ આજીવન સભ્યો છે. આ સૌ મિત્રો આવા પ્રસંગોએ સંઘને ન ભૂલે એવો અમારો અનુરોધ છે.

આ વાતની સાથે એની પણ નોંધ લેવી ઘટે કે દેશની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને શ્રી બાબુભાઈ અને શારદાબહેને લગ્ન ખૂબ સાદાઈથી ઊજવ્યાં હતાં. એમના પોતાના દેવનારના નિવાસસ્થાને સાદો મંડપ બાંધ્યો હતો. કશો ખોટો ભપકો નહીં, કોઈ ફોટોગ્રાફરોની 'ક્લીક' 'ક્લીક' નહીં, કોઈ ઊંચું સ્ટેજ કે વરકન્યા માટે શણગારેલી ખુરસીઓ નહીં, કશી ખોટી ધમાલ નહીં. આજના આંખોને આંજી દે એવા ભપકાના જમાનામાં આવી સાદાઈ અપનાવવા માટે આ દંપતી આપણાં અભિનંદનનાં અધિકારી બને છે.

## આપણો સાહિત્યવારસો

લોકમિલાપ ટ્રસ્ટ- ભાવનગર તરફથી આવતા જાન્યુઆરીમાં પ્રગટ થનારો બીજો સેટ જેમાં નીચેનાં પુસ્તકો છે:

(૧) બાંધ ગઠરિયા (૨) કલાપીનાં કાવ્યો (૩) દ્વિરેફની વાતો (૪) પ્રકૃતિનો આનંદ (૫) ભારેલો અગ્નિ.

એકંદર પાંચ પુસ્તકોનાં ૭૫૦ પાનાં થાય છે અને પ્રકાશન પછી રૂપિયા ૧૦ની કિંમતે વેચાનારો આ સંપુટ ૧૫મી ઓગસ્ટ સુધીમાં આગોતરી વરદી નોંધવનારને માત્ર રૂપિયા ૬માં મળશે.

સંઘના કાર્યાલયમાં રૂપિયા છ મોકલી આપી, ઉપરોકત પુસ્તકોનો ઓર્ડર નોંધાવી શકાશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## દુઃખ અને દુઃખનું નિવારણ

ભગવાન મહાવીરે એક વખત એમના શિષ્યોને આમંત્રિત કર્યા અને કહ્યું, "આર્યો! કહો, પ્રાણી કોનાથી ડરે છે?"

પ્રશ્ન સાંભળી મુનિઓ વિચારમાં પડી ગયા. ભગવાને શા આશયથી એ પ્રશ્ન પૂછ્યો હશે એ સૌ વિચારવા લાગ્યા. આખરે ગૌતમે કહ્યું: "ભગવાન, આપને જો કષ્ટ ન થાય તો એનો ઉત્તર આપ જ કહો."

મહાવીરે કહ્યું, "આર્યો! પ્રાણી દુઃખથી ડરે છે." પછી પૂછ્યું, "કહો, દુઃખની સૃષ્ટિ કોણ રચે છે?"

ગૌતમે કહ્યું, "ભગવાન, અમે આપના મુખે જ એ સાંભળવા ઈચ્છીએ છીએ."

મહાવીરે કહ્યું: "આર્યો, મનુષ્ય પોતાના પ્રમાદથી જ દુઃખની સૃષ્ટિ રચે છે, જેવી રીતે કરોળિયો પોતાના જ જાળામાં ફસાય છે." પછી પૂછ્યું, "કહો, આર્યો, દુઃખની મુકિત કોણ કરે છે?"

ગૌતમે કહ્યું, "આપ જ કહો, ભગવન્."

મહાવીરે કહ્યું: "આર્યો, મનુષ્ય પોતે જ પોતાની મહેનતથી દુઃખમાંથી મુકિત મેળવે છે."

# ☆ મુંબઈમાં મહિલા સંમેલન ☆

સભા-સંમેલનો જે દેશમાં લગભગ રોગના સ્વરૂપે પ્રગટ થતાં હોય તેવી પરિસ્થિતિમાં કોઈ પણ સંમેલન અંગે લખવું મુશ્કેલ થતું હોય છે, પરંતુ તાજેતરમાં જ મુંબઈમાં મળી ગયેલા મહિલા સંમેલનનું સ્વરૂપ કંઈક આગવું, કંઈક परस्परं बोधयन्तः परस्परं भावयन्त् : નું રહ્યું એટલે જ એના અંગે કંઈ લખવાનું મન થાય છે.

મહિલા સંમેલનોની પણ હવે આ દેશમાં નવાઈ નથી. આ સંમેલનની કોઈ વિશેષતા હોય તો તે એ જ હતી કે એમાં બહેનોએ ભેળાં મળીને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં કેટલો ઊંચો કૂદકો મારી શકાય એનું સહચિંતન કર્યું.

જીવનનાં તો ક્ષેત્ર અનેક, પણ અહીં ત્રણ ક્ષેત્રો ખેડાયાં. મહિલા સંમેલન હતું તો સૃષ્ટિનિર્માતાની આ કૃતિનું, સ્ત્રીઓનું કોઈ વિશેષ પ્રયોજન, વિશેષ કર્તૃત્વ ખરું? તે એક ચિંતનનો વિષય રહ્યો. બીજો વિષય હતો- અધ્યાત્મ. ત્રીજો વિષય હતો અહિંસક સામાજિક ક્રાંતિમાં સ્ત્રીઓનો ફાળો.

સ્ત્રીઓમાં રહેલી વિશિષ્ટ શકિતના ઉગમમાં જતાં હરવિલાસબેને કહ્યું, "આ સ્ત્રીશકિત એટલે કોઈ સ્ત્રીના દેહની શકિત નથી, પરંતુ તેના આત્માની શકિતની વાત છે. માતૃશકિતમાં આ જ આત્માની શકિત પ્રગટ થાય છે. માનવજીવનને ગતિ આપનારું પરિબળ વિજ્ઞાન છે, પણ એને દિશા આપનારા આધ્યાત્મિક પરિબળ સિવાય માનવ-જીવન અધોગતિને પામશે. સ્ત્રીઓએ સમાજને દિશા આપવાનું કામ કરવાનું છે. એ માટે એણે પોતે પોતાનામાં રહેલી આત્મશકિતને પિછાણવી પડશે."

માનવજીવનના ઈતિહાસનાં પાનાં ઉથલાવતાં પ્રવીણાબેને વૈદિક કાળથી માંડી અત્યાર સુધીના સ્ત્રીજીવનની ઝાંખી કરાવી હતી અને કહ્યું હતું કે માનવ-ઈતિહાસના આરોહણ પર્વમાં સ્ત્રી આજે એવી મંઝિલે આવી પહોંચી છે, જ્યાંથી આગળનું કદમ એણે પોતે જ ભરવું પડશે. હવે આંગળી પકડવાની રહેશે તો તે આત્મશકિતની, આંતરિક શકિતની.

વિષયપ્રવેશ બાદ મુકત ચર્ચામાં આટલા મુદ્દા આવ્યા. કેટલાક પરસ્પર વિરોધી પણ હતા.

૧. સ્ત્રી આજે જાગૃત તો બની જ છે, એને કેવળ દિશા આપવાનો સવાલ છે.

૨. લોકૈષણા, વિત્તૈષણા અને પુત્રૈષણા—આ ત્રણેય મહત્ત્વાકાંક્ષાની પૂર્તિ સ્ત્રી માટે આજે સહજસુલભ બની ગઈ છે. બ્રહ્મવિદ્યાની કે આધ્યાત્મશકિતની ભૂખ જ એને કયાં છે?

૩. સ્ત્રીઓને બ્રહ્મચર્યનો આધ્યાત્મિક અધિકાર પ્રાપ્ત નથી. પતિને સંભોગ માટે 'ના' કહેવાનું બળ એણે પ્રાપ્ત કરવું પડશે. વિનોબાજીએ એકવાર રાહ ચીંધ્યો છે કે પૂર્ણ પ્રેમ, સત્યનિષ્ઠા અને સહનશકિત દ્વારા સત્યાગ્રહીશકિત કેળવી પુરુષને જીતી શકાશે.

૪. માતૃત્વ ગૌરવાંકિત થવું જોઈએ. લદાયેલું, લાચાર માતૃત્વ દૂર થવું જોઈએ.

૫. શ્રામિક બહેનોનું ગૌરવ થવું જોઈએ.

૬. સ્ત્રી સમાનતાનો અર્થ એ હરગિજ નથી કે આપણે પુરુષોનો અનાદર કરીએ.

બપોરની બેઠકનો આરંભ કરતાં પૂર્ણિમાબેને કહ્યું, "સ્ત્રી જો જાગૃત હોય તો આજે આપણા દેશનું ચિત્ર કંઈક જૂદું જ હોત. આપણી ભીતર કંઈક બેહોશી છે. એ બેહોશીને હટાવવા કંઈક પ્રક્રિયા ચલાવવી પડશે. જ્યાં રોગો છે ત્યાં ઓપરેશન કરવું પડશે. ચિત્ત પર વિકાર-સંસ્કાર, રૂઢિ-પ્રણાલી વગેરે અનેક આવરણો છવાઈ ગયાં છે, એનું ઓપરેશન કરવું પડશે. સ્વાતંત્ર્યનો આરંભ અભયથી થાય છે. અભયનો ઉદ્‌ગમ આત્મશકિતમાં છુપાયેલો છે. સત્ત્વ એ જ સ્વત્વ અને એ જ સ્ત્રીત્વ. સત્ત્વને આપણે પ્રગટ કરવાનું છે."

આદર્શોના ગગનવિહારમાંથી વાસ્તવિક ભૂમિ પર લઈ આવતાં શોભનાતાઈએ કહ્યું, "સ્ત્રી સ્વતંત્ર થઈ કહેવાય છે, કયાં છે સ્વતંત્ર સ્ત્રી? આજે સામાજિક ક્ષેત્રમાં આવેલી પ્રત્યેક સ્ત્રી એક સમસ્યા છે. ગ્રામીણ ક્ષેત્રની સ્ત્રી પરના જુલમ કરતાં શહેરી જુલમ કંઈક Refined હશે પણ તેથી જ તે વધારે ભયાનક છે.

મુકત ચર્ચામાં આવેલા મુદ્દા—

૧. સ્ત્રીમાનસમાં સ્વતંત્ર વિચાર નથી, દેખાદેખી છે.

૨. મા-બાપ પોતે ભોગપરાયણ, સંતાન બીજું શું કરે?

૩. જુવાન છોકરીઓને જમાના સાથે રહેવા કયારેક ફરજિયાત 'હેમામાલિની' બનવું પડે છે, નહીંતર એ 'મણિબા'માં ખપી જાય છે. એ જ પ્રવાહ સ્ત્રીને, પતિને સિગરેટ-શરાબ ધરવા સુધી લઈ જાય છે.

૪. શું સ્ત્રી પ્રકૃતિથી જ ભક્ષ્ય-રક્ષ્ય બની રહેવા નથી ઈચ્છતી?

૫. જૈન સાધ્વીઓએ સામાજિક ક્ષેત્રમાં પ્રવેશવું જોઈએ.

નિર્મળા દેશપાંડેએ વિષયનો સમારોપ કરતાં કહ્યું કે, "સ્ત્રીશકિત જાતિસૂચક અર્થમાં નહીં, ગુણસૂચક, ગુણવાચક અર્થમાં લેવાનો છે. સ્ત્રીઓમાં રહેલી વિશિષ્ટ ગુણસંપદા દ્વારા નવસમાજ સર્જન કરવાનું છે. અહિંસા આજનો માત્ર પરમો ધર્મ નથી, યુગધર્મ પણ છે. વૈજ્ઞાનિક દષ્ટિએ પ્રકૃતિની સર્વોત્તમ કૃતિ સ્ત્રી છે. આ જેટલું દેહગત સાચું છે તેટલું જ સ્વભાવગત પણ સાચું સિદ્ધ થઈ શકે. આપણે ગુણોત્કર્ષ કરવાનો છે. રક્ષ્ય-ભક્ષ્ય વૃત્તિ આપણી મૂળભૂત, સ્વાભાવિક વૃત્તિ નથી. સંસ્કૃતિના નામે આવી અનેક વિકૃતિઓ આપણાં ચિત્ત પર ઠસાવવામાં આવી છે. એ બધાં આવરણોને દૂર કરી આત્મશકિત પ્રગટાવવાની છે. આત્મામાં સ્ત્રી-પુરુષ ભેદ પણ ખતમ થાય છે. મૈત્રી એ આ યુગનું મૂલ્ય છે. સ્ત્રી-પુરુષ સંબંધ પણ સ્વામી-દાસીનો નહીં પણ સખા-સખીનો અથવા સ્વામી-સ્વામિનીનો થશે. સત્તા બળની નહીં પણ આત્માની, પ્રેમની."

બીજું ક્ષેત્ર હતું: આધ્યાત્મિક સાધના. વિષયપ્રવેશ કરાવતાં ઉષાબેને કહ્યું, "ઈશ્વરનાં બે સ્વરૂપ છે. એ વિશ્વમય પણ છે અને વિશ્વાતીત પણ છે. એટલે ઉપાસના પણ બે પ્રકારની. વિશ્વમય પ્રભુને પામવા થતી સગુણોપાસના માનવચિત્તને વ્યાપક બનાવે છે અને વિશ્વાતીત પરમાત્માને પામવા થતી નિર્ગુણોપાસના ચિત્તને અંતઃસ્તલની ગહનતામાં લઈ જાય છે. યોગસાધના આપણને આપણી જાત સાથે, સૃષ્ટિ સાથે, સમાજ સાથે અને ઈશ્વર સાથે જોડે છે. ભારતનું અધ્યાત્મ સિદ્ધિ પર નહીં, ચિત્તશુદ્ધિ પર જોર દે છે. અહીં કર્મ પણ એક શકિત મનાઈ છે, તેવી જ રીતે ધ્યાન પણ એક શકિત મનાઈ છે. અધ્યાત્મ એ શકિતથી પર વસ્તુ છે. એનો આધાર સિદ્ધિ પર નહીં, શુદ્ધિ પર છે. વિશ્વાતીતને આપણા હૃદયમાં ભરવો હશે તો આપણે શૂન્ય બનવું પડશે. જીવન અખંડ અને એકરસ છે. તો જીવનના મર્મને પામવાની સાધના પણ એકાંગી ન હોઈ શકે. જ્ઞાન, કર્મ અને ભકિતનો સમન્વય સાધતી સર્વાંગી સાધના દ્વારા જ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ શકે. એ બ્રહ્મવિદ્યાને પામવા, બ્રહ્મની આરાધના માટે થતો જીવનસંચાર એ જ બ્રહ્મચર્ય. બ્રહ્મવિદ્યા કદી એકાંગી ન હોઈ શકે, એ તો સર્વસમાવેશક અને સર્વાશ્લેષી જ હોઈ શકે."

મુકત ચર્ચામાં વાનપ્રસ્થાશ્રમ, વ્યકિતસાધના કે સામૂહિક સાધના, ઘરમાં નિયમિત પ્રાર્થના—સ્વાધ્યાય વગેરે વિષયો પર ચર્ચા થઈ. બપોરની બેઠક કાંતાબેનની ભાવવાહી વાક્‌ધારાથી શરૂ થઈ. કહે, "આધ્યાત્મિક સાધના એ સરળ વાત છે. કોઈ પણ જાગૃત વ્યકિત માટે તે પરદેશી કે બાહ્ય ચીજ નથી. એ તો આપણી પોતીકી અંદરની વસ્તુ છે, એનાથી માનવજાત આદિકાળથી સુપરિચિત છે. એ તત્ત્વ સનાતન છે, છતાંય નિત્યનૂતન છે. કારણ કે ખુદ માનવ પણ નિત્યનૂતન છે. આધ્યાત્મિક સાધનામાં કેટલાકે ગુરુપરંપરાના ગુણ ગાયા છે પરંતુ મને લાગે છે કે જેમ નેતૃત્વનો જમાનો હવે નથી રહ્યો એવી રીતે ગુરુનો જમાનો પણ હવે ગયો. આપણા સૌનો પરમગુરુ આપણી ભીતર સદૈવ બેઠો છે. એ પરમાત્મા પાસેથી પ્રેરણા મેળવી

આપણે કૃતિશૂન્ય બનવાનું છે. વિજ્ઞાનયુગની સાધના વ્યક્તિગત ન રહેતાં સામૂહિક સાધના હશે. માનવજાતિની સેવા પણ આધ્યાત્મિક સાધનાનું એક અંગ છે." શીલાબેને અધ્યાત્મને ખૂબ સુંદર રીતે 'પરસ્પર અનુરાગ'માં અંકે કરી બતાવ્યું.

સમારોપમાં નિર્મળાબેને કહ્યું: "પરમાત્માપ્રાપ્તિનો પ્રયાસ અને સામાજિક ક્રાંતિ - આ બંને ધારાઓનો સંગમ ગાંધીજીવનમાં જોવા મળે છે. વ્યક્તિગત ચિત્તશુદ્ધિના પાયા પર સામાજિક ક્રાંતિ થશે તો તે સમૂળી અને સર્વાંગી ક્રાંતિ થશે. બ્રહ્મવિદ્યા એટલે નિત્યપ્રસન્નતા. નિરંતર આનંદની ખોજ એ જ આધ્યાત્મિક સાધના છે."

છેલ્લે દિવસે 'સામાજિક ક્રાંતિમાં સ્ત્રીઓનો ફાળો'નો વિષય-પ્રવેશ કરાવતાં મેં કહ્યું કે માનવ ફક્ત પોતાનામાં રહી શકતો નથી, એને પોતાને શોધવા બીજે કશેક, પોતાની બહાર જવું પડે છે ત્યાંથી જ સામાજિકતાનો આરંભ થાય છે અને ચારિત્ર્યનો આરંભ પણ ત્યાંથી જ થાય છે. મનુષ્યોનો પારસ્પરિક સંબંધ કયાં મૂલ્યો પર પ્રતિષ્ઠિત છે તે ઉપરથી માનવસમાજનું મૂલ્યાંકન થઈ શકે. જંગલનાં પ્રાણીઓનો સંબંધ પરસ્પર હિતવિરોધ પર ઊભો થયેલો છે. માનવીઓનો પરસ્પર સંબંધ સ્નેહ, સૌહાર્દ અને સંવાદના મૂલ્ય પર સ્થપાય. આ સંબંધોની ક્રાંતિ એ જ મારે મન સામાજિક ક્રાંતિ છે. ગાંધી–વિનોબાની ક્રાંતિને આ રીતે જ હું મૂલવું છું. મા-બાપ, ભાઈ-બહેન, પતિ-પત્ની, મજૂર–માલિક, વેપારી–ગ્રાહક, શાસક–શાસિત વગેરે પ્રત્યેક સંબંધમાં આજે ક્રાંતિની જરૂર છે. માનવોના પારસ્પરિક સંબંધોમાં એકતાની સ્થાપના, અભેદની સ્થાપના એ ક્રાંતિનું લક્ષ્ય છે, એનું સાધન સંઘર્ષ નહીં પણ સમન્વય છે. સર્વક્ષેત્રે નવાં મૂલ્યોની સ્થાપના કરવાની છે. વૈશ્વિક સ્તરે જગતનું સંચાલક પરિબળ હિંસા નહીં પણ અહિંસા બને, ક્રૂરતા નહીં પણ કરુણા સામ્રાજ્ઞી બને, રાજનૈતિક સ્તરે ચાલક શક્તિ દંડશક્તિ નહીં, પણ લોકશક્તિ બને; સામ્રાજ્ઞી સત્તા નહીં, સેવા બને. આર્થિક સ્તરનો આધાર સ્પર્ધા નહીં પણ સહકાર બને. લોકજીવન સરકાર-બાઝાર મુક્ત બને આ અહિંસક ક્રાંતિનાં કેટલાંક પાયાનાં મૂલ્યો છે. આ નવાં મૂલ્યોને સ્થાપવા સ્ત્રી ઘરબહાર નીકળે. આજે સ્ત્રી ઘરબહાર નીકળી છે પણ આયુધો એનાં જરીપુરાણાં છે. જે મૂલ્યો પર પુરુષપ્રધાન સમાજરચના ચાલતી આવી છે એની જ પૂર્તિ સ્ત્રી કરે છે. એથી સ્ત્રીના સમાજપ્રવેશનો વિશિષ્ટ લાભ સમાજને થતો નથી. સ્ત્રી એના સ્ત્રીત્વ સાથે બહાર આવે અને પ્રત્યેક ક્ષેત્રને પોતાની આંતરિક શક્તિનો રંગ લગાડે એ ઈષ્ટ છે. મુંબઈનાં મંગળાબેને કહ્યું કે આપણે શોષણમુક્ત, શાસનનિરપેક્ષ સમાજ રચવો છે.

પ્રત્યક્ષ કાર્યક્રમની દિશામાં મુંબઈમાં ૧૫ સ્વાધ્યાય કેન્દ્રો શરૂ કરવાનું નક્કી થયું, ઓક્ટોબરની ૨થી ૮ સુધી સ્ત્રીશક્તિ જાગરણ સપ્તાહ ઊજવવાનું સંયોજન શ્રી પૂર્ણિમાબેન પકવાસાને સોંપાયું. ટ્રસ્ટીશિપની દિશામાં મુંબઈમાં પ્રયાસો શરૂ થયા છે, તેની જાણકારી ડૉ. ઈંદિરાબેને આપી.

ઉપસંહારાત્મક પ્રવચનમાં નિર્મળાબેને જાગતિક સંદર્ભમાં સર્વોદય વિચારને મૂલવતાં કહ્યું કે શબ્દની શક્તિ અચિંત્ય છે, અસીમ છે. આપણી પાસે 'બ્રહ્મવિદ્યા' શબ્દ આવ્યો છે. માણસમાં અમાપ શક્તિ પડેલી છે. વિજ્ઞાન અતિસૂક્ષ્મ પરમાણુના ગર્ભમાં જે પ્રચંડ શક્તિ પડી છે તેને પ્રગટ કરે છે, આત્મજ્ઞાન અગાધ આંતરિક શક્તિનો વિસ્ફોટ કરશે. બંનેના સંયોગથી જ માનવભૂમિની સમસ્યાઓ ઉકેલાઈ શકશે. ભારતની પાસે વિશિષ્ટ ચિંતન છે. સ્વાતંત્ર્ય અને સમાજવાદ બંને મૂલ્યોને એકસાથે રાખી શકે એવું દર્શન ભારત પાસે છે.

ત્રણ દિવસનું અતિઅલ્પ સંખ્યકોનું નાનકડું સંમેલન. પણ જીવનક્ષિતિજ પર એક નવી આભાને પ્રસરતી કેટલાંએ જોઈ. જીવનનું એક બંધ બારણું ખૂલતાં નવી હવા, નવી સ્ફૂર્તિ, નવી તાઝગીનો અનુભવ કેટલાંકે કર્યો.

—મીરાં ભટ્ટ

# જૈનોને રસ પડે એવી ગોકર્ણની યાત્રા

મારા છેક નાનપણમાં જે એક મહત્ત્વની યાત્રા મેં કરી હતી એને વિશે 'સ્મરણયાત્રા'માં મેં લખ્યું જ છે. વાચકો એ ચોપડી-માંથી એ બધું વાંચે એવી અપેક્ષા રાખવાને બદલે એ યાત્રાધામનું મહત્ત્વ ટૂંકમાં કહી દઉં એ જ વાચકો પ્રત્યે ન્યાય ગણાય.

ગોકર્ણ-મહાબળેશ્વર એ કારવાર તરફના કર્ણાટકમાં આવેલું અત્યંત મહત્ત્વનું તીર્થસ્થાન છે. ધર્મગ્રંથોમાં એને દક્ષિણકાશી કહ્યું છે અને ઉમેર્યું છે કે કલિયુગમાં બનારસ કાશીનું મહત્ત્વ ઓછું થઈ જવાનું. એ બીક ગોકર્ણને નથી. અને તેથી કેટલાયે સનાતની લોકો કાશી-યાત્રા કરતાં પણ ગોકર્ણયાત્રાએ ખસૂસ જાય છે.

એની વાર્તા ટૂંકમાં આ પ્રમાણે છે:

લંકાના રાવણની મા અત્યંત શિવભક્ત. એણે દીકરાને કહ્યું, તું મારો દીકરો આવડો મોટો સમ્રાટ અને હું શું સામાન્ય માણસની પેઠે માટીના કે પથરાના શિવલિંગની પૂજા કરું? કૈલાસ, માનસરોવર જઈને ત્યાંથી પ્રત્યક્ષ શંકર ભગવાન પાસેથી એનું આત્મલિંગ પૂજા માટે મને કેમ ન આણી આપે?

માતૃભક્ત દીકરો કહે, 'એ મારું કામ'. ગયો હિમાલયની પેલી પાર કૈલાસ પર્વત પર અને રોજ માનસરોવરમાંથી હજાર કમળો ભેગાં કરી શિવની પૂજા કરવા લાગ્યો. એક દિવસે શું ભાગ્ય? પૂજામાં દસ કમળો ઓછાં નીવડયાં. 'પૂજામાંથી ઊઠાય નહીં. રાવણે તલવાર લઈને પોતાનું એક એક શિરકમળ તોડીને પૂજામાં અર્પણ કર્યું. નવ કમળો અપાયાં–દસમું માથું ઉતારવા જાય છે ત્યાં શિવજીએ પ્રગટ થઈ એનો હાથ ઝાલ્યો અને કહ્યું, 'ધન્ય છે તારી ભક્તિ. તારી પૂજા મને માન્ય છે. માગ તારે શું જોઈએ છે?'

રાવણે કહ્યું, 'મારી મા તારી ભક્તિ કરે છે. એને પૂજા માટે તારું આત્મલિંગ જોઈએ છે. એ માગવા આવ્યો છું.'

ભક્તાધીન શિવજીએ કહ્યું, 'મને માન્ય છે.' શિવજીએ પોતાની છાતી ખોલીને અંદરથી આત્મલિંગ કાઢયું અને કહ્યું, 'આ લઈ જા' પણ શરત એ કે આ આત્મલિંગ જમીન પર રખાય નહીં. જ્યાં રાખીશ ત્યાં સ્થિર થઈ જશે. માટે એને ઉંચકીને દોડતો જા, અને મા કહે ત્યાં રાખ.'

રાવણે કહ્યું, એ મારું કામ. ઊંચકયું આત્મલિંગ અને દોડવા લાગ્યા. અહીં સ્વર્ગમાં દેવોની અંદર હાહાકાર થયો. શિવજીનું આત્મ-લિંગ ભારત બહાર લંકામાં પહોંચી જાય એ કેમ પોસાય? એમણે શિવજીના દીકરા ગણેશને મદદમાં લીધા અને કહ્યું, ગમે તે કર, પણ આ શિવલિંગ ભારત બહાર જવા ન દે.

ગણપતિએ બે હાથવાળા ભરવાડનું રૂપ લીધું અને કર્ણાટકમાં સમુદ્રકિનારે ગાય ચારવા લાગ્યા.

હવે રાવણ આત્મલિંગ લઈ દોડતો જાય. દેવોની ઈચ્છા પ્રમાણે એના પેટમાં બધાં તીર્થો પહોંચી ગયાં. એને લઘુશંકાની જબરદસ્ત હાજત ઉત્પન્ન થઈ. હવે શું કરાય? નજીક એક ભરવાડ દેખાયો. રાવણે કહ્યું, 'અલ્યા, શિવલિંગ જરા તારા હાથમાં ઝાલી રાખ. જમીન પર રાખીશ નહીં. હું પેશાબ કરી આવું છું. તારા હાથમાંથી લઈ લઈશ અને તને ભારે બક્ષિસ આપીશ.'

ગણેશે શિવલિંગ હાથમાં લેતાં કહ્યું, 'આ તો બહુ ભારે છે. લાંબા વખત સુધી ઊંચકીને નહીં રાખી શકું.' રાવણે કહ્યું, 'અલ્યા પેશાબ કરીને હમણાં આવું છું.' ભરવાડ ગણેશે કહ્યું, 'ભાર અસહ્ય થાય તો ત્રણવાર તને બૂમ પાડીશ. એટલામાં તું ન આવે તો તારી વાત તું જાણે.'

હા કહી રાવણ જનોઈ પોતાના કાન ઉપર ચઢાવી પેશાબ કરવા બેસી ગયો. હવે તો બોલાય પણ નહીં. એના પેટમાં બધાં તીર્થો પહોંચી ગયાં હતાં. પેશાબની ક્રિયા બંધ થાય જ શાની! ત્યાં ગણેશે રીતસર ત્રણવાર રાવણને બૂમ પાડી અને અરરર... કહી શિવલિંગ જમીન પર રાખી મૂકયું. ત્યાં એ એટલું તો ઊતરી ગયું કે જાણે એનો નીચલો છેડો પાતાળ સુધી પહોંચી ગયો. રાવણ આવ્યો. એણે શિવલિંગ ઊંચકવાનો જોરથી પ્રયત્ન કર્યો. પણ એ શાનું હાથમાં આવે! એણે એ લિંગ ઝાલી મરડીને ખેંચ્યું. લિંગના માથાના ચાર કકડા રાવણના હાથમાં આવ્યા. એ એણે ચાર દિશામાં ફેંકી દીધા અને ચિડાઈને ભરવાડને માથે મુક્કો માર્યો. નિરાશ થઈને લંકા ચાલી ગયો. આ ચાર કકડા એણે ચાર દિશાએ ફેંકયા તેના પણ આજે ચાર તીર્થો મનાય છે.

શિવજીના લિંગનો ઉપરનો ભાગ 'ગાયના કાન જેવો' દેખાય છે. એટલે એનું ગોકર્ણ મહાબળેશ્વર નામ પડયું. અસંખ્ય શિવભકતો એની પૂજા કરવા ત્યાં ભેગા થાય. શિવલિંગને (ગોકર્ણને) સ્પર્શ કરી ધન્યતા અનુભવે.

પૂજારીએ જોયું કે લિંગની શિલા સુંવાળી છે. ભક્તોના સ્પર્શથી ઘસાઈ જાય છે. એમણે ઈંટચૂનો લઈ આવી એ લિંગની આસપાસનો ભાગ ચણી કાઢયો. લિંગને માથે એક જળાધારી રાખી. એની વચમાં કાણું રાખી ભકતોને કહ્યું, આ કાણામાં આંગળી નાખો તો શિવ-લિંગનો સ્પર્શ થશે. દર્શન તો થાય નહીં. એ જ રિવાજ હજુ ચાલુ છે.

હવે ત્રીસચાળીસ વર્ષે (બરાબર આંકડો અત્યારે યાદ નથી) અષ્ટબંધ કરીને એક ઉત્સવ થાય છે તે વખતે ઉપરની શિલા અને આસપાસનું ચણતર કાઢી નાખી અંદરનું શિવલિંગ હાથ-દોઢ હાથ ઊંચુ દર્શન માટે ખુલ્લું રખાય છે. આવી ધન્ય ઘડીનો લાભ લેવા માટે હજારો અને લાખો યાત્રીઓ ભેગા થાય છે. લિંગ અમુક દિવસ આમ ખુલ્લું રાખી, ફરી એની આસપાસ ઈંટચૂનાનું ચણતર થાય છે અને પછી તો જળાધારીના કાણામાંથી આંગળી દ્વારા ફકત લિંગનો સ્પર્શ મેળવી શકાય છે.

મારા નાનપણમાં મારા પિતાશ્રીની બદલી સાતારાથી કારવાર થઈ. સન ૧૮૯૨નો સમય હશે. ત્યાં અમે સાંભળ્યું કે ગોકર્ણમાં અષ્ટબંધનો ઉત્સવ થવાનો છે. આવી તક કોણ છોડે? મારાં માતાપિતા મને લઈને ગોકર્ણ પહોંચ્યાં. અમે પ્રત્યક્ષ શિવલિંગનાં દર્શન કર્યા. પૂજા કરી ધન્ય ધન્ય થયાં. પુરોહિતને મોઢે ગોકર્ણની આખી વાર્તા સાંભળી. પછી એ અમને રાવણના પેશાબનો કુંડ જોવા લઈ ગયા. કુંડ મોટો હતો. ગંધાતો હતો. નાક પકડીને અમે ત્યાંથી પાછાં વળ્યાં. ત્યાં ગણપતિનું મંદિર હતું. બે હાથવાળી મૂર્તિ અને રાવણના માથા પરનો ઘા પણ અમે જોઈ શકયાં.

અમે જેવા ગયાં તેવાં, તદડી બંદરથી પાછાં કારવાર આવ્યાં. રસ્તામાં સમુદ્રમાં તોફાન સહન કરવું પડયું. ગોકર્ણ મહાદેવની કૃપાથી માંડ બચી ગયાં. એનું બધું વર્ણન 'સ્મરણયાત્રા'માં આપ્યું છે.

[ ૨ ]

સિત્તેરએંસી વર્ષ પહેલાંની એ યાત્રા યાદ કરી મન થાય છે કે ફરી એકવાર ગોકર્ણ જઈ આવીએ. સાંભળ્યું છું કે ત્યાંના પૂજારીઓ ઘણા સજ્જન છે. આપણી સ્વરાજ્યની હિલચાલના દિવસોમાં એ લોકોએ ગાંધીભકતોને અને કોંગ્રેસના નેતાઓને સારીસરખી મદદ કરી હતી અને છડેચોક असहयोग सिध्यर्थम् स्वराज्य प्राप्त्यर्थमंના સંકલ્પ સાથે જાહેર પૂજાઓ પણ કરી હતી.

સ્વરાજ્યની લડત ચાલતી હતી તે પહેલાં અને તે દરમિયાન જે ક્રાંતિકારી લોકો ગુપ્તપણે ગોકર્ણ તરફ આવીને રહ્યા હતા તેઓ આખર સુધી સુરક્ષિત રહ્યા. સ્થાનિક લોકોમાંથી કોઈએ હીનવૃત્તિથી અથવા ગફલતથી વિદેશી સરકારને એમની ભાળ મળવા દીધી નહીં. આવો સુંદર અનુભવ બીજા પ્રદેશો વિશે નથી એમ જાણનાર લોકો કહેશે. ગોકર્ણના પૂજારીઓની દેશભકિત અને સ્વરાજ્યનિષ્ઠા અનેક રીતે પુરવાર થઈ છે.

વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે પશ્ચિમ સમુદ્રને કિનારે આવેલા કર્ણાટકના એ પ્રદેશ ઉપર જૂના વખતમાં જૈન લોકોનું રાજ્ય હતું. એ રાજાઓએ ગોકર્ણના મંદિરની ઉત્તમ કદર કરી હતી. આગળ જતાં એ જ જૈન રાજાઓએ શિવપૂજાનો લિંગાયત ધર્મ સ્વીકાર્યો અને કેટલીક રાણીઓએ ત્યાં સરસ મંદિરો પણ બાંધ્યાં છે. એ રાજાઓ બધા ધર્મના લોકો પ્રત્યે આદર રાખે. એ જ આદરની ભાવના ગોકર્ણના પૂજારીઓમાં આજે પણ દેખા દે છે અને એ રીતે ભારતનાં તમામ તીર્થોમાં ગોકર્ણની પ્રતિષ્ઠા 'સર્વધર્મસમભાવ' માટે વિશેષ છે.

દક્ષિણમાં ફેલાયેલા જૈનધર્મનો ઈતિહાસ કન્નડ ભાષામાં લખાયેલો છે જ. કોઈ અંગ્રેજી ચોપડીમાં પણ એ મળવો જોઈએ. પણ ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષના અસાધારણ ઉત્સવ પ્રસંગે ગુજરાતના કેટલાક જૈન ઈતિહાસ સંશોધકો એ પ્રદેશમાં કેમ ન જાય? અને એ આખો ઉદાર ઈતિહાસ ગુજરાતની પ્રજા માટે કેમ ન આપી દે? ગોકર્ણ તરફના મારા ગાંધીસ્નેહીઓ મને ખાતરી આપે છે કે ગોકર્ણના પૂજારીઓ અને કન્નડ ભાષાના સાહિત્યકો એમનું હાર્દિક સ્વાગત કરશે અને બનતી મદદ આપશે.

કાકાસાહેબ કાલેલકર

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## -: વાર્ષિક સભા :-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની ૨૩મી તારીખે શનિવારે સાંજના સાડાપાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે:

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી.

(૨) નવા વર્ષનાં અંદાજપત્રો મંજૂર કરવાં.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘના તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટરોની નિમણૂક કરવી.

ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે, ઉપર જણાવેલો સંઘનો વૃત્તાંત, સંઘના તેમ જ વાચનાલય અને પુસ્ત-કાલયના ઓડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ, સંઘના કાર્યાલયમાં ખુલ્લા રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨થી ૫ વાગ્યા સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ: સંઘનું કાર્યાલય, લિ.
૩૮૫, સરદાર વી. પી. રોડ, **ચીમનલાલ જે શાહ**
વનિતા વિશ્રામ સામે, **સુબોધભાઈ એમ. શાહ**
મુંબઈ-૪ મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ એકલપેટિયો બનતો માનવી ☆

"શત્રુને તો ઊગતો જ ડામવો જોઈએ" એવું સૂત્ર આપણને કોઈએ આપ્યું છે. એ સૂત્ર આપનારે શત્રુ કોને કહેવો તેની વ્યાખ્યા કે વિગતો આપણને પૂરી પાડી નથી એટલે જીવનનાં કોઈપણ ક્ષેત્રમાં આપણને અનિચ્છનીય લાગતી વ્યકિતનો કાંટો કાઢવા મથતા હોઈએ છીએ. ઓફિસમાં કોઈ સહકર્મચારી આપણને ગમતો ન હોય કે સમાજમાં કોઈ કાર્યકર સાથે મનમેળ ન હોય અગર રાજકારણમાં વિરોધી વિચાર વ્યકત કરનારો નેતા ઊભો થયો હોય તે તમામને આપણે ઘરમાંથી ઉંદર, વાંદા અને છછુંદરને નષ્ટ કરવાના પ્રયાસ કરીએ છીએ તે પ્રકારે નાબૂદ કરવા પ્રેરાઈએ છીએ. વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રે જે પ્રકારે સ્પર્ધા ટાળવા માટે હરીફોને આર્થિક રીતે પાયમાલ કરવામાં આવે છે તે રીતે જીવનના દરેક ક્ષેત્રમાં આપણે પ્રતિસ્પર્ધીને ટાળવા પ્રયાસ કરીએ છીએ.

પરંતુ કુદરત જગતમાં તમામ પરિબળોને સમતોલ રાખવા માટે પોતાની યોજના મુજબ કામ કરતી હોય છે. વસતિ વધતી જાય એટલે ઉત્પાદન પણ વધતું જાય. જો પેદાશનો ઉપભોગ વધવાની સાથે કચરો પણ વધે. આ કચરાનો નિકાલ કરવા માટે માણસ કંઈ ન કરે ત્યારે કુદરતે વધુ ઉંદરો પેદા કરવા પડે. કુદરત કાંઈ પેદાશ, આડપેદાશ કે "નકામી" પેદાશનું વર્ગીકરણ કરતી નથી. કુદરત તો સમતુલા ઈચ્છે છે, પણ આપણે કચરો ઓછો કરતા નથી અને ઉંદરને મારી નાખવાની નિતનવી દવાઓ શોધીએ છીએ. શત્રુને ઊગતો ડામવાની સાથે રોગને પણ ઊગતો ડામવાની વાત કહેવતમાં કહેવામાં આવી છે. બોર્નિયો દેશના એક ગામડામાં અમુક પ્રકારના મેલેરિયાને નાબૂદ કરવા માટે ડી. ડી. ટી. છાંટવામાં આવ્યું. આ ડી. ડી. ટી.ને કારણે મચ્છરો મરી ગયા અને મેલેરિયા નાબૂદ થઈ ગયો.

પરંતુ એક રસિક વાત એ બની કે એ ગામડાના વાંદા ડી.ડી.ટી.નો પ્રતિકાર કરી શકે તેવા બળવાન હતા. મચ્છરોની સાથોસાથ બોર્નિયોના વાંદાઓને પણ ડી. ડી. ટી.ની પ્રસાદી મળી હતી. એ પ્રસાદી વાંદાએ પોતાના શરીરમાં ઝેરરૂપે સાચવી રાખી. વાંદાનો નાસ્તો ગરોળી કરવા માંડી. આને કારણે ગરોળીના પેટમાં થોડુંક ઝેર ગયું. આ ગરોળીનો નાસ્તો બિલાડીઓએ કરવા માંડયો અને ઝેરના કારણે બિલાડી મરવા માંડી! આને કારણે ઉંદરોને મારનારી બિલાડીઓ ઓછી થવા લાગી અને ઉંદરોની વસતિ વધવા લાગી. બોર્નિયોના ઉંદરોના દાંત એટલા મજબૂત હોય છે કે ખાવાનું ન મળે ત્યારે છાપરાનાં લાકડાં ચાવવા લાગે છે. આ વસતિ ઘટાડવા માટે બોર્નિયોની સરકારે બિલાડીની એરોપ્લેનમાં આયાત કરવી પડી હતી!

રાજકારણમાં પણ બોર્નિયોની સરકારની માફક આપણે બે શત્રુમાંથી એકને ઢીલો કરવા માટે બીજા શત્રુને નાછૂટકે મિત્ર બનાવીએ છીએ. જો કે શરૂમાં તો આપણા પ્રયાસો શત્રુને નામશેષ બનાવવાના હોય છે. લંડનની ઈમ્પીરિયલ કૉલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના પ્રોફેસર રિચાર્ડ સ્કોરરે બહુ સરસ તારણ કાઢયું છે કે વાતાવરણમાં પ્રદૂષણ અટકાવવા માટે આપણે વિવિધ જીવજંતુની હાજરીને આવશ્યક ગણવામાં જે ડહાપણ દાખવ્યું છે તેવું ડહાપણ આપણે કૃષિક્ષેત્ર, રાજકારણ અને અર્થક્ષેત્રમાં પણ દાખલ કરવું જોઈએ.

પ્રોફેસર રિચાર્ડ કહે છે કે 'આપણે વધુ ને વધુ એકલપેટિયા બનવાની દિશામાં વળી રહ્યા છીએ. આપણે એક પ્રકારનું 'મોનોકલ્ચર' ઊભું કરી રહ્યા છીએ." આપણી ટેક્નોલોજીની સફળતાથી અંજાઈને આપણા રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ એક જ મોટી બજાર, એક જ પ્રકારની વ્યાપારી પદ્ધતિ અને મોટે પાયે પેદા થતી એક જ પ્રકારની ચીજોનાં સપનાં સેવવા માંડયા છીએ. યુરોપની મજિયારી બજારને વિસ્તારીને આખા વિશ્વને એક જ બજાર બનાવવાના ઘણાને વિચારો આવે છે. કુદરત પોતે આવું ઈચ્છતી નથી. ખેડત જુદી જુદી જમીનમાં જુદા જુદા પાક લે તે યોજના કુદરતને વધુ બંધબેસતી છે. લગભગ એકસો વર્ષ પહેલાં યુરોપમાં ખેતીવાડીની બાબતમાં એક ગેરડહાપણ થયેલું. આયર્લેન્ડની જમીનને બટાટા ભાવતા હતા એટલે બટાટાનો પાક માત્ર આયર્લેન્ડ જ લેવા માંડયું અને આયર્લેન્ડમાં દુષ્કાળ પડયો ત્યારે બટાટાનું એક બટકું ય કયાંય મળતું નહોતું અને ગોરા લોકોની આંખ ઊઘડી ગઈ. 'મોનોકલ્ચર' ને બદલે વિવિધ રંગી સર્જન હોત તો અન્ય પ્રદેશોનો થોડોક બટાટાનો પાક લોકોને જીવાડી શકયો હોત. અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની જમીનમાં ઘઉંનો પાક બહુ સારો લેવાય છે એટલે વિશ્વના બીજા દેશો ઘઉંની ખેતી છોડી દે તો અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં ઘઉંનો પાક નિષ્ફળ જાય તો જગત માટે મોટી આફત ઊભી થઈ જાય!

પ્રદૂષણ રોકવા માટે અને જગતનાં વિવિધ પ્રાણીઓ અને જળચરો, જીવજંતુઓ, માનવો અને જનાવરોની સમતુલા જાળવવા માટે જેમ પરિષદો ભરાય છે તે રીતે 'મોનોકલ્ચર'ને રોકવા માટે અર્થકારણ અને રાજકારણમાં પણ વિચારોનું વૈવિધ્ય જાળવવું જરૂરી બન્યું છે. એકપક્ષી રાજ્ય ચાલતું હોય તેવા દેશોની સરકારો "પ્રત્યાઘાતી વિચારો"થી ખૂબ ભયભીત બને છે. સાચી લોકશાહી સરકારો પ્રત્યાઘાતી કે વિરોધી વિચારોથી ગભરાતી નથી. એકહથ્થુ રાજ્ય હોય ત્યાં "ભાંગફોડિયા વિચારો"નો ડર લાગે છે. એકહથ્થુ રાજ્ય છિનવાઈ જવાની સતત ભીતિ લાગ્યા કરે છે. વિભિન્ન વિચારો ધરાવતા રાજકીય પક્ષોને ખરેખરી સહૃદયતાથી આપણે નિભાવી શકતા હોઈએ તો આવી ભીતિ લાગતી નથી. રાજકારણમાં સહિષ્ણુતા ઓછી થાય તો લોકશાહી હોય તો પણ અંધાધૂંધી ફેલાય છે. ગુજરાત રાજ્યમાં શાસક પક્ષમાં અમુક બળવાખોર કોંગ્રેસીઓ છે. તાજેતરમાં અમદાવાદ જવાનું થયું ત્યારે આ બળવાખોર કોંગ્રેસીઓને પોતાને સામાન્ય લાગે પણ આપણને વિચિત્ર જણાય તેવી ફરિયાદ જાણવા મળી. મુખ્ય પ્રધાન શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ જૂની કોંગ્રેસના (સંસ્થા કોંગ્રેસ) સભ્યોને અમુક કોર્પોરેશનો કે જિલ્લા સમિતિમાં કે બીજાં તંત્રોમાં હોદ્દાઓ આપ્યા તેની સામે પક્ષના બળવાખોરો વાંધો ઉઠાવે છે. આ લોકો 'મોનોકલ્ચર' ઈચ્છી રહ્યા છે. વિરોધીઓને પક્ષે કંઈ પણ જાય તે તેમને ગમતું નથી.

આ 'મોનોકલ્ચર' પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે કદાચ લોકોને એકસરખા આકારની અમુક પ્રકારની રોટી અને એકાદ વાટકો દાળ તો મળી રહે, પણ વિવિધતા ઈચ્છતા મનને કંઈ ખોરાક ન મળે એટલે તે મન મરતું જાય છે. વિરોધી વિચારની સાથે જીવતાં શીખવાની જરૂર પહેલાં કરતાં અત્યારે વધુ છે.

આ પ્રસંગે મને ત્રીસ વરસ પહેલાંની એક બચપણની ઘટના યાદ આવે છે. વતનના ગામે અમારા ઘરના છાપરા ઉપર એક મોટો અજગર જેવડો સાપ જોયો. મારા પિતાને મેં સાપ બતાવ્યો ત્યારે તેમણે કહ્યું "એ નિરુપદ્રવી છે, છો રહ્યો." અને ખરેખર એ સાપ અમારા છાપરાને બીજા નાના જીવજંતુથી મુકત રાખતો હતો અને અમને ઉપદ્રવ કરતો નહોતો. આ પ્રકારે સાપ સાથે જીવવાનું આપણે શીખી ન શકીએ તો પણ વધુ પડતી સલામતીના ચાહક બનવું ન જોઈએ. વધુ પડતી સલામતીની તમન્નામાં આપણે આવશ્યક અને ઈચ્છનીય એવાં વિરોધી બળો કે જેને આપણે શત્રુ માનીએ છીએ તેવાં ઉપકારક બળોને પણ નષ્ટ કરી નાખીશું.

—કાન્તિ ભટ્ટ

# ☆ નવો ઓપ, નવી દિશા ☆

મોટા ભાગના લોકો ચીલાચાલુ એકધારું અને મહદ્ અંશે નિરસ જીવન જીવતા હોય છે. સવારે જાગે અને રાત્રે સૂવાનો સમય થાય ત્યાં સુધીનું માણસનું જીવન એટલું નિરસ અને ઘરેડિયું બની ગયું હોય છે કે પછી તેઓ એક યંત્રની માફક હાલતા-ચાલતા અને કામ કરતા હોય એવું લાગે છે. સહેજે જ એવો વિચાર આવે છે કે આવા ઘરેડિયા, બંધિયાર અને નિરસ જીવનમાં પરિવર્તન લાવવાનું શકય છે ખરું? માણસ ગમે તેવી પરિસ્થિતિમાં પણ જીવનના રસને સુકાવા ન દે અથવા તો જો જીવનરસ સુકાઈ ગયો હોય તો ફરી રસ જાગ્રત થાય એવું બની શકે ખરું? આવા પ્રશ્નો જે પોતાની વર્તમાન અવસ્થાથી અકળાઈ ગયો હોય એને મૂંઝવે છે પણ ઘણીવાર એમાંથી એને માર્ગ ન સૂઝે એવું પણ બને છે. એને લીધે એના મનમાં નિરાશાનો વિચાર દઢ થાય છે.

પણ કોઈક વાર આ બધી અકળાવનારી પરિસ્થિતિ, જેનામાં થોડીક પણ ચેતના હોય છે, એને એક એવો ધક્કો આપે છે કે જેથી એને એની જૂની દુનિયા ખતમ થતી દેખાય છે અને એને મનમાં વસી જાય છે કે પોતે પોતાની આસપાસ અમુક ચોક્કસ વિચાર અને વિચારને પરિણામે અમુક વર્તનની જે કિલ્લેબંધી ઊભી કરી છે એ નિરાશાભર્યા વિચાર-વર્તનની કિલ્લેબંધીને ભેદીને એમાંથી બહાર આવ્યા વિના છૂટકો જ નથી. આવા લોકો પછી એકધારા જીવનના, અને નિરાશાના ખ્યાલમાંથી પુરુષાર્થ અને સંકલ્પના બળે અવશ્ય બહાર આવે છે.

અલબત્ત, આ કામ સહેલું નથી. કેવળ એકવાર પોતાના જીવનમાં પરિવર્તન લાવવાનો વિચાર કરીને પછી જૂની લઢણમાં સરી પડવાથી કંઈ વળતું નથી. વર્ષો સુધી તમે જીવનનો એક યાંત્રિક ઢાંચો બનાવ્યો હોય અને તેણે આપણી ચેતનાને એટલી સુષુપ્ત બનાવી દીધી હોય કે એને ઓગાળીને એનું વિસર્જન કરવાનું અને ચેતનાને ફરી નવપલ્લવિત કરવાનું મુશ્કેલ છે એ શંકા વગરની વાત છે. એટલે વિચાર તો ઘણા કરે છે પણ એમાંથી સફળતા બહુ ઓછાને મળે છે

પોતાના જીવનને નવો વળાંક આપવામાં બહુ ઓછા લોકોને સફળતા મળે છે એનો અર્થ એવો નથી કે કોઈ વિશિષ્ટ પ્રકારના માણસો જ આવું કરી શકે છે અને બીજા લોકોને માટે આવી સિદ્ધિ મેળવવાનું અશકય છે જીવનમાં આવી સિદ્ધિ મેળવવાનું અત્યંત મુશ્કેલ હોઈ શકે છે, અશકય કંઈ નથી.

ઘણા લોકો આવું પરિવર્તન લાવવાના વિચારો કરે છે. થોડીક ક્ષણો એમને એમ લાગે છે કે પોતાનું વર્તન પણ આ વિચારોને અનુરૂપ હોવું જોઈએ પણ પછી થોડીવારમાં તેઓ હતા તેવા થઈ જાય છે. કેવળ વિચારથી કંઈ થઈ શકતું નથી. એ વિચારને સાકાર કરવા માટે આપણામાં સંકલ્પ હોવો જોઈએ. જેઓ આવી સાધના કરી શકે છે એમને એમનું જીવન ચેતનવંતું કરવાની, રાખવાની, જીવનમાં સતત ઉત્સાહ રહે એ રીતે કામ કરવાની, નવાં નવાં કામો હાથ ધરવાની ગુરુચાવી મળે છે.

જે માણસ પોતાના જીવનને ફરી ધબકતું કરવા માટે અને પડી ગયેલી ઘરેડમાંથી બહાર નીકળવા માટે સાધના કરવા તત્પર થાય છે એ માણસ પછી પોતાના વિચારોને આચરણમાં મૂકી શકે છે. માણસને અમુક કંઈક કરવાનો વિચાર આવે એ તો બુદ્ધિ અને તર્કની વાત થઈ, પણ એ વિચાર આપણા સમગ્ર ચિત્તતંત્રમાં વ્યાપી જાય અને આપણે એમય બની જઈએ ત્યારે પછી એમાંથી જે શકિત નિર્માણ થાય છે એના દ્વારા આપણે ધારી સિદ્ધિ મેળવી શકીએ છીએ.

એટલે આપણે આપણા નિરાશાવાદી માનસમાં પરિવર્તન લાવવા માગતા હોઈએ તો સૌપ્રથમ તો આપણે એમાંથી બહાર આવવા પ્રયત્ન કરવો જોઈએ. આપણે જે કંઈ કરવા માગતા હોઈએ એનો સ્પષ્ટ ખ્યાલ આપણામાં હોવો જોઈએ. એને પાર પાડવા માટે જે કંઈ કરવું પડે એ કરવાની લગન આપણામાં જાગવી જોઈએ. જે માણસમાં આ જાતની તાલાવેલી અને લગન ઉદ્ભવે એ માણસ પછી પોતાની અંદર વર્ષો સુધી ઘર કરી બેઠેલા અમુક રીતના સંસ્કાર, અમુક પ્રકારનાં વલણ અને પ્રમાદ તેમ જ નિષ્ક્રિયતાને ભેદી શકે છે અને નિર્ધારિત નવા માર્ગે પ્રયાણ કરી શકે છે. અલબત્ત, આ કામ સહેલું નથી એટલું સ્વીકારવું જોઈએ.

કેટલાક લોકો જીવનના પ્રારંભમાં ઘણું સિદ્ધ કરવાનાં સ્વપ્નો સેવતા હોય છે. ત્યારે એમને એમ પણ લાગતું હોય છે કે પોતાની પાસે આ સ્વપ્નોને સાકાર કરવા જેટલી આંતરિક તાકાત છે. પણ જીવનના પ્રારંભમાં થોડાક અવરોધો, થોડોક વિરોધ થાય કે તરત જ એમનો વિશ્વાસ ડગવા લાગે છે. એ સાથે એમના વિચારોમાં પણ પરિવર્તન આવે છે અને તેઓ ચાલુ પ્રવાહમાં જ સામેલ થવામાં માને છે. એ પછી જ્યારે ભૂતકાળનાં સ્વપ્નાં કોઈવાર યાદ આવે તો આપણા કરમમાં જ આવું એકધારું નિરસ અને કેટલેક અંશે નિષ્ફળ કહેવાય એવું જીવન લખાયેલું હોય એમાં આપણે શું કરી શકીએ? એમ કહીને મન મનાવવામાં આવે છે.

આ પ્રકારના તોડી પાડતા વિચારો પછી માણસના મનમાં દઢ આસન જમાવે છે. મુશ્કેલીઓ અને વિરોધ સામે એણે નમતું જોખી દીધું હોય છે અને એને એનાં તત્કાલીન સંજોગો એની આંતરિક શકિત કરતાં વધારે બળવાન લાગે છે. આ બધાના ખુલાસારૂપે તેમ જ પોતાનું મન મનાવવા માટે એ 'ભાગ્ય'નું બહાનું આપે છે અને પોતાના જીવનને 'સામાન્ય' બનાવી દે છે.

હવે આ રીતે દઢ થઈ ગયેલા માનસમાંથી બહાર નીકળવા માટે ઘણી શકિત જોઈએ; અને જે માણસ ફરી પોતાનામાં આવી ચેતના અને શકિત લાવી શકે છે એ પોતાના જીવનને લાગેલાં જાળાંને સાફ કરી શકે છે, જીવનને નવો ઓપ અને નવી દિશા આપી શકે છે.

જીવનમાં પરિવર્તન લાવવું એ ઘણું મુશ્કેલ કામ હોવા છતાંયે જે માણસ જીવનમાં કંઈક પ્રાપ્ત કરવા માગે છે, જીવનને અર્થપ્રદ બનાવવાના વિચારો જેને વખતોવખત સતાવ્યા કરતા હોય છે, એવા માણસ માટે આ એક કરવા જેવું સૌથી મહત્ત્વનું કામ છે. માણસ જો ખરેખર ધારે અને એ પ્રમાણે પોતાનું વર્તન કરવા માટે સંકલ્પ કરે તો પછી એ વર્ષોની જામેલી નિરર્થક જીવનરીતિમાંથી બહાર આવી શકે છે. બળવાન, શકિતશાળી વિચાર, સંકલ્પ અને પુરુષાર્થ માણસને જીવનને ચેતનસભર બનાવવા માટે આવશ્યક આત્મવિશ્વાસ આપી જ રહે છે. આવા આત્મવિશ્વાસવાળા શકિતશાળી માણસને પછી કોઈ મુશ્કેલી કે અવરોધો ડરાવી શકતા નથી

—શિવમ્

## ઋતંભરા વિદ્યાપીઠનો અભ્યાસક્રમ

ઋતંભરા વિદ્યાપીઠનો ૮મો અભ્યાસક્રમ વર્ગ ૫ જુલાઈ '૭૩થી પૂર્ણિમાબહેન પકવાસાના નિવાસસ્થાને ૨૯, ડુંગરસી રોડ, મલબારહીલ, મુંબઈ-૬ ખાતે શરૂ થનાર છે. આ આધ્યાત્મિક વર્ગમાં ખાસ કરીને હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મના આધારે ચર્ચા થશે. જે બહેનોને રસ હોય તેમને આ વર્ગમાં જોડાવા આમંત્રણ આપવામાં આવે છે. એમણે વધુ માહિતી માટે ઉપરના સરનામે સંપર્ક સાધવો એમ જણાવવામાં આવે છે.

# હરે રામ! હરે કૃષ્ણ!

[ ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ 'હરે રામ! હરે કૃષ્ણ!' એ વિષય પર આપેલા વ્યાખ્યાનનો સાર ]

હું જાણું જ છું અહીં પ્રવચન કરવાનું મારું કંઈ સ્થાન નથી. હું કોઈ સ્વામી, યોગી કે એવું કશુંય નથી. હું ભાષણ નક્કી કરીને જ આવ્યો હતો અને એનો સાર પણ કહી દીધો છે.

હું અહીં ફક્ત ઋણ અદા કરવા આવ્યો છું. મને એથી અહીં આવવા માટે દ્વિધા હતી નહીં, પણ મૂંઝવણ હતી.

જૈન ફિરકાઓમાં 'હરે રામ! હરે કૃષ્ણ!' પર શું બોલાય એ પ્રશ્ન હતો જ. પરંતુ પ્રારંભમાં ભજનો સાંભળ્યાં એથી મનમાં હામ આવી કે વાંધો નહીં આવે.

મારા મનમાં, અંતરાત્મા સાથે સંવાદો કર્યે રાખતો હતો. જો કે બધાને અંતરાત્મા હોતો નથી. રામ અને કૃષ્ણ એટલે શું? કોઈક સાધુ કહે છે: "મનમાં રમે તે," "આકર્ષે તે જ." એમણે આવા અર્થ કહ્યા છે.

રામ અને કૃષ્ણ એમના કયા ચોકામાં હોવાના? અહીં પેલા વીંછી – દેડકાની વાત યાદ આવે છે.

જૈન ધર્મનાં પુસ્તકો પણ હું જોઈ ગયો. બૌદ્ધ, જરથુષ્ટ્ર વગેરેનાં ય પુસ્તકો જોઈ ગયો, પરંતુ એમાં પણ મને કશુંય મળ્યું નહીં.

રામ, કૃષ્ણ વગેરે શું છે? એ બધા પ્રચાર છે. એ બધાનો પ્રચાર કરવો પડે ખરો? એનો નષ્ટ થાય. વિચારનો પ્રચાર કરવા જવાય તો નષ્ટ થઈ જવાય.

આકાશવાણી પર દરેક પ્રાન્તનાં ભજનો આવે છે, વાગે છે, પરંતુ તેનાથી એકાત્મતા આવી નહીં. પ્રચાર હોય ત્યાં સુધી વાંધો નથી, પરંતુ પછી દેખાડા શરૂ થયા. આ યોગ્ય નથી.

ઓટાવામાં એક હૉટેલમાં રહ્યો હતો. હૉટેલમાં એક મોટા કવિ રહે. એમણે 'હાઉલ' (અવાજ કરો) એવું કવિતાનું એક પુસ્તક લખ્યું છે. એ કવિનું નામ એલન ગિન્ઝબર્ગ.

હિપ્પી ગુરુ એલન ગિન્ઝબર્ગના કવિતા - વાચનનો એક કાર્યક્રમ યોજાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે ગિન્ઝબર્ગ પોતાની કવિતા વાંચશે તો અમે તેને અટકમાં લઈશું. એની કવિતામાં ધતૂરો, એલ. એસ. ડી., મારુજુઆના પીવો છે એવી વાત આવે છે એથી અમે એને અટકમાં લઈશું.

આ સભામાં ગિન્ઝબર્ગે ગજવામાં મંજીરા મૂકી, ધૂપસળી સળગાવી અને હરે રામ! હરે કૃષ્ણ! ચલાવ્યું. અને સવા કલાક સુધી ચલાવ્યું!

ન્યૂ યૉર્કમાં પણ કવિ ગિન્ઝબર્ગના કાગળને લઈ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ણ કોન્સિયસનેસ ૨૯મા મહોલ્લામાં પહોંચી ગયો. અહીં કૃષ્ણભકિતનો આશ્રમ છે. ત્યાં સ્વામી ભકિત-વેદાંતે સરસ વાત કરી, મને એક લખાણ આપ્યું.

એક મોટો ઠરાવ કરીને એમાં સહી કરી યુનોમાં રજૂ કરવાની ઈચ્છા એણે પ્રદર્શિત કરી. ત્યાં એક જ ધર્મ હોવો જોઈએ અને તે પણ આ કૃષ્ણધર્મ હોવો જોઈએ એવું તેમણે ભારપૂર્વક કહ્યું હતું.

મને બે લાડુનો પ્રસાદ આપ્યો. એના બધાં અડ્ડામાં દાખલ થઈ ગયો હતો. શિવજીને પણ ભાંગ ગમતી હતી. કેફમાં મસ્ત ચકચૂર રહેતા ભકતો જોયા. અપરંપારનાં દર્શન જોયાં. ચકચૂર થઈને ઝાડને પણ વીંટળાતા ભકતો જોવા મળ્યા. 'નિરાકરણ કરવાનું કંઈ કહો' એ ધૂન હતી.

આપણો મુગટો, સાડી ત્યાં ખૂબ દેખાઈ. રુદ્રાક્ષ આપણે ત્યાં પેદા થાય છે. પરંતુ આજે તેનો દસગણો જથ્થો ન્યૂ યૉર્કમાં પડયો છે. ત્યાં કૃત્રિમ રુદ્રાક્ષ બનાવાય છે.

'કૃષ્ણ છાપ બીડી.' જોઈ. કૃષ્ણ નામ સસ્તું થઈ ગયું છે. આ જોઈને ગમ્મત પડે છે. સૌને જ. મને અને જે કંઈ કરે છે એને પણ ગમ્મત પડે છે.

"અભિનવો આનંદ આચરો આજ" બધા સંતપુરુષોને અંતરમાં જે પ્રકાશ લાધ્યો, દર્શન થયું, એમાં સામ્ય છે. જે કંઈ લાધ્યું એ બધું આંતરદર્શન છે.

શ્રદ્ધા બધામાં સર્વસામાન્ય વસ્તુ લાગી છે. ટૂંકમાં એ માટે તન્મયતા, તાદાત્મ્ય જોઈએ.

ગોપીઓ એક વખત વૃન્દાવન જમવા ગઈ હતી. વિદુરજી સાથે હતા. જમનામાં પૂર આવ્યાં. વિદુરજીએ પ્રાર્થના કરી અને જમનાએ માર્ગ કરી આપ્યો. બધાં સામે પાર જઈ શકયાં. ગોપીઓનો કૃષ્ણ પ્રત્યેનો અહંકાર આ પ્રસંગથી ઓગળી ગયો. વિદુરજીની ભકિત દીપી ઊઠી.

અંતરમાંથી અહંકારના કાંટા કાઢવા જોઈએ. એ વધુ મહત્ત્વનું છે. એ સાચો સંદેશ છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

# ભગવાન બુદ્ધનું મહામેઘને આહ્વાન

હું અક્રોધન અને વિગતખિલ છું. મહી નદીને કાંઠે કેવળ એક રાતનો જ નિવાસ છે, મારી ઝૂંપડી ઉઘાડી છે અને અગ્નિ બુઝાઈ ગયો છે. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો ખુશીથી વરસ!

મારો તરાપો બંધાઈને સરસ રીતે તૈયાર થયો છે. હું ઓઘ ઊતરીને પાર ગયો છું. હવે તરાપાનું કંઈ કામ રહ્યું નથી. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો તું ખુશીથી વરસ!

મારું ચિત્ત મારા કબજામાં છે અને વિમુકત છે. તે ચિરકાલ અભ્યાસથી ભાવિત અને સંયમિત છે. મારામાં પાપ નથી. તો હે મેઘરાજા, તારી મરજી હોય તો તું ખુશીથી વરસ!

હું કોઈનો નોકર નથી. હું મારી મૂડી ઉપર રહું છું, નોકરીની મને ગરજ નથી. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો તું ખુશીથી વરસ!

મારી પાસે હળે ન જૂતેલા તરુણ બળદો નથી, દૂધ પીનારાં વાછરડાં નથી, ગાભણી અને પહેલવેતરી ગાયો નથી, અને ગાયોનો આગેવાન બળદ નથી. તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો તું ખુશીથી વરસ!

આખલાની જેમ મેં બંધનો તોડયાં છે. હાથી જેમ ગળોને તોડી નાખે તેમ મેં તેમનો ઉચ્છેદ કર્યો છે. હવે હું ફરી ગર્ભવાસમાં આવવાનો નથી, તો હે મેઘરાજા, તારી ઈચ્છા હોય તો તું ખુશીથી વરસ.

એટલામાં તો મહામેઘે જળસ્થળ ભરી દીધું.

['સુત્તનિપાત'માંથી] સંક. મહેશ દર્શનીય

# સાભાર સ્વીકાર

**અનંત કી અનુગુંજ:** (હિન્દી) રચયિતા: પ્રતાપકુમાર જ. ટોળિયા, 'નિશાન્ત'; પ્રકાશક: દક્ષિણાપથ સાહિત્ય સભા, વર્ધમાન ભારતી 'અનંત,' ૧૨ કેબ્રિજ રોડ, અલસૂર, બેંગલોર.

પ્રતાપકુમાર ટોળિયા, 'નિશાન્ત' ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. એમણે જૈન, બૌદ્ધ આદિ દર્શનોનું અધ્યયન કર્યું છે. આ સાથે એમણે નાટકો, જીવનચરિત્રો, પ્રવાસવર્ણનો વગેરે પણ લખ્યાં છે. 'અનંત કી અનુગુંજ'માં પણ એમનાં ચિન્તન, જીવન-દર્શન અને એમની અનુભૂતિઓના પરિપાકરૂપ રચનાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

10



# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧મી ડીસેમ્બર ૧૯૭૨ સુધીનું સરવૈયું

| ફંડો અને દેવું | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| રીઝર્વ ફંડ:– | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૬,૭૦૪-૮૯ | |
| ઉમેરો : વર્ષ દરમિયાન લાઈફ મેમ્બરશીપ ફીના | ૩૧,૮૭૭-૦૦ | |
| | | ૫૮,૫૮૧-૮૯ |
| **શ્રી સંઘ હસ્તકના ફંડો:–** | | |
| શ્રી મકાન ફંડ:– | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૪,૦૧૯-૧૯ | |
| બાદ:: નવી ઓફિસમાં રીનોવેશન ખર્ચના આપ્યા | કંઈ નહીં | |
| | | ૨૪,૦૧૯-૧૯ |
| **પુસ્તક પ્રકાશન ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૧૯૭-૫૦ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન પુસ્તક વેચાણનાં | ૩૩-૦૦ | |
| | | ૨,૨૩૦-૫૦ |
| **શ્રી માવજત ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧૭-૩૭ | |
| ઉમેરો: માવજત ઘસારાનાં | ૦-૮૫ | |
| | | ૧૮-૨૨ |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૧,૨૬૯-૯૦ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન ભેટનાં | ૬૨-૦૦ | |
| | ૧,૩૩૧-૯૦ | |
| બાદ: વર્ષ દરમિયાન ખર્ચનાં | ૧,૨૩૨-૧૫ | |
| | | ૯૯-૭૫ |
| શ્રી હોમિયોપથી સારવાર રીઝર્વ ફંડ | | ૧,૫૦૦-૦૦ |
| **દેવું:** | | |
| સ્ટાફ પ્રોવીડન્ટ ફંડના | ૬,૨૮૧-૧૮ | |
| આગાઉથી આવેલા લવાજમનાં | ૭૩૦-૦૦ | |
| પરચુરણ દેવું | ૧,૬૬૦-૭૫ | |
| રસધારા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. ને આપવાના | ૯,૨૧૬-૦૦ | |
| | | ૧૭,૮૮૭ ૯૩ |
| **શ્રી જનરલ ફંડ:** | | |
| **આવક ખર્ચ ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૧૭૧૩-૪૭ | |
| ઉમેરો: આવક ખર્ચ ખાતેથી | ૨,૯૭૫-૧૬ | |
| | ૨૪,૬૮૮-૬૩ | |
| બાદ: પ્રબુદ્ધ જીવનનાં આવક-ખર્ચ ખાતેથી ઘટના લાવ્યા | ૬,૭૮૯-૯૧ | |
| | | ૧૭,૮૯૮-૭૨ |
| | | ૧,૨૨,૨૩૬-૨૦ |

| મિલ્કત અને લેણું :- | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| બ્લોક: (કરાર મુજબ) રસધારા કો. ઓપ. હા. સો. લિ. | | ૧૩,૬૮૦-૦૦ |
| ગયા સરવૈયા મુજબ બાકી | | |
| **ઈન્વેસ્ટમેન્ટસ:** (ચોપડા પ્રમાણે) | | |
| ૭ ટકાના ઈન્ડિયન હ્યુમ પાઈપ કું. લિ. નાં ડીબેન્ચરો રૂા ૫૦૦૦ નાં. | ૫,૨૩૬-૩૯ | |
| રસધારા કો. ઓ. સો. લિ. નાં શેર પાંચ, દરેક રૂા. ૫૦ નો. | ૨૫૦-૦૦ | |
| | | ૫,૪૮૬-૩૯ |
| **ફરનીચર અને ફીકચર** (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૮૪૫-૨૪ | |
| બાદ: કુલ ઘસારાનાં લખીવાળ્યાં | ૬૧૫-૨૪ | |
| | | ૨૩૦-૦૦ |
| **ડીપોઝીટ** | | |
| પોસ્ટ ઓફિસમાં | ૭૫-૦૦ | |
| બી. ઈ. એસ. ટી. પાસે | ૧૩૦-૦૦ | |
| ટેલીફોન ડીપોઝીટ | ૩૬૦-૦૦ | |
| | | ૫૬૫-૦૦ |
| **લેણુ :** (સધ્ધર) | | |
| શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય પાસે | ૧૧,૭૯૯-૦૦ | |
| બોમ્બે ટેલિફોન ખાતે | ૨૦-૦૦ | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે લેણાં | ૧૯૪-૨૫ | |
| સભ્ય લવાજમ અંગે | ૧,૬૩૦-૦૦ | |
| સ્ટાફ પાસે | ૧,૭૬૪-૮૫ | |
| સ્ટેટ પીપલ પ્રા. લિ. પાસે | ૯૮-૨૨ | |
| મુકુંદભાઈ પી. ગાંધી | ૧૦-૦૦ | |
| શ્રી ભગુભાઈ પોપટલાલ | ૧,૦૦૦-૦૦ | |
| શ્રી ઉપલક ખાતું | ૧૬-૦૦ | |
| | | ૧૬,૫૩૨-૩૨ |
| પ્રબુદ્ધ જીવન પેપર સ્ટોક | | ૧૨૦-૦૦ |
| **રોકડ તથા બેંક બાકી:** | | |
| બેંક ઓફ ઈન્ડિયાનાં ચાલુ ખાતે | ૫,૦૧૧-૬૬ | |
| બેંક ઓફ ઈન્ડિયા ફીકસ ડીપોઝીટ ખાતે | ૮૦,૬૦૯-૪૫ | |
| રોકડ પુરાંત (ચોપડા પ્રમાણે) | ૧-૩૮ | |
| | | ૮૫,૬૨૨-૪૯ |
| | | ૧,૨૨,૨૩૬-૨૦ |

અમોએ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૧૨-૭૨ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડયું છે.

**શાહ મહેતા એન્ડ કું.**

મુંબઈ, ૬-૪-૧૯૭૩ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

**તા. ૩૧–૧૨–૭૨ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ**

| | | | | |
|---|---|---|---|---|
| **આવક** | | | **ખર્ચ** | |
| **ભેટનાં** | | ૧૮,૨૯૧-૯૬ | માણસોને પગાર તથા બોનસ | ૩,૬૫૭-૮૭ |
| **લવાજમનાં** | ૫,૬૫૦-૦૦ | | મકાન-રીપેરીંગ તથા વિજળી ખર્ચ | ૮૮૬-૨૮ |
| **બાદ:** | | | પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી | ૩૭૩-૦૫ |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | | | ટેલીફોન ખર્ચ | ૭૪૫-૨૫ |
| સભ્યોને પ્ર. જીવનની કોપી મફત | | | પોસ્ટેજ ખર્ચ | ૧,૦૪૦-૨૫ |
| મોકલવામાં આવે છે તેના એડજસ્ટ | | | ઓડીટર્સને ઓનરેરીયમ | ૧૫૧-૦૦ |
| કર્યા. | ૩,૯૫૫-૦૦ | | સ્ટાફ પ્રોવીડન્ડ ફંડના ફાળાના | ૪૮૨-૪૫ |
| | | ૧,૬૯૫-૦૦ | પ્રો. ફંડ પર વ્યાજના | ૧૫૦-૫૬ |
| **વ્યાજનાં** | | | પરચુરણ ખર્ચ | ૧૫૦-૫૬ |
| ડીબેન્ચરોનાં | ૩૫૦-૦૦ | | સમારંભ તથા સભાસંમેલન ખર્ચ | ૩,૨૬૭-૪૦ |
| બેંકનાં ખાતાઓનાં | ૩,૪૩૬-૭૮ | | ફરનીચર ઉપર ઘસારાના | ૨૬-૦૦ |
| | | ૩,૭૮૬-૭૮ | બ્લોક મેઈન્ટેનન્સ અને રીપેરીંગ ખર્ચ | ૧,૮૭૨-૦૦ |
| શ્રી પરમાનંદ કાપડિયા | | | (રસધાર કો. ઓ. હા. સો. લિ.) | |
| સભાગૃહના ભાડાના | | ૪૮૬-૦૦ | બેંક જમિશન | ૦-૮૭ |
| પરચુરણ આવક તથા સરવૈયાના | | | ઈન્કમટેક્ષ રીફંડના લખીવાળ્યા | ૧૪૮-૨૩ |
| ફેરના વિગેરે | | ૦.૩૧ | ઉદ્દેશો અંગે ખર્ચ | |
| | | | વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૮,૪૮૩-૭૦ |
| | | | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો | |
| | | | વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા | ૨,૯૭૫-૧૬ |
| | | ૨૪,૨૬૦-૦૫ | | ૨૪,૨૬૦-૫૦ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

**પ્રબુદ્ધ જીવનનો તા. ૩૧–૧૨–૭૨ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ**

| | | | | |
|---|---|---|---|---|
| **આવક** | | | **ખર્ચ** | |
| લવાજમ | ૪,૪૮૮-૮૦ | | માણસોને પગાર તથા બોનસ | ૫,૩૮૨-૮૮ |
| ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક | | | પેપરખર્ચ | ૩,૬૭૧-૮૪ |
| સંઘના સભ્યોને મફત પ્રત | | | છપામણીખર્ચ | ૭,૫૩૮-૧૮ |
| મોકલવામાં આવે છે તેના | | | પોસ્ટેજખર્ચ | ૮૭૫-૨૧ |
| એડજસ્ટ કર્યા | ૩,૯૫૫-૦૦ | | પરચુરણખર્ચ | ૫૦૪-૬૦ |
| | | ૮,૪૪૩-૮૦ | પુરસ્કાર ખાતું | ૬૬૫-૦૦ |
| ભેટના: | | | | |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી | ૨,૫૦૦-૦૦ | | | |
| પરચુરણ ભેટ | ૯૦૪-૦૦ | | | |
| | | ૩,૪૦૪-૦૦ | | |
| વર્ષ દરમિયાન આવક | | | | |
| કરતા ખર્ચનો વધારો | | ૬,૭૮૯-૯૧ | | |
| | | ૧૮,૬૩૭-૭૧ | | ૧૮,૬૩૭-૭૧ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ. તા. ૬-૪-૧૯૭૩

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ.

## ※ સંઘના આજીવન સભ્યો ※

સંઘના આજીવન સભ્યોનાં ૧૬૭ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે:

૧૬૮ શ્રી. જિતેન્દ્ર કાંતિલાલ શાહ
૧૬૯ ,, જયન્તીલાલ પોપટલાલ શાહ
૧૭૦ ,, કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૭૧ ,, ભગવાનદાસ પોપટલાલ શાહ
૧૭૨ ,, મુકુન્દલાલ વાડીલાલ ગાંધી
૧૭૩ ,, ગિરજાશંકર ઉમિયાશંકર મહેતા
૧૭૪ ,, રમણલાલ સી. શાહ
૧૭૫ ,, મણિલાલ સુંદરજી દોશી

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય—મુંબઈ

## તા. ૩૧-૧૨-૧૯૭૨ ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૪,૫૬૧-૦૦ |
| **શ્રી પુસ્તક ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૫,૫૦૦-૦૦ |
| **શ્રી ફરનીચર ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨,૪૦૦-૦૦ |
| **દેવું:** | | |
| પુસ્તકો અંગે ડીપોઝીટ | ૯,૨૪૬-૦૦ | |
| માસિક અંગે ડીપોઝીટ | ૨૧-૦૦ | |
| | | ૯,૨૬૭-૦૦ |
| **પરચુરણ દેવું:** | | |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘ | ૧૧,૭૯૯-૦૦ | |
| સ્ટાફ પ્રો. ફંડના | ૩,૨૧૩-૮૨ | |
| | | ૧૫,૦૧૨-૮૨ |
| | | ૫૬,૭૪૦-૮૨ |

| મિલ્કત અને લેણું | | |
|---|---|---|
| **ઈન્વેસ્ટમેન્ટસ** (ચોપડા પ્રમાણે) | | |
| ૭%ના રાવળગાંવ સુગર ફાર્મ લિ. ના ડીબેન્ચરો ૧૦૦૦૦ ના | ૧૦,૦૦૦-૦૦ | |
| ૭ ૧/૨ %ના તાતા લોકોમોટીવ એન્જી. કું. લિ ના ડીબેન્ચરો રૂ. ૬,૦૦૦ | ૬,૧૬૩-૫૦ | |
| | | ૧૬,૧૬૩-૫૦ |
| **ફરનીચર** (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩,૩૧૦-૯૩ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન મળેલ ભેટ | ૧૫૦-૦૦ | |
| | ૩,૪૬૦-૯૩ | |
| બાદ: કુલ ઘસારાનો લખી વાળ્યા | ૨,૧૨૩-૯૩ | |
| | | ૧,૩૩૭-૦૦ |
| **પુસ્તકો:** (ખરીદ કિંમતે) | | |
| ગયા સવૈયા મુજબ બાકી | ૨૦,૦૮૬-૮૨ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના | ૨,૧૨૪-૪૦ | |
| | ૨૨,૨૧૧-૨૨ | |
| બાદ: કુલ ઘસારાના લખીવાળ્યા | ૧,૫૮૮૦-૫૨ | |
| | | ૬૩૩૦-૭૦ |
| **લેણું:** | | |
| ઈન્કમટેક્ષ રીફંડના | ૧૬૨-૦૦ | |
| ડીબેન્ચરના વ્યાજના બાકી | ૪૫૦-૦૦ | |
| | | ૬૧૨-૦૦ |
| **રોકડા તથા બેંકબાકી** | | |
| બેંક ઓફ ઈન્ડિયા સેન્ડહર્સ્ટ રોડના (ચાલુ ખાતું) | ૧,૫૧૧-૧૮ | |
| રોકડ પુરાંત | ૧-૭૬ | |
| | | ૧,૫૧૨-૯૪ |
| **શ્રી આવક ખર્ચ ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૩,૩૨૧-૩૮ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | ૭,૪૬૩-૩૦ | |
| | | ૩૦,૭૮૪-૬૮ |
| | | ૫૬,૭૪૦-૮૨ |

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૧૨-૭૨ ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડયું છે.

શાહ મહેતા એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

તારીખ: ૬-૪-૧૯૭૩

# શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય—મુંબઈ

## તા. ૩૧-૧૨-૭૨ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | | |
|---|---|---|
| ડીબેન્ચરોના વ્યાજના | ૧,૧૫૦-૦૦ | |
| બેંકના વ્યાજના | ૩૪-૧૯ | |
| | | ૧,૧૮૪-૧૯ |
| **ભેટના:** | | ૨,૨૩૪-૦૦ |
| **પુસ્તક લવાજમના:** | | ૧,૨૮૫-૦૦ |
| **મ્યુનિસિપલ ગ્રાંટ:** | | ૨,૫૦૦-૦૦ |
| **પરચુરણ આવક:** | | |
| પસ્તી વેચાણના | ૮૫-૨૦ | |
| પાસબુક વેચાણના | ૭૫-૮૦ | |
| દંડના | ૬૮-૫૦ | |
| | | ૨૨૯-૫૦ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૭,૪૬૩-૩૦ |
| | | ૧૪,૮૯૫-૯૯ |

| ખર્ચ: | | |
|---|---|---|
| **ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ** | | |
| **કેળવણી અંગે** | ૩૩૩-૩૬ | |
| પગાર તથા બોનસના | ૯,૭૮૧-૦૦ | |
| પેપર્સ લવાજમના | ૧,૦૯૪-૫૧ | |
| પુસ્તક રીપેર્સ તથા બાઈન્ડીંગ ખર્ચ | ૧૦૬-૦૦ | |
| પ્રો. ફંડના ફાળાના | ૩૪૫-૬૦ | |
| પ્રો. ફંડના વ્યાજના | ૧૦૭-૬૮ | |
| | | ૧૧,૬૮૭-૧૫ |
| **વ્યવસ્થા ખર્ચ:** | | |
| નવી ફાઈલો, સ્ટેશનરી છપામણી વિ. | | ૯૪૦-૪૪ |
| ઓડીટોરોને ઓનરેરીયમના | | ૧૫૧-૦૦ |
| ઈન્કમટેક્ષ રીફંડના માંડીવાળ્યા | | ૩૮૫-૭૦ |
| **ઘસારાના** | | |
| ફરનીચરના | ૧૪૯-૦૦ | |
| પુસ્તકોના ૨૦% લેખે | ૧,૫૮૨-૭૦ | |
| | | ૧,૭૩૧-૭૦ |
| | | ૧૪,૮૯૫-૯૯ |

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

મુંબઈ: તા. ૬-૪-૧૯૭૩

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.. પી. રોડ, મુંબઈ—૪. ટે નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ—૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૫

મુંબઇ, જુલાઇ ૧, ૧૯૭૩ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ નિરામિષ આહાર ☆

શ્રી રાંકાજીએ આગ્રહપૂર્વક આ વિષયે કાંઈક લખવા મને કહ્યું છે એટલે લખું છું. હું શું લખું? માંસાહારની કલ્પના પણ મારા માટે શકય નથી. માંસાહારના વિચારે મારું રૂંવાડે રૂંવાડું ખડું થઈ જાય છે. કોઈ સંજોગોમાં આહાર ન મળે તો હું મરી જવાનું પસંદ કરું પણ માંસાહારનો કોઈ દિવસ વિચાર ન કરું. એમ માનું છું. એમ કહો કે હું એવા સંસ્કારમાં ઊછર્યો છું કે મારી આવી માન્યતાઓ મારા અણુએ અણુમાં વ્યાપી ગયેલી છે, પણ આ માન્યતાઓ કોઈ પૂર્વગ્રહ નથી. વર્ષોના અનુભવે અને ચિન્તનથી દઢ થઈ છે. હું જાણું છું કે દુનિયામાં મોટા ભાગના લોકો માંસાહારી છે, ભારતમાં પણ સારા પ્રમાણમાં માંસાહાર છે, કદાચ વધતો જાય છે. હું જાણું છું કે માંસાહારી હોય એવા ઘણા લોકો સજ્જન, બીજી રીતે દયાળુ, પરોપકારી હોય છે. તેમાંના કેટલાક ખરેખર મહાપુરુષ હતા અને છે. છતાં, હું કોઈ પણ દષ્ટિએ માંસાહારનો બચાવ જોઈ શકતો નથી. માંસાહારીને હું પાપી નહિ કહું, પણ માંસાહાર હું સહન નથી કરી શકતો. તે છોડાવવા મારાથી બનતા બધા પ્રયત્નો કરું. જેઓ માંસાહારી કુટુંબમાં જન્મ્યા છે અને ઊછર્યા છે તેમને માટે માંસાહાર સ્વાભાવિક આદત બને છે. પણ જેઓ નિરામિષાહારી કુટુંબમાં જન્મ્યા છે અને ઊછર્યા છે તેઓ માંસાહાર તરફ વળે ત્યારે મને ખેદ થાય છે એટલું જ નહિ પણ ઘૃણા થાય છે. દારૂની પેઠે આ વિષયે મારું અતિ તીવ્ર સંવેદન છે. વિદેશોમાં ગયો ત્યારે અને અહીં પણ કેટલીક વખત માંસાહારી સાથે એક ટેબલ ઉપર બેસી જમવું પડયું છે, તે સહન કર્યું છે. બીજો કોઈ ઉપાય ન હતો. હું એ પણ જાણું છું કે એવાં કુટુંબો છે જેમાં સ્ત્રી નિરામિષહારી હોય અને પુરુષ માંસાહારી હોય. સ્ત્રી માંસાહાર બનાવી પણ આપે છે, કદાચ અંતે માંસાહારી થાય છે. મારું ચાલે તો હું સ્ત્રીને ભારપૂર્વક એટલું કહું કે તેણે પુરુષને નિરામિષાહારી બનાવવા સઘળા પ્રયત્ન કરવા અને નમતું ન મૂકવું. આપણા દેશમાં હિંદુઓમાં જ્યાં માંસાહાર છે ત્યાં પણ પવિત્ર દિવસોએ, સ્ત્રી વિધવા થાય તો એને માટે એવા પ્રસંગોએ માંસાહાર તજવો ઈષ્ટ ગણાય છે. મતલબ કે માંસાહારને ઉત્તેજન નથી પણ તેના ત્યાગમાં પુણ્ય કે ધર્મ છે એવી માન્યતા છે.

નિરામિષઆહારનો પ્રચાર વિદેશોમાં સારા પ્રમાણમાં થાય છે. તે વિશે વિપુલ સાહિત્ય બહાર પડયું છે, જેને તટસ્થભાવે વિચારવું હોય તેને માટે પુષ્કળ સામગ્રી છે. બધી દષ્ટિએ આ પ્રશ્નનો ગહન વિચાર થયો છે અને બતાવ્યું છે કે માંસાહાર સર્વથા બિનજરૂરી છે, અનિષ્ટ છે, અને નિરામિષઆહાર સર્વ રીતે લાભદાયક છે, પણ માણસને વ્યસનની આદત એટલી બૂરી છે કે તે છોડી શકતો નથી, એટલું જ નહિ પણ તેનો સબળ બચાવ કરે છે. દારૂ પીવામાં વિનાશ છે, બીડી-સિગારેટમાં કેટલાક રોગોનો ભય છે તે વૈજ્ઞાનિક રીતે હવે પુરવાર થયું છે, છતાં માણસ દારૂ પીવાનું કે સિગારેટનું વ્યસન છોડતો નથી. આ વિશે જેણે વધારે જાણવું જોઈએ–ડૉકટરો–તે પણ આ વ્યસનના ભોગ બન્યા પછી તેને છોડી શકતા નથી. આવા ડૉકટરો દરદીનું શું ભલું કરે? ખાવાપીવાની માણસની આદતો, તેના માનસિક, બૌદ્ધિક અને ચારિત્ર્યઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કોઈ માણસ એમ કહે કે તેનાં વ્યસનોની તેનાં મન, બુદ્ધિ અને ચારિત્ર્ય ઉપર કોઈ વિપરીત અસર થતી નથી તે માણસ પોતાની જાતને છેતરે છે.

શારીરિક શકિત અથવા આરોગ્ય માટે માંસાહાર જરૂરી છે તે દલીલ ટકી શકે તેમ નથી. બલ્કે માંસાહારથી ભયંકર રોગો થાય છે તે પુરવાર થયું છે. પૌષ્ટિક ખોરાક નિરામિષ આહારમાં પૂરતા પ્રમાણમાં મળી રહે છે તે સિદ્ધ થયું છે. બધા લોકો નિરામિષ આહાર કરે એટલું અન્ન દુનિયામાં નથી અને બધા લોકો માંસાહાર છોડી દે તો લોકો ભૂખે મરશે એ દલીલ પણ પાયા વિનાની છે. માણસ ધારે તો દુનિયાની ત્રણ અબજ વસતિને પૂરતા પ્રમાણમાં અનાજ પૂરું પાડી શકે એટલું ઉત્પાદન કરી શકે છે, તેનાં સાધનો છે, ખાસ કરીને વૈજ્ઞાનિક શોધખોળ અને યાંત્રિક ખેતીના અનુભવે આ હકીકત પુરવાર થઈ છે.

આર્થિક દષ્ટિએ નિરામિષઆહાર કરતાં માંસાહાર મોંઘો છે. માંસાહારી છે એવા લોકો પણ ખર્ચને કારણે કેટલાય દિવસ માંસાહાર કરી શકતા નથી.

નૈતિક અને આધ્યાત્મિક દષ્ટિએ માંસાહાર સર્વથા ત્યાજ્ય છે. પોતાના માટે બીજા પ્રાણીનો જીવ લેવાનો માણસને કોઇ અધિકાર નથી. માણસનો આધ્યાત્મિક વિકાસ, હિંસામાંથી અહિંસા તરફ જવામાં રહ્યો છે. જેટલે દરજ્જે હિંસા છોડે તેટલે દરજ્જે માણસની માનવતા વધે છે. માંસાહારના કારણે માણસ ક્રૂરતાથી ટેવાઈ જાય છે. તેના હૃદયમાં કરુણાનું ઝરણુ મંદ પડી ક્રૂરતા પેસે છે. વિશ્વ શાકાહાર પરિષદના પ્રમુખપદેથી ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહ્યું છે કે યુદ્ધનું મૂળ માંસાહારમાં છે. પ્રાણી પ્રત્યેની દયા જે માણસ ગુમાવી દે, તે માણસ પ્રત્યે પણ દયાહીન થાય. ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું છે કે સંસ્કૃતિના પતનનું મૂળ કારણ એ છે કે જીવ પ્રત્યેનો આદર– Reverence for life- માનવી ગુમાવી બેઠો છે. માંસાહાર કરવો, તેને ઉત્તેજન આપવું અને સાથે પ્રેમ, કરુણા અને મૈત્રીની વાત કરવી તે પરસ્પર વિરોધી છે.

દુર્યોધન પેઠે દરેક માણસનું એવું છે કે ધર્મ શું છે તે પોતે જાણે છે, અધર્મ શું છે તે જાણે છે છતાં, ધર્મમાં પ્રવૃત્તિ નથી કરતો, અધર્મથી નિવૃત્ત નથી થતો. દુર્યોધને કહ્યું, કોઇ ભૂત મારા મનમાં બેઠું છે તે દોરી જાય ત્યાં જાઉં છું. મોટા ભાગના લોકોનું પણ આવું જ છે. આપણું જીવન પ્રમાદી, વિચારહીન- Thoughtless–પ્રવાહપતિત વહ્યો જાય છે.

માણસને માંસાહારથી છોડાવવાનો એક ઉપાય મને સૂઝે છે. આઠ દિવસ તેને દેવનારના (મુંબઈ) અથવા કોઇ કતલખાનામાં રાખી મૂકવો. તેનામાં જરા પણ માણસાઇ હશે તો, મને શ્રદ્ધા છે કે માંસાહાર પ્રત્યે તેને ઘૃણા થશે. મોટા ભાગના માંસાહારી લોકોએ પ્રાણીવધ જોયો નથી, લોહીની નદીઓ વહેતી જોઇ નથી, કેટલું ઘૃણાત્મક છે તે અનુભવ્યું નથી. તેની અનહદ ગંદકી, મળમૂત્ર, લોહીનો થતો ખીચડો, હાડમાંસના લોચા, આ બધું નજરે નિહાળે તો તેની આંખ ઉઘડે. સ્વાદિષ્ટ વાનગીઓ અદશ્ય રીતે ટેબલ ઉપર આવે છે. એટલે તેની પાછળ કેટલી ભયંકર પ્રક્રિયાઓ પડી છે તેનું માણસને ભાન નથી. એક વખત અનુભવે તે જરૂરનું છે. માંસાહાર છોડાવવાનો આ ઉપાય જરૂર અજમાવવા જેવો છે.

['જૈન જગત'ના આહાર વિશેષાંકમાંથી સાભાર]

ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## નિક્સન બ્રેઝનેવ મંત્રણાઓ

નિક્સનના બીજા ઘણા દોષો અને ગુનાઓ છે પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, તેની વાસ્તવવાદી વિદેશનીતિથી જે મોટું પરિવર્તન થયું છે અને પરિણામે ઠંડા યુદ્ધનો અંત આવ્યો છે અને વિશ્વ-સંઘર્ષનો ભય ટળ્યો છે તેને માટે નિક્સન અભિનંદનને પાત્ર છે.

બીજા વિશ્વયુદ્ધ પછી, અમેરિકા, સકારણ એમ માનતું થયું હતું કે દુનિયામાં અમેરિકા એક જ મહાન સત્તા છે અને એક જ રહેવાની છે. દુનિયાની આગેવાની અને રખેવાળું કરવાની જવાબદારી માથે લીધી. આથી અભિમાન આવે તે સ્વાભાવિક હતું. યુરોપના દેશો, રશિયા, ચીન, જાપાન ભાંગીને ભૂક્કો થયા હતા. અમેરિકા પાસે જ અણુશસ્રો હતાં. ૨૫ વર્ષમાં પરિસ્થિતિ પલટાઈ ગઈ. ભાંગેલા દેશો સમૃદ્ધ થયા. અમેરિકાની આગેવાની ખૂંચવા લાગી. અમેરિકાએ સામ્યવાદને અને તેના બે દેશો ચીન અને રશિયાને એક નંબરના દુશ્મન ગણ્યા હતા.

આ બન્ને દેશોને નમાવવાના તેના પ્રયત્નો નિષ્ફળ ગયા. યુરોપના દેશો અને જાપાન જેને ઊંચે લાવવા અબજો ડૉલર અમેરિકાએ રેડયા તેમને પણ અમેરિકાની છત્રછાયા અળખામણી થઈ પડી. વિયેટનામ અને કોરિયામાં અમેરિકાને પીછેહઠ કરવી પડી. ડૉલરનું અવમૂલ્યાંકન કરવું પડ્યું. વ્યાપાર ઘટતો ગયો અને Balance of Payment કથળતું ગયું.

નિક્સને હિંમતપૂર્વક વાસ્તવિકતા પારખી, પ્રતિષ્ઠાના ભૂતને કોરે રાખી, હારની નામોશીના કલંકનો આઘાત પ્રજાને ન લાગે એવી કુનેહથી, પાયાના ફેરફાર કર્યા. પ્રથમ ચીન અને પછી રશિયા સાથે મૈત્રીનો હાથ લંબાવ્યો. અલબત્ત, આમ કરવામાં અમેરિકાનો મોટો સ્વાર્થ હતો. તેથી જ અમેરિકન પ્રજાનો અને ઉદ્યોગપતિઓ તેમ જ મધ્યમ વર્ગ અને મજૂરોનો પણ નિક્સનને ટેકો મળ્યો.

ચીન અને રશિયાના નેતાઓએ પણ એવું જ વાસ્તવવાદી વલણ સ્વીકાર્યું. ભૂતકાળને ભૂલી જઈ નવી દિશામાં પ્રયાણ કર્યું.

બ્રેઝનેવની વૉશિંગ્ટનની મુલાકાત આ દિશામાં આગેકૂચ કરે છે. અમેરિકા અને રશિયા વચ્ચે અમુક ક્ષેત્રે તીવ્ર મતભેદો છે. ઇન્ડો–ચાઇના મધ્યપૂર્વ વગેરે પ્રદેશોમાં પરસ્પરવિરોધી હિતો છે. આવા વિવાદના પ્રશ્નો એક બાજુ રાખી, બને તેટલો સહકાર કરવાનો પ્રયત્ન કર્યો છે. વ્યાપારના ક્ષેત્રે પરસ્પરને લાભ થાય એવા મોટા પાવા ઉપર કરારો કર્યા છે. એક રીતે નિક્સને યુરોપના દેશોને લાલબત્તી ધરી છે કે વ્યાપાર માટે અમેરિકા હવે યુરોપના દેશો ઉપર જ આધાર રાખતું નથી પણ ચીન અને રશિયાનું વિશાળ ક્ષેત્ર તેને સાંપડ્યું છે. રશિયાને આર્થિક સહાય મળી તે ઉપરાંત, યુરોપમાં તેનું સ્થાન નિશ્ચિત થયું. એક સમય એવો હતો જ્યારે એમ માનવામાં આવતું કે પૂર્વ યુરોપનો મોટો ભાગ જે રશિયાએ પચાવી પાડયો છે ત્યાં કોઈ દિવસ બળવો કરાવી રશિયાની પકડમાંથી તેને છોડાવશે. રશિયાને હવે એવો ભય રહ્યો નથી. વિલી બ્રાન્ટ અને નિક્સન બન્નેએ મળી આ બાબતમાં રશિયાને હાલ તુરત નિર્ભય બનાવ્યું છે.

અમેરિકા, રશિયા અને ચીનની આ નવી નીતિ દુનિયામાં મોટુ પરિવર્તન લાવશે. અણુયુદ્ધનો ભય ઓછો થયો. મધ્યપૂર્વમાં આરબ–ઈઝરાયલ સંઘર્ષમાં બન્ને દેશો મળી કાંઈક માર્ગ કાઢશે તેવી જ રીતે ઇન્ડોચાઇનામાં બન્ને પક્ષોને દબાવી કોઈક શાંતિ સ્થપશે.

આ બધામાં આપણે ક્યાં? રશિયા સાથે આપણી મૈત્રી છે. અમેરિકા સાથેના સંબંધો સુધારવામાં રશિયા મદદ કરશે કે પછી પોતાનો જ સ્વાર્થ જોશે? અમેરિકા આપણી સાથે સંબંધ સુધારવા ઇચ્છે છે, પણ આપણે નમતા જવું એવી અપેક્ષા રાખે છે. ચીન સાથેના સંબંધો સુધારવામાં અમેરિકા સહાયભૂત થઈ શકે, પણ ચીનના વલણમાં હજી ફેર દેખાતો નથી.

હકીકતમાં આપણી આંતરિક પરિસ્થિતિ સબળ ન થાય ત્યાં સુધી બીજા કોઈ આપણને મદદ કરી શકવાના નથી અને તેના ચિહ્નો હજી દેખાતા નથી. આંતરિક પરિસ્થિતિ, આર્થિક અને બીજી, વણસતી છે. શ્રીમતી ઈન્દિરા ગાંધી માટે ઘણો વિકટ માર્ગ છે, પણ અંતે તો પ્રજાનો પુરુષાર્થ જ કામ લાગે. એવો પુરુષાર્થ હાલ જણાતો નથી.

## બિહારની લાલબત્તી

બિહારમાં જે બન્યું તેથી શાસક કોંગ્રેસ અને તેના વરિષ્ઠ નેતાઓની આંખ નહિ ઊઘડે તો પક્ષને માટે મોટો ભય છે. શાસક કોંગ્રેસને વિરોધ પક્ષો તોડે તેના કરતાં પોતે જ આત્મવિસર્જન કરશે એવું લાગે છે. રાજ્યોની ધારાસભાઓમાં મોટી બહુમતી હોવા છતાં આવું કેમ બને છે? કારણ, પક્ષમાં કોઈ શિસ્ત નથી, ધ્યેયનિષ્ઠા નથી, પ્રામાણિકતા નથી; છે માત્ર તકવાદિતા, સત્તાલોલુપતા, સ્વાર્થ અને લાંચરુશવત. ૧૯૭૧માં શ્રીમતી ઈન્દિરા ગાંધીને અભૂતપૂર્વ સફળતા મળી અને પ્રજા અંજાઈ ગઈ. શાસક કોંગ્રેસના નાવમાં બેસવા બધા દોડયા. સામ્યવાદી આવ્યા, સમાજવાદી આવ્યા, મૂડીવાદી આવ્યા, સ્વતંત્ર પક્ષના આવ્યા, જનસંઘી આવ્યા અને મોટા પ્રમાણમાં જૂની કોંગ્રેસના આવ્યા. આવો સંઘ દ્વારકા જાય નહિ. ગરીબી હઠાવો, અસમાનતા દૂર કરો, સ્થાપિત હિતોનું વિસર્જન કરો; કાર્યક્રમ આકર્ષક થયો, પણ તેનો અમલ કરવાની નિષ્ઠા અને કાર્યક્ષમતા ક્યાં? અલબત્ત, કોઈ વિરોધ પક્ષ પણ શાસક કોંગ્રેસથી સારો નથી. બધા એ જ માટીના માનવી છે. હકીકતમાં ઈન્દિરા ગાંધીએ હિંમતપૂર્વક પક્ષમાં મોટી સાફસૂફી કરવી પડશે. અનિષ્ટ તત્ત્વોને દૂર કરવાં પડશે પક્ષની નીતિમાં શ્રદ્ધા ન હોય એવાને હટાવવા પડશે. ગમે તે ભોગે બહુમતી બતાવવી અને પક્ષની સત્તા જાળવી રાખવી એથી પક્ષ નહિ સબળ થાય, નહિ ટકી શકે.

બિહારમાં પાંડેની નિમણૂક ઈન્દિરા ગાંધીએ પોતે કરેલી. કેન્દ્રના એક કેબિનેટ મંત્રીની આગેવાની નીચે પાંડેને તોડી પાડયા. એ કેબિનેટમંત્રી ઈન્દિરા ગાંધીના વિશ્વાસુ માણસ ગણાય છે. પછી પક્ષ પોતે બીજા કોઈ આગેવાનની ચૂંટણી કરી ન શકયો અને ઈન્દિરા ગાંધી ઉપર છોડયું. કેવી વિચિત્રતા! શું ખાતરી કે બીજા આગેવાનની ઈન્દિરા ગાંધી નિયુક્તિ કરશે તેને પક્ષની વફાદારી મળશે? ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, માયસોર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, બધે આ હાલ છે. આવું ક્યાં સુધી નભે? પરિસ્થિતિ વધારે વણસે તે પહેલાં મક્કમ પગલાં લેવાં જ જોઈએ. થીગડાં માર્યે નહિ ચાલે. ઉત્તર પ્રદેશમાં રાષ્ટ્રપતિશાસન કર્યું પણ ધારાસભા ચાલુ રાખી છે. પક્ષના આ જ સભ્યો હવે વધારે જવાબદારીપૂર્વક વર્તશે એવી ખાતરી છે?

ચૂંટણી પછીના ૧૮ મહિનાના ગાળામાં ઈન્દિરા ગાંધીએ નીમેલ મુખ્ય મંત્રીઓને પોતાનું સ્થાન જાળવી રાખવાની યુક્તિ-પ્રયુક્તિઓમાં જ પોતાના સમયનો મોટો ભાગ આપવો પડતો હોય ત્યાં રાજ્યતંત્ર કેટલું કથળે તે કલ્પવું મુશ્કેલ નથી. અમલદારો પણ બેદરકાર અને ઉપેક્ષા કરતા થાય તેમ જ જવાબદારી ટાળતા થાય તેમાં આશ્ચર્ય નથી.

શાસક પક્ષનો દોર કહેવાતા રેડિકલ્સના હાથમાં ગયો છે. સામ્યવાદી સી. પી. આઈ–નો ટેકો મેળવ્યો, પણ સાપે છછૂંદર ગળ્યા જેવું થયું. સમાજવાદી ફોરમનું વિસર્જન કર્યું, પણ તેમનો ટેકો ગુમાવવો પોસાય તેમ નથી. જૂની કોંગ્રેસના પીઢ આગેવાનો અને કાર્યકર્તાઓને આ નવા માણસો સાથે મેળ નથી. તેમના હાથમાં દોર ગયો અને પોતાને પાછળ રહેવું પડે છે એ આ આગેવાનો અને કાર્યકર્તાઓને ગમતું નથી. આ નવા માણસોની રીતરસમ જુદા પ્રકારની છે. તેને કોઈ મૂલ્યો નથી. જૂની કોંગ્રેસવાળા કેટલાક શાસક કોંગ્રેસમાં આવ્યા તેમાં પસ્તાય છે, પણ જાય ક્યાં? આવું ક્યાં સુધી ચાલે?

## અને હવે ગુજરાતમાં પણ

બિહારની નોંધ લખી તેને બીજે દિવસે જ છાપામાંથી જાણ્યું કે શ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ રાજીનામું આપ્યું છે. બિહાર વિશે લખ્યું છે તેમાંનું ઘણું ગુજરાતને લાગુ પડે છે, પણ ગુજરાતમાં કેટલીક વિશેષતાઓ છે. શ્રી ઘનશ્યામભાઈ સામે વિરોધીઓનો આક્ષેપ છે કે તેમણે પક્ષની નીતિનો બરાબર અમલ નથી કર્યો, ખાસ કરી, ખેતજમીનની ટોચમર્યાદા તેમ જ ઘઉંનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક લેવા બાબત. વિશેષમાં એમ કહેવાય છે કે જૂની કોંગ્રેસ પ્રત્યેનું તેમનું વલણ સહાનુભૂતિનું રહ્યું છે. આ સાચાં કારણો નથી. સાચું કારણ એ છે કે શ્રી ઘનશ્યામભાઈ ધારાસભા પક્ષના ચૂંટાયેલ નેતા નથી પણ ઈન્દિરા ગાંધીના નિમાયેલ છે. ધારાસભાની ચૂંટણી પછી મોટી બહુમતી મળી તો પણ પક્ષના સભ્યો આગેવાનની ચૂંટણી કરી શક્યા નહિ અને બધાએ સર્વાનુમતે ઈન્દિરા ગાંધી ઉપર છોડ્યું. છતાં ઘનશ્યામભાઈની પસંદગી થઈ તેને વફાદારીપૂર્વક સ્વીકારવાને બદલે શરૂઆતથી જ વિરોધ રહ્યો અને તે વધતો રહ્યો. ઘનશ્યામભાઈને સ્વસ્થતાથી કામ કરવાની તક ન મળી. ત્રણ મહિના પહેલાં આ વિરોધે ઉગ્ર સ્વરૂપ લીધું ત્યારે વરિષ્ઠ મંડળે તુરત ધારાસભા પક્ષની મીટિંગ બોલાવી હોત તો સંભવ છે ઘનશ્યામભાઈને પક્ષે સારી બહુમતી હોત. પણ કોઈ અકળ કારણે આવું સીધું પગલું લેવાને બદલે, બન્ને પક્ષોએ પરસ્પર મળી સમાધાન કરવું. એવો આદેશ વારંવાર આપ્યે રાખ્યો. અથવા આ વિરોધને શરૂઆતથી જ આગળ વધવા દેવો જોઈતો નહોતો, અને વરિષ્ઠ મંડળ તેમ કરી શકત, હકીકતમાં, પક્ષના કેટલાક આગેવાન સભ્યો ભૂતકાળને ભૂલી શકતા નથી અને જૂના અંગત વિરોધો એટલા જ ચાલુ છે. આ સંઘર્ષને નીતિ સાથે કોઈ સંબંધ નથી.

પક્ષની મીટિંગ બોલાવવી, બળાબળની ચકાસણી કરવી અને પરિણામે કડવાશ વધારવી એવું, શ્રી કેદાર પાંડે પેઠે કરવાને બદલે, શ્રી ઘનશ્યામભાઈએ રાજીનામું આપી દીધું તે તેમની સજ્જનતા બતાવે છે. પક્ષ હવે નવો આગેવાન ચૂંટશે, પણ જે તડ પડી છે તે સંધાય તેમ જણાતું નથી. આપણે આશા રાખીએ કે ગુજરાતના હિતમાં, પક્ષના સભ્યો હવે સૌ સાથે મળી કામ કરવાનો નિર્ણય કરશે અને પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે તે ફરી મેળવશે.

## અવકાશી પ્રયોગશાળા—સ્કાયલેબ

અવકાશના અવગાહનમાં અમેરિકા અને રશિયા કરોડો ડૉલરનું ખર્ચ કરે છે. આ શોધખોળ ઉત્તરોત્તર આગળ વધતી રહી છે. ચન્દ્ર ઉપર અનેક વખત ઉતરાણ કરી, દરેક વખત લાંબો સમય ત્યાં ગાળી, માહિતી મેળવી. હવે અમેરિકાએ પાંચ ટન વજનની અને સંખ્યાબંધ યંત્રોથી ભરપૂર એવી અવકાશી પ્રયોગશાળામાં ત્રણ અવકાશયાત્રીઓએ ૨૮ દિવસ અવકાશમાં રહી, સૂર્યમંડળની વિશેષ માહિતી પ્રાપ્ત કરી. તેમાં કેટલાંક વિઘ્નો આવ્યાં તેને પાર કર્યા. આ અદ્‌ભુત પ્રયોગો છે. કેટલાક એમ માને છે કે આટલો મોટો ખર્ચ નિરર્થક છે અને દુનિયાની ગરીબીનો વિચાર કરતાં આવો ખર્ચ બિનજરૂરી છે. આ એક દૃષ્ટિ છે. પણ મને એમ લાગ્યું છે કે આવા પ્રયોગથી વિશ્વના રહસ્યનો કોઈક તાગ પામી શકીએ અને માત્ર કલ્પનાના ઘોડા દોડાવ્યા કરતાં, વાસ્તવિક હકીકત જાણીએ તો ખર્ચ અયોગ્ય નથી. શાસ્ત્રોમાં બ્રહ્માંડનાં રોચક વર્ણનો છે. સ્વર્ગ, નરક, દેવલોક, સિદ્ધશિલા, ઘણું વાંચીએ છીએ. માનવીની જિજ્ઞાસા અપાર છે. હું તો ખાસ કરી એ જાણવા ઇંતેજાર છું કે આ પૃથ્વી ઉપર જેવું જીવન -Life છે, એવું અથવા તેથી ભિન્ન પ્રકારનું પણ જીવન ક્યાંય છે કે નહિ? હજુ સુધી તે વિશે કાંઈ માહિતી મળી નથી. કરોડો જોજન દૂર તારા કે ગ્રહો નિહાળી શકીએ છીએ. પણ ચેતન તત્ત્વનો અનુભવ ક્યાંય થયો નથી. માનવીની બુદ્ધિએ કલ્પનાતીત સિદ્ધિ મેળવી છે. હજુ કદાચ વિશેષ પ્રગતિ કરશે. મને આશ્ચર્ય એ થાય છે કે સકળ બ્રહ્માંડમાં આ નાનકડા ગ્રહ ઉપર જ આવું બુદ્ધિશાળી અને ચેતનવંત પ્રાણી કેમ? કોઈક દિવસ આ પ્રશ્નનો જવાબ મળશે એવી આશા રાખું છું.

ચીમનલાલ ચકુભાઈ

# લોકશાહીની રક્ષા માટે

**[બંધારણમાં ફેરફાર કરવાના પાર્લમેન્ટના અધિકાર વિશે સુપ્રીમ કોર્ટનો છેલ્લો ચુકાદો તથા વડા ન્યાયમૂર્તિની નિમણૂક બાબત શ્રી જયપ્રકાશ નારાયણે એક અપીલ બહાર પાડી છે. તેનો ગુજરાતી અનુવાદ શ્રી વાડીલાલ ડગલીએ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશન માટે મને મોકલાવ્યો છે. આ બન્ને વિષયમાં મેં 'પ્રબુદ્ધ જીવન'માં વિગતથી લખ્યું છે. મને એમ લાગ્યું હતું કે શ્રી જયપ્રકાશ નારાયણે આ બન્ને વિષયોની બધી બાજુ પૂરી વિચારી નથી. તેથી તેમની અપીલનો મેં સંક્ષેપમાં જવાબ આપ્યો હતો, જે 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં પ્રકટ થયો છે. તેમની અપીલ તથા મારો જવાબ અહીં પ્રકટ કરવામાં આવે છે. —તંત્રી]**

સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચુકાદા વિશે અને નવા વરિષ્ઠ ન્યાયમૂર્તિની નિમણૂક વિશે એટલું બધું કહેવાયું અને લખાયું છે કે મારે આ ગોકીરામાં ઉમેરો કરવાની કોઈ આવશ્યકતા ન હતી. પરંતુ એક જૂના મુક્તિલડવૈયા તરીકે મને તાજેતરની ઘટનાઓથી એટલી બધી યાતના અને ચિંતા થઈ છે કે મારી ચિંતામાં મારા દેશબાંધવોને હિસ્સેદાર બનાવ્યા વિના હું રહી શકતો નથી. મારા સાથી મુક્તિલડવૈયાઓને—ખાસ કરીને શાસક પક્ષના—મારી આ ફિકરમાં મારે સહભાગી બનાવવા જોઈએ એમ હું માનું છું. આઝાદી પછી પણ મારી શ્રેષ્ઠ શક્તિ અનુસાર મારા દેશની અને જનતાની સેવા કરવાનો યજ્ઞ મેં પ્રજ્વલિત રાખ્યો છે.

દેશની સ્વતંત્રતા કાજે લડનારા અને વેદના ઝીલનારા લાખો માણસોની જેમ મેં પણ સ્વતંત્ર ભારતનું એક સોનેરી સોણલું સેવ્યું હતું. આજે એ સ્વપ્ન સાથે હું વાસ્તવિક સ્થિતિની સરખામણી કરું છું ત્યારે મારું ચિત્ત ગ્લાનિ અને વિષાદથી ભરાઈ જાય છે અને વર્તમાન ઘટનાઓમાંથી મને ભાવિનાં જે એંધાણ મળે છે તેની કલ્પનાથી મારું હૃદય બેસી જાય છે. મારા સાથી મુક્તિલડવૈયાઓની લાગણીઓ આથી ભિન્ન હોય એમ હું માની શકતો નથી.

આ માન્યતા સાથે હું આ લખાણ લખવાનું સાહસ કરી રહ્યો છું. મારો ઉદ્દેશ દોષદર્શી કે વિવાદાસ્પદ રજૂઆત કરવાનો નથી. આ લખાણ તો વડા પ્રધાન અને લોકશાહી તથા સમાજવાદમાં પોતાની શ્રદ્ધા જાહેરમાં વ્યક્ત કરનારા કોંગ્રેસીઓ માટે એક અંતઃકરણની અપીલ સમું છે.

તાજેતરના ભૂતકાળમાં જ્યારે જ્યારે મેં મતભેદ કે ટીકાટિપ્પણી વ્યક્ત કર્યાં છે ત્યારે ત્યારે મને તોછડાઈપૂર્વક ઈન્દિરાજી-વિરોધી અને જમણેરી પ્રત્યાઘાતીઓનો પ્રવક્તા કહીને ઉતારી પાડવામાં આવ્યો છે. મારા નિંદકોમાંના મોટા ભાગના તો છેલ્લા કેટલાય દાયકાઓથી મારા પર પ્રહારો કરવાની અને મને બદનામ કરવાની એક્કેય તક જતી નહિ કરનાર વર્તુળના જ છે. હમણાં હમણાં આ લોકો એવું વર્તન કરી રહ્યા છે કે તેઓ એકલા જ જાણે વડા પ્રધાનના ખરા મિત્રો અને ટેકેદારો તથા વિશ્વાસપાત્ર માણસો છે. પરિણામ એ આવ્યું છે કે બીજાઓ જે કાંઈ કહે છે તે બધું જ વાગાડંબરનાં ઢોલવાજાંમાં ડુબાડી દેવામાં આવે છે અને તેનો નિર્લેપભાવે વિચાર થતો જ નથી. એટલે હું સ્પષ્ટ રીતે એ જણાવવા માગું છું—જો કે આવી ચોખવટ કરવી પડે એ વાત જ ખેદજનક છે—કે મારે ઈન્દિરાજી-વિરોધી બનવાનું કોઈ કારણ નથી. ઊલટું, હું તો તેમનું રૂડું ઈચ્છું છું અને તેઓ એક પછી એક સફળતાનાં સોપાન સર કરે એવી મારી શુભકામના છે. ભૂતકાળમાં મેં જે કાંઈ કહ્યું હોય, હાલ જે કાંઈ કહી રહ્યો છું અને ભવિષ્યમાં જે કાંઈ કહીશ તે બધાનો આશય દેશ અને તેના ભાવિ માટેની મારી ચિંતા સિવાય કશો જ નથી. જે "શાળા"માં હું ઊછર્યો છું તેમાં મને એવું ભણાવવામાં આવ્યું છે કે ફરજ બજાવવામાં અંગત સ્નેહ અને આદરની લાગણી આડી આવવી જોઈએ નહિ, મારા વ્યવસાયી નિંદકો આ બધી દલીલો માનશે નહિ. પણ મને એવી આશા છે કે આ શબ્દો મેં જેમને સંબોધ્યા છે તે કોંગ્રેસીઓ અને વડા પ્રધાન આ અપીલ ઉપર અવશ્ય વિચારણા કરશે.

મારો અનુરોધ બે બાબતો પરત્વે છે: (૧) નાગરિકના મૂળભૂત અધિકારો, અને (૨) ન્યાયતંત્રની સ્વતંત્રતા. નિષ્ણાતોનાં વિશ્લેષણો પરથી એમ જણાય છે કે બંધારણમાં દર્શાવેલાં નાગરિકોનાં મૂળભૂત

હક્કો અને સ્વાતંત્ર્યોમાં સંસદ માત્ર સુધારો જ કરી શકે એવું નથી, પણ તે આ હક્કો રદબાતલ પણ કરી શકે, એવો ફેંસલો સર્વોચ્ચ અદાલતના મોટા ભાગના ન્યાયમૂર્તિઓએ આપ્યો છે.

કમનસીબે બંધારણમાં વાણી અને અભિવ્યકિતસ્વાતંત્ર્ય, મંડળી રચવાનું અને હરવાફરવાનું સ્વાતંત્ર્ય વગેરે સ્વાતંત્ર્યોને મિલકતના અધિકારની સાથે જ જોડવામાં આવ્યાં છે. પ્રધાનમંડળ અને ન્યાયતંત્ર વચ્ચે જે કહેવાતા મુકાબલા થયા છે, તે આજ સુધી તો મિલકતના હકને જ સ્પર્શતી હોય તેવી બાબતોના રહ્યા છે. મિલકત એક સામાજિક સંસ્થા છે અને લોકશાહીમાં પ્રજાની નિશ્ચિત લોકશાહી ઈચ્છા મુજબના સામાજિક કલ્યાણની તેણે હમેશાં ખેવના કરવી જોઈએ. આવું સામાજિક કલ્યાણ, અલબત્ત, લોકશાહી રીતે જ સિદ્ધ કરવું રહ્યું. આમ, અમુક પ્રકારની મિલકતની ખાનગી માલિકીને મર્યાદિત, નિયંત્રિત અને જરૂર પડયે, ખતમ પણ કરી શકાય. પરંતુ લોકશાહીમાં સ્વાતંત્ર્યના મૂળભૂત હક્કોને ટૂંકાવી કે નિયંત્રિત ભલે કરી શકાય, પણ તેમને છેક નાબૂદ કરી શકાય નહિ. અલબત્ત, રાષ્ટ્રીય કટોકટી, યુદ્ધ અને બંધારણમાં નિર્દેશેલા અન્ય સંજોગોમાં, ટૂંક સમય માટે આવા હક્કોને તહકૂબ કરી શકાય.

લોકશાહીને વરેલા કોંગ્રેસીઓ તેમની શ્રદ્ધામાં અડગ હોય અને પૂરતી ચોંપવાળા હોય તો, વર્તમાન કે ભવિષ્યની સંસદ નાગરિકના મૂળભૂત અધિકારોનું ગળું ઘોંટવા માટે સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો ગેરલાભ ન ઉઠાવે એ માટે ધ્યાન આપવાની તેમની ફરજ છે.

એ વાત ખરી છે કે વડા પ્રધાને અને તેમના પક્ષના અન્ય પ્રવકતાઓએ અવારનવાર લોકોને એવી બાંયધરી આપી છે કે સ્વાતંત્ર્યના હક્કો છીનવી લેવાનો અમારો લવલેશ ઈરાદો નથી. પરંતુ માત્ર હૈયાધારણો સત્તાના દુરુપયોગ સામે કશું રક્ષણ આપી શકે નહિ. એટલે આવી ખાતરી યોગ્ય લાગે તે સ્વરૂપમાં બંધારણમાં લેખિત રીતે આમેજ કરવાનું આવશ્યક છે.

કેટલાક કોંગ્રેસીઓ એવી દલીલ કરશે કે સમાજવાદનું અમારું સમાંતર, "કમિટમેન્ટ" લોકશાહીના અમારા "કમિટમેન્ટ" જેટલું જ મહત્ત્વનું છે: એટલે, સમાજવાદની સ્થાપના માટે, ઘણી વખત લોકોનાં વાણીસ્વાતંત્ર્ય, અભિવ્યકિતસ્વાતંત્ર્ય, મંડળી સ્વાતંત્ર્ય તથા હરફેરનું સ્વાતંત્ર્ય, જેવાં મૂળભૂત સ્વાતંત્ર્યો લઈ લેવાનું જરૂરી પણ બને. મને આશા છે કે આવા મિત્રો વધારે ઝીણવટપૂર્વક તપાસશે તો તેમને આ દલીલમાં રહેલા ભ્રમનો—તોફાની તત્ત્વનો પણ—ખ્યાલ આવશે. આ માર્ગ લપસણો છે અને તેનો અંત લોકશાહી સમાજવાદ નહિ પણ આપખુદ સામ્યવાદ છે.

લોકશાહી સમાજવાદીઓએ વારંવાર જાહેર કરેલો તેમનો ઉદ્દેશ લોકશાહી પદ્ધતિથી સમાજવાદની સ્થાપના કરવાનો છે. પરંતુ સમાજવાદની સ્થાપનામાં લોકોનાં મૂળભૂત સ્વાતંત્ર્યોનો ભોગ લેવાનું જરૂરી હોય તો પછી એમાં લોકશાહી સાધનો કયાં રહ્યાં? આ હક્કોને દફનાવી દેવામાં આવે તો મુકત મંચ અને અખબારો, વિરોધ પક્ષો, મજૂર સંઘો તેમ જ શાસક પક્ષ સાથે અસંમત હોય એવાં તમામ મંડળો અને સંસ્થાઓનો ઉચ્છેદ થશે. માત્ર સરકારી મજૂર સંઘો અને સંસ્થાઓ જ શેષ રહેશે.

આવું બધું આજે જ બનવાનો ભય છે એમ હું નથી સૂચવતો. હું તો માત્ર અનિયંત્રિત સત્તાના શકય પરિણામ ભણી આંગળી ચીંધું છું. એટલે મારી વડા પ્રધાનને તેમ જ તેમના લોકશાહી સમાજવાદી સાથીઓને એવી આગ્રહભરી વિનંતી છે કે તેઓ પક્ષાપક્ષીનો ખ્યાલ છોડી દે, ભાવિ ભણી મીટ માંડે અને વર્તમાન તથા આગામી પેઢીઓને ખાતરી આપે કે તમારી સ્વતંત્રતાઓ અકબંધ રહેશે, તમારી આપત્તિનો અંત આવશે અને તમે મુકત, ન્યાયી તથા સમાન સમાજમાં જીવી શકશો.

હવે મારા અનુરોધના ઉત્તરાર્ધની વાત. ન્યાયતંત્રની સ્વતંત્રતાના સિદ્ધાંત પરત્વે કોંગ્રેસ તેમ જ તેના ટીકાકારો એકમત છે એમ ધારીને હું આગળ ચાલું છું. આ પ્રશ્ન પરત્વે દેશભરમાં એકમતી પ્રવર્તે છે. તેથી જ હું વડા પ્રધાનને અને તેમના સાથીઓને પૂછું છું કે સર્વોચ્ચ અદાલતના નવા વરિષ્ઠ ન્યાયમૂર્તિની નિમણૂકની પદ્ધતિ આ સર્વમાન્ય સિદ્ધાંતની અદબ રાખે છે ખરી? કોઈ પણ તટસ્થ વ્યકિત કહેશે કે સરકારે આ સિદ્ધાંતનું ઉલ્લંઘન કર્યું છે. અહીં હું ભારપૂર્વક એટલું ઉમેરવા માગું છું કે આ સ્થળે જે કાંઈ કહી રહ્યો છું તેમાંનો કોઈપણ અંશ વર્તમાન વરિષ્ઠ ન્યાયમૂર્તિની શકિતઓ કે પ્રમાણિકતા વિશે રજમાત્ર પણ શંકા ઉઠાવતો નથી. અત્રે આપણે કોઈ વ્યકિતની નહિ પણ એક સિદ્ધાંત અને તેના નિષ્ઠાપૂર્વકના અમલની જ ચર્ચા કરી રહ્યા છીએ.

વડા પ્રધાને અને એમના સાથીદારોએ પોતાના પગલાને વાજબી ઠરાવવા માટે જે કાંઈ કહ્યું તે બિલકુલ ગળે ઊતરે તેવું નથી, એમ મારે ખેદ સાથે કહેવું પડે છે. એમાંનું ઘણું તો ગેરરસ્તે દોરનારું છે. સમર્થ નિરીક્ષકોએ આ બધું અખબારમાં ફોડ પાડીને સમજાવ્યું છે જ.

દેશે કઈ રીતરસમ અપનાવવી તે સૂચવવાની કક્ષા મારી નથી. ખુદ બંધારણમાં જ એક કાર્યપદ્ધતિ આપેલી છે: અદાલતના અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક એ જ રીતે થાય છે. છેલ્લાં ૨૫ વર્ષથી ચાલતી એક પરિપાટી પણ હતી જ. કાયદા પંચે, અલબત્ત, એક પદ્ધતિ સૂચવી હતી; અને સરકારનો એવો દાવો છે કે અમે તેને અનુસરી રહ્યા છીએ. પરંતુ ખરી વાત એ છે કે સરકારે પંચની એ ભલામણોનો આંશિક જ અમલ કર્યો છે. અન્ય આવશ્યક ધોરણોની સરકારે ઉપેક્ષા કરી છે. મને લાગે છે કે અન્ય યોગ્ય પદ્ધતિ જરૂર ખોળી શકાય.

સીધીસાદી વાત એ છે કે ભારતના સર્વોચ્ચ ન્યાયમૂર્તિની નિમણૂક સંપૂર્ણપણે વડા પ્રધાનના જ હાથમાં રહે - વર્તમાન કિસ્સામાં એમ જ બન્યું છે—તો દેશની સર્વોચ્ચ ન્યાયસંસ્થા સત્તા પરની સરકારનું રમકડું જ બની રહે.

એટલે મારી વડા પ્રધાનને એવી વિનંતી છે કે તેમણે સંસદમાંના તમામ પક્ષોનું પ્રતિનિધિત્વ કરતી એક સંસદીય સમિતિ, આ મહત્ત્વના પ્રશ્નોની વિચારણા કરવા તથા સંસદને ભલામણો કરવા માટે નીમવી. સ્વાભાવિક રીતે જ, આ સમિતિને નામાંકિત કાયદાપંડિતો અને વકીલમંડળો સહિત પ્રજાજનોનો મત જાણવાની સત્તા આપવી જોઈએ. જે કાંઈ પદ્ધતિ આકાર પામે તે, વિગતોના ઘટતા ફેરફાર સાથે, વડી અદાલતો (હાઈકોર્ટ્સ)ને પણ લાગુ પાડવી જોઈએ.

ટૂંકમાં, અમુક ખાસ સંજોગોમાં અને કામચલાઉ સમયાવધિ માટે મૂળભૂત સ્વાતંત્ર્યો તહકૂબ કરવાં પડે એવી તાકીદની પરિસ્થિતિને બાદ કરતાં, નાગરિકોનાં મૂળભૂત સ્વાતંત્ર્યો નાબૂદ કરવાની સંસદની સત્તાને નિયંત્રિત કરતાં બંધારણીય પગલાં નહિ લેવાય; અને ન્યાયતંત્રની સ્વતંત્રતા પતીજ થાય એવી રીતે જળવાય નહિ તો આપણી લોકશાહીના પાયા જ સમૂળગા નાશ પામશે.

**જયપ્રકાશ નારાયણ**

# જયપ્રકાશની અપીલનો જવાબ

(અંગ્રેજીનો અનુવાદ)

શ્રી જયપ્રકાશ નારાયણ ખૂબ જ સન્માનનીય આગેવાન છે અને તેઓ જે કહે છે તે ધ્યાનથી સાંભળવામાં આવે છે. લોકશાહી અને ન્યાયતંત્રના સ્વાતંત્ર્ય માટેની તેમની ચિંતામાં સ્વાતંત્ર્યચાહક દરેક વ્યકિત સહભાગી થશે આમ છતાં ભવિષ્ય માટે ભયોની અતિશયોકિત કરવી એ જાહેર હિતમાં ન હોઈ શકે. તેમણે બે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. એક પછી એક તે જોઈએ.

સંસદને કોઈપણ મૂળભૂત અધિકાર રદ કરવાની સત્તા છે એવો બહુમતી ન્યાયમૂર્તિઓએ જેમાં ચુકાદો આપ્યો છે તે વરિષ્ઠ અદાલતના છેલ્લામાં છેલ્લા નિર્ણયનો તેઓ ઉલ્લેખ કરે છે. તેઓ તેમનો ભય દર્શાવે છે અને એમ સૂચવતા જણાય છે કે કોઈક દિવસે સંસદ નાગરિકોનાં બધાં જ મૂળભૂત સ્વાતંત્ર્યોને કદાચ રદ કરી દે. તેઓ સ્વીકારે છે કે આવો તાત્કાલિક ભય નથી પણ તેઓ અમર્યાદ સત્તાના પરિણામનો નિર્દેશ કરવા ઈચ્છે છે. કદાચ તેમના ધ્યાનમાં નહિ હોય કે બંધારણ અમલમાં આવ્યું ત્યારથી સંસદને હમેશાં આવી અમર્યાદ સત્તા હતી અને ગોલકનાથ કેસમાં બહુમતી ન્યાયમૂર્તિઓએ જયારે ખોટી રીતે એમ ઠરાવ્યું કે સંસદને મૂળભૂત અધિકારને મર્યાદિત કરવાની પણ સત્તા નથી ત્યારે જ માત્ર બંધારણમાં સુધારો કરવાનું જરૂરી બન્યું, જે દ્વારા ગોલકનાથ ચુકાદા પૂર્વે પ્રવર્તતી હતી તે પરિસ્થિતિ પુન: સ્થાપિત થાય છે. તેઓ એ સાચી રીતે નિર્દેશ કરે છે કે હજી સુધી સંસદ અને ન્યાયતંત્ર વચ્ચેનો મુકાબલો મિલકત અંગેના અધિકારોને જ માત્ર લાગેવળગે છે. તેઓએ પણ સ્વીકારે છે કે ચોક્કસ પ્રકારની મિલકતની ખાનગી માલિકી નિયંત્રિત કરી શકાય અને જરૂર પડયે નાબૂદ પણ કરી શકાય. આ છતાંય તેઓ સંસદને મૂળભૂત સ્વાતંત્ર્યો રદ કરતી અટકાવવા બંધારણીય સલામતીઓની જોગવાઈ ઈચ્છે છે.

આ માગણી એ જ તર્ક પર મંડાયેલી છે જે ગોલકનાથ કેસમાં મૂર્ત થયો હતો. એ છે સંસદનો અવિશ્વાસ. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં અવિશ્વાસ રાખવો એ લોકશાહી નથી. સંસદે તેની વિશાળ બહુમતીઓ છતાં, છેલ્લાં પચીસ વર્ષમાં, મિલકતના અધિકારો સિવાય કોઈપણ મૂળભૂત સ્વાતંત્ર્યને મર્યાદિત પણ કર્યું નથી ત્યારે હવે સંસદને તેની સત્તાઓ પર અંકુશ મૂકવા જણાવવું એ વધુ પડતું છે. વળી, બંધારણના ઘડનારાઓએ પણ એ આવશ્યક ગણ્યું ન હતું. એ પણ નોંધવું જોઈએ કે વર્તમાન સંસદ સ્વેચ્છાએ તેની સત્તાઓ પર કોઈ નિયંત્રણ મૂકે તો પણ ભાવિ સંસદને આવું નિયંત્રણ દૂર કરતાં અટકાવે તેવું કશું જ નથી. કદી સુધારી શકાય નહિ એવું બંધારણ રાખી શકાય નહિ. એવું બંધારણ જાતે જ ભારે જુલ્મરૂપ બની જાય.

તેમણે ઉપસ્થિત કરેલો બીજો પ્રશ્ન આ ન્યાયતંત્રના સ્વાતંત્ર્ય વિશેના તેમના ભયનો છે. ત્રણ સિનિયર ન્યાયમૂર્તિઓને સુપરસીડ કરીને ન્યાયમૂર્તિ શ્રી એ. કે. રાયને મુખ્ય ન્યાયમૂર્તિને હોદ્દે નીમવાના સરકારના પગલાને આ આભારી છે. ન્યાયમૂર્તિ શ્રી એ. કે. રાયની પ્રામાણિકતા અને કાર્યક્ષમતા વિશે તેઓ કશી શંકા ઉઠાવતા નથી. એ ખરું છે કે સરકારનું પગલું પહેલી જ વાર સિનિયોરિટીને અવગણે છે. આમ છતાં આવું અભૂતપૂર્વ પગલું લેવાનું સરકાર માટે જરૂરી કેમ બન્યું તેનો શ્રી જયપ્રકાશે વિચાર કરવો જોઈએ. વરિષ્ઠ અદાલત અને સંસદ વચ્ચેનો સંઘર્ષ ગોલકનાથ કેસના ચુકાદાથી શરૂ થયો અને બેન્ક રાષ્ટ્રીયકરણ કેસના ચુકાદાથી ઘેરો બન્યો. શ્રી જયપ્રકાશ નારાયણે એ પણ તપાસવું જોઈએ કે આ સંઘર્ષ કોણે સર્જ્યો અને તે માટેનાં શાં કારણો હતાં. આગેવાન ધારાશાસ્ત્રીઓએ જણાવ્યું છે કે બન્ને કેસોના ચુકાદા સ્પષ્ટ રીતે જ ખોટા હતા. સરકારનું પગલું જો કે ઉતાવળિયું છે, પણ ન્યાયતંત્રના સ્વાતંત્ર્યમાં સુરંગ ચાંપવા સરકાર પ્રવૃત્ત થઈ છે એવા વધુ પડતા ભયો સર્જવા એ ખોટું ગણાશે. વડા પ્રધાને વારંવાર ખાતરી ઉચ્ચારી છે કે ન્યાયતંત્રના સ્વાતંત્ર્યના સિદ્ધાંતને તેઓ વરેલાં છે. ગમે તેમ, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ થવાને પાત્ર ગણાયેલી વ્યક્તિઓની પ્રામાણિકતામાં આપણે શ્રદ્ધા રાખીએ અને આપણા પોતાનાં અવિશ્વાસથી ન્યાયતંત્ર વિશેની પ્રજાની શ્રદ્ધાને ડગાવીએ નહિ.

પોતે ઈન્દિરાવિરોધી નથી અને તેમનું શુભ વાંછવાનું અને ઉત્તરોત્તર તેઓ વધુ ને વધુ સફળતાઓ મેળવે તે જોવા ઈચ્છે છે એવું ભારપૂર્વક જાહેર કરે છે. કમનસીબે, તેમનાં જાહેર નિવેદનોએ મોટે ભાગે તો શ્રીમતી ઈન્દિરા ગાંધીના વિરોધીઓના જ હાથ મજબૂત કર્યા છે.

આપણે આંતરિક તથા બાહ્ય રીતે ઘણા કટોકટીના ગાળામાંથી પસાર થઈ રહ્યાં છીએ. લોકશાહી અને સ્વાતંત્ર્ય પર જેઓ ભાર મૂકે છે તેઓ કયારેક, અસંપ્રજ્ઞપણે પણ યથાવત્ પરિસ્થિતિનો બચાવ કરે છે. શ્રી જયપ્રકાશ નારાયણ અને બીજા અનેકોએ સ્વાધીન ભારતનું જે સોનેરી સ્વપ્ન નિહાળ્યું હતું તેમાં માત્ર સ્વતંત્રતા જ નહિ, સ્થાન અને તકની સમાનતા તેમ જ સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયનો પણ સમાવેશ થતો હતો. સ્થાપિત હિતો સંગઠિત થઈ રહ્યાં છે. સમાનતા અને ન્યાયની ઉપેક્ષા કરીને, લોકશાહી અને સ્વાતંત્ર્યને નામે પોતાના હક્કોનો બચાવ કરવાની તેમને સરસ ભૂમિકા મળી ગઈ છે. વર્ષો પૂર્વે, આર. એચ. ટાઉનીએ પ્રશ્ન પૂછ્યો હતો– માનવી સ્વેચ્છાએ સમાનતા અપનાવશે? એ પ્રશ્ન આજે પણ રહે જ છે. ડેમોક્રસી ઈન ક્રાઈસિસ –Democracy in crisis–એ પોતાના ગ્રંથમાં હેરોલ્ડ લાસ્કીએ દર્શાવ્યું છે કે છેવટે જ્યારે પૂંજીપતિ વર્ગ પર એક પાયાના આક્રમણની વાત આવે છે ત્યારે તેઓ પોતાનાં સર્વ શસ્ત્રો વડે લડી લે છે. લોકશાહી સમાજવાદનો પ્રયોગ અજોડ છે અને હજી સુધી કોઈ દેશ લોકશાહી રીતે, એટલે કે શાંતિમય સાધનો દ્વારા સમાજવાદને પ્રવર્તાવવામાં સફળ થયો નથી. એકને બચાવવાના પ્રયાસમાં સામાન્ય રીતે બીજાનો ભોગ અપાય છે. આપણે બન્નેને બચાવવાના પ્રયોગનો પ્રયાસ કરી રહ્યા છીએ. ગાંધીજીએ કહ્યું હતું કે જે શસ્ત્રોથી સામ્રાજ્યવાદી સામે લડયા તે જ શસ્ત્રો વડે પોતે મૂડીવાદી સામે લડશે. ભૂખમરો વેઠવાનું અને મરણશરણ થવાનું જ સ્વાતંત્ર્ય માત્ર જેઓ ધરાવે છે તેવા કરોડો લોકો જેનાથી વંચિત છે તે, જૂજ લોકોના સ્વાતંત્ર્યનું જતન કરવાનો કોઈપણ પ્રયાસ, જનસમસ્તના સ્વાતંત્ર્યના વિલોપનમાં પરિણમશે.

ચીમનલાલ ચકુભાઈ

# લાંચરુશવતની વધતી બદી– આપણે કયાં જઈ અટકશું?

[એક ડોકટરનો જાતઅનુભવ છે. –તંત્રી]

થોડા વખત પહેલાં ગુજરાત મેલમાં સેકંડ કલાસ સ્લીપિંગ ડબામાં મુસાફરી કરવાનું થયું. રિઝર્વેશન કરાવતી વખતે ફોર્મમાં ખાસ લખેલ કે હું દાદરથી બેસીશ છતાં દાદર ડબામાં ચડતાં જોયું તો મારી બર્થ ઉપર એક ભાઈ આરામથી સૂઈ ગયા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું કે ડબામાં સાથે રહેનાર ટિકિટચેકરે જ તેમને "જગ્યા" આપી હતી. ટિકિટચેકરને પૂછતાં કહે કે તમે બોમ્બે સેન્ટ્રલથી ન બેઠા માટે તમારી બર્થ કેન્સલ થઈ. છેવટે મેં તેને પડકારતાં તેણે મારું Duplicate ફોર્મ જોયું અને તેમાં દાદરથી બેસીશ તેમ લખેલ હોવાથી મારી બર્થ મને આપવી પડી. આ વખતે મારા ડબામાં ત્રણ સીટ ખાલી હતી. કદાચ અનિવાર્ય સંજોગોને લીધે ટિકિટ લેનાર આવી નહિ શકયા હોય. આ ત્રણે સીટ ટિકિટચેકરે રૂા. ૩૦ લઈ ૩ મુસાફરોને વેચી દીધી અને આમ તેને રૂા. ૯૦ મળી ગયા અને રેલવેને રૂા. ૧૨૬ ખોટ ગઈ કારણ મુંબઈથી અમદાવાદનું ભાડું રૂા. ૪૨ છે. વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે ટિકિટચેકરને આવાં ઘી-કેળાં મળી જ રહે છે અને એક ટ્રીપમાં અંદાજે રૂા. ૧૦૦ની વધારાની આવક થાય છે. કોઈક વાર "મોટાસાહેબ"નું ચેકિંગ હોય ત્યારે જરા 'સંભાળી લેવું' પડે છે. મુસાફરોને પૂછતાં કહે કે એક તો રૂા. ૧૨ બચે અને લાઈનમાં ઊભા રહેવાની તકલીફ નહિ. તો આ ભાવમાં શું ખોટું?

મને લાગે છે કે જયાં સુધી દરેક ક્ષેત્રના લોકોની નીતિમત્તા નહિ સુધરે ત્યાં સુધી આમ ચાલવાનું જ. વગર ટિકિટે મુસાફરી, ચોરી, ખોટાં કન્સેશનો વગેરેથી રેલવેને કરોડોનું નુકસાન થાય છે. રેલવેમાં થતી ગજબનાક ચોરીથી તો મોગલસરાઈ પાસે એક ગામ વસ્યું હતું તે આપણને સુવિદિત છે. આખરે તો આ બોજો આપણા પર જ પડે છે. દર વર્ષે ભાડામાં વધારો અને કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. કદાચ એમ લાગે કે વધતી જતી મોંઘવારીના પ્રમાણમાં ઓછા પગારને લઈને નોકર લાંચ લેવા લલચાય છે, પરંતુ અમુક મર્યાદા સુધી જ આ સાચું છે. દા. ત. ઉપર જણાવેલ ટિકિટચેકર મહિને રૂા. ૨૦૦૦ વધારાના કમાય તો તેટલો પગારવધારો કેમ આપી શકાય? અને પાછો એટલા પગાર પર તેને ઈન્કમટેકસ કેટલો ભરવો પડે? આ ઉપરાંત દરેક સરકારી અર્ધસરકારી–ક્ષેત્રોમાં પૈસા વગર કામ થતું જ નથી. ઈન્કમટેકસ ઓફિસમાં રૂા. ૧ની 'ફી' ભરવાથી આપણી ફાઈલ કેટલી જલદી નીકળે છે તે આપણે જાણીએ છીએ. સેલ્સટેકસમાં તેથી પણ વધારે ખરાબ સ્થિતિ છે. લાંચરુશવત કોઈ કડક કાયદાથી બંધ થશે નહિ. તેના માટે મૂળ કારણોની તપાસની જરૂર છે. લાંચ આપનારને આપવાની જરૂર જ ન પડે તેવી વ્યવસ્થા થાય તો જ કંઈક ફરક પડે.

વધતા જતા ભાવો, સમાજનું સામૂહિક અધ:પતન અને ટોચના નેતાઓનો અક્ષમ્ય ભ્રષ્ટાચાર વગેરે બાબતોની વિચારણા જરૂરી છે. કદાચ કોઈ ફરિયાદ કરે તો લાંચ સાબિત કરવી કેટલી અઘરી છે કે કોઈ તેવા 'લફરા'માં પડવાની હિંમત નહિ કરે. માજી આયોજનપ્રધાન ગુલઝારીલાલ નંદા લાંચ નાબૂદ કરતાં પોતે જ 'નાબૂદ' થઈ ગયા. તેથી આ બદી કેટલી વિસ્તૃત છે તેનો ખ્યાલ આવશે. આ સંજોગોમાં આપણે શું કરીશું? 'જમાનાની સાથે ચાલવું જોઈએ' એમ કહીને લાંચરુશવત ચલાવી લઈશું? કે પછી "વેદિયા" અથવા "સિદ્ધાંતવાદી" કહેવડાવવાનું જોખમ વહોરીને પણ તેનો પ્રતિકાર કરીશું?

ડૅા. વિનોદ વી. શેઠ

# 'અહીં' અને 'હમણાં'ની વચ્ચે

"આપણે એક જગતમાંથી બીજા એના જેવા જ જગતમાં જઈએ છીએ અને કયાંથી આવ્યા એ ભૂલી જઈને અને કયાં જવાના છીએ તેની ખેવના વિના ક્ષણેક માટે જીવીએ છીએ. ખાવું, લડવું કે સમાજમાં સત્તાધારી થવું એથી વધારે કશુંક જીવનમાં છે એવો વિચાર સૌપ્રથમ આવ્યો, એ પહેલાં કેટલા જન્મોમાંથી પસાર થયા હોઈશું એનો તને ખ્યાલ છે?"

આ વાકયો હિંદુ ધર્મની જન્મજન્માંતરની માન્યતા વિશેની મીમાંસામાંથી કે કોઈ પુરાણમાંથી નથી લેવાયાં.

"એમના પ્રત્યે કઠોર ન બન... તને ન્યાતબહાર મૂકી બીજાઓએ પોતાને જ હાનિ પહોંચાડી છે, અને એક દિવસ તેઓને આ સમજાશે અને જે આજે તને દેખાય છે એ એક દિવસ તેઓને પણ દેખાશે. તેઓને ક્ષમા કર અને તેઓ સમજે એમાં મદદરૂપ થા."

આ શબ્દો મહાત્મા ગાંધીની આત્મકથામાંથી નથી લેવાયા.

"તારો સમગ્ર દેહ તારા વિચારના મૂર્ત આકારથી વધારે કં જ નથી. તું તારા વિચારની સાંકળ તોડી નાખ અને તું તારા દેહની સાંકળ પણ તોડી શકશે."

અન્તે, આ શબ્દો કૃષ્ણમૂર્તિએ તેમનાં પ્રવચનો દરમ્યાન નથી ઉચ્ચાર્યા.

આ ત્રણે અવતરણો પુસ્તક-પ્રકાશનના ક્ષેત્રે અપૂર્વ હલચલ મચાવી દેનારી રિચર્ડ બાકની લઘુનવલ 'જોનાથન લિવિંગ્સ્ટન સીગલ'-માંથી લેવાયાં છે. બંને આવરણને ગણી લેતાં કુલ સો પૃષ્ઠના આ પુસ્તકમાં પ્રથમ આઠ પાનાં હાફટાઈટલ, ટાઈટલ, પરિચય, અર્પણ વગેરે માટે અપાયાં છે. ચુમાલીસ પાનાંમાં રસેલ મુન્સને લીધેલી પંખીઓના ઉડ્ડયનની વિવિધ ગતિની કલાપૂર્ણ તસવીરો અપાઈ છે. ચાર પૃષ્ઠો કથાના ત્રણ ખંડને અલગ પાડવા કોરાં રખાયાં છે; ચાર પાનાં આવરણનાં છે. આ બધાં પૃષ્ઠો જતાં, મૂળ કૃતિનાં માત્ર ચાલીસ પૃષ્ઠો છે.

આટલી અમથી કથાએ જગાડેલી મોહિની ઓછી નથી: માત્ર આંકડાઓમાં જ રસ હોય તેમને જણાવવું જોઈએ કે આ પુસ્તકની દસ લાખ નકલો વેચાઈ છે અને આ પુસ્તકની એક દિવસની સાઠ હજાર નકલો વેચાયાનો વિક્રમ પ્રકાશકના દફતરમાં નોંધાયો છે. એટલું જ નહીં, આ પુસ્તક હસ્તપ્રતના તબક્કામાં હતું ત્યારે 'ફ્લાઈંગ' સામયિકથી માંડી રેન્ડમ હાઉસ, હાર્પર એન્ડ રો તથા મોરો વગેરે પ્રકાશકોએ તેનો અસ્વીકાર કર્યો હતો. છેવટે મેકમિલનના એક સંપાદક એલીનોર ફ્રીડીએ તે છાપવા માટ પસંદ કર્યું ત્યારે મેકમિલનમાં એને 'ફ્રીડી'ઝ ફોલી' (ફ્રીડીની મૂર્ખામી)નું બિરુદ મળ્યું હતું. અને સતત મહિનાઓ સુધી એ 'બેસ્ટસેલર' (સૌથી વધુ વેચાતાં પુસ્તકો)ની યાદીમાં રહ્યું. આજે પણ એ યાદીમાં આ પુસ્તક જોઈ શકાય છે. એટલે 'ટાઈમ'-સામયિકે તેની 'કવરસ્ટોરી' બનાવી પોતાનાં ખાસ્સાં પાંચ પાનાં એના માટે રોકયાં.

પણ આ વિગતો તો જિજ્ઞાસુને મળી રહેશે. આપણે પેલા ચાલીસ પૃષ્ઠોમાં આલેખાયેલી કથા તરફ વળીએ; એમાં આપણે ઉપર જોયાં એવાં ચિંતનાત્મક નિરીક્ષણો છે, પણ એ શુષ્ક ફિલસૂફીની કથા નથી. એનું શીર્ષક લાંબું અને એટલે જ ધ્યાન ખેંચે એવું છે. એ સૂચવી દે છે કે આ કથા સીગલ—સાગરના પંખી-દ્વારા કહેવાઈ છે, પણ એમાં માણસની વાત છે. લેખકે એટલે જ એનું અર્પણ સૂચક રીતે કર્યું છે: "આપણા સૌમાં વસે છે એ સાચકલા જોનાથન સીગલને."

એટલે જ આ કથાની વાત કરીએ ત્યારે જોનાથન લિવિંગ્સ્ટન સીગલ માટે પંખી શબ્દ વાપરવાને બદલે જોનાથનનું સંબોધન જ લેખકની માફક વાચકને પણ વધારે ગમશે.

આ કથાનો આરંભ થાય છે, હમેશ જેવા એક સવારના ઊઘડવાની સાથે. રોજ દિવસ ઊગે ને જીવનની એની એ ઘટમાળ આરંભાતી હોય છે; ગલ પંખીઓ ઊડે છે, પણ તેમનો ઊડવાનો હેતુ માત્ર ખોરાક મેળવવાનો છે અને ખોરાક માટે લડવાનો છે. આ જ તેઓનો ઉદ્યમ છે.

પણ જોનાથન ગલ પંખીઓના આ સમાજથી જુદો તરી આવે છે: બીજાંઓ જ્યારે ખોરાકના ટુકડા માટે લડે છે ત્યારે એ દૂર અને એકલો પોતાની શકિતને તેની ચરમતમ સીમા સુધી લઈ જવા મથે છે.

સમાજ જે તાલ પર ચાલતો હોય, એ કરતાં જુદા તાલ પર ચાલનારો સહેજે અપ્રિય થઈ પડે છે. એને ખોરાક ખાતર ઊડવામાં નહીં, ઊડવા ખાતર ઊડવામાં રસ છે.

મા કહે છે: 'દીકરા, આ બધા જેવો તું કેમ નથી થતો? તું હાડ-પાંખનો માળો છે...' પિતા કહે છે: 'ભાઈ, તારે શીખવું જ હોય તો ખોરાક કેમ મેળવવો એ શીખ. બાકી ઉડાનના કંઈ બટકાં નહીં ભરાય.'

જોનાથનને આ વાત સમજાતી નથી. એને લાગે છે કે ગલ પંખી કંઈક કરી શકે એવી શકિત ધરાવે છે: હજી આ પંખીઓના સમાજને પોતામાં રહેલી તાકાતની ખબર નથી. એ એકલો આ તાકાતના પ્રયોગોમાં રોકાય છે. એ શકય એટલી ઊંચાઈએ પહોંચી ગતિ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે: પણ કલાકના પચાસ માઈલની ગતિ સિદ્ધ થાય છે ત્યારે એની પાંખો છૂટી થઈ જાય એવી દહેશત જગાડે એવા આંચકા એ અનુભવે છે. ક્ષણભર એ હતાશ બને છે. પોતાની ભીતરમાં રહેલો કોઈક 'પોકળ' અવાજ તેને નિરુત્સાહિત કરે છે. કહે છે: 'હું તો સીગલ છું. મારી પ્રકૃતિની સીમા મારે સ્વીકારવી જ રહી. જો હું ઊડી શકું એમ હોત તો મને બાજ જેવી ટૂંકી પાંખો ન હોત?'- પણ આ બાજ જેવી ટૂંકી પાંખોનો વિચાર જોનાથનના ફળદ્રુપ દિમાગ માટે પૂરતો છે. એને ઉડ્ડયનનું રહસ્ય મળે છે: પાંખોને સંકેલી શકાય તો—.

અહીં વળી પાછા તાત્ત્વિક અર્થઘટન તરફ વળી જવાય એવું ભયસ્થાન છે. આ અહંકારને સંકેલવાની વાત છે કે ઇન્દ્રિયોને સંકોરી લેવાની?...

...પણ આપણે તો જોનાથન સાથે જ રહીએ. એ પોતાની પાંખોને સંકોરી બે હજાર ફૂટ ઉપરથી કાળા સમુદ્રમાં ભૂસકો મારે છે: કલાકના સિત્તેર માઈલ, ૧૨૦ માઈલ, ૧૪૦ માઈલ...અને એમ કરતાં કરતાં એ હવાની ઝડપ-ટરમિનલ વેલોસિટી—સિદ્ધ કરે છે; હવા ધ્વનિની નક્કર દીવાલ બની જાય છે, જેનાથી વધુ ગતિ હવે શકય નથી... કલાકના ૨૧૪ માઈલની ઝડપે એ ઊતરે છે. 'ગતિ શકિત છે, ગતિ આનંદ છે અને ગતિ નિર્વ્યાજ સૌન્દર્ય છે' એ મંત્ર તેને સમજાય છે.

પોતે જે મેળવ્યું છે તેથી પોતાના સમાજને પરિચિત કરવા અને પોતાના સાથીઓને પોતાના આ સિદ્ધિના સહભાગી બનાવવા એ મથે છે ત્યારે એને ન્યાતબહાર મૂકવામાં આવે છે. મોટેરાઓ કહે છે: 'જોનાથન, તારી આ બેજવાબદારીની કિંમત તારે ચૂકવવી પડશે. જીવન અપરિચિત અને અજ્ઞેય છે. આપણે આ જગતમાં ખાવા અને જીવતા રહી શકીએ ત્યાં સુધી જીવવા સરજાયા છીએ.' જોનાથન આની સામે આક્રોશ કરી કહે છે: 'હું તમને જીવન જીવવાનો મંત્ર બતાવું છું. મને એક તક આપો.' પણ પંખીઓનો સમાજ એના તરફ પીઠ ફેરવી જાય છે.

જોનાથનને પોતે એકલો પડયો છે, એનું દુ:ખ નથી. બીજાં પંખીઓને પોતાના ઉડ્ડયનના ગૌરવની ક્ષમતાનો ખ્યાલ નથી એનું દુ:ખ છે. જયારે બીજાં પંખીઓ વરસાદ અને ધુમ્મસમાં ઠૂંઠવાતાં હોય ત્યારે એ હજારો ફૂટ ઉપરના સ્વચ્છ આકાશમાં ઊડતો હોય છે. કંટાળો, ભય અને ક્રોધ આ ત્રણ તત્ત્વો જ જીવનને ટૂંકાવી નાખે છે-જો એને જીતી શકાય તો દીર્ઘ આયુષ્યનો માર્ગ ઊઘડે થાય છે.

આ તબક્કે કોઈ અન્ય લોકનાં પંખીઓ આવી જોનાથનને કહે છે: 'અમે તને વધુ ઊંચે, તારે ઘેર લઈ જવા આવ્યાં છીએ.'

'મારે ઘર નથી, સમાજ નથી. હું તો બહિષ્કૃત છું' એમ જોનાથન કહે છે. પણ પેલાં પંખીઓ સાથે એનો કોઈક તાર મળે છે, અને એને લાગે છે કે ઘેર જવાનો સમય પાકી ગયો છે. અને સંપૂર્ણ અંધકારમય આકાશમાં એ પેલાં બે પંખીઓ સાથે અદશ્ય થઈ જાય છે.

આ અંધકાર એટલે મૃત્યુ અને ઘર એટલે સ્વર્ગલોક એવાં સમીકરણો કામ નહીં લાગે. કારણ કે આ ફિલસૂફીની નહીં, જીવનની કથા છે.

અહીં આ નવા લોકમાં એ નવા પાઠ શીખે છે. પૂર્વજીવનની સ્મૃતિ લોપાઈ જાય છે. સુલિવાન અને ચ્યાંગ નામનાં બે પંખીઓ

પાસેથી એ ઉડ્ડયનનાં નવાં શિખરો તરફ દોરી જતી દીક્ષા લે છે.

જોનાથન પૂછે છે: 'આપણે અહીંથી ક્યાં જઈએ છીએ? સ્વર્ગ જેવી કોઈ જગા જ નથી શું?'

ચ્યાંગ કહે છે: 'ના, જોનાથન, આવી કોઈ જગા નથી. સ્વર્ગ એ સ્થળ નથી, સમય નથી. સ્વર્ગ એટલે સંપૂર્ણતા...' અને પછી કહે છે, 'તું સંપૂર્ણ ગતિ સિદ્ધ કરીશ એ ક્ષણે સ્વર્ગને પણ સિદ્ધ કરીશ...'

ચ્યાંગ એને વિચારની ગતિએ ઊડતાં શીખવે છે. એક ક્ષણમાં આ સ્થળેથી બીજા ગ્રહમાં પણ એ લોકો પહોંચી શકે છે. સ્થળને અતિક્રમતા શીખ્યા પછી એ સમયને અતિક્રમતા શીખવે છે. પણ કપરું ઉડ્ડયન એ પછી શરૂ થાય છે: સ્થળ અને સમયને અતિક્રમો એટલે કરુણા અને પ્રેમનું ક્ષેત્ર આવીને ઊભું રહે છે. પ્રેમ અને અનુકંપાનું જગત જેમ વિશાળ બનતું ચાલે છે, એમ એને પૃથ્વી પર, જ્યાંથી પોતે બહિષ્કૃત થયો હતો એ સમાજ પાસે જવાની ઉત્કટ ઝંખના જાગે છે.

સુલિવાન એને રોકવાનો પ્રયત્ન કરે છે ત્યારે જોનાથન કહે છે: 'જો આપણી મૈત્રી સ્થળ અને સમય જેવી બાબતો પર નભતી હોય, તો જ્યારે એ બંનેને આપણે અતિક્રમી જઈએ ત્યારે મૈત્રી નષ્ટ થઈ જાય. પરંતુ સ્થળને અતિક્રમીએ અને **'અહીં'** રહી જશે; સમયને અતિક્રમીએ અને **'હમણાં'** રહી જશે. આ અહીં અને હમણાંની વચ્ચે આપણે એકાદ-બે વાર એકમેકને નહીં જોઈએ?'

જોનાથન પૃથ્વી પર આવે છે ત્યારે એને પોતાની જેવા જ એક બહિષ્કૃત પંખીનો ભેટો થાય છે: સમાજ પ્રત્યે ધિક્કારથી છલકતા આ પંખીને એ પ્રેમનો માર્ગ, ઉડ્ડયનનો માર્ગ બતાવે છે...

આવાં બીજાં છએક બહિષ્કૃત શિષ્યો જોનાથનને મળે છે. આ શિષ્યોની તાલીમના ચોક્કસ તબક્કે એ સમાજમાં પાછા ફરવાનો વિચાર કરે છે.

પૂર્ણયોગ સિદ્ધ કર્યા પછી પૃથ્વી પર આ યોગ અવતારવા મથતા યોગી જેવો આ વિચાર છે. શિષ્યોને એ મંજૂર નથી, પણ જોનાથનના આગ્રહ આગળ તેઓ નમતું આપે છે. સમાજ બહારથી તો તેમનો તિરસ્કાર કરે છે પણ તેમની સિદ્ધિઓથી વિસ્મય અનુભવે છે અને તેમને સમાજમાંથી એક વધુ શિષ્ય મળે છે. પછી માયનાર્ડ ગલ નામનું પાંખ કપાઈ ગયેલ પંખી જોનાથન પાસે આવીને કહે છે: 'મારે ઊડવું છે...'

'ચાલ, આપણે શરૂ કરીએ...' જોનાથન કહે છે.

'પણ મારી પાંખ જ હું હલાવી શકતો નથી,' એ અપંગ પંખી કહે છે.

'માયનાર્ડ ગલ, તને તું છો એ થવાની સ્વતંત્રતા છે, અહીં અને હમણાં, કશું જ તારો રસ્તો રોકી ન શકે...'

'એટલે હું ઊડી શકું?'

કૃષ્ણમૂર્તિની ચપળતાથી જોનાથન ઉત્તર આપે છે: 'હું કહું છું કે તું મુક્ત છે.'

અને મુક્તિની આ ક્ષણમાં અપંગ પંખી ઊડે છે અને સમાજની આંખ ખૂલી જાય છે.

પંખીઓનો સમાજ આને ચમત્કાર માને છે. જોનાથન દેવપંખી છે એવું કહે છે, ત્યારે જોનાથન નિસાસો મૂકી વિચારે છે: 'તમને કોઈ ન સમજી શકે એની આ કિંમત છે. તેઓ તમને શયતાન કહે, અથવા તો ભગવાન કહે...'

અહીં એના પ્રમુખ શિષ્ય ફ્લેચર ગલને થતો એક અનુભવ આવે છે. એ એક ખડક સાથે અથડાય છે. એ માને છે કે પોતે મૃત્યુ પામ્યો છે, પણ જોનાથન કહે છે કે આ તો તારી ચેતનાની અવસ્થા બદલાઈ છે. ખડકમાંથી પણ રસ્તો કરી શકે એવી આ અવસ્થા છે. તું એ સ્થિતિમાં રહી શકે, અથવા પાછો આવી શકે.

ફ્લેચર પાછા આવવાનું પસંદ કરે છે. ફ્લેચરને નવજીવન પામતો જોઈ ટોળાબંધ સમાજ જોનાથનને શયતાનની શક્તિ ધરાવનાર માની તેના પર ધસે છે. જોનાથન અને ફ્લેચર ઊંચે ઊડે છે અને પંખીઓનાં ટોળાઓની ચાંચ ખાલી હવામાં બચકાં ભરે છે...

ફ્લેચર આ ટોળાની આક્રમકતા નથી ભૂલ્યો, પણ જોનાથન તો હજી એને પ્રેમ કરે છે. ફ્લેચર પૂછે છે: 'જે પંખીઓના ટોળાએ તમને મારવાનો યત્ન કર્યો હતો તેને તમે ચાહી કેમ શકો?' જોનાથન કહે છે: 'આપણે ધિક્કાર કે દ્વેષને પ્રેમ નથી કરતા. આપણે તો આ બધામાંથી સાચા પંખીને શોધી કાઢવાનું છે—અને સૌ પોતાની જાતે એ સમજી શકે એ કરવાનું છે. મારે મન આ જ પ્રેમનો અર્થ છે...'

અને જોનાથન આ પૃથ્વી પરથી વિલય પામવાનો નિર્ણય કરે છે; એનો દેહ પારદર્શક બનવા લાગે છે. એ કહે છે: 'આ લોકો મારા માટે ખોટી અફવાઓ ન ફેલાવે કે મને ભગવાન ન ગણી કાઢે એ જોજે... તારી આંખ જે કહે એ ન માનતો. આંખો મર્યાદા બતાવે છે. તારી સમજણથી જોજે, અને તું જે જાણે જ છે એ શોધી કાઢજે અને તને ઉડ્ડયનનો માર્ગ મળશે...'

જોનાથન હવામાં પીગળી જાય છે...

ફ્લેચર પોતાને જોનાથને જે શબ્દોથી તાલીમ આપવી શરૂ કરી હતી, એ જ શબ્દોથી પોતાના શિષ્યોને ઉડ્ડયન શીખવવાનું આરંભે છે—અને કથા અહીં અંત પામે છે.

રિચર્ડ બાકની આ કથામાંના દર્શન સાથે હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી વગેરે દર્શનોને સાંકળવામાં આવ્યાં છે; પણ બાકને આવું કોઈ ચોક્કસ દર્શન અભિપ્રેત હશે કે કેમ એ વિશે શંકા રહે છે. આ માણસની વાત છે. માણસ ખાવામાંથી અને લડવામાંથી ઊંચો આવતો નથી અને જીવવાની કલાના પરમ સત્યને ભાગ્યે જ પામે છે. કોઈક વિરલ વ્યક્તિ આ સત્ય પામે છે ત્યારે એ પેલી 'ગેરસમજૂતી'નો ભોગ બની કાં શયતાન, કાં ભગવાન બની જાય છે.

માણસમાં પોતામાં જે જ્ઞાન રહ્યું છે તેને શોધી કાઢવાની વાત કદાચ લેખકને કહેવી છે. માણસ સ્થળથી બદ્ધ છે. પણ સ્થળનાં બંધનો તૂટે તો એ સર્વત્ર 'અહીં'નો અનુભવ કરી શકે. માણસ કાળથી બદ્ધ છે. જો એ કાળનાં બંધનો કાપી શકે તો હમેશાં 'હમણાં'નો જ અનુભવ કરી શકે.

હયાતીની આ 'અહીં' અને 'હમણાં' વચ્ચેની ક્ષણને ઝડપવામાં જો સર્જકને સફળતા મળે તો એને શાશ્વતીનું વરદાન મળે છે. જે 'અહીં' છે એ બધે છે અને અહીં નથી એ ક્યાંય નથી. જે 'હમણાં' છે એ ત્રણે કાળમાં છે. જે હમણાં નથી, એ ક્યારેય નથી.

મૃત્યુ, જન્મ, પુનર્જન્મ, —આ બધું જ ઉપલક બની જાય છે, જો આ 'અહીં' અને 'હમણાં' વચ્ચેની ક્ષણ મળી શકે તો.

લેખક કહે છે: 'જોનાથન આપણા સૌમાં પ્રજળતી પ્રકાશિત જ્યોત છે. જ્યારે આપણે સંપૂર્ણતાને પહોંચીએ એવી ક્ષણોમાં જ એ પ્રગટે છે.'

લેખકનો દાવો આ કથા પોતાને કોઈ અવાજ દ્વારા કહેવાઈ હોવાનો છે. પ્રત્યેક ઉત્તમ કથા આવા જ કોઈ અવાજ દ્વારા કહેવાતી હોય છે. એટલે જ આ અવાજની રહસ્યમયતા કોઈ પણ સંજોગોમાં ઓછી થતી નથી. જોનાથન લિવિંગ્સ્ટન એ રિચર્ડ બાક નથી, તમે નથી, હું નથી; છતાં બાકમાં, તમારામાં, મારામાં સૌમાં એ વસે છે. બાકે પેલા જોનાથનની માફક જ પોતે જે જાણે છે એને શોધવાનો, પોતાની સર્જકતાના વિશેષને પામવાનો પ્રયત્ન કર્યો અને તેનું પરિણામ આ નવલકથા છે.

આ કથા કદાચ જગતના અભિજાત ગ્રંથોની હરોળમાં ન બેસી શકે. હેમિંગ્વેના સાગર કે વૃદ્ધ માછીમારનાં રૂપકો બાકના સીગલ કરતાં વધારે જીવંત પરિમાણ ધરાવે છે: કારણ કે એ નિષ્ફળ પણ જાય છે; અને જીવનના સંઘર્ષમાં નિષ્ફળતામાં પણ જે ગૌરવ રહ્યું છે એનો મહિમા કરે છે. બાકનો જોનાથન નિત્શેના સુપરમેનની માફક એક પછી એક શ્રેષ્ઠતાની કક્ષા પર પહોંચે છે. પણ એની ખરી ખૂબી પ્રેમ અને કરુણાના વિસ્તારમાં રહી છે. જોનાથન સુલિવાનને છોડી પૃથ્વી પર પાછો ફરે છે, એનાથી આખી કથામાં માનવીય પરિવર્તન આવે છે. પૃથ્વી પરના અવતારો કદાચ કરુણા અને પ્રેમનો આવો જ વિસ્તાર ધરાવતા હશે. અને એટલે જ 'ગેરસમજૂતી'ની કોઈ રચનાત્મક ક્ષણે તેઓને દેવ બનાવી દેવાયા હશે.

આ લઘુકથાને તમે અસાધારણ માનો, કે ન માનો, એકવાર તેની પાસે જવા જેવું છે. કારણ કે જોનાથન લિવિંગ્સ્ટન સીગલને પામવાનો પ્રયત્ન તમારી જાતને પામવા જેવો છે.

તમે સ્થળને અતિક્રમો તો 'અહીં' છો; સમયને અતિક્રમો તો 'હમણાં' છો: અને આ બંને વચ્ચેની કોઈક ક્ષણમાં જોનાથન લિવિંગ્સ્ટન સીગલ વાસ કરે છે.

હરીન્દ્ર દવે

# મહાવીર

પ્રાચીન હિંદુ ધર્મના સિદ્ધાંતો અપનાવી લેવા છતાં તેની વિધિઓ, આચારો અને સમાજવ્યવસ્થાના પ્રખર ટીકાકારો તરીકે બુદ્ધ–મહાવીરનાં નામો હમેશાં સાંકળી લેવામાં આવે છે. પણ આ બે મહાનુભાવોનાં સ્થાન અને કાર્ય વચ્ચે કેટલેક મહત્ત્વનો તફાવત વીસરી જવામાં આવે છે.

બુદ્ધ નવા સંપ્રદાયના સ્થાપક છે, જ્યારે મહાવીર પ્રસ્થાપિત ધર્મના સમર્થક અને પ્રચારક છે. મહાવીર જૈન ધર્મના પહેલા નહીં પણ છેલ્લા તીર્થંકર છે. જૈન ધર્મના આદિકાળ અંગે અથવા તો અગાઉ થઈ ગયેલા તીર્થંકરો સંબંધે આપણી પાસે જે કાંઈ સામગ્રી છે તે વિશ્વાસપાત્ર નથી, પણ "નિર્ગ્રંથ" એવા નામે ઓળખાતો આ સંપ્રદાય ભારતમાં ઘણા પ્રાચીન કાળથી અસ્તિત્વ ધરાવતો હતો તેમાં શંકાને સ્થાન નથી. આ તફાવતનું મહત્ત્વ એ છે કે બૌદ્ધ ધર્મના મૂળ સિદ્ધાંતોમાં જે કાંઈ સારુંનરસું છે તેની તમામ જવાબદારી સર્વસ્વ રીતે ગૌતમ બુદ્ધની છે, પણ જૈન ધર્મની પ્રરૂઢ પરંપરા અને મહાવીરના અંગત ખ્યાલો અને મંતવ્યોને ચોકસાઈપૂર્વક ઠરાવીને અલગ પાડી શકાતા નથી. મહાવીરના જમાનાના અથવા તેમની અગાઉના જૈન સંપ્રદાયના આચારવિચારો અંગેની વિગતો આપણે જાણતા નથી તેથી મહાવીરે પોતે તેમાં કેવા અને કેટલા ફેરફારો કર્યા તે ઠરાવી શકાય તેમ નથી. પોતાના ધર્મના આચારવિચારો અનાદિકાળથી જેમના તેમ ચાલતા આવ્યા છે અને ચાલી રહ્યા છે તેવી શ્રદ્ધાળુ લોકોની માન્યતા અપનાવી શકાય નહીં, કારણ કે જગતમાં કોઈ ખ્યાલો કે આચારો એવા નથી કે જે ઈતિહાસના પ્રવાહમાં દેશકાળ અનુસાર પલટાયા ન હોય.

બુદ્ધની જીવનકથામાં તેમની બાહ્ય પ્રવૃત્તિઓ ઉપરાંત તેમની વિચારધારા ઘણા મોટા પ્રમાણમાં જળવાઈ રહી હોવાથી તેમના વ્યકિતત્વનું યથાતથ વિશ્લેષણ કરવું આસાન બની જાય છે. મહાવીરના કુટુંબજીવન અને વિતરાગીપણાની વિગતો જળવાઈ હોવા છતાં તેમના મનોવ્યાપારની વિગતો સાચવવામાં આવી નથી અને તેથી ઈતિહાસની નિર્મમ દષ્ટિએ તેમનું આકલન મુશ્કેલ છે. જૈન સિદ્ધાંતો અને આચારોનો મહાવીર શા માટે અને કેટલા પ્રમાણમાં સ્વીકાર-અસ્વીકાર કરતા હતા તે જાણવાનું આપણી પાસે કોઈ સાધન નથી. સમાજની પ્રચલિત રૂઢિઓ કોઈ વિભૂતિપુરુષ સંપૂર્ણપણે કબૂલ રાખે તેવું કદી બનતું નથી, કારણ કે સમાજના ચોકઠામાં બીબાઢાળ બેસી જનાર માણસો મોટે ભાગે વિચારમૂઢ અને આકૃતિવિહીન હોય છે. મહાવીર માટે આ વિશેષણો વાપરી શકાય તેવું નથી અને છતાં સ્થાપિત પ્રણાલીઓથી તેમની વિભિન્નતાના અજ્ઞાનને લીધે તેમનું વ્યકિતત્વ ફિક્કું અને વિશિષ્ટ અર્થવિહોણું જણાય છે.

મહાવીરના જીવન અને ઉપદેશ અંગે જે કંઈ માહિતી ઉપલબ્ધ છે તે અતિશય તૂટકછૂટક છે. જૈન ધર્મના અગ્રણીને છાજે તેવા ઉગ્ર અને સફળ તપસ્વી તરીકે મહાવીરની છાપ ઊભી કરી શકે તેવા પ્રસંગો જ જળવાયા છે, જ્યારે તેમના ઉપદેશો–પ્રવચનોનું જોઈએ તેટલું સંગોપન કરવામાં આવ્યું નથી.

મહાવીર કથાનું બીજું અંગ તે ચમત્કારવર્ણન. જીવનમાં ચમત્કારો થતા જ નથી તેમ કહેવું વાજબી નથી. સમજી કે સમજાવી ન શકાય તેવા કેટલાક પ્રસંગો આપણે જોઈએ, અનુભવીએ છીએ. પણ સમર્થ વિભૂતિઓનું મૂલ્યમાપન કરતી વખતે આવા પ્રસંગો તરફ દુર્લક્ષ કરવું જોઈએ, કારણ કે ચમત્કારો થયા હોય કે ન થયા હોય તેનાથી તેમના વ્યકિતમત્વમાં કશો ફરક પડતો નથી. સર્પદંશ થાય ત્યારે મહાવીરના અંગૂઠામાંથી દૂધ નીકળે કે પાણી નીકળે તેથી મહાવીરનું આધ્યાત્મિક મૂલ્ય રજમાત્ર પણ વધતું-ઘટતું નથી.

મહાવીરના જીવનફલક પર નજર ફેરવીએ ત્યારે કેટલીક રસપ્રદ બાબતો ઉપર તરી આવે છે. બુદ્ધે પોતાનાં મા-બાપ અને પત્ની-પુત્રને રડતાં-કકળતાં મૂકીને ઘર છોડયું, જ્યારે મહાવીરે પોતાનાં મા-બાપનું મન સાચવવા માટે તેમના અવસાન સુધી સબૂરી પકડી અને છેવટે મોટાભાઈની અનુમતિથી ગૃહત્યાગ કર્યો. અંતેવાસીઓ પ્રત્યે આવી મમતા દાખવનાર મહાવીરને પોતાના સંબંધીઓ અને અનુયાયીઓનું શત્રુત્વ પ્રાપ્ત થયું એ મોટી નવાઈની વાત છે. તેમના જમાઈ જામાલી અને પટ્ટશિષ્ય ગોશાલ બંને મહાવીરના કટ્ટર હરીફ અને ઉગ્ર ટીકાકાર બન્યા. બુદ્ધ સામે પણ દેવદત્તે ઉપાડો લીધો હતો પણ તેનો ખાસ કશો પ્રભાવ પડયો જણાતો નથી, જ્યારે ગોશાલે તો મહાવીર સામે ઠીકઠીક ટક્કર લીધી જણાય છે. આ મતભેદ અંગેની પ્રચલિત પરંપરાઓ પર મનન કરીએ તો તે ઝઘડો સિદ્ધાંત નહીં પણ આચાર અને સંગઠન અંગેનો મતભેદ હોય તેવી અસ્પષ્ટ છાપ મનમાં ઊભી થાય છે. બુદ્ધ અને દેવદત્ત વચ્ચે સૈદ્ધાંતિક વલણનો તફાવત સ્પષ્ટ જણાય છે.

આચારધર્મના ચુસ્ત અને કડક શિસ્તપાલનના મહાવીર કઠોર પુરસ્કર્તા હતા. તેમનાં મંતવ્યો હમેશાં આત્યંતિક હોવાનું જણાય છે. અપરિગ્રહનો ખ્યાલ તેમણે છેક દિગંબરત્વ સુધી પહોંચાડયો અને તપશ્ચર્યાને દેહકષ્ટ બનાવી. માથાના વાળ મૂંડી નાખવાને બદલે ખેંચી કાઢવામાં આત્મત્રાસ સિવાય શો ફાયદો હશે તે સમજાય તેવું નથી. પણ આ મનોવૃત્તિના પરિણામે મહાવીરના હાથે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં અત્યંત મહત્ત્વનો ફાળો નોંધાયો. આ જમાનાની ભારતીય વિચારધારામાં અહિંસાનો અસ્પષ્ટ, અચોક્કસ, ધૂંધળો ખ્યાલ વિકસી રહ્યો હોવાનું હિંદુ અને બૌદ્ધ ગ્રંથો પરથી જણાય છે. પણ આ ખ્યાલને સર્વાંગશુદ્ધ બનાવીને હિંસાની જોડેજોડે હિંસાના મૂળ કારણસમા માંસાહાર તજવાનો ઉપદેશ મહાવીર સિવાય અન્ય કોઈ વિચારકે આપ્યો નથી. કેવળ "પ્રાણઘાતનિવૃત્તિ" જ નહીં પણ પૂરેપૂરી અહિંસાની પ્રતિષ્ઠા કરવાનો યશ મહાવીર સિવાય અન્ય કોઈને ખાતે ફાળવી શકાય તેવું નથી.

બૌદ્ધ અને જૈન સંઘો સ્થપાયા પછીની તેમની વિકાસગાથામાં ઘણો આશ્ચર્યજનક તફાવત છે. બૌદ્ધ ધર્મ ઝડપભેર ફેલાયો, સામ્રાજ્યધર્મ બન્યો, દેશપરદેશમાં બહોળા ક્ષેત્રમાં ફેલાયો, તેમાં ઘણાં ઘણાં પરિવર્તન થયાં અને છેવટે તેના ઉદ્‌ભવસ્થાન ભારતના પ્રધાન ધર્મ હિંદુ ધર્મમાં ધીમે ધીમે લોપાઈ જવાથી બૌદ્ધ સંઘનો સમૂળો ઉચ્છેદ થયો. જૈન ધર્મ અતિશય ધીમે ધીમે ફેલાયો. તેના અનુયાયીઓની સંખ્યા હમેશાં અતિશય મર્યાદિત રહી, તેમાં ઘણા ફાંટાફૂંટા પડયા અને આ બધાં જૂથો વચ્ચે ઉગ્ર ઝઘડાઓ પણ થયા. પણ તેના સ્વરૂપમાં ખાસ કશું પરિવર્તન પણ થયું નથી અને તેનો લોપ પણ થયો નથી. આ ધર્મ ભારતની બહાર કશે જ ફેલાયો નથી છતાં આટલાં વર્ષોથી ભારતમાં માનાર્હ સંપ્રદાય તરીકે ટકી રહ્યો છે. વખંભર વડલ જેવો બૌદ્ધ ધર્મ અલોપ થઈ ગયો ત્યારે જૈન ધર્મનું આ નાનકડું તણખલું કાળના તોફાની પ્રવાહમાં જેમનું તેમ ટકી રહ્યું છે. આવું બનવાનાં બે કારણ વિચારી શકાય. બૌદ્ધ અને જૈન ધર્મની જીવનદષ્ટિ તત્ત્વત: વિભિન્ન છે. બૌદ્ધ ધર્મ જ્ઞાનપ્રધાન હોવાથી નવા નવા ખ્યાલો અને વિચારધારાને પરિણામે તેના સ્વરૂપમાં સતત આવેલા પલટા–હિનયાન, મહાયાન, વજ્રયાન, સહજયાનને લીધે તેનો ઝડપી વિકાસ અને આખરી વિલોપન શકય બન્યું. જૈન ધર્મ મુખ્યત્વે આચારપ્રધાન ધર્મ હોવાથી, પ્રસ્થાપિત થઈ ચૂકયા બાદ તેના વિકાસ કે અવનતિની સંભાવના શૂન્યવત્ બની જાય છે. આ આચાર અત્યંત કઠોર હોવાથી જૈન ધર્મ લોકપ્રિય બની શકયો નહીં.

પણ સમાજશાસ્ત્રીઓ માટે વધારે રસપ્રદ કારણ તો આ બે ધર્મોમાં જણાઈ આવતી સંગઠનભિન્નતા છે. આ બંને વિચારધારાઓ સંસારવિમુખ, વિતરાગી વિચારસરણીઓ છે. મર્યાદિત સમય પૂરતી "પ્રવજ્યા" લેવાની છૂટ આપનાર બુદ્ધે કેવળ ભિખ્ખુઓ માટે જ ધારાધોરણ ઘડયાં અને આચારવિચાર ઠરાવી આપ્યા. પણ સંસાર

છોડવા અસમર્થ અનુયાયીઓની તેમણે સંપૂર્ણ ઉપેક્ષા કરી. જૈન સંઘમાં મુનિઓના આચારધર્મ ઉપરાંત સંસારી અનુયાયીઓ-શ્રાવકો માટે પણ અણુવ્રતો ઠરાવી આપવામાં આવ્યાં અને એ રીતે બંને વર્ગને સાંકળી લેતી સુદઢ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આપણી પાસે પાકો પુરાવો નથી તેથી છાતી ઠોકીને કહી શકવાની આપણી સ્થિતિ નથી, પણ મહાવીરની પ્રવૃત્તિઓ પરથી છાપ એવી પડે છે કે શ્રાવકો અને મુનિઓને પરસ્પર જોડી લેતા સંગઠનનો મૂળ ખ્યાલ મહાવીરે વિકસાવ્યો અને પોતાની સંગઠનકુશળતાથી તેમણે લગભગ એકલે હાથે આ ભગીરથ કાર્ય પૂરું કરીને નગણ્ય નિર્ગ્રંથ સંપ્રદાયને મહાકાય જૈન સમાજમાં ફેરવી નાખ્યો. આ સંપ્રદાયનાં વિચાર-બીજ નાખનાર અગાઉના તમામ તીર્થંકરો જનસમુદાયની દષ્ટિએ મહાવીરની વિરાટ પ્રતિભા સામે શૂન્યવત્ બની ગયા. તેમનાં નામ જળવાઈ રહ્યાં, પણ કામ તો કેવળ મહાવીરનું જ જળવાયું અને નિર્ગ્રંથ પંથ જિનપ્રભુનો સમાજ બન્યો.

બૌદ્ધ ધર્મ ધીમે ધીમે હિંદુ ધર્મમાં સમાઈ ગયો. હિંદુ ધર્મ પર તેના આગેવાનો, આચારવિચારો અને વિધિનિષેધોએ પાડેલો પ્રભાવ આંખે ઊડીને વળગે તેટલો સ્પષ્ટ છે. બુદ્ધ, વિષ્ણુના આઠમા અવતાર તરીકે પૂજાયા, તાંત્રિકો-સહજયાનીઓ અને શાકતો-વૈષ્ણવો વચ્ચે એટલું બધું આચારવિચારસામ્ય છે કે તેમના વચ્ચે ભેદરેખા દોરવી ક્યારેક અશક્ય બની જાય છે. ચોરાશી સિદ્ધો અને નવ નાથોમાં કેટલાક બૌદ્ધ છે, કેટલાક હિંદુ છે અને કેટલાક બંને હોવાનો દાવો કરે છે. બૌદ્ધોએ હિંદુ ધર્મમાં સમાવિષ્ટ થઈને જે પ્રભાવ પાડયો છે, લગભગ તેટલો જ પ્રભાવ જૈન ધર્મે અળગા રહીને પાડયો છે. જૈન સંઘ ટચૂકડો હોવાથી સામાજિક જીવનમાં અળગાપણું સાચવી શકયો નથી. જૈનો અને હિંદુઓ એવા ઓતપ્રોત થઈ ગયા છે કે જૈન ધર્મ હિંદુઓથી વેગળો અને તેનો વિરોધી તેવું કહીએ તો સામાન્ય માણસને આઘાત લાગે છે. પણ તત્ત્વદષ્ટિએ આ હકીકતનો કોઈ ઈનકાર કરતું નથી. ધાર્મિક ક્ષેત્રમાં આ બંનેનું સંમિલન કદી થયું નથી અને ભારતના લોકોએ આ બંનેનું અળગાપણું સમજવામાં કદી ભૂલથાપ ખાધી નથી. સાંસ્કૃતિક, સાહિત્યિક અને વૈચારિક ક્ષેત્રોમાં આ બંને ધર્મો વચ્ચેની લેવડદેવડ ગુજરાતી વાચકો માટે એટલી સુપરિચિત છે કે તેનું વિગતવાર વર્ણન કરવું તે ચવાઈ ગયેલા કોળિયાને ફરી ચાવી જવા જેવું થાય.

નગીનદાસ સંઘવી

## સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૬-૭૩ શનિવારના રોજ સાંજના સાડાપાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

તેમાં ગત વાર્ષિક સભાનો તા. ૨૪-૬-'૭૨નો વૃત્તાંત વાંચવામાં આવ્યો હતો અને તે સર્વાનુમતે મંજૂર રહ્યા બાદ નીચે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શરૂઆતમાં સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ૧૯૭૨ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યા હતાં. આ વાર્ષિક વૃત્તાંત તથા હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતાં.

ત્યાર બાદ સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટરો તરીકે મે. શાહ મહેતા એન્ડ કાં.ને ચાલુ મહેનતાણાથી ૧૯૭૩ના વર્ષ માટે ચાલુ રાખવા એમ ઠરાવવામાં આવ્યું અને ગત વર્ષ ૧૯૭૨ના ચોપડાઓ ઓડિટ કરી આપવા માટે તેમનો આભાર માનવામાં આવ્યો.

ત્યાર બાદ ચાલુ વર્ષ માટે સંઘની કાર્યવાહક સમિતિના પાંચ અધિકારીઓ અને પંદર સભ્યોની ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. શરૂઆતમાં પાંચ અધિકારીઓ સર્વાનુમતે ચૂંટાયા બાદ ઉપસ્થિત સભ્યોને મતપત્રકો વહેંચવામાં આવ્યાં હતાં અને કારોબારીના પંદર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી.

ચૂંટણીની વ્યવસ્થા તથા મતગણતરીનું કામ સંઘના ઓડિટર શ્રી શાહ તથા કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહને સોંપવામાં આવ્યું હતું.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ સંઘની પ્રવૃત્તિઓ જે રીતે ચાલી રહી છે એ વિષે પોતાની સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને આજીવન સભ્યો વધારે બને એ માટે પ્રયત્ન કરવાનું સૂચવ્યું હતું.

વાચનાલય અને પુસ્તકાલયમાં જે મોટી ખોટ ઊભી છે અને તેમાં દર વર્ષે ઉમેરો થતો રહે છે તેનો અંત લાવવા માટે આગામી ઓકટોબર માસમાં એકાદ નાટકનો શો યોજીને રૂપિયા પચાસ-સાઠ હજાર મેળવી લેવાને લગતું આયોજન કરવાને લગતી સૂચના કરી હતી.

નવી પ્રવૃત્તિઓ શરૂ કરવાની વાતને તેમણે સંમતિ આપી હતી, પરંતુ તે માટે સક્રિય કામ કરનારા સભ્યો આગળ આવે અને એ શરૂ થનાર નવી પ્રવૃત્તિનો બોજો તેઓ ઉઠાવે એવું સૂચન કર્યું હતું અને એવી નવી પ્રવૃત્તિને તેમણે સંપૂર્ણ ટેકો આપવાની ખાતરી આપી હતી.

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચી. કોઠારીએ બોલતાં જણાવ્યું કે, લાયબ્રેરીની ખોટનો અંત લાવવા માટેનું શ્રી ચીમનભાઈનું સૂચન બરાબર છે અને આપણે બધા મળીને એના માટેના એક શોનું આયોજન અવશ્ય કરીશું.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે શ્રીયુત્ ચીમનભાઈએ 'પ્રબુદ્ધ જીવન'ની નૌકા કુશળતાથી ચલાવી છે અને યુવક સંઘને સદ્ધર કર્યો છે તે માટે આપણે તેમનો આભાર માનવો જોઈએ.

## ચૂંટણીનું પરિણામ

૧૯૭૩ ના વર્ષ માટે સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું:

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ –પ્રમુખ
(૨) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી–ઉપપ્રમુખ
(૩) ,, દામજીભાઈ વેલજી શાહ–કોષાધ્યક્ષ
(૪) ,, ચીમનલાલ જે. શાહ –મંત્રી
(૫) ,, સુબોધભાઈ એમ. શાહ –મંત્રી
(૬) પ્રો. રમણલાલ સી. શાહ – સભ્ય
(૭) ,, અમર જરીવાળા ,,
(૮) ,, કે. પી. શાહ ,,
(૯) ,, નીરૂબહેન સુબોધભાઈ શાહ ,,
(૧૦) ,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ ,,
(૧૧) ,, ટોકરસી કે. શાહ ,,
(૧૨) ,, દામિનીબહેન જરીવાળા ,,
(૧૩) ,, બાબુભાઈ જી. શાહ ,,
(૧૪) ,, એ. જે. શાહ ,,
(૧૫) ,, રમણીકલાલ મણિલાલ શાહ ,,
(૧૬) ,, શાન્તિલાલ દેવજી નન્દુ ,,
(૧૭) ,, હરિલાલ ગુલાબચંદ શાહ ,,
(૧૮) ,, જ્યંતીલાલ ફત્તેહચંદ શાહ ,,
(૧૯) ,, રસિકલાલ એમ. ઝવેરી ,,
(૨૦) ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા ,,

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત—૧૯૭૨ ☆

૧૯૭૨ના વર્ષનો વાર્ષિક વૃત્તાંત આપની સમક્ષ રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ અહેવાલ વહીવટી દષ્ટિએ તા. ૧-૧-'૭૨થી ૩૧-૧૨-'૭૨ સુધીનો અને કાર્યવાહીની દષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૨૪-૬-'૭૨ના રોજ મળી હતી, ત્યારથી આજ સુધીનો એટલે તા. ૨૩-૬-'૭૩ સુધીનો છે.

### "પ્રબુદ્ધ જીવન"

સંઘની પ્રવૃત્તિમાં, હંમેશ સમાજમાં નવા વિચારો ફેલાવવાનું ધ્યેય રહ્યું છે. આપણે આ કાર્ય બહુ જ સુંદર રીતે "પ્રબુદ્ધ જીવન" દ્વારા કરીએ છીએ. સ્વ. પરમાનંદભાઈ પછી "પ્રબુદ્ધ જીવન" ચલાવવાની આપણી મોટી ચિન્તા હતી, પરંતુ આપણા વિદ્વાન પ્રમુખ શ્રી ચીમનભાઈએ આની જવાબદારી લીધી અને આજે બે વર્ષથી એમણે, એમનો આત્મા "પ્રબુદ્ધ જીવન"માં રેડયો છે એમ કહેવામાં કોઈ અતિરેક થતો હોય એમ અમે માનતા નથી. "પ્રબુદ્ધ જીવન"ના ઉચ્ચ ધોરણની પ્રશંસા કરતા અનેક પત્રો અમને મળ્યા છે.

ગત વર્ષ દરમિયાન "પ્રબુદ્ધ જીવન"ને રૂા. ૧૧૮૪૭-૮૦ની આવક થઈ છે, જ્યારે રૂા. ૧૮૬૩૭-૭૧નો ખર્ચ થયો છે. પરિણામે રૂા. ૬૭૮૯-૯૧ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી આપણા આ પ્રકાશનને દરવર્ષે રૂા. ૨૫૦૦-૦૦ ભેટ મળે છે, તે માટે આપણે તેમના આભારી છીએ. એર્ડ્રેસીઝ, રેપરોન। પ્રિન્ટિંગ ખર્ચના તેમ જ કાગળના ભાવવધારાને કારણે આ વર્ષે "પ્રબુદ્ધ જીવન"ની ખોટમાં થોડો વધારો થશે.

### શ્રી મ. મો. શાહ સા. વા. પુ.

ગત વર્ષ દરમિયાન રૂા. ૨૧૨૪-૪૦નાં નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૧૪૮૯૫-૯૯નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૭૨૫૨-૬૯ની થઈ. (જેમાં મ્યુનિસિપાલિટીની રૂા. ૨૫૦૦-૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થયો છે.) એટલે રૂા. ૭૬૪૩-૩૦ની ખોટ છે. આગલાં વર્ષોની ખોટ રૂા. ૨૩૩૨૧-૩૮ ઊભી છે, તેમાં તે રકમ ઉમેરતાં વર્ષની આખરે રૂા. ૩૦૯૪૬-૬૮ની ખોટ ઊભી રહે છે.

નવા વર્ષમાં આપણે નવાં પુસ્તકો અને "ટાઈમ", "ઈમ્પ્રિન્ટ," "ધી ઈકોનોમિસ્ટ" વગેરે ભારે લવાજમોવાળાં અંગ્રેજી સામયિકો તેમ જ કેટલાંક વિશેષ ગુજરાતી સામયિકો પણ શરૂ કર્યાં છે. આ રીતે લાયબ્રેરી સમૃદ્ધ બનતી રહી છે. વિષયવાર તેમ જ લેખકોવાર રજિસ્ટરો પણ તૈયાર કર્યાં છે, એ કારણે વ્યવસ્થિત પણ બની છે. પરંતુ ખર્ચ વધતો જાય છે અને આગળની મોટી ખોટ ઊભી છે, એને પહોંચીવળવા માટે લાયબ્રેરીને મોટી રકમની આવશ્યકતા રહે છે. આ માટે એક ચૅરિટી શોનું આયોજન વિચારવું જોઈએ.

બીજું જણાવવાનું કે આપણે મોટું ખર્ચ કરીને સગવડતાઓ વધારીએ છીએ તેની કદર પણ થાય જ છે. અને જણાવતાં આનંદ થાય છે કે મ્યુનિસિપાલિટીની ગ્રાન્ટ આપણને જે વાર્ષિક રૂા. ૨૫૦૦ મળતી હતી તે નવા વર્ષે રૂા. ૧૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરી છે. આ માટે આપણે મ્યુનિસિપાલિટીના ખૂબ જ આભારી છીએ.

અત્યારે પુસ્તકાલયના ચાલુ સભ્યો ૨૫૧ છે. પુસ્તકાલય પાસે એકંદર અંદાજે ૬૯૦૦ પુસ્તકો છે. પુસ્તક ઘેર લઈ જનાર પાસેથી રૂા. ૧૦ ડિપોઝિટ લેવામાં આવે છે અને વાર્ષિક લવાજમના રૂા. ૫ લેવામાં આવે છે.

આપણા વાચનાલયમાં એકંદર ૧૦૮ સામયિકો આવે છે. તેમાં ૫ દૈનિક, ૧ અર્ધઅઠવાડિક, ૨૬ અઠવાડિક, ૧૧ પાક્ષિક, ૬૦ માસિક, ૫ વાર્ષિક આવે છે. અને ભાષાની દૃષ્ટિએ ગણીએ તો ૭૮ ગુજરાતી, ૧૬ હિંદી, ૧૩ અંગ્રેજી અને ૧ મરાઠી આવે છે. આ વાચનાલયનો લાભ લેવા માટે કોઈ પણ જાતની પ્રવેશ-ફી કે લવાજમ રાખવામાં આવેલ નથી અને કોઈ પણ પ્રકારના નાતજાતના ભેદ વગર ગમે તે વ્યકિત સવારના ૮ાાથી સાંજના ૭ વાગ્યા સુધી વાચનાલય અને પુસ્તકાલયનો લાભ લઈ શકે છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૫ સપ્ટેમ્બરથી ૧૨ સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે, ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવી હતી.

જેઓ છેલ્લાં દસ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ શોભાવતા હતા ને વિદ્વદ્વર્ય પ્રા. ગૌરીપ્રસાદ ચુનીલાલઝાલા-ઝાલા-સાહેબ-નું અવસાન થવાના કારણે, તેમના ઉત્તરાધિકારી જેવા પ્રા. રમણલાલ ચી. શાહે આ વખતની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું.

આ વખતની વ્યાખ્યાનમાળામાં નીચે મુજબના વક્તાઓને નિમંત્રવામાં આવ્યા હતા:

પ્રા. અમૃતલાલ યાજ્ઞિક, પ્રા. તારાબહેન શાહ, પંડિત દલસુખભાઈ માલવણિયા, શ્રી ચન્દ્રવદન સી. મહેતા, શ્રી ઈશ્વર પેટલીકર, સાધ્વીશ્રી પ્રિયદર્શનાજી, શ્રી યશોધર મહેતા, પ્રા. રમણલાલ ચી. શાહ, શ્રી શ્રીમન્નારાયણ, શ્રી જી. રામચન્દ્રન, પ્રા. ઉષાબહેન મહેતા, શ્રી પુરુષોત્તમ ઝલોટાજી (ભજન સંગીત), આચાર્યશ્રી યશવંત શુક્લ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, પ્રા. કલ્યાણમલજી લોઢા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ.

આ વખતે બહારગામથી આઠ વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવ્યા હતા. આઠેય દિવસ શ્રોતાઓની સારી હાજરી રહી હતી અને ધાર્યા પ્રમાણે કાર્યક્રમ સાંગોપાંગ પાર પડયો હતો.

### વસન્ત વ્યાખ્યાનમાળા

છેલ્લાં ચાર વર્ષથી સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ વસંત વ્યાખ્યાનમાળા આ પાંચમા વર્ષે પણ ફ્લોરા ફાઉન્ટન ઉપર આવેલા તાતા ઓડિટોરિયમમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે, એપ્રિલ માસની તારીખ ૨૩-૨૪-૨૫-૨૬ એમ ચાર દિવસ માટે યોજવામાં આવી હતી. તેમાં અલગ અલગ વિષયો પર નીચેના ચાર વકતાઓ બોલ્યા હતા. **શ્રી કુમુદ ખન્ના** ("ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"ના સહાયક તંત્રી) ભારતની વિદેશનીતિ પર, **ડૉ. જે. એસ. રાજ** (ચેરમેન, યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા) વર્તમાન આર્થિક પરિસ્થિતિ પર, **ડૉ. વી. એમ. દાંડેકર** (ડિરેક્ટર, ગોખલે ઈન્સ્ટિટયૂટ ઓફ પોલિટિક્સ એન્ડ ઈકોનોમિક્સ, પૂના.) આર્થિક બીમારીના સરકારી ઈલાજો ઊંધી દિશાના—એ વિષય પર, **શ્રી જી. એલ. મહેતા** (અમેરિકા ખાતેના ભૂતપૂર્વ ભારતીય એલચી) વિદેશનીતિનું ઘડતર—એ વિષય પર. આમાં ડૉ. વી. એમ. દાંડેકર વ્યાખ્યાન આપવા માટે ખાસ પૂનાથી આવ્યા હતા. ચારે વ્યાખ્યાનો ખૂબ જ રસપ્રદ રહ્યા હતા અને શ્રોતાઓની હાજરી પણ સારી રહી હતી.

### વૈદ્યકીય રાહત

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને નાતજાતનો કશો પણ ભેદભાવ રાખ્યા સિવાય વૈદ્યકીય રાહત માટે પેટંટ દવાઓ તેમ જ ઈંજેકશનો આપવામાં આવે છે. જૈન ક્લિનિકના ડૉ. સાંગાણી ખૂબ જ જરૂરિયાતવાળા દર્દીઓની ચકાસણી કરીને ચિઠ્ઠી આપે તેમને મફત દવા મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગોઠવણના પરિણામે આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલી રહી છે. આ કાર્યમાં

સહકાર આપવા માટે અમે ડૉ. સાંગાણી સાહેબના આભારી છીએ.

વૈદ્યકીય રાહતનાં સાધનો પણ જરૂરિયાતવાળા ભાઈબહેનોને મફત આપવામાં આવે છે. આ ખાતામાં આગલા વર્ષની રૂા. ૧૨૬૯-૯૦ની પુરાંત હતી, અને રૂા. ૬૨-૦૦ ભેટના મળ્યા- આમ એકંદર રૂપિયા ૧૩૩૧-૯૦ થયા, તેમાંથી ચાલુ વર્ષમાં રૂા. ૧૨૩૨-૧૫ ચૂકવાયા છે, તે બાદ જતાં આ ખાતામાં રૂા. ૯૯–૭૫ની પુરાંત રહે છે. એટલે નવા વર્ષ માટે આ ખાતામાં રૂા. ૧૨૦૦થી ૧૫૦૦ના દાનની અપેક્ષા રહે છે.

### હોમિયોપથી સારવાર રિઝર્વ ફંડ

આપણા જૂના અને વયોવૃદ્ધ સભ્ય શ્રીયુત્ મંગળજી ઝવેરચંદ મહેતાના પ્રયત્નથી આ ખાતામાં રૂા. ૧૫૦૦ની રકમ મળી છે. તેનું વ્યાજ જ વાપરવું એવી તેમની શરત છે, અને નવી વધારે રકમો મેળવવા માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. અઠયાસી વર્ષની ઉમ્મરે આટલી ધગશ ધરાવીને સંઘને ઉપયોગી થવાની તેમની વૃત્તિ માટે આપણે ખરેખર તેમના આભારી છીએ.

### વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો

**૧૯૭૨**

જુલાઈ ૪: અમેરિકામાં મિશિગન યુનિવર્સિટીમાં કેટલાંય વર્ષોથી જૈન ધર્મનો અભ્યાસ કરાવતા પ્રાધ્યાપક શ્રી પદ્મનાભ જૈની સાથે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

જુલાઈ ૭: યુવક સંઘ તેમ જ મુંબઈ સર્વોદય કેન્દ્રના ઉપક્રમે, ૧૨ વર્ષ માટે ઘરબાર છોડીને, લોકહિતનું ચિન્તન કરતી, લોકયાત્રાએ નીકળેલી ચાર પદયાત્રી બહેનોનું સન્માન કરવાને લગતી એક સભા યોજવામાં આવી હતી.

ઓગસ્ટ ૨૫: સુરતના રેડિયો કલાકાર શ્રી મહેન્દ્રકુમાર ચાવડાનો એક સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ઓકટોબર ૧૦: સર્વોદય કાર્યકર અને જાણીતા વિચારક શ્રી સિદ્ધરાજ ઢઠ્ઠાનો એક જાહેર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

નવેંબર ૧૧: શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર પ્રવચન "અત્યારની રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ" એ વિષય ઉપર રાખવામાં આવ્યું હતું, અને તે પ્રવચન પૂરું થયા બાદ, નૂતન વર્ષને અનુલક્ષીને શુભેચ્છાઓ વ્યકત કરવા માટે સંઘના સભ્યોનું એક મિલન રાખવામાં આવ્યું હતું.

ડિસેમ્બર ૧૨: શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર લોકસભામાં ચૂંટાઈ આવ્યા એ માટે તેમને અભિનંદન આપવા અને એમના અનુભવો સાંભળવા એક જાહેર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

**૧૯૭૩**

માર્ચ ૮: "કોમર્સ રિસર્ચ બ્યૂરો"ના વડા અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. નરોત્તમ શાહનું, ભારત સરકારના ચાલુ વર્ષના અંદાજપત્ર પર એક જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું અને એ પ્રસંગે જાણીતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢી મેસર્સ એ. જે. શાહની કું.ના ભાગીદાર શ્રી પ્રદીપ એ. શાહે પણ અંદાજપત્ર અંગે પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

એપ્રિલ ૧૭: સ્વ. પરમાનંદ કાપડિયા દ્વિતીય પુણ્યતિથિ અંગે શ્રી શાન્તિલાલ હરજીવન શાહના પ્રમુખપદે એક પ્રાર્થનાસભા રાખવામાં આવી હતી.

મે ૧૨: શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન "સુપ્રીમ કોર્ટનો ચુકાદો" એ વિષય ઉપર રાખવામાં આવ્યું હતું.

મે ૨૭: બોમ્બે મ્યુનિસિપાલિટી બ્લડ સેન્ટર તરફથી સંઘના આશ્રયે બ્લડ ડોનેશનને લગતું એક આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

### શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

ગયા વર્ષે આપણું સભાગૃહ ૧૩ વખત ભાડે આપવામાં આવ્યું હતું. તેના ભાડાની કુલ આવક રૂા. ૪૮૬ થઈ હતી. ગયા વર્ષ કરતાં આ પ્રમાણ અડધું જ રહ્યું ગણાય. લગ્ન કે સગપણ સિવાયના બીજા સમારંભો કે મીટિંગો માટે આપણે ૩ કલાકના રૂા. ૪૩ લઈને (માઈક સાથે) ભાડે આપીએ છીએ. સંઘના સભ્યોને, પોતાના મિત્રોમાંથી કોઈને જરૂર હોય તો કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતિ છે. આપણા હોલની કેપેસિટી ૧૦૦/૧૨૦ માણસોની છે. સંઘને માટે આ પણ એક આવકનું સાધન છે, તે લક્ષમાં રાખવા સભ્યોને અનુરોધ કરવામાં આવે છે.

### સંઘના આજીવન સભ્યો અંગે

સંઘના આજીવન સભ્યો બનાવવા અંગે નક્કી કર્યા બાદ વ્યાખ્યાનમાળા દરમિયાન એ અંગે સારો સહકાર મળ્યો. આ બાબત અંગે જો બધા સભ્યો થોડું લક્ષ પર લ્યે અને સહકાર આપી થોડો જ પ્રયત્ન કરે તો તેનો જવાબ ઘણો સારો મળે એવી સંભાવના છે. જો તાત્કાલિક પાંચસો આજીવન સભ્યો બનાવી શકીએ તો દરેક ક્ષેત્રે વધતા જતા ખર્ચાઓને પહોંચીવળવા માટે તે ટેકારૂપ રહે. આજસુધીમાં ૧૭૪ આજીવન સભ્યો બન્યા છે.

### સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૬ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં રૂા. ૨૪૨૬૦-૦૫ની આવક થઈ હતી અને ખર્ચ રૂા. ૨૧૨૮૪-૮૯નો થયો હતો. સરવાળે રૂા. ૨૯૭૫-૧૬નો વધારો રહ્યો હતો. અહીં એ નોંધ લેવી યોગ્ય ગણાશે કે આ વર્ષે સંઘના લાઈફ-મેમ્બરો બનાવવાનું વ્યાખ્યાનમાળા દરમિયાન ચાલુ હતું, એ કારણે સંઘને ભેટની રકમો ઘણી ઓછી મળી હતી અને એ પણ નોંધવું જરૂરી ગણાય કે "પર્યુષણ વ્યાખ્યાનમાળા" અને "પ્રબુદ્ધ જીવન"ના ખર્ચને ખ્યાલમાં રાખીને શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના ટ્રસ્ટીઓએ ૧૯૭૨ના વર્ષ માટે એ નિધિમાંથી રૂપિયા ચાર હજાર પાંચસો "પ્રબુદ્ધ જીવન" તથા વ્યાખ્યાનમાળા માટે સંઘને ભેટ આપ્યા છે, જેનો હિસાબમાં દર્શાવેલી ભેટની રકમમાં સમાવેશ થાય છે.

આપણું જનરલ ફંડ રૂા. ૨૧૭૧૩-૪૭નું ગયા વર્ષે હતું. તેમાં સંઘની આવકજાવકના વધારાની રકમ રૂા. ૨૯૭૫-૧૬ ઉમેરતાં તે રૂા. ૨૪૬૮૮-૬૩નું થયું, અને તેમાંથી "પ્રબુદ્ધ જીવન"ની ખોટ રૂા. ૬૭૮૯-૯૧ બાદ જતાં, વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૧૭૮૯૮-૭૨નું રહે છે.

આપણું રિઝર્વ ફંડ રૂા. ૨૬૭૦૪-૮૯નું ગયા વર્ષે હતું, તેમાં લાઈફ-મેમ્બરોના લવાજમના રૂા. ૩૧૮૭૭-૦૦ વર્ષ દરમિયાન આવ્યા તે ઉમેરતાં, વર્ષની આખરે આપણું રિઝર્વ ફંડ રૂા. ૫૮૫૮૧-૮૯નું રહે છે.

આપણું મકાન ફંડ રૂા. ૨૪૦૧૯-૧૯નું હતું, તે તેટલું જ રહે છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂા. ૨૧૯૭-૫૦નું હતું, તેમાં પુસ્તક-વેચાણના રૂા. ૩૩-૦૦ આ વર્ષે આવ્યા તે ઉમેરતાં વર્ષની આખરે પુસ્તક પ્રકાશન ફંડ રૂા. ૨૨૩૦-૫૦નું રહે છે.

અંતમાં, વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ અન્ય સંસ્થાઓએ અને મિત્રોએ જે સહકાર આપ્યો છે તે માટે અમો સૌના ઋણી છીએ. ગુજરાતી દૈનિક પત્રોનો પણ અમે ખાસ આભાર માનીએ છીએ - અમારા કાર્યક્રમોને પ્રસિદ્ધિ આપવા માટે.

**ચીમનલાલ જે. શાહ**

**સુબોધભાઈ એમ. શાહ**

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ આજના સમાજનો ઢાંચો બદલવો જ જોઈએ ☆

સર્વોદયના અગ્રગણ્ય કાર્યકર્તાઓમાંના એક અને શ્રી જયપ્રકાશજીના સાથી શ્રી ગોવિંદરાવ દેશપાંડે, જેઓ પૂના રહે છે તેઓ, હાલ મુંબઈમાં સ્થિરવાસ કરી રહ્યા છે અને અલગ અલગ ક્ષેત્રોની બુદ્ધિશાળી વ્યકિતઓ સાથે તેમજ કારખાનાના, મિલોના અને મોટા ઉદ્યોગોના માલિકો સાથે મુલાકાતો યોજીને, તેમની સાથે વાટાઘાટો કરીને, આજે ચાલી રહેલી અસમાનતાને કેમ દૂર કરી શકાય અને ઔદ્યોગિક ક્ષેત્રે માલિકો અને કામદારો કેમ વધારે નજીક આવી શકે અને ઉદ્યોગોમાં દરેકનો હિસ્સો રહે અને સૌ એ ઉદ્યોગને પોતાનો ઉદ્યોગ સમજીને કામ કરે–આવી પરિસ્થિતિ નિર્માણ કરવાના ઉદ્દેશથી મુંબઈ માટેનું આ કામ શ્રી જયપ્રકાશજીએ તેમને સોંપ્યું છે. તેઓ તેમના મુંબઈના સ્થિરવાસ દરમિયાન ઘણા મોટા મોટા ઉદ્યોગપતિઓને મળ્યા છે અને તેમની સાથેની વાતચીતોમાં તેમને, ભલે લાંબે ગાળે, પણ પોતાના મિશનને લગતી સફળતા પ્રાપ્ત થશે એવો અણસાર અમુક અંશમાં પણ દેખાયો છે. જેમ તેઓ ઉદ્યોગપતિઓને મળે છે એવી રીતે બુદ્ધિજીવી વર્ગના માનવીઓને પણ મળે છે અને તેમને નાના ગ્રૂપોમાં મળીને પોતાનો વિચાર સમજાવે છે. કેમ કે એ વિચારનો વેગીલો પ્રચાર કરવો હોય તો તે બુદ્ધિજીવીઓ જ કરી શકે.

એ રીતે થોડા દિવસ પહેલાં તેઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં આવ્યા અને કેટલાક મિત્રો હાજર હતા તેમની સમક્ષ તેમણે તેમના વિચરો એક કલાક સુધી વ્યકત કર્યા હતા.

તેમની સાથેના સર્વોદય કાર્યકર શ્રી નરોત્તમભાઈએ તેમનો પરિચય આપતાં જણાવ્યું કે, ભારતભરમાં તેમણે પરિભ્રમણ કરેલું છે અને ગાંધીજીની ટ્રસ્ટીશિપની ભાવનાના કામ અંગે મુંબઈ શહેરમાં પ્રચાર કરવા માટે શ્રી જયપ્રકાશજીએ તેમની વરણી કરી છે.

ત્યાર બાદ શ્રી ગોવિંદરાવજી દેશપાંડેએ પોતાનું વકતવ્ય શરૂ કરતાં જણાવ્યું કે ભૂદાન આંદોલનમાં ઘણી જમીન મળી, તેને વહેંચવામાં આવી અને ખેતી પણ શરૂ થઈ, પરંતુ આનો પ્રચાર શહેરોમાં વધારે થયો નથી. શહેરી લોકોમાં ભૂદાનના કાર્ય વિશે ખોટી છાપ પડેલી જોવામાં આવે છે, અને આ ચળવળ નિષ્ફળ ગઈ છે એમ ઘણા મિત્રો માને છે. પરંતુ અમે જ્યાં જ્યાં કાર્ય કર્યું છે ત્યાં જઈને જોવામાં આવે તો જ તેની સફળતાનો ખ્યાલ આવી શકે. અને આનો મોટા પ્રમાણમાં પ્રચાર નથી થયો તેનું કારણ એ છે કે આ પ્રવૃત્તિ અંગે કાર્યકરોની ખૂબ જ ખેંચ રહી છે.

ઉત્તર ખંડ-ગંગોત્રી પાસે એક બ્લોકના લોકો પોતાનો ઝઘડો પોતે જ પતાવી લ્યે છે. એટલે વકીલો આ બ્લોકને પોતાનો દુશ્મન ગણે છે. આ તો એક જ દાખલો છે, પરંતુ જો એ રીતે ગામડાઓ પોતાના પ્રશ્નો હલ કરવા માંડે તો શહેરોનું શું થાય?

ગામડામાં ઉત્પન્ન થતું દૂધ અને માખણ શહેરીઓ ખાય છે અને ગામડાઓના માણસો છાશ પીને જીવે છે. આ ચોખ્ખો અન્યાય છે.

શહેરોને બદલવાનો પ્રશ્ન માઓ સમક્ષ પણ હતો જ. તેણે શહેરોને ઘેરી લેવાની સલાહ આપેલી.

ગામ પોતાના પગ પર ઊભું રહી શકશે, શહેરો ગામડાના સહકાર સિવાય ટકી શકશે નહિ. શહેરોનું પરાવલંબન કેવું છે? અને એમ હોવા છતાં શહેરો ગામડાનું શોષણ કરી રહ્યાં છે. શહેરીઓએ ગામડાના લોકોની કોઈ દિવસ ગંભીર રીતે ચિન્તા કરી નથી. આજનો ઢાંચો અસ્વાભાવિક છે. તેને સ્વાભાવિક બનાવવા માટે શું કરવું તે અમે વિચારી રહ્યા છીએ. ગાંધીજીની ટ્રસ્ટીશિપની ભાવના આનો ઉકેલ છે.

જો આ વિચાર હવે નહિ કરવામાં આવે તો આખા દેશની અને ખાસ કરીને મોટાં શહેરોની પરિસ્થિતિ, બે વર્ષ પહેલાં કલકત્તામાં જે બન્યું હતું એવી સમસ્ત દેશમાં નિર્માણ થશે.

હજુ થોડા સમય પહેલાં જ પૈસાથી અને દંડાથી કામ કરાવી શકાતું હતું, આજે પરિસ્થિતિ પલટાઈ રહી છે. આજે એ ચાલવાનું નથી. એ બન્ને શકિતઓ હવે ઉપયોગી રહી નથી.

ત્રીજી શકિત તરીકે સત્તાનું મહત્ત્વ છે, અને તે પણ નિષ્ક્રિય સાબિત થઈ છે. અને ચોથી શકિત છે ધર્મ. પરંતુ તેનું જે વર્તમાન સ્વરૂપ છે તેમાં નવી ચીજ નિર્માણ કરવાની શકિત રહી નથી.

આજના ઉદ્યોગો વિશે બોલતાં તેમણે જણાવ્યું કે, તે ઉછીના પૈસાથી ચાલતા હોય છે, તે પૈસા જનતાના હોય છે, પરંતુ તેને તો ફકત વ્યાજ જ મળે છે અને નફો શહેરવાળા ખાઈ જાય છે. જો આપણે સમજીને આ પરિસ્થિતિને નહિ પલટાવીએ તો તે જ્યોતિ બસુ પલટાવશે અથવા તો સરકાર પલટાવશે.

કાનૂન અને દંડાથી આજે ચાલવાનું નથી. ત્રીજો રસ્તો માલિક અને મજૂરોએ સહકારથી કામ કરવાને લગતો છે. આજે તો મજૂર અને માલિકોના સંબંધો એવા કથળી ગયા છે કે જો આમ જ ચાલશે તો ઉદ્યોગો હવે લાંબો સમય ટકી શકશે નહિ. છેવટે તે સરકારના હાથમાં જશે, અને એમ બને તે પણ બરાબર નથી.

ટ્રસ્ટીશિપ અંગેના ગાંધીજીના વિચારો તો જાણીતા હતા, પરંતુ કાર્યકરો સાથે મળીને એ વિષે સક્રિય થવા માટે વિચારવિનિમય કર્યો એ અરસામાં જ એમનો દેહવિલય થયો એટલે તેમની હયાતી દરમિયાન આ વિચારને તેઓ અમલી ન બનાવી શકયા.

થોડા સમય પહેલાં જર્મનીમાં એક ઉદ્યોગપતિએ પોતાના કારખાનામાં મજૂરોને ભાગીદાર બનાવ્યા અને તેમાં તેને સારી સફળતા સાંપડી.

ગાંધીજીની ટ્રસ્ટીશિપની ભાવનાનો અમલ આજે ભારતમાં નહિ પરંતુ જર્મનીમાં થાય છે. એના ઉપરથી આપણે ધડો લેવો જોઈએ. જો આમ નહિ બને તો દેશમાં અશાંતિ વધતી જ રહેશે. કેમકે આજના ગરીબોને હવે ગરીબ તરીકે નહિ, પરંતુ મતદાર તરીકે ગણવાનો છે. એટલે હવે શહેરોના લોકોને સમજાવવાના છે કે તમારા વિચાર-વલણમાં હવે પરિવર્તન કરવું આવશ્યક છે. અને આ બધું કરવા માટે મોટા પ્રમાણમાં કાર્યકરોની જરૂર છે.

હમણાં જ પૂનામાં એક હોટેલવાળાએ કામદારોને ભાગીદાર બનાવવાને લગતો પ્રયોગ કર્યો છે.

માંદી મિલોનો કબજો સરકારે લીધો. હવે તે બરાબર ચાલતી નથી, પરંતુ તેણે તેમાં મૂડી નાખી છે એટલે તે તેનો કબજો પણ છોડતી નથી.

ઉદ્યોગોમાં ફકત લેબરની જ નહિ, પરંતુ લેબર-કેપિટાલિસ્ટ અને કન્ઝયુમરની પાર્ટનરશિપ હોવી જોઈએ, તો જ સફળતા મળે. અને ચોથું યુનિટ સમાજની સોસાયટી પણ છે જ. તેની પણ પાર્ટનરશિપ હોવી જોઈએ. તો પછી કોઈને ઝઘડો કરવાનું કારણ ન રહે.

આજે આપણે માણસને પણ એક સામાન માનીએ છીએ. તેનો મશીનમાં હાથ ભાંગે તો તેને પાંચ હજાર આપીને તેની કિંમત ચૂકવાય છે. આ રીતે આપણે અસમાન રીતે જીવીને પાપ આચરી રહ્યા છીએ- અને પાપથી જીવનારને સંતોષ નથી મળી શકતો. એટલે આપણે ખૂબ ખૂબ વિચાર કરીને હાલના આવા ઢાંચાને બદલવાની, તેમાં આમૂલ પરિવર્તન લાવવાની આવશ્યકતા છે, માટે આ વિચારો વિશે ચિન્તન કરીને તેનો ખૂબ ખૂબ પ્રચાર કરવો જરૂરી છે અને ખાસ કરીને તેમાં બુદ્ધિજીવીઓના સાથની મોટા પ્રમાણમાં જરૂર રહી છે.

સંકલન: **શાન્તિલાલ ટી. શેઠ**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: **શ્રી ચીમનલાલ જે. શાહ.** પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે નં. ૩૫૦૨૯૬

મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૭૩ સોમવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## કેટલાક મહત્ત્વના મુદ્દાઓ

ઉત્તર પ્રદેશ, બિહાર અને ગુજરાતમાં જે બની રહ્યું છે અને મધ્ય પ્રદેશ, માયસોર અને અન્ય રાજ્યોમાં જે બનવા સંભવ છે તેથી, સંસદીય લોકશાહી માટે કેટલાક અગત્યના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. પ્રથમ મુદ્દો એ છે કે કોઈ રાજકીય પક્ષને ધારાસભામાં મોટી બહુમતી હોય છતાં તેના આંતરિક વિખવાદોને કારણે સ્થિર રાજતંત્ર ન રહે તો શું કરવું? બીજું, બહુમતી રાજકીય પક્ષો એક વખત નેતા નક્કી કર્યા પછી, તેમાં ફેરફાર કરી શકે? અને આવા ફેરફાર કરવાની ચેષ્ટા વારંવાર ચાલુ રહે તો પ્રજાએ શું કરવું? ધારાસભા-પક્ષને સ્વતંત્ર રીતે પોતાના નેતા ચૂંટવાની અને પોતાનું કામકાજ કરવાની તક આપવી કે તેમાં બહારની દખલગીરી વખતોવખત સતત થઈ શકે? કૉંગ્રેસના વરિષ્ઠ મંડળનું વર્તન ઊંડી વિચારણા માગે છે.

અત્યારે તો એમ જ લાગે કે કેટલાંક રાજ્યોમાં શાસક પક્ષના આગેવાનો એમ માની બેઠા છે કે પ્રજા તેમને ત્યાં ગીરવી મૂકી છે અને પ્રજા પક્ષ માટે છે, પક્ષ પ્રજા માટે નહિ. દરેક રાજ્યમાં આઠ-દસ વ્યક્તિઓ એવી રીતે વર્તે છે કે રાજ્ય તેમની હથેળીમાં છે અને અંદરઅંદર લડી અથવા સાટાસોદા કરી, એકબીજાને સત્તા-સ્થાને મૂકવા. તેમાં પ્રજાહિતનો ક્યાંય વિચાર પણ થતો હોય તેમ જણાતું નથી. પ્રજા જાણે આવી વ્યક્તિઓની શેતરંજનું પ્યાદું હોય તેમ તેઓ વર્તે છે.

ઉત્તર પ્રદેશમાં કમલાપતિ ત્રિપાઠી સરિયામ નિષ્ફળ નીવડયા ત્યારે બીજું મંત્રીમંડળ રચવાને બદલે અથવા ધારાસભાનું વિસર્જન કરવાને બદલે, રાષ્ટ્રપતિ શાસન મૂકયું અને ધારાસભાને જીવતી રાખી. એવી ગણતરી હશે કે બેત્રણ મહિનામાં કાંઈક કાવાદાવા કરી ફરી શાસક પક્ષને સત્તાસ્થાને રાખવો અને ખાસ કરી, ઉત્તર પ્રદેશમાં થોડા મહિનામાં ચૂંટણી આવી રહી છે ત્યારે શાસક પક્ષ સત્તાસ્થાને હોય તો પોતાની લાગવગ અને સત્તાનો લાભ લઈ શકે. આ લોકશાહીની વિડંબના છે.

બિહારમાં કેદાર પાંડેએ નમતું ન મૂકયું અને બળાબળની ચકાસણી કરી, તો પક્ષમાં ઊંડી ખાઈ તરી આવી. બિહારની આશ્ચર્યજનક ઘટના તો એ છે કે કેન્દ્રના બે આગેવાન પ્રધાનો સામસામા પડયા અને એકે કેદાર પાંડેને ટેકો આપ્યો તો બીજાએ તેને તોડવા કર્યું અને સફળ થયા.

પણ તેથી વધારે આશ્ચર્યજનક તો એ થયું કે પક્ષે બીજા નેતાની ચૂંટણી કરવાને બદલે, ઈન્દિરા ગાંધી ઉપર છોડયું. કેદાર પાંડેની નિયુકિત ઈન્દિરા ગાંધીએ કરી હતી અને તેનાં કડવાં ફળ ભોગવ્યા છતાં એવી જવાબદારી ફરી સ્વીકારી, પણ મોટું કૌતુક તો એ છે કે આવી જવાબદારી સ્વીકાર્યા પછી, બીજા નેતાની પસંદગી પોતે કરવાને બદલે, બે હરીફ જૂથના આગેવાનો ઉપર નામ સૂચવવાનું છોડયું. જાણે બિહારનું રાજ્ય કેદાર પાંડે અને લલિતનારાયણ મિશ્રાની ખાનગી મિલકત હોય. આ બંન્નેએ મળીને અબ્દુલ ગફુરનું નામ સૂચવ્યું અને ઈન્દિરા ગાંધીએ મંજૂર રાખ્યું. નવાઈની વાત એ છે કે ઈન્દિરા ગાંધી અબ્દુલ ગફુરને ઓળખતાં પણ નથી. આ અજાણી વ્યકિતને પસંદ કરી બિહાર જેવા મોટા રાજ્યની લગામ તેને સોંપતાં તેની લાયકાત, કાર્યકુશળતા કે પ્રભાવશાળી વ્યકિતત્વનો કોઈ વિચાર કરવાને બદલે ઝઘડતા બે જૂથના આગેવાનોએ તેમને સ્વીકાર્યા તે મુખ્ય કારણ, અને મુસલમાન છે તે બીજું કારણ. ઈન્દિરા ગાંધીએ રાજ્યોમાં સૂબાઓ નીમવાનો અખતરો શરૂ કર્યો તેનાં, હાનિકારક પરિણામો ટૂંક સમયમાં જ જણાઈ આવ્યાં છતાં એ જ રીતરસમ ચાલુ રાખી.

ગુજરાતે હદ કરી. એટલી નીચી કક્ષાએ ઊતર્યા કે કોઈ સીમા નહિ. નેતાપદનો દરેક ઉમેદવાર એમ કહે કે પક્ષમાં એકતા લાવવા અને જૂથબંધી દૂર કરવા પોતાને નછૂટકે જવાબદારી લેવી પડે છે. આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની ઝડી વરસી. પ્રજા ત્રાસી જાય એટલી હદે નિવેદનોનો વરસાદ વરસી રહ્યો છે. લાંચરુશવત અને ધાક-ધમકીના ખુલ્લા આક્ષેપો થયા છે. આવા વેરઝેરમાં વળી સમા-ધાનના પ્રયત્નો થાય! ૯મી તારીખે મીટિંગ હતી તે ૧૪મી તારીખે ઠેલી. આ લખાણ છપાશે ત્યારે કાંઈક પરિણામ આવ્યું હશે. સંભવ છે રાષ્ટ્રપતિ શાસન લાદવું પડે. કોઈ વ્યકિતનાં નામ લઈ, દોષની ફાળવણી કરવાનો અર્થ નથી. જેમણે જીવનભર સેવા કરી છે, સમર્પણ કર્યું છે, જેમના પ્રત્યે ખૂબ આદર છે, એવી વ્યકિતઓ પણ ઘસડાઈ છે. વર્ષોના મિત્રો વિરોધી બન્યા છે. સમજદાર વ્યકિતઓની વેદનાનો પાર નથી.

પ્રજાએ શું મૂંગેમોઢે આ બધું સહન કરવું? ધારાસભ્યો એમ માને છે કે તેઓ પાંચ વર્ષ સલામત હોઈ, ગમે તેમ વર્તવાને અધિ-કારી છે? આપણા બંધારણમાં Right of Recall નથી, પણ પ્રજાનો સદા અધિકાર છે કે પોતાના પ્રતિનિધિને દૂર કરે, તેને જંપીને બેસવા ન દે. પક્ષનો વિશ્વાસ ગુમાવી બેઠા હોય તેવા નેતાને દૂર કરવાનો પક્ષને અધિકાર છે તો પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેઠા હોય તેવા સભ્યોને દૂર કરવાનો પ્રજાને તેથી પણ વિશેષ અધિકાર છે. રાજકીય પક્ષો યોગ્ય અને લાયક ઉમેદવારોની પસંદગી કરતા નથી અને પ્રજાને સારા માણસો ચૂંટવાનો અવકાશ રહેતો નથી, એ આ રોગનું મૂળ છે. આટલી મોટી બહુમતી છતાં જો આવી બેહાલી થતી હોય તો આ ધારાસભાનું વિસર્જન થવું જ જોઈએ અને પ્રજાને ફરીથી પોતાના વિશ્વાસના પ્રતિનિધિઓ ચૂંટવાની તક મળવી જ જોઈએ. ચૂંટણી ફરીથી લડવી પડશે અને પ્રજાને જવાબ આપવો પડશે એ

ભયથી જ સૌને ઠેકાણે આવશે. પ્રજા એટલી નિરુપાય કે અસહાય નથી. અત્યારે કદાચ થોડી બહુમતીથી બીજા આગેવાનની ચૂંટણી થાય તો પણ જે વેરઝેર થયાં છે તેમાં સ્વસ્થ અને સ્થિર રાજતંત્ર શકય નથી. આવી અસ્થિરતા નિભાવી ન લેવાય. શાસક પક્ષને આટલી મોટી બહુમતી પ્રજાએ આપી તેનું આવું પરિણામ આવશે એની કલ્પના પણ ન થાય.

કૉંગ્રેસ વરિષ્ઠ મંડળની "નીતિ" વિશે શું કહેવું? હજી પણ સમય છે ત્યાં સુધી સરતી જતી પરિસ્થિતિને કાબૂમાં નહિ લે તો, આવેલી મોટી તક ગુમાવી બેસશે. ઈન્દિરા ગાંધી બહુ દઢનિશ્ચયી અને હિંમતવાન ગણાય છે. દુર્ભાગ્ય એ છે કે બીજો કોઈ રાજકીય પક્ષ દેશનું નાવ અત્યારે સંભાળી શકે તેમ નથી. સંભવ છે કે આ આંધીમાંથી કોઈ નવી નેતાગીરી જન્મે. વર્તમાન પરિસ્થિતિ ઘેરી ચિન્તાનું કારણ બને છે.

૧૦-૭-'૭૩. ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## કોંગ્રેસ મુસલમાનોને ક્યાં સુધી પંપાળશે?

આઝાદી પછી, મુસલમાનો ભયભીત હતા અને કોંગ્રેસ જ તેમને રક્ષણ આપી શકશે તેવી માન્યતાથી કોંગ્રેસને ટેકો આપતા, મુસ્લિમ લીગ લગભગ લોપ થઈ હતી અને મુસલમાનો પૂરા રાષ્ટ્રવાદી અને બિનસાંપ્રદાયિક હોવાનો દાવો કરતા. આ સ્થિતિ લગભગ ૧૫ વર્ષ ચાલી. કોંગ્રેસ દરેક ચૂંટણીમાં મુસલમાનોના મતો ઉપર આધાર રાખતી. ૧૯૬૨ પછી અને ખાસ કરીને ૧૯૬૭ પછી આ પરિસ્થિતિમાં પલટો આવ્યો. મુસલમાનોએ માથું ઊંચકવું શરૂ કર્યું. મુસ્લિમ લીગ સજીવન થઈ. મુસલમાનોને અન્યાય થાય છે એવો પ્રચાર શરૂ થયો. કોમી તોફાનો ઠેરઠેર થયાં તેમાં મુસલમાનોને સારી પેઠે સહન કરવું પડ્યું, પણ તે સાથે અસરકારક પ્રતિકાર પણ કર્યો અને કેટલેક સ્થળે આક્રમક થયા. કોંગ્રેસ નબળી પડી તેમ મુસલમાનોના મત ઉપર વધારે આધાર રાખવો પડે એવી સ્થિતિ થઈ. તેમ મુસલમાનો પણ જાગ્રત થયા અને કોંગ્રેસને ટેકો આપવા માટે પૂરી કિંમત માગતા થયા.

કેરળમાં મુસ્લિમ લીગનું જોર થયું. જો કે શરૂઆતમાં એમ જાહેર કર્યું કે આ જૂની મુસ્લિમ લીગ નથી, પણ રાષ્ટ્રપ્રવાહમાં સાથે રહી મુસલમાનોના હિતનું રક્ષણ કરવાની વાત થઈ. કેરળમાં સામ્યવાદી પક્ષનું જોર રહ્યું છે. તે પક્ષમાં ફાટફૂટ પડી, કોંગ્રેસમાં પણ ફાટફૂટ થઈ, તેમ મુસ્લિમ લીગની કિંમત વધી. ત્રાજવાની દાંડી જાણે લીગના હાથમાં આવી હોય તેમ લીગને લાગ્યું. લીગમાં મધ્યસ્થી - મોડરેટ–બળો હતાં તે ધીમે ધીમે દૂર થયાં અને ઉદ્દામવાદી બળોએ જોર કર્યું.

હવે પરિસ્થિતિ એવી થઈ છે કે કોંગ્રેસ મુસ્લિમ લીગને પંપાળતી થઈ છે. કેરળના મંત્રીમંડળમાં શિક્ષણ ખાતું મુસ્લિમ લીગના પ્રતિનિધિના હાથમાં છે. નહેરુની જીવનકથા–ભારતરત્ન નામે પુસ્તક શાળાઓમાં પાઠ્યપુસ્તક છે. તેમાં ઐતિહાસિક દષ્ટિએ કહ્યું છે કે દેશના ભાગલા પાડવામાં મુસ્લિમ લીગે મુખ્ય ભાગ ભજવ્યો છે. તેમાં ઝીણાની કેટલીક ટીકા છે. રાષ્ટ્રનેતા તરીકે નહેરુની પ્રશંસા છે. આ બધું લીગના પ્રધાનને ન ગમ્યું અને આ પુસ્તકમાંથી આવા ભાગો કાઢી નાખ્યા એટલું જ નહિ પણ આવતા વરસથી આ પુસ્તક પાઠ્યપુસ્તક નહિ રહે એમ જાહેર કર્યું છે. આવા વર્તનથી કોંગ્રેસમાં ખળભળાટ થયો છે. શાસક કોંગ્રેસની બહુસંખ્યા નથી, સામે કેરળ કોંગ્રેસ છે, જે મુખ્યપણે કેથોલિક છે, જેને કોંગ્રેસ સામે વિરોધ છે. મુખ્ય પ્રધાન અચ્યુત મેનન સી. પી. આઈ.ના છે, તો સી. પી. આઈ–એમ–લીગ સાથે મળી તેમના પ્રધાનમંડળને તોડવા પ્રયત્ન કરે છે. મામલો ઉગ્ર બનતો જાય છે. લીગ મંત્રીમંડળમાંથી ખસી જાય તો કદાચ મંત્રીમંડળ ટકી ન શકે. તેથી કોંગ્રેસ વરિષ્ઠ મંડળે લીગના શિક્ષણમંત્રી સામે કોઈ કડક પગલાં લેવાને બદલે ધીરજ રાખવાની સલાહ આપી છે. ક્યાં સુધી આવું ચાલે?

ઉત્તર પ્રદેશમાં પણ એવી જ સ્થિતિ છે. ચૂંટણી નજીક આવી રહી છે અને મુસ્લિમ મત કોંગ્રેસ પક્ષે રાખવા આળપંપાળ શરૂ થઈ છે. અલીગઢ યુનિવર્સિટી એક્ટમાં કેટલાક જરૂરી ફેરફાર કર્યા. કેન્દ્રના શિક્ષણમંત્રી નૂરુલ હુસેને જ એ કર્યા, અને યુનિવર્સિટીના હિતમાં જરૂરી છે એમ ભારપૂર્વક કહ્યું. છતાં ઉદ્દામવાદીઓએ તોફાનો કર્યાં, યુનિવર્સિટી બંધ કરવી પડી અને કાયદો થયો હોવા છતાં તેનો અમલ થતો નથી અને કરી શકાતો નથી.

મુસ્લિમ અંગત કાયદાઓ- વારસાહક્ક, લગ્ન વગેરેમાં ફેરફારની જરૂર છે અને પ્રગતિશીલ તત્ત્વો ફેરફાર માગે છે, પણ મુસલમાનો નારાજ ન થાય તે માટે કોંગ્રેસે જાહેર કર્યું કે મુસલમાનોની સંમતિ વિના કાંઈ ફેરફાર નહિ થાય. હિન્દુ વારસાહક્ક, લગ્ન વગેરે કાયદાઓમાં નહેરુએ ક્રાન્તિકારી ફેરફારો કર્યા, પણ મુસલમાનોને અહીં ન શકાય.

આ બધી આળપંપાળ માત્ર મુસ્લિમ મતો મેળવવા માટે થાય છે, તેમ મુસલમાનો વધારે માગણીઓ કરતા જાય છે, અને હવે તો મુસ્લિમ લીગના પ્રમુખ જાહેર કરે છે કે મુસ્લિમ લીગ તે પૂર્વની મુસ્લિમ લીગની જ વારસદાર છે અને ઝીણાનો દાવો હતો તેમ કહે છે કે મુસલમાનોની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા છે. બ્રિટિશોએ મુસલમાનોને પંપાળ્યા. કોંગ્રેસ પણ પોતાની સત્તા ટકાવી રાખવા આ જ માર્ગે જશે? મુસ્લિમ કોમવાદ વધે તે સાથે હિન્દુ કોમવાદને બળ મળે છે.

## વફાદારી કે–?

વૉટરગેટ પ્રકરણે અમેરિકામાં નિક્સન સામે મોટો વંટોળ ઊભો કર્યો છે. બે મુદ્દા છે. ડેમોક્રેટિક પક્ષની ઓફિસ–વૉટરગેટ મકાનનું નામ છે- માં જાસૂસી કરવાની યોજના કરી તે નિક્સનની જાણ અને સંમતિથી થયેલી? બીજું, આ કૌભાંડનો ઘડો ફૂટ્યો ત્યારે તેના ઉપર ઢાંકપિછોડો કરવા ભારે પ્રયત્નો થયા તે નિક્સનની જાણ અને સંમતિથી હતા? જાસૂસી માટે બહુ ઊતરતી કક્ષાના સાત માણસો પકડાયા અને તેમના ઉપર કેસ ચાલ્યો ત્યારે તેમનું મોઢું બંધ કરવા અને સાચી હકીકતો કોર્ટ સમક્ષ આવતી અટકાવવા કાંઈક કાવાદાવા થયા, લાંચો અપાઈ, એ બધું નિક્સનની જાણ અને માહિતીથી થયું કે નિક્સન તદ્દન અજાણ હતા? ન્યાયતંત્રમાં દખલગીરી કરવી અને સાચી હકીકતો બહાર આવતા અટકાવવી તે અતિ ગંભીર બાબત છે, અને અમેરિકાના પ્રમુખે પોતે આવું વર્તન કર્યું હોય તો પ્રમુખ રહેવાને તે લાયક નથી એમ કહેવાય. વાત જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ નિક્સન સુધી પગેરું પહોંચ્યું. નિક્સને પરસ્પરવિરોધી નિવેદનો કર્યાં. છેલ્લે તેના અતિ નજીકના એક સાથી ડીનની જુબાની થઈ તેમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી અને છ દિવસની સખત ઊલટતપાસ છતાં ડીન મક્કમપણે પોતાનાં વિધાનોને વળગી રહ્યા અને નિક્સને કરેલ ઈનકાર જૂઠા હતા તેમ ભારપૂર્વક કહ્યું. અમેરિકાનો પ્રમુખ જૂઠું બોલે છે તે અક્ષમ્ય ગણાય. ટાઈમ મેગેઝીને એમ કહ્યું. Can Nixon Survive Dean? ડીને બહાર પાડેલ હકીકતો પછી નિક્સન ટકી શકે? પ્રોફ્યુમો પ્રકરણમાં તેનું સ્વચ્છંદી વર્તન તેના પતનનું કારણ ન હતું પણ પાર્લામેંટમાં તે જૂઠું બોલ્યો તે પુરવાર થયું તેથી તેને રાજીનામું આપવું પડ્યું.

હવે નિક્સનના બીજા અતિ નિકટના સાથી મિચેલની જુબાની ચાલે છે. મિચેલે ભારપૂર્વક કહ્યું છે કે નિક્સન નિર્દોષ છે. તેમને ખબર ન હતી એટલું જ નહિ પણ મેં જાણી જોઈને નિક્સનને ખબર

આપી ન હતી. નિક્સનને બચાવવાનો આ ભગીરથ પ્રયત્ન કહેવાય. નિક્સન પ્રત્યેની વફાદારીથી આમ કહ્યું કે બીજાં કોઈ કારણો છે તે અત્યારે કહેવું મુશ્કેલ છે. હજી નિક્સનના બીજા બે નિકટના સાથીઓની જુબાની બાકી છે. અમેરિકન પ્રજાની પ્રતિષ્ઠા ખાતર પણ નિક્સનને નામોશીમાંથી બચાવી લેવાનો પ્રયત્ન થાય તો તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

રાષ્ટ્રપતિ ગિરિની ચૂંટણીને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ ત્યારે શ્રી ગિરિએ પોતે કોર્ટમાં હાજર થઈ જુબાની આપી અને ઊલટતપાસ આવકારી. નિક્સને સેનેટ કમિટી સમક્ષ હાજર રહી જુબાની આપવાની તેમ જ પ્રેસિડન્ટના ખાનગી કાગળો અને દસ્તાવેજો સેનેટ સમક્ષ રજૂ કરવાની સાફ ના પાડી છે. પણ યોગ્ય સમયે પોતે ખુલાસો કરશે એવું જાહેર કર્યું છે. રાષ્ટ્રપતિ ગિરિ સામેની અરજીમાં મોરારજી દેસાઈ અને બીજા ઘણા આગેવાનોએ શ્રી ગિરિ સામે જુબાની આપી. કોર્ટે ઠરાવ્યું કે શ્રી સંજીવ રેડ્ડી સામે જે પત્રિકા બહાર પાડવામાં આવી હતી તે શ્રી ગિરિની સંમતિ અથવા જાણથી બહાર પાડી હતી એવું પુરવાર થયું નથી. પણ લાંબા ચુકાદાને અંતે એક વાક્ય લખ્યું:

A number of witnesses have not told the whole truth. As a matter of fact we are depressed to see truth being sacrificed at the altar of political advantage by these witnesses.

કેટલાય સાક્ષીઓએ પૂરું સત્ય કહ્યું નથી. હકીકતમાં, આ સાક્ષીઓએ રાજકીય લાભ માટે સત્યનો ભોગ આપ્યો છે તે જોઈ અમને દુ:ખ થયું છે.

નિકસનની બાબતમાં પણ કાંઈક આવું જ થશે.

### શ્રી કલ્યાણજીભાઈ મહેતા

શ્રી કલ્યાણજીભાઈ મહેતાનું, મરોલી ખાતે ૮૨ વર્ષની ઉંમરે અવસાન થયું તે સાથે જૂની પેઢીના એક સન્નિષ્ઠ અને આજીવન સેવકને આપણે ગુમાવ્યા. ૫૦ વર્ષથી વધારે સમય એકધારી રીતે પ્રજાની સેવામાં કલ્યાણજીભાઈએ જીવન સમર્પણ કર્યું. ગાંધીજીના પ્રભાવમાં ગુજરાતમાં હજારો વ્યકિતઓએ દેશસેવાનું વ્રત લીધું તેમાં કલ્યાણજીભાઈનું નામ મોખરે રહેશે. ખાસ કરી, સુરત, બારડોલી જિલ્લાઓમાં અને પછાત વર્ગોમાં તેમનું કામ અનન્ય હતું.

સરદારને જે નિષ્ઠાવાન સાથીઓ મળ્યા તેમાં કલ્યાણજીભાઈ અગ્રસ્થાને હતા. શિક્ષક, કવિ, પત્રકાર, સહકારી ક્ષેત્રના અગ્રગણ્ય કાર્યકર ખેડૂતોના આગેવાન, ગુજરાત ધારાસભાના પહેલા સ્પીકર, આઝાદીની લડતના લડવૈયા, એવી અનેકવિધ સેવાઓ તેમની હતી. ૧૯૩૦માં શ્રીમતી મીઠુબહેન પીટીટ સાથે મરોલીમાં કસ્તુરબા આશ્રમની સ્થાપના કરી ત્યારથી તે આશ્રમ તેમના કાર્યક્ષેત્રનું મધ્યબિન્દુ બન્યું. શિક્ષણ, તબીબી રાહત, અને બીજી સમાજસેવાની પ્રવૃત્તિઓનું આ આશ્રમ કેન્દ્ર છે. મરોલી આશ્રમ દક્ષિણ ગુજરાત માટે પ્રેરણાનું ધામ રહ્યું છે.

મને અકસ્માત કલ્યાણજીભાઈના સહવાસમાં આવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. મારી પત્નીને માનસિક બીમારી થઈ ત્યારે શ્રી મંગળદાસ પકવાસાએ તેને મરોલી આશ્રમમાં રાખવાનું સૂચવ્યું અને બે મહિના સુધી મેં તેને ત્યાં રાખી. તે સમય દરમ્યાન વખતોવખત મારે મરોલી જવાનું થતું ત્યારે કલ્યાણજીભાઈ અને મીઠુબહેનનો પરિચય થયો. મારી પત્નીની આવી સ્થિતિમાં ત્યાં તેને એકલી રાખી અને શ્રી મીઠુબહેને માતા પેઠે સંભાળ રાખી. શ્રી કલ્યાણજીભાઈ સ્પષ્ટવકતા, કાર્યકુશળ અને સ્વચ્છ જીવનના આગ્રહી હતા. ગાંધીજીના વિચારોથી પૂરા રંગાયેલા હતા. તેમણે તો પોતાનું જીવનકાર્ય, દીર્ઘ સમય પર્યંત કર્મયોગી પેઠે પૂરું કર્યું. મીઠુબહેને સાથી ગુમાવ્યો. તેમની પણ ૮૧ વર્ષની ઉંમર થઈ છે. આ બન્ને વ્યકિતઓનું સુરત-બારડોલી જિલ્લાના જાહેર જીવનમાં રામર સ્થાન રહેશે.

### આપણા પડોશીઓ

પાકિસ્તાન સાથેના સંબંધોમાં કાંઈ સુધારો થતો નથી. ભૂતો વધારે આક્રમક નિવેદનો કરતા રહે છે. અમલદાર કક્ષાએ મંત્રણા ગોઠવાઈ છે, પણ વાતાવરણ અનુકૂળ નથી. અમેરિકાના વલણ ઉપર આધાર રહે છે. આપણા દેશ પ્રત્યે નિક્સનના વિરોધી વલણમાં કાંઈ ફેર પડયો હોય તેમ જણાતું નથી. પાકિસ્તાન નબળું પડ્યું અને ભારત સામે સતત ભય ઊભો રાખવાનું સાધન નથી તેથી ઈરાનને તૈયાર કરે છે. ઈરાનના શાહ કાંઈક સ્વપ્ન સેવતા હોય તેમ જણાય છે. બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ, બધેથી મોટા પ્રમાણમાં લશ્કરી 'સરંજામ' મેળવવો શરૂ કર્યો છે. પાકિસ્તાનના રક્ષણહાર હોવાની જવાબદારી માથે લીધી છે અને જાહેર કર્યું છે કે પાકિસ્તાનના વિશેષ ભાગલા કોઈ સંજોગોમાં થવા નહિ દે. ભૂતો ઈરાનની મુલાકાતે જઈ આવ્યા, હવે અમેરિકા જાય છે. પાકિસ્તાનનો ભય સતત આપણી સામે ઊભો રાખવો, જેથી આપણું લશ્કરી ખર્ચ વધતું જ રહે અને આપણા અર્થતંત્રને હાનિ થાય એ એક મુરાદ છે. છેલ્લાં દસ વર્ષમાં આપણી લશ્કરી તૈયારી સારી રહી છે, તેથી પાકિસ્તાન સાથેના બે યુદ્ધોમાં સફળ થયા. પણ લશ્કરી ખર્ચ ખૂબ વધી રહ્યો છે. ઈરાન-પાકિસ્તાન- અમેરિકાની ધરી સામે સાવચેત રહેવા સંરક્ષણમંત્રી શ્રી જગજીવનરામ રશિયા ગયા છે. ચીનના વલણમાં હજી કોઈ ફેર જણાતો નથી. તે સંજોગોમાં રશિયાની મદદ ઉપર વધારે આધાર રાખવો પડે એ સ્થિતિ ઊભી થઈ છે. ભૂતોનો લેશમાત્ર વિશ્વાસ થઈ શકે તેમ નથી. સિમલા–કરારમાં આપણે ઉદાર રહ્યા તેનો તેણે લાભ લીધો છે. પકિસ્તાન નેશનલ એસેમ્બ્લીએ બાંગ્લા દેશને સ્વીકૃતિ આપવાની ભૂતોને સત્તા આપી છે, પણ નજીકમાં એવી સ્વીકૃતિ આપે તેવો સંભવ નથી. પાકિસ્તાનની પ્રજાનું પીઠબળ પોતાને છે તેટલું બતાવવા આવી સત્તા લીધી છે, પણ તેની મેલી રમત ચાલુ છે. તાત્કાલિક આક્રમણનો કોઈ ભય નથી પણ તંગદિલી ચાલુ રહી છે અને નિક્સન-ભૂતોનો એ જ ઈરાદો છે. આપણી આંતરિક રાજકીય અને આર્થિક સ્થિતિ સબળ ન થાય તો આ દબાણ વધશે

૧૩-૭-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# વિરોધી મન

જીવનની કેડી પર ચાલતાં ચાલતાં કયારેક એવો અનુભવ થાય કે અકળાઈ જવાય, અસ્વસ્થ થઈ જવાય. જીવનના રંગો સતત બદલાયા કરે; કયારેક ખૂબ જ અંધકાર છવાઈ જાય ત્યારે કશુંય ન સૂઝે અને દુ:ખનો અનુભવ થાય. રોજબરોજના જીવનમાં બનતા નાના મોટા પ્રસંગોનો નિચોડ-સાર, દુ:ખ નીકળે.

જીવનનો ચોપડો લખતાં એકાએક દુ:ખ-સુખના આંકડા માંડતાં, ચોંકી જવાયું. સમજાયું કે કોઈની સતત હાજરી એ જ મારા દુ:ખનું કારણ હતું. એ કોણ હતું? અમારો ભેટો થયો. એ હતું મારું 'વિરોધી મન.' મનના સતત વિરોધને કારણે જીવનમાં ઘર્ષણ થતું હતું. નાની-મોટી ક્રિયાઓમાં એના વિરોધથી ન સમજાય એવી વિષમતાથી જીવન ભરાઈ જતું અને રહેતાં ફકત દુ:ખ, થાક અને કંટાળો.

મનને સમજાવ્યું, "તું મારું મિત્ર થઈ જા, તું મને ચલાવ નહિ, પણ ચાલવામાં સાથ આપ." જીવન અને મન બન્ને એક થઈ જાય તો?!! નિરંતર ચાલતો વિરોધ અટકી ગયો. જીવનમાં સંવાદિતાનો અનુભવ થયો. દુ:ખનું કારણ બહાર નહિ પણ ભીતર હતું. —અને જીવનની દિશા બદલાઈ ગઈ.

નીરુબેન સુબોધભાઈ શાહ

# બે પત્રો

[પંડિત બેચરદાસજી વખતોવખત તેમના વિચારો મને લખતા રહે છે. તે પ્રકટ કરવાની હમણાં તેમની ઈચ્છા નથી. પણ તેમના છેલ્લા તા. ૧૦-૫-'૭૩ અને ૮-૭-'૭૩ના પત્રમાં પ્રાસંગિક કેટલુંક લખાઈ ગયું છે તે, 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સમક્ષ રજૂ કરવાની લાલચ રોકી શકતો નથી – તંત્રી]

સ્નેહીશ્રી ચીમનભાઈ,

અમદાવાદ તા. ૧૦-૫-'૭૩

જેમ જેમ વિચારું છું તેમ તેમ મને જણાય છે અને ઘણીવાર પ્રત્યક્ષ અનુભવ જેવું થાય છે કે બ્રહ્માંડ અને પિંડ વચ્ચે ભેદ નથી. આખું જ બ્રહ્માંડ આપણું એક વિરાટ શરીર છે એટલે વ્યકિતગત સુખ કે વ્યકિતગત નિર્વાણની કલ્પનામાં ઘણી જ સંકુચિતતા લાગે છે. જીવો અને જીવવા દો એ સૂત્રને બદલે જીવવા દો અને જીવો એમ શબ્દરચના વિશેષ ઉચિત છે. જીવો અને જીવવા દો એમાં જીવો એ મુખ્ય સ્થાન લે છે અને મને લાગે છે કે એમાં સ્વાર્થની ગંધ વિશેષ છે. ત્યારે જીવવા દો અને જીવો એમાં જીવવા દો એનું પ્રધાન સ્થાન છે અને તે વિશાળ વૃત્તિનું–વિશાળ ભાવનાનું સૂચક છે. બીજી એક વાત, જગતમાં જે જે ચીજ - રાખ, માટી, ધૂળ સુદ્ધાં આપણા પોષણમાં નિમિત્ત-રૂપ છે. એટલે મનુષ્ય તો જગતની તમામ ચીજોના ઉપકાર નીચે છે. આ ઉપકારનો બદલો મનુષ્ય ત્યારે જ થોડો ઘણો વાળી શકે જ્યારે ઉપકાર કરનારી ચીજોનો ઉપયોગ વિશેષ સંયમથી કરે અને મર્યાદાથી જ વર્તે. આનું જ નામ સંયમ અથવા અહિંસા. એમ અનુભવાય છે કે આખા જગતમાં સહકારનું સામર્થ્ય છે. એક એક મનુષ્ય અને પશુપક્ષી તથા પાણી, ઘાસ, પ્રકાશ, પવન વગેરે તમામનો પરસ્પર સહકાર છે, તેથી જ જીવી શકાય છે. આમ છે તેથી, સહકારીને સંઘર્ષ ઓછો આપાય તે સંયમનું કે અહિંસાનું લક્ષણ છે. જેના ઉપકારમાં હોઈએ અથવા જેના સહકારથી જીવન ટકી રહેલ છે તે ઉપકારી અથવા સહકારીની વિશેષ રક્ષા થાય તે જ વિચારણા રહેવી જોઈએ. જો કે જીવન તો સંઘર્ષ વિના ચાલવાનું નથી જ પણ, જેમ ઓછો સંઘર્ષ રહે તેમ તમામ પ્રવૃત્તિની યોજના કરી શકાય તો સંયમ અને અહિંસાનો રસ અનુભવાય. આજે તો ઉપર જે લખેલ છે તે સ્વાભાવિક રીતે તમારા ઉપર લખાઈ ગયેલ છે.

[ ૨ ]

અમદાવાદ: તા. ૮–૭–'૭૩

મેં જે તમને લખેલું કે જગતના તમામ નાનામોટાં મૂલ્ય-વગરના કે મૂલ્યવાળા પદાર્થો આપણા ઉપકારી છે અને એ દષ્ટિએ સંયમ અને તપની વર્તમાન જીવનની વ્યકિતગત કે સમષ્ટિગત શાંતિ માટે વિશેષ જરૂર છે. સંયમ અને તપનો જેટલો વર્તમાન જીવન સાથે સંબંધ છે તેટલો બીજી કોઈ ક્રિયાનો નથી. વર્તમાનકાળમાં રહેનારો માનવસમૂહ અને પ્રાણીસમૂહ શાંતિને પામે એ જ દષ્ટિએ સંયમ અને તપની મહત્તા છે. તપનો અર્થ નર્યો કાયકલેશ સમજવાથી ભારે હાનિ થઈ રહેલ છે. જે પ્રવૃત્તિથી પ્રવૃત્તિ કરનાર શાંતિને અનુભવે, પ્રવૃત્તિ કરનારનાં શરીર, મન અને ઈન્દ્રિયો કાર્ય-ક્ષમ અને સાધનાક્ષમ બની રહે તે પ્રવૃત્તિનું નામ તપ છે. જ્ઞાન-સારમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે સ્પષ્ટ જણાવેલ છે કે–

येन योगा न क्षीयन्ते
क्षीयन्ते नेन्द्रियाणिच्च
तदेव हि तपः कार्यम्
शेष लांघनकं विदुः (ઈત્યાદિ)

પણ જ્યારથી તપનો સંબંધ બાહ્ય પ્રભાવના, ધર્મની મહત્તા અને તપ કરનારની પ્રતિષ્ઠા, યશકીર્તિ સાથે જોડાયો ત્યારે તપ વિશેષ વિકૃત થઈ ગયું. સૂતાં સૂતાં પથારીમાં પડી રહીને કરાતું તપ એ તપ નથી એ વાત ભુલાઈ ગઈ છે.

લોકોમાં એવી છાપ ઊઠેલ છે કે જૈનો શરીરને શત્રુ સમજે છે અને જૈનોનો શરીર સાથેનો વ્યવહાર જોતાં એ છાપ ખોટી કેમ કહેવાય? શરીર સાધન છે એ વાત ગૌણ થઈ ગઈ અને શરીર વિઘ્નકર છે એ વાત મુખ્ય બની ગઈ. ખરી રીતે શરીર વિઘ્નકર જ નથી પણ અયોગ્ય સંસ્કાર અને અયોગ્ય વિચાર તથા તેનું મુખ્ય સાધન ચિત્ત અથવા મન એ તમામ અનિષ્ટતાનું મૂળ છે. તે અંગે ચિંતન, મનન અને વિચાર દ્વારા શુદ્ધિકરણના પ્રયત્નને બદલે, શરીરને જ દમવાના પ્રયત્નોને પ્રધાનતા તથા પવિત્રતા મળી અને એમ થવાથી શરીરદમનનું પરિણામ વિશેષત: વર્તમાનકાળમાં શૂન્યતામાં આવેલું જોતાં તેના ફળરૂપે સ્વર્ગની ઈન્દ્રઈન્દ્રાણી કે અપ્સરા થવાની લાલચોવાળી કથાઓ ઊભી થઈ અને એમ તપ ઉધારરૂપ થઈ ગયું, જે રોકડું ફળ આપનારું છે તેનું તે ઉધારરૂપ થઈ ગયું.

જગતના તમામ પદાર્થો આપણા જીવનના ઉપકારી છે એ કલ્પના પ્રાચીન લોકોના પણ ધ્યાનમાં હતી જ, તેથી તત્ત્વાર્થ સૂત્રમાં મૂળકાર ઉમાસ્વામીજીએ એ ઉપકાર પાંચમા અધ્યાયના ૧૭મા સૂત્રથી માંડીને ૨૨મા સૂત્ર સુધી બતાવેલ છે. એ અંગે સ્પષ્ટપણે મનન કરવાથી એ સૂત્રોનો પરમાર્થ સમજી શકાશે, અને આ વિચારને જ અવલંબીને પ્રાચીન સૂત્રકારોએ જેમ જીવકાયિક સંયમ એટલે જીવો સાથે સંયમયુકત વ્યવહાર બતાવેલ છે તેમ અજીવકાયિક સંયમ એટલે અજીવો સાથે પણ સંયમયુકત વ્યવહાર એ બે સંયમો બતાવેલા છે. અજીવો સાથેનો સંયમયુકત વ્યવહાર ત્યારે જ બની શકે જ્યારે પરિગ્રહભાવ ઓછો થાય. ધારો કે આપણે બે ખુરસીની જ જરૂર હોય છતાં બાર ખુરસીઓ શોભા માટે રાખીએ તે અજીવકાયિક અસંયમ થયો. પરિભાષા પ્રમાણે જે જે અજીવ પદાર્થો આપણા વ્યવ-હારમાં આવે છે તે બધા જ જીવહિંસા વિના શકય જ નથી, એથી હિંસાને ટાળવા સારું અજીવકાયિક સંયમ અને અજીવકાયિક અસંયમને સમજાવેલા છે. અજીવકાયિક સંયમ પાળવામાં પેલા ઉપકારનું પણ ધ્યાનમાં આવે છે અર્થાત્ જે જે પદાર્થો મારા ઉપકારી છે તેની સાથે પણ સંયમયુકત મર્યાદિત વ્યવહાર કરવો એ ફરજરૂપ છે. જે સાધક હોય તેને માટે અને જે વિશેષ વિચારક હોય તેને માટે મરણભય વિશે તમે જે નોંધ લખી તે ઘણી આકર્ષક છે, પણ મહાન સંત આનંદઘનજીએ તો જણાવેલ છે કે–

"મન સાધ્યું તેણે સઘળું સાધ્યું
એહ વાત નહીં ખોટી,
એમ કહે સાધ્યું, તે નવિમાનું,
એ કહી વાત છે મોટી
હો કુંથુજિન મનડું કિમહિન બાઝે હો...!"

શ્રી કુંથુજિન સ્તવન

જેનો મરણભય નાબૂદ થયેલ છે તેને સંપ્રદાય, કોમ વગેરેનો ભય હોઈ જ ન શકે, તેમ કીર્તિ–પ્રતિષ્ઠા વગેરેના ભોગે પણ સાચું કહેવાના પ્રસંગે પણ કોઈ જાતનો ભય ન હોઈ શકે. એટલે તમે હવે સમાજસુધારક તથા ધર્મસંશોધકનું કામ કરવા જરૂર વિશેષ યોગ્યતાવાળા થયા એમ મારું માનવું છે. તમને નમ્ર વિનતિ છે કે હવે તમે સામાજિક રૂઢિઓ અને ધાર્મિક રૂઢિઓ અંગે મુકત વિચારો જરૂર જણાવી શકો છો, જો એ અંગે તમે મુકત વિચારો ગોઠવેલા હોય તો. મૂર્તિપૂજા અંગેનો કદાગ્રહ અને મૂહપત્તી અંગેનો કદાગ્રહ તથા નગ્નતા અંગેનો કદાગ્રહ–એ બધા કદાગ્રહોએ આખા જૈન સંઘને છિન્નભિન્ન કરી નાખેલ છે અને સાધર્મિક ભાવને વિશેષ વિકૃત કરી નાખેલ છે. મુહપત્તી બાંધવાનું કોઈ અપેક્ષાએ કોઈ વ્યકિતને મતે યોગ્ય કદાચ ગણી શકાય, પણ ચોવીસે કલાક અને સૂતી વખતે પણ બાંધવાની ઘેલછા ભારે હાનિકારક છે, તેમ મૂર્તિપૂજા એ એક પ્રકારનો સત્સંગ છે અને સત્સંગથી સત્સંગ કરનારમાં ધીરે ધીરે ગુણોનો લાભ એ જ પ્રધાન ઉદ્દેશ છે. એને બદલે લોકો પૂજામાં જ મંડ્યા અને ઘરેણાં, અત્તરોનો પણ પૂજામાં ઉપયોગ થવા માંડયો છે ત્યારે પૂજા કરનારની વ્યવહાર-શુદ્ધિ વિશે કશો વિચાર જ નહીં અને આ બધી ક્રિયાને વર્તમાન જીવનમાં ફળદાયી થવાને બદલે મરણ પછી ફળદાયી બનાવવી પડી.

વિશેષ પછી.

લિ. બેચરદાસ

# આશ્ચર્યનું વરદાન

ડાબેરી કે જમણેરી—બન્ને પ્રકારની સમાજવ્યવસ્થા એકસરખી ધૃણાજનક છે. બેમાંથી એકકે વ્યવસ્થા આપણને સંતોષી શકી નથી. એકહથ્થુ સત્તાવાળી હકૂમતો પ્રચારદ્વારા પોતાનો કક્કો ખરો કરાવે છે અને સ્વતંત્રતાના વિચારને કુંઠિત કરનારા સૂત્રોચ્ચારના ખરીતાઓથી પ્રજાને કચડે છે. ક્યાંય કશાનો પાયો દઢ રહ્યો નથી. ધર્મો નિર્વીર્ય બની ગયા છે. આપણને તેમનામાંથી સહેજ પણ આશ્વાસન મળતું નથી, સહેજ પણ પ્રકાશ લાધતો નથી. તેમની પાસે કશાયનો ઉકેલ કે ઉત્તર નથી. બધું જ ખર્ચાઈ ચૂક્યું છે. ક્યાંય આશ્રય મળે તેમ નથી. આપણા સાથીઓની દૃષ્ટિ અને કૃતિઓમાં આપણી પોતાની જ અંગતતા પડઘાય છે. એક જ શબ્દમાત્રથી સામાન્ય જનતા એકબીજા સામે ઝૂઝશે અને પોતાની જાતને હોમવા તૈયાર થશે. માત્ર એક જ તણખે સમગ્ર વિશ્વ ભડકે બળશે.

ભારતમાં ગરીબોનાં શબથી શેરીઓ ઊભરાય છે. સ્કેન્ડિનેવિયામાં ધનિકોના આપઘાતનું પ્રમાણ બેવડાયું છે. યુવાન વર્ગ કેફી દ્રવ્યોના સેવન તરફ વળ્યો છે. તેમને મન જીવનનો કોઈ અર્થ નથી. તેઓની પાસે નથી આદર્શ—નથી ભવિષ્ય. ક્યાં છે એ સમર્થ ગુરુઓ જે આપણને પ્રકાશ અર્પે? અને જો તેઓ ક્યાંય પણ વિદ્યમાન હોય તો અવાજ કેમ ઉઠાવતા નથી? પોણા ભાગના વિશ્વને પૂરતું પોષણ મળતું નથી. સમગ્ર વિશ્વ આધ્યાત્મિક દરિદ્રતામાં સબડે છે. સઘળા આર્થિક પ્રશ્નો હલ થઈ જાય, બધાંને પૂરતું પોષણ મળે અને કલ્યાણ-રાજ્યનું સ્વપ્ન સાકાર થઈ જાય-તો તે પણ પૂરતું નથી. આપણી ભૂખ તો તેથીય ઊંડી છે. દરેક દાર્શનિક-પછી તે માર્ક્સવાદી હોય કે મનોવિશ્લેષક, ફ્રોઈડનો વિરોધી હોય કે નિત્સેનો સમર્થક!—સૌની સમક્ષ આજે એક જ પ્રશ્ન છે: આપણે જીવવું કેવી રીતે? જીવવા માટે સહજવૃત્તિઓ કે નિષેધો, ક્રાંતિ કે પ્રતિક્રાંતિ— શામાંથી મુક્ત થવું જોઈએ? નિષેધોની શૃંખલાઓને તોડી નાખીશું કે વધુ દઢ બનાવીશું? જિજીવિષા અને સદાની અતૃપ્ત તૃષ્ણાઓ તથા એ તૃષ્ણાને કાબૂમાં રાખતા આ નિયમો એ બે વચ્ચે હવે સંતુલન રાખી શકતા નથી. તીવ્ર મનોવિકારો એકબીજાને કચડે છે. કોઈ વિચારસરણીમાં બંધબેસતો ન થાય એવો પૂર્વ અને પશ્ચિમનો સંસ્થાનવાદ વિશ્વને હિંસાના વાતાવરણમાં ડુબાડી દે છે. ગરીબોને મદદ કરવી, ન્યાયનું સંવર્ધન કરવું, બુભુક્ષા અને તૃષાને સંતોષવી—એવા કોઈ ધ્યેયને માનવી ભજતો નથી. માનવી પાસે આજે બે જ સરળ વિકલ્પ છે: જગતને ક્યાં તો નિયંત્રણમાં રાખવું અને ક્યાં તો લોહીમાં તરબોળ થવું. આપણે બહુ પહેલેથી જોઈ શક્યા છીએ કે એકહથ્થુ રાજ્યસત્તાઓ તો જગતની ક્રૂરતમ બુર્ઝવા અમલદારશાહી પ્રસ્થાપિત કરવામાં જ સફળ થઈ છે. તેઓ ભલે સ્વીકારે કે ન સ્વીકારે પણ બુર્ઝવાવિરોધી બુર્ઝવા યુવાનો એક જ દિશામાં જઈ રહ્યા છે. તેઓ કદાચ સહજ રીતે જ અમલદારો, પોલીસો અને નમતું ન જોખતા વડીલોવાળી બુર્ઝવા સમાજ-રચનાને વધારે પસંદ કરે છે, કારણકે પાશ્ચાત્ય સમાજ શિથિલ થઈ પડયો છે. સર્વ ઈચ્છાઓના વિરોધહીન વિકાસની ખેવના અને દુરારાધ્ય વ્યવસ્થાની તાબેદારીની ખેવનાના બે અંતિમો વચ્ચે યુવાનો નિર્હેતુક ઝોલાં ખાય છે— આમ જ્યારે કહું છું ત્યારે મારું વક્તવ્ય વિરોધાભાસી નથી. આપણે પોતે શું ઈચ્છીએ છીએ તેની આપણને કશી જ ખબર નથી. આપણા પ્રેરકબળની પણ આપણને કશી ગતાગમ નથી. અતાર્કિકતાનાં પરિબળો તર્કને આંબી જાય છે. વિશેષ સંભવિત તો એ છે કે આપણે એકી સાથે ઘણી બધી વસ્તુઓ ઈચ્છીએ છીએ; તે પછી ભલે ને તે પરસ્પર વિરોધાભાસી હોય.

સ્પેન્ગ્લરનો વિચાર કરતાં હું ભારપૂર્વક કહી શકું કે આપણે વિશ્વમાં સર્વોપરિતા માટેના યુદ્ધના આરે આવી ઊભા છીએ. નાનાં રાષ્ટ્રોને આર્થિક કે રાજકીય રીતે મદદ કરીને જગત પર પોતાનો કાબૂ જમાવવા માટે સમૃદ્ધ રાષ્ટ્રો પરસ્પર ઝઘડે છે. અલબત્ત, સંસ્થાનોની સ્થાપના તો જે તે પ્રજાની મુક્તિ માટે જ કરવાની! ફરી એકવાર કહીએ તો એ લોકોને ભૂખ, તરસ, ન્યાયમાં રસ નથી; અને આર્થિક પ્રશ્નો સુદ્ધાં ગૌણ બની જાય છે. સત્તા માટેની લાલસા એ જ એમનું ચાલક બળ છે અને સૌ ચાલક બળોમાં એ જ સૌથી વધારે બળવાન છે. આપણે જોયું તેમ સંસ્કૃતિએ આપણને નિરાશ કર્યા છે. જો કે આપણે તો ધારતા હતા કે તે આપણને ભય અને નિરાશામુક્ત કરશે. તે આપણી મુક્તિદાતા બનશે. પરંતુ આપણી સાથે માનવી પેલા કટ્ટર રાજકારણીકરણ તરફ ધસ્યે જ જાય છે. આકાંક્ષાઓના વિસ્ફોટને દબાવી દેવો શું સાચે જ જરૂરી છે? સ્વતંત્રતા અને ગુલામીનું સહઅસ્તિત્વ શક્ય છે ખરું? આ બધામાંથી નીકળવાનો માર્ગ-ક્યાં છે? જો માનવી માનવીને ધિક્કારતો હોય, જો કોઈ પોતાને કે અન્યને ચાહતો ન હોય, જો સઘળું અસહ્ય હોય, જો આપણા આત્માના પ્રશ્નોના ઉત્તર વિજ્ઞાન અને સંસ્કૃતિ પાસે ન હોય અને વિજ્ઞાન અને સંસ્કૃતિ કશું સુધારી શકવા અશક્તિમાન હોય અને આપણને ગર્તાને કિનારે ધકેલી દેતાં હોય તો માનવે એના પ્રશ્નોના ઉકેલ રાજકારણમાં શોધવા જોઈએ.

રાજકારણ માનવની મૂળભૂત જરૂરિયાતોને ભાગ્યે જ સંતોષી શકે એ તો આપણે જોઈ ગયા છીએ, અને અતિશય રાજકારણીકરણ તો આપણને અભૂતપૂર્વ અનિષ્ટ તરફ દોરી જશે ગણતરીનાં વર્ષોમાં ક્રાંતિનાં બસો વર્ષ પૂરાં થશે, અને ક્રાંતિઓ તો ચાલુ જ રહેશે. પુનરુદ્ધાર કરનારી ક્રાંતિઓની દંતકથા વિસ્તરે જ જશે. સમગ્ર માનવજાતનો મોટો સમૂહ એનો શિકાર બનતો જ રહેશે, પછી ભલે ને ક્રાંતિનાં પરાભવ અને નાદારી આપણને કાંઈ જુદી જ શિખામણ આપતાં હોય! વર્તમાન ઈતિહાસ આ વાતને વારંવાર સ્પષ્ટ કરી આપે છે. રાજદ્વારી નેતાઓ માનવીને ચાહતાં નથી. તેઓ તો એમને માત્ર સાધન બનાવવા માગે છે. હવે જો હું રાજદ્વારી નેતાઓ સાથે મૈત્રીપૂર્ણ બાંધછોડ કરવાનું કહું તો લોકો મારી સામે હસશે. સ્વાભાવિક રીતે બધા જ સંબંધો બળના આધારે રચાયેલા હોય છે. પરંતુ બંધુત્વ, બિરાદરી, એકતા, સંવાદિતા, સ્વતંત્રતા, મૈત્રી અને સમાનતા—આ બધાં શું બધા જ ક્રાંતિકારીઓની શ્રદ્ધાના પાયાના સિદ્ધાંતો નથી— અગર શું પહેલાં ન હતા? અને જો હું આ વિચારો—આદર્શો અને સૂત્રોને ગંભીરતાથી સ્વીકારી ન શકતો હોઉં તો પછી ક્રાંતિને કેવી રીતે ગંભીરતાથી સ્વીકારી શકું? જો ક્રાંતિ, મૈત્રી કે બંધુત્વ સ્થાપી શકતી ન હોય તો એમાં શ્રદ્ધા પણ કેવી રીતે રાખી શકું? અને ક્રાંતિએ એને માટે લેશમાત્ર પણ પ્રયત્ન કર્યો નથી. ક્રાંતિને સહેજ આધાર પ્રાપ્ત થતાં જ તેમાંથી સજા, પ્રાયશ્ચિત્ત અને વેરનો વિચાર પ્રગટયો જ છે. પ્રેમના નામે અને પ્રેમને માટે કોઈ ક્રાંતિની શરૂઆત થતી જ નથી. મૈત્રીના વિચારને તો રાજકારણ કચડી જ નાખે છે.

પ્રેમ અને ચિંતન હાસ્યાસ્પદ વિચારો બની નથી ગયા; એ વિચારોનું હવે અસ્તિત્વ જ નથી રહ્યું. અધ્યાત્મવિદ્યાનો વિચાર ક્રોધને પાત્ર નહીં તો છેવટ ઉપહાસને પાત્ર તો બને જ છે.

કટોકટીનો પ્રારંભ લાંબા સમયથી જ થયો હતો. આપણી સંસ્કૃતિની અવનતિની શરૂઆત કદાચ સત્તરમી સદીમાં થઈ ચૂકી હતી. સંસ્કૃતિ કદાચ અધ્યાત્મવાદીને બદલે વધારે માનવતાવાદી તથા પારમાર્થિકને બદલે વધારે માનસશાસ્ત્રીય બની ચૂકી હતી. આપણાં દેવળોમાંનાં શિલ્પોના મુખ પર છાયેલા હાસ્યનાં અર્થઘટન આજે આપણને સ્પષ્ટ થતાં નથી. આમ છતાં એ મૂર્તિઓની ગંભીર સ્વસ્થતા આપણા માટે આદર્શરૂપ બની શકે. જો આપણે એ હાર-

માળાઓ, આકૃતિઓ અને મૂર્તિઓની સંવાદિતાને જોવાની સાચી દષ્ટિ કેળવીએ તો એ સંવાદિતા આપણને સ્વસ્થ પ્રસન્નતા તરફ દોરી શકશે. પિંજરામાં સપડાયેલો હોય એ રીતે માનવી પૃથ્વી ઉપર આંટા મારી રહ્યો છે, કારણકે એ આકાશ તરફ જોવાનું ભૂલી ગયો છે. એ કયા પ્રશ્નો પૂછે છે?–હું કેવી રીતે સારી રીતે જીવી શકું? કેવી રીતે હું પૃથ્વીનો સ્વામી બની શકું? કેવી રીતે હું આનંદ કરું? કેવી રીતે હું બધી સારી વસ્તુઓ મેળવું? કેવી રીતે હું મારાં પોતાનાં જ સુખનાં સાધનો સર્જું? બીજાઓ માટે ચિંતા કર્યા વિના અને તેમને સારો સમય મળે કે ન મળે તેની ચિંતા કર્યા વિના હું કેવળ મારી જાતને માટે જ કેવી રીતે સુખચેન માટેનો સમય મેળવી શકું? બીજાઓના સુખ કે દુ:ખનો વિચાર કરવાનો પ્રશ્ન તો હવે રહ્યો જ નથી. આનું નામ હવે માનવતા છે, અને માનવીઓની ખુદને માટેની આ યોજના છે.

દરેક આધ્યાત્મિક અને પારમાર્થિક વિચારણાને ગણતરીની બહાર મૂકી દેવામાં આવી છે. ભવિષ્યનો પ્રશ્ન, વિશ્વમાં આપણું અસ્તિત્વ, અસ્તિત્વની આપણી પરિસ્થિતિઓનું મૂલ્ય કે અસલામતી વગેરે બધાને બાજુએ ધકેલી દેવામાં આવ્યાં છે. આપણા અસ્તિત્વના કેન્દ્રમાં રહેલો પ્રશ્ન-મૃત્યુનો અર્થ–ભુલાઈ ગયો છે. આપણી વિચારણામાંથી આખરી અંતિમ ધ્યેયને ઓગાળી નાખવામાં આવ્યું છે. કારણ કે આપણે તો પ્રત્યક્ષ પદાર્થો અને તાત્કાલિક ધ્યેયોને દૃષ્ટિમાં રાખીએ છીએ. પરિણામે આપણે શું કરવું અને કયાં જવું એ હવે જાણતા નથી. આપણે ફકત જીવવા જ માગીએ છીએ; અને તેથી જીવવાનું અશકય બની ગયું છે.

આપણી આજુબાજુ આપણે નજર નાખીએ. જગત દિશાશૂન્ય છે. અલબત્ત, વિવિધ પ્રકારની વિચારસરણીઓનો કોઈ તોટો નથી. પરંતુ તેઓ આપણને કયાંય લઈ જઈ શકતી નથી. સુખની ઘેલછાએ સાચા આનંદને દૂર ભગાડી મૂકયો છે. આપણી લહેરી, તરંગી ઈચ્છાઓની તૃપ્તિદ્વારા સુસ્તી અને જડતા તથા આપણામાં ઉછાળા મારતી ઈચ્છાઓ–જે ઈચ્છાઓ અન્ય વ્યકિતઓની એવી જ ઈચ્છાઓના સંઘર્ષમાં છે–નો લાભ ઉઠાવીને પ્રાપ્ત થતા મૃત્યુ–આ બે વિકલ્પો વચ્ચે હવે આપણે પસંદગી કરવાની છે.

આપણે તો ચિંતન કે ધ્યાનનો અર્થ પણ ભૂલી ગયા છીએ, દષ્ટિ પણ ગુમાવી બેઠા છીએ. એકાદ ક્ષણ માટે પણ સામાન્ય ઘોંઘાટ સામે ટક્કર ઝીલી એ ઘોંઘાટની શાંતિમાં ધ્યાન કેળવી શકતા નથી; જગતની નિકટતા કે દૂરતા આપણે જોઈ શકતા નથી. જગત સામે જોવાનો આનંદ આપણે ગુમાવી દીધો છે. અને તેમ છતાં જો આપણે સાચે જ આપણી આજુબાજુ એક નજર નાખીશું તો આપણને ફરી વાર આશ્ચર્યની તાઝગી પ્રાપ્ત થશે. એ બાળસુલભ આશ્ચર્યની પ્રાપ્તિ આપણને પૃથ્વીના સર્જનના પ્રથમ દિવસની તાઝગી અને નાવીન્ય આપશે. એ આશ્ચર્યનું વરદાન આપણે વળી પાછું મેળવવું પડશે.

'ઊહાપોહ' માંથી ટૂંકાવીને. યુજીન આયોનેસ્કો : અનુ: સનત ભટ્ટ

## સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોના ૧૭૫ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે, નવાં નામો નીચે પ્રમાણે છે.

૧૭૬ શ્રી જયન્તિલાલ રતનચંદ શાહ
૧૭૭ ,, હીરાલક્ષ્મીબહેન દીપચંદ શાહ
૧૭૮ ,, મહેન્દ્રભાઈ દીપચંદ શાહ
૧૭૯ ,, રવિચંદ સુખલાલ શાહ
૧૮૦ ,, નાગરદાસ ટી. શાહ
૧૮૧ ,, કલ્યાણજીભાઈ ડી. ઝવેરી
૧૮૨ ,, દામજી મેઘજી શાહ
૧૮૩ ,, નેણસી માણેક ફુરિયા

# ✶ વાચકના વિચારો ✶

[શ્રી દિલાવરસિંહ જાડેજાએ તેમના પત્રમાં બે વિચાર-નોંધો મોકલી છે, જે નીચે પ્રગટ કરવામાં આવી છે. –તંત્રી]

## દાંભિકતા

તંત્રીશ્રી, 'પ્રબુદ્ધ જીવન',

આપની 'પ્રકીર્ણ નોંધ' હું રસપૂર્વક વાંચું છું. તા૦ ૧૬-૬-'૭૩ના 'પ્ર. જી.'માં ઈંગ્લાંડના સ્વચ્છંદી સમાજ વિશે નોંધ લેતી વખતે આપે ઈંગ્લાંડના પ્રધાનમંડળમાંથી જાતીય ભ્રષ્ટાચારને કારણે રાજીનામું આપનાર બે ઉમરાવ પ્રધાનો જેલિકો અને લેમ્બર્ટનો ઉલ્લેખ કરી, એમની સ્વચ્છંદી વર્તણૂકની યોગ્ય રીતે ટીકા કરી છે. નોંધને અંતે આપે ઉમેર્યું છે કે ભારતમાં પણ, ખાસ કરીને શહેરોમાં અને પૈસાદાર લોકોમાં આવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે... પરંતુ જાતીય અને અન્ય પ્રકારના ભ્રષ્ટાચારની બાબતમાં ઈંગ્લાંડ (પશ્ચિમી સમાજ) અને ભારત વચ્ચે એક ભેદ મને દેખાય છે. ભ્રષ્ટાચારમાં ખરડાયેલા આપણા દેશના સત્તાધારીઓ અને શ્રીમંતો દંભનો આશ્રય લઈ દેશની જનતાને નીતિ, ન્યાય, પ્રામાણિકતા, ચારિત્ર્યશીલતા ઈ. વિશેનાં ઉપદેશવચનો ઠંડે કલેજે સંભળાવે છે અને આપણી જનતા આવા દંભને ઠંડે કલેજે નિભાવી લેતી લાગે છે. વાઘને કોણ કહે કે તારું મોઢું ગંધાય છે? એવી વ્યાવહારિક વૃત્તિ પણ દંભનો પડદો ચીરવા આડે કદાચ કારણભૂત બનતી હશે. ગમે તેમ, હડહડતી દાંભિકતા એ આપણા રાષ્ટ્રીય જીવનનો એક રોગ છે. અહીં મને પશ્ચિમની નિખાલસતા ગમે છે. પોતાના વર્તનની ભૂલ કબૂલ કરતી વખતે લૉર્ડ જેલિકોએ એને 'Credulous Stupidity' તરીકે ઓળખાવી હતી. ભૂલને છાવરવાનો કોઈ પ્રયાસ એમણે કર્યો નહોતો. અલબત્ત, પશ્ચિમના કે પૂર્વના ભ્રષ્ટાચારને ન્યાય્ય ઠરાવવાનો અહીં કોઈ હેતુ નથી, તે સ્પષ્ટ જ છે.

## કથાશ્રવણ અને જીવનવ્યવહાર

ડોંગરેજી મહારાજે રામાયણની કથાનું થોડા વખત પહેલાં અમદાવાદમાં પારાયણ કર્યું હતું. રોજ હજારોની સંખ્યામાં લોકો હાજર રહેતા હતા. છેલ્લે દિવસે તો એ સંખ્યા, દૈનિક પત્રના અંદાજ મુજબ એક લાખ સુધી પહોંચી હતી. પારાયણ પ્રસંગે શ્રોતાજનોએ ભેટ આપેલી રકમ ગુજરાતમાં પ્રવર્તી રહેલી દુકાળની આફતના નિવારણના સ્તુત્ય કાર્યમાં વપરાવાની હતી. પારાયણના આયોજકો તથા ડોંગરે મહારાજને માનવતાના કાર્યમાં સહાયભૂત થવા માટે ધન્યવાદ ઘટે છે.

આવું કથાશ્રવણ સત્સંગ માટે લોકોને મોકો પૂરો પાડે છે. હાલની જીવનની હાડમારી અને ખેંચતાણમાં ધર્મકથાઓનું શ્રવણ લોકો માટે આસાયેશરૂપ બનતું હોવું જોઈએ. જનસમાજની તપ્ત અને તંગ મનોદશામાં ધર્મકથાનું મધુર શ્રવણ શામક લાગણી જન્માવતું હશે. જીવનની ગતાનુગતિક ઘટમાળમાંથી એક એસ્કેઈપ પણ કદાચ એ પૂરું પાડતું હશે. વિશાળ સમુદાયમાં બેસી સાંભળવામાં આવતી ધર્મચર્ચા લોકોને અનેરો સમૂહાનુભવ પણ પૂરો પાડતી હોવી જોઈએ. લોકોની ધર્મશ્રદ્ધા દઢાવવામાં આવું કથાશ્રવણ સહાયભૂત થતું હશે.

પરંતુ પાયાનો પ્રશ્ન એ છે કે ધર્મકથાના શ્રવણ બાદ લોકોના રોજિંદા જીવનવ્યવહારમાં નાનાસરખા યે સારા ફેરફાર થવાની પ્રક્રિયા શરૂ થતી હોય છે? કે–પછી 'વોહી રફતાર બેઢંગી, જો પહલે થી વહ અબ ભી હય!' જવાબ નિરાશાજનક લાગે છે. આ મુદ્દાના સંદર્ભમાં શ્રી કરસનદાસ માણેકનું આ મંતવ્ય વિચારવા જેવું છે: "જગતને પ્રવચનો સામે જરાય વાંધો નથી. કથા-કીર્તનો સાંભળવાનો તો ઊલટાનો એને શોખ છે, સિનેમા-નાટક-નવલકથા વાંચન આદિ શોખની સ્પર્ધા કરી શકે એટલો...જગતનો વાંધો નિષ્ક્રિય શિખામણ અને સુફિયાણી સલાહ સામે નથી; પણ સક્રિય ટીકા અને કઠોર સત્યાગ્રહની સામે છે. શાસ્ત્રીઓ અને કથાકારોને સહન કરી લેવા એ તૈયાર છે, પણ પોતાનો હૃદયપલટો અને જીવનપલટો થવો જ જોઈએ, એવો આગ્રહ રાખનારાઓને તો એ જીવતા નહિ મેલે! આ બાબતમાં જગત પહેલાંના જેટલું જ ઝનૂની છે."

વલ્લભ વિદ્યાનગર દિલાવરસિંહ જાડેજા
૨૭-૬-૧૯૭૩

# કદાચ આ સત્ય તમને નહિ સમજાય!

લાગણીઓ ભસ્મ થયા પછી તે લાગણીઓનાં સ્મરણો સાચવી રાખવાનો પણ નિર્બળ પ્રયાસ; એ અમારું જીવનચરિત્ર!—એ અમારી સમાધિ પણ છે: તમે એમાંથી શું મેળવવાની અપેક્ષા સેવો છો?

ભ્રમમાં ભૂલા પડેલા આ સદીના નાજુક જીવો! તમે અમને સમજવામાં ઘણી ઘણી ભૂલો કરી છે! કોઈકે અમને સંત કીધા, કોઈકે મહાન ભક્ત, કોઈકે વળી કેવાં ય બિરુદો આપ્યાં — પણ તમે બધા સર્વાંશે જૂઠા છો! હજુ પણ આ સમયની નીચે કચરાઈને ધૂળ બની ગયેલી અમારી લાગણીઓ પાસેથી કાંઈક ઈચ્છો છો?

તમે બધા લાલચથી ઘેરાયેલ છો! પણ તમને ભૂતકાળમાં ભરખાઈ ગયેલી વાતો કોણ કહે? જાણી લ્યો, અમારી અંતરવ્યથા, અમારી ભાવનાઓ, સુખો અને મહત્ત્વાકાંક્ષા—આ બધું જ અમારું હતું: એ કદી તમારાં બનવાનાં નથી! તમે તમારી અધૂરપમાં, તમારા સમયને વેડફી રહ્યા છો: અગરબત્તી, ઘીના દીવા કે ફૂલો ચડાવીને તમારી આશાના મિનારા ચણાવી લેશો? અમારી કોઈની આ રીતે આકાંક્ષા પૂર્ણ થઈ હોય એવું નહોતું જોયું!

કદાચ આ સનાતન સત્ય; વેગભર ધપતી સદીઓના પગરવમાં ને તમારા સ્વભાવના ઘોંઘાટમાં તે તમને નહીં સંભળાય!

અમારી અનેકોની આ કથા હતી—તમારી પણ આવી જ કથા છે: બીજું સત્ય સમજી લ્યો, તમે આજે અમારે માટે જે કલ્પના કરી રહ્યા છો એવી જ કલ્પના, અણજન્મ્યા ભવિષ્યના લોકો તમારે માટે કરવાના છે!

મનના કપોળકલ્પિત તરંગોથી તમે અમને ન ચીતરો! બહેતર તો એ છે કે જે અગાધ શકિતએ ભૂત અને ભવિષ્યનું ભીતર સર્જ્યું છે, તેની સમક્ષ તમે નમી જાવ!

તમારે હવે સજાગ બનવાની જરૂર છે: પણ તમે કદી એ સત્ય સમજવાના નથી કે તમારી લાલસાઓ ને ઇચ્છાઓ કેટલી અમર્યાદ છે.

ભૂતકાળના ખપ્પરમાં હોમાઈ ગયેલા, અમારા જેવા સમાધિસ્થ જીવોને છંછેડવા કરતાં, તમારી સાથે શ્વાસ લઈ રહેલાં, તમારે હાથે અન્યાય અને અનાદર પામતા આત્માઓને સ્નેહથી સત્કારો!

સંસારના નિર્મળ સ્નેહવારિમાં પડતા અંધકારના પડછાયાઓને દૂર કરશો ત્યારે જ સમયની સમાધિમાં સૂતેલા અમે બધા તમને આશિષોથી વધાવવા સાનંદ સજીવન થઈશું.

અમે અમારી જાતનાં જે બલિદાનો આપ્યાં છે, પણ તે કાંઈ આજે તમે આપો છો એ કીર્તિનાં પ્રલોભનો ખાતર તો નહીં જ!

અમને, એક વખત બિચારા ભવભૂતિ, કાલિદાસ અને શેક્સપિયર જેવાઓની દયા આવતી હતી! ત્યારે પણ લોકો તમારી જેમ એની સમય-સમાધિને છંછેડતા!

"લોકો બહુ બહુ તો નામઠામ જાણે, કે જયંતીઓ ઊજવે તેથી શું? અમને પાંચ પેઢી પરના પિતામહની જિંદગી કેવી હતી તે જાણવાની ઉત્સુકતા કે નવરાશ નહોતી! તો પછી સૈકાઓના પૂરમાં ઘસડાતા અને એકાદ છોળથી લોક-સ્મરણના ખડક પર તણાઈ આવેલા કોઈ કાલિદાસ, ભવભૂતિ, વાલ્મીકિ, શેક્સપિયર વિશે શું જાણીએ?"

—ને પેલા વ્યાસ મુનિ! એની તો અમે દયા ખાતાં! લોકો એના કથાનાયક શ્રીકૃષ્ણની પ્રશંસામાં એને તો સમૂળગા ભૂલી જ ગયા!

—ને રામનામ સત્યના પુકારો થાય, રામાયણ ગવાય—પણ કોઈ રામના ભકતને ઉત્સુકતાથી કે ભકિતભાવથી બોલતા સાંભળ્યો છે કે "રામાયણના કર્તા ઋષિ વાલ્મીકિની જય હો!"

તમને કદાચ ખબર નહીં હોય, આ બધાં કીર્તિ પામેલાઓની, સમકાલીનોને હાથે કેવી દશા હતી તે!

ઈર્ષા અને વેરથી ચીરતા અને ચીરાતા તેમના હૈયાના ગરમ રુધિરથી દાઝેલી પૃથ્વી હજુ ય કંપે છે!

અમૃતના તરસ્યા દેવ! દાનવો વિષ નહોતા પચાવી શકે તેમ! શિવજીએ વિષપાન ન કર્યું હોત તો?

શયતાનની ઝોળી અને કીર્તિના ખપ્પરની માયાની મહત્તા સરખી છે! શયતાનની ઝોળી ભરાય તે કરતાં લાલચુ કીર્તિનું ખપ્પર વધુ ઊભરાય છે!

આવી જ માયાને વશ થઈ, જીવનઝરાનાં નિર્મળ નીર મેલાં કરી, કલાકારોએ પણ કળાના મિનારા ચણ્યા, પિરામિડો રચાયાં, રાજાઓ યુદ્ધો લડયા, સ્ત્રીઓનાં હરણ કર્યાં, 'સતી'ના ઓઠા નીચે આશાભરી સ્ત્રીઓને સળગાવી!

સ્નેહથી ઊભરાતાં હૃદયોને કચડીને કલ્પનાની ટોચે લટકતી કીર્તિનો પાલવ પકડવા જ્ઞાનીઓએ પણ દોટ મૂકી!

ના રે, અમે એવી કીર્તિની કમાણી નથી કરી, જેની પછવાડે પેલા ધૂણતા ભૂવાઓ ડાકલાં વગાડે! મોતનાં મરશિયાં ગવરાવવા માટે કીર્તિનો મોહ રાખવો એના કરતાં તો કીર્તિ ન રાખવી ભલી!

તમે રખે ભૂલી જતાં, દિશા વિનાના વ્યોમમાં, અંત વિનાની ધરામાં — કયાંય પણ સ્પર્શ અને સ્નેહની માયામાં કે પછી અજ્ઞાત અસ્તિત્વની દુનિયામાં — સમયની સમાધિમાં વિલીન બની ગયેલા અમે, તમારા મેલા કીર્તિધૂપથી મોહ પામી જઈશું!

—ગુણવંત ભટ્ટ

# સંઘ સમાચાર

## કાર્યવાહક સમિતિમાં સભ્યોની પુરવણી

તા. ૨-૭-'૭૩ના રોજ સંઘની નવી કાર્યવાહક સમિતિની પ્રથમ સભા મળી હતી ત્યારે તેણે નીચે મુજબના પાંચ સભ્યોની કાર્યવાહક સમિતિમાં પુરવણી કરી હતી.

(૧) શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ
(૨) ,, લાભશંકર જી. મહેતા
(૩) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૪) ,, જગજીવનદાસ પી. શાહ
(૫) ,, મફતલાલ ભીખાચંદ શાહ

**શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમતિ**

આ સમિતિના, પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચેના પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
(૩) ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
(૪) ,, ચીમનલાલ જે. શાહ
(૫) ,, સુબોધભાઈ એમ. શાહ

આ ઉપરાંત કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

(૧) શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ—મંત્રી
(૨) ,, હરિલાલ ગુલાબચંદ શાહ
(૩) ,, કે. પી. શાહ
(૪) ,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને શ્રી શાન્તિલાલ દેવજી નન્દુની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા ઓગસ્ટ માસની ૨૪મી તારીખથી સપ્ટેમ્બર માસની ૧લી તારીખ સુધી- એમ નવ દિવસની ગોઠવવામાં આવી છે. તેના વ્યાખ્યાતાઓ નક્કી કરવા માટેનો પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. આગામી અંકમાં ઘણાંખરાં નામો પ્રગટ કરી શકીશું એવી ધારણા છે. અત્યાર સુધીમાં શ્રીયુત ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી. રોહિત મહેતા, શ્રીમતી શ્રીદેવી મહેતા, ફાધર વાલેસ, શ્રી મનુભાઇ પંચોળી (દર્શક) શ્રી નિર્મળાબહેન દેશપાંડે વગેરેની સંમતિ આવી ગઇ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

# ☆ હવામાન બદલાઈ રહ્યું છે? ☆

જગતના વૈજ્ઞાનિકોને હવે પૃથ્વીનું હવામાન બદલાઈ રહ્યાની ચિંતા પેઠી છે તથા તેઓ તેના સંશોધનમાં પડયા છે કે હવામાન કેટલું બદલાયું છે, કેમ બદલાયું છે, તેની પાછળ શા કારણો છે. અને માતબર દેશ અમેરિકા જ્યાં વૈજ્ઞાનિક સંશોધન પણ ધનવ્યયનું એક સરસ સાધન બની રહ્યું છે ત્યાં ઉપરાઉપર વૈજ્ઞાનિકો વિજ્ઞાનનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં આ વિષયની નુકતેચીની કરવા લાગ્યા છે. અમેરિકાની પ્રખર સંશોધન સંસ્થા માસાચુસેટસ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજીમાં જગતના અનેક દેશોમાં ઉષ્ણતામાન, હવામાં ભેજનું પ્રમાણ, પવનની ગતિ વગેરે પ્રકારની હવામાનની વિગતો નોંધનારાં સેંકડો કેન્દ્રોએ દાયકાઓથી એકત્ર કરેલ માહિતીના ડુંગર જેવડા ખડકલાને ફેંદીને દરેકે દરેક કેન્દ્રમાં પાંચ વર્ષના સમય દરમિયાનમાં ઉષ્ણતામાન અને હવામાં રહેતા ભેજના પ્રમાણમાં થયેલા ફેરફારના આંકડાનું તારણ કાઢયું છે. સર્વપ્રથમ દરેકે દરેક કેન્દ્રની માસિક સરેરાશ, પછી એક વિસ્તારનાં સર્વે કેન્દ્રોની માસિક સરેરાશ, પછી વાર્ષિક સરેરાશ અને પછી એ બધાં જ કેન્દ્રોના આંકડાને એકઠા કરીને ઉત્તર ગોળાર્ધમાં આ પાંચ વર્ષના સમય દરમિયાનમાં ઉષ્ણતામાન અને હવાના ભેજના પ્રમાણમાં થયેલા ફેરફારનું તારણ કાઢયું છે. માત્ર એક મહિનાની સરેરાશ કાઢતાં દોઢ લાખથી બે લાખ જેટલી નોંધો ઉથલાવવી પડેલી એવા આ વૈજ્ઞાનિકોના વિધાન પરથી પાંચ વર્ષના સમયના હવામાનના ફેરફારોની વિગતો એકત્ર કરતાં તેઓને એક કરોડ જેટલી માહિતીની નોંધોના સાગરનું કેવું મંથન કરવું પડયું છે તેનો કંઈક ખ્યાલ આવશે. તેઓએ જે મંથન કર્યું છે તેનો સારભાગ એવો છે કે–

૧૯૫૮ની તા૦ ૧લી મેથી ૧૯૬૩ની તા૦ ૩૦ એપ્રિલ સુધી પૂરાં થતાં પાંચ વર્ષમાં ઉત્તર ગોળાર્ધના ઉષ્ણતામાનમાં સરેરાશ એક અંશના સાઠ શતાંશ જેટલો ઘટાડો થયો છે.

આ જ સમય દરમિયાનમાં ઉત્તર ગોળાર્ધના વાતાવરણમાં રહેલા ભેજના પ્રમાણમાં લગભગ અઢી ટકાનો ઘટાડો થયો હતો. એટલે કે સામાન્ય રીતે વાતાવરણમાં કુલ હવાના ત્રણ શતાંશ ટકા જેટલું પાણીના વરાળનું જે પ્રમાણ હોય છે તેમાં અઢી ટકાનો, એટલે કે ચાલીસમા ભાગનો ઘટાડો થયો છે.

હવામાનમાં જે ફેરફારો થયા છે તે અધિકાંશે ઉષ્ણ કટિબંધ એટલે કે વિષુવવૃત્તથી ત્રીસમા અક્ષાંશના પટ્ટામાં થયા છે અને ત્રીસ અક્ષાંશથી ઉત્તર ધ્રુવ સુધીના વાતાવરણમાં થયેલા ફેરફારો ઓછા છે.

વર્ષો સુધી ચાલેલા તેમના સંશોધનનો આ પરિપાક પ્રકટ થયા બાદ અન્ય સંશોધકોએ પણ આ જ દિશામાં પોતે કરેલા પ્રયાસોનાં પરિણામો પ્રકટ કરવા માંડયાં છે તથા ઉષ્ણ કટિબંધના દેશો, એટલે કે આફ્રિકાના દેશો, અરબસ્તાન અને ઈરાનના અખાતના દેશો તથા ભારતમાં હવામાનમાં ભારે ફેરફારો થવાની આગાહીઓ કરવા માંડી છે. એક સંશોધકે તો જાહેર કર્યું છે કે આ વિસ્તારમાં છેલ્લાં પચાસ વર્ષના થયેલા વરસાદના આંકડા એકત્ર કરતાં તથા તેનું અન્વેષણ કરતાં તેમને જણાયું છે કે એકંદરે આ વિસ્તારોમાં વરસાદના પ્રમાણમાં લગભગ અર્ધોઅર્ધ ઘટાડો થયો છે.

દુનિયાના હવામાનમાં છેલ્લાં અઢીસો વર્ષથી થઈ રહેલા ફેરફારોનું અન્વેષણ કરતાં એક બીજા વૈજ્ઞાનિકે જણાવ્યું છે કે અઢારમી સદીના આરંભથી ૧૯૨૦ સુધી ઉત્તર ગોળાર્ધમાં ઉષ્ણતામાન વધતું જતું હતું, પણ ત્યાર બાદ આ ક્રમ ઊલટાયો છે તથા ૧૯૪૦ બાદ ઉષ્ણતામાન ઘટવા લાગ્યું છે, જેને પરિણામે આઈસલેન્ડ ટાપુમાં બરફ-રેખા આગળ આવતી જાય છે, ઉત્તર ગોળાર્ધમાં શીત કટિબંધોમાં બરફ જામવાની રેખા પણ આગળ વધવા લાગી છે તથા બ્રિટનમાં ખેતીપાક લેવાની ફસલ બે અઠવાડિયાં જેટલી ટૂંકી થઈ ગઈ છે.

ભારે પરિશ્રમ કરી વૈજ્ઞાનિક સત્યોનો તાગ મેળવવા મથતા આવા વૈજ્ઞાનિકોનાં તારતમ્યો સામે આપણા જેવા સામાન્ય માણસોને કંઈ કહેવા જેવું હોય નહિ. પણ એક વાત કહેવી જોઈએ કે દુનિયાના હવામાનમાં સ્થિરતાની કલ્પના કરવી નકામી છે. કારણ કે હવામાનનો જેના પર આધાર છે તે તમામ તત્ત્વોમાં સતત ફેરફાર થયા જ કરે છે. સૂરજની ગરમી, વાતાવરણમાં પવનનો સંચાર, સાગરનો જલનિધિ અને ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવમાં પડેલા જબરદસ્ત હિમપર્વતો તથા હિમસરિતાઓ ક્યારેય સ્થિર હોતાં નથી. સૂર્યની આસપાસના પૃથ્વીના પરિભ્રમણમાં તેનું અંતર ઓછુંવત્તું થાય તેમ તેમ સૂર્ય પાસેથી પૃથ્વીને મળતી ગરમીમાં વધઘટ થયા જ કરે અને આ અંતરમાં પણ ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના ફેરફારો થયા જ કરતા હોય છે. છેલ્લાં સિત્તેર હજાર વર્ષમાં પૃથ્વી પર ચાર હિમયુગો આવી ગયા. હિમયુગો એટલે હાલના યુરોપ–અમેરિકાના સમશીતોષ્ણ દેશોના મોટા વિસ્તારમાં હિમનું આચ્છાદન થઈ રહે. છેલ્લો હિમયુગ દસથી બાર હજાર વર્ષ પૂર્વે પૂરો થયો અને હવે નવા હિમયુગનાં મંડાણ થઈ રહ્યાં હોય તો ય કોણ કહી શકે તેમ છે? પણ હિમયુગોની ય મર્યાદા છે. પૃથ્વીનું અસ્તિત્વ તો ચારથી પાંચ લાખ વર્ષથી છે અને એ લાંબા કાળમાં હિમયુગોનો સંચાર હજુ હમણાં જ, છેલ્લાં લાખ બે લાખ વર્ષમાં કેમ થયો અને એથી પહેલાં હિમયુગનાં મંડાણ કેમ નહોતાં થયાં એ પણ એક પ્રશ્ન છે.

આવા જ પ્રશ્નો હવામાનના ફેરફારોની આગાહી વિશે ઉપસ્થિત થઈ શકે. પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર ઓછુંવત્તું થાય તેમ તેમ સૂર્ય પરથી આવતી ગરમીના પ્રમાણમાં વધઘટ થયા કરે છે. પણ આ ગરમી પૃથ્વી પર પહોંચે અને હવામાનના સર્જનમાં તેનો ઉપયોગ થાય તેમાં પણ ઘણાં આવરણો ઊભાં થવાનો સંભવ છે. પૃથ્વી પર વાદળોનું આચ્છાદન વધી પડે તો સૂર્યની ગરમીનાં મોજાં તેની સાથે ભટકાઈને પાછાં ફરી જાય. વાતાવરણમાં ઓઝોન તથા કાર્બન ડાઈ ઓકસાઈડ જેવા વાયુઓનું પ્રમાણ વધે અથવા તો જ્વાળામુખીઓ ફાટતાં અથવા તો અન્યથા વાતાવરણમાં પ્રસરતાં રજકણોનું પ્રમાણ વધે તો પણ પૃથ્વી પર આવતી ગરમીના પ્રમાણમાં ઘટાડો થવાની શક્યતા છે. આ બધી શક્યતાઓનો વૈજ્ઞાનિકો જાતે જ સ્વીકાર કરી રહ્યા છે તથા હવામાનના ફેરફારો પાછળનાં કારણોની ચર્ચા–વિચારણામાં રહેલાં અનેકવિધ અનિશ્ચિત તત્ત્વો વિશે વાચકોને ચેતવી રહ્યા છે.

**મોહનલાલ પી. ગાંધી**

## સાભાર–સ્વીકાર

**'સંત શિષ્ય'ની જીવનસરિતા (સ્વ. કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું જીવનચરિત્ર) પ્રેરક: મુનિશ્રી ચુનીલાલજી મહારાજ-'ચિત્ર', લેખક: પ્રતાપકુમાર જ. ટોલિયા, પ્રકાશક : મનહરલાલ પી. સંઘવી, પ્રમુખ કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ, જન્મભૂમિ ચેમ્બર્સ, કોટ, મુંબઈ- ૧: કિંમત : પાંચ રૂપિયા.**

મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું આ જીવનચરિત્ર કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. જીવનચરિત્ર શ્રી પ્રતાપ ટોલિયાએ શ્રી. ચુનીલાલજી મહારાજના સહકારથી તૈયાર કર્યું છે. જીવનચરિત્રમાં મુનિશ્રી નાનચંદ્રજી મહારાજના જીવન અને કાર્યનાં વિવિધ પાસાંનો વિગતે ખ્યાલ મળી રહે છે. એના આમુખમાં શ્રી ચીમનલાલ ચકુભાઈએ જણાવ્યું છે કે 'કવિશ્રી નાનચંદ્રજી મહારાજે તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને પ્રગતિશીલ વિચારોથી સેંકડો હજારો જૈન- જૈનેતર ભાઈઓ અને બહેનોને પ્રભાવિત કર્યા છે. તેમનું આ જીવનચરિત્ર દીર્ઘકાળ સુધી જૈન સમાજને પ્રેરણા આપશે.'

આ જીવનચરિત્રની નકલો પ્રકાશક ઉપરાંત શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, લોકમાન્ય, તિલક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨, શ્રી દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય, ચોરાપા, લીંબડી (સૌરાષ્ટ્ર), શ્રી સાધના મંદિર, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ (લીંબડી સંપ્રદાય) સાયલા (સૌરાષ્ટ્ર) એ ઠેકાણેથી મળી શકશે.

# ☆ રાજદૂતો, કાયદો અને કતલ ☆

ભારતનાં જંગલોમાં સિત્તેર વર્ષ પહેલાં ૪૦,૦૦૦ વાઘ હતા. હવે આ વાઘની વસતિ ઘટીને માત્ર ૧૯૦૦ની રહી છે. ત્રણેક મહિના પહેલાં વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી અને નેપાળના રાજા મહેન્દ્રે વાઘની વસતિનું જતન કરવાનું નક્કી કરેલું ત્યારે ભારતમાં ૨૦૦૦ વાઘ હતા અને ત્રણ મહિનામાં ગેરકાયદે એકસો જેટલા વાઘની શિકારને નામે કતલ થઈ ગઈ છે. વાઘને બચાવવા માટે "વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ" નામની સંસ્થાએ રૂા. ૭૬ લાખનું ભંડોળ ઊભું કર્યું છે. ભારતે પોતે જ રૂા. ૪.૦૮૫ કરોડને ખર્ચે વાઘ માટે નવેક મોટાં જંગલો રચવાનું નક્કી કર્યું છે અને વાઘ કે ચિત્તાની ચામડીના ઊંચા ભાવ મેળવવાની લાલચે વાઘની ગેર-કાયદે કતલ ન થાય તે માટે ૧૯૭૦ની સાલથી રાની પશુઓની રુવાંટીવાળી ચામડી નિકાસ કરવા ઉપર પ્રતિબંધ મૂકયો છે. એક-એક ચામડી રૂા. ૧૦,૦૦૦થી માંડીને રૂા. ૩૦,૦૦૦ સુધીની પણ કિંમત ઉપજાવી શકે છે એટલે હજી પણ વાઘ અને ચિત્તાને ચોરી-છૂપીથી મારીને તેની ચામડીની દાણચોરીથી નિકાસ થાય છે.

બંગલાદેશ, પાકિસ્તાન, નેપાળ અને ભારતમાં ખેતીવાડીના પાકને રક્ષવા માટે અમુક જંતુનાશક દવાઓ વિશ્વસંસ્થા તરફથી ભેટ મળે છે. "ડિયેલડ્રીન" અને "આલ્ડ્રીન" નામની આ દવા ઘણી વખત જંગલ નજીકના ખેડૂતો મરેલી ભેંસના મડદામાં ભેળવી દે છે અને તે મડદાને વાઘ ખાય છે એટલે તેને ઝેર ચઢે છે અને વાઘ મરી જાય છે.

નવાઈની વાત એ છે કે વરસેક પહેલાં નવી દિલ્હીમાં રહેતા એક યુરોપિયન રાજદૂતે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની સરહદ ઉપરના એક ગામડાના ખેડૂતને ઝેરી દવા પૂરી પાડીને અને વાઘને મારીને તેની ચામડી લાવવા માટે રૂા. એક હજારની લાલચ આપી હતી. ગામડિયાઓએ એક વાઘને આ રીતે મારી નાખ્યો. વાઘની રુવાંટી-વાળી સુંદર ચામડી ગોરા સાહેબે પોતાના નિવાસસ્થાનમાં ટીંગાડીને ઘરની શોભા વધારી. પરંતુ નવેક મહિનામાં આ ચામડી ઉપરની તમામ રુવાંટી એક પછી એક ઊડી ગઈ અને ચામડી સાવ રુવાંટી વગરની બની ગઈ! એક વિજ્ઞાનિકે પછી એ રાજદૂતને જણાવ્યું કે વાઘને ઝેર દેવાયું તેને કારણે આમ બનવા પામ્યું હતું!

આવા અનુભવની બાતમી બીજા રાજદૂતોને મળી ગઈ એટલે એ રાજદૂતો ઝેર દીધેલા વાઘની નહિ પણ ચોખ્ખો શિકાર કરેલા વાઘની ચામડી માગતા થઈ ગયા છે અને તે માટે ભારતના જંગલના રખેવાળો અને ફોરેસ્ટ ઑફિસરોને ભ્રષ્ટાચારી બનાવી રહ્યા છે. કેટલાક એલચીઓ અને હાઈકમિશનરોને વાઘની ચામડીમાં રસ હોય છે એટલું જ નહિ પણ તેમને તો શિકાર પણ કરવો હોય છે. પ્રતિ-બંધિત ચીજનો ઉપભોગ જેમ આપણને ગમે છે તેમ પાકિસ્તાન, નેપાળ, બંગલાદેશ અને ભારતમાં વાઘના શિકાર ઉપર પ્રતિબંધ મુકાયો છે એટલે રાજદૂતોને વાઘનો શિકાર કરવાનું ચાનક વધુ ચડયું છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વી. પી. નાઈક શિકારના શોખીન છે. થોડા સમય પહેલાં તેમણે નેપાળની મુલાકાત લીધેલી ત્યારે નેપાળના રાજા મહેન્દ્ર તેમને નેપાળનાં જંગલોમાં વાઘ સિવાયનાં જંગલી પ્રાણીઓ અને પંખીનો શિકાર કરવા લઈ ગયા હતા. ભાર-તમાં જંગલી પશુ કે પંખીના શિકાર અંગે કેટલાક કાયદા કરાયા છે. અમુક પંખી કે પશુનો શિકાર બિલકુલ થઈ શકતો નથી. ભારતમાં જે પશુપંખીનો શિકાર પ્રતિબંધિત છે તે નેપાળમાં નથી. એટલે નેપાળમાં જનારને આવા પ્રતિબંધિત પશુનો શિકાર કરવાની મોજ પડે છે. ગુજરાતના દારૂબંધી વિસ્તારમાંથી આવેલાને મહારાષ્ટ્રમાં 'પીવા'ની જે રીતે મોજ પડે છે તેવી જ મોજ નેપાળમાં શિકાર માટે જનારાને પડે છે.

આપણે ગુજરાતીઓ તો શિકાર કરવાના બહુ શોખીન હોતા નથી. પૈસાના શિકાર પાછળ પડયા હોઈને પશુઓના શિકાર વિશે બહુ ઓછો રસ ધરાવીએ છીએ. છતાં ભારત સરકારે અને ગુજરાત અને મહારાષ્ટ્રની સરકારોએ જંગલી પશુપંખીના શિકાર માટે તેમ જ રાની પશુની ચામડીનો વેપાર કરવા અંગે તેમ જ તેવી ચામડીની બનેલી ચીજો ધારણ કરવા અંગે જે કાયદાઓ કર્યા છે તે જાણી લેવા જોઈએ.

વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટ ૧૯૭૨ નામનો ધારો પસાર કરીને ગુજરાતે ૧લી ફેબ્રુઆરી ૧૯૭૩ અને મહારાષ્ટ્રે ૧લી જૂન ૧૯૭૩થી જંગલી પશુપંખીના રક્ષણ માટે જોગવાઈ કરી છે. તે ધારો પસાર થતાં વગર પરવાને મુકત રીતે શિકાર કરવો હોય તો માત્ર વરુ, ઝરખ, કાગડા, શિયાળ અને ઉંદરનો જ શિકાર થઈ શકે છે. તે સિવાયનાં તમામ પશુઓના શિકાર માટે પરવાનો મેળવવો પડે છે. લગભગ ૬૧ જેટલાં પશુપંખી તો એવાં છે કે જેનો શિકાર કરી જ શકાતો નથી. એમાં વાઘ, સિંહ અને રાષ્ટ્રીય પંખી મોરનો પણ સમાવેશ થાય છે. પશુપંખીના પાંચ વિભાગ કરવામાં આવ્યા છે. એમાં પ્રથમ વિભાગમાં ૬૧ પ્રાણી છે તેનો શિકાર થઈ શકતો નથી અને બીજા, ત્રીજા અને ચોથા વિભાગનાં પ્રાણીઓના શિકાર માટે પરવાના લેવા પડે છે. વાંદરા કે હાથીના શિકાર માટે કે હરણ અને સસલાના શિકાર માટે પણ પરવાના લેવા પડે છે. કઈ મોસમમાં શિકાર કરવો અને શિકાર કરતી વખતે કેવાં હથિયારો વાપરવાં તે બાબતમાં પણ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. મશીનગન વાપરી શકાતી નથી છતાં પશ્ચિમ જર્મની અને આરબ દેશોના ઘણા રાજદૂતો વાઘનો ગેરકાયદે શિકાર કરવા માટે મશીનગન વાપરી રહ્યા છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશનાં જંગલોમાં તો શિકાર કરવા માટે દાણચોરીથી લાવેલી બંદૂકો ચોરીછૂપીથી વેચાતી હોય છે. પાકિસ્તાનને આરબ દેશો તરફથી બહુ નાણાસહાય મળે છે એટલે જ્યારે આરબ દેશના રાજદૂતો જંગલમાં વાઘનો શિકાર કરવા માટે ઈચ્છા બતાવે છે ત્યારે કેટલાક ઑફિસરો કાયદાનું ઉલ્લંઘન કરવામાં મદદરૂપ થાય છે. ભારતમાં આ પ્રકારે અધિકારીઓની મદદ મળી શકતી નથી ત્યારે જંગલ ખાતાના નાના માણસોને પૈસાથી ફોડીને વાઘનો રોમાંચક શિકાર કરવામાં આવે છે. ભારતીય લશ્કરમાં કામ કરતા કેટલાક શિકારના શોખીન અફસરો પણ લશ્કરનાં અદ્યતન હથિયારોથી નિર્લજ્જ બનીને વાઘનો શિકાર કરતા હોય છે.

વાઘનો શિકાર કરીને વાઘની ચામડી હવે તો ચોરીછૂપીથી વિદેશમાં મોકલી દેવાય તો જ ગેરકાયદે શિકાર કરનારો બચી શકશે. કારણ કે ૧લી જૂનથી દિલ્હી, ગુજરાત અને મહારાષ્ટ્રમાં જે કાયદો અમલમાં આવ્યો છે તે મુજબ રાની પશુની ચામડીમાંથી બનાવેલું આસન, સ્કર્ટ, ફરકોટ કે પર્સ ખરીદનારે તેવી ચીજોને જે તે રાજ્યના ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન પાસેથી આવી ચીજ ધારણ કરવાનું સર્ટિફિકેટ મેળવવું પડશે. જેમની પાસે જૂના વખતની રાની પશુની ચામડીની ચીજો હોય તેમણે પણ આ પ્રકારનાં સર્ટિફિકેટ મેળવી લેવાં પડશે. દિલ્હીમાં રહેનારાઓએ ૩૦મી જૂન સુધીમાં આવાં સર્ટિફિકેટ મેળવવાનાં હતાં. આવી ચીજોના દુકાનદારે પણ રાની પશુની ચામડીનો વેપાર કરવા માટે પરવાના લેવા પડશે અને તેની પાસેની ચીજોનું આવકજાવકનું રજિસ્ટર રાખવું પડશે.

ભારતમાં વસતા રાજદૂતો પોતાની ગેરકાયદે શિકારની પ્રવૃત્તિ કરીને વાઘની મૂલ્યવાન ચામડી પોતાના ઘરમાં રાખે તો તેને આ કાયદો સ્પર્શી શકતો નથી. એટલે એ રાજદૂતો દ્વારા થતી આ ગેરકાયદે કતલ તો હજુ ચાલુ જ રહેશે તેમ જણાય છે.

કાન્તિ ભટ્ટ

# આપણી બહાર નહિ, અંદર જોઈએ

એ એક નાનકડું બે રૂમનું ઘર હતું. ઘરમાં ગીચતા લાગતી હતી. ઘોંઘાટ, જુદા જુદા અવાજો સહેજે જ સંભળાતા હતા. એક કામસર મારે ત્યાં જવાનું થયું. ઘરના વડીલે સારો આવકાર આપ્યો. સારી રીતે વાતચીત કરી. હું જાણતો હતો કે અત્યારે તેઓ કેટલીક સમસ્યાઓથી ઘેરાયેલા છે. આમ છતાંયે એમના મન પર કોઈ ભાર નહોતો. નિરાંતે શાંતિથી એમણે વાતો કરી. એમની વાતચીત પરથી એમ લાગે કે આ માણસની શાંતિ અને પ્રસન્નતાનું કેન્દ્ર બહાર નથી; એમની અંદર છે. અને એટલે જ બાહ્ય પરિસ્થિતિ કદાચ એમને ચિન્તા કરાવતી હશે પણ એમને અસ્વસ્થ બનાવી મૂકતી નથી.

આની સામે કેટલીક વાર એવાં કુટુંબોમાં પણ જવાનું થયું છે કે જેમને બાહ્ય રીતે કોઈ સમસ્યાઓ ન હોય, ખાસ તકલીફ ન હોય છતાંયે એક પ્રકારની અસ્વસ્થતા અને ચિન્તા લોકોના ચહેરા પર અંકાયેલી જ હોય. આપણે એમની સાથે વાત કરીએ તો પણ તેઓ પોતાની આસપાસ કેવી અશાંતિ, કેવી તકલીફ છે, પોતાને બધા કેવી રીતે પરેશાન કર્યા કરે છે એની જ ફરિયાદો એમને કરવાની હોય છે. તેઓ હમેશાં પોતાની અશાંતિને માટે બાહ્ય વાતાવરણને જ દોષ દેતા રહે છે અને કદી પોતાની દષ્ટિને અંદર વાળતા નથી. આવા લોકો સતત દુ:ખી જ રહ્યા કરે છે અને અશાંતિ એમની પાસેથી કદી વિદાય લેતી નથી.

મનની શાંતિ, સ્વસ્થતા અથવા શકિતની શોધ આપણે આપણી બહાર કરતા હોઈએ છીએ. પણ જો આપણે વિચાર કરીશું અને જરાક ઊંડા ઊતરીશું તો જાણી શકીશું કે આપણી એ દોડધામ નકામી છે. માણસને કંઈ પણ કરવાની શકિત કે કૌશલ બહારથી મળતાં નથી. એ જ રીતે આપણે એમ માનીએ છીએ કે આપણાં મનની શાંતિ કે સ્વસ્થતા બહારના સંજોગો હરી લે છે, પણ એય તે બરાબર નથી.

આપણે જે શોધતા હોઈએ છીએ એ બહાર નહિ, આપણી અંદર જ હોય છે, પણ આપણે એ વિશે જાગ્રત નથી હોતા. આ સંબંધમાં શ્રી રામકૃષ્ણ પરમહંસની એક નાનકડી કથા છે: એક માણસને બીડી પીવી હતી તેથી પાડોશીને ઘેર હાથમાં ફાનસ લઈ દીવાસળી લેવા ગયો. રાત ઘણી થઈ ગઈ હતી અને પાડોશી ભરઊંઘમાં પડયો હતો. પેલા માણસે તો ખૂબ બારણાં ધમધમાવવા માંડયાં ત્યારે ઊઠીને તણે બારણું ઉઘાડયું અને પૂછયું, 'ભાઈ, આટલી મોડી રાતે એવું તે શું કામ પડયું?' પેલો કહે: 'કામ તો બીજું શું હોય પણ જરા બીડી પીવાની તલપ થઈ આવી છે. જરા દીવાસળી આપ.' 'વાહ! કેવો અક્કલનો દુશ્મન! દીવાસળી માટે જ મારાં બારણાં ધમધમાવી મૂકીને મને જગાડયો. તારા હાથમાં તો ફાનસ બળું છે!'- પડોશીએ જવાબ આપ્યો. એ માણસે જો વિચાર્યું હોત તો એને દીવાસળીની શોધમાં નીકળવું ન પડત. ફાનસથી પણ એનું કામ ચાલી શકત. પણ એ માણસને બહાર જ શોધ કરવાની ટેવ હતી એટલે એ પોતાની પાસે જે હતું એ જોઈ શકતો નહોતો.

ઘણી વાર આપણા મિત્રો, સંબંધીઓ અને ખુદ આપણે પોતે એમ કહેતા હોઈએ છીએ કે સંસારની આ દોડધામમાં, જીવવાનું જે મોંઘું અને મુશ્કેલીભર્યું બની ગયું છે એમાં, સ્વસ્થતાથી કે શાંતિથી રહી જ કેમ શકાય? ઘરમાં, બહાર, જ્યાં જાઓ ત્યાં બધે જ અશાંતિ જોવા મળે છે, બધે જ મુશ્કેલીઓની વાતો સાંભળવા મળે છે. સરકારથી માંડીને સાહેબ સુધી અથવા આપણા સંપર્કમાં આવતાં એકેએક નાનામોટા માણસ સુધી આપણે આ અશાંતિ કે મુશ્કેલીનાં કારણો શોધીએ છીએ, એમને દોષ દઈએ છીએ, અને એ બધા જ જાણે આપણને પાગલ કરી નાખવા જ બેઠા હોય એમ માનીએ છીએ, પણ આપણે દષ્ટિને આપણા તરફ વાળવા બિલકુલ તૈયાર નથી અને બાહ્ય સંજોગો અને બાહ્ય કારણોને જ આપણી મુશ્કેલીઓ માટે જવાબદાર ઠરાવીને બેસી રહીએ છીએ. હકીકતમાં, આ સંબંધમાં કંઈ જ ન કરવા માટે આપણે એનો બહાના તરીકે, છટકબારી તરીકે ઉપયોગ કરતાં હોઈએ છીએ. આપણને એ રીતે પોતાની નબળાઈઓ, પોતાનાં અયોગ્ય વલણો, પોતાની ઊણપોને ઢાંકવામાં ફાવટ આવી ગઈ હોય છે.પણ આપણે જો આપણી અશાંતિ, આપણી નિષ્ફળતાઓ અને આપણને નડતા અવરોધો કે સંજોગો વિશે ખરેખર તાગ મેળવવા માગતા હોઈએ અને એમાંથી બહાર આવવા માગતા હોઈએ તો આપણે બહારથી દષ્ટિને ખેંચીને આપણા તરફ વાળવી જોઈએ અને આપણા જીવનમાં આપણને પરેશાન કરતાં કારણોની શોધ આપણે સૌપ્રથમ આપણા અંતરમાં, આપણા મનમાં કરવી જોઈએ.

મનની શકિત—માઈન્ડ પાવર—વિશે હવે ઘણી વાતો થઈ રહી છે, અને એમ પણ સિદ્ધ થઈ રહ્યું છે કે માણસની ઘણી મુશ્કેલીઓ માટે જેમ એનું મન, એના વિચારો જવાબદાર છે એવી જ રીતે માણસ એના મનની શકિતનો વિકાસ એટલી હદે સાધી શકે છે કે પછી એ આ શકિતથી જીવનમાં ધારી સફળતા મેળવી શકે છે, ધાર્યાં કામ કરી શકે છે અને પોતાના મનની આ શકિતનો ઉપયોગ બીજાના ભલા માટે પણ કરી શકે છે.

જે માણસને પોતાના જીવનમાં વિસંવાદ લાગતો હોય, કયાંય પોતાનું સારું થતું ન લાગતું હોય એણે બીજે દષ્ટિ કરવાને બદલે પોતાનું મન શું વિચારે છે, પોતાના મનમાં શું પડયું છે, એની ખોજ કરવી જોઈએ: આ શોધમાં એ જાણી શકશે કે એની નિષ્ફળતાઓ, એના મનની અશાંતિ—અસ્વસ્થતા અને ધ્યેયહીનતા માટે એના પોતાના વિચારો, એનું મન જ જવાબદાર છે, બીજું કોઈ નહિ. એના મનમાં જે પોતાની અયોગ્યતાના વિચારો પડેલા છે એને એ કાઢી નાખે અને એને સ્થાને પોતે કંઈ પણ કરવા સમર્થ છે એવા સામર્થ્યના વિચારો કરે તો પછી આવા શકિતસંપન્ન વિચારો સાથે જે કંઈ એ કરશે એમાં એને છેવટે સફળતા મળ્યા વિના રહેશે નહિ. ભલે એના માર્ગમાં અવરોધો આવે પણ એની અંદરથી જ એને વધારાની રચનાત્મક શકિત મળી રહેશે, જે એને એના માર્ગ પરથી ચલિત કર્યા વિના આગળ વધવામાં સહાયભૂત થશે. આપણી શાંતિ—સ્વસ્થતાને હણનારાં પરિબળો પછી આપણને પરેશાન કરી શકશે નહિ અને આપણી આસપાસ ગમે તેટલી ધાંધલ, દોડધામ અને ઝંઝાવાત ચાલતાં હશે તો પણ આપણી આંતરિક શાંતિ જળવાઈ રહેશે, કેમ કે આપણા જીવનનું કેન્દ્રબિંદુ આપણે શોધી કાઢયું છે અને આપણી શકિતનું મૂળ કયાં છે એ આપણે જાણી શકયા છીએ.

શિવમ્

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૭

મુંબઈ, ઑગસ્ટ ૧, ૧૯૭૩ બુધવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## વ્યવહારશુદ્ધિ

એક જિજ્ઞાસુએ શ્રીમદ્ રાજચંદ્રને પૂછયું કે વ્યવહારશુદ્ધિ કેમ થઈ શકે? શ્રીમદે તેનો જે જવાબ આપ્યો છે તે મનનીય હોઈ અત્રે આપ્યો છે:

"જિજ્ઞાસુ,

આપના પ્રશ્નનો ઉત્તર મારી યોગ્યતા પ્રમાણે, આપનો પ્રશ્ન ટાંકીને લખું છું:

પ્રશ્ન: વ્યવહારશુદ્ધિ કેમ થઈ શકે?

ઉત્તર: વ્યવહારશુદ્ધિની આવશ્યકતા આપના લક્ષમાં હશે; છતાં વિષયની પ્રારંભતા માટે આવશ્ય ગણી, દર્શાવવું યોગ્ય છે કે આલોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ, જે સંસાર-પ્રવૃત્તિથી થાય તેનું નામ વ્યવહારશુદ્ધિ. સુખના સર્વ જિજ્ઞાસું છે. વ્યવહારશુદ્ધિથી જ્યારે સુખ છે, ત્યારે તેની આવશ્યકતા પણ નિ:શંક છે.

૧. જેને ધર્મ સંબંધી કંઈ પણ બોધ થયો છે અને રળવાની જેને જરૂર નથી, તેણે ઉપાધિ કરી રળવા પ્રયત્ન ન કરવો જોઈએ.

૨. જેને ધર્મસંબંધી બોધ થયો છે, છતાં સ્થિતિનું દુ:ખ હોય તો બનતી ઉપાધિ કરીને રળવા તેણે પ્રયત્ન કરવો જોઈએ.

(સર્વસંગપરિત્યાગી થવાની જેની જિજ્ઞાસા છે તેને આ નિયમોથી સંબંધ નથી.)

૩. ઉપજીવન સુખે ચાલી શકે તેવું છતાં, જેનું મન લક્ષ્મીને માટે બહુ ઝાંવા નાખતું હોય તેણે પ્રથમ તેની વૃદ્ધિ કરવાનું કારણ પોતાને પૂછવું. તો ઉત્તરમાં જો પરોપકાર સિવાય કંઈ પણ પ્રતિકૂળ ભાગ આવતો હોય, કિંવા પારિણામિક લાભને હાનિ પહોંચ્યા સિવાય કંઈ પણ આવતું હોય તો મનને સંતોષી લેવું, તેમ છતાં ન વળી શકે તેમ હોય તો અમુક મર્યાદામાં આવવું. તે મર્યાદા સુખનું કારણ થાય તેવી થવી જોઈએ.

૪. પરિણામે આર્ત્તધ્યાન ધ્યાવાની જરૂર પડે, તેમ કરીને બેસવાથી રળવું સારું છે.

૫. જેનું સારી રીતે ઉપજીવન ચાલે છે, તેણે કોઈપણ પ્રકારના અનાચારથી લક્ષ્મી મેળવવી ન જોઈએ. મનને જેથી સુખ હોતું નથી તેથી કાયાને કે વચનને ન હોય, અનાચારથી મન સુખી થતું નથી, આ સ્વત: અનુભવ થાય તેવું કહેવું છે.

૬. ન ચાલતાં ઉપજીવન માટે કંઈ પણ અલ્પ અનાચાર (અસત્ય અને સહજ માયા) સેવવો પડે તો મહાશોચથી સેવવો, પ્રાયશ્ચિત્ત ધ્યાનમાં રાખવું. સેવવામાં નીચેના દોષ ન આવવા જોઈએ:

૧. કોઈથી મહાવિશ્વાસઘાત, ૨. મિત્રથી વિશ્વાસઘાત, ૩. કોઈની થાપણ ઓળવવી, ૪. વ્યસનનું સેવવું, ૫. મિથ્યા આળનું મૂકવું, ૬. ખોટા લેખ લખવા, ૭. હિસાબમાં ચૂકવવું, ૮. જુલમી ભાવ કહેવો, ૯. નિર્દોષને અલ્પ માયાથી પણ છેતરવો, ૧૦. ન્યૂનાધિક તોળી આપવું, ૧૧. એકને બદલે બીજું અથવા મિશ્ર કરીને આપવું, ૧૨. કર્માદાની ધંધો, ૧૩. લાંચ કે અદત્તાદાન-એ વાટેથી કંઈ રળવું નહિ.

એ જાણે સામાન્ય વ્યવહારશુદ્ધિ ઉપજીવન અર્થે કહી ગયો."

શ્રીમદ્ રાજચંદ્ર વૈરાગ્યમૂર્તિ હતા. તેઓ માનતા કે સાંસારિક પ્રવૃત્તિઓ કર્મબન્ધનું કારણ છે. તેઓ પોતે સર્વસંગપરિત્યાગના કામી હતા. સંસાર કાજળની કોટડી છે. તેમાં રહી અંતરમેલ ધોવાય નહિ એવી તેમની દૃઢ માન્યતા હતી. છતાં જીવનના અંત સુધી સર્વસંગપરિત્યાગ તેઓ કરી ન શકયા. ગૃહસ્થાશ્રમ ભોગવવો પડયો. વ્યાપાર કર્યો. પણ આ બધાને શ્રીમદે ઉપાધિકાળ કહ્યો છે.

આજીવિકા માટે વ્યવહાર કરવો પડે તો તેવા વ્યવહારમાં શુદ્ધિ કેમ જાળવવી એ તેમના ઉપરના લખાણમાં બતાવ્યું છે. આ લખાણ એવી વ્યકિતઓ માટે છે કે જેને આત્મકલ્યાણની ભાવના છે, જેને ધર્મ સંબંધી કાંઈક બોધ થયો છે અને આ લોક અને પરલોકના સુખના વાંછુ છે. માત્ર પરલોકના સુખ માટે જ નહિ પણ આ લોકમાં સુખ માટે પણ આવી વ્યવહારશુદ્ધિ જરૂરની છે તેમ શ્રીમદે બતાવ્યું છે. તેમાં પણ ક્રમ બતાવ્યો છે. જેને રળવાની જરૂર નથી તેણે ઉપાધિમાં ન પડવું. જેને સ્થિતિનું દુ:ખ છે, તેણે બનતી (જરૂરી) ઉપાધિ કરવી. જરૂરિયાત કરતાં વધારે લક્ષ્મી મેળવવાની આકાંક્ષાવાળાએ પોતાની જાતને પૂછવું કે શા માટે વધારે લક્ષ્મી જોઈએ છે. મનને સંતોષી લેવું, પણ તે ન બને તો છેવટ મર્યાદા બાંધવી, પણ મર્યાદા બાંધવાના આત્મપરિણામ ન હોય અને લક્ષ્મી પાછળ આર્તધ્યાન રહેતું હોય તો રળવું. સારી રીતે જેનું ઉપજીવન ચાલે છે તેણે અનાચારથી લક્ષ્મી મેળવવી નહિ. છેલ્લું વચન–પારા ૬માં–ખૂબ વિચાર માગે છે. શ્રીમદ્‌ને એમ લાગે છે કે અલ્પ અનાચાર કોઈક સંજોગોમાં અનિવાર્ય બને–અનાચાર એટલે અસત્ય અને સહજ માયા–તો મહાશોચથી સેવવો, પ્રાયશ્ચિત્ત ધ્યાનમાં રાખવું અને તેમાં પણ ૧૨ દોષ બતાવ્યા છે તે તો ન જ આચરવા.

પોતાના ૨૩મા બેસતા વર્ષે શ્રીમદે બહુ ટૂંકી સમુચ્ચય વયચર્યા લખી છે. તેમાં જણાવ્યું છે કે ૧૩મા વર્ષે પિતાની દુકાને બેઠા. "દુકાને મેં નાનાપ્રકારની લીલાલહેર કરી છે. અનેક પુસ્તકો વાંચ્યાં છે; રામ ઈત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે, છતાં કોઈને મેં ઓછો–અધિક ભાવ કહ્યો નથી કે કોઈને મેં ઓછું–અધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે."

વર્તમાનમાં અસીમ પરિગ્રહલોભ અને અઢળક ધનપ્રાપ્તિ, સમાજજીવનનાં અનિષ્ટોનું મૂળ છે. ખાસ કરી, વૈજ્ઞાનિક શોધખોળ પછી ઉદ્યોગીકરણ થયું અને અમાપ ઉત્પાદનની શકયતા થઈ જેને પરિણામે, થોડી વ્યકિતઓના હાથમાં, સમાજની મોટા ભાગની મૂડીનો સંચય થયો. આ મૂડીવાદમાંથી છૂટવા સામ્યવાદ આવ્યો મૂડીવાદનાં અનિષ્ટોને કંઈક હળવાં કરવા, સરકારી નિયંત્રણો આવ્યાં

અને વધતાં જાય છે. સમાજના હિતચિંતકો વ્યવહારશુદ્ધિના પ્રયત્નો કરે છે. શ્રી નાથજીએ એક વ્યવહારશુદ્ધિ મંડળની સ્થાપના કરી હતી. આચાર્ય તુલસી અણુવ્રતદ્વારા કાંઈક એવો પ્રયત્ન કરે છે. કેટલાક ઉદ્યોગપતિઓએ ફેર ટ્રેડ પ્રેકિટસ મંડળ કર્યું છે, જેમાં સારાં ભાષણો થાય છે. શ્રી જયપ્રકાશ નારાયણ ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને અમલી બનાવવા હાલ મુંબઈ આવ્યા છે. આ વિશે આ અંકમાં અન્યત્ર લખ્યું છે. શ્રીમદે બતાવ્યું કે જીવનની જરૂરિયાત ઓછામાંઓછી રાખવી અને એટલી જરૂરિયાતને પહોંચીવળવા અનિવાર્ય હોય એટલું જ કમાવાની ઉપાધિમાં પડવું. લાખો-કરોડો કમાવા અને પછી તેમાંથી થોડું દાન કરવું અથવા એ બધી મિલકતના પોતાની જાતને ટ્રસ્ટી માનવા એવી ઉપાધિમાં પડવા કરતાં, જરૂરિયાત કરતાં વધારે ધનપ્રાપ્તિ જ ન કરવી. અનાયાસે વધારે આવી મળે—વારસાથી અથવા પ્રામાણિકમાર્ગે—તો દાન આપવું કે ટ્રસ્ટી થવું. પણ અનાચારથી ધન પ્રાપ્ત કરવું અને પછી દાન કરવું કે ટ્રસ્ટી થવું તે સાચો માર્ગ નથી એમ શ્રીમદે કહ્યું છે.

આવો આચારધર્મ સહેલો નથી. મારા એક મિત્ર છે. મોટા વેપારી છે. તેમની બજારમાં બે-ત્રણ એસોસીએશનના અધિકારી છે. કાંઈક ધર્મભીરુ છે. વ્યવહારમાં પણ મર્યાદા રાખવી જોઈએ એમ માનવાવાળા છે. જે નવા વર્ગ સાથે તેમને કામ કરવું પડે છે તે ફાવતું નથી. આ વર્ગ તેમના પ્રત્યે આદર રાખે છે પણ તેમનું માનતો નથી. ભલા માણસ છે એમ કહી પોતાના માર્ગે જાય છે. એસોસીએશનનું કામ આવે એટલે ખોટું થયું હોય તો પણ સરકારમાં અને બીજી રીતે બચાવ કરવો પડે છે તે તેમને ગમતું નથી. એક દિવસ મને કહે, શું કરવું, આ બધું છોડી દઉં? મારાથી કહેવાઈ ગયું. There is no half way house. શ્રીમદે કહ્યું છે કે અલ્પ અનાચાર સંજોગોવશાત્ સેવવો પડે તો પણ મહાશોચથી સેવવો અને પ્રાયશ્ચિત્ત ધ્યાનમાં રાખવું. અત્યારે તો સરિયામ નિર્લજ્જ શોષણ ચાલ્યું છે અને તેમાં સફળતાને ગૌરવ માનવામાં આવે છે.

Ruthless Exploitation and pursuit of wealth.

આ બધું લખવા હું અનધિકારી છું. શ્રીમદ્‌નું લખાણ વાંચતો હતો તેમાંથી વિચારો સ્ફુર્યા તે નમ્રતાથી ટપકાવું છું.

૨૨-૭-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## ગુજરાત

ગુજરાતમાં છેવટ નેતાની ચૂંટણી થઈ અને ચીમનભાઈ પટેલની વરણી થઈ. ચીમનભાઈ પટેલનો ઈન્દિરા ગાંધી સામે બળવો હતો તેમાં સફળ થયા. ઈન્દિરા ગાંધીએ નિયુકત કરેલ વ્યકિતને હટાવી એટલું જ નહિ પણ વરિષ્ટ મંડળના સમાધાનના અથવા દરમ્યાનગીરીના બધા પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા અને પોતાની રીતે જ ચૂંટણી કરાવી. રાજયકક્ષાએ ઈન્દિરા ગાંધી સામે આવો મક્કમ વિરોધ પહેલો છે. છેવટના હથિયાર તરીકે વરિષ્ઠ મંડળે જાહેર કર્યું હતું કે કોઈને ૮૫થી ઓછા મત મળશે તો નેતા તરીકે સ્વીકારવામાં નહિ આવે અને ચીમનભાઈ પટેલે ભારપૂર્વક જાહેર કર્યું હતું કે તેમને ૮૫ અથવા વધારે મત મળશે. મતપત્રકો દિલ્હી લઈ ગયા અને ચીમનભાઈને ૭૨ મત મળ્યા, પણ સરદાર સ્વર્ણસિંગે તુરત જ તેમને નેતા તરીકે જાહેર કર્યા. આધારભૂત માહિતી મુજબ ઈન્દિરા ગાંધી, સરદાર સ્વર્ણસિંગ તથા ઉમાશંકર દીક્ષિતે નિર્ણય કર્યો હતો કે જેને ૮૫ અથવા વધારે મત મળે તેને જ નેતા તરીકે સ્વીકારવા અને આ નિર્ણય તેમણે જાહેર પણ કર્યો હતો. છતાં આમ કેમ કર્યું? પોતાના નિર્ણયનો અમલ કરવાની વરિષ્ઠમંડળની એટલી અનિચ્છા અથવા અશક્તિ. વળી એક વધારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાવવાનો અપયશ વહોરવો નહિ હોય. વિશેષમાં ચીમનભાઈ પટેલ પણ ઈન્દિરા ગાંધીનું નેતૃત્વ સ્વીકારે છે. ઈન્દિરા ગાંધીએ વિચાર્યું હશે કે પોતાનું નેતૃત્વ રહેતું હોય તો મુખ્ય મંત્રી કાન્તિલાલ ઘિયા હોય કે ચીમનભાઈ પટેલ, તેમાં તેમને શું ફેર પડે છે? આ રીતે પણ કૉન્ગ્રેસનું શાસન ગુજરાતમાં રહેતું હોય તો તેને જોખમમાં શા માટે મૂકવું? ઘનશ્યામભાઈ ઓઝાને ઈન્દિરા ગાંધીએ, મધ્ય પ્રદેશમાં પી. સી. શેઠીને આપ્યો તેમ સબળ ટેકો આપ્યો હોત તો કદાચ આવું પરિણામ ન આવત. જે થયું તે. આ સમય દરમ્યાન ઘણું અનિચ્છનીય બન્યું છે. હવે બાજી સુધારી લેવી.

ચીમનભાઈ પટેલે પોતાનું મંત્રીમંડળ જાહેર કર્યું છે, તે ખરેખર નવા સ્વરૂપનું છે. ઘિયા – અદાણી જૂથ (આ જૂથમાં ઘિયા ખરા કે?)ની ૫૦ ટકા પ્રતિનિધિત્વની માગણી હતી તે ચીમનભાઈ પટેલે સાફ ઈનકારી કાઢી અને તેમાં વરિષ્ઠમંડળનો તેમને ટેકો મળ્યો છે. એક રીતે આ સારું થયું છે. મંત્રીમંડળમાં પણ જૂથબંધી ચાલુ રહે તે ઈષ્ટ નથી. મુખ્ય મંત્રીને પોતાના સાથીઓ નક્કી કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. ખરી રીતે વિરોધી જૂથે એમ કહેવું જોઈતું હતું કે અમારે આ પ્રધાનમંડળમાં જોડાવું નથી અને તમને ઠીક લાગે તેવા સાથી શોધી લો. અલબત્ત, રાજકારણમાં આવું બનતું નથી, કારણકે સત્તાસ્થાને ન હોય તેવાનું જૂથ ટકતું નથી. ૧૧ સભ્યોએ તો તુરત જાહેર કર્યું કે તેઓ ચીમનભાઈ જૂથમાં જોડાય છે. ઘિયા પણ એ નાવમાં બેસી ગયા. કદાચ ઘિયાનું નાયબ મુખ્ય મંત્રી થવું પૂર્વયોજિત, સમજણનું પરિણામ હશે. પણ ચીમનભાઈ પટેલને પોતાની પસંદગીનું મંત્રીમંડળ રચવા દેવા બીજું સબળ કારણ છે. ઘનશ્યામભાઈ ઓઝા સામે તેમનો આરોપ હતો કે પક્ષની નીતિનો તેમણે અમલ નથી કર્યો. એ જ સાથીઓ ફરીથી લે અથવા લેવા પડે તો તેમને બહાનું મળે કે પક્ષની નીતિનો અમલ ન થાય તો પોતે જવાબદાર નથી. હવે તો તેમની સંપૂર્ણ જવાબદારી છે. પક્ષની નીતિનો ઝડપથી અમલ કરવાનું તેમણે વચન આપ્યું છે. એ વચન તેમણે સિદ્ધ કરવું પડશે. ચીમનભાઈ પટેલે બીજું વચન આપ્યું છે કે સ્વચ્છ અને કાર્યક્ષમ વહીવટીતંત્ર આપશે. આ પણ મોટું કામ છે.

ચીમનભાઈ પટેલે જાહેર કર્યું છે કે હવે તેઓ કોઈ એક જૂથના નેતા નથી પણ શાસક પક્ષના નેતા છે. આ દાવો સફળ કરવા તેમણે ઘણી ઉદારતાથી વર્તવું પડશે. અત્યારે તો વિરોધી જૂથના બધા આગેવાનોને ઈરાદાપૂર્વક સત્તાસ્થાનેથી દૂર રાખ્યા છે. વિરોધી જૂથમાંથી જે કોઈ સભ્યો નવા પ્રધાનમંડળમાં લીધા છે તે કોઈ વિરોધ કરે અથવા કરી શકે તેવા નથી. બલ્કે પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું તે માટે પોતાની જાતને ભાગ્યશાળી માને. એટલે જૂની નેતાગીરી, ખાસ કરી સૌરાષ્ટ્રની, સત્તાસ્થાનેથી હટાવી, નવી આગેવાન હરોળ ઊભી કરવાનો પ્રયત્ન છે. આમ કરવામાં ટૂંપ કે કિન્નાખોરી નહિ રહે તો સારું થશે. યુદ્ધ એટલું તુમુલ થયું હતું કે ઘા રૂઝાવા અથવા ડંખ જવો સહેલો નથી. જેના હાથમાં સત્તા છે તે ઉદારતાથી વર્તે અને વિરોધીનાં મન જીતી લે તો જ સંપ થાય.

ગુજરાતના હિતમાં આપણે આશા રાખીએ કે હવે એક નવું પ્રકરણ શરૂ થાય છે અને જે મોટા અને ગંભીર પ્રશ્નો ગુજરાત સમક્ષ પડયા છે તેનો અંશત: પણ ઉકેલ લાવવામાં નવું મંત્રીમંડળ સફળ થાય. તેમને આપણાં અભિનંદન અને શુભેચ્છાઓ છે

## લીંબડીમાં થયેલ ગોળીબારની અદાલતી તપાસ

શ્રી ચીમનભાઈ પટેલે જાહેર કર્યું છે કે લીંબડીમાં થયેલ ગોળીબારની અદાલતી તપાસ કરવામાં આવશે, જેની વિગતો હવે પછી

જાહેર થશે. શ્રી ઘનશ્યામભાઈ ઓઝા સામેના વિરોધમાં એક કારણ એ આપવામાં આવતું હતું કે તેમણે અદાલતી તપાસની માગણીનો અસ્વીકાર કર્યો. સુરેન્દ્રનગર જિલ્લાના લોકસભાના સભ્ય શ્રી રસિકભાઈ પરીખે આ બાબત ભારપૂર્વક માગણી કરી હતી. શ્રી ઘનશ્યામભાઈ સામેના વિરોધનું એક બીજું કારણ સુરેન્દ્રનગર જિલ્લાના કલેકટરે ત્યાંની જિલ્લાપંચાયતના કેટલાક સભ્યો સામે કરેલ કેસનું આપવામાં આવતું. શ્રી ઘનશ્યામભાઈ સામેના વિરોધનાં વાસ્તવિક કારણો જદાં હતાં, પણ આ બે કારણો પ્રજામત માટે અને સુરેન્દ્રનગર જિલ્લાના ધારાસભ્યોને શ્રી ચીમનભાઈ પટેલની તરફેણમાં ખેંચવા પૂરતાં હતાં. શ્રી રસિકભાઈ પરીખે અને તેમના માર્ગદર્શનથી સુરેન્દ્રનગર જિલ્લાના પાંચ ધારાસભ્યોએ શ્રી ચીમનભાઈ પટેલને ટેકો આપ્યો તે નિર્ણયાત્મક નીવડયો. તેના ફળસ્વરૂપ આવી અદાલતી તપાસની માગણી હવે મંજૂર થશે તેવી ધારણા સ્વાભાવિક હતી.

અદાલતી તપાસની માગણીનો મુખ્ય હેતુ અમલદારોની બેદરકારી અથવા ગફલતી પુરવાર કરવાનો છે. પણ તે સાથે, આ આખી પરિસ્થિતિ જે કારણે ઊભી થઈ તે જનસંઘનું આંદોલન અને તેનું સાચું સ્વરૂપ પણ અદાલતી તપાસમાં રજૂ કરવામાં આવશે એવી આશા રાખવી વધારેપડતી નહિ ગણાય. રાજકીય હેતુથી પ્રજાને ગેરમાર્ગે દોરવી અને પછી તેનાં દુષ્પરિણામો આવે ત્યારે રાજકીય આગેવાનોએ દોડી જઈ, આશ્વાસન આપવાનો દેખાવ કરવો તે સામે પ્રજાએ ચેતવું જોઈએ. આ હકીકતો બરાબર બહાર આવે તો અદાલતી તપાસનો હેતુ સફળ થયો લેખાય.

**શ્રી મીઠુબહેન પીટીટ**

શ્રી કલ્યાણજીભાઈને શ્રદ્ધાંજલિ અર્પતી નોંધ ગયા અંકમાં લખી ત્યારે મને કલ્પના પણ ન હતી કે શ્રી મીઠુબહેનને શ્રદ્ધાંજલિ અર્પવાનો વખત તુરત આવશે. મીઠુબહેનના ભાઈ, શ્રી દીનશા પીટીટે મને કહ્યું કે કલ્યાણજીભાઈના અવસાનનો આઘાત મીઠુબહેન સહન કરી ન શકયાં. કલ્યાણજીભાઈના અવસાન પછી મીઠુબહેને અન્ન છોડી દીધું હતું અને પાંચ દિવસમાં જ તેમનું અવસાન થયું. લગભગ ૫૦ વર્ષ સુધી બન્ને એકબીજાના સાથી રહ્યાં. શ્રી મીઠુબહેન કરોડપતિ પિતાનાં પુત્રી. ગાંધીજીની પ્રેરણાથી ગરીબોની સેવામાં જીવન સમર્પણ કર્યું. હજારો આદિવાસી અને પછાત વર્ગના ભાઈ–બહેનોના તે ખરેખર માયજી હતાં. આવી વ્યકિતઓનાં ત્યાગ અને બલિદાનથી જ આ જગત નભે છે. મીઠુબહેનના સ્નેહભરપૂર માતૃવત્સલ જીવનનો આછો અનુભવ મને થયો હતો. મારી પત્નીની માનસિક અવસ્થા સારી ન હતી ત્યારે તેને એકલી મરોલી આશ્રમમાં મૂકી હતી અને મીઠુબહેને તેની સંભાળ લીધી હતી. મીઠુબહેનના અવસાનના મારી પત્નીને ખબર આપ્યા ત્યારે તેને બહુ આઘાત થયો. એક વાત તેણે મને કહી. મીઠુબહેન પોતે તે દિવસોમાં બધાની સાથે જુવારના રોટલા ખાતાં, પણ મારી પત્ની માટે ઘઉંની રોટલી બનાવતાં. છેલ્લાં કેટલાંક વર્ષોથી ડાયાબિટીસ અને બીજા કારણે તેમની તબિયત સારી ન હતી પણ અંત સુધી આશ્રમની સેવામાં રહ્યાં. પારસી વિધિ છોડીને, તેમની ઈચ્છા મુજબ તેમનાં દેહને આશ્રમની ભૂમિમાં જ દફનાવ્યો. ડૉ. સ્વાઈત્ઝર અને તેમનાં પત્નીના દેહ પણ તેમની કર્મભૂમિ ગેબનમાં જ દફનાવ્યા છે, તે યાદ આવે છે.

કલ્યાણજીભાઈ અને મીઠુબહેનના અવસાનથી કસ્તુરબા આશ્રમ અને દક્ષિણ ગુજરાતને એવી ખોટ પડી છે જે કોઈ પૂરી શકે તેમ નથી.

ચીમનલાલ ચકુભાઈ

# "તારો જીવનપંથ ઉજાળ!"

**[અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલનો વિદ્યાર્થી આશિષ માથુર ચાલુ વર્ષે એસ. એસ. સી. ની પરીક્ષામાં, બોર્ડમાં આઠમો આવતાં યશસ્વી સફળતા પામ્યો. તે પ્રસંગે એના ગુરુ ફાધર ઓરટેગાએ એને અભિનંદન આપતો પત્ર લખ્યો હતો. તેમાંથી જીવનને માર્ગદર્શક લખાણનો અનુવાદ આપતાં આનંદ થાય છે. ગી. પ.]**

**પ્રિય આશિષ,**

...તું એવા અનેક લોકોને જોઈશ કે જેઓ સમયને માત્ર બરબાદ કરે છે, નવરા બેઠા નખ્ખોદ વાળે છે અને જીવનનું સત્યાનાશ કરે છે. એ લોકો કોઈને કશા ખપમાં આવતા નથી. તેઓ પોતાની પોતાના લોકોની, સમાજની, રાષ્ટ્રની તેમ જ અંતમાં ઈશ્વર પ્રત્યેની કોઈ જવાબદારી અદા કરતા નથી. આવા હારીબેઠેલા લોકોને જોવા એ પણ એક કમનસીબ છે.

તું બીજા એવા પણ લોકોને જોઈશ કે જેઓ ઝાઝી મહેનત કરતા નથી અને સમયને વહી જવા દે છે. આવા લોકો જીવનમાં સર્વ ક્ષેત્રે સામાન્ય રહેનારા જૂથમાં ઉમેરો કરે છે.

આશિષ, તું દરેક ક્ષેત્રે હંમેશાં પોતાનાથી બને તેટલું શ્રેષ્ઠ પ્રદાન કરવાનો આદર્શ જીવંત રાખજે. જો તારાથી "શ્રેષ્ઠતર" શકય હોય તો "શ્રેષ્ઠ"થી સંતોષાઈ ના જતો. અને જો "શ્રેષ્ઠતમ" શકય હોય તો તું "શ્રેષ્ઠતર"થી સંતોષાઈ ના જતો.

આ આદર્શો આચરી શકાય તેવા છે એ તું સારી રીતે જાણે છે. અને સાચા અર્થમાં "માનવી" થવા માટે તારું વ્યકિતત્વ વિકસાવવાનાં સર્વ ક્ષેત્રોમાં સર્વ સમયે એ આદર્શો જ તારું લક્ષ્ય બનવા જોઈએ. હા, તારા અભ્યાસમાં, તારી અન્ય લોકો સાથેની વર્તણૂકમાં, તારી જીવન પ્રત્યેની દૃષ્ટિમાં, તારાં કર્તવ્યોમાં, તારી ઈશ્વર, દેશ તથા કુટુમ્બ પ્રત્યેની ફરજોમાં તું આ આદર્શનું લક્ષ્ય રાખજે.

તું ખૂબ મિલનસાર થા પરંતુ તારો પાયો મજબૂત કર અને ધ્યાન રાખ કે તું તારી જવાબદારી અદા કરવામાં કદી પાછો ના પડે. તું તારાં કર્તવ્યોમાં કદી બાંધછોડ ના કરીશ.

તારાં માતાપિતા, કુટુમ્બ, સમાજ, ભારત અને વિશ્વ આવા યુવાનો માટે આતુર છે. આપણી દુનિયા જોઈએ એટલી સારી નથી, કારણકે આપણે ત્યાં આવા યુવાનો બહુ થોડા છે. બીજી રીતે કહું તો, માત્ર આવા યુવકો જ દુનિયાને પલટીને સુધારી શકે એમ છે. તેઓ આ દુનિયાને એવી કરશે કે જયાં સૌ શાંતિપૂર્વક માનવતાભર્યું સુઘડ અને સુખી જીવન જીવતા હોય.

માનવી એ બે તરહનાં વ્યકિતત્વનો સમન્વય છે–બુદ્ધિશાળી પ્રાણી અને સાત્ત્વિક વ્યકિત. માનવીનાં આ બેઉ મહત્ત્વનાં પાસાં વિકસાવવાં, સંભાળવાં અને ખૂબ જીવંત રાખવાં જરૂરી છે. તો જ "માનવી" નામને યોગ્ય વ્યકિતત્વ પરિણમે.

વહાલા આશિષ, મને વિશ્વાસ છે કે તું આમ કરી શકીશ. અને હા, જો તું કદીક આ આદર્શને અનુસરવામાં પાછો પડે તો તેથી તારે હતાશ થઈ જવાની જરૂર નથી. એનો અમલ ક્ષણેક્ષણે કરવો તો મુશ્કેલ પણ છે. આ તો તને આપણી નિર્બળ માનવ પરિસ્થિતિનો ખ્યાલ આપું છું. એને પરિણામે તું એને માનવતાપૂર્વક અપનાવીને જાગૃત કરે, જાતે વધુ સજાગ થાય, એ માટે વધારે ને વધારે પુરુષાર્થ કરે; અને કદી પણ પાછો ના પડે–કદાપિ વ્યર્થ રીતે જીવન વેડફી નાખનાર તુચ્છ સમૂહમાં (Good for nothing group)માં જોડાઈ જઈને તારા જીવનમાં ક્ષુદ્રતાને સહેજ પણ પ્રવેશવા નહીં દે–એવું હું પ્રાર્થું છું. જ્યારે માનવસહજ નિર્બળતા આપણને પતન તરફ ખેંચે અને આપણું મનોબળ નિષ્ફળ જતું લાગે ત્યારે આપણી સંકલ્પશકિત મજબૂત કરવાનો અને પ્રભુને વધુ ને વધુ હૃદયપૂર્વક પ્રાર્થવાનો તથા વિચારવાનો સમય આવી પહોંચ્યો ગણવો. દુનિયામાં મૂર્ખો ઓછા નથી, કારણકે તેઓ નથી વિચારતા કે નથી ભકિત કરતા. શું એ યાદ આપવું જરૂરી છે કે માનવી થવું એટલે સાચો પ્રેમ આપવો–એટલે કે વિશ્વ આખું સમજી ને માણી શકે તેમ વર્તવું અને પ્રેમ કરવો એટલે સ્વાર્પણ કરવું, નિ:સ્વાર્થભાવે ચાહવું. ખરેખર, આ દેશમાં સર્વ અનિષ્ટોનું મૂળ જ સ્વાર્થ છે.

અનુવાદક: **ગીતા પરીખ** ફાધર ઓરટેગા

# મિલકતના ટ્રસ્ટી બનો

શ્રી જયપ્રકાશ નારાયણ ૧૨ દિવસની મુલાકાતે મુંબઈ આવ્યા છે. ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો પ્રચાર અને અમલ કરવાના ઈરાદે તેમણે મીટિંગો ગોઠવી છે. ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ, પત્રકારો અને તંત્રીઓ, મજૂર આગેવાનો, બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓના વડાઓ અને મિત્રોને મળવાના છે. તેમણે જે નિવેદન બહાર પાડયું છે તે આ અંકમાં આપ્યું છે.

શ્રી જયપ્રકાશ જણાવે છે કે કોઈ પણ અગ્રતમ સામ્યવાદી અથવા સમાજવાદી ઇચ્છે તેટલી જ તીવ્રતાથી તેઓ પોતે મૂડીવાદનો અંત લાવવા ઈચ્છે છે, પણ તેમનો માર્ગ જુદો છે. હિંસાના ક્ષેત્રમાં આશ્ચર્યજનક બનાવો બની રહ્યા છે. તેઓ માને છે કે અહિંસાના ક્ષેત્રમાં તેથી પણ આશ્ચર્યજનક અને અકલ્પ્ય સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે. એવા અહિંસાના માર્ગે તેઓ મૂડીવાદનો અંત લાવવા પ્રયત્ન કરે છે.

શ્રી જયપ્રકાશ કહે છે કે વ્યાપારીઓ અને ઉદ્યોગપતિઓની શકિત અને જ્ઞાનનો પૂરો લાભ સમાજકલ્યાણ માટે આપણે લેવો જોઈએ. ધનપતિઓને એમણે અપીલ કરી છે કે ખુશીથી કરોડો કમાવ પણ તે મૂડી તમારી નહિ પણ પ્રજાની છે અને તમારે તમારી વાજબી જરૂરિયાત પૂરતી રાખી બીજી બધી મૂડીનો ઉપયોગ લોકકલ્યાણ અર્થે કરવાનો છે. તમારો લોભ અને પરિગ્રહલાલસાને છોડી, મજૂરીથી પેટ ભરતા દેશના કરોડો માનવીઓની હરોળમાં તમારે આવવાનું છે. શ્રી જયપ્રકાશ ચેતવણી આપે છે કે સ્વેચ્છાએ આવો ત્યાગ નહિ કરો તો વર્ગવિગ્રહ અને લોહિયાળ ક્રાન્તિ અનિવાર્ય બનશે. રાજ્યસત્તાનો વિસ્તાર થાય તેથી તેઓ સખત વિરુદ્ધ છે. સ્વેચ્છાએ આ બધું થાય તેમાં જ તેમને લોકકલ્યાણ લાગે છે.

કોઈ ચોક્કસ કાર્યક્રમ હજી તેમણે આપ્યો નથી. કદાચ હવે પછી જણાવશે. તેમણે જણાવેલ ભાવનાઓ અને આદર્શો નિરપવાદ આવકારપાત્ર છે. તેનો અમલ કેમ કરવો અથવા કરાવવો તે જ મુખ્ય પ્રશ્ન છે. માણસની માનવતામાં અખૂટ શ્રદ્ધા રાખવી એ ઈશ્વર ઉપરની આસ્થાનું લક્ષણ છે. એવો શ્રદ્ધા ગુમાવી બેસીએ તો જીવન ઝેર થઈ જાય. સામ્યવાદીઓ માને છે કે વર્તમાન ધનિક કે મૂડીવાદી વર્ગ સમજાવટથી કોઈ દિવસ માનવાનો જ નહિ. વર્ગવિગ્રહથી તેનો નાશ કર્યે જ છૂટકો. જો કે સામ્યવાદ પણ માને છે કે ત્યાર પછી રાજ્યવિહીન, શોષણવિહીન, નવો માનવસમાજ રચાશે કે જેમાં લોભ નહિ હોય, પરિગ્રહ નહિ હોય, ભ્રાતૃભાવ અને માનવતા જ હશે. સામ્યવાદનું આકર્ષણ આ ભવ્ય સ્વપ્ન છે. પણ માનવમાં રહેલ અસદ્ વૃત્તિઓનો ઓછો આંક મૂકીએ તો નિરાશા જ રહે.

હું સમજું છું ત્યાં સુધી ગાંધીજીએ ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત રજૂ કર્યો તે સમગ્ર જીવનદર્શનનું એક અંગ હતું. ગાંધીજી એમ પણ જાણતા હતા કે આવા જીવનને મૂર્તિમંત કરવા સમાજની આર્થિક રચના પાયામાંથી બદલવી જોઈએ.

મૂડીવાદનો ઉગમ અને વિકાસમાં ઉત્પાદનનાં સાધનોની ખાનગી માલિકી મુખ્ય કારણ છે. વિજ્ઞાનને કારણે અતિકેન્દ્રિત અર્થરચના થઈ, જેથી થોડી વ્યકિતઓ અઢળક દોલતની માલિક થઈ શકે છે. વિકેન્દ્રિત અર્થરચના ગાંધીજીના અહિંસક સમાજનો પાયો છે. રેંટિયો, ઘાણી, સ્વાયત્ત ગામડાઓ, આ બધું આવી અર્થરચનાનો અંતર્ગત ભાગ છે. તે સાથે નૈતિક જીવનદષ્ટિ તેનો પાયો છે. જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખવી અને જીવનમાં સંયમ અને ત્યાગને પૂરું સ્થાન હોય તો જ આવી અહિંસક સમાજરચના શકય બને. મૂડીવાદ અને સમાજવાદ કે સામ્યવાદ કોઈને આ જીવનદષ્ટિ નથી, તેમની દષ્ટિ ભોગપ્રધાન છે. તેમ જ વિજ્ઞાને આપેલી ઘણી વસ્તુઓ અને શોધખોળો સ્વેચ્છાએ જતી કરવા તૈયાર ન થઈએ ત્યાં સુધી વિકેન્દ્રિત અર્થરચના સફળ ન થાય.

માત્ર ટ્રસ્ટીશિપનો ઉપદેશ આપવાથી તે કામયાબ નથી થતો. માણસની દુર્વૃત્તિઓ ઉપર કંઈક દબાણ જોઈએ છે. ગાંધીજીનાં હથિયાર, સત્યાગ્રહ અને અસહકાર હતાં. રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં ગયા ત્યારે એક મુલાકાત દરમિયાન તેમને પૂછયું હતું કે ધનવાનો સમજાવટથી ન માને તો તમે શું કરશો? ગાંધીજીએ કહ્યું હતું (સ્મૃતિથી લખું છું) કે સામ્રાજ્યવાદને લડવા જે હથિયાર છે તે જ મૂડીવાદ માટે છે. શ્રી જયપ્રકાશ સમર્થ વિચારક છે. સામ્યવાદની ભૂમિકામાંથી પસાર થઈ, ગાંધીવાદ અને સર્વોદય તરફ તેમની યાત્રા રહી છે. સદ્ભાવથી પ્રેરાયેલ તેમના પ્રયત્નોને આપણે સફળતા ઇચ્છીએ. કોઈકને તો અસર થશે.

પાયામાંથી ફેરફાર કરવો હોય તો ગાંધીજીનું સમગ્ર જીવનદર્શન લક્ષ્યમાં રાખવું પડશે. એ પણ સવાલ થાય કે પહેલા કરોડો કમાવા દેવા અને પછી વિનંતિ કરવી કે તમારી વાજબી જરૂરિયાત પૂરતું રાખી, બાકીની મિલકતના તમે ટ્રસ્ટી છો એમ માની સમાજકલ્યાણઅર્થે વાપરો, એને બદલે શરૂઆતથી જ એમ કેમ ન કહીએ કે માત્ર તમારી વાજબી જરૂરિયાત પૂરતું વળતર લઈ, બાકીનું સમાજની માલિકીનું જ ગણાશે. કરોડો કમાવા દઈએ તો જ તેમના જ્ઞાન અને અનુભવનો લાભ મળે? તેમની વાજબી જરૂરિયાત પૂરતું જ આપીએ તો આ જ્ઞાન અને અનુભવનો લાભ ન મળે? એવી અર્થરચના શા માટે હોવી જોઈએ કે જેમાં કોઈ વ્યકિત કરોડો કમાઈ શકે?

ઈંગ્લાંડ, અમેરિકા અને બીજા સમૃદ્ધ દેશોમાં મૂડીવાદને નાથવાનો પ્રયત્ન થાય છે અને રાજ્યસત્તાની સારી દરમ્યાનગીરી છે. ત્યાં પણ હજી મૂડીવાદનું વિકરાળ સ્વરૂપ જરાય ઓછું થયું નથી. The drive is towards gigantism Multi-National Companies have their Empires, far more subtle and powerful than political Empires.

ઈંગ્લાંડમાં જ છેલ્લા ત્રણચાર મહિનામાં એવા બનાવો બહાર આવ્યા છે કે કન્ઝર્વેટિવ પ્રાઈમ મિનિસ્ટર મિ. હીથને કહેવું પડયું કે This is ugly face of capitalism.

લોનહ્રો (lonhro) કંપની છે, જેના આફ્રિકાના કેટલાય દેશોમાં ઉદ્યોગો છે. ડાયરેક્ટરોના અંદરના વિખવાદથી વાત બહાર આવી કે તેના મૅનેજિંગ ડાયરેક્ટરને હજારો પાઉંડનો પગાર અપાય છે, અને ૬૩ લાખ રૂપિયાની કિંમતનું મકાન આપવામાં આવ્યું હતું. બીજા ડિરેકટરને ૩૬ લાખનું મકાન આપવામાં આવ્યું હતું. તેના એક સલાહકાર ડંકન સેન્ડઝ, જે એક કેબિનેટ મિનિસ્ટર હતા તેમને માત્ર સલાહ આપવા માટે લગભગ ૨૫ લાખ રૂપિયા આપવાના હતા.

સર ડેનિસ લોસન —લંડનના એક વખતના લૉર્ડ મેયર— પચીસેક કંપનીઓના વડા છે. પોતાની જ કંપનીઓના શેરો લઈ, થોડા મહિના પછી પોતાની જ બીજી કંપનીઓને વેચ્યા અને રૂપિયા બાર કરોડનો નફો કર્યો. કોઈ પણ ડિરેકટર પોતાની જ કંપનીઓના શેરોની લે-વેચ કરે તે જાહેર કરવા જોઈએ, નહિ તો ગુનો છે.

રાઉન્ટ્રી મેકીન્ટોશ કંપની ચોકલેટ અને બીજી મીઠાઈઓ બનાવે છે. તેના દલાલોએ, બોર્ડ ઓફ ડિરેકટરની જાણ વિના, કોકોનો સટ્ટો કર્યો અને રૂપિયા ૪૦ કરોડનું નુકસાન કંપનીને માથે પડયું.

પોલસન નામનાં આર્કિટેકટે ઈંગ્લાંડ અને યુરોપમાં અનેક

કંપનીઓ કરી કરોડોનાં મકાનો બાંધ્યાં અને તેમાં કેબિનેટ મિનિસ્ટરથી માંડી, સંખ્યાબંધ માણસોને લાંચરુશવતો આપી. છેવટ નાદાર થયો અને હવે નાદારીમાં બધી વાતો બહાર આવી.

ન્યાય ખાતર એટલું કહેવું જોઈએ કે લોનહ્રોના ડિરેકટરો અને ડન્કન સેન્ડઝ તથા સર ડેનિસ લોસને આ બધી વાતો બહાર પડી ત્યારે, પોતે મેળવેલ બધા લાભો કંપનીને ભરપાઈ કરી દીધા.

અમેરિકામાં નિક્સનના ચૂંટણીફંડમાં કંપનીઓએ કરોડો ડૉલર કાયદા વિરુદ્ધ આપ્યા.

આ બધું તો બહાર આવે ત્યારે જ ખબર પડે.

આ બધા મૂડીવાદીઓને તેમની મિલકતના ટ્રસ્ટી થવાનું સમજાવી શકીએ? તમે સુખેથી કરોડો કમાવ પણ તમારી જરૂરિયાત પૂરતું જ રાખી, બીજું લોકકલ્યાણ અર્થે વાપરો અને તમારા જ્ઞાન અને અનુભવનો લાભ સમાજને આપો એવું તેમને સમજાવી શકીએ?

કે પછી ઉપદેશનો આત્મસંતોષ એટલી જ આપણી મૂડી રહેશે? ઉપદેશ સાંભળવાની લોકોની ના નથી.

૨૨-૭-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# શ્રી જયપ્રકાશ નારાયણનું નિવેદન

૧. અદ્‌ભુત વસ્તુઓના આ યુગમાં એક વસ્તુ યા વિચાર નૂતન છે એ કારણે નિરર્થક છે એમ કોઈ નહિ કહે. એ કઠિન છે માટે અશક્ય છે એમ કહેવું એ પણ આ યુગની ભાવના સાથે સુસંગત નથી. અકલ્પ્ય વસ્તુઓ દરરોજ જોવા મળી રહી છે, જે અશક્ય મનાતું હતું તે સદા શક્ય બની રહ્યું છે. હમણાંના સમયમાં હિંસાને ક્ષેત્રે અજાયબી પમાડે તેવી શોધોથી આપણે સતત આશ્ચર્ય અનુભવી રહ્યા છીએ. પણ મારો એવો દાવો છે કે ઘણી વધુ અકલ્પ્ય અને દેખીતી રીતે જ અશક્ય એવી શોધો અહિંસાને ક્ષેત્રે થવાની છે.

૨. માલિકવર્ગે પેઢી દર પેઢીના અનુભવ અને વિશેષ જાણકારી દ્વારા પ્રાપ્ત કરેલાં વેપારવાણિજ્યનાં બુદ્ધિકૌશલ અને આવડતનો આપણે ઓછો અંદાજ આંકવો ન જોઈએ. મારી યોજના એવી છે કે તે હેઠળ સમાજને તેનો વિનામૂલ્ય લાભ મળશે.

૩. તમે ભલે કરોડો રૂપિયા ગમે તે રીતે કમાવ, પણ એટલી સમજદારી કેળવો કે તમારી સંપત્તિ એ તમારી નથી, એ લોકોની છે. તમારી વાજબી જરૂરિયાતો માટે તેમાંથી જોઈએ તેટલી લો અને બાકીની સમાજ માટે વાપરો.

૪. ધારો કે વારસાથી યા વેપાર કે ઉદ્યોગદ્વારા મને સારા એવા પ્રમાણમાં સંપત્તિ પ્રાપ્ત થઈ છે, તો મારે એમ સમજવું જ જોઈએ કે એ બધીય સંપત્તિ મારી માલિકીની નથી; બીજા લાખો લોકો ભોગવે છે તેથી વધુ સારા નહિ તેવા એક માનભર્યા ગુજરાનનો જ મારો અધિકાર છે. બાકીની સંપત્તિ કોમની છે અને કોમના કલ્યાણ માટે જ તે ઉપયોગમાં લેવાવી જોઈએ. જમીનદારો અને રાજાઓ પાસેની મિલકતો સંબંધમાં દેશ સમક્ષ સમાજવાદની વિચારસરણી રજૂ થઈ તે વેળાએ મેં મારી આ વિચારણા આગળ ધરી હતી. વિશેષાધિકારો ધરાવતા આ વર્ગોની તેઓ નાબૂદી ઈચ્છે છે. હું ઈચ્છું છું કે તેઓ તેમના લોભ અને માલિકીના ભાવને જીતી લે-તેની ઉપરવટ થઈ જાય અને પોતાની પાસે સંપત્તિ હોવા છતાં ય તેઓ પરસેવો પાડી રોટી રળનારાઓની સપાટી જેટલા નીચે ઊતરે.

૫. વર્તમાન મૂડીદારોએ વર્ગવિગ્રહ અને પોતાની સંપત્તિના સ્વેચ્છાએ ટ્રસ્ટી બની જવું, એ બે વચ્ચે પસંદગી કરવાની છે. તેમની મિલકતોનો વહીવટ તેમને કરવા દેવાશે અને સંપત્તિમાં વધારો કરવા તેમની બુદ્ધિશકિતને તેઓ કામે પણ લગાડી શકશે-પણ તે પોતાને ખાતર નહિ, રાષ્ટ્રના હિતને ખાતર, અને તેથી કોઈનુંય શોષણ કર્યા વિના.

૬. એ સ્વીકારતાં હું શરમાતો નથી કે ઘણા મૂડીદારો મારા તરફ મૈત્રીભાવ રાખે છે અને મારાથી ડરતા નથી. તેઓ જાણે છે કે મૂડીવાદનો અંત લાવવાની હું ઈચ્છા રાખું છું-એક કટ્ટર સમાજવાદીના કે કહોને એક સામ્યવાદીના જેવી નહિ તો લગભગ તેના જેવી જ ઉત્કટ મારી આ ઈચ્છા છે. પણ અમારી પદ્ધતિઓ જુદી છે, અમારી ભાષાઓ ભિન્ન છે. ટ્રસ્ટીપણાનો મારો સિદ્ધાંત થાગડથીગડિયો નથી. ખોટા ઓપ જેવો-મૂળ ઉદ્દેશને છાવરવા માટેના ઓપ જેવો તો બેશક નથી જ. મારી શ્રદ્ધા છે કે અન્ય સિદ્ધાંતો કરતાં એ વધુ ચિરંજીવ નીવડશે. કારણ, તેને તાત્ત્વિક વિચારણાનું અને ધર્મદષ્ટિનું પીઠબળ છે.

૭. એનો અર્થ, એક બાજુએ જેમના હાથમાં રાષ્ટ્રની સંપત્તિનો મોટો એવો હિસ્સો એકત્રિત થયો છે તેમને થોડી નીચી સપાટીએ ઉતારવાનો અને બીજી બાજુ, અર્ધભૂખ્યાં, નિર્વસ્ત્ર કરોડોને થોડી ઊંચી સપાટી પર લાવવાનો છે.

૮. નાણાંની સમૃદ્ધિ અને એ સમૃદ્ધિથી પ્રાપ્ત થતી સત્તાનો સ્વૈચ્છિક રીતે ત્યાગ કરવામાં નહિ આવે અને તેને સહુના સમાન કલ્યાણઅર્થે નિયોજવામાં નહિ આવે તો એક દિવસે એક હિંસક અને લોહિયાળ ક્રાંતિ નિશ્ચિત છે.

૯. એક બાજુ મૂડીદારો દ્વારા તેમનાં ઉપલકિયાં આડમ્બરી સુખોનો સ્વૈચ્છિક ત્યાગ અને તેના પરિણામરૂપ સહુ માટેના સાચા સુખની સમ્પ્રાપ્તિ અને બીજી બાજુ, મૂડીદારો સમયસર જાગશે નહિ તો જાગૃત પણ અજ્ઞાની, ભૂખ્યાં લાખો જનોનાં ટોળાં દેશને જેમાં ધકેલી દેશે તે તોળાઈ રહેલી અરાજકતા, જેને એક શકિતશાળી સરકારને સુલભ એવું સશસ્ત્ર સૈન્ય પણ ટાળી શકશે નહિ- એ બે વચ્ચે પસંદગીનો હવે કોઈ પ્રશ્ન રહ્યો નથી.

૧૦. વ્યકિતને આત્મા છે, પણ રાજ્ય એ તો આત્મારહિત એક યંત્ર જેવું છે, જેને કદી હિંસાના માર્ગેથી પાછું વાળી શકાય નહિ, કારણ તેના અસ્તિત્વનો એ તો પાયો છે. એથી જ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને હું વધુ પસંદ કરું છું.

૧૧. રાજ્યની સત્તામાં થતા વધારાને હું સૌથી વધુ ભયની દષ્ટિએ નિહાળું છું. કારણ, શોષણને ઓછું કરીને જો કે દેખીતી રીતે તે સારું કરે છે, પણ સર્વ પ્રગતિના પાયામાં રહેલા વ્યકિતના સ્વત્વને નાબૂદ કરીને માનવજાતને તે સૌથી વધુ હાનિ પહોંચાડે છે.

૧૨. મારા મતે, કામદારો જો પૂરતા પ્રમાણમાં સુસંગઠિત અને બલિદાનની ભાવનાવાળા હોય તો તેમનો હમેશાં વિજય થાય છે. મૂડીદારો ગમે તેટલા પીડક કેમ ન હોય, મને એ વાતની ખાતરી થઈ ચૂકી છે કે કામદારો સાથે સંકળાયેલા અને કામદાર આંદોલનને દોરી રહેલાઓને પોતાને કામદારોની શકિતનો ખ્યાલ નથી, એવી શકિત જે મૂડીદારો કદી મેળવી શકે નહિ. કામદારો માત્ર એટલું સમજે અને સ્વીકારે કે તેમના વિના મૂડીદારો તદ્દન લાચાર છે, તો કામદારો તત્કાળ પોતાનું સ્વત્વ પ્રાપ્ત કરશે.

૧૩. પરિપૂર્ણ ટ્રસ્ટીશિપ એ તો યુકલીડે એક બિન્દુની આપેલી વ્યાખ્યા જેવી અમૂર્ત બાબત છે અને તે એટલી જ અપ્રાપ્ય છે. પણ આપણે જો તેને માટે જહેમત કરતા રહીએ તો બીજી કોઈ પદ્ધતિ કરતાં તેનાથી પૃથ્વી પર સમાનતાની સ્થિતિ સ્થાપવાની દિશામાં વધુ આગળ જવા શકિતમાન બનીશું.

જયપ્રકાશ નારાયણ

# રવીન્દ્ર સંગીત-સંધ્યા

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં બંગાળી ગીતોનો એક કાર્યક્રમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૬-૮-'૭૩ના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪) યોજવામાં આવ્યો છે.

બંગાળી સંગીતના જાણીતા કળાકાર શ્રીમતી તાપોતી મુખરજી બંગાળી ગીતો ગાશે. સંગીતપ્રેમી મિત્રોને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

બંગાળી ગીતોનો ગુજરાતી અર્થ પણ સમજાવવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ગુજરાતના રાજકારણ વિષે એક પત્ર

**[ભાઈ રતિલાલ દીપચંદ દેસાઈ પીઢ પત્રકાર છે, સંનિષ્ઠ કાર્યકર છે. તેમના હૈયાની વરાળ તેમણે ઠાલવી છે. તેમના મનની વેદના, બીજાની એવી જ વેદનાને વાચા આપે છે. તેમણે મને લખ્યું છે કે આ બધી વાત છાપો એ દૃષ્ટિએ નથી લખી પણ છાપવા જેવું લાગે તો તેમને છાપવામાં કશો વાંધો નથી. સખત ભાષા તેમની લાગણીની તીવ્રતા બતાવે છે. તેમને કોઈના પ્રત્યે અંગત રાગદ્વેષ નથી એની મને ખાતરી છે. –તંત્રી]**

**માન્યવર શ્રી ચીમનભાઈ,**

તા. ૧૬-૭-૭'૩ ના 'પ્રબુદ્ધ જીવન'માં ગુજરાતના શાસક પક્ષના રાજકારણની ચર્ચા કરતાં આપે ધારાસભ્યોના બેફામ વર્તન અંગે જે લખ્યું છે, તે બિલકુલ સાચું છે. એ વાંચીને આ લખવા પ્રેરાયો છું.

છેલ્લા મહિના-દોઢ મહિના દરમિયાન પક્ષના નેતાને દૂર કરવાની જેહાદ જેવી ઝુંબેશ શરૂ થઈ, અને એમાં ધારાસભ્યોને પક્ષના નેતાની વિરુદ્ધ થવા માટે જે રીતે સમજાવવાના, ફોસલાવવાના, ડરાવવાના તેમ જ લોભ-લાલચમાં ખેંચવાના પ્રયાસ હાથ ધરાયા એ જોઈને ધારાસભ્યોના આવા મનસ્વી, સ્વાર્થી તેમ જ સત્તાલોલુપ વલણ અંગે સતત વિચાર આવતા જ રહ્યા છે; અને તે એટલી હદે કે આવા વલણ સામે કોઈ તંદુરસ્ત ઝુંબેશ શરૂ કરતું હોય તો એમાં જોડાઈ જવા પણ મન ઝંખતું હતું, અત્યારે પણ [illegible] છે. આ રીતની ઝુંબેશમાં જોડાયા પછી જે કંઈ લખવા જેવું લાગે તે નીડરપણે લખવાની, માર ખાવો પડે તો માર ખાવાની અને જેલમાં જવું પડે તો તેમ કરવાની પણ તૈયારી છે. મન સતત બેચેન બનીને એ સવાલ વારંવાર પૂછ્યા કરે છે કે લાખ-સવાલાખ પ્રજાજનોનું પ્રતિનિધિત્વ ધરાવતા આ ધારાસભ્યોના અવિચારી વલણને નાથવાનો શું કોઈ ઉપાય નથી? આજે તો આ સવાલનો જવાબ ઉત્સાહપ્રેરક નહીં પણ નિરાશાજનક નકારમાં જ મળે છે. અને જો આવો કોઈ કારગત અને વ્યવહારુ ઉપાય ન મળે તો લોકશાહીનું તેમ જ લોકશાહી રાજ્યતંત્ર દ્વારા લોકોનું કલ્યાણ કરવાના ઉદ્દેશનું ભાવિ શું?

કોઈ પણ પ્રધાનને દૂર કરવા હોય તો મુખ્ય પ્રધાન કે વડા પ્રધાન તેમ કરી શકે છે. મુખ્ય પ્રધાન કે વડા પ્રધાનને દૂર કરવા હોય તો શાસક પક્ષના ધારાસભ્યો કે લોકસભાના સભ્યો તેમ કરી શકે, પણ ધારાસભા કે લોકસભાના સભ્યને, એની ગેરવર્તણૂક માટે, એને ચૂંટી કાઢનાર મતદારો કંઈ પૂછી જ ન શકે એ સ્થિતિ આપણને વધારે ને વધારે ઊંડી અધોગતિ તરફ જ દોરી જવાની અને પરિણામે દેશનું લોકશાહી રાજતંત્ર રાજાશાહી રાજતંત્ર કરતાં પણ વધારે નઠારું થઈને અમુક માથાભારે વ્યકિતઓની સ્વાર્થસાધનાનું જ સ્થાન બની જવાનું; અને કદાચ 'બળિયાના બે ભાગ' એ જંગલનો ન્યાય વધારે વ્યાપક પ્રમાણમાં પ્રવર્તવા લાગવાનો!

હજી તો ધારાસભા કે લોકસભાના સભ્યોને પક્ષપલટો કરતા અટકાવવાનો ધારો ઘડવાની વાત ચાલી રહી છે, ત્યાં એક જ પક્ષમાં એક નેતા તરફની વફાદારીને ધોઈ નાખીને પોતાને અનુકૂળ હોય અથવા ગમે તે કારણે, પોતાના ઉપર વધારે લાગવગ કે પ્રભાવ જમાવી શકે એવા બીજા નેતાના ખીલે પોતાની વફાદારીની બકરીને બાંધી દેવાની નવી ચાલ શરૂ થઈ ગઈ છે અને તે ક્યાં જઈને અટકશે તે કહી શકાય એમ નથી. આનો એકમાત્ર ઉપાય મતદારો પોતે ચૂંટેલી વ્યકિત ઉપર કાબૂ ધરાવે એ જ છે. પણ આવો કોઈ ઉપાય મળી આવે અને એનો અમલ થઈ શકે એમ આપને લાગે છે ખરું? આવું કંઈક દર્શન થતું હોય તો એ તરફ ખાસ ધ્યાન આપીને એ દિશામાં દિલ દઈને પ્રયત્ન કરવો જોઈએ, એવો આ સમય છે. બાકી તો, ઘણાં વર્ષોના અનુભવ ઉપરથી હું એ તારણ ઉપર આવ્યો છું કે મતદાર જેવો બીજો કોઈ માગણ નથી અને મત મેળવીને ચૂંટાઈ આવનાર વ્યકિત જેવો કોઈ વંચક નથી– અલબત્ત, આ વિધાનનો અપવાદ બની શકે એવી વિરલ – વ્યકિતઓ આપણે ત્યાં નથી એવું તો નથી જ, પણ એમનું ઉપજણ નહીંજેવું બની ગયું છે એટલું તો દેખાય જ છે. પણ આપણે ત્યાં ભલે નબળી, પાંગળી કે એકાંગી, જેવીતેવી પણ લોકશાહી રહેવાની જ છે, તો ચૂંટાયેલ વ્યકિત મતદાર અને જે સંસ્થા માટે એ ચૂંટાયેલ હોય એ સંસ્થાને, સત્તાલોલુપતા કે સ્વાર્થપરાયણતાને કારણે છેહ ન આપે અને બરાબર વફાદાર રહે એવી સ્થિતિ ઊભી થાય તો જ લોકશાહી યથાર્થ લોકશાહી બની શકે. બાકી તો નામ લોકશાહીનું અને કામ ઘરશાહીનું, એવું જ બનવાનું! અને આજે તો આ સત્તાલોલુપતા અને સ્વાર્થપરાયણતા, કોઈ ભયંકર રોગચાળાની જેમ જ પ્રસરવા લાગી છે. એટલે પછી આમાં ગરીબ, નબળા અને સાધનહીન પ્રજાજનોને માટે સુખનો સૂરજ ઊગવાની તો આશા જ ક્યાં રહી? સાચે જ, અત્યારની સ્થિતિ નરી નાસ્તિક નિરાશામાં અટવાઈ જવાય એવી અતિ શોચનીય છે. નાસ્તિકતા પોતે જ નુકસાન કરનારી વૃત્તિ છે, અને નિરાશા પણ વિકાસના માર્ગને રૂંધી નાખે એવી મનોવૃત્તિ છે. તો પછી એ બન્ને નાસ્તિક નિરાશારૂપે એક થઈ જાય પછી તો પૂછવું જ શું?

ગુજરાતના રાજકારણની સ્થિતિ આવી બિસ્માર છે. આપણા ઘરઆંગણાની સ્થિતિ આવી હોય ત્યાં બીજા પ્રદેશોની અધોગતિની ચર્ચા આપણે કયે મોઢે કરી શકીએ? ગુજરાતમાં એક મુખ્ય પ્રધાનને દૂર કરી બીજી વ્યકિત મુખ્ય પ્રધાનના આસને ગોઠવાઈ, પણ એથી પ્રજાનો શો ભલીવાર થવાનો? મોટાં મોટાં અને સારાં સારાં વચનો આપવામાં તો કોઈ દરિદ્રતા કે કચાશ રાખવું નથી; અને ખોટાં વચનો આપવાનો સંકોચ ન હોય અને આપેલાં વચનો ન પળાય તો એની શરમ સતાવી શકતી ન હોય તો આવી કચાશ કે દરિદ્રતા રાખવી પણ શા માટે? ગુજરાતમાં (અને દેશમાં બીજે પણ) આવું જ વિષચક્ર જામ્યું છે, અને દીનદુ:ખી – ગરીબ પ્રજા એમાં પરેશાન થયા જ કરે છે.

ગુજરાતના નવા મુખ્ય પ્રધાનશ્રીએ (શ્રી ચીમનભાઈ પટેલે) લાંચરુશવતની બદી અને ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની વાત, બીજા મુખ્ય પ્રધાનોની જેમ જ ઉચ્ચારી છે. પણ આ કામ કરવામાં પાયાની જરૂરિયાત સાધ્ય અને સાધનની શુદ્ધિ છે અને એમાંથી જ આવા કારમા અનિષ્ટને નાબૂદ કરવાની શકિત પ્રગટે છે, એ વાત તરફ આંખમિચામણાં કરીને જ તેઓ આ વાત ઉચ્ચારી શકયા છે. એટલે એમની આ વાત ઉપર વિશ્વાસ કેવી રીતે બેસે?

ગુજરાતના નવા મુખ્ય મંત્રીમાં કાર્યશકિત, વ્યવસ્થાશકિત અને સંકલ્પશકિત ઘણી છે, અને તેથી તેઓ પોતાનું ધાર્યું કરી-કરાવી શકે છે. શિક્ષણક્ષેત્રમાં એમણે આ બાબતમાં અસાધારણ કહી શકાય એવી સફળતા મેળવી હતી. પણ, મોટી કરુણતા અથવા દારુણતા એ છે કે આ બધાંની પાછળની એમની વૃત્તિ કે દૃષ્ટિ સેવાલક્ષી કે લોકકલ્યાણગામી નહીં પણ સ્વલક્ષી એટલે કે સત્તાલક્ષી અને સ્વાર્થલક્ષી રહી છે. એટલે એમના હાથે લોકોની ભલાઈનાં કામો શાં શાં થયાં, એ તો શોધનો વિષય બની રહે છે. તેઓ ગુજરાતના નવા મુખ્ય પ્રધાન બન્યા એ પણ આવી સ્વલક્ષી મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને જ!

પોતે જેને સાધ્ય માન્યું એની શુદ્ધિ કે પવિત્રતાની જેને ખેવના ન હોય, એણે સાધનશુદ્ધિની ચિંતા કરવાની જરૂર જ શી?

ધારેલું ગમે તેમ કરીને પાર પાડવું એ એમની સહજ પ્રકૃતિ છે. આ મુખ્ય પ્રધાનના પલટાની છેલ્લી ઘટનાની જ વાત કરીએ તો એમણે જૂના મુખ્ય પ્રધાનને દૂર કરવા માટે જે યોજનાબદ્ધ ચળવળ ઉપાડી હતી તે ખરેખર હેરત પમાડે એવી હતી. છેલ્લા દિવસોમાં જ્યાં આ ચળવળનું કેન્દ્ર રાખવામાં આવ્યું હતું તે પંચવટી ફાર્મમાં કરવામાં આવેલ ખર્ચાની, સગવડની, ધારાસભ્યો મોજ માણે એવી સવલતોની, ૬૦ - ૭૦ - ૮૦ જેટલી (એક માથાદીઠ એક લેખી શકાય એટલી બધી) મોટરોની એવી કંઈ કંઈ જાતની દંતકથાઓ લોકોમાં પ્રચલિત બની છે. આવી બધી તૈયારી કરવી એ બાહોશીનું કામ છે એમાં શક નથી, પણ આ બધો પૈસો અને ટોળેવળીને વારેવારે દિલ્હીની વિમાની સફરના ખર્ચનો પૈસો શું ભ્રષ્ટાચાર વગરનો અને દૂધે ધોયેલો આવ્યો હશે? જેના મૂળમાં જ નીતિ-પ્રામાણિકતા વિરોધી બીજ, ખાતર અને પાણી સીંચાયાં હોય એ નવો રાજકારોબાર લાંચરુશવતની બદીને કે ભ્રષ્ટાચારને નાબૂદ કેવી રીતે કરી શકે? - એ રીતે આપણો ઈતબાર ડગી જાય તો એમાં આપણો શો દોષ? પોતાના પક્ષમાં મત આપવા માટે જેમને સમજાવવામાં આવ્યા એમને રાજી રાખવાનું કામ કંઈ ઓછું સહેલું નથી. બાવળ વાવીને કેરી મેળવવાની આશા કેવી રીતે ફળવાની છે?

વળી, જ્યારે લગભગ આખા ગુજરાતની પ્રજા વ્યાપક અને ભયંકર દુષ્કાળની મુસીબતમાં સપડાઈ હતી ત્યારે શ્રી કાંતિલાલ ઘિયા અને શ્રી ચીમનભાઈ પટેલ, વધુ સત્તા હાથ ધરીને મુખ્ય પ્રધાન બનવા માટે, જે સતત હિલચાલ ચાલુ રાખી શકયા હતા, એ બિના પણ, સત્તાલાલસાને કારણે, એમનાં દિલ કેવાં રીઢાં અને કઠોર બની ગયાં હશે એનો ખ્યાલ આપી શકે એમ છે. જેના દિલમાં સેવાવૃત્તિ, કરુણાદષ્ટિ અને સારમાણસાઈ થોડી પણ વહેતી હોય એનું દિલ હલી જાય અને લોકોનાં દુ:ખ દૂર કરવાના કાર્યમાં પોતાનાં ઊંઘ-આરામને પણ વીસરી જાય એવું કારમું એ સંકટ હતું. એમણે કરેલી આ સંકટની ઉપેક્ષા કેવી રીતે વીસરી શકાય?

આ પ્રકરણમાં શ્રી કાંતિલાલ ઘિયાએ ભજવેલો ભાગ એક ઓછા બુદ્ધિશાળી, સત્તાના જબરા શોખીન અને પોતાના સ્વાર્થ સિવાય બીજા કોઈની પણ વફાદારીમાં નહીં માનનાર વ્યકિત જેવો છે. તેઓ સત્તાધારીઓ અને રુસણું લઈને બેસેલાઓ (ડિસીડન્ટ્સ) વચ્ચે વિષ્ટિકાર તરીકે વાતચીત ચલાવતા હતા ત્યારે એક તબક્કે એમને (શ્રી ઘિયાને) પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન પછીનું, નંબર બેનું (નાયબ મુખ્ય પ્રધાન તરીકેનું) સ્થાન આપવામાં આવે એવી વાત લઈને ગયા હતા! આવી વાત લઈ જનાર તે વિષ્ટિકાર હોય કે પક્ષકાર ગણાય? એકવાર તો એમણે કહેલું કે હું માર્ગ શોધવા માટે પ્રાર્થના કરું છું અને હવે તો પરોઢિયે ત્રણ વાગે ઊઠીને પ્રાર્થના કરવાનો છું! પછી એમણે, જાણે પૂજ્ય ગાંધીજીનું અનુકરણ કરતા હોય એમ, જાહેર કર્યું કે મને પ્રકાશ દેખાતો નથી! એમને, શ્રી ચીમનભાઈ પટેલને કે એમના જેવા બીજાઓને કોણ કહેવાય જાય કે જ્યાં અંતરમાં સત્તાલોલુપતા અને સ્વાર્થ-પરાયણતાનો ઘેરો અંધકાર વ્યાપ્યો હોય ત્યાં પ્રકાશ કયાંથી પ્રગટે? શ્રી ઘનશ્યામભાઈએ રાજીનામું આપ્યું અને શ્રી ઘિયાને લાગ્યું કે એમને મુખ્ય પ્રધાન બનાવવામાં નહીં આવે, એટલે એ શ્રી ચીમનભાઈનું ગ્રુપ છોડીને, પોતે મુખ્ય પ્રધાન બની શકશે એ આશાએ, સત્તાધારી ગ્રુપ સાથે જોડાયા; અને સત્તાધારી ગ્રુપે એમને મુખ્ય પ્રધાનપદ માટેના પોતાના ઉમેદવાર તરીકે ઊભા પણ રાખ્યા. પણ ચૂંટણીમાં એ સફળ ન થયા. છેવટે શ્રી ચીમનભાઈના પક્ષ સાથે એ ફરી જોડાઈ ગયા અને નાયબ મુખ્ય પ્રધાન બન્યા! આમાં બુદ્ધિમત્તા કે વફાદારી કયાં રહી?

શ્રી રસિકભાઈ પરીખે આ પ્રકરણમાં જે ભાગ ભજવ્યો એ જોઈને એમ જ થાય છે કે એમને આ શું સૂઝ્યું? ૭૨ - ૭૫ વર્ષની જૈફ ઉંમરે અને અશક્ત થતા શરીરે ભગવાનને ભજવાનું તો દૂર રહ્યું, ન્યાય - નીતિનો પક્ષ લેવાનું પણ દૂર રહ્યું, છેવટે આવી બાબતમાં મૌન રહેવા જેટલું શાણપણ દાખવવાનું પણ ન ગમ્યું? જે બે મહારથીઓએ એમને ગુજરાતના પ્રધાનમંડળમાંથી રુખસદ અપાવવામાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો, એમની સાથે તેઓ કયા કારણે જોડાયા હશે? આ સવાલનો ખુલાસો કંઈક આવો મળે છે: પેટનો બળ્યો માનવી ગામ બાળવા નીકળે એમ શ્રી ઘનશ્યામભાઈ સાથેની અદાવત એમણે આવી અભદ્ર રીતે પૂરી કરી, પણ એથી એમણે શું હાંસલ કર્યું?

આ આખાય દુ:ખદ, શોચનીય અને ગંદા પ્રકરણમાંથી, કાજળની કોટડીમાંથી કોઈ વિરલ માનવી બહાર આવે એમ, અગર કોઈ ગૌરવ અને પ્રતિષ્ઠાભેર બહાર આવી શકયું હોય તો તે શ્રી ઘનશ્યામભાઈ ઓઝા આવી શકયા છે, એમ મને લાગે છે. એમણે પોતાના પ્રધાનમંડળની રચના કરી ત્યાર પછી થોડા મહિના બાદ જ એમના સાથીઓએ એમની પજવણી શરૂ કરી હતી. છતાં એ કશાથી વિચલિત થયા વગર તેઓ પૂરી નિષ્ઠાથી પોતાની કામગીરી બજાવતા રહ્યા અને દુષ્કાળ રાહતનાં કામોને પણ આગળ વધારતા રહ્યા. તેઓ છૂટા થયા તે પણ પોતાના વ્યક્તિત્વનું અને પદનું ગૌરવ જાળવીને. એમનાં વિચાર, વાણી અને વર્તનમાં સદાય કુલીનતા - આભિજાત્યની આભા પ્રસરેલી રહેતી, અને તે એટલા માટે કે તેઓ સત્તાની પાછળ ઘેલા નહોતા બન્યા, ભાન નહોતા ભૂલ્યા.

ધારાસભ્યોના મનસ્વી વર્તનનું જે નવું અનિષ્ટ ઠેરઠેર વિસ્તરવા લાગ્યું છે, તેને નાથવાનો એકમાત્ર ઉપાય, આપ સૂચવો છો તેમ, મતદારો ધારાસભ્યો ઉપર પોતાની ધાક બેસાડે એ જ છે. પણ એ કામ થઈ કેવી રીતે શકે, એ જ સવાલ છે. કોઈક માર્ગ મળે તો કેવું સારું!

આવું આવું જોઈને મનમાં બેચેની થાય છે, એનું કારણ કંઈક આ હોય એમ લાગે છે: સ્વરાજ્યનો હેતુ સર્વોદય હોવાની વાત પૂજ્ય ગાંધીજીએ આપણા મનમાં બરાબર વસાવી દીધી હતી; અને સાથેસાથે નિ:સ્વાર્થ, નિર્મળ, પવિત્ર, સેવાપરાયણ, ત્યાગ - બલિદાનની ભાવનાથી શોભતું, સાદું, રાષ્ટ્રનિષ્ઠ અને સદાચારી ઉચ્ચ જીવન જીવી બતાવીને આપણી સમક્ષ એક ઉચ્ચ આદર્શ રજૂ કર્યો હતો. એને આપણે વીસરી ગયા, એ જોઈને ચિત્ત ખિન્ન થઈ જાય છે. પણ ગાંધીચીંધ્યા માર્ગને ભૂલીને આપણે દેશને સુખી કરી શકવાના છીએ ખરા?

રતિલાલ દીપચંદ દેસાઈ

## ઉસને દૂધ ખોયા, મૈં મિજાજ કયોં ખો બૈઠૂં?

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો એક શિષ્ય તેમને માટે ગરમ દૂધ લાવી રહ્યો હતો. તેની થોડી ગફલતને કારણે હાથમાંથી દૂધનો પ્યાલો નીચે પડી ગયો. તેનો અવાજ પંડિતજીએ સાંભળ્યો. તેઓ સમજી ગયા કે તેમના શિષ્યે દૂધ ઢોળ્યું. આ વખતે તેમને ક્રોધ આવે તે સ્વાભાવિક ગણાય.

પરંતુ પંડિતજીએ એ જ ક્ષણે વિચારી લીધું કે, એણે દૂધ ગુમાવ્યું એથી નુકસાન થયું, પરંતુ એને કારણે હું જો મારો મિજાજ ગુમાવું તો એથી વધારે નુકસાન થશે.

એ રીતે તેઓ અંતર્મુખ બન્યા એટલે મનનો ગુસ્સો પ્રગટ થતા પહેલાં જ અદશ્ય થઈ ગયો અને તેમણે હસતા વદને સેવકને કહ્યું કે, "ભાઈ, જે થવાનું હતું તે થઈ ગયું, હવે જલદી તું દૂધનો બીજો પ્યાલો લઈ આવ."

પ્રસંગ નાનો છે, પરંતુ અંતર્મુખ ધ્યાનીપુરુષ કેટલા જાગૃત રહેતા હોય છે અને આવા પ્રસંગે પણ પોતાની સાધનાને આંચ આવવા દેતા નથી હોતા આ બોધ કીમતી ગણાય.

અનુવાદક
શાન્તિલાલ ટી. શેઠ

મૂળ હિંદી
કાકા કાલેલકર

# જૈનોને રસ પડે એવી ગોકર્ણની યાત્રા : એક પત્ર

[કાકાસાહેબ કાલેલકરનું કોઈ લખાણ 'પ્રબુદ્ધ જીવન' માટે આવે એટલે તેને પ્રકટ કરવું કે નહિ તેવો કોઈ પ્રશ્ન મારે માટે હોય જ નહિ. ગોકર્ણની યાત્રા વિષે તેમનો લેખ આવ્યો ત્યારે તેમાં લખેલું કે "જૈનોને રસ પડે તેવી," તેથી વાંચ્યા વિના મેં પ્રકટ કરવા આપી દીધું. શ્રી ખીમજીભાઈ ભૂજપુરિયા બધી બાબતો બુદ્ધિપૂર્વક વિચારે છે. તેમનો જેવી લાગણી કદાચ બીજાઓને પણ કાકાસાહેબનો આ લેખ વાંચી થઈ હશે, તેથી તેમનો પત્ર અહીં પ્રકટ કરું છું. —તંત્રી]

આદરણીય શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ,
માનાર્હ તંત્રી, "પ્રબુદ્ધ જીવન"
સુજ્ઞશ્રી,

સવિનય નિવેદન કે, "જૈનોને રસ પડે એવી ગોકર્ણની યાત્રા" એવા શીર્ષક નીચે તા. ૧૬-૩-'૭૩ના "પ્રબુદ્ધ જીવન"માં પૂજ્ય શ્રી કાકાસાહેબ કાલેલકરે મોકલેલું લખાણ આપે પ્રગટ કર્યું છે તેમાં દર્શાવેલી મોટા ભાગની હકીકત તદ્દન અસંગત, અશક્ય તેમ જ ઉપજાવી કાઢેલ એટલે કપોળકલ્પિત છે. ગોકર્ણ તીર્થનું મહત્ત્વ વધારવા માટે લોકોએ ઉપજાવી કાઢેલી અને કિંવદંતી તરીકે પ્રચલિત રહેલી વાત કાકાસાહેબે તેમની "સ્મરણયાત્રા"માં લખીને પ્રગટ કરાવી છે તેને આપણે ન ગણકારીએ, જો કે તેમ કરવું એ પણ હિતાવહ તો નથી જ, પરંતુ આજના વિકસિત એટલે વૈજ્ઞાનિક જમાનામાં એ કપોળકલ્પિત વાતને પ્રગટ કરવા માટે તેઓ મોકલી આપે અને આપ પણ તેને યથાવત્ પ્રગટ કરી દેવાની સગવડ આપો એ મારી નજરે ભારે દુ:ખદ છે. એવી કાલ્પનિક કથાને આપણા પત્રમાં સ્થાન આપ્યું એ મને ઠીક લાગ્યું નથી બલ્કે શોચનીય લાગ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે કેટલાક પંથોનાં ધાર્મિક પુસ્તકોમાં અને ખાસ કરીને આપણા જૈનોનાં ધાર્મિક પુસ્તકોમાં ઘણી બધી અશક્ય, અસંભવિત તેમ જ કાલ્પનિક કથાઓ રજૂ કરવામાં આવી હોય છે. એ સઘળું જે સમયકાળ દરમિયાન લખાયું છે તે વખતના સંજોગોની નજરે કદાચ તેમ કરવાનું યોગ્ય લાગ્યું હશે એમ કલ્પના કરવાની રહે છે. પરંતુ આજે એવી કાલ્પનિક કથાઓને પ્રગટ કે પસાર કરવાનું હું માનું છું ત્યાં સુધી આ જમનાની નજરે બિલકુલ યોગ્ય નથી. સમાજના વિચારશીલ સજ્જનો પણ એવું માની રહ્યા છે. આપ પણ એમ માનતા હશો એમ મારી નમ્ર સમજ છે. વળી એ ગોકર્ણતીર્થની ઉત્પત્તિનો ઈતિહાસ—કાકાસાહેબની કલમે લખાયેલો, આપણા "પ્રબુદ્ધ જીવન"માં પ્રગટ કરાયો છે તેને વાંચી જોતાં સમજાય છે કે એ ઈતિહાસની લીટીએલીટીમાં કેવળ કાલ્પનિક અને તદ્દન અસંગત અને અસંભવિત રજૂઆત સિવાય બીજું શું છે?

પૂજ્ય ગુરુજી શ્રી કાકાસાહેબ જેવા વિચારશીલ લેખકવર્યે પોતાની "સ્મરણયાત્રા"માંથી ઉતારો કરીને આપણા પત્રમાં તેને પ્રગટ કરવા સારુ મોકલવાનો હેતુ તેમની નજરે એવો લાગે છે કે અમુક સ્થાનના જૈનો પણ એ તીર્થ પ્રત્યે ભાવ ધરાવી રહ્યા છે અને એ તીર્થના પૂજારીઓ રાષ્ટ્રવાદી વિચારસરણીવાળા છે, તેથી જૈનો અને જૈનેતરોને પણ એ પ્રેરણાત્મક નીવડે.

આપણે જાણીએ છીએ કે દીર્ઘચિંતન તેમ જ મનોમંથન પછી સમાજના હિતની અનેક બાબતો પર પૂજ્ય કાકાસાહેબ પોતાનો નિષ્કર્ષ સમયે સમયે રજૂ કરતા રહે છે, જેમાંથી અનેક વાચકોને ઘણું ઘણું જાણવાનું મળતું રહે છે. જ્યારે એમની "સ્મરણયાત્રા"ના ઉતારામાંથી મોકલેલા ગોકર્ણતીર્થનો આ ઈતિહાસ જૈનો માટે કેટલે અંશે હિતકારક છે એ એમની કલ્પનાને આધીન છે પરંતુ, મારી નમ્ર નજરે એ ઈતિહાસની વાત ભારે અહિતકર તેમ જ નુકસાનકારક છે.

આવાં જ કાલ્પનિક અને ચમત્કારિક તથા કપોળકલ્પિત ઈતિહાસો અને કથાઓ ધર્મના ઓઠા નીચે વખતોવખત રજૂ કરવામાં આવે છે. તેને પરિણામે લાખો ભારતવાસીઓ એવા ચમત્કારોમાં હજુ પણ માની રહ્યા હોય એવું સતત દેખાયા કરે છે અને તેને લઈને અનેક સ્થળે વખતોવખત ભારે હિંસાકારક દુર્ઘટનાઓ બની રહેતી દેખાય છે. આપને એ યાદ હશે જ કે સૌરાષ્ટ્રમાં થોડાંક વર્ષ પહેલાં એક બહેનને કોઈ માતા સહાયમાં છે અને તેથી તેના હાથમાંથી કંકુ પ્રગટ થવા પામે છે એવી ઘટના આપણાં વર્તમાનપત્રોનાં પાને ચઢી જવા પામી હતી. પરિણામે એ ચમત્કારને સાચો માનવાવાળા, એ નાનાશા ઝીંઝકા ગામમાં દિનપ્રતિદિન વધુ ને વધુ માણસો આવવા લાગ્યા હતા અને એક દિવસ તો લોકોનો એવો ધસારો એટલી હદ સુધીનો થવા પામ્યો હતો કે સો જેટલાં માનવીઓ ત્યાં ને ત્યાં જ ચગદાઈને કરુણ રીતે મરણશરણ થયાં હતાં. એ બાબતમાં આપને ખ્યાલ હશે જ કે એ બહેને બગલમાં રાખેલી રબરની કોથળીમાં પ્રવાહી કંકુ છુપાવી રાખેલું અને તે ચાલાક માણસે શોધી કાઢ્યું એટલે ચમત્કારનું આખું તૂત ખુલ્લું પડી જવા પામ્યું હતું.

એથી ઊલટી રીતે, કોઈપણ ન ગમતી અથવા દેખાવમાં કદરૂપ એવી સ્રીને અનેક સ્થળે ડાકણ તરીકે માની લઈને અંધશ્રદ્ધાળુઓ બહુ જ કરુણ રીતે મારી નાખતા હોવાનું ઘણી યે વાર બને છે. આપણા ભારતમાં દેવદેવીઓનાં નામ કે અન્ય પ્રકારના ચમત્કારોના નામે આવા તો અનેક કરુણાજનક દાખલા બનતા રહે છે, પરંતુ તેમાંની કોઈ કોઈ વાત જ છાપામાં પ્રગટ થાય છે ત્યારે જ આપણી જાણમાં આવવા પામે છે.

તાત્પર્ય એટલું જ કે આવી ધર્મના નામે પ્રચલિત થતી કાલ્પનિક અને ચમત્કારિક વાતોને ધાર્મિક પુસ્તકોના કે ધર્મના ઓઠા નીચે રજૂ કરવામાં આવે તો પણ પ્રબુદ્ધ એવા આપણા પ્રિય સામાયિકમાં પ્રગટ કરવાનું ન રાખો એવી મારી નમ્ર વિનંતી છે. એમ કરશો તો તે ભારે ઉપકારક થશે.

અવિવેકની ક્ષમાયાચના સાથે.

લિ. આપનો જ

**ખીમજી મા. ભૂજપુરિયાનાં વંદન**

# આપણો સાહિત્ય-વારસો

લોકમિલાપ ટ્રસ્ટ-ભાવનગર તરફથી આવતા જાન્યુઆરીમાં પ્રગટ થનારો બીજો સેટ જેમાં નીચેનાં પુસ્તકો છે:

(૧) બંધ ગઠરિયા (૨) કલાપીનાં કાવ્યો (૩) દ્વિરેફની વાતો (૪) પ્રકૃતિનો આનંદ (૫) ભારેલો અગ્નિ.

એકંદર પાંચ પુસ્તકોનાં ૭૫૦ પાનાં થાય છે. અને પ્રકાશન પછી રૂપિયા ૧૦ની કિંમતે વેચાનારો સંપુટ ૧૫મી ઓગસ્ટ સુધીમાં આગોતરી વરદી નોંધાવનારને માત્ર રૂપિયા ૬માં મળશે.

સંઘના કાર્યાલયમાં રૂપિયા ૭ મોકલી આપી, ઉપરોક્ત પુસ્તકોનો ઓર્ડર નોંધાવી શકાશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ઉદ્દેશપૂર્ણ જીવનનું મહાત્મ્ય

આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે "જે વ્યકિત પોતાના જીવનને અર્થહીન માની બેસે છે તે માત્ર દુ:ખી જ નથી પણ તે જીવવા માટે લાયક રહેતી નથી." ૧૯મી સદીના લેખકોને અને અત્યારે પણ ઘણા લેખકોને જીવન અર્થહીન છે તેવી નૈરાશ્ય-પૂર્ણ વાતો અને વાર્તાઓ લખવાની મઝા પડતી હતી. ગેટે, શીલર, નોવાલીસ, વેગનર, નિત્સે, વાન ગોઘ અને વિલિયર્સ દ' આદમ-એ બધા ૧૯મી સદીના લેખકો અને કવિઓની કૃતિઓ જોશો તો માલૂમ પડશે કે "અંતે તો જીવન અર્થહીન અને નિરાશામય છે" તેવું તારણ તે કૃતિઓમાં ઠાલવ્યું હશે. વિલિયર્સ દ' આદમની એક નવલકથાના નાયકને તેની પ્રેમિકાએ કહ્યું કે "જીવનની સુંદરતા ભોગવવા માણસે જીવવું જોઈએ?" ત્યારે નાયક કહે છે કે "જીવવું? અરે, જીવવાની વાત અને જીવનમાંથી આનંદ માણવાની વાત તો આપણે નોકરોને સોંપી દીધી છે." આ નવલકથાના નાયકને નોર્વેના સુંદર બરફીલા પ્રદેશમાં જવા માટે પ્રેમિકા કહે છે ત્યારે પણ નાયક કહે છે કે "ચિત્રોમાં અને કલ્પનામાં રળિયામણો દેખાતો એ બરફીલો પ્રદેશ ત્યાં ખરેખર પહોંચીએ ત્યારે ભેજવાળો અને ટાઢથી જડબાંને ઠૂંઠાં બનાવી દે તેવો હોય છે." શ્રી એલ. એચ. મેયરે પણ તેની નવલકથામાં એક રણપ્રદેશના સૂર્યાસ્તના મનમોહક દશ્યની સુંદરતાને પોતાના નિરાશામય વિચારથી કલુષિત કરી નાખી છે. નવલકથાનો નાયક કહે છે કે "રણપ્રદેશનો સૂર્યાસ્ત આંખો માટે મનોહારી છે પણ હકીકતમાં તો બે પ્રકારના રણપ્રદેશ છે. એક કલ્પનાનો રણપ્રદેશ, જ્યાં સૂર્યાસ્ત આંખને સોનેરી લાગે છે અને બીજો રણપ્રદેશ જે આપણા ટાંટિયાને તપાવીને બાળી નાખે છે." બીજા એક જર્મન લેખક શ્રી ઓબરમન કહે છે કે "સતત વર્ષાથી મારો મિજાજ બગડી જાય છે. પણ તે પછી સૂર્ય ઊગે છે તે પણ મને અર્થહીન લાગે છે." આ પ્રકારની અર્થહીનતાનો ભાવ સતત જાગે ત્યારે માનવું કે જીવન નિષ્ફળ ગયું છે. તેવું માનનારા માનવીમાંથી જીવનતત્ત્વ ચાલ્યું ગયું છે અને મૃત્યુએ તેને ઘેરી લીધો છે.

આપણે એમ માની લઈએ છીએ કે જીવનમાં સતત ઘર્ષણ રહેતું હોય, આપત્તિઓના પહાડ ઊભા થતા હોય કે રોજ કટોકટીથી ગ્રસ્ત રહેતા હોઈએ ત્યારે જીવન અર્થહીન લાગવા માંડે છે. પણ હકીકતમાં આનાથી ઊલટું જ બને છે. કટોકટીના સમયે જ આપણે ખૂબ જાગ્રત રહીએ છીએ. ઊલટાનું આપણે ચીલાચાલુ જીવન જીવીએ છીએ ત્યારે આપણી શકિતઓને પડકાર મળતો નથી અને તેથી સૂતેલી શકિતઓ આખરે વિલાઈ જાય છે. મોટરકારને લાંબો વખત ગેરેજમાં રાખીએ તો તેની બેટરીઓ ખરાબ થઈ જાય છે. તેવી જ રીતે માણસ પોતાની શકિતનો ઉચિત ઉપયોગ ન કરે, તે શકિતઓને જીવનના ઝંઝાવાત સામે ટકરાવા માટે ન મૂકે તો તેની શકિત પણ બેટરીની માફક ખરાબ થઈ જાય છે. સાર્ત્રે એ કહ્યું છે કે "ઉચ્ચ કક્ષાની કટોકટી વખતે મારી શકિત અને બુદ્ધિ તીવ્રમાં તીવ્ર રહી છે." પરંતુ આનો અર્થ એમ પણ થતો નથી કે આપણા મનને સતત જાગ્રત રાખવા હમેશાં અન્યાય, ભય અને મુશ્કેલીઓની હાજરી જરૂરી જ છે. અંતે તો આપણા મનની શકિતને કેન્દ્રિત કરવાની છે. તે શકિત કટોકટી વખતે કેન્દ્રિત થઈ શકે તો શાંતિને સમયે પણ કેન્દ્રિત થઈ શકે છે. ગ્રેહામ ગ્રીન નામના લેખક જ્યારે ખૂબ જ કંટાળી જતા અને તેમનો મિજાજ બગડી જતો ત્યારે તે આપઘાત કરવા માટે રિવોલ્વર ઉપાડતા. પણ તે પછી તેની સામે પડેલા એક રમકડા તરફ ગોળી છોડતા. એ રમકડું ચક્કર ચક્કર ફરવા લાગે અને પોતે હજી જીવિત છે તેવો ભાવ અનુભવવા માંડે ત્યારે ગ્રેહામ ગ્રીનને જીવન અર્થપૂર્ણ લાગતું હતું. મનને કેન્દ્રિત કરવાથી આપણામાં ઊંડે ઊંડે લપાયેલી શકિતઓને આપણે બહાર ખેંચી શકીએ છીએ.

આ બધું કરવા માટે પણ જીવન સામે કોઈ ઉદ્દેશ કે હેતુ હોવો જોઈએ. એ ઉદ્દેશ બહુ ઉમદા, સેવાભાવનાવાળો કે દેશદાઝ માટેનો હોય તે જરૂરી નથી. કોઈ પણ એક હેતુની હાજરી અત્યંત જરૂરી છે. શ્રી કોલિન વિલ્સને તેના નવા પુસ્તક "ન્યૂ પાથવેય્ઝ ઈન સાઈકોલોજી"માં માનસશાસ્ત્રના વિકાસનો આખો ઈતિહાસ લખીને અંતે તારણ કાઢ્યું છે કે માનસિક રીતે બીમાર રહેતા દર્દીઓના જીવનમાંથી સેક્સ (જાતીયજ્ઞાન) અંગેના પ્રસંગોનું વિશ્લેષણ કરવાની ફ્રોઈડની પદ્ધતિને તિલાંજલિ આપીને દર્દીઓના જીવનમાં કોઈ ઉદ્દેશ છે કે નહિ; અને એ ઉદ્દેશ હતો તો કેમ અદશ્ય થઈ ગયો છે તેની જાંચ કરવી જોઈએ.

૧૯૩૦ના દાયકામાં હિટલરના અત્યાચારોના સાક્ષી બનેલા લેખક ફ્રેન્કલે મૃત્યુના વાતાવરણ વચ્ચે કશોક ઉદ્દેશ કે આશા હોય તો જીવન કેમ ટકી રહે છે તેનાં સુંદર ઉદાહરણો આપ્યાં છે. શ્રી ફ્રેન્કલ માનતા હતા કે માનવીનું શારીરિક આરોગ્ય જીવનના કોઈ હેતુ કે અભિલાષા ઉપર ઘણું અવલંબે છે. હિટલરના કેમ્પમાં જ્યાં યહૂદીઓને આખરી કતલ માટે રાખવામાં આવતા હતા તેના એક કેદીને સપનું આવ્યું. તે સપના મુજબ ૩૦મી માર્ચે હિટલર હારી જશે અને બધા કેદીઓ કેમ્પમાંથી છૂટી જશે. ફેબ્રુઆરીમાં આ સપનું એક અત્યંત બીમાર એવા વૃદ્ધ માણસને આવ્યું હતું. ૩૦મી માર્ચ સુધી તેની અભિલાષાને જોરે તે અશકિત છતાં ચાલતો પણ હતો અને પહેલાં ખોરાક લઈ નહોતો શકતો તે ખોરાક પણ લેતો હતો. પરંતુ ૩૦મી માર્ચની રાત્રે હિટલરની હારના સમાચાર ન આવ્યા એટલે આ વૃદ્ધ ભાંગી પડયો. ૩૧મી માર્ચે તેનું મોત થયું!

ઉપરના દાખલામાં તો શ્રી ફ્રેન્કલે વૃદ્ધની આશાને કારણે તેનો જીવનતંતુ કેમ ટકી રહ્યો તેનો દાખલો આપ્યો છે, પરંતુ કોઈ ખાસ લક્ષ્ય નજર સામે રાખ્યા વગર અને તે લક્ષ્ય પાર પડે તેવી આશા રાખ્યા વગર માત્ર મનનો આશાવાદી અભિગમ રાખ્યો હોય તો પણ જીવનમાં ઘણું બળ રહે છે તેમ શ્રી ફ્રેન્કલે કહ્યું છે. શ્રી ફ્રેન્કલે એક ત્રીજો દાખલો આપ્યો છે તેમાં કહ્યુ છે કે વર્તમાન તકલીફ અંગેની માનસિક તાણને અભરાઈએ ચઢાવી દેવાથી પણ જીવનનો રસ પુનર્જાગૃત કરી શકાય છે. એક લેખકને ઘણાં વર્ષ પછીના લેખનના શ્રમ પછી કંપવા થયો. 'રાઈટર્સક્રેમ્પ' તરીકે ઓળખાતા આ દર્દને કારણે લેખક બરાબર લખી શકતો નહોતો. અક્ષરો સારા પડતા નહોતા. હાથમાં પેન પકડે એટલે તેને ફિકર થવા લાગે કે સારા અક્ષર પડશે કે નહિ. શ્રી ફ્રેન્કલે તે લેખકને સલાહ આપી કે પેન પકડયા પછી સારામાં સારા અક્ષર નહિ, પણ બની શકે એટલા ખરાબ અક્ષરો લખવાનો ઈરાદો જાણીજોઈને રાખો. નવાઈની વાત એ બની કે લેખકનો કંપવા ચાલ્યો ગયો. સારા અક્ષરો નહિ લખાય તેની ચિંતા અને માનસિક તાણને કારણે તેનો 'રાઈટર્સ ક્રેમ્પ' વધ્યો હતો!

બીજા માનસશાસ્ત્રીઓના અનુભવની વાત કર્યા પછી નવીન માનસચિકિત્સામાં કે પ્રત્યક્ષ જીવનમાં કેવો અભિગમ અપનાવવો જોઈએ તે અંગે શ્રી કોલિન વિલ્સને સુંદર શબ્દોમાં કહ્યુ છે:

"In order to realise his possibilities, man must believe in an OPEN future; he must have a vision of something worthdoing." માણસ નિરાશાવાદી થવા કે એક જગ્યાએ સ્થગિત થઈ જવા સર્જાયો નથી. માનવીના લોહીની માફક તેની માનસિક શકિત સતત ભ્રમણ કરતી રહેવી જોઈએ. માણસની મનોભૂમિ અને તેનો મનોવિહાર પરિ-

વર્તનશીલ અને આગળ ધપતો હોવો જોઈએ. એક નદીના પ્રવાહની માફક તેની માનસિક શકિતનો સ્રોત વહેવો જોઈએ. આ નદીના પ્રવાહને રૂંધવામાં આવ્યો કે માનસિક બીમારીની શરૂઆત થાય છે. માણસની અંદર રહેલી આ માનસિક શકિતના પ્રવાહને રૂંધવાથી કેવાં પરિણામ આવે છે તેનો એક બહુ જ સુંદર અને સાચો બનેલો દાખલો જોવા જેવો છે:

લેરી નામનો યુવક બુદ્ધિશાળી હતો. ભાષાઓ જલદીથી શીખી જતો હતો. તેનો પિતા એક વર્તમાનપત્રનો માલિક હતો. પિતા જરા કડક મિજાજનો હતો. લેરી માતાને ચાહતો હતો પણ પિતાને ધિક્કારતો હતો. પાંચ ભાઈઓમાં તે સૌથી નાનો હતો અને બચપણમાં જ તેણે ફિલસૂફીનાં પુસ્તકો વાંચીને "જીવનની નિરર્થકતા" અંગે બદ્ધ વિચારો ઘડી કાઢયા હતા. જો કે તે ૨૨ વર્ષની વયે ગ્રેજ્યુએટ થયો અને પછી એક મેગેઝિનમાં લખતો પણ થયો. એ પછી તેની માતાનું મૃત્યુ થયું, જે લેરી માટે બહુ આઘાતજનક હતું. લેરીને પિતાની માલિકીના અખબારમાં કામ કરવાનું આવ્યું. લેરી ઘણો નિરાશાવાદી બની ગયો હતો. મોટે ભાગે તે કામ પર જવાને બદલે "મૂડ નથી" એમ કહીને ઘરે પડયો રહેતો, પુસ્તકો વાંચતો. જમ્યા પછી કોઈ વખત તેને ઊલટી થઈ જતી. અમેરિકા બીજા વિશ્વયુદ્ધમાં પડયું ત્યારે લેરીએ સૈનિક તરીકે જોડાવા મરજી બતાવી પણ તે નાપાસ થયો. પોતાના ઘરની એક નોકરડી સાથે તે પરણ્યો અને બન્ને ઘણાં વર્ષ સાથે પણ રહ્યાં. લગ્નને કારણે તેના મનની ગમગીની દૂર ન થઈ. ઊલટાનો તે વધુ ગમગીન અને બેચેન રહેવા લાગ્યો. છ મહિના પછી લશ્કરી ખાતાએ તેને પાસ કર્યો ત્યારે તે લડાઈને ધિક્કારવા લાગ્યો અને થોડો વખત સૈન્યમાં રહીને છૂટો થયો. તેનો પિતા મરી ગયો તો પણ તેને બહુ ગ્લાનિ ન થઈ અને ઘરે બેસીને 'ક્રોસવર્ડ પઝલ' (શબ્દવ્યૂહ) ભરવામાં મશગૂલ રહેતો અને બાકીનો સમય ગમગીનીમાં ડૂબેલો રહેતો. કોઈ વખત તે રોઈ પડતો. માનસ-ચિકિત્સકોના ઉપચારો વિફળ રહ્યા.

એક વખત તેની પત્ની જે લેરીની સેવા કરતી હતી તે પોતે જ બીમાર પડી ગઈ. એટલે લેરી પોતે જ તેની પત્નીની સેવા કરવા લાગ્યો; અને તે દરમિયાન લેરીનો મિજાજ, તેનું આરોગ્ય અને માનસિક હાલત ખૂબ જ ટોચે કહેવાય તેવી સ્થિતિમાં રહ્યાં. આ પરદેશનો દાખલો છે પણ આપણા દેશમાં કોઈક જગ્યાએ આવું બનતું જોવામાં આવશે. એક વૃદ્ધ માતાને છાતીનું કેન્સર થયું હતું પણ સૌરાષ્ટ્રના ગામડામાં રહેવાથી છાતીનું કેન્સર છે કે ગૂમડું છે તેનો ભેદ વૃદ્ધ માતા પારખી શકી નહિ. તેની પુત્રી સખત બીમાર હતી. છાતીના કેન્સર સહિત માતાએ આઠ માસ સુધી પુત્રીની શુશ્રૂષા કરી. નવમે મહિને પુત્રી સાજી થઈ અને ત્રીજે જ દહાડે માતા મરી ગઈ!

માણસની અંદર રહેલી શકિત વપરાવા માટે તલપાપડ હોય છે. એ શકિત વપરાય છે ત્યારે સર્જક બને છે. ઉપરના દાખલામાં લેરીએ ફિલસૂફીનાં ઘણાં થોથાં વાંચ્યા પછી "જીવન નિરર્થક છે" એમ તારણ કાઢયું છતાં તેની પત્નીને સાજી કરવાનો 'અર્થ' સાંપડયો ત્યારે તેની ગમગીની ચાલી ગઈ. તેની અંદર સૂતેલી શકિત બહાર આવી. તેવી જ રીતે કેન્સરથી પીડાતી માને જો પુત્રીની સેવા કરવાની ન હોત તો તે આઠ મહિના પછી નહિ પણ ત્રીજે મહિને જ મરી જાત તેમ ડૉકટરોનું કહેવું થયું હતું.

શ્રી કોલિન વિલ્સન અને અમેરિકાના બીજા વિખ્યાત મનોવૈજ્ઞાનિક શ્રી માસલો આ બાબતમાં સરખા વિચારો ધરાવે છે. માસલો કહે છે કે "Capacities clamour to be used, and cease their clamour only when they are well used. The unused capacity or organ can become a disease centre, thus diminishing the person. આમ શકિતનો ઉપયોગ થવો જ જોઈએ. જો શકિત વપરાયા વગરની રહે તો તે રોગનું કેન્દ્ર બની જાય છે અને પછી માનવીને હીણો બનાવી મૂકે છે.

માણસ હીણપત અનુભવવા માંડે એટલે તેનો વિકાસ સ્થગિત થઈ જાય છે અને એ પછી આવો માનવી 'બોરડમ'—કંટાળા—થી ગ્રસ્ત થઈ જાય છે. કંઈ કરી શકતો નથી અને પોતે સમાજને ભારરૂપ છે એમ માનીને પોતાને ધિક્કારવા લાગે છે. સ્વાધિક્કારનું રૂપાંતર આત્મ-પીડનમાં થાય છે અને એ રીતે પોતે ગૂંગળાયા કરે છે. ગૂંગળામણની આ સ્થિતિ સ્ફોટક બને ત્યારે માણસ રચનાત્મક બનવાને બદલે આત્મ-ઘાતક બની જાય છે. શરીરના આરોગ્યને માટે જે પ્રકારે વ્યાયામ કરીએ છીએ અને તેને સ્વસ્થ રાખવા આરોગ્યનાં તમામ પાસાંને જાળવીએ છીએ તેમ મનને સ્વસ્થ રાખવા તેને વ્યાયામની જરૂર પડે છે. શ્રી કોલિન વિલ્સન તેના વિચારોનું સમાપન કરતાં કહે છે કે "The mentally healthy individual is he who habitually calls upon fairly deep levels of vital reserves." શરીરની ચેતનાને વારંવાર ડૂબકી મારીને જગાડનારો માણસ જ માનસિક રીતે સ્વસ્થ રહી શકે છે. જો મનને સુપ્ત જ રાખ્યા કરીએ તો તે બેકાર બની જાય છે અને પછી આપણે માત્ર તેની ઉપલી સપાટીને જ સ્પર્શી શકીએ છીએ. લોહીનું પરિભ્રમણ સ્થગિત થઈ જાય ત્યારે જે સમસ્યા ખડી થાય તેવી સમસ્યા મનનું 'પરિભ્રમણ' સ્થગિત થઈ જાય ત્યારે ઊભી થાય છે. ઉદ્દેશપૂર્ણ જીવન હોય તો તેને પાર પાડવા અવારનવાર આપણને સુપ્ત શકિતઓની વહાર લેવી જ પડે છે.

કાંતિ ભટ્ટ

## "શ્રી આત્મસિદ્ધિ" અને શ્રી ભકતામર સ્તોત્રની રેકર્ડના ઓર્ડર નોંધાવવા વિષે માહિતી

વર્ધમાન ભારતીના ડિરેકટર પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા બેંગલોરથી જણાવે છે કે:(A) "શ્રી આત્મસિદ્ધિ" (શ્રીમદ્ રાજચન્દ્ર કૃત) મૂળ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી કોમેન્ટ્રી અને વિવિધ રાગોમાં ભાવપૂર્ણ સંગીત સાથેની લોંગ-પ્લે સ્ટિરિયો રેકર્ડ (૧૪૨ સંપૂર્ણ ગાથાઓ) જે આગામી દીપાવલી આસપાસ તૈયાર થશે. (સંગીત નિર્દેશન: પ્રા પ્રતાપકુમાર જ. ટોલિયા, પ્રકાશન: વર્ધમાન ભારતી, બેંગલોર) રૂા. ૧૦૧/ અર્થ સહાયરૂપે મૂલ્યના, ૧૫ સપ્ટેમ્બર ૧૯૭૩ સુધીમાં અગાઉથી નામ નોંધાવી રકમ મોકલનારને રૂા. ૯૦/-માં અપાશે.

(B) તે જ રીતે "શ્રી ભકતામર સ્તોત્ર" (સિદ્ધસેન દિવાકર કૃત) મૂળ સંસ્કૃત, પરંતુ હિન્દી - અંગ્રેજી ભાવાર્થ, કોમેન્ટ્રી, ધ્યાનમય વર્ણન, શુદ્ધ ઉચ્ચારણ, ભાવવાહી વિવિધ સંગીત, રાગરાગિણીઓ, છંદો અને વિશિષ્ટ એવા પ્રાકૃતિક ધ્વનિઓ (શ્લોકોના અર્થ અનુસરીને) સાથેની લોંગ-પ્લે સ્ટિરિયો રેકર્ડ (૪૮ મિનિટની કુલ) (પૂર્ણ ૪૮ શ્લોકની) જે પણ આગામી દીપાવલી આસપાસ તૈયાર થશે. (સંગીત નિર્દેશન-પ્રકાશન: પ્રથમ રેકર્ડ મુજબ) અને જેનું અર્થ સહાયરૂપે મૂલ્ય રૂા. ૫૧/-રહેશે, તે પણ ૧૫ સપ્ટેમ્બર ૧૯૭૩ સુધી અગાઉથી નામ નોંધાવી રકમ મોકલનારને રૂા. ૪૫/-માં અપાશે.

નામો અને રકમ રોકડા કે ક્રોસ ચેક / ડ્રાફ્ટથી (૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કાર્યાલય, ૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે, મુંબઈ - ૪, (ટે. નં. ૩૫૦૨૯૬) અથવા (૨) 'વર્ધમાન ભારતી,' 'અનંત,' ૧૨, કેમ્બ્રિજ રોડ, અલ્સૂર, બેંગલોર - ૮ (ફોન નં. ૫૦૪૪૩) ના સરનામે મોકલી શકાશે.

# પ્રારબ્ધ અને પુરુષાર્થ

એક મિત્ર મુશ્કેલીમાં હતા. તેઓ પોતાની મુશ્કેલીની વાત એક બીજા મિત્રને કરી રહ્યા હતા. પેલા મિત્રે એમને સલાહ આપી કે "તમારી મુશ્કેલી સાચી છે, પણ એમાં આપણાથી કંઈ થઈ શકે નહિ. બધો આધાર આપણા નસીબ, પ્રારબ્ધ પર છે. આપણે નકામી દોડાદોડી કરીએ છીએ. એ દોડાદોડીથી કંઈ વળવાનું નથી. માટે શાન્ત બેસી રહો અને પ્રારબ્ધના ખેલને જોયા કરો. જે આવી પડે તે, સમય સુધરે નહિ ત્યાં સુધી, સહન કરી લીધા સિવાય છૂટકો નથી."

આ તો મિત્રો વચ્ચેની વાતચીત છે પણ જીવનમાં વખતોવખત આપણને આવા ઉદ્‌ગારો સાંભળવા મળે છે. માણસ કંઈક કામ હાથમાં લે અને થોડી મુશ્કેલી ઊભી થાય અથવા તો કુટુંબમાં કંઈક તકલીફ આવી પડે તો શરૂશરૂમાં આપણે એનો પ્રતિકાર કરીએ છીએ પણ એકથી વધુ વાર મુશ્કેલી ઊભી થાય કે ક્યાંક નિષ્ફળતા મળે તો પછી આપણે એમ કહેવા લાગીએ છીએ કે નસીબ જ વાંકું લાગે છે, એમાં કોઈ વાત સીધી ઊતરે જ નહિ. ગમે તેટલી વાર મથીએ પણ જો પ્રારબ્ધ જ અવળું હશે તો એમાં કંઈ વળવાનું નથી, એવી માન્યતા પછી આપણામાં દૃઢ થતી જાય છે અને આપણે નિષ્ક્રિય બની જઈએ છીએ. આપણને કોઈ કામ કરવાનું સૂઝતું નથી, પછી આપણું કોઈ લક્ષ્ય રહેતું નથી, કોઈ નિશાન આપણે રાખતા નથી.

આ જાતની પ્રારબ્ધવાદી મનોવૃત્તિ આપણી જો થઈ જાય તો એ આપણને ઘણું નુકસાન કરે છે. એક તો આપણામાંથી જ આપણો વિશ્વાસ ઊઠી જાય છે. પુરુષાર્થ આપણને અર્થહીન લાગે છે; અને કશા માટે પ્રયાસ કરવાની ઈચ્છા જ આપણે ગુમાવી બેસીએ છીએ. આપણે યંત્રની જેમ જીવીએ છીએ. આપણા જીવનમાં આપણને આનંદ, સંતોષ કે સુખની લાગણી જેવું રહેતું નથી.

આપણે જો આપણી આ સ્થિતિ વિશે થોડાક પણ ઊંડા ઊતરીને વિચાર કરીશું તો આપણને એમ લાગશે કે નસીબ - પ્રારબ્ધની વાતનો આપણે પછી આપણી ઊણપોને ઢાંકવા માટે, આપણી નિષ્ક્રિયતાને છાવરવા માટે ઉપયોગ કરીએ છીએ. આપણે એમ માનીએ છીએ અને બીજાના મન પર એ હકીકત ઠસાવવા માગીએ છીએ કે આપણું પ્રારબ્ધ તો અગાઉથી નક્કી થઈ ચૂકેલું છે, એમાં આપણે જરા પણ ફેરફાર કરી શકીએ એમ નથી. અને એમ કહીને આપણે આપણી સ્થિતિને સુધારવા માટે, આપણા જીવનને બરાબર જીવવા માટે કોઈ પ્રવૃત્તિ કરવામાંથી આપણે બચી જવા માગતા હોઈએ છીએ.

પણ આપણું આ વલણ બરાબર નથી. અલબત્ત, ઘણીવાર એવું બનતું હોય છે કે માણસને ઉપરાઉપરી નિષ્ફળતા મળે, ઉપરાઉપરી દુ:ખના, તકલીફના, મુશ્કેલીના પ્રસંગો આવે અને માણસ ભાંગી પડવા જેવો થઈ જાય. પરંતુ માણસ ધારે તો આ બધામાંથી બહાર આવી શકે છે. માણસમાં સંકલ્પ અને ઈચ્છાશકિત હોય તો નિષ્ફળતાની અને મુશ્કેલીની પછડાટોમાંથી છેવટે એ બહાર આવી શકે છે અને પોતાના જીવનને પોતે ધારી હોય તે દિશામાં લઈ જઈ શકે છે.

ઘણીવાર એવું પણ બને છે કે પ્રારંભની નિષ્ફળતા માણસના જીવન વિશેના અભિગમને પલટાવી નાખે છે. એનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ એવી રીતે ઊલટાઈ જાય છે કે પછી એ સીધી રીતે વિચારી શકતો નથી. એના વિચારો એક પછી એક મળેલી હતાશાને લીધે નકારાત્મક થઈ ગયા હોય છે, એટલે કશું વિધાયક એનાથી વિચારી શકાતું નથી અને જ્યાં સુધી એ પોતાના વિચારોમાં પરિવર્તન ન લાવે, પ્રારબ્ધ અને નસીબની વાતોમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી જીવનમાં એને કોઈ માર્ગ મળતો નથી.

જે માણસ પોતાના જીવનને સ્વસ્થ અને સારું બનાવવા માગતો હોય, જીવનના અસંતોષમાંથી મુક્તિ મેળવવા માગતો હોય તો એણે સૌપ્રથમ તો આ પ્રારબ્ધવાદ સાથે છેડો ફાડી નાખવો પડશે. જો એ આટલું દૃઢતાથી અને નિશ્ચયાત્મકતાથી કરી શકે તો અર્ધો વિજય તો એને મળી ગયો જ સમજવો. પ્રારબ્ધવાદમાંથી એ મુક્ત થાય એટલે ભૂતકાળની નિષ્ફળતા અને હતાશા, જેને લીધે એનું જીવન નિષ્ક્રિય બની ગયું હોય છે એમાંથી છૂટવાનો રસ્તો પણ એને માટે ખુલ્લો થાય છે. અને પછી એવી રીતે વિચારવા લાગે છે કે જો શરૂઆતમાં નિષ્ફળતા મળે તો આખા જીવન દરમિયાન નિષ્ફળતા જ મળશે એવું માની લેવું બરાબર નથી. માણસ વિશ્વાસ અને શ્રદ્ધાથી આ રીતે મળેલી હતાશાને એક બાજુ રાખીને પોતાને માટે વિચારેલ જીવનધ્યેય ભણી આગળ વધી શકે, એવું પણ એને સમજાવા લાગે છે. આ સમજણ એને પછી એના બંધિયારપણામાંથી—એના પ્રારબ્ધવાદી વિચારોમાંથી એને બહાર લાવે છે.

માણસમાં જો આ પ્રારબ્ધવાદ અને હતાશાએ આણેલી નિષ્ક્રિયતામાંથી બહાર આવવાની પ્રબળ ઈચ્છા જાગે તો પછી એ એને અનુરૂપ પોતાના વિચાર અને વર્તન ભણી વળે છે, એનામાં આત્મવિશ્વાસ આવે છે, એનામાં ચેતના આવે છે અને એનું મન પ્રારબ્ધવાદને છોડીને આશાવાદી દૃષ્ટિકોણમાં પરિવર્તન પામે છે. એ પછી નકારાત્મક રીતે વિચારવાને બદલે એ પોતાના પુરુષાર્થ પર આધાર રાખે છે.

એમ કહેવાય છે કે માણસ જો વિધાયક રીતે વિચારતો હોય, પોતાના વિચારો સાકાર થઈ શકે તેમ છે એવી એને શ્રદ્ધા હોય, અને પોતાનામાં એ શકિત છે એવો જો એને આત્મવિશ્વાસ હોય અને આત્મવિશ્વાસની સાથે જો એનામાં પુરુષાર્થ કરવાની તમન્ના હોય અને સંકલ્પશકિત હોય તો પછી એ પોતાની ઈચ્છા - આકાંક્ષાને પરિપૂર્ણ કરી શકે છે. આ માટે સૌ પ્રથમ તો પ્રારબ્ધવાદ જ આપણા જીવનમાં સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે એવી મનોવૃત્તિમાંથી મુક્ત થવું જોઈએ.

શિવમ્

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા શુક્રવાર તા. ૨૪ મી ઓગસ્ટથી શનિવાર, તા. ૧ લી સપ્ટેમ્બર સુધી એમ નવ દિવસ માટે ભારતીય વિદ્યા ભવનમાં રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ વાગ્યા સુધી યોજવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળામાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી રોહિત મહેતા, શ્રીમતી શ્રીદેવી મહેતા, શ્રી પાંડુરંગ શાસ્ત્રી, શ્રી મનુભાઈ પંચોલી (દર્શક), ફાધર વાલેસ, શ્રી પુરુષોત્તમ માવલંકર, શ્રી નારાયણ દેસાઈ, શ્રીમતી નિર્મળા દેશપાંડે, શ્રી દલસુખભાઈ માલવણિયા, શ્રી નવલભાઈ શાહ, શ્રી પ્રબોધ ચોકસી, શ્રી ભંવરમલ સિંઘી, પ્રો. રમેશ ભટ્ટ તથા વૈદ્ય શ્રી પ્રાગજીભાઈ રાઠોડ વગેરે વ્યાખ્યાતાઓ વ્યાખ્યાન આપવા માટે પધારશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# "કૌન ગલી ગયો શ્યામ"

મહેમાનો હમણાં જ ગયા છે. નહીં નહીં તો યે રાતના અગિયાર વાગી ગયા છે. ગોળ ડાઈનિંગ ટેબલ પર એક ટ્રેમાં પાણીના ગ્લાસ અને બીજી ટ્રેમાં ચાના કપ ખાલીખમ થઈને પડી રહ્યા છે. પેલી, સફેદ મીણબત્તીઓનું ઝૂમખું ટાંગ્યું હોય એવો લૅમ્પ કાચનું અજવાળું પાથરી રહ્યો છે. એશ-ટ્રેનો દિવસ પણ સાવ ખાલી નથી ગયો: રાખથી એ ભરાઈ ગઈ છે– ઊભરાઈ ગઈ છે.

સામેની દીવાલ પર પવનની લહેરખીએ ઝૂમી ઊઠેલા વૃક્ષનો ફોટોગ્રાફ છે. છબીકારે કોઈ એવી ક્ષણમાં ચિત્ર ઝડપ્યું છે કે વૃક્ષનું ડોલન અહીં બેઠા બેઠા પણ અનુભવાય છે. ધરતી પરથી ભલે અમે વૃક્ષોને ઊખેડી નાખ્યાં, પણ ઘરની દીવાલ પર પણ સ્થાન ન આપીએ એવા અમે કૃપણ નથી. એમ તો અમે ઘરમાં કરમદાંનો 'મિની પ્લાન્ટ' પણ રાખ્યો છે. નાનકડા કૂંડાના કમમાં કમ સ્કવૅર ફીટમાં જ એને જીવવાનું છે. આજે કોઈ ટોલ્સ્ટોય જન્મે તો 'How much land does a plant require'— એ વિષય પર વાર્તા તો લખી શકે. કૂંડામાંની માટી જોઈ શકાય છે. એ માટી પર કાંકરા કરતાં મોટા અને પથરા કરતાં નાના, એવા રળિયામણા Pebbles પણ ગોઠવ્યા છે. કાચનું અજવાળું, ગોળ પંખાની હવા, દીવાલ પર વૃક્ષનું ચિત્ર, અને ખૂણામાં Mini Plant. પ્રભા અત્રેની સંભળાતી "કૌન ગલી ગયો શ્યામ" ની રેકોર્ડ. એક યુગ આથમે છે અને કોઈ બીજો નવો યુગ શરૂ થાય છે. ખબર નથી કે કાળની કઈ ગલીમાંથી સતત આવનજાવન થયા કરતી હશે.

નાનો હતો ત્યારની એક વાત યાદ આવે છે. શૈશવ તો ચાલી ગયું. હવે એને શબ્દોમાં જ જીવવાનું ને! શબ્દો પણ જ્યારે સિક્કાની જેમ જૂના થઈ જશે ત્યારે...! ત્યારે શું? કાળને વીંધીને તો કોણ જોઈ શકે? પણ ભૂતકાળની વાત પાસે પહોંચવું પડે એમ નથી. હું પગ નહીં ઉપાડું તો પણ આખો રસ્તો મારી આસપાસ અજગર થઈને પડયો છે.

એક દિવસ સાંજના નાળાના ચાર-છ છોકરાઓએ કહ્યું હતું:

"આજે સાંજે ફરવા જઈશું?"

"ક્યાં?"

"આપણે તો મિલિટરીના વિસ્તારમાં જવાનું છે."

"કેમ?"

"ત્યાં સિગરેટનાં પાકીટ વીણવા."

"પછી પાકીટનું શું કરશું?"

"એમાંથી ગોળ ચક્કર બનાવશું."

"ગોળ ચક્કરનું શું કરશું?"

"દીવાલ પર ટાંગશું."

અને મને હજીયે યાદ છે કે Passing Showનાં પાકીટ વીણી લાવ્યો'તો. ખૂબ ભેગાં કર્યાં'તાં. એમાંથી એક ચક્કર પણ બન્યું'તું. શૈશવની દીવાલ પરથી હજીયે નથી ઊતર્યું.

Passing Show— આ નામ જેણે રાખ્યું હશે એ માણસ ખરેખર કૈંક દૃષ્ટિવાળો તો હશે જ. એકબે ક્ષણમાં જ ધુમાડે ધુમાડે સમેટાઈ જતી સિગરેટ જ નહીં– પણ આપણી સમગ્ર જિંદગી અંતે તો એક Passing Show જ છે ને!

નાના હતા ત્યારે કશું વિચારતા જ નહોતા. આ થોડાક મોટા થયા એટલે સિગરેટના ખોખાના નામને પણ ન છોડયું! 'મોટા' થવાની આ કેવી મોટી સજા! જેને ઓશીકે જ ઊંઘ છે એવા સરળ મનના એક સજ્જને કહ્યું કે મારે તો I have to think– what to think. રાતના ઊંઘવા માટે ગોળીઓ નથી લેવી પડતી કે હાથમાં ચોપડી હોય અને બે-ચાર પાનાં વંચાય પછી જ ઊંઘ આવે એવું નથી. સૂતા કે એક ઊંઘે સવાર. જેમને ઊંઘનું સુખ છે એ માણસો વિચારહીન હોય છે કે વિચાર કરવા અશક્ત હોય છે એવું નથી– પણ એ લોકો પણ મનને ખાલી કરવાની કળા જાણતા હોય છે. મન ખાલી થઈ જાય છે - પછી, જાણે અંદર એક આરસનું મંદિર હોય એવો અનુભવ થાય છે ને કાંતણયજ્ઞમાં આહુતિ થઈને પડનારા સદ્‌ભાગી –અભાગી જીવ તો રાતના સૂવાને બદલે Passing Showમાં પણ કાંઈક જોવાનો પ્રયત્ન કર્યા કરે.

સવારે જાગીએ છીએ ત્યારે રાતના સપનાની આછી સ્મૃતિ ચા પીએ ત્યાં સુધી ટકી-લટકી રહી હોય છે. જ્યારે ચિરનિદ્રા લઈશું ત્યારે આખી જિંદગી આ સપનાંઓના Passing Show જેવી જ નહીં લાગે?

પહેલાં પાકીટ વીણતાં હતાં અને ચક્કર બનાવતાં હતાં. અત્યારે વિચારો વીણી વીણીને વિષચક્ર તો નથી બનાવતાં ને?

આટલું જ લખીને બત્તી બંધ કરી. ઓશીકે માથું મૂકયું. ચક્રો દેખાવા માંડયાં. નાનકડો હતો ત્યારે જેનાથી રમતો'તો એ ચકરડી. ભમરડો જે વર્તુળમાં ફરતો હતો – એ પણ એક ચક્ર. સોમથી શનિનું સ્કૂલનું ટાઈમટેબલ એ પણ એકચક્રી રાજ્ય કરતું હતું– તેની યાદ પણ ખૂંચવા માંડી. આજે સ્કૂલ નથી - પણ ટાઈમટેબલ છે. ઘડિયાળના કાંટાની પણ ચક્રગતિ.

કાઈક પ્રદર્શનમાં ફરતું 'Merry-Go-Round અને Giant Wheel. કૃષ્ણનું સુદર્શનચક્ર અને કર્ણના રથનું પૈડું.

યાદી કરવા જેવું નથી. ચક્રવૃદ્ધિ વ્યાજ વધતું જશે, માટે અહીંયા જ અટકું ....

સુરેશ દલાલ

## વૃક્ષ નીચે

વૃક્ષ નીચે
બળદ છૂટયા ગાડા જેવું મન મારુ
પડી રહ્યું:

બપોરની વહી જાય વેળ

પથની તો નહીં કોઈ સ્પૃહા
સમયની સાથે નહીં મળે કોઈ મેળ

મને મારા ઉપર તિરસ્કાર છૂટે

એની નીચે
પડયો પડયો
ધૂળમહીં ખોડાયેલા પૈડાંની ગતિને હું વાગોળું.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૮

મુંબઇ, ઓગસ્ટ ૧૬, ૧૯૭૩ ગુરુવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## પંદરમી ઓગસ્ટ

આઝાદીના ર૭મા વર્ષના પ્રભાતે લોકોના મન વર્તમાન માટે ચિન્તા અને ભવિષ્ય માટે નિરાશાથી ઘેરાયેલા છે. એમ માની લઈએ કે આવી પરિસ્થિતિ થોડા સમય માટેની છે અને કાયમી નિરાશા કે ચિન્તા માટે કારણ નથી. પાકિસ્તાન સાથે યુદ્ધ અને બંગલા દેશના શરણાર્થીઓનો બોજો, દુષ્કાળ વગેરે બનાવોને લીધે દેશ ઉપર આર્થિક ભાર પડયો તેને પરિણામે ઉત્પન્ન થયેલ મોંઘવારી તથા ફુગાવો લોકોને મૂંઝવે છે. નાણાંપ્રધાન શ્રી ચવ્હાણ વારંવાર ભારપૂર્વક કહે છે કે દેશનું અર્થતંત્ર પાયામાંથી સદ્ધર છે અને વર્તમાન મુશ્કેલીઓને ટૂંક સમયમાં પાર કરી શકીશું. હકીકતમાં, લોકોને વિશ્વાસ નથી પડતો અને અનિશ્ચિતતાથી બધા વર્ગો એમ માનતા થયા છે કે હજી વધારે ખરાબ સમય આવશે. ખરી રીતે, લોકોના અણવિશ્વાસના કારણો ઊંડા છે અને ઉપરના આશ્વાસનથી આ નિરાશા દૂર થાય તેમ નથી.

આ ૨૬ વર્ષના ગાળામાં આપણે અનેક રંગ જોયા. પહેલાં દસ વર્ષ ૧૯૪૭થી ૧૯૫૭ પ્રગતિના રહ્યા. પ્રજામાં ઉત્સાહ હતો, ભવિષ્ય માટે શ્રદ્ધા હતી. દેશના ભાગલા થયા અને લાખો શરણાર્થીઓ આવ્યા તે બોજો સહન કરી તેમને થાળે પાડયા. દેશનું બંધારણ ઘડયું, દેશી રાજ્યોનું વિલિનીકરણ કરી દેશને એક અને અખંડ બનાવ્યો. જમીન સુધારણાના કાયદા કર્યા, ઔદ્યોગિક વિકાસનો પાયો નાખ્યો. નેહરુના જીવનના આ દસ વર્ષો શ્રેષ્ઠ હતા. દેશમાં અને વિદેશમાં તેમની પ્રતિષ્ઠા શિખરે હતી, એશિયા - આફ્રિકાના દેશોની આગેવાની ભારતે લીધી હતી. નેહરુમાં આદર્શો હતા, ભાવના હતી, માનવતા હતી, ગરીબો માટે સાચી હમદર્દી હતી, લોકશાહી અને બિનસાંપ્રદાયિકતામાં શ્રદ્ધા હતી. નેહરુની નિર્બળતાઓ જાણીતી છે. નબળા સાથીઓને નિભાવ્યા, આદર્શોના અમલમાં ઝીણવટભરી ચીવટ જોઈએ તે ન હતી, ભાષાકીય રાજ્યરચના કરી. આ બધું છતાં આ દસ વર્ષોમાં પ્રજાજીવન ધબકતું હતું, ત્યારપછીનાં પાંચ વર્ષો ૧૯૫૭થી ૧૯૬૨- સ્થિતિસ્થાપક status quo રહ્યા, કોઈ નોંધપાત્ર પ્રગતિ ન થઈ. ૧૯૬૨માં ચીની આક્રમણે નહેરુને અને દેશને આઘાત આપ્યો. તેમાંથી પાર ઊતર્યા, પણ ત્યાર પછી તેમના અવસાન સુધીના સમયમાં ઘસડાતા રહ્યા. નેહરુએ સ્વેચ્છાએ નિવૃત્તિ લીધી હોત તો? લાલબહાદુર શાસ્ત્રીના ૧૮ મહિનાના શાસનમાં પાકિસ્તાની આક્રમણનો સફળતાપૂર્વક સામનો કર્યો, તે સિવાય કોઈ નોંધપાત્ર બનાવ ન હતો. કાંઈ અસરકારક કામ કરવાનો તેમને સમયજ ન મળ્યો. પણ નૈતિકતાની મોટી છાપ મૂકી ગયા. ત્યાર પછીના પાંચ વર્ષ લગાતાર પડતીના રહ્યા. કોંગ્રેસમાં સત્તાનો સંઘર્ષ, ૧૯૬૭ની ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય, કેટલાંક રાજ્યોમાં વિરોધ પક્ષોની મિશ્ર સરકારની સરિયામ નિષ્ફળતા અને અંતે કોંગ્રેસનું ભંગાણ આવ્યું. છેવટે ૧૯૬૯ના જુલાઈમાં ઈન્દિરા ગાંધીએ સત્તાનો દોર હાથમાં લીધો. પ્રજામાં ચમત્કારીક અસર ઉભી કરી. બેન્કોનું રાષ્ટ્રીયકરણ, સાલિયાણા નાબૂદી, ગરીબી હટાવનો નારો અને બધાની કલગીરૂપ પાકિસ્તાન સાથેના યુદ્ધમાં વિજય મળ્યો. પરિણામે ૧૯૭૧ની સંસદની ચૂંટણીમાં અને ૧૯૭૨માં રાજ્ય ધારાસભાઓની ચૂંટણીમાં પ્રજાએ તેમને મોટી બહુમતિ આપી અને સત્તાસ્થાને સ્થાપ્યા.

ત્યાર પછીના ૧૮ મહિનામાં એટલો જ ચમત્કારિક દિશાપલ્ટો થયો. અત્યારે ઈન્દિરા ગાંધીની પ્રતિષ્ઠામાં મોટી ઓટ આવી છે પ્રજામાં ઘેરી નિરાશા ફેલાઈ છે. કોઈ વિનાશ તરફ વેગપૂર્વક ધસી રહ્યા હોઈએ એવી લાગણી પેદા થઈ છે. આટલી ઝડપથી આવું કેમ બન્યું?

રાજકીય અને આર્થિક બન્ને ક્ષેત્રે આ અવનતિ થઈ છે તેનાં ઘણાં કારણો હશે. કેટલાક આપણે સમજતા પણ નથી. પ્રજાનો માનસપલટો, બહાર દેખાય તેવા કારણો કરતાં સૂક્ષ્મ કારણોથી થાય છે. અચાનક હવા બદલાય એવું છે છતાં કેટલીક વસ્તુ સ્પષ્ટ છે.

એમ માનવામાં આવતું કે રાજકીય ક્ષેત્રે ઈન્દિરા ગાંધીની પકડ મજબૂત છે. સત્તાના સૂત્રો બધા પોતાના હાથમાં એકત્રિત કર્યા. રાજ્યોના મુખ્ય મંત્રીઓ તરીકે પોતાના માણસો નિયુકત કર્યા. આ પ્રયોગ લાંબો વખત ટકયો નહિ. ઓરિસ્સામાં નંન્દિની સત્પથી, આન્ધ્રમાં રાવ, બિહારમાં પાંડે, ગુજરાતમાં ઘનશ્યામભાઈ, ગબડી પડયા. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ એ જ હાલતમાં છે. કેન્દ્ર સરકારમાં પણ તેમના વિશ્વાસુ માણસો કોણ તે કહેવું અશકય છે. સંભવ છે કે કોઈ એવા વિશ્વાસુ નહિ હોય પણ દરેકનો ઉપયોગ કરે છે. પોતાના સાથીઓને નબળા પાડી કોઈ મજબૂત થતું નથી. સાથીઓની વફાદારી આગેવાનનું બળ છે. બીજું, ૧૯૬૯ પછી શાસક કોંગ્રેસમાં જે ટોળું ભરાયું છે તે પરસ્પર વિરોધી તત્ત્વોનું, સ્વાર્થી, ભ્રષ્ટ લોકોનું છે. જૂની કોંગ્રેસનો મોટો વર્ગ તેમાં છે. પણ બધા લૂંટવામાં પડયા છે અથવા અસહાયપણે લૂંટ જોઈ રહ્યા છે. તેમાં જે સારા માણસો છે તે પણ અસરકારક રહ્યા નથી. 'કાબે અર્જુન લુટિયો, વહી ધનુષ વહી બાણ.' પ્રતિષ્ઠા અને માન-આમન્યા- તૂટી જાય પછી એ જ માણસ પાંગળો થઈ જાય છે. રાજકારણી વ્યકિતઓ પ્રત્યે પ્રજાને ભારે નફરત થઈ છે. થોડા દિવસ પહેલાં અજિત ભટ્ટાચાર્યે 'ટાઈમ્સ ઓફ ઈંડિયા'માં લાંચરુશવતખોરીનો અહેવાલ આપ્યો હતો, રાજ્યવાર માહિતી મેળવીને—તે ભયાનક ચિત્ર છે. લોકશાહીને નામે આવું જ થતું હોય તો આવી લોકશાહી ખતરનાક છે. સાચી શુદ્ધ લોકશાહી અને સંસદીય લોકશાહી જુદી વસ્તુ છે. સંસદીય લોકશાહીનાં અનિષ્ટો ગરીબ પ્રજાને ભારે પડી જાય એવા છે. વિરોધપક્ષોએ જ અનિષ્ટોના ભોગ બનેલા છે. કોઈ સક્રિય રચનાત્મક કાર્યક્રમ તેમની પાસે નથી. ધમાલ, ધાંધલ અને પ્રજાને ઉશ્કેરવી એ જ

તેમનો કાર્યક્રમ છે.

આર્થિક ક્ષેત્રે ગરીબી હટાવને નામે, સમાજવાદી કાર્યક્રમનો અમલ કરવા પ્રયત્ન કર્યો, તેને માટે કાર્યક્ષમ પ્રમાણિક તંત્રનો અભાવ છે. આવા કાર્યક્રમના અમલ માટે સ્થાપિત હિતો ઉપર સીધું આક્રમણ થવું જોઈએ, તે માટે શકિત કે સાચી દાનત નથી, બલ્કે સ્થાપિત હિતો ગમે તેટલો વિરોધ બતાવે તો પણ અંતે તેમને લાભ થયો છે. એટલું છે કે અનિશ્ચિતતા ઊભી થઈ છે.

પણ રાજદ્વારી પુરુષોને કે સરકારને દોષ દેવાથી આ વાતનો અંત આવે તેમ નથી. હકીકતમાં આ રોગ પ્રજાના બધા વર્ગોને લાગુ પડયો છે. ખેડૂત, વેપારી, બુદ્ધિજીવી, શ્રમજીવી, બધા પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા છે. ઓછામાં ઓછી મહેનત કરી, વધુમાં વધુ ધન મેળવી લેવું એ વ્યાધિએ આપણને ઘેરી લીધા છે. રેલ્વેના કર્મચારી હોય, બેન્કના કારકુનો હોય, સરકારી કર્મચારી હોય-બધાં, પ્રજાહિતને અવગણી વધારે વેતન કે પગાર કરતાં વધારે ઓવરટાઈમ મેળવવામાં પડયાં છે. હડતાળો પાડે તેમાં પ્રજાહિતનો વિચાર ન કરે, મજૂર સંઘો, રાજકીય હેતુથી મજૂરોને અવળે માર્ગે દોરે. વેપારી અને ઉદ્યોગવાળા, ચીજવસ્તુની તંગીનો પૂરો લાભ લઈ, કાળાબજાર કરે, સિમેન્ટ, પેપર, તેલ, દવા, બધામાં તંગીને કારણે ધૂમ નફાખોરી થાય છે. જે લોકો કમાય છે તેને મોટી કમાણીઓ છે. બુદ્ધિજીવી વર્ગ, વકીલ, ડોકટર, એન્જિનીયર, શિક્ષક જેમની પાસેથી કાંઈક નૈતિક વર્તનની આશા રાખીએ તે બધા આ જ રોગથી ઘેરાયેલા છે. પોતાના વર્તનના બચાવ માટે ઘણાં બહાનાં મળી રહે કે શોધી કાઢી શકે છે. અસહ્ય મોંઘવારીથી ગરીબો પીલાય છે. તેની આશાઓ મોટી કરી, તેની નિરાશા અને અસંતોષની જવાળાઓ એટલી જ ઊંચે ચડશે.

આવી પરિસ્થિતિ માટે કોઈ રાજમાર્ગ નથી, કોઈ ચમત્કારિક ઉપાય નથી. સમસ્ત પ્રજાએ તેના દરેક વર્ગ અને દરેક વ્યકિતએ પુરુષાર્થ કરવો પડે એ જ માર્ગ છે. પ્રજાને જેવું માર્ગદર્શન મળે તેવું કરે. શિષ્ટજનોના વર્તનથી આમજનતા દોરવાય. ચારે તરફ લૂંટ જુએ તો લૂંટ કરવાનું મન થાય. પરિણામે અરાજકતા વધે, અસામાજિક તત્ત્વો જોર કરે. રાજ્ય પાસે દંડશકિત છે, કાયદા કરશે, સજાઓ વધારશે, પ્રજામાનસમાં પલટો ન આવે ત્યાં સુધી અસરકારક પરિણામ ન આવે. આપણો દેશ મોટો છે, આપણી સંપત્તિ વિશાળ છે, આપણી સંસ્કૃતિ ગૌરવપૂર્ણ છે. આપણામાં બુદ્ધિ છે, શકિત છે કોઈ પ્રજાથી ઉતરતા નથી. આ ૨૫ વર્ષના ગાળામાં ઘણું કર્યું છે, તેથી વધારે ઘણું કરી શકીએ તેમ છીએ. હરામની વૃત્તિ જવી જોઈએ.

૧૨-૮-૭૩

ચીમનલાલ ચકુભાઈ

## ક્ષણમાં દુઃખ, ક્ષણમાં સુખ

કહેવાય છે કે દુનિયા દુઃખોની ખાણ છે. ભાગ્યે જ કોઈ આ કથન સાથે સંમત ન થાય. વિચિત્રતા એ છે કે આપણે બધા જ એ ગંજાવર ખાણમાં પાછા એક એક દુઃખ ઉમેરતા જઈએ છીએ. ખરેખર તો આપણે કમસે કમ એક દુઃખ ઓછું કરવું જોઈએ, કેવી કેવી નાની બાબતો આપણને ક્ષણમાં દુઃખી કરે છે ને સુખી કરે છે!

નાનકડી બાબત પણ ઘણીવાર આપણને એટલા પરેશાન કરી મૂકે છે કે આપણે પોતાની મંઝિલની છેક નજીક પહોંચ્યા હોવા છતાં પણ આપણા પગ લથડવા માંડે છે ને આપણે પોતાનું રહ્યું સહ્યું સાહસ અને આશ, પણ ખોઈ નાખીએ છીએ

## પ્રકીર્ણ નોંધ

**નવો પ્રવાહ**

મુંબઈમાં છેલ્લા ૧૫-૨૦ દિવસમાં જે બન્યું છે તે ગંભીર વિચારણા માગે છે. વધતી જતી મોંઘવારી સામે પ્રજા સંગઠિત રીતે આંદોલન કરે તે આવકારપાત્ર છે, પણ આવું આંદોલન શાન્ત અને રાજકીય હેતુરહિત હોય તો જ સફળ થાય. મુંબઈમાં તેથી ઉલટું જ બન્યું. શિવસેનાએ શહેરનો કબજો લીધો. પહેલાં પરચૂરણ વેપારીઓને પકડયા. ધાકધમકીથી સસ્તે ભાવે માલ વેચવાની ફરજ પાડી. દુકાનો લૂંટી. બે દિવસ પોલીસ નિષ્ક્રિય રહી. પછી વેપારીઓએ દુકાનો બંધ કરી. કેટલીક તોડી અથવા બળજબરીથી ખોલાવી પણ માલ ખૂટી ગયો પછી શું કરે? પ્રજાની હાડમારી વધી. સરકારે મિટિંગો બોલાવી, કમિટીઓ રચી, ભાવ બાંધ્યા. પછી જથ્થાબંધ વેપારીઓને બોલાવ્યા. તેમને ધમકાવ્યા. સૌથી ખતરનાક વસ્તુ એ હતી કે આ બધામાં સરકાર રાજ્ય કરે છે કે શિવસેના એ ખબર ન પડે. સરકારે બોલાવેલ મિટિંગોમાં શિવસેનાના આગેવાનો વેપારીઓને ખુલ્લી ધમકીઓ આપે. કાંઈક કર્યું છે એવું બતાવવા ભાવ બાંધ્યા, જેનો અમલ થઈ ન શકે. રોગની જડ પકડવાને બદલે ઉપર ઉપરનો ઈલાજ કરે. શિવસેનાના નેતા જાહેર કરે કે આ બધું બરાબર નહિ ચાલે તો અમે જોઈ લઈશું. આજે શિવસેનાએ આવું કર્યું. હવે જનસંઘ કે સામ્યવાદી પક્ષ પ્રજામાં પોતાનું સ્થાન રાખવા એવું કરે. Rule by mob સરકારને આ બધું ભારે પડીજવાનું અને પ્રજાની હાડમારી વધવાની.

**વ્યવહારમાં પ્રમાણબુદ્ધિ**

મારા એક મિત્રના પુત્રનું વેવિશાળ હતું. તેનો વિધિ તેમણે તાજ - ઈન્ટર કોન્ટીનેન્ટલમાં રાખ્યો. મિત્ર આગેવાન સામાજિક કાર્યકર છે. એટલે બહોળા સંબંધો છે. ૫૦૦-૬૦૦ ભાઈઓ અને બહેનો હાજર હતાં. હું પણ ગયો હતો. મિત્ર સાથે એટલો ગાઢ સંબંધ છે કે ન જાઉં તો તેમને ખોટું લાગે અને ગેરસમજણ થાય-પણ જવાનું મન ન હતું, વેવિશાળમાં આટલો આડંબર અને ખર્ચ થાય તે મને યોગ્ય લાગતું નથી. આપણે ત્યાં સારો પ્રસંગ હોય ત્યારે વિશાળ સમુદાય હાજર હોય તે ગમે. પણ વર્તમાન સંજોગોમાં પ્રમાણ જાળવવું બહુ જરૂરનું છે. વરપક્ષ અને કન્યાપક્ષ દરેકે રૂપિયા ૨,૦૦૦/ જુદી જુદી સંસ્થાઓને દાનમાં આપ્યા. બીજું ૪-૫ હજારનું ખર્ચ થયું હશે. વેવિશાળ જેવો પ્રસંગ ઘરઆંગણે પતાવવો જોઈએ. ઘરે સગવડ ન હોય તો નાનો હૉલ લેવો અને ત્યાં ૫૦, વધુમાં વધુ ૧૦૦ સંબંધીઓને આમંત્રવા જોઈએ.

આપણે ઘણી વખત કહીએ છીએ કે આગેવાનોએ દાખલો બેસાડવો. સામાન્ય સ્થિતિના માણસો પછી ખેંચાય છે અને ખોટા ખર્ચ કરે છે. જમણ કરે, દર - દાગીનામાં, સમારંભોમાં, ખોટાં ખર્ચ કરે, આ બધું અયોગ્ય છે. મારા જેવાને મૂંઝવણ થઈ પડે છે. જવું, ન જવું, શું કરવું?

આવા પ્રસંગે સ્ત્રીઓ કીંમતી વસ્ત્રો પહેરી અને સોના, હીરા, મોતીના આભૂષણો લાદી આવે છે ત્યારે ખેદ થાય છે. ૫૦૦-૬૦૦ રૂપિયાની સાડી હોય. આ બધું હવે છોડવું જોઈએ.

૧૩-૮-૭૩

– ચીમનલાલ ચકુભાઈ

# ☆ વિશ્વનો અટળ નિયમ ☆

पापो पि पस्सति भद्रं याव पापं न पच्चति
यदा च पच्चति पापं अथ पापो पापानि पस्सति । १
भद्रो पि पस्सति पापं याव भद्रं न पच्चति
यदा च पच्चति भद्रं अथ भद्रो भद्रानि पस्सति ।... २
न अन्तलिक्खे न समुद्दमज्झे न पब्बतानं विवरं पविस्स
न विज्जती सो जगति प्पदेसो यत्र ट्ठितो मुञ्चेय्य पापकम्मा ३
अत्तना व कतं पापं अत्तजं अत्तसंभवं
अभिमन्थति दुम्मेधं वजिरं व'म्हमयं मणि । ४
अत्ता हि अत्तनो नाथो को हि नाथो परो सिया ।
अत्तना हि सुदन्तेन नाथं लभति दुल्लभं । ५
अत्तना चोदय'त्तानं पटिमासे अत्तमत्तना
सो अत्तगुत्तो सतिमा सुखं भिक्खु विहाहिसि । ६
यो सहस्सं सहस्सेन सङ्गामे मानुसे जिने
एकं च जेय्यमत्तानं स वे सङ्गामजुत्तमो । ७
अत्ता ह वे जितं सेय्यो या चायं इतरा पजा
अत्तदन्तस्स पोसस्स निच्चं संयतचारिनो । ८
नेव देवो न गन्धब्बो न मारो सह ब्रह्मना
जितं अपजितं कयिरा तथा रूपस्स जन्तुनो । ९

(૧) જ્યાં સુધી પાપ પાકતું નથી (તેનું ફળ મળતું નથી) ત્યાં સુધી પાપ કરવાવાળાને તે સારું લાગે છે. જ્યારે તે (પાપ) પાકી જાય છે, ત્યારે પાપ કરવાવાળાને પોતાનું પાપ દેખાય છે.

(૨) જ્યાં સુધી પુણ્ય પાકતું નથી, ત્યાં સુધી પુણ્ય કરવાવાળાને પુણ્ય પણ પાપ જેવું લાગે છે. પરંતુ જ્યારે પુણ્ય પાકે છે ત્યારે પુણ્ય કરવાવાળાને પોતાનું પુણ્ય દેખાય છે.

(૩) સંસારમાં એવું કોઈ સ્થાન નથી, નથી અંતરિક્ષમાં, નથી સમુદ્રમાં કે ગર્ભમાં, નથી પર્વતની ગુફાઓમાં કે જ્યાં ઘૂસીને-છુપાઈને - માણસ પાપકર્મથી (તેના કડવા ફળથી) બચી શકે.

(૪) જેમ વજ્ર પથ્થરથી પેદા થઈ પથ્થરને જ કાપે છે, તેમ દુર્બુદ્ધિ મનુષ્યનું પાપ, જેને પોતે જ જન્મ આપ્યો છે અને પોતે જ ધારણ કર્યું છે, તેનો પોતાનો જ નાશ કરે છે.

(૫) પુરુષ પોતે પોતાનો સ્વામી છે. પોતાનો સ્વામી બીજો કોણ હોઈ શકે? પોતાનું ઠીક દમન કરે તો તે જ સુદાન્ત આત્મા દુર્લભ સ્વામી બની જાય છે.

(૬) પોતે જ પોતાને પ્રેરિત કરે. પોતે જ પોતાની ચોકીદારી કરે. આવી રીતે પોતે જ પોતાની રક્ષા કરે અને સ્મૃતિમાન બની ભિખ્ખુ સુખવિહાર કરી શકે.

(૭) યુદ્ધમાં સહસ્ર મનુષ્યને જીતવાવાળા કરતાં, પોતે પોતાની જાતને જીતવાવાળો આત્મવિજેતા મોટો યુદ્ધવિજેતા છે.

(૮) આ બધા લોકોને જીતવા કરતાં પોતાની જાતને જીતવી શ્રેષ્ઠ છે. જેણે પોતાનું દમન કર્યું છે તે સંયમથી ચાલે છે;

(૯) આના જેવા પુરુષની જાતને હાર કરવાવાળો કોઈ દેવ નથી, કોઈ ગંધર્વ નથી, અને બ્રહ્મા સહિત માર પણ નથી.

આ ગાથાઓ ધમ્મપદની છે. આવાં વચનો અન્ય ભારતીય ધર્મો, જૈન અને હિન્દુ ધર્મગ્રન્થોમાં મળી આવે છે. ભારતીય સંસ્કૃતિનો આ સર્વમાન્ય વારસો છે. બધા ધર્મોએ સદાચારનો ઉપદેશ આપ્યો છે. પણ ભારતીય દર્શનોએ જ તેનો પાયો શોધી કાઢયો છે. સદાચાર શા માટે? પાપ શું છે, પુણ્ય શું છે, તેનું તાત્ત્વિક દર્શન ભારતીય ધર્મોમાં મળે છે. What is the metaphysical foundation of ethical conduct? why good conduct?

આ વચનો અનુભવની વાણી છે. માત્ર બુદ્ધિ કે તર્ક પર આધારિત નથી. આવો અનુભવ થાય ત્યારે આત્મદર્શન થાય છે. આ સ્વાનુભવ પ્રમાણે સદાચારનો પાયો છે કર્મસિદ્ધાંત. એ માત્ર વ્યવહારનીતિ નથી. Utility. એ સગવડિયો ધર્મ નથી. Honesty is the best policy માત્ર વ્યવહારનીતિ છે. કર્મસિદ્ધાંત વિશ્વનો અટલ નિયમ છે. Moral Law of the Universe. સકળ વિશ્વ તેને આધીન છે. બ્રહ્માંડ આ નિયમથી નભે છે. એ કોઈ ભૌતિક આંધળું તત્ત્વ—Blind material force નથી.—It is a spiritual & moral Law.

ઉપરની ગાથાઓ આ સિદ્ધાંતનાં બે પાસાંઓ બતાવે છે. એક, દરેક જીવે પોતાની કરણીનું સારુંનરસું ફળ અવશ્ય ભોગવવાનું છે. તેમાંથી કોઈ છૂટી શકતું નથી, છૂટી શકે નહિ. પાપ પાક્યું ન હોય ત્યાં સુધી સારું લાગે. પાકે ત્યારે પાપ દેખાય. પુણ્ય પાક્યું ન હોય ત્યાં સુધી પાપ જેવું દેખાય. પાકે ત્યારે પુણ્યની પ્રતીતિ થાય. પણ સારુંનરસું કર્મ અવશ્ય ફળ આપે છે અને પોતે જ ભોગવવું પડે છે. આ કર્મસિદ્ધાંત અતિ-ગૂઢ છે. તેનું રહસ્ય પામવા ચિત્તની નિર્મળતા અને અંતર્મુખતા જોઈએ. કર્મસિદ્ધાંતને જૈન ધર્મે વધુમાં વધુ ઝીણવટથી ખોળ્યો છે, સમજાવ્યો છે.

તેનું બીજું પાસું એ છે કે આત્મા પોતે જ પોતાના સુખ-દુઃખનો કર્તા છે, પોતાના ભાવિનો સ્વામી છે. કોઈ પરપદાર્થ તેનું ભાવિ ઘડતું નથી, ઘડી શકે નહિ. मनः एव मनुष्याणाम् कारणम् बन्ध मोक्षयो:। आत्मैव आत्मनो बन्धु:, आत्मैवआत्मनो रिपु: કોઈ આંધળું પ્રારબ્ધ તેનું ભાવિ ઘડતું નથી. જેને પ્રારબ્ધ કહીએ છીએ તે પૂર્વકર્મ છે, પોતાનાં જ છે.

કર્મસિદ્ધાંતમાંથી આત્માનું અસ્તિત્વ, તેનું નિત્યત્વ, પૂર્વ-ભવ, પુનર્જન્મ વગેરે ફલિત થાય છે. સદાચાર કે દુરાચારનું ફળ એક ભવમાં જોવા કે ભોગવવા ન પણ મળે. માટે,

આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ,
વળી ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.

આ સુધર્મ એટલે સદાચાર.

આવો કર્મનો સિદ્ધાંત ન સ્વીકારીએ તો જિંદગીનો મેળ મળતો નથી, આ જગતનું રહસ્ય સમજાતું નથી. કર્મસિદ્ધાંતથી જિંદગીનો તાળો મળે છે, મનનું સમાધાન થાય છે. પોતાની સારીનરસી કરણીનાં કડવાંમીઠાં ફળ પોતાને ભોગવવા ન પડતાં હોય તો આ જિંદગી એક અર્થહીન રમત છે. Blind play. Then there is not left any meaning or purpose in life. કર્મનો સિદ્ધાંત અને તેનો અમલ અતિગહન છે. સ્વાનુભવથી જ સમજાય. શ્રદ્ધાથી સ્વાનુભવની દિશામાં જવાય. એ શ્રદ્ધા એટલે કે આમ જ હોય, આમ જ હોવું જોઈએ, અને આમ જ છે. It can be so, it must be so, it is so. આમ ન હોય તો આ જિંદગી નિરર્થક છે.

સોક્રેટિસને દેહાંત દંડની સજા થઈ. પછી અંતિમ ઉદ્‌બોધન તેણે કર્યું ત્યારે છેવટ કહ્યું:

Still I have a favour to ask of them (my judges.) When my sons are grown up, I would ask you, O my friends, to punish them; and I would have you trouble them as I have troubled you, if they seem to care about riches or anything, more than about virtue, or if they pretend to be something when they are really nothing-then reprove them, as I have reproved you, for not caring about that for which they ought to care, and thinking that they are something, when really they are nothing. And if you do this, both I and my sons will have received justice at your hands.

The hour of departure has arrived and we go our ways-I to die and you to live. which is better God only knows.—

[મારે મારા ન્યાયાધીશો સમક્ષ હજુ યે એક વિનંતિ કરવાની છે. મારાં સંતાનો મોટાં થાય ત્યારે જો તેઓ સદાચાર કરતાં સંપત્તિને કે બીજી કોઈ ચીજને વિશેષ મહત્ત્વ આપતાં લાગે તો, અથવા વસ્તુત: તેઓ કશું જ ન હોવા છતાં પોતે કંઈક હોવાનો દંભ આચરે તો, મારા મિત્રો, તમે એમને શિક્ષા કરજો અને જે રીતે મેં તમને પરેશાન કર્યા છે એ રીતે એમને પણ પરેશાન કરજો. એજ રીતે જેને એમણે મહત્ત્વ આપવું જોઈએ એને મહત્ત્વ નહિ આપવા માટે અને તેઓ સાવ કંઈ જ નહિ હોવા છતાં પોતે કંઈક છે એમ મિથ્યાભિમાન સેવે ત્યારે જેમ મેં તમને ઉપાલંભ આપ્યો છે તેમ એમને પણ ઉપાલંભ આપજો. જો તમે આટલું કરશો તો મને અને મારા પુત્રોને તમારા હાથે ન્યાય મળ્યો ગણાશે.

વિદાયની પળ આવી ચૂકી છે અને આપણે આપણા માર્ગે પ્રયાણ કરીએ છીએ - હું મૃત્યુ પામવા અને તમે જીવવા માટે. આમાં કયું વધુ સારું છે એ તો ઈશ્વર જ જાણે છે.]

૧૮-૮-૭૩

ચીમનલાલ ચકુભાઈ

# ટ્રસ્ટીશિપ: એક પત્ર

[ મારાં લખાણો જે કેટલાક ભાઈઓ કાળજીપૂર્વક વાંચે છે તેમાં એક છે, ગાંધીજીના પૌત્ર ડૉ. કાન્તિલાલ હરિલાલ ગાંધી. ટ્રસ્ટીશિપ ઉપરના મારા લેખ સંબંધે તેમનો એક પત્ર વિચારણીય હોઈ અહીં પ્રકટ કર્યો છે. એટલું ઉમેરું કે માણસમાં રહેલ અસદ્‌વૃત્તિઓની વાસ્તવિકતા પૂરી પિછાનવી તેનો અર્થ એમ નથી કે ઈશ્વરમાં ઓછી શ્રદ્ધા છે. ઈશ્વર આપણી મારફત જ પોતાનું કામ લે છે.–તંત્રી ]

**મુ. શ્રી. ચીમનભાઇ,**

"પ્રબુદ્ધ જીવન"માં આવનું આપનું લખાણ હું હમેશ રસથી વાંચુ છું. "મિલકતના ટ્રસ્ટી બનો" વાંચતાં આપનું એક વાકય "પણ માનવમાં રહેલ અસદ્‌વૃત્તિઓનો ઓછો આંક મૂકીએ તો નિરાશા જ રહે" એ સમજાયું નહીં તેથી ફોન કર્યો. પણ જ્યારે આપે કહ્યુ કે "અસદ્‌વૃત્તિ" બરાબર છે ત્યારે મેં ફરી વિચાર કર્યો અને મને લાગેલુ કે આપ "સદ્‌વૃત્તિ" શબ્દ વાપરવા ઈચ્છતા હશો. પણ પછી મને જે સમજાયુ તે, ને તેના ઉપરથી વિચાર આવ્યા તે લખું છું.

આપના ઉપરના વાકયથી એમ લાગે છે કે નિરાશ ન થવાય માટે આપ માનવમાં રહેલી અસદ્‌વૃત્તિનો આંક ઓછો ન મૂકવા સલાહ આપો છો. એટલે કે જો આપણે બહુ આશા રાખીશું કે મૂડીવા-દીઓ ટ્રસ્ટી થઈ જશે તો એમાં નિરાશા જ મળશે. કેમ કે માનવમાં અસદ્‌વૃત્તિઓ પણ પ્રમાણમાં છે. પણ આપે જેમ એ જ લખાણમાં બીજે લખ્યુ છે તેમ માંનવની માંનવતામાં અખૂટ શ્રદ્ધા રાખવી એ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાનું લક્ષણ છે. એટલે માનવમાં જેટલી શ્રદ્ધા ઓછી તેટલી ઈશ્વરમાં આસ્થા ઓછી. તેથી ખરી રીતે જો આપણે આપણાંમાં ઈશ્વરશ્રદ્ધા એટલે માનવની માનવતામાં શ્રદ્ધા રાખવી હોય તો એની સદ્‌વૃત્તિઓનો આંક વધારતા જ જવું જોઈએ અને એની અસદ્‌વૃત્તિઓનો આંક ઓછો જ કરતાં જવું જોઈએ. આશા–નિરાશા કર્તવ્યના પરિણામ ઉપર નિર્ભર છે. પરિણામ ધારેલું ન આવે તો સામા માણસમાં "અસદ્‌વૃત્તિનુ પ્રમાણ ઝાઝું હતું ને આપણે એનો આંક ઓછો મૂકેલો એમ માનવું એ ઈશ્વરમાં શ્રદ્ધા ઓછી છે એમ બતાવે. એને બદલે તે વખતે એમ વિચારવું જોઈએ કે પોતાની સદ્‌વૃત્તિ ને તેને અનુરૂપ વર્તનમાં કયાંક ખામી હશે. આમ કરવાથી નિરાશા ન થાય. વર્ગવિગ્રહનો વિચાર પણ ન આવે. આપણા પોતાના અંતરમાં વિગ્રહ થાય.

ટ્રસ્ટીશિપનો સિદ્ધાન્ત બાપુજીએ રજૂ કરેલ એ સમગ્ર જીવન-દર્શનનું એક અંગ હતું તે તદ્દન સાચું છે. અર્થરચના ગાંધીજીના અહિંસક સમાજનો પાયો છે એ પણ સાચુ છે. એ અર્થરચના અમલમાં મુકાય તો ટ્રસ્ટીશિપના સિદ્ધાંતના ઉપયોગની જરૂર ન પડે. પણ ગાંધીજી વ્યવહારિક હતા ને તેથી આજના યંત્રયુગમાંથી નીપજતી આર્થિક અસમાનતા દૂર કરવા એમણે ઉપાય સૂચવ્યો કે મૂડીવાદીઓ પોતાની મિલકતના ટ્રસ્ટી થાય.

જયપ્રકાશજી તેમ જ તેમના સર્વોદયવાદી સાથીઓ આ વિકેન્દ્રિત અર્થરચના કરવામાં નિષ્ફળ ગયા છે. ભૂદાન, ગ્રામદાન ઈ. એક પછી એક નારાના ચક્રમાં ફસાવાથી બાપુજીના વ્યવસ્થિત ગોઠવેલ બધાં જ રચનાત્મક કાર્યો પાછાં પડયાં. "હરિજનબંધુ" ના તંત્રી મગનભાઈ દેસાઈએ અનેકવાર આ તરફ લોકોનું ધ્યાન ખેંચેલું. ગાંધીવાદી તેમ જ સર્વોદયવાદીઓને કોંગ્રેસમાં રહી અને વિકેન્દ્રિત અર્થ રચના તરફ વાળવા પ્રયત્ન માટે એમણે પ્રેરેલા પણ એ એમને ગળે ન ઊતર્યું. એટલે વિનોબાજીની બધી પ્રવૃત્તિઓ મુખ્યતયા વિચારપ્રચારની જ રહી ગઈ. આદર્શોને આચારમાં ઉતારવાનું કોંગ્રેસને ભાગે જ રહ્યુ. કોંગ્રેસે તો સર્વોદય અર્થરચના સ્વીકારેલ જ નહીં. આ પરિસ્થિતિનો લાભ લઈ મૂડીવાદીઓ ને સામ્યવાદીઓ કોંગ્રેસમાં ઘૂસી ગયા. એ બે વચ્ચેની સત્તાની સાઠમારીમાંથી જ કોંગ્રેસનું વિભાજન થયું. સત્તાધારી કોંગ્રેસની શકિત વધતી ગઈ. સામ્યવાદીઓ ફાવતા ગયા. લોકોને ગાંધીજીનો રસ્તો–સત્યાગ્રહનો રસ્તો- વ્યવહારિક માર્ગ બતાવનાર કોઈ રહ્યુ નહીં. અને એટલે જ આજની પરિસ્થિતિ વર્ગવિગ્રહને કિનારે આવી ઊભી છે.

એટલે હવે જયપ્રકાશજી ટ્રસ્ટીશિપ પાછળ જોર કરવા લાગ્યા છે. તમે સૂચવો છો એમ કોઈને કરોડો કમાવા દેવામાં આવશે જ નહીં એમ કહેવાની ને ન કમાઈ શકે એવી વ્યવસ્થા કરવાની વધુ જરૂર છે. તે સરકાર દ્વારા જ થઈ શકે. કમનસીબે હજી જયપ્રકાશજી, ક્રિપલાનીજી કે મોરારજીભાઈને ઈન્દિરાબહેનને સાથ આપી દેશને કમ્યુનિસ્ટોના કબજામાં આવતો રોકવાની જરૂર નથી દેખાતી. અસ્તુ.

લિ. સેવક,
કા. હ. ગાંધી

## ✻ વર્ષા ✻

[હાઈકુ]

### મેહુલો વરસ્યો

મેહુલો વરસ્યો
ધરતી ભીંજી, સાડી
થૈ હરિયાળી !

### ડાંગર

ડાંગર વાવી
રસાયણ ખાદે, ભોં
થૈ રસહીણી !

### વાવણી

આવી વર્ષા, ના-
વાવણી કરી ફરી
યે ફક્કં ફક્કા !

### પ્રિયદર્શે

શું પ્રિયદર્શે,
શ્યામ વૃક્ષે, ઊમટી
અમીધાર !

### સ્નેહ

ઢેલ મલકી,
મોરલાને ભાળી, ને
તલખે હૈયાં !

### ભૂમિ

વાયરા વાયા.
વાદળ ઊમટયાં. ના–
ભૂમિ ભીંજાણી !

### ઈન્દ્રગોપ

ઈન્દ્રગોપની
હેલે છલકે, વિખ
કે પ્રેમસ્રોત?

### વડ

મેઘ વરસ્યો,
વડ હરખ્યો, ઝર્યાં
મોતીબિન્દુડાં !

### મોંઘવારી

આવ્યો વર્સાદ,
મોંઘો પ્રસાદ, સસ્તાં
માનવબાળ !

### આફત

લપસી પડયા.
બધા હસ્યા. કહ્યું :
"જે ભગવાન !"

### ભેંસ

ભેંસ નહાયે,
નિત્ય વર્ષામાં, હૈયે,
ના શીતળતા !

### યુગલ

રાત કાળી ને
દિવસ ઉજમાળો.
જુગલ જોડી !

### દીવાસળી

હા, દીવાસળી
સૂકી, ખોખું ભીનું રે !
ના ચિનગારી !

### પપૈયો

પપૈયો મળે
કાણો, વર્ષા શેં એની
તૃષા મિટાવે ?

પ્રા. હરીશ વ્યાસ

# રસ પડયો ખરો !

"જૈનોને રસ પડે એવી ગોકર્ણની યાત્રા" એ લેખ જ્યારે મેં શ્રી. ચીમનલાલભાઈ પર મોકલ્યો, ત્યારે મેં એમને એ અર્થનું ખાસ લખેલું કે "આ લેખ ન ગમે તો નહીં છાપતા." મેં માન્યું હતું કે આવી સૂચના વાંચ્યા પછી લેખ વાંચીને જ એ છાપશે. એમણે એ છાપ્યો એમાં ખોટું નથી થયું.

એ લેખ વાંચીને શ્રી. ખીમજીભાઈ ભૂજપુરિયાએ પોતાની પ્રતિક્રિયા લખી મોકલી અને ચીમનલાલભાઈએ એ પત્ર છાપ્યો, એટલે મારો ઉદ્દેશ સફળ થયો.

"જૈનોને રસ પડે" એમ મેં ખાસ લખેલું. "જૈનોની ભકિત જાગે", એમ લખ્યું હોત તો એ ખોટું થાત, અનિષ્ટ પણ થાત.

ગોકર્ણ વિશેની પૌરાણિક વાર્તા ઐતિહાસિક સત્ય તરીકે વિશ્વાસપાત્ર છે જ નહીં. બધા જ ધર્મોનાં પુરાણોમાં આવી અસંખ્ય વાર્તાઓ લખેલી હોય છે. અમુક લોકો એ વાર્તામાં કાવ્ય જુએ છે. સામાન્ય આંધળો જૈનસમાજ આવી કથાઓ સાચી માનીને એમાંથી પોતાની 'શ્રદ્ધા' માટે પોષણ મેળવતો આવ્યો છે અને કેટલાક પંડિતો "પરમાત્માને શું અશકય છે? પરમાત્મા ધારે તે કરી અને કરાવી શકે છે. કેવળ નાસ્તિકો જ આવી વાર્તાઓ ઉપર શંકા ઉઠાવે છે," એમ કહી લોકોની અંધશ્રદ્ધા મજબૂત કરે છે. એમાં એમને લાભ પણ હોય છે.

મારા નાનપણમાં મેં મારા માતપિતા સાથે, સનાતની શ્રદ્ધાથી, ગોકર્ણની યાત્રા કરી હતી. આગળ જતાં બુદ્ધિ ખીલી, મારી અંધશ્રદ્ધા ઘણે ભાગે મટી ગઈ. છતાં 'સ્મરણયાત્રા'માં નાનપણનું જીવન રજૂ કરવું હતું માટે ત્યાં મેં એ પ્રકરણ લખ્યું. હું નથી માનતો કે એ પ્રકરણ વાંચી, ત્યારે કે અત્યારે કોઈપણ વાચક એ પૌરાણિક વાર્તાને ઐતિહાસિક સત્ય માની બેસે.

જૈનીઓ આગળ આ વાર્તા મૂકવાના મારા ઉદ્દેશો બે. એ હવે જરા સ્પષ્ટ કરી દઉં.

સનાતન હિન્દુ ધર્મની કેટલીય માન્યતાઓ નાપસંદ થવાથી, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ આ બે સુધારક ધર્મોએ પોતાને અમાન્ય એવાં તત્ત્વોનો વિરોધ કર્યો અને સુધારાનો જબરદસ્ત પ્રચાર કર્યો. એ સુધારો સામાન્ય જનતા સુધી લઈ જવાની એમણે હિંમત કરી; અને એમાં એ આશ્ચર્યકારક રીતે ફાવ્યા પણ ખરા.

પણ એ સુધારો અમુક તત્ત્વો પૂરતો, અને એમના યુગ પૂરતો હતો, બૌદ્ધ ધર્મ અને જૈનધર્મોમાં પણ સુધારા કરવા જેવાં તત્ત્વો હતાં જ. એવો સુધારો કરનારા બોધિસત્વો, બુદ્ધો અને તીર્થંકરો તૈયાર થવાના જ. ઈતિહાસક્રમે આવું બધું થતું આવ્યું જ છે. એકવાર સનાતન ધર્મની તે વખતની માન્યતાઓમાં અને પરિસ્થિતિમાં સુધારો કરનાર એક બ્રાહ્મણ નીકળ્યો—પરશુરામ. સનાતન હિન્દુ ધર્મે એને અવતાર તરીકે સ્વીકાર્યો.

એને જ હરાવનાર નવો અવતાર આવ્યો દાશરથી રામ. (જેને લીધે આપણને રામાયણ મળ્યું છે) . રામ સાતમો અવતાર. એના પછી આવ્યો આઠમો અવતાર શ્રીકૃષ્ણનો. એના પછીનો નવમો અને 'ચાલુ અવતાર' તે ગૌતમ બુદ્ધ. આવી રીતે ક્રાન્તિ થતી જ જાય છે. (અને કો'ક કો'ક વાર ક્રાન્તિ ખોટો રસ્તો પણ લઈ શકે છે, પુરાણોમાં બુદ્ધ પછી કલ્કી અવતાર થવાનો છે એવી આગાહી લખેલી છે. એ જાતનો અવતાર આવે અને લડાઈ ચલાવે, એવું તો આપણે કોઈ ઈચ્છતા નથી. બુદ્ધ અને મહાવીર જેવા લોકોત્તર પુરુષોએ જે અધ્યાત્મનો અને ધાર્મિકતાનો પ્રચાર કર્યો અને સમાજરચના સૂચવી, તેનો સ્વીકાર કરી, એમાં પણ સુધારા કરી આગળ લઈ જનાર કોઈ નવા યુગના મહાત્માને જ ભવિષ્યની દુનિયા દસમાં અવતાર તરીકે માન્ય રાખી શકશે.

ગોકર્ણની કથામાં મેં વાંચ્યું કે "આસપાસના લોકોમા જૈન ધર્મ ફેલાયો હતો. એમાંના કેટલાક જૈનોએ હિન્દુઓ માટે મંદિરો બાંધી આપ્યાં. એ તો ઠીક પણ કેટલાક જૈનો, જૈન મટી શિવ-ઉપાસક થયા !"

આ બધો ઈતિહાસ, અને તે વખતની પરિસ્થિતિ કેવી હતી, એની શોધખોળ કરવાનો રસ જૈનોમાં જાગશે એમ મેં માન્યું અને તેથી જ ઉમેર્યું કે "મારી જાણ પ્રમાણે ત્યાંના પૂજારીઓ આવા સંશોધકો માટે મુશ્કેલીઓ ઉત્પન્ન નહીં કરે, પણ ઉપયોગી થવા જેટલા ઉદાર દિલના છે."

આજે ધાર્મિકતાનો સાચો પ્રચાર કરનારા, સદાચારી પંડિત-ભકતો જરૂર મળી આવે છે. પણ સામાન્ય જનતા એમનો ઉપદેશ સાંભળી 'ઠીક છે' એટલું જ કહે છે. પણ જો કોઈ મહાત્મા ચમત્કાર કરી બતાવે, તમને મંત્ર આપે અને એની આસપાસના લોકો તમને કહે કે "અમુક માણસે આ મંત્રનો એક લાખનો જાપ કર્યો એને નોકરી મળી, એના ધનમાં વૃદ્ધિ થઈ, એનાં છોકરાંઓ સારે ઠેકાણે પરણ્યાં."તો સામાન્ય લોકો તરત એની પૂજા શરૂ કરી દે છે. જ્ઞાનપ્રચાર, કેળવણીમાં પ્રગતિ, વિજ્ઞાનની શોધખોળ, એ બધી કડાકૂટ શા માટે કરીએ, મંત્રનો જાપ કરો, મહાપુરુષના ગુણગાન કરો. બાકીનું બધું કરી આપવા મહાપુરુષ સમર્થ છે."

આ જાતની 'શ્રદ્ધા' સામાન્ય જનતામાં તો શું, મોટા મોટા લોકોમાં પણ કામ કરતી દેખાય છે.

શ્રી ખીમજીભાઈ ભૂજપુરિયાનું અભિનંદન કરું છું કે એમણે લોકોની અંધશ્રદ્ધા સામે અવાજ ઉઠાવ્યો છે.

આખરે એક જૈનમાં 'ગોકર્ણની યાત્રા'માં રસ જાગ્યો ખરો! મારો ઉદ્દેશ સફળ થયો.

કાકા કાલેલકર

## તમારી તમામ મુસીબતો વચ્ચે પણ આગળ ધપો

જ્યાં પણ જાઉં છું, જેને પણ મળું છું તે કોઈ ને કોઈ વ્યથાના દરિયે આકંઠ ડૂબેલું છે. સો સૂરજવાળો દીવો લઈને શોધું છું, પણ કોઈ પરમસુખિયો જીવ જોવા નથી મળતો. "સુખી છું," એવી ઢોંગી માયાજાળ વણી બતાવનારા તો ઘણા છે. એમની આંખો ને હોઠ હસતાં હોય એમ પણ બને, પણ ભીતર ભડકા અપરંપાર. સ્મિતવંતા ફૂલોના ગજરા પાછળ તીખી શૂળોના સંસાર ધીખતા હોય.

કયાં છે સુખ? કયાં છે સુખનો સનાતન અણસાર? જીવન-ચેતનાની મૂળ ગંગોત્રી સાથેનો સંબંધ જ કપાઈ ગયો હોય, ભીનાશથી છેટે ભાગતા ફરતા હોઈએ, ત્યાં પરો લાગે શી રીતે? સુખની શોધ સફળ થાય કેમ?

સામે આસોપાલવ ઝૂલી રહ્યાં છે. એમનાં ઘણાં પાંદડાં સુકા-ઈને નીચે પડી ગયાં છે. કેટલાંક પાંદડાં સુકાવાની અણી પર છે. પણ મજાની વાત એ છે કે સરસ મજાની લીલી કૂંપળો પ્રગટી પણ રહી છે. જીવનમાં મને વધારેમાં વધારે આશાયેશ લાગી હોય તો આ વાતની: જૂનાં પાંદડાં ખરે છે, ખાતર બને છે; નવાં પાંદડાં સરજાય છે. આમ એક સુંદર ચક્ર ચાલે છે.

એક અજાણ્યા કવિએ ગાયું: "સમયકા પહિયા ફિરતા જાય." તદ્દન સાચું. સમયચક્ર ફરે છે. સુખદુ:ખનો ચરખો ચાલે છે. આશાનિરાશા આંટાફેરા મારે છે. ઘટમાળ સતત ચાલ્યા કરે છે.

એમાં આ પળે તમે કયાં ખરા છો? આનંદના કોઈ શિખર પર છો? તો તેને અંતિમ શિખર માનશો નહીં; એનાથી પણ કોઈક ઊંચેરાં શિખરો છે એ ભૂલશો નહીં. એ ઉચ્ચતર – ઉચ્ચતમ શિખરના આરોહણ માટે તમારો જન્મ થયેલો છે, એટલું યાદ રાખો.

કોઈ ખીણમાં ખૂંપેલા છો? હદ આવી ગઈ છે? તો ચિંતા શી? છેલ્લી હદ છે ને? તળિયે પહોંચ્યા છો ને? એ તો ઓર સરસ. હવે તમારે ઊંચે જ જવાનું, આગળ જ વધવાનું. નીચે જવાનું હતું તેટલા ગયા. હવે સાગરી વાદળની જેમ ઊંચે જવાનું આરંભો.

પ્રત્યેક અંકુર, પ્રત્યેક નવું પાન, પ્રત્યેક વાદળ, પ્રત્યેક કળી, આ જ સંદેશ આપે છે: આગળ ધપો, વિકાસ સાધો.

તમારી તમામ મુસીબતો વચ્ચે પણ આ સંદેશ ઝીલો, જીવ-નને જગાડો, વિકાસયાત્રાનો આરંભ કરો.

સંકલન: શાંતિલાલ ટી. શેઠ — પ્રકાશ ગજ્જર

# પ્રાર્થનાનો પ્રભાવ

રાજા હરિશ્ચંદ્ર વરુણદેવ સાથે વચનથી બંધાયેલો હોઈ, એણે રાજસૂય યજ્ઞમાં પોતાના એકમાત્ર પુત્રનો ભોગ આપવાનો હતો. પણ એ એક યા બીજું બહાનું કાઢી આ વાત ટાળતો હતો. એના પુત્ર રોહિતે, કેટલાંક વર્ષો વનમાં ભટક્યા બાદ, ભૂખે મરતા એક દીન ઋષિનો પુત્ર વેચાતો લઈ એનો બલિ આપવાની તત્પરતા દર્શાવી અને વરુણદેવે એ વિકલ્પ માન્ય પણ રાખ્યો.

આ ઋષિપુત્રનું નામ શુન:શેપ. એને વધ કરવા થાંભલે બાંધવામાં આવ્યો ત્યારે એને એક અપ્રતિમ વિચાર સ્ફૂર્યો: આ લોકો જો મારો બલિ આપી વરુણદેવને રીઝવી મનવાંછિત ફળ મેળવી શકતા હોય તો હું પણ દેવોને પ્રાર્થના વડે પ્રસન્ન કરી માથે ઝઝૂમતા મૃત્યુના ભયમાંથી ન બચી શકું?

એણે મંત્રયુક્ત વાણીથી સૌથી પ્રથમ તો પ્રજાપતિનું સ્તવન કર્યું. પણ પ્રજાપતિએ એને કહ્યું, "મનુષ્યોના કલ્યાણ માટે અગ્નિ પૃથ્વી પર વાસ કરે છે તો તું એમનો સહારો લે." એટલે એણે એક ઋચા વડે અગ્નિદેવને પ્રાર્થના કરી. અગ્નિએ કહ્યું કે "સર્વ પ્રાણીઓ પર સવિતાનું આધિપત્ય છે તો તેમની કૃપા યાચ." એણે પોતાને પાશમાંથી છોડાવવા સવિતાને આજીજી કરી. પણ સવિતાએ કહ્યું: "હે શુન:શેપ, તું વરુણનો બલિ છે એટલે વરુણ જ તને મુક્ત કરી શકે. માટે એમને પ્રસન્ન કર."

શુન:શેપે તત્કાલ વરુણનું ચિંતન કર્યું તો એમણે કહ્યું: "દેવોનું મુખ અગ્નિ છે અને એ બહુ દયાળુ છે એટલે એમની પાસે જા. એ તને મુક્તિ આપશે."

આશાભર્યો શુન:શેપ અગ્નિ પાસે ફરીથી ગયો. પણ અગ્નિએ એને વિશ્વદેવો પાસે, વિશ્વદેવોએ ઈન્દ્ર પાસે અને ઈંદ્રે અશ્વિનૌ પાસે જવા કહ્યું. અશ્વિનૌ તો મનુષ્યના પરમહિતૈષી. એમણે કહ્યું: "શુન:શેપ, તું ઉષાની પ્રાર્થના કર, અમે તને જરૂર મુક્તિ આપીશું."

શુન:શેપે ત્રણ મંત્ર વડે ઉષાનું આહ્વાન કર્યું. એના એક એક મંત્રે શુન:નું એક એક બંધન તૂટવા લાગ્યું અને છેલ્લો મંત્ર પૂરો થતાં એ પાશમુક્ત થયો.

ઋગ્વેદમાં સાત સૂક્તો સાથે જેનું નામ જોડાયેલું છે એવા શુન:શેપની આ બંધનમુક્તિનો પ્રસંગ પુરાણોમાં વિવિધ પ્રકારે આલેખવામાં આવ્યો છે. ભાષ્યકારોએ અને પશ્ચિમના સંસ્કૃત સાહિત્યના વિદ્વાનોએ પણ આ ઘટનાને ઘણું મહત્ત્વ આપ્યું છે.

યજ્ઞમાં બલિ આપવા માટે પોતાનો પુત્ર વેચાતો આપનાર શુન:શેપનો પિતા તે કેવા પ્રકારનો બ્રાહ્મણ હશે? એ જમાનામાં આર્યો નરમેધ કરતા હશે? જમદગ્નિ, વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા મહર્ષિઓના હસ્તે એ યજ્ઞનો વિધિ થવાનો હતો છતાં નિર્દોષ ઋષિબાળનો જીવ બચાવવા એમાંના કોઈએ શબ્દસરખો ઉચ્ચાર્યો નહિ! પાછળથી વિશ્વામિત્રે શુન:શેપને પોતાના પુત્ર તરીકે અપનાવ્યો એનું કારણ શું? આવા ઘણા પ્રશ્નો ઊભા થાય છે.

પણ આ પ્રસંગમાંથી જે સૌથી મહત્ત્વની વાત તરી આવે છે તે એ છે કે શુન:શેપ પ્રાર્થનાના બળે પ્રચંડ દંડ ધારણ કરતા વરુણ જેવા દેવના બંધનમાંથી પણ મુક્ત થઈ શક્યો.

પ્રાર્થનામાં અગાધ બળ રહેલું છે. પ્રાર્થના ચમત્કાર સર્જે છે એમ દર્શાવતાં ઘણાં દૃષ્ટાંતો પુરાણોમાં અને મહાભારતમાં મળી આવે છે.

આ પ્રાર્થના શું છે? એની દિવ્ય શક્તિનું મૂળ ક્યાં છે? પ્રાર્થના ફળીભૂત ક્યારે થાય?

સામાન્યત: મનુષ્યના અંત:કરણમાં ધર્મનાં બીજ રહેલાં છે એમ અવશ્ય કહી શકાય. એના દિલમાં પ્રાર્થના કરવાની વૃત્તિ સહજ ઉદ્ભવે છે પણ જેમ આત્માનો આરંભ મળતો નથી તેમ પ્રાર્થનાનું મૂળ પણ જડે તેમ નથી.

પ્રાર્થના અંત:કરણમાંથી સ્ફૂરે છે. સ્તોતાઓની ભાવભરી વિશુદ્ધ વાણી દેવોને રીઝવે છે. એનો સંદેશ સહજપણે દેવોને પહોંચે છે.

એ દેવ અને માનવીને જોડતી કડી છે. દેવ અને માનવી વચ્ચે એક પ્રકારનો સખાભાવ રહેલો છે. દેવ એટલે અમર બનેલો માનવ અને માનવ એટલે મર્ત્યદેવ એમ કહેનારા એક વિવેચકની વાત સાથે સહમત થવાનું કદાચ મુશ્કેલ લાગે તો પણ એ કથનમાં ઘણું સત્ય રહેલું છે તેની ના પાડી શકાશે નહિ.

સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે દેવો પૃથ્વી પર વિચરતા હતા. ત્યારે કોઈ કોઈ પુણ્યશ્લોક રાજાને દેવોને ત્યાં પધારવાનું નિમંત્રણ પણ મળતું હતું. સમય જતાં માનવી સંસારની માયામાં જકડાતો ગયો અને દેવ- માનવ વચ્ચે અંતર વધતું ગયું. આમ છતાં માનવી દેવો સાથે બે પ્રકારે સંપર્ક જાળવી રાખતો હતો: (૧) પ્રાર્થના અથવા સ્તુતિ; અને (૨) યજ્ઞ.

માનવી અને દેવ વચ્ચેનો સંબંધ એકમાર્ગી નહોતો. બંને ઓછાવત્તા પ્રમાણમાં પરસ્પર અવલંબન લેતા અને દેતા. માનવીની મંત્રયુક્ત સ્તુતિથી દેવના દૈવતમાં વધારો થતો. માનવીએ તૈયાર કરેલા સોમરસનું પાન કરવા દેવો પૃથ્વી પર આવતા, ખૂબ પ્રસન્ન થતા અને સ્તોતાને યુદ્ધમાં વિજય અપાવતા, સમૃદ્ધિ અને દીર્ઘાયુ આપતા. મંત્રદ્રષ્ટા ઋષિની સ્તુતિનો વધુ પ્રભાવ પડતો. માનવી દેવોને યાચતો હતો પણ દીનભાવે નહિ, મિત્રભાવે.

દેવો તપસ્વી અને મંત્રબળ ધરાવતા ઋષિની પ્રબળ સ્તુતિથી વશ બની રહેતા એવા દાખલા મળે છે. ચારે બાજુએ શત્રુઓથી ઘેરાયેલા સુદાસ રાજાને વસિષ્ઠના મંત્રબળે ખેંચાઈ આવેલા ઈંદ્રે યુદ્ધમાં બચાવી લીધો હતો. બે કાંઠે વહેતી નદીઓનાં ઘૂઘવતાં પૂર વિશ્વામિત્રે કરેલી મંત્રયુક્ત સ્તુતિથી શમી ગયાં હતાં અને નદીઓએ નીચા નમી સામેપાર જવાનો માર્ગ કરી આપ્યો હતો.

પ્રાર્થનાની બાબતમાં એક વાત ખાસ લક્ષમાં લેવા જેવી છે. પ્રાર્થના કરનાર સમજતો હોય છે કે તે જેની પ્રાર્થના કરે છે તે દેવ યા શક્તિ, તે જેની ઈચ્છા કરે છે તે આપી શકે એમ છે; અને જે દેવની પ્રાર્થના કરવામાં આવે છે તે પણ બરાબર જાણે છે કે પ્રાર્થતો માનવી જે માગે છે તે માગવાનો અધિકારી છે.

દેવોની સ્તુતિ ગાતા ઋષિને પોતાની વાણીમાં અપાર શ્રદ્ધા હતી પણ તેથી એનામાં ઘમંડ કે અભિમાન પેદા થતું નહિ. કારણ કે એ મંત્રો કે ઋચાઓ દેવદત્ત છે એમ માનતા હતા. એક ઋષિ કહે છે, હે ઈન્દ્ર અને અગ્નિ, મને બુદ્ધિ તારામાંથી મળી છે. તારી અપેક્ષા કરતો હું જે બોલું તે તું સ્વીકાર. મઘવા, આ સ્તુતિની પ્રેરણા તેં જ આપી છે.

કોઈ કોઈ નવી ઋચા તૈયાર કરી એનો સ્વીકાર કરવાની દેવને વિનંતી કરતો હતો. ઋચા તૈયાર કરવામાં એ કસબી યા કલાકારના જેવી ચીવટ રાખતો અને એ સર્વાંગસંપૂર્ણ બનેલી હોય તો ખૂબ પ્રસન્ન થતો.

બીજા એક ઋષિ કહે છે, "અશ્વિનૌ આ ઋચાઓ તમારે માટે બનાવી છે; ભૃગુઓ જેટલી ચીવટથી રથ બનાવ્યો હતો તેટલી ચીવટપૂર્વક; નવપરિણીત કન્યાને વળાવવા શણગારીએ તેમ અમે આ ઋચાની સજાવટ કરી છે."

ગૌતમ નામના એક ઋષિ એટલા જ હક્કપૂર્વક ઈંદ્રને કહે છે: "મઘવન્, અહીં ઉપસ્થિત થઈ મારી સ્તુતિ શ્રવણ કર. એની પ્રેરણા તેં આપી હતી એટલે એ વડે તારું સ્તવન કરું છું."

પણ કોઈ કોઈ વાર દેવોને ટાણો પણ મારવામાં આવતો.

દેવો સાથેનો એમનો સંબંધ કેટલો નિકટનો હશે તે આપણને એક બીજા ઋષિના સ્તવનમાંથી જાણવા મળે છે. એ કહે છે: "હે ઈંદ્ર, જો તારી જગાએ હું હોઉં તો મારો સ્તોતા કેટલીય ગાયો ધરાવતો હોત." અને એક બીજો સ્તોતા અગ્નિને મીઠો ઠપકો આપતાં કહે છે: "જો તું મનુષ્ય હોત અને હું અમર (દેવ) હોત તો હું તને દીન અવસ્થામાં ન રાખત; મારી પ્રાર્થના કરનારો દુઃખી તો ન જ હોવો જોઈએ. તારા સ્થાને હું હોઉં અને મારી જગાએ તું હોય તો તારી ઈચ્છાઓ મેં ક્યારની પરિપૂર્ણ કરી હોત."

પ્રાર્થનાની અસર કેવી થાય છે? એક ઋષિ કહે છે કે ઋચાઓ અમારું કવચ છે- એ અમારું રક્ષણ કરે છે.

મંત્રયુક્ત સ્તુતિ ઈંદ્રાદિ દેવોને આકર્ષે છે. કેવી રીતે? તો એનું રહસ્ય ખોલતાં ઋષિ કહે છે: "હે વરુણ, અમે મંત્રો વડે તારું મન બાંધ્યું છે." દેવે મંત્રવશ બનીને આવવું જ રહ્યું!

કનુભાઈ શાસ્ત્રી

# વૈજ્ઞાનિકોમાં પણ આવું બને છે!

સાહિત્યને ક્ષેત્રે એક લેખકની વાર્તા કે કાવ્યની ઉઠાંતરી બીજો લેખક કરે તેવા ઘણા કિસ્સા આપણે સાંભળ્યા છે, પણ વિજ્ઞાનને ક્ષેત્રે કોઈ એક વિજ્ઞાનીએ કરેલા સંશોધનની ઉઠાંતરી બીજો વિજ્ઞાની કરે તેવા કિસ્સા ઓછા સાંભળવામાં આવે છે. ગત વર્ષે આ પ્રકારની વૈજ્ઞાનિક ઉઠાંતરીનો સનસનાટીભર્યો કિસ્સો બહાર આવ્યો હતો. નવાઈની વાત એ છે કે વૈજ્ઞાનિક સંશોધનની ઉઠાંતરી કરવાનો આક્ષેપ નોબેલ પારિતોષિકના વિજેતા એવા બે પ્રોફેસરો ઉપર થયો હતો! ૧૯૫૯ની સાલમાં બે પ્રોફેસરો સર્વશ્રી એમિલીઓ સેગ્રે અને ઓવેન ચેમ્બરલેને પદાર્થવિજ્ઞાનના વિષયમાં જગતને ચરણે એક નવો સિદ્ધાંત ભેટ ધરવા બદલ તે બન્નેને સંયુક્ત રીતે નોબેલ પારિતોષિક મળ્યું હતું. ગત વર્ષે ૧૪મી જૂને કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રોફેસર ઓરિસ્ટે પિકસીઓનીએ આ બન્ને પ્રોફેસર ઉપર આક્ષેપ મૂક્યો કે પદાર્થવિજ્ઞાનની તથાકથિત શોધનો મૂળ વિચાર આ બન્ને પ્રોફેસરને નહોતો આવ્યો પણ પ્રોફેસર ઓરિસ્ટે પિકસીઓનીને તે વિચાર આવ્યો હતો. આપણે સામાન્ય જન તરીકે પદાર્થવિજ્ઞાનની જે શોધ હતી તેની ટેક્નિકલ વિગત વધુ સમજી શકીશું નહિ, પણ એટલું જાણી લેવું જોઈએ કે ૧૯૫૪ની સાલમાં પ્રોફેસર ઓરિસ્ટે પિકસીઓનીએ પ્રોફેસર સેગ્રે અને પ્રોફેસર ચેમ્બરલેનને સૂચવ્યું કે હાઈડ્રોજન બોંબમાં જે અણુઓ વપરાય છે તેમાંથી અલગ સ્વરૂપના અણુઓને શોધી કાઢવાની પદ્ધતિ તેમણે શોધી કાઢી છે. અણુઓથી અલગ પડતા આ અણુઓને વિજ્ઞાનની ભાષામાં 'એન્ટીપ્રોટોન' કહેવામાં આવે છે. પ્રોફેસર ઓરિસ્ટે પિકસીઓનીએ 'એન્ટીપ્રોટોન'ને ઓળખી કાઢવાની જે પદ્ધતિ સૂચવી હતી તે બંને પ્રોફેસરોએ અજમાવી જોઈ અને તેનાં પરિણામો એક મેગેઝિનમાં લેખરૂપે પ્રગટ કર્યાં. પરંતુ લેખમાં તેમણે પ્રોફેસર ઓરિસ્ટે પિકસીઓનીનો ઋણસ્વીકાર કર્યો નહિ. પ્રોફેસર ઓરિસ્ટેને માલૂમ પડ્યું કે તેના મૂળ વિચાર ઉપરથી તો આ બન્ને પ્રોફેસરોને નોબેલ પારિતોષિક મળ્યું છે એટલે તેમણે બન્ને પ્રોફેસરો ઉપર કેસ કર્યો. કોર્ટમાં કોઈએ પૂછ્યું કે "તમે આ કેસ કરવામાં આટલો બધો વિલંબ કેમ કર્યો?" ત્યારે પ્રોફેસર ઓરિસ્ટે પિકસીઓનીએ કહ્યું કે "હું આવો કેસ ન કરું તે માટે મને મોટી લાલચ આપવામાં આવી હતી. આ શોધનો મૂળ વિચાર મને આવ્યો છે તે બાબતમાં ચૂપ રહેવા માટે મોટાં આકર્ષણો ધરીને મને મોડે સુધી રોકી રાખવામાં આવ્યો હતો!" પણ પ્રોફેસરે પછી બહુ રોકાયા સિવાય કેસ કર્યો અને તેમણે બન્ને પ્રોફેસરો પાસેથી રૂા. ૯૬૦૦૦ની રકમનો દાવો કર્યો છે અને 'એન્ટીપ્રોટોન'ની શોધના પ્રણેતા તરીકે તેમનું નામ ઉમેરવા માગણી કરી છે!

વિજ્ઞાનીનો બીજો એક ઝઘડો વળી જુદી જાતનો છે. ગત ડિસેમ્બરમાં અમેરિકાના મિનિઆપોલીસ શહેરની કોર્ટમાં ડૉ. જોન વાઈલ્ડ નામના વિજ્ઞાનીએ મિનેસોટા ફાઉન્ડેશન નામની એક ધર્માદા સંસ્થા ઉપર કેસ કર્યો હતો. ડૉ. જોન વાઈલ્ડે આક્ષેપ કર્યો હતો કે આ સંસ્થાએ તેમને ચાર વર્ષ સંશોધન કરવા માટે ૭૦ લાખ ડૉલરની ગ્રાન્ટ આપી હતી, પરંતુ ચાર વર્ષ પૂરાં થાય તે પહેલાં અઢાર મહિના બાદ આ ગ્રાન્ટમાં મોટો કાપ મૂકવામાં આવ્યો હતો અને તેવો કાપ મૂકવાથી તેમની બધી મહેનત ધૂળમાં મળતી હતી. કોર્ટે ડૉ. જોન વાઈલ્ડનો દાવો મંજૂર રાખીને મિનેસોટા ફાઉન્ડેશનને હુકમ કર્યો કે "ડૉ. જોનને ૭૦ લાખ ડૉલરની પૂરી રકમ ચૂકવી દેવામાં આવે!"

ત્રીજો એક ઝઘડાનો કિસ્સો બ્રિટિશ મેડિકલ એસોસિયેશન અને બીજા એક વિજ્ઞાની વચ્ચેનો છે. શ્રી ડ્રમન્ડ જેક્સન નામના એક વિજ્ઞાનીએ દાંતનું ઓપરેશન કરતી વખતે દર્દીને બેશુદ્ધ બનાવવા અંગેની એક નવી ઔષધીય પ્રક્રિયા શોધી કાઢી હતી. બ્રિટિશ મેડિકલ એસોસિયેશન તરફથી એક મેગેઝિન પ્રગટ થાય છે તેમાં શ્રી ડ્રમન્ડ જેક્સનની શોધ ઉપર ટીકાટિપ્પણી કરવામાં આવી હતી. શ્રી ડ્રમન્ડ જેક્સને કોર્ટમાં કેસ કરીને દાવો કર્યો કે મેગેઝિનમાં પ્રગટ થયેલા લેખને કારણે તેમની શોધ વિશે લોકોને ઊંધી છાપ પડે છે અને તેનાથી તેમને નુકસાન જાય છે. કોર્ટે આ મામલો ઘરમેળે પતાવવા કહ્યું એટલે શ્રી ડ્રમન્ડ જેક્સનને બ્રિટિશ મેડિકલ એસોસિયેશન તરફથી બદલારૂપે મોટી રકમ મળી છે!

વિજ્ઞાનીઓની શોધ અંગે નહિ પણ વિજ્ઞાનના લેખ અંગેની ઉઠાંતરીનો આક્ષેપ ભારતના આંગણા સુધી આવી પહોંચ્યો છે. એવો આરોપ થયો છે કે ભારત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી ખાતા દ્વારા તૈયાર થયેલા "વિજ્ઞાન અને ટેક્નોલોજીને લગતા અભિગમ-પત્ર"માં મુકાયેલા ઘણા ફકરાઓ સીધેસીધા "મિનરવા" નામના બ્રિટિશ મેગેઝિનમાંથી ઉપાડી લેવામાં આવ્યા છે અને તે માટે આ મેગેઝિનનો કે તેના લેખકનો ઋણસ્વીકાર કરવામાં આવ્યો નથી! જો કે આપણે માટે ગૌરવની વાત એ છે કે "મિનરવા" મેગેઝિનમાં લખાયેલો એ વૈજ્ઞાનિક લેખ બ્રિટનની સસેક્સ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓના એક જૂથે તૈયાર કર્યો હતો અને તે જૂથમાં કેટલાક ભારતીય વિજ્ઞાનીઓનો પણ સમાવેશ થતો હતો. પરંતુ સાયન્સ અને ટેક્નોલોજીને લગતી ભારતની રાષ્ટ્રીય સમિતિએ અભિગમપત્રમાં આ લેખના ફકરા સીધેસીધા ઉઠાવીને પોતાની મહેનત બચાવી છે!

કાન્તિ ભટ્ટ

("ન્યુ સાયન્ટિસ્ટ" નામના સાપ્તાહિક અને બીજી માહિતીને આધારે તૈયાર કરેલો લેખ)

## પ્રભુનાં સાચાં સંતાન

કેટલાક મનુષ્યો પ્રભુને પોતાનો આત્મા અર્પે છે, કેટલાક પોતાનું જીવન અર્પે છે, કેટલાક પોતાનું ધન અર્પે છે. માત્ર થોડાએક માણસો જ પ્રભુને પોતાની આખી જાત અર્પી દે છે: પોતાની પાસે જે કંઈ હોય-પોતાનો આત્મા, પોતાનું જીવન, કર્મ, ધન એ તમામ પ્રભુચરણે ધરી દે છે. પ્રભુનાં સાચાં સંતાન તો તેઓ જ છે. બાકીના બીજા બધાએ પ્રભુને કશું જ આપ્યું નથી. જગતમાં એ લોકોનો જે કંઈ મોભો હોય, તેમની જે કંઈ શક્તિ હોય કે સંપત્તિ હોય, પ્રભુનાકામ માટે તો તે બધાં કશાય મૂલ્યવિનાનાં મીંડાં જ છે.

શ્રી માતાજી

# "પ્રબુદ્ધ જીવન" અંગે બે પત્રો

["પ્રબુદ્ધ જીવન", વાચકો માટે એક ખૂબ જ પ્રિય પત્ર બની રહ્યું છે તેને લગતા પત્રો અવારનવાર આવતા જ રહે છે. આવા પત્રોને "પ્રબુદ્ધ જીવન"માં પ્રસિદ્ધિ આપવી જોઈએ એવો અમારો આગ્રહ હોય છે, જ્યારે તંત્રીશ્રી તેમ કરવાની ચોખ્ખી ના પાડતા હોય છે—એમ છતાં ક્યારેક તો વાચકોના અભિપ્રાયોને પ્રગટ કરવા જ જોઈએ એમ સમજીને "પ્રબુદ્ધ જીવન" અંગેના બે અભિપ્રાયો નીચે પ્રગટ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ]

[૧]

**પ્રિય ભાઈશ્રી ચીમનભાઈ,** ભાવનગર, તા. ૧૩-૭-'૭૩

થોડો આરામ કરવા તથા થોડા સંબંધો તાજા કરવા હું દિલ્હી ગયો હતો. ત્યાંથી આવ્યા બાદ "પ્રબુદ્ધ જીવન"ના વણવાંચ્યા અંકો વાંચવા બેઠો.

મારું ધ્યાન ગયું 'મરણભય'વાળા તમારા આત્મનિવેદન તરફ. જાતનું આવું સૂક્ષ્મ પૃથક્કરણ કરવા બદલ તમને ધન્યવાદ. તમારો લેખ વાંચતી વખતે આપણા મિત્ર પરમાણંદ યાદ આવી ગયા. તેમની સાથે બેસીને કેટલીયે વખત આ પ્રકારનું આત્મમંથન કર્યું છે. તેમને જવાનો વખત આવ્યો ત્યારે થોડા ઢીલાપોચા થયા હતા ખરા, પરંતુ અંદરના આત્માનું પોત તો જેવું હતું તેવું જ રહેલું, તેવો મને વિશ્વાસ છે.

'મરણભય શા માટે' એની ટૂંકી છતાં વિશદ છણાવટ તમે કરી છે. હું પણ આવા વિચારમંથનમાં ઘણીયે વખત ખોવાઈ જાઉં છું. મરણ એ વાસ્તવિકતા છે તેટલું સ્પષ્ટ ભાન થયા પછી કોઈને પણ તેનાથી ડરવાપણું ન હોય. આમ છતાંયે મને લાગે છે કે વ્યક્તિએ જ્યાં જ્યાં આત્મીયતા કેળવી હોય, અથવા તો જેની જેની સાથે જીવંત અને જીવનભરનો સંબંધ બાંધ્યો હોય છે તે બધું છોડતાં વ્યક્તિમાત્ર થોડીઘણી ગ્લાનિ જરૂર અનુભવે છે. પછી તો અંતરમાં એક એવી પ્રક્રિયા ચાલવા લાગે છે કે જે કોઈ ઉપાય હાથમાં આવે તેનો આશરો લઈને મૃત્યુને પાછું ઠેલવું. તમે મારી સાથે સંમત થશો કે, એવી મનોદશા ઉચ્ચ કોટિના માનવીમાં પણ જોવા મળે છે. આ પરિસ્થિતિને મરણભય ન કહેવો હોય તો મને વાંધો નથી. આ પ્રકારની માનસિક પરિસ્થિતિને જિજીવિષાનું નામ આપો તો પણ વાંધો નહીં.

મારો એવો આગ્રહ છે કે હવે તમે શરૂ કર્યું જ છે ત્યારે તમારી જીવનકથા જેવું કંઈક લખવાનું નિયમિત રાખો. તમે જ કહો છો કે મનની આ સ્થિતિ આકસ્મિક નથી. હું પણ માનું છું કે તેની પાછળ એક પ્રકારની સાધના રહેલી છે. તમારી જીવનકથામાંથી એવી સાધનાની પ્રક્રિયા જાણવાનું પણ રસપ્રદ બનશે.

મરણભયવાળો લેખ મને ખૂબ ગમ્યો એટલે ચાલુ માસના ઘરશાળા અંકમાં તેને છાપ્યો છે. આશા રાખું છું કે તમે મંજૂર રાખશો. સરકાર અને ધર્માદા ટ્રસ્ટોવાળો તમારો લેખ પણ ઘણો વિચારપૂર્ણ છે. અનુકૂળતાએ તેને પણ છાપવા ધારું છું.

—હરભાઈ

[૨]

**ભવદીય તંત્રીસાહેબ, "પ્રબુદ્ધ જીવન",** દર્હીસર, તા. ૬-૮-'૭૩

"મિલાપ"માં અવારનવાર "પ્રબુદ્ધ જીવન"ના લેખોનું ઉધ્ધૃતીકરણ વાંચું છું અને તે લેખોની અનન્ય સામગ્રી જોઈ તાજેતરમાં જ "પ્રબુદ્ધ જીવન"નો ગ્રાહક થયો છું.

ગયા અઠવાડિયે 'પ્રબુદ્ધ જીવન'ની પહેલી કોપી ટપાલદ્વારા મળી. વાંચીને ખૂબ જ આનંદ થયો. સાંપ્રત રાજકીય અને સામાજિક બનાવોની નોંધ સાથે જીવનમૂલ્યોને સ્પર્શતા અન્ય લેખો વાંચ્યા.

"પ્રબુદ્ધ જીવન" દરેક ગુજરાતી કુટુંબ માટે સંસ્કારસાથી બની શકે તેવી ઉત્તમોત્તમ સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે, એવું મને લાગે છે.

આવી અણમોલ દેણગી બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેમ જ તંત્રીશ્રીને અભિનંદન.

આપનો ઋણી

પ્રતાપ એન. મોદીના નમસ્કાર

# * સંઘ સમાચાર *

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનો આખો કાર્યક્રમ આ અંકમાં પ્રગટ કર્યો છે. એમાં ગયા અંકમાં જે નામો પ્રગટ થયેલાં એમાંથી શ્રી પાંડુરંગ શાસ્ત્રી તથા શ્રી નિર્મળા દેશપાંડેનાં નામો એ કારણે પ્રગટ નથી થયાં કે અનિવાર્ય સંજોગોને કારણે છેવટની ઘડીએ તેઓએ વ્યાખ્યાન આપવા માટે આવવાની અશક્તિ દર્શાવી, તેની નોંધ લેવા વિનંતિ છે.

## શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘની કાર્યવાહક સમિતિએ એવો નિર્ણય કર્યો છે કે, સંઘ-સંચાલિત શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ, હવે પછીથી વેવિશાળ અને ચાંદલાના પ્રસંગો માટે પણ આપવું, અને ખુરસીઓ, લાઈટો, પંખા, વગેરેની સગવડ સાથે વધારેમાં વધારે ત્રણ કલાક માટેનું ભાડું, રૂા. ૧૦૧ લેવું.

આ સભાગૃહમાં ખુરસીઓ ઉપર ૧૦૦ અને જાજમ ઉપર ૧૨૫ વ્યક્તિઓનો સમાવેશ થઈ શકે છે.

તો સંઘના સભ્યો, તેમ જ શુભેચ્છકોને વિનંતિ કરવામાં આવે છે કે પોતાના વર્તુલમાં આ બાબતની જાણ કરે.

## સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોનાં ૧૮૩ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે પ્રમાણે છે:

૧૮૪ શ્રી જ્યોતિબહેન મોહનલાલ પરીખ
૧૮૫ " નિર્મળાબહેન ન. ચોકસી
૧૮૬ " છોટાલાલ નીમચંદ સંઘવી
૧૮૭ " હિંમતલાલ ન્યાલચંદ દોશી
૧૮૮ " રસિકલાલ ન્યાલચંદ દોશી
૧૮૯ " જયસુખલાલ આર. વોરા

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

ચાલુ વર્ષ ૧૯૭૩માં ઘણા સભ્યોનાં લવાજમો બાકી છે. તો વ્યાખ્યાનમાળા દરમિયાન સૌ પોતાનાં લવાજમો ભરી જાય અને ત્યાર બાદ જેમનાં લવાજમો બાકી રહે તેમને ડિસેમ્બર પહેલાં તેમના લવાજમો મોકલી આપવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ભૂલ-સુધાર

ગતાંકમાં "ગુજરાતના રાજકારણ વિશે શ્રી રતીલાલ દીપચંદ દેસાઈનો એક પત્ર" પ્રગટ થયો છે, તે લેખના પહેલા કોલમના છેક નીચેની ત્રણ લીટીમાં એમ છપાયું છે કે "મતદાર જેવો બીજો કોઈ માગણ નથી"- એને બદલે તે સુધારીને આ પ્રમાણે વાંચવું "મત માગનાર જેવો બીજો કોઈ માગણ નથી."

ભક્તામર સ્તોત્રની રેકર્ડની જાહેરાતમાં તેના કર્તા તરીકે સિદ્ધસેન દિવાકરનું નામ છપાયું છે, તેના બદલે શ્રી માનતુંગાચાર્યજી એમ વાંચવું.

—તંત્રી

# સહજને કિનારે

યોગાચાર્યોએ ચિત્તનદીને 'ઉભયવાહિની' કહી છે. તે બંને બાજુ વહે છે. સંકલ્પ અને વિકલ્પ, સુખ અને દુ:ખ-બંને દિશાઓમાં એનાં જળ ફરી વળે છે. એ સાથે ભૂતકાળના અનુભવો અને ભવિષ્યની કલ્પનાઓ ભણી પણ ચિત્તનો પ્રવાહ વહે છે... ખરેખર તો ચિત્તનદીમાં શું તણાતું આવ્યું અને શું તળિયે બેસી ગયું એનો હિસાબ કરવા કરતાં ચિત્તનો પોતાનો પ્રવાહ પારખતાં રહેવું જોઈએ અને એકવાર આ પ્રયત્ન થયો તો ચિત્તને આપણે સદા નવું રાખી શકીએ...

આપણે હજાર કામ કરીએ છીએ પણ કરવા જેવું તો આ એક જ કામ છે. સુખનાં સાધનો માટે દોટ મૂકીએ અને દુ:ખના સાગરીતોથી ભાગી છૂટીએ - પણ જેનાથી સુખદુ:ખનું સ્વરૂપ જ ફરી જાય એ આપણી અંદરના જ સાધન તરફ નજર ન નાખીએ, એ કેવું? સુખનાં શીતળ જળનો છંટકાવ થાય છે ત્યાં દુ:ખની જવાળા ક્યાંથી આવીને આપણને દઝાડે છે? સહજોબાઈએ આવા સંસારી જીવનનું એક સાખીમાં ચોટદાર દર્શન કરાવ્યું છે:

**"જૈસે સંડસી લોહરકી; છિન પાની, છિન આગ,**
**ઐસે દુ:ખ સુખ જગત કે, સહજો તૂ મત માગ"**

"લુહારની સાણસી જેમ ઘડી આગમાં તપે ને ઘડી પાણીમાં ઠંડી થાય એમ જગતનાં દુ:ખસુખ આવે-જાય છે. આ ક્ષણિક દુ:ખસુખમાં સહજો, તું પગ ન મૂક."

આ સંસારમાં લુહારની સાણસી જેવા માણસના હાલ છે અને માણસનું ચિત્ત જ એમની સાણસી છે. સુખના પદાર્થને એ પકડે છે, દુ:ખના પદાર્થને છોડે છે. - અને એવું પણ બને છે કે સુખને પકડતાં એ દુ:ખી દુ:ખી થઈ જાય છે. સુખના આભાસમાંથી જ દુ:ખનું બિહામણું રૂપ છતું થાય છે. અને સામે ચાલી દુ:ખને ભેટવા જતાં એ સુખનું પ્રસન્ન મુખ નિહાળે છે. ચિત્તની લીલા અપાર છે. ચિત્તનું સ્વરૂપ જ્યારે પલટી જાય છે, ત્યારે સુખ-દુ:ખનાં પાસાં પણ પલટી જાય છે અને છતાં આ ચડ-ઊતર, છાયા-પ્રકાશનો છેડો આવતો નથી. સુખનો આભાસ છે ત્યાં સુધી ચિત્ત પદાર્થને છોડતું નથી અને તૃષ્ણાનો અંશ છે ત્યાં સુધી તે ચિત્તને છોડતી નથી. લેવું - છોડવું, નાસી છૂટવું - દોડી આવવું—આ રમત ચાલ્યા કરે છે; અને રમત તરીકે નહીં પણ લાચાર, પરવશ બનીને દોરાતાં પ્રાણીની જેમ આ ખેંચતાણમાં ભાગ લેવો પડે છે. જે આનંદનું લીલાધામ થઈ પડે એ જ જીવન યંત્રણાનું કારાગાર બની જાય છે. કારણ કે માણસનાં કાર્યો, કોઈ સ્વૈચ્છિક પસંદગીમાંથી નહિ પણ બહારની પરાધીનતા અને પ્રતિક્રિયામાંથી જન્મે છે. કોઈએ પ્રશંસા કરી, ચિત્ત પ્રસન્ન થયું. કોઈએ નિંદા કરી, ચિત્ત નારાજ થયું. અને એ વૃત્તિથી દોરાઈને આપણે વર્તન કર્યું. આવા ઘટનાચક્રમાં પુરાઈને આપણી ગતિવિધિ થયા કરે છે. એ ચક્ર તોડવું એ જ ચિત્તમુક્તિનું પહેલું પગલું. આ પગલું ભર્યા સિવાય નિત્યના આનંદરાજ્યમાં પ્રવેશ મળતો નથી.

આ મુક્તિ માટે માણસે અનેક માર્ગો શોધી કાઢ્યા છે અને એ માર્ગો પણ ઘણી વાર બંધન બની ગયા છે. મનુષ્યનું ચિત્ત એવી તો અપાર શક્યતાઓવાળું અને જીવંત છે કે તેને કોઈ શાસ્ત્ર કે સિદ્ધાંતમાં પૂરી શકાતું નથી. સહુને માટે કોઈ સહેલો રાજમાર્ગ નક્કી કરી શકાતો નથી. રામકૃષ્ણ કહેતા: 'જત મત, તત પથ' - જેટલા મત એટલા માર્ગ. એટલે માણસે પોતાનો માર્ગ પોતે જ કંડારવો પડે છે અને પોતાની એકાંત શૂન્યતામાંથી નવા જગતનું સર્જન કરવું પડે છે. ચિત્તને રાગદ્વેષમાંથી છોડાવીને સ્વચ્છ કરવા માટે ભક્તિ, જ્ઞાન, કર્મ કે યોગનાં સાધનો અમુક હદ સુધી સહાય કરી શકે, પણ વળી ચિત્તને એક જુદા ચોસલામાં ઢાળી એ બાંધી પણ રાખે છે. જેના હાથમાં વિવેકની તલવાર નથી તે એ બંધનને કાપી આગળ વધી શકતા નથી. રામકૃષ્ણના જીવનનો જ એક દાખલો છે:

રામકૃષ્ણ તોતાપુરી પાસે અદ્વૈતની સાધના કરતા હતા, પણ કેમેય કરી નિર્વિકલ્પ સમાધિ સુધી તેમનું ચિત્ત પહોંચતું નહોતું. નિરાશ થઈને રામકૃષ્ણે કહ્યું: "મારાથી નહીં બને. ધ્યાનમાં બેસું છું ને મારી સામે કાલિ પ્રગટ થાય છે." તોતાપુરીએ કહ્યું: "અરે, ન શું બને?! વિવેકની તલવારથી કાલિનું માથું કાપી નાખ" અને તેમણે પાસે પડેલો કાચનો કટકો લઈ રામકૃષ્ણના ભ્રૂમધ્યે દબાવીને કહ્યું: "અહીં ધ્યાન કેન્દ્રિત કર." રામકૃષ્ણે ધ્યાન કર્યું. કાલિની મૂર્તિ દેખાતાં જ તેમણે તેના મનથી બે કટકા કરી નાખ્યા અને તેમનું મન નિર્વિકલ્પ સમાધિમાં નિમગ્ન થઈ ગયું.

રામકૃષ્ણના જીવનમાં આવા પ્રસંગો બે વાર બન્યા અને તે બંને માણસને અહંની કેદમાંથી અને સાક્ષાત્કારની એકાંગી સીમામાંથી છૂટવાનો સંકેત કરે છે. રામકૃષ્ણને જગદંબાની ઝાંખી નહોતી થતી ત્યારે ઉત્કટ ઝંખનાથી તે કાલિમૂર્તિ પાસે પડેલી તલવારથી પોતાનું માથું ઉડાવી દેવા તૈયાર થયા હતા અને તેમણે તલવાર લેવા છલાંગ મારી કે એ જ પળે કાલિનું ચૈતન્ય-સ્વરૂપ પ્રકાશી ઊઠ્યું. એ જ કાલિ નિર્વિકલ્પ સમાધિને બારણે આડી આવી ઊભી રહી, ત્યારે વિવેકથી રામકૃષ્ણે એના આકારનો ઉચ્છેદ કર્યો, જે નિરાકાર, નિર્વિશેષ, નિરાલંબ, એના આંગણામાં પગ મૂક્યા પછી જ સર્વ આકારોમાં, સર્વ વિશેષતાઓમાં, સર્વ આધારોમાં એ એકની લીલા પ્રીછી શકાય છે. મનુષ્યના ચિત્તની આ સહજ ચિરંતન અવસ્થા. ત્યાં પહોંચ્યા પછી જગતની તો કોઈ બાધા નથી નડતી અને જગદીશના કોઈ એક સ્વરૂપની પણ બાધા નથી રહેતી. આ અગાધ અને અબાધ કાલાતીતને કિનારે ચિત્તને સ્થિર કરવામાં જ મનુષ્યનો પરમ ધર્મ છે. સિદ્ધ સરહપાદ કહે છે.

**'ચીઅ થિર કરિ ધર હુ રે નાઈ, આન ઉપાયે પાર ન જાઈ.**
**નૌવા હી નૌકા ટાનઅ ગુણે, મેલિ મેલિ સહજે જાઉ ન આણે.'**

'હે નાવિક; ચિત્તને સ્થિર કરી સહજને કિનારે તારી નૌકા લઈ ચાલ. રસ્સીથી ખેંચતો જા - બીજો કોઈ ઉપાય નથી.'

ચિત્તની આ સહજ સ્થિરતા કોઈ સ્થગિતતા નથી જ નથી. તેના કેન્દ્રમાંથી અનંત આંદોલનનો પ્રવાહ નીકળ્યા જ કરે છે, છતાં તે વિચલિત થતું નથી. આ પ્રવાહ ગમે તે દિશામાં વહે પણ તેની બંને બાજુ જીવન પાંગરી ઊઠે છે અને આનંદમાંથી આનંદનાં ફૂલો ખીલતાં રહે છે.

આપણે ચિત્તને સ્વચ્છ બનાવતી કોઈ ચોક્કસ સાધનાનો આરંભ કરીએ પણ એનું અનુસંધાન સદાયે પેલા નિર્વિકલ્પ અને નિર્વિશેષ સાથે રહે એ ન ભૂલીએ. કોઈ ખાસ પ્રસંગોમાં ને ખાસ પરિચયોમાં શબ્દોના વાઘા સજીને નહિ પણ આ રોજિંદા, સામાન્ય વહેતા જીવનમાં જ અંતરની પ્રાપ્તિ અબોલ ને અવિરત ઢળતી રહે. આ વિશે ચીની ઝેન સાધુ તાઓ-વુએ પોતાના શિષ્ય ચુંગ-સિનને જે કહ્યું હતું તે જાણે સર્વ જીવનનો સાર છે:

ચુંગ-સિને પોતાના ગુરુ તાઓ-વુની ઘણી સેવા કરી. વરસો વીતી ગયાં પણ ગુરુ પાસેથી બોધિપ્રાપ્તિનો કોઈ ઉપદેશ ન મળ્યો. એક દિવસ ચુંગ-સિને ગુરુને કહ્યું:

"તમારી પાસે આવ્યો ત્યારથી તમે મને કોઈ દિવસ બોધિપ્રાપ્તિનો સાર નથી સંભળાવ્યો."

ગુરુએ કહ્યું, "તું જ્યારથી આવ્યો છે ત્યારથી કોઈ દિવસ હું બોધિ વિશે કહ્યા વિના નથી રહ્યો."

"તમે વળી ક્યારે મને બોધ આપ્યો?"

"કેમ! તું જ્યારે ચાનો પ્યાલો લઈને આવ્યો છો ત્યારે મેં કોઈ દિવસ એને પાછો ઠેલ્યો છે? તેં મને પ્રણામ કર્યા છે ત્યારે માથું નમાવ્યા વિના હું રહ્યો છું? કહે, મેં તને ક્યારે ધર્મનો ઉપદેશ નથી આપ્યો?"

શિષ્ય ક્યાંય સુધી ચુપચાપ ઊભો રહ્યો.

ગુરુએ કહ્યું: "તારે જોવું હશે તો સીધું ને પલકારામાં જોઈ લેવું પડશે, પણ સત્યના સાક્ષાત્કાર વિષે માનસિક ગડમથલમાં પડ્યો તો ધ્યેયથી ઘણો દૂર જઈ પડીશ."

સત્ય જ્યાં વિચારના કે વાણીના પરિવેશો ઉતારીને સીધું જીવનની ભૂમિકા પર ઊતરી આવે છે ત્યાંની આ વાત છે. અને ત્યારે એને સીધું જીવનથી જ ઝીલવું રહ્યું. સિદ્ધ તિલ્લોપાદે માત્ર બે જ પંક્તિમાં આ સ્થિતિ અને ગતિની ગાથા આલેખી આપી છે.

**"ચિત્તાચિત્ત વિવજ્જહુ નિત્ત, સહજ સરૂએં કરહુ રે થિત્ત"**

"ચિત્ત અને અચિત્તને સદાને માટે તજી દે, સહજ સ્વરૂપમાં સ્થિત થઈ જા."

મકરન્દ દવે

# ✻ સોનું અને ધૂળ ✻

સૈકાઓજૂની આ વાત છે. દક્ષિણમાં સંત નામદેવની ઘણી ખ્યાતિ હતી. તેમના અસંખ્ય શિષ્યો અને ભક્તો હતા. એ ભક્તોમાં એક ગરીબ કઠિયારો હતો તેનું નામ 'રાંકા' હતું. તેની પત્ની 'બાંકા' પણ ભક્તાણી હતી. 'રાંકા' જંગલમાં જઈને સૂકાં લાકડાં કાપતો અને તેની બે ગાંસડી બાંધતો, એક પોતે ઉપાડતો અને બીજી તેની પત્ની ઉપાડતી. એ લાકડાના ભારાની જે કિંમત ઊપજતી હતી, તેમાંથી તે પોતાનું ગુજરાન ચલાવતો હતો અને પતિ-પત્ની ઈશ્વરભજન કરીને જીવન વ્યતિત કરતાં હતાં. ચોમાસાના સમયમાં ક્યારેક ક્યારેક જંગલમાં સુકાં લાકડાં નહિ મળવાને કારણે એ દમ્પતિને સાવ ભૂખ્યા રહેવું પડતું હતું. આમ છતાં તે ક્યારેય કોઈની સમક્ષ હાથ લાંબો કરીને યાચના કરતો નહોતો કે આવા કઠણ જીવન માટે ભગવાનને કે નસીબને પણ દોષ દેતો નહોતો.

પોતાના ભક્ત, રાંકા અને બાંકાની ગરીબીથી સંત નામદેવ જ્ઞાત હતા. એની સ્થિતિ સુધરે એ માટે તેમણે પોતાના એક શ્રીમંત ભક્તને સૂચના કરી. શ્રીમંત ભક્તે સોનામહોરો ભરેલી એક થેલી એ રસ્તા પર મૂકી, જે રસ્તેથી રાંકા અને બાંકા લાકડાં કાપવા માટે જતાં હતાં. રાંકાએ સોનામહોરો ભરેલી થેલી રસ્તામાં પડેલી જોઈ, અને એ એના પર ધૂળ નાંખવા માંડ્યો, ત્યાં તેની સ્ત્રી બાંકા આવી પહોંચી. એણે પૂછ્યું, 'તમો શેને ધૂળથી ઢાંકી રહ્યા છો?" રાંકાએ કહ્યું, 'અહિ સોનામહોરોથી ભરેલી એક થેલી પડી છે, મેં વિચાર્યું કે તું પાછળ આવે છે અને આ સોનામહોરો જોઈને તારૂં મન લલચાઈ ન જાય એ માટે હું એને ધૂળથી ઢાંકી દેવા માગતો હતો.'

વૈરાગ્યશીલ બાંકાએ કહ્યું, 'સોના અને ધૂળમાં ફરક શું છે? આપ તો ધૂળથી ધૂળને ઢાંકી રહ્યા છો" અને સોનામહોરો ભરેલી થેલી ત્યાં જ છોડીને એ બન્ને આગળ ચાલ્યાં. શ્રીમંત ભક્ત છૂપી રીતે આ બધું જોતો હતો.

બીજા દિવસે તેણે રાંકાને મદદ કરવા માટે, જંગલમાં પોતાના નોકરોને મોકલ્યા, જંગલમાંથી જેટલાં સુકાં લાકડાં મળ્યાં તે બધાં કાપી કાપીને તેના ભારા બનાવીને ઠેકાણે ઠેકાણે રાખી દીધા, જેથી રાંકાને લાકડાં કાપવાનો અને ભારા બાંધવાનો શ્રામ ન કરવો પડે, પરંતુ જ્યારે રાંકાદંપતી જંગલમાં પહોંચે છે અને જુએ છે કે જ્યાં ત્યાં સુકા લાકડાનાં ભારા બાંધેલાં પડ્યા છે, તો તેમણે વિચાર્યું કે, આ કોઈએ ભારા બાંધીને રાખ્યા હશે, એટલે તેઓ એકેય ભારાને અડક્યા પણ નહીં. અને તે દિવસે આખા જંગલમાં તેમને સુકાં લાકડાં મળ્યાં નહિ. એટલે બન્ને ખાલી હાથે પાછાં ફર્યાં. રાત્રે ભગવાનનું કીર્તન કરી બન્ને જણ ભૂખ્યાપેટે સૂઈ ગયા.

આ વાત સંત નામદેવથી અજાણી નહોતી. એક દિવસ સંત નામદેવ પોતે રાંકા-બાંકાની ઝૂંપડીએ પધાર્યા અને તેમણે આ બન્નેને પરમભક્ત કહીને જ્ઞાનવાણી સંભળાવી. અને ગુરુના આશીર્વાદના કારણે, રાંકા-બાંકાના જીવન ધન્ય બની ગયાં. તેમનું જીવન નખ-શીખ નવા પ્રકાશથી ઉજ્જવલ બની ગયું. તેઓ નિર્ધન હોવા છતાં બીજી રીતે સમૃદ્ધ થઈ ગયાં. અને અંતિમ શ્વાસ સુધી સંતોષપ્રદ અને સમર્પણયુક્ત જીવન તેઓ જીવ્યાં અને અમર બની ગયા.

મૂળ હિંદી — નેમીચન્દ પટોરિયા

અનુવાદક: શાન્તિલાલ ટી. શેઠ

# કાંટા અને ગુલાબ

જીવનમાં જો કાંઈક કરવું હોય તો સૌ પ્રથમ તો આપણે-આપણી દૃષ્ટિ બદલવી જોઈએ. આ પરિવર્તન લાવવા માટે સૌ પ્રથમ તો આપણી આસપાસ જે કંઈ સારું હોય, સુંદર હોય, આનંદદાયક હોય, આપણી શ્રદ્ધા વધારે એવું હોય એ તરફ દૃષ્ટિ માંડતાં શીખવું જોઈએ. આપણે જો પ્રયત્નપૂર્વક આ રીતે જોવાની દૃષ્ટિ કેળવીશું તો આપણને સમજાયા વિના નહિ રહે કે જીવનમાં દૃષ્ટિ છે, દરદ છે, રોગ છે, મુસીબતો છે, મુશ્કેલીઓ છે અને-નિષ્ફળતાઓ પણ છે; પણ એની સાથોસાથ આપણને આનંદ આપે, આપણામાં શ્રદ્ધા પ્રેરે, જીવન પ્રત્યે આપણામાં વિશ્વાસ જાગે અને આપણને ઉત્સાહપૂર્વક આગળ વધવા માટે પ્રેરે એવું પણ ઘણું હોય છે.

જે લોકોની જીવન પ્રત્યેની દૃષ્ટિ સારું જોવાની હોય છે એમને જે કંઈ ખરાબ, વેદનામય હોય છે એ નથી દેખાતું એવું નથી, પણ તેમણે સ્વીકારેલું હોય છે કે, જીવનમાં દુ:ખ અને આનંદ-બન્ને સાથોસાથ ચાલ્યા આવતાં હોય છે. જીવનમાં સુખની અપેક્ષા હશે તો દુ:ખ માટે પણ તૈયાર રહેવું પડશે. સફળતાની અપેક્ષા હશે તો નિષ્ફળતા પણ ક્યારેક આવવાની જ છે. પણ આવનારા દુ:ખ કે આવનારી નિષ્ફળતાનો વિચાર કરીને આજનાં સુખ, આજની સફળતાને પણ રોળીટોળી નાખવાનો અર્થ નથી, એ વાત તેઓ બરાબર સમજી ચૂક્યા હોય છે. એટલે આવા લોકો દુ:ખ કે મુશ્કેલી આવતાં ભાંગીપડતાં નથી. તેઓ એવો વિશ્વાસ ધરાવે છે કે મુશ્કેલીઓ તો આવે છે, પણ મુશ્કેલીઓનો પોતાના લાભમાં કેવી રીતે ઉપયોગ કરવો એ તેઓ જાણતા હોય છે, એટલે મુશ્કેલીઓને પણ તેઓ આગળ વધવાના સાધનરૂપ ગણે છે. તેઓ મુશ્કેલીઓથી, દુ:ખથી ભાંગીપડતા નથી.

આવા લોકો જીવનમાં પોતે નક્કી કરેલા ધ્યેયને પાર પાડી શકે છે. જીવનમાં આનંદ, ઉત્સાહ અને કર્તવ્યનિષ્ઠાને ગુમાવતા નથી. તેઓ તો જીવનમાં જે કંઈ સારું હોય તેના પર જ દૃષ્ટિ રાખે છે. એટલે મુખ્ય વાત તો તમારી દૃષ્ટિ કેવી છે, તમારો જીવન પ્રત્યે અભિગમ કેવો છે એના પર, તમે જીવનમાં આનંદ પામી શકશો કે નહિ, જીવનમાં તમને સુખ ને સુખ-શાંતિ મળશે કે નહિ એનો આધાર છે.

એટલે જીવનમાં કંઈક પ્રાપ્ત કરવું હોય, જીવનમાં ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ આંતરિક સ્વસ્થતા જાળવી રાખવા માગતા હોય એમણે જીવનમાં પોતાની આસપાસ કેવળ કાંટા જ છે, અંધકાર છે એવી દૃષ્ટિ નહિ રાખવી જોઈએ. જીવનમાં કંઈક સિદ્ધિ મેળવવા માટે સૌપ્રથમ આપણે કાંટા નહિ પણ ગુલાબની સુગંધને પામવા તૈયાર થવું જોઈએ. અંધકાર નહિ, પ્રકાશની ઉપાસના કરવી જોઈએ.

—શિવમ્

# મૃત્યુ : સનાતન — શાશ્વત સત્યાનંદ

"......પેલા નયનસુખભાઈ હતા ને; એમનું અવસાન થયું..."

જીવનની પ્રત્યેક ઘટનાઓ, સ્મૃતિસાગર બની, માનસપટ પર છવાઈ જાય છે! દિવસો આથમતા જાય છે અને કોઈક એવીય ઘટનાઓ આકાર લઈ જાય છે, જે જીવનને ન કલ્પી શકાય એવો આંચકો આપી જાય છે! પરંતુ જીવનમાં ત્વરિત ગતિથી છવાયેલી ગમે તેવી ઘટનાને વિસ્મૃતિમંદિરમાં મૂર્તિ બનીને બિરાજવું પડે છે! ભુલાઈ જવાય છે એ ઘટનાઓ- છતાં કોઈ કોઈ ઘટનાઓ આપણા જીવન પર પ્રભાવ પાથરી જાય છે!

કિંતુ મૃત્યુ શું કોઈ ઘટના છે? ના, એ તો એક કટુ સત્ય છે, પ્રકૃતિનો શાશ્વત નિયમ છે!

આટલા "કટુ સત્ય"ની પણ આપણે કેવી ઉપેક્ષા કરી નાખીએ છીએ? જગતનાં ભૌતિક સુખોને શાશ્વત-ચિરંજીવ માની, મૃત્યુ જેવા શાશ્વત અને સત્યના ગીતના અમર સંગીતના કોઈ રાગનું સ્થાન જીવનમાં નહીં!

આપણે બધાં, કોઈક જગ્યાએ મળીએ છીએ : ધરતીના બિછાના પર, શાશ્વત સુખ અનુભવી રહેલી કોઈ વ્યકિતને, સત્યના અમર સંગીતમાં લીન બનીને, જગતની જંજાળમાંથી મુકત બની ગયેલા જીવના સંબંધીઓને "સહાનુભૂતિ" વ્યકત કરીને, પૂર્વ-કાળમાં નિર્માણ થઈ ગયેલા પ્રચલિત બની ગયેલા શબ્દાડંબરોને કેવી સરસ ખૂબીથી આપણે રજૂઆત કરી શકીએ છીએ! જીવનમાં કેવા કેવા અનુભવોમાંથી પસાર થવું પડે છે, એનો ત્યારે જ ખ્યાલ આવે છે!

કોઈ ખોવાઈ ગયેલી વસ્તુને સ્થાને આપણે બીજી એવી જ વસ્તુ ધરી શકીએ, પરંતુ માનવ, શું માનવની ખામી, માત્ર "સહાનુભૂતિ" દ્વારા પૂરી પાડી શકાય છે?

મૃતાત્માની ૩૨ વર્ષની સુંદર પત્ની રડી રહી છે - ગઈ કાલ સુધી એ સધવા હતી: આજે એના જીવનમાં કેટલું મહાન, પણ ભયંકર પરિણામ સર્જાઈ ગયું છે?

રડવાથી શરીર, મન અને હૃદયને આઘાત અનુભવવો પડે છે! અનેક પ્રકારનું કષ્ટ વેઠવું પડે છે, છતાં પણ, એ જાણવા છતાં એ સ્ત્રી રડી રહી છે! અને હા, આપણા પૂર્વજોના કથનાનુસાર, એના રમ્ય હાથોની ચૂડીઓ તૂટી રહી છે, એના સુંદર ભાલ-માંથી ચાંદલો ભૂંસાઈ ગયો છે અને એનાં વસ્ત્રો! જીવનમાંનો જાણે રંગ ઊડી ગયો છે! પચરંગી પોશાક પર કાળાશ છવાઈ ગઈ! પાનેતરનો કાળો રંગ કોઈ સ્ત્રીએ કલ્પ્યો નથી હોતો! સ્ત્રીજીવનનો આવો ભયંકર ઉપહાસ તો આ રામ અને સતી સીતાના દેશમાં જ છે!

આપણા પૂર્વજો, કદાચ સ્ત્રીજીવનના સુખોપભોગના દુષ્ટ શત્રુઓ હશે! પતિના પ્રયાણ પછી, સ્ત્રીનું જીવન એણે પાનખર માન્યું? આવો અન્યાય સ્ત્રીઓને શા માટે? એવો પ્રશ્ન આજ સુધી માત્ર એક જ વાર, સરોજિની નાયડુએ પૂછયો હતો! કોઈ પુરુષે એને જવાબ આપ્યો હતો કે નહીં એની મને જાણ નથી!

અને સ્ત્રીઓ માટે આવા આકરા નિયમો સર્જાયાથી, જેમ પુરુષ પોતાની પીડા જગતને સંભળાવતો રહે છે, તેમ સ્ત્રી એને, અંતરના ખૂણામાં જાળવી રાખવા જેટલી સહનશીલ બની ગઈ હશે!

અને મૃત્યુ જેટલી સત્ય વાત એ પણ છે, કે પતિના ત્વરિત મૃત્યુવેળા સ્ત્રી જો ન રડે તો, સમાજ એનો એ અપરાધ સહન કરી શકશે?

"કોઈ દિવસ એણે, કોઈનું અનિષ્ટ કર્યું નહોતું! સરળ સ્વભાવના હતા એ!" મરણ પછીની ક્રિયામાં, એક વ્યકિતએ કહ્યું, મેં એના તરફ જોયું. તે એનો કટ્ટર વિરોધી હતો! પરંતુ આજ તો તે આલોચના, પ્રત્યાલોચના, ક્રોધ, દ્વેષ અને શંકાથી પર હતો.

કહે છે, મૃત્યુમાં ભયાનકતા હોય છે! મેં એના જડ દેહનું બરાબર નિરીક્ષણ કર્યું હતું! એનું શબ કોઈ અગમ્ય ચિત્રકાર દ્વારા ચિત્રિત, શાન્ત પ્રતિમા જેવું લાગતું હતું, જો કે મને પળેપળે એવો આભાસ પણ થતો હતો કે, કદાચ હમણાં અંગ-ડાઈ લઈને, કાંઈ કહેવા પ્રેરાશે! પરંતુ ભયંકર શાન્તિમાં, રુદનનું વાતાવરણ એક વિચિત્રતા લાગતી હતી!

હું વિચારી રહ્યો છું:

જ્યારે એ બાળક હતો, ત્યારે એના રુદનમાંથી કોઈ શાશ્વત ભાવ ટપકતો હતો! હાસ્યમાં મધુર સંગીત!

"જ્યારે એ યુવાન બન્યો ... એની કાયામાં ભૌતિક સુખ અને અન્ય ભાવનાઓએ કરવટ લેવા માંડી...જીવનની પ્રત્યેક પળોમાં એક પ્રકારની ખુમારી, ખંત અને સ્વપ્નાઓની વણઝાર-માંથી એકાદ સાકાર સ્વરૂપ ધારણ કરીને, એને જીવાડી રહ્યું હશે!

"ગૃહના દ્વારમાં શરણાઈઓ વાગી હશે ત્યારે, એના અંતરે ન કલ્પી શકાય એવા અગમ્ય ભાવથી લાગણીઓ જન્માવીને, જીવનસંસારનું પ્રથમ ગીત સંભળાવ્યું હશે!

પરંતુ આજે સમયની વીણા ઉપર, મૃત્યુની કોમળ આંગળીઓ ચિરંતન સત્ય-ધ્વનિનો નાદ સર્જે છે!

જાણે એ એક વાર્તા હતો! જાણે એક સ્વપ્નું આવ્યું હતું! શું આ એ જીવન છે, જેનો આપણને અત્યંત મોહ છે!

જાણે પેલા કઠોર પણ સત્ય શબ્દો : "રામનામ સત્ય છે!" ગલીઓ અને સડકોની નિ:સ્તબ્ધતાનો ભંગ કરી, અમે સ્મશાન તરફ જઈએ છીએ!

જાણે યૌવનસંગીતના માદક સ્વર દૂર દૂર વાયુમાં વિલીન થઈ રહ્યા છે! આટલી વિશાળ દુનિયામાં જાણે મૃત્યુ જ એક ઉપહાસ છે!

રાગ, દ્વેષ, મોહ અને વાસનાનો સંસાર નિશ્ચિત ગતિથી ચાલ્યો જાય છે! દિવસો ઢળતા જાય છે, ઘટનાઓ બનતી જાય છે અને એ ઘટનાઓ સમાપ્ત થતી જાય છે!

એક દિવસ, કોઈ પણ કાળે- વય-અપવાદે - મૃત્યુના સમ-દરમાં, એક બુંદ બની સમાઈ જવાનું છે એવું વિચારવા માટે, જડ સંસારમાં અવકાશ પણ કયાં છે?

—ને મને પેલા વિદ્વાનના શબ્દો યાદ આવી જાય છે :

"જે સમયે ઘટના ઘટે છે, માનવ આંખો દ્વારા એને જુએ છે; ત્યાં સુધી જ એ ઘટનાની અસર એના ઉપર છવાઈ જાય છે: પરંતુ વિસ્મૃતિનાં વાદળાઓમાં જ્યારે બની ગયેલી બધી ઘટનાઓ વિલીન બની જાય છે ત્યારે આકાશ વિશાળ અને સ્વચ્છ લાગે છે, પરંતુ સાચી દષ્ટિએ એ આભાસ છે! અને 'આભાસ' જીવનનો આધાર બની જાય છે! પરંતુ મૃત્યુના આગમને એ આભાસનું આકાશ ચીરાઈ જાય છે- ક્ષણભરમાં વીજળીવેગે મૃત્યુ આવી જાય છે!

"આભાસ" જ મૃત્યુનો શાશ્વત આનંદ છીનવી જાય છે! જીવન જેટલું જ મૃત્યુનું મહત્ત્વ સમજીએ તો મૃત્યુ પણ જીવનના સાચા શાશ્વત આનંદ જેવું લાગે!

ગુણવંત ભટ્ટ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૧૯૭૩ના ઑગસ્ટની ૨૪મી તારીખ શુક્રવારથી, સપ્ટેમ્બરની ૧લી તારીખ શનિવાર સુધી—એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. **રમણલાલ ચી. શાહ** શોભાવશે. આ વ્યાખ્યાનસભાઓ 'ભારતીય વિદ્યાભવન'માં ભરવામાં આવશે. દરેક સભા સવારે ૮-૩૦ વાગ્યે સમયસર શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| તારીખ | | વ્યાખ્યાતા | વ્યાખ્યાન વિષય |
|---|---|---|---|
| શુક્રવાર | ૨૪-૮-૭૩ | ડૉ. ભગવાનદાસ મહેતા | જિનેશ્વર ભગવાનનો મહિમાતિશય |
| ,, | ,, | પ્રા. શ્રીમતી ધૈર્યબાળાબહેન વોરા | યોગઃ કર્મસુ કૌશલમ્ |
| શનિવાર | ૨૫-૮-૭૩ | શ્રી કાન્તિલાલ કાલાણી | કુરલ |
| ,, | ,, | ફાધર વાલેસ | પ્રાર્થના અને ધ્યાન |
| રવિવાર | ૨૬-૮-૭૩ | શ્રી પ્રબોધ ચોકસી | ટ્રસ્ટીશિપની ગાંધીવિભાવનાનો વૈજ્ઞાનિક વિનિયોગ |
| ,, | ,, | શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર | લોકશાહી, રાજકીય પ્રશ્નો અને નાગરિકો |
| સોમવાર | ૨૭-૮-૭૩ | પ્રા. રમેશ ભટ્ટ | જીવનમાં શ્રદ્ધાનું સ્થાન |
| ,, | ,, | શ્રી નવલભાઈ શાહ | ગાંધીજી અને આધ્યાત્મિકતા |
| મંગળવાર | ૨૮-૮-૭૩ | ડૉ. રમણલાલ શાહ | કર્મસિદ્ધાંત |
| ,, | ,, | શ્રીમતી મૃણાલિની દેસાઇ | મીરાંબાઈ |
| બુધવાર | ૨૯-૮-૭૩ | વૈદ્ય પ્રાગજીભાઈ રાઠોડ | આપણાં પર્વો અને આરોગ્ય |
| ,, | ,, | શ્રી દલસુખભાઈ માલવણિયા | જૈનદર્શન અને જીવનસાધના |
| ગુરુવાર | ૩૦-૮-૭૩ | શ્રી ભંવરમલ સિંઘી | ધર્મ, અર્થ, કામ અને મોક્ષ |
| ,, | ,, | શ્રી મનુભાઈ પંચોળી (દર્શક) | યહૂદીઓ અને યહૂદીધર્મ |
| શુક્રવાર | ૩૧-૮-૭૩ | શ્રી રોહિત મહેતા | શંકરાચાર્યનું ભજગોવિંદમ્ અને આજનો યુગધર્મ |
| ,, | ,, | શ્રીમતી શ્રીદેવી મહેતા | |
| શનિવાર | ૧-૯-૭૩ | શ્રી નારાયણ દેસાઇ | માનવીય ક્રાન્તિ |
| ,, | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | આચારધર્મ |

ઉપરના દરેક વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને અમારું પ્રેમભર્યું નિમંત્રણ છે.

## ☆ અમારી વાત ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા છેલ્લાં ૪૪ વર્ષથી એકધારી ચાલી રહી છે. આ વ્યાખ્યાનમાળા એકધારી અને અવિરતપણે ચાલે છે, કારણકે એની પાછળ સૌનો હાર્દિક સહકાર છે, સૌની શુભેચ્છા છે, સૌના આશીર્વાદ છે.

અમને અતૂટ શ્રદ્ધા છે કે આ વખતની વ્યાખ્યાનમાળા પણ પ્રતિ વર્ષની જેમ જ ચઢિયાતી જશે, સફળ થશે. અને એવી સફળતા જ અમને વધારે કાર્યક્ષમ બનવા માટેનો ઉત્સાહ પ્રેરશે.

સંઘદ્વારા ચાલતી પ્રવૃત્તિઓ (૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા (૨) વસંત વ્યાખ્યાનમાળા (૩) શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય (૪) વૈદ્યકીય રાહતકેન્દ્ર (૫) પાક્ષિક સામયિક 'પ્રબુદ્ધ જીવન' (૬) વિશિષ્ટ વ્યક્તિઓનાં વાર્તાલાપો-સ્નેહમિલનો અને સેમીનારો—યથાવત ચાલે છે. આજે હવે આપણે સૌએ સાથે મળીને સંસ્થાનો વિકાસ સાધવાનો છે. આપણે સંસ્થા પ્રત્યેની ફરજો પૂરેપૂરી અદા કરવાનો સંકલ્પ કરીએ. આ વર્ષે આપણે સંઘસંચાલિત દરેક પ્રવૃત્તિઓ માટે રૂપિયા ૨૫ હજાર ભેગા કરવાના છે. તો આપણે સૌ—આપ અને અમે—સંઘને ઉદાર રકમનો ફાળો આપીને પ્રાણવાન બનાવીએ.

આને લગતી શરૂઆત, વર્ષોથી ચાલી આવતી પ્રણાલી મુજબ, સંઘની કાર્યવાહક સમિતિએ પોતાથી જ કરી છે— અને ત્યાર બાદ અમો, આપ શ્રોતાઓ સમક્ષ અમારો હાથ લંબાવીએ છીએ— અમારા લક્ષ્યાંક મુજબની અમારી ઝોળી છલકાવી દ્યો એવી અપેક્ષા સાથે. અમને પૂરી શ્રદ્ધા અને આશા છે કે અમોને આપનો સહકાર મળી જ રહેશે.

રૂપિયા ૨૫૧) ભરીને હવે સંઘના "લાઈફ-મેમ્બર"—"આજીવન સભ્ય" પણ બની શકાય છે. તો દરેક સંઘના શુભેચ્છક તેમ જ ચાલુ સભ્યોને અમારી નમ્ર પ્રાર્થના છે કે તેઓ સંઘના આજીવન સભ્ય બને અને પોતાના મિત્રોને આજીવન સભ્ય બનાવે અને એ રીતે સંઘ પ્રત્યેની પોતાની શુભ ભાવના વ્યક્ત કરે. સુજ્ઞ ભાઈ—બહેનોને વધારે કહેવાનું હોય જ નહિ.

ફંડને લગતા નાણાં ચેકથી મોકલનારે Bombay jain yuvak Sangh એ નામે મોકલવાં.

**કાર્યાલય :**
૩૮૫, સરદાર વી. પી રોડ,
વનિતા વિશ્રામ સામે,
મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૭૩ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## 卐 સંવત્સરી 卐

**खामेमि सव्वे जीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केण इ ।।**

હું સર્વ જીવો પાસે ક્ષમા માગું છું, સર્વ જીવો મને ક્ષમા આપે, સર્વ જીવો પ્રત્યે મને મૈત્રીભાવ છે, કોઈ જીવ પ્રત્યે મને વેર-વિરોધ નથી.

સંવત્સરી પર્વાધિરાજ છે. પર્યુષણ આઠ દિવસ મનાવીએ છીએ, પણ ખરી રીતે એક જ દિવસ મહાન પર્વ છે–સંવત્સરી. તે દિવસનો મહિમા લોકોને સમજાવવા અને એ મહાન દિવસ આવી રહ્યો છે તેની યાદી આપવા, એક મહિના પહેલાં શરૂઆત થાય છે. હવે મહિનાનું ઘર છે. એટલે કે તે પવિત્ર દિવસ એક મહિના પછી આવી રહ્યો છે, પછી પંદરનું ઘર કર્યું, પછી અઠ્ઠાઈઘર–આઠ દિવસ રહ્યા. પણ એ દિનની મહત્તા પૂરી સમજીએ તે માટે આઠે દિવસને ધાર્મિક ગણી, આઠ દિવસના પર્યુષણ ગણ્યા.

આવા આ પવિત્ર દિને શું કરીએ? સંવત્સરી પ્રતિક્રમણ અને ક્ષમાપના. વર્ષ દરમ્યાન થયેલ પાપો માટે પ્રાયશ્ચિત્ત અને થયેલ અપરાધની ક્ષમાપના. લાખો જૈનો આ દિવસે પ્રતિક્રમણ કરે છે, ક્ષમાપના કરે છે. **मिच्छामि दुक्कडं**–મારાં કરેલ દુષ્કૃત્યો મિથ્યા થાવ.

કોઈપણ ક્રિયા વર્ષો સુધી એકધારી રીતે કરતા આવીએ એટલે તે રૂઢ અને જડ થઈ જાય છે. તેનો પ્રાણ ઊડી જાય છે. પછી તે એવી રીતે થાય છે કે હાંસીપાત્ર બને છે. તેની પૂરી સમજણ જેને ન હોય તેને શ્રદ્ધા ન રહે. તેથી કેટલાક છોડી દે, તો મોટાભાગના લોકો યંત્રવત્ કરી જાય. પથ્થર ઉપર બહુ પાણી પડે તો લીસો થઈ જાય, આપણે પણ એવા લીસા થઈ જઈએ કે બધું સરી જાય.

આ દિવસ અંતરનિરીક્ષણનો છે, જીવનશુદ્ધિનો છે. ક્ષમાપના કરતા જે પ્રાર્થના કરીએ છીએ તે મથાળે લખેલ ગાથામાં બતાવી છે. બધા જીવો પાસે, થયેલ અપરાધની ક્ષમા માટે પ્રાર્થના છે. બીજા ચરણમાં પોતાના તરફથી ખાતરી આપવામાં આવે છે કે સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ છે, કોઈ જીવ પ્રત્યે વેરભાવ નથી. આ ક્ષમાપના અને મૈત્રીભાવ માત્ર મનુષ્ય પ્રત્યે જ નથી. સર્વ જીવો–સમસ્ત સજીવસૃષ્ટિ પ્રત્યે છે. ક્ષણભર વિચાર કરીશું તો જણાશે કે આ કેટલી ઉદાત્ત અને ભવ્ય ભાવના છે, અને તે સાથે કેટલી કઠિન છે. જે મહાપુરુષોએ આવી વિશ્વ-મૈત્રીની ભાવના ભાવી અને આચરી બતાવી, તેમણે સમસ્ત જીવસૃષ્ટિ-સાથે એકાત્મભાવ અનુભવ્યો.

અન્ય ધર્મોમાં પણ આવો બોધ છે.

ધમ્મપદમાં કહ્યું છે:

**अक्कोच्छिमं अवधि मं अजिनि मं अहासि मे**
**ये तं उपनय्हिन्ति वेरं तेसं न सम्मति ।**

મને ધમકાવ્યો, મને માર્યો, મને જીત્યો, મને લૂંટયો, આ પ્રકારની ગાંઠ જે પોતાના મનમાં બાંધી રાખે છે તેનું વેર કદી શાન્ત થતું નથી.

**न हि वेरेन वेरानि सम्मन्तीध कुदाचनं**
**अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ।**

આ સંસારમાં વેરથી વેર કદી શાન્ત થતું નથી. અવેરથી જ વેર શાન્ત થાય છે. આ સનાતન ધર્મ છે.

**अकोद्धेन जिने कोधं, असाधुं साधुना जिने ।**
**जिने कदरियं दानेन, सच्चेन अलीकवादिनं ।**

અક્રોધથી ક્રોધને જીતવો. સાધુતા (ભલાઈ)થી અસાધુને જીતવો. દાનથી કૃપણને જીતવો. સત્યથી જૂઠને જીતવું.

ગિરિપ્રવચન, ક્રાઈસ્ટના ઉપદેશનો સાર છે. તેમાં કહ્યું છે:

Ye have heard that it was said by them of old time, Thou shalt not kill; and whosoever shall kill shall be in danger of judgement; but I say unto you, That whosoever is angry with his brother without a cause shall be in danger of the judgement.

જૂના કાળમાં એમ કહ્યું છે કે કોઈની હિંસા ન કરવી. જે કોઈ હિંસા કરશે તેણે તેનું ફળ ભોગવવું પડશે. પણ હું તમને કહું છું કે, જે કોઈ વિનાકારણ પોતાના ભાઈ સાથે ગુસ્સો કરશે તેણે (માઠું) ફળ ભોગવવું પડશે.

હિંસા કરવી અને ક્રોધ કરવો–બન્ને સમાન અપરાધ છે.

Ye have heard that it hath been said, Thou shalt love thy neighbour and hate thine enemy. But I say unto you, love your enemies, bless them that curse you, do good to them that hate you, and pray for them which despitefully use you and persecute you....... For if ye love them which love you, what reward have ye?

તમે સાંભળ્યું છે કે એમ કહેવામાં આવ્યું છે કે તારા પડોશી સાથે પ્રેમથી વર્તવું અને તારા દુશ્મનને ધિક્કારવો. પણ હું તમને કહું છું કે તમારા દુશ્મન સાથે પ્રેમથી વર્તવું, તમને શાપ આપે તેને આશીર્વાદ આપવો, તમને ધિક્કારે તેનું ભલું કરવું અને તમને પરેશાન કરે અથવા તિરસ્કાર કરે તેને માટે પ્રાર્થના કરવી... તમારા પ્રત્યે પ્રેમથી વર્તે તેની સાથે પ્રેમથી વર્તન કરો તેમાં શું વિશેષ કર્યું?

તમારા દુશ્મન સાથે પણ પ્રેમથી વર્તન કરો તો વિશેષ કર્યું ગણાય. આ ઉપદેશમાં રહેલ જીવનદર્શન ન સમજીએ ત્યાં સુધી તેની સાર્થકતા ન સમજાય, તેનું આચરણ કરી ન શકીએ. માણસનો મોટો દુશ્મન અહંકાર છે. 'પાપમૂલ અભિમાન,' તુલસીદાસે કહ્યું છે. અહંકારથી ક્રોધ આવે છે, હિંસા થાય છે, વેરઝેર થાય છે, સર્વ કષાયનું મૂળ છે.

આ ઉપદેશનો સાર છે અહંકારને ગાળી નાખવાનો, અહંકારથી માણસ બીજાથી જુદાઈ અનુભવે છે. નમ્રતાથી એકતા અનુભવે છે. માણસ જેટલે દરજજે પોતાની જાતને બીજાથી જુદો માને તેટલે

દરજ્જો બીજા તેનાથી જુદાઈ કેળવે છે અને પરસ્પર સંઘર્ષ થાય છે. એક ગુણમાં બધા ગુણ સમાય છે. એક દુર્ગુણથી બધા દુર્ગુણ આવે છે. અહંકારને ગાળવાનો મોટો કીમિયો નમ્રતા છે—પછી તેને વિવેક કહીએ, વિનય કહીએ.

પણ નમ્રતા નથી કેળવાતી, કારણકે ભય લાગે છે કે રખે એ પોતાની નિર્બળતા લેખાશે. અને નિર્બળતાથી નમ્રતા જન્મી હોય તો તે દંભ છે, નિરર્થક છે. નિર્બળતાને ઢાંકવા નમ્રતાનો દંભ ન કરવો. તેથી માણસ વધારે નિર્બળ, વેવલો થાય છે. આંતરિક બળ, આત્મતેજમાંથી નમ્રતા, ક્ષમા, ઊગવાં જોઈએ. કષાયની ઉપશાંતતા હોય તો જ બને. બીજી રીતે, નમ્રતા, ક્ષમા કષાયની ઉપશાંતતાનું કારણ બને છે. પણ માણસ એમ માને છે કે આવેશ વિના, આવેગ વિના આસક્તિ વિના કામ સફળ ન થાય. આવેશ નિર્બળતાની નિશાની છે તે અનુભવથી સમજાય. તેની પ્રતિક્રિયા સામી વ્યક્તિમાં આવેશ જન્માવે છે. ક્ષમા, નમ્રતાનો અર્થ એમ નથી કે અન્યાય સહન કરવો, અથવા અન્યાયનો પ્રતિકાર ન કરવો. અન્યાય મૂંગે મોઢે સહન કરવાથી અન્યાયીને ઉત્તેજન મળે છે. એ ખરું છે કે એક વિચારધારા એવી છે કે, અન્યાયનો પ્રતિકાર ન કરવો. Resist not evil. એક ગાલે તમાચો મારે તો બીજો ગાલ ધરવો. અથવા આવી પ્રવૃત્તિઓથી દૂર રહેવું. આ નિવૃત્તિલક્ષી વિચારધારા છે જેણે સંસારનો ત્યાગ કર્યો છે એવા સાધુપુરુષો માટે કદાચ આ શકય હશે. તેથી સાધુ માટે મહાવ્રત, શ્રાવક માટે અણુવ્રત છે. સવાલ એ છે કે અન્યાયનો પ્રતિકાર કરવો હોય તો કયા સાધનોથી કરીશું?

ભગવાન બુદ્ધે કહ્યું કે અક્રોધથી ક્રોધ શમે, અવેરથી વેર શમે, અગ્નિથી અગ્નિ ઠરે નહિ, પાણીથી જ ઠરે. ગાંધીજીએ પણ આ જ કહ્યું છે. મનની આવી સ્થિતિ થવી લાંબી સાધના માગે છે, શ્રદ્ધાની જરૂર છે. સાથે આવા માનસિક વલણમાં ત્યાગ અનિવાર્ય છે. નૈતિક વિજય મેળવવો હોય તો ભૌતિક લાભ જતો કરવો પડે. જનરલ સ્મટ્સ સાથે ગાંધીજીએ સમાધાન કર્યું કે કાયદાના દબાણથી નહિ પણ સ્વેચ્છાએ હિન્દીઓ અંગુઠાની છાપ આપશે. મીર કાસીમ આ ભેદ સમજી ન શકયો. ગાંધીએ દગો દીધો એમ તેને લાગ્યું અને ગાંધીજી ઉપર હુમલો કર્યો. જીવનનો આ અભિગમ ભૌતિક લાભ કરતા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યની વધુ કિંમત કરે છે. તે સમજીએ ત્યારે મહાવીર, બુદ્ધ કે ક્રાઈસ્ટે કહ્યું છે તે સમજાય.

તા. ૨૬-૮-૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

# પ્રકીર્ણ નોંધ

## મુંબઈમાં ડૉકટરોની હડતાળ

સરકારી અને સુધરાઈની હૉસ્પિટલોમાં કામ કરતા મુંબઈના લગભગ ૧૫૦૦ ડૉકટરો ૧૧ દિવસથી હડતાળ ઉપર છે. બે દિવસથી વાટાઘાટો ચાલે છે. આ લખાય છે ત્યારે સમાધાનના માર્ગો શોધાઈ રહ્યા છે. ડૉકટરોની માગણી યોગ્ય પગારની અને તેમને રહેવાની અને જમવાની યોગ્ય સગવડો માટે છે. આ બધા ડૉકટરો પોતાનો અભ્યાસ પૂરો કરી, હૉસ્પિટલમાં એક અથવા બે વર્ષ અમુક વિષયના વિશેષ અભ્યાસ માટે અથવા અનુભવ માટે આવેલ હોય છે. કાયમી નોકરીમાં નથી. પણ ઓનરરી ડૉકટરોને મદદ કરે, અને દરદીઓની દેખરેખ રાખે અને ઓનરરીની સૂચનાઓ મુજબ દરદીઓની સારવાર કરે. તેમણે હૉસ્પિટલમાં જ રહેવું પડે છે અને ત્યાં જ જમવું પડે છે. આવા ડૉકટરો વિના મોટી હૉસ્પિટલ ચાલે નહિ. આઠ વર્ષ સુધી અભ્યાસ કરી, ખૂબ ખર્ચ કરી ડૉકટર થાય અને પછી બીજાં એક-બે વર્ષ આ રીતે કામ કરવું પડે ત્યારે તેમને યોગ્ય વેતન અને રહેવા-જમવાની સગવડ મળે એટલું તો ઓછામાં ઓછું હોવું જોઈએ, તેમનું શોષણ થવું ન જોઈએ. અત્યારે તેમને વેતન આપવામાં આવે છે તે બેંક કે મોટી કંપનીમાં એક સિપાઈને મળે તેથી પણ ઓછું છે. એ પણ સ્વીકારવામાં આવે છે કે તેમને રહેવા-જમવાની સગવડ ખૂબ ખામીભરી છે. એક રૂમમાં પાંચ-સાતને રહેવું પડે. ૮-૧૦ વચ્ચે ૪-૫ ખાટલા હોય. સેનિટરી સગવડો ગંદી હોય. જમવાની મેસમાં ખોરાક બરાબર ન હોય. કામનો બોજો ઘણો વધારે હોય છે. ડૉકટરોની માગણીઓના વાજબીપણા વિશે ઈનકાર કરાય તેમ નથી. તેમાંના બધા પૈસાવાળા નથી હોતા. આ માગણીઓ વર્ષોથી થઈ રહી છે. છેવટ હડતાળનો આશ્રય લેવો પડયો. હમેશ બને છે તેમ સરકારે સખત હાથે કામ લઈ ડૉકટરોને દબાવવાનો પ્રયત્ન કર્યો. હડતાળને ગેરકાયદેસર જાહેર કરી, જેથી તેમની ધરપકડ થઈ શકે. કાયદાની વિડંબના થઈ. કેટલાને પકડે? રાતોરાત તેમને રહેવાની જગ્યામાંથી કાઢી મૂકયા. કોર્ટબાજી શરૂ થઈ. આ ડૉકટરોની માગણીઓ માટે બીજા ડૉકટરોની, વિદ્યાર્થીઓની, અને હૉસ્પિટલ સાથે સંકળાયેલા બીજા કર્મચારીઓની પૂરી સહાનુભૂતિ છે. મેડિકલ એસોસિયેશનના પ્રમુખે દેશવ્યાપી આંદોલનની ચેતવણી આપી છે.

આ અને આવી બીજી હડતાળો સમગ્ર પ્રજાજીવન માટે કેટલાક અગત્યના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે.

હડતાળ ન પડે અને આંદોલન ન જાગે ત્યાં સુધી કોઈ દાદ - ફરિયાદ સાંભળે જ નહિ? બધી હડતાળો વાજબી હોય છે તેમ નથી. હડતાળ પડે પછી વટનો સવાલ થાય. પહેલાં હડતાળ પાછી ખેંચો પછી વાટાઘાટ કરીશું, દબાણને વશ નહિ થઈએ. જવાબ મળે કે, પછી કોઈ સાંભળવાનું નથી. મુખ્ય મંત્રી શ્રી વસંતરાવ નાઈકે કહ્યું કે સરકારની આર્થિક સ્થિતિ હાલ વધારે બોજો ઉઠાવી શકે તેમ નથી. એપ્રિલ મહિના પછી વિચાર કરીશું. સરકારની આર્થિક સ્થિતિ સારી ન હોય તો પ્રજાના બધા વર્ગોએ ભોગ આપવાનો હોય કે માત્ર ડૉકટરોએ? સરકારી લખલૂટ ખરચા ચાલુ રહે તો આ દલીલ કેમ ગળે ઊતરે?

સામાન્ય મજૂરો હડતાળ પાડે અને બુદ્ધિજીવી વર્ગ હડતાળ પાડે તેમાં ફેર છે. વર્તમાનમાં, બુદ્ધિજીવી વર્ગની હડતાળો વધતી જાય છે. વીજળી ખાતાના એન્જિનિયરો, બૅંકના કારકુનો અને ઉપલા વર્ગના અમલદારો, વિમાની એન્જિનિયરો અને પાયલટો, શિક્ષકો, ડૉકટરો વગેરે. એમાંની કેટલીક હડતાળો સર્વથા ગેરવાજબી હોય છે. અગત્યના સ્થાન ઉપર હોય તેનો લાભ ઉઠાવી દબાણ લાવવાનો ઈરાદો હોય છે. સામાન્ય રીતે જે વર્ગને પોતાના જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો કરકસરથી પૂરી પાડી શકાય તેટલો પગાર મળતો હોય કે આવક હોય તેણે હડતાળ ઉપર જવું ન જોઈએ. બીજા શાન્તિમય માર્ગોએ પોતાની માગણીઓ જો યોગ્ય હોય તો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. દાખલા તરીકે માસિક રૂપિયા ૫૦૦-૬૦૦ જેટલો જેને પગાર મળતો હોય તેણે હડતાળનું અંતિમ પગલું લેતા પહેલાં બીજા બધા માર્ગો અપનાવવા જોઈએ. રૂપિયા બે હજાર અને તેથી વધારે પગાર મળતો હોય તેવા પણ હડતાળ પાડે તે સર્વથા ગેરવાજબી છે. આવી હડતાળોથી સમસ્ત પ્રજાને નુકસાન થાય છે.

જયાં માગણી દેખીતી રીતે જ વાજબી હોય, પેટપૂરતી આવક પણ ન હોય ત્યાં એવી માગણી બને તેટલી સંતોષવા પ્રયત્ન થવો જોઈએ.

વર્તમાન આર્થિક સંજોગોમાં ચારે તરફ બધાને મુસીબતો છે. સૌએ કરકસર અને સંયમ જાળવવાનાં છે. એક જ વર્ગને પેટે પાટા બાંધવાનું કહેશું તે ચાલશે નહિ. તેમ દરેક વર્ગ પોતાનો જ સ્વાર્થ જુએ તે પણ ચાલશે નહિ.

## ભારત-પાક મંત્રણાઓ

આ લખાય છે (તા. ૨૮) ત્યારે આ મંત્રણાઓ છેલ્લા તબક્કામાં છે અને સમાધાનની પૂરી આશા છે. મંત્રણામાં ત્રણ પક્ષો છે: ભારત,

પાકિસ્તાન અને બંગલાદેશ. પણ મંત્રણાઓ બે પક્ષો વચ્ચે જ થાય છે. ગેરહાજર પક્ષને પૂછયા વિના અથવા તેની સંમતિ વિના આગળ વધાય તેમ નથી. તેથી ભારત કફોડી સ્થિતિમાં છે. સિમલાકરાર પછી, ધાર્યા પ્રમાણે તેનો અમલ ન થયો. છેવટ ભારત અને બંગલાદેશે મળી માનવતાના ધોરણે મુખ્ય ત્રણ સંયુકત દરખાસ્તો કરી. પાકિસ્તાનના બંગાળીઓને બંગલાદેશ જવા દેવા, બંગલાદેશમાં રહેતા બિહારીઓને પાકિસ્તાને પાછા લેવા, જેના ઉપર યુદ્ધના અપરાધો માટે અદાલતી તપાસ કરવી છે એવા ૧૯૫ યુદ્ધકેદીઓ બાદ કરી બીજા ૯૦ હજાર યુદ્ધકેદીઓ ભારત પાછા સુપરત કરે. કોઈપણ યુદ્ધકેદી ઉપર બંગલાદેશ અદાલતી તપાસ કરે તેમાં પાકિસ્તાન વિરુદ્ધ છે. નહિ તો બંગાળીઓ ઉપર એવી તપાસ કરવાની ધમકી આપી છે. બંગલાદેશમાં વસતા બિહારીઓ ત્યાંના નાગરિકો છે, તેમને પાછા લેવા પાકિસ્તાન તૈયાર નથી. ભારતે બધા યુદ્ધકેદીઓ તુરત પાછા સોંપી દેવા જોઈએ તેવી પાકિસ્તાનની માગણી છે. વિશ્વમત આ માગણીને મોટે ભાગે ટેકો આપે છે અને ભારત ખોટી રીતે યુદ્ધકેદીઓને રોકી રહ્યું છે એવો જોરદાર પ્રચાર છે. યુદ્ધકેદીઓને રાખવામાં ભારતને કાંઈ જ લાભ નથી, બલ્કે રોજનું દસ લાખનું ખર્ચ છે. આટલા મહિનામાં કરોડોનું ખર્ચ થયું. ખરી રીતે આ ત્રણે પ્રશ્નો સીધી રીતે પાકિસ્તાન અને બંગલાદેશ વચ્ચેના છે. પણ પાકિસ્તાન બંગલાદેશને સ્વીકૃતિ ન આપે ત્યાંસુધી શેખ મુજીબુર રહેમાન, મિ. ભૂતો સાથે કોઈ વાટાઘાટ કરવા તૈયાર નથી. તેથી ભારતની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી છે. ભૂતો આવી રમતમાં હુશિયાર છે: ૧૯૫ યુદ્ધકેદીઓ રાખી બાકીના પાછા સોંપી દેવામાં કોઈ મુસીબત ન હોવી જોઈએ. પણ પછી બિહારીઓને પાછા લેવા ભૂતો ઉપર કોઈ દબાણ ન રહે અને પાકિસ્તાનમાં રહેલ બંગાળીઓ રખડી જાય. બન્ને દેશમાં લાખો કુટુંબો ભૂંડે હાલ છે—બંગાળમાં બિહારીઓ અને પાકિસ્તાનમાં બંગાળીઓ. યુદ્ધકેદીઓનાં ૯૦ હજાર કુટુંબો ટળવળે છે અને આપણે દર મહિને ૩ કરોડ ખરચવા પડે છે. આમાં કોની માગણી વધારે વાજબી કે ગેરવાજબી છે તે નક્કી કરાય તેમ નથી. બન્ને પક્ષે દલીલ થઈ શકે તેવું છે. હવે થાકીને કાંઈક નરમ પડયા છે. એમ લાગે છે કે ૧૯૫ યુદ્ધકેદીઓની અદાલતી તપાસ મુલતવી રાખવામાં આવશે. ત્યાં સુધી આપણે જ તેમને પાલવવા પડશે? ઠીકસંખ્યામાં બિહારીઓને પાકિસ્તાન પાછા લેશે. બંગાળીઓને બંગલાદેશ જવાની છૂટ મળશે. પછી કદાચ ભૂતો બંગલાદેશને સ્વીકૃતિ આપશે, એટલે બાકીના પ્રશ્નો માટે પાકિસ્તાન અને બંગલાદેશ વચ્ચે સીધી વાટાઘાટનો માર્ગ ખુલ્લો થશે. આવા જટિલ પ્રશ્નોમાં બધાને પૂરો સંતોષ થાય એવો માર્ગ તુરત નીકળવો શકય નથી. જેટલું થાય તેટલાથી શરૂઆત કરવી. વખત વખતનું કામ કરશે અને છતાં હજારો, કદાચ લાખો બંગાળી અને બિહારી કુટુંબોની યાતનાઓ ચાલુ રહેશે.

(**પૂરક નોંધ:** આ લખાયા પછી સમાધાન થયું છે અને લગભગ અહીં જણાવ્યું છે તે ધોરણે થયું છે. એકંદરે ત્રણે દેશમાં સંતોષની લાગણી રહી છે.)

## હરિજનો પર અત્યાચારો

હજી પણ હરિજનો પર દિલ કંપાવનાર અત્યાચારો થઈ રહ્યા છે. અસ્પૃશ્યતા કાયદાથી રદ કરી, પણ હિન્દુ સમાજના અંતરમાંથી ગઈ નથી. તામિલનાડુ, બિહાર, મધ્ય પ્રદેશ, ગુજરાત અને અન્ય રાજ્યોમાં વખતોવખત ભયંકર અત્યાચારોના કિસ્સાઓ બહાર આવે છે. તામિલનાડુના એક ગામડામાં ૪૨ હરિજનો—મુખ્યત્વે સ્ત્રીઓ અને બાળકોને—જીવતાં બાળી મૂકયાં. ત્યાંના જમીનદારોએ આ ઘાતકી કૃત્ય કરેલું. ૪-૫ વર્ષ કોર્ટમાં કેસ ચાલ્યો અને બધા આરોપીઓ છૂટી ગયા. આરોપીઓ મોટે ભાગે જમીનદારો હતા. હાઈકોર્ટના નામદાર જજોએ એવું તારણ કાઢયું કે જમીનદારો એવા મૂર્ખ નથી કે આવું કૃત્ય કરવું હોય તો જાતે જઈને કરે, બીજાઓ મારફત જ કરાવે, માટે તેમણે જાતે ગુનો કર્યો છે એવો પુરાવો નથી. બિહારમાં એક હરિજન શિક્ષક જે હરિજનોમાં કાંઈક જાગૃતિ અને સંગઠનનું કાર્ય કરતો હતો, તેનું ખૂન કર્યું. આવા કિસ્સાઓમાં અસ્પૃશ્યતા કારણભૂત નથી, કારણો બીજાં છે. હરિજનો સદીઓથી ગુલામો પેઠે મજૂરી કરે છે. મોટા ખેડૂતો અથવા જમીનદારો હરિજનોનું પૂરું શોષણ કરે છે. હરિજનોમાં હવે જાગૃતિ આવી છે. વધારે રોજી માગે છે, જમીન માગે છે, કાંઈક સંગઠન કરે છે. હરિજનો માથું ઊંચકે, માણસ થઈને રહેવાનો પ્રયત્ન કરે તે આ જમીનદારો માટે અસહ્ય છે. હરિજનો જાગ્રત થયા, પણ લડવાની શકિત નથી. આર્થિક રીતે બેહાલ છે. જમીનદારો મજૂર તરીકે કામે ન રાખે તો ભૂખે મરે. તેમને જાગ્રત કે સંગઠિત કરવા જે કાર્યકરો કાંઈક કામ કરે છે તે, કાયમ તેમના સાથી તરીકે ઊભા રહે અને તેમની સાથે જીવે અને મરે એવા નથી હોતા. કેટલાક રાજકીય પક્ષો છે. ખરે ટાણે તેમને સાથ કે હિંમત આપવાવાળા અને છેવટ સુધી તેમની સાથે રહી લડવાવાળા બહુ થોડા હોય છે. તેથી ફરીથી અસહાય થઈ વધારે જુલમ સહન કરવા પડે છે. સૌથી ખતરનાક વસ્તુ પોલીસ છે, લાંચરુશવતમાં ડૂબેલી. જમીનદારો પૈસા ખરચી શકે. વર્ષો સુધી કોર્ટકચેરી કરે. તોફાન થાય તો પોલીસ હરિજનોને જ મારે, પીટે, પકડે, તેમના ઉપર કેસ કરે. કોર્ટના ખરચા કરવાનું તેમનું ગજું નહિ. કોર્ટ-કાયદાથી આ સવાલ હલ થાય તેવો નથી. પોલીસતંત્ર અને અમલદારતંત્ર પ્રમાણિક, સાવધાન અને શીઘ્ર પગલાં લે નહિ અને હરિજનોને પૂરું રક્ષણ આપે નહિ તો વધારે જુલમના ભોગ બનવાનું જ રહે. સામાજિક કાર્યકરો કેટલાક નિષ્ઠાવાન છે, પણ બહુ ગણ્યાગાંઠયા. પાયાનો રોગ આર્થિક ગરીબાઈ છે, તે વધતી જાય છે. આ સંબંધે પ્રો. રામમૂર્તિનો એક લેખ આ અંકમાં આપ્યો છે તે ભયંકર ચિત્ર રજૂ કરે છે.

## શ્રી કપૂરચંદ મહેતાનું દુ:ખદ અવસાન

શ્રી કપૂરચંદભાઈના અવસાનના દુ:ખદ સમાચારથી આઘાત અનુભવ્યો! શરૂમાં તેમની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય હતી. તેઓ આપબળે પોતાની કુશાગ્ર બુદ્ધિના કારણે પ્રયત્નપૂર્વક ખૂબ આગળ વધ્યા. તેમણે ધંધાનાં અનેક ક્ષેત્રોમાં સફળતા મેળવી અને પોતાની આવડતના કારણે ટૂંકા ગાળામાં ધનાઢય બન્યા. આમ છતાં તેમની સાદાઈ અનુકરણીય ગણાય એવી કાયમ રહી. જયારે અઢળક લક્ષ્મી પ્રાપ્ત થાય છે ત્યારે વ્યકિતમાં અનેક જાતનાં દૂષણો પ્રવેશતાં હોય છે. શ્રી કપૂરચંદભાઈને એવાં દૂષણો સ્પર્શ્યાં નહોતાં, એને તેમનું સદ્‌ભાગ્ય લેખી શકાય. તેઓ વિનમ્ર તેમ જ સાત્ત્વિક વૃત્તિના હતા. પોતે ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત નહોતા કરી શકયા તે વાત તેમને ખૂબ ખૂંચતી હતી, એ કારણે આર્થિક સંકડામણવાળા વિદ્યાર્થીઓ પણ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી શકે એ આશયથી તેમણે શિક્ષણક્ષેત્રે તેમ જ સામાજિક ક્ષેત્રે લાખો રૂપિયાના દાનનો પ્રવાહ વહેતો કર્યો. તેઓએ પોતાનાં નાણાંમાંથી ટ્રસ્ટો ઊભાં કર્યાં અને એ ટ્રસ્ટોની ભાડાની તથા વ્યાજની આવક આજે દર વર્ષે આઠેક લાખ રૂપિયા આસપાસની છે, અને તે આખી રકમ દર વર્ષે આવાં કાર્યોમાં વપરાય છે.

આ રીતે તેમના જીવનકાળ દરમિયાન તેમણે લાખો રૂપિયાનું દાન કર્યું. તેઓ પોતાની જાતને, પોતાની મિલ્કતના ટ્રસ્ટી લેખતા હતા.

શિક્ષણસંસ્થાઓમાં તેમણે, મહાવીર જૈન વિદ્યાલય, જૈન પ્રસારક મંડળ અને અમારા શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને મોટાં દાનો આપ્યાં છે. હમણાના છેલ્લા દુષ્કાળમાં સૌરાષ્ટ્રમાં તેમણે ચારેક લાખ રૂપિયાનું દાન કરેલું.

તેમના ભાઈઓ શ્રી ઝવેરચંદભાઈ અને શ્રી કેવળચંદભાઈની પણ આવાં મોટાં દાનોમાં હમેશાં સંપૂર્ણ સંમતિ રહેતી. એ કારણે શ્રી કપૂરચંદભાઈના દેહવિલય પછી પણ એ કુટુંબનો દાનનો પ્રવાહ વહેતો રહેશે એવી પૂરી શ્રદ્ધા બેસે છે.

આવા એક ઉદારચરિત સજ્જનના અવસાનનો આઘાત દરેકને લાગે, પરંતુ તેમના કુટુંબે તો દોરવણી આપનાર વડીલ સમું શિરછત્ર ગુમાવ્યું છે, એ કારણે તેમને અસહ્ય આઘાત લાગે તે સ્વાભાવિક છે. આ આઘાત સહન કરવાની તેમનાં કુટુંબીજનોને ઈશ્વર શકિત આપે અને સદ્‌ગતના આત્માને પરમ શાંતિ મળે એવી પરમાત્માને અંત:કરણપૂર્વકની મારી પ્રાર્થના છે.

૨૮-૮-૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

# ભગવાન મહાવીર નિર્વાણ–મહોત્સવ

શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના કેટલાક આચાર્યો અને તેમના અનુયાયી શ્રાવકો તરફથી આ મહોત્સવ, રાષ્ટ્રીય સ્તરે સરકારના સહકારથી ઊજવાય તેનો વિરોધ થઇ રહ્યો છે. તેમના તરફથી પત્રિકાઓ બહાર પડે છે, કેટલાક સંઘો પાસે વિરોધના ઠરાવો કરાવ્યા છે, સરકાર ઉપર તાર–ટપાલ થાય છે અને એવું વાતાવરણ ઉત્પન્ન કરવા પ્રયત્ન થાય છે કે જાણે સમસ્ત જૈન સમાજ આ મહોત્સવનો વિરોધી છે. એવી એક પત્રિકા જામનગરથી બહાર પડી છે તે નમૂનારૂપે અહીં આપી છે. બધી પત્રિકાઓમાં લગભગ આવા પ્રકારનું લખાણ હોય છે.

"જામનગર તા. ૧૨-૮-'૭૩ રવિવારે મળેલ પ.પૂ. આચાર્યદેવ વિજય વિનયચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્યદેવ હિમાંસુ, સૂરીશ્વરજી મ.સા., આચાર્યદેવ નરરત્નસૂરીશ્વરજી મ.સા. પં. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર તથા મુનિરાજ શ્રી ભદ્રશીલવિજયજી તથા પૂ. લબ્ધિસાગરજી મ.સા. આદિની તથા સાધ્વીજી ભગવંતોની શુભનિશ્રામાં આથી જામનગર ચતુર્વિધ જૈન સંઘ ઠરાવ કરે છે કે:–

શ્રી તીર્થંકર ભગવંતોના પાંચે કલ્યાણો ત્રણે જગતના જીવોને વિશિષ્ટ રીતે કલ્યાણકારી હોય, તેની આરાધના કર્મ–નિર્જરાના ધ્યેયથી કરવાની હોય છે, તે આરાધના જિનાજ્ઞાનુસાર અમારો શ્રી ચતુર્વિધ જૈન સંઘ પરંપરાથી કરી જ રહ્યો છે.

આજે તીર્થંકર ભગવાન મહાવીર પરમાત્માની ભકિતના નામે ૨૫૦૦મા નિર્વાણ દિનની ઉજવણી ભૌતિકવાદી ધોરણ, પ્રજાલોકમાનસના ધોરણે, ભારત સરકાર અને કેટલાક જૈનોની–જૈન સંઘની સંમતિ તથા ધાર્મિક ધોરણ વગરની બનેલી સમિતિ તરફથી થનાર છે. તે ઉજવણી અમારા જૈન ધર્મમાં સીધો હસ્તક્ષેપ કરનાર છે અને તેનાથી અમારા ધર્મની ઘોર આશાતના થઇ રહી છે, આથી અમે તેનો સખત વિરોધ કરીએ છીએ.

જે વસ્તુ રાષ્ટ્રીય બને તેને અમે પૂજ્ય ગણી શકીએ નહીં એવો અમારા ધર્મગ્રન્થોમાં પાઠ છે. ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ દિન જે રાષ્ટ્રીય બની રહ્યો છે. તો અમારા માટે એ દિન પૂજ્ય દિન નહીં રહેતાં અમારી ધાર્મિક લાગણી ખૂબ દુભાય છે. જૈન ધર્મશાસ્ત્રોએ સંવિગ્ન ગીતાર્થ મુખ્ય આચાર્યોની આજ્ઞા મેળવીને જ કોઇપણ મહાન ધર્મકાર્ય કરવાનું ફરમાન કર્યું છે, જેનો આ રાષ્ટ્રીય ઉજવણી કમિટીએ ઉઘાડો ભંગ કર્યો છે. અને આ ઉજવણી ઊજવવાની સંમતિ શાસનનાયકો પાસે લેવામાં આવી નથી.

આ મહોત્સવ નિમિત્તે ફિલ્મો, કલા, કારીગરી, રેકર્ડો, મ્યુઝિયમો, વનસ્થળી, બાલકેન્દ્રો, ગ્રામ્યલાયબ્રેરી, સ્કોલરોનું ઉત્પાદન, જૈન યુનિવર્સિટી, આકાશવાણી, ટેલિવિઝન તેમ જ આંતરરાષ્ટ્રીય એજન્સી દ્વારા ઉજવણીપ્રદર્શનો વગેરે વગેરે જેકાંઇ કરવાનું છે તે બધુંય અમારા શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ છે. કેમકે જ્યાં મોક્ષમાર્ગનો અભિલાષ નથી, ત્યાં વાસ્તવિક ધર્મ નથી. એવા ફરમાનને કારણે ઉપરોકત બધી બાબતો અધર્મસ્વરૂપ બને છે. આથી અમે મહાવીરના નામે આવો અધર્મ જોઇ શકીએ નહીં તથા આ ઉજવણી જૈન શાસન, જૈન ધર્મ, જૈન સંઘ, જૈન શાસ્ત્ર તથા જૈન સંસ્કાર સંપત્તિ વગેરેને ભયંકર હાનિ પહોંચાડનાર બની છે. આથી આર પુરુષાર્થની સંસ્કૃતિનું પાયામાંથી નિકંદન નીકળી રહ્યું છે. માટે આ ઉજવણી સદંતર બંધ રાખવા અમો ભારત સરકારને ભલામણ કરીએ છીએ, કારણકે ભારત સરકાર કોઇપણ ધર્મ કે સંપ્રદાયની ઉજવણી કરી શકે નહીં અને ધર્મમાં હરગિઝ પ્રવેશ કરી શકે જ નહીં. તે તે ધર્મોવાળા પોતપોતાની સમીપે જ ઉજવણી કરી શકે છે અને એ રીતે અમો અમારી શાસ્ત્રપદ્ધતિ મુજબ શાસનપતિ, તીર્થંકર, પરમાત્મા, મહાવીરદેવનું નિર્વાણ કલ્યાણક અમારા પૂજનીય ગુરુવર્યોની નિશ્રાપૂર્વક જ કરવાના છીએ."

આ પત્રિકામાંથી કાંઇ અર્થ નીકળી શકતો હોય તો તેનો સાર આ પ્રમાણે કહેવાય:

૧. પ્રજાલોકમાનસને ધોરણે આવો ઉત્સવ ઊજવી ન શકાય.

૨. આ ઉજવણી જૈન ધર્મમાં સરકારનો સીધો હસ્તક્ષેપ છે.

૩. જે વસ્તુ રાષ્ટ્રીય બને તેને અમે પૂજ્ય ગણી શકીએ નહિ એવો અમારા ધર્મગ્રન્થોમાં પાઠ છે.

૪. મુખ્ય આચાર્યોની આજ્ઞા મેળવીને જ કોઇપણ મહાન ધર્મકાર્ય કરવાનું શાસ્ત્રોમાં ફરમાન છે.

૫. આ મહોત્સવ નિમિત્તે કલા, કારીગીરી, વનસ્થળી, બાલકેન્દ્રો, ગ્રામ લાયબ્રેરીઓ, સ્કોલરોનું ઉત્પાદન, જૈન યુનિવર્સિટી, રેડિયો, ટેલિવિઝન ઉપર પ્રચાર, આ બધું અમારા શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ છે.

૬. આ ઉજવણી જૈન શાસન, જૈન ધર્મ, જૈન સંઘ, જૈન શાસ્ત્ર તથા જૈન સંસ્કારસંપત્તિને ભારે હાનિ પહોંચાડનારી છે.

૭. ભારત સરકાર કોઇપણ ધર્મ કે સંપ્રદાયની ઉજવણી કરી શકે નહિ. તે તે ધર્મોવાળા પોતપોતાની સમીપે જ ઉજવણી કરી શકે છે.

સાચું કહું તો આવા લખાણ વિષે શું કહેવું તે સમજણ પડતી નથી. શાસ્ત્રને નામે સાધુ વાત કરે અને શ્રાવક શાસ્ત્રમાં શું લખ્યું છે તે જાણતો ન હોય એટલે તહત્ વચન ગુરુદેવ, કહીને ઊભા રહેવા સિવાય તેને માટે માર્ગ નહિ. પોતાની સામાન્ય બુદ્ધિથી સ્વતંત્ર વિચાર કરવાનો અવકાશ રહેવા દેતા નથી, કારણકે વાત, શાસ્ત્રને નામે થાય છે. પછી શાસ્ત્રનો કોઈ આધાર ટાંક્યો ન હોય તેની કોઈ પૂછપરછ કરશે નહિ. ક્યા શાસ્ત્રમાં લખ્યું છે, કે પ્રજાલોકમાનસને ધોરણે આવો ઉત્સવ ઊજવી ન શકાય? અથવા જે વસ્તુ રાષ્ટ્રીય બને તેને પૂજ્ય ગણી ન શકાય, એવો ક્યા ધર્મગ્રન્થમાં પાઠ છે? પ્રજાલોકમાનસને ધોરણે નહિ, તો શું પ્રજાલોકમાનસને અવગણીને આવો મહોત્સવ ઊજવવાનો? રાષ્ટ્રીય બને તે પૂજ્ય નહિ. તો શું મન્દિરો કે ઉપાશ્રયની ચાર દીવાલોમાં પૂરી રાખેલ હોય તે જ પૂજ્ય ગણાય? આચાર્ય ભગવંતોની આજ્ઞા વિના કોઈ ધર્મકાર્ય ન થાય માટે આનો વિરોધ કરે છે તેજ શું આચાર્ય ભગવંતો? અને બીજા આચાર્ય ભગવંતો જે આ મહોત્સવને આશીર્વાદ આપે છે અને જેમાંના આગેવાન આચાર્યો અને મુનિરાજો રાષ્ટ્રીય સમિતિના સલાહકાર છે તે આચાર્ય ભગવંતો ભૌતિકવાદી, જમાનાવાદી, શાસ્ત્રથી અજ્ઞાન છે એમ ગણવું? જૈન યુનિવર્સિટી થાય, ભગવાન મહાવીરને નામે બાલકેન્દ્રો કે ગ્રામ લાયબ્રેરીઓ થાય, ભગવાનનો ઉપદેશ અને સંદેશ રેડિયો, ટેલિવિઝન ઉપર પ્રસારિત થાય, એક ભવ્ય વનસ્થલી થાય કે જેમાં સ્તૂપો રચાશે અને તેના ઉપર ભગવાનનાં વચનો કોતરાશે, જેમાં જૈન સ્થાપત્ય અને કલાકારીગરીના નમૂનાઓ મુકાશે, જૈન કળા, સ્થાપત્ય, હસ્તપ્રતો વગેરેનું ભવ્ય મ્યુઝિયમ થશે, આ બધું શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ છે? ભારત સરકાર જૈન ધર્મમાં હસ્તક્ષેપ કરે છે કે જૈન ધર્મનું ગૌરવ કરે છે?

આવું બધું વાંચીને એટલો બધો ઊંડો ખેદ અને વેદના થાય છે કે આ અમારા આચાર્ય ભગવંતો અમારા ગુરુદેવ છે, જે જૈન ધર્મને તેમની આજ્ઞામાં, તેમની નિશ્રામાં અને તેમના જ બીબામાં પૂરી રાખવા માગે છે? જૈન સમાજ એટલો મૂર્ખ છે કે ભગવાનનો સંદેશ દેશવિદેશમાં પહોંચાડવાનો ભવ્ય અવસર મળે ત્યારે તેનો જ વિરોધ કરે? સરકાર ઉપર આવા તાર-ટપાલ જાય તો આપણી કેટલી હાંસી થાય છે? અન્ય ધર્મો અને સમાજો સરકારનો અને દેશવિદેશની

સંસ્થાઓનો સહકાર મેળવી પોતાના ધર્મનું ગૌરવ કરવા ઈંતેજાર હોય ત્યારે જૈન સમાજના આચાર્યભગવંતો શાસ્ત્રને નામે ગંભીરતાપૂર્વક આપણને એમ કહે કે આ બધું ધર્મ અને શાસ્ત્રવિરુદ્ધ છે, ત્યારે આચાર્યભગવંતોની આજ્ઞા માથે ચડાવી શાસ્ત્ર સમજવાનો કાંઈક પ્રયત્ન કરવો અને સ્વતંત્ર વિચાર કરવાની શકિત કેળવવી. એક સમય હતો, જ્યારે બ્રાહ્મણો એમ કહેતા કે શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો, તેમનો જ ઈજારો છે. જૈન સમાજમાં તો આવો કોઈનો ઈજારો નથીને? શાસ્ત્રોની જાણકારી આ મહોત્સવનો વિરોધ કરતા આચાર્યભગવંતોને જ છે કે બીજા કોઈને છે? સ્થાનકવાસી સમાજના આચાર્ય આનંદઋષિજી, દિગમ્બર સમાજના આચાર્ય શ્રી ધર્મસાગર, તેરાપંથી સમાજના આચાર્ય તુલસી, શ્વે. મૂર્તિ. સમાજના આચાર્ય વિજય સમુદ્રસુરિજી, મુનિ વિદ્યાનંદજી, મુનિ સુશીલકુમાર, મુનિ યશોવિજયજી, મુનિ મહેન્દ્રકુમાર, પ્રથમ આ બધા આચાર્યો અને મુનિઓ રાષ્ટ્રીય સમિતિના સલાહકાર છે તે કોઈને શાસ્ત્રનું જ્ઞાન નથી? રાષ્ટ્રીય સમિતિમાં ચારે ફિરકાના આગેવાનો છે. આ બધા ભૌતિકવાદી, જમાનાવાદી, ધર્મના વિરોધી, ધર્મને હાનિ કરવાવાળા છે? એ પણ યાદ રાખવું જોઈએ કે આ વિરોધ) શ્વે. મૂર્તિ. સમાજના એક વર્ગનો જ છે. બીજા ત્રણે ફિરકાઓ તથા શ્વે. મૂર્તિ. સમાજનો પણ મોટો ભાગ આ મહોત્સવને આવકારે છે અને પૂરો સહકાર આપે છે. કોઈ એમ પૂછી શકે કે એક ફિરકાના એક વર્ગને સમસ્ત જૈન સમાજ અને જૈન ધર્મને આવી મોટી હાનિ કરવાનો શુ અધિકાર છે? પોતાનો વિરોધ જાહેર કરી શકે પણ જાણે જૈન સમાજનો આ વિરોધ છે એવો આભાસ ઊભો કરવાનો શું અધિકાર છે?

આટલું પણ લખવાની લેશમાત્ર ઈચ્છા ન હતી. પણ મને ભારપૂર્વક કહેવામાં આવ્યું કે વિરોધ વધતો જાય છે અને આ મુનિઓ ગામેગામ ફરી ભ્રામક પ્રચાર કરી રહ્યા છે તેનો કોઈક જવાબ આપવો જોઈએ તેથી જ આટલું લખ્યું છે. આ વિવાદનો વિષય નથી. જેને આ મહોત્સવમાં ન જોડાવું હોય તેને આગ્રહ નથી, પણ કૃપા કરીને જેને આમાં જૈન ધર્મ અને સંસ્કૃતિનું ગૌરવ લાગે છે એવાઓ સરકારની સહાયથી આવો ભવ્ય પ્રસંગ ઊજવે તો ઓછામાં ઓછું એટલું કરી શકો કે તેનો ખોટો વિરોધ ન કરો. તમે માનો છો તેવી શાસ્ત્રીય રીતે તમે આ ઉત્સવ ઊજવો, અમને અમારી રીતે કરવા દો. હું આશા રાખું છું કે જૈન સમાજનું એટલું મોટું દુર્ભાગ્ય નથી કે આપણને સદ્‌બુદ્ધિ ન સૂઝે અને વિવેક સાવ ભૂલી જઈએ.

ચીમનલાલ ચકુભાઈ

## નિષ્ણાતની કેફિયત

ફૂલમાં સુવાસ કોઈ હવે બાગમાં નથી;
ભૃંગો મથી મથી કહે કે ફાગમાં નથી.

પીંછાં ભલેને પહેરી લે એટલાથી શું?
હંસોની નજાકત કશીય કાગમાં નથી.

માનવને રોમરોમ કેટકેટલું ભર્યું;
કે એટલું તો ઝેર હવે નાગમાં નથી.

વાણીથી ઉદ્‌ભવેલ હો વેદનાનું માપ?
ક્યાંય એટલી અનુભવી કો આગમાં નથી.

સર્જનની સજા અર્પવા ઉત્સુક હોય કો;
પણ આવતો ઈશ્વર કોઈ લાગમાં નથી.

સ્વર શ્વાસમાં ઘૂંટી ઘૂંટી ભરી લઈ પછી;
માલકૌંસની મીઠપ કો' બિહાગમાં નથી.

—સુશીલા ઝવેરી

# અન્યત્ર યોજાયેલી વ્યાખ્યાનમાળાઓ

## શ્રી જૈન યુવક મંડળ વિલેપાર્લે-નિયોજિત જાહેર વ્યાખ્યાનમાળા

| ઑગસ્ટ-'૭૩ | વકતા | વિષય |
|---|---|---|
| ૨૪-૮-૭૩ | શ્રી યશવંત વ્યાસ | લોકસાહિત્યદ્વારા ચારિત્ર્યઘડતર |
| ૨૫-૮-૭૩ | શ્રીપુરુષોત્તમ માવળંકર (M. P.). | ભારતના યુવાનો સામે પડકાર અને તકો |
| ૨૬-૮-૭૩ | શ્રીમતી મૃણાલિની દેસાઈ | મહાત્મા ગાંધી—એક મહાકાવ્ય |
| ૨૭-૮-૭૩ | શ્રીઅમૃતલાલ યાજ્ઞિક | ધાર્મિક વાર્તાઓની અસર |
| ૨૮-૮-૭૩ | શ્રીહરિભાઈ કોઠારી | ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા |
| ૨૯-૮-૭૩ | શ્રીમનુભાઈ પંચોળી (દર્શક) | ? ? |
| ૩૦-૮-૭૩ | શ્રીકરસનદાસ માણેક | પ્રેમ-કાવ્ય અને વાસ્તવિકતા |

## શ્રી ઘાટકોપર વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ પર્યુષણ વ્યાખ્યાનમાળા

તા. ૨૫-૮-૭૩ થી તા. ૩૧-૮-૭૩ એમ આઠ દિવસ માટે યોજાયલી આ વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન શ્રી શાદીલાલજી જૈને કર્યું હતું અને સ્વાગતપ્રમુખ તરીકેનું સ્થાન શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીએ શોભાવ્યું હતું.

| વિષય | વકતા | સભાના પ્રમુખ |
|---|---|---|
| આચારસંહિતા | શ્રી કાન્તિલાલ એલ. કાલાણી | શ્રી. એમ. એમ. ધ્રુવ ચીફ પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટ |
| યોગસાધના અને સિદ્ધિ | અમેરિકન ડૉકટર દંપતી શ્રી અને શ્રીમતી બ્રશમીલ્સ | ડૉ. શાંતિલાલ બી. શાહ M. S. F. R. C. S. |
| સમાજ અને સ્ત્રીધર્મ | શ્રીમતી મૃણાલિની દેસાઇ | પ્રિન્સિપાલ શ્રીમતી પ્રણયબેન કોટીચા |
| યુગ-પડકાર અને ધર્મ | ડૉ. ઈન્દુતાઇ ટીકેકર | શ્રીમતી જયવંતીબેન મહેતા મ્યુ. કોરપોરેટર |
| જૈન દષ્ટિએ યોગ | શ્રી શાંતિકુમાર ભટ્ટ | ડૉ. એસ. એમ. લાધાવાલા M. S. F. R. C. S. |
| વિજ્ઞાન યુગમાં શાંતિ | શ્રી નારાયણભાઇ દેસાઇ | શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' |
| જીવનમાં સાહિત્ય અને કલાનું સ્થાન | શ્રી મધુકર રાંદેરિયા | શ્રી સુરેશ દલાલ |

## ઘાટકોપર હિન્દુ સભા અને ઘાટકોપર નાગરિક મંડળ પ્રેરિત ઘાટકોપર વર્ષા-વ્યાખ્યાનમાળા

| ઑગસ્ટ-'૭૩ | વકતા | વિષય |
|---|---|---|
| ૨૩/ગુરુ | શ્રીમહેન્દ્રભાઈ સંપત | જીવનસાફલ્ય |
| ૨૪/શુક્ર | શ્રીમતી મૃણાલ ગોરે | आजका अन्नप्रश्न |
| ૨૫/શનિ | શ્રી વિજય મર્ચન્ટ | હિન્દી ક્રિકેટ |
| ૨૬/રવિ | ડૉ. અશોક મહેતા | વજન: આરોગ્ય દષ્ટિએ |
| ૨૭/સોમ | શ્રીમતી ઈન્દુતાઈ ટીકેકર | आजकी विषम परिस्थिति और सर्वोदय |
| ૨૮/મંગળ | શ્રીમુકુન્દરાવ પાટિલ | महाराष्ट्र की संतपरम्परा |
| ૨૯/બુધ | શ્રીતારક મહેતા | નૂતન સાહિત્ય |

## શ્રી મનુભાઇ પંચોળીનું વ્યાખ્યાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૪-૯-૭૩ મંગળવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે શ્રીમનુભાઇ પંચોળી (દર્શક)નું "મેઘાણીભાઇનું જીવન અને કવન" એ વિષય ઉપર, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે. રસ ધરાવતા ભાઈ-બહેનોને પધારવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# મુક્તિ યા મોત?

શાહાબાદ, મુંગેર, સહરસા–બિહારના આ ત્રણ જિલ્લાનું નામ છેલ્લા દિવસોમાં અખબારોનાં પાને ચમક્યું છે. પટણાની વિધાન-સભાથી માંડીને તે દિલ્હીની સંસદ સુધી એનું નામ લેવામાં આવ્યું છે અને કાનૂની કારવાઈની માગણી કરવામાં આવી છે. આ માગણી શા કારણે કરવામાં આવી છે? આ માગણી એટલા માટે કરવામાં આવી છે કે આ જિલ્લાનાં કેટલાંક ગામોમાં જુલમની દર્દનાક ઘટનાઓ બની છે. આ જુલમ કોણે કર્યો? આપણી પોલીસ અને જમીનના માલિકોએ. આ જુલમ કર્યો છે. આ જુલમ કોના પર કરવામાં આવ્યો? નિ:શસ્ત્ર, અસહાય હરિજનો પર. શાહાબાદ અને મુંગેરનાં ત્રણ ગામોમાં પોલીસ અને એના દલાલો દ્વારા લૂંટફાટ કરવામાં આવી, લોકોને માર મારવામાં આવ્યો અને સ્ત્રીઓ પર બળાત્કાર કરવામાં આવ્યો. એક સ્ત્રીની સાથે તો પોલીસના સાત 'જવાનો'એ બળાત્કાર કર્યો. એક ગર્ભવતી સ્ત્રી હતી, એને પણ છોડી નહિ. સહરસાના એક ગામમાં માલિકોએ હરિજન સ્ત્રીઓનાં ગુપ્તાંગો પર ગરમ લોઢાથી ડામ દીધા. પોલીસનું કહેવું છે કે આ હરિજન મજૂરો નકસલવાદી થઈ ગયા છે; માલિકો કહે છે કે તેઓ માથે ચડી વાગ્યા છે, વધુ મજૂરી માગે છે. ખરેખર, કેવડો મોટો અપરાધ છે આ?

આ દૃષ્ટાંતો નિર્ભેળ જુલમના છે. કાનૂન અને દંડાની સંમિલિત શક્તિથી ગરીબોની આજીવિકાનું સાધન છીનવી લેવામાં આવે એ વળી બીજા પ્રકારનો જુલમ હોય છે. મુંગેર જિલ્લામાં ખાદીગ્રામની પાસે પચ્ચીસ મુસહર પરિવારોને ભૂદાનની જમીન પર વસાવવામાં આવ્યા છે. ભૂદાનની આ જમીન ૧૯૫૩માં સ્વ. વિનોબાજીને દાનમાં આપવામાં આવી હતી. ૧૯૭૩માં રેવન્યુ ખાતાના અધિકારીઓ એ દાનને સંમતિ આપી હતી. એ જ સાલમાં આ જમીનને વહેંચી દેવામાં આવી હતી. આજે અઢાર વર્ષ પછી કેટલાક માલિકોએ આ ભૂદાન–કિસાનોને આ જમીન પરથી દૂર કરવા માટેનું કાવતરું શરૂ કર્યું છે. એનો કબાલો કરવામાં આવ્યો છે અને બે વર્ષ પહેલાંની રેવન્યુ રસીદ પણ મેળવવામાં આવી છે. કાનૂન જ એવો છે કે જેમાં દરેક પ્રકારના અન્યાય માટે અવકાશ રહે છે.

આ થોડાંક છૂટાછવાયાં દૃષ્ટાંતો થયાં. સમગ્ર બિહાર અને દેશ-ભરમાં અનીતિ, અન્યાય અને જુલમની એવી ઘણી ઘટનાઓ બનતી હશે જે અખબારો સુધી પહોંચતી પણ નહિ હોય. જે ગરીબ જુલમનો શિકાર બને છે એનો પોકાર નિ:શ્વાસ–આહ બની જાય છે અને નિ:શ્વાસમાં જ એ વિલીન થાય છે. જુલમની આવી ઘટનાઓ સ્વતંત્ર ભારતનાં વણલખાયેલાં પાનાં બની જશે. આ નિ:શ્વાસોને સાંભળીને એ વિશે કંઈક કરવાની કોને ફુરસદ હશે?

હમેશની માફક આ વખતે પણ ૧૫મી ઓગસ્ટે સ્વાતંત્ર્ય દિન મનાવવામાં આવ્યો. સ્વાતંત્ર્ય દિન ઊજવવામાં આવે એ બરાબર જ છે. સ્વતંત્ર દેશના નાગરિકોને પોતાની સ્વતંત્રતા પર ગર્વ ન હોય તો પછી બીજી કઈ ચીજ માટે ગર્વ હોઈ શકે? પણ પ્રશ્ન એ છે કે આપણું ધ્યાન સ્વતંત્રતાના છવ્વીસમા વર્ષે એવા સવાલ પ્રત્યે પણ ખેંચાશે ખરું કે સ્વતંત્રતા આપણા કરોડો દેશવાસીઓને માટે સાર્થક કેમ નથી બની? આપણી પોતાની સરકાર આટલી બધી ખોટી અને નિરંકુશ કેમ બની રહી છે? સ્વતંત્ર થયા પછી પણ આપણે આટલા બધા અસહાય કેમ છીએ? સરકાર અને સમાજની અનીતિ ઝેરી સર્પિણી બનીને ગરીબોને ડંખ દેવા માટે નીકળી પડી છે એવું લાગે છે. મુંગેરની પેલી ગર્ભવતી સ્ત્રીએ જ્યારે તપાસ સમિતિ સમક્ષ ડૂસકાં ખાતાં ખાતાં કહ્યું કે 'મને પણ એ લોકોએ છોડી નહિ' ત્યારે લોકોની આંખોમાંથી આંસુ સરી પડયાં હતાં. પણ એથી શું થશે? તપાસ ચાલશે, મુકદ્દમા ચાલશે. હત્યારા છૂટતા રહેશે અને જુલમો પણ થયા કરશે. તાંજોરમાં ૪૨ હરિજનોને જીવતા સળગાવી મૂકનાર હત્યારાઓ હાઈકોર્ટમાં છૂટી ગયા! સ્વતંત્ર ભારતના સરકારી તંત્રે જાણે કે લોકતંત્ર પર લડાઈ આદરી છે. કયાં છે લોકકલ્યાણકારી રાજ્યના કાનૂન અને એનો ન્યાય?

સૂત્ર તો ગરીબી હટાવવાનું પોકારાય છે પણ થઈ શું રહ્યું છે? જે ઉપર છે એ વધુ ઉપર જઈ રહ્યા છે, મધ્યમાં છે એ નીચે ખસી રહ્યા છે અને ગરીબ કંગાળ બની રહ્યા છે તેમજ કંગાળ ગૂંગળાઈને ખતમ થઈ રહ્યા છે. હવે પ્રશ્ન એ નથી રહ્યો કે દેશના કેટલા ટકા લોકો ગરીબીની રેખાથી પણ નીચે પહોંચી ગયા છે. પ્રશ્ન એ છે કે કેટલા ટકા લોકો અત્યંત પતિત જીવન વિતાવવા માટે મજબૂર–વિવશ બની ગયા છે. સરકાર અને સમાજની વિનાશકારી નીતિઓ અને શક્તિઓ એમને જીવવા પણ નથી દેતી અને મરવા પણ નથી દેતી. ખરેખર તો પશુના જીવનથી એમનું જીવન કેટલે અંશે ભિન્ન રહેવા પામ્યું છે?

વાત બગડી ચૂકી છે–ખૂબ બગડી છે. દેશમાં સભ્ય જીવનની સઘળી માન્યતાઓ, મર્યાદાઓ, વ્યવસ્થા લગભગ તૂટી ગઈ છે. દેશ અત્યારે તો કયાંક ટકી રહેલા સંસ્કારો પર જ જીવી રહ્યો છે. એ પણ કયાં સુધી ટકશે? કાનૂન, વિકાસ, શિક્ષા, પ્રશાસન અને જીવન–કોઈપણ ક્ષેત્રમાં ગતિ કે દિશા રહ્યાં નથી. ખાવા માટે અન્ન નથી, પહેરવા માટે વસ્ત્ર નથી, ઈજ્જત નથી, ભવિષ્ય પણ નથી– આવું જ જીવન કરોડો ભારતવાસીઓનું છે. સવાલ આશા-નિરાશાનો નથી, પ્રશ્ન પરિસ્થિતિને પારખવાનો છે. પરિસ્થિતિનો સ્પષ્ટ સંકેત છે કે સરકાર અને સમાજનો સમગ્ર ઢાંચો નકામો જ નહિ પણ અસહ્ય બની ગયો છે. સ્વતંત્ર દેશના નાગરિકો એને ક્ષણભર પણ હવે બરદાસ્ત નહિ કરી લેવો જોઈએ. આપણી સ્વતંત્રતા મુઠ્ઠીભર લોકોના સ્વાર્થ અને અધિકાર-લિપ્સાનું સાધન બની ગઈ છે. એમણે સ્વતંત્રતાને પોતાના હાથમાં બન્દી બનાવી દીધી છે.

એટલા માટે આજે આપણી સામે પ્રથમ સવાલ તો આ 'બંદી' બનેલ સ્વતંત્રતા કઈ રીતે મુક્ત બની શકે એ છે. મુક્ત થઈને જ એ સામાન્ય લોકોના જીવનમાં ઊતરી શકશે. સ્વતંત્રતા જો લોકજીવનમાં સાકાર ન થાય તો એની સાર્થકતા શી રીતે રહેશે? વસ્તુત: ફરી એકવાર આપણે ૧૯૪૨ની સ્થિતિમાં આવી ગયા છીએ. એ વખતે આપણે કહ્યું હતું: 'સ્વતંત્રતા યા મોત'. આજે એમ કહેવાનો વખત આવી ગયો છે: 'મુક્તિ યા મોત'. દરેક દેશમાં એક એવો અવસર આવે છે કે જ્યારે એના લોકોને આ બેમાંથી એકની પસંદગી કરવી પડે છે. આપણી સમક્ષ પણ આજે એ જ અવસર છે.

'સર્વોદય'માંથી સાભાર — રામમૂર્તિ

## ધીરા સો ગંભીર

કુદરત હમેશાં શાન્ત ગતિએ આગળ વધે છે. એક વૃક્ષને સંપૂર્ણ વિકાસ પામતાં વર્ષો લાગે છે. શરૂમાં બંધાયેલાં મોટાં શહેરો વર્ષોની જહેમતનું પરિણામ છે. નદી ખીણ અને પર્વતોએ પણ પોતાની પૂર્ણતા માટે વર્ષો લીધાં છે. કુદરત ઉતાવળ કે ધાંધલ જેવું જાણતી નથી. માણસે આ બધું દુનિયામાં ઊભું કર્યું છે. મોટાં શહેરોમાં વસતા લોકો ધાંધલધમાલના સાવ જ ગુલામ બની ગયા છે. બધામાં ઉતાવળ– ખાવું, પીવું, લખવું, વાંચવું, અરે! શ્વાસ લેવામાં પણ ઉતાવળ ને! એક પુષ્પ જે ક્રમે પાંગરે છે કે નદી જે રીતે પોતાનો વળાંક બદલે છે એમાં કશું જ બગડી જતું નથી. કામ એની રીતે જ થાય છે. થોડા ધીરા પડો! પરિપક્વતા હમેશાં સમય માગે છે. કશાનું ફળ હોય, કોઈ પરિસ્થિતિની પ્રતીક્ષા હોય કે આપણા મોટા આદર્શોની સિદ્ધિ હોય– કયાંય ઉતાવળે આંબા પાકતા નથી.

મૂળ અંગ્રેજી: — અનુવાદક: શારદાબેન બાબુભાઈ શાહ

# પ્રાર્થના અને ધ્યાન

[સંઘ સંચાલિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૫-૮-૭૩ ના રોજ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રિન્સિપાલ ફાધર વાલેસે આપેલ વ્યાખ્યાન]

પ્રાર્થના અને ધ્યાન માટે આજે લોકોને ખૂબ રસ હોવાનું દેખાય છે. આ વિશે આજે શિબિર, પરિસંવાદ, સંવિવાદ વગેરે થતાં રહે છે. એ અંગેનો માલ પણ બજારમાં હવે મળતો થયો છે. આ સારા માલ સાથે જો કે નકલી માલ પણ હોવો જોઈએ.

વળી પ્રાર્થના અને ધ્યાન અંગે પ્રવચનોની જ આજે મહત્ત્વતા રહી નથી. હવે અનુભવ પર આધાર મુકાય છે. શાસ્ત્રોમાં પ્રાર્થના અને ધ્યાન વિશે ખૂબ કહેવાયું છે, પણ આજે શાસ્ત્રોનું નહીં, વ્યકિતનું પ્રમાણ જોઈએ છે. એનું મહત્ત્વ વધારે છે. આના દાખલાઓ રામકૃષ્ણ-વિવેકાનંદના દૃષ્ટાંતમાં જોવા મળે છે. શ્રી અરવિંદ તો કહેતા કે એ મારા જીવનની ધૂન છે.

થોડા વખત પહેલાં મારા એક મિત્રનો મારા પર પત્ર આવ્યો હતો. એણે એ પત્રમાં એક ખુશખબર લખી હતી. એણે શું લખ્યું હતું જાણો છો? "ભગવાન છે, ખરેખર છે." આ માણસને ભગવાન છે એની પ્રતીતિ થઈ અને એ તેને માટે સમાચાર બની જાય છે. આવો દિવસ આપણે માટે ઉત્કટ બની જાય છે.

ગયા વર્ષે યુરોપ ગયો હતો ત્યાં મેં એક નાટક જોયું હતું. એક પાદરીએ આ નાટક લખ્યું હતું અને એમાં એક પાદરીની વાત આવે છે. એ બ્રહ્મચારી હોય છે. એને અજંપો રહે છે. પરણે છે, પણ સુખ-સંતોષ નથી. આ નાટકમાં પાદરી કહે છે એક જગ્યાએ: સાધુની કસોટી એ દિવસે જ શરૂ થાય છે કે જ્યારે એ વિચારે છે કે આટલું બધું છોડયું, આ બધું કર્યું એ ખરેખર કરવા જેવું હતું?

આ વાકય મને ખૂબ ગમ્યું. એમાં અનુભવની અનુભૂતિ હતી. આમાં કસોટી વર્તાય છે. હવે, આવું ન હોય તો પછી જીવન શુષ્ક લાગે છે.

ગુજરાતીમાં એક કહેવત છે: "બાવાના બેઉ બગડયા". એ જ્યારે સાંભળી ત્યારે ચોંકયો હતો અને વિચારે ચડી ગયો હતો. આ બાવાને સંસારનો અને બ્રહ્મનો આનંદ મળતો નથી. આ પાદરીનું પણ એવું થયું હતું.

સાધુની ખરી વ્યાખ્યા એ છે કે તેને બંનેનો ખરો આનંદ થયો છે. બંનેની એને પ્રતીતિ થવી જોઈએ. એને સંસારના આનંદની સાથે બ્રહ્મનો આનંદ પણ પ્રાપ્ત થવો જોઈએ.

'મુખડાની માયા' લાગવી જોઈએ. શ્રદ્ધા, વિશ્વાસ, આત્મીય સંબંધ, દર્શન થવાં જોઈએ. જેને લઈને જીવન ધન્ય થાય એવો અનુભવ ન મળે ત્યાં સુધી આપણું જીવન અપૂર્ણ કહેવાય.

બે–ત્રણ વર્ષથી મારા જીવનમાં વળાંક આવ્યો છે. એક વખત મને એક સંતપુરુષનો ભેટો થઈ ગયો. મોટા માનવીઓ માટે જીવનનાં કેટલાંક પાસાંઓ છે, એ જ લોકો એ આંબી શકે એવું હું માનતો હતો. એ કહે: એવું નથી. જે અનુભવ લેવા ઈચ્છે, તેને એ પ્રાપ્ત થાય છે. એ થઈ શકે છે. એ માટે પ્રયાસ થવો જોઈએ. અને આ ખરી વાત છે.

યુરોપયાત્રા દરમિયાન અમે વીસેક જેટલા મિત્રોએ એક મહિનાનો એક ધ્યાન શિબિર ગોઠવેલો. આ શિબિરમાં બહુ જ જૂજ વાત કરવાની હતી. ધ્યાન ધરવાનું જ હતું. મને પ્રાર્થના વિશે થોડુંક બોલવા જણાવ્યું હતું. મેં બાઈબલમાંથી ઈસુનું એક વાકય ટાંકયું હતું. એ પહેલું વાકય છે. ઈસુ કહે છે કે શ્રદ્ધા જમાવવા માટે પ્રયાસ કરવો જોઈએ અને પોતે પ્રાર્થના કરવી જોઈએ. બીજી વાત મેં એ કરી કે બાઈબલમાં બીજે એક ઠેકાણે બે–ત્રણ માણસોએ એકત્ર થઈને સમૂહમાં પ્રાર્થના–ધ્યાન કરવાનું સૂચવ્યું છે. આથી ધ્યાન–પ્રાર્થના માટેની ઉત્કટતા વધે છે. ઈસુ વધસ્થાને જાય છે એને આગલે દિવસે એ પોતાના શિષ્યોને ઠપકો આપે છે એ પ્રસંગ પણ મેં ટાંકયો હતો. ઈસુ પોતાના શિષ્યોને કહે છે: આજ સુધી તમે મારું કામ કર્યું પણ કશું માગ્યું નથી. તમે માગો. જે માગો તે તમને મળશે.

આ શિબિરમાં એક પાદરી હતા. તે કોઈ શૈક્ષણિક સંસ્થામાં આચાર્યપદે હતા. કામ ખૂબ કરે પણ કામથી સંતોષ થતો નહીં. એણે શિબિરમાં ધ્યાન ધરતી વખતે જણાવ્યું કે હે ઈશ્વર! હું આપને મેળવવા ઝંખું છું. મને તમારાં દર્શન થવાં જોઈએ. અને આ માટે એમણે સમયમર્યાદા પણ બાંધી. એમણે ઈશ્વરને શિબિરના સમય જેટલી એક મહિનાની મર્યાદા બાંધી આપી!

ભગવાનનો સ્વભાવ એવો નથી કે એ સહેલાઈથી બંધાઈ જાય. એને યોગ્ય લાગે ત્યારે એ કામ કરે છે. હું આ સમયમર્યાદાથી ગભરાઈ ઊઠયો. મને થયું કે આ મર્યાદામાં એને ઈશ્વરનાં દર્શન ન થયાં તો? એ ભાઈ દરરોજ અમને જોરથી પ્રાર્થના કરવાનું કહેતા કે જેથી એમને ઈશ્વર-દર્શન થાય.

તમે માનશો? અને દસ દિવસમાં એ પાદરીને ઈશ્વરનાં દર્શન થયાં. એને ઈશ્વરની પ્રતીતિ થઈ. ઈશ્વર એની સાથે ગપસપ કરવા નો'તા આવ્યા. એ ગપસપ માટે આવે જ નહીં. ઈશ્વર એ પાદરીને આજ્ઞા આપી ગયા હતા.

બસ, ત્યારથી એનું આખું જીવન બદલાઈ ગયું છે. એ હવે પોતાનું કામ સહજ ભાવે કરે છે. એને એના કામમાં આનંદ મળે છે. એને એમાં સંતોષ મળે છે.

આ જોઈને ભગવાન માટે મારી શ્રદ્ધા દૃઢ બની ચૂકી છે. આવો અનુભવ છે. ભગવાનને કહું છું કે હું તારો એજન્ટ બનીને પ્રાર્થના કરું છું અને સેલ્સમેન બનીને તારો માલ વેચું છું.

અમારી કૉલેજનો એક પ્રસંગ છે. અમારી એક અરજી સિન્ડિકેટે નામંજૂર રાખી. પરિણામ આથી એવું આવે એવું હતું કે કદાચ કૉલેજ પણ બંધ કરવી પડે. આ પ્રાણપ્રશ્ન હતો. અમે ઈશ્વર પર છોડયું. પ્રાર્થના કરી અને અમારી માગણી એની સમક્ષ મૂકી. બીજે દિવસે મને ધ્યાનમાં ઈશ્વરની અનુભૂતિ પણ થઈ.

બીજે દિવસે જોયું તો ખબર પડી કે સિન્ડિકેટની બીજી બેઠકમાં અમારી તરફેણમાં નિર્ણય લેવાયાનું જાણવા મળ્યું. આ એક વધુ અનુભવ હતો.

સાવિત્રીનો પ્રસંગ આટલા માટે જ મને ગમે છે. એમાં શ્રદ્ધા છે, પ્રેમ છે. એ યમને ભકિતપૂર્વક વિનંતી કરે છે, નમ્રતાપૂર્વક દલીલ કરે છે; અને છેવટે પોતાના પતિને પાછો મેળવે છે.

ધ્યાન અને પ્રાર્થના માટે વિશ્વાસ, શ્રદ્ધા જોઈએ. એક અથવા બીજા પ્રકારનું ધ્યાન આપણે સૌએ રોજ કરીએ જ છીએ. વેપારી એના ચોપડા, વેપાર, પૈસા વિશેનું ધ્યાન કરે છે. વિદ્યાર્થી પરીક્ષા અંગે પુસ્તકોનું ધ્યાન ધરે છે. ગૃહિણી પણ સારા દિવસની યોજનાનું ધ્યાન કરે છે. રાજકારણીઓ ખુરશી–સત્તા વગેરે માટેનું ધ્યાન ધરે છે. આમ બધા ધ્યાન ધરતા હોય છે; પરંતુ બધાના ઈષ્ટદેવતા જુદા જુદા હોય છે.

પરંતુ આપણે ખરા ઈષ્ટદેવનું ધ્યાન ધરીએ, તેની પ્રાર્થના કરીએ તો ભગવાન જરૂર મળે. એ માટે શ્રદ્ધા, ભકિત, પ્રેમ જોઈએ. એ માટે દિલની વાત જોઈએ.

ગયા જૂનમાં નક્કી કર્યું કે આઠેક દિવસ અચલગઢ જઈને

ધ્યાન ધરીએ. સાથીઓ સાથે જ હતા. આમેય એ રમણીય સ્થાન છે. મને ગમે છે. નક્કી કર્યું કે ત્યાંના મંદિરમાં જઈને એક દિવસ ધ્યાન ધરીએ. ગામે ગયા. ધ્યાન શરૂ કર્યું. પણ એક પછી એક ત્રણ વ્યક્તિઓ આવીને કુતૂહલવૃત્તિએ પૂછપરછ કરવા લાગી. અમે ધ્યાન કરતા હતા એમાં આમ ખલેલ પહોંચી. મંદિરમાં આ રીતની ખલેલથી દુ:ખ થયું. છેવટે મંદિર છોડીને બહાર ઝાડ હેઠળ ધ્યાન કરવું શરૂ કર્યું. ત્યાં કોઈ ખલેલ ન હતી.

ધ્યાનની ભૂમિકા કરવી જોઈએ. રડતા બાળકને શાંત રાખવા માટે જેમ રમકડું આપીએ છીએ તેમ મનને શાંત રાખવા માટે સરળ સાધન લઈને ધ્યાનમાં બેસવું જોઈએ.

એક સાધકની વાત છે. એણે કઠોર નિર્ણય કર્યો કે હું દરરોજ એક કલાક ધ્યાન એકાગ્રતાપૂર્વક કરીશ. એમાં ખલેલ નહીં ચાલે. એકાગ્રતા નહીં રહે તો ફરી શરૂ કરીશ. છેવટે પરિણામે એનું માથું પાકી ગયું! ધ્યાન માટે નમ્રતા જોઈએ. એક વખત ન જામ્યું તો કંઈ નહીં. ફરીવાર પ્રયાસ કરવો જોઈએ. પ્રયત્ન તો પૂરો કરવો જોઈએ, પણ સાથે પરમાત્માનો અનુરાગ પણ જોઈએ.

આજે આપણા જીવનમાં અને સમાજમાં આટલી મુસીબતો અને મુશ્કેલીઓ છે; છતાં મને ભાવિ માટે ખૂબ આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે. પરિસ્થિતિ આટલી હદે બગડી છે એથી જ સ્તો સુધારાની વધુ આશા છે. ગીતામાં પણ આવું જ ભગવાને કહ્યું છે ને. આજે ભગવાનને આવવા જેવું થયું છે, અને મને ખાતરી છે કે ભગવાન આવશે.

હવે ભગવાનનો જે અવતાર હશે તે સમૂહ-અવતાર હશે. તમે અને હું, આપણે બધાએ આ માટે તૈયારી કરવી જ રહી. ભગવાનના એજન્ટ બનવા સૌએ તૈયારી કરવી જ જોઈએ અને એનો માલ વેચવા સેલ્સમેન થવું જોઈશે. છાપામાં જાહેરખબર આવે છે તેમ આ માટે મોક્ષ જેવો સારો પગાર પણ મળવાનો છે.

ફાધર વાલેસ

# મધરાતે....!

એકાદ ઊંઘ પૂરી થઈ હશે અને જાગી જવાયું.

...કમબખતીનો સોદો! કેટલા વાગ્યા હશે—કોને ખબર! રિસ્ટ-વૉચ ઓશીકે પડેલું હતું પણ અંધારામાં શું દેખાય? એક રેડિયમ-વાળું લાવવાની જરૂર છે. વાગ્યા હશે એટલા ખરા—જાણીને શું કામેય છે? ફરી જલદી નીંદર આવી જાય તો સારું... હમણાં 'નવનીત'માં જોડણી વાંચી હતી— જરુર સાચું કે જરૂર? જોડણીકોશ જોવો પડશે...

ત્રણ નવકાર ગણવાનો પ્રયત્ન કરું છું. પહેલો અડધો ગણાય ત્યાં તો બીજો વિચાર આવું આવું કરી રહેલો જણાયો. મને લાગે છે નવકારથી નહીં પતે; ઉવસગ્ગહરં ગણવું પડશે. પહેલી એક ગાથા માંડ પૂરી... મંગલ કલ્લાણ આવાસં...આ દેશમાં હવે ક્યારેય મંગલનો આવાસ થશે ખરો? રાત્રે જ એક મિત્ર-દંપતી સાથે વાતો ચાલી હતી. ભાવિ એકદમ અંધારમય જણાય છે. આશાનું કોઈ કિરણ દેખાતું નથી.

...છેક નીચેના માળે રહેતા કોઈ ભાઈના ટી.વી.ની ટેપ અમારી બાલ્કનીની ભીંતને અડીને પસાર થાય છે. જોરદાર પવનની સાથે ટેપનો ભીંત સાથે અફળાવાથી સતત પટ...પટ...પટ...અવાજ આવ્યા જ કરે છે. આ શું લોકોની રીત કહેવાય? કેટલી વાર ગુરખા સાથે કહેવરાવ્યું કે તમારા ટી. વી.ની પટી અહીંથી ખસવી લો... આખી રાત ઊંઘ નથી આવતી. પણ સાંભળે છે કોણ? ક્યારેક તો કાતર લઈને અરધી રાતે કાપી જ નાખીશ. કરો બેટા લહેર!

પથારીમાં પત્ની બાજુમાં સૂતી છે. કદાચ સપનાં જોતી હશે! સપનામાં મને જ જોતી હશે ને? બીજા કોને જુએ? હું ધારી ધારીને એનું મોં જોઉં છું પણ કંઈ ઉકેલ મળતો નથી. માત્ર નસકોરાંનો અવાજ સંભળાય છે. નસકોરાં કહેવાય કે સ્ત્રીઓનાં નસકોરાં માટે બીજો કોઈ શબ્દ હશે? 'ઝીણી નસકોરી' એમ કહેવાય?

બાલ્કનીમાં જઈને ઊભો રહું છું. પેલી ટી. વી.ની ટેપ તરફ તિરસ્કારભરી નજરે જોઉં છું. પણ મીઠો મધુર પવન વાઈ રહ્યો છે અને તેમાં તિરસ્કાર ખોવાઈ જાય છે. પવન સારો લાગે છે. સૂવાની મઝા તો બાલ્કનીમાં જ આવે. ભગવાને શું કામ બેડ-રૂમ સર્જ્યા હશે? કેવું મસ્ત વાતાવરણ છે! સામે દરિયાનાં મોજાંનો ઘુઘવાટ. નીરવ શાંતિ. મ્યુનિસિપાલિટીની ઝળાંહળાં બત્તીઓ નીચે પથરાઈ રહેલો મસમોટો રસ્તો. કોઈ રડીખડી ટેક્સી પસાર થઈ જાય છે. બાજુમાં થોડે દૂર સ્કાયસ્ક્રેપરના છેક માથે એક લાલ બત્તી ઉઘાડ-બંધ થાય છે. કહે છે કે નીચી સપાટીએ ઊડતાં એરોપ્લેનો ઊંચાં મકાનો જોઈ શકે તે માટે ફરજિયાત મૂકવી પડે છે. એરોપ્લેનવાળા બત્તી તો જુએ પણ એરોપ્લેનની ઉડાણની ઊંચાઈ અને પેલી લાલ બત્તી વચ્ચે કેટલો ગેપ રહેતો હશે તેની એને કેમ ગમ પડતી હશે? મરશે, જવા દો ને, આપણે શું કામ છે?...બિલ્ડિંગમાં નીચે બગીચામાં માળી લૉનને પાણી પાઈ રહ્યો છે. બચ્ચારો જીવ! શું કામ ઊંઘ વેચીને ઉજાગરો કરતો હશે? કહે છે રાત્રે પાણીનું પ્રેશર વધારે આવે છે. એ જે હોય તે. પણ હરિયાળી લૉન કેવી સરસ લાગે છે!

...કેટલા વાગ્યા હશે? કાંઈ ખબર પડતી નથી. બત્તી કરું? શું કામ છે? જેટલા વાગ્યા તેટલા ખરા, આપણને તો ઊંઘ સાથે કામ છે ને? પણ આ વિચારોની હારમાળા અટકે તો ઊંઘ આવે ને? કહે છે કે નિર્વિચાર થવાય તો ધ્યાનમાં પ્રવેશ થાય. હવે આમાં કેમ કરવું?... પણ માળું આ તો બવ્વ જ સારું થઈ ગયું! મંદિર કે મસ્જિદ, પ્રતિક્રમણ કે પર્યુષણ, કશાની જરૂર નથી. માત્ર વિચારોથી મુક્તિ એ જ ધ્યાન, એ જ ઈશ્વર, એ જ સત્યની પ્રાપ્તિ. સીધું ને સટ! આ કૃષ્ણમૂર્તિ ને રજનીશ—આવા બધા લોકો સો વર્ષ પહેલાં કેમ પેદા નહીં થયા હોય? તો આપણને વારસામાં જ નિર્વિચાર ધ્યાન મળ્યું હોત ને? આ બધી દ્વિધા તો ન થાત! હશે, ભલે આપણા વારસદારો ભોગવતા.

...નિર્વિચાર કેમ થવાતું હશે? વિચારોની તાકાત તો ઘણી છે, હોં! વિચારોથી છૂટવાનું દુષ્કર-દુષ્કર લાગે છે ખરું.

આ સાગરના તરંગોમાં પણ કેવી તાકાત છે? પણ આ જમાનાના વૈજ્ઞાનિકોએ બી કમાલ કરી. એમણે પ્રચંડ તાકાતની શોધ કરી અણુમાં—પરમાણુમાં. કોઠી ધોઈધોઈને કાદવ કાઢ્યો. કશું ન જડ્યું તે છેવટે અણુમાં શકિતની શોધ કરી? ભલા આદમી, કાંઈ હાથીની તાકાત વિશે કહેવું હતું; પ્રકૃતિમાં શકિત ભરી પડી છે—સાગર છે, ધરતીકંપ છે, ઝંઝાવાત છે, એની વાત કરવી હતી. એણે તો એટમની શોધ કરી. છટ્...!

...પત્ની જાગી ગઈ. મને કહે: આવું અગડમ બગડમ શું લખો છો? મને અચાનક સુરેશ દલાલ યાદ આવ્યા. કેવું સુંદર લખે છે? કેવું અદ્‌ભુત! બે દિવસ પર એક મિત્ર મળ્યા. 'મારી બારીએથી' બંધ થવા વિશે વાત થઈ તો કહે: આ સુરેશ દલાલ શું લખે છે? માળું બધું જ અગડમ બગડમ. કશું સમજાય જ નહીં. મેં કહ્યું હતું, તમને નહીં સમજાય. મેળો પડતું. આજના કવિઓનાં ભેજાં હવે પહેલાના કવિઓ જેવાં નો હોય!

બચ્ચારા સુરેશ! હેડકી આવી હશે—આટલી રાત્રે?

અરે! રસ્તા પરથી કોઈ દૂધવાળો ભૈયો સાઈકલ પર પસાર થયો... ચાર સાડા ચાર થઈ ગયા હશે. સૂઈશું? હવે ઊંઘ આવશે?

સુબોધભાઈ એમ. શાહ

# જીવનની ગતિનું પરિમાણ

હવે 'ઘાણીનો બળદ'નો મહાવરો કદાચ શહેરના લોકો ભૂલી જવા આવ્યા છે, 'ઘોડાના ડાબલા' એ પ્રયોગ થોડીઘણી ઘોડાગાડીઓ ચાલે છે ત્યાં સુધી શહેરના લોકોને યાદ તો રહેશે. પણ એકાએક જ જો કોઈ કહે કે આ બળદે અને ઘોડાએ પોતાની અંધારી અને ડાબલા માણસને વારસામાં આપ્યા છે તો કદાચ આપણે એ ન પણ માનીએ!

કારણ કે આપણે ખુલ્લી આંખે ચાલીએ છીએ, જવું હોય ત્યાં જઈએ છીએ, જોવું હોય તે જોઈએ છીએ. હવે તકલીફ અહીં જ છે; જવું હોય ત્યાં જ આપણે જઈએ છીએ અને જોવું હોય તે જ આપણે જોઈએ છીએ.

સવારે ઘેરથી નીકળીએ ત્યારે અણજાણતાં જ આપણા પગ નિર્ધારિત વળાંકે વળે, ચોક્કસ સ્ટેશને કે ચોક્કસ બસસ્ટૉપ પર આવીને ઊભા રહે, એવું નથી બનતું? આપણે ગમે તેટલા વિચારમાં હોઈએ તો પણ જોઈતા નંબરની બસ આવે ત્યારે કતાર સાથે આગળ ચાલતા જ હોઈએ છીએ.

પણ ક્યારેક આપણે આ સવાલ આપણી જાતને પૂછવો જોઈએ: ઘેરથી સ્ટેશન સુધી રસ્તામાં પરિચિત અને અપરિચિત કોણ કોણ માણસો સામે મળ્યા, એ આપણને યાદ છે ખરું? આપણી પાસે ટ્રેનમાં કોણ ઊભું હતું અથવા સામે કોણ બેઠું હતું એની સાંભરણ છે ખરી? બસના કંડક્ટરનું મોં આપણે જોયું હતું?— આ તો એક તરફ ગયું, આપણે ત્યાં આવતો દૂધવાળો ભૈયો, છાપું આપી જતો છોકરો કે ફૂલ આપી જતો માળી, એ આવતી કાલે ઉત્સવનાં વસ્ત્રોમાં જ તમને સામા મળી જાય તો તમે એને ઓળખી શકો ખરા? કદાચ તમે એમને દીઠે ઓળખી શકો તો પણ ખરેખર એને ઓળખો છો? તમારી સાથે રોજ બેસી બજારના ખબર પૂછ-નાર, રાજકારણની ચર્ચા કરનાર પડોશી કે ટ્રેનના મુસાફરનું નામઠામ તમે જાણતા હો, છતાં ખરેખર તમે કશું જાણો છો ખરા?

આ પ્રશ્નોના ઉત્તર બે રીતના મળશે.

એક કહેશે, હા, આ 'ક' તો અમારા ખાસ દોસ્ત; ગુલાબી માણસ છે...

બીજો કહેશે કોણ? 'ક'? હા, એ મને અવારનવાર ટ્રેનમાં મળી જાય છે, પણ એ ક્યાં રહે છે, શું કરે છે, એની મને ખબર નથી.

આમાં પ્રથમ ઉત્તર આપનાર ઘાણીના બળદની માફક ગોળ-ગોળ—પોતાના એકમાત્ર ચક્કરમાં ફરનારા માણસનો છે; પોતે ચાલે છે એ ચીલાની આજુબાજુ પણ ક્યાંક પગ મૂકી શકાય છે એનો એને ખ્યાલ નથી હોતો.

બીજો ઉત્તર આપનારની ગતિ ઘોડાના ડાબલાઓની યાદ અપાવે છે. એ સીધે રસ્તે ચાલ્યા જાય છે; કશું જ આડુંઅવળું જોયા વિના એ આગળ ને પાછળ ગતિ કરે છે.

પરંતુ ક્યારેક કોઈ પાસેથી આપણને ત્રીજો ઉત્તર પણ મળશે. એ કહેશે—

'હું સવારે ઓફિસ જવા નીકળ્યો ત્યારે આકાશમાં કેટલાંક વાદળાં કંઈક એવી મઝાની આકૃતિ રચતાં હતાં કે હું એક ક્ષણ રોકાઈ ગયો! અરે, રસ્તામાં એક માણસ કંઈક વિચારમાં ને વિચા-રમાં જતો હતો, આંગળીના વેઢા ગણતો હતો અને મનમાં ને મનમાં બબડતો હતો... બે બાળકો નિશાળે જતાં હતાં ત્યારે ટીચર આજે છેલ્લા ત્રણ દિવસથી પહેરે છે એ જ બુશશર્ટ લાવશે કે બદલશે એ વિશે શરત લગાવતાં હતાં; પાડોશીના બગીચામાં લાલ કરેણ ઘણી બધી ઊગી છે પણ ગુલાબ હમણાં સારાં દેખાતાં નથી!'

આવો જવાબ આપનાર માણસ પોતે ઉઘાડી આંખે ચાલે છે એવો દાવો કરી શકે.

ડૉક્ટરો તેમના વ્યવસાયમાં પડ્યા હોય, પણ એની બહાર પણ કોઈ જીવન વસે છે તેનાથી અજાણ હોય! સાહિત્યકારો પોતાના ચોકાને લક્ષ્મણરેખા ગણી એની બહાર પગલું મૂકવા હિંમત કરતા ન હોય, વકીલો કોર્ટકચેરીની દુનિયામાં જ મશગૂલ હોય!

જ્યારે આવું બને છે ત્યારે માણસ નિત્યક્રમ જીવતો હોય છે, જિંદગી નથી જીવતો હોતો!

આ જિંદગી કઈ રીતે જીવી શકાય? અથવા આપણને ઘાણીના બળદ કે ડાબલાવાળા ઘોડાની પંગતમાંથી ત્રીજી પંગતમાં મૂકી શકે એવો ઉત્તર આપણે કઈ રીતે આપી શકીએ?

જિંદગી જીવવાની કે જીતવાની કોઈ જડીબુટ્ટી નથી. શ્વાસ લેવાનો કોઈ ઈલમ નથી; નજરને વિસ્તારવાનો કોઈ કસબ નથી. એટલે જ ઉપરના પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો તમને ભાગ્યે ક્યાંયથી મળી શકે!

સેન્ટ ઑગસ્ટિનને કોઈએ પૂછ્યું: 'સમય શું છે?' તેમણે કહ્યું: 'આમ તો મને ખબર છે, પણ તમે પૂછો છો ત્યારે જાણે કશું જ નથી જાણતો એમ લાગે છે!'

જિંદગીનું પણ કંઈ આવું છે. 'જીવવું શું' એની વ્યાખ્યા બાંધવા બેસો અને એ કાં ચંચળ બની સરી જાય, અથવા મૃત બની પડી રહે. એ બેમાંની કોઈ પણ લાગણી જીવવાની વ્યાખ્યા બની શકે નહિ.

પશ્ચિમમાં કેટલાક લોકો એક ક્રૂર રમત રમે છે. એ છે પતં-ગિયાને પકડી આલ્બમ બનાવવાની. તેઓ રંગબેરંગી પતંગિયાને મહામુસીબતે પકડે છે અને પછી આલ્બમનાં પાનાં પર તેઓને પીન વતી જકડી દે છે.

આલ્બમનાં પાનાં પર જે પીન વતી જડાઈ જાય છે એ પતંગિયું હોય છે? ના, પતંગિયું તો એના જીવનમાં છે, એની ચંચ-ળતામાં છે, આમથી તેમ ઊડતી તેની ગતિમાં છે. પીન સાથે જે જડાય છે તે માત્ર રંગો છે. હા, માણસ પોતાના હાથે ક્યારેય પૂરી ન શકે એવા કુદરતના રંગોની લીલા અદ્ભુત અવશ્ય હોય છે, પણ એને તમે આલ્બમનાં પાનાં પર મઢો ત્યારે એમાંનું જીવન બાદ થઈ જતું હોય છે.

જિંદગીનું પણ આવું જ છે.

જિંદગીને તમે વ્યાખ્યામાં જકડવા જાઓ એટલે માત્ર રંગો જ રહે છે, ગતિ નથી રહેતી.

જિંદગીને યથેચ્છ વિહરતી જોવામાં જે મઝા છે, એ જિંદગીને વ્યાખ્યામાં પૂરવામાં મળતી નથી. તમે ઊડતા પતંગિયાને જોઈ પ્રસન્નતા અનુભવી શકો, પણ આલ્બમ પર જડેલા પતંગિયાને જોઈને તો ઉદાસ જ થઈ જવાય.

ઉઘાડી આંખે ફરનારા માણસ પાસે જિંદગી કોઈ રહસ્યમય પુસ્તકનાં એક પછી એક ઊઘડી રહેલાં પાનાં જેવી બની જાય છે. તમારો રસ એમાં વધતો જ રહે છે. એક પછી એક પાનું ક્યારે ખૂલશે એની ઈન્તેજારી વધે છે અને પ્રત્યેક નવી ઘટના—સારી કે નરસી—જીવનનો કોઈક નવો અર્થ આપી જાય છે.

એક લેખકે કહ્યું હતું: મોટા ભાગના લેખકો મધમાં ખૂંપી ગયેલી માખી જેવા હોય છે. જીવનનું મધ ઘણું મીઠું હોય છે, પણ તેને પીવાનો પ્રયત્ન કરીએ ત્યારે આપણે અંદર ને અંદર ખૂંપતા જતા હોઈએ છીએ. એની મીઠાશને આપણે ચાહતા હોઈએ છીએ, પણ એ મીઠાશ પામવા માટે મૂંઝાવું પડે છે, ફસાઈ જવું પડે છે, અને પછી એમાંથી મુક્તિ હોતી નથી.

મધ બનાવતી મધમાખી અને મધમાં ફસાઈ જતી માખી—આ બંને વચ્ચે ઘણો મોટો ફરક છે. મોટા ભાગના લોકો મધમાં ફસાઈ જતા હોય છે, બહુ ઓછા લોકો મધ ચાખતા હોય છે અને એથી યે ઓછી સંખ્યાના લોકો મધ બનાવી શકતા હોય છે.

આપણે આ ત્રણમાંથી પ્રથમ કક્ષામાં જ અટકી પડતા હોઈએ છીએ; જિંદગીને મૂકી પણ નથી શકતા—સ્વીકારી પણ નથી શકતા. જિંદગીની મીઠાશ આપણને આકર્ષે છે, પણ એ પામીએ એ પહેલાં એના અકળાવનારા, ગૂંગળાવનારા માહોલમાં ફસાઈ જતા હોઈએ છીએ.

બીજી કક્ષા પર પહોંચી શકે—માણસ જીવનના મધુને પામી શકે, એના સ્વાદને માણી શકે તો પણ એ સદ્‌ભાગી ગણાય. આ ઘણું વિકટ છે. જીવનના મધુનો સ્વાદ હમેશાં મીઠો નથી હોતો. એ કડવો—મીઠો હોય છે. એનાં થોડાંક કડવાં બિંદુઓ ચાખવા મળે કે જીવનથી પૂંઠ ફેરવી જનાર માણસ ભાગ્યે જ જિંદગીના મધુના સાચા સ્વાદ સુધી પહોંચી શકે છે.

આટલે સુધી પણ જે માણસ પહોંચે એને જીવતાં આવડે છે એમ કહી શકાય. કારણ કે એ જિંદગીને ઓળખે છે, એ જિંદગીના સ્વાદને જાણે છે અને એની તમામ કડવાશ અને મીઠાશ સાથે તેને માણે પણ છે.

જીવનના કડવા—મીઠા અનુભવો વચ્ચે આ માણસ ઉઘાડી આંખે જીવી શકતો હોય છે. એ જીવનને સમગ્રપણે જોતો હોય છે એટલે જ જ્યારે વિષાદની અવસ્થા આવે છે ત્યારે તેને પાર પ્રસન્નતાની ક્ષણ છે એ પણ જાણી શકે છે અને જ્યારે પ્રસન્નતાની ક્ષણ આવે ત્યારે એ સાચો આનંદ છે કે પછી માત્ર આનંદનો આભાસ છે એ પણ જાણી શકે છે.

થોડાક માણસો એથી યે આગળ જાય છે—એ છે જીવનનું મધુ સર્જનારાઓ. આ પયગંબરો, સંતો અને મહાપુરુષોનો પ્રદેશ છે ત્યાં ઈસુ, બુદ્ધ કે ગાંધીને પ્રવેશ મળતો હોય છે, રામકૃષ્ણ, વિવેકાનંદ અને અરવિંદ એમાં સ્થાન પામે છે, તેઓ જીવનનો અર્થ આપે છે, જેને માટે જીવી શકાય એવી ક્ષણો રચે છે.

જીવન વિશે આમ જ મનન કરીએ તો એ તો નિરવધિ છે અને જેની અવધિ નથી એના વિશેના મનનનો અંત ક્યાં આવે?

એટલે જ સમગ્રપણે જીવાતી અને જોવાતી જિંદગી જો જીવી શકાય તો 'અંધારી' કે 'ડાબલા' વિના ગાળી શકીએ એવી થોડી ક્ષણો પણ આપણને મળે ખરી. આપણે આગળ ને પાછળ ગતિ કરતાં વાહનોને બદલે ઉપર અને નીચે ગતિ કરતાં વૃક્ષો બની શકીએ.

—હરીન્દ્ર દવે

## મહાવીરનું પ્રતીક સિંહ શા માટે?

મહાવીર અહિંસાના પૂજારી હતા છતાં તેમનું પ્રતીક હિંસક પ્રાણી સિંહ માનવામાં આવે છે.

અશોક અહિંસાના ઉપાસક હતા એમ છતાં તેના સ્થંભો પર સિંહની મૂર્તિઓ અંકિત થયેલી છે. ભારત સરકારનું પ્રતીક પણ અશોક સ્થંભ છે.

શાન્તિ અને સહઅસ્તિત્વ આપણું ધ્યેય છે, એમ છતાં આપણું રાજકીય ચિહ્‌ન સિંહ છે. આ સ્થિતિમાં વિરોધાભાસ હોય તેવું લાગે છે. એનું કારણ શું?

નહેરુ, શાન્તિના પ્રતીક તરીકે કબૂતરને માનતા હતા, તેમણે કબૂતર ઉડાડીને શાન્તિની ભાવના વ્યકત કરી.

કબૂતર હિંસક નથી, પરંતુ શું તે અહિંસક છે?

કબૂતર કોઈને મારતું નથી માટે તેને અહિંસક માનવામાં આવે છે. તે કોઈને વ્યથિત નથી કરતું તથા પોતે વ્યથિત થાય છે ત્યારે પણ લાચાર સ્થિતિમાં મરી જાય છે.

કબૂતરની અહિંસા અનાક્રમક, શાંત અહિંસા છે. શકિતહીન કબૂતરની અનાક્રમકતામાં કોઈ સિદ્ધાન્ત નથી, પરંતુ તેની દુર્બળતા—વિરકિત જ હેતુરૂપ છે, એના દર્શન ૧૯૬૨માં થયા, જ્યારે નહેરુજીની કબૂતરના ચિહ્‌નવાળી અહિંસાની પાંખો ચીની આક્રમણખોરોએ તોડી નાંખી. અહિંસા હારતી નથી અને જો હારે તો તે અહિંસા નથી, કંઈક બીજું જ છે.

અનાક્રમણ એ અહિંસા નથી, અને આક્રમણ માત્ર હિંસા નથી.

કોઈને મારવાથી હિંસા નથી થતી અને કોઈના ન મરવાથી અહિંસા નથી થતી. મરવું એ એક ઘટના છે. અને નહિ મરવું તે ઘટનાનું નહિ બનવું છે.

અહિંસા એટલે કંઈક કરવું કે કંઈક ન કરવું એમ નથી, તે ક્રિયા તેમ જ અક્રિયા નથી.

અહિંસાનો અર્થ છે, દ્વેષ, ઘૃણા, ઈર્ષ્યા, શોષણ, દમન, પીડનની ભાવનાનો ત્યાગ.

એ અહિંસા નથી, એ અહિંસાનું નકારાત્મક પાસું માત્ર છે. ક્રિયાત્મક અહિંસા છે - પ્રેમ.

સર્જનના હાથે કોઈ મરી જાય છે, પણ તે હિંસક નથી કહેવાતું ડાકુના હાથે ઘાયલ થયેલ કોઈ બચી જાય છે તો પણ તેને હિંસક કહેવામાં આવે છે.

ઘટના એક છે, પરંતુ અન્તઃસ્થિતિ બે છે. પ્રથમ અન્તઃસ્થિતિમાં અહિંસા છે, બીજીમાં હિંસા છે.

આલિંગન પુત્રી સાથે પણ કરવામાં આવે છે અને પત્ની સાથે પણ. પ્રથમમાં વાત્સલ્ય છે, બીજામાં વાસના છે. બીજામાં પણ કાયમ એક જ અંતઃસ્થિતિ નથી હોતી. કયારેક સહાનુભૂતિ, કયારેક કરુણા, કયારેક સાંત્વન, કયારેક સૌંદર્યાનુરાગ અને કયારેક કામાકર્ષણ હોય છે.

આપણે ઘટનાઓને પ્રમાણ માની લઈએ છીએ, એ વાત ખોટી છે.

જેમ કબૂતરની શાન્તિ દુર્બળતાની શાન્તિ છે, વિરકિતની શાન્તિ છે. એ અવાંચ્છિત છે, ગલત છે.

સિંહ આક્રમણ કરે છે, મારે છે, ખાઈ જાય છે. મારવું, ખાવું, એ ઘટના છે. ઘટના, હિંસા નથી, અહિંસા પણ નથી, એ માત્ર ઘટના છે.

એ મારે છે એટલા માટે કે તેને ભૂખ લાગી હોય છે. તેનો આહાર સામે હોય છે. તે એ આહારને ખાય છે, જેમ આપણે શાકભાજી કાપીને ખાઈએ છીએ. શાકભાજીમાં પણ જીવ છે, તો પણ તે આપણો ખોરાક છે. એ શાકભાજી પર આપણને ઘૃણા નથી, દ્વેષ નથી, એની જીવનસત્તાનું આપણને દર્શન પણ નથી. એની પ્રતિ આપણી કોઈ એવી અન્તઃ સ્થિતિ નથી જેમાં અહિંસા-હિંસા જેવું કંઈ હોઈ શકે.

આપણે એનાથી બચી શકતા નથી. માંસ છોડવાવાળા ફળ અને શાકભાજી ખાય છે. એમાં પ્રત્યક્ષ પ્રાણસત્તા છે. એને કોઈ છોડી દે, તો જેને આપણે નિર્જીવ માનીએ છીએ, એ ખનિજોમાં પણ જીવસત્તા છે. લોઢું અથવા કાચના ટુકડામાં પણ જીવસત્તા છે. પાણીમાં દરેક પરમાણુમાં પણ જીવસત્તા છે. પ્રાણ સત્તા અને દ્રવ્ય, અનન્ત કાળથી એકમેક છે.

આ દૃષ્ટિથી પૂર્ણ અહિંસાનો અર્થ પૂર્ણ જીવન રહિત સ્થિતિ થાય. પાંપણ હલાવવા સાથે, શ્વાસ લેવા સાથે અગણિત અદ્રશ્ય જીવાણુઓ મરતા હોય છે.

જો મરવું એ હિંસા હોય તો રોકી શકાશે નહિ. અને જો મરવામાં કારણ બનવું એ હિંસા હોય તો તે પણ રોકી શકાશે નહિ.

આપણે સ્વચ્છ થઈએ છીએ તો રોગોના જીવાણુઓ મરી જાય છે, જો રોગના જીવાણુઓને બચાવીએ તો આપણે પોતે મરી જઈએ છીએ.

અહિંસાનો અર્થ આપણે ઘટના પર લઈએ છીએ; જે ખોટું છે. હિંસાની વ્યાખ્યા પણ ઘટનાઓના સંદર્ભમાં કરીએ છીએ, એ પણ ખોટું છે.

અહિંસા અન્ત: ચેતનાની એક સ્થિતિ છે, અન્ત:ચેતનાની બીજી સ્થિતિ હિંસા છે.

એ ધોરણે કબૂતર, નહિ મારવાને કારણે અહિંસક નથી, એ ધોરણે સિંહ મારવાના કારણે હિંસક નથી.

સિંહ વીરત્વનું પ્રતીક છે. અહિંસા વીરત્વની ચરમ સ્થિતિ છે. ક્રોધ, ઘૃણા, ઈર્ષ્યા, દ્વેષને જીતવા માટે આપણે આપણી જાત સાથે ભારે સંઘર્ષ કરવો પડે છે - સાધક આ વાત બરાબર સમજે છે. પોતાનામાં રહેલા પશુત્વનો પરાભવ કરવા માટે અમર્યાદિત પરાક્રમની, જરૂર પડે છે. - કાયર તો બે ક્ષણમાં મેદાન છોડીને ભાગીછૂટે છે.

મહાવીર વીરત્વના પ્રતીક હતા. તેઓ મહાવીર (મહાન વીર) હતા, એમનું પ્રતીક સિંહ જ બની શકે.

ભારે પરાક્રમ, જેની અભિવ્યકિત અહિંસામાં થઈ. જગતના આ એક અભિનવ પ્રયોગની નિષ્પત્તિ પણ અભૂતપૂર્વ રહી, એના જ સંકેતરૂપે સિંહ મહાવીરના વીરત્વનું પ્રતીક બન્યો.

મૂળ હિંદી :
ભાનીરામ વર્મા.
('તીર્થંકર' માંથી) અનુ: **શાંતિલાલ ટી. શેઠ**

## ☆ આરંભે શૂરા! ☆

ઘણા લોકો આરંભે શૂરા હોય છે. શરૂઆત તેઓ ધામધડાકા સાથે કરે છે, પણ પછી થોડું ચાલીને અટકી જાય છે. પ્રારંભમાં એમને પોતાના કામમાં સફળતા મળે, પોતે જે કંઈ વિચાર્યું હોય એનો તેઓ બરાબર અમલ કરી શકે, ધાર્યાં નિશાન લઈ શકે અને એ સાથે પોતાના જીવનને જે દિશા આપવા માગતા હોય એ દિશામાં લઈ જઈ શકે, એવું થયા પછી એમનામાં એક જાતનો આત્મસંતોષ આવી જાય એવું બને છે અને ત્યારથી ધીમે ધીમે એમની પ્રવૃત્તિનો અને એમના જીવનનો વિકાસ અટકી પડે એવું બને છે. ત્યાર બાદ જાણે કે જીવનમાં કશું નવું કરવાની એમનામાં તમન્ના રહેતી નથી, કોઈ નવું કામ પણ તેઓ કરવાની બહુ ઈચ્છા કરતા નથી. એમનામાં એક પ્રકારની સ્થગિતતા આવી જાય છે. આ સ્થિતિ બરાબર નથી.

માણસ પોતે જે સ્થાને પહોંચ્યો હોય ત્યાં ટકી રહેવા માગતો હોય કે એ સ્થાનેથી આગળ વધવાની એની ઈચ્છા અને તમન્ના હોય તો એણે એક વ્યકિત તરીકે વિકાસ સાધવાનું ચાલુ જ રાખવું જોઈએ. એ જ રીતે પોતાની પાસે આવતાં કામો કરવામાં પણ એણે સવિશેષ કાર્યદક્ષતા સાધવી અને કેળવવી જોઈએ.

માણસના વિકાસમાં એવું કોઈ બિંદુ નથી કે જ્યાં આવીને એ અટકી જઈ શકે. જો એનો માનસિક અને બીજો વિકાસ અટકી જાય તો પછી ધીરે ધીરે એનાં વળતાં પાણી જ થવાનાં એ નિશ્ચિત છે. આનો અર્થ એ થયો કે હવે એ જ્યાં પહોંચ્યો છે ત્યાં એને સંતોષ છે. એથી વિશેષ કંઈ કરવાનું એને જરૂરનું લાગતું નથી. આવા માણસને માટે પછી નીચે ઊતરવાનો જ વારો આવે છે, પછી એનાથી કંઈ પણ નવી સિદ્ધિ સાધી શકાતી નથી.

આપણને એવા ઘણા લોકો મળી આવશે, જેઓ પોતાનાં જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં એક પછી એક શિખરો સર કરતાં આગળ વધ્યા હોય છે અને પછી અટકી ગયા હોય છે. કેમકે એમણે પોતાનો વ્યકિતગત કે વ્યાવસાયિક વિકાસ સાધવાની દિશામાં કંઈ જ કરવાનું યોગ્ય માન્યું હોતું નથી.

આ રીતે અમુક હદ સુધી વિકાસ પામીને, આગળ વધીને, અટકી ગયેલાઓમાં એવા ઘણા હોય છે, જેમનામાં પોતાની શકિત અને ક્ષમતાનો વિકાસ સાધવાની તાકાત તો હોય જ છે. પણ આમાંનાં કોઈએ પોતાની શકિતને સંપૂર્ણપણે ખીલવી નથી હોતી. જો તેઓ પોતાની અંદર પડી રહેલી શકિતનો પૂરેપૂરો વિકાસ સાધવા માટે આવશ્યક પુરુષાર્થ કરે તો એમને જીવનમાં આગળ વધવાની, પ્રગતિ સાધવાની ઘણી તકો મળી રહે છે. માણસ જો ધારે તો પોતાનો સતત વિકાસ સાધી શકે એવું એ કરી શકે છે. વિકાસની અને પ્રગતિની તકો અને માર્ગ એને મળી જ આવે નહિ, એવું બનવાનો સંભવ ઘણો ઓછો છે.

માણસનો આંતરિક, માનસિક કે વ્યાવસાયિક વિકાસ અટકી પડે છે એની પાછળ વ્યકિતગત કારણો જ મોટેભાગે હોય છે. કેટલીક વાર માણસ એમ માનવા લાગે છે કે "પોતાને જાણવું જોઈએ એ બધું જ એ જાણે છે, આ માટે એને વધારે પુરુષાર્થ કરવાની જરૂર નથી. એને હવે પોતાની શકિતને વધુ ખીલવવાની જરૂર નથી." આ રીતે વિચારવા લાગતો માણસ પછી પોતે નિષ્ક્રિય બની જાય છે અને એક પ્રકારના હાનિકારક એવા આત્મસંતોષમાં રાચ્યા કરે છે અને ક્રમશ: સભાનપણે જ એનું જીવન એકધારું સ્થગિત અને ઉમંગ–ઉત્સાહ વિનાનું તેમ જ નીરસ થવા લાગે છે. એવા પણ કેટલાક લોકો હોય છે કે એમને એમનો વિકાસ અટકી પડયો છે એનો ખ્યાલ નથી હોતો. અમુક સ્થાને પહોંચીને તેઓ ત્યાં એવી રીતે ચીટકી જાય છે કે પછી એમને જાણે કે જીવનમાં વિશેષ કંઈક કરવા જેવું લાગતું નથી. આ ઉપરાંત, એવા પણ ઘણા લોકો હોય છે કે જેઓ જીવનમાં આગળ વધવા માટે, એમની પોતાની શકિતને સતત વિકાસશીલ રાખવા માટે આવશ્યક પુરુષાર્થ અને પરિશ્રમ કરવા માટે તૈયાર નથી હોતા.

માણસને આગળ વધવાની તક ન હોય એને લીધે એ નિષ્ક્રિય બની જાય અને એનો વિકાસ રૂંધાઈ જાય એવું બની શકે છે, પણ તત્કાલીન કોઈ તક ન હોય એટલે જો માણસ પોતાનો વિકાસ અટકાવી દે તો એથી એ જે કામ કરતો હોય એ કામમાં પણ એ કયારેક પાછો પડી જવાનો સંભવ છે. અત્યારે જે ગતિએ પરિવર્તનો થઈ રહ્યાં છે, એમાં માણસને હંમેશનાં કામમાં પણ નવા નવા પડકારો ઊભા થયા હોય છે અને માણસે પોતાનો વિકાસ જો અટકાવી દીધો હોય તો એ આવા પડકારોનો યોગ્ય ઉત્તર આપી શકતો નથી, એ રીતે પણ એની પ્રગતિ અટકી જાય છે. એટલે આગળ વધવાની તક નથી, એમ કહીને નિષ્ક્રિય બની જવું કે પ્રમાદ સેવવો એ હાનિકારક છે. માણસ જો પોતે વિકાસ સાધવા માગતો હોય તો એ ઘણું કરી શકે છે. દાખલા તરીકે, આપણે અત્યાર સુધી જે કામ ન કર્યું હોય, જેમાં રસ ન લીધો હોય, એવા કામમાં કે પ્રવૃત્તિમાં રસ લઈ શકીએ છીએ. આપણા પર વધુ જવાબદારી લઈને પણ આપણી વિકાસયાત્રા ચાલુ રાખી શકીએ છીએ. આપણે બીજાના અનુભવમાંથી, બીજાના જીવનમાંથી પણ ઘણું ઘણું શીખી શકીએ છીએ. અમુક ચોક્કસ હેતુપૂર્વકના વાચન અને અભ્યાસ દ્વારા પણ આપણી સમક્ષ નવી ક્ષિતિજો ખૂલે એવું કરી શકીએ છીએ. આપણા રોજ-બ-રોજના અનુભવે આપણને આપણો વિકાસ સાધવાના નવા માર્ગો સાંપડી શકે તેમ છે.

આપણે જીવનમાં કંઈક મેળવવા માગતા હોઈએ, આપણે આપણો આંતરિક વિકાસ, બૌદ્ધિક વિકાસ સાધવા માગતા હોઈએ તો આપણે અટકી શકીએ નહિ, આપણા વિકાસની યાત્રા સતત વણથંભી ચાલુ રહેવી જોઈએ. આ એક કામ એવું છે જે આપણે જ કરી શકીએ તેમ છીએ. આપણા વતી બીજો કોઈ આ કામ કરી શકે નહિ. આપણે જો આ પુરુષાર્થ કરવા તૈયાર નહિ હોઈએ તો આપણે ધીમે ધીમે કટાઈ જઈશું અને આપણું જીવન નિરર્થક બની જશે. આપણે સતત વિકાસશીલ રહીને જ જીવનના સત્ત્વને અને જીવનના રસને જાળવી શકીશું.

**અનિલ શેઠ**

# સર્વક્ષેત્રી વ્યકિતત્વ

કોઈ વ્યકિત શેરબજારમાં દલાલી કરતી હોય અને કવિતા પણ લખતી હોય તે જાણીને આપણને નવાઈ લાગે છે. શ્રી. રોબર્ટ મેકનામારાને યુદ્ધને મોરચેથી ઉપાડીને સીધા વિશ્વ-બેંકની આર્થિક કહાકૂટ કરવા માટે મૂકી દેવામાં આવ્યા હતા અને તેમણે એ કામગીરી સુંદર રીતે બજાવી છે. આંતરરાષ્ટ્રીય નાણા-ભંડોળના નવા મેનેજિંગ ડિરેકટર તરીકે તાજેતરમાં નિમાયેલા ડૉ. એચ. જે. વિટ્ટેવીન હોલાન્ડના નાણાપ્રધાન હતા, પરંતુ એક જમાનામાં તેમણે ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા તૈયારી બતાવી હતી અને તે પછી સૂફીવાદમાં માનનારા ડૉ. વિટ્ટેવીન જગતના સર્વ ધર્મો સમાન છે તેવી ચળવળમાં સક્રિય રીતે ભાગ લઈ રહ્યા છે તે વાત ઘણા જાણતા નથી. ડૉ. વિટ્ટેવીન ગૂઢ જ્ઞાનમાં માનનારા છે. લોકમાન્ય ટિળક જ્યારે નવરા પડતા ત્યારે ગીતાનું ભાષ્ય લખવા ઉપરાંત બાળકોનાં રમકડાંનું ઈજનેરી જ્ઞાન પણ મેળવતા હતા. મહાત્મા ગાંધીજીએ રાજકારણ ઉપરાંત આરોગ્યને ક્ષેત્રે નિસર્ગોપચાર અને કેળવણીને ક્ષેત્રે બુનિયાદી તાલીમના વિચારો વહેતા મૂકયા હતા.

રશિયામાં એવા ઘણા નેતાઓ થઈ ગયા જે સર્વક્ષેત્રી જ્ઞાન ધરાવતા હતા. કાર્લ માર્કસ અને લેનિન વિષે કહેવાય છે કે તે બન્ને અર્થશાસ્ત્રી, લશ્કરી નેતા, ફિલોસોફર, રાજકારણી અને સમાજશાસ્ત્રી હતા. રશિયન સામ્યવાદી પક્ષનો ઈતિહાસ લખનારા એક રશિયન અર્થશાસ્ત્રી ઈતિહાસકાર તો હતા જ, પણ સાથે ખેતીવાડીનું ઉત્તમ જ્ઞાન ધરાવતા હતા. નવાઈની વાત એ છે કે રશિયામાં આ પ્રકારે સર્વક્ષેત્રી જ્ઞાન ધરાવનારા ઘણા નરબંકડા પાકી ગયા છતાં મોસ્કોના નૃવંશશાસ્ત્રી અને જીવશાસ્ત્રી ડૉ. ઝોર્સ એ. મેડવેડવને પાગલ ગણીને રશિયાની એક માનસચિકિત્સાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના ઉપર આરોપ હતો કે "તેઓ સ્કીઝોફ્રેનિયાથી પીડાય છે અને તેમની સ્પ્લીટ પર્સનાલિટી રશિયા માટે ભયરૂપ છે." માનવી અસંગત વાતો અને વર્તન કરે ત્યારે તેને સ્કીઝોફ્રેનિયાનો રોગ થયો છે તેમ માનસ-ચિકિત્સાની ભાષામાં કહેવાય છે. પોતાનું જે પ્રચલિત વ્યકિતત્વ હોય તેનાથી વિપરીત પ્રકારનું કે તેનાથી વેગળા પ્રકારનું વર્તન કરનાર વ્યકિતને સ્પ્લીટ પર્સનાલિટીવાળી વ્યકિત કહેવામાં આવે છે.

એક જ ક્ષેત્રમાં એક માનવીનું વ્યકિતત્વ ઝળકી શકે અને બીજા ક્ષેત્રમાં તે વ્યકિતત્વ ન ઝળકે તેમ માની લેવાની જરૂર નથી. અગર તેમ કરવાથી તેની શકિત છિન્નભિન્ન થાય છે તેમ પણ માની શકાય નહિ. ઘણા ડૉકટરો કવિ હોય છે અને ડૉકટરીના વ્યવસાયમાંથી વિસામો લેવા તે કવિતાના સર્જનમાંથી નવી શકિત મેળવતા હોય છે.

પરંતુ અનેકક્ષેત્રી વ્યકિતત્વ ધરાવતી વ્યકિત તેના જ ક્ષેત્રના લોકોને ગમતી નથી. રશિયામાં વી. આઈ. દહાલ કરીને એક ડૉકટર થઈ ગયો હતો. તેણે સર્જ્યન તરીકે તાલીમ લીધી હતી, પરંતુ કૉલેજમાંથી બહાર આવ્યા પછી તેને રશિયાના ગૃહખાતામાં નોકરી મળી હતી અને નવરાશના વખતમાં તે વ્યાકરણ ઉપર પુસ્તકો લખતો હતો. તેણે ડૉકટરી વિદ્યા ઉપર પુસ્તક લખવાને બદલે રશિયન ભાષા ઉપર જ આખું પુસ્તક લખીને ભાષાશાસ્ત્રી તરીકે નામના મેળવી હતી. માત્ર આટલાથી જ તેને સંતોષ ન થયો. તેણે "પિરોગોવ" એવું ઉપનામ ધારણ કરીને વાર્તાઓ પણ લખી અને રાજકારણ ઉપર લેખો લખવા માંડયા હતા. તેનું આ બહુક્ષેત્રી વ્યકિતત્વ જોઈને કેટલાક રાજકારણીઓને ઈર્ષ્યા આવી અને તે સમયના રશિયાના શાસક રાજા ઝારે તેને બોલાવીને કહ્યું:

"મિ દહાલ, તમે લેખો લખવાનું છોડી દો અગર તો રશિયાના ગૃહખાતાની નોકરી છોડી દો. તમારી અનેકક્ષેત્રી પ્રવૃત્તિ અમને ગમતી નથી!"

લૂઈસ કેરોલ નામના યુરોપિયન લેખકે "એલિસ ઈન વન્ડરલેન્ડ" નામનું બાળકો માટેનું વાર્તાનું પુસ્તક લખ્યું હતું. હકીકતમાં તો શ્રી લૂઈસ કેરોલ એક ગણિતશાસ્ત્રી હતા અને તેમનું ખરું નામ ચાર્લ્સ ડોજસન હતું તે હજી ઘણાને ખબર નહિ હોય. એવી જ રીતે બાળકો માટે સાત ગ્રંથોમાં પરીકથાઓ લખનારા લેખક શ્રી વેગનર હકીકતમાં પ્રાણીશાસ્ત્રના પ્રોફેસર હતા!

વિખ્યાત બ્રિટિશ બાયોકેમિસ્ટ (જીવ-રસાયણશાસ્ત્રી) અને નૃવંશશાસ્ત્રી પ્રોફેસર જે. બી. એસ. હોલ્ડેન નવરાશની પળોમાં ડિટેકિટવ નવલકથાઓ લખતા હતા. એ માટે તેમણે ઉપનામ ધારણ કર્યું હતું, એટલું જ નહિ પણ એક સમયે પ્રો. હોલ્ડેને "ડેઈલી વર્કર" નામના સામ્યવાદી મુખપત્રનું તંત્રીપદ પણ સંભાળ્યું હતું! પ્રો. હોલ્ડેને સમાજશાસ્ત્ર અને પત્રકારત્વના ક્ષેત્રે પછી ઘણો ઊંડો અભ્યાસ કર્યો હતો. બ્રિટનના એક પાદરી શ્રી ગ્રેગર મેન્ડલને ઈસુ ખ્રિસ્તનો ઉપદેશ આપતાં આપતાં એકાએક વનસ્પતિશાસ્ત્રમાં રસ જાગ્રત થયો હતો અને તેમણે કઠોળનાં સંકર બિયારણો તૈયાર કર્યાં હતાં! સ્પિનોઝા ફિલસૂફ હતો છતાં એને કલાકારીગીરીમાં રસ હતો. રશિયાના વિદેશખાતાના પ્રધાન શ્રી એન્ડ્રી ગ્રોમિકોએ પશુના ડૉકટરની તાલીમ લીધી હતી અને પછી વિદેશી બાબતોના નિષ્ણાત બન્યા હતા! નોબેલ પારિતોષિક જીતનારા ડૉ. લિનસ પાઉલિંગને રસાયણશાસ્ત્રમાં શોધ કરવા માટે આ પારિતોષક મળ્યું હતું, પણ પછીથી તેઓ રાજકીય ચળવળમાં પડયા હતા અને તેમને વિશ્વશાંતિમાં સહકાર આપવા માટે લેનિન શાંતિ પારિતોષિક અને ફરીથી નોબેલ શાંતિ પારિતોષિક મળ્યાં હતાં.

એરિસ્ટોટલ અને લીઓનાર્ડો દ વિન્ચી એ બન્ને ગ્રીક વિદ્વાનો કલાકાર, ચિત્રકાર, ઈજનેર અને ફિલોસોફર હતા તે વાત તો સર્વવિદિત છે. બહુ જ તેજોમય બુદ્ધિ હોય અને એક ક્ષેત્રમાં આત્મસંતોષ થાય તેવી સિદ્ધિ મેળવ્યા પછી તે ક્ષેત્રમાં કોઈ પડકાર ઝીલવાનો રહેતો નથી ત્યારે પડકારો ઝીલવાથી ટેવાઈ ગયેલી વ્યકિતઓ બીજા નવા ક્ષેત્રમાં પડે છે. તેમનો આ "ચેલેન્જ" ઝીલવાનો સ્વભાવ તેઓ ગમે તે ક્ષેત્ર પકડે તેમાં તેમને સફળતા બક્ષે છે.

**કાંતિ ભટ્ટ**

## સારું-ખોટું કોણ કરે છે?

જગતનું સારું-ખોટું કોણ કરે છે? ભગવાન કરે છે? ભગવાન તો સદાયે કલ્યાણકારક જ છે. ભયંકર ધરતીકંપો, અકસ્માતો વગેરે તો એકશનનું રિએકશન છે; કર્મનો બદલો છે. ભગવાન તો ક્યારેય સારું- ખોટું કરતો હોતો નથી.

*

મનુષ્યમાં પોતાનામાં જ એટલા દુર્ગુણો અને દોષો છે કે એને બીજાના દોષો જોવાનો સમય મળે છે એ જ નવાઈ.

*

આપણી પાસે જે છે તેનો એક કણ પણ આપ્યો નથી, અને વળી જે આપ્યું છે તેનો તમે હિસાબ કરો છો?!

*

હુ તો માગું છું તમારું હૃદય. હૃદય મળ્યું હોય ને બીજું ન મળ્યું હોય તો તે ચાલી શકે છે.

— શ્રી મોટા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૦

મુંબઈ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૭૩ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ★ શાસક કૉંગ્રેસ કયા માર્ગે? ★

શાસક કૉંગ્રેસ માટે નિર્ણયાત્મક સમય આવી પહોંચ્યો છે. નેહરુએ સમાજવાદની વાત શરૂ કરી. અંતે સમાજવાદી સમાજરચનાનું ધ્યેય આવડી અધિવેશનમાં કૉંગ્રેસે સ્વીકાર્યું. સમાજવાદના ઘણા અર્થ થાય છે. પણ પાયાની વસ્તુ છે આર્થિક અસમાનતા - મૂડીની અને આવકની બને તેટલી ઓછી કરવી, (સર્વથા દૂર કરવી શકય નથી.) અને દરેક વ્યકિતને તેની ઓછામાં ઓછી જીવનની જરૂરિયાતો, અન્ન, વસ્ત્ર અને રહેઠાણની તેમ જ શિક્ષણ અને તબીબી રાહતની, મળી રહે એવી આર્થિક રચના સમાજની કરવી. આવી આર્થિક રચના ઊભી કરવાના ઘણા માર્ગો છે. સામ્યવાદનું પણ આ જ ધ્યેય છે. પણ સામ્યવાદે નિર્ણય કર્યો છે કે લોકશાહી ધોરણે આ શકય નથી. આપણે નિર્ણય કર્યો છે કે લોકશાહી માર્ગે, એટલે કે, શાન્તિમય રીતે કરવું. ગાંધીજીનો માર્ગ જુદો હતો. નેહરુએ આ દિશામાં કંઈક પગલાં લીધેલાં, ખાસ કરી જમીનદારી નાબૂદી અને ખેતજમીનની ટોચમર્યાદા નક્કી કરી, વધારાની જમીનનું વિતરણ કરવા બાબતમાં. પણ કાયદાઓનો અમલ સફળતાથી ન થયો. બુઝર્ગ કૉંગ્રેસ આગેવાનો સમાજવાદી નીતિનો ત્વરિત અમલ નથી કરતા એવું કારણ આપી ઈન્દિરા ગાંધીએ કૉંગ્રેસમાં ભાગલા પાડયા. પછી કેટલાંક પગલાં – બૅન્ક રાષ્ટ્રીયકરણ, સાલિયાણાંનાબૂદી વગેરે– લીધાં. આ વર્ષે એક વિશેષ કદમ ઉઠાવ્યું, ઘઉંનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવાનું. વેપારીઓ અને મોટા ખેડૂતો સંગ્રહ અને નફાખોરી કરે છે અને સામાન્યજનને, વાજબી ભાવે અનાજ મળતું નથી એમ જણાવી, આ પગલું લીધું. તેમાં સફળતા ન મળી. એમ કહેવાય છે કે આટલું ન કર્યું હોત તો જનતાને અનાજ ન મળત. આ બચાવ લૂલો છે. પ્રજાની હાલાકી વધી છે. સાથે જાહેર કરેલું કે ચોખાનો જથ્થાબંધ વેપાર પણ સરકાર હસ્તગત કરશે. આ નિર્ણયનો અમલ કરવાનો સમય આવી પહોંચ્યો છે. આ બાબત મોટો વિવાદ જાગ્યો છે. આ બાબતનો નિર્ણય કૉંગ્રેસ માટે દિશાસૂચક બનશે. કૉંગ્રેસમાં જે આંતરિક ભેદો છે તે બહાર આવી રહ્યા છે. કૉંગ્રેસમાં બીજું ભંગાણ પડે એવા ભણકારા વાગે છે. કારણ સ્પષ્ટ છે.

સમાજવાદની નીતિ સ્વીકારી હોવા છતાં, કૉંગ્રેસ હંમેશ મધ્યમમાર્ગી રહી છે. મિશ્ર અર્થતંત્ર સ્વીકાર્યું છે. પ્રાઈવેટ અને પબ્લિક બન્ને સેકટરને સ્થાન આપ્યું છે. ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવનો નાદ જગાવ્યો ત્યારથી ડાબેરી તત્ત્વોને બળ આવ્યું જાણીતા સામ્યવાદીઓ કૉંગ્રેસમાં દાખલ થયા. કૉંગ્રેસમાં ઉદ્દામવાદી તત્ત્વો હતાં તેનું જોર વધ્યું. સામ્યવાદી પક્ષ – સી. પી. આઈ.નો કૉંગ્રેસને ટેકો મળ્યો. કેરળમાં કૉંગ્રેસ અને સામ્યવાદી પક્ષનું મિશ્ર પ્રધાનમંડળ છે. બંગાળમાં બન્ને પક્ષો સાથે મળી કામ કરે છે. સંસદમાં એકંદરે સામ્યવાદી પક્ષનો કૉંગ્રેસને ટેકો રહ્યો છે. આ બધાં તત્ત્વો કૉંગ્રેસને અને સરકારને વધુમાં વધુ ડાબેરી પક્ષે ખેંચવા પ્રયત્ન કરે છે. ઘઉં–ચોખાનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવો એ આ યોજનાનું એક અંગ છે. સામ્યવાદ દઢપણે માને છે કે ઉત્પાદનનાં બધાં સાધનો તથા બધા વ્યાપાર–ઉદ્યોગ સરકાર હસ્તક કરવા જોઈએ. દેશનું અર્થતંત્ર સંપૂર્ણપણે સરકારના કાબૂમાં હોવું જોઈએ. ઘઉં–ચોખાથી અટકવાનું નથી. બીજું જાડું ધાન્ય, જુવાર, બાજરી, કઠોળ વગેરેનો વેપાર પણ સરકાર હસ્તક લેવો પડશે. ત્યાર પછી જીવનની બીજી જરૂરિયાતોનો વેપાર પણ કબજે કરાશે. માત્ર વેપાર હસ્તક કરવાથી ઉત્પાદન વધતું નથી અને ઉત્પાદન વધે નહિ ત્યાં સુધી મોંઘવારી ઘટે નહિ. ઘઉંનો જથ્થાબંધ વેપાર હસ્તક કરવામાં નિષ્ફળતા મળી, કારણ કે તેને સફળ બનાવવા જે સખત પગલાં લેવાં જોઈએ તે લેવાની સરકારની તૈયારી ન હતી, હજી પણ નથી. અનાજનો જ્યાં જ્યાં સંગ્રહ હોય – ખેડૂતો પાસે કે વેપારી પાસે – ત્યાંથી ફરજિયાત બહાર કઢાવવો જોઈએ. રાજ્યોની વર્તમાન કૉંગ્રેસ સરકારો આવાં પગલાં લે તેમ નથી. ઘણા કૉંગ્રેસજનો પોતે, પ્રધાનો સહિત, મોટા જમીનદારો અથવા ખેડૂતો છે. તેમની પાસેનું અનાજ સરકારને સોંપવા અપીલ કરી તે નિષ્ફળ ગઈ. બધાં સ્થાપિત હિતો ઉપર સીધો અને અસરકારક હુમલો કરવા સરકાર તૈયાર ન હોય ત્યાં સુધી આવી નીતિ સફળ ન થાય. ડિફેન્સ ઑફ ઈન્ડિયા એકટનો અમલ કરવાની ધમકી આપી. કેટલાકની ધરપકડ પણ કરી. પણ તે છમકલાં જેવું. તેની અસર ન થાય. કારણ કે અસરકારક અમલ કરવો નથી અથવા કરવાની શકિત નથી અને તેનાં પરિણામોનો સામનો કરવા તૈયારી નથી.

ઘઉંનો જથ્થાબંધ વેપાર સરકાર હસ્તક કરવામાં કેટલાંય રાજ્યોના મુખ્ય મંત્રીઓ વિરુદ્ધ હતા. ચોખાનો વેપાર હસ્તક લેવામાં પણ તેઓ વિરુદ્ધ છે. તેને માટેનું કાર્યક્ષમ અને પ્રમાણિક અમલદારી તંત્ર નથી.' બલ્કે લાંચરુશવત અને માલહાનિ વધ્યાં છે. આ બધાં કારણે ચોખાનો વેપાર સરકાર હસ્તક લેવાના નિર્ણયની પુનર્વિચારણા સરકાર કરી રહી હોય તેમ લાગે છે. પાર્લામેન્ટમાં અને વિરોધ પક્ષો સાથેની મીટિંગમાં ફખરુદ્દીન અહમદે સ્પષ્ટ જવાબ ન આપ્યો તેથી કૉંગ્રેસમાં રહેલ ઉદ્દામ તત્ત્વો તથા સામ્યવાદી પક્ષ છંછેડાયાં છે અને સરકાર ઉપર દબાણ લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. સંસદના ૧૦૦ સભ્યોએ વડા પ્રધાનને નિવેદન મોકલ્યું છે કે આ નિર્ણયનો અમલ કરવો જ. સામે ૧૮૫ સભ્યોએ નિવેદન આપ્યું છે કે અંતિમ નિર્ણય વડા પ્રધાન ઉપર છોડવો. આ મહિનાની ૧૫-૧૬-૧૭ તારીખે કૉંગ્રેસની મહાસમિતિની બેઠક છે તેમાં ઉગ્ર ચર્ચા થશે એમ લાગે છે. એકંદરે એમ લાગે છે કે ઈન્દિરા ગાંધી જે નિર્ણય કરશે તેને બહુમતી સભ્યોનો ટેકો મળશે. કૉંગ્રેસમાં જે ઉદ્દામવાદી તત્ત્વો છે તે ઊંચાનીચાં થાય પણ કૉંગ્રેસ છોડી જાય તેમ નથી; તો તેમનું કોઈ સ્થાન ન રહે. પણ સામ્યવાદી પક્ષ જે

કૉંગ્રેસને ટેકો આપી રહ્યો છે તેનું વલણ કદાચ બદલાય. જનસંઘ, સ્વતંત્ર પક્ષ, સંસદના સ્વતંત્ર સભ્યો, આ બધાં જમણેરી બળો છે. ઈન્દિરા ગાંધી ચોખાનો વેપાર હસ્તગત કરવાનો નિર્ણય છોડી દે તો તેમનો ટેકો રહેશે. તેથી જ આ નિર્ણય કૉંગ્રેસ માટે દિશાસૂચક બનશે. કૉંગ્રેસ મધ્યમમાર્ગી રહેવા ઈચ્છે છે કે ડાબેરી આગેકૂચ કરવા ઈચ્છે છે? વાતો તો બધી ડાબેરી જ કરવી પડશે, નહિ તો લોકોમાં ખળભળાટ થાય. કૉંગ્રેસે આવી ઘણી મોટી મોટી વાતો કરી છે અને કાર્યમાં શૂન્ય રહ્યું છે. ગરીબી હટાવનો નારો ધીમો પડાય તેમ નથી. પ્રજાને ભ્રમમાં રાખવી જ પડશે. જો ચોખાનો વેપાર હસ્તગત કરવાનો નિર્ણય કરે તો વાત એટલેથી અટકશે નહિ, ઘણું આગળ જવું પડશે. કૉંગ્રેસની એટલી તૈયારી છે? લોકશાહી ઢબે એ બધું કેટલું થઈ શકે તેમાં શંકા છે. ઘણાં સખત પગલાં લેવાં પડે. The Congress is at the Cross-Roads. બન્ને બાજુ ખતરા છે. સરકાર જેટલું પોતાના હસ્તક લે તે સોનું હોય તો ય કથીર થઈ જાય એવી પરિસ્થિતિ અત્યારે છે. વેપાર, ઉદ્યોગ, અંતે ખેતી—એ બધાંનું સરકારીકરણ ભગીરથ પુરુષાર્થ, ભોગ અને હાડમારીઓ સહન કરવાની તૈયારી માગે છે. પ્રજા તેને માટે તૈયાર છે? સરકારની શકિત છે?

ઔદ્યોગિક ક્ષેત્રે ઈજારાશાહી નાબૂદ કરવાની અને મોટાં ઉદ્યોગગૃહોનું વિસર્જન કરવાની ઘણી વાતો કરી. મોનોપોલી કમિશન નીમ્યું. લાઈસન્સિંગ પોલિસી બદલી. પરિણામે ઉત્પાદન ઘટયું. સરકાર ગભરાઈ અને હવે ખુલ્લી રીતે નહિ પણ આડકતરી રીતે નમતું મૂકી રહી છે.

સરકારની અણઆવડત અને મૂર્ખાઈથી અને વ્યાપક લાંચ-રુશવતને કારણે વેપારીઓ અને ઉદ્યોગવાળા ખૂબ કમાણી કરે છે, કાળાં બજાર વધે છે અને પાઘડીનો વળ છેડે આવે તેમ, આનો બધો બોજો અંતે પ્રજાને માથે પડે છે. The consumer suffers. મોંઘવારી વધતી જાય છે.

સરકારે ખૂબ અનિશ્ચિતતા ઊભી કરી છે. પરિણામે કોઈ વર્ગને સલામતી લાગતી નથી. ઔદ્યોગિક મજૂરો, સંગઠિત કામદાર સંઘો, પોતાનો જ સ્વાર્થ જુએ છે. ગામડાઓ અને ગરીબો પીલાય છે.

સરકારે ચોક્કસ આર્થિક નીતિ અખત્યાર કરવી પડશે. There is no half-way house. Drift is ruinous. કયાં સુધી ઘસડાશું? દઢ નિર્ણયથી પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત કરવો પડશે. બધા વર્ગોને રાજી નહિ રાખી શકાય.

૯-૯-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

# પ્રકીર્ણ નોંધ

## પ્રેસિડન્ટ નિક્સનના મહેલો

૧૯૬૮માં નિક્સન પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયા ત્યાર પછીનાં ચાર વર્ષ તેની ચડતીનાં હતાં, એટલે તેનાં અંગત (અપ) કૃત્યો પ્રત્યે કોઈએ લક્ષ ન આપ્યું. ૧૯૭૨ માં મોટી બહુમતીથી ચૂંટાઈ આવ્યા અને એમ લાગતું હતું કે ચડતીનાં સોપાન વધતાં જશે. વોટરગેટે બધું ધૂળધાણી કર્યું અને નિક્સન તેના સાચા સ્વરૂપમાં બહાર આવ્યા. હવે બહાર આવે છે કે ૧૯૬૯માં, પ્રમુખ ચૂંટાયા પછી તુરત, એમણે બે મોટી મિલ્કતો, એક કેલિફોર્નિયામાં અને બીજી ફલોરિડામાં, ખરીદ કરી. આ ખરીદીની વિગતો બહાર આવતી ગઈ અને ખૂબ આક્ષેપો થયા, એટલે થોડા દિવસ પહેલાં નિક્સને નિવેદન બહાર પાડયું, જેમાં સાચી હકીકતો આપવાનો દાવો કર્યો છે. આ વિગતો પૂરી હોય કે નહિ, પણ જેટલું કબૂલ કર્યું છે તે પણ ચોંકાવનારું છે.

કેલિફોર્નિયાની મિલકત ૧૫ લાખ ડૉલરમાં ખરીદ કરી. નિક્સન પાસે એટલા પૈસા હતા નહિ. એટલે ચાર લાખ ડૉલર રોકડા આપ્યા અને ૧૦ લાખની પ્રોમિસરી નોટ લખી આપી. ચાર લાખ આપવાના પણ ન હતા. એટલે એક કરોડપતિ "મિત્ર" પાસેથી ૪ાા લાખ ડૉલરની ૮ ટકાના વ્યાજે લોન લીધી. ૧૦ લાખની રકમનો પહેલો હપ્તો એક લાખ ડૉલર તથા ૧૦ લાખ ઉપરનું ૭૫ હજાર ડૉલર વ્યાજ ભરવાનો વખત આવ્યો. તે પણ ન હતા એટલે ફરીથી આ મિત્ર પાસેથી બીજી લોન લીધી. આ બધી લોનો ભરપાઈ કરવાનું નિક્સનનું ગજું ન હતું. મકાન એક ભવ્ય મહેલ છે, જૂની સ્પેનિશ સ્ટાઈલનું. તેની ૩૦ એકર જમીન છે. તેમાંથી ૨૪ એકર જમીન ૧૨ાા લાખ ડૉલરમાં "વેચી". કોણ ખરીદ કરે? એ જ કરોડપતિ મિત્ર વહારે ધાયો. એટલે નિક્સનને ૨ાા લાખ ડૉલરમાં ૬ એકર જમીન અને ભવ્ય મકાન રહ્યાં. પણ આ મિત્ર બહુ પરગજુ છે. પોતે ખરીદેલ ૨૪ એકર જમીનને વિકસાવવાનો કોઈ ઈરાદો નથી, પરિણામે નિક્સન તેનો ભોગવટો કરી શકશે. આ મકાન ઉપર હજી ૨૬૫,૦૦૦ ડૉલરનું મોરગેજ છે, જે હપ્તાથી ભરાય છે. કોઈક પરગજુ મિત્ર કદાચ મળી રહેશે!

ફલોરિડાનું મકાન પ્રમાણમાં નાનું છે. તેની પણ કાંઈક આવી જ કથા છે. તેના ઉપર ૧,૬૧,૦૦૦ ડૉલરનું મોરગેજ છે, જે માસિક ૧,૩૯૯ ડૉલરથી ભરપાઈ થાય છે.

પણ આશ્ચર્યજનક વાત તો એ છે કે આ મકાનોમાં પ્રમુખ તરીકે નિક્સન સુખસાધનથી રહી શકે અને પ્રમુખ તરીકેની તેની સલામતી જળવાય તે માટે સરકાર તરફથી તે બન્ને મકાનોમાં સુધારાવધારા કરવા એક કરોડ ડૉલરથી વધારે ખર્ચ કર્યું છે, જેનો લાભ અંતે નિક્સન કુટુમ્બને મળશે. ગરીબ બિચારા નિક્સન—વાર્ષિક બે લાખ ડૉલરનો જ પગાર મળે છે—પ્રમુખપદ દરમિયાન બને તેટલું ભેગું કરી લે.

આમાં બીજા ગોટાળા કેટલા હશે એ તો કોણ જાણે? આ બધું અમેરિકામાં બની શકે, કારણ તેની અઢળક સમૃદ્ધિ છે. આ કરોડપતિ મિત્રની મહેમાનગીરી નિક્સન વારંવાર માણે છે. આ મિત્રે સરકારમાંથી કેટલો લાભ ઉઠાવ્યો હશે તે તો ભગવાન જાણે. નિક્સન એટલા નગુણા નહિ હોય કે મિત્રનો ઉપકાર ભૂલી જાય. મિત્ર એટલા બધા પરોપકારી નહિ હોય કે તેમનો બધો પરોપકાર નિક્સન ઉપર જ ઊતરે.

કોઈ પણ નૈતિક મૂલ્યો જેને નથી એવી વ્યકિત આટલા શકિતશાળી દેશના પ્રમુખ હોય તે દુનિયાનું દુર્ભાગ્ય લેખાવું જોઈએ. નિક્સન અમેરિકન પ્રમુખ તરીકે ચાલુ રહે તેમાં માત્ર અમેરિકન પ્રજાના હિતાહિતનો સવાલ જ નથી, દુનિયાને તેની મોટી અસર છે.

## લાંચરુશવત આમ અટકશે?

પંજાબમાં શરણાર્થીઓ, હરિજનો અને જમીનવિહોણા ખેતમજૂરોને જમીન આપવાની હતી તેમાંનો મોટો ભાગ રાજદ્વારી વ્યકિતઓ અને અમલદારો કેવી રીતે હજમ કરી ગયા તેની ચોંકાવનારી વિગતો પંજાબના ગર્વનરે નીમેલ કમિટીના અહેવાલમાં બહાર આવી છે. ઘણી વ્યકિતઓ સંડોવાયેલી છે, તેમાં એક છે પંજાબ ધારાસભાના સ્પીકર દરબારાસિંગ. તેમની સામે થયેલ આક્ષેપોનો તેમણે સાફ ઈન્કાર કર્યો અને પોતાનો હોદ્દો છોડવાની ના પાડી. આ પ્રશ્ન પંજાબ સરકારે હલ કરવાનો છે, પણ શાસક કૉંગ્રેસની આગેવાન વ્યકિતઓ સારી પેઠે સંડોવાયેલ હોઈ વાત કૉંગ્રેસ હાઈકમાન્ડ સુધી પહોંચી. સરકાર અને કૉંગ્રેસ પક્ષ બન્ને એક જ હોય તેમ ચાલે છે. કેન્દ્રના કાયદાપ્રધાનની સલાહ લેવામાં આવી. એમ કહેવાય છે કે શ્રી ગોખલેએ બધા કાગળો તપાસી દરબારાસિંગ દોષિત છે એવો અભિપ્રાય આપ્યો. પણ દરબારાસિંગ લાગવગવાળી વ્યકિત છે. પંજાબની કૉંગ્રેસ સરકારને અને ઘણા ધારાસભ્યોને ઉઘાડા પાડવાની ધમકી આપી.

૧૯૭૧ની સંસદની ચૂંટણીમાં દરબારાસિંગે સરદાર સ્વર્ણસિંગને સારી પેઠે મદદ કરી હતી. તેથી સ્વર્ણસિંગ વચ્ચે પડયા. પરિણામે જે તોડ કાઢયો તે વિચિત્ર છે. કૉંગ્રેસ હાઇકમાન્ડે દરબારાસિંગને નિર્દોષ જાહેર કર્યા. પછી તેમણે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું. નિર્દોષ હોય તો રાજીનામું શા માટે? પંજાબ સરકારે સરકારી ધોરણે કામ લેવાનું હતું તેમાં કૉંગ્રેસ હાઇકમાન્ડ વચ્ચે કેમ આવે? તેવી જ રીતે પંજાબના રેવન્યુ મિનિસ્ટર અને કૉંગ્રેસ પ્રદેશ સમિતિના પ્રમુખ સંડોવાયેલ હતા. બન્નેએ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું. હવે પંજાબના મુખ્ય મંત્રીએ બન્નેને નિર્દોષ જાહેર કર્યા છે અને કહેવાય છે કે બન્ને પોતાના હોદ્દા ઉપર ફરી પાછા આવશે.

કેન્દ્રના રેલવેપ્રધાન લલિતનારાયણ મિશ્રા નામી વ્યકિત છે. બિહારની ધારાસભાની એક કમિટીએ પોતાના અહેવાલમાં મિશ્રા કુટુમ્બની ઘણી વ્યકિતઓ - રેલવેપ્રધાન સહિત—કોસી પ્રૉજેક્ટના ઘણા કોન્ટ્રેક્ટોમાં ઊંડી રીતે સંડોવાયેલી જાહેર કરી છે. આક્ષેપો ઘણા ગંભીર છે. લલિતનારાયણ મિશ્રાના ભાઇ જગન્નાથ મિશ્રા જેઓ બિહારમાં પ્રધાન છે તે પણ સંડોવાયેલ છે. લલિતનારાયણ મિશ્રે એક નિવેદનમાં કહ્યું કે તેઓ બધા ભાઇઓ જુદા છે અને તેમના ભાઇઓ અથવા અન્ય કુટુંબીજનોના કામકાજ સાથે તેમને સંબંધ નથી. લલિતનારાયણ મિશ્રા સામે બીજા પણ ઘણા ગંભીર આક્ષેપો છે. પણ અગત્યની વ્યકિત છે. વિદેશવ્યાપારના મંત્રી તરીકે જે હોદ્દો તે ધરાવતા હતા તે કારણે ચૂંટણી ફંડમાં મોટી રકમો ભેગી કરી શકતા. બિહારમાં પાન્ડે મંત્રીમંડળને ઉથલાવવામાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો છે. એટલે તેમને કોઇ આંચ નહિ આવે એમ લાગે છે. ઇંદિરા ગાંધીએ આ સંબંધે કાંઈ પગલાં લેવાં ધાર્યાં હોય તેવું જણાતું નથી.

આવા ભ્રષ્ટાચારો ઉપર ઢાંકપિછોડો થતો રહેશે તો કૉંગ્રેસ પક્ષને ભારે પડી જશે.

### ભગવાનો અને યોગીઓ

થોડા દિવસ પહેલાં ટેલિવિઝન ઉપર 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી શ્રી ખુશવંતસિંગનો વાર્તાલાપ હતો. તેમને એક સવાલ એમ પૂછવામાં આવ્યો કે વર્તમાનમાં જેનો રાફડો ફાટી નીકળ્યો છે એવા ભગવાનો અને યોગીઓ વિશે તેમનો શું અભિપ્રાય છે? થોડા મહિના પહેલાં વીકલીમાં 'ગોડમેન ઓફ ઈન્ડિયા' ઉપર લખાણો આવ્યાં હતાં, જેમાં આવી વ્યકિતઓની સારી પેઠે ટીકા હતી. ટેલિવિઝન ઉપર ખુશવંતસિંગે કહ્યું કે તેમને પોતાને આવી વ્યકિતઓ પ્રત્યે કોઈ આકર્ષણ નથી. પણ એક સામાજિક ઘટના (Sociological Phenomenon) તરીકે આ વસ્તુની નોંધ લેવી પડે. તેમણે વિશેષમાં કહ્યું કે આમાંની કેટલીક વ્યકિતઓએ—ખાસ કરી સત્ય સાંઈબાબા અને સ્વામી મુકતાનંદનો તેમણે ઉલ્લેખ કર્યો—કેટલાય લોકોને માનસિક શાન્તિ આપી છે અને રોગથી પીડાતા હતા તેમને સાજા કર્યા છે એ હકીકતની નોંધ લેવી ઘટે.

આવા ભગવાનો અને યોગીઓના બે પ્રકાર દેખાય છે. એક જેમણે વિદેશોમાં સ્થાન જમાવ્યું છે. હરેકૃષ્ણવાળા, મહેશ યોગી, બાલ ગુરુજી અને બીજા એવા ઘણા અમેરિકા - યુરોપમાં જામી પડયા છે. આ બધાએ મોટો આંતરરાષ્ટ્રીય વ્યાપાર શરૂ કર્યો હોય તેમ લાગે. લાખોના ફંડ ભેગાં કરે અને ભાતભાતની જમાવટ કરે. આમાંના કેટલાને વિદેશી સહાય મળે છે અને શા હેતુથી તે કહેવું મુશ્કેલ છે. ૧૬ વર્ષના એક યુવાન પાછળ હજારો માણસો ઘેલાં થાય અને ચાર્ટર વિમાનો કરી મોટી સંખ્યામાં ભારત આવે તે આશ્ચર્યજનક છે. આ બધામાં સાચી સાધુતા કયાંય દેખાતી નથી. પ્રચારમાં ખૂબ કુશળ છે, અને યુરોપ—અમેરિકાની વિશિષ્ટ પરિસ્થિતિનો લાભ લે છે એટલું જ કહેવાય. આવા યોગીઓથી આપણા દેશની સંસ્કૃતિને ગૌરવ મળે છે અથવા પ્રતિષ્ઠા વધે છે એવું હું માનતો નથી.

આપણા દેશમાં જે વર્ગ છે તેમાં સ્વામી મુકતાનંદ, સત્ય સાંઈબાબા, દાદાજી જેવી વ્યકિતઓ કેટલાક લોકોને માનસિક શાન્તિનું નિમિત્ત બન્યા છે તે ખરું છે. મારા એક મિત્ર છે. આગેવાન વકીલ છે. ઘણા બુદ્ધિશાળી, તેજ સ્વભાવના. તેમનાં પત્ની એમ. એ. છે. તેમની તબિયત સારી ન રહેતી. બન્ને સ્વામી મુકતાનંદનાં ભકત બન્યાં છે. તેમના કહેવા પ્રમાણે તેમને સારી એવી માનસિક શાન્તિ અને સ્વાસ્થ્ય મળ્યાં છે. મુનશી સત્ય સાંઈબાબાથી પ્રભાવિત થયા હતા. તેવી જ રીતે કમાણી કુટુંબ. આવી વ્યકિતઓ વિશે બે નોંધપાત્ર હકીકત છે. એક, તેમનો અનુયાયી વર્ગ મોટે ભાગે પૈસે ટકે સુખી અને કેટલાક ઘણાં ધનાઢય. આ વર્ગની માનસિક સ્થિતિ — અશાન્તિની—શાન્તિ શોધતી હોય અને તેમાં આવી વ્યકિતઓ નિમિત્ત બની. આને માટેની સાધના — જો કોઈ હોય તો — જરા પણ કઠિન નહિ. સુખી માણસોને બધું પોસાય તેવું. આ મહાપુરુષો પોતે પણ એકંદરે સુખશીલ જીવન જીવવાવાળા.

બીજું, કુતૂહલ સિવાય, ખરેખર ગરીબોને આ મહાપુરુષો પ્રત્યે આકર્ષણ થયું હોય અથવા તેમણે ગરીબોની કાંઈ સેવા કરી હોય એવું નથી. જે કાંઈ દેખાય છે તે નામની. સેવા એમના કાર્યક્રમનું અંગ નથી. મારા એક મિત્ર છે. બહુ સારા સામાજિક કાર્યકર્તા. થોડા મહિના પહેલાં શ્રી સત્યનારાયણ ગોએન્કાની શિબિરમાં ગયા. તેમના કહેવા પ્રમાણે ખૂબ માનસિક શાન્તિ મળી. પરિણામે સેવાનાં બધાં કાર્યો છોડી દીધાં. હવે ધ્યાનમાં અને સ્વાધ્યાયમાં સમય વ્યતીત કરે છે. મેં પૂછયું, આમ કેમ? મને કહ્યું, સેવાકાર્યમાં બહુ અશાન્તિ રહે છે. ખરી રીતે મનનું સ્વાસ્થ્ય અને શાન્તિ મળ્યાં હોય તો વધારે કુશળતાથી અને દ્રઢતાથી સેવાકાર્યમાં લગની લાગવી જોઈએ. એ ખરું છે કે આવા કાર્યમાં ઘણી વખત અશાન્તિ થાય છે, મનને ઉદ્વેગ અથવા કલેશ પણ થાય છે. સાથીઓ સાથે મતભેદ થાય, ખોટા વિવાદ કે વિતંડાવાદ જાગે, ધાર્યું કામ થાય નહિ, અનેક વિઘ્નો આવે અને સૌથી વધારે, જે વિરાટ દુ:ખસાગર ભર્યો છે તેમાં પોતાનું કાર્ય બિન્દુ જેવું લાગે અને કોઈ વખત નિરાશા થાય. તેથી જ કહ્યું છે: 'सेवा धर्मों परम गहनो योगीनामप्यगम्य:' સેવાધર્મ પરમ ગહન છે, યોગીઓને પણ અગમ્ય છે. પણ આ ભગવાનો અને યોગીઓની "સાધના"માં સેવાધર્મને સ્થાન નથી.

આમાંના કેટલાક ચમત્કારોનો આશ્રય પણ લે છે. સત્ય સાંઈબાબા, દાદાજી વગેરે આવા ચમત્કારો કરે છે. કંકુ નીકળે, કેટલીયે વસ્તુઓ આવી પડે, સાદું પાણી સુગંધી થઈ જાય કે નાળિયેરનું પાણી ખીર બની જાય. લાશ્રીલા મોટા યોગી ગણાય છે. તેમની પાસે જાવ અને કોઈ લેખની માગણી કરો તો હાથની એક ઝપટ મારે અને ટાઈપ થયેલ લેખ તુરત તેમના હાથમાંથી સરી પડે. સાચી સાધુતા હોય ત્યાં આવા ચમત્કારોને સ્થાન નથી. રજનીશના શકિતપાતો ગાંડપણના મેળા છે. ગોઠવી રાખેલ વ્યકિતઓ ધૂણતી હોય તેમ લાગે.

એકંદરે મારો નમ્ર મત છે કે આ ભગવાનો અને યોગીઓ પાસેથી સાચું આંતરિક બળ કે પ્રકાશ મળવાનાં નથી. કદાચ થોડો વખત મનને મનાવવાનું એક નિમિત્ત બને.

૮-૯-'૭૩. ચીમનલાલ ચકુભાઈ

# સદાચાર–દુરાચારનો પાયો

**[ પંડિત બેચરદાસજીના એક પત્રમાંથી આ વિષય ઉપર તેમનું મનનીય લખાણ પ્રકટ કરું છું. તેમણે મારા પ્રત્યાઘાતો જાણવા ઈચ્છા બતાવી છે. તે આવતા અંકે લખીશ. –તંત્રી ]**

તાજા આવેલા 'પ્રબુદ્ધ જીવન'માં 'વિશ્વનો અટલ નિયમ' એ મથાળા નીચે તમે લખેલ લેખ વાંચ્યો, જેમાં તમે ધમ્મપદની ઘણી બધી ગાથાઓ ટાંકેલ છે. એ લેખમાં તમે પાછલા ભાગમાં એવા આશયનું જણાવેલ છે કે "સદાચાર કે દુરાચારનું ફળ આ જન્મમાં ન મળે તો બીજા જન્મમાં મળવાનું છે." તમારા આ લખાણ વિશે જ મારા વિચારો અહીં જણાવું છું.

એક ગૃહસ્થ પાસેથી કોઈ બીજા ગૃહસ્થે હજાર બે હજાર રૂપિયા ઉછીના લીધા અને પછી ધીરનાર ગૃહસ્થ જ્યારે આપેલ રકમની ઉઘરાણી કરવા લાગ્યો ત્યારે દેણદાર ગૃહસ્થે કહ્યું કે ભાઈ, તમારી રકમ મારે દૂધે ધોઈને જરૂર આપવાની છે પણ તે આવતા જનમમાં, આ જનમમાં નહીં. પછી લેણદારે દાવો માંડયો અને દેણદાર ઉપર હુકમનામું થયું ત્યારે દેણદાર કોરટને એમ કહે કે સાહેબ! હું ક્યાં આપવાની ના પાડું છું, હું તો લખી આપવા તૈયાર છું કે આ રકમ તેના પૂરા વ્યાજ સાથે આવતા જનમમાં જરૂર આપી દઈશ. હવે તમે કહો કે કોરટ દેણદારની વાતને માન્ય રાખશે કે જપ્તી વગેરે દ્વારા હુકમનામું બજાવશે? કોઈ દુરાચારીને એમ કહો કે વર્તમાનમાં તો તું ફાવે તેમ કરી શકે છે પણ ભવિષ્યમાં તો તારે તારી આ અયોગ્ય અને પ્રજાપીડક તથા સમાજની વ્યવસ્થાની ભંજક કરણીનું ફળ ચાખવાનું જ છે. આ સાંભળીને પેલો અઠંગ દુરાચારી જરૂર કહી શકે કે ભાઈ, મારે તો વર્તમાન સાથે નિસ્બત છે, ભવિષ્યમાં ભલે જે થવાનું હોય તે થાય, એમ કહીને તે દુરાચારી પોતાના દુરાચારોને વધારે છૂટથી કરવા તત્પર નહીં થાય?

મને લાગે છે કે આપણી કલ્પનામાં સદાચાર અથવા પુણ્યના ફળરૂપે ધનસંપત્તિ, પ્રતિષ્ઠા, જીવનને અંગે બીજી તમામ અનુકૂળ સગવડો–ગાડી, મોટરો, ખાનપાન, સદા સારા સંયોગો અને એ બધાનો વિયોગ ન થવો એવી પરિસ્થિતિ કલ્પાયેલ છે અને એના પુરાવારૂપે પુણ્યથી સ્વર્ગ મળે છે એ હકીકત જ પૂરતી છે. કોઈ સદાચારી વ્યકિત કે કુટુંબ પાસે ધન વગેરે ઉપર જણાવેલી સામગ્રી ન હોય કે ન મળે તો લોકો કહેશે, લોકો શું કામ, ધર્માચાર્યો શાસ્ત્રોની સાક્ષી આપીને કહેશે કે એ સદાચારી ભાઈ કે કુટુંબ ભવિષ્યમાં એટલે બીજા જન્મમાં જરૂર સુખી થશે, ભરપૂર સંપદા, મનઈચ્છિત બીજાં પણ શારીરિક સુખો પામશે; આ સાથે કોઈ દુરાચારી પાસે ખૂબ ધનસંપદા અને બીજી પણ મનઈચ્છિત સુખસામગ્રી હશે તથા તે સામગ્રી વધતી જતી હશે તો એ જ ધર્માચાર્યો શાસ્ત્રોની ગાથાઓ સંભળાવીને કહેશે કે એ દુરાચારી નરકમાં જવાનો છે વા ભરૂચનો પાડો થવાનો છે વા બીજી દુર્ગતિએ પહોંચવાનો છે.

આ કલ્પનાને લીધે સદાચારનું ફળ કે દુરાચારનું ફળ આ લોકમાં ન મળે તો બીજા જન્મમાં મળશે એવું માનવામાં આવે છે અને તમે પણ આ કલ્પનાને સામે રાખીને સદાચાર કે દુરાચારનું ફળ આ જન્મમાં નહીં મળે તો આવતા જન્મમાં મળવાનું છે એમ કદાચ લખેલ હોય.

અહીં સદાચાર અને દુરાચારનું સ્વરૂપ વિચારી લઈએ. દેશેદેશના સદાચારો વા દુરાચારો જુદા જુદા હોય છે એ અંગે મારે કશું જ કહેવાનું નથી પણ જે સદાચાર શાશ્વત છે અને જે દુરાચાર શાશ્વત છે એ વિશે વિચારવાનું છે. મારા વિચાર પ્રમાણે સદાચાર એ એક ચિત્તવૃત્તિ છે અને દુરાચાર એ પણ એક ચિત્તવૃત્તિ છે. અર્થાત્ સદાચાર કે દુરાચાર એક સંસ્કારરૂપ છે. આત્મા માનો કે ન માનો પણ આપણે પ્રત્યેક પ્રાણીમાં લાગણી તો પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. સુખની લાગણી અને દુ:ખની લાગણી મનુષ્યથી માંડીને વનસ્પતિ સુધીનાં તમામ પ્રાણીમાં રહેલી છે અને એ લાગણી દેહની બાહ્ય ચેષ્ટા દ્વારા બરાબર જાણી શકાય છે. આખા સંસારમાં રહેનારા તમામ લોકો સ્વીકારે છે કે કોઈએ કોઈ બીજાની લાગણી દુભાવવી નહીં. જો બીજાની લાગણી સારી ન હોય તો તેને કોઈ પ્રકારે સારી કરવા પ્રેમભાવે પ્રયત્ન કરવો અને એમ કર્યા છતાં ય એ લાગણી ન બદલાય તો તેના તરફ ઉપેક્ષાભાવ રાખવો, દ્વેષ તો નહીં જ કરવો.

કોઈની દુષ્ટ લાગણી વ્યકિત કે સમાજને રંજાડતી હોય તો તેવી લાગણીવાળાને એવી રીતે રાખવો કે તે પોતાની દુષ્ટ લાગણી પ્રમાણે આચરણ ન કરી શકે, આ દષ્ટિએ જ રાજસત્તાને ઊભી કરવામાં આવી અને જેલથી માંડીને દેહાંતદંડની સજા કરવાનું ન્યાય્ય ગણવામાં આવ્યું.

લાગણી દુભાવવી એ એક અનિષ્ટ છે, એનાં જ, એટલે દુભાવવાની પ્રવૃત્તિનાં બીજાં નામો હિંસા, અસત્ય, ચોરી, પરિગ્રહવૃદ્ધિ, અનાચાર, વ્યભિચાર, વગેરે (બીજાં નામો) ઠરાવવામાં આવ્યાં. આખાય જગતમાં સુધરેલા અને નહીં સુધરેલા તમામ લોકોને આ વાત માન્ય છે એમાં કોઈ શક જણાતો નથી. તમે વાંચ્યું જ હશે કે અમેરિકાના પ્રમુખે અત્યાર સુધી જે કૌભાંડ સાથે પોતાનો સંબંધ છે તે વાત સ્પષ્ટપણે જણાવી નહોતી પણ હમણાં હમણાં એ વાત પોતે સ્વીકારેલ છે અને એક આધ્યાત્મિક માણસ જેવી વાત કરે છે તેવી વાત કરેલ છે. આ અંગે મેં હમણાં જ 'નિરીક્ષક'ના તાજા અંકમાં આચાર્યશ્રી યશવંત શુકલના લેખમાં વાંચ્યું. આમ લખીને મારે એ જણાવવું છે કે લાગણી દુભાવવાની વાત અપકાર્ય છે એ તમામ પ્રજા માને છે અને જે કોઈ એવું અપકાર્ય ગુપ્તમાં ગુપ્ત રહે એવી રીતે પ્રયત્ન કરે છતાં ય માણસમાત્રના ચિત્તમાં પ્રકૃતિએ એક એવું સત્ત્વ મૂકેલ છે કે તે ગુપ્તતમ હકીકતને પણ જ્યારે માણસ સ્વીકારે - જાહેર કરે - એટલે પોતે કરેલ અપકૃત્ય એક ભૂલરૂપ છે વા પ્રકૃતિના દ્રોહરૂપ છે ત્યારે તે માણસ હળવાશ અનુભવી શકે. જે માણસ સદાચારી છે તે ઉપર જણાવેલ હિંસા વગેરે અપકૃત્ય એવી રીતે તો નહીં જ કરે, જે વડે સમાજને વા કુટુંબ આખાને વા કોઈ એક વ્યકિતને પણ જીવલેણ હાનિ થાય છતાં જીવનનિર્વાહ અને જીવનવ્યવસ્થા વગેરેની દષ્ટિએ જેટલું મર્યાદિત હશે તેટલું બીજાને ઘસારો આપવાનું આચરણ તેને કરવું પડશે અને પોતે પણ સામા માટે ઘસારો વેરવાનો ઈન્કાર નહીં કરે. જીવનની રીત જ એવી છે કે પરસ્પર ઘસારા વિના કોઈ મહાજ્ઞાની પણ જીવી નથી શકતો. એટલે જે વ્યકિત તદ્દન ઓછામાં ઓછો ઘસારો બીજાને આપે અને એમ કરતાં પોતે પ્રાણાંત સુધીનો પણ ઘસારો નિરપેક્ષ ભાવે કર્તવ્ય સમજીને સહન કરવા તૈયાર થાય તે ઉત્તમોત્તમ સદાચારી છે. આવા સદાચારી પાસે કોઈ ધનસંપત્તિ, વૈભવ વગેરે હોઈ શકે જ નહીં તેમ વિલાસોથી પણ તે ઘણો જ દૂર હોય છે. હવે સદાચારનું ફળ ધનવૈભવ વગેરે કલ્પીએ તો આવા ઉત્તમોત્તમ સદાચારીને તેના સદાચારનું શું ફળ મળ્યું કહેવાય? ખરી રીતે પોતા સિવાય બીજી તમામ સૃષ્ટિના દુ:ખમાં પોતે નિમિત્ત બનતો નથી એટલું જ નહીં પણ ગમે તેવું કષ્ટ સહન કરવું પડે તો પણ તે વિશે તેને પ્રસન્નતા છે,

કોઈ જાતની ફરિયાદ જ નથી. હવે જે કોઈ આવો ઉત્તમોત્તમ સદાચાર આચરી શકે એવો નથી તે પોતાની શકિતની મર્યાદા પ્રમાણે સદાચાર નિશ્ચિતપણે આચરે છે, તે પણ ધનવૈભવ વગેરે બાહ્ય સુખસામગ્રીવાળો હોય જ એવો નિયમ નથી, પણ મર્યાદિત સદાચાર આચરનારનું ચિત્ત પ્રસન્ન, શાંત અને સમાધાનવાળું રહે છે. તેને આપત્તિ ન આવે એમ નથી, પણ એ આપત્તિને આપત્તિ માનતો જ નથી. પૂ. ગાંધીજી જ્યારે નોઆખલીમાં પધારેલા ત્યારે તે પ્રવૃત્તિ તેમને કષ્ટરૂપ લાગેલી વા તેઓએ તે પ્રવૃત્તિને પોતાના અંતરના - સતના - અવાજરૂપે જ નહીં સ્વીકારેલી? બીજા ધનવૈભવી લોકો કહેશે કે, જુઓ બિચારા ગાંધીને કેટલું બધું કષ્ટ ભોગવવું પડે છે? શું આ કષ્ટ તેમના પૂર્વના પાપના ઉદયથી આવી પડેલું એમ કોઈ કહી શકશે ખરો? હું ચોક્કસ માનું છું કે ગાંધીજી નોઆખલીમાં પોતાના મનમાં શાંત, સમાધિયુકત અને પ્રસન્ન જ હતા. પણ જે લોકો ગાંધીજીને નોઆખલીમાં રખડવું પડે એવી સ્થિતિને ઊભી કરનારા છે તેવા શ્રીમંત વૈભવી કે સામાન્ય લોકોને ગાંધીજી બિચારા દુ:ખી થાય છે એમ જ લાગવાનું, છતાં ગાંધીજી સદાચારનું ફળ નથી ભોગવતા? જરૂર ભોગવે છે જ, અને તે પણ ધનવૈભવાદિરૂપે નહીં પણ મનનો પ્રસાદ, કરુણાનો ઉત્તમ રસ અને ઉત્તમ માનસિક સમાધાન, એ જ સદાચારનાં ઉત્તમ ફળ તેઓ માણતા હતા. અને એમના એ સદાચારની પ્રવૃત્તિની અસર પણ નોઆખલી વગેરેમાં લોકોનાં મન ઉપર પણ તેમની (લોકોની) ભૂમિકા પ્રમાણે થયેલી જ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સદાચારનો માનસિક સંસ્કાર જેના જીવનમાં છેક નાનપણથી પડેલો છે તે સંસ્કાર જ્યારે પરિપુષ્ટ થાય છે ત્યારે તેનું ફળ મન:પ્રસાદ, સમાધાન, શાંતિ વગેરે હોય છે, પણ ધનવૈભવ વા ઈષ્ટકાંતા વગેરે હોતા નથી, અને પુષ્ટ થયેલો સદાચારનો સંસ્કાર કદી નિષ્ફળ જતો નથી. એટલે જ્યારે એ સંસ્કાર પાકે છે ત્યારે પ્રસન્નતા વગેરે વીતરાગતાયુકત સાત્ત્વિક સ્થિતિઓ માણસને લઈ જાય છે. એક બ્રાહ્મણ કુટુંબનો દાખલો મહાભારતમાં આવે છે. એમાં એમ જણાવેલ છે કે એક બ્રાહ્મણ કુટુંબ જમવા બેઠેલ છે, એવામાં બેત્રણ દિવસનો એક ભૂખ્યો દુર્બળ માનવી તેની પાસે આવે છે અને કહે છે કે, ત્રણ દિવસની લાંઘણ છે. એટલું સાંભળતાં જ તે કુટુંબના ચિત્તમાં કરુણા ઊભરાય છે અને બ્રાહ્મણનો એક છોકરો પોતાના ભાગે આવેલ ભોજન તે દુર્બળ ભૂખ્યાને આપી દે છે, પણ તે ધરાતો નથી ત્યારે બ્રાહ્મણના બધા પુત્રો પોતપોતાનો ભાગ પેલા ભૂખ્યાને આપી દે છે, છતાં તે તૃપ્ત થતો નથી, ત્યારે બ્રાહ્મણ પોતે જ પોતાની થાળી તેને આપી દે છે. આમ એ કુટુંબ તદ્દન ઉપવાસી રહીને પેલા ભૂખ્યાને સંતોષ આપે છે અને આ સંતોષ આપતાં જે જાતની પ્રસન્નતા, સમતા, આત્મવત્ સર્વભૂતેષુનો અનુભવ, તે બ્રાહ્મણકુટુંબ અનુભવે છે તે જ તેના આ સદાચરણનું ફળ છે. આ અંગે સ્થૂલદર્શી જડ મનુષ્ય કહેશે કે ભલે સકુટુંબ બ્રાહ્મણને ઉપવાસી રહેવું પડયું, પણ બીજા જનમમાં તો તે એક મોટો શેઠ શાહુકાર થશે યા રાજા થશે, એટલે ભલે આ જનમમાં તેને સદાચારનું ફળ દુ:ખરૂપે મળ્યું, પણ બીજા જન્મમાં તો તેને ખૂબ સાહ્યબી મળવાની છે અને તેવી ઉત્તમ સાહ્યબીને તે માણવાનો છે જ. અને જ્ઞાની કહેશે કે તે બ્રાહ્મણ પરિવારનો, બીજા જન્મમાં આ પુષ્ટ સંસ્કાર વિશેષ પુષ્ટ થવાનો અને એ સંસ્કારદ્વારા તેઓ કરુણામય બની, સર્વત્ર સમતાનો અનુભવ કરી, જે રીતે તેઓ પોતાના બ્રાહ્મણના જન્મમાં વર્ત્યા હતા તેમ જ વર્તવાના અને તેમ કરીને સર્વાત્મભાવને અનુભવીને પ્રસન્નતા અનુભવવાના, અને કદાચ પ્રકૃતિની લીલાના કોઈ યોગે તેમની પાસે ધનસંપદા વગેરેની સામગ્રી આવી તો પણ તે બ્રાહ્મણ કુટુંબ તો રાજા જનકની પેઠે આસકિત વગર જ પોતાની જીવનચર્યા ચલાવવાનું. અને હિંસા વગેરેના વિશેષ કારણરૂપ ધનસંપદા વગેરેની સામગ્રીમાં આસકિત નહીં રાખવાનું. આમ મારા વિચાર પ્રમાણે તો સદાચારનું ફળ પ્રત્યક્ષ જીવનમાં જ અનુભવાય છે અને જન્માંતરમાં એ પુરિપુષ્ટ સંસ્કારનું ફળ સર્વહિતાવહરૂપે સર્વજનકલ્યાણરૂપે વા સર્વ સૃષ્ટિના કલ્યાણરૂપે જ દેખાતું રહે છે.

આ પ્રમાણે જ દુરાચારનું પ્રત્યક્ષ ફળ પણ દેખાયા વિના રહેતું નથી. કદાચ કોઈ સંયોગે દુરાચારી ધનવૈભવ વગેરેની સામગ્રીવાળો હોય તો પણ દુરાચારીનું ચિત્ત અશાંત, ભયભીત અને સદાસાશંક રહે છે. તેની અસર તેનાં સંતાનો વગેરે સમગ્ર કુટુંબ ઉપર અને એ રીતે સમગ્ર સમાજ ઉપર પણ એવી જ થાય છે. એનું કોઈ મિત્ર નથી હોતું, એનામાં કોઈને વિશ્વાસ નથી હોતો, એની પ્રતિષ્ઠા પણ રહેતી નથી. માત્ર સ્થૂળ રીતે તે ધન વગેરે સંપત્તિવાળો હોવાથી ખુશામતિયા લોકો તેની ચાપલૂસી કરતા હોય છે અને તે દુરાચારી તે લોકોની ચાપલૂસીને પણ બરાબર સમજતો હોય છે. આ રીતે દુરાચારીને નિરાંતે ઊંઘ નથી, હોતી રોગોથી પણ ઘેરાયેલો હોય છે અને માનસિક તરફડાટ તો તેને નિરંતર સતાવતો રહે છે. તે કદી શાંતિ, પ્રસન્નતા અનુભવી શકતો નથી. આમ, દુરાચારનું વ્યકિતગત ફળ વા સમૂહગત ફળ પ્રત્યક્ષ જ હોય છે. અને જન્માંતરમાં પણ તે દુરાચારોનું શોધન કર્યા વગર મરે તો દુરાચારો તેનો પીછો છોડતા જ નથી. પરિણામે તે નિરંતર પળેપળ અશાંત, અસંતુષ્ટ અને ક્રોધ વગેરે કષાયોને લીધે ધમધમતો રહે છે. હવે એ પ્રશ્ન થાય એમ છે કે સદાચારી ઘણેભાગે સ્થૂળરીતે ધનસંપત્તિ વિનાનો કેમ હોય છે? અને દુરાચારી ઘણે ભાગે બહારની બધી સગવડતા ધરાવનારો કેમ હોય છે?

આ પ્રશ્ન જરૂર વિચારણીય છે, અને આ અંગે વિશેષ વિચારીને જણાવવા પ્રયત્ન કરીશ, પણ મારા વિચાર પ્રમાણે સદાચારનું ફળ ધનસંપત્તિ વગેરે તો નથી, અને દુરાચારનું ફળ ધનસંપત્તિ રહિત હોવાપણું પણ નથી. જે ફળ છે તે બન્ને વૃત્તિઓનું માનસિક પ્રસન્નતારૂપે અને માનસિક અપ્રસન્નતા રૂપે છે એમ મને લાગે છે. એટલે એમ તો કેમ કહેવાય કે સદાચારનું ફળ આ લોકમાં ન મળે તો જન્માંતરમાં મળશે અને દુરાચારનું ફળ પણ આ જન્મમાં ન દેખાય તો જન્માંતરમાં દેખાવાનું. આ લખાણ વાંચી વિચારી તમે તમારો પ્રત્યાઘાત મને જરૂર લખશો.

**પંડિત બેચરદાસ**

**સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના વકતાઓની**

## * સ્વ. પરમાનંદભાઈને અંજલિ *

પરમાનંદભાઈની યાદ સહેજે આવ્યા વિના રહેતી નથી.

**—ફાધર વાલેસ**

પરમાનંદભાઈએ જૈનોમાં સ્વસ્થ સમાજ નિર્મિત કરવાની આ પ્રવૃત્તિ શરૂ કરી હતી.

**—ભંવરમલ સિંધી**

પોતે જૈનધર્મના વર્તુળમાં રહ્યા, પણ લોકોને બીજા ધર્મોનો પરિચય કરાવવાનું મોટું કામ પરમાનંદભાઈએ કર્યું.

**—મનુભાઈ પંચોળી**

પરમાનંદભાઈ આજે સ્થૂળ દેહે ભલે અહીં હાજર નથી, પણ પર્યુષણ વ્યાખ્યાનમાળાદ્વારા તેઓ સૂક્ષ્મ રીતે જીવંત છે. સંયોજકોને હું હાર્દિક અભિનંદન આપું છું.

**—રોહિત મહેતા**

આજે હું ઘણાં વરસે આ વ્યાખ્યાનમાળામાં આવ્યો છું તેનું કારણ સંયોજકોના પ્રેમભર્યા નિમંત્રણ કરતાં પણ વધારે તો પરમાનંદભાઈ છે.

**—નારાયણ દેસાઈ**

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ વ્યાખ્યાનમાળા આવી અને ગઇ. ચિત્ત પર અનેક પ્રકારનાં સંવેદનો મૂકતી ગઇ. નવ દિવસ સુધી સતત જ્ઞાન-ગંગામાં ડૂબવાનું, અનેક મિત્રોને મળવાનું, સાથીઓ સાથે રોજેરોજ વિચાર વિનિમય કરવાનો, બીજા દિવસની વ્યવસ્થાનો વિચાર કરવાનો, કયારેક બપોરે કે સાંજે પણ ફરી મળવાનું - એમ કરતાં નવ દિવસ તો કયાંય જલદીથી પસાર થઇ ગયા.

શ્રી નારાયણ દેસાઇએ પોતાના પ્રવચનમાં ત્રણ ઢીંગલીની વાત કહી હતી. ત્રણે ઢીંગલી દેખાવમાં તથા બીજી બધી રીતે એક સરખી હતી છતાં એકની કિંમત એક પૈસો હતી, બીજીની કિંમત એક આનો હતી, જયારે ત્રીજીની કિંમત એક રૂપિયો હતી. કોઇકે વેચનારને પૂછ્યું કે ભાઇ, આમ કેમ? તો એણે એક સળી લઇને ત્રણે ઢીંગલીના કાનમાં ખોસી બતાવી. પહેલીના કાનમાં સળી જઇ જ ના શકી. બીજીના કાનમાં એક બાજુથી ખોસી તો બીજી બાજુ આરપાર નીકળી ગઇ. જયારે ત્રીજીના કાનમાં નાખી તો પેટમાં ઊતરી ગઇ. માટે એની કિંમત વધારે હતી. કથાનું તાત્પર્ય એમ હતું કે આવું જ્ઞાનસત્ર આપણને પ્રાપ્ત થાય એની સફળતાનો આંક આપણા જીવનમાં કેવું પરિવર્તન લાવે છે; આપણા સ્વભાવમાં, આપણા બીજાઓ પ્રત્યેના વ્યવહારમાં કેટલો ફેરફાર થાય છે, તેના પર આધાર રાખે છે.

અમને લાગે છે કે આ પ્રવૃત્તિદ્વારા લોકોને સાચી દિશામાં વિચાર કરતાં કરવાનું કામ થઇ રહ્યું જ છે, અને અમારે મન એટલું પણ ઓછું નથી; એ જ એની ફળશ્રુતિ છે.

નવે દિવસ શ્રોતાઓના મુખ પર પ્રસન્નતાની ઝલક અમે જોઇ. બધા જ વકતાઓએ પણ આ પ્રવૃત્તિને બિરદાવી. સ્વાભાવિક રીતે જ ઘણાખરા વકતાઓએ સ્વ. પરમાનંદભાઇની યાદ પણ તાજી કરી. કેટલાક વકતાઓ સાથે મળવાનો અને વિધવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરવાનો અવસર પણ પ્રાપ્ત થયો.

વ્યાખ્યાનમાળાના આયોજનની વિચારણા ત્રણેક માસ પૂર્વે શરૂ કરી હતી. પ્રાધ્યાપક ડૉ. રમણલાલ શાહના વડપણ નીચે એક નાનકડી પેટા-સમિતિ બનાવી હતી. ઉત્સાહી સભ્યો શ્રી પ્રવીણભાઇ, શ્રી કે. પી. શાહ, શ્રી અમર જરીવાળા વગેરે, કોને કોને નિમંત્રણો મોકલવાં તેની યાદીઓ બનાવીને લાવ્યા હતા. શ્રી ઉમાશંકર જોષીથી માંડીને અનેક નામોની વિચારણા કર્યા બાદ, આશરે વીશેક નામોની પસંદગી કરીને દરેકને નિમંત્રણો મોકલ્યા હતાં. જવાબો આવતા ગયા, તારીખો ગોઠવાતી ગઇ, વિષયો નક્કી થતા ગયા અને વ્યાખ્યાનમાળાનો ઘાટ ગોઠવાતો ગયો.

રોજેરોજ સભાની શરૂઆતમાં પ્રાર્થના અને ભજન માટે જુદી જુદી વ્યકિતઓને નિમંત્રવાનું કામ શ્રીમતી રમાબહેન ઝવેરીને સોંપવામાં આવ્યું હતું અને તે આયોજન તેમણે સરસ રીતે કર્યું.

વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન લેવાની અમે ડૉ. રમણલાલ શાહને વિનંતી કરી હતી અને તેઓ નવે દિવસ બરાબર સમયસર ઉપસ્થિત રહ્યા અને દરેક વકતાનો પરિચય કરાવવાનું તથા સંઘવતી આવકાર આપવાનું તેમ જ જયાં જરૂર જણાય ત્યાં સમાલોચના કરવાનું કામ તેમણે સરસ રીતે બજાવ્યું. પ્રથમ દિવસે તેમણે શરૂઆતમાં જ સ્વ. ઝાલાસાહેબને યાદ કરીને સ્મરણાંજલિ આપ્યા બાદ જ પ્રમુખ તરીકે સ્થાન લીધું હતું.

આ વખતે પ્રવચનના વિષયોમાં ઘણી વિવિધતા હતી. વકતાઓ પણ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાંથી આવ્યા હતા. ધૈર્યબાળા વોરાની નમ્રતા અને મૃદુતાએ શ્રોતાઓ પર સુંદર છાપ પાડી, ફાધર વાલેસે તો પોતાને ભગવાનના સેલ્સમેન તરીકે ગણાવ્યા. એમની મીઠી ગુજરાતી અને નિતાંત ભકિતભર્યા હૃદયનું શ્રોતાઓમાં અનેરું આકર્ષણ રહ્યું. પ્રાધ્યાપક રમેશ ભટ્ટ આપણે ત્યાં પહેલી જ વાર આવ્યા હતા. એમણે બે વાર કહ્યું કે, હું જે કહું છું તેનો મને સ્વ-અનુભવ નથી થયો; તેમ છતાં એમણે 'જીવનમાં શ્રદ્ધાનું સ્થાન' એ વિષયની એકદમ સરળ શૈલીમાં જે છણાવટ કરી, તેથી શ્રોતાઓના દિલમાં તેઓ જરૂર શ્રદ્ધાભર્યું સ્થાન પામી ગયા. પ્રા. કાન્તિલાલ કાલાણી પણ પહેલી જ વાર આવ્યા હતા, ને 'કુરળ' એટલે શું એનું કુતૂહલ શ્રોતાઓમાં પહેલેથી જ રહ્યું હતું. પણ તેમના પ્રવચન પછી 'કુરળ' પુસ્તકની માગ એટલી વધી પડી કે અમારે અમદાવાદથી તાત્કાલિક ૫૦ નકલો મંગાવવી પડી. પ્રા. ડૉ. રમણલાલ શાહે કર્મસિદ્ધાંતની સૂક્ષ્મ છણાવટ કરી અને છેલ્લે કહ્યું કે "બંધ સમયે ચિત ચેતીએજી, શો ઉદયે સંતાપ ?" શ્રી માવળંકરે 'લોકશાહી, રાજકીય પક્ષો (પ્રશ્નો છપાયેલું તે છાપ-ભૂલ હતી.) અને નાગરિકો, પર પોતાની લાક્ષણિક શૈલીમાં સુંદર પ્રવચન આપ્યું અને આજે દેશમાં આપણી લોકશાહી કયે ત્રિભટે ઊભી છે તે તાદશ કરી બતાવ્યું. શ્રીમતી મૃણાલિની દેસાઈએ તો મીરાંને મૂર્તિમંત કરી. મીરાં પર બોલતાં બોલતાં પોતે એવા તો એકાકાર થઈ ગયાં કે શ્રોતાઓ તો જાણે સદેહે મીરાંને જ જોઈ રહ્યા. વૈદરાજ પ્રાગજીભાઈએ ઘણી બધી ઉપયોગી વાતો સ્વાસ્થ્યને લગતી કરી. તેઓશ્રીએ પોતાના વકતવ્યમાં ચારપાંચ વાર સદ્‌ગૃહસ્થોને ઉદ્‌બોધન કર્યું. સન્નારીઓની હાજરી તેઓશ્રી કેમ ભૂલી ગયા હશે? શ્રી મનુભાઈ પંચોળી આપણે ત્યાં ચારપાંચ વર્ષના ગાળે આવ્યાં હતાં, તેમણે પણ યહૂદીઓ વિષે ઘણી માહિતીસભર વાતો તેમની આગવી રોચક શૈલીમાં કહી. શ્રીમતી શ્રીદેવી મહેતાએ ભજગોવિંદમ્‌ના એકત્રીસ પૈકી ઘણા શ્લોકો પોતાના સૂરીલા કંઠે ગાઈ બતાવ્યાં અને શ્રી રોહિતભાઈએ તેની ચર્ચા કરીને બતાવ્યું કે શંકરાચાર્યના ભજગોવિંદમ્‌માં આજના યુગને માટે ઉપયોગી એવું કેટલું બધું ભાથું ભરેલું છે. છેલ્લા દિવસના પ્રવચનમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈએ આચારધર્મ પર પ્રવચન કરતાં ઘણી અંતરંગની વાતો કરી અને છેવટે એ નિષ્કર્ષ પર આવ્યા કે સમાજસેવા સામાન્ય વ્યકિત માટે આધ્યાત્મિક વિકાસનો રાજમાર્ગ છે.

આ બધું આવું સુંદર રીતે ચાલ્યા કરતું હોય ત્યારે પણ અર્થ-પ્રાપ્તિની અમારી ચિંતા ચાલ્યા જ કરતી હોય છે. વધતા જતા-ખર્ચને પહોંચીવળવા અમારે આ વરસે ૨૫ હજારની ટહેલ નાખવી પડી હતી. અમને સંતોષ છે કે લગભગ ૧૯ હજાર સુધી પહોંચી ગયા છીએ. આ વખતે ઝોળીમાં નવે દિવસના થઈને લગભગ પાંચ હજારની પ્રાપ્તિ થઈ છે. પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને શ્રી બાબુભાઈ જી. શાહ અને શ્રીમતી નીરુબહેન શાહ નવે દિવસ બે-અઢી કલાક સુધી ઊભાં રહે છે. પર્યુષણ વ્યાખ્યાન-માળા દરમ્યાન નવા ચાલીસ આજીવન સભ્યો બન્યા છે એ પણ અમારે માટે અત્યંત સંતોષનો વિષય છે.

છેલ્લા દિવસે 'જન મન ગણ...' સાથે આખી વ્યાખ્યાન-માળા સાંગોપાંગ કશા પણ ફેરફાર વિના પાર પડી, ત્યારે અમે કૃતકૃત્યતા અનુભવી.

તા. ૬-૯-૭૩

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ

મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# લોકશાહી, રાજકીય પક્ષો અને નાગરિકો

**[ સંઘ સંચાલિત વ્યાખ્યાનમાળામાં સંસદસભ્ય શ્રી પુરુષોત્તમ માવળંકરે આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે. ]**

લોકશાહીમાં હારજીત કંઈ મોટી વાત નથી, પરંતુ લોકશાહીની નિષ્ઠામાં આપણે કેટલો પ્રયાસ કર્યો એ મહત્ત્વનું છે. જો કે લોકશાહીની પરંપરાને જિતાડવાનો પ્રયાસ કરવાને બદલે અને કોઈ આચારસંહિતા પાળ્યા વગર તમામ પક્ષો આજે અટ્ટહાસ્ય કરે છે એ યોગ્ય નથી. લોકશાહી કેવળ ચૂંટણી લડવા કે હારવાની પ્રક્રિયા જ નથી, એ જીવન માટેની રસમ, પદ્ધતિ, ફિલસૂફી, આદર્શ છે. એમાં અધ્યાત્મનાં તત્ત્વો પણ છે. વ્યકિતમાં કશુંક સારું છે તો તે સમાજના લાભ માટે વિકસવા દેવું જોઈએ. સમાજમાં એની ફોરમ આવે એ લોકશાહી માટે સ્વાભાવિક છે.

લોકશાહીનો અંતિમ નિષ્કર્ષ તેના આદર્શ વગેરેમાં છે. લોકશાહીના વિચારને સ્વરૂપમાં લાવવાનું એકમાત્ર પાસું ચૂંટણી છે. ચૂંટણી અનિવાર્ય હોવા છતાં પણ માત્ર ચૂંટણી થવાથી લોકશાહી આવી જાય છે તેવું નથી.

લોકશાહીનું વર્ણન કરવું સહેલું છે પણ તેની વ્યાખ્યા બાંધવી મુશ્કેલ છે; કેમકે પ્રજાજીવનને કોઈ જડબેસલાખ ચોકઠામાં નાખી ન શકાય.

લોકશાહીનો બીજો ઉપયોગ એ છે કે પ્રજા ગુસ્સો પણ ઠાલવી શકે છે. ચૂંટણીઓ વખતે આપણને આનો ખ્યાલ આવે છે. એથી એની પ્રક્રિયા ચાલુ રહે છે. જો કે આજે એ લોકશાહીને આપણે સંકુચિત બનાવી દીધી છે.

લોકશાહીનો અર્થ છે સંવાદ, વાતચીત, સુમેળ, વિરોધી, વિવિધ, વિચાર, મુદ્દાઓનો આગ્રહ છે છતાં એમાં સુમેળ સાધવો જોઈએ. આ લોકશાહી છે. સંઘર્ષમાંથી સહકાર આવે અને સહકારમાંથી સુમેળ ઊભો કરવો એ અનિવાર્ય છે. આ કુદરતી ક્રમ છે.

લોકશાહીનો મિજાજ, મસ્તી, આસ્વાદની ગેરહાજરી આજે આપણને વિવિધ ક્ષેત્રે સાલે છે. એ માટે પ્રયાસ થવા જોઈએ કે જેથી આ ગેરહાજરી દૂર કરી શકીએ. જો કે લોકશાહી વિચારનો અભાવ આજે કુટુંબ વગેરેમાં પણ છે જ.

રાજ્ય એટલે સમાજ એ સમીકરણ લોકશાહીમાં અશકય અને ખતરનાક છે. સમાજ રાજ્ય કરતાં મોટો છે, વ્યાપક છે. લોકશાહીનો આ વિચાર છે.

લોકશાહી એ સમાજરીતિ છે અને રાજ્યતંત્ર પણ છે. રાજ્યતંત્રમાં રાજ્ય, ધારાસભા, સંસદ, રાજકારણીઓ પણ છે.

લોકશાહીનું હાર્દ સમજવા માટે દરેક નાગરિકે પોતાના અંગત વ્યકિતગત જીવનના વિકાસ માટે કામ કરવું જોઈએ. સમાજનો નાનામાં નાનો માણસ શું માને છે, એને શું સ્પર્શે છે, ડંખે છે, શેને ટેકો આપે છે અને એમાંથી એનો જે અભિપ્રાય આવે છે એમાં લોકશાહીનું હાર્દ છે એમ હેરોલ્ડ લાસ્કીએ કહ્યું છે. 'ઑન લિબર્ટી' પુસ્તકમાં જહોન સ્ટુઅર્ટ મિલનું એક મઝાનું વાકય છે. કહેવાતા ૯૯ ડાહ્યા લોકો કરતાં પેલો કહેવાતો એક ગાંડો માણસ સારો. કેમકે એ વિચારે છે, એને સ્પંદન છે. એટલે જ માણસ સાથે એનું કેટલું ઉત્કટ અનુસંધાન છે એ લોકશાહીમાં મહત્ત્વનું છે. લૉર્ડ એટલીએ કહ્યું હતું તેમ, " steel voice of conscious "- અંદરનો અવાજને સાચી રીતે, સરળ રીતે મોકળાશ મળે એમાં લોકશાહીનું હાર્દ છે.

લોકશાહીમાં રાજકીય પક્ષો અનિવાર્ય છે. પણ પ્રા. મેકીવર કહે છે કે લોકશાહી બીજી વ્યવસ્થાથી નોખી એટલા માટે પડે છે કે તેમાં જુદા જુદા પ્રવાહોને સાથે રાખવાની પ્રક્રિયા છે. લોકશાહીમાં અનેક પક્ષો છે. જો કે આપણા દેશની લોકશાહીમાં આપણા રાજકીય પક્ષો સ્વસ્થપણે વિકાસ પામ્યા જ નથી.

આ પક્ષોના કાર્યક્રમોમાં આમૂલાગ્ર ફેરફાર દેખાતો જ નથી. આખરે દાયકામાં જ "સમાજવાદ જોઈએ છે." લોકોને આકર્ષવાની પક્ષોએ જાણે કે આ રસમ જ લીધી છે. જુદા પ્રવાહમાં હિમ્મતપૂર્વક ચાલતા રહેવાની કોઈ પક્ષમાં તૈયારી દેખાતી જ નથી. પરિણામે આમાં એટલી સેળભેળ થઈ ગઈ છે કે નિર્ભેળ પક્ષ જોવા મળતો નથી.

પક્ષ શા માટે? લોકશાહીમાં લોકોના વિચારોને વાચા આપવા માટે એની આવશ્યકતા ખરી. પક્ષમાં શિસ્ત જોઈએ પણ એનો અતિરેક ન થવો જોઈએ. આજે તો આવી શિસ્તનો અતિરેક થયો છે. આજે તો શિસ્તને નામે ખૂબ ચાલ્યું છે, ચાલુ છે, ચાલી રહ્યું છે. લોકશાહીને નામે રાજકીય પક્ષોએ બિનલોકશાહી રીતરસમો અને જોગવાઈઓ ઘુસાડી દીધી છે.

કોઈ પણ પક્ષ સમગ્ર નથી. તે માત્ર સમગ્રનો જ એક અંશ છે. જો કે આપણે ત્યાં સમગ્ર રાષ્ટ્રનો વિચાર પણ પક્ષીય રીતે જ થાય છે. આવું થાય છે તે લોકશાહી માટે જોખમકારક નીવડે છે. માત્ર પક્ષનો જ વિચાર કરવાથી એ પક્ષોમાં નિષ્પ્રાણત્વ આવી જાય છે.

સત્તા પર આવવું એ દરેક પક્ષનું લક્ષ્ય છે, પરંતુ સત્તાની સીડી દુષ્કર છે, મોટી છે. એ માર્ગે જતાં હાંફ પણ આવે છે. લોકો સાથે રાજકીય પક્ષોની કેટલી જીવાદોરી છે એ જોવું જોઈએ. રાજકીય પક્ષોમાં આજે ક્ષય પેદા થયો છે, કેમકે રાજકીય પક્ષો કાર્યકરોને અભ્યાસ નથી કરાવતા, લોકોને સમજાવતા નથી. પક્ષના કાર્યક્રમોનું પ્રતિબિંબ પડવું જોઈએ, પણ તે થતું નથી. પક્ષોએ મતને વાચા આપવાની છે અને બીજી પાસથી મતને ઘડવાનું કામ કરવું જોઈએ.

આજે વૈકલ્પ્ય પક્ષની ઝાંખી સુદ્ધાં થતી નથી. રાજકીય પક્ષોએ લોકોમાં વિશ્વાસ પણ ઊભો કર્યો નથી. એ બધાંને કારણે આજે ચોમેર અંધારું દેખાય છે.

નાગરિકતા બે પ્રકારની છે–બંધારણીય નાગરિકતા અને લોકશાહી નાગરિકતા. બંધારણમાં જે અર્થ આપ્યો છે એ ઉપરાંત ડેનિસ થોમસને "ડેમોક્રેટિક સિટીઝન" પુસ્તકમાં લખ્યું છે તેમ લોકશાહી નાગરિકતા પણ એક મહત્ત્વનો પ્રકાર છે.

પણ આજે આપણે સર્વત્ર જોઈશું તો આપણે બધા લોકો છીએ. આપણામાંના નાગરિક કેટલા? નાગરિકતાની સભાનતા આજે કયાં છે? આપણી ચોપાસ જે કંઈ બની રહ્યું છે એ અંગેની સભાનતા જોઈએ, કેમકે એ સભાનતા પર આપણો આધાર છે.

લોકશાહી નાગરિકતા માટે ત્રણ શરતો છે: (૧) રાજ્યના કે નગરના પ્રશ્નોમાં એની સામેલગીરી કેટલી છે. લોકોનું સાર્વભૌમત્વ આજે ચૂંટણી ટાણે માત્ર પાંચ વર્ષે જ આવે છે! આ નહીં, પણ રોજ-બ-રોજના પ્રશ્નોમાં ભાગીદારી જરૂરી છે. (૨) આ પ્રશ્નો અંગેની ચર્ચાવિચારણામાં ભાગ લેવાવો જોઈએ. આ બીજી ફરજ છે. સહિષ્ણુતા, સમજણશકિત આથી આવશે. શિકાગોમાં એક બેનરમાં લખ્યાનું યાદ આવે છે: " Bad men are elected by good men who do not vote ( ખરાબ લોકો ચૂંટણીમાં સારા માણસોથી જ ચૂંટાતા રહે છે કે જેઓ મતદાન કરતા નથી). (૩) તો તેણે મતદાનમાં ભાગ લેવો રહ્યો જ.

રશિયાના ખ્યાતનામ લેખક એલેકઝાન્ડર સોલ્ઝેનિસ્તિન કહે છે તેમ માણસ જંગલી અવસ્થામાં હતો તેવો જ આજે રહ્યો છે અને છતાં ઢાંકપિછોડો કરવા એણે નિતનવાં અનેકવિધ વસ્ત્રો પરિધાન કર્યાં છે. આ સંદર્ભમાં એટલું ચોક્કસ છે કે એક માણસ પણ નાગરિકતા માટે સતત કામ કરતો રહે તો ય તેણે લોકશાહી માટે કામ કર્યું કહેવાશે.

**પુરુષોત્તમ માવળંકર**

# "મેઘાણીભાઈનું જીવન અને કવન"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૩-૯-'૭૩ ના રોજ સાંજના શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે "મેઘાણીભાઈનું જીવન અને કવન" એ વિષય ઉપર શ્રી મનુભાઈ પંચોળી (દર્શક)નું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

શરૂમાં સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચી. કોઠારીએ શ્રી મનુભાઈને આવકાર આપ્યો હતો અને સુખડના હારથી તેમનું સ્વાગત કર્યું હતું.

ત્યાર બાદ વ્યાખ્યાન શરૂ કરતાં શ્રી મનુભાઈએ જણાવ્યું કે શેકસપિયર જેમ સમગ્ર ઈંગ્લેન્ડની સંપત્તિ ગણાય છે તેમ મેઘાણીભાઈએ સૌરાષ્ટ્રમાં પડેલા હીરનું ભાન આપણને કરાવ્યું. આપણા દેશમાં શબ્દની શકિતથી આટલી પ્રતિષ્ઠા અને આબરૂ મેઘાણીભાઈ સિવાય કોઈને મળેલ નથી.

આપણે એમ કહેતા હોઈએ છીએ કે "મેઘાણીને ગાંધીયુગનો લાભ મળ્યો." પરંતુ એના બદલે એમ કહેવું સાચું ગણાશે કે "ગુજરાતના ગાંધીયુગને મેઘાણીનો લાભ મળ્યો." જો મેઘાણીનાં ગીતો ન મળ્યાં હોત તો આઝાદીની લડતમાં ઝંપલાવનારા ઝિંદાદિલીથી ન લડયા હોત.

મેઘાણીના શબ્દો, ઉપમાઓ, અલંકારો—એ સોરઠી જીવનના તાણાવાણાની માફક વણાયેલું હતું. તેના કારણે આખા સમાજમાં સગૃહચેતનાની પ્રચંડ શકિત ઊભી થઈ. સૌરાષ્ટ્રની પરંપરાઓને એમણે સાહિત્યમાં ઉતારી.

ગાંધીજી કહેતા હતા કે લોકો પાસે જાવ - દરિદ્રનારાયણની સેવા કરો. બીજી બાજુ, ત્યારે એમ કહેવાતું હતું કે લોકોની બોલીમાં સાહિત્ય લખાય નહિ. ભણેલા વર્ગના લોકોનો, ગ્રામ્ય લોકો સામે તુચ્છકાર હતો. આ રીતે લોકો પાસે પહોંચવાની ગાંધીઆજ્ઞાનો અમલ શકય નહોતો. પરંતુ મેઘાણીએ તેમના લોકસાહિત્ય દ્વારા ચારણો - કાઠીઓ - પછાત વર્ગો જેવા લોકોને આપણી પાસે રજૂ કર્યા અને તેમની વર્ષોની સાધનાથી સાબિત કરી બતાવ્યું કે લોકોની બોલીમાં પણ લોકસાહિત્ય ઉત્તમ રીતે રજૂ કરી શકાય છે અને એ રીતે ઉપલા અને નીચલા વર્ગનો સમન્વય સાધવાનું ભગીરથ કામ તેમણે કર્યું. તેમણે લોકસાહિત્ય દ્વારા સાબિત કર્યું કે તમે જેને ચાહી શકો છો તેની સાથે જ ભળી શકો છો, જેને તમે ચાહતા નથી તેની સાચી સેવા તમે કરી શકતા નથી. આ રીતે લોકોમાં તેમણે આદર અને મમતા ઊભાં કર્યાં.

શાસ્ત્રો અને કાયદાને એક બાજુ મૂકીને જીવનસિદ્ધાંતો રજૂ કરનારાં અનેક પાત્રો પણ તેમણે પોતાના સાહિત્ય દ્વારા રજૂ કર્યાં છે. જેઓ કોઈ જાતિ, વર્ણ કે ધર્મ જોતા નહોતા, પણ ગુણ જ જોતા હતા અને ફરજ માટે પોતાની જાત ન્યોચ્છાવર કરી નાખતા.

જીવનનું સાચું રહસ્ય પામવું હોય તો તેને દરેક પાસાથી તપાસવું જોઈએ.

શેરડીની દરેક કાતળીમાં મીઠાશ હોય છે તેમ, સમાજનું દરેક અંગ તંદુરસ્ત હોવું જોઈએ.

મેઘાણીભાઈએ ભણેલા વિદ્વાન પંડિતોને ભાન કરાવ્યું કે તમારી શબ્દોપાસનાથી લોકોની શબ્દોપાસના જરા પણ ઊતરતી નથી. તમે સુપિરિયર છો, એ ભાવના જયાં સુધી તમારામાં છે ત્યાં સુધી સ્વરાજ લાવી શકશો નહિ.

એ રીતે લોકસાહિત્યના આદરથી બે વર્ગો નજીક આવી શકયા.

મેઘાણી સાહિત્યમાં ચાર વાર્તા હરિજનોને લગતી છે, તેમાં તેઓ ઉત્તમોત્તમ સવર્ણની સાથે તેને મૂકે છે.

એવી રીતે, મુસ્લિમોની પણ બેચાર વાર્તાઓ તેમણે લખી છે. તેમાં તેમણે એવું પ્રતિપાદિત કર્યું છે કે જયાં ધર્મ જતો હોય, ધરણી જતી હોય, સ્ત્રી પર ઘા પડતો હોય, ત્યારે લડે તે રાજા અને ભાગે તે રાંક. ત્યારે અસહાય માણસને જીવના જોખમે આશરો અપાતો અને તેમાં જ્ઞાતિ કે ધર્મના વાડા આડે આવી શકતા નહિ.

ત્યારે "આ સ્કૉલરશિપ અમુક નાતનાઓ માટે" એવી ભાવના નહોતી.

ત્યારના સંતો પણ પ્રામાણિકતાથી જીવન વ્યતીત કરતા હતા, કોઈ પણ પ્રલોભનો તેમને લલચાવી કે ડગાવી શકતા નહીં અને તેઓ ભારે સાત્ત્વિક પુરુષો હતા અને ધર્મ તેમના અણુએ અણુમાં પ્રસરેલો હતો.

લોકોના હૃદયના મહેરામણની, કે એને કાંઠે પડેલાં રત્નોની આપણને જાણ નહોતી, તેની જાણકારી આપણને મેઘાણીભાઈએ કરાવી.

કવિ ઈસરદાનનો દાખલો ટાંકતાં, ઈસરદાન કહે છે કે, "જેનું દિલ ચોખ્ખું છે તેનો વર્ણ વિચારવાનો ન હોય, વર્ણની મહત્તા નથી. પ્રહ્લાદ દાનવનો—રાક્ષસનો—પુત્ર હતો, પરંતુ આજે તેને બધા ભકત તરીકે સંભારે છે."

આજની દુનિયાના માનવીનો મોટો પ્રશ્ન એ છે કે આજનો માનવી પોતાની જાતથી પણ એકલો પડી ગયો છે. તે ખૂબ જ મૂંઝાયેલો છે, તે હરાયા ઢોરની માફક ચારે બાજુ ભમે છે. આ રીતે આજે પશ્ચિમની દુનિયાના માનવીની મૂંઝવણની કોઈ સીમા નથી રહી. જયારે લોકસાહિત્યની દુનિયામાં "હું" નો ખ્યાલ જ નથી. તે પોતાની અંદર પુરાઈ રહેતો નથી.

મેઘાણીભાઈના સમયમાં બીજા પણ સારા કવિઓ હોવા છતાં, ગાંધીજીએ તેમને રાષ્ટ્રીય કવિનું બિરુદ શા માટે આપ્યું?

ત્યારે ભણેલા અને અશિક્ષિત લોકો વચ્ચે ખાઈ પડી ગઈ હતી. મેઘાણીનાં કાવ્યોથી બધા પોતીકા લાગવા માંડયા. રાષ્ટ્રનાં બે મહત્ત્વનાં અલગ પડી ગયેલાં અંગોને સાંધવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું, માટે તેમને ગાંધીજીએ "રાષ્ટ્રીય શાયર" કહ્યા.

ત્યારે ગાંધીજી અને સરદારને બાદ કરતાં, લોકો માટે વધારે જાણીતા મેઘાણી હતા. ત્યારે લોકો કહેતા, જેણે અમને અમારા સ્વરૂપનું ભાન કરાવ્યું છે, જેણે અમને નવો અવતાર આપ્યો છે, તે અમને પ્રિય જ હોય ને!

શ્રી મનુભાઈના પ્રવચન બાદ શ્રોતાવર્ગમાંથી એક - બે પ્રશ્નો પુછાયા હતા. એક પ્રશ્નના જવાબમાં તેમણે આશા વ્યકત કરી હતી કે ગુજરાતી સાહિત્યમાં મેઘાણીનું સાહિત્ય ચિરંજીવ રહેશે. એમનાં પુસ્તકોના બંગાળી કે હિંદી વગેરે ભાષાઓમાં અનુવાદો થયા નથી કારણ કે મેઘાણીભાઈની ભાષા લોકભોગ્ય ભાષા હતી. એથી એનું રૂપાંતર કરી શકાય નહિ. રૂપાંતર કરીએ તો મૂળ ભાષાની જે ખૂબી હોય તે નષ્ટ થઈ જાય.

ત્યાર બાદ વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ શાહે, શ્રી મનુભાઈ પંચોળીએ મેઘાણીભાઈના લોકસાહિત્યનો જે વિશદ રીતનો પરિચય આપ્યો તે માટે સંઘ વતી તેમનો આભાર માન્યો હતો.

**સંકલન : શાન્તિલાલ ટી. શેઠ**

# ભગવાન મહાવીર નિર્વાણ-મહોત્સવ

(ભગવાન મહાવીર નિર્વાણ - મહોત્સવ અંગે જે ચર્ચા ચાલી રહી છે એના અનુસંધાનમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનાં એ વિશેનાં મંતવ્યો અહીં પ્રગટ કરવામાં આવ્યાં છે.]

નિર્ગ્રંથ ભગવાન મહાવીરથી પણ પહેલાંના સમયથી લઈને અત્યારના સમય સુધી જૈન સંઘ રાજ્યાશ્રય લેતો રહ્યો છે તે પણ ધર્મનો વિસ્તાર અને મહિમા વધારીને માનવસમાજની સેવા કરવાના ઉમદા હેતુથી. રાજ્યસત્તાનો સહકાર મેળવીને જૈન સંઘે તીર્થંકર ભગવાનના ધર્મશાસનની પ્રભાવના કર્યાના સંખ્યાબંધ દાખલાઓ જૈન ધર્મ અને સંઘના ઈતિહાસમાં નોંધાયેલા છે.

ધર્મપ્રભાવનાના આવા વિવિધ પ્રયત્નો પાછળ એક આદર્શ અને ઉદાર કર્તવ્યભાવના રહેલી છે; આપણને ચિત્તશુદ્ધિ, આત્મશાંતિ અને વિશ્વમૈત્રીનો જે માર્ગ લાધ્યો એ માર્ગ બીજાને બતાવવો એ આપણી ફરજ છે. એ ફરજની ઉપેક્ષા કરીએ અને ધર્મની પ્રભાવનાની આડે અંતરાયો ઊભા કરીએ તો આપણી માણસાઈ લાજે અને આપણે ફૂલને પેટીમાં અને પરબને ઘરમાં પૂરી દેવા જેવા દોષના ભાગીદાર બનીએ!

એટલે નાનું કે મોટું કોઈ પણ સારું નિમિત્ત મળે ત્યારે (અરે શોકજનક કોઈ અવસર હોય ત્યારે પણ) એનો ઉપયોગ ધર્મભાવનાની પ્રભાવના કરવામાં કરી લેવો એ ધર્મને જાણ્યા અને પામ્યાની સાચી ચરિતાર્થતા છે.

આ દષ્ટિએ વિચારતાં, થોડા વખત પછી આવતો, ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ - કલ્યાણકનો અવસર ધર્મપ્રભાવનાનો એક અપૂર્વ, શ્રેષ્ઠ અને ઉત્સાહપ્રેરક પુણ્ય અવસર લેખાવો જોઈએ અને એ નિમિત્તે ભગવાન મહાવીરના ધર્મસંદેશની વ્યાપક રૂપમાં લહાણી કરવાની આપણે તૈયારી કરવી જોઈએ, અને ઘણાખરા જૈન સંઘો આ કાર્યમાં હર્ષ - ઉલ્લાસથી લાગી પણ ગયા છે.

આમ છતાં એક જૈન ફિરકાનો અમુક વર્ગ આ પ્રસંગની રાષ્ટ્રીય ધોરણે કરવામાં આવનાર ઉજવણીનો વિરોધ કરે છે, એ જોઈને ખરેખર નવાઈ અને અફસોસ થાય છે કે આવા પુણ્ય પ્રસંગે આપણે આ શું કરવા બેઠા છીએ અને આની પાછળ કેવી એકાંગી મનોવૃત્તિને આપણે વહેતી મૂકી છે!

આ ઉજવણીનો વિરોધ કરનાર વર્ગે પોતાનો વિરોધ જાહેર કરીને સંતોષ માન્યો હોત અને ખેલદિલી કે અનેકાંત દૃષ્ટિ દાખવીને બીજાઓને પોતાની રીતે આ પ્રસંગની ઉજવણી કરવાની છૂટ આપી હોત અથવા આ બાબતમાં મૌન ધારણ કરવાનું પસંદ કર્યું હોત તો એમને વિશેષ કહેવાપણું ભાગ્યે જ રહેત.

પણ ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ વર્ષની રાષ્ટ્રીય ઉજવણીથી જાણે જૈન શાસન ઉપર મોટી સાંસ્કૃતિક આફત આવી પડવાની હોય અને ધર્મશાસનનું હિત જોખમાઈ જવાનું હોય, એ રીતે એની સામે જેહાદ જગાવવા જેવો વિરોધનો વંટોળ ઊભો કરવાનો જે પ્રયત્ન થઈ રહ્યો છે, તે જોઈને તો એમ જ થાય છે કે જૈન સંસ્કૃતિના પ્રાણરૂપ સમતા, અહિંસા અને સત્યપરાયણતાની ભાવનાને આપણે ભૂલી ગયા છીએ અથવા ગૌણ બનાવી દીધી છે. આ તો જાણે "જીવ જવાનો હોય તો ભલે જાય પણ રંગ તો રહેવો જ જોઈએ." એ લોકોક્તિને સાચી પાડવામાં આપણે લાગી ગયા છીએ!

આ વિરોધ કરનારાઓ પોતાના વિરોધ માટે જે કારણો આપે છે, એમાં મુખ્ય કંઈક આ બે હોય એમ લાગે છે: (૧) એક તો, પશ્ચિમના દેશો અને પશ્ચિમની સંસ્કૃતિએ જૈન સંસ્કૃતિ (અને ભારતની સંસ્કૃતિ) ઉપર પોતાનો પ્રભાવ વિસ્તારીને એને નમાલી કે દૂષિત બનાવવાનું જે કાવતરું કર્યું છે, એને આવી ઉજવણીથી પ્રોત્સાહન મળે છે; અને (૨) બીજું, આવી ઉજવણીથી જૈન ધર્મ અને ભગવાન મહાવીરનું ગૌરવ વધવાને બદલે ઓછું થવાનું છે. આ બન્ને કારણોનું થોડુંક વિશ્લેષણ કરવા જેવું છે.

(૧) ભૌતિક સંસ્કૃતિ તરીકે ઓળખાવીને જેની નિંદા કરતાં આપણે થાકતા નથી અને છતાં જેના તરફ વધુ ને વધુ આકર્ષાતા જઈએ છીએ, તે પશ્ચિમની સંસ્કૃતિ પોતાનો પ્રભાવ આપણા ઉપર વિશેષ ને વિશેષ વિસ્તારી રહી છે, એ વાત સાચી છે અને એનાથી બચવા માટે જાગૃત થવાની જરૂર છે એ વાત પણ સાચી છે. આપણી વિચારસરણી અને રહેણીકરણી ઉપર એની કેટલી વ્યાપક અસર જોવા મળે છે! આપણા રસોડાથી લઈને દેશનું ભાવિ ઘડતી લોકસભા સુધી એ અસર પહોંચી ગઈ છે! અરે, જરા રમૂજ ખાતર કહેવું હોય તો એમ પણ કહી શકાય કે વિરોધના વિચારને વ્યક્ત કરતી પેન અને એ વિચારને વાચકો સુધી પહોંચતી કરતી પત્રિકાને છાપનાર પ્રેસ – એ પણ પશ્ચિમની સંસ્કૃતિની જ દેન છે ને!

એટલે પશ્ચિમની સંસ્કૃતિની અસર આપણા ઉપર વધતી જાય છે, એ વાતનો ઈનકાર થઈ શકે એમ નથી. આમાં સવાલ ફક્ત એટલો જ છે કે ભગવાન મહાવીરના નિર્વાણ - કલ્યાણકની ઉજવણી કરવાથી આ અસર ઓછી થવાની છે કે આવી ઉજવણીનો વિરોધ કરીને એને બંધ રાખવાથી ઓછી થવાની છે? આધ્યાત્મિક કે ધાર્મિક ભાવનાને એક યા બીજા નિમિત્તે લોકજીવનમાં વહેતી રાખવી એ જ ભૌતિકવાદને નિયંત્રણમાં રાખવાનો કારગત ઉપાય છે એમાં શક નથી. તો પછી આ ઉજવણીનો વિરોધ કરવાથી આપણે શો લાભ મેળવી શકવાના છીએ? ખરી રીતે તો આવો વિરોધ જગાવવો એ હાથે કરીને ખોટનો વેપાર કરવા જેવી ભૂલ છે!

(૨) આવી ઉજવણીથી જૈન ધર્મ કે ભગવાન મહાવીરનું ગૌરવ ઓછું થશે એમ માનવું એ તો જૈન ધર્મ અને ભગવાન મહાવીરના જીવનનું ખમીર નહીં પારખવા જેવી અણસમજણ છે. સાચા હીરાને બજારમાં મૂકતાં કે કસોટીએ ચડાવતાં ભય શો? જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ અને જૈન સંઘના આરાધ્યદેવ ભગવાન મહાવીરના જીવનનું સામર્થ્ય અને તેજ ગમે તેવા ભય, વિરોધ કે તોફાન વચ્ચે પણ ટકી રહે એવું છે, એની ઈતિહાસ સાક્ષી પૂરે છે. તો પછી આવી ઉજવણીથી એનો મહિમા ઓછો થશે એવો ભય શા માટે સેવવો?

પણ આવી ઉજવણીની હિમાયત કરનારાઓના ઈરાદાઓને જ શંકાની નજરે જોવામાં આવતા હોય, બીજાને પણ પોતાનો જુદો મત હોય એવી સહિષ્ણુતાને કમજોરી લેખવામાં આવતી હોય અને પોતાના વિરોધને જાગતો રાખવા માટે કલ્પનાના અવનવા ભયો ઊભા કરવામાં જ ધર્મની ભક્તિ અને રક્ષા માની લેવામાં આવતી હોય, ત્યાં સાચી વાત કોણ, કેવી રીતે સમજાવી શકે?

સાચો ભય હોય તો તેનું કારણ પણ શોધી શકાય, એનું નિરાકરણ પણ કરી શકાય, પણ કલ્પનાના ભયોને કોણ પામી શકે કે નિવારી શકે? આવા ભયો ઊભા કરીને વહેતું મૂકવામાં આવેલું "ધર્મ ભયમાં" એ સૂત્ર જનમાનસની લાગણીને સારા પ્રમાણમાં ઉશ્કેરી શકે છે, એ એક હકીકત છે. પણ, સાથેસાથે, ઈતિહાસ અને નજર સામે બનતી ઘટનાઓ એ વાત પણ સ્પષ્ટપણે કહી જાય છે કે આવી જેહાદોથી ન ધર્મની રક્ષા થઈ શકે છે, ન માનવજાતનું ભલું કરી શકાય છે, કે ન મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ થઈ શકે

છે, અને ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર બની જાય છે એ વધારામાં! અને ભગવાન મહાવીરનો ધર્મ તો સમતા અને અહિંસાનો ધર્મ છે, એટલે પછી એમાં આવા ઝનૂનને અવકાશ જ કયાંથી હોય? તેમાં ય આ તો ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ-કલ્યાણકની દેશવ્યાપી ઉજવણીનો અવસર! ત્યાં તો આવો વિરોધ કે આવી જેહાદ હોઈ જ શકે કેવી રીતે? એનું તો ઊલટું, ઉમળકાથી સ્વાગત જ કરવું ઘટે.

ઝાઝું શું કહીએ? અંતરથી પ્રાર્થીએ કે આ ઉજવણી સામેનો, ફૂલને રૂંધવા જેવો કે પરબને તાળાબંધી કરવા જેવો, સમજણ વગરનો વિરોધ શાંત થઈ જાય અને ભગવાન મહાવીરના ધર્મ-સંદેશને ઠેરઠેર પહોંચતો કરવાની ભાવના અને શકિત સૌમાં પ્રગટે!

હિંસા અને વેર-વિરોધથી સંતપ્ત જગતને અત્યારે આ સંદેશ ખૂબ ખૂબ શાંતિ આપી શકે એમ છે. અને આ સંદેશને લોકવ્યાપી બનાવવા માટે અત્યારનો યુગ ખૂબ અનુકૂળ યુગ છે.

રતિલાલ દીપચંદ દેસાઈ

[તા. ૩૦-૮-'૭૩ના "ગુજરાત સમાચાર,'ના "ઈંટ અને ઈમારત" વિભાગમાંથી અગત્યનો ભાગ સાભાર ઉધ્ધૃત].

# પરિચય પુસ્તિકાની સંસ્કારયાત્રા

**(પરિચય ટ્રસ્ટ તરફથી સતત પંદર વર્ષ થયાં દર મહિને વિવિધ વિષયોની માહિતી આપતી બે પરિચય પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવે છે. આ ટ્રસ્ટે આવી સાડા ત્રણસો જેટલી પુસ્તિકા પ્રગટ કરી છે; તેની ઉજવણી અર્થે આ ૧૯મીએ એક સમારંભ યોજાયો છે. તે પ્રસંગ નિમિત્તે આ પ્રવૃત્તિનો પરિચય કરાવતો લેખ અત્રે આપ્યો છે.)**

પરિચય પુસ્તિકાની લગભગ દોઢ દાયકાની સંસ્કારયાત્રા પર નજર કરતાં અનેક સ્મૃતિઓ તાજી થાય છે. લગભગ ત્રણ દાયકા ઉપરનું એક દશ્ય મારી કલ્પનામાં ચિતરાઈ રહે છે. શેઠ ચી. ના. વિદ્યાવિહારના બે છાત્રો: એક કૉલેજિયન, બીજો માધ્યમિક શાળામાં. શાળા અને કૉલેજ વચ્ચે એ કક્ષાએ જ્ઞાનની ભૂમિકાએ જે અંતર હોય છે એવું કશું અંતર એ બન્ને વચ્ચે ન હતું.

સાહિત્ય એ બન્નેના શોખનો વિષય. મારી સાથે પણ સંબંધની અનેક કડીઓમાં એ અગ્રસ્થાને. એ બે વિદ્યાર્થીઓ તે ભાઈ યશવંત દોશી ને વાડીલાલ ડગલી.

સદીઓથી અડીખમ રહેતી આવેલી અને હવે ભાંગવા માંડેલી આપણી ગ્રામધરતીમાંથી એ બન્ને નગરના વાતાવરણમાં આવ્યા હતા, પરંતુ નિસર્ગને ખોળે ઊછરનારમાં જે સહજ સૂઝ હોય, વસ્તુના હાર્દ સુધી પહોંચવાની જે સમજ, શકિત ને ધગશ હોય, વિશાળ ક્ષિતિજો પર નજર નાખતા રહેવાની ને ઋતુઓનાં ચક્રમણોનાં રહસ્યોનો તાગ લેવાની જે શકિત હોય તે એ બન્નેમાં સહજ હતી, અને એ તે વખતની એમની નાની નિબંધિકાઓ, સંવાદો, નાટિકાઓ, કે વાર્તાઓ દ્વારા અભિવ્યકિત પણ પામતી. મૌલિકતાની ચમક એ બન્નેની આંખ, વાણી અને વર્તનમાં અવારનવાર દેખાતી અને એથી છાત્રોમાં સ્વાભાવિક રીતે જ એ બન્ને નેતા તરીકેનું બિરુદ પામ્યા હતા.

એ પછી વર્ષો વીત્યાં, ભાઈ યશવંતે શિક્ષણકાર્ય અપનાવ્યું, ભાઈ વાડીલાલે વિદેશ જઈ અર્થશાસ્ત્રનો ઉચ્ચ અભ્યાસ કરી દેશમાં પાછા આવી જીવનપ્રવૃત્તિ તરીકે પત્રકારિત્વને અપનાવ્યું. એ દરમ્યાન વિદ્યાર્થીકાળની એમની મૈત્રી અને એમના રસો વિકસતા જ ગયા હતા. ભાઈ વાડીલાલના કલ્પનાજગતમાં અનેક નગરો ને મહાનગરોનાં શિલ્પો કંડારાતાં જતાં હતાં. એ બધાં માટે અઢળક ધન જોઈએ, એની એ બેઉમાંથી એકે પાસે સગવડ ન હતી, પરંતુ એમની સર્જકતા ને કલ્પનાએ એમના સમાનધર્મીઓના જગતમાં એમને વિહરતા કરી દીધા અને તેમાંથી એમને અનેક નવી મૈત્રીઓ લાધી, વિદ્યાર્થીકાળના એક એમના જૂના સાથી ભાઈ જયવદન તકતાવાળા સાથે પોતાની અનેક યોજનાઓની અવારનવાર એ ચર્ચા કરવા મંડયા, ને તેમાંથી જન્મી પરિચય પુસ્તિકાની પ્રજાજીવનમાં સંસ્કારની સરવાણીઓ વહેતી કરતી પ્રવૃત્તિ.

આજે આ પ્રવૃત્તિએ લગભગ દોઢ દાયકાની મજલ કાપી છે, લગભગ સાડાત્રણસો જેટલી પુસ્તિકાઓથી એની યાત્રા દિપ્તમન્ત બની છે. એમાં ગ્રંથસમીક્ષા માટેનું સામયિક "ગ્રંથ" ઉમેરાતાં એ બન્ને જ્ઞાનોપાસકના સ્વપ્ને એક વિશેષ આકાર ધારણ કર્યો છે.

પુરુષાર્થની એક હૃદયંગમ ગાથા જેવી આ પ્રવૃત્તિએ આપણા વિદ્યાજગત સમક્ષ જે નવી ક્ષિતિજો ઉઘાડી છે, અને આપણા બહુજન સમાજની રેતાળ રણમાં લુપ્ત થઈ ગયેલી સરસ્વતીને જે રીતે વહેતી કરી છે તે દોઢ દાયકા જેટલા ટૂંકા ગાળામાં કેટલું બધું થઈ શકે છે તેના સુંદર ઉદાહરણરૂપ છે.

સર્જક સાહિત્ય સાથે સંબંધ ધરાવનાર વ્યકિત જ કેવળ લેખક નામને પાત્ર છે એવા ભ્રમને પરિચય પુસ્તિકાએ દૂર કર્યો છે. સામાન્ય સંજોગોમાં જે લોકો પોતાના પત્રવ્યવહાર કે ઑફિસકામ કે રોજનીશી સિવાય બીજા કોઇ કામ માટે લેખિની હાથમાં ન લે તેવા પોતપોતાના ક્ષેત્રના સારા જાણકારોને પ્રયત્નપૂર્વક શોધી કાઢી તેમની લેખિની પાસેથી ઉત્તમ સારસ્વત ભેટ મેળવવી એ પરિચય પુસ્તિકા પ્રવૃત્તિની એક મોટી સિદ્ધિ છે. એણે ગુજરાતી ભાષામાં વિવિધ જ્ઞાનકોશોની રચના માટે ઉત્તમ ભૂમિકા સર્જી છે. ભવિષ્યનો ઇતિહાસકાર વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતના સાંસ્કૃતિક જીવનઘડતરમાં જે સંસ્થાઓ કે પ્રવૃત્તિઓની નોંધ લેશે તેની નજર પરિચય પુસ્તિકાની પ્રવૃત્તિ લાંબો વખત સુધી કૌતુક ને મુગ્ધતાથી રોકયા વિના ભાગ્યે જ રહેશે.

૩૦૦ પુસ્તિકાઓનો આંકડો વટાવી જતાં આ પ્રવૃત્તિના સંચાલકોને એ પ્રવૃત્તિ સાથે સંલગ્ન એવા લેખકો અને કાર્યકરોનું સ્નેહ-સંમેલન યોજવાનો જે વિચાર આવ્યો છે તે પણ આ પ્રવૃત્તિમાં રહેલી અનેક ભવ્ય શકયતાઓનું આપણને દર્શન કરાવશે જ, અને આજે છિન્નભિન્ન થતું જણાતું આપણું પ્રજાજીવન કેમ સુદઢ બને, કેમ પ્રાણવાન બને અને સાચા જ્ઞાનના સ્પર્શથી કેમ દીપ્તિમન્ત બને તેનું આપણને દર્શન કરાવશે અને અનેક નવી દિશાઓ આપણી દષ્ટિને આકર્ષી રહેશે.

સ્નેહરશ્મિ

# તેરમી સર્વોદય શિક્ષણ વ્યાખ્યાનમાળા

સર્વોદય શિક્ષણ સંઘ, બ્લેવેટ્સ્કી લૉજ થિયોસોફિકલ સોસાયટીના સંયુકત ઉપક્રમે તેરમી સર્વોદય શિક્ષણ વ્યાખ્યાનમાળા બેસંટ હૉલ, ફ્રેન્ચ બ્રિજ, ચોપાટી ખાતે નીચેના દિવસે સવારના સવા નવ વાગ્યે નીચે મુજબ યોજવામાં આવી છે. તા. ૯ મીએ શ્રી રોહિત મહેતાનું 'નવયુગનું નૂતન શિક્ષણ' એ વિષય પર ડૉ. ઉષાબહેન મહેતાના પ્રમુખપદે વ્યાખ્યાન યોજાઇ ગયું.

| તારીખ | દિવસ | વકતા – વિષય | પ્રમુખ |
|---|---|---|---|
| ૧૬ સપ્ટે. | રવિવાર | ડૉ. વી. એન. બગડિયા<br>'ચાલો, બાળકોને સમજીએ' | ડૉ. કે. એન. કામદાર |
| ૨૩ સપ્ટે. | ,, | શ્રી નામદેવ લહૂટે<br>'બાળકો અને નાટયકળા' | શ્રી પ્રાગજીભાઈ ડોસા |
| ૩૦ સપ્ટે. | ,, | કવિશ્રી કરસનદાસ માણેક<br>'શિક્ષણ અને રાંસ્કાર' | આચાર્યશ્રી રામપ્રસાદ બક્ષી |

## કુરળ

"કુરળ" પુસ્તક જે 'તમિળ વેદ' તરીકે ઓળખાય છે, જેનો ગુજરાતી અનુવાદ શ્રી કાન્તિલાલ કાલાણીએ કરેલ છે, તે પુસ્તક જેમને જોઈતું હતું તેમણે તેમનાં નામો વ્યાખ્યાનમાળા દરમિયાન ભારતીય વિદ્યા ભવનમાં નોંધાવેલાં,–તો એ પુસ્તક આવી ગયું હોવાથી, સંઘના કાર્યાલયમાંથી તે મેળવી લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોનાં ૧૮૯ નામો અગાઉ પ્રગટ થઈ ગયાં છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન થયેલા સભ્યોનાં નામો નીચે પ્રમાણે છે :

૧૯૦ શ્રી. એમ. બી. વોરા
૧૯૧ „ ધરમચંદ નાથુભાઈ શાહ
૧૯૨ „ દેવજી પુનશી શાહ
૧૯૩ „ ઈન્દુલાલ બી. મહેતા
૧૯૪ „ માણેકલાલ હરગોવિંદદાસ શાહ
૧૯૫ „ ચન્દ્રકાન્ત મણિલાલ મહેતા
૧૯૬ „ નિર્મળાબહેન હીરાલાલ તલસાણિયા
૧૯૭ „ હસમુખભાઈ હીરાચંદ શાહ
૧૯૮ „ ભાવનાબહેન નૌતમલાલ શાહ
૧૯૯ „ મોહનલાલ નગીનદાસ જરીવાળા
૨૦૦ „ હીરાલાલ ત્રંબકલાલ ડગલી
૨૦૧ „ સરસ્વતી કાન્તિલાલ મહેતા
૨૦૨ „ વિમળાબહેન એમ. દમણિયા
૨૦૩ શ્રી રાજેન્દ્ર અમૃતલાલ શાહ
૨૦૪ „ ધનસુખલાલ કાળીદાસ શાહ
૨૦૫ „ અંજુબહેન કાપડિયા
૨૦૬ „ આણંદજી ગોવિંદજી શાહ
૨૦૭ „ અરવિન્દલાલ પ્ર. શેઠ
૨૦૮ „ વી. સી. દેસાઈ
૨૦૯ „ મગનલાલ વી. શાહ
૨૧૦ „ નટવરલાલ રતિલાલ મહેતા
૨૧૧ „ હીરાલાલ હેમચંદ ઝવેરી
૨૧૨ „ મનુભાઈ ડી. શાહ
૨૧૩ „ રજનીકાન્ત સી. શાહ
૨૧૪ „ શશિકાન્ત ધનજીભાઈ બાવીશી
૨૧૫ „ રમાબહેન નરેન્દ્ર કાપડિયા
૨૧૬ „ મિનાક્ષીબહેન એસ. ઓઝા
૨૧૭ „ લક્ષ્મીચંદ રવજી ગાલા
૨૧૮ „ પ્રમિલાબહેન રમેશચન્દ્ર દલાલ
૨૧૯ ડૉ. ચીમનલાલ એન. શ્રોફ
૨૨૦ શ્રી રશ્મિકાન્ત કનૈયાલાલ મહેતા
૨૨૧ „ અશ્વિન કે. કોઠારી
૨૨૨ „ વસન્તલાલ ગુલાબચંદ ઝવેરી
૨૨૩ „ પન્નાલાલભાઈ છેડા
૨૨૪ „ રંભાબહેન ગાંધી
૨૨૫ „ સુવર્ણા જી. દલાલ
૨૨૬ „ મધુબહેન કે. દિવાનજી
૨૨૭ „ મહાલક્ષ્મીબહેન મણિલાલ ઝવેરી
૨૨૮ „ ચન્દુલાલ લક્ષ્મીચંદ શાહ
૨૨૯ „ રમણીકલાલ હરિલાલ ગાંધી

## સંઘને મળેલી ભેટની રકમોની યાદી

રૂા.
૫,૦૮૪/– ઝોળીમાં આવ્યા
૧,૦૦૧/–શ્રી ભોગીલાલ જેઠાલાલ (હોમિયોપથી રિઝર્વ ફંડ)
૫૫૧/– „ મણિલાલ કે. શાહ
૫૦૧/– „ દેવેન્દ્રભાઈ શાહ
૫૦૧/– „ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૫૦૧/– „ ઓ. જે. શાહ તથા મધુરીબહેન શાહ
૩૦૧/– „ ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૧/– „ ચીમનલાલ પી. શાહ
૨૫૧/– „ વિશા પ્રિન્ટરી
૨૫૧/– „ ચીમનલાલ જે. શાહ (વા. પુ.)
૨૫૧/– „ ટોકરશી કે. શાહ
૨૫૧/– „ બી. જી. શાહ
૨૫૧/– „ રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧/– „ વસંતલાલ કાનજી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૧/– „ કે. પી. શાહ
૨૫૧/– „ ચન્દુલાલ મોહનલાલ ઝવેરી
૨૫૧/– „ મેઘજી પી. શાહ
૨૫૧/– „ પી. વી. શાહ
૨૫૧/– „ પાસુ કાયા એન્ડ કું.
૨૦૧/– „ ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ
૨૦૧/– „ નિર્મળાબહેન ગણપતલાલ તથા ગણપતલાલ મગનલાલ ઝવેરી
૨૦૧/– „ કાન્તાબહેન કસ્તુરલાલ ઝવેરી
૨૦૧/- „ હસમુખલાલ હરખચંદ દોઢીવાળા
૨૦૧/- „ ધીરજલાલ ફૂલચંદ શાહ
૧૫૧/- „ રતિલાલ ચીમનલાલ કોઠારી (વા. પુ.)
૧૫૧/– „ સુબોધભાઈ એમ. શાહ (વા. પુ
૧૫૧/– „ મનુભાઈ ગુલાબચંદ કાપડિયા.
૧૫૧/– „ જગજીવન પી. શાહ
૧૫૧/- „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૧/- „ લલિતાબહેન લાલભાઈ શાહ
૧૫૧/- „ રબ્બર ગુડઝ ટ્રેડિંગ કું.
૧૫૧/- „ લાભુભાઈ મહેતા
૧૫૦/- „ ખીમજી માડણ ભુજપુરિયા
૧૦૨/– „ તેજસી માડણ છેડા. (૫૧ વા. પુ. ૫૧, સંઘ.)
૧૦૧/– „ ચન્દ્રકાન્ત એમ. મહેતા
૧૦૧/– „ પોલી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ
૧૦૧/– શ્રી અમર જરીવાળા
૧૦૧/– „ મણિભાઈ ડી. શાહ (વા. પુ.)
૧૦૧/– „ શાંતિલાલ દેવજી નન્દુ
૧૦૧/– „ સુનિતાબહેન શેઠ
૧૦૧/– „ એક સદ્‌ગૃહસ્થ
૧૦૧/– „ હીરાબહેન મોહનલાલ પ્રેમચંદ હ. સુબોધભાઈ
૧૦૧/– „ જયશ્રીબહેન વિનુભાઈ દોશી
૧૦૧/– „ નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧/– „ સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી
૧૦૧/–સ્વ. પાર્વતીબહેન અંબાલાલ શાહના સ્મરણાર્થે કુટુંબીજનો તરફથી
૧૦૧/– શ્રી જયંતીલાલ અંબાલાલ શાહ
૧૦૧/– „ ઊર્મિલાબહેન જયંતીલાલ શાહ
૧૦૧/– „ એક બહેન તરફથી
૧૦૧/– „ નાનચંદ જુઠાભાઈ મહેતા
૧૦૧/– „ દેવચંદ ઘેલાભાઈ
૧૦૧/– „ લીના જીતેન્દ્ર શેઠ
૧૦૧/ „ બિહારીલાલ મહેતા
૧૦૧/– „ કલ્યાણજી કાનજી
૧૦૧/– „ હંસરાજ દામજી
૧૦૧/– „ ચન્દ્રકાન્ત તારાચંદ દોશી
૧૦૧/– „ વિણાબહેન કે. યુ. શાહ
૧૦૧/– „ બાબુભાઈ જે. શાહ
૧૦૧/– „ લખમશી નેણસી
૧૦૧/– „ મંગળાબહેન રતિલાલ ઝાટકિયા
૧૦૧/– „ મુકુંદભાઈ સચદે
૧૦૧/– „ નવલચંદ અ. મહેતા (વા. પુ.)
૧૦૦/– „ દલપતભાઈ કેશવલાલ પરીખ
૧૦૦/– „ મહાસુખભાઈ ભાઈચંદ
૧૦૦/– „ કાન્તિલાલ સી. ભંડારી
૧૦૦/– „ નિરુબહેન એસ. શાહ (વા. પુ.)
૫૧/– „ ગિરગામ કેમિસ્ટ
૫૧/– ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ
૫૧/–શ્રી પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૫૧/– „ આણંદજી ગોવિંદજી
૫૧/– „ મંગળજી ઝવેરચંદ મહેતા
૫૧/– „ રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૧/– „ ગુણવંતીબહેન ચોકસી
૫૧/– „ નિર્મળાબહેન શાહ
૫૧/– „ રાજેન્દ્ર અમૃતલાલ
૫૧/– „ નરસી કોરશીની કું.
૫૧/– „ પુષ્પાબહેન ભણશાળી
૫૧/– „ અમરચંદ રસિકલાલ શાહ
૫૧/– „ નંદલાલ છગનલાલ (વા.પુ.)
૫૧/– „ મહેન્દ્ર શાંતિલાલ શાહ
૫૧/– „ એક બહેન તરફથી
૫૦/– „ તારાબહેન ચીમનલાલ શ્રોફ
૫૦/– „ નેમચંદ નાથાલાલ
૫૦/– „ દુર્લભજી ઉમેદચંદ પરીખ
૫૦/– „ કાન્તિલાલ ચંદુલાલ મોદી
૩૧/– „ જમનાદાસ જે. શાહ
૩૦/– „ રમણિકલાલ પ્રભુદાસ
૨૫/– „ હરિલાલ ગુલાબચંદ શાહ
૨૫/– „ મગનલાલ રવજી શાહ
૨૫/– „ અપૂર્વ સિદ્ધાર્થ સંઘવી
૨૫/– „ બી. કે. શાહ
૨૫/– „ દુર્લભજી શામજી વિરાણી
૨૫/– „ હીરજી ખીમજી ગાલા
૨૫/– „ સુશિલાબહેન નવિનચંદ્ર ઝવેરી
૨૫/– „ કાન્તિલાલ નથુભાઈ પારેખ
૨૫/– „ ઝવેરબહેન નથુભાઈ પારેખ
૨૫/– „ લવણપ્રસાદ ફૂલચંદ શાહ
૨૫/– „ કિશનભાઈ ગોરડિયા
૨૫/– „ ખેતસી માલસી સાવલા
૨૫/– „ દિનકરલાલ લક્ષ્મીચંદ કોઠારી
૨૫/– „ ધીરજલાલ મલુકચંદ
૨૧/– „ સુધાબહેન ઝવેરી
૨૧/– „ કેશરીચંદ જેસિંગલાલ શાહ
૨૧/– „ હસમુખલાલ સી. કુવાડિયા
૨૦/– „ એક સદ્‌ગૃહસ્થ
૧૮/– „ અનુભાઈ અમૃતલાલ ઝવેરી
૧૫/– „ વેણીબહેન કાપડિયા
૧૧/– „ જાસુદબહેન આર. શાહ
૧૧/– „ શાન્તિલાલ મગનલાલ શાહ
૧૧/– „ મનસુખલાલ છોટાલાલ શાહ
૧૧/– „ અરૂણાબહેન છોટાલાલ શાહ
૧૧/– „ રજનીકાન્ત મોતીલાલ પરીખ
૧૧/– „ રસિકલાલ હીરાલાલ તુરખિયા
૧૧/– „ અમરચંદ ચંદુભાઈ ઝવેરી
૧૧/– „ ચત્રભુજ નાગરદાસ ડગલી
૨૫/– પરચુરણ રકમો

૧૮૭૫૦ મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ★ 'ઉપયોગ' એ આત્મલક્ષી લક્ષણ છે ★

જૈન પરિભાષામાં 'ઉપયોગ' શબ્દનું ખૂબ મહત્ત્વ અંકાયું છે. સાચી રીતે વિચાર કરતાં લાગે કે ક્ષણેક્ષણે માનવજીવો ઉપયોગ રાખતા હોય તો! કર્મનો બંધ કેટલો ઓછો થાય? ઉપયોગનો અર્થ ઉપ=સહાયક અને યોગ=જોડાવું–જોડાણ. આ જોડાણ કયાં કરવું? આત્મા સાથેનું સમજપૂર્વકનું મનનું જોડાણ તેને 'ઉપયોગ' કહેવાય.

'ઉપયોગ'ના બીજી રીતે ઘણા અર્થો થાય છે. અપ્રમતાવસ્થા, લક્ષ્ય, એકાગ્રતા, અંતર્વૃત્તિ, અખંડ સભાનપણું, મનની સ્થિરતા, વિવેકપૂર્વકનું વલણ, આત્માભિમુખતા, દિવ્ય અને પવિત્ર વિચાર, દરેક કાર્યમાં જયણા યા યત્ના, સાધ્યને ચેતનની સાથે જોડે તે જ સાચો ઉપયોગ.

'ઉપયોગ' દ્વારા જ્ઞાનીપુરુષો કે સાધક આત્મા પોતાના સાધ્યને મેળવી શકે છે, અને ક્ષણેક્ષણે ઉપયોગની જાગૃતિ હોવાથી તે આત્મા કર્મનો બંધ પણ ઓછો કરે છે.

મન, વચન અને કાયાની દરેક ક્રિયામાં ઉપયોગ રાખવો ખૂબ જરૂરી છે.

ચેતન તત્ત્વ જડ દેહમાં રહેલ છે. છતાં આ જડ દેહ દ્વારા જ સાધકે સાધ્યને સાધવાનું છે. પણ સાધકે તેનો ક્ષણેક્ષણે ઉપયોગ રાખવાનો છે. દેહની પ્રવૃત્તિમાં ઉપયોગ, મનની પ્રવૃત્તિમાં ઉપયોગ, અને વચનની પ્રવૃત્તિમાં ઉપયોગ. જો 'ઉપયોગ' તત્ત્વનો અભાવ થાય તો આત્મા કર્મબંધથી બંધાતો જાય છે. પણ એ જ 'ઉપયોગ' અન્તર્મુખ બને, આત્મલક્ષી બને તો આત્મા કર્મક્ષય કરતો જાય છે. પરિણામે મોક્ષપ્રાપ્તિ થાય છે. જેમ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ મનથી ઉપયોગ ચૂકયા તો તે દુર્ગતિના સોપાન ઊતરવા લાગ્યા પણ એ જ મુનિને જાગૃતિ આવી, સભાન બન્યા, 'ઉપયોગ'ને સાચી રીતે ને સમજપૂર્વક જીવનમાં મૂકયો તો તે ત્વરિત ગતિએ સર્વોચ્ચ શિખરે પહોંચી ગયા. આવાં કંઈક દૃષ્ટાંતો આપણી સમક્ષ છે. તેનું વારંવાર ચિંતન, મનન કરવાથી આપણા જીવનને સાચા માર્ગે લઈ જઈશું.

આપણે ઘણીવાર આપણી કડવી વાણીથી સામાના આત્માને દુ:ખ આપીએ છીએ. સત્તાથી આપણે સામી વ્યકિતના મનને ત્રાસ આપીએ છીએ. ત્રાસ આપનાર વ્યકિત એમ જ માને છે કે સામી વ્યકિત અક્કલ વગરની છે, પણ એ માનવું શું ભૂલભરેલું નથી? સામી વ્યકિત કદાચ વધુ ઝઘડો થશે એ કારણે ગમ ખાઈ જતી હોય, અગર તે આપણા મનને દુ:ખ આપવા ઈચ્છતી ન હોય તો તે મૌન રહે છે. એનો અર્થ એ નથી કે તે સમજતી નથી. પણ તે પોતાની વાણીમાં 'ઉપયોગ' રાખે છે. દ્રૌપદીએ બોલવામાં ઉપયોગ ન રાખ્યો તો મહાભારત સર્જાયું. વાણી બોલવામાં તો ઘણો ઉપયોગ રાખવો જરૂરી છે. જેમ મનમાં આવે તેમ બોલ્યે રાખવું એ જ્ઞાનનો સાચો 'ઉપયોગ' નથી. જો પ્રમાદ આવે તો ઉપયોગ અવરાઈ જાય, માટે પ્રમાદ ન આવી જાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં ભગવાન મહાવીર એમના પટ્ટધર શિષ્ય ગૌતમસ્વામીને કહે છે, 'હે ગૌતમ! તું ક્ષણમાત્રનો પણ પ્રમાદ ન કરીશ.' આ શું સૂચવે છે? ક્ષણેક્ષણે તારા આત્માને જાગૃત રાખજે, એટલે કે ઉપયોગ રાખજે. મનથી, વચનથી અને કાયાથી આત્મા સભાન રહેતો કર્મનો બંધ હળવો પડે છે.

આપણી કાયાથી કરવાનું કોઈ પણ કાર્ય હોય, પણ જો આત્મા સજાગ હોય તો કર્મબંધ ઘણું ઓછું કરે છે. આચીમાચીને અગર આનંદથી કાયાનો ઉપયોગ થાય તો આત્મા કર્મબંધનથી બંધાતો જાય છે. નંદીષેણ મુનિ કાયાના ઉપભોગ માટે ઉપયોગ ન રાખ્યો તો તે સંસારના બંધનમાં ફસાઈ ગયા, પણ એક દિવસ તે ઉપભોગના ફંદામાંથી છૂટી ગયા. તેનો ઉપયોગ સજાગ બન્યો અને તેની સંસારનાવ મુકિતના પંથે વહેતી થઈ.

આપણો આત્મા અનેક ઉપાધિઓમાંથી મુકત બને છે અને પોતાનાં મન, વચન અને કાયાને આત્મા સાથે જોડી દેવાનો ઉપયોગ રાખે છે, તે આત્મા કર્મબંધનથી હળવો બને છે.

આપણે એક બાજુ મોટી તપસ્યાઓ કરીએ છીએ, અને બીજી બાજુ વાણીદ્વારા, મનદ્વારા આપણે આપણો ઉપયોગ ન રાખીએ તો ધાર્યું ફળ નથી મળતું અને ઘણીવાર લાભને બદલે હાનિ થાય છે. ચીલે ચાલે જેમ મોટી મોટી તપશ્ચર્યા કરીએ છીએ પણ જો એ તપમાં 'ઉપયોગ' હશે તો સાચી સમજ, ભાવ અને જાગૃતિ પ્રગટશે અને સમજણપૂર્વક કરેલી તપશ્ચર્યા અનેક કર્મોનો ભૂકો કરી નાખશે.

ભાવ, સમજ, જાગૃતિ ચિત્તમાં ટકી ગયાં ત્યાં આપણી ચિત્તની પ્રસન્નતા પ્રગટી ઊઠશે, ત્યારે દરેક જીવો પ્રત્યે મૈત્રી, કરુણા અને પ્રેમ જાગશે.

પરંતુ કરેલી તપશ્ચર્યામાં જો ઉપયોગ ન રાખ્યો તો તપશ્ચર્યાનું જેટલું પુણ્યકર્મ બંધાવું જોઈએ તેટલું નહિ બંધાય. આપણે આપણા જીવનમાં સફળતા મેળવવી હોય તો આપણે આપણા દરેક કાર્યમાં, ખાવા–પીવામાં, દુ:ખમાં–સુખમાં, આશા–નિરાશામાં કે ઊઠતાં–બેસતાં આપણે આપણા આત્માને જાગૃત રાખવો ખૂબ જરૂરી છે.

આપણે આપણા ધાર્મિક પર્વોની ઉજવણી એ રીતે કરીએ કે આપણો આત્મા આપણા દરેક કાર્યમાં 'ઉપયોગવાળો' રહી શકે. આ ક્ષમાના પર્વના દિવસે સૌ જીવોને ક્ષમા આપીએ! આપણાં જીવનને સાચી રીતે જોતાં શીખીએ! અને દોષોને ધોઈ નાખીએ તો આપણે 'ઉપયોગ' રાખ્યો સફળ ગણાશે, અને આપણો પુરુષાર્થ લેખે લાગશે.

—ભાનુમતી દલાલ

[જૈન મહિલા સમાજના મુખપત્ર 'વિકાસ'માંથી સાભાર]

## ભગવાન...

ભગવાન! મારી આંખોને તારા રંગોની મિજબાનીઓ મળી છે; કાનને તારું સંગીત મળ્યું છે. નાક અને જીભને સુગંધિત પુષ્પો અને ષડ્‌રસ ભોજનના સ્વાદ મળ્યા છે...

હે નાથ! તારી આ સૃષ્ટિ મને બહુ મોહક થઈ પડી છે. તારાં પાણી, તારા પવન અને એ બન્નેને ધારણ કરનાર આ પૃથ્વી મને મુગ્ધ કરે છે, આ ગિરિમાળા, મોટા સાગરો, હિમથી આચ્છાદિત પર્વતનાં શિખરો, તેજસ્વી સૂર્ય, આ બધું મને ભવ્ય ને સુંદર લાગે છે. પૃથ્વીનાં ભુવને ભુવન, ગ્રહ - ઉપગ્રહો અને નક્ષત્રો ચળકી રહ્યાં છે. ત્યાં બધે ચેતનનાં મોજાં ઊછળી રહ્યાં છે.

બધે, હે ભગવાન, તારું જ રક્ષણ અને નિયમન હું જોઈ રહ્યો છું. તારું સૌંદર્ય મને બધે તલ્લીન કરે છે.

દાદુ

* * *

હું પાપી છું, હું કમનસીબ છું, મને કંઈ આવડતું નથી એવું માન્યા કરવું એ અવિદ્યા અથવા અજ્ઞાનતાનું લક્ષણ છે. એ જ અજ્ઞાન ઘણી નકામી કુશંકાઓ અને કાલ્પનિક દુ:ખોના મૂળમાં રહેલું છે. ખરી વાત તો એ છે કે આપણાં બધાંમાં અપાર શકિત ભરેલી છે. મહાપુણ્યને યોગે આપણને મનુષ્યજન્મ મળેલો છે. જ્ઞાનરૂપ પરમાત્માનાં આપણે અંશ છીએ. આપણો આત્મા એ ખુદ પરમેશ્વરનો સમોવડિયો છે. આપણે તો ધારીએ તે કરી શકીએ.

એકનાથ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૧

મુંબઇ, ઓકટોબર ૧, ૧૯૭૩ સોમવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## મૂંગો મરવાનું શું લઈશ ?

'ભૂમિપુત્ર'માં આ શીર્ષકથી સ્વામી આનંદની એક નોંધ છે, જે અહીં આપું છું :

"પ્રાચીન હિન્દુઓના ખ્યાલ મુજબ એક બ્રહ્માંડમાં અસંખ્ય ગ્રહતારા, આકાશગંગાઓ અને સૂર્યમંડળોવાળાં વિશ્વો આવેલાં છે; અને એવાં અનંત બ્રહ્માંડોને આવરીને પરમેશ્વર દસ આંગળ બાકી વધ્યો છે! આવા અનંતની આગળ આપણી પૃથ્વી, બલકે ચન્દ્ર, સૂર્ય, ગ્રહતારા અને એકબીજાથી હજારો પ્રકાશવર્ષ દૂર આવેલા અસંખ્ય તારાઓથી ભરેલી આકાશગંગાવાળું આપણું વિશ્વ સુદ્ધાં એક રજકણથીયે નાનાં છે.

વળી આપણી પૃથ્વી ઉપર પણ માનવી એકલોઅટૂલો નથી. ચોર્યાશી લાખ (આજના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ પાંત્રીસ લાખ) યોનિઓમાંનો એક છે. અકેક યોનિમાં અનંત જીવસૃષ્ટિ છે, જે ક્ષણે ક્ષણે જન્મે છે અને મરે છે. એકલી મનુષ્ય–યોનિમાં આજે સાડા ત્રણ અબજથી વધુ માનવી ખદબદી રહ્યાં છે, જે તે જ પ્રમાણે ક્ષણે ક્ષણે જન્મમરણને આધીન છે:

વધુમાં, માણસ જિંદગી આખી પોતાની સગી આંખે જુએ છે કે ધરતીકંપનો એક આંચકો, એક વાવાઝોડું, ટાઇડલ વેવ, માનવીનો સરજેલ એક એટમ ન્યુકલીઅર બૉમ્બ, અથવા રોગચાળો,–હજારો લાખો માનવીઓને, શૂરા–કાયર, મેધાવી કે મૂરખ–કશાનો ટાળો કર્યા વગર ક્ષણવારમાં મોતને હવાલે કરે છે.

આ બધું છતાં માણસ માને છે કે પોતે બીજાનો ઉપકાર, ઉગાર, ઑદ્ધાર કરી શકે છે, અને પોતે તેમ ન કરે તો કિરતારનું કામ અટકી પડે કે ઊણું પડે! આમાં માનવીના નર્યા મિથ્યાભિમાન ઉપરાંત બીજું શું છે?

બાપલા! ગપ્પ બસાયલા કાય ઘેશીલ?"

*

આ લખાણથી માણસનો અહંકાર ગાળવાનો ઈરાદો હોય તો તે સર્વથા ઉચિત છે. આ વિરાટ બ્રહ્માંડમાં પૃથ્વી એક તલભર છે. તેમાં માનવી ચોર્યાશી લાખ યોનિયોમાંનો એક છે. કુદરત અને કિરતાર પાસે માનવી ઘણી વખત નિરુપાય બને છે. પોતે બીજાનો ઉપકાર કે ઉદ્ધાર કરી શકે છે એવો ગર્વ લેવાનું માનવીને કોઇ કારણ નથી. તેની પામરતાનું ક્ષણેક્ષણે તેને ભાન થાય–જરા પણ સજાગ હોય તો.

પણ આ લખાણનો બીજો અર્થ થવા સંભવ છે. માણસ કાંઇ કરી શકતો નથી, તેથી તેણે કાંઇ કરવાની જરૂર નથી અને તેણે મૂંગા મરી રહેવું એ જ માર્ગ છે. પોતે કાંઇ નહિ કરે તો કિરતારનું કામ અટકી પડવાનું નથી કે ઊણું પડવાનુ નથી, કિરતાર પોતાનું કામ કરે જ છે, માણસે કાંઇ કરવાનું નથી. આ એક વિચારધારા છે, ખાસ કરી આપણા દેશમાં. સંન્યાસની, શ્રામણ સંસ્કૃતિની, નિવૃત્તિની. કોઇ કોઇનું સગું નથી, એકલા આવ્યા છીએ, એકલા જવાનું છે, કોઇ કોઇનો ઉદ્ધાર કરી શકતું નથી, સહાય કરી શકતું નથી; સૌ પોતાના કર્મ પ્રમાણે પામે છે, ભોગવે છે, આ સંસાર મુસાફરખાનું છે, વગેરે વગેરે.

પણ માણસ માને છે એટલો તે પામર, નિરુપાય કે અસહાય નથી. તેનામાં એક શકિત એવી છે કે જે તેને વામનમાંથી વિરાટ બનાવે છે. તે શકિતને ચૈતન્યશકિત કહીએ, અધ્યાત્મશકિત કહીએ કે જ્ઞાનની શકિત કહીએ. આ શકિતનો વિકાસ અનંત છે. આ શકિત કિરતારનો જ અંશ છે, નરને નારાયણ બનાવે છે. આ શકિતથી માનવ સકળ બ્રહ્માંડનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, કુદરતનાં બળો ઉપર વિજય મેળવે છે, દુર્બળ દેહે પણ પ્રચંડ ભૌતિક શકિત કે અનિષ્ટનો સામનો કરી શકે છે, વિશ્વઐકય અનુભવે છે, સર્વ જીવ સાથે એકાત્મભાવ કેળવી શકે છે, તેનાં સુખદુ:ખનો સાથી બને છે, પોતાના સ્વાર્થથી પર થઇ, સકળ વિશ્વ સાથે મૈત્રી સાધે છે. આ શકિત નિષ્ક્રિય રહી શકતી નથી. આ વિશ્વનું કામ, લોકકલ્યાણનું કામ, કિરતાર પોતે આવીને કરતો નથી. માનવી તેનું હથિયાર છે, સાધન છે, નિમિત્ત છે. માનવી માટે કિરતારને પામવાનો આ એક માર્ગ છે. ગીતામાં કહ્યું છે :

> **નીમેલાં કર્મનો કયારે, નહીં સંન્યાસ તો ઘટે**
> **મોહથી જો કરે ત્યાગ, તે ત્યાગ તામસી કહ્યો.**
> **શકય ના દેહધારીને સમૂળો ત્યાગ કર્મનો**
> **કર્મના ફળનો ત્યાગી, તે જ ત્યાગી ગણાય છે.**

સ્વામી આનંદ, ગીતાના ઊંડા અભ્યાસી છે. જીવનભર તેમણે કિરતારનું જ કામ કર્યું છે. તેમના કહેવાની મતલબ, અહંકાર ટાળવા માટે જ છે, નિષ્ક્રિયતાની નહિ, છતાં એટલું કહેવું જોઈએ કે અંતે તો સ્વામી આનંદ સંન્યાસી છે. આવો ભાવ તેમની પ્રકૃતિમાં છે. ગાંધી મૂંગા મરી રહે એવું બને નહિ, સ્વામી કદાચ થઈ શકે.

આ વિચારનું એક બીજું પાસું, એક ભાઈ કાન્તિલાલ વોરાએ તેમના તા૦ ૧૨-૯-'૭૩ના પત્રમાં જણાવ્યું છે તેનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય. તેમણે લખ્યું છે કે, ગાંધીજીએ દેશ માટે, સમાજ માટે દરેક ક્ષેત્રની વિશુદ્ધિ માટે કરવામાં કાંઈ બાકી ન રાખી, પણ પરિણામ શું આવ્યું? વિવેકાનંદ વિશે લખ્યું છે કે સામુદાયિક સેવા કરી, જીવન–ઘડતર સુધારવા ભગીરથ પ્રયાસ કર્યો પણ છેવટ બધું છોડી દીધું. શ્રીમદ્ રાજચંદ્ર વિષે લખ્યું છે કે તેમણે બધું છોડી કેમ દીધું? અંતે લખે છે કે આ સંસારમાં ગમે તેટલું કોઈ માટે કરીશું તો તેને કામ આવશે પણ કાયમને માટે આપણે કોઈને સુધારી શકીશું નહિ. માટે પોતાનો વિકાસ સાધવો હોય તો બધું છોડી એકાંતમાં ચિન્તન-મનનમાં રહેવું. આ એમનું મનોમંથન તેમણે થોડા સંકોચ સાથે માર્ગદર્શન માટે જણાવ્યું છે.

સત્કાર્યની કેટલીક વખત દેખાતી નિષ્ફળતામાંથી આવો વિચાર જન્મે છે. તેમાં કેટલીક અહંભાવ છે, કેટલીક ગેરસમજણ અથવા સાચી સમજણનો અભાવ છે. કોઈ સત્કાર્ય કોઈ દિવસ નિષ્ફળ જતું નથી એવી શ્રદ્ધા આવશ્યક છે. સંજોગોને લીધે, આપણી ઊણપથી, સમય પરિપક્વ ન હોય, એવાં અનેક કારણોથી ધાર્યું પરિણામ

તાત્કાલિક ન આવે તો પણ નિરાશ થવાની જરૂર નથી. નિર્બળતામાંથી પણ આવો વિચાર જન્મે છે. મોટા ભાગના માણસો માટે બધું છોડી એકાંતમાં ચિન્તન-મનન શકય નથી. હિતાવહ પણ નથી. વળી ચિન્તન-મનનથી જે પ્રાપ્ત કર્યું હોય તે આચરણમાં ન પરિણમે તો વાંઝિયું છે. પછી માત્ર સુફિયાણી વાતો રહે છે. સામાન્ય માણસ માટે સેવાનાં કાર્યો, સ્વાર્થવૃત્તિ (Self–Centredness) ઓછી કરવાનો રાજમાર્ગ છે. તેથી અહંભાવ ઘટે છે, પ્રેમ, કરુણા, મૈત્રીની ભાવનાઓ જાગ્રત થાય છે. બીજાને લાભ થાય કે નહિ, નિરભિમાનપણે કર્યું હોય તો વ્યકિતને પોતાને લાભ છે જ. કીર્તિ, સત્તા અથવા બીજા કોઈ પ્રલોભનથી કામ કર્યું હોય તો નિરાશા સાંપડે. હું એમ કલ્પી શકું છું કે વિરલ વ્યકિતઓ માટે જીવનમાં એક સમય એવો આવે કે જ્યારે એ એમ કહે કે મારા કુટુંબ માટે, સમાજ માટે, દેશ માટે, લોકકલ્યાણ માટે મેં મારાથી બનતું બધું કર્યું છે. હવે મારી આત્મસાધનામાં લીન રહીશ. આ સ્થિતિ બધાને આવતી નથી. દીર્ઘ સાધનાનું પરિણામ છે. કેટલાક મહાપુરુષોને શરૂઆતથી આવી સ્થિતિ હોય છે. ત્યારે બધી બાહ્ય પ્રવૃત્તિ સાધનામાં બાધક લાગે છે.

આ વિચારનું એક ત્રીજું પાસું કાકાસાહેબ કાલેલકરે 'મંગળ પ્રભાત'ના તા૦ ૯-૯-'૭૩ના અંકમાં શ્રીમદ્ રાજચંદ્ર અને તેમની સાધના વિશે લેખ લખ્યો છે તેમાં રજૂ થાય છે. તેમાં તેમણે કહ્યું છે:

"પરન્તુ આપણી આ યુગની ધર્મસાધનાની કલ્પના વિશેષ વ્યાપક છે. ધર્મ, ચિન્તન અને આત્મવિજય માટે તપસ્યા, એટલાથી આપણું અધ્યાત્મ સંપૂર્ણ નથી થતું. આપણે સારા સમાજને આધ્યાત્મભાવથી અપનાવીએ છીએ. પ્રત્યક્ષ સમાજસેવા વિના આપણી તપસ્યા પૂર્ણ નથી થતી. માનવજાતિની ઉન્નતિ માટે જેટલા વિશાળ પ્રયોગ ચાલે છે તેમાં સંમિલિત થયા વિના આત્મસાક્ષાત્કાર થયો છે એવો સંતોષ આપણને મળતો નથી. સારી માનવજાતિએ ધર્મ-સિદ્ધિ માટે જે અનેક પ્રકારની સાધનાઓ ચલાવી છે તેનો પરિચય કર્યા વિના આપણી સાધનામાં ઉત્કટતા અથવા સંતોષ આવતો નથી. તેજસ્વિતા, ઉદારતા અને વિશ્વાત્મૈકય ભાવનાના પ્રત્યક્ષ અનુભવ વિના આપણે કોઈને સંત, મહાત્મા, નબી, પયગમ્બર અથવા મુકતપુરુષ તરીકે સ્વીકારી શકતા નથી. તેથી શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યનું પઠન કર્યા પછી, તેમની આધ્યાત્મિક સાધના જાણ્યા પછી, મને એમ લાગે છે કે ૩૩ વર્ષની ઉંમરમાં તેમનું આયુષ્ય પૂર્ણ થયું, તેથી તેમને યુગાનુકૂલ પૂર્ણ સાધના કરવાનો મોકો મળ્યો નહિ. મહાત્માજી અને તેમની ઉમર લગભગ સરખી હતી. જો તેમને પૂર્ણ આયુષ્ય ભોગવવાનું મળ્યું હોત અને મહાત્માજીનું ભારતમાં ચલાવેલ જીવનકાર્ય દેખ્યું હોત તો તેમના (શ્રીમદ્‌ના) તરફથી આપણને આધ્યાત્મિક સાધનાના નવા નવા પ્રયોગો જોવા મળત. મહાત્માજી માનતા હતા કે રાજચંદ્રજીને પોતાની જીવનસાધના પૂર્ણ કરવા માટે એકાદ વધારે જન્મ પૂરતો છે. રાજચંદ્રજીની જીવન-સાધના આટલી ઉત્કટ હતી."

કાકાસાહેબ એમ માનતા લાગે છે કે સમાજસેવા વિના ધર્મસાધના અપૂર્ણ રહે છે. એમ પણ માનતા લાગે છે કે શ્રીમદ્‌ની ધર્મસાધના આ કારણે અપૂર્ણ રહી. છેલ્લાં બે વાકયોનો આ માન્યતા સાથે મેળ બેસતો નથી.

બહુ નમ્રતાપૂર્વક હું સૂચવું છું કે, શ્રીમદ્‌ના સાહિત્યનો ઊંડો અભ્યાસ કરવાની કાકાસાહેબને તક મળી હોત તો શ્રીમદ્‌ની ધર્મસાધના અને તેમની આધ્યાત્મિક કોટિનો કાકાસાહેબને ખરો ખ્યાલ આવત. સમાજસેવા ધર્મસાધનાનું એક અંગ છે, પણ બધી વ્યકિત માટે અનિવાર્ય નથી. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, કે શ્રીમદ્ રાજચંદ્રે સમાજસેવાનું પ્રત્યક્ષ કાર્ય કર્યું ન હોય તેથી તેમની સાધના અધૂરી રહેતી નથી. સમાજસેવા અપૂર્ણ સાધના છે, તેથી ઘણું આગળ જવાનું છે. શ્રીમદ્ ઘણા આગળ વધી ગયા હતા. ઉદારતા, તેજસ્વિતા કે વિશ્વાત્મૈકય ભાવનાના પ્રત્યક્ષ અનુ-ભવ માટે તેમને સમાજસેવાનાં કાર્યો કરવાની જરૂર ન હતી. કોઈ વ્યકિત ધર્મસાધના માટે કયો માર્ગ લેશે તેનો આધાર તેની પ્રકૃતિ અને આધ્યાત્મિક વિકાસ ઉપર અવલંબે છે.

૨૩-૯-'૭૩. —ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## શાસક કૉંગ્રેસ દિશા બદલે છે?

કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં છેવટ ચોખાનો વેપાર સરકાર હસ્તક લેવાનું છોડી દીધું. ઈન્દિરા ગાંધીએ કહ્યું કે આ નિર્ણયથી સરકારની નીતિમાં કાંઈ ફેર થતો નથી. માત્ર આ વાત હાલ મુલતવી રાખીએ છીએ. આમ કહેવું પડે. આ નિર્ણયને વાસ્તવિક અને વ્યાવહારિક કહેવામાં આવ્યો. આશ્ચર્યજનક વાત એ છે કે આ ઠરાવમાં કોઈનો વિરોધ નોંધાયો નહિ. પાર્લમેન્ટના ૧૦૦ સભ્યોએ મૂળ નિર્ણયને મક્કમપણે વળગી રહેવા લેખિત નિવેદન આપ્યું હતું. મુંબઈની કૉંગ્રેસ સમિતિ અને તેના પ્રમુખ શ્રી રજની પટેલે તેનો આગ્રહ રાખ્યો હતો. બધા મૌન રહ્યા. ખરી રીતે કૉંગ્રેસમાં જે સામ્ય-વાદી અને ઉદ્દામવાદી તત્ત્વો છે તેની આ હાર છે. અનાજનો વેપાર સરકાર હસ્તક કરવો તે શ્રી ધરની યોજના હતી. અત્યારે આ મુલતવી રાખવું તે પ્રસ્તાવ જમણેરી તત્ત્વોના આગેવાન ગણાતા જગજીવન-રામે રજૂ કર્યો. ધર પાછળ બેસી રહ્યા, કાંઈ બોલ્યા નહિ. ઈન્દિરા ગાંધીએ કૉંગ્રેસને ઉદ્દામવાદમાંથી મધ્યમ માર્ગે લાવવાનો નિર્ણય કર્યો છે એમ લાગે અને તેમાં પોતાનું ધાર્યું કરી શકયા છે. વિરોધને ડામવા એક પગલું ભર્યું હતું — તેમના અંતરંગ મંડળના એક વખતના આગેવાન સભ્ય દિનેશસિંગની સામે શિસ્તનાં પગલાં લઈને. આથી ધાક બેસાડી દીધી અને વિરોધ શમી ગયો કે તત્કાલપૂરતો શાન્ત રહ્યો.

કૉંગ્રેસના દિશાપલટાનું બીજું સૂચક પગલું કામરાજ સાથેની વાટાઘાટનું છે. કામરાજ અને સંસ્થા કૉંગ્રેસના બીજા કેટલાક આગે-વાનો શાસક કૉંગ્રેસમાં દાખલ થશે તે લગભગ નિશ્ચિત મનાય છે. આ પણ કૉંગ્રેસને મધ્યમમાર્ગી બનાવશે.

આ બન્ને પગલાથી ઈન્દિરા ગાંધી રાજકીય ક્ષેત્રે ઘણાં નિશાન સર કરે છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી નજીક આવી રહી છે. બીજાં રાજ્યો — આન્ધ્ર પ્રદેશ, ઓરિસામાં — પણ ચૂંટણીઓ કરવાની છે. ઉત્તર પ્રદેશમાં ચન્દ્રભાણ ગુપ્તાનો વિરોધ શમાવવાનું આ પગલું છે. ગુપ્તા કદાચ શાસક કૉંગ્રેસમાં દાખલ પણ થાય. શેખ અબ્દુલ્લા પણ શાસક કૉંગ્રેસમાં દાખલ થશે એવાં એંધાણ છે. મુસ્લિમ લીગનું જોર ઓછું કરવાનો આ માર્ગ છે. મધ્યમ વર્ગ, વેપારીઓ, પૈસાદારો, બીજાં સ્થાપિત હિતોને આ પગલાથી કંઈક હૈયાધારણ મળે છે, તેથી શાસક કૉંગ્રેસને તેનો ટેકો રહેશે. સમાજવાદ અને ગરીબી હટા-વના નારા રાજકીય સત્તા પ્રાપ્ત કરવાના નુસખા હતા એમ લાગે. રાજકીય સત્તા હવે જોખમમાં આવી લાગે છે ત્યારે તે જાળવી રાખવા દિશાપલટો કરવાનો ઈન્દિરા ગાંધીને વાંધો નથી. રાજકીય ખેલાડી તરીકે તેમને પૂરા માર્ક મળે તેમ છે. આર્થિક ક્ષેત્રે વણસતી સ્થિતિ કરતાં રાજકીય સત્તાની પકડ રાખવાની તેઓ વધારે ચિન્તા સેવે છે.

## ચીલીમાં બળવો અને લોકશાહી સમાજવાદનું ભાવિ

ચીલીમાં બળવો થયો અને લશ્કરે પ્રેસિડેન્ટ એલેન્ડેને પદ-ભ્રષ્ટ કરી સત્તા કબજે કરી. પ્રેસિડેન્ટ એલેન્ડેનું ખૂન થયું. (આપ-ઘાતની વાત ખોટી લાગે છે.) આ બનાવ પ્રત્યે ઈન્દિરા ગાંધીએ અને બીજા કેટલાક દેશોએ ખેદ પ્રકટ કર્યો તેનું ખાસ કારણ છે. લેટિન (દક્ષિણ) અમેરિકામાં આવા બળવા થવા અને લશ્કરી સરમુખત્યારી થવી એ આશ્ચર્યજનક નથી. પણ ચીલીમાં લોકશાહી પરંપરા હતી, લશ્કર એકંદરે તટસ્થ રહેતું અને વિશેષમાં ડૉ. એલેન્ડે સામ્યવાદી હોવા છતાં, ચૂંટણીથી, એટલે કે લોકોની સંમતિથી, પ્રમુખ થયા હતા અને તેમનું સ્વપ્ન હતું કે લોકશાહી માર્ગે —શાન્તિમય રીતે — સમાજવાદ સ્થાપી શકાય અને સામાજિક અને આર્થિક ક્રાન્તિ કરી શકાય. આપણે પણ લોકશાહી સમાજવાદનો પ્રયોગ કરી રહ્યા છીએ — ખરેખર? — ત્યારે આ પ્રયોગ નિષ્ફળ ગયો તેમાં બોધપાઠ લેવા જેવું છે. ડૉ. એલેન્ડે ૧૯૭૦માં પ્રમુખ થયા. ત્રણ વરસના ગાળામાં સમાજવાદી દિશામાં જવા તેમણે ઘણાં પગલાં

લીધાં. પણ મુસીબતોની આંધીએ તેમને ઘેરી લીધા - ઉદ્યોગોનું અને બૅન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું, જમીનનું વિતરણ કર્યું, વગેરે. તેમની મુશ્કેલીઓ બે પ્રકારની – સ્થાપિત હિતોનો અસહકાર અને વિરોધ અને ઝડપી પરિણામ માટે લોકોની અધીરાઈ. સામંતશાહી અને મૂડીવાદી સમાજનું સમાજવાદી રચનામાં પરિવર્તન કરવું તે ભગીરથ કાર્ય છે અને ટૂંક સમયમાં શકય નથી. ઉત્પાદનનાં સાધનોની માલિકી નાના વર્ગની હોય છે અને તે વર્ગમાં એકંદરે આવડત હોય છે. ઝડપી પગલાં લેવાય ત્યારે કેટલીક અવ્યવસ્થા અને હાડમારીઓ ઊભી થાય છે. તે સહન કરવા અને ભોગવવા પ્રજાની તૈયારી જોઈએ. ઉત્પાદન ઘટી જાય, ચીજવસ્તુની અછત થાય, ભાવો વધી જાય, નવા માણસોને વહીવટ સોંપ્યો હોય તેમની અણઆવડતથી શરૂઆતમાં કામ બગડે, કાયદો અને વ્યવસ્થા કથળી જાય, એવું ઘણું બને – આ બધાને કાબૂમાં લેવા સખત પગલાં લેવાં પડે. રશિયામાં ૧૯૧૭માં ક્રાન્તિ થઈ ત્યાર પછી આંતરવિગ્રહ થયો, બીજા બધા દેશોએ બહિષ્કાર અને નાકાબંધી કરી અને કેટલાંય વર્ષો સુધી અકથ્ય યાતનાઓ પ્રજાને ભોગવવી પડી. લેનિન અને ખાસ કરી ત્યાર પછી સ્ટેલિને નિર્દયપણે કામ લીધું, લાખો માણસો મરી ગયા (મારી નાંખ્યા), ભૂખમરો વેઠયો, અત્યાચારો થયા.

ચીલીમાં મોંઘવારી, ફુગાવો વગેરે ખૂબ વધી ગયાં. તેને કાબૂમાં લાવવાનો ડૉ. એલેન્ડેને અવકાશ મળે તે પહેલાં પ્રજાની અધીરાઈ પણ વધી ગઈ. અમેરિકાએ આ પરિસ્થિતિને વણસાવવામાં ભાગ ભજવ્યો. ચીલીની મુખ્ય પેદાશ ત્રાંબું–તેની ખાણોની માલેકી અમેરિકન કંપનીઓની હતી તેનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું. અમેરિકન મૂડીવાદીઓનું ચીલીના ઉદ્યોગમાં મોટું હિત છે. અમેરિકાનું જાસૂસી ખાતું – સી. આઈ. એ. – તેનું ષડ્યંત્ર અબજો ડૉલર ખરચી દુનિયાના કેટલાય દેશોમાં અમેરિકન મૂડીવાદીઓનું હિત જાળવવાનું કામ કરે છે. અમેરિકા લોકશાહી દેશ કહેવાય પણ મૂડીવાદી હોવાને કારણે, દુનિયાના દેશોમાં તેણે પ્રત્યાઘાતી બળોને જ ટેકો આપ્યો છે. ચીલીના બળવામાં પોતાનો હાથ હોવાનો અમેરિકાએ ઈનકાર કર્યો છે પણ એટલું સ્વીકાર્યું છે કે બળવાની ૪૮ કલાક પહેલાં અમેરિકન સરકારને ખબર હતી.

ડૉ. એલેન્ડેએ કેટલુંય કરવા જેવું ન કર્યું અથવા ભૂલો કરી એવું કહી શકાય, પણ પાયાનો પ્રશ્ન એ છે કે લોકશાહી રીતે, શાન્તિમય માર્ગે આવી ક્રાન્તિ શકય છે? કોઈ પણ દેશમાં હજી આવો પ્રયોગ સફળ થયો નથી. સ્થાપિત હિતો અને પ્રત્યાઘાતી બળો આવો પ્રયોગ નિષ્ફળ બનાવવા બધા માર્ગો – અસહકાર, વિરોધ, હિંસક સામનો – અપનાવે. સ્વેચ્છાએ, સમજાણથી અથવા કાયદાના આધારે આવી ક્રાન્તિ શકય છે? જો શાન્તિમય માર્ગે આવી ક્રાન્તિ શકય ન હોય અને સરમુખત્યારી અને સ્વતંત્રતાને ભોગે જ શકય હોય તો એવી કિંમત ચૂકવવી જરૂરી અથવા વાજબી છે? એક વખત સરમુખત્યારી આવ્યા પછી કોઈ દિવસ લોકશાહી દાખલ કરી શકાય? રશિયાનો ૫૬ વર્ષનો ઇતિહાસ આનો જવાબ આપે છે. હેરલ્ડ લાસ્કીએ ૪૦ વર્ષ પહેલાં તેના પુસ્તક – ડેમોક્રેસી ઈન ક્રાઈસિસ – માં કહ્યું છે કે સંસદીય લોકશાહી સામાજિક અને આર્થિક ક્રાન્તિ માટે કાર્યક્ષમ ન નીવડે, કારણ કે જમણેરી બળો તેમના પર સીધું આક્રમણ થાય ત્યારે લોકશાહીનો અંચળો ફગાવી દેશે અને હિંસક સામનો કરશે. સમાજવાદ લાવવા પ્રયત્ન કરતા દેશો સામે આ કોયડો ઊભો છે.

## વિરોધમાં પણ વિવેકની જરૂર

વર્તમાનપત્રોના અહેવાલ મુજબ અમદાવાદમાં એક પત્રકાર પરિષદમાં શ્રી મોરારજીભાઈએ કહ્યું:

"છેલ્લા દુષ્કાળ વખતે ગુજરાતમાં પાંચસો કરોડથી વધુ રકમ ખર્ચાઈ છે અને તેમાંની અરધીથી વધુ રકમ ચવાઈ ગઈ છે."

હું જાણું છું ત્યાં સુધી આ બન્ને હકીકતો સત્યથી વેગળી છે. ૫૦૦ કરોડ ખરચાયા નથી અને અરધીથી વધુ રકમ ચવાઈ ગઈ હોય તે બન્યું નથી, શકય નથી. એકંદરે આ દુષ્કાળમાં ગુજરાત સરકારે પ્રશંસનીય કામગીરી કરી છે અને તેમાં ભ્રષ્ટાચારની બહુ ફરિયાદ થઈ નથી. પ્રજાકીય ધોરણે સારા પ્રમાણમાં કામ થયું છે. એવી બે સંસ્થાઓ તરફથી મને કામ કરવાની તક મળી તેમાં ગુજરાત સરકારનો પૂરો સહકાર મળ્યો છે. મોરારજીભાઈએ આવા પ્રજાકીય કામની આગેવાની લઈ, રાહતનું કામ ઉપાડી લીધું હોત તો દીપી ઊઠત. સરકાર સામે વિરોધ હોય ત્યારે પણ પ્રજામાં ભ્રમ પેદા થાય એવો પ્રચાર આવા સંકટના સમયે વાજબી ન ગણાય. હવે રેલની આફતમાં ગુજરાત સપડાયું છે. તેમાં પણ, સરદારે કર્યું હતું તેમ, મોરારજીભાઈએ પ્રજાકીય ધોરણે રાહતકાર્ય ઉપાડી લીધું હોત તો તેઓ ઘણું કરી શકત. આવા સમયે સરકારને સાથ અને સહકાર આપવાથી રાજકીય વિરોધને ઊણપ આવતી નથી.

## રશિયામાં બુદ્ધિવાનોનું દમન

સરમુખત્યારો વિચાર અને વાણીસ્વાતંત્ર્ય સહન કરી શકતા નથી. તેમની સત્તાનો પાયો ધાક અને દમન છે. સ્ટેલિનમાં આ તત્ત્વ પરાકાષ્ઠાએ હતું. ક્રુશ્ચેવે સ્ટેલિનની પ્રતિમાનું ખંડન કર્યું (Destalinisation). સ્ટેલિનના અત્યાચારો ઉઘાડા પાડયા. રશિયામાં કાંઈક મુકત વાતાવરણ થવા દીધું. લેખકો અને વિચારકોને મોકળાશ મળી. તેના પ્રતીક રૂપે પ્રખ્યાત લેખક સોલ્ઝેનિસ્તિનનું પુસ્તક – સાઈબીરિયાના કારાગ્રહમાં એક દિન – જેમાં સ્ટેલિનના પાશવી દમનનું ચિત્ર આપ્યું છે તેને પ્રકટ થવા દીધું. ક્રુશ્ચેવને પદભ્રષ્ટ કર્યો અને બ્રેઝનેવ અને કોસિજીન સત્તા પર આવ્યા પછી હવા બદલાઈ. ખાસ કરી ચેકોસ્લોવેકિયામાં ડુબચેક આગેવાન થયા અને તેમણે ઉદાર વલણ અપનાવ્યું અને શિરજોરી સામે બળવો થયો તેને રશિયાએ ભારે દમનથી દબાવી દીધો. ડુબચેકને લેખકોનો પૂરો સાથ હતો. ત્યાર પછી, રશિયાના સત્તાધીશોનું વલણ લેખકો પ્રત્યે વધારે સખત થયું. પરિણામે, સોલ્ઝેનિસ્તિનને નોબેલ પારિતોષિક મળ્યું, પણ તે લેવા તેમને જવા ન દીધા. હવે રશિયાએ વિદેશનીતિ બદલાવી છે અને પશ્ચિમના દેશો, ખાસ કરી જર્મની અને અમેરિકા સાથે સુમેળ સાધવાનો માર્ગ અપનાવ્યો છે ત્યારે રશિયન લેખકોને પશ્ચિમના વિચારકો સાથે વિચારવિનિમયની વધારે તક રહેશે એમ માનવામાં આવતું હતું. પણ વિદેશનીતિ એક અને ઘરઆંગણેની નીતિ બીજી, એવું વલણ અપનાવ્યું છે. સંખ્યાબંધ લેખકો ઉપર દમનનો કોરડો વીંઝાય છે અને કેટલાકને જેલમાં ધકેલ્યા છે. 'માન્ચેસ્ટર ગાર્ડિયન' લખે છે:

The most spectacular repression in recent years has been directed at writers and the literary intelligentia in a long line from Pasternak to Solzenitsyn.

બે સમર્થ વ્યકિતઓ, મહાન લેખક સોલ્ઝેનિસ્તિન અને મહાન વૈજ્ઞાનિક સાખારોવે આ દમન સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવ્યો છે. તેમની સામે જાનના જોખમનો ભય તોળાઈ રહ્યો છે છતાં બંને આ ભયની પરવા કર્યા વિના વિદેશી પત્રકારોને મુલાકાતો આપે છે અને નિવેદનો બહાર પાડે છે અને રશિયાની પરિસ્થિતિથી દુનિયાને વાકેફ કરે છે અને વાણીસ્વાતંત્ર્યના રક્ષણ માટે પડકાર ફેંકયો છે. સાખારોવના સમર્થનમાં ઘણા દેશના વૈજ્ઞાનિકોએ અને આગેવાનોએ અવાજ ઉઠાવ્યો છે અને રશિયન સત્તાધીશો વિચારમાં પડી ગયા છે. વૈજ્ઞાનિક પ્રગતિમાં, ખાસ કરી અણુવિજ્ઞાન અને અવકાશી વિજ્ઞાનમાં રશિયન વૈજ્ઞાનિકો અમેરિકાની બરોબરી કરે છે એટલું જ નહિ, કેટલાક ક્ષેત્રે આગળ વધ્યા છે.

ગમે તેટલું દમન હોય તો પણ માનવઆત્મા છેવટે જાગી ઊઠે છે અને સ્વતંત્રતા માટે પ્રાણનું બલિદાન આપવા પણ તૈયાર થાય છે.

૨૪-૯-'૭૩. —ચીમનલાલ ચકુભાઈ

# સદાચાર–દુરાચારનો પાયો

આ વિષયે પંડિત બેચરદાસજીનો લેખ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૯-'૭૩નાં અંકમાં પ્રકટ થયો છે. પંડિતજીના કથનનો સાર એ છે કે સદાચારનું ફળ ધન-સંપત્તિ, પ્રતિષ્ઠા, જીવનની અનુકૂળતાઓ વગેરે નહિ પણ તેનું ફળ ચિત્તની પ્રસન્નતા અને મનની શાન્તિ છે. તેવી જ રીતે દુરાચારનું ફળ ધન-વૈભવનો અભાવ નહિ પણ અશાંત ચિત્ત અને ભયભીત તથા સદા સાશંક મન છે. આ ફળ પ્રત્યક્ષ જીવનમાં આ ભવે જ અનુભવાય છે. પરભવ માટે તેને રાહ જોવી પડતી નથી.

કેટલેક દરજ્જે આ સાચું છે. પંડિતજીનો વિરોધ સદાચારનું ફળ આ ભવે નહિ તો પરભવમાં ધન-સંપત્તિ, સુખવૈભવથી મળશે અને દુરાચારનું ફળ આ ભવે ધન-સંપત્તિ હોય તો પણ પરભવમાં નરકનાં દુ:ખ ભોગવવાં પડશે, એવી લાલચ કે ભય સામે છે. ઘણાં ધર્મશાસ્ત્રો અને ધર્માચાર્યો માણસને સદાચારને પંથે લઈ જવા અને દુરાચારથી પાછો ખેંચવા, આવી લાલચ અને ભય બતાવે છે અને તેનાં ઘણાં દૃષ્ટાંતો અને કથાઓ રચ્યાં છે. આ ભવે સદાચારી હશે તો અત્યારે ગરીબાઈનું કષ્ટ વેઠવું પડતું હોય તો પણ આવતા ભવે દેવલોકનાં સુખ મળશે અને આ ભવે દુરાચારી હશે તે દેખીતી રીતે સુખી હોય તો પણ આવતા ભવે નરકનાં દુ:ખ ભોગવશે. સદાચાર - દુરાચારનો પાયો આવી કોઈ લાલચ કે ભય નથી જ તે નિશ્ચિત છે.

પણ સદાચાર - દુરાચારનો આધાર માત્ર ચિત્તની પ્રસન્નતા કે મનની શાન્તિ અથવા તેથી વિપરીત સ્થિતિ એટલું જ નથી. આવી માનસિક સ્થિતિ સાપેક્ષ અને સ્વલક્ષી ((Relative and Subjective) છે. દુરાચારી અને તેમાંય રીઢો થઈ ગયો હોય તો પોતાની રીતે પ્રસન્નતા કે શાન્તિ અનુભવતો હોય છે. સદાચારીને ખૂબ મનોવ્યથા અને માનસિક કષ્ટ સંભવે છે, હોય છે. વળી સદાચાર - દુરાચારનું ફળ આટલું જ હોય તો આ ભવે બધો અંત આવે છે અને દુરાચારી એમ માને કે ભલે મનની અશાંતિ થાય કે કોઈ મિત્ર ન રહે તો પણ જો ધનવૈભવ-સત્તા મળતાં હોય તો અશાન્તિ ભોગવી લેશું, તેમ સદાચારીને મનોવ્યથા પીડતી હોય અને શાન્તિ ન મળે તો સદાચારનું કોઈ ફળ નથી એમ માનવા લલચાય અને છોડી દે. પરમાર્થિક, લોકકલ્યાણના કાર્યમાં પડેલ વ્યકિતને ખૂબ અશાન્તિ અને કષ્ટ વેઠવાં પડે છે. છેવટ સુધી રહે. પ્રાણનું પણ બલિદાન આપવું પડે. જો સદાચારનું ફળ માત્ર મનની શાન્તિ જ હોય તો એમ થાય કે છોડો આ બધું અને એકાંતમાં શાન્તિ ભોગવીએ. જે દર્શનોમાં સંસારને દુ:ખમય જ માન્યો છે અને દુ:ખમુકિત જ જીવનનું લક્ષ્ય માન્યું છે એવાં દર્શનો નિવૃત્તિ-પ્રધાન થયાં છે તેનું આ એક કારણ છે. Release from Suffering and peace of mind આટલું જ લક્ષ હોય તેવી વ્યકિત પ્રવૃત્તિથી દૂર રહે. લોકકલ્યાણના કાર્યમાં પડતી વ્યકિત કષ્ટ નોતરે છે, અને અનહદ કષ્ટ ભોગવવા તૈયાર થાય છે. ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે આત્મકથામાં કહ્યું છે:

"In my own life, anxiety, trouble and sorrow have been allotted to me at times in such abundant measure that had my nerves not been so strong, I must have broken down under the weight. Heavy is the burden of fatigue and responsibility which has lain upon me without a break for years. ........only at rare moments have I really felt glad to be alive."

"મારા પોતાના જીવનમાં, મારા ફાળે ગ્લાનિ, મુશ્કેલી અને વિષાદ કેટલીક વાર એટલા મોટા પ્રમાણમાં આવ્યાં હતાં કે જો મારામાં દૃઢ મનોબળ ન હોત તો હું એના બોજા નીચે તૂટી પડયો હોત. થાક અને જવાબદારીનો ઘણો મોટો બોજો એકધારો વર્ષો સુધી મારા પર રહ્યો છે...બહુ થોડી એવી ક્ષણો આવી છે કે જ્યારે જીવંત રહેવા માટે હું ખુશ થયો હોઉં..."

પંડિતજીએ, ગાંધીજી નોઆખલી ગયા તેનો દાખલો આપ્યો છે અને કહ્યું છે કે ઘણું કષ્ટ વેઠયું તો પણ મનમાં શાન્ત, સમાધિ-યુકત અને પ્રસન્ન જ હતા. ગાંધીજીએ માનસિક વ્યથા કેટલી અનુભવી હશે તે ગાંધીજી જ જાણે. પણ તેમાં સ્વાર્થ ન હતો તેથી નિરાશા ન હતી. ડૉ. ટોયનબીએ કહ્યું છે:

"Selfishness, not suffering is the greatest of all evils and Love, not release from suffering, is the greatest of all goods."

કષ્ટ નહિ પણ સ્વાર્થ મોટામાં મોટું અનિષ્ટ છે અને કષ્ટમુકિત નહિ પણ પ્રેમ મોટામાં મોટું ઈષ્ટ છે.

'વિશ્વનો અટલ નિયમ' વાળા મારા લેખમાં મેં લખ્યું હતું કે સદાચાર કે દુરાચારનું ફળ એક ભવમાં જોવા કે ભોગવવા ન પણ મળે. તેના અનુસંધાનમાં પંડિતજીએ તેમના વિચારો જણાવ્યા છે.

મેં જે લખ્યું હતું તે કર્મસિદ્ધાંતના સંદર્ભમાં લખ્યું હતું. દરેક વ્યકિતએ પોતે કરેલ સારાનરસા કર્મનું પરિણામ કે ફળ ભોગવવું જ પડે છે અને તે આ ભવમાં જ મળે છે એમ જ નથી પણ જન્મજન્માંતરમાં. પંડિતજી પણ આ હકીકત સ્વીકારતા જણાય છે, કારણકે તેમણે જે બ્રાહ્મણ–પરિવારનું દૃષ્ટાંત આપ્યું છે તેમાં તે પરિવારે ભૂખ્યા રહી, બીજા ભૂખ્યાને અન્ન આપ્યું તેનું ફળ તેમણે લખ્યું છે, તેમ:

"બ્રાહ્મણ–પરિવારનો બીજા જન્મમાં આ પુષ્ઠ સંસ્કાર (કરુણાનો) વિશેષ પુષ્ઠ થવાનો અને એ સંસ્કારદ્વારા તેઓ કરુણામય બની, સર્વત્ર સમતાનો અનુભવ કરી, જે રીતે તેઓ પોતાના બ્રાહ્મણના જન્મમાં વર્ત્યા હતા તેમ જ વર્તવાના અને તેમ કરીને સર્વાત્મભાવને અનુભવીને પ્રસન્નતા અનુભવવાના અને કદાચ પ્રકૃતિની લીલાના કોઈ યોગે તેમની પાસે ધન-સંપદા વગેરેની સામગ્રી આવી તો પણ તે બ્રાહ્મણ કુટુમ્બ તો રાજા જનકની પેઠે આસકિત વગર જ પોતાની જીવનચર્યા ચલાવવાનું અને હિંસા વગેરેના વિશેષ કારણરૂપ ધનસંપદા વગેરેની સામગ્રીમાં આસકિત નહીં રાખવાનું."

આ કથનમાં પંડિતજીએ સદાચાર–દુરાચારનો સાચો પાયો બતાવ્યો છે. સદાચારનું ધ્યેય આધ્યાત્મિક વિકાસનું છે. કષાયો ઓછા કરવા, અંતે નિર્મૂળ કરવા અને ચિત્ત નિર્મળ કરી, આત્મદર્શન કરવું. આ દીર્ઘ સાધના છે.–જન્મજન્માન્તરની સાધના છે. ચિત્તની પ્રસન્નતા અને મનની શાશ્વત શાન્તિ અંતે આવે છે. પણ સાધના-કાળ દરમિયાન, સદાચારી થવાનો સતત પ્રયત્ન ચાલુ હોય ત્યાં પણ મનોવ્યથા અને અશાન્તિ રહે છે. કોઈ વખત ખૂબ વધી પડે છે. સદાચારથી કર્મની થોડી નિર્જરા થઈ હોય અને થોડો આધ્યાત્મિક વિકાસ સાધ્યો હોય, તે વિકાસ બીજે ભવે, બ્રાહ્મણ કુટુમ્બ વિશે કહ્યું તેમ, વિકાસમાં સહાયભૂત થાય છે તેવી જ રીતે દુરાચારથી કર્મબન્ધ કર્યા હોય તેથી ઉત્પન્ન કષાય બીજે ભવે આત્મવિકાસના બાધક બને છે. આને ઉદયકર્મ માનીએ છીએ. શ્રીમદ્ રાજચંદ્રે વખતોવખત કહ્યું છે કે સર્વ સંગ પરિત્યાગ કરવાની ઉત્કટ ભાવના છતાં, ઉદયકર્મ આડે આવે છે અને ગ્રહસ્થજીવન અને વ્યાપારમાં પડવું પડે છે, પણ પ્રબળ પુરુષાર્થ હતો એટલે આ ઉપાધિકાળમાંથી મુકિત મેળવી. સદાચારથી સારો એવો આત્મવિકાસ સાધ્યો હોય ત્યારે પણ તેમાંથી કોઈ વખત પતન થાય છે. તેવી વ્યકિતને આપણે યોગભ્રષ્ટ કહીએ છીએ. ફરી સ્વપુરુષાર્થથી સન્માર્ગે આવી જાય.

આ વિષયની મારી સમજણ બહુ ઓછી છે. વાચન–મનનથી, સ્વાનુભવથી આ ગહન વિષયને સમજવા પ્રયત્ન કરું છું. જીવનના કોયડાના રહસ્યનો તાગ જ્ઞાની પુરુષો પણ પૂરો પામી શકયા નથી. પંડિત બેચરદાસજી ઊંડા અભ્યાસી અને જ્ઞાની છે. મેં અલ્પમતિથી લખ્યું છે તે સ્પષ્ટીકરણ કરવાના હેતુથી. મારું માનવું એમ છે કે ચિત્તની પ્રસન્નતા કે મનની શાન્તિ અથવા તેથી વિપરીત સ્થિતિ સદાચાર--દુરાચારનું પરિણામ છે, તેનો આધાર કે પાયો નથી. તેનો પાયો આત્મવિકાસ, કષાયની મંદતા અને ચિત્તની નિર્મળતા છે. આ માત્ર subjective feeling નથી, objective reality છે. સાધનાકાળ દરમિયાન અનેક કષ્ટો અને મનોવ્યથા ભોગવવાં પડે છે. ચિત્તની પ્રસન્નતા અને શાન્તિ દૂર રહે છે પણ સદાચારના માર્ગે હોઈએ તો અન્તે આ ભવે નહિ તો, જન્મજન્માંતરમાં તે શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે.

૨૫–૯–'૭૩. —ચીમનલાલ ચકુભાઈ

# ગાંધીજી અને આધ્યાત્મિકતા

[પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી નવલભાઈ શાહે 'ગાંધીજી અને આધ્યાત્મિકતા' એ વિષય પર આપેલા વ્યાખ્યાનનો સારભાગ]

ગાંધીજીએ સૂતેલા ભારતને ઢંઢોળ્યો, બેઠો કર્યો અને નવાં મૂલ્યો આપ્યાં હતાં. ગાંધીએ દેશમાં એક ચમત્કાર કર્યો હતો. જો કે આજના યુવાનને આજે પણ ગાંધી-વાત કદાચ પરીકથા જેવી લાગે છે!

ગાંધીજી કહેતા કે મારા જીવનમાંથી ઈશ્વરને લઈ લો તો કશું જ રહેતું નથી. એ એમને માટે જ જીવ્યા, અને મર્યા ત્યારે પણ 'હે! રામ' શબ્દો જ મોંમાંથી આખરે નીકળ્યા હતા.

ઈશ્વરને સત્ય કહેનાર તો અનેક છે પણ ગાંધીજી એક એવી વ્યકિત હતી કે જેમણે સત્યને ઈશ્વર ગણાવ્યા હતા. એ કહેતા: સત્ય એ જ ઈશ્વર. ગાંધીનું જીવન એ સત્યની શ્રદ્ધા માટેનું જીવન હતું. એમનું આખુંય જીવન સત્યના પ્રયોગો હતું. ગાંધીજી કહેતા અને માનતા કે સત્ય સમજાઈ જતાં ઈશ્વર પ્રાપ્ત થાય છે.

ગાંધીજીનું સત્ય જીવંત હતું. એ Conditional–સાપેક્ષ ન હતું. નાનામોટા તમામ પ્રસંગો એટલે સત્ય. જીવનમાં સત્યની અનુભૂતિ કરવી એને શ્રદ્ધાનું બીજ કહી શકાય. ઈશ્વરને ક્રિયાશીલ કરવા માટે ગાંધીજી એક એવા છેલ્લા મહાપુરુષ હતા કે જેમણે વધારેમાં વધારે કામ કર્યું હતું.

વર્ષો પહેલાં તેમણે શ્રી જયપ્રકાશ નારાયણને કહ્યું હતું કે હું સતત જીવું છું, એને હું સીમિત કેમ કરું? આમ ગાંધીજીએ જાગૃતિ આણી હતી. ગાંધીજીએ સત્યને જ સક્રિય રૂપે સામે મૂકયું હતું. અસત્યને આધીન ન થવું એ ગાંધીજીનું સત્ય છે.

ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો એમ જાણીએ છીએ; પરંતુ એમનો સાચો જન્મ તો દક્ષિણ આફ્રિકામાં થયો હતો. રેલના ડબ્બામાં તેઓ પ્રથમ વર્ગમાં મુસાફરી કરી રહ્યા હતા. કડકડતી ટાઢમાં પ્રવાસ વચ્ચે, મધરાતે એક સ્ટેશન પર એમને જે રીતે ઉતારી મુકાયા અને ત્યાં જે પ્રકારે એમનું મન કામ કરે છે, બસ, ત્યાં ગાંધીજીનો જન્મ થયો હતો. ત્યાં સત્ય પેદા થાય છે. અસત્યની સામે પ્રતિકારની શકિત ઊભી કરવી એ એમની ભૂમિકા છે, અને આ ગાંધીજીની આધ્યાત્મિકતાની ભૂમિકા છે. તેમની આધ્યાત્મિકતા ફકીરીની છે.

અસત્યને ચલાવી લેવું એ ઠીક નથી. આ સમજી લેવું જોઈએ. આજે ચોતરફ જોઈએ છીએ તો દેખાય છે કે આ શકિત ક્ષીણ થઈ ગઈ છે. પણ તેમાં આજે ચેતના આણવાની જરૂર છે.

માનવી ગમે તેટલો ઉપર જાય તો પણ તેને જીવન-જરૂરિયાતની વસ્તુઓ તો જોઈએ છે. આધ્યાત્મિક સાધના માટે હિમાલયમાં એક સાધુ આવી ચડે છે. પર્વતની ઉપર ઊંચે કયાંક તે ધૂણી ધખાવીને આધ્યાત્મિક સાધના કરે છે. સપ્તાહના બધા જ દિવસોએ એની જીવન-જરૂરિયાતની ચીજોનો પુરવઠો પહોંચાડવા એક પહાડી કન્યાની ગોઠવણ કરાઈ હતી. તે નિષ્ઠાપૂર્વક પુરવઠો સમયસર પહોંચાડતી રહેતી. એક વખત ત્યાં તોફાન આવી ચડે છે. આ આંધીમાં પણ એ કન્યા પુરવઠો પહોંચાડવા અધીરી થઈને નીકળી પડે છે. એને રોકવા અનેક પ્રયાસ થાય છે, પણ એ નીકળી પડે છે. કહે છે કે 'મેં મા'રાજને વચન આપ્યું છે.' અહીં એને શ્રદ્ધા હતી. રસ્તામાં એ બરફમાં લપસે છે અને પુરવઠો વેરણછેરણ થઈ જાય છે. એ ગભરાઈ ગઈ. આ બાજુ પેલા સાધુએ આ દશ્ય જોયું. એને અંજપો જાગે છે અને એ વિચારે ચડે છે. એ નીચે આવી એ કન્યાની ક્ષમા માગે છે. એને વિચાર આવે છે કે આ રીતે મને માનસિક શાંતિ કેમ આવે? જગત સાથે કોઈક પ્રકારનો સંબંધ રાખ્યા વગર આધ્યાત્મિક શાંતિ કેવી?

ગાંધીજીએ તો શ્રમ એ જીવનની એક સાધના છે એમ કહ્યું હતું. મારો ભગવાન દરિદ્રનારાયણની ઝૂંપડીમાં છે એમ એ કહેતા. એના ભગવાનની અનુભૂતિ પણ ગાંધીજીને ત્યાં થઈ હતી. આ એમની શ્રદ્ધા હતી. એકરૂપ થયા વગર સાચો સાક્ષાત્કાર કેમ થાય?

આપણા જીવનમાં ચોપાસ જે કંઈ છે એની સાથે એકરૂપ થવું જોઈએ, અને ગાંધીજી આવા એકરૂપ થઈ ગયા હતા. ગાંધીજી ગણતરીબાજ હતા છતાં એમની આ ગણતરી અધ્યાત્મની ગણતરી હતી એ હકીકત છે.

પૂર્વ ભારતની એક યાત્રા દરમિયાન એમણે ગ્રામવિસ્તારમાં એટલી ગરીબી જોઈ અને તેમણે પોતાનાં કપડાંમાં પરિવર્તન કર્યું હતું. ત્યારથી એમણે કચ્છ પહેરવો શરૂ કર્યો હતો. એ સર્વભૂત સાથે એકરૂપ થવા સાથે એકાત્મ થવાની આમાં વાત છે.

તેઓ કહેતા કે આટલું જ બસ નથી. ગરીબીનું મૂળ શોધવાનું મુખ્ય કામ છે. અને આ અંગે ગાંધીજીએ અનેક વિચારો કર્યા છે. આ માટે એમણે નવું ચિંતન અને કાર્યક્રમો પણ આપ્યા છે.

માનવસમાજમાં આજે માનવીની આર્થિક સામ્રાજ્ય તરફની દોટ દેખાય છે. જગતે જે કંઈ નિર્માણ કર્યું છે એ બધું મર્યાદિત છે. છે તેનાથી વધુ લઈશું તો એમાં અસમાનતા આવશે. આ હકીકત છે. અમારા વિસ્તારમાં અમે પાતાળકૂવાઓ કર્યા ત્યારે અન્ય કવાઓનું પાણી ઓછું થયાનું અમે અનુભવ્યું હતું.

સમૃદ્ધિને મેળવવા શોષણ થાય છે ત્યારે કુદરત ઠોકર મારે છે. આ માટે સહરાનો દાખલો જ બસ છે. યુગો પહેલાં તે અતિ-સમૃદ્ધ વિસ્તાર હતો. પ્રાચીન કાળમાં રોમનોએ ત્યાં ખૂબ શોષણ કર્યું. વન્ય પશુઓને શિકાર કરી ખતમ કર્યાં. પછી લાકડાં માટે વન સાફ કર્યાં. પછી એ રણ ન થાય તો શું થાય? વધારે ભોગવીને સુખી થવાની વાત માનવીમાં છે. આને કારણે સર્વત્ર 'સહરાઓ' જાગશે. માનવીઓ પણ આવા 'સહરાઓ' ઊભા કરશે.

કુદરતની સમતુલાને સમજવી જોઈશે, એમ ગાંધીજી આપણને વખતોવખત કહેતા. તેઓ ઈશ્વરને કુદરતરૂપે જ જુએ છે.

દેશના છેલ્લામાં છેલ્લા માણસની શકિત કેમ વધે અને દેશની સંપત્તિ કેમ વધે એમાં ગાંધીજીને રસ હતો. ખાદીમાં અનેક લોકોનું સંવેદન સંકળાયેલું છે. તેના મન સાથે જોડનારું એ કાપડ છે. માણસ સાથે માણસના પ્રેમનો નાતો જોડયો હોય તો એનો પ્રસાર, પ્રચાર થવો જોઈએ. તો તે માટે ખાદીને જીવંત કાપડ ગણ્યું છે.

અહીં જાતને જોડવાની વાત છે તો તે મનથી જોડવાનું અને જાતને એકરૂપ બનીને જોડવાનું કહ્યું છે. જીવનના નાનામોટા કામમાં અનુભૂતિ કરીએ તો અધ્યાત્મ પ્રાપ્ત થાય છે. અને આને જીવનનું સંવેદન કહ્યું છે. આવું નથી થતું તો ત્યાં જીવન વેઠરૂપ બને છે. એમાં નિરાશા આવે છે.

કામને, પરિશ્રમને માનવી તિરસ્કારે છે ત્યારે માણસ કામની વિરુદ્ધ એ કામ કરે છે. પરિણામે એને થાક લાગે છે.

ખેતરમાં, કારખાનામાં, કચેરીમાં કામ કરતો માણસ આજે સર્જન કરે છે ખરો? એ જીવી રહ્યો છે. પરંતુ ઉત્પાદનકાર્ય મન દઈને થાય એ જરૂરી છે. આ શ્રમપ્રધાન સંસ્કૃતિ માનવીને ઉપર લઈ જાય છે, કેમ કે એમાં સર્જન છે. ભોગ-વિલાસ સંસ્કૃતિ માનવીને વેઠ તરફ લઈ જાય છે અને તેનો પ્રત્યાઘાત પછી વિલાસ તરફ ઘસડી જાય છે.

આજે અસમાનતાને કારણે સમાજમાં મોટો અસંતોષ ઊભો થાય છે. એનો સૌ લાભ ઉઠાવે છે. અપરિગ્રહની વાત કહેવી નથી, પરંતુ કુદરતે જે કંઈ આપ્યું છે એનો જ ઉપયોગ કરવાનું કહ્યું છે. વધુ લઈએ ત્યારે જ વિડંબના ઊભી થાય છે. કામ સાથે સર્જનનો આનંદ અનુભવવો જોઈએ. આ અધ્યાત્મ છે.

છેલ્લા માણસ સાથે એકરૂપ થવું હતું માટે ગાંધીજીએ

રેંટિયાને પ્રતીક બનાવ્યો હતો. રેંટિયા દ્વારા ખૂણેખૂણે એ પહોંચી શક્યા હતા.

આજે માનસિક તંગદિલી વધતી જોવા મળે છે. માનસિક શાંતિ માટે, જીવન તાણ વગરનું બનાવવા માટે કામ સાથે તાદાત્મ્ય અનુભવવાનું તેમણે કહ્યું હતું. અહીં એમણે શ્રમનું મૂલ્ય જણાવ્યું હતું. તેમનું લક્ષ માત્ર ઉત્પાદન પર નહોતું. શ્રમ એ યજ્ઞ છે. આજે હડતાળ, બંધ વગેરેની પરંપરા વધતી રહી છે ત્યારે આ સમજવા જેવું છે.

આજનાં આધુનિક મૂલ્યો એવાં છે કે જગત સાથેનો આપણો સંબંધ ફેરવિચારણા માગે છે. મર્યાદિત સંપત્તિ છે. તેની સેવા કરતાં કરતાં કુદરતની સમીપ પહોંચી શકાશે. આનું નામ આધ્યાત્મિક આનંદ. વળી માનવીય જીવન તાણ વગરનું કેમ થઈ શકે એ વિચારવું જોઈએ, અને એ માટે કામ સાથે સંબંધ જોડવો જોઈએ. આમાંથી જીવનમાં પ્રસન્નતા આવશે. દરેક સાધક હોય અને તેનું જીવન સાધના હોય એ રીતે કામ કરવાથી આધ્યાત્મિક મૂલ્યો જાગશે. ગાંધીજીને આવું કહેવું હતું. આવી એમની આધ્યાત્મિકતા હતી.

નવલભાઈ શાહ

# જૈનધર્મનો પ્રાણ

ભગવાન મહાવીરના શાસન જૈનધર્મના પ્રાણનો વિચાર કરીએ. જૈન આગમો જે ભગવાન મહાવીરના ઉપદેશને આધારે રચાયા કહેવાય છે તે એક નિશ્ચિત સમયની રચના નથી એ તો સ્વીકારવું જ જોઈએ. પણ સાથે જ જો કોઈ એમ કહેતું હોય કે તેમાં ભગવાન મહાવીરનો ઉપદેશ નથી જ તો એ પણ મિથ્યા છે. વિદ્યમાન આગમોમાં ભગવાન મહાવીરનો સાક્ષાત્ ઉપદેશ ગણી શકાય એવું ઘણું મળી આવે છે અને તે ઉપરથી તેમને શું અભિપ્રેત હતું તેનું સ્પષ્ટ નિરૂપણ થઈ શકે છે. આપણે સમજીએ છીએ કે ભગવાન મહાવીરે અહિંસા ઉપર ભાર આપ્યો છે તે એક રીતે સાચું છે, કારણ સાધ્ય છે અહિંસા. પણ તેનું મૂળ શામાં છે એ આપણે ભૂલી જઈએ છીએ. અહિંસા તો જ સિદ્ધ થઈ શકે જો અપરિગ્રહ હોય. અને સાધનાકાળમાં સાધ્ય વિશે નહીં પણ સાધન વિશે વધુ સાવધાન રહેવાની જરૂર છે. પરંતુ બને છે એવું કે સાધનની બાબતમાં જ મોટેભાગે પ્રમાદ સેવવામાં આવે છે. આગમમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે બધા અનર્થનું મૂળ પ્રમાદ છે, અને એ પ્રમાદ એ જ કર્મ છે. પ્રમાદ ગયો તો કર્મ પણ ગયું. પરંતુ અપ્રમત્ત થવું સૌથી અઘરું છે. આજે આપણે અહિંસાને આગળ ધરીએ છીએ અને અપરિગ્રહ જે તેનું સાધન છે તેના વિશે ઉપેક્ષા સેવીએ છીએ. પરિણામે અહિંસા સધાતી નથી છતાં તે સધાઈ રહી છે એવા ભ્રમમાં આપણે જીવીએ છીએ. આમ જીવનમાં અહિંસા નથી સિદ્ધ થતી, કારણ આપણો પરિગ્રહ એ બધા પાપનું મૂળ છે તે સમજવા છતાં તે છોડી શકતા નથી.

ભગવાન મહાવીરે પ્રથમ કુટુંબ છોડયું અને વિશ્વવત્સલ થયા. છોડયું ન હતું ત્યાં સુધી તેઓ કુટુંબના બંધનમાં હતા અને જેવું તે છૂટયું તેથી વિશાળ કુટુંબ થયું — પણ આ બંધન ન બન્યું. કારણ તેમને તો સામાયિક — સમભાવ સિદ્ધ કરવો હતો. પોતાનું વર્તુળ નાનું હોય તો રાગની વૃદ્ધિને અવકાશ રહે છે, પણ બધા જ જો પોતાના હોય તો રાગને અવકાશ રહેતો નથી પણ સમભાવ જાગૃત થાય છે. આમ સમભાવ કે સામાયિકની સિદ્ધિ વિશ્વવત્સલ થવામાં રહેલી છે અને તેની સિદ્ધિ ભગવાન મહાવીરે સાધી; અને તેમના ઉપદેશની કોઈ વિશેષતા અને અપૂર્વતા હોય તો તે આ સામાયિકના ઉપદેશમાં છે, અને સામાયિક એ જ અહિંસાની પરાકાષ્ઠા છે: તેની સિદ્ધિ ત્યાગમાં છે, સ્વીકારમાં નહિ.

સમભાવમાંથી જ અનેકાંત વિચારણાનો પણ ઉદ્ભવ થયો છે. સત્યની શોધ એ અનેકાંતનો મૂળ મંત્ર છે. આથી કોઈ પણ વિષયમાં અનાગ્રહ જરૂરી છે અને કદાગ્રહને સ્થાન હોઈ જ શકે નહિ. મનુષ્યની બુદ્ધિ વિકાસશીલ છે તેથી તેમાં વૈવિધ્ય એ અનિવાર્ય છે. આ વૈવિધ્યમાં સત્યની શોધ કરી તત્ત્વની વ્યવસ્થા કરવાનું કામ અનેકાંત કરે છે. સામાન્ય બુદ્ધિને જ્યાં વિરોધ દેખાય છે ત્યાં વાસ્તવિક કોઈ વિરોધ છે કે નહિ તેનું પરીક્ષણ જરૂરી છે. આ પરીક્ષણમાં અનેક દૃષ્ટિથી વિચાર કરવો પડે છે. અને ભગવાન મહાવીરે તે કાળના દાર્શનિક વિવિધ મંતવ્યોને નજરમાં રાખીને મુખ્ય બે દૃષ્ટિ આપી છે — દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ. તત્ત્વ વિશેના કોઈ પણ મંતવ્યને આ બે દૃષ્ટિમાં સમાવી શકાય છે અને વસ્તુસ્થિતિને પામી શકાય છે એવી આ બે દૃષ્ટિની ખૂબી છે. તે કાળનાં અને તે પછીનાં વિકસિત દાર્શનિક મંતવ્યો આ બે દૃષ્ટિમાં જ સમાવેશ પામે છે. એટલે જૈનદર્શનનો પ્રાણ અનેકાંત અને જૈન-આચારનો પ્રાણ અહિંસા — એમ જો કહીએ તો ઉચિત થશે. પરંતુ એ પ્રાણની સિદ્ધિનાં જે સાધનો છે તેમાં અપરિગ્રહ અને સમદૃષ્ટિને મુખ્ય સ્થાન છે. ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે જીવનમાં જો કોઈ મોટું બંધન હોય તો તે પરિગ્રહનું છે. મનુષ્ય હિંસા આદિ જે દોષો સેવે છે તે પણ પરિગ્રહ માટે. એટલે જો અહિંસા કે સમભાવ સિદ્ધ કરવો હોય તો પ્રથમ પરિગ્રહનું બંધન ઢીલું થવું જોઈએ. એ ન થાય ત્યાં સુધી સામાયિકની સિદ્ધિ થઈ શકતી નથી. અને જો જીવનમાં સામાયિક કે સમભાવ ન હોય તો ચારિત્ર્યનું મૂળ જ નથી એમ માનવું રહ્યું. મૂળ વિના કાંઈ વૃક્ષ હોય નહિ તેમ સામાયિક વિના જીવનમાં ધર્મ હોઈ શકે નહિ.

પરિગ્રહના બંધનનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે બાહ્ય બંધનો કરતાં પણ આંતરિક બંધનો બહુ ભયંકર ભાસે છે, અને આંતરિક બંધનમાં સૌથી મોટું બંધન છે — મિથ્યાત્વ અથવા તો અજ્ઞાન — વિપરીત જ્ઞાન અને એના મૂળમાં છે કદાગ્રહ. એ કદાગ્રહનું નિવારણ અનેકાંતવાદમાં છે. કોઈ પણ વિચાર હોય તેમાં કદાગ્રહ જરૂરી નથી. ગમે તે બાબતમાં અનેક દૃષ્ટિએ વિચાર સંભવે છે અને આપણા મંતવ્યથી વિરુદ્ધ જણાતા મંતવ્યમાં પણ સચ્ચાઈ હોઈ શકે છે. આવી ભાવના જો અંતરમાં હોય તો અનેકાંતવાદની માન્યતા સ્થિર થાય છે અને પરિણામે વિરોધ ગળી જઈ સમન્વય સિદ્ધ થાય છે. મારું તે જ સાચું નહિ પણ સાચું તે મારું — આવી ઉદારતા આમાંથી જન્મે છે અથવા તો કહો કે આવી ભાવનામાંથી અનેકાંત વિકસે છે. જીવનમાં આવી ઉદાર દૃષ્ટિ ન હોય તો વિવાદ જન્મે છે અને જીવન વિષમય બની જાય છે. તેનું અમૃત ઔષધ એટલે અનેકાંતદૃષ્ટિ અથવા નિરાગ્રહદૃષ્ટિ. આમ અનેકાંત એ જૈનધર્મનો ખરો પ્રાણ છે. તે જો હોય તો જૈનધર્મ જીવતો છે અને તે જો ન હોય તો કહેવાતા જૈનો જીવે તો પણ જૈનધર્મ મરી પરવાર્યો છે તેમ માનવું રહ્યું.

તા. ૨૩-૮-'૭૩ દલસુખ માલવણિયા

## ઇસુ તથા શ્રી મોહનદાસ ગાંધીને

માણસ નામે નબળું પ્રાણી,  
એની ઊંઘ એને ઘણી વ્હાલી?  
તમે અચાનક એને ઢંઢોળો તો  
ક્રોધથી ગાંડોતૂર થઈ  
ક્રોસ ઉપર તમને લટકાવે નહીં તો શું કરે!  
અથવા  
હાથમાં જો બંદૂક આવે તો શું તમને જતા કરે?  
તમે તો સર્વજ્ઞાની  
આટલું પણ નહીં જાણ્યું કે  
કાચી ઊંઘમાંથી કોઈને જગાડાય નહીં.

વિપિન પરીખ

# ✻ ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ : રાષ્ટ્રીય કાર્યક્રમ ✻

[ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ નિમિત્તે જે રાષ્ટ્રીય કાર્યક્રમ યોજવામાં આવ્યો છે એની રૂપરેખા અહીં આપવામાં આવી છે.]

દક્ષિણ દિલ્હીમાં ભગવાન મહાવીર વનસ્થલીના નામથી ૨૫ એકર જમીનમાં એક ઉપવન વિકસાવવામાં આવશે. આ જમીન સરકાર વિનામૂલ્યે આપશે અને એના પર ભારત સરકાર વનસ્થલીનો વિકાસ એક રાષ્ટ્રીય પાર્કના રૂપમાં કરશે. ભગવાન મહાવીરની સ્મૃતિને ચિરંતન આધાર આપવાની દષ્ટિએ વનસ્થલીમાં પાષાણ–સ્થંભ (સ્ટોનપિલર્સ), તોરણદ્વાર (તોરણ ગેઈટ્સ) બાંધવામાં આવશે, જેના પર ભગવાન મહાવીરના ઉપદેશ કોતરવામાં આવશે તથા ભગવાનના જીવન સાથે સંબંધ ધરાવતી ઘટનાઓનું રાણકપુર, ભુવનેશ્વર વગેરે સ્થળોએથી બોલાવવામાં આવેલા જૈન કલા અને સ્થાપત્યના જાણકાર એવા શિલ્પકારો દ્વારા આલેખન કરવામાં આવશે. આ વનસ્થલીના વિકાસ માટે ભારત સરકાર દસ લાખ રૂપિયાનો ખર્ચ કરશે.

**ભગવાન મહાવીર સ્મારકનું નિર્માણ**

વનસ્થલી માટેની ૨૫ એકર જમીનમાંથી પાંચ એકર જમીનમાં ભગવાન મહાવીરના સ્મારકનું નિર્માણ કરવામાં આવશે. આ સ્મારકમાં જૈન કલાકૃતિઓ અને ચિત્રોના સંગ્રહ, જૈન સાહિત્યનું પુસ્તકાલય વગેરે ઉપરાંત જૈનવિદ્યાના અધ્યયન અને શોધકાર્ય માટેની રાષ્ટ્રીય પરિષદનું કાર્યાલય પણ રહેશે.

ભગવાન મહાવીર સ્મારકના નિર્માણ પાછળ લગભગ ત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ થશે. આમાંથી ૨૫ લાખ રૂપિયા જૈન સમાજ દ્વારા એકઠા કરવામાં આવશે તથા પાંચ લાખ રૂપિયા ભારત સરકાર આપશે.

'ભગવાન મહાવીર સ્મારક' તથા 'નેશનલ કાઉન્સિલ ઓફ જૈનોલોજિકલ સ્ટડીઝ એન્ડ લર્નિંગ' નામની બે સંસ્થાઓની સ્થાપના માટેનું યોગ્ય બંધારણ તૈયાર કરવાની દષ્ટિથી નીચેના સભ્યોની એક ઉપ–સમિતિની રચના કરવામાં આવી છે:

૧. ઉપ–શિક્ષણપ્રધાન (પ્રમુખ), ૨. શ્રી શાંતિપ્રસાદ જૈન (સભ્ય), ૩. શ્રી સી. સી. શાહ (સભ્ય), ૪. ડૉ. એલ. એમ. સિંઘવી (સભ્ય), ૫. પ્રો. કે. એમ. લોઢા (સભ્ય), ૬. શ્રી રતનલાલ જૈન (સભ્ય), ૭. શ્રી અક્ષયકુમાર જૈન (સભ્ય), ૮. શ્રીમતી એસ. દોરાઈસ્વામી (સંયોજક)

**ભગવાન મહાવીર બાલ-કેન્દ્ર**

દેશભરમાં લગભગ ૨૦ જેટલાં ભગવાન મહાવીર બાલ-કેન્દ્ર સ્થાપવામાં આવશે. દરેક રાજ્યમાં આવું એક કેન્દ્ર તો રહેશે જ. આ બાલ-કેન્દ્રો જિલ્લા નેહરુ-યુવા-કેન્દ્રો સાથે સંકળાયેલાં રહેશે. પ્રત્યેક બાલ–કેન્દ્ર પર લગભગ ૫૦ હજાર રૂપિયા અને કુલ કેન્દ્રો પર દસ લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ બાલ–કેન્દ્રોની વ્યવસ્થા અને એની કાર્યપદ્ધતિ શ્રી અરવિંદ બાલ–કેન્દ્રો, જેની વ્યવસ્થા શિક્ષા મંત્ર્યાલય કરે છે, એના નમૂના પર તૈયાર થશે. આ બાલ-કેન્દ્રોમાં રમતગમતના કાર્યક્રમો ઉપરાંત બાળક-બાળિકાઓને ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશનો પરિચય આપવાનો પ્રબંધ કરાશે.

**ભગવાન મહાવીર ગ્રામપુસ્તકાલયોની સ્થાપના**

દરેક રાજ્યમાં એક ગ્રામપુસ્તકાલય ભવનની સ્થાપના કરવામાં આવશે, જેની સાથે ભગવાન મહાવીરનું નામ જોડવામાં આવશે. આ પુસ્તકાલયો રાજ્યનાં નેહરુ-યુવા-કેન્દ્રો સાથે સંકળાયેલાં રહેશે. આ કામમાં છ લાખ રૂપિયાનો ખર્ચ થશે. એનો ઉપયોગ પુસ્તકાલય ભવનના નિર્માણમાં તથા રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશન પાસેથી પુસ્તકો ખરીદવામાં થશે. આ પુસ્તકાલયના યોગ્ય સંચાલનમાં નેહરુ-યુવા-કેન્દ્ર તથા રાજ્ય સેવા યોજનાના સ્વયંસેવકો તેમ જ આસપાસની શિક્ષણ સંસ્થાઓનો સહકાર મેળવવામાં આવશે.

**ભગવાન મહાવીરની જન્મભૂમિ કુંડગ્રામ, વૈશાલીમાં સ્મારકનું નિર્માણ**

ભગવાન મહાવીરની જન્મભૂમિમાં પાણીની એક ટાંકીનું નિર્માણ થશે. આ ટાંકીના પાણીનો ઉપયોગ આ સ્થાનની સૌન્દર્ય-વૃદ્ધિ વગેરે માટે જ નહિ થાય, પરંતુ ખાસ કરીને હરિજનોના ઉપયોગ માટે પાણી ઉપલબ્ધ કરવાનો પણ એનો હેતુ રહેશે. આ સ્થાન પર એક સ્મારક બાંધવામાં આવશે, જેમાં ભગવાન મહાવીરના જીવનની ઘટનાઓને સ્થાપત્યના માધ્યમ દ્વારા આલેખવામાં આવશે તેમ જ ભગવાન મહાવીરના ઉપદેશનાં આલેખનો પણ મૂકવામાં આવશે. આ સ્થળે જૈન સમાજના શ્વેતાંબર અને દિગંબર બંને ફિરકા પોતપોતાનાં મંદિરો બાંધી શકે એવી વ્યવસ્થા પણ રહેશે. ભારત સરકાર આ કામ માટે અઢી લાખ રૂપિયાનું અનુદાન આપશે અને બિહાર સરકાર પણ આ કાર્ય માટે એટલી જ રકમ આપશે. આ યોજનાનું સંચાલન બિહાર સરકાર કરશે. સ્મારકના નિર્માણમાં તેમ જ એની વ્યવસ્થામાં જૈન સમાજનો બધા જ પ્રકારનો સહકાર મેળવવામાં આવશે.

**નેશનલ કાઉન્સિલ ઓફ જૈનોલોજિકલ સ્ટડીઝ એન્ડ રિસર્ચની એક સ્વાયત્ત સંસ્થાના રૂપમાં સોસાયટીઝ રજિસ્ટ્રેશન ધારાની અંતર્ગત સ્થાપના કરવી.**

આ સંસ્થા દેશના જુદા જુદા વિસ્તારોમાં સ્થપાયેલી શોધ-સંસ્થાઓ અને કેન્દ્રોમાં ઉચ્ચ સ્તરે જૈન-સંશોધન પ્રવૃત્તિઓની સાથે મળીને આયોજના કરશે અને એના વિકાસની વ્યવસ્થા કરશે. કાઉન્સિલ આ પ્રકારનાં કાર્યોમાં રોકાયેલી સંસ્થાઓ વચ્ચે પારસ્પરિક સહકાર થાય અને બની શકે તો સમાન અને સંયુક્ત કાર્યક્રમોની યોજના કરવાનો પ્રયત્ન કરશે. આ હેતુસર સંસ્થા સમય સમય પર ભગવાન મહાવીર સ્મારક વ્યાખ્યાનમાળા યોજશે. દેશવિદેશના વિદ્વાનોનું અતિથિ–વ્યાખ્યાતા અને સંશોધકનું પારસ્પરિક આદાનપ્રદાન કરશે તથા સંશોધન માટે છાત્રવૃત્તિઓ, ગોષ્ઠિઓ અને સંશોધન સંસ્થાઓના નિર્દેશક તેમ જ મુખ્ય અધિકારીઓની સંયુક્ત બેઠકો યોજવાની વ્યવસ્થા પણ કરશે. કાઉન્સિલના સભ્ય તરીકે જૈન સમાજના પ્રતિનિધિઓ, વિદ્વાનો અને જૈન સંશોધન સંસ્થાઓના સંચાલકોનો સમાવેશ કરવામાં આવશે. શિક્ષણ કાર્યક્રમોની આયોજના અને સંચાલનમાં જે સમિતિ આ સંસ્થાને સહાય કરશે એના સભ્યો તરીકે જૈન સંશોધનકાર્યમાં રોકાયેલી સંસ્થાઓના સંચાલકો રહેશે. સંસ્થાનું કાર્યાલય વનસ્થલીના સ્મારક ભવનમાં રાખવામાં આવશે. ભારત સરકાર આ કાઉંસિલની સ્થાપના માટે દસ લાખ રૂપિયાનું અનાવર્તક અનુદાન આપશે. આ કાઉન્સિલની સ્થાપના અને બીજા કાર્ય માટે જે ધનની જરૂર પડશે એની વ્યવસ્થા સ્વૈચ્છિક લવાજમ દ્વારા કરવામાં આવશે.

જુદાં જુદાં કેન્દ્રોમાં જૈનવિદ્યાના સંશોધનકાર્યને પુષ્ટિ આપવા માટે અને એનો વિકાસ કરવા માટેના કાર્યક્રમમાં આ કાઉન્સિલ બે સંસ્થાઓને પ્રથમ પસંદગી આપશે: (૧) વૈશાલીની સંશોધન સંસ્થાને, કેમ કે ત્યાં ભગવાન મહાવીરનો જન્મ થયો હતો; અને (૨) મહિસુર વિશ્વવિદ્યાલયમાં સ્થપાયેલી જૈન શોધપીઠને, કેમકે દક્ષિણમાં ઘણા મોટા પ્રમાણમાં જૈન સામગ્રી છે અને એનું અધ્યયન હજુ સુધી સારી રીતે થયું નથી.

**પ્રકાશન કાર્યક્રમ**

ભારત સરકાર નીચે પ્રમાણેના પ્રકાશન કાર્યક્રમને પૂરો કરવા

માટે જૈન સમાજને ચાર લાખ રૂપિયાનું અનુદાન આપશે અને જૈન સમાજ વધારે નહિ તો ઓછામાં ઓછી આટલી રકમ તો પ્રકાશન કાર્યક્રમો માટે ખરચશે:

૧. જન કલા અને સ્થાપત્યનું સચિત્ર પ્રામાણિક સર્વેક્ષણ.

૨. સર્વસાધારણના ઉપયોગ માટે જૈનધર્મ અને સિદ્ધાન્તો વિશે જુદી જુદી ભાષાઓમાં મોટી સંખ્યામાં પુસ્તક – પુસ્તિકાઓનું પ્રકાશન.

૩. મહાવીર ડાયરી, પ્રત્યેક પૃષ્ઠ પર ભગવાન મહાવીરનાં ઉપદેશ–વાકયો રહેશે.

૪. જૈન શાસ્ત્રોમાંથી સંકલન કરીને ઉપદેશ – વચનોનો સંગ્રહ વિવિધ ભાષાઓમાં.

૫. ભગવાન મહાવીરનું જીવન–ચિત્રોમાં.

૬. ભારતીય સંસ્કૃતિમાં જૈનધર્મનું યોગદાન – ડૉ. હીરાલાલ જૈને લખેલા આ પુસ્તકનો અંગ્રેજી, મરાઠી અને ગુજરાતી અનુવાદ.

૭. સ્ટડીઝ ઈન જૈન ફિલોસોફી (અંગ્રેજી) – ડૉ. નથમલ ટાંટિયા (પુનર્મુદ્રણ).

૮. પંચાસ્તિકાય–મૂળ તથા અંગ્રેજી અનુવાદ–પ્રો. એ. ચક્રવર્તી દ્વારા (પુનર્મુદ્રણ).

૯. ભગવાન મહાવીર સંબંધી સ્તોત્રો, સ્તુતિઓ વગેરેનું ભારતીય ભાષાઓમાંથી સંકલન. દેવનાગરી લિપિમાં મૂળ તથા હિન્દી અનુવાદ.

૧૦. જૈન તમિલ સાહિત્ય પર પુસ્તક.

૧૧. અહિંસા - વાણી (સંકલન)

૧૨. જૈન વિશ્વકોષ (વૈશાલી સંસ્થા દ્વારા)

**ભગવાન મહાવીરનું જીવન અને સિદ્ધાન્ત**

આ ગ્રંથની તૈયારી નિર્વાણ મહોત્સવ મહાસમિતિની સાહિત્ય નિર્માણ સમિતિ દ્વારા થશે. એનું પ્રકાશન અંગ્રેજી તેમ જ બીજી ભારતીય ભાષાઓમાં થશે. આ ગ્રંથની અંગ્રેજી આવૃત્તિ તૈયાર કરવા માટે તેમ જ એના પ્રકાશન માટે પચાસ હજાર રૂપિયાની વ્યવસ્થા છે. બીજી ભારતીય ભાષાઓમાં અનુવાદ પ્રગટ કરવાનું કામ નેશનલ બુક ટ્રસ્ટની પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદ કરાવવાની યોજનાની અંતર્ગત થશે. સંપૂર્ણ પ્રકાશન કાર્યક્રમ પર દેખરેખ રાખવાનું કામ નીચેનું પ્રકાશન મંડળ કરશે:

૧. શ્રી સી. સી. શાહ (સંયોજક), ૨. ડૉ. એ. એન. ઉપાધ્યે, ૩. શ્રી શ્રીચંદ રામપુરિયા, ૪. શ્રી દલસુખ માલવણિયા, ૫. ડૉ. નથમલ ટાંટિયા, ૬. શ્રી અગરચંદ નાહટા, ૭. શ્રી યશપાલ જૈન, ૮. શ્રી જેઠાભાઈ ઝવેરી, ૯. શ્રી સુન્દરલાલ જૈન, ૧૦. શ્રી અક્ષયકુમાર જૈન, ૧૧. શ્રી લક્ષ્મીચંદ જૈન (સહ- સંયોજક), ૧૨. શ્રી શાંતિભાઈ વનમાળી શેઠ.

**મહોત્સવ સંબંધી કાર્યક્રમ**

મહોત્સવ અંગે થનારા કાર્યક્રમ પર ભારત સરકાર બે લાખ રૂપિયા ખર્ચશે. મહોત્સવ અંગે જે કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે, એ નીચે મુજબ છે:

૧. મહોત્સવ અંગેના કાર્યક્રમ તા. ૧૩ નવેમ્બર ૧૯૭૪થી તા. ૧૫ નવેમ્બર ૧૯૭૫ સુધી એક વર્ષપર્યંત ચાલશે.

૨. સાર્વજનિક સમારંભ પાટનગર દિલ્હીમાં રાષ્ટ્રીય સમિતિના તત્ત્વાવધાનમાં તથા રાજ્યોનાં પાટનગરો અને મહાનગરો તેમ જ બીજાં મુખ્ય શહેરો તથા એ બધાં સ્થાનોમાં કે જેનો સંબંધ ભગવાન મહાવીર સાથે રહ્યો છે. (વૈશાલી, પાવાપુરી, વગેરેમાં). ત્યાં રાજ્યોની મધ્યસ્થ સમિતિઓના તત્ત્વાવધાનમાં તા. ૧૩ થી ૧૫ નવેમ્બર ૧૯૭૪ દરમિયાન આવા સમારંભો યોજાશે. આ સિવાય એક વર્ષ સુધી જુદાં જુદાં સ્થળોએ સાર્વજનિક સમારંભો યોજવામાં આવશે.

૩. જૈન કલા, સાહિત્ય, ચિત્ર, સ્થાપત્ય અને હસ્તપ્રતોનાં પ્રદર્શનોનું આયોજન (રાષ્ટ્રીય સંગ્રહાલય).

૪. જૈનધર્મ તથા ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશો વિશે આકાશવાણી, ટેલિવિઝન તથા અન્ય આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા મહોત્સવ–વર્ષ દરમિયાન વાર્તાલાપો, ચર્ચાઓ વગેરેનું પ્રસારણ થશે.

૫. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય માધ્યમો દ્વારા જૈન કલા, સ્થાપત્ય, ચિત્રકલા અને જૈન તીર્થો અંગેની ડોકયુમેન્ટરી ફિલ્મોનું નિર્માણ અને પ્રદર્શન (સૂચના અને પ્રસારણ મંત્રાલય).

૬. ૧૩ નવેમ્બર ૧૯૭૪ના રોજ ટપાલની ટિકિટ તેમ જ ફર્સ્ટ ડે કવર્સ બહાર પાડવામાં આવશે.

૭. યુનેસ્કોને એવો અનુરોધ કરવામાં આવે કે સને ૧૯૭૪ની વિશેષ તિથિઓમાં એ મહોત્સવનો પણ સમાવેશ કરે અને યુનેસ્કોની પત્રિકા 'કુરિયર'નો વિશેષાંક પ્રગટ કરે. (શિક્ષા અને સમાજ-કલ્યાણ મંત્રાલયના આઈ. એન. સી. વિભાગ દ્વારા)

૮. વિશ્વવિદ્યાલયો તથા અન્ય શિક્ષણ સંસ્થાઓમાં ભગવાન મહાવીરના જીવન અને સિદ્ધાન્તો પર વિચારગોષ્ઠિઓનું આયોજન. (વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ)

૯. વિભિન્ન નગરોમાં મહોત્સવ–વર્ષમાં સમય સમય પર વિચારગોષ્ઠિઓ અને સેમિનારોનું આયોજન – જેમાં ભગવાન મહાવીરના જીવન અને એમના સિદ્ધાન્તો, વિશેષ કરીને અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તની આજના જીવનની સમસ્યાઓના સંદર્ભમાં વિચારણા. (જૈન સંસ્થાઓ અને સંગઠનો દ્વારા દેશભરમાં આયોજન)

૧૦. જૈનધર્મમાં પ્રવીણ વિદ્વાનોને વિદેશોમાં જૈનવિદ્યાનાં વિભિન્ન અંગો અને પાસાઓનો ખ્યાલ આપવા માટે મોકલવામાં આવે. એ જ રીતે જે વિદેશી વિદ્વાનોનું જૈનધર્મના અધ્યયનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન હોય એમને નિમંત્રણ આપવામાં આવે. (ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ).

૧૧. નિર્વાણ મહોત્સવ વર્ષને અહિંસા (શાંતિ) વર્ષ તરીકે જાહેર કરવામાં આવે. (ગૃહ મંત્રાલય).

૧૨. ૧૩. નવેમ્બર ૧૯૭૪ ને 'ડ્રાય ડે' તરીકે જાહેર કરવામાં આવે. શરાબનો ઉપયોગ એ દિવસે બંધ રહે. (ગૃહ મંત્રાલય તથા રાજ્ય સરકારો)

૧૩. દેશવિદેશની સમાચાર એજન્સીઓ તથા પત્ર-પત્રિકાઓને અનુરોધ કરવામાં આવે કે તેઓ આ અવસર પર વિશેષાંક પ્રગટ કરે. (સૂચના અને પ્રસારણ મંત્રાલય.)

## ઋતંભરા વિદ્યાપીઠ

ઋતંભરા વિદ્યાપીઠ દ્વારા નીચેના કાર્યક્રમો યોજાયા છે:

(૧) તા. ૧ લી ઓકટોબર ૧૯૭૩, પરમાનંદ કાપડિયા હોલમાં બપોરે ૩-૩૦ વાગે શ્રીમતી શ્યામાબહેન મિત્રનું ગાંધી આખ્યાન રાખવામાં આવ્યું છે, જેમાં જૈન યુવક સંઘના સદસ્યો સાદર નિમંત્રિત છે.

(૨) તા. ૩ જી નવેમ્બર ૧૯૭૩, શનિવારના રોજ બપોરે ત્રણ વાગે પરમાનંદ કાપડિયા હોલમાં યોગાસન અને જુડો (સ્વરક્ષણ)નો અભ્યાસ વર્ગો બહેનો માટે શરૂ થનાર છે. તેમાં ભાગ લેવા માટેના પ્રવેશપત્ર હોલ ઉપરથી મળશે.

(૩) ભોંસલે મિલિટરી સ્કૂલની ૨૦મી શિબિર નાસિકમાં બહેનો માટે ૫ ઓકટોબરથી ૨૪ ઓકટોબર ૧૯૭૩ સુધી સંપન્ન થશે. જે બહેનોને ફોર્મ્સ જોઈએ તેમને પ. કા. હોલ ઉપરથી મળશે. આ શિબિરમાં શારીરિક તાલીમ, શૂટિંગ, ઘોડેસવારી, તરણ, યોગાસન વગેરેની તાલીમ આપવામાં આવશે.

## . . . :આપણો સાહિત્ય વારસો

આપણો સાહિત્ય વારસો પુસ્તક શ્રેણીના બીજા સેટની થોડી નકલોના ઓર્ડર નોંધાવી શકાય તેમ હોવાથી જેમને ઇચ્છા હોય તેઓ સંઘના કાર્યાલયમાં સવેળા પોતાના નામ નોંધાવી જાય.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણલાલ શાહનું સન્માન

તા. ૧૫-૯-'૭૩ શનિવારના રોજ સાંજના, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત વ્યાખ્યાનમાળાની સફળતા અંગે આનંદ વ્યકત કરવા તેમજ તેના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહનું સન્માન કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સીમિત આકારનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું.

પ્રથમ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે બોલતાં જણાવ્યું કે, સ્વ. પરમાનંદભાઈની શિખામણ મુજબ અમો સંઘની સીમિત આકારની પ્રવૃત્તિઓને વળગી રહ્યા છીએ, અને જેટલી છે તેટલી પ્રવૃત્તિઓનો વિકાસ થાય તેને માટે સતત ચિંતનશીલ રહીએ છીએ અને સૌના સહકારથી સંઘની દરેક પ્રવૃત્તિઓ વિકાસ સાધી રહી છે. અમારી વ્યાખ્યાનમાળાને ડૉ. રમણલાલ શાહ જેવા યોગ્ય પ્રમુખ સાંપડી ગયા છે અને 'પ્રબુદ્ધ જીવન' ના મંત્રી તરીકે ગુરુબ્બી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, પોતાના વ્યવસાયમાંથી સમય કાઢીને ચિંતનશીલ લખાણો લખે છે અને એ રીતે તેને સમૃદ્ધ બનાવી રહ્યા છે. કમિટીના સભ્યોનો પણ પ્રવૃત્તિઓને પૂરો સહકાર મળે છે. એ કારણે પ્રવૃત્તિઓ વિકસી રહી છે તે અમારા માટે ખરેખર ગૌરવનો વિષય બની રહે છે. આ વખતની વ્યાખ્યાનમાળા સાંગોપાંગ સફળ નીવડી તે માટે ડૉ. રમણલાલ શાહનું હું અભિવાદન કરું છું અને સંગીતજ્ઞ બહેનો વગેરેએ જેમણે જેમણે અમને સહકાર આપ્યો છે તે સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ બોલતાં જણાવ્યું કે આજનો સમાજ જ્યારે વૈચારિક રીતે નીચે ઊતરતો રહ્યો છે ત્યારે, માનવીજીવનનું ઉત્થાન થાય એવા વિચારો તેમની સમક્ષ વ્યકત કરે એવી વ્યાખ્યાનમાળાઓની ખાસ જરૂર ગણાય. અને આપણી વ્યાખ્યાનમાળાની એ વિશિષ્ટતા છે કે તેમાં જે શ્રોતાવર્ગ આવે છે તે બુદ્ધિશાળી વર્ગ હોય છે અને એ કારણે વ્યાખ્યાતાઓ પણ તેમના વિષયમાં પૂરા તૈયાર થઈને આવતા હોય છે. અને ડૉ. રમણલાલ શાહ પ્રમુખ તરીકે જે રીતનું સંચાલન કરી રહ્યા છે તે માટે આપણે ખરેખર તેમના ઋણી છીએ. તેમના પ્રત્યે હું અંતરનાં અભિનન્દનની લાગણી વ્યકત કરું છું.

ત્યાર બાદ વ્યાખ્યાનમાળાના એક વકતા શ્રી કાન્તિલાલ કાલાણીએ બોલતાં જણાવ્યું કે શ્રોતાઓ સમક્ષ 'કુરળ' રજૂ થયું અથવા તે જાહેરમાં આવ્યું તેના માટે સાચા અભિનન્દનનો અધિકારી હું નહિ પણ ડૉ. રમણલાલ છે. 'કુરળ' વિશે જાહેરમાં પ્રથમ બોલવાનું તેમણે શરૂ કર્યું, તેમની પાછળ હું ચાલ્યો.

તેમનામાં અનેક વિષયોમાં રસ લેવાની વૃત્તિ કાયમ રહી છે અને 'ક્રિયેટ' થયેલી વસ્તુને સુંદર રીતે રજૂ કરવાની કલા તેઓ સારી રીતે વિકસાવી શકયા છે.

તેમના ઉપરછલ્લા દર્શનથી તેમની વિદ્વત્તાનો ખ્યાલ ન જ આવે - જેમ ઝાડના થડને તોડીને જોવાથી તેમાંથી કાંઈ જ જોવા ન મળે, પરંતુ તે હજારો ફૂલો ખીલવતું હોય છે, એ જેમ તેની આંતરિક ગૂઢતા છે, તેવું જ વિદ્વત્તાની બાબતમાં શ્રી રમણભાઈનું કહી શકાય. વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે રમણભાઈ પૂરા સફળ થયા છે તે સાબિત થયેલી વસ્તુ છે, એટલે તેને વિષે હવે વધારે સાબિતીની જરૂર જણાતી નથી. તેમના પ્રત્યે હું મારા ઊંડા દિલની શ્રદ્ધા વ્યકત કરું છું.

ત્યાર બાદ શ્રી હીરાબેન પાઠકે બોલતાં જણાવ્યું કે યજ્ઞ થાય તેની પાછળ ઉજવણું થાય છે, એ રીતે આપણે જ્ઞાનયજ્ઞની સફળતાનું ઉજવણું કરવા આજે મળ્યા છીએ. સંઘમાં બધું એકરાગે કામ ચાલી રહ્યું છે એ સંઘનું સદ્‌ભાગ્ય છે અને આવા સદ્‌પ્રવૃત્તિઓ ચલાવતા સારા માણસોનો સંગ કરવામાં આનંદ આવતો હોય છે.

સ્વ. પરમાનંદભાઈએ જે પરિપાટી બાંધી છે એ પ્રમાણે બધું જ સરળ રીતે ચાલી રહ્યું છે. ખરેખર આવી પ્રવૃત્તિ માનવીને ઊંચી માનવતા તરફ લઈ જાય છે. સંપ્રદાયથી નિરપેક્ષ રહીને આવી જ્ઞાનસભર પ્રવૃત્તિઓ ચલાવનાર આ જૂથ રસાયણરૂપ લાગે છે.

રમણભાઈ યુવાન હોવા છતાં, પરંપરાની ઉત્તમ ભાવનાઓને લક્ષમાં રાખીને ચાલનારા પીઢ પુરુષ છે. તેમને મારા અંતઃકરણનાં અભિનંદન આપું છું.

શ્રી કે. પી. શાહે કહ્યું કે પરમાનંદભાઈ ભલે સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની પ્રવૃત્તિઓ જે રીતે વિકાસ સાધી રહી છે એથી એમ લાગે છે કે તેઓ હરપળે આપણી વચ્ચે જ છે.

આપણા વ્યાખ્યાનમાળાના શ્રોતાઓ અત્યંત ઉત્કૃષ્ટ કોટિના છે, એટલે તેમના પણ આપણે આભારી છીએ.

આપણો સંઘ જનતાને વૈચારિક ભાથું તો પૂરું પાડી રહ્યો છે પણ તેને સભ્યો માટેનું એક આનંદકેન્દ્ર પણ ગણાવી શકાય. આપણે સંઘનું બળ વધારતા રહીએ.

વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે ડૉ. રમણલાલે બોજો ઉપાડી લીધો છે એ કારણે આપણા પ્રમુખ શ્રી ચીમનભાઈનો બોજો એટલો હળવો થયો છે એટલું જ નહિ પરંતુ તેઓ ખૂબ જ નિરાંત અનુભવે છે.

સમાજ માટે નિષ્ઠાથી કાર્ય કરવું એમાં જ જીવન જીવવાનો ખરો આનંદ મળે છે.

પાર્લા - વ્યાખ્યાનમાળાના એક કાર્યકર શ્રી ઈશ્વરભાઈએ બોલતાં જણાવ્યું કે છ વર્ષ પહેલાં સ્વ. પરમાનંદભાઈ પાર્લા આવેલા ત્યારે અમને પાર્લામાં વ્યાખ્યાનમાળા શરૂ કરવાનું સૂચન કરેલું. અમને ઝઘડા થવાનો ભય હતો, પરંતુ તેમની પ્રેરણાથી પાંચ વર્ષ પહેલાં અમે વ્યાખ્યાનમાળાની શરૂઆત કરી. પહેલે વર્ષે અમારો ભય સાચો પડયો અને વાતાવરણ કલુષિત બન્યું, પરંતુ હવે ચાર વર્ષથી અમો બરાબર ચલાવીએ છીએ.

મારું એવું નમ્ર સૂચન છે કે વ્યાખ્યાનમાળા દરમિયાન જૈન ધર્મને અનુલક્ષીને વ્યાખ્યાન આપે એવા ત્રણેક વિદ્વાન વ્યાખ્યાતાઓને બોલાવવા જોઈએ અને તેમનો લાભ પરાંની બધી જ વ્યાખ્યાનમાળાઓને મળે એવું આયોજન કરવું જોઈએ.

ત્યાર બાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે બોલતાં જણાવ્યું કે કોઈ મોટું કામ પાર પડયું હોય અને તેનો જે આનંદ થાય એવા આનંદને વ્યકત કરવા માટે આપણે આજે મળ્યા છીએ.

હું અહીં થોડી અંતરંગ વાત કરું તો તે અસ્થાને નહિ ગણાય.

પરમાનંદભાઈના અવસાન પછી સંઘની પ્રવૃત્તિઓ ચાલશે નહિ એવું ઘણાનું માનવું હતું. પહેલે વર્ષે જરા અઘરું લાગતું હતું. પરંતુ ત્રણ વ્યાખ્યાનમાળા સફળતાપૂર્વક પાર કરવાથી હવે આપણે પરીક્ષામાં પાસ થયા છીએ એમ કહું તો અતિશયોકિત નહિ ગણાય. અને સ્વસ્થતાપૂર્વક કહી શકાય કે હવે આપણી પ્રવૃત્તિઓ બરાબર ચાલશે.

હું દૃઢપણે એમ માનું છું કે સંસ્થાને વ્યકિતલક્ષી બનાવવી જોઈએ નહિ. અમુક જ વ્યકિત પર સંસ્થાનો આધાર રહે તે સંસ્થા તેમ જ વ્યકિત માટે સારું ન કહેવાય. એટલે આ કામ ડૉ. રમણભાઈને સોંપ્યા પછી હું નિશ્ચિંત બન્યો છું.

ઘણા એમ માનતા હોય છે કે અમુક વ્યકિતની પરંપરા જળવાઈ રહે, પરંતુ, દરેક વ્યકિતનું ધોરણ અલગ હોય છે, કોઈનું

અનુકરણ કરવું તે વાજબી નથી. તેમ કરવામાં કૃત્રિમતા આવવાની જ.

ઝાલાસાહેબ પછી પ્રમુખ તરીકે કોને મૂકવા તેની ભારે વિમાસણ હતી ત્યારે મને લાગ્યું કે શ્રી રમણભાઈ આ સ્થાનને દીપાવશે, અને એમણે મારો અંદાજ સાચો પાડયો. તેમનામાં વિદ્વત્તા સાથે નમ્રતાનો મોટો ગુણ રહેલો છે. તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

તેમણે જેમ વ્યાખ્યાનમાળાનો બોજો ઉપાડયો છે તેમ 'પ્રબુદ્ધ જીવન'નો બોજો પણ ભવિષ્યમાં તેમણે જ ઉપાડવાનો છે, તેમ આજે જાહેર રીતે હું તેમને કહું છું.

'પ્રબુદ્ધ જીવન' સંભાળ્યું ત્યારે હું તેને કેવો ન્યાય આપી શકીશ તે નક્કી નહોતું. કેમકે લખવાની મને બિલકુલ ટેવ નહોતી. પ્રથમ લખતો કર્યો મને રામનારાયણ પાઠકે - તેમના 'પ્રસ્થાન' પત્ર માટે. તે બંધ થયું અને મારું લખવાનું બંધ થયું. પરંતુ ત્યારબાદ મારી પાછળ પડીને મને લખતો કર્યો સ્વ. પરમાનંદભાઈએ.

માણસમાં વિચારધન હોય તો ભાષા તેનામાં આવી શકે છે. મારી પાસે એવું ભાષાજ્ઞાન નથી, પરંતુ હું એની ચિંતા કરતો નથી. હું તો સચોટ રીતે લખવાની જ ચિંતા કરું છું.

'પ્રબુદ્ધ જીવન'ના લેખો મેળવવાનું વિ. કામ આપણે શ્રી ત્ર્યંબકભાઈ મહેતાને સોંપ્યું છે, તે બોજો તેમણે ઉપાડી લીધો છે અને 'પ્રબુદ્ધ જીવન'ની સફળતાનો અમુક યશ તેમને ફાળે જાય છે. મારે કહેવું જોઈએ કે મને યોગ્ય વ્યકિત મળી ગઈ છે, અને તેનો મને સંતોષ છે.

વ્યાખ્યાનમાળામાં આપણને ભારતીય વિદ્યાભવન પણ નાનું પડે છે તેનો યશ શ્રોતાઓને ફાળે જાય છે. આપણો શ્રોતાગણ વિશિષ્ટ છે. કમિટીના બધા સભ્યોએ જે ઉત્સાહપૂર્વક કામ ઉપાડી લીધું છે તેનો મને સંતોષ છે.

ત્યાર બાદ સુખડના હારથી ડૉ. રમણભાઈનું તેમણે અભિનંદન કર્યું હતું.

ડૉ. રમણલાલ શાહે સન્માનનો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, બધા વકતાઓએ આજની સભામાં મારા વિષે જે કહ્યું તે ઉપસર્ગ બરાબર હતું એમ કહું તો ચાલે.

ઉપસર્ગો બે જાતના છે. પ્રતિકૂળ અને અનુકૂળ—નિંદા અને પ્રશંસાવાળા.

બધાં બોલતાં હતાં ત્યારે મારું આત્મનિરીક્ષણ ચાલી રહ્યું હતું. હું વિચારતો હતો કે જે કહેવાય છે તે અને હું જે છું તે - બે વચ્ચે કેટલું બધું અંતર છે. પરંતુ આ તો બધાંની સદ્ભાવના અને પ્રેમનું પરિણામ છે એમ મેં માન્યું.

વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે તો મારા માટે સાવ નવો જ અનુભવ હતો.

માઈક પાસે બેસવું, બે વ્યાખ્યાનો ચુપચાપ સાંભળવા તે પણ સ્વાધ્યાય જેવું થયું. મારા માટે તો આ ખૂબ જ લાભદાયી બન્યું છે. દરરોજ બે વ્યાખ્યાનો ચિત્તની તલ્લીનતાપૂર્વક સાંભળવા એ તો એક લહાવો છે.

કાર્યકરોએ આટલો બધો વિશ્વાસ મારામાં મૂકયો તેને હું તેમની સદ્ભાવના ગણું છું.

ખરેખર તો કાર્યકર્તાઓએ કાર્ય કર્યું છે—એટલે સફળતામાં તો હું અંશમાત્ર ગણાઉં.

સ્વ. પરમાનંદભાઈ કહેતા કે ચારિત્ર્યમાં બુઠ્ઠો હોય તેને વકતા તરીકે આપણી વ્યાખ્યાનમાળામાં સ્થાન ન હોય - એટલે મારે મારી જવાબદારી માટે વિશેષ સભાન રહેવું જોઈએ - અને રહીશ.

આપણા શ્રોતાઓ એટલા બધા શિસ્તબદ્ધ છે કે, વકતાઓને પણ વિચાર કરતા કરે. વકતા જો તૈયારી વગર આવ્યા હોય તો તેને ક્ષોભ થાય.

આપણા શ્રોતાઓ ખરેખરા શ્રોતાઓ છે.

મારાં પત્નીનો પણ મારે જાહેરમાં આભાર માનવો જોઈએ; કેમકે અમારી દરરોજની આ અંગેની ચર્ચામાં તેમનાં ઘણાં સૂચનો મને ઉપયોગી નીવડયાં છે.

આપણી વ્યાખ્યાનમાળા એક જ્ઞાનસત્ર છે. આને સ્વાધ્યાયની પરંપરા ગણાવી શકાય.

વ્યાખ્યાનમાળાના વિવિધ વિષયો સાથે જૈનદર્શન અંગેના બે-ત્રણ વ્યાખ્યાનો રાખવા માટે અમારું લક્ષ્ય હોય જ છે.

તમારા બધાની આટલી બધી સદ્ભાવનાઓથી હું ખરેખર કૃતકૃત્યતા અનુભવું છું.

સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ શાહે કહ્યું કે આગળના બધા જ વકતાઓએ પ્રમુખનો આભાર માન્યો છે, તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

આને વ્યાખ્યાનમાળાની સફળતા માટે હું કૃતકૃત્યતા અનુભવું છું.

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

# સ્વ. તારાબહેન મોડક

શિક્ષણશાસ્ત્રી શ્રી તારાબહેન મોડકનું ૮૧ વર્ષની પાકટ વયે અવસાન થયું, એમ થતાં બુનિયાદી શિક્ષણક્ષેત્રે એક મોટી ખોટ પડી.

શ્રી તારાબહેન મોડકનો જન્મ ૧૯-૪-૧૮૯૨ના રોજ મુંબઈમાં મહારાષ્ટ્રિયન કુટુંબમાં થયો હતો. તેઓ વિલ્સન કૉલેજમાં ગ્રેજ્યુએટ થયાં હતાં અને મુંબઈની ઍલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના પ્રથમ હિંદીના પ્રિન્સિપાલ શ્રી વામન એ. મોડકના પુત્ર, સુપ્રસિદ્ધ વકીલ શ્રી કૃ. વા. મોડક સાથે તેઓ લગ્નગ્રન્થિથી જોડાયાં હતાં.

નાગપુર કૉંગ્રેસ વખતે ગાંધીજીએ યુવાનોને સેવાક્ષેત્રે ઝંપલાવવાની હાકલ કરેલી તેને માન આપીને તેમણે બાળશિક્ષણક્ષેત્રે ઝંપલાવ્યું અને એ ક્ષેત્રે તેમણે જીવનના અંતપર્યંત સેવા આપી.

શ્રી ગિજુભાઈના બાળશિક્ષણસેવાયજ્ઞમાં જોડાઈને એ ક્ષેત્રે અવનવા પ્રયોગો કર્યા. શિશુશિક્ષણનો સંગીન પાયો નાખવામાં તેઓ સહભાગી થયાં. દક્ષિણામૂર્તિના બાળમંદિરનો પ્રથમ આદર્શ નમૂનો ગિજુભાઈ અને તારાબહેને, સંયુકત પ્રયાસથી ખડો કર્યો. અને એ ધોરણે અનેક બાળમંદિરો ગુજરાતમાં સ્થપાયાં.

નૂતન બાળશિક્ષણ સંઘ તરફથી 'શિક્ષણ-પત્રિકા' નામનું સામયિક શરૂ થયેલ, તેના તંત્રી તરીકે તેઓએ દાયકાઓ સુધી સેવા આપી.

પોતાની કારકિર્દીના એક દાયકા જેટલાં શ્રેષ્ઠ વર્ષો ગુજરાતમાં ગાળીને, અમરાવતી - વાસદ વગેરે સ્થળોએ થોડો થોડો સમય ગાળ્યો અને ત્યાર બાદ ૧૯૩૬માં તેમણે દાદરમાં શિશુવિહારની સ્થાપના કરી, જે સંસ્થા ફાલીફૂલીને આજે અધ્યાપન—મંદિર અને માધ્યમિક શાળા સુધી વિકાસ પામી છે.

ત્યાર બાદ ૧૯૪૬માં ગાંધીજીના આશીર્વાદ મેળવી પ્રથમ થાણા જિલ્લાના બોરડી અને ત્યાર બાદ દહાણુના 'કોસબાડ ટેકરી'ના વિસ્તારમાં, ખેડૂતો તેમ જ આદિવાસીઓનાં બાળકોમાં શિક્ષણના સંસ્કાર રેડવાના અણખેડાયેલા ક્ષેત્રમાં તેમણે પ્રવેશ કર્યો. ત્યાં તેમણે પારણાંઘરો, બાળવાડીઓ, જંગલશાળાઓ, પૂર્વપ્રાથમિક શાળાઓ, ઉદ્યોગવર્ગ અને અધ્યાપન મંદિર - જેવી વિવિધ પ્રવૃત્તિઓની શરૂઆત કરી. આગળ જતાં એ સ્થળ એક વિદ્યાધામ બની ગયું.

મોન્ટેસોરી સંમેલન અંગે તેમણે યુરોપના દેશોનો પણ પ્રવાસ કર્યો. તેઓ મહારાષ્ટ્ર વિધાનસભાનાં સભ્ય પણ બન્યાં. બાળશિક્ષણ અંગેનાં એમનાં બે અંગ્રેજી પુસ્તકો કેન્દ્ર સરકારે પ્રગટ કર્યાં છે. એ સિવાય પણ તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. આ રીતે કેળવણીક્ષેત્રે તેઓ એક વ્યકિત મટી સંસ્થારૂપ બની ગયાં.

એમની સેવાની કદરરૂપે ભારત સરકારે તેમને પદ્મવિભૂષણનો ખિતાબ એનાયત કર્યો છે.

યુવક સંઘના સભ્યોનું એક પર્યટન તા. ૨૮ - ૨૯ ઑગસ્ટ, ૧૯૬૪ના રોજ અમે કોસબાડ ટેકરી પર લઈ ગયેલા, ત્યારે ત્યાંના તેમના કાર્યક્ષેત્રના દર્શનથી અમે ખૂબ પ્રભાવિત થયેલા અને તેમનું પ્રેમપૂર્વકનું આતિથ્ય અમે માણેલું.

એમના શિક્ષણસેવાયજ્ઞથી નવું કલેવર પામેલ અનેક વ્યકિતઓની આશિષ સદાય તેમના પર વરસતી રહેશે.

શાન્તિલાલ ટી. શેઠ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ગુજરાત-રાજસ્થાન રેલરાહત ફંડ

ગુજરાતમાં અભૂતપૂર્વ રેલસંકટ આવ્યું છે. મોટા પાયા પર જાનહાનિ થવા ઉપરાંત લાખો એકર જમીનનો પાક ધોવાઈ ગયો છે. હજારો મકાનો અને ઝૂંપડાઓ કાં તો ધોવાઈ ગયાં છે કે નાશ પામ્યાં છે અને તેને નુકસાન થયું છે. એ જ પ્રમાણે કેટલાંય ગામડાંઓ પૂરમાં ફસાઈ ગયાં હતાં- એ કારણે કેટલાય કુટુંબો ઘરબાર-વિનાનાં નિરાધાર થઈ ગયાં છે. આ બધાને સરકાર તરફથી તેમ જ અન્ય સંસ્થાઓ તરફથી શકય તેટલી રાહત પહોંચાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ આ તો આભ ફાટયા જેવડી મોટી આફત ગણાય. તેને પહોંચીવળવા માટે દરેક માનવીએ પોતાનો ફાળો આપવો જોઈએ. આફતમાં સપડાયેલાં બધાં આપણાં ભાઈ-ભાંડુઓ જ છે, એટલે આપણા મુંબઈના રહીશોની એ ફરજ થઈ પડે છે કે આપણાથી શકય તેટલી મદદ તેમને કરવી જોઈએ.

તા. ૧૫-૯-'૭૩ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાનું કામ પૂરું થયા બાદ, એક સભ્ય શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરીએ આ આફતગ્રસ્તો માટે સંઘે ફાળો શરૂ કરવો જોઈએ એવી દરખાસ્ત મૂકી, પ્રમુખશ્રી મંત્રીઓ તેમ જ હાજર સભ્યોએ આ દરખાસ્તને સહર્ષ વધાવી લીધી. અને Charity begins at home—એ ઉકિતને અનુસરીને ત્યાંથી જ ફંડની શરૂઆત કરી અને કમિટીના સભ્યોએ નીચેની રકમો નોંધાવી:

રૂા.
૧,૦૦૧/– શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧,૦૦૧/– „ ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧,૦૦૧/– „ એ. જે. શાહ
૧,૦૦૧/– „ ચીમનલાલ પી. શાહ
૫૦૧/– „ ચીમનલાલ ચકુભાઈ શાહ
૫૦૧/– „ મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૨૫૧/– „ વીશા પ્રિન્ટરી
૨૫૧/– „ ટોકરસી કે. શાહ
૨૫૧/– „ ચીમનલાલ જે. શાહ
૨૫૧/– „ સુબોધભાઈ એમ. શાહ
૨૫૧/– „ જયન્તિલાલ ફત્તેહચંદ શાહ
૨૫૧/– „ જગજીવન પી. શાહ
૨૫૧/– „ શાહ નન્દુ અને દેઢિયા
(હા. શાંતિલાલ નંદુ શાહ)
૧૦૧/- „ મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૧/– „ ધીરજલાલ ફૂલચંદ શાહ
૧૦૧/– „ અમર જરીવાળા
૧૦૧/– „ લાભુભાઈ જી. મહેતા
૧૦૧/– ડૉ. રમણલાલ ચી. શાહ
૧૦૧/– શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૧/– „ જાસુદબહેન રમણીકલાલ શાહ
૫૧/– „ પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૫૧/– „ હરિલાલ ગુલાબચંદ શાહ
૫૧/– „ કે. પી. શાહ

૬,૫૭૨/–

ઉપર જે રકમો દર્શાવી છે તે ઉપરાંત આ અંક પ્રગટ થાય છે તે દરમિયાન સંઘની અપીલના જવાબરૂપે નીચેની રકમો મળી છે, તે માટે અમો તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

૧,૨૦૦ શ્રી હીરાબહેન દીપચંદ સંઘવી (ત્રણ મકાનો માટે)
૧,૨૦૦ મે. તારાચંદ ધનજી (ત્રણ મકાનો માટે)
૪૦૦ શ્રી વૈકુંઠભાઈ છાપિયા (એક મકાન માટે)
૧૦૦૧ „ ચીમનલાલ પી. શાહ
૪૦૦ „ જવાહર પ્રિન્ટીંગ પ્રેસ
૨૫૧ „ ઈન્દુમતીબહેન કે. મુનસીફ
૨૫૧ „ હીરાલાલ એચ. ઝવેરી.
૨૫૧ „ ભગવાનદાસ સી. શાહ
૨૫૧ „ ધારસી દેવન છેડા
૧૦૧ „ કે. ડી. ઝવેરી
૧૦૧ „ રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું.
૧૦૧ „ મગનલાલ રવજી શાહ

૫,૫૦૮

૬,૫૭૨ કાર્યવાહક સમિતિના સભ્યોના તેમ જ ૫,૫૦૮ એ સિવાયના એમ એકંદર તા. ૧-૧૦-૭૩ સુધીમાં રૂા. ૧૨,૦૮૦) મળ્યા છે.

આથી અમો સંઘના આજીવન સભ્યો, ચાલુ સભ્યો, પ્રશંસકો, હિતેચ્છુઓ તેમ જ "પ્રબુદ્ધ જીવન"ના ગ્રાહકોને વિનંતિ કરીએ છીએ કે સૌ પોતાની શકિત પ્રમાણે પોતાનો ફાળો સત્વર મોકલી આપે. સંકટગ્રસ્તોને આપણે સમયસર ઉપયોગી થઈ શકીએ એને જ આપણા જીવનની ધન્યતા ગણાય.

સંઘદ્વારા જે ફંડ એકત્ર થશે તે "ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર"ને મોકલી આપવામાં આવશે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેના મંત્રી છે. આ સંસ્થા જ્યારે જરૂર પડે ત્યારે આવા આફતગ્રસ્તોની વહારે દોડી જાય છે અને લાખો રૂપિયાની મદદ કરે છે. આ સંસ્થા પાસે કસાયેલા પ્રમાણિક કાર્યકર્તાઓ હોવાને કારણે પાઈએ પાઈનો સદુપયોગ થાય છે.

આ ફાળામાં ચેક મોકલો તો Bombay Jain Yuvak Sangh– એ નામનો મોકલવો.

ફાળો મોકલનારને ઈન્કમટેક્સમાં કરમુકિતનું સર્ટિફિકેટ મળશે તેની નોંધ લેવા વિનતિ છે.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## વ્યાખ્યાનમાળા વિશે એક પત્ર

પ્રમુખ શ્રી ચીમનભાઈ, શ્રી રમણભાઈ અને મિત્રો,

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતાનો આનંદ વ્યકત કરવા અને તે માટે તેના પ્રમુખ શ્રી રમણભાઈ પ્રત્યે કૃતકૃત્યતા દાખવવા સૌ સભ્યો ભેગા થયા, તેમાં ભાગ લેવા હું પણ હાજર હતી. એમાં શ્રી રમણભાઈનું બહુમાન સૌએ એકત્રિત થઈ કર્યું, તેમ જ ઉત્તરોત્તર વ્યાખ્યાનમાળા પ્રગતિ કરતી રહી છે, સારા ઉત્કૃષ્ટ વકતાઓ મેળવવાનું સૌભાગ્ય મળતું રહે છે, તેમ જ સંચાલકો અને શ્રી ચીમનભાઈની કાર્યકુશળતાને લીધે તે અવિરત વિકાસનાં સોપાન વૃદ્ધિ પામતાં જાય છે, તે જોઈ એક શ્રોતા તરીકે મેં પણ આનંદ અનુભવ્યો. આ સમારંભનો ઉત્સાહ જોયા પછી મને વિચાર આવ્યો કે એક શ્રોતા તરીકે હું બે શબ્દો લખું.

જેવી રીતે વકતાઓને પોતાના વકતૃત્વની સફળતા માટે ખુશી થાય છે, તેવી જ રીતે, વળી તેનાથી પણ વધુ ખુશી અમને સૌ શ્રોતાગણોને થાય છે. પ્રતિવર્ષ વ્યાખ્યાનમાળાની અમે રાહ જોતા રહીએ છીએ. તેની જ્ઞાનગંગામાં સ્નાન કરી શુદ્ધ થવાનો અવસર મળે છે અને તેમાંથી ઘણી પ્રેરણા લઈ ઘેર જઈએ છીએ. અને વળી એક વર્ષને માટે જીવનગંગાને માટે ભાથું મેળવી ધન્યતાનો અનુભવ થાય છે. આ પર્યુષણ વ્યાખ્યાનમાળા જેવી રીતે પ્રગતિ કરતી રહી છે તેવી રીતે વધુ અને વધુ વિકાસ કરતી રહેશે અને શ્રોતાજનો પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી પ્રગતિને પંથે ચઢતા રહેશે તેવી અભિલાષા સાથે બે આભારના શબ્દો વ્યકત કરું છું.

– ઈન્દુમતી મુન્સીફ

# આર્દ્રભાવે સમર્પણ

वाणी गुणानुकथने श्रवणौ कथायाम्,
हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः।
स्मृत्यां शिरस्तवनिवासजगत् प्रणामे
दृष्टिः सतां दर्शनेऽस्तु भवत् तनूनाम् ॥

–ભાગવત – દશમસ્કંધ–૧૦ મો અધ્યાય–૩૮મો શ્લોક.

અર્થાત્

(હે પ્રભુ) અમારી (બન્નેની) વાણી આપના ગુણોના કથનમાં, કાન આપની કથાના શ્રવણમાં, હાથ આપના સેવાકાર્યમાં, મન આપનાં ચરણના સ્મરણમાં, શિર આપના નિવાસરૂપ એવા જગતના પ્રણામમાં, તથા દષ્ટિ આપનાં ભૌતિક સ્વરૂપો જેવા સંતોનું દર્શન કરવામાં લાગી રહો.

આ સ્તુતિશ્લોક ભાગવતમાં શ્રીકૃષ્ણની બાળલીલાવર્ણન-પ્રસંગે ઉચ્ચારાયેલો છે. સ્તુતિ કરનાર છે, બે કુબેરપુત્રો–નળકુબેર અને મણિગ્રીવ. પણ શા માટે આ સ્તુતિમાં આટલું આર્દ્રભાવે ને વળી સમર્પણભાવે આર્જવ વહી રહ્યું છે? શું યક્ષપુત્રોના અવતારપલટાએ પ્રેરેલો હૃદયપલટો છે? તે સમજવા કથાપ્રસંગ જોઈએ:

લોકપાલ કુબેર તે રુદ્રના અનુચર. તેથી ભારે ગર્વિષ્ઠ. તેના બન્ને પુત્રો પણ ઉન્મત્ત હતા. એક વાર કૈલાસગિરિના સુંદર ઉપવનમાં ગંગાકાંઠે, આ પુત્રો મદાંધ અને મદિરામત્ત બની સ્ત્રીઓ-સંગે વિહરવા લાગ્યા; નિર્વસ્ત્ર ક્રીડા કરવા લાગ્યા–એવામાં થયું નારદનું આગમન. તેમને જોઈ સ્ત્રીઓએ પોતાની લજ્જા ઢાંકી – આમન્યા રાખી. પણ યક્ષ કુમારો! તે તો નિર્મર્યાદ જ રહ્યા. નારદે તેમના પર અનુગ્રહ–કૃપા કરવા શાપ આપ્યો. શાપ આપી તેમને સદંતર નાશમાંથી બચાવી લીધા; આમ કહીને: "તમે મદભરેલા અજિતેન્દ્રિય છો. નગ્નપણાની શરમ તમે અવગણી છે. તેથી તમે વૃક્ષનો અવતાર પામશો. વૃક્ષો પોતે નગ્ન-ઉઘાડાં છે એવું જાણતાં–સમજતાં સુદ્ધાં નથી: તેથી તેઓ સ્થાવરપણાને – જડતાને પામ્યાં છે. તેવી સ્થાવરતાની દશા તમે પામશો:—अर्हथः स्थावरताम् ।"

આ શાપથી કકળી ઊઠેલા યક્ષકુમારોને નારદે શાપનું નિવારણ પણ જણાવ્યું: "મારી કૃપાથી તમોને તમારી વૃક્ષસ્થિતિમાં પણ પૂર્વાવતારના દુષ્કૃત્યનું નિત્યસ્મરણ રહેશે. અગણિત વર્ષો બાદ તમારો ઉદ્ધાર શ્રીકૃષ્ણ ભગવાનથી થતાં, તેમનાં દર્શને તમે પાછા દેવ બનશો."

નારદે આમ શાપદ્વારા એક જન્મપૂરતી શિક્ષા કરી. યુગલ યક્ષપુત્રો કૃષ્ણાવતારકાળે યમલાર્જુન વૃક્ષો એટલે કે આંજણિયાં રૂપે ઊગ્યાં. અને તે ય નંદજશોદાના આંગણાનાં વૃક્ષરૂપે. તે કાળે ભગવાન બાલકૃષ્ણે ગોપીઓનું માખણ ચોરીને ખાધું. ગોપીઓએ જશોદાને રાવ કરી. માતા જશોદાએ કૃષ્ણને શિક્ષા કરવા ઉખળ-ખાંડણિયા સાથે દોરડે બાંધ્યા. તેમના તોફાનથી માતા વાજ આવી ગયાં. તેમને શિક્ષા કરવા ધાયાં. તો કૃષ્ણ રીંખતાંરીંખતાં દોડે આગળ: માતા પાછળ. ત્યારે કૃષ્ણ દોરડાસોતા ખાંડણિયા-સોતા રીંખતાંરીંખતાં પેલાં બે વૃક્ષો વચ્ચેથી નીકળ્યા. ખાંડણિયો આડો થતાં, બે વૃક્ષો વચ્ચે સલવાયો. તેને બહાર કાઢવા, કૃષ્ણે બળપૂર્વક આંચકો માર્યો. તે સાથે, બન્ને વૃક્ષો સમૂળાં ઊખડયાં. તેને સ્થાને બન્ને યક્ષકુમારો સ્વ-રૂપમાં પ્રગટ થયા; બાલકૃષ્ણની લીલાથી શાપમુકત થયા. હાથ જોડી ઊભા રહ્યા. તે પ્રસંગની તેમની સ્તુતિના ૧૦ શ્લોકોમાંનો આ અંતિમ શ્લોક છે.

આ પ્રમાણે છે, યક્ષપુત્રોને નારદનો શાપ અને તેની વિરતિનું વિધાન.

આ શ્લોક ભકિતભાવથી નીંગળતો છે: તેની ભાવાર્દ્રતા પ્રભાવક છે. સહેતુક છે. ધનરક્ષક કુબેરના સુખી કુળમાં જન્મેલ આ કુમારોનું ઉન્મત્તપણું સમજાય છે. તે વૈભવને કારણે અને એ ચઢિયાતા કુળના જન્મને કારણે જ શાપવેદનાની અધિકતા પણ શકય બને છે. આ કથામાં વેદનાનું – પસ્તાવાનું તત્ત્વ એક આખા જન્મારા સુધી પ્રલંબાય છે. અને તે પણ હીન કક્ષાના જન્મના લાંછન સાથે સંકળાયેલ છે. ત્યારબાદ તેમને શાપમુકિત સાંપડી છે. આવી સુદીર્ઘ સ્મૃતિવેદના તેમના પૂર્વાવતારની દેવસ્થિતિ–અર્થે આવશ્યક છે. કારણ દેવત્વનો મહિમા અને દૂષણ બન્ને અસંગત છે. નહિતર આજની જ પરિસ્થિતિ સરજાય! જેટલું ઊંડું અને લાંબા સમયનું પ્રાયશ્ચિત્ત અને દંડસહન, તેટલો તેમને દેવાવતારનો પુન: લાભ, એ ગણના સ્પષ્ટ છે.

આમ હીનજન્મથી પ્રગટતી લાચાર વ્યથા અને તેમાંથી પ્રગટતી દોષનિવારણઈચ્છા અત્રે છે. એથી આ યક્ષપુત્રો માટે સ્થળ અને કાળપરિવેષ્ટિત એવો ઉગ્ર દંડ શાપ પાછળ રહેલો છે. તેમાંથી જ ઈશ્વરપ્રણિધાનની–ભકિતની–સ્તુતિની આવી તીવ્રતા પરિણમી શકે. આ શ્લોકની ભાવાર્દ્રતા એ ઘટનામાંથી ફલિત છે. અને એ જ ઘટના યક્ષપુત્રોને સર્વભાવે અને સર્વપ્રકારે પ્રભુ-સમર્પણની અનન્ય યાચના પ્રતિ દોરી લઈ જાય છે.

કવિએ અત્રે વાણી, હાથ વ. વડે કર્મેન્દ્રિયોને કથી છે: શ્રવણ, દષ્ટિ વ. વડે જ્ઞાનેન્દ્રિયોને. આ ઈન્દ્રિયો વડે જે ચેતન: જગતવ્યવહારમાં પ્રયોજાય છે તે ને તે જ, પ્રભુ પ્રતિ યોજવાની આ યક્ષકુમારોની ભાવના છે: ઊર્ધ્વીકરણની અભિલાષા છે. તીવ્ર યાતના–તીવ્રપણે સાંપડેલ સત્યજ્ઞાન, નિર્વેદ–વૈરાગ્યપ્રેરક છે. તેના પછી જો કોઈ અનુભૂતિ ભોગવવાની હોય તો તે ઈશ્વર-શરણાગતિની. તેવાને અર્થે હરક્ષણ અને હરકાર્ય ઈશ્વરમય થવાની પ્રક્રિયારૂપે છે. ગાંધીજી કહે છે તેમ જીવનના સર્વભાવમાં ઈશ્વરભાવના સેવવાની છે. કદાચ સર્વાત્મભાવની પ્રણયાનુભૂતિ જ આની હરોળમાં હોઈ શકે.

અનન્યભાવે થતી આ સેવનાવૃત્તિ અહીં ભાવની સરલતાથી નિરૂપાઈ છે. સર્વસમર્પણતાના અનુલક્ષમાં, એકે એકે કરીને જીવનની ક્રિયાને પ્રભુપરત્વે નિવેદિત કરવાની તાલાવેલી છે. આ પ્રકારનું પ્રભુસંધાન આપણા ભકિતસાહિત્યને પારકું નથી:

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुध्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्।
करोमि यद्यत् सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

–'મુકુન્દમાલા'માંથી

(કાયા, વાચા, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ, આત્મા અને સ્વભાવથી જે જે કરું છું તે પરમાત્મારૂપ નારાયણને સમર્પું છું.)

'મુકુન્દમાલા'માંની સ્તુતિના આ શ્લોકમાં પણ ઈશ્વર-સમર્પણનું વિધાન એટલે કે મંતવ્ય મૂકયું છે. પણ બન્ને શ્લોકોના નિરૂપણમાં કંઈક ફેર છે: ભાગવતના આપણે જોયેલ શ્લોકમાં કળાશે કે તે કેવળ મંતવ્ય–વિધાન(Statement)રૂપે જ રહેતું નથી; પણ પ્રત્યેક ક્રિયાદ્વારા તે પ્રત્યક્ષ છે. જે દ્રવતા હૃદયનો ભાવોદ્રેક વ્યકત કરે છે. અને તે તેની અસરકારકતા છે. વળી તેમાં, એક પછી એક આવતી ક્રિયાની એક ઉન્નત–ઉન્નતતમ કોટિ–પરાકાષ્ઠા રચાય છે. જે ભકિતની વ્યાપકતા–સંપૂર્ણતાને સમર્થક છે. કારણ ભકિત માટે અનિવાર્ય એવા જગત પ્રત્યેના સાત્ત્વિક વલણનું તેમાં દિશાસૂચન છે. આમ મન, વચન અને કર્મથી–ચારિત્ર્યની એકાકારતાથી પ્રભુસમ્મુખ થવાની તેમાં આરત ભરી છે.

જેવા વિયોગિની–વૈતાલિય છંદો, તેવો આ શ્લોકનો વસંત-તિલકા, દ્રવતા હૃદયની ભકિતને ઘણો ભાવતોફાવતો બનીને આવે છે. પઠન કરતાં જ તેનો અનુભવ થાય છે. છેલ્લી પંકિતમાં છંદની દષ્ટિએ કસ્તર જણાય. 'દર્શન' શબ્દને સ્થાને ૩ લઘુ આવશ્યક છે; જે કવિદૃષ્ટ સંસ્કૃત સાહિત્યમાં ભલે વિરલ, પણ લેવાતી પ્રતીત થાય છે. અને ભાગવત, રામાયણમાં તે ઠીક ઠીક જોવા મળે છે. છતાં તેનું પઠન ભાવપ્રેરક છે. તેમાં જ તે છંદનું સાર્થકય છે.

હીરા ર. પાઠક

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૨

મુંબઇ, ઓકટોબર ૧૬, ૧૯૭૩ મંગળવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## લોકશાહીની વિડંબના

અમેરિકા એક મોટી નૈતિક અને બંધારણીય કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. તેના બન્ને સર્વોચ્ચ અધિકારીઓ–પ્રમુખ અને ઉપ-પ્રમુખ–સામે ગંભીર ફોજદારી ગુનાઓના આરોપો છે. ઉચ્ચ કક્ષાની સમિતિઓ તેની તપાસ કરી રહી છે. કૉંગ્રેસે (અમેરિકામાં પાર્લામેંટને કૉંગ્રેસ કહે છે) નીમેલ સમિતિ પ્રમુખ સામેના વોટરગેટ પ્રકરણની તપાસ કરે છે. મેરીલેન્ડ સ્ટેટની ગ્રાન્ડ જ્યૂરી ઉપપ્રમુખ એગ્ન્યુ સામે લાંચરુશવત, ધાકધમકી અને કરચોરીની તપાસ કરી રહી છે. નિક્સનના કેટલાય ઉચ્ચતમ અમલદારો–એટર્ની જનરલ જેવા–સામે ફોજદારી કેસો ચાલે છે. વોટરગેટ પ્રકરણમાં સાત વ્યકિતઓ ગુનેગાર સાબિત થઈ ચૂકી છે અને સજા ભોગવે છે. ત્યાંનાં વર્તમાનપત્રો અને ટેલિવિઝન આ બનાવોના અહેવાલોથી ભરપૂર છે. આખા દેશમાં ઉગ્ર વિવાદ ચાલે છે. નિક્સન અને એગ્ન્યુની વિરૂદ્ધ અને તરફેણમાં જોરદાર પ્રચાર થઈ રહ્યો છે. દેશમાં સ્થળે સ્થળે પોસ્ટર લગાડવામાં આવ્યાં છે. નમૂના તરીકે એક પોસ્ટર, જેમાં નિક્સનનો ફોટો આપવામાં આવ્યો છે અને પછી લખ્યું છે: I have more faith in this Man than I have in any of his accusers, especially the Press. "આ માણસ (નિક્સન) સામે ફરિયાદ કરવાવાળા અને ખાસ કરી વર્તમાનપત્રો કરતાં, તેનામાં મને વધારે વિશ્વાસ છે."

રાજ્યનું જસ્ટિસ ડિપાર્ટમેન્ટ પ્રમુખ તથા ઉપપ્રમુખ બન્ને સામેના આરોપો માટે પુરાવાઓ ભેગા કરી રહ્યું છે. જસ્ટિસ ડિપાર્ટ-મેન્ટના વડા એટર્ની જનરલ હોય છે. નિક્સનના પહેલાના એટર્ની જનરલે વૉટરગેટ પ્રકરણમાં સંડોવાયેલ હોઈ રાજીનામું આપવું પડયું. એટર્ની જનરલની નિયુકિત પ્રમુખ કરે છે, પણ કૉંગ્રેસની મંજૂરી મેળવવી પડે છે. નિક્સને નવા એટર્ની જનરલ-રિચાર્ડસનની નિમ-ણૂક કરી. કૉંગ્રેસે મંજૂરી આપી ત્યારે નિક્સન પાસેથી બાંયધરી લીધી છે કે રિચાર્ડસનના કામમાં નિક્સન કોઈ દખલગીરી નહિ કરે. વૉટરગેટ પ્રકરણની તપાસ કરવા રિચાર્ડસને કોક્ષની નિમણૂંક કરી છે. રિચાર્ડસન અને કોક્ષ, સ્વતંત્રપણે અને પૂરા ખંતથી નિક્સન અને ઉપ-પ્રમુખ સામે કેસ તૈયાર કરી રહ્યા છે. રાજ્યની ઉચ્ચતર ગુપ્તચર સંસ્થાઓ, જે આ તપાસમાં મદદ કરે છે, ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિ ગેશન અને સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ એજન્સી-તે પણ આ કામમાં લાગી છે. ઉપ-પ્રમુખ એગ્ન્યુએ હમણાં એટર્ની જનરલ રિચાર્ડસન અને તેના આસિસ્ટન્ટ પીટરસન સામે જાહેરમાં આક્ષેપો કર્યા છે કે, જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને તેના અધિકારીઓ એગ્ન્યુને વિનાકારણ બદનામ કરી રહ્યા છે અને તેની વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા છે. કેવી વિચિત્ર પરિસ્થિતિ છે? રાજ્યના ખાતાંઓ અને ઉચ્ચ અધિકારીઓ, જેની નિમણૂંક પ્રમુખ પોતે કરે છે, તેમને માથે, પ્રમુખ અને ઉપપ્રમુખ સામે ફોજદારી ગુનાઓના કેસ ચલાવવાની જવાબદારી આવી પડી છે! આક્ષેપો-પ્રતિઆક્ષેપોની ઝડી વરસે છે. વર્તમાનપત્રોના ખબર-પત્રીઓ– ભારે કુશળ માણસો– "વિશ્વાસપાત્ર" સમાચારોના ગબારા ચડાવે છે. આખું વાતાવરણ એટલું કલુષિત થયું છે કે સારા માણસને ગૂંગળામણ થાય.

એક તરફ આ ચાલે છે તો બીજી તરફ પ્રમુખ અને ઉપપ્રમુખ તરફથી તેમની સામેના આરોપોની જુબાની બહાર આવતી અટકાવવા મરણિયા પ્રયાસો થઈ રહ્યા છે. પ્રમુખ-ઉપપ્રમુખ બન્નેએ વકીલોની ફોજ રોકી છે. મામલો કોર્ટે ચડયો છે. સામાન્યપણે આપણે એમ માનીએ કે માણસ નિર્દોષ હોય તો પડકાર ફેંકે, મારી સામે બધી તપાસ કરી લો અને હું તેમાં પૂરો સહકાર આપવા તૈયાર છું. ખાસ કરી ઉચ્ચ સ્થાને બેઠેલી વ્યકિતઓ પોતાની નિર્દોષતા પુરવાર કરવા ઈંતે-જાર હોય. અહીં તેથી ઊલટી જ સ્થિતિ છે. સાચી હકીકતો બહાર આવતી અટકાવવા સામ, દામ, ભેદ, દંડ– બધા ઉપાયો અજમાવાય છે. સામાન્ય નોકર સામે ગંભીર આરોપ હોય તો તપાસ દરમ્યાન તેને સસ્પેન્ડ કરવામાં આવે, અહીં પ્રમુખ, ઉપપ્રમુખ બન્ને પોતાના હોદ્દાનો પૂરો ઉપયોગ કરી તેમની સામેની તપાસ અટકાવવા બધાં પ્રયત્ન કરે છે.

નિક્સન સામે થતી વૉટરગેટની તપાસમાં તેણે પોતાના અધિ-કારીઓ અને બીજી વ્યકિતઓ સાથે કરેલ વાતચીતની ટેપરેકોર્ડો મહત્ત્વની જુબાની છે. વોટરગેટ પ્રકરણના એક સૂત્રધાર–ડીને કૉંગ્રેસ સમિતિ સમક્ષ જુબાનીમાં કહ્યું છે કે વોટરગેટમાં જે બન્યું તે બધાની નિક્સનને જાણ હતી, તેની સંમતિથી થયું છે. નિક્સને આ હકીકતનો ઈન્કાર કર્યો છે. બેમાંથી કોણ સાચું છે તે ટેપરેકોર્ડથી પુરવાર થાય તેમ છે. તેથી કૉંગ્રેસ તપાસ સમિતિ તથા પ્રોસિક્યુટર કોક્ષે, આ ટેપરેકોર્ડોની નિક્સન પાસે માગણી કરી. નિક્સને આપવાની ના પાડી. કોક્ષે કોર્ટમાં અરજી કરી. નિક્સન તરફથી બચાવ કરવામાં આવ્યો કે કયા દસ્તાવેજોને ખાનગી ગણવા, તેનો નિર્ણય કરવાનો પ્રમુ-ખનો અધિકાર છે– President's prerogative –અને પ્રમુખ આ નિર્ણય કરે તેમાં કોર્ટને વચ્ચે આવવાનો કોઈ અધિ-કાર નથી. દેશની સલામતી માટે અને પ્રમુખ નિ:સંકોચપણે વાટાઘાટો કરી શકે તે માટે, આવો બંધારણીય અધિકાર પ્રમુખને આપવામાં આવ્યો છે. તે સાથે નિક્સને ભારપૂર્વક જાહેર કર્યું છે કે ડીને કરેલ આક્ષેપોનો પોતે ઈન્કાર કર્યો છે તેનાથી વિરુદ્ધ પુરવાર થાય તેવું આ ટેપરેકોર્ડમાં કાંઈ જ નથી, પણ ટેપરેકોર્ડ આપવા તૈયાર નથી. જજે ચુકાદો આપતાં વચલો માર્ગ કાઢયો. તેણે કહ્યું કે તે પોતે પહેલાં આ ટેપરેકોર્ડ સાંભળશે અને તેમાંથી આ કેસને લગતી વિગતો જ જાહેર થવા દેશે અને દેશની સલામતીને જોખમમાં મૂકે એવું કાંઈ હશે તે ગુપ્ત રાખશે. નિક્સનને આ ચુકાદો મંજૂર નથી અને અપીલ કરી છે. અપીલ કોર્ટે સાંભળ્યા પછી, બન્ને પક્ષોને સમાધાન કરવાની ભારપૂર્વક ભલામણ કરી. વાટાઘાટો ચાલી. એક માર્ગ એવો સૂચવાયો

કે ત્રણ-ચાર પસંદગીની આગેવાન વ્યકિતઓ-કૉંગ્રેસ તપાસ સમિતિના પ્રમુખ અને એટર્ની જનરલ જેવા-આ ટેપરેકોર્ડો સાંભળે અને દેશનું હિત અને પ્રમુખપદનું ગૌરવ લક્ષમાં રાખી, કેટલી હકીકત બહાર આવવા દેવી તેનો નિર્ણય કરે. નિક્સનને આ મધ્યમ માર્ગ મંજૂર નથી. વાત ફરી અપીલકોર્ટ પાસે ગઈ છે અને તેના ચુકાદાની રાહ જોવાય છે. બન્ને પક્ષે સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવાની તૈયારી છે. નિક્સન તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો તેની વિરુદ્ધ જશે તો નિક્સન તેને માન્ય રાખશે નહિ અને ટેપરેકોર્ડો સોંપશે નહિ. પરિણામે મોટી બંધારણીય કટોકટી સર્જાય. પછી એક જ માર્ગ રહે. કૉંગ્રેસ નિક્સન સામે તહોમતનામું મૂકી (Impeachment) તેને દૂર કરે. નિક્સન માને છે કે આવું પગલું લેવાની કૉંગ્રેસ હિંમત નહિ કરે. કેટલાંય રાજકીય તત્ત્વો તેમ થતાં અટકાવશે. કદાચ કોર્ટબાજીમાં ત્રણ વર્ષ પૂરાં થઈ જાય અને તેની મુદત પૂરી થાય. બંધારણીય મુદ્દો એ છે કે ફોજદારી ગુનો કર્યો હોય અને તેના માટેના પુરવાર પ્રમુખના કબજામાં હોય તો પ્રમુખપદનો અધિકાર તેમને બચાવી શકે? નિક્સન રાજીનામું નથી આપતા, કારણ કે પ્રમુખ મટી જાય તો આ અધિકાર રહે નહિ અને ટેપરેકોર્ડ તેમની સામેના કેસ માટે રજૂ થાય. નિક્સન એમ માનતા હતા કે વૉટરગેટ પ્રકરણમાં છેવટ પ્રજા થાકી જશે અને કંટાળીને છોડી દેશે. કેટલાક મહિના નિક્સન આઘાતથી છોભાઈ ગયા હતા. ફરીથી બહાર આવ્યા છે અને પ્રજાને કહે છે કે વૉટરગેટની વાત બાજુએ મૂકી, રાજ્યના મહત્ત્વના પ્રશ્નોના કામે લાગી જઈએ. તેમાં કેટલેક દરજ્જે સફળ થતા લાગ્યા. પણ એગ્ન્યુ પ્રકરણ શરૂ થયું અને ફરી પ્રમુખ, ઉપ-પ્રમુખ બન્ને સામે વંટોળ શરૂ થયો છે.

એગ્ન્યુ સામે આરોપ છે કે તેઓ બાલ્ટીમોરમાં કાઉન્સેલર હતા ત્યારે અને મેરીલેન્ડના ગવર્નર થયા ત્યારે મોટા કોન્ટ્રાકટો આપવામાં લાંચ લીધી છે. તેની તપાસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ કરે છે અને બાલ્ટીમોર ગ્રાન્ડ જ્યૂરી સમક્ષ મળેલી માહિતી રજૂ થઈ રહી છે. ગ્રાન્ડ જ્યૂરીને પ્રાથમિક ખાતરી થાય કે પૂરતા પુરાવા છે તો તેમની સામે કેસ દાખલ થાય. એગ્ન્યુ ઉપર આ આફત આવી તેમાં કેટલેક દરજ્જે નિક્સન અને તેના સાથીદારો રાહત અનુભવે છે. નિક્સન કરતાં એગ્ન્યુ પ્રકરણ ઉપર પ્રજાનું લક્ષ દોરવાઈ જાય તો નિક્સનનું ભુલાઈ જવાય એવી કાંઈક માન્યતા છે. કાંઈક રાજદ્વારી મેલી રમતો ખેલાય છે. નિક્સનના સાથીદારો તરફથી આડકતરી રીતે જોરદાર અફવાઓ ફેલાવવામાં આવી કે એગ્ન્યુ રાજીનામું આપવા તૈયાર થયા છે. આવો એક ભોગ અપાઈ જાય તો પ્રજા સંતોષ માનશે. દેખીતી રીતે નિક્સન તટસ્થતા જાળવે છે. નિક્સન- એગ્ન્યુની મુલાકાતો થઈ તેના પણ ભાતભાતના અહેવાલો બહાર આવે છે. પછી કાંઈક સોદો કરવા જસ્ટિસ ડિપાર્ટમેન્ટ સાથે વાટાઘાટો શરૂ થઈ. એગ્ન્યુના વકીલોએ દરખાસ્ત મૂકી. કહેવાય છે કે એગ્ન્યુને નિર્દોષ જાહેર કરવામાં આવે અને તેની સામે કોઈ કેસ નહિ થાય તેની ખાતરી આપવામાં આવે તો એગ્ન્યુ રાજીનામું આપશે. જસ્ટિસ ડિપાર્ટમેન્ટ તરફથી એમ કહેવાય છે કે એકાદ ગુનો એમણે કબૂલ કરવો જોઈએ અને તેમને હળવી સજા થાય તેવું વલણ લેવાશે. આવી કોઈ વાટાઘાટો થઈ હોવાનો ઈન્કાર કરવામાં આવે છે. નિક્સન અને એગ્ન્યુ વચ્ચે એકબીજાના પગ ખેંચવાની રમત ચાલી રહી છે. છેવટ, મરણિયા થઈ એગ્ન્યુએ જાહેર કર્યું કે તેઓ કોઈ સંજોગોમાં રાજીનામું આપવાના નથી અને છેવટ સુધી લડી લેશે.

ગ્રાન્ડ જ્યૂરીની તપાસ અટકાવવા એગ્ન્યુએ એક નવો દાવ અજમાવ્યો. ત્યાંની લોકસભા-જેને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ કહે છે- તેના સ્પીકરને પત્ર લખ્યો કે પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે તપાસ કરવાનો કૉંગ્રેસને જ અધિકાર છે, કોઈ કોર્ટને નહિ. અને લોકસભાને વિનંતિ કરી કે તેણે તપાસ હાથ ધરવી. સ્પીકરે તુરત જવાબ આપ્યો કે આ બાબત કોર્ટ સમક્ષ છે અને અત્યારે આ બાબત લોકસભા પગલાં લેશે નહિ. એગ્ન્યુને એક કાંકરે બે પક્ષી મારવાં હતાં. કોર્ટની તપાસ બંધ કરવી હતી અને લોકસભા તપાસ હાથ ધરે તેને નિષ્ફળ બનાવવાનો માર્ગ તેના વકીલોએ શોધી કાઢયો હતો. ૧૮૭૨માં બનેલ આવા જ એક કિસ્સામાં એવો અભિપ્રાય વ્યકત થયો હતો કે પ્રમુખ કે ઉપપ્રમુખ સામે તેમના હોદ્દાના સમય દરમ્યાન થયેલ ગુના માટે જ તપાસ થઈ શકે. તે પહેલાં કોઈ ગુન્હો કર્યો હોય તો તપાસ ન થાય. એટલે એગ્ન્યુ કોર્ટ અને કૉંગ્રેસ બન્નેમાંથી બચી જાય. પણ આ દાવમાં ફાવ્યા નહિ. હવે કોર્ટમાં અરજી કરી છે કે ગ્રાન્ડ જ્યૂરીને ઉપપ્રમુખ સામે, તે પદ ઉપર હોય ત્યાં સુધી તપાસ કરવાનો કોઈ અધિકાર નથી. કોર્ટમાં દલીલો ચાલે છે. આ મામલો પણ સુપ્રીમ કોર્ટ સુધી જશે. આમ કરી ત્રણ વર્ષ કાઢી નાખવાં, રાજીનામું આપે તો ઉપપ્રમુખ તરીકે જે અધિકારનો દાવો કરે છે તે રહે નહિ અને સામાન્ય નાગરિક તરીકે તેમની સામે કેસ ચાલે.

અત્યારની સ્થિતિ 'ન્યુઝવીક'માં સંક્ષેપમાં સરસ રીતે મૂકી છે:

U.S. could have a chief Executive in outright defiance of the law, a Vice — President refusing to step down even under the cloud of an indictment and an Administration altogether too tarnished to function.

એગ્ન્યુનો બચાવ કરવા હવે ફંડ શરૂ થયું છે. પાંચ લાખ ડોલર એકઠા કરવા છે. સ્ત્રીઓની સભામાં We want Agnew ના પોકારો થાય છે.

કેટલું સડેલું હશે તેની આપણને કલ્પના ન આવે. આ સૌથી સમૃદ્ધ અને શકિતશાળી દેશની લોકશાહી જે દુનિયાના બીજા દેશોમાં લોકશાહીનું રક્ષણ કરવાનો દાવો કરે છે! ભગવાન જાણે આ બધા કૌભાંડનું શું પરિણામ આવશે!

આશાનું એક જ કિરણ છે કે આવી અનીતિ સામે નીડરતાથી પોકાર ઉઠાવવાવાળા પણ તે દેશમાં છે અને પોકાર ઉઠાવી શકયા છે.

તા. ૮-૧૦-'૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

## પૂરક નોંધ

આ લખાયા પછી એગ્ન્યુએ રાજીનામું આપ્યું છે. તે જ દિવસે કોર્ટમાં હાજર થઈ, ૧૯૬૭ માં કરેલ કરચોરીનો ગુન્હો કબૂલ્યો. જજે દસ હજાર ડૉલરનો દંડ કર્યો. ટાઈમ્સનો એક સંદેશો જણાવે છે,

"Under an arrangement with the Justice Department he would now be spared investigation of other allegations concerning bribery and extortion"

જસ્ટીસ ડિપાર્ટમેન્ટ સાથે કરેલ સમજૂતી પ્રમાણે હવે એગ્ન્યુ સામે લાંચરુશ્વત અને ધાકધમકીના બીજા આરોપો છે, તેની તપાસ નહિ થાય. છતાં એગ્ન્યુ સામે લાંચરુશ્વત અંગે જે જુબાની હતી તેનો સાર જસ્ટીસ ડિપાર્ટમેન્ટે પ્રકટ કર્યો છે, જે ઉપરથી જણાય છે કે એગ્ન્યુ નિયમિત રીતે લાંચ લેતા હતા, ઉપપ્રમુખ થયા પછી પણ, જે આ તપાસ શરૂ થઈ ત્યારે જ અટકી.

હવે નીકસનનું શું? બચી ગયા કે તેને પણ જવું પડશે? રોઈટરનો સંદેશો જણાવે છે:

Mr. Agnew's departure is now raising the possibility of even greater scrutiny of Mr. Nixon's finances, but there now also seems the country rallying round its chief Executive in a spirit of forgiveness.
likelihood of a sadly divided and disillusened

એગ્ન્યુની વિદાયથી નિક્સનની આર્થિક લેતીદેતીની બાબતમાં વધારે ઊંડી તપાસ થવા સંભવ છે. સાથે એ પણ સંભવ છે કે દેશ આ બાબતથી થાકી અને કંટાળી ગયો હોય અને પ્રમુખને માફી આપી, વાત ભૂલી જાય.

બીજો વિકલ્પ વધારે સંભવિત લાગે છે. પોતાના દેશના પ્રમુખ અને ઉપપ્રમુખ જેવા સર્વોચ્ચ અધિકારીઓ ગુનાહિત વ્યકિતઓ છે એવું દુનિયામાં જાહેર કરવું અમેરિકન પ્રજાને પોસાય તેમ નથી.

૧૨-૧૦-૭૩ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

# પ્રકીર્ણ નોંધ

## આન્ધ્રપ્રદેશની સમસ્યા

તેલંગણને અન્યાય થયો છે તેવું કારણ બતાવી તેને આન્ધ્રથી અલગ કરવાનું આંદોલન જોરથી થયું અને ખૂબ તોફાનો થયાં. છેવટ રાષ્ટ્રપતિશાસન મૂકવું પડયું. હવે આ સમસ્યાનો ઉકેલ નજીક હોય તેમ જણાય છે. છ-સૂત્રી યોજના કરી છે, જે બન્ને પક્ષે લગભગ માન્ય રાખી છે. આંદોલનનું મૂળ હતું રાજ્યની નોકરી સંબંધેના મુલ્કી નિયમો-નિઝામના સમયના. કોર્ટો તરફથી ઉલટા-સૂલટી ચુકાદાઓથી મામલો વધારે કથળયો હતો. હવે નિર્ણય કર્યો છે કે મૂલ્કી નિયમો રદ કરવા અને રાજ્યની નોકરીમાં—ખાસ કરી નીચલી કક્ષામાં—સ્થાનિક લોકોને પ્રથમ સ્થાન આપવું. આ માટે જરૂર જણાય તો બંધારણમાં ફેરફાર કરવો. આ રીતે આન્ધ્ર પ્રદેશની અખંડિતતા જળવાઈ રહેશે.

આપણને આશ્ચર્ય થાય કે રાજ્યમાં નોકરી કયા વિભાગને ઓછીવત્તી મળે છે તેને માટે આટલાં બધાં તોફાનો? શું ખરેખર આ પ્રજાકીય આંદોલન હતું કે રાજકીય વ્યકિતઓ અને કેટલાક સ્થાપિત હિતોનું? તોફાનોથી લોકો કંટાળી ગયા હતા, ભારે નુકસાન વેઠવું પડયું હતું, થયેલ ઉશ્કેરણીને શાન્ત પાડવાની જરૂર હતી. રાષ્ટ્રપતિશાસનથી આ પ્રમાણે બન્યું. આંદોલનકારોને પ્રજાનો સાથ ન રહ્યો. છેવટ જે સમાધાન થયું છે તે ઘણા વખત પહેલાં થઈ શકત. પણ જ્યારે લાગણીઓની ઉત્તેજના ટોચે પહોંચી હતી ત્યારે કોઈ સાંભળે તેમ ન હતું. એટલે બધું શાન્ત પડે તે માટે સમય કાઢવાની જરૂર હતી. આ બાબતમાં ઈન્દિરા ગાંધીએ સમયસૂચકતાથી કામ લીધું છે અને આન્ધ્ર પ્રદેશના ભાગલા થતા અટકાવ્યા છે તે માટે અભિનન્દનનેપાત્ર છે. પંજાબ - હરિયાણાના ભાગલા કર્યા, આસામમાં નાગાલેન્ડ અને મેઘાલય રચ્યાં, આવી પ્રક્રિયા આન્ધ્ર પ્રદેશમાં પણ ચાલુ રહી હોત તો દેશને ભારે હાનિ થાત. તામિલનાડુમાં અલગતાવાદ ઠીક પ્રમાણમાં છે. આન્ધ્રના ટુકડા થયા હોત તો કદાચ આ વલણને ટેકો મળી જાત.

## નવઅંગી ગુરુપૂજન

આચાર્ય વિજયરામચંદ્રસૂરિ આ વર્ષે સાન્તાક્રુઝમાં ચાતુર્માસ છે. સંવત્સરીને દિવસે તેમની નવઅંગી પૂજા થઈ. સોનાની ગીનીઓથી પૂજા થઈ. ભગવાનની નવઅંગી પૂજા થાય છે તેવી પોતાની પૂજા કરાવવાના કોડ જાગ્યા હશે. આ બાબત સાન્તાક્રુઝ સંઘમાં તીવ્ર મતભેદ થયો. સંવત્સરીના પવિત્ર દિવસે પોલીસને બોલાવવી પડી. આવી નવઅંગી પૂજાનો વિરોધ કરવા શ્રી કુંથુનાથ જૈન હિતરક્ષક મંડળ તરફથી સાન્તાક્રુઝમાં સભા બોલાવવામાં આવી. આચાર્યશ્રીના અનુયાયીઓએ સભાના સમય પહેલાં સભાના સ્થળનો કબજો લઈ લીધો અને ધાંધલ મચાવી. ત્યાં પણ પોલીસને બોલાવવી પડી. આચાર્ય રામચંદ્રસૂરિના અનુયાયીઓ માટે આ બધું નવું નથી. તેમનું ઝનૂન જાણીતું છે. આચાર્યશ્રીએ જૈન સમાજમાં તિથિને નામે અને અન્ય કારણોએ આવા વિવાદો સ્થળેસ્થળે જગાવ્યા છે અને સંઘોમાં ભાગલા પડાવ્યા છે. આચાર્યશ્રી વિદ્વાન છે અને પ્રભાવશાળી વકતા છે. શાસ્ત્રને નામે બધી વાતો થાય એટલે અજ્ઞાન શ્રાવકવર્ગ અંજાઈ જાય છે. શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાં દુર્ભાગ્યે સંગઠન કે શિસ્તનો અભાવ છે, સ્વછંદાચાર વ્યાપક છે. સંખ્યાબંધ આચાર્યો છે અને દરેકનો વાડો જુદો છે. પોતાની મહત્તા વધારવાની જ લાલસા હોય તેમ લાગે. આ અરાજકતામાં કાંઈક વ્યવસ્થા લાવવાનો પ્રયત્ન શ્રી કસ્તુરભાઈએ કેટલાક સમય પહેલાં કર્યો હતો, પણ સફળતા ન મળી. આ પરિસ્થિતિ માટે શ્વેતામ્બર શ્રાવકોની અંધશ્રદ્ધા જ જવાબદાર છે.

ભગવાનની પેઠે ગુરુ (ગુરુ કોને કહેવા?) ની નવઅંગી પૂજા થાય તે કેટલું બેહૂદું અને અયોગ્ય છે તેનો થોડો પણ વિચાર કરશું તો ખ્યાલ આવશે. ગુરુ પ્રત્યે સન્માન હોવું એક વાત છે અને તેના દેહને પવિત્ર માની તેની નવ અંગે પૂજા કરવી એ બીજી વાત છે. આ વિષય શાસ્ત્રચર્ચાનો નથી, વિવેકનો છે. વર્તમાન યુગમાં દેશકાળને લક્ષમાં રાખી, શું યોગ્ય અને અયોગ્ય છે તે જોવાનું છે. શ્રમણ સંઘની અતિ શોચનીય સ્થિતિ છે. જૈન સમાજમાં વેશપૂજા અને અંધશ્રદ્ધા વ્યાપક છે. તેવે સમયે વિવેકી મુનિ આવી વેશપૂજા કે અંધશ્રદ્ધામાં વધારો થાય એવું કાંઈ જ ન કરે. પોતે ભગવાન પેઠે નવઅંગી પૂજનને પાત્ર હોય—આવું અભિમાન કોઈ કરી શકે?- તો પણ સમાજહિતમાં આવું પગલું ન લે. તેનાં અનિષ્ટ પરિણામોનો ખ્યાલ કરે. સાચા સદ્ગુરુ વિરલ છે. લેભાગુઓ તેનો લાભ લે. શું ફાયદો છે નવઅંગી પૂજન કરવાથી? ધર્મભાવના વધે છે?

આવા નવઅંગી ગુરુપૂજનને શાસ્ત્રોનો આધાર છે તેમ બતાવવાનો પ્રયત્ન થાય છે. કોઈ પણ ગ્રન્થ એટલે શાસ્ત્ર? આગમોને શાસ્ત્ર માનીએ. કોઈ સાધુ કે વિદ્વાન મુનિએ લખેલ ગ્રંથ શાસ્ત્ર થઈ જતો નથી. મને કહેવામાં આવ્યું છે કે આગમોમાં આવો કોઈ ઉલ્લેખ નથી. હું તો ત્યાં સુધી કહું કે એવો કોઈ ઉલ્લેખ હોય તો પણ દેશકાળ જોઈ, તે કરવા જેવું નથી. આગમોમાં ઘણાં આદેશ છે, જે આપણે પાળતા નથી અને ઘણા નિષેધ છે જે કરીએ છીએ. કુમારપાળે હેમચંદ્રાચાર્યનું નવઅંગી પૂજન કર્યું હતું કે નહિ તે વિવાદનો પ્રશ્ન રહે. પણ વર્તમાનમાં કોઈ હેમચંદ્રાચાર્ય હોય તેવું જાણ્યું નથી.

હકીકતમાં દરેક ધર્મના ધર્મગુરુઓ પોતાનો મહિમા વધારવા આવી વિધિઓ શરૂ કરે છે અને તેના વિષે ગ્રંથો પણ લખે છે. ખ્રિસ્તી, પાદરી, મુસ્લિમ મૌલવી, હિન્દુ, બ્રાહ્મણ કે સંન્યાસી કે જૈન મુનિ, બધા કીર્તિ અને આડંબરના કાંક્ષી હોય છે. કોઈ ગ્રન્થમાં ગુરુમહિમા બતાવ્યો હોય પછી તેને શાસ્ત્રની આજ્ઞા બનાવી દે. આનો કેટલો ભયંકર દુરુપયોગ થાય છે તે દરેક ધર્મના ઈતિહાસને પાને લખાયેલું છે. વૈષ્ણવોના ગોસ્વામીઓની લીલા સામે કોઈ કરસનદાસ કે નર્મદને લડવું પડયું. દરેક ધર્મમાં આવું બનતું આવ્યું છે અને સ્ત્રીઓ તેનો વધારે ભોગ બને છે. સાચા સદ્ગુરુ મળવા-પરમ સદ્ભાગ્ય હોય તો બને! એવા સદ્ગુરુ સ્વપૂજાના લાલચુ ન હોય. નમ્રતાની મૂર્તિ હોય. જૈન સમાજ વેળાસર ચેતે. કુગુરુ ડૂબે અને ડુબાડે. વિનયધર્મ મોટો છે. પણ સાચા સદ્ગુરુ પ્રત્યે અને વિવેકથી શ્રીમદ્ રાજચંદ્રનું વચન યાદ રાખીએ:

**અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,**
**મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી.**

## આરબ – ઈઝરાયલ યુદ્ધ

આરબ - ઈઝરાયલ વચ્ચે ફરી યુદ્ધ ફાટીનીકળ્યું છે. હકીકત સ્પષ્ટ છે કે આ વખતે ઈજિપ્ત અને સીરિયાએ આક્રમણની શરૂઆત કરી છે. શરૂઆત કરે તેને પ્રાથમિક લાભ મળે છે. ૧૯૬૭ના યુદ્ધમાં ઈજિપ્ત અને સીરિયાના ઈઝરાયલે દબાવેલ કેટલાક પ્રદેશમાં પ્રવેશ મેળવ્યો છે. ઈજિપ્ત સારી પેઠે જાણે છે કે ઈઝરાયલને યુદ્ધમાં હરાવી શકાય તેમ નથી. તો ઈજિપ્તે આ પગલું શા માટે લીધું? ૧૯૬૭ના યુદ્ધમાં ઈઝરાયલે છ દિવસમાં ઈજિપ્તના ભૂકા બોલાવી દીધા હતા. આ વખતે ઈજિપ્ત અને સીરિયાએ સારી તૈયારી કરી છે. છતાં કયાં સુધી ટકી શકશે તે વિષે શંકા છે. પણ ઈજિપ્તના પ્રમુખ સાદત માટે આ પગલું અનિવાર્ય બન્યું હતું. ઈજિપ્તનો મોટો

પ્રદેશ - સિનાઈ - ઈઝરાયલે કબજે કર્યો છે. આ પ્રદેશ ઈજિપ્તને પાછો સોંપવાના સલામતી સમિતિના ઠરાવને ઈઝરાયલે ઠુકરાવ્યો છે. છ વર્ષથી કબજો કરી બેઠા છે. હવે ત્યાં વસવાટ શરૂ કર્યો છે અને આ કબજો કાયમનો થઈ જાય તેવા સંજોગો ઊભા થયા છે. સીરિયાને રશિયાની સહાય છે, ઈઝરાયલને અમેરિકાની. રશિયા-અમેરિકા વચ્ચે સંબંધો સુધર્યા છે. એટલે કટોકટી ઊભી કરવામાં આવે તો બન્ને મોટા દેશો મળી કાંઈક સમાધાનનો માર્ગ કરે એવી ગણતરી હશે. ઈજિપ્તની પ્રજા પણ અધીરી બની છે. સાદતને પોતાનું સ્થાન જાળવી રાખવા માટે પણ આ સાહસ અનિવાર્ય હતું. ઈઝરાયલ અમેરિકાને પણ કેટલી દાદ આપે તે જોવાનું છે. આરબ રાજ્યો તેલના પ્રશ્ને અમેરિકા ઉપર દબાણ લાવવા પ્રયત્ન કરે છે. આવું દબાણ તાત્કાલિક બહુ અસરકારક થવાનો સંભવ નથી. ઈજિપ્તની ગણતરી એવી હોય કે ગુમાવેલ પ્રદેશ થોડો પણ પાછો મેળવીએ અને પછી સલામતી સમિતિ દબાણ લાવી યુદ્ધવિરામ જાહેર કરવાની ફરજ પાડે તો આબરૂ રહે અને સુએઝની બીજી પાર પગદંડો થાય, જે અંતે સમાધાનમાં મદદરૂપ થાય. ઈઝરાયલ આવા દબાણને વશ થાય એવા સંજોગો દેખાતા નથી. સલામતી સમિતિમાં અમેરિકાએ બે દિવસ પહેલાં ઠરાવ રજૂ કર્યો કે યુદ્ધપૂર્વેની સ્થિતિ કાયમ રાખવી અને બન્ને પક્ષનાં લશ્કરી દળોએ હઠી જવું. ઈજિપ્તને આ માન્ય ન જ હોય. તેના ટેકેદારોએ આ ઠરાવનો વિરોધ કર્યો અને તે પસાર ન થયો.

હકીકતમાં, યુદ્ધ થોડા દિવસ ચાલશે અને કોણ સરસાઈ મેળવે છે તેના ઉપર પરિણામનો આધાર છે. ઈઝરાયલના જન્મ પછી આરબ રાજ્યોએ ચોથી વખત આ આક્રમણ કર્યું છે. પહેલાં કોઈ વખત સફળ થયા નથી. ઈઝરાયલને પોતાની લશ્કરી તાકાતમાં પૂરી શ્રદ્ધા છે. તેને માટે જીવનમરણનો પ્રશ્ન છે. પોતાનું અસ્તિત્વ અથવા સલામતી જોખમાય એવું કોઈ સમાધાન ઈઝરાયલ ન સ્વીકારે તે દેખીતું છે. પરિણામ કોઈના હાથની વાત નથી. બન્ને પક્ષો ઈરાદાપૂર્વક સાહસ ખેડયું છે અને જોખમ સ્વીકાર્યું છે. વિયેટનામ યુદ્ધનો, છેવટ થાકીને ૨૫ વર્ષે અંત આવ્યો અને હજી કાયમી અંત આવ્યો છે એમ ન કહેવાય. મધ્યપૂર્વનો આ મામલો પણ ૨૫ વર્ષથી સળગતો છે, ઈઝરાયલનું કાયમી અસ્તિત્વ અને સલામતી આરબ રાજ્યો સ્વીકારવા તૈયાર થાય તો સમાધાનની શકયતા છે, અન્યથા સળગતું રહેશે.

યુદ્ધ શરૂ થયાના બીજે દિવસે જ આપણી સરકાર તરફથી ઈઝરાયલને માથે દોષનો ટોપલો ઢોળવાનો પ્રયત્ન થયો. આરબ રાજ્યોની મૈત્રી મેળવવા આટલી બધી શું તાલાવેલી? પાકિસ્તાન સાથેનાં બંને યુદ્ધ વખતે કોઈ આરબ રાજ્યે આપણી પ્રત્યે સહાનુભૂતિ પણ બતાવી છે?

૧૧-૧૦-૭૩ —ચીમનલાલ ચકુભાઈ

## સુઅવસરને ઓળખો

વ્યવસાયરૂપી સોનાની ખાણ બહાર સફળતાનાં સોનાનાં ઢેફાં નથી વિખરાયેલાં પડયાં. પરિશ્રમ કરો—કઠોર, દમતોડ, પરસેવો પડે તેવો પરિશ્રમ. જીવનની મહાનતમ સિદ્ધિઓ પરિશ્રમનાં જ ફળો છે.

સુ—અવસરોની ઉપરછલ્લી માટી ખોતરતા રહેવામાં કંઈ ફાયદો નથી. વ્યવસાયિક શકયતાઓને કિનારે વેરાયેલાં સોનાનાં કણો એકઠાં કરતા રહેવાથી કંઈ વળશે નહિ! દરેક સુયોગ સોનાનું ઢેફું છે, પણ એ મેળવવા માટે તમારે ઊંડું ખોદવું પડશે.

અને ધ્યેય કે ઢંગધડા વિના ખોદતા જ ન રહો. જેમ કુશળ ખાણ—માલિક ખોદકામ પહેલાં સારી એવી માહિતી મેળવે છે, તેવી જ રીતે કોઈ પણ વેપારી શકયતા પર મંડી પડતાં પહેલાં એ જોઈ લો કે તમે એમાંથી કેટલો નફો મેળવી શકશો.

પહેલાં એ જાણી લો કે ખાણમાં સોનું કયાં છે—એટલે કે પોતાના સાચા સુ—અવસરને ઓળખો અને તે પછી કાર્ય-યોજના બનાવો. પછી બસ, કમર કસો, બાંયો ચડાવો અને ખોદવાનું શરૂ કરી દો. ('હાઉ ટુ બી પર્સનલી એફિશિયેન્ટ'માંથી)

## શિક્ષણની વ્યાખ્યા

મેં મારા અનુભવોમાંથી મારે માટે શિક્ષણની એક વ્યાખ્યા કરી રાખી છે. વિદ્યાર્થીઓને જલદીમાં જલદી સ્વાવલંબી બનાવવા. સ્વાવલંબી ત્રણ અર્થમાં: ઉદરનિર્વાહ માટે બીજાઓ પર આધાર ન રાખવો પડે એ પહેલો અર્થ. જ્ઞાન પ્રાપ્ત કરવાની સ્વતંત્ર શકિત જાગૃત થાય એ બીજો અર્થ, અને પોતાના પર કાબૂ રાખવાની શકિત આવવી જોઈએ. ઈન્દ્રિયો અને મનને વશ કરવાની શકિત મેળવવી જોઈએ એ એનો ત્રીજો અર્થ છે. —વિનોબા

## શ્રી મોટાનાં પુસ્તકો

હરિ ૐ આશ્રમવાળા પૂ. શ્રી મોટાનાં પુસ્તકો વેચાણ માટે સંઘના કાર્યાલય પર મોકલવામાં આવ્યાં છે, તો જેમને તે વાંચવામાં રસ હોય તેમને રવિવાર અને રજાના દિવસો સિવાય સવારના ૧૧-૩૦ થી સાંજના ૫-૩૦ વાગ્યા સુધીના સમયમાં કાર્યાલયમાંથી વેચાતાં મળી શકશે. મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## ગુજરાત—રાજસ્થાન રેલરાહત ફંડ

રૂા. ૧૨૦૮૦/ ની રકમોના નામો આગળના અંકમાં પ્રગટ કર્યા છે, ત્યાર બાદ આવેલી રકમો નીચે પ્રમાણે છે:

૧૨,૦૮૦ આગળ પ્રગટ થયા તે.
૧,૦૦૧ શ્રી સાકળચંદ જેઠાલાલ શાહ
૫૦૧ શ્રી અરજણ અને દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ
૫૦૧ શ્રી આત્માનંદ જૈન સભા દિલ્હી
૪૦૦ શ્રી મણિલાલ લલ્લુભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, (એક મકાન માટે)
૪૦૧ શ્રી પોપટલાલ જેસીંગલાલ (એક મકાન માટે)
૪૦૦ શ્રી ડાહ્યાભાઈ ભોળાઈ ઝવેરી ( એક મકાન માટે )
૪૦૦ શ્રી નિર્મળાબહેન ગણપતલાલ તથા ગણપતલાલ મગનલાલ ઝવેરી ( એક મકાન માટે )
૨૫૧ શ્રી. બી. એમ. ભોજાણી એન્ડ કું
૨૫૧ શ્રી દિનેશ ટ્રેડિંગ કું.
૧૫૧ શ્રી બ્રાઈટ સ્ટીલ એન્ડ એલોય કોર્પોરેશન.
૧૫૦ શ્રી ઈન્દુમતીબહેન કે. મુન્સીફ ૨૫૧ આગલા લિસ્ટમાં પ્રગટ થયા છે. બીજા ૧૫૦ આપ્યા-(૪૦૧) એક મકાન માટે
૧૦૧ શ્રી રમણિકલાલ ત્રંબકલાલ શાહ
૧૦૧ શ્રી શાન્તિલાલ બી. શાહ
૧૦૧ શ્રી ઠાકોરલાલ મોતીલાલ ગાંધી
૧૦૧ શ્રી ગજરાબહેન ચીમનભાઈ મહેતા.
૧૦૧ ડૉ. ધીમંત શાહ
૧૦૧ શ્રી મહાવીર મેટલ્સ
૧૦૧ મિત્રો તરફથી
૫૧ શ્રી શાન્તિલાલ અમરચંદ ઝવેરી
૫૧ શ્રી પોપટલાલ પ્રેમજી દેઢીયા
૫૧ શ્રી ભવાનજી રવજી.
૧૧ શ્રી કે. સી. મહેતા

૧૭૩૫૮

## સંઘના આજીવન સભ્યો

સંઘના આજીવન સભ્યોનાં ૨૨૯ નામો આગાઉ પ્રગટ થઈ ગયાં છે. નવાં નામો નીચે મુજબ છે:

૨૩૦ શ્રી રમણીકલાલ મૂળજી પાસડ
૨૩૧ શ્રી જે. કે. કોઠારી
૨૩૨ શ્રી ખુશાલભાઈ સાકરચંદ
૨૩૩ શ્રી મૂળચંદ નાનાલાલ
૨૩૪ શ્રી મનસુખલાલ સી. શાહ
૨૩૫ શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા
૨૩૬ શ્રી ન્યાલચંદ જે. મહેતા

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# બેહોશીની દુનિયા

આપણે ત્યાં હોશિયાર, ખબરદાર, ડાહ્યા-ડમરા, ઠાવકા લોકોનો તોટો નથી. તમે એકાદ શેરીને નહિ ઃવળો કે થેલી ઝુલાવતા એનાંથી કોઈ ને કોઈ મહાનુભાવ તમને સામે મળશે. શાકમારકીટમાં ગલકાં, તૂરિયાં ક્યાંથી સસ્તાં મળે તેનાથી માંડી કયા યોગીમહારાજ પાસેથી યોગની તૂરીય ભૂમિકા ચપટી વગાડતાં મળી જાય છે એ કહેવાનું તે નહીં ચૂકે, તમારે પૂછવાની જરૂર પણ નહીં પડે. તેઓ પોતાની હોશિયારી કોઈ ને કોઈ માનવ-થેલામાં ઠાલવવાને તૈયાર જ હોય છે. આ ચકોર પ્રાણીની ખૂબી એ છે કે એને ક્યાંય વિરોધ જડતો નથી ને વિસંવાદ નડતો નથી.

તમે એકીસાથે ઘણું બધું કરી શકો. ભાગવતની કથા સાંભળી આવીને લાંચના પૈસા ગજવામાં મૂકી શકો. લાંચ લેતાં પકડાઈ જાઓ ને છૂટકો ન હોય તો એ પૈસાથી રુદ્રિના પાઠ કરાવી શકો. કાળાં નાણાંમાંથી તમે ધોળા આરસનાં મંદિરો બંધાવી શકો. તમે માળા ફેરવતાં ફેરવતાં કઈ વસ્તુઓમાં કેટલી સેળભેળ થઈ શકે એનો પ્લાન ગોઠવી શકો અને આ સમાજમાં ધરમી, સમજદાર, સંસ્કૃતિના ઉપાસક અને સમાજના હિતકારી તરીકે તમે જાહેર સન્માન પણ મેળવી શકો. આવી રીતે ન પ્રભુ નારાજ થાય, ન પ્રતિષ્ઠા ઘટે એવે બેવડે દોરે કામ કરનારા તમને દરેક ક્ષેત્રમાં મળી આવશે. અને તેમનું ક્ષેત્ર નહીં હોય ત્યાં પણ તેમને પહેલી હરોળની ખુરશી પર બેઠેલા તમે જોઈ શકશો. અને પ્રભુ કે પૈસા સાથેસાથે તેમણે સત્તાની પણ આરાધના સફળતાથી કરી હશે તો તો પછી કોઈ ક્ષેત્ર તેમને માટે બાકી નથી રહેતું. તે ગમે ત્યાં પ્રમુખ થઈ શકે છે ને ગમે તેવું ભાષણ કરી શકે છે.

આવી હોશિયારીની દુનિયા છે ને ત્યાં હરીફાઈ ચાલ્યા જ કરે છે. તમે આવી દુનિયાથી ગળે આવી ગયા હો તો ક્યાંક ખૂણેખાંચરે માંડમાંડ ટકી રહેલી બેહોશીની દુનિયા ભણી તમારી નજર ખેંચાશે. અને એ દુનિયા મનમાં વસી જાય તો ત્યાં પહોંચી જવા માટે કોઈ આડખીલી ઊભી નથી થતી. કારણકે ત્યાં કોઈ ચપરાસીને ખુશ કરીને આગળ વધી શકવાનું નથી હોતું, ખુદ ખુરશી તમને સામેથી ભેટવા દોડી આવે છે. મોટાં મકાનોની સાંકડી દીવાલોમાં શ્વાસ ગૂંગળાઈ જતો હોય તો આવા અંદરનાં મેદાનોમાં આવવા જેવું છે અને ત્યાં હાથ પકડીને, હેતથી, ગળાના સોગન દઈ લઈ જતો કોઈ મિસ્કીન તમને મળી જશે. કદાચ નજર નથી નાખી હોતી એટલે જ એ સામેના પડુંપડું થઈ રહેલા ઘરને ભાંગેલ ઓટલે ટૂંટિયું વાળીને પડયો હોય છે. હોશિયારોની બજારમાં તેની ફૂટી કોડીની યે કિંમત નથી. એ ઠેકાણા વગરનો, રઝળુ, નકામો, નફકરો, નાદાન આદમી ગણાય છે. એને હોશિયારો હોશમાં આવેલો ગણતા નથી એટલે એને બેહોશ-મદહોશ ગણી ઠુકરાવતા જતા હોય છે અને હરેક ઠોકર સામે એ તો માત્ર હસતો રહેતો હોય છે.

આવી બેહોશીની દુનિયાનો પરિચય કરવાનું મન થાય છે? ન થતું હોય તો અહીંથી જ લેખ પડતો મૂકી શકો છો. કારણકે આ નરી નુકસાનીની દુનિયા છે ને માત્ર વાંચીને બેસી ન રહેતાં એ તરફ પગલું ભરવાનું મન થાય તો ખતરો છે. એટલે ભાઈસાહેબ, પહેલેથી કહી દેવું સારું. આવા એક મદહોશ જુવાનને કોઈએ નોકરીએ વળગાડયો ત્યારે તેણે પહેલેથી કહી દીધું. 'પરચૂરણ મજૂરી કરી પેટિયું ભરી લઉં છું પણ નોકરી કરું તો નોકરી પર નિશાન લાગી જાય છે.' પેલા પરગજુ ગૃહસ્થે પૂછ્યું. 'નોકરી પર નિશાન? શેનું નિશાન.'

જુવાન હસી પડયો. જવાબમાં કહે: 'નોકરી પર શેનું નિશાન હોય, સાહેબ! ખોપરીનું.' જ્યાં જાનનો ખતરો હોય ત્યાં ખોપરીને બે હાડકાનું નિશાન મળે છે. આવું નિશાન નોકરીની જગ્યા પર લાગ્યું હોય છે, ત્યાં રહી સ્વતંત્રતા જાળવી શકે એનાં સદ્ભાગ્ય. આમ નોકરી પર ખોપરીનું નિશાન મોટો ખતરો ઊભો કરી શકે. બીજી રીતે ઊંધી ખોપરી થઈ જાય એવો બેહોશીનો જલદ નશો છે. બેહોશીની દુનિયાને ખોપરી સાથે જ સીધો સંબંધ. આ દુનિયામાં પગ મૂકનારો દરેક રીતે બેગુનાહ હોય છે તો પણ તે બેઆબરૂ બની રહે છે. કારણકે તેનું પગલું બેગરજ હોય છે. અને ગરજાઉને સદા સરપાવ આપતી દુનિયા બેગરજને સહન કરી શકતી નથી.

સૂફી શાયરો આવા બેગરજ, બેહોશ આદમીની ઓળખ, બે જ વિશેષણોમાં આપી દે છે. એ છે ખાના-બ-દોશ અને ગોશાનશીન. ખાના-બ-દોશ એટલે જેનું ખાનું, ઘર પોતાના દોશ પર, ખભા પર હોય છે એવો આદમી. તેણે કોઈ બહારની ધરતી પર પાયો જ નથી નાખ્યો હોતો, એટલે એ જ્યાં જાય ત્યાં એને ધરતી પોતાની જ લાગે છે. એને પોતાનું કોઈ ઘર નથી એટલે એને બધે જ પોતાનું ઘર મળી રહે છે. એક જાણીતા ભજનમાં એનાં પગલાં સંભળાઈ રહ્યાં છે:

'તેરો કોઈ નહીં રોકણહાર, મગન હોઈ મીરાં ચલી.'

આ ચાલવાનું તેનું બહારનું પણ હોય અને અંદરની એની નિત્ય ગતિશીલતાનું પણ હોય! એની ગતિને પછી કોઈ અટકાવી શકતું નથી. એના આનંદને કોઈ ઝાંખો પાડી શકતું નથી.

બીજો શબ્દ ગોશાનશીન એનું બીજું–સ્થિરતાનું લક્ષણ બતાવે છે. ગીતામાં જેને 'અનિકેત; સ્થિરમતિ:' કહ્યો છે એવો, આ જગત જેને જડભરત ગણે એવો એ આદમી હોય છે. ગોશાનશીન–એટલે એક ખૂણામાં પડેલો. બેહોશીની દુનિયાનો જે સરતાજ બને છે તે નથી હોતો ગાદીનશીન, નથી હોતો તખ્તનશીન, એ હોય છે ગોશાનશીન. એ આ દુનિયામાં રહે છે ત્યારે કોઈ સરાઈમાં, ધર્મશાળામાં, ઉતારામાં રહ્યો હોય એમ એક ખૂણામાં પડયો રહે છે. અને જાય છે ત્યારે પોતાની ગઠડી કાંધે લઈ નીકળી પડે છે. હોશિયારોને તો હજાર વાર કહેવું પડે કે–

**'સબ ઠાટ પડા રહ જાવેગા**
**જબ લાદ ચલેગા બનજારા.'**

પણ જેની શ્વાસેશ્વાસે અસલના મુકામ ભણી મજલ ચાલતી હોય એને માટે, આ દુનિયાદારીની હદ વટાવી ગયેલા બેહોશ માટે આ શબ્દો નકામા છે, કારણકે કાળના વણઝારાની પહેલાં એ કદમ ઉપાડી ચૂક્યો હોય છે. આ બેહોશી તેને મફતમાં નથી મળી હોતી. પોતાના લોહીનાં દીવા કરી તેણે આ દોલત મેળવી હોય છે. એક શે'ર છે

**'દીવાનગી-એ-ઈશ્ક કે બાદ આ હી ગયા હોશ,**
**ઔર હોશ વહ ભી હોશ, કિ દીવાના બના દે.'**

ઈશ્કની દીવાનગી હતી ત્યારે તો ચારે તરફ આગ લાગી ગઈ હતી. તેમાં ભડકા હતા ને સાથે ધુમાડા પણ ઊઠતા હતા. ત્યારે દિન-દશાનું ભાન નહોતું. પણ આ ભડકા કોઈએ પ્રેમની ફૂંક મારી બુઝાવી નાંખ્યા, ધુમાડાના ગોટેગોટને એક ઝીણી ઝરમરથી નેસ્ત-નાબૂદ કરી દીધા ત્યારે શું મળ્યું? એક જાતની જાગૃતિ આવી ગઈ, ઈશારામાં પામી જાય એવી સમજ ઊગી નીકળી. પણ એ સમજ પણ એવી નીકળી કે અજબનું મતવાલાપણું એના પર સવાર

થઈ ગયું. હોશ પછીની જે બેહોશિયારી, એને સમજાવવા બેસવા જેવી નાદાનિયત બીજી કોઈ નથી. નઝીરે ગાયું છે:

'દિલ અપના ભોલા-ભાલા હૈ,
ઔર ઈશ્ક બડા મતવાલા હૈ,
ક્યા કહિયે ઔર નઝીર આગે,
અબ કૌન સમઝને વાલા હૈ?'

જે દુનિયામાં બધું જ હારી જઈને જીતી ગયા છે, જે પોતે જ ખોવાઈ જઈને કાંઈક પામી ગયા છે એવા ધરતીના લૂણ જેવા આદમીની જીવન-વારતા અહીંથી શરૂ થાય છે અને જીવ્યા વિના એ સમજાતી નથી. પંજાબી સંત બાબા બુલ્લા સાહેબે જે રસ્તો બતાવ્યો છે એ સિવાય બેહોશીની માલદાર દુનિયામાં પ્રવેશવાનો કોઈ મારગ નથી.

'જીત જીત કે ઉમર ગંવાઈ,
હુણ તૂ હાર, ફકીરા!
જીતે કા મૂલ આધ કસીરા,
હારે કા મૂલ હીરા.'

દુનિયાદારીની બાજીમાં જીતી જીતીને તેં જિંદગી ગુમાવી દીધી. હવે જરા હારી તો જો! ઓ ફકીર, હવે હારવાની મજા માણી લે. જીતવાથી તો તારા હાથમાં અરધું કૂદિયું આવે છે, પણ હારી શકીશ તો સદાનો ઝળહળતો હીરો તારો પોતાનો થઈ જશે.

—મકરન્દ દવે

# ☆ વિજ્ઞાન વિનયથી શોભે! ☆

ઓલિવર વેન્ડલ હોલ્મ્સે એક ચોટદાર વાત ટચૂકડા વાક્યમાં દીધી છે. એ કહે છે: Science is the first rate piece of furniture for a man's upper chamber, if he has common-sense on the ground floor. ભોંયતળિયે કોઠાસૂઝ હોય તો જ ઉપલે માળે (વિજ્ઞાનનું) મજાનું ફર્નિચર કામનું. એક અમેરિકન મજાક આ બાબતને સમજવામાં ખપ લાગે તેવી છે. રાત પડી અને પતિ ખાટલામાં પડયો. થોડી વારમાં તેને ઊંઘ આવી ગઈ. પત્નીએ તેને ઢંઢોળીને કહ્યું, "સાંભળો છો, તમે ઊંઘની ગોળી લેવાનું તો ભૂલી જ ગયા!"

મેક્સિકોના સમાજશાસ્ત્રી ડૉ. ઈવાન ઈલિચે 'Energy and Equity' નામની ચોપડી લખી છે. દુનિયામાં કાર્યશકિત (energy) ની કટોકટી ઘેરી બનતી જાય છે. એક બાજુ આપણને સામાજિક ન્યાય જોઈએ છે અને બીજી બાજુ વ્યકિતદીઠ કાર્યશકિતમાં વધારો જોઈએ છે. જેમ કાર્યશકિત વધારે વપરાય તેમ પ્રગતિ વધી અને સામાજિક ન્યાય થયો એવી માન્યતા જોવા મળે છે. ઈલિચ કહે છે કે જ્યાં સુધી માનવશકિતને બદલે યંત્રશકિત કાયમ માટે વાપરવાનું શકય નથી એવું ન સમજાય ત્યાં સુધી કટોકટીનો અંત નથી આવવાનો. કરોડો વર્ષોથી સંઘરાયેલાં કુદરતી દ્રવ્યો કાર્યશકિતના અતિ ઉપયોગને કારણે ખતમ થઈ રહ્યાં છે. જેમજેમ કાર્યશકિત ઘટે તેમતેમ તે મોંઘી પડે. આથી ગરીબી જન્મે, સામાજિક ન્યાય ખોરવાય અને જીવશાસ્ત્રીય સંતુલન (ecological balance) ખોટકાય. ઈલિચનો મુખ્ય હુમલો વાહનવ્યવહાર પર છે.

ઈલિચની દલીલ મૌલિક છે. વાહનવ્યવહારમાં યંત્રનો પ્રવેશ ક્યારે સાર્થક ગણાય? જ્યારે એનાથી ચાલવાની સરખામણીમાં માણસની ઝડપ વધે ત્યારે; જ્યારે એમાં વધારે સગવડ હોય ત્યારે, જ્યારે એમાં સામાજિક સમયનો બગાડ ન હોય ત્યારે; અને જ્યારે બધા લોકોને કાર્યપ્રદેશ વધારવાની તક મળે ત્યારે. આજનો વાહનવ્યવહાર આમાંની એક શરત પણ પૂરી કરે છે ખરો? ઈલિચનો જવાબ છે 'ના.'

એક અમેરિકન દર વર્ષે સરેરાશ ૧,૫૦૦ કલાક પોતાની મોટર પાછળ ગાળે છે—મોટર ચલાવવામાં, પેટ્રોલ પંપ પર થોભવામાં; એની કિંમત ચૂકવવા માટે કામ કરવામાં; વીમો, દંડ અને વેરો ભરવામાં. વળી મોટર અંગેની જાહેરાતો વાંચવામાં, ગેરેજમાં અને હોસ્પિટલમાં કે કોર્ટમાં ગાળવા પડેલા સમયની વાત તો જુદી. આમ ૧,૫૦૦ કલાક ગાળીને એ વર્ષે ૧૦,૦૦૦ કિલોમીટરનું અંતર કાપે છે. બીજા શબ્દોમાં કહીએ તો કલાકના લગભગ છ કિલોમીટરનું અંતર એ કાપે છે. માણસ પદયાત્રા કરે તોય કલાકના છ કિલોમીટર કાપે છે. વળી અમેરિકનો સામાજિક સમયના ત્રણથી આઠ ટકા હેરફેરમાં ગાળે છે, જ્યારે ગરીબ દેશનો ખેડૂત પાંચ જ ટકા ગાળે છે અને રખડુ જાતિનો માણસ દસ ટકા ગાળે છે. માત્ર વાહનવ્યવહારમાં જ કાર્યશકિતનો ભારે વ્યય થાય છે. એકલું અમેરિકા વાહનવ્યવહારમાં ભારત અને ચીનની સમગ્ર કાર્યશકિત કરતાંય વધારે કાર્યશકિત વાપરી નાંખે છે.

આથી કાર્યક્ષમતા અને સામાજિક ન્યાય બંનેને અસર પહોંચે છે. ધોરી માર્ગો ખેતરોને આંતરે છે, એમ્બ્યુલન્સ ગાડીઓ દવાખાનાંને દૂર ને દૂર તાણી જાય છે. દાકતરો દરદીઓથી દૂર રહી શકે છે અને માત્ર માલદારો જ તેમને ઘરે બોલાવી શકે. વળી ગામડે ટ્રકમાં બધું પહોંચી શકે તેથી બજાર દૂર ચાલ્યું જાય. ઝડપી વાહન હોવાથી એક વાત ખસૂસ અભિપ્રેત છે કે કેટલાક લોકોનો સમય બીજા અનેકની સરખામણીમાં વધુ મૂલ્યવાન છે.

ઈલિચ માણસને એક પ્રકારનું ઉષ્ણગત્યાત્મક (thermodynamic) યંત્ર ગણે છે અને મોટર જેવા વાહન કરતાં એને પરવડે તેવું અને ઘણાંખરાં પ્રાણીઓ કરતાં વધુ કાર્યક્ષમ યંત્ર ગણે છે. ગતિ માટે સાઈકલને એ ભારે મહત્ત્વ આપે છે, કારણકે એમાં ચયાપચયની શકિતનો ગતિ માટે ઉપયોગ થાય છે. માણસને એક કિલોમીટર ચાલતાં દસ મિનિટ લાગે. પોતાના શરીરના એક ગ્રામ વજનના વહન માટે માણસ ૦.૭૫ કેલરી વાપરે છે. જે દેશ પોતાના દરેક ગ્રાહકને સાઈકલ ન આપી શકે; બીજાને ખેંચવાના હોય ત્યારે વાપરનારાઓની સાઈકલો પર મોટર ન ગોઠવી શકે અને લાંબી મજલ કાપનારાઓને જાહેર વાહનો ન આપી શકે તે દેશનો વિકાસ અધૂરો ગણાય.

બર્ટ્રાન્ડ રસેલ એક જગ્યાએ એવી મતલબનું કહેલું કે ઝડપી વાહનો વધ્યાં તે સાથે વાહનોમાં મુસાફરી કરવામાં આપણો જે સમય જાય છે તે ઓછો નથી થયો. આ વાત ખૂબ મૌલિક છે. આજે મોટાં શહેરોમાં બાળકો નિશાળે સ્કૂલ-બસમાં જાય છે અને ઘણાં બાળકો રોજના ત્રણ કલાક આવવા-જવામાં ગાળે છે. રજાઓ બાદ કરતાં આ બાળકો વરસે બે મહિના બસમાં જીવે છે એમ કહી શકાય. મુંબઈનાં પરાંઓમાંથી ટ્રેનમાં રોજ ઑફિસે જનારો પણ વરસે બે મહિના ટ્રેનમાં જ જીવે છે. ઝડપ વધી તે સાથે ઉદ્યોગીકરણને પરિણામે માણસનો સારો એવો સમય આવનજાવનમાં બરબાદ થાય છે.

ઍરિક ફ્રોમની માફક ઈલિચ પણ કહે છે કે 'more means better' એવું ગાંડપણ આપણને વળગ્યું છે. શકિત અને સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા જ આપણે પેલી કટોકટી નિવારી શકીશું. કાર્યશકિતની અતિશયતા અને તેનો દુકાળ એ બંને સ્થિતિ ટાળવા જેવી છે. જલંદર કે ભૂખમરો એ રુગ્ણતાની બે બાજુઓ જ છે. આપણો પુરુષાર્થ વિવેકપૂર્વક સમ્યક્ સ્થિતિ જાળવવાનો હોવો જોઈએ. માત્ર વિદ્યા જ નહીં, વિજ્ઞાન પણ વિનયથી જ શોભે. આખરે એ કાચો પારો છે એ કેમ ભુલાય? આલિંગન જંજીર ન બને તે માટે વિજ્ઞાન સાથે વિનયને જોતરવો પડશે.

ડૉ. ગુણવંત બી. શાહ

# ☆ જૈનદર્શન અને જીવનસાધના ☆

(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલ વ્યાખ્યાન)

જૈનદર્શનનો ઈતિહાસ જોઈએ તો તેનાં મૂળ જૈન આગમોમાં છે અને જૈન આગમોમાં જે સાહિત્યનો સમાવેશ છે તે એક કાળનું નથી. આથી જૈનદર્શનના ઇતિહાસની કથા અટપટી છે. તેમાં જવાનું આ સ્થાન નથી, પણ આગમ સ્થિર થયા અને વ્યવસ્થિત થયા તે કાળ સુધીમાં જૈનદર્શને જે રૂપ લીધું તેની વાત કરીએ. આ કાળ ભગવાન મહાવીરથી માંડી લગભગ એક હજાર વર્ષ સુધીનો ગણી શકાય. એટલે આ એક હજાર વર્ષમાં આગમમાં જૈનદર્શને જે રૂપ લીધું અને તેની વ્યવસ્થા થઈ તે વિશે અહીં ચર્ચા કરવી છે.

સર્વપ્રથમ એ તો નક્કી થયું જ હતું કે જૈનદર્શન એ ક્રિયાવાદી દર્શન છે, આત્મવાદી દર્શન છે અને કર્મવાદી દર્શન છે. આ ત્રણે શબ્દો ભલે જુદા રહ્યા પણ તેનો ભાવાર્થ એક જ છે કે તે આસ્તિકદર્શન છે. પ્રાચીનકાળમાં નાસ્તિકદર્શન માટે અક્રિયાવાદી એવો શબ્દ હતો. તેનું તાત્પર્ય એ હતું કે સત્કર્મ કે દુષ્કર્મ જેવું કાંઈ નથી, આ લોક સિવાય પરલોક નથી, અને જે કાંઈ છે તે આ લોકમાં જ છે. આવું દર્શન કદાચ આત્મા માને તો પણ કર્મ અને તેના ફળનો સ્વીકાર કરતું ન હોઈ તે નાસ્તિક જ ઠરે. આમ આત્મવાદ સાથે કર્મવાદ અને ક્રિયાવાદ સંકલિત હોય તે જ સાચો આત્મવાદ કહેવાય અને આસ્તિકવાદ કહેવાય એવું તે કાળે મંતવ્ય હતું. ક્રિયા એ પણ પ્રાચીન કાળમાં કર્મ માટે જ વપરાતો શબ્દ હતો. તે ઘસાતો—ભૂંસાતો થયો ત્યારે કર્મવાદ તેના વિકસિત રૂપમાં આવ્યો.

જૈનદર્શને આગમિક કાળમાં એ મંતવ્ય તો સ્થિર કર્યું જ હતું કે આત્મા છે અને તેને કર્મનું બંધન છે. એ બંધન અનાદિ છતાં તેમાંથી છુટકારો સંભવે છે. અને છૂટકારો એટલે મોક્ષ, સિદ્ધિ કે નિર્વાણ. આ નિર્વાણનો માર્ગ એ જ ધર્મ અને એ ધર્મની પ્રરૂપણા અરિહંતો કરે છે. આગમકાળમાં સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય, આ ત્રણને મોક્ષનાં સાધન કહ્યાં છે અને સંક્ષેપમાં જ્ઞાન અને ક્રિયા અથવા ચારિત્ર એમ છે. જ્ઞાન સમ્યક્ તો જ હોય જો દર્શન અથવા તો સમ્યકત્વ શ્રદ્ધા-સાચી શ્રદ્ધા જીવે પ્રાપ્ત કરી હોય. આથી દર્શનને અહીં જુદું ગણ્યું નથી.

સંસારી જીવ અનાદિકાળથી કર્મથી બંધાયેલો છે અને એકવાર જો બંધન છૂટે તો પુન: બંધનમાં પડવાને તેને કોઈ કારણ રહેતું નથી. કર્મનું બંધન એ જીવનો અજીવ સાથેનો સંબંધ છે. આમ ઉપનિષદમાં માત્ર એક જ તત્ત્વ બ્રહ્મ કે આત્મા મનાયું હતું અથવા તો નાસ્તિકોમાં માત્ર અજીવ તત્ત્વ જ મનાયું હતું, તેને સ્થાને જૈનદર્શનમાં જીવ અને અજીવ એમ બે તત્ત્વોની માન્યતા રૂઢ થઈ. ક્રમે કરી અજીવ એટલે પરમાણુ-પુદ્ગલ એવો જડ પદાર્થ સ્વીકૃત થયો. આ જડ પદાર્થમાં રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ આ ગુણો છે, જ્યારે આત્મા અથવા જીવમાં આમાંનું કાંઈ જ નથી. તે અરૂપી, અગન્ધ, અરસ અને અસ્પર્શ મનાયો. પરમાણુ-પુદ્ગલ મૂર્ત મનાયા એટલે કે તેમનું જ્ઞાન ઇન્દ્રિયો કરી શકે તેવો તે પદાર્થ છે, જ્યારે આત્મા કે જીવ અતીન્દ્રિય મનાયો. તેનું જ્ઞાન ઈન્દ્રિયથી ન થઈ શકે તેવો તે અમૂર્ત પદાર્થ છે. આમ જીવ અને અજીવનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું.

આપણી આસપાસ દેખાતું જગત છે તેની તો ના કહી શકાય નહીં. પણ તેની ઉત્પત્તિ અને સ્વરૂપ વિષેના અનેક પ્રશ્નો પ્રાચીનકાળથી થતા આવ્યા છે. તેની ઉત્પત્તિ કોઈ એક પદાર્થથી થઈ છે કે અનેક પદાર્થથી, તેની ઉત્પત્તિ કોણે કરી છે, ક્યારે કરી છે, આવા અનેક પ્રશ્નો દાર્શનિક જગતમાં ચર્ચાતા હતા. જૈન આગમપૂર્વેની માન્યતા એવી હતી કે જગતમાત્ર પાંચ ભૂત ધરાવે છે—પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ. એ પાંચમાંથી જ કોઈ એક આત્માની ઉત્પત્તિ છે અને તેમના વિનાશ સાથે આત્માનો પણ વિનાશ થાય છે. વળી એવી પણ એક માન્યતા હતી કે એક જ નાના રૂપે દેખાય છે. અને તે વિજ્ઞ અથવા તો આત્મા છે. વળી કોઈની એવી માન્યતા હતી કે સંસારમાં પાંચ મહાભૂતો છે અને તે ઉપરાંત છઠ્ઠો આત્મા છે. તેમને મતે આત્મા અને લોક શાશ્વત છે અને બધું જ નિયત છે. સંસારને ક્ષણિક માનનારની વળી એવી માન્યતા હતી કે આ લોકમાં માત્ર પાંચ સ્કંધો છે. વળી એવી પણ માન્યતા હતી કે આ લોકની ઉત્પત્તિ ઈશ્વરે કરી છે, અથવા તો સ્વયંભૂએ કરી છે કે બ્રહ્મ અથવા તો અંડથી આ લોક ઉત્પન્ન થયો છે. આ બધી જ માન્યતાઓથી જુદા પડીને જૈનદર્શને આગમકાળમાં સ્વીકાર્યું કે લોક તો અનાદિ છે. તેનું નિર્માણ કોઈએ કર્યું નથી. પરતુ ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ—આ પાંચ મળીને જ લોક છે. તેની ઉત્પત્તિ કોઈએ કદી કરી નથી. તે અનાદિકાળથી જ છે અને અનંતકાળ સુધી રહેવાનો છે. આ લોકના અધો, મધ્ય અને ઊર્ધ્વ એવા ત્રણ ભાગ છે. મધ્યલોકમાં મનુષ્ય અને તિર્યંચ જીવો છે અને ઊર્ધ્વલોકમાં દેવો અને અધોલોકમાં નારકો છે. લોકાગ્રે — એટલે કે ઊર્ધ્વલોકના છેડે સિદ્ધ કે મુકત જીવોનો નિવાસ છે. જીવ પોતાના કર્મ અનુસાર ત્રણે લોકમાં નાના જન્મ ધારણ કરે છે અને એ જ્યારે કર્મવિહીન થઈ મુકત થાય છે ત્યારે સદૈવ માટે લોકના અગ્ર ભાગમાં સ્થિત થાય છે. ત્યાંથી તેને કદી પાછા વળવાનું નથી. આમ જીવ અને તેના કર્મને કેન્દ્રમાં રાખીને લોકની વ્યવસ્થા છે એ સ્પષ્ટ થાય છે. આથી જીવ અને કર્મ—એ બે તત્ત્વો જ મુખ્ય છે. બાકીના તેને આધારે, તેના સ્પષ્ટીકરણ માટે જરૂરી એવાં તત્ત્વો સ્વીકૃત થયેલાં છે. તે આ પ્રમાણે:—

જીવ કે આત્માને જૈનદર્શનમાં પ્રારંભથી જ ગતિશીલ માનેલ છે એટલું જ નહિ પણ શરીરપરિમાણી પણ માનેલ છે. એક તરફ જીવને શરીરપરિમાણી માન્યો અને બીજી તરફથી તેની મુકિતનું સ્થાન ઊર્ધ્વલોકમાં અને તેના પુનર્જન્મનું સ્થાન લોકમાં અનેક જગ્યાએ માન્યું— વળી આકાશ તો અનંત અને તેના અમુક જ ભાગમાં લોક—આવી માન્યતા બંધાઈ. પરિણામે ધર્મનું તત્ત્વ સ્વીકારવું અનિવાર્ય જણાયું, જે જીવ અને પુદ્ગલને ગતિમાં સહાય કરે પણ જીવની ગતિ પાછી અમર્યાદિત ન બની જાય અને ખાસ કરી મુકત જીવ સદૈવ ગતિ જ ન કર્યા કરે પણ ઊર્ધ્વલોકમાં અંતે સ્થિર થાય —આવી વિચારણાને પરિણામે ધર્માસ્તિકાયને લોકમાં મર્યાદિત એવું તત્ત્વ સ્વીકારવું પડયું. જીવ અને પુદ્ગલને જેમ ગતિ માટે ધર્મ તેમ સ્થિતિ માટે અધર્મની પણ કલ્પના કરવી પડી. એટલે કે જીવની ગતિશીલતા અને શરીર પરિમાણતા—આ બેના અનુસંધાનમાં ધર્મ અને અધર્મ—આ બે અસ્તિકાયોનો સ્વીકાર થયો છે. અન્ય મતાવલંબીને આવો કોઈ સ્વીકાર કરવો પડયો નથી, કારણ તેમને મતે આત્મા વ્યાપક છે, તે સર્વત્ર વિદ્યમાન છે. હલન-ચલન માત્ર શરીરાશ્રયી છે તેથી આત્મામાં ગતિનો પ્રશ્ન જ નથી. માત્ર જૈનદર્શન જેને મતે જીવ શરીરમાં પરિમાણી હોઈ ગતિશીલ માનવો પડયો અને તેથી તદનુષંગી ધર્મ અને અધર્મ પણ સ્વીકારવા પડયા.

આગમકાળમાં એવો સમય મળી આવે છે, જ્યારે આ ધર્મ અને અધર્મ વિષેનો સ્વીકાર થયેલો નથી. વિચારણાને આધારે પછીથી તેનો સ્વીકાર થયો છે એ સ્પષ્ટ છે. આથી જ ભગવતીસૂત્રમાં એવા પ્રસંગો મળી આવે છે જ્યાં આજની પ્રચલિત વિચારણા પ્રમાણે ધર્મ કે અધર્મનું અસ્તિત્વ હોવું જોઈએ ત્યાં પણ તે બાબતનો કોઈ નિર્દેશ મળતો નથી. વળી આ બે તત્ત્વો માટેના જે શબ્દો છે તે પણ અન્યત્ર આવા જ અર્થમાં પ્રચલિત નથી. આથી ભગવતીમાં તેના પર્યાયો જે આપવામાં આવ્યા છે તે પ્રચલિત અર્થોને ધ્યાનમાં લઈને હોઈ વ્યાખ્યાનકારોને મૂંઝવણ ઊભી કરે છે, અને વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એવા ભેદોનો આશ્રય લઈ વ્યાખ્યા કરવી પડે છે.

દર્શનવિચારણાનું પ્રયોજન જેમ આ સૃષ્ટિ, લોક કે જગતનું સ્પષ્ટીકરણ છે, તેમ મોક્ષ પણ પ્રયોજન છે જ. આથી લોકવિચારણમાં

જેમ પાંચ પૂર્વોક્ત અસ્તિકાયો – જીવ - અજીવ-ધર્મ - અધર્મ-આકાશ-ની ચર્ચા થઈ તેમ મોક્ષલક્ષી તત્ત્વવિચારણામાં સાત કે નવ તત્ત્વની વિચારણા છે અને આનો સંબંધ જીવનસાધના સાથે છે. તે સ્પષ્ટ છે. સાત તત્ત્વો છે – જીવ - અજીવ - આસ્રવ - બંધ - સંવર-નિર્જરા અને મોક્ષ. તેમાં પુણ્ય અને પાપ બે ઉમેરીએ તો નવ તત્ત્વ થાય છે. આ તત્ત્વોનું વિશેષ નિરૂપણ અહીં જરૂરી નથી, કારણ સૌ શ્રોતા એનાથી પરિચિત છે. પરંતુ અહીં જીવનસાધના આ તત્ત્વોને લક્ષીને જે છે તે વિષે વિશેષ વિચાર કરવો છે.

પ્રાચીનકાળથી જ જૈનધર્મ વિષે આક્ષેપ થતો આવ્યો છે કે તેમાં પાપના કારણભૂત મનને મહત્ત્વ આપવામાં આવતું નથી પણ કાય એટલે કે શરીરને મહત્ત્વ આપવામાં આવે છે. તાત્પર્ય એવું છે કે સામાન્ય રીતે પ્રચલિત "मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो:" આ સિદ્ધાન્ત જૈનોને માન્ય નથી. આ આક્ષેપની તપાસ થવી જરૂરી છે. એ સાચું છે કે જૈનોએ 'दहदुकावं महाफलंम' આ વાત કહી છે અને માની પણ છે પરંતુ વસ્તુસ્થિતિને જરા ઊંડાણથી વિચારવી જરૂરી છે. ભગવાન મહાવીરની જે સાધનાનું વર્ણન છે તે ઉપરઉપરથી જોતાં એમ લાગે કે તેમણે પોતાના શરીરને ઘણું કષ્ટ આપ્યું – અનેક ઉપવાસો કર્યા અને અનેક પ્રકારનાં શારીરિક કષ્ટો સહન કર્યા. તેથી જાણે કે દેહને કષ્ટ આપવાથી બધું સિદ્ધ થઈ જતું હોય એવી ભાવના થાય. પરંતુ તેમણે જે કાંઈ કષ્ટ સહ્યું તે તો ગૌણ છે. તેમની સાધનામાં અપ્રમાદ અને તે પૂર્વક ધ્યાન – નું જે મહત્ત્વ છે તે સૌના ધ્યાનમાં આવતું નથી. વળી અન્ય ધર્મો કરતાં જૈનધર્મનું કડક આચરણ પણ આવી માન્યતા માટે જવાબદાર છે એ ભૂલવું ન જોઈએ. પરંતુ એ કડક આચરણ અથવા તો કષ્ટ સહેવાની તૈયારી અને આવશ્યકતા જે મનાઈ છે તે પાછળ પણ ધ્યાન માટેની અનુકૂળ ભૂમિકા જ, રહેલી છે તે તો તરફ ધ્યાન અપાયું નથી. આથી જ આવો ભ્રમ ફેલાવા પામ્યો છે કે જૈનો તો માત્ર દેહદમનમાં માને છે. ભગવાન મહાવીરની સાધનાના વર્ણનમાં તેમનાં કષ્ટોની વાત છે જ પરંતુ તેઓ સતત ધ્યાનમાં રહેતા. આ બાબત પણ વિશેષરૂપે જણાવી છે. પરંતુ જૈનપરંપરામાં પણ આ એક દોષ દાખલ થઈ જ ગયો કે ધ્યાન સિદ્ધ કરવા દેહકષ્ટો હતાં તેને બદલે દેહકષ્ટોથી જ. જાણે સર્વ સિદ્ધિ હોય એવો બાહ્યાચાર ગોઠવાયો. આમ જૈનોનો બાહ્ય આચાર જ આવો ભ્રમ ઊભો કરવા માટે જવાબદાર છે. વસ્તુસ્થિતિ એથી ઊલટી જ છે. જૈનોની પ્રત્યેક આચારક્રિયામાં કાયોત્સર્ગની જે વાત આવે છે તેનું તો મહત્ત્વ ભુલાઈ ગયા જેવું છે અને બાહ્ય આચરણનું મહત્ત્વ વધી ગયું છે. ભગવાને સ્પષ્ટપણે પ્રમાદને કર્મ કહ્યું છે. તે માનસિક અથવા આંતરિક જ છે, આ રીતે જોઈએ તો બાહ્ય ક્રિયાથી બંધ નહિ પણ પ્રમાદથી જ બંધ થાય છે તે તરફ ધ્યાન અપાતું નથી એટલે જૈનોને કાયદંડ મહત્વનો છે અને મનોદંડ નહિ એવી ખોટી માન્યતા પ્રચલિત થઈ છે. પરંતુ હિંસા આદિની વ્યાખ્યામાં વધ કે હત્યાને કે જીવના મરણને જેટલું મહત્ત્વ નથી અપાયું તેટલું આત્માના પ્રમાદને મહત્ત્વ અપાયું છે તે મૌલિક પરંપરા છે અને તેની ઉપેક્ષા થવાથી જ બાહ્યાચાર જોઈને આક્ષેપ કરવામાં આવ્યો છે અને જો આજના જનોનું જીવન જોઈને જ કોઈ નિર્ણય કરવાનો હોય તો તે આક્ષેપ સાચો જ ઠરે. એટલી હદ સુધી જૈનોનું પતન થયું છે એમ માનવું જોઈએ.

પરંતુ મૂળ માન્યતામાં તો અને સમગ્ર ભાવે કર્મ-વિચારણામાં પણ કર્મબંધનું ખરું કારણ કાયિક પ્રવૃત્તિ નહીં પણ કષાયો જ છે – એ વાત આજસુધી પણ માન્ય છે. તેમાં કશો ભેદ કોઈ પણ આચાર્યે પાડયો નથી. આથી કહી શકાય કે જનોને મતે પણ માનસિક ક્રિયા જ કર્મબંધનું કારણ છે એ સ્વીકૃત હકીકત છે. આથી જૈનધર્મ ઉપર કાયદંડના મહત્ત્વનો જે આક્ષેપ છે તે ઉચિત નથી.

[ક્રમશ:]

–દલસુખ માલવણિયા

# ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ: કાર્યમાં પ્રગતિ

**['પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૧૦-'૭૩ના ગતાંકમાં ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ અંગેના રાષ્ટ્રીય કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. અહીં આ કાર્યક્રમને આગળ ધપાવવાના કામમાં થયેલી પ્રગતિનો ખ્યાલ આપવામાં આવ્યો છે.]**

ભગવાન મહાવીર ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ મહાસમિતિની તા. ૧૯મી જૂન ૧૯૭૩ના રોજ મળેલી બેઠકનો અહેવાલ વાંચવાથી રાષ્ટ્રીય સમિતિ દ્વારા નિર્ધારિત કાર્યક્રમોમાં થયેલી પ્રગતિનો ખ્યાલ આવી શકશે. નીચે અમે ૧૯મી જૂન ૧૯૭૩ની બેઠકની કાર્યવાહીનો પૂરેપૂરો અહેવાલ રજૂ કરીએ છીએ:

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની મહાસમિતિની એક આવશ્યક બેઠક શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે તા. ૧૯મી જૂન ૧૯૭૩ના રોજ સાહુ જૈન કાર્યાલય, (ટાઇમ્સ હાઉસ), બહાદુરશાહ ઝફર માર્ગ, નવી દિલ્હીમાં મળી હતી. આ બેઠકમાં નીચે મુજબ સભ્યો હાજર હતા:

(૧) શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, (૨) શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, (૩) શ્રી શાંતિપ્રસાદ જૈન, (૪) શ્રી ગોવિંદલાલ સરાવગી, (૫) શ્રી સી. સી. શાહ, (૬) શ્રી પ્રભુદયાળ ડાબડીવાલા, (૭) શ્રી સુંદરલાલ જૈન, (૮) શ્રી રતનલાલ જૈન, (૯) શ્રી શાદીલાલ જૈન, (૧૦) શ્રી અગરચન્દ નાહટા, (૧૧) શ્રીમતી કુસુમબાઈ મોતીચંદ, (૧૨) શ્રી દલસુખ માલવણિયા, (૧૩) શ્રી રિષભદાસ રાંકા, (૧૪) શ્રી શ્રી શાંતિલાલ વનમાળી શેઠ, (૧૫) શ્રી પરસાદીલાલ પાટની, (૧૬) શ્રી ચંદુલાલ કસ્તુરચંદ, (૧૭) શ્રી ચાંદમલ સરાવગી, (૧૮) ડૉ. એ. એન. ઉપાધ્યે, (૧૯) પ્રો. કલ્યાણમલ લોઢા, (૨૦) શ્રી યશપાલ જૈન, (૨૧) શેઠ અચલસિંહ, એમ. પી., (૨૨) શ્રી શ્રીચન્દ રામપુરિયા, (૨૩) શ્રી ચન્દભાન રૂપચંદ ડાકલિયા, (૨૪) શ્રી સંચિયાલાલ બાફણા, (૨૫) ડૉ. નથમલ ટાંટિયા, (૨૬) શ્રી દોલતસિંહ જૈન, (૨૭) શ્રી મોહનલાલ કઠોતિયા, (૨૮) શ્રી સુકુમારચન્દ જૈન, (૨૯) શ્રી લક્ષ્મીચંદ જૈન, (૩૦) શ્રી અક્ષયકુમાર જૈન, (૩૧) શ્રી એલ. એલ. આચછા.

મહાસમિતિના અધ્યક્ષ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ સરકારે રચેલી 'કોર કમિટી'ની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોની જાણ સભ્યોને કરી હતી. આ બેઠક ૧૯મી જૂન ૧૯૭૩ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે શિક્ષા - મંત્રાલયમાં ઉપશિક્ષણ પ્રધાન શ્રી ડી. પી. યાદવના પ્રમુખપદે મળી હતી. પ્રમુખ દ્વારા રજૂ કરવામાં આવેલા 'કોર કમિટી' ના જુદા જુદા નિર્ણયો પર વિચારવિનિમય કર્યા બાદ બેઠકમાં એ બધા નિર્ણયોનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો. 'કોર કમિટી' ની બેઠકમાં લેવાયેલા નિર્ણયો નીચે મુજબ છે:

**(૧) ભગવાન મહાવીર વનસ્થલીનો વિકાસ**

'કોર કમિટી' એ 'સાઈટ સિલેકશન કમિટી' દ્વારા વનસ્થલી માટે નિશ્ચિત કરવામાં આવેલી જમીનને સર્વસંમતિથી માન્ય કરવામાં આવી. આ જમીન દક્ષિણ 'રિજ' પર ગ્રીન બૅલ્ટ એરિયામાં આવેલી છે. સમિતિએ એ ઠરાવનું પણ સમર્થન કર્યું કે જેની અંતર્ગત ભગવાન મહાવીર મેમોરિયલ વનસ્થલીની પાસે કોઈ અન્ય સ્થાન પર રચવાનું નક્કી થયું છે. આ દૃષ્ટિથી સમિતિએ એવી દરખાસ્ત કરી છે કે ચાણકયપુરીમાં દક્ષિણ કિચનર રોડ પર જમીનનો જે એક ટુકડો છે એ વનસ્થલી માટે ખૂબ જ નજીક તથા ખૂબ જ અનુકૂળ છે.

બેઠકમાં એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી કે વનસ્થલી માટે કનટુર સર્વે મેપ, જુલાઈની અધવચ્ચે તૈયાર થઈ જશે. સમિતિએ વનસ્થલી માટે 'તોરણદ્વાર', 'પાષાણ સ્થંભ' તથા ભગવાન મહાવીરના જીવન અને એના ઉપદેશોના સમુચિત અભિલેખોની

ડિઝાઈન તૈયાર કરાવવા માટે એક ઉપસમિતિની રચના કરી, જેના સભ્યો તરીકે નીચેની વ્યકિતઓ છે:

(૧) શ્રી કસ્તુરભાઈ લાલભાઈ (સંયોજક), (૨) શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, (૩) શ્રી શાંતિપ્રસાદ જૈન, (૪) શ્રી લાલચંદ હીરાચંદ, (૫) શ્રી સી. સી. શાહ, (૬) શ્રી પ્રભુદયાળ ડાબડીવાલા, (૭) શ્રી અક્ષયકુમાર જૈન.

આ સમિતિ જરૂર પડયે પોતાની સભ્યસંખ્યામાં વધારો કરી શકે છે તથા ડિસેમ્બરના અંત સુધીમાં પોતાનો છેવટનો અહેવાલ સુપરત કરી દેશે.

**(૨) ભગવાન મહાવીર મેમોરિયલ તથા નેશનલ કાઉન્સિલ ઓફ જૈનોલોજિકલ સ્ટડીઝને માટે બંધારણ તૈયાર કરવાનું કામ:**

ભગવાન મહાવીર મેમોરિયલ માટે તૈયાર કરવામાં આવેલા વિધાનના મુસદ્દા પર સમિતિએ વિચારણા કરી. વિચારવિમર્શ બાદ એક ઉપસમિતિની રચના કરવામાં આવી. આ ઉપસમિતિ મુસદ્દાને આખરી સ્વરૂપ આપશે. આ ઉપસમિતિ નેશનલ કાઉન્સિલ ઓફ જૈનોલોજિકલ સ્ટડીઝનું બંધારણ પણ તૈયાર કરશે તથા એને આખરી સ્વરૂપ આપશે. આ ઉપસમિતિના સભ્યો નીચે મુજબ છે:

(૧) શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, (૨) શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, (૩) શ્રી સી. સી. શાહ, (૪) ડૉ. એલ.એમ. સિંઘવી, (૫) શ્રી રતનલાલ જૈન, (૬) શ્રી શ્રીચંદ રામપુરિયા.

આ ઉપસમિતિ બંને સંસ્થાઓના બંધારણને ૧૫મી જુલાઈ પહેલાં આખરી સ્વરૂપ આપી દેશે કે જેથી કરીને એ બંનેનાં રજિસ્ટ્રેશન માટેની કાર્યવાહી તત્કાળ હાથ ધરી શકાય અને એ કામ પૂરું થઈ શકે.

**(૩) ભગવાન મહાવીર બાલકેન્દ્ર**

શ્રી અરવિંદ શતાબ્દી કાર્યક્રમની અંતર્ગત બાલકેન્દ્રોના સંચાલનની પ્રક્રિયા પર વિગતે વિચારણા કરીને ભગવાન મહાવીર બાલકેન્દ્રો સંબંધમાં સમિતિએ નીચે મુજબના સુધારાઓ સૂચવ્યા:

(૧) આર્થિક સાધનોની મર્યાદાને ધ્યાનમાં રાખીને ભગવાન મહાવીર બાલકેન્દ્રોની સંખ્યા કેવળ સોળની રહેવી જોઈએ.

(૨) શકય હોય ત્યાં સુધી આ બાલકેન્દ્રો શહેરી ક્ષેત્રોમાં શરૂ થવાં જોઈએ તથા આ બાલકેન્દ્રોનો સંભવ હોય ત્યાં સુધી 'નેહરુ યુવા કેન્દ્રો' સાથે સંબંધ જોડવો જોઈએ.

(૩) રાજ્યોમાં બાલકેન્દ્રોની વ્યવસ્થાપક સમિતિઓમાં જૈન સમાજના સભ્યોને યોગ્ય સ્થાન મળવું જોઈએ.

(૪) પ્રત્યેક બાલકેન્દ્રનું નામ 'ભગવાન મહાવીર બાલકેન્દ્ર' રાખવું જોઈએ તથા આ બાલકેન્દ્રની આગળ એવું પાટિયું મૂકવું જોઈએ કે જેના પર 'આ બાલકેન્દ્ર ભગવાન મહાવીરની સ્મૃતિમાં સ્થાપવામાં આવ્યું છે' એવું લખાણ મૂકવું જોઈએ. આ બાલકેન્દ્રોમાં ભગવાન મહાવીરના જીવન તથા એમના ઉપદેશો વિશે યોગ્ય સાહિત્ય સુલભ બનવું જોઈએ.

(૫) સમિતિએ દેશમાં બાલકેન્દ્રોને કુશળતાપૂર્વક ચલાવવા માટે એક કાર્યકારી સમિતિની રચના કરવાનું સૂચન કર્યું છે.

**(૪) ગ્રામપુસ્તકાલય કેન્દ્રોની સ્થાપના**

બેઠકે આ અંગેની યોજનાના પરિપત્રો પર વિગતે ચર્ચા કરીને નીચે મુજબ સુધારો સૂચવ્યો:

(૧) કેન્દ્રમાં આ સંપૂર્ણ કાર્યક્રમને માર્ગદર્શન આપવા માટે એક નિયોજન સમિતિની સ્થાપના કરવી જોઈએ. આ કાર્યક્રમની સાથે નેશનલ કાઉન્સિલ ઓફ જૈનોલોજિકલ સ્ટડીઝને પણ જોડવી જોઈએ, કે જેથી કરીને આ કામ કુશળતાપૂર્વક થઈ શકે. આ પુસ્તકાલયોમાં પુસ્તકોની પસંદગીની દષ્ટિએ કાઉન્સિલ ઑફ જૈનોલોજિકલ સ્ટડીઝનાં સૂચનો પર યોગ્ય વિચારણા થવી જોઈએ.

**(૫) વૈશાલીમાં ભગવાન મહાવીર સ્મારક**

વૈશાલીમાં આ સ્મારકની સ્થાપનાને વૈશાલીના વ્યાપક વિકાસ કાર્યક્રમના એક અંગરૂપ ગણવું જોઈએ, કેમકે વૈશાલીમાં ભારત સરકાર તથા 'ઈન્સ્ટિટયૂટ ઑફ જૈનોલોજી' દ્વારા આ પૂર્વે જ એક મ્યુઝિયમની સ્થાપના થઈ ચૂકી છે. એટલે આ વિશે એવું સૂચન થયું છે કે ઉપશિક્ષણપ્રધાનની આગેવાની હેઠળ એક કાર્યકારી જૂથ જુલાઈના પ્રથમ સપ્તાહમાં વૈશાલીનો પ્રવાસ કરે તથા આના બધા જ પ્રશ્નો અને પાસાઓની વિચારણા કરે અને આ સંબંધમાં રાજ્ય સરકાર સાથે પણ જરૂરી વાતચીત કરે. આ કાર્યકારી જૂથમાં ઉપશિક્ષણપ્રધાન ઉપરાંત નીચેની વ્યકિતઓ હશે:

(૧) મંત્રી, ડિપાર્ટમેન્ટ ઑફ કલ્ચર, ડાયરેકટર (યુનિવર્સિટી ડિવિઝન), (૨) શ્રી એન. સી. જૈન (સાહુ જૈન ટ્રસ્ટ).

**પ્રકાશન કાર્યક્રમ**

સમિતિએ સંપાદક મંડળને વિસ્તૃત બનાવ્યું. આ સભ્યોમાં હવે નીચેની વ્યકિતઓનો સમાવેશ થાય છે:

(૧) શ્રી સી.સી. શાહ (સંયોજક), (૨) શ્રી એ.એન. ઉપાધ્યે, (૩) શ્રી દલસુખ માલવણિયા, (૪) ડૉ. નથમલ ટાંટિયા, (૫) શ્રી અગરચંદ નાહટા, (૬) શ્રી એલ. સી. જૈન (સહસંયોજક), (૭) શ્રી યશપાલ જૈન, (૮) શ્રી સુન્દરલાલ જૈન, (૯) શ્રી શાંતિભાઈ વનમાળી શેઠ, (૧૦) શ્રી શ્રીચંદ રામપુરિયા, (૧૧) શ્રી જે. એસ. ઝવેરી, (૧૨) શ્રી. અક્ષયકુમાર જૈન.

સમિતિએ નક્કી કર્યું કે શ્રી જે.સી. માથુરને સ્થાને શ્રી એલ. સી. જૈન પ્રકાશનકાર્ય પર દેખરેખ રાખશે.

**અન્ય કાર્યક્રમ**

**(ક) જૈન કલા, સાહિત્ય, પેઈન્ટિંગ, સ્થાપત્ય તથા હસ્તપ્રતોના પ્રદર્શનનું આયોજન**

બેઠકમાં આ પ્રદર્શનના આયોજન માટે અનેક મોટા આકારના કલર્ડ ફોટો પેન્ટિંગની વ્યવસ્થા કરવાની રહેશે અને આ માટે ૧૦,૦૦૦ ડૉલરના વિદેશી હૂંડિયામણની જરૂર પડશે. એ વિશે પણ વિચારણા થઈ. શ્રી. સાહુ શાંતિપ્રસાદ જૈને સમિતિને જણાવ્યું કે જુદી જુદી ભાષાઓમાં જૈન સાહિત્યને પૂરતા પ્રમાણમાં એકત્રિત કરવામાં આવ્યું છે. અને એમાંથી યોગ્ય પસંદગી કર્યા બાદ સાહિત્ય પ્રદર્શન માટે એનો ઉપયોગ થઈ શકશે. પ્રદર્શનના આયોજન માટે નીચે મુજબ સભ્યોની એક ઉપસમિતિ રચવામાં આવી:

(૧) શ્રી શાંતિપ્રસાદ જૈન, (૨) મંત્રી, ડિપાર્ટમેન્ટ ઑફ કલ્ચર, (૩) નિર્દેશક, રાષ્ટ્રીય સંગ્રહાલય.

**(ખ) રેડિયો તથા ટેલિવિઝન પર ચર્ચાઓ તથા પરિસંવાદોનું આયોજન, જૈન કલા આદિ પર ફિલ્મ તથા ભારત અને વિદેશના અગ્રણી અખબારોમાં વિશેષાંકોનું પ્રકાશન.**

સમિતિએ એવો નિર્ણય કર્યો કે ઉપ-શિક્ષણપ્રધાન એક પત્ર સૂચના અને પ્રસારણપ્રધાનને લખે અને એમાં આ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવાનો અને એમના પ્રમુખપદે આ બધાં કાર્યો કુશળતાપૂર્વક થાય એ માટે એક ઉપ-સમિતિ નીમવાનો એમને અનુરોધ કરવામાં આવે. આ ઉપ-સમિતિમાં જૈન સમાજના પ્રતિનિધિઓને પણ સ્થાન હોવું જોઈએ. સૂચના અને પ્રસારણપ્રધાનને આ મહાન અવસર પર ભારતનાં અગ્રણી અખબારો વિશેષાંકો પ્રગટ કરી શકે એ માટે એમને પૂરતો કાગળ મળી રહે એવું કરવાની વિનંતિ પણ કરવી જોઈએ.

**(ગ) ટપાલટિકટો અને કવરોનું પ્રકાશન**

બેઠકમાં એવો સર્વાનુમતિ નિર્ણય પણ કરવામાં આવ્યો કે ઉપ-શિક્ષણ પ્રધાન સંદેશાવ્યવહાર ખાતાના પ્રધાનને એક પત્ર લખે અને એમાં એમને વિનંતી કરવામાં આવે કે ટપાલની ટિકિટો

અને કવરોની યોગ્ય ડિઝાઈન બને તથા ટપાલની ટિકિટો અને કવરોની ડિઝાઈન તૈયાર કરવામાં જૈન સમાજના વિચારો પ્રત્યે યોગ્ય આદર બતાવવામાં આવે એવું થવું જોઈએ. ટપાલની ટિકિટો અને કવરોની ડિઝાઈન તૈયાર કરવામાં જૈન સમાજના નીચેનાં ઐતિહાસિક સ્થાનો પર ધ્યાન આપવું જોઈએ.

(૧) રાણકપુર મંદિર, (૨) પાલિતાણા હિલ્સ, (૩) કીર્તિ-સ્થંભ, ચિતોડ, (૪) શ્રાવણ બેલગોળ, (૫) પારસનાથ મંદિર, ખજુરાહો, (૬) પાવાપુરી મંદિર, (૭) અહિંસાનું કોઈક પ્રતીક.

પ્રત્યેક ટપાલટિકિટ અને કવરો પર ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ એવો ઉલ્લેખ કરવો જોઈએ.

**(ઘ) 'યુનેસ્કો' દ્વારા આયોજિત સમારંભોમાં નિર્વાણ મહોત્સવ કાર્યક્રમ તથા યુનેસ્કો દ્વારા પ્રકાશિત 'કુરિયર' સામયિકનો વિશેષાંક.**

બેઠકમાં જણાવવામાં આવ્યું કે 'યુનેસ્કો'એ પોતાના સમારંભોની યાદીમાં નિર્વાણ મહોત્સવનો સમાવેશ કરી લીધો છે. આ બાબતમાં આઈ. એન. સી. ડિવિઝનના પ્રતિનિધિઓએ એ વાત પ્રત્યે ધ્યાન ખેંચ્યું કે વિશેષાંકમાં પ્રગટ થનારા લેખોના સ્વરૂપ અને પ્રકાર વિશે જલદીથી કંઈક માહિતી મળે તો એ સંબંધમાં યુનેસ્કો કાર્યાલયનો સંપર્ક સાધી શકાય. આ સંબંધમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે સંપાદકમંડળ લેખોની પસંદગી વગેરે વિશે વિચાર કરે અને પોતાનાં સૂચનો આપે.

**(ચ) વિશ્વવિદ્યાલયોમાં ભગવાન મહાવીર અને જૈનધર્મ વિશે ચર્ચાઓ તથા ગોષ્ઠિઓનું આયોજન.**

આ સંબંધમાં 'વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ'ને એવી વિનંતિ કરવામાં આવી છે કે એ દેશનાં જુદાં જુદાં વિશ્વવિદ્યાલયોને આવી ગોષ્ઠિઓ અને ચર્ચાઓ યોજવા માટે લખે તથા જરૂર પડે એ આવી બેઠકો યોજવા માટે યોગ્ય સાધનોનો પ્રબંધ કરે. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ સાથે જરૂરી સંપર્ક રાખવા તથા આ કાર્યક્રમના સંચાલન માટે એક ઉપ-સમિતિ નીમવામાં આવી છે, જેના સભ્યો નીચે પ્રમાણે છે:

(૧) શ્રી કલ્યાણમલ લોઢા (સંયોજક), (૨) શ્રી યશપાલ જૈન, (૩) શ્રી અક્ષયકુમાર જૈન.

**(છ) વ્યાખ્યાન આપવા માટે જૈન વિદ્વાનોને વિદેશમાં મોકલવા તથા વિદેશી વિદ્વાનોને ભારતમાં આમંત્રણ આપવું.**

જૈનસમાજ, વ્યાખ્યાન આપવા માટે બહાર મોકલી શકાય એવા વિદ્વાનોની તથા જેને ભારત આવવા માટે આમંત્રણ આપી શકાય તેમ છે એવા વિદેશી વિદ્વાનોની એક યાદી તૈયાર કરશે. જૈનસમાજ આ યાદીની સાથે એ પણ જણાવશે કે વ્યાખ્યાન કયા કયા વિષયો પર થવા જોઈએ. આ યાદી આઈ. સી. સી. આર.ને આપવામાં આવશે કે જેથી કરીને એ આ સંબંધમાં આગળ પગલું ભરી શકે. આ વિશે એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી કે આ કાર્યક્રમ માટે જે નાણાંની જરૂર પડશે એની વ્યવસ્થા આઈ. સી. સી. આર. પોતાના બજેટની અંતર્ગત કરશે.

શ્રી અક્ષયકુમાર જૈને આ બાબતમાં શ્રી ઈમામ રહેમાન સાથે પુનઃ ચર્ચા કરવાનું આશ્વાસન આપ્યું. આ દૃષ્ટિએ એવો નિર્ણય પણ લેવામાં આવ્યો કે આઈ. સી. સી. આર.ના મંત્રીને એક પત્ર લખીને આ કાર્યક્રમ વિશે સવિસ્તર માહિતી આપવી જોઈએ.

**(જ) નિર્વાણ મહોત્સવ વર્ષને અહિંસા (શાંતિ) વર્ષ તરીકે જાહેર કરવું તથા નિર્વાણ મહોત્સવ દિવસને શરાબ અને માંસમુકત દિવસ તરીકે જાહેર કરવો.**

બેઠકમાં સર્વાનુમતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે આ સંબંધમાં ગૃહપ્રધાનને એક પત્ર લખીને ૧૯૭૪-૭૫ના વર્ષને 'અહિંસા વર્ષ' તરીકે જાહેર કરવાની વિનંતિ કરવામાં આવે. ગૃહપ્રધાનને એવો અનુરોધ પણ કરવામાં આવે કે એ રાજ્યસરકારો તેમ જ કેન્દ્રશાસિત વિસ્તારોની સરકારોને ૧૩ નવેમ્બર ૧૯૭૪ તથા ૧૯૭૫માં શતાબ્દીના સમાપન દિવસને માંસ અને શરાબ-મુકત દિવસ તરીકે પાલન કરવાનો તથા તે બંને દિવસ દેશનાં બધાં કસાઈખાનાં બંધ રહે અને સરકાર દ્વારા સંચાલિત બધી હોટેલો અને ભોજનશાળાઓમાં આ બંને દિવસ શાકાહારી ભોજન જ આપવામાં આવે એવો આદેશ આપે.

**(ઝ) વિદેશમાં નિર્વાણ મહોત્સવ સમારંભનું આયોજન**

આ સંબંધમાં સમિતિએ એવું સૂચન કર્યું છે કે વિદેશપ્રધાનને એક પત્ર લખીને એમને એવી વિનંતિ કરવી કે આપણા બધા દૂતાવાસો અને બીજી સંસ્થાઓ પોતપોતાના દેશોમાં આ સમારંભનું યોગ્ય રીતે આયોજન કરે એ માટે એમને જણાવવામાં આવે તથા આ કામમાં સ્થાનિક સમાજનો પૂરેપૂરો સહકાર મેળવવામાં આવે.

**(ટ) રેલવે કન્સેશન અને હરતું-ફરતું રેલવે પ્રદર્શન**

બેઠકમાં રેલવેપ્રધાનને એવું સૂચન કરવાનું નક્કી કરવામાં આવ્યું કે તેઓ શતાબ્દી વર્ષમાં જૈન તીર્થસ્થાનોની આમજનતા યાત્રા કરી શકે એ માટે આ સ્થાનોએ આવવા-જવા માટે યોગ્ય રેલવે કન્સેશનની સગવડતા આપે. રેલવેપ્રધાનને એવી વિનંતિ પણ કરવામાં આવશે કે શતાબ્દી વર્ષમાં એક હરતા-ફરતા રેલવે પ્રદર્શનના આયોજનની વ્યવસ્થા કરવી જોઈએ.

આઈટમ નં. (જ), (ઝ) અને (ટ) નાં કાર્યોના કુશળતાપૂર્વકના સંચાલનમાં સહકાર આપવાની દૃષ્ટિએ એક ઉપ-સમિતિ નીમવામાં આવી, જેના સભ્યો નીચે મુજબ છે:

(૧) શ્રી શાંતિપ્રસાદ જૈન, (૨) શેઠ અચલસિંહ, (૩) શ્રી મોહનલાલ કઠોતિયા, (૪) શ્રી આનંદરાજ સુરાણા, (૫) શ્રી પ્રભુદયાળ ડાબડીવાલા, (૬) શ્રી રતનલાલ જૈન.

કોર સમિતિના ઉપરોકત નિર્ણયોનો સ્વીકાર કર્યા પછી બેઠકે બીજા કેટલાક મહત્ત્વપૂર્ણ વિષયો પર વિચારણા કરી અને નીચે મુજબના નિર્ણયો લીધા:

બેઠકમાં સમગ્ર જૈન સમાજની એક ધ્વજા તથા બોધચિહ્નના પ્રશ્ન પર વિચાર કરવામાં આવ્યો. આ દૃષ્ટિએ આચાર્યશ્રી દેશભૂષણજી, મુનિશ્રી વિદ્યાનન્દજી તથા મુનિશ્રી યશોવિજયજી પાસેથી મળેલા અલગ અલગ ધ્વજો પર વિચારણા કરવામાં આવી. છેવટે સર્વાનુમતે એવો નિર્ણય કરવામાં આવ્યો કે કાર્યાધ્યક્ષ સાહુ શ્રી શાંતિપ્રસાદજી ચારે સમાજોનો સંપર્ક સાધીને બધાને માન્ય ધ્વજ તથા બોધચિહ્નનું સ્વરૂપ નક્કી કરે તથા એને મહાસમિતિની હવે પછીની બેઠક સમક્ષ રજૂ કરે.

નિર્વાણ શતાબ્દીનાં જુદાં જુદાં મહત્ત્વપૂર્ણ કાર્યોનું કુશળતાથી સંચાલન કરવાના ઉદ્દેશથી એવો નિર્ણય લેવામાં આવ્યો કે અલગ અલગ કામ માટે ઉપ-સમિતિઓની નિમણૂંક કરવામાં આવે. પણ બધી સમિતિઓ પોતાના નિર્ણયો છેવટે મહાસમિતિ સમક્ષ રજૂ કરશે. મહાસમિતિને ઉપ-સમિતિઓ લીધેલા નિર્ણયોમાં આવશ્યક સુધારા કરવાનો અધિકાર રહેશે.

બેઠકમાં ભગવાન મહાવીર સ્મારકની ડિઝાઈન તૈયાર કરવાનું કામ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન એન્ડ પ્લાનિંગ, અમદાવાદને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો. બેઠક ડિઝાઈન તૈયાર કરાવવા તથા યોગ્ય આર્કિટેકટોની પસંદગી કરવાની દૃષ્ટિએ મુંબઈની બેઠકમાં નીમવામાં આવેલી ઉપ-સમિતિને એનું આ કાર્ય ત્વરાથી પૂરું કરવાનો અનુરોધ કરવામાં આવ્યો. મુંબઈમાં રચવામાં આવેલી ઉપ-સમિતિના સભ્યો નીચે પ્રમાણે છે:

(૧) શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, (૨) શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન, (૩) શ્રી શાંતિપ્રસાદ જૈન, (૪) શ્રી સી. સી. શાહ, (૫) શ્રી જેઠાભાઈ ઝવેરી.

# હું ત્યાં છું....

તારે મારી જરૂર છે?

હું તારી પાસે જ છું.!

તું મને નથી જોઈ શકતો છતાં ય તું જે કંઈ જુએ છે તે હું જ છું.

તું મને સાંભળી નહિ શકે, તો પણ તારા સ્વરમાં મારો જ નાદ છે.

તારા હાથે થતાં કામોમાં મારી જ શકિત કામ કરી રહી છે. તું એ નહિ કળી શકે.

ભલે, તું મારી કાર્યપદ્ધતિ અને કર્મોને નથી સમજી શકતો, પરંતુ ક્રિયાસ્વરૂપે પણ હું જ હાજર હોઉં છું.

હું કોઈ ભેદી દર્શન નથી કે વિચિત્ર રહસ્ય નથી, તારા અસ્તિત્વના પેલે પાર શાન્ત–નીરવ અવસ્થામાં તું મારા ખરા સ્વરૂપને જાણી શકશે. શ્રદ્ધા અને અનુભૂતિના આકારમાં રહીને પણ હું તને સાંભળું છું, ને જવાબ આપું છું. જ્યારે ચાહે ત્યારે હું તો હાજર જ હોઉં છું.

તું મને નકારી કાઢે તો પણ હું થોડો મટી જવાનો છું? તારી ભીતિમાં, વેદનામાં કે એકલતાની અકળામણમાં હું પાસે જ હોઉં છું.

તું મને પુકારે યા ન પુકારે! હું તો છું જ!

હું તારામાં છું, તું મારામાં છે.

'મારા' અને 'તમારા'ના ઘેરા ધુમ્મસથી તારું મન છવાઈ ગયું છે એટલે તું મને ભિન્ન ગણે છે. પરંતુ આખરે તારા મન વડે જ તું મને ઓળખી શકશે.

એકવાર તું ખાલી થઈ જા! ભયનો ત્યાગ કર! આડ થઈને ઊભેલી આ 'તારી જાત'ને માર્ગમાંથી હટાવી દે!... અને જો! હું છું કે નહિ?

તું તારી જાતમથામણથી કંઈ કરી શકે તેમ નથી, પરંતુ હું તો સમર્થ અને સર્વવ્યાપી છું. તું શુભને નથી જોઈ શકતો પરંતુ શુભ છે જ; કારણકે બધે હું છું. સર્વકંઈ હું છું.

મારું અસ્તિત્વ એ જ આ જગતનું રહસ્ય છે. મારા વડે જ સર્વકંઈ આકાર પામી ગતિમાન રહે છે.

આકાશમાં સરકતા તારાઓ કે ધરતી પરના જીવનનો ઉદય અને વૃદ્ધિ - સર્વકંઈ મારો જ નિયમ છે.

પ્રેમસ્વરૂપે હું જીવનની પરિપૂર્ણતા છું.

વિશ્વાસ હું છું. શાન્તિ, શ્રદ્ધા અને ઐક્ય પણ હું જ છું.

તારા જીવનનું નિયમન કરનાર બળ હું છું. જે પ્રેમથી સર્વ કંઈ સાંકળાયેલું છે તે પ્રેમ પણ મારું જ સ્વરૂપ છે.

તું અને હું અદ્વૈત છીએ. મારી ખોજમાં કદાચ તું નિષ્ફળ જાય, પરંતુ હું તને છોડી નહિ દઉં.

તારી શ્રદ્ધા ભલે ડગમગતી હોય, મને તો તારામાં સંપૂર્ણ વિશ્વાસ છે.

કારણકે હું તને ઓળખું છું. ચાહું છું.

પ્રિય! હું તારો જ છું. તારી પાસે જ છું.

મૂળઅંગ્રેજી - જેમ્સ ડીલેટ ફ્રીમેન

અનુવાદક: : શારદાબેન બાબુભાઇ શાહ

## I AM THERE ☆ James Dillet Freeman

Do you need Me?
I am there.

You cannot see Me, yet I am the light you see by.

You cannot hear Me, yet I speak through your voice.

You cannot feel Me, yet I am the power at work in your hands.

I am at work, though you do not understand My was.
I am at work, though you do not recognize My works.
I am not strange visions. I am not mysteries.
Only in absolute stillness, beyond self, can you know Me as I am, and then but as a feeling and a faith.
Yet I am there. Yet I hear. Yet I answer.
When you need Me, I am there.
Even if you deny Me, I am there.
Even when you feel most alone, I am there.

Even in your fears, I am there.

Even in your pain, I am there.

I am there when you pray and when you do not pray.

I am in you, and you are in Me.

Only in your mind can you feel separate from Me, for only in your mind are the mists of "yours" and "mine".

Yet only with your mind can you know Me and experience Me.

Empty your heart of empty fears.

When you get yourself out of the way, I am there.

You can of yourself do nothing, but I can do all.

And I am in all.

Though you may not see the good, good is there, for I am there.

I am there because I have to be, because I am.

Only in Me does the world have meaning, only out of Me does the world take form; only because of Me does the world go forward.

I am the law on which the movement of the stars and the growth of living cells are founded.

I am the love that is the law's fulfilling, I am assurance. I am peace. I am oneness. I am the law that you can live by. I am the love that you can cling to. I am your assurance. I am your peace. I am one with you. I am.

Though you fail to find Me, I do not fail you.

Though your faith in Me is unsure, My faith in you never wavers, because I know you, because I love you.

Beloved, I am there.

# કર્મસિદ્ધાંત વિષે શ્રી અરવિંદ

[સદાચાર દુરાચારનો પાયો અને કર્મસિદ્ધાંત વિષે જે લખાણો 'પ્રબુદ્ધ જીવન'માં આવ્યા છે તે સંબંધે શ્રી હરિ ૐ આશ્રમવાળા શ્રી નંદુભાઈએ શ્રી અરવિંદનું એક લખાણ મને મોકલ્યું છે. તેનો ગુજરાતી અનુવાદ અહીં આપવામાં આવે છે – તંત્રી]

કર્મસિદ્ધાંતની એક નક્કર વાસ્તવિકતા બાબત શંકા ઉઠાવી સામાન્ય રીતે લોકો આ સવાલ કરે છે:

"જે માણસ ચારિત્ર્યવાન અને સજ્જન છે; નીતિનિયમોનું સંપૂર્ણ પાલન કરી પ્રભુથી ડરીને ચાલે છે, તે બિચારો જીવનસંગ્રામમાં ભીંસાય છે. જ્યારે ધર્મ, નીતિ કે પ્રભુની કશી પણ પરવા ન કરનાર દુષ્ટ માણસ આ દુનિયામાં આબાદી ભોગવે છે. આમ શા માટે?"

આનો તાર્કિક ઉત્તર આ રહ્યો!

જીવનની જે ભૂમિકા પર કર્મ યા પુરુષાર્થ કરવામાં આવે છે તેનું પરિણામ પણ તે જ ભૂમિકા પર આવે છે. આથી કોઈ બીજી દિશામાં પરિણામ આવે એવી અપેક્ષા રાખવી વ્યાજબી પણ નથી. પ્રસ્તુત સવાલના સંદર્ભમાં કહેવાનું કે નીતિનિયમો અને ઉચ્ચ આદર્શોના પાલનદ્વારા પોતાના જીવનનું ઘડતર કરનાર વ્યકિત, નૈતિક સ્તર પર પોતાની સમગ્ર શકિત એકત્રિત કરી પોતાના વ્યકિતત્વમાં નૈતિક રીતની પ્રતિભા વિકસાવે છે. તેનું વ્યકિતત્વ આ રીતે નૈતિક રીતે સમૃદ્ધ અને સુંદર બને છે. ઉદાત્ત તત્ત્વોના હીરથી ગૂંથાયેલા તેના વ્યકિતત્વમાં એક એવી તેજસ્વિતા હોય છે કે, પછી દુન્યવી બદલો, સામાજિક દરજ્જો, કીર્તિ કે ભૌતિક પ્રાપ્તિઓ તેને માટે વિચારબહારની અપ્રસ્તુત વસ્તુઓ બની જાય છે.

એજ રીતે જે માણસ નીતિ કે ધર્મની પરવા રાખ્યા વગર દુન્યવી સ્તર પર રહી કેવળ ભૌતિક પરિણામો પાછળ પોતાની શકિત ખર્ચે છે, તેને એ રીતનું પરિણામ મળી આવે છે. તેનો અભિગમ જો નૈતિક કાનૂન અને ધર્મસિદ્ધાંતોની વિરુદ્ધમાં છે તો દેખીતી વાત છે કે એ દિશા પરત્વે તેનું જીવન કોરું-શુષ્ક રહી જાય છે.

આ બંને બાબતોને એકબીજામાં ભેળવવી તે બરાબર નથી.

અનુ: શારદાબેન બાબુભાઈ શાહ — શ્રી અરવિંદ

# ☆ ઑાડેન—એક શ્રદ્ધાંજલિ ☆

સવારના પહોરમાં જાગીએ છીએ પછી આંખને કેવા કેવા સમાચારનો મુકાબલો કરવો પડે છે! થોડાક દિવસો પહેલાં જ Auden is dead. એ સમાચાર આંખને વાંચવા પડયા.

ચૌદ વર્ષની ઉંમરથી આ કવિએ કવિતા સાથેનો સંબંધ કેળવેલો, તે ઠેઠ મૃત્યુ લગી વિકસતો રહ્યો. મૃત્યુ પહેલાના ઑાડેનના કલાકો પણ એટલા જ કાવ્યમય હતા. કોઈક સભામાં સાંજે કવિતા વિષે એમણે વાત કરી'તી. એમના કાનમાં તો કવિતાની વાતનો સ્વાદ રમતો હશે અને એ જ રાતે, કોઈને પણ ખબર ન પડે એમ, ચૂપચાપ આ કવિ નિદ્રાનું ચિરનિદ્રામાં રૂપાંતર કરી ચાલતા થયા.

અંગ્રેજી કવિતાની વાત કરીએ એટલે એલિયટ અને ઑાડેન આ બંને નામો એકસાથે યાદ આવે. સમગ્ર દુનિયાની કવિતા પર એલિયટનો વત્તોઓછો પ્રતાપ દેખીતો છે. એલિયટની જેટલા ઑાડેન એક અસર તરીકે છવાયા નથી એટલું જ. બાકી એની કવિતાનો પ્રભાવ પણ પૂરેપૂરો વરતાય એવો છે. એલિયટ જો મળી જાય તો ભારતીય પદ્ધતિ પ્રમાણે આપણા હાથ અનાયાસે જોડાઈ જાય, પણ ઑાડેનની સાથે તો તરત જ હાથ મિલાવી દેવાય. એલિયટની કવિતાને આદર આપ્યા વિના રહેવાય નહીં અને ઑાડેનની કવિતાને પ્રેમ કર્યા વિના રહેવાય નહીં. હકીકતમાં એલિયટ અને આડેન બંને કોઈ ઉત્તમ પુસ્તકના આગલા અને પાછલા પૂંઠા જેવા જ છે.

દરેક કવિને પ્રારંભકાળમાં સાચીખોટી ઓળખપટ્ટીઓ વિવેચકો તરફથી મળતી હોય છે. ઑાડેન પણ આવી છેતરામણ જેવી ઓળખપટ્ટીથી અપવાદરૂપ નહોતા રહ્યા. પ્રારંભમાં ઑાડેનની કવિતા માર્ક્સ અને ફ્રોઈડના સરવાળાના સંમિશ્રણ તરીકે ઓળખાતી. ઑાડેનની માતા નર્સ હતી અને પિતા ડૉકટર હતા. આ બંનેનો પુત્ર કવિ કવિતાને કદાચ સમાજ માટેની Psychological therapy તરીકે તો નહીં સ્વીકારતો હોય એવો પણ વહેમ કોઈને જાય!

લુઈ મેકનીસે ઑાડેનને "શબ્દના બંધ" તરીકે નવાજ્યા હતા. અને ઑાડેનની કવિતા પ્રતીતિ આપે છે કે કવિનો અનુભવ કાવ્યમાં અનુભવના ભાર તરીકે રહેતો નથી, પણ આંગળીને એ શબ્દનું સ્વરૂપ પામે છે. ઑાડેનને મન કાવ્ય એ અનુભવનો અનુવાદ જ છે. ઑાડેન અનુભવને આત્મસાત કરી શકતા. વીસમી સદીને "The Age of Anxiety" તરીકે ઓળખાવનાર કવિ જાણે કે યુગને પીને પચાવીને બેઠા છે. ઑાડેનની કવિતામાં સાતત્ય, વૈપુલ્ય, વૈવિધ્ય અને એકત્વ એટલું બધું છે કે અમસ્થા પણ એનાં કાવ્યોનાં શીર્ષક પર નજર ફેરવીએ તો એનો અવશ્ય ખ્યાલ આવે. એક વિવેચકે કહ્યું છે: "ઑાડેન કવિતામાં કૈં પણ કરી શકે એવો જાદુગર છે. કવિતામાં ઑાડેન દિલની વાતો કરે છે, દલીલ કરે છે, ચિંતા કરે છે, ચિંતન કરે છે, મજાક કરે છે, ચોવટ કરે છે, ગાય છે, પૃથક્કરણ કરે છે, ભાષણ કરે છે, આત્મસંભાષણ કરે છે અને પાસે બેસીને કોઈ નરી વાત કરતું હોય એમ હળવાશથી વાતો પણ કરી જાણે છે."

પણ ઑાડેનની કવિતાનો મહિમા એના આ વ્યાપક પરિઘમાં જ નથી. ઑાડેનનો કવિ માટેનો આદર્શ આ રહ્યો. એ કહે છે: "All I have is a voice". કવિ પાસે પોતાનો અવાજ હોવો જોઈએ. ઉછીના પડઘાઓથી પરપોટા જેવું પદ્ય લખાય—કવિતા નહીં.

વાંચતાંની સાથે જ મનમાં વસી ગયેલી ઑાડેનની કેટલીયે કૃતિઓ અને પંકિતઓનો વિસ્તારભયે ઉલ્લેખ નથી કરતો પણ એનું એક કાવ્ય સજાગ કવિનો — કવિના સજાગ કવિ કર્મનો ખ્યાલ આપે છે. કહે છે—

**"આજે બે કવિતાએ લખવા માટે રજા માગી**
**મારે તેમને ના કહેવી પડી**
**દિલગીર છું, હવે નહીં, મારી સખી, વ્હાલી—**
**માફ કર, હજી નહીં, મારી મિરાત!"**

કવિતા કવિની મહામૂલી મિરાત છે! અને છતાંય કવિ એને ના કહે છે. આ ના કહેવાતો સમયસરનો સંયમ જ કવિને કવિ બનાવે છે. કવિને ભૂતકાળના પુનરાવર્તનમાં અને ભવિષ્યની અપરિપકવતામાં રસ નથી. ઑાડેન જેવા કસબીને કવિતા હસ્તામલકવત્ છે. કવિ પાસે એક લખાઈ ચૂકેલી કવિતા આવવા માટે ઉત્સુક છે પણ પોતાની સફળતાની પ્રદક્ષિણા કોઈ સમજુ કવિ કરતો નથી અને બીજી કવિતા — જેની પરિપકવતાની ક્ષણ હજી આવી નથી — એ કવિતા આવવા માટે તત્પર છે, પણ પલાંઠી વાળીને સાધનામાં બેઠેલો કવિ અપરિપકવતા સાથે હાથ મિલાવવા રાજી નથી.

ઈ. એમ. ફોરસ્ટરને અંજલિ આપતું ઑાડેને એક કાવ્ય લખ્યું છે, એની પંકિતઓ અત્યારે યાદ આવે છે. કહે છે:

**"અમે બધા તો ભારે રાજીપાથી ધિક્કારનો ઢાળ ઉતરતો'તા ત્યાં અમને રોકયા, ધ્યાનચૂક થયેલ પથ્થની જેમ, અમે તો અમારી પગલાઈમાં ચકચૂર હતા. પણ ટેલિફોનની ઘંટડી વાગે અને ખલેલ પડે - અમે તે અમને અધવચ્ચે આંતર્યા."**

ઑાડેનને માટે પણ આપણે આવું જ કહી શકીએ. ઑાડેનની કવિતાએ આપણને આપણો ફોટોગ્રાફ નહીં, પણ આપણો એકસ-રે આપ્યો છે અને એટલે જ યેટ્સના મૃત્યુ વખતે એમણે લખેલા કાવ્યની એક પંકિતનો આધાર લઈને આપણે પણ કહીએ"

"Earth, receive an honoured guest" આ મોંઘેરા મહેમાનનો સત્કાર કર."

—સુરેશ દલાલ

## પંખીની ભાષા

મારી આસપાસ કલરવતા
પંખીઓના શબ્દોને પામવા જતા
હું જે કૈં સાંભળું છું તેમાં મને
ભયસૂચક ઘોંઘાટનો અણસાર કળાય છે.

જો કે, હું જાણું જ છું કે આ અવાજોમાંના
કેટલાક તો રોષ, ડંફાસ, વાસનાના જ પ્રતીક હશે;
પણ પંખીઓ જે બીજાં બધા સૂરને પ્રયોજે છે
તે બધાં જ
આનન્દના પર્યાય જેવા જ લાગે છે.

ઑાડેન: અનુ: જગદીશ જોષી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૩

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૭૩ ગુરૂવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ ગાંધીજી, વિનોબાજી અને સમાજવાદ ☆

મૂડીવાદના પ્રત્યાઘાતમાંથી સામ્યવાદનો જન્મ થયો. ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી મૂડીવાદના બધા અનિષ્ટોનું મૂળ છે તે પાયા ઉપર આ સાધનોની ખાનગી માલિકી નાબૂદ કરવી એ મૂડીવાદના અનિષ્ટોનો અચૂક ઉપાય માનવામાં આવ્યો. મૂડીવાદના અનિષ્ટોમાં શોષણ, નફાખોરી તથા મિલકત અને આવકની વધતી જતી અસમાનતાઓ મુખ્ય છે. પચાસ વર્ષના રશિયાના અને બીજા દેશોના અનુભવે જોયું કે આ દેશો વધારે સુખી સમાજનું નવનિર્માણ કરી શકયા નથી. સામ્યવાદી દેશોના અનિષ્ટો, મૂડીવાદી અર્થરચનાના અનિષ્ટો કરતાં જરાય ઓછાં નથી. બલ્કે હિંસા, વ્યકિતત્વની ગૌરવહાનિ, અને માનવતાનો હ્રાસ કદાચ વધારે છે. મૂડીવાદનું સ્વરૂપ પણ પલટાયું છે અને તેને સંખ્યાબંધ નિયંત્રણો અને સામાજીક જવાબદારીઓને આધીન બનાવ્યો છે. છતાં મિ. હીથે થોડા વખત પહેલા કબૂલ્યું તેમ (Ugly face of Capitalism) મૂડીવાદનું વિકરાળ સ્વરૂપ એવું જ રહ્યું છે. તેના ઉપાય તરીકે જે દેશો સામ્યવાદી નથી તેમણે કલ્યાણરાજ્યની કલ્પના કરી છે અને લોકશાહી સમાજ મારફત આવું કલ્યાણરાજ્ય સ્થાપવાની મહેચ્છા સેવે છે. લોકશાહી સમાજવાદમાં પણ ઉત્પાદનના સાધનોની ખાનગી માલિકી નાબૂદ કરવાનું અને તે બધા રાજ્ય હસ્તક લેવાનું રહે છે. મૂડીવાદ, લોકશાહી સમાજવાદ તથા સામ્યવાદ, આ બધામાં અર્થરચના કેન્દ્રિત રહે છે અને વિજ્ઞાનની શોધખોળ વધે છે તેમ વધારે કેન્દ્રિત થતી જાય છે. આવી કેન્દ્રિત અર્થરચનાના અનિષ્ટો ત્રણેમાં સરખા છે. વળી આ ત્રણેની જીવન-દષ્ટિ ભોગપ્રધાન છે. ઉત્પાદન વધારવું, તે સાથે જીવનની જરૂરિયાતો વધારવી અને ઉપભોગના સાધનો વધારવા. ફરક એટલો જ છે કે મૂડીવાદમાં ઘણાંને ભોગે થોડાઓ ઉપભોગ કરે છે. સામ્યવાદ કે સમાજવાદમાં સમાનતાનો દાવો છે. તાજેતરમાં ઈંગ્લાંડના મજૂરપક્ષની કોન્ફરન્સમાં વધારે અને વધારે ઉદ્યોગો અને ઉત્પાદનના સાધનો સરકાર હસ્તક કરવાનો કાર્યક્રમ સ્વીકારવામાં આવ્યો. આવા સરકારીકરણનો અનુભવ છે કે ઉત્પાદન ઘટે છે, ખોટ વધે છે, અમલદારશાહીનો દોર જામે છે. જાહેરક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના લાભ–ગેરલાભનો વિવાદ ચાલ્યા જ કરે છે. બન્નેમાં ભ્રષ્ટાચાર એટલો જ છે. ખાનગી ક્ષેત્રમાં પણ જાહેર ક્ષેત્ર કરતાં કાર્યક્ષમતા વધારે છે એવો દાવો કરી શકાય તેમ નથી. જાહેર ક્ષેત્ર જાહેર હોવાથી તેની ગેરરીતિઓ તથા કાર્યક્ષમતાનો અભાવ જલદી ઉઘાડો પડે છે. ખાનગીક્ષેત્રમાં તે વધારે હોય તો પણ ખાનગી રહે છે. ખાનગી ક્ષેત્રના સંચાલકો જાહેર ક્ષેત્રના સંચાલકો કરતા વધારે કુશળ હોય છે એવો દાવો પણ થઈ શકે તેમ નથી.

આપણે મિશ્ર અર્થતંત્ર સ્વીકાર્યું છે. ખાનગીક્ષેત્ર અને જાહેરક્ષેત્ર બન્નેને સ્થાન આપ્યું છે અને તેના કાર્યક્ષેત્રો નક્કી કર્યા છે. ૧૯૫૬માં ઔદ્યોગિક નીતિ નક્કી કરી તેમાં બન્ને ક્ષેત્રનો સમાવેશ છે. એ જ નીતિ હજી ચાલુ છે. ઈન્દિરા ગાંધીએ જાહેર ક્ષેત્ર વિસ્તારવાનો પ્રયત્ન કર્યો. પણ હવે તેમાં કાંઈક રુકાવટ કરતા હોય તેમ લાગે છે. જાહેર ક્ષેત્રના વિસ્તરણનો અનુભવ ફળદાયી નથી નીવડયો. છતાં ઘણું સરકારીકરણ થયું- બેન્કો, વિમા કંપનીઓ, કોલસાની ખાણો, ઘઉંનો જથાબંધ વેપાર, વિગેરે. રેલ્વે, પોસ્ટ, વાહનવ્યવહાર-રસ્તાનો તથા વિમાની-બધું સરકાર હસ્તક છે. તેમ સરકારી નોકરોની ફોજ વધતી જાય છે. અર્ધસરકારી તંત્રો-ફૂડ કોરપોરેશન, એસ. ટી. સી, રૂ-ખરીદ કોર્પોરેશન, એવા ઘણાં તંત્રો છે.

અણુવિકસીત અને અર્ધવિકસીત દેશોનો સૌથી વિકટ પ્રશ્ન ખેતજમીનનો છે. શરૂઆતથી જ આ પ્રશ્ન કોંગ્રેસ સરકારે હાથ ધર્યો છે અને જમીન-સુધારણાના સંખ્યાબંધ કાયદાઓ કર્યા છે, પણ કયાંય સફળતા મળી નથી. હવે ખેત–જમીનની ટોચમર્યાદા ઘટાડવા પ્રયત્ન થાય છે તેમ જ શહેરી મિલકતની ટોચમર્યાદા બાંધવાનો પ્રયત્ન થાય છે. પણ આ કાયદાઓનો અમલ કામિયાબ થતો નથી. અનેક છટકબારીનો લાભ લઈ સ્થાપિત હિતો પોતાનું વર્ચસ્વ કાયમ કરે છે. કોર્ટકચેરીનો રાફડો ફાટયો છે. કરવેરા મારફત આવક અને મિલકતની અસમાનતાઓ ઘટાડવાનો પ્રયત્ન થાય છે. પરિણામે કાળાબજાર અને કાળું નાણું વ્યાપક બન્યા છે.

આ બધામાં કયાંય ગાંધીચીંધ્યો માર્ગ નથી. ગાંધીજીનો માર્ગ સર્વથા જુદો હતો. વિકેન્દ્રીત અર્થરચના, સ્વૈચ્છિક પરિગ્રહમર્યાદા, જીવનનો સંયમ-ઉપભોગની મર્યાદા, સરકારની ઓછામાં ઓછી ડખલગીરી અને વ્યકિત તેમ જ સમાજનું બને તેટલું સ્વયં નિયંત્રણ, ગાંધીજીના માર્ગના પાયામાં છે-આ બધાના મૂળમાં ધર્મભાવના છે.

વિનોબાજીએ આ માર્ગે જવાનો એક મહાન પ્રયત્ન કર્યો. ભૂદાન, ગ્રામદાન, સંપત્તિદાન અને જીવનદાન વિગેરે ઘણાં નવા પ્રયોગો કર્યા. હજારો ભાવનાશીલ સ્ત્રી-પુરૂષો તેમાં જોડાયાં. ત્યાગની હવા ઊભી કરી. વીસ વર્ષના અનુભવે એમ લાગે છે કે હજી આમાંની કોઈ વસ્તુ સમાજજીવનની મુખ્ય ધારા બની નથી. નાના ક્ષેત્રોમાં કેટલાક સફળ પ્રયોગો થયા છે, પણ વ્યાપક અસર નથી. વિનોબાજીએ હવે ક્ષેત્રસંન્યાસ લીધો છે અને સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો છે. તેમની સલાહસૂચના મળે છે પણ સક્રિય માર્ગદર્શન રહ્યું નથી. તેમના વારસદાર જયપ્રકાશજીનું સ્વાસ્થ્ય પણ લથડયું છે. વિનોબાજીએ શરૂ કરેલ કાર્ય હજી ચાલે છે પણ કેટલું ચાલશે તે કહેવું મુશ્કેલ છે. ભૂદાન અને સર્વોદય કાર્યકર્તાઓ મુંઝવણ અનુભવી રહ્યા છે.

ગાંધીજીની કલ્પનાના સમાજવાદ માટે ગાંધીજીએ ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો નિર્દેશ કર્યો હતો. તેને વિકસાવવાની કે અમલી સ્વરૂપ આપવાની ગાંધીજીને તક ન મળી. આ સિદ્ધાંતના ગાંધીજીના છુટા-છવાયા લખાણોને આધારે જયપ્રકાશજી અને શ્રીમન્નારાયણ ટ્રસ્ટશિપને ઉદ્યોગના ક્ષેત્રે કાંઈક ક્રિયાશીલ બનાવવાનો પ્રયત્ન કરે છે. સપ્ટેમ્બર મહિનામાં વ્યાપાર-ઉદ્યોગના અને સરકારના પ્રતિનિધિઓની એક પરિષદ પવનારમાં વિનોબાજીના સાન્નિધ્યમાં મળી હતી. ત્રણ દિવસની ગોષ્ઠી પછી, પરિષદે જે નિવેદન બહાર પાડયું તે આ પ્રમાણે છે.

(૧) ભારત સરકારના ઔદ્યોગિક નીતિ અંગેના ઠરાવ અનુસાર વેપાર - ઉદ્યોગના જાહેર તેમજ ખાનગી બંને ક્ષેત્રોને યોજનાબદ્ધ અર્થતંત્રના સમગ્ર સાળખામાં પોતપોતાના ભાગના પાઠ ભજવવાનો પૂરતો અવકાશ અપાવો જોઈએ.

(૨) ભારત સાચી રીતે એક સમાજવાદી લોકશાહી સમાજ સ્થાપવાના ધ્યેયને વરેલું છે. પરંતુ ભારતનો આ સમાજવાદ, આપણી તળપદી સંસ્કૃતિ તેમ જ પરંપરાને અનુરૂપ હોવો જોઈએ, તથા વડા પ્રધાને વારંવાર કહ્યું છે તેમ તે બીજા દેશોની "કાર્બન કોપી" રૂપ ન હોવો જોઈએ. આ સંદર્ભમાં શ્રીમન્નજીએ પોતાના પેપરમાં ગ્રાહક, મજૂર, શેરહોલ્ડર અને સમાજ સાથે સંબંધિત ગાંધીજીનો ટ્રસ્ટીશિપનો જે વિચાર દર્શાવ્યો છે, તેનો ઊંડાણથી અભ્યાસ થવો જોઈએ, કે જેથી સંગઠિત સામૂહિક પ્રયત્નદ્વારા અમલમાં લાવવા માટે તેને વ્યાવહારિક સ્વરૂપ આપી શકાય.

(૩) ઉત્પાદન વધારવા માટે અને તેમાંયે ખાસ કરીને સામાન્ય જનતાના વપરાશ માટેની ચીજ-વસ્તુનું ઉત્પાદન વધારવા માટે

માફકસર ભાવે તેનું વાજબી વિતરણ થતું રહે તે જોવા માટે બધાએ સાથે મળીને પ્રયત્નો કરવા પડશે. સરકાર તથા ખેતી, વેપાર અને ઉદ્યોગના પ્રતિનિધિઓએ પરસ્પર વિશ્વાસ તેમજ ખેલદિલીના વાતાવરણમાં વાટાઘાટ કરીને આ અંગે જે કાંઈ મુશ્કેલીઓ અને આડખીલીઓ આવતી હોય તે તત્કાળ દૂર કરવી પડશે.

(૪) એ પણ અત્યંત જરૂરી છે કે વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પણ પોતાની સામાજિક જવાબદારીઓનો સ્વીકાર કરતા થાય અને સ્વયં-શિસ્ત પાળીને, વ્યવહારશુદ્ધિ માટે અસરકારક પગલાં ભરે.

(૫) ખાસકરીને ખાવા-પીવાની ચીજવસ્તુઓ અને દવાઓ જેવી રોજિંદા વપરાશની ચીજવસ્તુઓમાં થતી ભેળસેળના વ્યાપક અનિષ્ટને સખત હાથે ડામી દેવું જોઈએ. આ અનિષ્ટ નાબૂદ કરવામાં વેપારી સમાજે સરકારને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ. ભેળસેળ વિરુદ્ધના કાયદા હજીયે વધારે સખત અને આકરી સજા ફટકારનારા બનાવવા જોઈએ.

(૬) ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં સમાજસેવાના અને વિકાસના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવાનું ઔદ્યોગિક એકમો માટે એમની સામાજિક જવાબદારીના એક અનિવાર્ય અંગરૂપ મનાવું જોઈએ.

(૭) ઉપરના આશયો પાર પાડવા માટે ગોષ્ઠીએ એક સમિતિ રચી છે.

ગાંધીજી જીવનના છેલ્લા દિવસોમાં ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને કાંઈક ચોક્કસ સ્વરૂપ આપવા મથી રહ્યા હતા. તેની વ્યવહારુ વ્યાખ્યાનો એક મુસદ્દો નરહરિભાઈ, પ્યારેલાલ, કિશોરલાલભાઈ, પ્રો. દાંતવાલાએ મળીને તૈયાર કર્યો હતો, જેમાં ગાંધીજીએ થોડા ફેરફાર કરી છેવટ મંજૂર કર્યો હતો, તે આ પ્રમાણે છે:

**ટ્રસ્ટીપણાની વ્યવહારુ વ્યાખ્યા**

૧. ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત આજની મૂડીવાદી સમાજવ્યવસ્થાને સમાનતાવાળી સમાજવ્યવસ્થામાં પલટી નાખવા માટેનું સાધન છે. મૂડીવાદને તે આશ્રય આપતો નથી પણ આજના મૂડીદાર વર્ગને સુધરવાની તક આપે છે. માનવસ્વભાવની સુધારણા માટે સદાયે અવકાશ હોય છે એ શ્રદ્ધા પર એનું મંડાણ છે.

૨. પોતાના જ હિત માટે સમાજ જેટલી ખાનગી મિલકતની છૂટ આપે તે સિવાય ખાનગી માલિકીનો હક તે માન્ય રાખતો નથી.

૩. માલિકીહક તથા સંપત્તિના ઉપયોગનું કાયદાથી નિયમન કરવાનો તેમાં નિષેધ નથી.

૪. આમ રાજ્યદ્વારા સંચાલિત ટ્રસ્ટીપણાની વ્યવસ્થામાં વ્યક્તિને પોતાના સ્વાર્થને સંતોષવા માટે અથવા સમાજના હિતની અવગણના થાય એ રીતે સંપત્તિ ધરાવવાની કે તેનો ઉપયોગ કરવાની છૂટ નહીં હોય.

૫. નિર્વાહ માટે મજૂરીનું લઘુત્તમ ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. તે જ રીતે સમાજમાં એક વ્યક્તિને વધુમાં વધુ કેટલી આવકની છૂટ રાખવી તે પણ નક્કી કરવું જોઈએ. આવી લઘુત્તમ તેમ જ ગુરુત્તમ આવક વચ્ચેનો તફાવત સમજપૂર્વકનો, ન્યાયપુરઃસરનો તથા છેવટે એ નાબૂદ થાય એ રીતનો તેમાં વખતોવખત ફેરફાર થતા રહે એ જાતનો હોવો જોઈએ.

૬. ગાંધીવાદી આર્થિક વ્યવસ્થામાં ઉત્પાદનનું સ્વરૂપ સમાજની જરૂરિયાત પ્રમાણે નક્કી કરવામાં આવશે, વ્યક્તિના મનમાં આવે તે પ્રમાણે અથવા તેનો લાભ સંતોષાય તે પ્રમાણે નહિ.

(હરિજનબંધુ, ૨૫-૧૦-'૫૨: પાન ૩૦૧)

ગાંધીજીએ કરેલ ટ્રસ્ટીશિપની વ્યાખ્યા અને પવનાર પરિષદે બહાર પાડેલ નિવેદનમાં કેટલું મોટું અંતર છે તે વિવેકી વાચક જોઈ શકશે. પવનાર સંમેલનનો ધ્વનિ માલિકો અને મજૂરો, ઉત્પાદકો અને ગ્રાહકો, શેરહોલ્ડરો અને સમાજ, વેપારી અને જનતા, આ બધા વચ્ચેના સંબંધો સુધારવા અને વિશ્વાસ પેદા કરવાનો છે. તેમાં કોઈ પાયાની ક્રાન્તિ નથી. બલકે, ખાનગી ક્ષેત્રને તેના અસ્તિત્વ અને યોગ્ય સ્થાન માટે હૈયાધારણ આપવામાં આવે છે. તેમાં મિલકતની માલિકીની ભાવના કાયમ રહે છે. વ્યવહારશુદ્ધિ કરવી, ભેળસેળ ન કરવી એવા સુધારા થાય તો વર્તમાન માળખું કાયમ રહે. ગાંધીજીની ટ્રસ્ટીશિપની વ્યાખ્યામાં માલિકીની ભાવનાનું વિસર્જન છે. તેમાં મિલકત અને આવકની મર્યાદા બાંધે છે. પોતાના હિત માટે સમાજ જેટલી ખાનગી મિલકતની છૂટ આપે તે સિવાય ખાનગી માલિકીનો હક માન્ય નથી. તેમ જ એક વ્યક્તિને વધુમાં વધુ આવકની કેટલી છૂટ રાખવી તે પણ નક્કી કરવું અને લઘુતમ અને ગુરુતમ આવક વચ્ચેનો તફાવત ન્યાયપુરઃસરનો અને છેવટ નાબૂદ થાય એવી વ્યવસ્થા કરવી.

ગાંધીજીની ટ્રસ્ટીશિપની વ્યાખ્યામાં કાયદાદ્વારા વાલીપણાની જવાબદારીઓનું પાલન કરાવવાની હિમાયત છે. આ રાજ્યસંચાલિત ટ્રસ્ટીપણાની વ્યવસ્થા મોટો ફેરફાર છે. ગાંધીજીએ પહેલાં હૃદયપરિવર્તન દ્વારા સ્વૈચ્છિક વાલીપણાની હિમાયત કરી હતી. પણ મનુષ્યનો લોભ જોતાં હૃદયપરિવર્તનને મર્યાદા છે અને કાયદાથી તેનો અમલ કરવો પડે તેનો સ્વીકાર છે. જેમ દારૂબંધી કે અસ્પૃશ્યતા નિવારણ મોટે ભાગે હૃદયપરિવર્તનથી કરવું ફળદાયી છે છતાં સમાજમાં અમુક વર્ગો અને દરેક મનુષ્યમાં અમુક તત્વ એવું હોય છે કે જેને માટે દબાણ આવશ્યક છે. તે દબાણ કાયદાથી લાવવું પડે તો લાવવું એમ આ વ્યાખ્યામાં સ્વીકાર છે. પશ્ચિમનાં લોકશાહી સમાજવાદ અને ગાંધીજીના ટ્રસ્ટીશિપમાં પાયાનો ફેર એ છે કે ત્યાં મનુષ્યનો વિશ્વાસ નથી તેથી મિલકત સરકાર લઈ લે અને સમાજહિતમાં વાપરે. ગાંધીજીની વ્યાખ્યામાં મિલકતની કાયદા પ્રમાણેની માલિકી વ્યક્તિની રહે છે, પણ નક્કી કરેલ મર્યાદાથી વિશેષ મિલકત અને આવકનો તે ટ્રસ્ટી બને છે અને કાયદાથી તેની ટ્રસ્ટી તરીકેની જવાબદારીનો અમલ થાય અને હિસાબ લેવાય. વધારાની મિલકત અને આવકનો દરેક વ્યક્તિએ લોકહિતમાં કેવી રીતે ઉપયોગ કરવો તેનો પણ કદાચ કાયદામાં પ્રબંધ કરવામાં આવે. ગાંધીજી સરકારીકરણના સખત વિરોધી હતા. તેથી ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત મૂક્યો. આ બધું ગાંધીજી કેવી રીતે કરત અથવા કરાવત તે કહેવું મુશ્કેલ છે. બંધારણમાં દારૂબંધી છે અને અસ્પૃશ્યતા-નાબૂદી છે, પણ બન્ને અભરાઈએ ચઢાવ્યા.

પવનાર પરિષદ ચાલતી હતી ત્યારે વિનોબાજીનું માર્ગદર્શન લેવામાં આવ્યું. વિનોબાજીએ ગીતાનો શ્લોક ટાંકી, પાંચ તત્ત્વો બતાવ્યાં. અધિષ્ઠાન એટલે કંપની, કર્તા એટલે ચલાવવાવાળી મુખ્ય વ્યક્તિ, કરણ એટલે મૅનેજમેન્ટ, ચેષ્ટા એટલે મજદૂર અને દૈવ એટલે સમાજ. આ બધાંનો હિસ્સો નક્કી કરવો– મજૂરોને વહીવટમાં ભાગીદાર બનાવવા. વ્યવહારશુદ્ધિ કરવી. વિનોબાજીએ કહ્યું, ટ્રસ્ટીશિપ એટલે પાલકવૃત્તિ–પિતાની પુત્ર પ્રત્યે હોય તેવી. બીજી વખત પાંચ-શક્તિઓ બતાવી–જનશક્તિ, સુજનશક્તિ, વિદ્વજ્જનશક્તિ, મહાજનશક્તિ અને સરકારી શક્તિ. છેલ્લી ઓછામાં ઓછી જોઈએ. ચર્ચા દરમિયાન કહ્યું કે વેપારી અને જનતા વચ્ચે વિશ્વાસ પેદા થવો જોઈએ. વેપારીમાં પ્રમાણિકતા જોઈએ. નાના ઉદ્યોગોને ઉત્તેજન આપવું જોઈએ. ગામની પેદાશોનો ઉપયોગ ગામમાં જ થવો જોઈએ. શહેરોને છઠ્ઠો હિસ્સો આપવો, આપણી જરૂરિયાત પૂરી ન પડે ત્યાં સુધી નિકાસ ન કરવી; જેમકે કેળા, કેરી, કાજુ વિગેરે પ્રજાને પૌષ્ટિક ખોરાક માટે રાખવા જોઈએ, વિદેશથી આયાત રોકવી જોઈએ વિગેરે.

વિનોબાજીએ તો સૂક્ષ્મમાં પ્રવેશ કર્યો છે. વિચારોના સામર્થ્યમાં તેમને ખૂબ શ્રદ્ધા છે એટલે વિચાર–પ્રચાર મુખ્ય લક્ષ્ય છે. તેમના અનુયાયીઓ, તેમણે કહ્યું છે તેનો પ્રચાર કરે છે.

ગાંધીજી વર્તમાન પરિસ્થિતિમાં શું કરત તે કોઈ કહી શકે નહિ. સંભવ છે કે સરકાર, વેપારી, ઉદ્યોગપતિ, મોટા ખેડૂતો, રાજદ્વારી વ્યક્તિઓ, મજૂર આગેવાનો, આ બધાની સામે અસહકાર અને સત્યાગ્રહના શસ્ત્રો ચલાવ્યા હોત–ઉપદેશથી બેસી ન રહેત.

સરકાર કે પ્રજા ગાંધીચીંધ્યા માર્ગથી બહુ દૂર છે અને વધારે દૂર જતા જઈએ છીએ. પવનારનિવેદનમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને અનુરૂપ સમાજવાદની વાત કરી છે. ગાંધીજીનો ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત તે દિશાનો હતો. આપણે તેથી ઘણા જોજન દૂર છીએ. ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનો અમલ કરવાનો કોઈ પ્રમાણિક પ્રયત્ન કરીએ છીએ એવી ભ્રમણામાં ન રહીએ.

૨૧–૧૦–૭૩ **ચીમનલાલ ચકુભાઈ**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## આપણે એક દેશના વતની છીએ?

મહારાષ્ટ્રરાજ્યે એક પરિપત્રદ્વારા ઔદ્યોગિક અને વ્યાપારી કંપનીઓ અને પેઢીઓને આદેશ આપ્યો છે કે, તેમને ત્યાં ઉચ્ચ કક્ષાના અમલદારથી માંડી પટ્ટાવાળા સુધી નોકરીઆતોમાં ૮૦ ટકા સ્થાનિક માણસો હોવા જોઈએ. રાજ્યમાં આર્થિક વિકાસ થાય છે તેનો લાભ રોજગારીરૂપે સ્થાનિક માણસોને મળવો જોઈએ. રાજ્યમાં બેકારીનો પ્રશ્ન હલ કરવા આ જરૂરનું છે. આ આદેશનો અમલ બરાબર થાય તેની ખાતરી માટે ભરતી અથવા વહીવટી અમલદારો Personnel or Administrative officers મરાઠીભાષી જ હોવા જોઈએ. દરેક કંપની અને પેઢીએ વર્તમાનમાં દરેક કક્ષાના નોકરો કોણ અને કેટલા છે તેની માહિતી મોકલવી પડશે અને ૮૦ ટકાનું ધોરણ એક વર્ષમાં થઈ જવું જોઈએ. તેમ જ આ ધોરણ જળવાઈ રહ્યું છે તેની ખાત્રી માટે વખતોવખત આવી માહિતી રાજ્યને પૂરી પાડવાની રહેશે. ૮૦ ટકા એટલે ઉચ્ચકક્ષાના ૬૦ ટકા અને અન્ય કક્ષાના ૯૦ ટકા મળી સરેરાશ ૮૦ ટકા થવા જોઈએ. પરિપત્રથી આવો આદેશ આપવાનો રાજ્યને અધિકાર છે કે નહિ એ પ્રશ્ન હાલ એક બાજુ રાખીએ. અધિકારી ન હોય તો પણ તેનો અમલ કરાવવા કદાચ લોકસેનાઓ તૈયાર હશે. બંધારણ મુજબ આપણો દેશ એક અને અખંડ ગણાય છે અને એક જ નાગરિકતા છે. દેશના કોઈ પણ નાગરિકને દેશના કોઈ પણ ભાગમાં મુકતપણે વસવાટ કરવાનો, આજીવિકા માટે વ્યવસાય કરવાનો, વિચરવાનો અને મિલ્કત ધરાવવાનો અધિકાર છે. દેશમાં આપણે રાષ્ટ્રીય એકતા લાવવાનો મનસુબો છે. દેશનો આર્થિક વિકાસ પ્રાદેશિક હિતોની દષ્ટિએ નહિ પણ સમગ્ર દેશના હિતની દષ્ટિએ કરવાથી લાભ છે. જે વિભાગમાં સાધનસામગ્રી અને ભૌગોલિક સગવડો વધારે હોય ત્યાં તે તે ઉદ્યોગ વિકસાવવાથી દેશનું હિત જળવાય. કેન્દ્રસરકાર મોટા ઉદ્યોગો જાહેર ક્ષેત્રે સ્થાપે છે. આ બધી પાયાની જોગવાઈઓને અવગણી પ્રાદેશિક સંકુચિત સ્વાર્થને ઉત્તેજન મળે તો દેશ છિન્ન-ભિન્ન થાય. કોમવાદ તો છે જ, તેમાં આ પ્રદેશવાદ ભળે એટલે ભેદભાવ વધે. અત્યારે આ સ્થિતિ કેટલેક દરજ્જે છે જ, તેને દબાવવાને બદલે રાજ્યો વિકસાવી રહ્યા છે.

લોકોને રોજગારી આપવી અને સ્થાનિક માણસોને લાભ આપવો તે બન્ને ઉદ્દેશો ખોટા નથી. પ્રશ્ન પ્રમાણભાનનો છે. સ્થાનિક માણસની વ્યાખ્યા રાજ્યે એવી કરી છે કે જેનો ૧૫ વરસથી રાજ્યમાં વસવાટ હોય અથવા જેની માતૃભાષા મરાઠી હોય. સામાન્યપણે ગામડાઓમાં અથવા નાનાં શહેરોમાં આ પ્રશ્ન વિકટ નથી. ત્યાં મોટેભાગે સ્થાનિક માણસોને જ લાભ મળે. પ્રશ્ન, મુંબઈ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી જેવા મોટા શહેરોનો છે. મુંબઈમાં લગભગ ૪૦ ટકા મરાઠીભાષી છે અને ૬૦ ટકા અન્યભાષી છે. દેશના બધા ભાગમાંથી લોકો મુંબઈમાં વસ્યા છે. રોજગારી માટે આવે છે. મુંબઈનો ઔદ્યોગિક વિકાસ માત્ર મરાઠીભાષી લોકોને જ આભારી નથી. ખાસકરી ઉચ્ચકક્ષાની નોકરીમાં ગુણવત્તાને વધારે સ્થાન હોવું જોઈએ. કેન્દ્રના ઉદ્યોગો અથવા સંસ્થાઓ હોય ત્યાં સ્થાનિક માણસોને જ રાખવા એવો આગ્રહ કેમ રખાય? બેન્કો, વીમાકોર્પોરેશન, બંદરો, રેલ્વે, પોસ્ટ ઓફિસ, હિન્દુસ્તાન સ્ટીલ કે એટમીક પાવર કે રીફાઈનરી જેવા મોટા કારખાનાઓ. આમાં વખતોવખત બદલી પણ થાય છે.

મહારાષ્ટ્રરાજ્ય એક જ આવું વર્તન કરે છે તેમ નથી, બધે આ પવન વાયો છે. દરેક રાજ્ય જાણે સ્વતંત્ર રાજ્ય અને જુદી પ્રજા હોય તેવો વર્તાવ થાય છે. એક રાજ્યમાંથી બીજા રાજ્યમ નિકાસબંધી થાય છે.

આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ? ટૂંકી દષ્ટિની સંકુચિતતા તાત્કાલિક લાભ માટે કાયમી હાનિ કરે તે ભૂલી જઈએ છીએ. કેન્દ્ર સરકાર સવેળા સાવચેતી નહિ રાખે તો તામીલનાડુમાં નાઈકરના દ્રવિડસ્તાનની માંગણી ત્યાં જ અટકશે નહિ. એક રાજ્યના લોકોને જ રોજગારી જોઈએ છે તેમ નથી, સારા દેશનો આ સવાલ છે.

## આશ્ચર્યજનક ઘટનાઓ

અમેરિકાના ઉપપ્રમુખ વિષે હું ફરી ફરી લખું છું, કારણકે ત્યાં જે બની રહ્યું છે તેથી મને ઘણું આશ્ચર્ય થાય છે.

એગ્ન્યુએ, ખૂબ ધમપછાડા કર્યા પછી, અચાનક રાજીનામું આપ્યું તે તો સારું કર્યું, પણ જે રીતે રાજીનામું આપ્યું તે આશ્ચર્યચકિત કરે તેવું છે. જસ્ટિસ ડીપાર્ટમેન્ટ અને એગ્ન્યુ વચ્ચે સોદો થયો કે, એગ્ન્યુ રાજીનામું આપશે તો તેને જેલની સજા નહિ થાય. જેલમાંથી બચવા એગ્ન્યુએ કબૂલ કર્યું. આટલે સુધી તો હજી ઠીક છે. ઘણા આરોપીઓ સાથે આવું સમાધાન થાય છે, પણ આ સમાધાન પાકું કરવા એટર્નીજનરલ અને એગ્ન્યુના વકીલો, જજ હોફમેનને મળ્યા અને જજે તેને માન્ય રાખ્યું પછી જ એગ્ન્યુના વકીલે બાલ્ટીમોરથી વૉશિંગ્ટન ટેલિફોન કર્યો કે એગ્ન્યુનું રાજીનામું કીસિન્જરને સુપ્રત કરવું. કીસિન્જર તેની રાહ જોઈ પોતાની ઓફિસમાં હાજર હતા. પછી કોર્ટમાં કેસ ચાલ્યો અને એગ્ન્યુએ કરચોરીનો એક ગુનો કબૂલ કર્યો. એટર્નીજનરલે આગ્રહ રાખ્યો કે બીજા લાંચરુશ્વતના ગુન્હાઓની તેમની પાસે જે જુબાની હતી તેની કોર્ટે નોંધ લેવી અને કોર્ટના દફતરે રાખવી, છતાં; એગ્ન્યુ ઉપર રહેમ રાખી કોર્ટે તેને હળવી સજા કરવી અને જેલ ન આપવી એવી વિનંતિ કરી. કોર્ટે કહ્યું કે આવા કરચોરીના ગુના માટે સાધારણ રીતે જેલની જ સજા હોય, પણ આ કેસના ખાસ સંજોગો જોતાં, દેશના હિતમાં દંડથી સંતોષ માનવો.

આ બધું નાટક અથથી ઈતિ સુધી પહેલેથી નક્કી કર્યા મુજબ ભજવાઈ ગયું. કોણે શું કહેવું એ પણ બધું પહેલેથી નક્કી કર્યું હતું. હવે વિવાદ ચાલે છે કે, એગ્ન્યુને આટલી હળવી સજાથી છોડી દીધા તે વ્યાજબી થયું કે નહિ. કોઈકે લખ્યું છે કે જેલ તો ગરીબો માટે જ હોય! તુલસીદાસે કહ્યું છે કે, સમરથકો નહિ દોષ ગુંસાઈ?

નિક્સન વિષે બન્યુ તે આથી પણ વધારે આશ્ચર્યજનક છે. ફેડરેલ કોર્ટે હુકમ કર્યો કે ટેપરેકોર્ડો નિક્સને, જજ સિરિકાને સોંપી દેવી. સુપ્રીમકોર્ટમાં અપીલ કરવા પાંચ દિવસની મુદત આપી. નિક્સને અપીલ ન કરી, પણ કોર્ટનો હુકમ ન માન્યો. ઉપરથી પ્રોસીક્યુટર કોક્ષને આજ્ઞા આપી કે ટેપરેકોર્ડો મેળવવા તેણે કાંઈ વિશેષ કારવાઈ ન કરવી. નિક્સન પોતે તેનો સાર તૈયાર કરી આપશે અને એક સેનેટર તેની ખાત્રી કરશે. સેનેટકમિટિએ આ સમાધાન માન્ય રાખ્યું, પણ કોક્ષે માન્ય ન રાખ્યું અને કોર્ટનો હુકમ નહિ માને તો નિક્સન સામે કોર્ટના તિરસ્કારના પગલાં લેવા જાહેર કર્યું. નિક્સને કોક્ષને બરતરફ કર્યો. એટર્નીજનરલ રીચર્ડસનને આજ્ઞા કરી કે બરતરફીનો હુકમ કોક્ષને આપે. રીચર્ડસને ના પાડી, રાજીનામું આપ્યું. તેના ડેપ્યુટીને આજ્ઞા કરી, તેણે પણ ના પાડી રાજીનામું આપ્યું. એક્ટીંગ એટર્નીજનરલની નિમણૂક કરી તેની મારફત કોક્ષને બરતરફ કર્યો. ભારે ઉહાપોહ થયો. રીચર્ડસન અને કોક્ષની નિમણૂક થઈ ત્યારે નિક્સને સેનેટને ખાત્રી આપી હતી કે તેમના કામમાં કાંઈક દખલગીરી નહિ કરે. નિક્સને વચનભંગ કર્યો. નિક્સન પ્રત્યે કાંઈક સહાનુભૂતિ ધરાવતા હતા તેવા આગેવાનોએ પણ આવાં પગલાંઓને વખોડી નાંખ્યા. કાયદાનું રાજ્ય છે કે સરમુખત્યારી એવો પ્રશ્ન થયો. નિક્સનને બરતરફ કરવા સિવાય કોઈ માર્ગ કોંગ્રેસ અને પ્રજા માટે ન રહ્યો. બરતરફી માટે કાર્યવાહી શરૂ કરવા લોકસભામાં ઠરાવ રજૂ થયો. પછી નિક્સને જાહેર કર્યું કે અપીલકોર્ટના હુકમ મુજબ ટેપરેકોર્ડો પોતે જ સિરિકાને સુપ્રત કરશે. બરતરફીમાંથી બચવા માટે કદાચ આ પગલું છેવટ લીધું હોય અથવા આ પણ એક નાટક હોય! પણ બચી શકશે? મોટો વિવાદ ચાલ્યો છે કે આવી વ્યકિત અમેરિકાના પ્રમુખ તરીકે રહી ન શકે, રાખવી ન જોઈએ. અમેરિકન પ્રજા અને કોંગ્રેસ આ બધું ગળી જશે? એગ્ન્યુના અનુગામી તરીકે નિક્સને પ્રમાણમાં અજાણી અને સામાન્ય વ્યકિત-ફોર્ડ-ને પસંદ કર્યા છે. ફોર્ડ વિરૂદ્ધ કાંઈ છે નહિ એટલે કોંગ્રેસ તેની નિમણૂકને સ્વીકૃતિ આપશે તેવી ગણતરી છે. પણ નિક્સન બરતરફ થાય તો ફોર્ડ પ્રમુખ થાય. તે આ પદ માટે લાયક નથી.

નિકસનની પણ કદાચ આ જ ગણતરી હશે કે ફોર્ડને પ્રમુખ તરીકે સ્વીકારવા પડે તેવી પરિસ્થિતિ ઊભી થવા નહિ દે. પણ હજી ફોર્ડને સ્વીકૃતિ મળી નથી અને વિલંબમાં પડશે તેમ લાગે છે.

કેટલી. કુટિલ ચાલબાજી? શું થાય છે તે જોવાનું.

**આરબ–ઈઝરાયલ યુદ્ધવિરામ**

૧૭ દિવસની લડાઈ પછી, જે બે દેશોએ શસ્રો પુરા પાડી યુદ્ધને ઉત્તેજન આપ્યું હતું, તે જ બે દેશોએ રાષ્ટ્રસંઘ મારફત યુદ્ધવિરામ કરાવ્યો. યુદ્ધવિરામ થયું ન હોત તો અમેરિકા અને રશિયાને સીધી રીતે સંડોવાવું પડત - લગભગ એવી અણી ઉપર આવ્યા હતા. આવી પરિસ્થિતિ કોઈ રીતે તેમને પોસાય તેમ ન હતી. પરિણામ શું? શરૂઆતમાં ઈઝરાયલને સહન કરવું પડયું. યુદ્ધવિરામ થયું ત્યારે ઈજીપ્તની સ્થિતિ જોખમમાં હતી છતાં ઈજીપ્ત અથવા ઈઝરાયલ કોઈને યુદ્ધ લંબાવવું શકય ન હતું. અત્યારે ઈજીપ્તે સુએઝની પૂર્વે સીનાઈમાં થોડો વિસ્તાર કબજે કર્યો છે તો ઈઝરાયલે સુએઝની પશ્ચિમે થોડો વિસ્તાર કબજે કર્યો છે. સીરીયામાં ઈઝરાયલે ગોલનહાઈટસ પાછી મેળવી છે અને તેની આગળ થોડો વિસ્તાર કબજે કર્યો છે. ઈજીપ્તના સૈન્યે પોતાની શકિતનો પરિચય આપ્યો. ઈઝરાયલ અજેય છે એ માન્યતા ખોટી ઠરાવી. સાદતે કાંઈક પ્રતિષ્ઠા મેળવી. આરબ રાજ્યોએ કાંઈક સંગઠન બતાવ્યું છે પણ અંતે લગભગ હતા ત્યાંને ત્યાં જ. હવે પછી શું થાય તે જોવાનું. એક મોટો ફેર પડયો. આરબ રાજ્યો હવે ઈઝરાયલનું અસ્તિત્વ સ્વીકારે છે. તેને ઊખેડી નાખવાની વાત હવે નથી. રાષ્ટ્રસંઘનો ઠરાવ કહે છે કે ૧૯૬૭ ની સરહદો ઉપર બન્ને પક્ષે પાછા જવું. પણ તે સાથે કહ્યું છે કે, ઈઝરાયલને સલામત સીમાડા હોવા જોઈએ અને કાયમી શાન્તિ ન્યાયી હોવી જોઈએ. સલામતી સીમા એટલે શું? બીજો ફેર પડયો. આરબ રાજ્યો સીધી રીતે ઈઝરાયલ સાથે વાટાઘાટ કરવા તૈયાર થયા છે. યુદ્ધવિરામ પછી બે ત્રણ દિવસ અશાન્તિ રહી. દરેક પક્ષ કાંઈક જોર કરી વધારે સરહદ પચાવવા ઈચ્છતો હતો. રાષ્ટ્રસંઘને બે વખત ઠરાવ કરવો પડયો. હજી શાન્તિ નથી પણ રાષ્ટ્રસંઘના દળો અને નિરીક્ષકો પહોંચી ગયા છે અને શાન્તિ સ્થાપવામાં મદદ કરશે. પહેલા એવું જાહેર થયું હતું કે શાન્તિ માટે રશિયા અને અમેરિકાના સૈન્યો જશે, આમાં જોખમ હતું. હવે નક્કી થયું કે તટસ્થ રાષ્ટ્રોના સૈન્યો જશે, જે વ્યાજબી છે. વિરામ-હરોળ નક્કી થયા પછીનું બીજું પગલું ૧૯૬૭ ની સરહદો પર પાછા જવાનું છે. ઈઝરાયલ આ જલદી કરશે નહિ. કાયમી શાન્તિ અને સલામત સરહદો માટેની વાટાઘાટો તુરત શરૂ કરવા અને તેનો નિર્ણય કરવા આગ્રહ રાખશે. કેટલોક પ્રદેશ જેવો કે સીરીયામાં ગોલન હાઈટસ, જેરૂસલેમ, જોર્ડન નદીની પશ્ચિમે પેલેસ્ટાઈનનો કેટલોક ભાગ, સીનાઈમાં ગાઝા પટ્ટી, શેરએલમેનનું બંદર વિગેરે પ્રદેશો, ઈઝરાયલ છોડશે નહિ. તો જ તેની સલામતી થાય. વાટાઘાટોથી કાયમી શાન્તિ થશે કે ૨૫ વર્ષથી જે અશાન્ત અને અનિશ્ચિત પરિસ્થિતિ છે તે જ ચાલુ રહેશે તેનો આધાર રશિયા, આરબો ઉપર અને અમેરિકા, ઈઝરાયલ ઉપર કેટલું દબાણ લાવી શકે છે તેના ઉપર છે. બન્ને મહાસત્તાઓ મધ્યપૂર્વના આ પ્રદેશમાં પોતાનું વર્ચસ્વ રાખવા ઈંતેજાર છે. ચીન નેપથ્યમાં ઊભું છે. રશિયા અને અમેરિકા પ્રમાણિક પ્રયત્ન કરે તો કાયમી સમાધાન અશકય નથી. આપણે પણ આરબોનો પક્ષ ખેંચ્યો છતાં ઈઝરાયલનું અસ્તિત્વ રહે અને સલામત સરહદો તેને મળે એમ કહ્યું છે. અમેરિકા, રશિયા અને બીજા દેશો - ફ્રાન્સ, ઈંગ્લાંડ વિગેરે - શસ્રો પુરા પાડવાનું બંધ કરે તો સમાધાન નજીક આવે.

**શ્રી સત્યનારાયણ ગોએન્કા**

"ભગવાનો અને યોગીઓ" ઉપરની મારી નોંધમાં શ્રી સત્યનારાયણ ગોએન્કાનો મેં ઉલ્લેખ કર્યો છે. તેથી તેમને વિશે કાંઈક ગેરસમજ થવાનો સંભવ છે. તે માટે બે ભાઈઓએ મારૂં ધ્યાન દોર્યું છે. હું તે આવકારૂં છું. શ્રી. સત્યનારાયણ ગોએન્કાને, બીજા જે નામોનો મેં ઉલ્લેખ કર્યો છે તે કક્ષામાં મૂકવાનો લેશમાત્ર મારો ઈરાદો ન હતો. તે પોતાની જાતને ભગવાન અથવા યોગી તરીકે ઓળખાવતા નથી. તેમની પ્રવૃત્તિ સાત્ત્વિક અને માનસિક લાભદાયક છે. બુદ્ધધર્મના વિપશ્યના ધ્યાનના તેઓ નિષ્ણાત છે. મને એક વખત તેમનો પરિચય થયો છે. તેની મારા મન ઉપર સારી છાપ રહી છે. શ્રી. ગોએન્કાજીનો ઉલ્લેખ મેં બીજા સંદર્ભમાં કર્યો હતો. છતાં મારા લખાણથી કાંઈ ગેરસમજુતી થઈ હોય તો હું દીલગીર છું.

૨૭-૧૦-૭૩ ચીમનલાલ ચકુભાઈ

# ભગવાન શ્રી મહાવીરદેવની ૨૫મી નિર્વાણ શતાબ્દી અંગે જૈન શ્રી સંઘને નિવેદન અને વિનંતિ

ભારત સરકારે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકની ઉજવણી કરવા માટે એક રાષ્ટ્રીય સમિતિ નીમી છે. આ સમિતિમાં અનેક સભ્યો જૈન ધર્મના જાણકાર છે અને ધર્મશ્રદ્ધાળુ છે. ઉજવણી અંગેનો સત્તાવાર જે કાર્યક્રમ બહાર પડયો છે તે પ્રથમ ચારેય ફિરકાઓની મળેલી સંયુકત કમિટીએ ચર્ચાવિચારણા કરી લીધા બાદ નક્કી કરેલો છે. અને તે પછી તે કાર્યક્રમને ભારત સરકારે મંજૂર રાખ્યો છે. કાર્યક્રમમાં ભગવાન શ્રી મહાવીરના ગૌરવને જૈન ધર્મને કે જૈન ઈતિહાસને હાનિ પહોંચે એવી એકપણ બાબત નથી. વળી ભવિષ્યમાં પણ જાણે-અજાણે ક્ષતિ પહોંચવાનો પ્રસંગ ઉભો ન થાય એટલા માટે નીમવામાં આવેલી તમામ સમિતિઓમાં જૈનોને ખાસ સ્થાન પણ આપવામાં આવ્યું છે. પરિસ્થિતિ આટલી સ્પષ્ટ અને અનુકૂળ હોવા છતાં અમોને અત્યંત ખેદ થાય છે કે મૂર્તિપૂજક જૈન સંપ્રદાયના કોઈ કોઈ પૂ. આચાર્ય મહારાજો તથા કેટલાક પૂ. મુનિરાજો અને શ્રાવકબંધુઓ વિનાકારણે સાચી પરિસ્થિતિની અવળી રજૂઆત કરી રહ્યા છે અને સારીએ પ્રવૃત્તિનો વિરોધ કરવા દ્વારા જૈન સમાજને ગેરરસ્તે દોરવવાનો સતત પ્રયત્ન કરી રહ્યા છે, જે એક કમનસીબ અને દુ:ખદ બાબત છે. આથી અમારી જૈન શ્રીસંઘને, સમાજને નમ્ર વિનંતિ છે કે પત્ર-પત્રિકા કે પ્રવચનો દ્વારા જૈન સંઘને કે જૈન સંસ્કૃતિને હાનિ કરનારા થઈ રહેલા ઉગ્ર અને વિરોધી પ્રચારથી જરાપણ ગેરરસ્તે ન દોરવાતાં રાષ્ટ્રીય ઉજવણીમાં પૂરેપૂરો સાથ અને સહકાર આપે.

વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જોતાં ભગવાન શ્રી મહાવીર દેવની ઉજવણીને ભારત સરકાર તરફથી વિવિધ રીતે જે સાથ સાંપડયો છે એ ખરેખર જૈન શાસનની પ્રભાવના કરવામાં, જૈન ધર્મના પ્રચારમાં અને ૫૫ કરોડની વસ્તીવાળા વિશાળ રાષ્ટ્રમાં અહિંસાની પરમ વિભૂતિ ભગવાન મહાવીરનો ભવ્ય પરિચય કરાવવામાં તેમ જ તેમના મહાન સિદ્ધાંતોની જાણ કરાવવામાં ઘણો જ સહાયક બનશે, એટલું જ નહિ શાસનના હિતમાં એની દુરગામી શ્રેષ્ઠ અસરો પડશે એવું અમારૂં સ્પષ્ટ મંતવ્ય છે અને એથી જ ભારત સરકાર આપણા સૌના હાર્દિક અભિનંદનને પાત્ર છે, એમ એમ માનીએ છીએ.

એક બાબત ખ્યાલમાં રહેવી જોઈએ કે ભારત સરકાર કોઈપણ સંપ્રદાયને વરેલી નથી એટલે રાષ્ટ્રીય સ્તરે થનારી ઉજવણી તો તેની મર્યાદાને અનુસરીને જ થશે, પણ શ્વેતામ્બર મૂર્તિપૂજકોએ, જૈન સંઘોએ પોતાની પરંપરા અને મર્યાદાને અનુસરીને વિશાળ ધાર્મિક કાર્યક્રમો અને સાહિત્ય પ્રકાશનદ્વારા ભગવાન શ્રી મહાવીરનો અહિંસાનો સંદેશો સર્વત્ર પહોંચાડવો જોઈએ અને મળેલી આ અભૂતપૂર્વ સુવર્ણ તકનો પૂરેપૂરો લાભ ઉઠાવવો જોઈએ. આ માટે સૌએ એકવાકયતા ઊભી કરીને સંપ અને સંગઠિતપણે ચતુર્વિધ શ્રી સંઘે પૂરા પુરુષાર્થ સાથે શીઘ્ર કામે લાગી જવું જોઈએ. પૂજ્ય ગુરુદેવોને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓ સૌએ વિશાળ દષ્ટીબિન્દુ અપનાવી દીર્ઘદષ્ટિ રાખીને જૈન સંઘને સાચી દોરવણી આપીને આપણા તારક પરમાત્માના કલ્યાણકારક આદેશો અને ઉપદેશોના પ્રચાર માટે બધું કરી છુટવું જોઈએ, અને વિરોધની ખાતર જ થતા વિરોધો તરફ લેશમાત્ર ધ્યાન આપવું ન જોઈએ. ભગવાન મહાવીરના સાત્વિક અને સાચા અનુયાયી તરીકે આપણી આ જ ફરજ છે.

જૈન શ્રી સંઘ ખાતરી રાખે કે ભગવાનની આશાતના કે લઘુતા થાય તેમ જ જૈનધર્મને હાનિ પહોંચે એવુ રાષ્ટ્રીય સમિતિએ કશું કર્યુ જ નથી અને કરશે નહિ. ભારત સરકારે તો પ્રથમથી જ સમિતિને સ્પષ્ટ જણાવ્યું છે કે તમારી ધાર્મિક મર્યાદાઓ મુજબ ઉજવણી કેમ કરવી તેના નિર્ણયો તમારે (જૈનો એ જ) કરવાના છે અને એથી એનો તમામ કાર્યક્રમ જૈનોએ નક્કી કરેલો છે.

અન્તમાં જૈન સંઘો કે વ્યકિતઓને નમ્ર વિનંતિ કે કાલ્પનિક ભયોથી ભરેલા ગેરમાર્ગે દોરનારા પ્રચારથી જરાપણ દોરવાયા વગર આ કાર્યમાં સૌ ઉમળકાથી હાર્દિક સહકાર આપે.

લિ.

કસ્તુરભાઈ લાલભાઈ — અમૃતલાલ કાળીદાસ દોશી

જયંતિલાલ રતનચંદ શાહ — રીષભદાસ રાંકા

(રાષ્ટ્રીય સમિતિના સભ્યો)

# ✻ જૈન કોને કહેવાય ? ✻

પરમગુરુ! જૈન કહો કયોં હોવે? ગુરુ ઉપદેશ વિના જન મૂઢા,
દર્શન જૈન વિગોવે! પરમગુરુ! જૈન કહો કયોં હોવે?
કહત કૃપાનિધિ સમજલ ઝીલે કર્મ મયલ જો ધોવે!
બહુલ પાપ મલ અંગ ન ધારે શુદ્ધરૂપ નિજ જોવે ... પરમગુરુ!

સ્યાદ્વાદ પૂરન જો જાને નયગર્ભિત જસ વાચા!
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે સોઈ જૈન હૈ સાચા ... પરમગુરુ!

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની ચાલત ચાલ અપૂઠી!
જૈનદશા ઊન મેં હી નાહી કહે સો સબ હી જૂઠી ... પરમગુરુ!

પરપરનતિ અપની કર માને કિરિયાગર્વે ઘેહેલો!
ઊનકું જૈન કહો ક્યું કહિયે, સો મૂરખમેં પહિલો ... પરમગુરુ!

જ્ઞાનભાવ જ્ઞાનસબ માંહી શિવસાધન સર્દહીએ!
નામ ભેખસેં કામ ન સીઝે ભાવ ઉદાસે રહીએ...પરમગુરુ!

જ્ઞાન સકલ નય સાધન સાધો ક્રિયાજ્ઞાનકી દાસી!
ક્રિયા કરત ધરતુ મમતા, યા હિ ગલે મેં ફાંસી ... પરમગુરુ!

ક્રિયા વિના જ્ઞાન નાહિં કબહું, ક્રિયા જ્ઞાન વિનુ નાંહી!
ક્રિયાજ્ઞાન દોઊ મિલત રહતુ હૈ, જયોં જલરસ જલ માંહી...પરમગુરુ!

ક્રિયામગનતા બાહિર દીસત, જ્ઞાનશકિત જસ *ભાંજે!
સદ્ગુરુ શીખ સુને નહીં કબહું સો જન જનતે લાજે...પરમગુરુ!

તત્ત્વબુદ્ધિ જિનકી પરનતિ હૈ, સકલ સૂત્ર કી કુંચી
જગ જસવાદ વદે ઉનહી કો, જૈનદશા જસ ઊંચી...પરમગુરુ!

—શ્રી યશોવિજયજી મહારાજ

* ભાંજે - જેની વિચારશકિત ભાંગી ગયેલ છે.

જેમ શ્રી નરસિંહ મહેતાએ "વૈષ્ણવ કોને કહેવાય' એ પ્રશ્નના ઉત્તરરૂપે "વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે" એ પ્રસિદ્ધ ભજનમાં વૈષ્ણવજનનાં લક્ષણો બતાવેલાં છે તેમ મહાન ગીતાર્થ સુવિદિતશિરોમણિ શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ "જૈન કેમ થવાય?" એ સવાલ ઊભો કરીને પરમગુરુદ્વારા જૈન ધર્મના અનુયાયીનાં લક્ષણો વર્ણવેલાં છે. આમ તો જે લક્ષણો વૈષ્ણવ-જનનાં શ્રી મહેતાજીએ બતાવેલાં છે તે તમામ લક્ષણો જૈનધર્મના સાચા અનુયાયીને પણ બરાબર લાગુ પડે છે જ. શ્રીમાન્ ઉપાધ્યાયજીએ જૈનાભાસ અનુયાયીઓથી ખરેખરા જૈનને જુદો તારવવા ઉપરની પોતાની પ્રાસાદિક કવિતામાં જૈન થનારનાં જે લક્ષણો વર્ણવેલાં છે તે આ પ્રમાણે છે. (આની ઉપરના ભાગમાં શ્રી ઉપાધ્યાયજીનું એ કવન આપેલ છે તેથી કડીઓનો અનુક્રમ ધ્યાનમાં રાખીને આ નીચે માત્ર લક્ષણો જ બતાવેલ છે.)

શ્રી ઉપાધ્યાયજી પરમગુરુને પૂછે છે કે પરમગુરો! જૈન કેવી રીતે થવાય છે? એટલે મનુષ્યના ચિત્તમાં કઈ કઈ પરિસ્થિતિ આચારની અપેક્ષાએ અંકાયેલી હોય તો મનુષ્ય જૈન થઈ શકે છે? ઉપાધ્યાયજીને એમ લાગ્યું જણાય છે કે સદ્ગુરુનો ઉપદેશ સમજ્યા વિના મૂઢ લોકો જૈનદર્શનને, જૈનમાર્ગને યા જૈન નામને વગોવે છે, માટે જ હે પરમગુરો! આપ સમજાવો કે જૈન કેવી રીતે થવાય?

(નામજૈન, સ્થાપનાજૈન, દ્રવ્યજૈન અને ભાવજૈન— એ ચાર ભેદો નિક્ષેપોની અપેક્ષાએ જાણીતા છે. (૧) જેનું નામ જ જૈન હોય પણ જૈન શબ્દના અર્થ સાથે જેનો કશો સંબંધ હોવો જરૂરી ન ગણાતો હોય તે નામજૈન - જેમકે જૈનદાસ, જૈનકુમાર વગેરે નામવાળા ગમે તે મનુષ્યો.

(૨) એવું ચિત્ર દોરેલ હોય જેમાં જૈનોની વેશભૂષા અથવા બીજાં ટીલાં વગેરે નિશાનો ચિતરેલાં હોય યા જૈન સાધુનો વેશ ચીતરેલો હોય એવું જે ચિત્ર હોય તે સ્થાપનાજૈન. આ તો માત્ર ચિત્ર છે તેથી જૈન શબ્દના અર્થ સાથે માત્ર તે ચિત્રનો જૈન વેશ સાથે સંબંધ હોઈ શકે અને એ અપેક્ષાએ એ ચિત્ર જૈનવેશ પહેરેલ જે વ્યકિતનું હોય તેને સ્થાપનાજૈન કહેવાય.

(૩) જે મનુષ્ય સાચા અર્થમાં જૈન થવાની યોગ્યતા ધરાવતો હોય તે મનુષ્યને દ્રવ્યજૈન કહી શકાય, અને

(૪) શ્રી ઉપાધ્યાયજીએ પોતાના કવનમાં જે લક્ષણો બતાવેલ છે તે ભાવજૈનનાં છે. એટલે જે વ્યકિત સ્ત્રી કે પુરુષ 'જૈનજીવન જીવી રહેલ છે અને પોતાની તમામ પ્રવૃત્તિ યા વ્યવહાર બતાવેલ લક્ષણોને અનુસરીને ચલવી રહેલ છે તેને ભાવજૈન કહી શકાય.) (કડી ૧)

કરુણાના સાગર પરમગુરુ કહે છે કે જે વ્યકિત સમભાવરૂપ પાણીથી નહાય છે, યા નહાયેલ છે અને ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષા, અભિમાન, મહત્ત્વાકાંક્ષાની વૃત્તિ વગેરે આત્મઘાતક અને વ્યકિતને તથા સમાજને હાનિ પહોંચાડનારા ભાવકર્મોનો મળ ધોતો રહે છે તે જૈન થઈ શકે છે તથા વિશેષ પાપરૂપ મેલને ધારણ નથી કરતો તથા પોતાનું સ્વરૂપ સમજી અનેક ગુણોને ધારણ કરવાના પ્રયત્નમાં સદા મગ્ન છે તે જૈન હોઈ શકે છે. (કડી ૨જી)

જે વ્યકિત સ્યાદ્વાદશૈલીનો પૂર્ણપણે જાણકાર હોય અને જેની વાણી નયગર્ભિત હોય એટલે 'મારું એ જ સાચું' એવી કદાગ્રહયુકત ન હોય પણ 'સાચું એ મારું' એ સરલભાવથી યુકત હોય, પદાર્થમાત્રના ગુણ અને પર્યાયોને જે બુઝતો - બરાબર સમજતો—હોય તે जैन है सत्चा એટલે તેને સાચો જૈન સમજવો. (કડી ૩જી)

જે ગૂઢમતિ સમજ્યા વગર માત્ર પોપટપાઠની પેઠે વિવિધ ક્રિયા કરતો રહે છે તે અજ્ઞાની છે અને જેની ચાલ—રીતભાત—આચરણા જૈનઆચાર સાથે અપૂઠી છે - જૈન આચારના સ્પર્શ વગરની છે - જૈન આચાર સાથે - મેળ વગરની છે - તે એવી જડ ક્રિયા કરનારમાં जैन दशा ऊनमें ही नाहीं - જૈન દશામાં હોઈ જ ન શકે અને એવો મનુષ્ય જે કાંઈ ક્રિયા વગેરે કરે તે सब ही जूठी બધું જ જૂઠું — ખોટું — સમજવું. (કડી ૪ થી)

વિષયવિલાસ વગેરેને પોતાની દશામાં ગણતો હોય અને પોતે ભારે ભારે ક્રિયાઓ કરી રહેલ છે એવા ગર્વને લીધે ઘેલો થયેલ હોય उनकु जैन कहो क्युं कहिये-તેને જૈન શી રીતે કહી શકાય? આવો ક્રિયાગર્વી અને ક્રિયાજડ તો મૂરખમાં પહેલો ગણાય. અર્થાત્ એવો મનુષ્ય મહામૂરખ કહેવાય. (કડી ૫મી)

જ્ઞાનભાવ -વસ્તુના સ્વરૂપનું જાણપણું એટલે જ્ઞાનદૃષ્ટિ-બધી પ્રવૃત્તિઓમાં પ્રમુખ છે અને એ જ કલ્યાણનું સાધન છે.

નામથી કાંઈ કામ સધાતું નથી તેમ ભેખ - વેશ - થી ય કાંઈ સધાતું નથી અર્થાત્ નામમાં કાંઈ માલ નથી, તેમ ભેખમાંય કાંઈ માલ નથી.

પ્રપંચમય પ્રવૃત્તિઓને જોઈને ઉદાસભાવે-તટસ્થભાવે અનાસકત ભાવે રહેવું જોઈએ. (કડી છઠ્ઠી)

તમામ તપોને સમજવાનું સાધન જ્ઞાન છે તેથી જ્ઞાનની સાધના કરવી જોઈએ. ક્રિયા તો જ્ઞાનની દાસી છે. જે કોઈ ક્રિયા કરતો કરતો 'મેં આમ કર્યું, આવું તપ કર્યું વગેરે પ્રકારે' મમતા ધારણ કરે છે તે ક્રિયા કરનારને તો ગળામાં ફાંસી છે એટલે કરવામાં આવેલી તે તે તમામ જડક્રિયાઓ બંધનરૂપ છે. (કડી ૭મી)

કયારેય ક્રિયા વિના જ્ઞાન ન હોઈ શકે અને જ્ઞાન વિના ક્રિયા પણ કયારેય ન હોઈ શકે. એટલે જ્ઞાન અને ક્રિયા બન્ને ઓતપ્રોત છે. જેમ જલ અને તેનો રસ જુદો થઈ શકતો નથી તેમ જ્ઞાન અને ક્રિયા જુદાં જુદાં હોઈ શકતાં નથી. (કડી ૮મી)

બહારથી એમ દેખાય કે આ ક્રિયા કરનારો ક્રિયામાં ખૂબ મગ્ન થયેલ છે પણ એવી મગનતાથી જો જ્ઞાનશકિત ભાંજે - ભાંગતી હોય એટલે એવી મગનતા સાથે જ્ઞાનશકિતનો ઓતપ્રોતભાવ ન હોય તો એવો ક્રિયાકારી મનુષ્ય સદ્ગુરુની શિખામણ સાંભળતો નથી - માનતો નથી અને લોકોથી એવો માણસ લાજતો હોય છે. (કડી ૯મી)

જેના ચિત્તપરિણામ તત્ત્વબુદ્ધિરૂપ હોય છે અને એવી તત્ત્વબુદ્ધિ જ તમામ સૂત્રોની કૂંચી હોય છે - અર્થાત્ સૂત્રોના વિચારોને સમજવા સારું તત્ત્વબુદ્ધિ એ કૂંચીસમાન છે આવી જેની તત્ત્વબુદ્ધિ ચિત્તપરિણામરૂપ હોય તેનો જશ લોકો ગાય છે - બોલે છે અને આવી સ્થિતિ જ્યાં હોય તેની જૈનદશા ઊંચી હોય છે એમ ઉપાધ્યાયશ્રી જસ — શ્રી યશોવિજયજી મહારાજ—કહે છે. (કડી ૧૦ મી)

(પૂ. ઉપાધ્યાયજીનું કવન જેમ હું સમજ્યો છું તેમ મેં અર્થ જણાવેલ છે. આ અર્થમાં ભૂલ હોય તો અનુભવી પુરુષોને વિનંતિ છે કે તે સુધારીને વાંચે અને મને પણ જણાવવા કૃપા કરે.)

—પંડિત બેચરદાસ

6



# મનની અજબ અને અકળ શક્તિ

**[દષ્ટિની એકાગ્રતા અને મનોબળ દ્વારા વસ્તુઓને ખસેડવાની, સળિયા વાળી દેવાની ને એવી બીજી ક્રિયાઓ કેટલાક લોકો કરી શકે છે તેવા અહેવાલો અવારનવાર અખબારોમાં ચમકતા હોય છે. એ વિશે અનેક શંકાઓ દર્શાવાય છે. અત્રે આવી મનોતીત શક્તિ-Psychic Power-નાં રહસ્યોને વૈજ્ઞાનિક દષ્ટિએ વિચારવાનો-સમજાવવાનો એક પ્રયાસ થયો છે.]**

એકબીજાથી દૂર રહેતી બે વ્યક્તિઓને એક જ વિચાર આવે-જેને આપણે ટેલિપથી અર્થાત્ પરોક્ષ વિચાર-સંક્રમણની ક્રિયા કહી શકીએ, તે શું ખરેખર અસ્તિત્વ ધરાવે છે કે એ કેવળ જોગાનજોગ હોય છે? નજૂમીઓ સાચે જ ભાવિ જોઈ શકે છે કે આપણે માત્ર તેમની સાચી ધારણાઓ યાદ રાખીએ છીએ અને ખોટીને વીસરી જઈએ છીએ? 'માધ્યમો' તરીકે વર્તતી વ્યક્તિઓ શું ખરેખર ટેબલને ઊંચું કરે છે અને પ્યાલાઓને નીચે પાડી દે છે કે લોહચુંબકો અને અદશ્ય તારો વડે યોજાયેલી એ કોઈ યુક્તિની બાજી હોય છે?

સમગ્ર ઈતિહાસમાં માનવીઓએ એમ માન્યું છે કે આપણી પાંચ ઈન્દ્રિયોની ઉપરવટ એવું એક ક્ષેત્ર છે જેમાં પ્રકૃતિના સામાન્ય નિયમો પ્રવર્તતા નથી. છતાં આવી પ્રક્રિયાઓ સામાન્ય બુદ્ધિની સમજમાં ઊતરે તેવી ન હોઈને, અને 'અન્ય વાસ્તવિકતા' અસ્તિત્વ ધરાવે છે એમ કયારેય કોઈએ સાબિત કર્યું ન હોઈને, આપણે સામાન્ય રીતે સાશંક રહીએ છીએ.

આજે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓની સહાયથી જગતનાં આ અન્ય પાસાંઓને ઉકેલવાની દિશામાં માનવી આગળ વધી રહ્યો છે. સદ્ગત સર સિરિલ બર્ટ જ્યારે લંડન યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાનના માનદ પ્રાધ્યાપક હતા ત્યારે તેમણે કહ્યું હતું: "ઈન્દ્રિયાતીત અનુભવની બાબતો-પરા-મનોવિજ્ઞાનમાં સક્રિય રસ લેતા હોય તેવા આગેવાન ભૌતિકવિજ્ઞાનશાસ્ત્રીઓ, જીવવિજ્ઞાનશાસ્ત્રીઓ અને જ્ઞાનતંતુના રોગોના નિષ્ણાતોની એક લાંબી યાદી બનાવવાનું સહેલું હશે; ઘણા દેશોમાં યુનિવર્સિટીઓમાં હવે અગમ-નિગમના ક્ષેત્રે રીતસરનું સંશોધન ચલાવી રહેલા વિભાગો સ્થપાયા છે."

અગમનિગમના ધૂંધળા ક્ષેત્ર પ્રત્યે 'નક્કર' વિજ્ઞાનને જે નવો રસ જાગ્યો છે તે આશ્ચર્યજનક નથી. અંતે તો, આધુનિક વિજ્ઞાનનાં બે સૌથી અદ્યતન ક્ષેત્રો-ઉચ્ચ ગણિત અને પરમાણુ ભૌતિકવિજ્ઞાન એ જાતે જ 'પ્રતિ-પદાર્થ'-(એન્ટિ-મૅટર), 'પંચ પરિમાણી વિશ્વ', 'કલ્પિત પદાર્થ-સમૂહો' અને 'સમયમાં પાછળ ખસતા વીજાણુ' જેવી પ્રક્રિયાઓની અજબગજબ દુનિયામાં પ્રવેશી રહ્યાં છે. આમ ઘણા વિજ્ઞાનીઓ ત્રિકાળદર્શીપણું-કલેરવોયાન્સ કે ટેલિપથીને ભલે સમગ્રતયા સ્વીકારતા ન હોય, પણ એટલી વાત સાથે સહમત થવા લાગ્યા છે કે તેમાં કંઈક છે ખરું-એવું કંઈક જે હજી અકળ રહ્યું છે, પણ વિજ્ઞાને તેનો અભ્યાસ કરવાનું ચાલુ રાખવું જોઈએ. આ અભ્યાસને પરા-મનોવિજ્ઞાન Parapsychology કહે છે.

આ ક્ષેત્રના માન્ય અગ્રણીઓમાં હાન્સ બેન્ડર નામના ૬૬ વર્ષની વયના એક જર્મન ડૉક્ટર અને મનોવિજ્ઞાની છે. ફ્રેઈબુર્ગ યુનિવર્સિટી ખાતેની 'ઇન્સ્ટિટયૂટ ફોર બોર્ડર એરીઆઝ ઓવ સાયકોલોજી એન્ડ મેન્ટલ હાઈજીન' નામની તેની સંસ્થામાંથી 'અન્ય વાસ્તવિકતા'ની હસ્તીના કેટલાક શ્રેષ્ઠ પુરાવા ઉપલબ્ધ થયા છે તે ભારપૂર્વક જણાવે છે: "આ બીજી વાસ્તવિકતા એ કોઈ અલૌકિક વસ્તુ નથી. એ સહજ છે, પણ હજી સુધી આપણે તેને પૂરી સમજાવી શકતા નથી." બેન્ડરને અત્યારે પરા-મનોવિજ્ઞાનના એક પાસામાં સૌથી વધુ રસ છે. એ છે વસ્તુઓની અકળ કે અસામાન્ય ગતિનો અભ્યાસ, જેને સાયકો-કાઈનેસિસ અને ટૂંક-સૂત્ર રૂપે પીકે-PK -તરીકે ઓળખવામાં આવે છે.

બવેરિયાના રોસેનહાઈમ નગરમાં સીગફ્રીડ આદમ નામના વકીલની ઑફિસમાં બનેલી વિચિત્ર ઘટનાઓની જ વાત લો. ૧૯૬૭-ની પાનખરમાં આ બન્યું. ઑફિસમાંના વીજળીના ગોળા અકળ રીતે બહાર ધસી આવતા, નીઓન-લાઈટની ટયુબો તેના ખાંચામાંથી બહાર નીકળી જતી, ફ્યૂઝ ઊડી જતા-આ માટેનાં દેખીતાં કોઈ જ કારણ જણાતાં ન હતાં. ટેલિફોન બગડી જતા, તેની સરકીટ કપાઈ જતી યા ચારેય ટેલિફોન એકીસાથે રણકી ઊઠતા!

મેઈન લાઈનમાં કશીક ખામી હોવી જોઈએ એમ ધારવામાં આવ્યું. વીજળીબોર્ડના નિષ્ણાતો અને ટેલિફોનના ઈજનેરોને બોલાવવામાં આવ્યા. તેમના મીટરમાં સામાન્ય રીડિંગ્સમાં વિચિત્ર ફેરફાર થઈ ગયા હતા અને ઑફિસમાંથી કોઈ ડાયલ કરતું ન હતું, છતાં મિનિટે છ વાર તેમાં સ્પીકિંગ કલોક માટેના નંબરની ઘંટડી બજતી હોવાનું નોંધાયું હતું. ટેકનિશ્યનો ગૂંચાઈ ગયા હતા.

અખબારમાં આ વિચિત્ર પ્રકારની ઘટનાનો અહેવાલ વાંચીને પ્રો. બેન્ડર તાબડતોબ રોસેનહાઈમ પહોંચી ગયા. તપાસ કરતાં તેને એમ જણાઈ આવ્યું કે વીજળીના પ્રવાહનો ઉછાળો, પેઢીની એક કર્મચારી ૧૯ વર્ષની વયની આન મેરી શાબર્લ હાજર હોય ત્યારે નોંધાતો હતો. જેમકે, એ યુવતી જ્યારે પરસાળમાંથી પસાર થતી ત્યારે લાઈટના ફિકસચરો તેની પાછળ 'તણાતાં' કે 'ખેંચાતાં' હતાં. બધું એમ દર્શાવતું હતું કે 'સાઈકો-કાઈનેસિસ' આમાં પ્રવૃત્ત છે.

મ્યુનિકથી ભૌતિકવિજ્ઞાનીઓને બોલાવવામાં આવ્યા. તપાસને અંતે તેઓ એ વિશે સંમત થયા કે જો કે વિવિધ પ્રક્રિયાઓ બનતી હતી પણ ભૌતિકવિજ્ઞાનના કોઈ જ્ઞાતનિયમ વડે તેમને સમજાવી શકાય તેમ ન હતું.

ત્યાં ઉપસ્થિત ટેકનિશ્યનો અને વિજ્ઞાનીઓ પૈકી માત્ર બેન્ડર એક ખુલાસો આપી શકયા-અને તે મનોવૈજ્ઞાનિક હતો. તેણે આન મેરી શાબર્લની મુલાકાત લીધી હતી. આન મેરીને તેના કડક સ્વભાવના પિતાએ જાણે તેને પીંજરામાં પૂરી હોય એવી લાગણી થતી હતી અને પોતાના કામનો પણ તેને મન પર ભારે બોજ રહેતો હતો. સ્પીકિંગ કલોક માટેના રહસ્યમય કૉલને દિવસ કયારે પૂરો થાય ને કામમાંથી કયારે છુટકારો મળે તેવી તેની ઈન્તેજારી સાથે સાંકળવામાં આવ્યા.

બેન્ડરે કહ્યું: "ચિંતામગ્ન ને અસુખની લાગણી અનુભવતા યુવાનો અજાણતાં અને અકળ રીતે, પોતાની આંતરિક તંગદિલીને હળવી કરવા દબાયેલી શક્તિને છૂટી કરી શકે છે. હવે, આન મેરી સુખી લગ્નજીવન ભોગવી રહી છે. તેને એક બાળક પણ છે. અગાઉ તેની સાથે સંકળાયેલી ઘટનાઓ બંધ પડી છે."

અંગ્રેજીમાં જેને Poltergeist Phenomenon કહે છે, તે ભૂત-પ્રેતની પ્રક્રિયા કંઈ નહિ તો ય મધ્યયુગથી તો સ્વીકારાયેલી છે. 'કકળાટિયા અને તોફાની' વ્યંતરાદિ પ્રેતાત્મા ચીજવસ્તુઓને ખસેડી દેવાની, તેમને વિચિત્ર સ્થાનોએ છુપાવી દેવાની, હવામાંથી વસ્તુઓને વરસાવવાની ઈત્યાદિ બેફામ કે વિનાશક પ્રવૃત્તિ કરતા હોય છે. સામાન્ય રીતે આવી ઊથલપાથલના કેન્દ્રમાં યૌવનને ઉંબરે પગ મૂકતી કોઈ અશાંત વ્યક્તિ હોય છે.

ભૂત-પ્રેતની પ્રવૃત્તિની વાસ્તવિકતાનું એક સારું નિર્દેશન તેમાં જોવા મળતી એકસરખી ભાતનું છે. બ્રિજીટ આર. નામની યુવતી પુખ્ત વયની થઈ ત્યારે તેનાં માબાપના ઘરમાં બારીઓ તોડયા

વિના પથ્થરો આવવા લાગ્યા; ઢીંગલીઓ અને બીજાં રમકડાં ઓરડામાં આમથી તેમ ઊડવા લાગ્યાં; વિચિત્ર જગ્યાએથી ક્યારેક ફાડી-ચીરી નખાયેલાં કપડાં મળવા લાગ્યાં.

એકવાર, કુટુંબના બધા સભ્યો રસોડામાં હતા અને બેન્ડરના માણસો પાકી દેખરેખ રાખી રહ્યા હતા. અચાનક બ્રિજીટે કહ્યું: તેને તેની બિલાડીના રડવાનો અવાજ – મ્યાઉં સંભળાય છે. તેની મા રસોડામાંથી બહાર જઈ બિલાડીને લઈ આવી. તેણે આવીને કહ્યું કે બેન્ડરનો કોટ, સારી રીતે ગડી કરાયેલી સ્થિતિમાં, મુખ્ય દ્વારની બહાર બરફમાં પડયો છે. આ સમગ્ર ઘટનાની ટેપ-રેકર્ડિંગની ચકાસણી પરથી જણાઈ આવ્યું કે બ્રિજીટની માતા રસોડામાંથી માત્ર આઠ સેકન્ડ માટે જ બહાર ગઈ હતી. સમય અંગેના પ્રયોગોએ એમ દર્શાવી આપ્યું કે બેન્ડરના જૂથનો સૌથી વધુ કસાયેલો માણસ પણ એ કોટ કબાટમાં જ્યાં ટીંગાડવામાં આવેલો ત્યાંથી લઈને બહાર બરફમાં ૨૨ સેકન્ડથી ઓછા સમયમાં મૂકવા શકિતમાન થયો ન હતો.

એક મનોવિજ્ઞાની તરીકે બેન્ડરનો પરા-મનોવિજ્ઞાન પ્રત્યેનો પાયાનો અભિગમ માનવીના મન મારફતનો રહ્યો છે. વસ્તુઓને ખસેડે તેવી શકિત પેદા કરવા કોઈને પ્રેરનારું તત્ત્વ કયું છે? બીજાઓ કરતાં કેટલાક તેમાં વધુ સારો દેખાવ શાથી કરી શકે છે? બીજી બાજુ, ઉત્તર કેરોલિનાના ડરહામમાંના 'ઈન્સ્ટિટયૂટ ઓવ પેરા-સાયકોલૉજી' ખાતે ભૌતિકવિજ્ઞાની હેલ્મુટ શ્મીટ આ રહસ્યને અદ્યતન ભૌતિકવિજ્ઞાનનાં સાધનો વડે ભેદવાના પ્રયાસો કરી રહ્યા છે. તે જર્મનીમાં જન્મેલા છે. 'સોલિડ સ્ટેટ ફિઝિક્સ' અને 'ક્વૉન્ટમ થિયરી'માં વિશેષતા સાથે તેમણે કોલોન યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટની ડિગ્રી મેળવી છે અને પછી અમેરિકામાં બોઈંગ એર-ક્રાફ્ટ કંપનીમાં નિર્ભેળ સંશોધનની કામગીરી અપનાવી છે.

વિદ્યાર્થી તરીકે શ્મીટનો પેરા-સાયકોલૉજી વિશેનો રસ, ઉત્તર કેરોલિનાની ડ્યુક યુનિવર્સિટી ખાતે ડૉ. જે. બી. ર્‌હાઈનની પાયાની કામગીરીથી જાગ્યો હતો. એક જુગારીએ એવો દાવો કર્યો હતો કે તે જ્યારે આત્મશ્રદ્ધાયુકત માનસિક સ્થિતિમાં હોય ત્યારે ઘણીવાર ઈચ્છાશકિતદ્વારા પાસાઓ પર અંકુશ રાખી શકતો હતો. જુગારીના આ દાવાથી ડૉ. ર્‌હાઈન 'સાયકો-કાઈનેસિસ'ના પ્રયોગો કરવા પ્રેરાયા હતા. ર્‌હાઈનને જણાયું કે કેટલાક લોકો પોતાની ઈચ્છાનુસાર ખરેખર પાસા પોબાર પાડી શકતા હતા – કેવળ ગાણિતિક રીતે સંભવિત ગણાય તેથી વધુ વાર.

ત્રણ વર્ષ પહેલાં બોઈંગની પ્રયોગશાળામાં કામગીરી બજાવતા રહીને શ્મીટ 'ઈન્સ્ટિટયૂટ ઓવ પેરા-સાયકોલૉજી'માં જોડાયા અને ર્‌હાઈનના પાસાના પ્રયોગોના પુનરાવર્તનના કેવળ વૈજ્ઞાનિક માર્ગ માટેની ખોજ આદરી. બે સંભવિત સ્થાનો વચ્ચે એક સેકન્ડમાં દસ લાખ વાર ઝૂલતી રહે તેવી એક વીજાણુ કળ (સ્વીચ) અને અણધારેલા સમયાંતરે વીજાણુઓ છોડતા કિરણોત્સર્ગી પદાર્થનો એક ટુકડો – આ બે પાયાની ચીજો વડે તેણે એક યંત્ર રચ્યું. આ વીજાણુઓ પૈકીનું એકાદ વીજાણુ જ્યારે એક નાના ગીગર કાઉન્ટર સાથે ટકરાય છે, ત્યારે વીજાણુ સ્વીચ 'માથા' કે 'પગ'ના સ્થાન પર ક્ષણિક અટકી જાય છે. આ રીતે આ સાધનને ખૂબ જ ચોકસાઈ ધરાવતા સિક્કા-ઉછાળનાર તરીકે ગણી શકાય.

શ્મીટને જણાયું હતું કે કોઈ ચેડાં કરે તો પણ આ યંત્ર તેની અસરથી પર હતું. તે રીતે સાઈકો-કાઈનેસિસની પણ તેના પર અસર થતી ન હતી – સિવાય કે તેને 'થાપ' આપવા માગતા લોકો પૈકી દસેક ટકા લોકો તેની પર પ્રભાવ પાડી શકતા હતા. હજારો વાર કસોટી કરી ત્યારે પણ આ દસેક ટકા લોકો ઝૂલતી સ્વીચને એક સ્થાન પર બીજા સ્થાન કરતાં વધુ વખત અટકાવી શકતા હતા – કેટલીક લાંબી કસોટી-શ્રેણીમાં ચાર ટકા જેટલા વધુ સમય સુધી.

સંભાવનાઓના નિયમો અનુસાર આમ કેવળ આકસ્મિક રીતે બની શકે નહિ. શ્મીટ જણાવે છે કે, "આ પ્રયોગ કરનારાઓ વીજાણુના પ્રવાહ પર યા યંત્રના બીજા કોઈ ભાગ પર માનસિક રીતે અસર પાડી રહ્યા હોય છે, કેવી રીતે તે આપણે જાણતા નથી, પણ પરિણામો ભૌતિકવિજ્ઞાનની સામાન્ય સ્વીકૃત માન્યતાઓ સાથે મેળ ખાતાં નથી."

આવી બાબતમાં આશંકા સેવનાર વ્યકિતને આ પ્રયોગ-પરંપરા કદાચ કોઈ જ વાતની સાબિતીરૂપ ન લાગે. પણ PK અર્થાત્ સાઈકો-કાઈનેસિસ, ટેલિપથી અને અતીત યા પરા-મનોવિજ્ઞાનની અન્ય પ્રક્રિયાઓને કેટલાંક ઉચ્ચ વર્તુળો ઘણા ગંભીર ભાવથી નિહાળવા લાગ્યાં છે, એ વિશે શંકા નથી. કારણ, વિજ્ઞાનની કલ્પિત કથાઓના લેખકોએ દાયકાઓ પૂર્વે આગાહી કરી છે તેમ, એક આધારપાત્ર ટેલિપથી કટોકટીના સમયમાં સંદેશાઓની આપ-લે માટે અત્યંત કીમતી વ્યવસ્થા બની રહે. અને જો, શ્મીટના પ્રયોગો પરથી સૂચવાય છે તેમ, માનવમન કિરણોત્સર્ગી વિકિરણને અસર કરી શકતું હોય તો એક અણુશસ્ત્રને તેના ફૂટવાના સમય પહેલાં તે બુઠ્ઠું ન બનાવી દઈ શકે?

રશિયનો આમ માનતા હોય એમ લાગે છે. PK અર્થાત્ સાઈકો-કાઈનેસિસ અંગેના સંશોધનમાં તેમણે કરેલા પ્રયોગોમાં નીના કુલાગીના નામની એક મહિલાએ શ્રેષ્ઠ પરિણામો બતાવ્યાં છે. તેનામાં એક મેજ પરની વસ્તુઓને ખરેખર ખસેડવાની શકિત હોવાનું જણાયું છે. દીવાસળી, દીવાસળીની પેટીઓ, પ્લાસ્ટિકના ટુકડાએ બધી વસ્તુઓ તેની ઈચ્છાને આશ્ચર્યજનક રીતે વશવર્તી રહેતી હોવાનો પ્રતિભાવ દાખવે છે – ૩૦ સેન્ટીમીટર જેટલા અંતર સુધી એ વસ્તુઓ ખસી છે, અને મેજ પરથી પડી પણ ગઈ છે. નીનાની આ પ્રકારની કામગીરીનું એક ચલચિત્ર પણ ઉતારી લેવામાં આવ્યું છે. તેમાં તે મેજ પરની વસ્તુઓ પર ખૂબ જ જહેમતપૂર્વક ને ત્રાટક માંડતી હોય તે રીતે દેખીતી રીતે જ ભારે તંગદિલી હેઠળ પોતાનું લક્ષ કેન્દ્રિત કરતી અને વસ્તુઓને આગળ જવા હાથના લહેકા કરતી જોવા મળે છે. વસ્તુઓ સ્પષ્ટપણે મેજ પર ખસવા લાગતી જોવાય છે.

ત્યારે આ બધા પરથી તારણ શું કાઢવું? હાન્સ બેન્ડરને તો પ્રતીતિ થઈ ચૂકી છે કે PK – સાઈકો-કાઈનેસિસની – અને સામાન્ય રીતે પેરા-સાઈકોલૉજીની - ભાવિ શકયતાઓ વિપુલ છે. તે કહે છે: "સર્વત્ર તે અમલી બની શકે છે. હું એવી આશાઓ સેવું છું કે વિજ્ઞાન સામેના તેના પડકારો વધુ ને વધુ ફળદાયી નીવડતા રહેશે અને માનવી, વિશ્વમાં તેનું સ્થાન અને વિશ્વના પોતાના વિશે પણ વધુ સાચી સમજદારી તરફ દોરી જશે."

('રીડર્સ ડાઈજેસ્ટ'માંથી)

| | |
|---|---|
| મૂળ લેખક: | અનુવાદ |
| **જેમ્સ લિન્કન કોલિયર** | **હિંમતલાલ મહેતા** |

# એક ખુલાસો

મુ. શ્રી મોરારજીભાઈએ ગુજરાતમાં રાહતકાર્ય વિશે અમદાવાદમાં એક પ્રેસ-કોન્ફરન્સમાં એવું કહ્યું કે રાહતકાર્યમાં રૂા. ૫૦૦ કરોડ ખર્ચાયા છે, તેમાંથી રૂ. ૨૫૦ કરોડ ચવાઈ ગયા છે. તે વિશે પ્રબુદ્ધ જીવનના તા. ૧-૧૦-૭૩ના અંકમાં મેં એક નોંધ લખી છે. શ્રી મોરારજીભાઈએ મારું ધ્યાન દોર્યું છે કે તેમણે આ કહ્યું તે ગુજરાત માટે જ ન હતું પણ ગુજરાત સહિત આખા દેશ માટે હતું અને આ હકીકત બીજી વ્યકિતઓએ પણ કહી છે.

વિશેષમાં તેમણે મને જણાવ્યું છે કે ગુજરાતમાં રાહતકાર્ય, સંસ્થાકોંગ્રેસે ઉપાડી લીધું હતું, અને સારા પ્રમાણમાં થયું છે.

મારા લખાણથી શ્રી મોરારજીભાઈ વિષે કંઈ ગેરસમજુતી થઈ હોય તો હું દિલગીર છું.

**ચીમનલાલ ચકુભાઈ**

# કુરળ : જીવનસંહિતાનો અપૂર્વ ગ્રંથ

[ ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલ વ્યાખ્યાન ]

દક્ષિણ ભારતના મહાન સંત તિરુવલ્લુવરે લખેલો અનોખો ગ્રંથ – 'કુરળ" આખાય જીવનને સાંકળતો – સ્પર્શતો ગ્રંથ છે. આચારસંહિતાને અનુલક્ષીને કર્તાએ આ ગ્રંથમાં ૧૩૩૦ સૂકતો આપ્યાં છે. આ સૂકતોને જૈન અનુશાસન સાથે સંબંધ લાગે છે.

ભગવાન મહાવીરની આચાર-સંહિતાને કોઈ એક જ શબ્દમાં વ્યકત કરવી બરાબર ન ગણાય, છતાં જીવનશુદ્ધિ એ મહાવીર-સ્વામીનો પર્યાય હતો, એમ કહીએ તો ખોટું નથી. આ જીવન-શુદ્ધિ એમનામાં કેવી રીતે આવી? આપોઆપ આવી ઊતરી? એમનું જીવન જાણનાર એમ નહીં કહે. મહાવીર સ્વામી એટલે જીવનશુદ્ધિનું પૂર્ણ સ્વરૂપ. 'કુરળ'ના કર્તા તિરુવલ્લુવરે એમના ગ્રંથમાં મહત્ત્વની વાત જીવનના આચરણ વિશે જ કહી છે. જીવનનું આચરણ શુદ્ધિની પરાકાષ્ટાએ પહોંચે એટલે જીવનમુકત થઈ જવાય, જીવનનો ભાર વેંઢારવો ન પડે. જીવનશુદ્ધિ એ 'કુરળ'ના કર્તાનું લક્ષ્ય છે.

તિરુવલ્લુવરે ગ્રંથના પ્રારંભમાં આચાર વિશે સીધેસીધી વાત કરવાને બદલે સૌપ્રથમ પરમાત્માનું સ્મરણ કર્યું છે. કયા પર-માત્માનું? જવાબ આપવો કઠણ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના એકત્ર સ્વરૂપને તેમણે પ્રણામ કર્યા હોય તેમ પ્રથમ પ્રકરણના સૂકતો પરથી લાગે છે. જો કે એ બાબતમાં તદ્દન સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી. એમણે ઈશ્વરનો મહિમા, એવી સરળ છતાં વ્યા-પક રીતે ગાયો છે કે દરેક ધર્મવાળાને એમ લાગે કે પોતાના ઈષ્ટ-દેવને જ તિરુવલ્લુવર ઈશ્વર માનતા લાગે. એવું બને કે કોઈ ચોક્કસ ધર્મને અનુલક્ષીને એમણે પરમાત્માની કલ્પના ન કરી હોય. એમની ઈચ્છા, આચરણની સંહિતા, પ્રજા સમક્ષ મૂકવાની હતી. તેઓ કહે છે: "જેઓ પરમાત્માનાં ચરણોનો આશ્રય લે છે તેઓ જન્મ–મરણનો અનંત મહાસાગર પાર કરી જાય છે, બીજાઓ નહિ."

બીજા પ્રકરણમાં તેઓ વર્ષાઋતુનો મહિમા ગાય છે. પર-માત્મા પછી વર્ષાને તેમણે કેમ યાદ કરી હશે? આ જળતત્ત્વને પ્રાધાન્ય આપવાનું કારણ શું? આનો ખુલાસો ગ્રંથમાંથી જડતો નથી. પણ આપણે જલ શબ્દનું પૃથક્કરણ કરીએ તો ખ્યાલ આવશે: 'यस्मिन् जायते तस्मिन् लियते–જેમાંથી બધું સર્જન થાય છે અને આખરે જેમાં બધું લય પામે છે તે જળ. જળમાંથી આ સમગ્ર જુકિત રચાણી છે, એવું આપણા કેટલાક તત્ત્વવિદો માને છે.

વર્ષા એ તો પ્રભુની પ્રસાદી છે. એટલે પરમાત્માનુ સ્મરણ કર્યા પછી તેની પ્રસાદીરૂપ જળનુ સ્મરણ સંત કરે તો નવાઈ પામવા જેવું નહી. તેઓ કહે છે :-

"વર્ષા પૃથ્વીની જીવાદોરી છે: વર્ષાને અમૃતરૂપે જુઓ."

"જો અંતરીક્ષના ઝરણાં સુકાઈ જશે તો ખેડૂતો હળ હાંકતા બંધ થઈ જશે."

"જો આકાશ શુષ્ક બની જશે તો દેવોને હવિ નહીં મળે, ને પૃથ્વી પર ઉત્સવો નહી થાય."

જૈનોના પર્યુષણ તહેવારો સહિત અનેક તહેવારો વર્ષાઋતુમાં જ આવે છે. ધર્મનો મહિમા આ સમયે વધુ થતો રહે છે, અને ધર્મમાંથી શ્રદ્ધા પ્રગટે છે. શ્રાવણ મહિનો ધર્મનો મહિનો છે, તો ભાદ્રપદ શ્રદ્ધાનો મહિનો છે. શ્રાદ્ધ–શ્રદ્ધાનુ પ્રતીક છે. આસો મહિનાની શરુઆતમાં આવતો નવરાત્રીનો ઉત્સવ શકિતનો મહિમા કરે છે, તો દશેરાનો દિવસ વિજયનો ઉત્સવ છે. જયારે દીવાળી એ પ્રકાશનો અને નૂતન વર્ષ એ આનંદનો ઉત્સવ છે. આમ ધર્મમાંથી શ્રદ્ધા, શ્રદ્ધામાંથી શકિત, શકિતમાંથી વિજય, વિજયમાંથી પ્રકાશ તરફનો ક્રમ ગોઠવાઈ જાય છે અને આનંદ એની પરાષ્ઠાનું રૂપ છે: જીવનના આ ઉત્કૃષ્ઠ સોપાનો ચાતુર્માસમાં સિદ્ધ થાય છે.

તિરુવલ્લુવર કહેજ છે: 'જો સ્વર્ગની સરવાણીઓ વરસ્યા વિના રહેશે તો વિશાળ પૃથ્વી પર દયા કે તપનુ નામશિાન નહીં રહે.

આ પછી તેમણે તરત ત્યાગી મનુષ્યનો મહિમા કર્યો છે: "ઈન્દ્રિયસુખ પરહરી દેનાર અને સંયમી જીવન જીવનાર મનુષ્યનો જ મહિમા છે: શાસ્રો પણ તેઓની જ કીર્તિ સ્તવે છે." આપણે ત્યાં કે અન્ય દેશોમાં ત્યાગ કરનારા ઓછા થયા નથી. દધિચિ ઋષિ, મહાવીરસ્વામી અને બુદ્ધના દાખલાઓ આપણી સમક્ષ મોજૂદ છે. સંત ફ્રાન્સિસના શિષ્ય જયુનિયર અને સૌરાષ્ટ્રના સંત મૂળદાસના ય પ્રસંગો અજાણ્યા નથી. જીવતેજીવત ત્યાગ કરનારનાં ઉદાહરણો આપણા કે અન્ય દેશના ઈતિહાસમાંથી મળે છે. પણ મર્યા પછી પણ ત્યાગનું ઉત્તમ ઉદાહરણ સંત મૂળદાસે પૂરૂ પાડયુ હોવાનુ મનાય છે.

આવા સંત સાધુઓની મહત્તાથી પૃથ્વી આલોકિત થઈ છે, એવુ દક્ષિણ ભારતના સંત તિરુવલ્લુવરે" કહ્યુ છે. તેમણે 'કુરળ'માં નોંધ્યુ છે કે 'જે સ્પર્શ, રસ, રૂપ, શબ્દ અને ગંધની લીલાનો પાર પામી જાય છે, તેમનો જ મહિમા છે. એમનુ શાસન આ જગત પર રહેશે." ત્યાગના સંદર્ભમાં આ પાંચેય શબ્દો ઉપર વિચાર કરવા જેવા છે.

પૃથ્વી તત્ત્વમાં આ પાંચેય ગુણધર્મો હોવાથી એમાં જડભાવ વિશેષ છે. જળમાંથી રૂપ અથવા આકાર ચાલ્યો ગયો. પાણીને પોતાનો કોઈ આકાર હોતો નથી. એને આપણે જેવો આકાર આપીએ તેવો આકાર તે ધારણ કરે છે. એણે પૃથ્વી કરતાં એક ગુણધર્મ ઓછો કર્યો એટલે જળ વહેતુ થયુ.

હવે અગ્નિ લઈએ. અગ્નિમાં રસ અને ગંધ નથી. એણે પોતાનામાંથી બે તત્ત્વો ઓછા કર્યાં, એટલે જયારે અગ્નિ પ્રગટે ત્યારે તેની ઉર્ધ્વ ગતિ થાય છે. વાયુએ ત્રણ ગુણધર્મો ગુમાવ્યા છે. તેને કોઈ પોતાનુ રૂપ નથી, પોતાની કોઈ ગંધ નથી, પોતાનો કોઈ રસ નથી, આમ આ ત્રણ ગુણધર્મો જવાથી તે વ્યાપક બન્યો. આકાશમાં ચાર ગુણધર્મો નથી. એમાં સ્પર્શ, રસ, રૂપ અને ગંધ નથી, આમ એ લગભગ અનંત બની ગયું. આકાશ માત્ર શબ્દને જ વહન કરે છે.

આમ ગુણધર્મ છોડવાથી વધુ ને વધુ સૂક્ષ્મતા આવતી જાય છે. એથી ગુમાવવું નથી પડતું, ત્યાગવાથી તો કંઈક વધુ મળે છે.

ગ્રંથના મૂળ વિષય પર આવતાં પહેલાં તેમણે ઉચિત રીતે જ સદાચારની મહત્તા બતાવી દીધી છે. આ ગ્રંથનો પ્રથમ ખંડ સદા-ચાર અંગે છે, સદાચારની મહત્તા તેઓ ગ્રંથની ભૂમિકામાં કહી દે છે: "સંત, તપસ્વી કે ત્યાગીની આધારશિલા સદાચાર છે. એનો પ્રચાર કરવાનું અને દુનિયામાં તેને ટકાવી રાખવાનું કામ ત્યા-ગીઓ કરે છે."

સદાચારમાં પાયાની વાત કઈ? તો કહે: "હૃદયથી શુદ્ધ બનો: આ એક અનુશાસનમાં સમગ્ર ધર્મનો સમાવેશ થઈ જાય છે. બાકી કેવળ માયા વિસ્તાર છે."

સદાચારની વાત કરતી વેળાએ એમનાં મનમાં બે વ્યકિતઓ રમી રહી લાગે છે: એક ગૃહસ્થી અને બીજો ત્યાગી. પહેલા ખંડના પ્રથમ વિભાગમાં તેમણે ગૃહસ્થીના સદાચારની વાત કરી છે અને બીજા વિભાગમાં તપસ્વીનું જીવન જીવતી વ્યકિતના સદા-ચારની વાત કરી છે. ગૃહસ્થજીવનની આલોચના કરતાં તેમણે

સદ્‌ગુણી પત્ની, સંતતિ, પ્રેમ, અતિથિ - સત્કાર, માયાળુ વાણી, કૃતજ્ઞતા, ન્યાયપરાયણતા, સંયમ, પવિત્ર વર્તન, પરસ્ત્રી પ્રત્યેની મર્યાદા, ક્ષમા, અસૂયાનો અભાવ, લોભનો અભાવ, નિંદાનો અભાવ, મિથ્યા પ્રલાપની નિરર્થકતા, અસત કર્મનો ભય વગેરે સંબંધી સૂત્રાત્મક રીતે કહ્યું છે. તપસ્વીઓના સદાચારનું આલેખન કરતાં તેમણે દયા, નિરામિષઆહાર, તપ, દંભ, છળકપટ, સત્ય, ક્ષમાવૃત્તિ, અહિંસા વગેરેનું વિશ્લેષણ કર્યું છે.

આ ગ્રંથમાં તેમણે મોક્ષની વાત ખાસ કરી નથી, છતાં આ ગ્રંથના ૩૪ થી ૩૭ પ્રકરણો મોક્ષની ભૂમિકાએ પહોંચતા દેખાય છે. તેમાં તેમણે સંસારની અસારતા, ત્યાગ, સત્યનો સાક્ષાત્કાર અને વાસનાનો ક્ષય જેવા વિષયો અંગે પોતાનું મંતવ્ય ઉચ્ચાર્યું છે. એમનું ઉત્તમ કોટિનું ચિંતન આ પ્રકરણોમાં વ્યકત થયું હોય તેવું લાગે છે. સંપત્તિને નશ્વર ગણાવી તેનો ચિરકલ્યાણકારી કાર્યમાં વિના વિલંબે ઉપયોગ કરવો જોઈએ એવું તેઓ જણાવે છે. તેમણે પછીનાં સુકતોમાં કાળને કરવત સાથે અને મૃત્યુને નિદ્રા સાથે સરખાવ્યાં છે. અપરિગ્રહવ્રતનો મહિમા ગાતા હોય તેમ તેઓ કહે છે: "જે ક્ષણે આસકિતનો લોપ થાય છે તે જ ક્ષણે જન્મ-મરણનું ચક્ર થંભી જાય છે: જે આસકિતમાં રહે છે એ આ ફેરામાં ફરતો જ રહે છે." વાસનાની વાત કરતાં તેઓ એવું જ કંઈક કહે છે: "વાસના પ્રત્યેક આત્મામાં પોતાનું બીજ રોપે છે, એનો અમોઘ પાક એટલે જન્મ - મરણનો ચકરાવો."

માણસમાં કંઈને કંઈ ઈચ્છા હોય છે ત્યાં સુધી તે સ્વ - ને પામી શકતો નથી. ગાંઠવાળો દોરો સોયના નાકામાંથી પસાર થઈ શકતો નથી તેમ, વાસનાની ગાંઠનું છે. વાસનાની ગાંઠ હોય ત્યાં સુધી મુકિત નથી. માણસનું પરમાત્મામાં પરિપૂર્ણ ચિત્ત જોડાય છે ત્યારે વાસનાનો આપોઆપ લોપ થઈ જાય છે.

'કુરળ' માં આધ્યાત્મિકતાનો સંસ્પર્શ હોવા છતાં ઐહિક જીવન પ્રત્યે સમાજે બેદરકારી બતાવવાની નથી એ પણ સ્પષ્ટ કર્યું છે. સુખ અને દુ:ખના તાણાવાણાથી વણાયેલા આ જીવનમાં નર્યા આનંદની અપેક્ષા રાખવી એ જેમ ઉચિત નથી, તેમ જીવન માત્ર દુ:ખથી ભરેલું છે એવી હતાશાથી દીવસો વિતાવવા તે પણ બરાબર નથી. ચંદ્રના આરા, ઉપર - નીચે જાય છે તેમ સુખ–દુ:ખના ચક્રનું છે. કશું અવિચળ નથી. ગમે તે પરિસ્થિતિમાં માણસ હોય, તેણે કર્તવ્યમાંથી ચ્યુત થવાનું નથી એવો તિરુવલ્લુવરનો સંદેશો છે.

તિરુવલ્લુવરે આ ગ્રંથમાં ગૃહસ્થાશ્રમ ઉપર ઘણો ભાર મૂકયો છે. કહેવાય છે કે એમનો ગૃહસંસાર શ્રેષ્ઠ કક્ષાનો હતો. એમને આદર્શ ગૃહિણી મળી હતી. તેમણે પત્નીને સરસ અંજલિ આપી છે: 'પ્રેમથી સભર, નિત્યના મધુર આહાર સમી, હે પત્ની! તું મારા વિશ્વને સદૈવ આધીન છે. તું મારા પગને રોજ દાબે છે. હે નાજુક હૃદયા, તું સૌથી છેલ્લે નિદ્રાધિન થાય છે, અને સૌથી પહેલી ઊઠી જાય છે. હવે પછીની રાત્રિઓમાં મારી આંખો કેવી રીતે ઊંઘશે?'

જે યુગમાં 'કુરળ' રચાયું તે યુગની આબોહવામાં સંસાર અસાર છે એવું ભારણ હતું ત્યારે તિરુવલ્લુવરે મનભરીને સંસારનો મહિમા ગાયો હતો. જીવનમાં ઊંચામાં ઊંચી નીતિમત્તા કયા પ્રકારની હોઈ શકે, સદ્‌ગુણ અને સત્ય શું હોઈ શકે, ગૃહસ્થીની શું ફરજ હોઈ શકે, તપસ્વીજીવન કેવી રીતે જીવવું જોઈએ, જીવનશુદ્ધિ માટે શું શું ધ્યાનમાં રાખવું જોઈએ, રાજ્યકર્તાએ કેવી રીતે વર્તવું જોઈએ, સમાજજીવનમાં પ્રવર્તતા દોષો અને દુર્ગુણો પ્રત્યે કેવું વલણ રાખવું જોઈએ, પુરુષ – સ્ત્રીના પ્રેમમાં કેવું પાવિત્ર્ય જાળવવું જોઈએ વગેરેને સૂત્રાત્મક રીતે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવ્યાં છે.

'કુરળ' માં તેમણે ત્રણ પુરુષાર્થની વાત કરી છે – ધર્મ, અર્થ અને કામની. ધર્મ એટલે માનવજીવનનો ઊંચો આદર્શ, અર્થ એટલે ભૌતિક સંપત્તિ પ્રત્યેની માનવની અભિલાષા, કામ એટલે પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધો. મોક્ષની તેમણે વાત નથી કરી. ધર્મ, અર્થ અને કામને જેણે ઉત્તમ રીતે સિદ્ધ કર્યા હોય તેણે મોક્ષની ચિંતા કરવી જોઈએ ખરી? ત્રણેય પુરુષાર્થનું સ્વાભાવિક પરિણામ તો મોક્ષ હોઈ શકે!

ગૃહસ્થીની વાત કરતાં તિરુવલ્લવરનું હૃદય ઉભરાતું લાગે છે. ગૃહસ્થની પ્રસન્ન, મધુર વાણી, અન્ય સાથેના વ્યવહારમાં એની નીતિમત્તા, ખંતથી પોતાની ફરજ બજાવવાની ઉત્સુકતા, એ બધાં આદર્શ ગૃહસ્થનાં લક્ષણો છે એ તો ખરું જ; પણ સાથે સાથે આવાં લક્ષણો ધરાવતો માણસ સ્વાભાવિકપણે આત્મસંયમી હોય, એની ઈચ્છાઓ કે કામનાઓમાં આવેશ ન હોય, બીજા માટે ધૃણા કે તિરસ્કાર ન હોય. તિરુવલ્લુવરે ગૃહસ્થીને અને તપસ્વીને ઉચિત રીતે નવાજ્યા છે. ગૃહસ્થાશ્રમ એ તમામ આશ્રમોની આધારશિલા છે.

ગ્રંથનો આ પ્રથમ ખંડ ૩૮૦ ઋચાઓમાં લખાયેલો છે. અર્થ અથવા સંપત્તિને લગતો બીજો ખંડ ૭૦૦ ઋચાઓમાં અને પ્રેમવિષયક ત્રીજો ખંડ ૨૫૦ ઋચાઓમાં રજૂ થયો છે. જીવનમાં સંપત્તિનું પ્રાધાન્ય કેટલું બધું છે તેનો ખ્યાલ આપવા માટે તેમણે સૌથી વધુ ઋચાઓ લખી છે, પણ એથી પ્રથમ અને ત્રીજા ખંડને ઓછું મહત્ત્વ મળ્યું છે તેમ નહીં કહી શકાય. પ્રાચીન સાહિત્યમાં પ્રેમી અને તેની પ્રેયસી વચ્ચે થયેલી લાગણીઓના સૂક્ષ્મ વિનિમયને વ્યવસ્થિત રીતે તિરુવલ્લુવર સિવાય ભાગ્યેજ કોઈએ રજૂ કર્યો હશે એ, ગ્રંથનો ત્રીજો ખંડ વાંચતાં અનુભવાય છે.

રામ અને કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ, શંકર અને ગાંધીની આચાર-સંહિતાનો વારસો આપણા દેશને મળ્યો છે. આ આચારસંહિતાની જીવાદોરી જીવનશુદ્ધિ જ છે. આપણે કથની, કરની અને રહનીનો સમન્વય સાધવાનો છે. વિચાર જીવનમાં પ્રગટે તો જ તેની સાર્થકતા છે. ગ્રીક તત્ત્વવેત્તા કઝાનઝાકીસે મૃત્યુ વેળા કહ્યું હતું તેમ: "મને કશાની આશા નથી, મને કશાનો ભય નથી; હું મુકત છું" તો જીવનની સાર્થકતા થાય. અહંકાર અદૃશ્ય થાય તો આ પ્રાપ્ત થાય. બરફને વહેવા માટે પીગળવું પડે છે, પાણીને ઊંચે ચડવા માટે વરાળ બનવું પડે છે, તેમ મનુષ્યને પોતાનું સ્વરૂપ પામવા અહંકારમાંથી મુકત બનવું પડે છે. તેને માટે સર્વ ગતિની ગતિ જેવી શરણાગતિ સ્વીકારી લેવી ઈષ્ટ છે.

પ્રવકતા: કાંતિલાલ કાલાણી

## સ્વ. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા સ્મારક ફંડ

સેંટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃત અને ગુજરાતીના વિદ્વાન અધ્યાપક પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાના અવસાન પછી એમના વિદ્યાર્થીઓ, મિત્રો અને સ્નેહીઓની એક સભા, પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાની સ્મૃતિ યોગ્ય રીતે જળવાઈ રહે એ માટે વિચારણા કરવા બોલાવવામાં આવી હતી. એ સભામાં નીચે પ્રમાણે નિર્ણયો થયા હતા:-

(૧) પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા સ્મારક ફંડ એકત્ર કરવું.

(૨) પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાનાં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત લખાણો પુસ્તકોરૂપે વ્યવસ્થિત પ્રગટ થાય એ માટે પ્રબંધ કરવો.

(૩) સ્મારક ફંડમાંથી પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાના નામથી મુંબઈ અથવા ગુજરાતમાં યુનિવર્સિટીની કક્ષાએ સ્મારક વ્યાખ્યાનોની યોજના કરવી.

(૪) સ્મારક ફંડમાંથી ત્યાર પછી જો પૂરતી રકમ બચે તો મુંબઈ કે ગુજરાતમાં યુનિવર્સિટી દ્વારા અથવા કોઈ સાહિત્યિક કે અન્ય સંસ્થા દ્વારા ચંદ્રક, પારિતોષિક, શિષ્યવૃત્તિ ઈત્યાદિની યોજના કરવી.

આ કાર્ય પાર પાડવા માટે કો–ઓપ્ટેડ સભ્યો સહિત, નીચેના સભ્યોની એક સમિતિ નીમવામાં આવી હતી:-

(૧) ડૉ. રમણલાલ શાહ (૨) શ્રી ભગવાનદાસ ભૂખણવાળા (૩) શ્રી જેઠાલાલ રિંડાણી (૪) શ્રીમતી હીરાબહેન પાઠક (૫) શ્રીમતી માલતીબહેન દામુભાઈ ઝવેરી (૬) શ્રી અમર જરીવાલા (૭) શ્રી સીનળ વોરા (૮) શ્રીમતી મૃદુલા મારફતિયા (૯) શ્રી ચંદ્રકાંત ગાંધી (૧૦) શ્રી રાજેન્દ્ર નાણાવટી (૧૧) શ્રી વિજય ઝાલા

સમિતિએ પ્રો. ઝાલાનાં અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત લખાણો એકત્ર કરી તે છપાવવાનો પ્રબંધ કર્યો છે અને ફંડ એકત્ર કરવાનું કાર્ય આરંભ્યું છે. એ માટે બેંક ઓફ બરોડા - (યુનિવર્સિટી બ્રાન્ચ, કોટ, મુંબઈ)માં "Prof. Jhala Memorial Fund"ના નામથી ખાતું ખોલાવવામાં આવ્યું છે.

આથી, પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાના વિદ્યાર્થીઓ, સ્નેહીઓ, મિત્રો વગેરેને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા સ્મારક ફંડ માટે તેઓ પોતાનો યથા-શકય ફાળો મોકલી આપે. ફાળો ડૉ. રમણલાલ ચી. શાહ (ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ) ને મોકલી આપવા વિનંતી છે. (Payee's a/c only cheque "Prof. Jhala Memorial Fund"ના નામે લખવો)

લિ.

રમણલાલ ચી. શાહ

અધ્યક્ષ, પ્રો. ઝાલા સ્મારક ફંડ સમિતિ

# ※ જૈન દર્શન અને જીવનસાધના ※

[ ૨ ]

[ ગતાંકથી ચાલુ ]

જીવનસાધનામાં તપનું મહત્ત્વ છે. ભ. મહાવીરપૂર્વે તપ એટલે શરીરકષ્ટો સહેવા એ માત્ર અર્થ હતો. પણ ભ. મહાવીરે તપનો અર્થ વિસ્તૃત કર્યો છે. બાહ્ય અને આન્તર એવા તપના બે વિભાગ કર્યા છે અને બાહ્યને તો માત્ર આન્તરતપનું સાધન માન્યું છે, અને આન્તરતપમાં ધ્યાન અને સમાધિનું વિશેષ મહત્ત્વ સ્વીકાર્યું છે. આવી સ્થિતિમાં અનશન વગેરે કરવા જરૂરી ખરા પણ તે જો સમાધિ કે ધ્યાનમાં બાધક ન બનતા હોય તો- આ વસ્તુ આપણે સમજી લેવી જોઈએ. પરંતુ આજે તો આંતરતપનું કોઈ મહત્ત્વ રહ્યું નથી, માત્ર બાહ્ય તપસ્યાનું મહત્ત્વ વધી ગયું છે. આ જોઈ કોઈ આક્ષેપ કરે તો તેમાં તેનો દોષ નથી પણ જૈનોના આચરણનો દોષ છે. આ વસ્તુમાં વિવેકની જરૂર છે અને બાહ્ય આચરણની જે મર્યાદા છે તે સમજી લેવી જરૂરી છે. તે ન સમજવાથી તપસ્યા કર્યા છતાં મોહ-મમતા રાગ-દ્વેષ ઓછા થતા નથી અને છતાં ધર્મ કર્યાનો સંતોષ લેવાય છે તે અવિવેકની પરાકાષ્ટા છે.

બૌદ્ધોમાં જેને વિપશ્યના કહેવામાં આવી છે તેની સિદ્ધિ જૈનોમાં અનુપ્રેક્ષાથી થાય છે. પણ અનુપ્રેક્ષાની સમગ્ર પદ્ધતિ જીવનવ્યવહાર-માંથી લુપ્ત થઈ ગઈ હોય તેવું દેખાય છે. આથી, જૈનપરંપરામાં ધ્યાનપ્રક્રિયાનો પુનરુદ્ધાર કરવાની જરૂર છે.

બૌદ્ધ વિપશ્યનામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યની સાધના જરૂરી મનાઈ છે. તે જ પ્રમાણે જૈનસાધનામાં પણ તેને સ્થાન અપાયું જ છે. વળી હિંસા આદિ દોષો આ લોક અને પરલોક બન્ને માટે હિતકર નથી એવું ચિંતન અને વર્તન બન્ને ધર્મમાં સમાનભાવે સ્વીકૃત છે. તે જ પ્રમાણે જગત અને સ્વશરીરના સ્વભાવ વિશેનું ચિંતન પણ, અને તદનુરૂપ વ્યવહારનું પણ મહત્ત્વ બન્ને ધર્મોમાં સરખું છે. જૈનોમાં અનુપ્રેક્ષાનો ઉપદેશ છે તેમાંની અનિત્ય ભાવના, અશરણભાવના, એકત્વભાવના અને અશુચિભાવના પણ બન્નેમાં એક જેવી જ છે. આમ જીવનસાધનાનો ક્રમ, જ્યાં ક્યાંય સાધનાની વાત હોય ત્યાં એક જેવો જ હોઈ શકે, ભલે દર્શનવિચાર-ણામાં ભેદ હોય. આની પ્રતીતિ ગીતાનિર્દિષ્ટ સ્થિતપ્રજ્ઞના લક્ષણો અને જૈન-બૌદ્ધમાં સાચા શ્રમણના લક્ષણોની તુલના કરવાથી સહેજે થઈ જાય છે.

સંસાર અનિત્ય, અશુચિ અને અશરણ છે, એ તાત્ત્વિક વાત સાચી હોય તો પણ વ્યવહારમાં ખાન-પાન, નિવાસ અને વસ્ત્ર વિના ચાલતું નથી. સુખ-સગવડ વિના ચાલતું નથી અને તે માટે જીવનનો સમગ્ર પ્રપંચ આપણે ઊભો કરીએ છીએ એ હકીકત છે. વૈરાગ્ય માટે સંસારને અનિત્ય, અશુચિ કે અશરણ માનીએ એ એક વાત છે પણ વર્તન તેથી સાવ જુદું હોય છે તે હકીકત છે. આવી સ્થિતિમાં આ બાબતમાં આપણે આ ટાણે વિચાર કરવો જરૂરી છે. જીવનનો વ્યવહાર બધું જ અનિત્ય માનવાથી ચાલી શકે છે કે નહિ, એ વિચારણાનો મુદ્દો છે. જૈન આચાર્યોએ જ કહ્યું છે કે જો એકાંતઅનિત્ય બધું માનવામાં આવે તો વ્યવહાર ચાલી શકે જ નહિ. આ મુદ્દા ઉપર તો જૈનોએ બૌદ્ધોનું ખંડન કર્યું છે અને ક્ષણિકવાદનું નિરાકરણ કર્યું છે, અને છતાંય અનિત્યની ભાવના ભાવવાની વાત આગળ ધરવામાં આવે છે તો આ વસ્તુ વિચારણીય બની જાય છે. અનિત્યનું તાત્પર્ય માત્ર સંબંધો અનિત્ય છે એટલું જ છે. જન્મજન્માન્તરમાં આપણે માનીએ છીએ અને જો બધા જ સંબંધોને નિત્ય માનીએ તો આપણું જીવન જ દુર્ઘટ બની જાય. આ જન્મની પત્ની કદાચ પૂર્વ જન્મની માતા પણ હોય! આ જન્મનો પુત્ર પૂર્વ જન્મમાં પિતા પણ સંભવે અને શત્રુ-મિત્રના સંબંધો વિશે પણ આમ જ છે. અને જો આ બધા જ સંબંધોનો વિચાર કરીને આ જન્મમાં વ્યવહાર કરવાનો હોય તો વ્યવહાર કેમ ચાલે એ વિચારો. આથી જ સમજવું જોઈએ કે સંબંધ માત્ર અનિત્ય છે; પછી તે શરીરનો હોય કે કુટુંબીજનોનો. એટલે મમત્વની માત્રા એટલી તો ન જ વધારવી કે તે આપણા વિકાસમાં આડે આવે. આત્મિકવિકાસ એ મુખ્ય ધ્યેય છે તે તરફ આગળ વધવાનું છે. સંસારની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી જેથી ક્રમે કરી વિકાસ પણ થાય અને સંસારચક્ર પણ સુચારુ ચાલે. પતિ-પત્નીના સંબંધ પણ અનિત્ય તો છે જ, પણ પરણીને તરત કોઈ એ સંબંધની અનિત્યતા વિચારી ત્યાગ કરે તો તેના તે કર્તવ્યને આપણે સારું ન માની શકીએ. કોઈ પણ કૃત્યમાં વ્યવસ્થા હોવી જોઈએ. અને કયું કામ કયારે ઉચિત ગણાય તે વિચારી લેવું જરૂરી છે. સંસારમાં રહ્યાં છતાં સંસારની ઉપેક્ષા નહિ પણ તે સુંદર કેમ બને, સંવાદી કેમ બને, એનો જ વિચાર કરવો જોઈએ, નહિકે તેનો તિરસ્કાર. જયારે છોડવો હોય ત્યારે પણ તેમાં એક જાતની પૂરી સમજ માત્ર પોતાની નહિ પણ સમગ્ર સંબંધીઓની સંમતિ પણ જરૂરી છે. જવાબદારી ઊઠાવ્યા પછી તેમાંથી ભાગવાનો પ્રયત્ન તો કાયરતા છે. ઘરમાં રહીને પણ ત્યાગ-તપસ્યાને પૂરો અવકાશ છે. ખરી રીતે તે સાધનાની ખરી પરીક્ષા તો ઘરમાં જ થાય છે, ઘર છોડયા પછી નહિ. એટલે જો ઘરની પરીક્ષામાં પાસ થવાય તો જ ઘર છોડીને નીકળે તે સાર્થક થાય. અન્યથા બેજવાબદારી જ ઉત્તરોત્તર વધે. આ પ્રક્રિયા સચવાતી નથી તેને લઈને જ સમગ્ર શ્રમણવર્ગમાં અવ્યવસ્થા ઊભી થઈ છે, અને સંવાદ જોવા મળતો નથી.

એક મૌલિક પ્રશ્ન એ પણ છે કે સાંસારિક સામગ્રીનો-એટલે કે વિજ્ઞાને ઊભી કરેલી સામગ્રીનો ત્યાગ કરવો એ એક વાત છે પણ તે સામગ્રીના વિકાસમાં સંસારી જીવે કોઈ રુચિ ન દાખવવી એ બીજી વાત છે. સંસારી જીવો સાંસારિક સામગ્રીના વિકાસથી જો વિમુખ થાય તો પરિણામે જે સંસારમાં બધી બાબતમાં વિકાસ થઈ રહ્યો છે તે થાય નહિ અને પરિણામ એ આવે કે આદિકાળના મનુષ્ય જેવું જીવન જીવવાનું પસંદ કરવું પડે, આ અશકય છે. આથી વૈજ્ઞાનિક દષ્ટિ તો અપનાવવી જ પડે અને તે એ કે મનુષ્યના જીવનમાં બધી જ સુખ-સગવડો ઊભી કરવી. એક વૈજ્ઞાનિક રાત-દિવસ સમાધિ લગાવી નવી શોધમાં તત્પર છે અને તેનું ધ્યેય તો એક માત્ર એ જ હોય છે કે તેનો લાભ દુનિયાને મળે, પોતાને જ લાભ મળે તે નથી હોતો. આ પ્રક્રિયાને અટકાવવાની જરૂર નથી. પરંતુ મનુષ્યના મનને જ માત્ર સુધારવાની જરૂર છે. તે સ્વાર્થી ન થાય- જે કાંઈ હોય તે વહેં-ચીને ભોગવવાની ભાવનાવાળો થાય. આવું કરવાની જરૂર છે. બધા જ કાંઈ સંસારત્યાગી થઈ શકે નહિ, તો પછી સંસારને ભયંકર બનાવી ત્યાગ કરાવવાનો કાંઈ અર્થ નથી. પણ પ્રાપ્તિ છતાં તેમાંથી વૈરાગ્ય જન્મે અને વહેંચીને ખાતો થાય એ કરવાની જરૂર છે. સંસારમાં અત્યારે હવે વિશ્વકુટુંબની ભાવનાને વિકસાવવાનો પૂરો અવસર છે. અને તે ભાવના વિકસે તો સંસારના જે દોષો દેખાય છે તે દૂર થાય, પછી સંસાર શા માટે છોડવો પડે?

શરીરને અશુચિનો ભંડાર માની વૈરાગ્ય કેળવવાની વાત પણ વિચારણીય છે. અશુચિ છે માટે છોડવું એમ શા માટે? તેને શુચિ બનાવવા પ્રયત્ન કેમ ન કરવો? અને જીવનમાં જુઓ તો જણાશે કે અશુચિ તાત્ત્વિક રીતે માન્યા છતાં વ્યવહારમાં શુચિતા લાવવા આપણે પ્રયત્ન નથી કરતા? જો શુચિતા માટે પ્રયત્ન ન કરતા હોત તો આજે જે સુઘડતા દેખાય છે- શરીરની કે ઘરની કે શેરીની કે ગામની તે શકય હતી? અને વસ્તુત: શરીરને અશુચિ માનવા છતાં પણ તેને નિરોગી બનાવવા શકય તેટલાં બધાં પ્રયત્ન આપણે નથી કરતા?

એ પ્રયત્નો બિનજરૂરી છે એમ માનવાની જરૂર નથી. કારણ, શરીર એ તો ધર્મનું પ્રથમ સાધન છે. જ્યારે માત્ર લક્ષ આત્માનું બને ત્યારે શરીરની ઉપેક્ષા સહન થાય, પરંતુ ત્યારે પણ શરીરને તેનો ખોરાક કેવળી પણ આપે જ છે એ ભૂલવું ન જોઈએ. એટલે અશુચિ છે માટે તે ઉપેક્ષણીય છે એમ માનીલેવાની જરૂર નથી પણ તેની પાસેથી યથેચ્છ કામ લેવા માટે તેની જરૂરી દરકાર તો રાખવી જ જોઈએ. આમ અશુચિ છે માટે તેને કાદવમાં ખદબદતું રાખી વધારે અશુચિ બનાવવાની જરૂર નથી પણ તેને શુચિ અને સુંદર બનાવવાની જરૂર છે. આ માટે જ ભક્તામરમાં ભગવાનના શરીરના પુદ્ગલ-પરમાણુને અશુચિ માન્યા નથી, પરંતુ શુચિ માન્યા છે. આવી સ્થિતિમાં માત્ર વૈરાગ્ય અને તે પણ જડ બુદ્ધિવાળાને લાવવા માટે અશુચિની વાત હતી તેને વિસ્તારી અશુચિમાં પડવાની જરૂર નથી પરંતુ સમગ્ર વાતાવરણમાં શુચિતા લાવવા પ્રયત્નની જરૂર છે.

આજે પણ જૈન શ્રમણોને શુચિનો પૂરો ખ્યાલ નથી, તેની આવશ્યકતા સમજાઈ નથી તેથી તેમના મળથી રસ્તાની શેરીઓ ગંદી કરતા આંચકો લાગતો નથી. આ સર્વથા અનુચિત છે. જ્યારે વિજ્ઞાને શુચિના સાધનો ઉપલબ્ધ કરી આપ્યા છે ત્યારે તેના ઉપયોગથી દૂર રહેવામાં બુદ્ધિમત્તા નથી.

અશરણભાવના વિષે પણ વિચાર જરૂરી છે. એ વાત સાચી છે કે મૃત્યુ કે રોગ-દુ:ખના ભાગી કોઈ બની શકતા નથી. એટલે અશરણભાવના ભાવવી જરૂરી છે પણ જીવનમાં કોઈને કોઈનો સહકાર લીધા વિના ચાલતું પણ નથી—એ પણ હકીકત છે. એટલે જીવનવ્યવહાર તો શરણ સ્વીકાર્યા વિના ચાલતો નથી તો પરસ્પરના સહકારપૂર્ણ જીવનવ્યવહાર કેમ ન ગોઠવવો? આખું સંસારચક્ર જો ખરી રીતે વિચારીએ તો સહકારથી જ ચાલી રહ્યું છે. તો સહકારની ભાવનાને જ શા માટે વધારે વિશુદ્ધ ન કરવી અને તેને જ આધારે સમગ્ર જીવનવ્યવહાર કેમ ન ગોઠવવો? સાધુ થયા પછી પણ ગૃહસ્થસંઘની સહાય વિના તો ચાલતું જ નથી. ઘર નહિ તો ઉપાશ્રયમાં મમત્વ બંધાતું જોવાય છે અને ભક્તો વિના શ્રમણજીવનનો વ્યવહાર પણ ચાલી શકતો નથી. આવી સ્થિતિમાં અશરણભાવનાનું રૂપાંતર સહકારની ભાવનામાં કેમ ન કરવું? જીવનની સહકાર ભાવના એ અનિવાર્ય શરત છે અને તે જન્મથી માંડી મૃત્યુપર્યંત જરૂરી છે.

આ રીતે જોઈએ તો જીવનનો આધાર જ સહકાર છે એટલે તેની જ ભાવના કેળવવી જરૂરી છે. મૃત્યુ સમયે વૈરાગ્ય અને મમત્વના ત્યાગ અર્થે અશરણ ભાવના કેળવીએ પણ જીવન પર્યંત તો સહકાર જ કેળવીએ. આમ થાય તો તેમાં જીવનસાધનામાં કાંઈ ઊણપ આવે એવું નથી. ઊલટાનું તે સમૃદ્ધ બનશે.

(સંપૂર્ણ) —દલસુખ માલવણિયા

# વિજ્ઞાનનો વિષય અને પત્રકાર

સ્કાયલેબમાં જનારી બીજી ટુકડીના અવકાશયાત્રીઓએ શરૂમાં પોતાના શરીરનું વજન ગુમાવ્યા પછી અજાયબ રીતે સપ્ટેમ્બરની અધવચમાં પોતાનું વજન પાછું મેળવવા માંડયું હતું. આ ટુકડી ૨૫મી સપ્ટેમ્બરે સ્કાયલેબમાંથી ધરતી ઉપર પાછી ફરી તેના સમાચારો પણ ભાગ્યે જ કોઈ ગુજરાતી વર્તમાનપત્રમાં જોવા મળ્યા હતા, પછી એ અવકાશવીરોના વજનની ફિકર વર્તમાનપત્રો શું કામ કરે? તાજેતરમાં મુંબઈના ટી. વી. કેન્દ્રના સહાયક નિયામક શ્રી. અરૂણ શ્રોફને મળવાનું થયું ત્યારે જાણવા મળ્યું કે ગુજરાતી ટી. વી. પ્રેક્ષકો મોટેભાગે રવિવારે કઈ ફિલ્મ બતાવવી તેની 'ફરમાયશ' કરે છે પણ બીજા એવા પ્રેક્ષકો પણ છે, જેમને વિજ્ઞાનના વિષયોની સચિત્ર માહિતી આપતા કાર્યક્રમો જોવાની ચાહના હોય છે. સ્વિડનમાં પણ ટી. વી.ના પ્રેક્ષકો હવે સેક્સ અંગેના કાર્યક્રમોથી ગળે આવી ગયા છે અને ત્યાંનો બુદ્ધિશાળી વર્ગ વિજ્ઞાનને લગતી વધુ ને વધુ માહિતી આપતા કાર્યક્રમો આપવાની માગણી કરે છે.

પરંતુ વર્તમાનપત્રો, રેડીઓ અને ટેલિવિઝન ઉપર આપણને વિજ્ઞાનને લગતા બહુ ઓછા સમાચારો કે લેખો જોવા મળે છે. યુરોપ અને અમેરિકામાં કેટલાક વર્તમાનપત્રો પોતાના ખાસ વિજ્ઞાનના વિષયના વૃત્તાંતનિવેદકો રાખે છે. લંડનનું 'ફાઈનેન્શ્યલ ટાઈમ્સ', જેવું આર્થિક સમાચારોને લગતું દૈનિકપત્ર પણ ઊંચા પગારથી એક અલગ સાયન્સ-કોરસપોન્ડટ રાખે છે. ગુજરાતી વર્તમાનપત્રોને આવા અલગ સાયન્સ કોરસપોન્ડટ રાખવા પોસાતા નથી. કેટલાક દનિકોની રવિવારની પૂર્તિઓમાં કોઈ કોઈ વખત વિજ્ઞાનને લગતા લેખો છપાય છે તે હમેશાં વિજ્ઞાનના જાણકારો કે નિષ્ણાતો લખતા નથી. જે વિજ્ઞાનને જાણે છે તે લખી શકતા નથી કે લખવાની ફૂરસદ ધરાવતા નથી અને જે લખે છે તે વિજ્ઞાનના વિષયને પૂરો જાણતા નથી. પત્રકારનો એક સ્વભાવ હોય છે કે પોતે જાણેલું બીજાને જણાવવું. પત્રકારનું મન એક દૃષ્ટિએ સમાજવાદી હોય છે. પોતાને મળેલા જ્ઞાનનું ભાજન તે બીજાને ન કરાવે ત્યાં સુધી તેને નિરાંત થતી નથી. વિજ્ઞાન મારો વિષય ન હોવા છતાં આ દૃષ્ટિએ જ "ન્યુ સાયન્ટીસ્ટ," "નેચર" "સાયન્ટીફિક અમેરિકન", સાયન્સ ટુડે" અને "પોપ્યુલર સાયન્સ" જેવા વિજ્ઞાનના સામયિકો વાંચવામાં આવતાં હોઈ તેમાંથી ગ્રહણ કરેલા રસિક વિષયો જનતા સમક્ષ મુકવાનું મન થાય છે અને તેમાં કોઈ વખત ત્રુટી પણ રહી જાય છે. દૈનિક વર્તમાનપત્રોમાં વિજ્ઞાનને લગતા સમાચારોને બહુ ઓછું સ્થાન મળે છે તે ઊણપ ઘણા લોકોને ખટકતી હશે. માત્ર ભારતમાં જ નહિ—વિદેશના વર્તમાનપત્રો વિજ્ઞાનને લગતા અલગ વૃત્તાંતનિવેદકો (સાયન્સ-કોરસપોન્ડન્ટ્સ) રાખે છે, છતાં વર્તમાનપત્રના ટેબલ ઉપરના તંત્રીઓ વિજ્ઞાનના સમાચારને ભાગ્યે જ પહેલે પાને ચમકવા દે છે. ઘણી વખત જગ્યાની તંગીનો ઈલાજ કરવા કોઈ સમાચાર કાપવા હોય તો તે કાપ વિજ્ઞાનના સમાચાર ઉપર જ આવે છે!

'ગાર્ડિયન' નામના લંડનના દૈનિકના એક સમયના સાયન્સ-કોરસપોન્ડન્ટ શ્રી. ઈયાન બ્રીચે પોતાની વેદના વ્યક્ત કરી છે કે અમુક અંગ્રેજી વર્તમાનપત્રો માત્ર મોભા ખાતર વિજ્ઞાનના વૃત્તાંત નિવેદકો રાખે છે અને પછી તે લોકો જ્યારે મહેનત કરીને સમાચારના પાંચ છ ફકરા લખે છે ત્યારે તેને ન્યુઝ એડીટરો રહેંસી નાંખે છે. વળી કેટલાક ઉપતંત્રીઓ અને મોડી રાત સુધી બેસતા મુખ્ય-ઉપતંત્રીઓ વિજ્ઞાન અંગે બહુ સમજતા ન હોઈને સમાચારને ટૂંકા કરવા માટે ફકરાને એવી રીતે કાપી નાંખે છે કે સમાચારનો પછી કોઈ અર્થ રહેતો નથી.

બ્રિટનના 'માન્ચેસ્ટર ઈવનીંગ ન્યુઝ" તરફથી કોઈ સાયન્સ કોરસપોન્ડન્ટ રખાયો નથી. આ પત્રના સંચાલકો કહે છે કે વિજ્ઞાનના સમાચારને કારણે કોઈ ઉદ્યોગપતિ જાહેરખબર આપવા લલચાતો નથી, સનસનાટીવાળા અને મસાલેદાર સમાચાર જે પાના ઉપર હોય તે પાના ઉપર જ વધુ જાહેરખબરો આકર્ષાય છે. સમાચારએજન્સીઓએ વિજ્ઞાનને લગતા જે સમાચાર આપ્યા હોય કે પોતાના જે ચાલુ રિપોર્ટરો, વિજ્ઞાનીઓએ ભરેલી પત્રકાર પરિષદોમાંથી સમાચારો પકડી લાવ્યા હોય તેને જ મોટાભાગના વર્તમાનપત્રોમાં સ્થાન મળે છે. ગુજરાતી-રિપોર્ટર જે દુધના વધેલા ભાવનો અહેવાલ લેવા જાય છે તે જ રિપોર્ટર આણુશક્તિ પંચની પત્રકાર પરિષદમાં પણ ભાગ લેવા જતો હોય છે. ગુજરાતી-પત્રકારને આ પ્રકારે વિવિધ વિષયો વિષે અભિજ્ઞ રહેવું પડતું હોઈને ઘણા ગુજરાતી પત્રકારો વિજ્ઞાનના નિષ્ણાતો ન હોવા છતાં વિજ્ઞાનના વિષય ઉપર લખતા થયા છે. આ સ્થિતિ માત્ર ગુજરાતી વર્તમાનપત્રોની નથી; ભારત, બ્રિટન અને અમેરિકામાં પણ ડુંગળી-બટાકાનો અહેવાલ લખનારો રિપોર્ટર અવકાશસંશોધનના સમાચારો પણ લખતો હોય છે!

વર્તમાનપત્રોના તંત્રીઓ-કે સંચાલકોની એક લાચારી સમજવા જેવી છે. યુદ્ધ, કુદરતીઆફતો, ગુનાખોરી, બળાત્કાર, આડાસંબંધો અને બીજા સનસનાટીવાળા ખબરોને પ્રાધાન્ય આપવું પડે છે. પહેલે પાને આવા વિષયોને લગતા મોટા મથાળા ચમકે છે. "ગાર્ડીયન" નામના દૈનિકના સાયન્સ કોરસપોન્ડન્ટ શ્રી. એન્થની ટકરે આ પત્રમાં નોકરી સ્વીકારીને તેની સમાચાર છાપવાની નીતિને બદલવા પ્રયાસ કર્યો હતો પણ વિજ્ઞાનના વિષયોને પ્રાધાન્ય મળ્યું જ નહિ. શ્રી. ક્રાઉથર નામના બીજા વિજ્ઞાની-વૃત્તાંતનિવેદકે તો આવી નીતિને કારણે એક દૈનિક પત્રમાંથી રાજીનામું આપી દીધું હતું.

એક રમૂજની વાત એ બની કે છેલ્લા બે ત્રણ વર્ષથી ઘણા વિજ્ઞાની-પત્રકારો પ્રદૂષણ પર ખૂબ લખવા માંડયા અને અમુક અંગ્રેજી વર્તમાનપત્રોએ તેને સ્થાન આપવા માંડયું, તેનો સૌપ્રથમ માર વર્તમાનપત્રોના સંચાલકો ઉપર જ પડયો છે! બન્યું એમ કે અમેરિકામાં ન્યુઝપ્રીન્ટની અને કાગળની તંગી પડવા માંડી છે. કાગળ બનાવતા કારખાનાંઓમાંથી જે કચરો વગેરે નીકળે છે તેને કારણે પ્રદુષણ ફેલાય છે, તેવો પ્રચાર વિજ્ઞાની પત્રકારોએ લેખોદ્વારા કરવા માંડયો હતો. આને કારણે ન્યુઝપ્રીન્ટ બનાવતાં નવા કારખાનાં ઓછા સ્થપાયા છે અને ભારતની માફક અમેરિકામાં પણ ન્યુઝપ્રીન્ટ અને કાગળની તંગી ઉભી થવાનો ભય ઊભો થયો છે!

—કાન્તિ ભટ્ટ

# કવિતાસંસ્કૃતિનું કાર્ય

એક સંસ્કૃત સુભાષિત છે:

एकस्तपों द्विरध्यायी त्रीभिर्गीति चतु:पथम् ।
सप्त पंच कृषीणां च संङ्ग्रामो बहुभिर्जनैः ।।

અર્થાત્

એકલાએ તપ કરવું, બેએ અધ્યયન, ત્રણે ગાવું, ચારે પ્રવાસ;
બારે ખેતી ખેડવી અને સંગ્રામમાં બહુ જન હોય.

અહીં વ્યકિતની એકલ અવસ્થાથી માંડીને બેથી બારના જુથરૂપે કે તેથી વિશેષ, બહુના સમૂહરૂપે તેના સમવાય જેવું કંઈક રચાય છે: અને તેને અર્થેની કોઈ ઈષ્ટ પ્રવૃત્તિનું અહીં સૂચન છે. એ પ્રવૃત્તિ-ચિત્રદ્વારા તે જમાનાનું અમુક સામાન્ય પ્રકારનું સમાજદર્શન આ સુભાષિતમાં છે. તેની અર્થવીગતો વિચારીએ.

એકલો હોય તે તપ કરે: અહીં તપનો રૂઢ વિશિષ્ટાર્થ જણાય છે: આધ્યત્મિકતાનું-ઈશ્વરસાક્ષાત્કારનું તપ, એવો. કારણ તે પછી, બે માણસોનો ઉલ્લેખ જે અધ્યયનઅર્થે કર્યો છે, તે ય એક પ્રકારનું તપ-જ્ઞાનસાધના તો છે જ. જો કે, બે જણ વિશેનું એ મંતવ્ય, તેને સર્વાંશે સત્ય કહી શકાય ખરું? કારણ, કોઈક દૃષ્ટાંતમાં બે જણ અધ્યયનમાં પરસ્પરને પ્રેરક-ઉપકારક બને: કોઈકમાં તે વિક્ષેપક યે બને.

ત્રણ ભેળાં મળે તો ગીત ગાય: એ ય સાપેક્ષ સત્ય છે. હજી બે જ વ્યકિત સાથે હોય તો ત્યાં લગી કોઈક ગંભીર અંતર્મુખીય પ્રવૃત્તિ શકય ખરી: પણ અંગ્રેજી કહેતી અનુસાર 'Three is crowd' માં રહેલું બેથી વિશેષ વ્યકિતનું જુથ જો મોજીલું, રંગીલું બની જાય તો લલકારે-ગાવાની મોજ માણે, એ અર્થમાં ત્રણ હોય તો આનંદપ્રમોદ કરે, તેવો અર્થ અભિપ્રેત છે. બાકી તો એક યે ગાય ને બે ય ગાઈ શકે: તે સમુદાયગાનના આનંદનો કેફ તો કયાં અજાણ્યો છે?

આગળ કહે છે, વાટમાર્ગુ ચાર મળીને વાટ વળોટે. આ સૂચનને એ યુગના સંદર્ભમાં સમજવું જોઈએ. વણખેડાયેલ, અલ્પવાહન-સાધન અને અલ્પરક્ષિત એ જમાનાના પ્રવાસપંથમાં અનેક અડચણો સહજપણે નડે; ત્યારે 'એકથી દો ભલાં'ના અનુભવવચનથી અડસટ્ટે ચારનો આંકડો કે પછી કોઈક-આપણાથી અજાણે-સવીગત વિચારણાથી ચારનો આંક મૂકેલો છે. ધાડ વ. પ્રવાસપંથની વિવિધ વિટંબણાઓના અનુલક્ષમાં, એટલા ઝાઝા જનની ઉપયોગિતાનો અહીં ખ્યાલ કરાયો છે.

એવી જ ઝાઝા જનની ઉપયોગીતા ખેતમજૂરીમાં આવશ્યક લેખી, પાંચ કે સાત અથવા પાંચ વત્તા સાત મળીને કુલ બાર જણાંનું સૂચન છે. એ મંતવ્યની તથ્યતા, પન્નાલાલની 'માનવીની ભવાઈ' નવલકથાના નિવેદનવાકયથી પ્રતીત થાય છે. "ખેતી એ તો ભાઈ, ઝાઝાં માનવીની ભવાઈ (મિલકત) છે."

પણ બહુ માણસો હોય તો? સુભાષિત કહે છે, યુદ્ધ! બીજું શું? હકીકત પરથી મુખ્ય અર્થ તો એ જ છે કે સંગ્રામમાં અનેક માણસો હોય. શું કામ? યુદ્ધમાં ઘણા માણસો ખપે છે: ખપે, તેના બન્ને અર્થોમાં-ઉપયોગ અને નાશ. સંગ્રામમાં ઘણાનો ખુડદો બોલે છે, એટલે ઝાઝાની જરૂર પડે; વળી દ્વેષથી પ્રેરાયેલ યુદ્ધમાં ઘણાં નાકાં સાચવવાં અને નાશ કરવાં જરૂરી હોઈને પણ ઝાઝા માણસોના ખપનું સૂચન જણાય છે. એથી વિપરીતપણે પણ તેમાં એક ઓર તથ્ય નથી જણાતું? માનવવ્યવહાર જોતાં, જ્યાં સમુદાય હોય ત્યાં અનેકતા, બુદ્ધિભેદ, અરાજકતા અને તેનાં દૂષણોરૂપે વિવિધ સ્વાર્થોનો સંઘર્ષ સરજાય છે. ખાસ કરીને જે પ્રજા શિસ્તબદ્ધપણે કેળવાઈ ન હોય તેવા સમાજ માટે એ ભય વિશેષ લેખાય. એટલે દૂર સુધી જતો અર્થ ઘટાવી શકાય.

આમ આ સુભાષિત તેને માટે અપેક્ષિત-સામાજિક સંદર્ભમાં વ્યકિગત પારસ્પરિક આચારનું-દર્શન ધરે છે. તેનો છંદ સુભાષિતને અનુરૂપ અનુષ્ટુપ છે.

હવે તેની નજીકના ભાવાર્થનો એક ગુજરાતી દુહો જુઓ:

"એકલ ભલાં તપસ્વિઓ, રસિયાં ભલાં જ દોય,
બીજાં ત્રણ, ત્રણ કે અધિક, જો. દિલ દંભ ન હોય."

—શેષ.

પ્રસ્તુત દુહાનું ઉપરના સુભાષિત જોડે સામ્ય જણાશે. પણ આંશિક જ: તેટલા પૂરતું દેખીતું. અહીં પણ વ્યકિતના પારસ્પરિક સંબંધઆચારનું સૂચન છે: તો વળી તેના વિશિષ્ટ દૃષ્ટાંતમાં પણ કયાંક સામ્ય છે. કેવી રીતે, તે જોઈએ. દુહાનો અર્થ સરળ છે.

તપસ્વીઓ એકલાં સારાં, રસિયાં બે હોય તે સારાં, અને ત્રણ કે ત્રણથી વિશેષ જનો તે સારાં કે જેમના દિલમાં દંભ ન હોય. આમ કવિ વ્યકિતસંબંધવ્યવહારદ્વારા સમાજનિરીક્ષણ અને તે નિમિત્તે તેના નૈતિક આચારનું ધોરણ ધરે છે.

અહીં પણ પેલા સુભાષિતની જેમ તપસ્વીને એકલો પ્રમાણ્યો છે: કોઈપણ પ્રકારની ઉર્ધ્વ સાધનાની એકાગ્રતાઅર્થે એકાન્ત-એકાકીપણું આવશ્યક છે, એ ભાવના છે. સંસ્કૃત શ્લોકનો અર્થ તે પણ અહીં ઉદ્દિષ્ટ છે: તેટલે અંશે તેની સાથેનું સામ્ય વરતાશે.

કોઈપણ બે જણ-સજાતીય કે વિજાતીય, વળી નાનાં કે, અથવા, તેની જોડે મોટાં-ભેળાં મળી વિવિધ પ્રયોજને પણ રસપૂર્વક આનંદ-લહાણ કરી શકે, તે તમામ રસિકના વર્ગમાં આવી શકે; અને તેવાં બે જન હોય તો તે પોતે સારાં છે, અને એમ હોવું યે સારું છે. પેલી અંગ્રેજી કહેતીનો પૂર્વાર્ધ 'Two is company' ના ભાવની અહીં ચરિતાર્થતા છે.

આ ઉપરાંત, બેથી અધિક ત્રણ જણાં કે તેથી યે અધિકનો સમુદાય જો સાચા અર્થમાં સમવાય બની રહે તો તે ય સારાં છે. અર્થાત ભેળાં મળેલાંનાં હૃદયમાં દંભ, દંભમાંથી જન્મતો દ્વેષ વા ડંખ ન હોય અને નિર્મળ હૃદયની સભરતા હોય તો તે સમવાય પણ ભલો એટલે કે ઈષ્ટ-સારો છે.

ત્રીજા પ્રકારના માનવવ્યવહારસંબંધમાં આપણી અર્ધકેળવાયેલી પ્રજાના સામુદાયિક જીવનમાંનાં, અને સામાન્યપણે જોવા જઈએ તો માનવસમાજનાં દંભ વ.-મલિનતાનું અનિષ્ટ કવિના ધ્યાનમાં ન હોય એમ તો કેમ બને? એથી તે ભયસ્થાનના પરોક્ષ ઉલ્લેખથી, કવિ સમુદાય આચારની નિરોગી પ્રણાલીદ્વારા, તેવી નૈતિકતાની મહત્તાને પ્રમાણે છે. કવિએ પુનરોલ્લેખ કરેલા એક શબ્દ તરફ આપણે લક્ષ આપવાનું છે: તે છે 'ભલાં' શબ્દ. ત્રણે પ્રકારનાં માનવવ્યકિતત્વઅર્થે કવિ આ 'ભલાં' શબ્દ સાર્થ સંદર્ભમાં સંયોજે છે અને ત્યાં તેનો શ્લેષાર્થ- દ્વિઅર્થદ્વારા બન્ને બાજુનો અર્થ સમજવાનો છે. સમાજ-અર્થે તેવું વ્યકિતત્વ હિતાવહ હોઈ ઈષ્ટ છે, માટે ભલા: તો વ્યકિત અર્થે ય તેમ હોવું તે હિતાવહ હોઈ ઈષ્ટ છે, એ અર્થમાં પણ 'ભલાં' છે. આમ સમાજ અને વ્યકિત ઉભય પક્ષથી 'ભલાં'નો અર્થ ઘટાવવાનો છે. દુહામાં જે ત્રીજો પ્રકાર છે ત્યાં એ શબ્દ અનુકત છે, પણ તેને અધ્યાહાર લેખવાનો છે.

અહીં જે ત્રણ જુદાજુદા પ્રકારનાં માનવવ્યકિતત્વનો વિચાર થયો છે, તેનાં છૂટાંછૂટાં દૃષ્ટાંતો સમાજમાં મોજૂદ હોય જ; પણ જેમ જુદીજુદી વ્યકિતપરત્વે તેમજ એકજ વ્યકિતની પ્રકૃતિનાં પણ આવાં ત્રણ પાસાં હોઈ શકે. અથવા કહો કે સભાનપણે કરતાં સાહજિકપણે, તે અમુક અંશે હોઈ શકે છે. સંસ્કારી ને સન્નિષ્ઠ જીવ માટે તે હોવાં આવશ્યક પણ છે. સાધનાર્થે ગંભીરભાવે એકાકીપણું, રસજીવનમાં મૈત્રીસહચારની ઉલ્લાસમય લહાણ અને સામુદાયિક જીવનમાં નિર્દંભ-નિર્દ્વેષ સહયોગ એ જ સમૃદ્ધ વ્યકિતત્વ.

'શેષ' કદાચ સંસ્કૃત સુભાષિતથી જાણકાર હોય. પણ એ સુભાષિતની સામગ્રીને કેળવીને દુહાને આગવો ઓપ ચઢાવેલો છે. કહો કે તે ચડેલો છે. એમાંની વિગતોનો ઉપયોગ કરેલો છે. પણ તેમાંથી જ તાત્ત્વિક દર્શન શકય કરી, મિતાક્ષરી સૂત્રાત્મકતાને સાધેલી છે. સુભાષિત છે સમાજદર્શન: દુહો છે, તેદ્વારા જીવનના વિશિષ્ટ વલણની વાત. અને તેથી છે અર્થાન્તરન્યાસીસૂત્ર. સંસ્કૃત સુભાષિતના અક્ષરમેળ અનુષ્ટુપ છંદની જેમ માત્રામેળ દુહા છંદ પણ ભાવનુરૂપ છે. સંસ્કૃત સુભાષિતમાં વાચ્યાર્થદર્શન છે: દુહામાં તાર્કિક યથાર્થતાથી વિચારની ચોટ અને ભાવસુબદ્ધતા સાધેલી છે. તેમાં એક રીતે ઉભયનો ઐતિહાસિક સંબંધ પડેલો છે. એકની સામગ્રીવડે અન્યમાં આગળ ચાલી ભાવની સૂક્ષ્મતા ને ઊંડાણ પ્રયોજવાનું પ્રગતિસતત એવી કવિતાસંસ્કૃતિનું એ કાર્ય છે.

— હીરા રા. પાઠક

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૬, ૧૯૭૩ શુક્રવાર
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ❋ ક્યાં જઈ અટકશે ? ❋

દેશની વર્તમાન પરિસ્થિતિ - રાજકીય અને આર્થિક - સૌને ચિન્તા કરાવે તેવી છે. દરેકની ચિન્તા જુદા પ્રકારની છે. મોટા ભાગને વર્તમાનની-રોજેરોજની–ચિન્તા છે. જેની પાસે મિલકત છે તેને ભવિષ્યની ચિન્તા છે. કાલે શું થશે? જે કાંઈ છે તે ક્યાં સુધી અથવા કેટલું રહેશે? અનિશ્ચિતતા અને અસ્થિરતા વધતાં જાય છે. આર્થિક અસમાનતા અને વિષમતા ઓછી થવાને બદલે વધતી જાય છે. ઈન્દિરા ગાંધી અને ચવ્હાણ પ્રજાને આશ્વાસન આપતાં રહે છે કે આ પરિસ્થિતિ ટૂંક સમયની છે અને સુધરતી છે. તેમનાં વચનો ઉપર કોઈને વિશ્વાસ પડતો નથી. Crisis of Confidence and Crisis of Character–આ શબ્દો એટલા બધા ઉચ્ચારાય છે કે તેની પણ કિંમત નથી રહી. છતાં બન્ને હકીકતો કઠોર વાસ્તવિકતા છે.

આ કટોકટીનો વિચાર કરવા સર્વ સેવા સંઘ તરફથી સપ્ટેમ્બરની ૧૮, ૧૯ અને ૨૦ તારીખે - ત્રણ દિવસ સેવાગ્રામમાં રાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું હતું, જેમાં સર્વ સેવા સંઘના કાર્યકર્તાઓ ઉપરાંત દેશની આગેવાન વ્યક્તિઓને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. વિચારણાના મુદ્દાઓની સ્પષ્ટતા માટે સર્વ સેવા સંઘ તરફથી શરૂઆતમાં એક નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું. આ નિવેદનમાં જે મુદ્દાઓ રજૂ કર્યા હતા, તેમાંના મુખ્ય આ પ્રમાણે છે:

પાયાની વસ્તુ, જાહેર જીવનમાં નૈતિક ધોરણનું અવમૂલ્યન અને રાજકીય વ્યક્તિઓમાંથી જનતાનો ઊઠી ગયેલો વિશ્વાસ, સત્તા-લાલસા અને સ્વાર્થનું તાંડવ. Political power has been made an instrument of unabashed self-aggrandisement. ગાંધીજીએ સાધનશુદ્ધિનો આગ્રહ રાખ્યો હતો તે સર્વથા લોપ થયો છે. સત્તાનું કેન્દ્રીકરણ એટલી હદે થયું છે કે લોકો નિરાધાર અને બધી વાતમાં સરકારઆશ્રિત થયા છે. આર્થિક ક્ષેત્રે ગરીબાઈ, બેરોજગારી, મોંઘવારી, ફુગાવો બેહદ વધ્યાં છે. લાંચ-રુશવત અને ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. પ્રધાનો અને ઉચ્ચ અમલદારો જેમના ઉપર સરકાર નિયુક્ત તપાસપંચોએ ગંભીર આરોપો મૂક્યા છે તેમની સામે કાંઈ પગલાં લેવાયાં નથી એટલું જ નહિ પણ તેમાંના કેટલાક હજુ સત્તાસ્થાને છે. ચૂંટણીના અનર્ગલ ખરચાએ કાળાં નાણાંને ઉત્તેજન આપ્યું છે. The situation in the country has no doubt become desperate in many respects and defies easy solution.

ત્રણ દિવસની ગંભીર મંત્રણાઓ બાદ પરિષદે એક નિવેદન પ્રકટ કર્યું છે. આ નિવેદનમાં જણાવ્યું છે કે આ પરિસ્થિતિ કોઈ એકલદોકલ ઘટનાનું નહિ પણ વર્ષોના ઈતિહાસનું પરિણામ છે. સરકારી કર્મચારી, પૂંજીપતિ, વ્યાપારી અને રાજનેતાઓમાં ભ્રષ્ટાચાર વધતો રહ્યો છે અને જનતા પણ આ ભ્રષ્ટાચારમાં લાચારીથી સહભાગી થઈ રહી છે. દેશમાં સંપ્રદાયવાદ, જાતિવાદ અને સંકુચિત રાષ્ટ્રવાદ ઓછા કરવા તો દૂર રહ્યા પણ તેમાં વૃદ્ધિ થઈ રહી છે. દેશના નેતાઓ અને વિદ્વદ્જનો પોતાના વિચાર અને આચરણ દ્વારા ત્યાગ અને સેવાના નમૂના બનવાને બદલે સ્વાર્થસાધનામાં લાગી ગયા નજરે પડે છે.

વસ્તુસ્થિતિનું ચિત્ર રજૂ કરવું બહુ અઘરું નથી. ઊડીને આંખે બાઝે તેવું છે. જોકે વ્યક્તિના માનસિક વલણ પ્રમાણે એક અથવા બીજા પાસા ઉપર વધારે ભાર મૂકવામાં આવે. આ ચિત્રમાં રાજ્ય અને રાજકીય વ્યક્તિઓનું દોષદર્શન વધારે છે. તેમનામાં ઓછા દોષ છે એમ નથી. પણ હકીકતમાં, સમાજનો કોઈ વર્ગ- વ્યાપારી, ઉદ્યોગપતિ, મજૂર, ખેડૂત, બુદ્ધિજીવી વકીલ, ડૉક્ટર, એન્જિનિયર કે શિક્ષક, આ રોગથી મુક્ત નથી. સત્તા કે પૈસા પાછળ બધા જ ગાંડાતૂર થઈને દોડે છે.

અઘરું છે આ વસ્તુસ્થિતિનાં સાચાં કારણો શોધવાનું અને તેના ઉપાયો બતાવવાનું. નૈતિક મૂલ્યો રહ્યાં નથી અથવા આ સ્થિતિ વર્ષોના ઈતિહાસનું પરિણામ છે એ હકીકતો કારણો નથી. શા માટે આવું થયું અને આટલી ઝડપથી? ત્યાગ, સેવા, આદર્શ, ક્યાં અને કેમ ઊડી ગયાં? ૩૦ વર્ષની ગાંધીજીની તપશ્ચર્યા ક્યાં ગઈ? એ જ પ્રજા છે જેણે ભારે બલિદાનો આપ્યાં હતાં.

નિદાન કર્યા પછી પરિષદના નિવેદનમાં જણાવ્યું છે કે આ પરિસ્થિતિનો ઉપાય ગાંધીજીએ બતાવ્યો હતો તે જ છે. તે માટે નિવેદનમાં "એકશન પ્રોગ્રામ" બતાવ્યો છે.

ગ્રામ અને મહોલ્લા સમિતિઓ રચી જનતાને સંગઠિત કરવી અને લોકશક્તિ કેળવવી. સર્વ સંમતિ અથવા સર્વાનુમતિથી નિર્ણયો કરવા. દરેક વ્યક્તિને કામ મળે અને જીવનની જરૂરિયાતો મળે એવી વ્યવસ્થા ગ્રામ અને મહોલ્લા સમિતિઓએ કરવી. હિંસાનો મુકાબલો શાન્તિસેનાથી કરવો. ખેત જમીન અને મિલકતની ટોચમર્યાદાના કાનૂનોનો બરાબર અમલ થાય તેની દેખરેખ રાખવી. લાંચરુશવત, ખોટા ખર્ચો, વિલાસપૂર્ણ ઉપભોગ, સામાજિક કુરિવાજો સામે આંદોલન કરવું. નશાબંધીનો અમલ કરાવવો. તેને માટે સત્યાગ્રહ કરવો. હરિજનો, આદિવાસીઓ ઉપર થતા અત્યાચારોનો વિરોધ કરો.

પરિષદે જનતા અને સરકારને કેટલીક ભલામણો કરી છે.

ચૂંટણીમાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવો અને ચૂંટણીખર્ચ ઓછો કરવો. જેના ઉપર ભ્રષ્ટાચારનો આરોપ હોય તેની સામે તુરત પગલાં લેવાં. સાદાઈ, ઓછા ખર્ચ અને સ્વદેશીને યુગધર્મ ગણવો. શિક્ષણપદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવું. ઉદ્યોગો પૂંજીપ્રધાન–Capital intensive-બનાવવાને બદલે શ્રમપ્રધાન-Labour intensive-કરવા. નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓને પ્રાથમિકતા આપવી. ગામમાં પેદા થતા માલનો ઉદ્યોગ ગામમાં જ થાય અને આવા

નાના ઉદ્યોગોને મારવાવાળા મોટા ઉદ્યોગો પર પ્રતિબંધ મૂકવો. ફુગાવો અને ભાવવધારો અટકાવવા ડેફિસિટ ફાઈનૅન્સિંગ બિલકુલ બંધ કરવું જોઈએ.

મેં આ પરિષદનો અહેવાલ વિગતથી એટલા માટે આપ્યો છે કે રાજકારણમાં પડયા નથી અને ગાંધીજીના માર્ગને અનુસરવાનો પ્રયત્ન કરે છે એવી નિષ્ઠાવાન વ્યકિતઓ વર્તમાન પરિસ્થિતિનો, ગંભીરતાથી ત્રણ દિવસ વિચાર કરે ત્યારે છેવટ શું નિર્ણય અથવા અભિપ્રાય આપી શકે છે. સર્વ સેવા સંઘે આને 'એકશન પ્રોગ્રામ' કહ્યો છે.

હકીકતમાં એમ જણાય છે કે મતિ મૂંઝાઈ ગઈ છે. સરકાર પણ પ્રવાહમાં ઘસડાય છે. પ્રજા હતાશ થઈ છે. ચેતના, શ્રદ્ધા, વિશ્વાસ, કાર્યશકિત, ઉત્સાહ ઊડી ગયાં છે. કેટલોક વર્ગ પુષ્કળ કમાય છે, કાળા બજારનું સમાન્તર તંત્ર વધતું જાય છે, લાંચરુશવત વધતી જાય છે. ગરીબો અને મધ્યમ વર્ગની મૂંઝવણ વધતી જાય છે. પ્રજામાનસમાં હિંસા વ્યાપક બની છે. કંઈક બહાનું મળે તો તોફાનો ફાટી નીકળે છે. વિરોધી રાજકીય પક્ષો છિન્ન-ભિન્ન છે. પ્રજાને ઉશ્કેરવા સિવાય બીજો કોઈ કાર્યક્રમ તેમની પાસે નથી. હડતાળો, ઘેરાવો, બંધ, મોરચાઓ મારફત વિકટ સ્થિતિ વધારે વણસે છે. ચોમાસું એકંદરે સારું ગયું છે. પાક સારો છે અને રવી પાક વધારે સારો થશે એવી આશા છે, પણ મોંઘવારી ઘટતી નથી.

આ બધું છતાં, હું માનું છું પરિસ્થિતિ દેખાય છે તેટલી નિરાશાજનક નથી. તેને પહોંચી વળવાની આપણામાં શકિત છે. બુદ્ધિશાળી માણસો છે, સાધનો છે. પ્રજાને સાચું માર્ગદર્શન આપવાની આગેવાનોની જવાબદારી વધારે છે, તે માત્ર રાજકીય આગેવાનોની જ નહિ પણ બધા વર્ગના આગેવાનોની. પ્રજામાં ખાતરી થવી જોઈએ કે અપ્રામાણિક માણસોને જાહેર જીવનમાં કે સમાજમાં કોઈ સ્થાન કે પ્રતિષ્ઠા રહેશે નહિ. તો પ્રજામાં વિશ્વાસ અને ઉત્સાહ આવશે.

૯-૧૧-'૭૩ ચીમનલાલ ચકુભાઈ

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

### મોહિની ફાર્મ કેસ

ગાંધીનગર પાસે મોહિની ફાર્મ ઉપર દારૂની મહેફિલ થઈ હતી જેમાં અમદાવાદ શહેરના આગેવાન નાગરિકો અને ધનાઢયો સહિત લગભગ ૭૦ વ્યકિતઓની ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દારૂબંધીનો સખત અમલ કરે છે અને આ કેસ બરાબર ચાલશે એમ જાહેર કર્યું હતું. પકડાયેલ વ્યકિતઓમાં સ્ત્રીઓ અને નોકરો હતા તેમને હાઇકોર્ટે છોડી મૂકયાં. બાકીની લગભગ ૨૩ વ્યકિતઓ ઉપર કેસ ચાલ્યો. તે પણ બધા હવે છૂટી ગયા. ચુકાદો આપતા જજે કહ્યું કે પોલીસ કોઈની સામે કેસ પુરવાર કરી શકી નથી. પકડાયેલ વ્યકિતઓની ડોકટરી તપાસ થઇ હતી. જજે કહ્યું કે તપાસ એટલી ઉતાવળથી થઇ જણાય છે કે બરાબર તપાસ થઇ છે તેમ ન કહેવાય. આ વ્યકિતઓની લોહીની તપાસ થઇ હતી. જજે કહ્યું કે જે બાટલીઓમાં લોહી લેવાયું હતું તેને રબરના બૂચ હતા તેથી લોહીને રબરની અસર થઇ માટે લોહીની તપાસ ઉપર પણ આધાર ન રખાય. વળી એમ પણ કહેવાયું કે કેટલીક વ્યકિતઓ ઘેરથી દારૂ પીને આવી હતી તેથી તેમના મુખમાં વાસ આવે તે ઉપરથી એમ સાબિત નથી થતું કે તેમણે મોહિની ફાર્મ ઉપર દારૂ પીધો. આ રીતે આ કેસનો અંત આવ્યો. આરોપીઓના વકીલોની હોંશિયારી ગણવી, પોલીસ અને સરકારી વકીલની ખામી ગણવી કે જજ બહુ ટેક્નિકલ થયા એમ ગણવું, જે કહીએ તે પણ જે કેસે સારી પેઠે વિવાદ જગાવ્યો હતો તેનું આવું પરિણામ આવ્યું. દારૂબંધીના કેટલાય કેસોમાં આવું બને છે. જેમાં કોઇને શ્રદ્ધા ન હોય અને જેને માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન થતો ન હોય ત્યાં દારૂબંધીનો અમલ એક ફારસ થઇ પડે છે.

### વળી પાછા નિકસન

નિક્સન નાટકમાં હજી કેટલાં દશ્યો કે અંકો બાકી હશે તે કોણ જાણે. પણ એક પછી એક રોમાંચક દશ્યો જેવા મળે છે. નિક્સને કેટલીય વખત ફેરવી તોળ્યું. તેની ધૃષ્ટતાની પણ હદ નથી. ટેપ રેકોર્ડો જજ સિરિકાને સુપરત કરવા છેવટ કબૂલ થયા અને સોંપી તો બે મુખ્ય ટેપરેકોર્ડ જ—જોન મીચેલ અને જોન ડીન સાથે વાતચીતની— તેમાં ન મળી. જજે પૂછયું તો નિક્સનના વકીલે કહ્યું કે આ બે રેકોર્ડો હતી જ નહિ. છ મહિનાથી વિવાદ ચાલે છે અને વખતો-વખત એમ જાહેર થયું હતું કે વોટરગેટ પ્રકરણ અંગે નવ ટેપ-રેકોર્ડ છે, પણ સાત જ આપવામાં આવી. એવો ખુલાસો કરવામાં આવ્યો કે ટેપરેકોર્ડો જજને સુપરત કરવાની હતી ત્યારે તપાસ કરી તો ખબર પડી કે સાત જ છે. આટલા મહિના નવ રેકોર્ડની વાત કેમ થઇ? જવાબ મળ્યો કે જોન મીચેલ સાથેની ટેલિફોન વાતચીત સમયે ટેલિફોનનું પ્લગ રેકોર્ડ ઉપર મુકાયું ન હતું. જોન ડીન સાથેની વાતચીત સમયે ટેપરેકોર્ડર બગડી ગયું હતું તેથી આ બે રેકોર્ડ નથી. આ બધી કયારે ખબર પડી? નિક્સનની ટેપરેકોર્ડ સંભાળે છે તે બાઇએ કહ્યું કે કેટલાક સમયથી તેઓ ટેપરેકોર્ડો સાંભળી તે ઉતારે છે. નિક્સને પોતે સાંભળી હતી. તો તે વખતે ખબર ન પડી? અને મુખ્ય બે રેકોર્ડ જ મળતી નથી! હવે કહેવાય છે કે બાકીની સાત છે તે પણ પૂરી સંભળાતી નથી. જાહેર રીતે નિક્સન ઉપર આક્ષેપો થયા છે કે બે મહત્ત્વની રેકોર્ડોનો નાશ કર્યો છે અને બાકીનીમાં ગોલમાલ કરી છે. અમેરિકન પ્રજા પણ સ્તબ્ધ થઇ ગઇ છે અને નિક્સનના રાજીનામાની જોરદાર માગણીઓ થઇ રહી છે અને રાજીનામું ન આપે તો બરતરફ કરવાની કાર્યવાહી કરવી તેવો જોરદાર અવાજ છે. નિક્સનના વચન ઉપર કોઇને વિશ્વાસ રહ્યો નથી. એટલી હદ સુધી કહેવાય છે કે આરબ-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન નિક્સને અમેરિકન સૈન્યને તૈયાર રહેવાની હાકલ કરી તે કટોકટી પણ ખોટી રીતે ઘરઆંગણેની તેની સામેની કટોકટીમાંથી પ્રજાનું લક્ષ્ય બીજા માર્ગે દોરવા કરી હતી. નિક્સન સામે બીજા ઘણા ગંભીર આરોપો છે જેની ઊંડી તપાસ કોક્ષ કરી રહ્યા હતા અને તે તપાસ અટકાવવા તેમણે કોક્ષને બરતરફ કર્યા. નિક્સન ઉપર રાજીનામું આપવા ખૂબ દબાણ છે. પણ નિક્સને ભારપૂર્વક જાહેર કર્યું છે કે તેઓ કોઇ સંજોગોમાં રાજીનામું આપવાના નથી. એગ્ન્યુએ પણ એમ જ કહ્યું હતું અને શું બન્યું તે સુવિદિત છે. નિક્સન માટે જાહેર રીતે કહેવાયું હતું કે He is a crook. હવે કહેવાય છે કે He is a liar. આવી વ્યકિત અમેરિકાના પ્રમુખ તરીકે કયાં સુધી ટકી શકે અથવા પ્રજા કયાં સુધી તેને સહન કરશે તે જોવાનું રહે છે. બ્રિટન કે ભારતમાં આવું બન્યું હોત તો કયારનું ય રાજીનામું આપવું પડયું હોત. આ નાટકનો કેવો અંત આવે છે તે જોવાનું રહ્યું.

### આરબ - ઈઝરાયલ યુદ્ધવિરામ

અંતે આરબ-ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરાર પર સહીસિક્કા થયા છે. બન્ને દેશો વચ્ચે ૨૫ વર્ષમાં સીધી રીતે થતા આ પહેલા કરાર છે. મુખ્યત્વે કિસિન્જરની કુનેહનું આ પરિણામ છે જેને માટે તેઓ અભિનંદનને પાત્ર છે. યુદ્ધવિરામ સ્થિર થાય પછી કાયમી શાન્તિ માટેની વાટાઘાટો શરૂ થશે. ઈજિપ્તનો આગ્રહ હતો કે ૨૨ મી ઓકટોબરની હરોળ ઉપર ઈઝરાયલે પાછા જવું અને તેનું લગભગ ૨૦ હજારનું સૈન્ય ઘેરાઈ ગયું છે તેને મુકિત મળે. ઈઝરાયલનો આગ્રહ હતો કે તેના યુદ્ધકેદીઓ તુરત પાછા સુપરત થાય. થયેલ કરારમાં આ બન્ને શરતો અંશત: સ્વીકારવામાં આવી

છે. હજી ઘણું અસ્પષ્ટ છે પણ શુભ શરૂઆત થઈ છે. ઈજિપ્તે અમેરિકા સાથે એલચીઓની આપ-લે શરૂ કરી છે જે આવકારદાયક છે. રશિયા કરતાં અમેરિકા શાન્તિ લાવવામાં વધારે ઉપયોગી થશે તે હકીકત ઈજિપ્ત સ્વીકારતું લાગે છે; જો કે રશિયાની સહાય વિના ઈજિપ્ત સફળ ન થઈ શકત. પાયાની હકીકત એ છે કે રશિયા અને અમેરિકા પરસ્પરના સંબંધો દઢ રાખવા માગે છે. તેથી મધ્ય-પૂર્વમાં શાન્તિ સ્થાપવી તેમને માટે અનિવાર્ય છે. તેથી જ કિસિન્જર તુરત ચીન ગયા છે, કદાચ ચીનને સમજાવવા કે આ પગલું ચીન-વિરોધી નથી. આરબ રાજ્યોમાં પણ થોડો મતભેદ છે. ઈરાક, લિબિયા અને સિરિયાને બહુ ગમતું હોય તેમ જણાતું નથી. પણ સાદતે નક્કી કર્યું લાગે છે કે ૨૫ વર્ષ લડયા પછી હવે ઈઝરાયલનું અસ્તિત્વ સ્વીકારવા સિવાય કોઈ માર્ગ નથી. વિયેટનામ, મધ્યપૂર્વ, પશ્ચિમ અને પૂર્વ જર્મની, આ બધા સંઘર્ષો જોઈને એમ લાગે કે પ્રજાઓ ખૂબ ખૂબ ખુવારી ભોગવી, છેવટ થાકીને શાન્તિને માર્ગે વળે છે.

**મહારાષ્ટ્ર રાજ્ય નિર્વાણ સમિતિ**

કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સમિતિ રચી છે તે પ્રમાણે, કેન્દ્રની સૂચનાથી દરેક રાજ્યે સમિતિની રચના કરી છે તે પ્રમાણે મહારાષ્ટ્ર રાજ્યે લગભગ ૧૧૦ જૈન, જૈનેતર સભ્યોની સમિતિ રચી છે. આ સમિતિની પ્રથમ બેઠક મુખ્ય મંત્રી શ્રી વસંતરાવ નાઈકના પ્રમુખસ્થાને, સચિવાલયમાં તા. ૫-૧૧-'૭૩ ને રોજ મળી હતી ત્યારે સારી સંખ્યામાં સભ્યો હાજર હતા. મીટિંગ લગભગ અઢી કલાક ચાલી અને સારો ઉત્સાહ હતો. આગલે દિવસે, વ્યવસ્થિત કામકાજ થાય તે માટે સમિતિના બધા જૈન સભ્યોની એક મીટિંગ કરી લીધી હતી, જેમાં કાર્યક્રમની વિગતવાર વિચારણા થઈ હતી. થોડા દિવસ પહેલાં, જૈનોનું એક ડેપ્યુટેશન મુખ્ય મંત્રી તથા શિક્ષણ-મંત્રીને મળ્યું હતું. તેમની સાથે પણ કાર્યક્રમની ચર્ચા કરી લીધી હતી. સમિતિની બેઠકમાં મુખ્ય મંત્રીના પ્રમુખપદે ૨૫ સભ્યોની કાર્યવાહક સમિતિ નિયુક્ત થઈ છે. રાજ્ય સરકાર આ મહોત્સવ માટે રૂપિયા દસ લાખ આપશે એવી જાહેરાત મુખ્ય મંત્રીએ કરી હતી. મહારાષ્ટ્રનો જૈન સમાજ ઓછામાં ઓછી એટલી રકમ એકત્રિત કરશે એવી ખાતરી જૈનો તરફથી આપવામાં આવી હતી. દેશના કોઈ પણ ભાગ કરતાં મહારાષ્ટ્રમાં જૈનોની સૌથી વધારે - ૨૭ ટકા - સંખ્યા છે. મુંબઈ તેમાં અગ્રસ્થાને છે. તેઓ અને મહા-રાષ્ટ્રના જૈન સમાજ માટે આ અપૂર્વ અવસર છે. જૈનોના બધા ફિરકાઓ માટે એક કાયમી સંગઠન અને મિલન - પ્લેટફોર્મ ઊભું કરવાની તક છે. જૈન સમાજે તેની ઉપયોગિતા સમજવી જોઈએ.

**ખાનગી સેના**

દેશમાં નવા પ્રવાહો અને સંઘર્ષો જન્મી રહ્યા છે તેનું સૂચક ઉદાહરણ મહારાષ્ટ્રના ધુળિયા જિલ્લાના તળોદા અને શહાદા તાલુ-કાઓમાં જે બની રહ્યું છે તે ઉપરથી મળે છે. આ બન્ને તાલુ-કામાં આદિવાસી ભીલોની વસતિ સારા પ્રમાણમાં છે. તળોદામાં ૭૬ ટકા અને શહાદામાં ૪૭ ટકા ભીલો છે. ખેત જમીનનો મોટો ભાગ ગુજર ખેડૂતો પાસે છે. ભીલો પાસે જે થોડી જમીન હતી તે પણ શાહુકારો અને મોટા ખેડૂતોના કરજમાં ડૂબેલ હોઈ તેમના હાથમાંથી ગઈ છે. ભીલો માત્ર ખેતમજૂરી ઉપર નભે છે. મોટા ખેડૂતોની ફરિયાદ છે કે તેમના ઊભા પાકની ચોરી મોટા પ્રમાણમાં થાય છે તેથી આ ખેડૂતોએ પોતાના રક્ષણ માટે સશસ્ત્ર સેના તૈયાર કરવાની યોજના કરી છે. આ ખેડૂતોના આગેવાન શ્રી પુરુષોત્તમ કાલુ પાટિલ, કૉંગ્રેસના મુખ્ય કાર્યકર્તા છે. શ્રી પાટિલ ધુળિયા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક તથા સાતપુડા - તાપ્તી પરિસાર સહકારી સાકર કારખાનાના પ્રમુખ અને મહારાષ્ટ્ર સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્કના ઉપ-પ્રમુખ છે. ગ્રામવિસ્તારમાં આવી વ્યક્તિઓની કેટલી લાગવગ અને સત્તા હોય છે તેનો શહેરમાં રહેતા લોકોને પૂરો ખ્યાલ ન આવે.

શ્રી પાટિલની યોજના મુજબ જે સંરક્ષણ સેના તૈયાર થવાની છે તેનું ખર્ચ લગભગ ૨૧ લાખ રૂપિયા થશે જેમાં ગુરખાઓની ભરતી થશે. આ સેના પાસે જીપ ગાડીઓ અને બંદૂકો અને બીજાં શસ્ત્રો હશે. તેના ખર્ચને પહોંચીવળવા, વાર્ષિક રૂપિયા બે લાખ ખેડૂતો પાસેથી એકરદીઠ લેવીથી ભેગા કરવામાં આવશે. આવાં શસ્ત્રો રાજ્યની પરવાનગીથી જ રાખી શકાય. આ યોજનાથી આદિ-વાસીઓમાં ભય પેદા થાય તે સ્વાભાવિક છે. પરિણામે તેમનું આંદોલન જાગે અને સંઘર્ષ વધે. સામ્યવાદી અને ઉદ્દામ તત્ત્વો માટે માર્ગ મોકળો થાય. શ્રમિક સંગઠન દ્વારા આદિવાસીઓ તૈયાર થઈ રહ્યા છે.

જમીન વિતરણનો પ્રશ્ન કેટલો વિકટ છે તેનો આ ઉપરથી ખ્યાલ આવશે. જમીન સુધારણાના કાયદા કર્યા પણ તેનો અમલ થયો નથી, બલ્કે જેની પાસે થોડી જમીન હતી તે પણ ગુમાવી બેઠા છે. શહેરોમાં મજૂરોનો સંઘર્ષ છે, ગામડાંઓમાં જમીન વિહોણા લોકોનો—આર્થિક અસમાનતા અને વિષમતા વધતી રહી છે ત્યાં આવા સંઘર્ષો તીવ્ર બને છે. દેશના બધા ભાગોમાં આવી સ્ફોટક સ્થિતિ સર્જાતી જાય છે.

૧૨-૧૧-'૭૩. **ચીમનલાલ ચકુભાઈ**

# જીવનનો પ્રકાશ

તમારા અસ્તિત્વના અણુએ અણુમાં જીવનનો પ્રકાશ વહાવી દો.

અનંત જીવનની એકતામાં તમારાં તમામ આંતરિક કારણો ભળી જાય, બધી જ અનેકતાની પાછળ જે એક જ જીવનનો પ્રકાશ રહ્યો છે, તેને તમે પામો.

જીવન એક જ છે.

જે કાંઈ છે તે બધું જ પરમ અસ્તિત્વના સાગરમાં સમાયેલું છે. કોઈ તેનાથી અલગ થઈ શકે તેમ નથી, કોઈ જીવનમાંથી બાકાત રહી શકે તેમ નથી.

તમારા વ્યક્તિત્વનો જે અંતરતમ ભાગ છે, જેને તમે 'હું' કહો છો, જે પ્રેમ, પ્રકાશ અને ઇચ્છાશક્તિનું કેન્દ્ર છે તેની સાથે એકતા સાધો.

આ કરો, શાંત રહો અને તમે મુક્ત થશો.

પોતાના જીવનનું જે પ્રાણતત્ત્વ છે, તેમાં મુક્તિ પામવી એ જ અનંત જીવનની પ્રાપ્તિ છે.

બહારના જગતથી વારંવાર પાછા વળો અને આ સરલ પણ ગહન આંતરિક માર્ગનું અનુસરણ કરતા રહો.

આનંદ અને આભારની લાગણીથી આ કરો. આકારના કેદખાનામાંથી મુક્ત કરતી આ ખોવાયેલી કૂંચી છે.'

યાદ રાખો, જીવનના પ્રકાશમાં તો હમેશાં 'આ પળે જ' લખાયેલું છે. સઘળાં પ્રાગટ્યમાં જે એક પરમ સત રમી રહ્યું છે તેમાં આ પળે જ એકત્વ પામો.

આ આંતરિક જ્ઞાનમાં, તમારા ઊંડામાં ઊંડા સ્તરેથી અનુભવો: જીવનનો પ્રકાશ તે હું છું.

**જોસેફ બસબી**

# ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ

## શ્રી વિજયરામચંદ્રસૂરિના નિવેદન અંગે એક દૃષ્ટિપાત

[આ નિવેદન 'મુંબઈ સમાચાર'ને મોકલ્યું હતું, પણ તેમાં પ્રકટ કર્યું નહિ તેથી અહીં આપવામાં આવે છે. - તંત્રી]

શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને અન્ય જૈન આગેવાનોએ બહાર પાડેલ નિવેદનનો આચાર્ય વિજયરામચંદ્રસૂરિએ 'મુંબઈ-સમાચાર'માં લંબાણ જવાબ આપ્યો છે. આ પ્રશ્ન માત્ર શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનો નથી. આ સમાજના કેટલાક આચાર્યો અને મુનિઓ જે ભ્રામક પ્રચાર કરી રહ્યા છે તેનાં પરિણામો સમસ્ત જૈન સમાજે ભોગવવા પડે તેમ છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના જે આચાર્યો અને મુનિઓ આ મહોત્સવને ટેકો આપે છે, તેમની સામે જે પત્રિકાઓ બહાર પડી રહી છે તેમાંની કેટલીક મને જોવા મળી છે. જૈન સમાજની કોઈ વ્યકિત આટલી નીચી કક્ષાએ ઊતરે તે આપણી કલ્પનામાં ન આવે, એવી હીનવૃત્તિનું તેમાં પ્રદર્શન થાય છે. ધર્મને નામે આ બધું થતું જોઈ ઊંડો ખેદ અને વેદના થાય છે.

આચાર્યરામચંદ્રસૂરિનો મુખ્ય મુદ્દો એ છે કે રાષ્ટ્રીય સમિતિએ જે કાર્યક્રમ નક્કી કર્યો છે તે નિર્વાણમાર્ગને દષ્ટિ સમક્ષ રાખી નક્કી કરાયો નથી. તેથી નિર્વાણમાર્ગના ઉપાસક જૈનોને આ મહોત્સવ સાથે કોઈ સંબંધ ન હોય. નિર્વાણ માર્ગને અનુરૂપ કાર્યક્રમ શું હોઈ શકે તેનો આચાર્યશ્રીએ કોઈ ઉલ્લેખ કર્યો નથી. એ વિશે અવસરે જણાવશે એમ કહ્યું છે.

નિર્વાણ માર્ગ શબ્દ વખતોવખત વાપરીને એક પ્રકારનો ભ્રમ પેદા કરી શકાય છે. મુનિ ચન્દ્રશેખરવિજયે બહાર પાડેલ પત્રિકાઓમાંથી નિર્વાણ માર્ગને અનુરૂપ કાર્યક્રમ કેવો હોય તેનો કાંઈક નિર્દેશ મળે છે. તેમની એક પત્રિકામાં કહ્યું છે:"આમાં (રાષ્ટ્રીય સમિતિના કાર્યક્રમમાં) છઠનો તપ, ગણણું ગણવું, નવકારવાળીઓ ગણવી વગેરે કોઈ રચનાત્મક શાસ્ત્રવિધિ નથી."

આ અવસર પર દિલ્હી જૈનોલોજીકલ રિસર્ચ સોસાયટી તરફથી જૈન વિદ્યાઓ સંબંધે આન્તરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન કર્યું છે. દેશવિદેશના વિદ્વાનોને તેમાં નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ સંમેલન વિષે કહેતાં મુનિ ચંદ્રશેખર પત્રિકામાં જણાવે છે: "જૈન વિદ્યાના આ પ્રચાર પાછળ કયાંય મોક્ષાભિલાષા, સદ્‌ગતિ પ્રાપ્તિ, સમાધિ મરણ, સમ્યગ્ દર્શન વગેરેમાંનો કોઈ ઉદ્દેશ તમને દેખાય છે? આવા મોક્ષ માર્ગના ધ્યેયહીન વિદ્યાપ્રચારમાં જૈન ધર્મ જ હોઈ શકે ખરો?"

રાષ્ટ્રીય સમિતિના કાર્યક્રમમાં મહાવીર બાલ કેન્દ્રો, મહાવીર ગ્રામ પુસ્તકાલયો વગેરેનું આયોજન છે. તે વિશે કહેતાં આચાર્ય વિજયરામચંદ્રસૂરિ જણાવે છે: "બાલકેન્દ્રો અને પુસ્તકાલયો આદિથી ભગવાને ફરમાવેલ સમ્યગ્‌જ્ઞાનનો પ્રચાર થવાને બદલે, પ્રાય: મિથ્યા જ્ઞાનનો પ્રચાર થવાનો."

આ મહોત્સવ માત્ર જૈનો માટે નથી. પણ શ્રી કસ્તુરભાઈએ કહ્યું છે તેમ "જૈન સંસ્કૃતિ જાહેરમાં વધુ કેમ આવે અને હિન્દીઓ અને પરદેશીઓ તેનું દષ્ટિબિન્દુ સમજે તે સારું છે."

જૈનો પોતાની રીતે આ મહોત્સવ ઊજવે, તેમાં તપ કરે, ઉપધાનો કરે, આંગી પૂજાઓ કરે, ધાર્મિક વિધિ પ્રમાણે જે યોગ્ય લાગે તે કરે. પણ ભગવાનનો ઉપદેશ આ વિધિઓમાં જ સમાઈ જતો નથી. અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત વિશ્વના પ્રાણીમાત્ર માટે કલ્યાણકારી છે. વર્તમાનમાં તેની વિશેષ ઉપયુકતતા છે. તે સંદેશ દુનિયા જાણે, સાંભળે, વિચારે તેમાં જૈન ધર્મનું ગૌરવ છે.

જૈન ધર્મને આપણે વિશ્વધર્મ માનીએ છીએ. તે સાચેસાચ વિશ્વધર્મ છે તે બતાવવાનો પ્રસંગ આવ્યો છે.

આચાર્ય વિજયરામચંદ્રસૂરિ અને તેમના જેવો અભિપ્રાય ધરાવતા બીજા મુનિઓ કે તેમના અનુયાયીઓ તેમની માન્યતા પ્રમાણે આ કલ્યાણક ઊજવે તેમાં કોઈનો વિરોધ નથી. પણ જેઓ પ્રમાણિકપણે એમ માને છે કે દેશ-વિદેશમાં ભગવાનનો સંદેશ પહોંચાડવાનો આ અમૂલ્ય અવસર છે, તેને તેમની રીતે કામ કરવા દઈ ભગવાનના અનેકાન્તના સિદ્ધાંતને તેઓ સમજ્યા છે તેટલું બતાવે તેમાં તેમની શોભા છે.

આપણા દેશમાં પણ જૈન ધર્મ કે જૈન સંસ્કૃતિ વિશે સાચી જાણકારી નથી. વિદેશમાં શૂન્યવત છે. દુનિયાના ધર્મો અને તેના પ્રવર્તકો વિશે ગ્રંથો જોઈએ તો જૈન ધર્મ અને મહાવીરનું ભાગ્યે જ કયાંય નામ જોવા મળશે. આપણે શાસ્ત્રોને ભંડારોમાં રાખ્યા અને ભગવાનને મંદિરો અને ઉપાશ્રયોમાં રાખ્યા. હજી પણ એ વૃત્તિ છે.

મુનિ ચન્દ્રશેખર લખે છે: "આપણા ધાર્મિક વડા ધર્મગુરુ રાષ્ટ્રીય સંત બની જાય તો આપણા પૂજ્ય રહેશે ખરા? મહાવીર 'આપણા' જ રહેવા જોઈએ! રાષ્ટ્રીય સંત બને તે કેમ પોસાય?"

અત્યારે વિરોધ કરે છે તેમનું એ જ માનસ છે, જેણે મહાવીર જૈન વિદ્યાલયનો વિરોધ કર્યો હતો, જે જનસેવાનાં કાર્યોનો વિરોધ કરે છે, જેનો ધર્મ મન્દિરો, અનુષ્ઠાનો અને ગુરુનું નવઅંગી પૂજન કરાવવામાં સમાઈ જાય છે. જરાક સમ્યગ્ દષ્ટિથી જોશો તો જણાશે કે ભગવાનના ધર્મમાર્ગને સાચી રીતે સમજવાવાળા બીજાઓ પણ છે. આવી ઉદાર સમ્યગ્ દષ્ટિની તેમની પાસેથી અપેક્ષા રાખવી વધારેપડતું નહિ લેખાય, એવી ભગવાનને પ્રાર્થના કરીએ.

ચીમનલાલ ચકુભાઈ

# સંઘ સમાચાર

## ગુજરાત-રાજસ્થાન રેલ-રાહત ફંડ

૧૭૩૫૮ ની રકમોના નામો આગળ પ્રગટ કર્યા છે. ત્યાર બાદ પ્રાપ્ત થયેલી રકમો નીચે પ્રમાણે છે:

૧૭૩૫૮ અગાઉ પ્રગટ થયેલા.

| | |
|---|---|
| ૪૦૦ | શ્રી ચન્દ્રાબહેન પારેખ તથા શ્રી નલિનીબહેન ભુલાણી (એક મકાન માટે) |
| ૪૦૦ | શ્રી ચીમનલાલ નગીનદાસ ભાખરીયા ટ્રસ્ટ |
| ૪૦૦ | શ્રી ચીમનલાલ નગીનદાસ ભાખરીયા |
| ૧૩૦ | શ્રી પાચોરા જૈન શ્રાવિકાસંઘ |
| ૧૦૧ | શ્રી ચુનીલાલ લ. ડગલી |
| ૧૦૧ | શ્રી આત્માનંદ જૈન સભા - દિલ્હી |
| ૧૧ | શ્રી પ્રભુદાસભાઈ પુંજાણી |

૧૮૯૦૧

## સંઘના આજીવન સભ્યો

૨૩૭ શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી

૨૩૮ શ્રી મનહરલાલ પ્રભુદાસ શાહ

૨૩૯ શ્રી વાડીલાલ કાનજી ભીમાણી

ચીમનલાલ જે. શાહ

સુબોધભાઈ એમ. શાહ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શુક્રવાર તા. ૨૪મી ઑગસ્ટથી શનિવાર, તા. ૧લી સપ્ટેમ્બર સુધી એમ નવ દિવસ માટે ભારતીય વિદ્યાભવનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી, જેનું પ્રમુખસ્થાન મને સોંપવામાં આવ્યું હતું.

યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ, ઠીક ઠીક સમય પહેલાં વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવે છે અને એમાં સ્થાનિક વકતાઓ અને બહારગામના વકતાઓનાં નામો અને તે બધાંના વિષયોની વિચારણા કરવામાં આવે છે અને તે દરેક વકતાને પોતાનો અનુકૂળ દિવસ તથા અનુકૂળ વિષય મળી રહે એ રીતે વ્યવસ્થા કરવામાં આવે છે. આ વ્યાખ્યાનમાળાની પ્રતિષ્ઠા એટલી મોટી છે કે શ્રોતાઓ પણ ઘણી મોટી સંખ્યામાં અને વેળાસર આવી જાય છે અને સભાની શિસ્ત બરાબર સાચવે છે. રોજ બે વ્યાખ્યાનો ગંભીર વિષય પર હોય છે અને છતાં શ્રોતાઓ પૂરી એકાગ્રતાપૂર્વક તે વ્યાખ્યાનો સાંભળતા હોય છે. વકતાઓ પણ સમયસર આવી જતા હોય છે અને વ્યાખ્યાનો એના નિયત સમય પ્રમાણે શરૂ થતાં હોય છે.

આ વર્ષની વ્યાખ્યાનમાળામાં પ્રથમ દિવસે પ્રથમ વ્યાખ્યાન **ડૉ. ભગવાનદાસ મહેતાનું** હતું. એમણે વિષય પસંદ કર્યો હતો 'જિનેશ્વર ભગવાનનો મહિમાતિશય.' એમણે પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે આત્મા અને કર્મ વચ્ચેનો સનાતન સંગ્રામ ચાલી રહ્યો હોય છે અને ચાર ઘાતી કર્મનો નાશ થાય ત્યારે જ આત્માનું સહજ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. અનંત સુખથી ભરેલું આત્મપદ ત્યારે જ પ્રગટ થાય છે અને ત્યારે જ જિનપદ અને નિજપદ વચ્ચે એકતા સધાય છે. ડૉ. ભગવાનદાસે હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય, સમંતભદ્ર, આનંદઘનજી, શ્રીમદ્ રાજચંદ્ર વગેરેનાં વચનો ટાંકીને જિનેશ્વર ભગવાનના સર્વોત્કૃષ્ટ ગુણોનો પરિચય કરાવ્યો હતો અને જિનેશ્વર ભગવાનને પ્રગટ થતા અતિશયોનો મહિમા સમજાવ્યો હતો. ડૉ. ભગવાનદાસનું વ્યાખ્યાન ગંભીર અને ગહન તત્ત્વ-વિચારણાથી સભર હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન **શ્રીમતી ધૈર્યબાળા વોરાનું** હતું. એમનો વિષય હતો: 'યોગ: કર્મ કૌશલમ્'. એમણે પોતાના વ્યાખ્યાનમાં ઈશ્વરના સચ્ચિદાનંદ સ્વરૂપને સમજાવી, સમત્વમાં યોગ રહેલો છે એ દર્શાવી, વિવિધ દ્વંદ્વોથી પર થઈ પૂર્ણતા તરફ પહોંચવાનું આપણું ધ્યેય હોવું જોઈએ એ બતાવ્યું હતું. કર્મ કોઈને છોડતું નથી પરંતુ વર્તમાન સમયમાં આપણે દેખાદેખી કાર્યો કરીએ છીએ અને એને લીધે સામાજિક વિષમતા પ્રવર્તે છે તેનો વિચાર કરી રોજેરોજનું આપણું કાર્ય આપણે આનંદપૂર્વક કરતા રહીએ તો આપણે આપણું કર્તવ્ય બરાબર બજાવ્યું એમ કહી શકાય. શ્રીમતી ધૈર્યબાળાબહેને ગીતાની યોગદષ્ટિને વ્યવહારની ભૂમિકા પરથી રસિક ઉદાહરણો વડે સમજાવી.

બીજે દિવસે પ્રથમ વ્યાખ્યાન **પ્રો. કાન્તિલાલ કાલાણીનું** 'કુરળ' વિશે હતું. વકતાએ તામિલ ગ્રંથ 'કુરળ'નો ગુજરાતી અનુવાદ કર્યો છે અને એ વિષયના તેઓ ઊંડા અભ્યાસી છે. એમણે આરંભમાં પર્યુષણનો મહિમા દર્શાવી તથા વર્ષાઋતુનો મહિમા વર્ણવી, કુરળના કર્તા થિરુવલ્લુવરે પોતાના ગ્રંથમાં વર્ષાનો મહિમા કેવી રીતે વર્ણવ્યો છે તે ઉદાહરણો સાથે સમજાવી, થિરુવલ્લુવરના જીવનની ઝાંખી કરાવી, ધર્મ, અર્થ અને કામ એ પુરુષાર્થોના વિવિધ વિષયો 'કુરળ'માં કેવી રીતે આલેખાયા છે અને એમાં ગૃહસ્થાશ્રમમાં આધ્યાત્મિકતા કેળવવાનો સંદેશ કેવી રીતે વર્ણવાયેલો છે તે સુંદર, રસિક અને મૌલિક શૈલીથી સમજાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન **ફાધર વાલેસનું** 'પ્રાર્થના અને ધ્યાન' એ વિષય પર હતું. ફાધર વાલેસની ગુજરાતી વાણી ઘણી સરળ, મધુર અને પ્રભાવશાળી હોય છે. એમણે વર્ષ દરમિયાન પોતાને એ વિષયમાં થયેલા વિવિધ અનુભવો વર્ણવ્યા હતા. એમણે ધ્યાનની યોજાયેલી કેટલીક શિબિરોમાં, પ્રાર્થના વખતે જુદા જુદા ફાધરોના ઉદ્ગારો ટાંકીને, કેટલાક પ્રસંગો વર્ણવ્યા હતા અને ધ્યાનની સફળતા માટે ભગવાન પ્રત્યેની અખૂટ અને દઢ શ્રદ્ધા તથા નમ્રતા ઉપર ભાર મૂક્યો હતો.

ત્રીજે દિવસે **શ્રી પ્રબોધ ચોકસીનું** 'ટ્રસ્ટીશિપની ગાંધી-વિભાવનાનો વૈજ્ઞાનિક વિનિયોગ' એ વિષય પર વ્યાખ્યાન હતું. એમણે ગાંધીવાદ અને ગાંધીવિચારસરણી વચ્ચેનો તાત્ત્વિક ભેદ સમજાવી, ગાંધીજીના વ્યક્તિત્વનો પરિચય આપી, ટ્રસ્ટીશિપના ગાંધીજીના વિચારોની ઐતિહાસિક ભૂમિકા નિરૂપી હતી. ગાંધીજી arm-chair socialismમાં માનતા નહોતા. વર્ગોમાં વહેંચાયેલો સમાજ ગાંધીજીને સંમત નહોતો. એથી જમીનદારી, ઉદ્યોગો, રાજવીઓ, અંગ્રેજ હકૂમત - એમ જીવનના વિવિધ ક્ષેત્રે ટ્રસ્ટીશિપનો વિચાર કર્યો હતો અને પોતાના જીવનમાં ટ્રસ્ટીશિપની ભાવનાનો સળંગ વિનિયોગ કર્યો હતો. વર્તમાન સમયમાં મજૂરો, મૂડીદારો, ઉપયોગ કરનારાઓ અને સરકાર એ ચારેને સરખા ભાગીદારો ગણીએ, ટ્રસ્ટીશિપને Social Partnershipમાં ફેરવી શકીએ, તો જ એ બધા વચ્ચેના સંઘર્ષો નિવારી શકીશું એમ એમણે દર્શાવ્યું હતું.

એ દિવસે બીજું વ્યાખ્યાન **શ્રી પુરુષોત્તમ માવળંકરનું** હતું. એમનો વિષય હતો 'લોકશાહી, રાજકીય પક્ષો અને નાગરિકો.' તેઓ રાજકારણના વિષયના પ્રાધ્યાપક છે એટલે લોકશાહી વિશેનું તેમનું ચિંતન ઘણું ઊંડું અને વ્યાપક હોય એ સ્વાભાવિક છે. એમણે પોતાના વ્યાખ્યાનમાં લોકશાહીના સિદ્ધાંતોનું અને એના વિવિધ પાસાંઓનું દિગ્દર્શન કરાવ્યું હતું અને ભારતમાં લોકશાહીના અમલની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. લોકશાહી એટલે માત્ર બહુમતીનું રાજ્ય એટલું બસ નથી. લોકશાહીમાં રાજકીય પક્ષો અને નાગરિકોએ પણ પોતાનો ધર્મ બજાવવાનો છે અને તો જ લોકશાહીમાં સંઘર્ષમાંથી સહકાર અને સંવાદ તરફ ગતિ કરી શકાય. લોકશાહી એ Social Pattern પણ છે અને લોકશાહીમાં અધ્યાત્મના અંશો પણ રહેલા છે એ એમણે સરસ રીતે સમજાવ્યું હતું.

ચોથે દિવસે પહેલું વ્યાખ્યાન **પ્રો. રમેશ ભટ્ટનું** હતું. એમનો વિષય હતો 'જીવનમાં શ્રદ્ધાનું સ્થાન'. એમણે સમજાવ્યું હતું કે અખંડિત આનંદના અનુભવમાં પ્રવેશ કરવો એ મનુષ્યના જીવનનું ધ્યેય હોય છે. વ્યકિત સમષ્ટિનો અંશ હોવાથી સમષ્ટિને સમજવાની જરૂર છે શ્રદ્ધા વિના એ સમજાય નહિ. માટે—ભગવાનનાં દર્શન કરવા માટે શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા એ આત્માની શક્તિ છે અને એનો અનુભવનો પ્રદેશ હૃદય છે. એ અનુભવ માટે જાગૃતિ, ક્રિયા અથવા પુરુષાર્થ અને રસ અથવા દર્દની જરૂર છે. એ જે અનુભવી શકે છે તેને માટે શ્રદ્ધા જીવનનું પાથેય બની રહે છે. પ્રો. ભટ્ટની વિચારધારા વિશદ હતી અને એમની રજૂઆત વિષયાનુરૂપ અને અસરકારક હતી.

એ દિવસે બીજું વ્યાખ્યાન **'ગાંધીજી અને આધ્યાત્મિકતા'** એ વિષય પર **શ્રી નવલભાઈ શાહનું** હતું. એમનું વકતવ્ય ગાંધીજીના જીવનના અને વિચારસરણીના અભ્યાસ અને સાબરમતી આશ્રમના પોતાના અંગત અનુભવોથી સભર હતું. એમણે કહ્યું હતું કે ગાંધીજીનું જીવન સત્યની શ્રદ્ધા માટેનું જીવન હતું. ગાંધીજીએ સત્યને સક્રિય બનાવ્યું હતું. અસત્ય સામે પ્રતિકારની શક્તિ ઊભી કરવી એ ગાંધીજીના જીવનની મોટામાં મોટી આધ્યાત્મિકતા

6



હતી. વળી, ગાંધીજીએ શ્રમ એ યજ્ઞ છે એમ કહી શ્રમમાં-કાર્યમાં આધ્યાત્મિકતા રહેલી છે એ બતાવ્યું. ગાંધીજીના જીવનના જુદા જુદા પ્રસંગો ટાંકીને વક્તાએ જીવનના પ્રત્યેક વ્યવહારમાં આધ્યાત્મિકતાનો વિનિયોગ ગાંધીજીએ કેવી રીતે કરી બતાવ્યો તે સમજાવ્યું હતું.

પાંચમે દિવસે પ્રથમ વ્યાખ્યાન મારું 'કર્મસિદ્ધાન્ત' એ વિષય પર હતું. જીવનના કેવા કેવા પ્રશ્નો આપણને પૂર્વજન્મ અને પુનર્જન્મની માન્યતા તરફ લઈ જાય છે, એ ન માનવામાં આવે તો કેવા પ્રશ્નો – પશ્ચિમના જગતમાં ઊભા થયા છે તેવા – ઊભા થાય છે, અન્ય ધર્મો કરતાં જૈન ધર્મનો કર્મસિદ્ધાન્ત કઈ રીતે જુદો પડે છે, જૈન દર્શનમાં તીર્થંકર ભગવંતોએ કર્મનું સ્વરૂપ અને એના પ્રકાર કેવા બતાવ્યાં છે, ઘાતી અને અઘાતી કર્મ એટલે શું, કર્મોની ઉત્તરપ્રકૃતિ, બંધ, ઉદય અને ક્ષય વગેરે વિશે સમજાવવાનો મેં વિનમ્ર પ્રયાસ કર્યો હતો.

એ દિવસે બીજું વ્યાખ્યાન 'મીરાંબાઈ' વિશે **શ્રીમતી મૃણાલિની દેસાઈ**નું હતું. એમણે પોતાના વિષયની શરૂઆત ચિતોડના પ્રવાસના અનુભવથી કરી અને સમાપન પણ એ અનુભવના વર્ણન દ્વારા કર્યું. એમણે મીરાંના જીવનના વિવિધ પ્રસંગો વર્ણવી મીરાંના વ્યકિતત્વનો સુંદર પરિચય કરાવ્યો. મીરાં તરફ આસકત થનાર સાધુનો પ્રસંગ વિગતે એમણે વર્ણવ્યો. મીરાંના જીવનના ઐતિહાસિક અને કિંવદંતી રૂપ પ્રસંગો જ એટલા બધા છે કે જેની રજૂઆત માટે સમય ઓછો પડે. પરિણામે મીરાંનાં પદો - મીરાની કવિતા વિશે કહેવાનો એમની પાસે સમય ન રહ્યો. એમની વાણી એટલી મધુર હતી અને એમની રજૂઆત એટલી અસ્ખલિત હતી કે શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય.

છઠ્ઠે દિવસે પ્રથમ વ્યાખ્યાન **વૈદ્ય પ્રાગજીભાઈ રાઠોડ**નું હતું. 'આપણાં પર્વો અને આરોગ્ય' એ વિષય પર બોલતાં એમણે જણાવ્યું કે પર્યુષણ, શ્રાદ્ધ, નવરાત્રિ, શરદપૂનમ, દિવાળી, મકર-સંક્રાન્તિ, વસંત પંચમી, હોળી ઇત્યાદિ પર્વોની ઉજવણી વખતે આપણા પૂર્વજોએ ઋતુઓને લક્ષમાં રાખી આહારની જે યોજના કરી છે તેમાં આહારશાસ્ત્ર, વિહારશાસ્ત્ર અને મનોવ્યાપારના શાસ્ત્રનો સમન્વય થયો છે.

એ દિવસે બીજા વ્યાખ્યાતા **શ્રી દલસુખભાઈ માલવણિયા**એ 'જૈન દર્શન અને જીવનસાધના' એ વિષય પર બોલતાં કહ્યું હતું કે ધર્મોમાં પરંપરા શ્રદ્ધાને અનુસરે છે, જ્યારે ઇતિહાસ સત્યને શોધે છે. જિન-જૈન શબ્દ ઘણા વ્યાપક અર્થમાં વપરાતો હતો. કર્મના સિદ્ધાન્તની બાબતમાં જૈન ધર્મ અને વૈદિક ધર્મ કેવી રીતે જુદા પડે છે તે એમણે સમજાવ્યું હતું. ભગવાન મહાવીરે સમજાવ્યું હતું કે બાહ્ય તપશ્ચર્યા એ આંતરિક તપશ્ચર્યાનું સાધન છે. ભગવાન બુદ્ધે બાહ્ય તપશ્ચર્યાને નિરર્થક માની છે, જ્યારે ભગવાન મહાવીરે એની જરૂરિયાત પર ભાર મૂકયો છે.

સાતમે દિવસે પ્રથમ વ્યાખ્યાતા **શ્રી ભંવરમલ સિંઘી**એ 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ' વિશે બોલતાં પ્રાચીન સમયના લોકોના ખ્યાલો અને વર્તમાન જગતના વિચારો વચ્ચે રહેલો તફાવત દર્શાવી દેશવિદેશના પોતાના અનુભવો ટાંકીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોના વર્તમાન વિપર્યયનું કારણ એની અધૂરી સમજણ છે એમ દર્શાવ્યું હતું. પ્રથમ ત્રણ પુરુષાર્થના વિકાસની સિદ્ધિ ચોથા પુરુષાર્થમાં રહેલી છે.

એ દિવસે બીજા વ્યાખ્યાતા **શ્રી મનુભાઈ પંચોલી-દર્શક** 'યહૂદીઓ અને યહૂદી ધર્મ' વિશે બોલતાં કહ્યું હતું કે દુનિયામાં સૌથી વધુ બુદ્ધિશાળી પ્રજા યહૂદી છે. Abstract thinking એ પ્રજાના વારસામાં છે. યહૂદી ધર્મ 3000 વર્ષ જૂનો છે, એ સાદો ભકિતધર્મ છે. એમાં ઝાઝું તત્ત્વજ્ઞાન નથી. યહૂદી ધર્મ આલોક અને પરલોક વચ્ચે, વ્યકિત અને સમાજ વચ્ચે સેતુ બાંધવાનો પ્રયત્ન કરે છે. એ ધર્મમાં જે દશ આજ્ઞાઓ–ten commandments–છે તે નીતિમત્તાના પાયા પર મંડાયેલી છે.

આઠમે દિવસે **શ્રી રોહિત મહેતા અને શ્રીમતી શ્રીદેવી મહેતા**નું "શંકરાચાર્યનું ભજગોવિંદમ્ અને આજનો યુગધર્મ" એ વિષય પર સંગીત સાથે પ્રવચન હતું. શ્રીદેવીબહેન ભજગોવિંદમ્‌ની પંકિતઓ ગાતાં અને એના પર રોહિતભાઈ ભાષ્યરૂપે બોલતા. એમણે કહ્યું કે શંકરાચાર્યે ૩૩ શ્લોકોમાં જીવનદર્શન આપ્યું છે. વૃદ્ધાવસ્થા આવે, કશું જ ન થઈ શકે ત્યારે જ ગોવિંદ ભજવાનો ખ્યાલ ખોટો છે એમ શંકરાચાર્યે બતાવ્યું છે. વર્તમાન સમયમાં અર્થ અને વાણી વચ્ચેનું અંતર વધ્યું છે. અભિવ્યકિત છે, પણ એની પાછળ અનુભૂતિ નથી. ભજગોવિંદમ્‌માં શંકરાચાર્યે ગતિશીલતાની અંદર સ્થિરતાનો શો અનુભવ હોઈ શકે તેનું વાસ્તવિક જીવનદર્શન મૂકયું છે. વર્તમાન સમયમાં પલાયનવાદ વધ્યો છે. માથાનું મુંડન વધ્યું છે, પણ કબીર કહે છે તેમ ખરી જરૂર મનના મુંડનની છે. આધ્યાત્મિક જીવન એ અનુકરણનું જીવન નથી. એ સર્જનાત્મક જીવન છે, જે અંદરથી પ્રગટે છે. શ્રી રોહિત મહેતાએ અત્યંત વિદ્વત્તાપૂર્વક છતાં સરળ, અસ્ખલિત અને પ્રભાવયુકત વાણીમાં 'ભજગોવિંદમ્'નો રસાસ્વાદ કરાવ્યો અને શ્રીદેવીબહેને પોતાના મધુર કંઠ વડે શ્રોતાઓના ચિત્તમાં પ્રેરક આંદોલનો જગાડયાં. એ દિવસે સંવત્સરી નિમિત્તે ક્ષમાપનાની ભાવના વિશે સમાપન રૂપે, પ્રાસંગિક વકતવ્ય મેં રજૂ કર્યું હતું.

છેલ્લે દિવસે પ્રથમ વ્યાખ્યાન **શ્રી નારાયણ દેસાઈ**નું 'માનવીય ક્રાન્તિ' વિશે હતું. ત્રણ ઢીંગલીઓનું દૃષ્ટાન્ત આપી શ્રોતાઓના પ્રકાર સમજાવી પોતાના વિષય પર આવતાં એમણે કહ્યું હતું કે પ્રત્યેક પરિવર્તન એ ક્રાન્તિ નથી. બીજી બાજુ ક્રાન્તિ માટેના રોમેન્ટિક કે ભીષણ ખ્યાલો પણ છોડી દેવા જોઈએ. ક્રાન્તિ વિશે સમત્વબુદ્ધિથી વિચાર કરવો જોઈએ. ક્રાન્તિ માટે આવશ્યક છે મૂલ્યપરિવર્તન, સમાજના માળખામાં પરિવર્તન અને માણસની મનોવૃત્તિમાં પરિવર્તન, કારણ કે પરિવર્તનનું કેન્દ્રબિન્દુ માનવ જ છે. સંપત્તિ, સત્તા અને સેનાને બદલે શ્રમ, સહયોગ, સહકાર, સેવા અને શાંતિ વડે થયેલી ક્રાન્તિ જ ચિરસ્થાયી નીવડશે.

એ દિવસે બીજું વ્યાખ્યાન યુવક સંઘના પ્રમુખ **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ**નું 'આચારધર્મ' વિશે હતું. એમનું વ્યાખ્યાન આત્મ-ખોજ અને સહચિન્તનરૂપ હતું. એમણે સમજાવ્યું હતું કે માણસના ગહન પ્રશ્નોનો જવાબ ધર્મ આપે છે. પ્રત્યેક ક્રિયા જડ રૂઢિ બની જાય છે ત્યારે તેમાંથી પ્રાણ ઊડી જાય છે અને તેમાં શ્રદ્ધા રહેતી નથી. ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર, ગાંધીજી, એલેકઝાન્ડર સોલ્ઝેનિત્સીન વગેરેના જીવનના પ્રસંગો ટાંકીને એમણે કહ્યું હતું કે ઈશ્વરમાં જ્યાં સુધી શ્રદ્ધા ન પ્રગટે ત્યાં સુધી માણસ રાગદ્વેષ રહિત થઈ શકતો નથી. જે ધર્મ વ્યવહારમાં શું કરવું તે બતાવે નહિ તે ધર્મ લોકો સુધી પહોંચતો નથી. આચારધર્મના પાયામાં જગતના જીવમાત્રના કલ્યાણની ભાવના રહેલી હોય છે.

આમ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નવ દિવસ ભિન્ન ભિન્ન વિદ્વાન વકતાઓએ ભિન્નભિન્ન વિષયો પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું. એકંદરે વ્યાખ્યાનોનું ધોરણ ઘણું જ ઊંચું રહ્યું હતું. શ્રોતાઓને આ વ્યાખ્યાનો દ્વારા જીવનનું ઉત્તમ પાથેય સાંપડયું હતું.

સંઘની વ્યાખ્યાનમાળામાં પ્રમુખ તરીકે આ મારું બીજું વર્ષ હતું. આ મોટી જવાબદારી મને સોંપવામાં મારી યોગ્યતા જેટલી છે તેથી વિશેષ સંઘના સભ્યોનો મારા પ્રત્યેનો સદ્‌ભાવ હું જોઉં છું. સંઘના પ્રમુખ મુ. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, ઉપપ્રમુખ મુ. શ્રી રતિલાલ કોઠારી, મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ તથા શ્રી સુબોધભાઈ એમ. શાહ, કોષાધ્યક્ષ શ્રી દામજીભાઈ શાહ તથા કાર્યવાહક સમિતિના બધા જ સભ્યોનો આ જવાબદારી ઉપાડવામાં મને સ્નેહભર્યો સહકાર સાંપડયો છે. તદુપરાંત સંઘના કાર્યાલયના શ્રી શાન્તિલાલ ટી. શેઠ તથા શ્રી મહેતા તરફથી પણ નાનાં–મોટાં કામોમાં સારો સહકાર સાંપડયો છે. એટલે વ્યાખ્યાનમાળાની સફળતાના યશના તેઓ પણ ભાગીદાર છે અને તે બધાંનો તથા શ્રોતાઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**ડૉ. રમણલાલ ચી. શાહ**

# ☆ યોગ: કર્મસુ કૌશલમ્ ☆

[ગઈ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી ધૈર્યબાળા વોરાએ આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં પ્રગટ કરવામાં આવ્યો છે.]

ભગવદ્ ગીતાનું આ વાક્ય છે. બહુજન સમાજને ગીતાની અપીલ સ્પર્શતી હોવાથી એ વિષય પર Loud thinking કરવાનું વિચારું છું.

કર્મમાં અંદરથી કુશળતા દાખવવી એનું નામ યોગ, એવો સીધોસાદો આનો અર્થ થાય. સૌ કોઈ કર્મમાં રત હોય છે. કર્મ કર્યા વગર કોઈ જીવી શકતું નથી અને કર્મ કર્યા વગર શરીર નિશ્ચેતન થઈ જાય છે.

માનવસૃષ્ટિની વાત કરીએ ત્યારે એક વાત તો સ્પષ્ટ છે કે માનવસૃષ્ટિનું કર્મ કંઈક વિશેષ છે. માનવપ્રાણી કર્મ કરે છે ત્યારે તે તેમાં પોતાના સ્વત્વનો ઓપ ચડાવે છે. માટે તો માણસને એ કર્મ કરતી વખતે એની દ્વિધા રહે છે. મનમાં જાતજાતના ઉપાયો અને માર્ગો આવતા રહેતા હોય છે.

બહુજન સમાજ નાના બાળક જેવો છે. એ અનુકરણ કરીને ચાલે છે. માત્ર જોઈને જ વર્તનને વિકસાવે છે. આમાં અનુકરણ છે પણ તે આંધળું છે. બધાં કહે છે, કરે છે એ રીતે કર્મ કરવાનું આપણું વર્તન થઈ જાય છે. આપણે ત્યાં પોશાક અને ખોરાક અંગે આવું અનુકરણ થતું જ રહે છે.

મહાભારતમાં યક્ષ યુધિષ્ઠિરને ધર્મનો અર્થ પૂછે છે. યુધિષ્ઠિર કહે છે કે આપણે એક નિયમ અપનાવવો જોઈએ. મહાજનો જે રસ્તે જાય એ માર્ગ આપણે સ્વીકારવો જોઈએ. આવા કોઈ આદર્શને સાધ્ય તરીકે સ્વીકારીએ એ મહત્ત્વનું છે.

આપણા મોટા ભાગના આજના મહાજનો કઠોપનિષદમાં જણાવ્યા પ્રમાણે આંખે પડળ જામ્યા હોય એવા મહાજનો છે. પોતાના લાભાર્થે કામ કરનારા મહાજનો છે. આજની યુવા પેઢી જાહેર ખબર, સિનેમા વગેરેમાંથી વિચાર–વર્તન શીખે છે. આંધળો આંધળાને દોરી જાય તો છેવટે અકસ્માત સિવાય શું થવાનું?

બીજો પ્રકાર જરાક આનાથી આગળ આવે છે. અહીં દર્શનથી જ્ઞાન સુધી લોકો પહોંચ્યા છે. આ જ્ઞાન અકસ્માત નથી સર્જતું, એનાથી નુકસાન થતું નથી. એમાં એક આંખ ઉઘાડી છે. અહીં કદાચ જાતરખો ધર્મ તો છે. જેને આપણે આપણાં ગણીએ છીએ તેનો સમાવેશ થાય છે.

પોતાના સ્વત્વનો સહેજ વિકાસ કર્યો અને પછી એમાં આપણે અસંતોષ અનુભવીએ છીએ. પણ આમાં એક પ્રકારની મર્યાદા આવી જાય છે. જે ઘડીએ સીમા બંધાય છે તે જ સમયથી તેની બહારના પરાયા બની જાય છે. આમ એમના માટે કાં તો ઉદાસીનતા આવે છે કે તટસ્થભાવ કેળવીએ છીએ. પરંતુ જેવા તેઓ આપણી વચ્ચે આવે છે કે તેમના માટે દ્વેષ, ઘૃણા પેદા થાય છે. મનનો આ ભાવ છે. મારા નથી એને માટે દ્વેષ આવે કે જન્મે એ કર્મ સંકુચિત બની રહે છે.

જે મારા છે એને વધુ ફાયદો કરીએ છીએ અને જે મારા નથી એને ગેરફાયદો કરી આપીએ છીએ. આ ચોખ્ખી અંચાઈ છે.

સમત્વપૂર્ણરૂપે જીવવું હોય તો કર્મ કેવી રીતે અને કયું કર્મ કરવું એનો વિચાર કરવાનું ગીતા સૂચવે છે. આ સ્વાભાવિક રીતે થતું રહેતું હોય છે. જે વ્યક્તિ કામ કરે છે એ આ કર્મ સહજભાવે કરે છે. એની એ સહજ પ્રકૃતિ બની જાય છે. એ કોઈને માટે કર્મ કરે છે. ફૂલ ઊગે છે, કારણ કે એને ખીલવાનું છે. એ એનો ધર્મ છે. આમ ઝીણાંમોટાં કાર્યો દ્વારા વ્યક્તિને પૂર્ણતા ભણી જવાનું છે. એ પોતાનો સ્વધર્મ બની જાય છે.

આ કર્મ સારામાં સારી રીતે કરવાનું છે. જો કે આ બધું અનાયાસે થતું રહે છે અને પછી તેમાં તન-મન એકાગ્ર બની જાય છે. આવો ધર્મ સ્વભાવગત ત્યારે જ થાય છે જ્યારે એ માટે આપણને સમ્યક્ દર્શન થાય છે. આ સમ્યક્ દર્શનને કેળવવું જોઈએ. આ રીતે કર્મ કરતી વખતે વિક્ષેપ ન આવે તે ય જોવું જોઈએ.

આપણા જીવનની સહજ પ્રવૃત્તિને સ્વભાવરૂપે, સહજભાવે સ્વીકારીએ અને એ પ્રમાણે કર્મ કરીએ એ જરૂરી છે. આ ઉત્તમ માર્ગ છે. પરંતુ બધાં આમ કરી શકતા નથી. કેમકે કેટલાકનું પોતીકું દર્શન, મમત્વ આડે આવે છે. આને પરિણામે મર્યાદા લોપી ન શકતા આ પામી શકાતું નથી.

આધુનિક માનસશાસ્ત્ર પણ આ જ વાત કરે છે. તે કહે છે કે આ માટે આપણામાં aptitude જોઈએ. આ aptitude આવવાથી કર્મ કરવાનો આનંદ માણી શકાય છે.

આવી રીતે કર્મ કરવાથી આનંદ આવે છે. પછી એ આપણી પ્રકૃતિમાં આવી જતાં એ પ્રકૃતિજન્ય વસ્તુ બની જાય છે. આવા કામથી, એના આનંદથી મન ભરાઈ જાય છે અને સચ્ચિદાનંદ ઈશ્વરની પ્રાપ્તિ એમાં છે. આને આપણે આત્માનો ખરો આનંદ કહી શકીશું.

ભગવદ્ ગીતાએ આને યોગકૌશલ્ય કહ્યું છે. આવા કર્મ દ્વારા પોતાના વ્યક્તિત્વનો વિકાસ સતત થતો રહેવો જોઈએ.

જો કે આવા દાખલાઓ બહુજન સમાજમાં આજે જૂજ છે. યોગીનો આગે કોઈ આદર્શ જોવા મળતો નથી. સ્વાર્થ માટે જ, સ્વધર્મ માટે નહીં, કામ કરનારા નેતાઓના આ યુગમાં આવા આનંદ લૂંટનારા ભાગ્યે જોવા મળે છે. આ સંકીર્ણતા છે.

ધૈર્યબાળા વોરા

# દિવ્ય કુટુંબ

વ્યક્તિના જીવનનો નિયમ એ છે કે સમાજરૂપી પુદ્ગલના જીવન સાથે પોતાનું જીવન સંવાદમય કરી લે અને માનવજાતિના વિકાસ અને પૂર્ણતા માટે પોતે એક શક્તિરૂપ બનીને જગતમાં સક્રિય બની રહે. સમાજ યા તો રાષ્ટ્ર માટે પણ વિકાસનો નિયમ એ છે કે તે પોતાની અંદરથી જ મુક્ત રીતે વિકાસ સાધીને પોતાના સામૂહિક જીવનને પૂર્ણ બનાવે, વ્યક્તિઓને તે મદદ આપે તેમજ એ વ્યક્તિઓની શક્તિઓનો પણ તે પૂરેપૂરો લાભ ઉઠાવે. પણ સાથેસાથે તેણે બીજા સમાજે અને રાષ્ટ્રો પણ એ જ મુક્ત રીતે વિકાસ પામે એ વસ્તુને સ્વીકારવાની છે, એ વિકાસને મદદ આપવાની છે, તેમ જ પોતા માટે મદદ મેળવવાની છે. એટલે કે સમાજ યા રાષ્ટ્રના જીવનનો નિયમ એ બને છે કે તે અખિલ માનવ-સમુદાયના જીવન સાથે પોતાનું જીવન સંવાદમય કરી લે અને માનવજાતિના વિકાસ અને પૂર્ણતા માટે પોતે એક શક્તિરૂપ બનીને જગતમાં સક્રિય બની રહે. અને છેવટે, માનવજાતિને માટે પણ વિકાસનો નિયમ એ છે કે તે માનવતાની અંદર પ્રભુને પામવાનું તેમ જ અભિવ્યક્ત કરવાનું લક્ષ્ય રાખી તે દિશામાં પોતાના ઊર્ધ્વ વિકાસની ગતિને સતત જારી રાખે અને જગતની તમામ વ્યક્તિઓ, રાષ્ટ્રો અને માનવોનાં જૂથોએ મુક્ત રીતે સાધેલા વિકાસનો, તેમ જ તેમની સિદ્ધિઓનો સંપૂર્ણ લાભ લઈને પૃથ્વી ઉપર એક એવા દિવસના આગમનની તૈયારી કરે કે જ્યારે માનવજાતિ માત્ર આદર્શોમાં જ નહિ પણ સાચેસાચ વ્યવહારમાં એક દિવ્ય કુટુંબ બની ગઈ હશે.

શ્રી અરવિંદ

# આજનું પાકિસ્તાન

પાકિસ્તાનમાં જે બને છે અને બનશે તે આપણા હિતને સ્પર્શે છે અને સ્પર્શ કરશે. આથી યુદ્ધ પછીના પાકિસ્તાન વિશે આપણે પરિચિત અને સજાગ રહેવું જોઈએ. તેના વડા પ્રધાન ભુટ્ટોએ શસ્ત્રોના ઘટાડો કરીને બંને દેશ વચ્ચે બળની સમતુલા રહે એવો પ્રસ્તાવ પત્રકારો સમક્ષ મૂક્યો છે. તેનો અર્થ એ કે ભારતે પોતાનું શસ્ત્ર-બળ અને સૈન્યબળ ઘટાડવું અને પાકિસ્તાનની સપાટી સુધી ઊતરી જવું. આ પ્રસ્તાવમાં યુદ્ધનો બહિષ્કાર કરીને સારા પડોશી તરીકે રહેવાની તૈયારી નથી. આ પ્રસ્તાવ ભારતને સત્તાવાર મોકલવામાં આવ્યો નથી, તેમ છતાં આપણા વડા પ્રધાને તેનો અસ્વીકાર કર્યો છે.

ભારત અને પાકિસ્તાનને સમાન દરજ્જો આપવો એ અમેરિકાની પણ નીતિ છે અને ભારતના સમોવડિયા થવાની પાકિસ્તાનની ઝંખના છે. પરંતુ કુદરતે બંને દેશોને જુદા ઢાળામાં બનાવ્યા છે. પાકિસ્તાનની વસતિ આપણી વસતિ કરતાં સરખામણીમાં વધુ ઝડપથી વધે છે, તેમ છતાં આપણી સરહદો અને આપણી વસતિ પાકિસ્તાનની સરખામણીમાં અનેકગણી છે. પાકિસ્તાન પર આક્રમણ કરે એવો કોઈ દુશ્મન નથી. તેને અમેરિકા, ચીન અને ઈરાન સિવાય બીજા પણ કેટલાક મુસ્લિમ દેશોની સહાય મળે છે. ભારતે પાકિસ્તાન ઉપરાંત ચીન સામે પણ રક્ષણ કરવાનું છે. ૧૯૭૧ માં અમેરિકાનાં યુદ્ધજહાજો આપણને ડરાવતાં ચડી આવ્યાં હતાં તે બનાવ ભૂલી શકાય તેવો નથી. આપણે ૧૫,૨૦૦ કિલોમીટર લાંબી ધરતીની સરહદની રક્ષા કરવાની છે, જ્યાં દુનિયાના સૌથી વધુ વિકટ પહાડો પણ છે. તદુપરાંત ૬,૦૮૩ કિ. મી. લાંબા કાંઠાની રક્ષા કરવાની છે.

અમેરિકાની મદદથી ઈરાન અને પાકિસ્તાન અરબી સમુદ્ર પર અને હિંદી મહાસાગર પર શાસન કરવા માગે છે. ભુટ્ટોએ હમણાં અમેરિકામાં કહ્યું હતું કે જેઓ તેલસમૃદ્ધ ઈરાની અખાત પર પોતાનો પ્રભાવ બેસાડવા માગે છે તેઓ નકશો જોતા નથી. ઈરાની અખાતના મુખ પર પાકિસ્તાન છે અને પાકિસ્તાનને હરાવ્યા વિના ઈરાની અખાત પર શાસન થઈ શકે નહિ. આ સંકેત ઈરાક અને રશિયા સામે હતો. ઈરાની અખાતના મુખ પાસે પાકિસ્તાનના વિમાનીઓ સાઉદી અરબસ્તાન, કુવૈત અને અબુ ધાબીનાં વિમાની દળોને અને અખાત બહાર જોર્ડન અને લીબિયાનાં વિમાની દળોને તાલીમ આપે છે. પાકિસ્તાન અને ઈરાન વચ્ચે ગાઢ લશ્કરી સહકાર છે. ઈરાને બે અબજ ડોલરની કિંમતનાં અમેરિકન શસ્ત્રો ખરીદવાનો સોદો કર્યો છે. ઈરાનના હાથમાં જે શસ્ત્રો હોય તે પાકિસ્તાનના હાથમાં હોવા બરાબર છે. તદુપરાંત અમેરિકા છૂટા ભાગના નામે અને બિનમારક શસ્ત્રોના નામે પાકિસ્તાનને શસ્ત્રો આપે જ છે. આથી પ્રમુખ નિક્સને પાકિસ્તાનને જોઈતાં 'તગતગતાં ગરમાગરમ' શસ્ત્રો આપવાની ના પાડી દીધી છે તેથી આપણે આનંદમાં આવી જવા જેવું કશું નથી. ચીન પણ તેને શસ્ત્રો આપે છે.

પાકિસ્તાનની વિદેશનીતિમાં અને સંરક્ષણનીતિમાં શ્રી ભુટ્ટોએ આમ પોતાની કુશળતા દાખવી છે. ૧૯૭૧ ના ડિસેમ્બરમાં મળેલા પરાજયની અસર ભુટ્ટોએ હવે ધોઈ નાખી છે. પાકિસ્તાનને પૂર્વ બંગાળ કરોડો ડોલરનું હૂંડિયામણ - મુખ્યત્વે શણના ઉત્પાદન વડે - કમાવી દેતું હતું. પરંતુ પોતાનું ઔદ્યોગિક ઉત્પાદન વધારીને પાકિસ્તાને ૪૫ કરોડ ડોલરની કમાણી કરી છે. આમ આર્થિક રીતે તે આપણી સરખામણીમાં વધુ સદ્ધર બન્યું છે. એ ખરું છે કે ગયા ઓગસ્ટ - સપ્ટેમ્બરમાં આવેલા વિનાશક વરસાદથી અને પૂરથી ત્યાં અભૂતપૂર્વ વિનાશ થયો છે. ભુટ્ટો કહે છે કે ભારત સાથેના બે વિગ્રહો કરતાં પણ તે વિનાશ વધુ છે. ૩૫ લાખ એકર જમીનમાં ખેતી ધોવાઈ ગઈ છે. ૧૦ લાખથી વધુ મકાનો (મોટા ભાગે ઝૂંપડાં) નાશ પામ્યાં છે, લાખો ઢોર તણાઈ ગયાં છે અને રૂ તથા ચોખાની નિકાસમાં ૩૦ કરોડ ડોલરનો વેપાર ગુમાવ્યો છે. બીજો પાક નાશ પામ્યો હોય તે જુદો.

પરંતુ અનાવૃષ્ટિ કરતાં અતિવૃષ્ટિ ઓછી ખતરનાક હોય છે. ધરતીમાં પુષ્કળ પાણી હોવાથી શિયાળુ પાક અભૂતપૂર્વ થશે. વળી ભુટ્ટોની અમેરિકાયાત્રા શસ્ત્રો મેળવવા કરતાં આ વિનાશના બહાને વિપુલ આર્થિક મદદ મેળવવા માટે હતી. વળી તેમણે નિક્સન પાસેથી પાકિસ્તાનની અખંડિતતા અને સ્વતંત્રતા માટે પણ ગૅરંટી મેળવી છે. આમ ભુટ્ટોના અમલમાં પાકિસ્તાનનું આર્થિક ભાવિ ઊજળું છે.

ઘરઆંગણે ભુટ્ટોએ બંધારણીય લોકશાહી આપવાના બહાને સ્થિરતા મેળવી છે. વાસ્તવમાં આ લોકશાહી નથી અને બંધારણ તેમને અબાધિત સત્તા આપે છે. ભુટ્ટોએ એકવાર કહ્યું હતું કે પાકિસ્તાનને કંઈ પશ્ચિમ યુરોપ જેવી લોકશાહી પાલવે નહિ. ભુટ્ટોને અને તેમની લોકશાહીને પોર્ટુગલના મર્હૂમ સરમુખત્યાર ડૉ. સાલાઝાર સાથે અને તેમની પોર્ટુગીઝ 'લોકશાહી' સાથે અથવા રોડેશિયામાં અને દક્ષિણ આફ્રિકામાં ગોરા શાસનની આપખુદ 'લોકશાહી' સાથે સરખાવી શકાય. ભુટ્ટોએ લોકશાહી રીતે ચૂંટાયેલી બલૂચિસ્તાનની અને સરહદ પ્રાંતની પ્રાંતીય સરકારોને બરતરફ કરીને પોતાના પક્ષની સરકારો સ્થાપી દીધી છે. આ બે પ્રાંતો અલગ થવાનાં ફાંફાં મારે તો તેની સામે અમેરિકાની મદદની ગૅરંટી મેળવી છે. ઘરઆંગણે બીજા વિરોધી પક્ષોને ભાંગી નાખ્યા છે. અસગરખાન અને વલીખાનના ખૂનના પ્રયાસો થયા છે અને તેઓ કોઈ વાર માર્યા જાય તો આપણે આશ્ચર્ય નહિ પામીએ. ખૂનનું રાજકારણ પાકિસ્તાનના લોહીમાં છે. વિરોધ પક્ષોના કેટલાય નેતાઓને જેલમાં પૂરી દીધા છે. તેમનું મનોબળ ભાંગી નાખવા માટે તેમની પર અમાનુષી અત્યાચારો થાય છે. આ અત્યાચારો ગુજારવાનાં સાધનો અમેરિકાએ આપ્યાં છે, કારણ કે અમેરિકાની નીતિ પ્રમાણે તે "મારક શસ્ત્રો" નથી. વિરોધ પક્ષો સભાઓ ભરી શકતા નથી. ભુટ્ટોના પાકિસ્તાન પીપલ્સ પક્ષના અર્ધલશ્કરી અને શસ્ત્રસજ્જ 'સ્વયંસેવકો'એ વિરોધ પક્ષોની સભાઓ પર ગોળીબાર પણ કર્યા છે. આમ વાણીસ્વાતંત્ર્ય ઝૂંટવી લેવામાં આવ્યું છે.

લેખનસ્વાતંત્ર્ય પણ પાકિસ્તાનમાં કદી હતું નહિ અને ભુટ્ટોની 'લોકશાહી' માં પણ નથી. કેટલાંક અખબારો સરકારની માલિકીનાં અથવા સરકારી વહીવટ નીચે છે. જે અખબારો ખાનગી માલિકીનાં છે તેઓ ભુટ્ટોની સરકાર વિરુદ્ધ કશું લખવાની હિંમત કરે તો તેમનું આવી બને. મહમુદ અલી કાસુરી ભુટ્ટોના પક્ષનો ઉપપ્રમુખ હતો અને કાયદાપ્રધાન તરીકે બંધારણ ઘડવાની કામગીરી સંભાળતો હતો. બંને વચ્ચે મતભેદો પડતા કાસુરીએ રાજીનામું આપ્યા પછી ભુટ્ટોએ કિન્નાખોરીથી તેના આખા કુટુંબને હેરાનપરેશાન કરી નાખ્યું. કાસુરી નાગરિક સ્વાતંત્ર્યનો હિમાયતી છે. ભુટ્ટોએ તેને અને તેના બે દીકરાને ખૂનના ખટલામાં સંડોવીને જેલમાં બેસાડી દીધા! જ્યારે આરોપ પુરવાર ન થયો ત્યારે કરવેરા નહિ ભરવાનો આરોપ મૂકી તેના આખા કુટુંબના ચોપડા ફેંદી નાખ્યા. માજી એર-માર્શલ અસગરખાન એક વિરોધ પક્ષના નેતા છે, તેથી તેમના ઘરને આગ ચાંપવામાં આવી, તેમની જમીનો ખાલસા કરવામાં આવી અને તેમના આખા કુટુમ્બ પર વેર વાળવાની નીતિ અખત્યાર કરવામાં આવી.

અયુબખાન અને યાહ્યાખાનમાં ભુટ્ટો જેવું શાણપણ ન હતું તેથી તેઓ લશ્કરી સરમુખત્યારી સ્થાપીને અળખામણા થયા. હવે

લશ્કર જાણે છે કે તેમણે જે ભૂલો કરી હતી તે હવે લશ્કરી નેતાઓને કરવી પાલવે તેમ નથી અને ભુટ્ટોએ લશ્કરની સાફસૂફી પણ કરી નાખી છે. આથી ભુટ્ટો લોકશાહીના નામે અને 'લોકશાહી' બંધારણ વડે અબાધિત સત્તા મેળવીને અયુબ અને યાહ્યા કરતાં વધુ સત્તા ભોગવે છે. બંધારણ એવું છે કે ભુટ્ટો સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ શકે નહિ. એવી દરખાસ્ત લાવવાની તજવીજ જે કોઈ કરે તેનું આવી બને.

આમ પાકિસ્તાન પર એક પક્ષનું અને બહુમતી પક્ષના નામે એક વ્યકિતનું એકચક્રી શાસન ચાલે છે. હોદ્દા અને બીજી લાલચો વડે ભુટ્ટોએ પક્ષના આગેવાનોને અને રાષ્ટ્રીય ધારાસભાના સભ્યોને પોતાની મુઠ્ઠીમાં રાખ્યા છે. ખૂનના રાજકારણ માટે નામચીન પાકિસ્તાનમાં ભુટ્ટો માટે કોઈ અણચિતવ્યો અઘટિત બનાવ ન બને તો ભુટ્ટો લાંબાં વર્ષો સુધી પાકિસ્તાન પર એકચક્રી શાસન કરવાના છે, અને આપણે તેમની સાથે કામ પાડવાનું છે. મુત્સદ્દીગીરીમાં બહુ કુશળ ભુટ્ટોએ પાકિસ્તાનના પરાજય પછી ભારત અને બંગલા દેશ સાથેના વ્યવહારમાં કંઈ ગુમાવ્યું નથી, પણ મેળવ્યું છે. આથી ઘરઆંગણે તેમની પ્રતિષ્ઠા ઘણી ઊંચી છે. ભુટ્ટો કે તેમના પક્ષનો કોઈ વિકલ્પ નથી. પક્ષમાં પણ એવો એક પણ નેતા નથી કે જે ભુટ્ટોનો હરીફ કે વિકલ્પ બની શકે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ ભુટ્ટોની પ્રતિષ્ઠા ઊંચી છે. એક અમેરિકન પત્રકારે લખ્યું છે કે પશ્ચિમી પત્રકારોનું બાદશાહી સ્વાગત કરીને તેમના દ્વારા પોતાની અને પાકિસ્તાનની તરફેણમાં પ્રચાર કેમ કરાવવો તેમાં ભુટ્ટો કુશળ છે. અમેરિકા હમેશાં - ૨૬ વર્ષથી - પાકિસ્તાનના પક્ષે છે. પ્રમુખ નિક્સનને શ્રીમતી ઈન્દિરા ગાંધી પ્રત્યે તથા ભારત પ્રત્યે અણગમો હોવાથી તથા ભુટ્ટો તથા પાકિસ્તાન પ્રત્યે ઘણી મમતા હોવાથી તેઓ ભુટ્ટોના હાથ મજબૂત કરવા બધું કરી છૂટશે. એક જમાનો એવો હતો કે જ્યારે ભુટ્ટો ચીનતરફી હોવાથી અમેરિકાને તેમની પ્રત્યે અણગમો હતો અને યાહ્યાખાન પ્રત્યે મમતા હતી. પરંતુ હવે જ્યારે પાકિસ્તાને અમેરિકા અને ચીન વચ્ચેની દુશ્મનાવટ ભુલાવીને તેમની વચ્ચે નાતો બાંધી આપ્યો છે ત્યારે હવે ભુટ્ટો પર તેમના બંનેના હાથ છે. માઓ જેવી ટોપી પેહેરે છે તેવી જ ટોપી હવે કોઈ વાર ભુટ્ટો પણ પહેરે છે. એવી ટોપી પહેરીને પાકિસ્તાની જનતા સમક્ષ ભાષણ કરતા ભુટ્ટોની તસવીરો છપાઈ છે.

આ બધી ચર્ચાનો સાર એ છે કે હજાર વર્ષ સુધી પણ ભારત સામે લડવાની હિમાયત કરતા ભુટ્ટોનો કિન્નાખોર સ્વભાવ જોતાં ભારતે હમેશાં જાગૃત અને સાવધાન રહેવું જોઈશે. ચીન સાથેના આપણા સંબંધો સુધારવાના આપણા પ્રયાસો છતાં ચીન મોઢું ફેરવી જાય છે તેનું કારણ ભુટ્ટો છે. ચીન પાકિસ્તાનને રાજી રાખવા માગે છે. આ સંજોગોમાં આપણે શસ્ત્રો કેવી રીતે ઘટાડી શકીએ?

—વિજયગુપ્ત મૌર્ય

## સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

**૧૯૭૩નું વર્ષ પૂરું થવા આવ્યું છે. આમ છતાં સંઘના ઘણા સભ્યોનાં લવાજમો બાકી છે, તો જેમનાં ચાલુ વર્ષનાં લવાજમો બાકી હોય તેમને રૂા. ૧૦/– સંઘના કાર્યાલયમાં મોકલી આપવા વિનતિ છે.**

**જે સભ્યો આજીવન સભ્ય થયા નથી તેમને સંઘના આજીવન સભ્ય થઈ જવા તેમ જ પોતાના વર્તુલમાંથી આજીવન સભ્યો મેળવી આપવા વિનતિ છે.**

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# શાશ્વતીનું સંગીત

જીવન સનાતન છે કેમ કે તે ખલાસ થતું નથી. જે જીવન્ત હોય એવી પ્રત્યેક વસ્તુ સદાય જીવિત રહેવી જોઈએ. જે જીવંત હોય એવી પ્રત્યેક વસ્તુ સદાય જીવિત રહી હોવી જોઈએ. જેને મૃત્યુ કહી શકાય એવું કાંઈ શકય જ નથી. જીવન હમેશાં અનેક રૂપાકારોમાં પરિવર્તિત થયા કરે છે. પરિવર્તનને જ આપણે મૃત્યુનું નામ આપી દઈએ છીએ, કેમ કે તે આપણને જીવનના અવરોધરૂપે અનુભવાય છે. સાચું તો એ છે કે એ નૂતનીકરણની પ્રક્રિયા છે. હરકોઈ આત્મા માનવઆકારમાં આ પહેલાં પણ રહી ચૂકયો હોય છે. અત્યારે તમારા ઉદ્યાનમાં ખીલી ઊઠનારું ફૂલ આ સંસારમાં પહેલાં પણ ખીલી ચૂકયું છે. પ્રત્યેક વિશિષ્ટ આત્મા પોતાની વ્યકિતમત્તા કે મૌલિકતા ધરાવે છે અને અમુક ચોક્કસ હદ સુધી પોતાની સ્મૃતિને પણ જાળવી રાખી શકે છે. હજારો બનાવો અને અહેવાલોમાંથી પોતાને રુચે એટલા જ સ્મરણમાં જાળવી રાખવાની એને છૂટ છે. વિકાસને માટે કેટલાકને યાદ ન પણ રહી શકે એવી કેટલીક બાબતો એના ચિન્મય મસ્તકમાં જો સંગ્રહિત હોય તો તેનું સ્મરણ કરવાની શકિત એને આપવામાં આવી છે. જ્યારે એ આધ્યાત્મિક સામર્થ્યની ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરે અને જ્ઞાનના વિષયમાં સંપૂર્ણપણે દૃઢ બની જાય ત્યારે એને આદિથી અત્યાર સુધીની બધી જ વાતો યાદ આવી જાય છે. પછી કશું પણ કયારેય ભુલાઈ જતું નથી. વિશ્વની આ યોજનામાં વિનાશ છે જ નહિ - અને પ્રત્યેક વિચાર ઉપયોગી બને છે, પ્રત્યેક શબ્દ, પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ, પ્રત્યેક આહ, પ્રત્યેક આંસુ તોળાઈ તોળાઈને આવે છે. જો આપણને સુરક્ષિત રાખવા માટે, નિત્યનવીન બનાવવા માટે અપાયેલાં સાધનોનો સાચી રીતે ઉપયોગ કરીએ તો ખુદ જીવનને ય આપણા સીમિત દૃષ્ટિકોણ વચ્ચે આ પૃથ્વી પર અનંત કાળ સુધી અનવરત રાખી શકીએ.

સૃષ્ટિના આદિમ કાળમાં એને કાયમ રાખવાનું સરળ હતું, કેમ કે ત્યારે આપણો ગ્રહ સૂર્યની નજીક હતો. અત્યારે એ દ્યુલોકમાં કે સ્વર્ગમાં એવી સ્થિતિએ પહોંચી રહ્યો છે કે જ્યાં જીવન પ્રોત્સાહિત થઈ રહ્યું છે અને અજાણતાં જ માનવો વધુ દિવસ જીવે છે અને કયારેય વિચારતા પણ નથી કે આ ગ્રહની સૂર્ય સંબંધી સ્થિતિનું પરિણામ છે. પૃથ્વી હવે ખ્રિસ્તના સમયમાં જ્યાં હતી ત્યાં નથી. આ બે હજાર વર્ષોમાં એ અંતરિક્ષમાં દોડી છે. લોકો હવે એ વાત પણ ભૂલી જાય છે કે સ્વર્ગમાં હવે એમનું સ્થાન પહેલાંના કરતાં જુદું છે. ત્યાં સ્થાનાંતરને લીધે હવે ઋતુ, રીત અને જીવન તદ્દન બદલાઈ ચૂકયાં છે. માનવ પોતાના વાતાવરણને પરિવર્તિત નથી કરતો - એ પ્રકૃતિ છે, એની આજ્ઞા ઉથાપી શકાતી નથી. માનવ તો વિચારે છે કે વિજ્ઞાનનો વિકાસ અથવા જેને તે પ્રગતિ કહી રહ્યો છે તે બધું એની કુશળતા અથવા બુદ્ધિમત્તાને આધારે થઈ રહ્યું છે. પરંતુ બરાબર એનાથી ઊલટું એ તો એના વાયુમંડળગત શૂન્યમાં બનેલા પરિવર્તનનું પરિણામ છે, જે માત્ર વૈજ્ઞાનિક વ્યાખ્યા અને શોધખોળમાં જ મદદરૂપ છે એવું નથી. એ તો તત્ત્વોને મહત્તર શકિત આપવા તરફ પણ પ્રયાણ કરે છે અને જોડેજોડે માનવના જીવનને અને બૌદ્ધિક સામર્થ્યને વિસ્તૃત કરવાની દિશામાં પણ મોખરે છે.

સંસારમાં કોઈ પણ વસ્તુ ગતિહીન નથી. હરકોઈ અણુ, હરકોઈ જીવ કંઈ ને કંઈ કરી રહ્યો છે યા કયાંક ને કયાંક જઈ રહ્યો છે અને એમાં કોઈ ખોરંભો નથી. વિશ્રામ પોતે જ સૌંદર્ય અને સંપૂર્ણતાની દિશામાં પ્રગતિનું એક સ્વરૂપ છે. ભગવાનના આયોજનના દિવ્ય, પ્રભાવશાળી ઐશ્વર્યમાં એની સંપૂર્ણ સૃષ્ટિના અંતિમ, મૂળભૂત આનંદને માટે કોઈ છિદ્ર નથી.

**માસ્ટર એસેલિઝયોન**
**અનુ: મહેશ દર્શનીય**

# ☆ મેટ્રિક પદ્ધતિની મજેદાર વાતો ☆

માનવીઓ લંબાઈના માપ માટેનું એકમ પોતાના શરીરના હાથ-પગ વગેરે અંગો ઉપરથી ઘડી નાખ્યું હતું. દા. ત. મેટ્રિક પદ્ધતિ આખત્યાર નહોતી થઈ તે પહેલાં જગતના ઘણા દેશોમાં જે ઈંચનું માપ વપરાતું હતું તે માણસના અંગૂઠાના પ્રથમ વેઢા સુધીનાં માપ જેટલું હતું. આર્યો શરૂમાં જવનો ખોરાક ખાતા હતા. તે સમયે જવના દાણા એવડા મોટા થતા હતા કે ત્રણ દાણાને એક હરોળમાં મૂકવાથી તે એક ઈંચ જેટલી લંબાઈના થતા હતા. અંગ્રેજીમાં જેને 'ફૂટ' કહે છે તે ફૂટ એટલે 'પગ' એમ પણ અર્થ થાય છે અને ખરેખર ફૂટનું માપ એક પગલાં બરોબરનું હતું. ગામડાના કાપડિયા-વેપારી કે દરજી પાસે તમે હજી પણ જશો તો એક વાર કાપડને માપવા તે પોતાનો આખો હાથ પહોળો કરીને હાથની આંગળીમાં કાપડનો છેડો પકડી બીજો છેડો તેના કાનની બુટ્ટી સાથે અડકાડશે. આટલું માપ કાઢવાથી તે કાપડનો ટુકડો બરાબર એક વાર જેટલો થાય છે.

'માઈલ' શબ્દ એ લેટિન ભાષાના "મીલીઆ પાસમ" શબ્દ ઉપરથી આવ્યો છે. એટલે કે રોમન સૈનિક એક હજાર ડગલાં (બે ફાળમાં) ચાલે ત્યારે તે એક માઈલ ચાલ્યો તેમ કહેવાતું હતું.

હવે મીટર, કિલોગ્રામ અને લિટરના માપ આવવાથી માનવ-શરીર સાથે લંબાઈના માપનો કોઈ મેળ રહ્યો નથી. મેટ્રિક પદ્ધતિ ખરેખર તો ફ્રાંસમાંથી વિકસી છે. ત્યાંના સેન્ટ પોલ ચર્ચના પાદરી શ્રી..ગેબ્રિયલ મોટન મેટ્રિક પદ્ધતિના જનક ગણાય છે. ૧૬૭૦માં તેમણે વજન અને માપ માટે આ પદ્ધતિ વિકસાવી કાઢી હતી. પણ આ પદ્ધતિ સત્તાવાર રીતે સ્વીકારતાં સ્વીકારતાં એકસો વર્ષ લાગી ગયાં હતાં. શરૂમાં ફ્રાંસે લંબાઈને માટે મીટરનાં માપ અપનાવ્યાં હતાં.

૧૭૯૮માં ફ્રાંસના વિદેશ પ્રધાન શ્રી ટેલીરાન્ડે યુરોપના તમામ દેશોને દશાંશ પદ્ધતિ (મેટ્રિક પદ્ધતિ) અપનાવવા માટે આમંત્રણ આપ્યું. ગ્રીસ, નેધરલેન્ડ, ઈટાલી અને સ્પેને ૧૮૪૯ સુધીમાં દશાંશ પદ્ધતિ અપનાવી લીધી. ૧૮૮૦ સુધીમાં તો બ્રિટન સિવાયના મોટા ભાગના યુરોપે અને દક્ષિણ અમેરિકાએ દશાંશ પદ્ધતિ આખત્યાર કરી લીધી. માત્ર અમેરિકા અને બ્રિટન જ છેક ૧૯૭૦ ના દાયકા સુધી ઈંચ, ગેલન અને રતલના માપમાં ડૂબકાં મારતાં રહ્યાં.

૧૮૭૨માં ફ્રાંસમાં પેરિસ ખાતે વજન અને માપ માટે જે આંતરરાષ્ટ્રીય બેઠક મળી ત્યારે "ઈન્ટરનેશનલ બ્યુરો ઓફ વેઈટસ એન્ડ મેઝર્સ" નામની એક સંસ્થા રચાઈ. અમેરિકાએ જાણે રૂઢિને વળગી રહેવાની ગળથૂથી બ્રિટન પાસેથી પીધી હોય તેમ પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટન અને થોમસ જેફરસનના પ્રયાસો છતાં દશાંશ પદ્ધતિ આખત્યાર ન કરી. પરંતુ જ્યારે ૧૯૫૭માં રશિયાએ સ્પુટનિકને અવકાશમાં મોકલ્યું ત્યારે અવકાશવિજ્ઞાનમાં આવતી ગણતરીઓનો ક્યાસ કાઢવા માટે રશિયાની દશાંશ પદ્ધતિની લગોલગ રહેવા માટે અમેરિકાને આ પદ્ધતિ અપનાવવા વિચારવું પડયું!

નવાઈની વાત એ છે કે અમેરિકન સરકારે દશાંશ પદ્ધતિ ન સ્વીકારી પણ અમેરિકન લશ્કરી તંત્રે તેનાં હથિયારો અને શસ્ત્ર-સામગ્રીના માપ માટે દશાંશ પદ્ધતિ સ્વીકારવા માંડી. દા. ત. ૨૨ કેલિબરની જે રાઈફલ પ્રખ્યાત થઈ છે તે આંકડાનું માપ રાઈફલના નાળચામાંથી ફેંકાતા કારતૂસના માપને સૂચવે છે. હવે આ રાઈફલને ૫.૫૬ મિલિમીટર કેલિબરની રાઈફલ કહેવામાં આવે છે! એ પછી બ્રિટને દશાંશ પદ્ધતિ સ્વીકારી એટલે અમેરિકાએ પણ ૧૯૭૨માં દશાંશ પદ્ધતિ સ્વીકારી લીધી છે. આપણે જાણીએ છીએ કે ભારતે આ બન્ને દેશોની પહેલાં જ દશાંશ પદ્ધતિ અપનાવી લીધી હતી. દુનિયામાં હવે માત્ર બાર્બાડોસ, બર્મા, ગામ્બિયા, ઘાના, જમૈકા, લાઈબેરિયા, મસ્કત અને ઓમાન, નાઉરૂ, સીએરા-લીઓન, દક્ષિણ યમન, ટોંગા અને ટ્રિનિડાડ એટલા દેશોમાં મેટ્રિક પદ્ધતિ લાગુ થઈ નથી.

અમેરિકા કદાચ હજી પણ મેટ્રિક પદ્ધતિ અપનાવત નહિ પણ તેનો વ્યાપારી સ્વાર્થ સાધવા માટે જ તેણે જલદીથી આ પદ્ધતિ અપનાવી. કોમ્પ્યુટર, વેક્યુમ પંપ, ટાઈપ રાઈટર અને બીજી નાજુક યાંત્રિક ગણતરીવાળી ચીજોની નિકાસ વધારવી હોય તો તેણે મેટ્રિક પદ્ધતિને આધારે આ ચીજો બનાવવાની રહે છે. અમેરિકાએ ૧૯૬૯માં રૂા. ૧૧૨ અબજનાં યંત્રો નિકાસ કર્યાં હતાં, પણ જો તેણે મેટ્રિક પદ્ધતિ અપનાવી હોત તો તેની નિકાસ ઘણી વધી ગઈ હોત.

મોટા ભાગના દેશો દશાંશ પદ્ધતિમાં જ વ્યાપારી સોદા કરે છે. ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગના નાના-મોટા ભાગો દશાંશ પદ્ધતિ દ્વારા જ મપાય છે. તેમની શક્તિ પણ દશાંશ પદ્ધતિમાં મપાય છે. ચીન અને રશિયામાં દશાંશ પદ્ધતિ ચાલે છે. તેની બજારો પકડવા માટે અમેરિકાને દશાંશ પદ્ધતિ અપનાવ્યા વગર છૂટકો નહોતો. ઘણી વખત સરકાર ઊંઘતી હોય ત્યારે નાગરિકો પોતે જ જાગ્રત થઈને સમય સાથે તાલ મિલાવે છે. અમેરિકાના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગે સરકારની રાહ જોયા વગર દવાઓના માપમાં કે વજનમાં ડ્રામ્સ, સ્ક્રુપલ્સ અને ગ્રેન્સને બદલે મિલિગ્રામ, ગ્રામ અને મિલિમીટરનાં માપ-વજન આખત્યાર કરી નાખ્યાં હતાં. કેમેરા અને કેમેરાના જુદા જુદા ભાગો ઈંચમાં નહિ પણ મિલિમીટરમાં જ લખાવા માંડયા હતા. એક રસપ્રદ વાત એ બની છે કે ગેરકાયદેસરના કે દાણચોરીના સોદા પણ મેટ્રિક માપથી થાય છે. દા. ત. અમેરિકામાં ગાંજો, ચરસ, અફીણ અને હેરોઈનનું વેચાણ મેટ્રિક માપથી થતું હતું. એક નવાઈની વાત એ છે કે ચાંદી અને સોનાની દાણચોરીમાં હજી પણ મેટ્રિક પદ્ધતિ અપનાવાઈ નથી અને દાણચોરો દ્વારા સોનું હજી તોલાના ભાવે (દસ તોલાનું એક સોનાનું બિસ્કિટ) અને ચાંદી રતલને ભાવે વેચાય છે!

મેટ્રિક પદ્ધતિની એક મર્યાદા રહી છે. એક ગોળાકારની ૩૬૦ ડિગ્રી તેમ જ ૬૦ સેકન્ડની એક મિનિટ અને ૬૦ મિનિટનો એક કલાક અને ૨૪ કલાકનો એક દિવસ તેમ જ ૩૬૫ દિવસના વર્ષને મેટ્રિક પદ્ધતિમાં ફેરવી શકાયા નથી. નિષ્ણાતો માને છે કે આ બન્ને બાબતમાં દશાંશ પદ્ધતિ લાગુ કરવી કઠણ છે.

આપણે મીટર, કિલોગ્રામ અને લિટર એ વજન અને માપને જ દશાંશ પદ્ધતિનાં અંગો માનીએ છીએ, પણ બીજાં માપ છે જે રસાયણશાસ્ત્ર, વીજળીશાસ્ત્ર અને બીજાં ક્ષેત્રોમાં વપરાય છે. દા. ત. પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્રમાં અણુ, પરમાણુ, ઈલેક્ટ્રોન્સ વગેરેને માપવા માટેના એકમને 'મોલ' કહે છે. વીજળીના પ્રવાહને માપવા માટેનું મેટ્રિક પદ્ધતિનું મૂળભૂત માપ છે તેને 'એમ્પીઅર' કહે છે. એવી જ રીતે તેજોમય પ્રકાશની ઉગ્રતા માપવા માટે 'કેન્ડેલા' નામનું એકમ મેટ્રિક પદ્ધતિમાં અપનાવાય છે. કેન્ડેલા એ નાનામાં નાનું એકમ છે અને 'લ્યુમેન્સ' એ મોટું એકમ છે. ૧૦૦ વૉટનો વીજળીનો ગોળો ૧૭૦૦ લ્યુમેન્સ જેટલી ઉગ્રતાવાળો પ્રકાશ ફેંકે છે.

કાન્તિ ભટ્ટ

## આંખ તથા ગળાનાં ટોન્સિલનાં મફત ઑપરેશન

શ્રી દિવાળીબહેન મોહનલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જણાવે છે કે:

**તેમના ટ્રસ્ટીઓ તરફથી સર્વ પ્રકારનાં આંખનાં તથા ટોન્સિલનાં ઓપરેશન રહેવા, જમવા સાથે તા. ૩૧ ડિસેમ્બર ૧૯૭૩ સુધીમાં, જરૂરિયાતવાળી વ્યક્તિઓને વિનામૂલ્યે, જાણીતા નિષ્ણાત ડૉકટરો દ્વારા કરી આપવામાં આવશે; તે માટે સર્વોદય હૉસ્પિટલ, ઘાટકોપરમાં રવિવાર સિવાય બપોરના બે વાગ્યે મળવા વિનતિ છે.**

# વિચારની ગતિ

જીવનની પળેપળ વિચારોની છે: વિચાર આવવો અને જવો એ જ જીવનની ગતિ છે.

વિચારો એ સંસ્કાર અને જીવનના સત્ત્વના દ્યોતક છે. સારા માણસને ખરાબ વિચારો સંભવે છે, અને ખરાબ માણસને (જો હોય તો) એને સારા વિચારો ન સંભવી શકે?

વહી જતી શોણિતની નિર્ઝરીને કિનારે આઝાદીનું પર્વ લોહીના રંગે રંગાયું હતું; કેટલાક ભયંકર માણસોના ખરાબ વિચારોનું જ એ પરિણામ હતું ને? 'કોમી રમખાણ'ના લોહી-તરસ્યા વિચારોની ભયંકરતા કાંઈ ઓછી આંકી શકાય છે?

પણ ઘણી વખત માણસ નથી બોલતો હોતો, પણ એના અંતરમાં અણરુઝાયેલા જખમ બોલતા હોય છે, એની આંખોમાં તરવરતું ખુન્નસ બોલતું હોય છે, એની જીભ પર છવાયેલું ઝેર બોલતું હોય છે!

થોડા કાળ પૂર્વે, બંગાળી મુસ્લિમોના જખમો બોલ્યા હતા; પણ યાહ્યાખાન જેવા રાક્ષસના વિચારોએ ત્યાં મોત રમતું કરી નાખ્યું હતું ને?

ઘણી વખત માણસના જખમમાંથી ટપકતા લોહીના એક બુંદથી ધરતી પર પ્રલય પથરાઈ જાય છે. બંગલાદેશની સોનાર ભોમકામાં મોતનો પ્રલય જ પથરાયો હતો ને?

પોતાની ખુમારી અને ઝંખનામાં અનેક માણસોની કતલ કરનાર યાહ્યાખાન અને જગવિખ્યાત બનવાની ઝંખનામાં અસંખ્ય માનવીઓના પ્રાણ હરનાર સિકંદર જેવા નિષ્ઠુર લોકો આ ધરતી પર ન જન્મે તો જ સારું છે!

અને આ કારમાં દશ્યોની કલ્પના કરતાં એક નિસાસો નાખીને કહેવાનું મન થાય છે કે હે પ્રભુ! કોઈ માતાના ઉદરમાં હિટલર જેવાને ફાળવા નહીં દેતો! મહમદ ગઝનવી જેવા ક્રૂર ને ભયંકર માણસને પણ ધરતી પરના સ્વર્ગમાં ન જન્માવતો; પ્રભુ!

માણસના મનમાં ઉદ્‌ભવતા વિચારોથી માણસ કદી મુક્ત બની શકતો નથી. વિચારો એ માણસની અંદર હાલતુંચાલતું પ્રેત છે!

માણસ માણસને મારી શકે છે, પણ માણસ પોતાના વિચારોને મારી શકતો નથી! ખરું પૂછો તો માણસે પોતાના ખરાબ વિચારોને મારવા જેટલા ક્રૂર બનવું જોઈએ!

પ્રમુખ નિક્સનને વિયેટનામની ધરતી પર લોહી રેડવાનો વિચાર સ્ફુર્યો ત્યારે એણે જો માત્ર એક પળ એ વિચારનું સદ્‌ભાવથી મંથન કર્યું હોત ને તો આટલી હદ સુધીનું રાક્ષસી પરિણામ ન આવ્યું હોત!

હિટલરે યહૂદીઓના રક્તથી જર્મનીની ભૂમિને રંગી નાખી છે. હજુ એ વહેલા લોહીના ડાઘાઓનું કલંક જર્મનીના કપાળમાં ચોંટેલું જ છે ને?

માણસને વિચારોની ભૂખ લાગે છે- આ ભૂખથી માણસ કદી તૃપ્તિ અનુભવી શકયો નથી.

વેરની અગ્નિજવાળા પ્રગટે છે, ત્યારે વિચારો જ વાયુ બનીને એ આગને વધુ જવલંત બનાવે છે: પરંતુ એ જવાળા - વેરની જવાળા-ને કોઈ શિશિર ઋતુના શીતળ વાયરાઓ ઠારી શકતા નથી; એ આગને વિચારવંટોળ જ છિન્નભિન્ન કરી શકે!

વિચારની ગતિ વાયુ કરતાં પણ અનેકગણી તેજ હોય છે.

મનના વિચારોના—આ પતનના માર્ગના મુસાફરો ગણ્યા-ગાંઠયા જ હોય છે, પણ એ અપવાદ પૂરતા શાપિત આત્માઓ જ લોહીભૂખ્યા હોય છે!

માણસ બાહ્યાચારને સિદ્ધાંતથી સમજાવવાનો અને જગતને તે તરફ દોરવાનો વિચાર કરતો હોય છે, પણ એ માત્ર આંતરિક આચાર-વિચારોના આડંબર પરનું આવરણ હોય છે! આ આંતરિક દૂષણના એને ન છૂટકે ભોગ બનવું પડે છે!

માણસ માટે આ પતનની શરૂઆતની દિશાનાં દ્વારનાં તાળાં ખોલવા સમાન છે!

"હું તમારી સાથે, તમારા વિચારો સાથે અને તમારા આચાર-વિચાર સાથે સહમત થવા તૈયાર નથી. માત્ર વ્યવહારપૂરતો સહમત થાઉં છું." માણસ માણસ વચ્ચેના વિચારોની ગતિમાંથી જન્મતો આ ભૂખાળવો અગ્નિ જ માણસનું આગવું સ્વભાવગત લક્ષણ છે.

એક વિચારકે કહ્યું છે કે "આ જગતમાં શાંતિ સ્થપાય એવો વિચાર—વ્યવહાર એ માણસ માણસ વચ્ચે ભમતો ભ્રમ છે: હવે વધુ પડતો બુદ્ધિવિકાસ એ તો માત્ર વિચારોની ભીતરમાં સળગેલો જંગ છે."

માણસ જગત પર રાજ કરી શકે એ બહુ આશ્ચર્ય પામવા જેવું નથી, પરંતુ માણસ પોતાની જાત ઉપર, પોતાના વિચારો ઉપર, ઈચ્છાઓ ઉપર રાજ કરવા જેટલો બળવાન બનવાનો નથી. હા, માણસના વિચારો એ માણસની નબળાઈનો પુરાવો છે.

હિટલર ન જગતને જીતી શકયો, ન પોતાની જાતને જીતી શકયો અને ન પોતાના વિચારોને જીતી શકયો એટલે એ ભયંકર માણસે લોહીની નદીઓ વહાવીને વિચારોનો રકતપાત વહાવ્યો!

આંખની દષ્ટિથી આપણે માત્ર બાહ્યાવકાશને જોઈ શકીએ છીએ, અંતર-આકાશમાં પથરાઈ ગયેલાં કાળાં ડિબાંગ વાદળાંઓ જોઈ શકતા નથી એટલે જ આપણામાંથી અંધકાર વરસે છે!

માણસને જીવવાના જ વિચારો આવે છે, મૃત્યુ પામવાના વિચારો નથી આવતાં-છતાં અનિવાર્ય મૃત્યુ માણસના વિચારોને ભેદીને એની જાતનું અસ્તિત્વ મિટાવી દે છે ત્યારે માણસ વિચારો અહીં જ મૂકતો જાય છે.

અંતરના વિચારો—ઈચ્છાઓ, સ્વાર્થ અને લક્ષણની છાપ લઈને જન્મે છે: એ તમામ વિચારોની પૂર્ણાહુતિ કરતાં પૂર્વે, સ્વભાવગત અધોગતિ કે ઉન્નતિનો પણ વિચાર આવવો જરૂરી છે.

થોડાક ક્રૂર-નિષ્ઠુરજનોના વિચારોથી મૃત્યુના ખપ્પરમાં હોમાઈ ગયેલાં માણસોના ઈતિહાસને સળગાવી દેજો-જેથી, ભવિષ્યમાં જન્મનાર કોઈ માણસને ન સિકંદર બનવાનું મન થાય, ન હિટલર બનવાનું મન થાય કે ન યાહ્યાખાન જેવાનું અનુકરણ કરવાનું મન થાય!

લોહીથી ખરડાયેલાં આ ઈતિહાસનાં પાનાંઓ એ કાંઈ ભવિષ્યની પ્રજા માટેનો અમૂલ્ય ખજાનો નથી! વેરનો આ અગ્નિ હવે અહીં જ શમી જાય તો સારું!

નિષ્પ્રાણ માણસના લોહીના ખાબોચિયામાં તરતા દુષ્ટોના વિચારોને દફનાવવા માટેનું એક એવું સ્થાન હોવું જોઈએ કે ભવિષ્યમાં જન્મનાર માણસોને ભસ્મીભૂત થઈ ગયેલા વિચારોની રાખ સુદ્ધાં ન સાંપડે!

**યસ્યાં પૂર્વે પૂર્વજના વિચાક્રરે યસ્યાં દેવા અસુરાનભ્યવર્તયન:**

અહિંયાં પૂર્વે પૂર્વજનો વિચર્યા, અહિયા દેવે અસુરને મહાત કર્યા- આવી આ સુવર્ણભૂમિ પર અસુરોના વિચારોનો વાવંટોળ આવ્યો પણ એને શમાવનાર સદ્‌વિચાર વહાવનારા દેવો કરતાં પણ શ્રેષ્ઠ પુરુષોએ જન્મ લીધો હતો- ઈસુ ખ્રિસ્ત, ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધી જેવા અનેક પુનિત આત્માઓએ વિચારોના વાવંટોળને ભેદીને સત્યનો ઝંડો લહેરાવ્યો હતો!

ચાલો, આપણે સૌ એક જ વિચાર કરીએ: સદ્‌વિચાર...

મને લાગે છે કે આપણા સૌના અંતરના ખૂણામાં એક એવું સ્થાન હોવું જોઈએ કે જેથી ખરાબ વિચારો આવે તો તરત જ એને એ સ્થાનની ચિતામાં ફેંકી દઈએ અને આપણા ખરાબ વિચારો એમાં ભસ્મ બની જાય...

ગુણવંત ભટ્ટ

# પાબ્લો નેરુદા : કવિ અને કવિતા

સોમવારો મંગળવારોમાં અળપાઈ જાય છે.
સપ્તાહ આખાયે સંવત્સર સાથે સંકળાય છે.
તમારી થાકેલી કાતરોથી
સમયને કાપી શકાતો નથી
અને દિવસનાં બધાં જ નામો
રાત્રિનાં જળમાં ધોવાઈ જાય છે.
તેઓએ મારી સાથે હિંદુસ્તાન,
સિલોન કે ઈન્ડોનેશિયાની વાતો કરી છે:
તેઓ શેની વાતો કરે છે તેનો મને ખ્યાલ નથી.
હું તો માત્ર ધરતીની ત્વચાને જાણું છું
અને જાણું છું કે તેને નામ જ નથી.

ધરતીની ત્વચાને જે જાણે છે અને એનાં બધાં જ ઉપલક નામોની નિરર્થકતા જે સમજે છે એ કવિ પાબ્લો નેરુદા હવે આપણી વચ્ચે નથી. જેની કવિતા સિવાયનાં કારણોસર નિંદા અને પ્રશંસા થઈ હતી એ કવિનો ખરો મહિમા એની રાજકીય ગ્રંથિઓથી પરના પ્રદેશમાં છે. એ કવિ છે, અને કવિ તરીકે એણે એટલું માતબર અર્પણ કર્યું છે કે અત્યારનાં રાજકીય મતાંતરો ભૂંસાઈ જશે ત્યારે પણ નેરુદાની કવિતા જીવતી હશે અને એ કવિતાનો સંબંધ ધરતીની ત્વચા સાથે હશે, નામ સાથે નહીં.

જેનું નામ એ અઢાર વરસનો હતો ત્યારથી સ્પેનિશભાષી પ્રજાની જીભ પર રમતું થયું હતું એ નેરુદાને નોબેલ પારિતોષિક છેક ૧૯૭૧માં મળ્યું હતું, પણ નેરુદાને નિસ્બત પોતાની કવિતા જોડે, આ પૃથ્વી જોડે, અને માણસ જોડે છે. કવિતા એ એનો પહેલો પ્રેમ છે - તો માનવતા સાથેના પ્રેમને એ કદાચ બીજું સ્થાન આપવા તૈયાર ન થાય એટલી હદે એ ગાઢ છે.

નેરુદા પોતાના શૈશવનું એક સંભારણું ઘણી વાર યાદ કરતા; એ સાવ નાના હતા ત્યારે એકવાર એમના ઘર પાછળના વાંસની વાડમાં રહેલા એક બાકોરામાંથી બહારની દુનિયાને જોતા હતા. વિશાળ મેદાનને એ જોતા હતા. ત્યાં એક છોકરો આવી તેમના હાથમાં રમકડાનું ઘેટું મૂકી ગયો. એ ઘેટાના વાળ ખરી ગયા હતા. પગ નીચેનાં પૈડાં તૂટી ગયાં હતાં. રમકડું હાથમાં રાખી એણે જોયું તો પેલો છોકરો અદશ્ય થઈ ગયો હતો. કવિ કહે છે: "આ ઘટના પચાસ વરસ પહેલાં બની, છતાં હજી મને એ ઉપહાર યાદ આવે છે. એ છોકરાને મેં ફરી ક્યારેય જોયો નથી. હવેના રમકડાંવાળા એવું ઘેટું બનાવતા નથી. હજી પણ રમકડાંવાળાની દુકાને જાઉં છું, ત્યારે એ માટે નજર દોડાવું છું... આમ તો આ માત્ર બે બાળકોની રમત હતી, છતાં એ નાનકડી અને રહસ્યમય ભેટ મારામાં સચવાઈ રહી છે - અને એ જ મારી કવિતાને જીવતી કરે છે."

એ બચપણમાં પોતે ફરવા જતો ત્યારે કહેતો: 'હું કવિતાનો શિકાર કરવા નીકળ્યું છું' અને આટલાં વરસો દરમિયાન એમને કવિતા પારાવાર મળી છે. આધુનિક યુગના ટાગોર જેવા વિપુલ સર્જક સાથે સરખાવી શકાય એટલું બધું તેમણે લખ્યું છે. ૧૯૦૪માં તેમનો જન્મ અને ૧૯૨૪માં તેમનો સૌ પ્રથમ કાવ્યસંગ્રહ 'વીસ પ્રેમગીતો અને એક નિરાશાનું ગીત' પ્રગટ થયો. તરુણ અવસ્થામાં લખાયેલી તેમની આ રચનાઓ આજે પણ એટલી જ વંચાય છે. આપણે એમાંથી જ એક રચના વાંચીએ:

તું મને સાંભળી શકે એ માટે
મારા શબ્દો ક્યારેક કિનારા પરથી ઊડી જતા
સાગરપંખીઓની રેખાની જેમ પાતળા બને છે.
મારું એકાંત જે આજે તારાથી સભર છે
એની જ એ વસ્તી બન્યા હતા—
તું આવી એ પહેલાં:
તારાથી પણ વધારે તેઓ ટેવાયા છે મારી ઉદાસીથી
મારે જે તને કહેવું છે, તે હવે તેઓને કહેવા ઈચ્છું છું,
જેથી હું તને કહેવા માગું છું એ તું સાંભળી શકે.
મારા શબ્દો તારા પ્રણયના ઝણકાર સાથે વહે છે.
તું સકલમાં વસી છો, સમસ્તમાં વસી છો.
હું આ શબ્દોની માળા ગૂંથું છું
તારા દ્રાક્ષ જેવા સુંવાળા શ્વેત હાથ માટે.

આવાં સુંદર પ્રેમગીતો લખનાર આ કવિ રાજકારણ સાથે સંકળાયા. ચિલીના રાજદૂત તરીકે તેઓ યુરોપ અને એશિયાના ઘણા દેશોમાં ફર્યા. સ્પેનના આંતરયુદ્ધ વખતે તેઓ સ્પેનમાં રાજદૂત હતા, અને રાજદૂતે પાળવાના નીતિનિયમોને કોરે મૂકીને તેમણે સ્પેનના ઉદ્દામ પક્ષને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. તેઓ ચિલીની સેનેટમાં ચૂંટાયા હતા, પણ એક વેળા ચિલીના સરમુખત્યાર વીડેલા સામે એમને ભૂગર્ભવાસમાં ચાલ્યા જવું પડયું. ત્યારે કામદારો અને નીચલા થરના લોકોએ તેમને જે સમભાવથી આશ્રય આપ્યો હતો તે એક કવિ લોકહૃદયમાં પણ કેટલી હદે વસ્યો હતો તેના દષ્ટાંતરૂપ છે. એ ૧૯૭૧માં પારિસમાંના ચિલીના એલચી પણ બન્યા હતા.

પરંતુ આપણને તેમના રાજકારણ સાથે નહીં, એમની કવિતા સાથે નિસ્બત છે. પ્રારંભમાં એની કવિતામાં ફ્રેન્ચ સરીઆલિસ્ટોનો પ્રભાવ હતો. અને આ વાત તો નેરુદાએ પોતાની કવિતામાં પણ કબૂલી છે: પણ આ અસરોમાંથી મુક્ત બની પોતાની જ એક અસર આ કવિ ઊભી કરી શકયા હતા. એમની કવિતા સ્પેનિશ ભાષાને અતિક્રમી દુનિયાભરની ભાષાઓમાં પહોંચી છે. ગુજરાતના કવિતાપ્રેમીને પણ એની અનેક કવિતાઓ અનુવાદરૂપે મળી છે.

નેરુદાને મન પોતે કવિ છે એ વાત કરતાં પણ પોતે માણસો વચ્ચે જીવે છે એનો મહિમા વધારે હતો. એટલે જ એની કવિતામાં માણસ માટેના પ્રેમનો પારાવાર છલકે છે. અને લોકોએ પણ એને મન મૂકીને પ્રેમ કર્યો છે.

નેરુદાની કવિતાનો પૂર્વજ વૉલ્ટ વ્હિટમૅન કહી શકાય. નેરુદામાં વ્હિટમૅનનું વૈપુલ્ય છે, વ્હિટમૅનનો પ્રેમ છે. છતાં વ્હિટમૅન ક્યારેય કટુ થઈ શકતો નહીં, નેરુદા થઈ શકે છે. વ્હિટમૅન કયારેય નિરાશ થતો નહીં, જ્યારે નિરાશા અને વેદનાનો એક સૂર નેરુદાની કવિતામાં સતત વહેતો જોઈ શકાય છે. એ કહે છે: 'મને બેચેન અને અસંતુષ્ટ લોકોની જિંદગી ગમે છે - પછી એ કલાકાર હોય કે ગુનેગાર.' આ બેચેની એની કવિતામાં આપણે સર્વત્ર જોઈ શકીએ છીએ. એ કહે છે:

"ઢળતા મધ્યાહ્નમાં ઝૂકીને
હું મારી ઉદાસ જાળને
તારાં સાગરનેત્રોની દિશામાં પાથરું છું.
હું તને પ્રેમ કરતો હોઉં એ ક્ષણના
અમારા અંતરાત્મા માફક ચમકતા પ્રથમ તારાઓને
રાત્રિનાં પંખીઓ ચાંચથી ટોચે છે."

નેરુદાએ પુષ્કળ લખ્યું છે, અને લખ્યું છે એમાં કેટલુંયે એવું છે જે એણે ન લખ્યું હોત તો ચાલત. પણ એની પાસે પૂરનો પ્રવાહ હતો—અને એ પ્રવાહમાં જે કંઈ આવે એ સ્વીકારવાની આપણી તૈયારી જોઈએ.

આ કવિ હવે આપણા વચ્ચે નથી ત્યારે આપણે એને કઈ રીતે માણશું? ભાવક તરીકે કે વિવેચક તરીકે?

હરીન્દ્ર દવે

## દુ:ખદ અવસાન

આપણા સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ધર્મપત્ની અંજવાળીબેનનું તા. ૧૫-૧૧-'૭૩ના રોજ સાંજના તેમના નિવાસસ્થાને અવસાન થયું છે તેની નોંધ લેતાં અમે દુ:ખ અનુભવીએ છીએ. શ્રી ચીમનભાઈ પર આવી પડેલા દુ:ખ પ્રત્યે અમે અમારી ઊંડી દિલસોજી વ્યકત કરીએ છીએ.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

મંત્રીઓ,

તા. ૧૬-૧૧-૭૩ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૫

મુંબઇ, ડિસેમ્બર ૧, ૧૯૭૩ શનિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦-૪૦ પૈસા

તંત્રી: ચીમનલાલ ચકુભાઈ શાહ

## ☆ પંચાવન વરસનો સહવાસ ☆

મારા પોતાના વિષે લખતાં મને બહુ સંકોચ રહે છે. 'મરણભય'નો લેખ લખ્યો પછી શ્રી હરભાઈ ત્રિવેદી અને બીજા મિત્રોએ આગ્રહપૂર્વક મને કહ્યું કે મારા અનુભવો મારે લખવા. મારી પત્નીનું તા. ૧૫-૧૧-૭૩ના રોજ અવસાન થયું તેના આશ્વાસનના પત્રમાં શ્રી રામભાઈ બક્ષીએ લખ્યું છે કે "અનેક વિષમ ઘટનાઓનું સ્વસ્થ મનથી નિરીક્ષણ-નિરૂપણ આપનારા આપ કદાચ આ દૈવસરજી દુ:ખદ પરિસ્થિતિ વિશે કાંઈક લખશો તો બીજાઓને એવી આપત્તિ (પ્રભુ ટાળે) આવી પડે ત્યારે ટકી રહેવાની માનસિક 'ઔષધિ' સાંપડવાનો સંભવ ખરો."

મારી પત્નીના અવસાનથી મારા જીવનના સૌથી લાંબા પ્રકરણનો અંત આવે છે. મારા જીવનઘડતરમાં મારા પરિણીત જીવનનો અતિ મહત્ત્વનો ફાળો છે. આ પ્રસંગે તેની નોંધ લઉં તો અયોગ્ય નહિ લેખાય એવી આશા રાખું છું.

મારી ૧૭ વર્ષની ઉમ્મરે મારું લગ્ન થયું. મારી પત્નીની ઉમ્મર ૧૪ વર્ષની હતી. મારા દાદાએ આ સંબંધ ક્યારે બાંધ્યો તેની મને ખબર નથી. મારા લગ્ન વખતનો એક પ્રસંગ નોંધવા જેવો છે: ૧૯૧૯માં મેટ્રિકની પરીક્ષા આપવા હું અમદાવાદ ગયો હતો. છેલ્લો પેપર ભૂમિતિનો બાકી રહ્યો તે દિવસે જલિયાનવાલા બાગની કત્લેઆમને કારણે અમદાવાદમાં મોટાં તોફાનો થયાં. પરીક્ષાનો તંબુ બાળી નાખ્યા... ઘણા વિદ્યાર્થીઓ ગોળીબારના ભોગ બની મરણ પામ્યા અને ઘાયલ થયા. આઠ દિવસ ઘરમાં ભરાઈ રહેવું પડ્યું. ભૂમિતિના પેપરની પરીક્ષા દોઢ મહિના પછી વડોદરા લેવાનું નક્કી થયું. તે જ દિવસે મારાં લગ્ન હતાં. મેં લગ્નને પસંદગી આપી. ગણિત અને બીજગણિતના પેપર સારા લખ્યા હતા તેથી પાસ થવાની ખાતરી હતી. ફર્સ્ટ કલાસ ગુમાવ્યો.

મારા લગ્નસમયે અમારી આર્થિક સ્થિતિ ઘણી સાધારણ હતી. મારા પિતાશ્રી મુંબઈમાં હતા. એક નાની ઓરડીમાં અમે રહેતા. લગ્ન પછી ૬ વર્ષ, એમ. એ, એલએલ. બી. સુધી મેં અભ્યાસ કર્યો તે સમય દરમ્યાન મારી પત્ની મોટે ભાગે મારા દાદા પાસે મારા ગામડે રહેતી. મને એમ રહ્યું છે કે, લગ્નજીવનની શરૂઆતનાં આ છ વર્ષો અમે સાથે રહી ન શક્યાં તેથી અમારી પરસ્પર ઓળખ અને સમજણ જેટલી થવી જોઈએ તેટલી ન થઇ શકી. ૧૯૨૫માં મારા પિતાશ્રીએ મુંબઇ છોડ્યું પછી મારી પત્ની મારી સાથે રહેવા આવી. તે સમયે હું તોતડું બોલતો તેથી એડવોકેટ થવાને બદલે સોલિસિટર થવાનું નક્કી કર્યું. તે માટે પાંચ હજાર રૂપિયા ભરવા પડે તેથી લોન લીધી. આર્ટિકલ કલાર્ક તરીકે માસિક રૂપિયા ૬૦ મળતા, તેનાથી મારું ઘરખર્ચ નીકળતું. સાદાઇ અને કરકસર મારી પત્નીમાં ખૂબ હતાં. મારી જિંદગીમાં તે કાયમ રહી. ૧૯૨૮માં સોલિસિટર થયો. તુરત ગંભીર માંદગી આવી. ડૉક્ટરોએ ક્ષય રોગ કહ્યો. ઓપરેશન કર્યું. મુંબઈ છોડવા કહ્યું. લગભગ ૪-૫ વર્ષ અસ્વસ્થ તબિયત રહી, પણ મુંબઈ છોડ્યું નહિ. સોલિસિટરનો ધંધો બીજે નથી; પણ અત્યંત નિયમિત, કાળજીપૂર્વક અને સંયમથી રહેવાનો નિર્ણય કર્યો અને દેહ ટકાવી રાખ્યો.

મારી પત્ની ચાર ગુજરાતી ચોપડી ભણી હતી. મારી અને તેની પ્રકૃતિ વચ્ચે મોટું અંતર હતું. તેનો સ્વભાવ તેજ, આગ્રહી અને કાંઈક લોભી હતો, પણ ભોળી હતી. મનમાં આવે તે બોલી નાખે. તેને ખાવાપીવાનો શોખ, બીજાને ત્યાં જવું–આવવું અને વાતો કરવી ગમે. મારો સ્વભાવ કાંઈક એકલવાયો. ૧૯૩૩ થી મારું જાહેર જીવન શરૂ થયું અને વધતું ગયું. આ તેને બહુ પસંદ ન હતું. આ બાબતમાં હું નમતું મૂકું તેમ ન હતું. મારી જીવન-નૌકાનું સુકાન મારા હાથમાં જ હતું. તેની દિશા મારે બદલવી ન હતી. ૧૯૪૪માં મારા મોટા દીકરાનું લગ્ન થયું. તેના સુખ માટે તેને જુદા રહેવાની મેં સગવડ કરી આપી. ૧૯૪૫માં મારી પત્નીને મૃત બાળકનો જન્મ થયો. ત્યારથી અમે જુદા રૂમમાં સૂવાનો નિર્ણય કર્યો. ૧૯૪૮માં હું વિધાનસભામાં અને ત્યાર પછી ૧૯૫૭ સુધી હું લોકસભામાં રહ્યો ત્યારે મારી પત્નીને એકલા રહેવું પડતું. ૧૯૫૦માં હું ન્યૂ ઝિલેન્ડ ગયો ત્યારે સ્ટીમર ઉપર વળાવવા આવી હતી; પણ સૂનમૂન હતી. વળતાં મોટરમાં બેઠી અને તૂટી પડી. ચિત્તભ્રમ થઈ ગયું. મારા દીકરાએ મને ખબર ન આપી; બલ્કે મારી પત્નીના હાથે એક સારો કાગળ લખાવ્યો. બે મહિના પછી હું પાછો આવ્યો ત્યારે જ મને ખબર પડી. આવી રીતે ત્રણ ચાર વખત તેણે માનસિક સમતુલા ગુમાવી હતી અને મહિનાઓની સારવાર પછી ઠેકાણે આવતું. ૧૯૫૭માં મેં પાર્લમેન્ટ છોડી– પછી તેને ઠીક હતું. પણ મારું જાહેર જીવન ઘણું વધ્યું. ૧૯૫૯માં મને મોટો માંદવાડ આવ્યો. કેન્સર હશે એમ લાગ્યું. ડૉ. બાલીગાએ ઓપરેશન કર્યું ત્યારે મૃત્યુની બધી તૈયારી કરી હું હોસ્પિટલમાં ગયો હતો. સદ્‌ભાગ્યે કેન્સર ન નીકળ્યું. ૧૯૫૯માં મારો નાનો દીકરો અમેરિકા ગયો અને વળી અમે બે જ રહ્યાં. ૧૯૬૩માં મારા પિતાશ્રીનું અવસાન થયું. ૧૯૬૪માં મારો નાનો દીકરો આવ્યો અને ૧૯૬૫માં તેનું લગ્ન થયું.

૧૯૬૫ પછીનાં આઠ વર્ષ અમારાં, સારી પેઠે શાન્તિનાં ગયાં. ડહોળાયેલાં નીર નીતર્યાં હતાં. તેની પ્રકૃતિમાં સારી પેઠે ફેર પડ્યો હતો. મારા નાના દીકરાને ૧૯૬૭માં પુત્રી જન્મી, તે ઘણી સુંદર અને બહુ વહાલી લાગે તેવી છે. મારી પત્નીને આ પુત્રી–ઉમા–ઉપર અનહદ વહાલ હતું. તેને કોઈ ઉપર ખરો પ્રેમ થયો હોય તો આ પુત્રી ઉપર હતો!

છેલ્લાં પાંચ વર્ષમાં તેની તબિયત ઉત્તરોત્તર બગડતી રહી. છેલ્લાં બે વર્ષ પથારીવશ રહી. મારાથી બનતી બધી ચાકરી મેં

કરી. ૧૯૭૧માં લોકસભા માટે ઉમેદવારી કરવા મને કહેવામાં આવ્યું, પણ મારી પત્નીને છોડીને જવાની મારી ઈચ્છા ન હતી. મારા તરફનો તેને સંતોષ હતો. કેટલીકવાર તે કહેતી, ભગવાન સો ભવ તમારું ભલું કરશે.

છેલ્લાં બે વર્ષ મારી પત્નીની ગંભીર માંદગીમાં અમને એક મોટું આશ્વાસન મારી બા તરફનું હતું. મારી માતા, હું બે વર્ષનો થયો ત્યારે ગુજરી ગયાં હતાં. મારી આ બાને કાંઈ સંતાન નથી. મારા ઉપર અનહદ પ્રેમ છે. મારે કોઈ ભાઈ-બહેન નથી. મારી પત્ની અને મારી બાને મેળ ન હતો. મારા પિતાશ્રીના અવસાન પછી પણ તેઓ લીંબડી રહેતાં. હાલ ૮૫ વર્ષની ઉંમર છે. છેલ્લાં બે વર્ષથી મારી સાથે રહે છે. અત્યંત ધાર્મિક વૃત્તિનાં છે. મારા પ્રત્યેના પ્રેમને લીધે અને મારી પત્ની પ્રત્યેના દયાભાવથી તેમણે પણ મારી પત્નીની ખૂબ ચાકરી કરી છે. મારી પત્નીને પણ સંતોષ હતો.

મેં કોઈ દિવસ બીજી પત્ની કરવાનો અથવા કોઈ અન્ય માર્ગ લેવાનો વિચાર કર્યો નથી. આ બાબતમાં મારી પત્નીને મારા ઉપર પૂરો વિશ્વાસ હતો.

અમારો સહવાસ હતો, સાહચર્ય હતું એમ ન કહેવાય. ૧૯૩૫થી ૧૯૪૫ના ગાળામાં એવું બન્યું છે કે તેનો માનસિક બોજો વધી જતો ત્યારે મને કહેતી કે આના કરતાં સન્યાસી થઈ ગયા હોત તો સારું, એમ જ માનત કે નથી. મને માનસિક બોજો વધી જતો ત્યારે ગૃહત્યાગ કરવાના વિચારો આવતા. એક–બે વખત તૈયારી કરી, પણ તેમાં કાયરતા લાગી અને કસોટીનો સામનો કરવાનો નિર્ણય કર્યો. તે સમયમાં દાદાભાઈ નવરોજીનું જીવનચરિત્ર વાંચેલું. તેમનું ગૃહજીવન ઘણું કરુણ હતું, તે મહાપુરુષે ધૈર્યથી સહન કર્યું. તેમાંથી મને પ્રેરણા મળી. એક વાત એ પણ શીખ્યો કે ગૃહજીવન જેવું છે તેવું દેખાડવું, તેના ઉપર કોઈ ઢાંકપિછોડો ન કરવો. પરિણામે મારે કોઈ દેખાવ કરવો પડયો નથી. મિત્રો અને સંબંધીઓ મારી પરિસ્થિતિ જાણતા.

મારે સહન કરવું પડયું છે તે માટે મારા પ્રત્યે બધાની સહાનુભૂતિ રહી છે. મને તેનો કાંઈક યશ મળ્યો છે. પણ મારા તરફથી મારી પત્નીને કેટલું સહન કરવું પડયું છે તે કોઈ જાણતા નથી. મારો સ્વભાવ પણ આગ્રહી–છેવટ તેને જ નમતું મૂકવું પડતું. તેના પ્રત્યેની મારી ફરજમાં હું ધારું છું મેં ઊણપ આવવા નથી દીધી, પણ તેને કારણે મારા જીવનની દિશા મેં બદલાવી નથી. મારું કાર્યક્ષેત્ર કોઈ વખત મર્યાદિત કરવું પડતું.

જે પ્રતિકૂળતાથી મને જીવનમાં નિરાશા સાંપડત અથવા જેનાથી કદાચ હું ભાંગી પડત તેને મેં મારી જીવનસાધનાનું અંગ બનાવ્યું અને અંતરબળ કેળવવાનું સાધન કર્યું. ખૂબ ધીરજ, સહનશીલતા અને સંયમ કેળવવાં પડયાં. ફિલસૂફીનો અભ્યાસ હતો, મન અંતર્મુખ થયું.

મારી પત્નીના અવસાનથી મને વૃદ્ધાવસ્થાનો કે એકલતાનો ભાર લાગશે એમ જણાતું નથી; એટલું જ કે મારો જવાબ લેવાવાળું કોઈ ન રહ્યું. એકલતામાંથી બચવા મારે કામ શોધવું પડે કે બીજાનો સહવાસ જોઈએ એવું નથી. મારું મન ભરેલું છે. ચિન્તન - મનન નિરંતર ચાલે છે. જીવનનો હવે જે થોડો શેષકાળ રહ્યો છે તેમાં આ ચિન્તન–મનન વધશે એમ લાગે છે. બહારથી હું બધી પ્રવૃત્તિ કરું છું; પણ ઘરમાં, ધંધામાં કે કોઈ જાહેર પ્રવૃત્તિમાં મારું મન ખૂંત્યું નથી–ખૂંતવા દીધું નથી. આવી વૃત્તિથી કાર્યકુશળતા આવી છે, સાચું સુખ અનુભવ્યું છે, નિરાશા થઈ નથી. મારું અંતર–જીવન એ જ ખરું જીવન છે.

મારા અંતરની વાત મેં આજે લખી છે. તેમાં કોઈ વિશેષતા નથી, આવું ઘણાંને હશે. નમ્રતાપૂર્વક એટલું કહું કે આ લખવામાં આત્મશ્લાઘાનો લેશ પણ ભાવ નથી–જે છે અને અનુભવ્યું છે તે અતિ સંક્ષેપમાં લખ્યું છે.

ચીમનલાલ ચકુભાઈ

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## શાસક અને સંસ્થા કૉંગ્રેસ

શ્રીમતી ઈન્દિરા ગાંધી અને કામરાજ વચ્ચે મહિનાઓથી ચાલતી વાટાઘાટોના પરિણામે હવે સમજૂતી થઈ છે કે પોન્ડીચેરીમાં થવાની ચૂંટણી અને તામિલનાડુમાં લોકસભાની બે પેટા - ચૂંટણીની બાબતમાં શાસક અને સંસ્થા કૉંગ્રેસ પરસ્પર સહકારથી કામ કરશે આ સમાચાર ખૂબ આવકારદાયક છે. આ પહેલું પગલું છે, અને તેના પરિણામે શાસક અને સંસ્થા કૉંગ્રેસ એક થઈ જાય એ સંભવ છે. ૧૯૬૯માં કૉંગ્રેસમાં ફાટફૂટ પડી તેથી દેશને ઘણી હાનિ થઈ છે. ઈન્દિરા ગાંધીના વ્યકિતત્વને કારણે શાસક કૉંગ્રેસે ૧૯૭૧માં લોકસભા અને ૧૯૭૨માં રાજ્ય ધારાસભાઓની ચૂંટણીઓમાં મોટી બહુમતી મેળવી, પણ રાજકીય સ્થિરતા વધવાને બદલે ઓછી થતી ગઈ. દેશ મોટી આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે, તેવે સમયે રાજકીય સ્થિરતા આ કટોકટીને પહોંચી વળવા અતિ આવશ્યક છે. શ્રી કામરાજે અંગત પ્રતિષ્ઠાને બાજુ રાખી દેશના હિતમાં આ પગલું લીધું તેને માટે તેઓ અભિનંદનને પાત્ર છે. ઈન્દિરા ગાંધી અને શાસક કૉંગ્રેસને હરાવવા અથવા તોડી પાડવા શકય ન હતું, હિતાવહ ન હતું. ઈન્દિરા ગાંધી સામ્યવાદી અને ઉદ્દામવાદી બળોથી વીંટળાઈ ગયાં છે. તેમને પોતાને આ વાતની પ્રતીતિ થઈ હોય તેમ જણાય છે. આ પરિસ્થિતિમાંથી છૂટવાનો એક જ માર્ગ હતો કે મધ્યમમાર્ગી તત્ત્વોએ તેમને ટેકો આપવો અને સામ્યવાદીઓની પકડમાંથી છૂટવાનો માર્ગ મોકળો કરી આપવો. સંસ્થા કૉંગ્રેસના કેટલાક આગેવાનોને આ વાત ગળે ઊતરતી નથી, પણ કામરાજે દીર્ઘ દૃષ્ટિથી આ નિર્ણય કર્યો એટલે સંસ્થા કૉંગ્રેસના મોટા ભાગના કાર્યકર્તાઓ અને આગેવાનો આ વાસ્તવિક હકીકત સ્વીકારશે એમ જણાય છે. ઈન્દિરા ગાંધી પણ કોઈની માનહાનિ ન થાય એ રીતે કામ લેશે - અને તેમ કરશે જ–તો પ્રજામાં વિશ્વાસ પેદા થશે. સંસ્થા કૉંગ્રેસના પીઢ આગેવાનોનાં સલાહ અને માર્ગદર્શન ફરી શાસક કૉંગ્રેસને મળશે. કામરાજે આ પગલું ન લીધું હોત તો ઈન્દિરા ગાંધીને પોતાની સત્તા ટકાવી રાખવા જે પગલાં લેવાં પડત તે દેશને હાનિકારક થાત. કોઈ પણ શકિતશાળી રાજકીય નેતા પોતાની પ્રતિષ્ઠા અને સત્તાને અગ્રસ્થાન આપે તે સ્વાભાવિક છે. ઝીણાંને કૉંગ્રેસમાં સ્થાન ન રહ્યું ત્યારે તેના જેવો રાષ્ટ્રવાદી નેતા કટ્ટર કોમવાદી બન્યો. બધાએ દેશનું હિત જેવું જોઈએ, છતાં તેમ હંમેશાં બનતું નથી. વિરલ વ્યકિતઓ જ પોતાના અહંને છોડી શકે છે. માનવસહજ આ નિર્બળતા જનતાના ભારે અહિતમાં પરિણમે છે એવો અનુભવ દુનિયાના દરેક દેશમાં થયો છે. શાસક અને સંસ્થા કૉંગ્રેસના નજીક આવવાથી આર્થિક કટોકટી તુરત મટી જશે અથવા હળવી થશે તેમ નથી, પણ ઘેરી નિરાશાના વાતાવરણમાં આશાનું કિરણ પ્રકટે એટલું પણ આવકારદાયક છે.

## ઓવર - ટાઈમનો રોગ

બે દિવસ પહેલાં શ્રી ચવ્હાણે એક પ્રશ્નના જવાબમાં લોકસભામાં કહ્યું કે આ વર્ષના જાનેવારીથી જૂનના છ મહિનામાં રાષ્ટ્રીય બેન્કોએ ૪૧૫ લાખ રૂપિયા ઓવરટાઈમના ચૂકવ્યા છે. તેનાં કારણોમાં તેમણે જણાવ્યું કે કામના સમય દરમ્યાન કર્મચારીઓ આન્દોલન કરે છે, સામાન્ય હોવી જોઈએ તે કરતાં વધારે ગેરહાજરી રહે છે, અસહકાર કરે છે અને અમુક પ્રકારનું કામ ઓવરટાઈમ અપાય તો જ કરવાનો આગ્રહ રાખે છે. બીજા એક પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું કે ૧૯૭૨ - ૭૩ના વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકારના કર્મચારીઓને ૫૧ કરોડ રૂપિયા ઓવરટાઈમના ચૂકવાયા છે.

ઈન્ડિયન એર-લાઈન્સમાં લગભગ અઢી કરોડ રૂપિયા ઓવરટાઈમના ચૂકવાતા હતા તે અટકાવવા કામના કલાકોમાં ફેરફાર કર્યો તો કર્મચારીઓએ અસહકાર કર્યો અને છેવટે એર લાઈન્સને તાળાબંધી જાહેર કરવી પડી. પરિણામે લગભગ ૧૫૦૦૦ કર્મચારીઓ પોતાનો પગાર ગુમાવશે અને એર લાઈન્સને રોજનું પંચાવન લાખ રૂ.નું નુકસાન થશે. આ પરિસ્થિતિ દરેક સરકારી, અર્ધસરકારી ખાતાઓમાં, કંપનીઓમાં, વેપારીઓને ત્યાં અને બધે સ્થળે છે. કામચોરી રાષ્ટ્રીય રોગ થઈ પડયો છે. ઓવરટાઈમ મેળવવા કામના સમય દરમ્યાન કામ ન કરવું એ સામાન્ય થઈ પડયું છે. ચારે તરફથી એ ફરિયાદ સાંભળીએ છીએ કે કામ થતું જ નથી. એક કલાકના પાંચ કલાક થાય. એક દિવસનો એક મહિનો થાય. આર્થિક કટોકટી માટે સરકારને દોષ દઈએ, પણ પ્રજા તરીકે આપણે પ્રમાદી રહીએ તો પરિણામ આપણે જ ભોગવવાં પડે. પગાર કે મોંઘવારીભથ્થાં ગમે તેટલાં વધારીએ તો પણ પ્રામાણિકપણે કામ કરવાની વૃત્તિ થતી નથી. આ મહારોગે આપણને ઘેરી લીધા છે. મજૂરઆગેવાનો રાજકીય હેતુથી આ વૃત્તિને ઉત્તેજન આપે છે. મોંઘવારી વધતી જાય છે તે ખરું છે, પણ તેનો ઉપાય ઉત્પાદન વધારવું એ જ છે. જ્યારે આપણે ઉત્પાદન ઘટાડવા તરફ જ વળીએ છીએ– માત્ર મજૂરો નહિ પણ સારો પગાર મળતો હોય તેવા હોદ્દાના અમલદારો પણ આ માર્ગે જઈ રહ્યા છે. એરલાઈન્સના પાઈલોટો, એન્જિનિયરો, બેન્કના અને વીમાના ઓફિસરો, બધા ઓછામાં ઓછું કામ કરી વધુમાં વધુ પગાર લેવો એ વૃત્તિના રહ્યા છે. જે કાંઈ વેતન મેળવીએ તેનું પૂરું વળતર આપવું એ ભાવના રહી નથી.

ખરેખર કામનો બોજો વધારે હોય તો વધારે માણસો રોકવા, જેથી મોટા પ્રમાણમાં બેરોજગારી છે તે ઓછી થાય - પણ ઓવરટાઈમનો રોગ જવો જોઈએ. અનુભવ તો એવો છે કે ગમે તેટલા વધારે માણસો રોકીએ તો પણ આ રોગ જતો નથી.

આ પરિસ્થિતિનું એક બીજું કારણ છે, તેનો ઉલ્લેખ કરવો જોઈએ. દરેક ચીજવસ્તુની ભારે ખેંચ છે તેનો પૂરો લાભ ઉઠાવી, વેપારીઓ અને કંપનીઓ મોટી કમાણી કરે છે. તેનો મોટો ભાગ કાળાં બજારનાં નાણાં રૂપે મેળવે છે. કંપનીઓના ઉચ્ચ કક્ષાના અમલદારો મોટા પગાર લે છે. એક કંપનીના મેનેજિંગ ડાયરેકટરને માસિક દસ હજાર રૂપિયાનો પગાર હોય અને તે ઉપરાંત રહેઠાણ, મોટર, તબીબી ખર્ચ વગેર બીજા સીધા અને આડકતરા ઘણા લાભો મળે ત્યારે તેની નીચેના માણસો એવી જ અપેક્ષા રાખે તેમાં નવાઈ નથી. કાળાં બજારનું નાણું જેને મળે છે તે લોકો ઉપભોગમાં ખૂબ ખરચ કરે અને વૈભવી જીવન ગાળે એ સામાજિક ગુનો છે. પાઘડીનો વળ છેડે આવે તેમ, આ બધો બોજો અંતે જનતાને માથે પડે છે અને મોંઘવારી વધે છે. આવક અને મિલકતની આટલી મોટી વિષમતાઓ ઈર્ષાનું વાતાવરણ સર્જે છે અને સ્ફોટક પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. સાદાઈ અને કરકસરની ઘણી વાતો કરીએ છીએ પણ વર્તનમાં શૂન્ય છે.

પોતાના પ્રામાણિક પુરુષાર્થ વિના કોઈ સમાજ કે પ્રજા ઊંચાં આવે નહિ. જાપાન, જર્મની વગેર દેશો ભાંગીને ભૂકો થયા હતા તે અત્યારે સમૃદ્ધિને શિખરે છે, તે પ્રામાણિક મહેનતનું પરિણામ છે. સરકાર કે રાજકીય આગેવાનોને દોષ દઈ સંતોષ માની શકીએ તેમ નથી. પ્રજાના દરેક વર્ગને આ રોગ લાગુ પડયો છે.

## ચૂંટણીની લાંચ

ઉત્તર પ્રદેશમાં બે મહિના પછી આવી રહેલ ચૂંટણી શાસક કોંગ્રેસ માટે બહુ મહત્ત્વની છે. ઈન્દિરા ગાંધી તેના ઉપર ખૂબ લક્ષ આપી રહ્યાં છે. કમલાપતિ ત્રિપાઠી ઉપર દબાણ લાવી તેમને સ્થાને બહુગુણાને મુખ્ય મંત્રી નીમ્યા. બહુગુણાએ ટૂંક સમયમાં જ પોતાની નિમણૂક સાર્થક કરી બતાવી છે. તેમણે ત્રણ જાહેરાતો કરી છે. શેરડીના ભાવ વધારી દીધા, પરિણામે એક કરોડ ખેડૂતોને લાભ થશે. સરકારી નોકરોના મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો, ૬ લાખ નોકરોને લાભ થશે. ૮૦ હજાર શિક્ષકો અને શાળાઓના બીજા કર્મચારીઓનો પગારવધારો કર્યો. પરિણામે મોટી સંખ્યાના મતદારોને જીતી લેવા કરોડો રૂપિયા સરકાર ખરચશે અને ખાંડના ભાવ વધશે તેનો બોજો પ્રજાને માથે પડશે. ચૂંટણી સમયે મતદારોને મનાવી લેવાની આ રીત સત્તાસ્થાને હોય તે રાજકીય પક્ષ બધા દેશોમાં અજમાવે છે. સંસદીય લોકશાહી છે એવા દેશો - બ્રિટન, અમેરિકામાં — ખાસ. શાસક પક્ષ ચૂંટાયા પછી બીજી ચૂંટણી આવે ત્યાં સુધીમાં ઠીકઠીક ટીકાને પાત્ર થાય છે. ચૂંટણી સમયે આપેલ વચનો પૂરાં કરી શકયા ન હોય અથવા બીજાં કારણોએ પણ આર્થિક પરિસ્થિતિ કથળી હોય અને લોકમત વિરૂદ્ધ થતો જાય તેમ જ વિરોધ પક્ષો પ્રચારથી આવી પરિસ્થિતિનો પૂરો લાભ ઉઠાવવા પ્રયાસ કરે ત્યારે, શાસક પક્ષના હાથમાં સત્તા હોવાને કારણે મતદારોને આવા લાભ આપી તત્કાળ પોતા તરફ આકર્ષવાનો પ્રયત્ન થાય છે, સીધી લાંચ આપી મતદારોને ખરીદવાનો પ્રયત્ન થાય તે કરતાં આવી આડકતરી લાંચ વધારે અસરકારક થાય છે.

## બ્રેઝનેવની મુલાકાત

રશિયાના સર્વોચ્ચ નેતા શ્રી બ્રેઝનેવની મુલાકાતને ભારત અને રશિયા બન્ને દેશોએ ખૂબ મહત્ત્વ આપ્યું છે. ૨૦૦ જેટલા સાથીઓના મોટા કાફલા સાથે બ્રેઝનેવ આવ્યા છે. ભારે ધામધૂમથી તેમનું ભવ્ય સ્વાગત થયું. દેશનાં વર્તમાનપત્રોએ તેમની મુલાકાતનો આવકારી છે અને તેના લંબાણ અહેવાલો પ્રકટ કરે છે. મોસ્કોના પત્રોમાં પણ તેની વિગતથી નોંધ લેવાય છે. રશિયન પ્રજા આ મુલાકાતને જોઈ શકે તે માટે ટેલિવિઝનની ખાસ વ્યવસ્થા થઈ છે. ઈન્દિરા ગાંધી અને બ્રેઝનેવનાં પ્રવચનોમાં ભારપૂર્વક જણાવાયું છે કે ભારત અને રશિયા સદા મિત્રો રહ્યાં છે અને એ મૈત્રી વધારે ગાઢ બનાવવાનાં વચનો અપાયાં છે. રાજકીય, આર્થિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે દીર્ઘકાળ માટે પરસ્પર સહકારના કરારો થશે. એ હકીકત સ્પષ્ટ છે કે ઈન્દિરા ગાંધીએ ભારત અને રશિયાને વધારે નજીક લાવવાનો નિર્ણય કર્યો છે. આનો અર્થ એમ નથી કે આપણે સામ્યવાદી અર્થતંત્ર કે તેની રાજકીય રચના સ્વીકારીએ છીએ. દરેક દેશની વિદેશનીતિ પોતાના રાષ્ટ્રના હિતને લક્ષમાં રાખી ઘડવી પડે છે અને તેમાં સંજોગો પ્રમાણે વખતોવખત ફેરફાર કરવો પડે છે. વર્તમાન સંજોગોમાં રશિયાની મૈત્રી ભારત માટે જરૂરની અને હિતાવહ છે. નિક્સન વર્ષોથી ભારતના વિરોધી રહ્યા છે. બીજા કોઈ પ્રમુખ આવે ત્યારે અમેરિકાની નીતિ કદાચ બદલાય, પણ નિક્સન છે ત્યાં સુધી ભારત સામે પાકિસ્તાન અને ઈરાનને તૈયાર કરે છે. ચીન સાથે મૈત્રી કરવાના નહેરુએ ભગીરથ પ્રયત્નો કર્યા. એશિયાના બે મહાન દેશો વચ્ચે સહકાર હોય તો પશ્ચિમી દેશોની સામે ગૌરવથી ટકી શકે એવી ભાવનાથી હિન્દી - ચીન કરાર કર્યા અને તિબેટ ચીનને સોંપ્યું, જે ભૂલ હવે સમજાય છે. ચીનનું અભિમાન એશિયામાં બીજો કોઈ - રશિયા અથવા ભારત - તેની બરોબરી કરે તે સહન કરતું નથી એટલે બન્ને દેશો સામે તેણે મોરચો માંડયો છે. પાકિસ્તાનના ભુટ્ટોએ અમેરિકા અને ચીનના હથિયાર બની સિમલા–કરાર છતાં ભારતવિરોધી વલણ ચાલુ રાખ્યું છે અને પ્રચારની માત્રા વધારી છે. કાશ્મીરમાં ઉશ્કેરણી કરે છે અને તોફાનો કરાવે છે. આપણી આર્થિક પરિસ્થિતિ વિકટ છે. આ સંજોગોમાં રશિયા સાથેની મૈત્રી અનિવાર્ય છે, લાભદાયક છે– તેનો અર્થ એમ નથી કે આપણે રશિયાથી દબાતા રહેશું અથવા સામ્યવાદ તરફ ઢળીશું. બ્રેઝનેવની વિદેશનીતિ મોટેભાગે સફળ થઈ છે. અમેરિકા સાથે સમજૂતી થઈ છે, જર્મની સાથે સમજૂતી કરી છે અને મધ્યપૂર્વમાં આરબ રાજ્યોને ટેકો આપી પોતાનું વર્ચસ્વ રાખ્યું છે. ભારત મોટો દેશ છે. ભારત સાથેની મૈત્રીથી એશિયામાં સલામતી અને શાન્તિ જાળવવાનો પ્રયત્ન છે. અમેરિકા ચીનને રાજી રાખવા ટાઈવાનનો ભોગ આપવા તૈયાર થયું છે. ચીન મોટા સામ્રાજ્યના સ્વપ્નો સેવતું હોય તેમ લાગે છે. ચીનની મહત્ત્વાકાંક્ષા રોકવા ભારત અને રશિયાની મૈત્રી જરૂરી છે. રાજકીય ક્ષેત્રે આ મૈત્રીથી સામ્યવાદી સી. પી. આઈ. પક્ષનો ઈન્દિરા ગાંધીને ટેકો રહેશે, છેવટ વિરોધ નહિ રહે. જ્યારે સંસ્થા કૉંગ્રેસ સાથેની સમજૂતિ થાય તો સામ્યવાદીઓનું કૉંગ્રેસમાં હાલ વર્ચસ્વ છે તે અટકશે. આર્થિક ક્ષેત્રે રશિયાની સહાય આવકારપાત્ર છે.

૨૮-૧૧-૭૩ ચીમનલાલ ચકુભાઈ

## ચક્રાકાર રસ્તો

જ્યારથી મારી ચારે બાજુ એકાંતનું તાળું વસાઈ ગયું (અને પહેલેથી તે સંપૂર્ણ હતું.) ત્યારથી જ હું જીવન અને જીવનકાર્ય વચ્ચે જે ઉત્તર અને દક્ષિણધ્રુવના જેટલું અંતર છે તે અનુભવતો આવ્યો છું. જીવનકાર્ય કેટલું દૂર છે? મર્લિન, દેવદૂતો કેટલા દૂર છે?

હું મારા રસ્તે ધીમે ધીમે આગળ વધીશ. હું હમેશાં એક ડગલું આગળ ભરીશ. હમેશાં તારાથી આગળ ને આગળ જતો જઈશ. હું જે જગ્યાએ જાઉં છું તેનું કંઈ નામ નથી. ત્યાં કોઈ યાદસ્મૃતિ ટકતી નથી. ત્યાં જે આવે છે તે જાણે મરેલા વચ્ચે આવતો હોય તેમ પોતાની સમગ્ર શકિત દેવદૂતોને સોંપી દે છે. હું તારાથી દૂર જાઉં છું. મર્લિન, પણ મારો રસ્તો ચક્રાકાર છે. દરેક ફેરો પૂરો થતાં હું તારી પાસે આવીશ. દિવ્ય પક્ષીને તીરથી મારવા પણછ ખેંચાયેલી છે. જો તીર છૂટશે તો તે પક્ષીને માર્યા વગર આરપાર નીકળી જશે અને અનંત ઊંચાઈએથી પાછું તે તારા હૃદય પર પડશે.

મારા હૃદયની વાતો કરવાની આશા તું મારી પાસે રાખીશ નહિ, હું તે બાબત શાંત રહીશ. એકાગ્ર બનવા માટેની મથામણમાં જે કિંમત ચૂકવવી પડે તેનો હિસાબ માંડવા હું તૈયાર નથી.

પોતાની સમગ્ર શકિતના પ્રવાહનો દિશાપલટો કેટલીએ કટોકટીની પળો પસાર કર્યા વગર થઈ શકતો નથી. મોટા ભાગના કળાકારો આ સ્થિતિને ટાળે છે. આથી જ તેઓ પોતાના સર્જનના કેન્દ્રને કદી સ્પર્શી શકતા નથી. આ કેન્દ્રમાંથી સૌએ સર્જનના શુદ્ધ આવેગની શરૂઆત કરી હોય છે. જ્યારે જ્યારે તું કામની શરૂઆત કરે ત્યારે ત્યારે આ નિર્દોષ સ્થળ પહેલાં શોધી કાઢવાનું. દેવદૂતોએ સર્જનનો બંધનકર્તા સંદેશો તને પહેલીવાર આપ્યો ત્યારે તને આ જ જગ્યાએ જોઈ હશે. જંગલી ગુલાબોના ઝુંડ પાછળ સંતાયેલ આ બાંકડો તારે શોધી કાઢવો જોઈએ. તેના પર તું સૂતેલી. હવે આ વખતે તારે તેના પર સૂવાનું નથી. આ વખતે તો તારે પ્રાર્થના કરવાની છે. દેવદૂત દેખાય કે નહિ તારે તો તેને સમજાવી દેવાનો છે. આંસુથી નહિ પણ હમેશાં કંઈક શરૂ કરવાના અને હમેશાં પહેલ કરનાર થવાના અડગ નિશ્ચયથી.

અરે પ્રિય, મારા જીવનમાં મેં કેટલીવાર કહ્યું હશે કે કળાને તો કુદરતવિરોધી પ્રક્રિયા તરીકે જ હું કલ્પી શકું છું. પ્રભુને બિચારાને કદી પણ ખ્યાલ નહિ હોય કે આપણામાંથી કોઈ પણ અંતર્મુખ બનશે. સંતોને જ અંતર્મુખ થવા દેવાનું પરવડે, કારણ કે તેમને તો પ્રભુ પર તેના કિલ્લાના નબળા ભાગમાંથી ઘેરો ઘાલવો હોય છે. પણ આપણા જેવા બાકીના માણસો વ્યવહાર તરફ કે આપણા ભવિષ્ય તરફ બેદરકાર બનીએ છીએ ત્યારે કોની ઈચ્છા કરીએ છીએ? આત્મનિરીક્ષણની ખાડીમાં ભૂસકો મારીએ ત્યારે માનવસ્વભાવના ગુરુત્વાકર્ષણ કરતાં વધારે બળવાન સત્યનિષ્ઠાને વળગી રહીએ તો તે આપણને આખાને આખા ગળી જ જાય. વધારેમાં વધારે ભયંકર ક્ષણ મુકિતની ક્ષણ સાથે એકરૂપ હોય અને બલિદાનનો અર્થ આ ક્ષણની અનુભૂતિ એવો થતો હોય તો બલિદાન ફકત કલાસર્જનની અદમ્ય ઈચ્છાની તોલે આવી શકે. કલાસર્જનની આ ઈચ્છા કેટલી ચીકણી છે! બીજા બધા માણસો આ સહજમાં ભૂલી જાય છે. આપણે આ ઈચ્છાને જાગ્રત કરીએ છીએ, વિસ્તૃત કરીને ઊંડી બનાવીએ છીએ. પછી તો સૂતેલા આ રાક્ષસને જીતવા જેટલી દુશ્મનાવટ પણ હૃદયમાં હોતી નથી. જ્યાં સુધી વિજયમાં કોઈ ગૂઢ અર્થનું આરોપણ ના કરીએ ત્યાં સુધી અંતરમાં પોઢેલો ભોરીંગ નાથી ન શકાય. પણ જાગ્રત થઈએ છીએ ત્યારે એકાએક તેની સાથે ચાલતા હોય તેવું અનુભવીએ છીએ. ખબર પણ નથી પડતી કે આવું સમાધાન ક્યારે થયું! (ભયંકર સાથે કોમળને જોડતો ગોળાકાર પુલ).

પ્રિય, હું હવે કદી આવી વાતો તારી આગળ નહિ કરું. હું મૌનનું શરણ લઉં છું. ફકત ક્યારેક જ જીવનનો ધબકાર માત્ર સંભળાવા દઈશ.

[રિલ્કેના એક પત્રમાંથી : અનુ: દામોદર બલર
'ઉહાપોહ'માંથી]

## ઊંડા અંધારેથી પ્રકાશ તરફ

આજની દુનિયાના માનવીનો દંભ ટોચે પહોંચ્યો છે. એનું કારણ એ છે કે દંભીઓનો સમુદાય મોટા પ્રમાણમાં વધી ગયો છે. દરેકને દંભ પ્રિય થઈ પડયો છે. આજનો માણસ વાણી સત્ય વિશેની વદે છે, પરંતુ અસત્ય તેને પ્રેયસી જેટલું પ્રિય છે. તે આખી દુનિયાને તો બનાવે છે, પરંતુ પોતાના સ્વજનોને અને અંતે પોતાની જાતને પણ હર પળે છેતરી રહ્યો છે. તેનામાંથી ઈશ્વર સત્ય - અનુકંપા - સહૃદયતા - કરુણા - વિશે વિચાર કરવાની પણ વૃતિ અદશ્ય થઈ રહી છે, અને એ કારણે આખી માનવજાત આજે દુ:ખી દુ:ખી થઈ રહી છે. આજે 'સ્વ' તરફ કોઈનું લક્ષ્ય નથી. બીજી રીતે જોઈએ તો આજનો માનવી એટલો બધો 'સ્વ' લક્ષી બની ગયો છે કે જેને તેની પરાકાષ્ઠા કહી શકાય. પરંતુ એ 'સ્વ' દેહલક્ષી 'સ્વ' છે - પહેલું 'સ્વ' આત્મલક્ષી 'સ્વ' છે. દરેક પૂછે છે કે જગતમાં આટલી આટલી સમૃદ્ધિ વધી, આટલા આટલા સાધનો વધ્યા, સુવિધાઓ વધી, જેને ચમત્કાર ગણી શકાય એટલી હદે વિજ્ઞાન આગળ વધ્યું, એમ છતાં માનવીના દુ:ખમાં વધારો કેમ થતો રહે છે? સમૃદ્ધ ગણાતા દેશના માનવીઓ પણ આંતરિક શાંતિ માટે માનસિક શાંતિ માટે, દુનિયાના અલગ અલગ દેશોમાં કેમ ભટકતા થયા છે? આનો જવાબ એક જ છે કે, આજના માનવીઓ ભૌતિકતા તરફ દોટ મૂકી છે અને એ એવી ગાંડપણભરી દોડ છે કે એ કારણે માણસ પોતાની અસલ સંસ્કૃતિને વિસરી ગયો છે. પોતે એક માનવ છે એ પણ ભૂલી ગયો છે, અને એ કારણે માનવને ન શોભે એવાં માનવતાવિહોણા તેના વાણી અને વર્તન થતા ચાલ્યા છે. તેને આ સૃષ્ટિના સર્જનહાર વિષે પણ શ્રદ્ધા નથી રહી, તેની પણ તે ઉપેક્ષા કરતો થઈ ગયો છે અને એ કારણે તેને ઈશ્વરનો કોઈ ડર નથી રહ્યો. પાપનો કોઈ ડંખ નથી રહ્યો. અને એટલે તે લગામવિનાના ઘોડા જેવો, અંકુશ વિનાના હાથી જેવો થઈ ગયો છે, સ્વચ્છંદી બનતો ચાલ્યો છે. એટલે જેને પણ આ બધામાંથી છૂટવું હોય, માનસિક શાંતિની અપેક્ષા હોય, તેણે પોતાથી માણસ બનવાની શરૂઆત કરવી જોઈએ. આંતરદૃષ્ટિ કેળવવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ. પોતાની વૃત્તિને પળોટવી જોઈએ - પરિવર્તિત કરવી જોઈએ. જે એમ ન કરે તેનો તો અંધકારમય જગતમાં પ્રવાસ ચાલુ રહેવાનો જ છે - પ્રકાશની ઈચ્છાવાળાને તો પ્રકાશ સાંપડી જ રહે છે - ફકત તેના માટે પ્રયત્ન કરવો જોઈએ.

—શાન્તિલાલ ટી. શેઠ

## મનુષ્યનું દૃષ્ટિબિંદુ

મનુષ્યનું દૃષ્ટિબિંદુ જ તેનાં કાર્યો અને સ્થિતિને ઘડે છે. કાગ, ગજ અને સર્પ, આ ત્રણેય પોતાની એક ઈન્દ્રિયને બે ભિન્ન પ્રકારનાં કાર્યો કરવા માટે પ્રયોજે છે. એક આંખ વડે કાગડો બન્ને દિશામાં જુએ છે. હાથી પણ નાક તથા હાથ તરીકે પોતાની સૂંઢનો ઉપયોગ કરે છે. સર્પ પોતાની આંખ વડે જુએ છે તથા શ્રવણ કરે છે. જો તમે એમ કહો કે કાગડાને એક જ આંખ છે અથવા બે આંખો છે તો તે સરખું છે. એ જ રીતે હાથીની સૂંઢને તમે હાથ કહો અને સાપની આંખોને નાક કહી સંબોધો તો પણ એમાં શો ફેર પડવાનો છે? આ રીતે જ્ઞાનીને મન સુષુપ્ત - જાગૃતિ કે જાગ્રત સુષુપ્તિ કે સ્વપ્નમય જાગૃતિ એ બધું સરખું છે.

# દાદાભાઈનું દામ્પત્યજીવન

દાદાભાઈ નવરોજીના ગૃહજીવનમાં હવે ડોકિયું કરીએ.

ઓગણીસમી સદીની મધ્યમાં આપણા દેશને બૌદ્ધિક માર્ગ-દર્શન પૂરું પાડનાર લગભગ બધા જ આગેવાનોના જીવનનું એક કરુણ તત્ત્વ, તેમની પત્નીઓનાં બૌધિક સાહચર્ય અને સહકારના અભાવનું હતું. આમ છતાં, દાદાભાઈના જેવી ઘેરી કરુણાની સ્થિતિ બીજા કોઈ કિસ્સામાં નહિ હોય, તેની વિગતમાં બહુ ઊતરવાની જરૂર નથી, પણ ૧૮૬૩ના સપ્ટેમ્બરમાં તેમને તાબડ-તોબ લંડનથી મુંબઈ પાછા ફરવું પડયું તે પાછળની ભૂમિકા સમજવા તેમના જીવનના આ ભાગ પરથી અંશત: પડદો હવે ઊંચકવો જોઈએ.

એ સમયમાં ઘણા ભદ્ર પારસીઓ માનતા તેમ લગ્નો જો સ્વર્ગમાં નક્કી થતાં હતાં, તો દાદાભાઈ માટે ગુલબાઈની વધૂ તરીકેની પસંદગી એ સર્જનહારની અકળ લીલાનું એક હૃદયવિદારક ઉદાહરણ હતું. એ કાળની નિરક્ષરતાની સર્વસામાન્ય ખામીઓથી ભરેલી હોવા ઉપરાંત ગુલબાઈ જરાય આકર્ષક ન હતી અને બોલ-વામાં તથા રીતભાતમાં કઢંગી હતી. દાદાભાઈએ તેને કેળવવા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, પણ અભ્યાસ માટે તેણે જરાસરખી ય રુચિ દાખવી નહિ. તે વાંચી કે લખી શકતી પણ નહિ.

દાદાભાઈએ પડયું પાનું નિભાવી લીધુ. આ કજોડાની સ્થિતિએ તેમના મનની શાંતિને કોઈ રીતે ક્ષુબ્ધ થવા દીધી નહિ કે સ્નેહને અન્ય પાત્ર તરફ વળવા દીધો નહિ; ઊલટાનું, એમનામાં જે કાંઈ શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ હતું તે પ્રગટ કરવામાં એ સ્થિતિએ સહાય કરી. ભલે ગમે તેવી કજોડાની સ્થિતિ હતી, પણ તેમણે માયાળુ-પણાની કે વફાદારીની ખામી બતાવી ન હતી. શકય હોય ત્યારે તેઓ તેને બહાર લઈ જતા અને જીવન વિશેની તેની દષ્ટિને વિશાળ બનાવવા અને તેવી સ્થિતિમાં કોઈ પણ હોઈ શકે તેવી સુખી તેને બનાવવા તેણે વિરલ ગણાય એવી ધીરજ અને આત્મ-ત્યાગની ભાવના સાથે વારાફરતી પતિ અને શિક્ષકનો પાઠ ભજવ્યો.

દાદાભાઈ પોતાના આ નસીબથી ભલે પૂરા સંતુષ્ટ ન હતા, પણ તેમણે તે વિશે મન મનાવી લીધું હતું એમાં શક નથી. આમ છતાં તેમની માતાની બાબતમાં આમ ન હતું. પોતાનો પુત્ર જીવનમાં ઉચ્ચ પ્રતિષ્ઠાને સ્થાને પહોંચતાં તેમને પોતે - પુત્રને કિશોરવયે તેની અર્ધાંગના બનવા અશક્તિમાન એવી બાળા સાથે અવિચારીપણે પરણાવી દેવાની કરેલી ભૂલના મહાઅપરાધની પ્રતીતિ થવા લાગી. સમાજમાં કેવો ઊંચો દરજ્જો એ ધરાવતો હતો! ભાવિમાં કેવા વધુ ઊંચા હોદ્દા અને કેવી વિશેષતાઓ તેને માટે નિર્માયાં હતાં! આવા તેજસ્વી યુવાનને જીવનમાં એક સર્વગુણસંપન્ન સાથીદારનાં પ્રેરક સહચાર, બૌદ્ધિક સહયોગ અને ઉત્સાહપ્રેરક સહાય મળવાની જરૂર હતી. આ ભૂલને સુધારી લેવા હજી પોતે કંઈક ન કરી શકે? જો કે, આ સમય સુધીમાં દાદાભાઈ, ૧૮૫૯માં જન્મેલા એક પુત્રના પિતા બની ચૂકયા હતા. એમ છતાં ય એમની માતાને લાગતું હતું કે ભૂલને સુધારી લેવા માટે હજી બહુ મોડું થયું નથી!

એ કાળે એક પારસી ગૃહસ્થ માટે બીજી પત્ની કરવાનું તદ્દન સાધારણ ન હતું. જરથોસ્તી ધર્મમાં દ્વિપત્નીત્વ સામે વિરોધ હતો, પણ ધાર્મિક પ્રતિબંધનો સખતાઈથી અમલ કરાતો નહિ. પારસી પંચાયતની સરમુખત્યારીના દિવસોમાં વડેરાઓની પરવાનગી મેળવીને એક પારસી બીજું લગ્ન કરી શકતો અને અપવાદરૂપ કિસ્સાઓમાં આવી છૂટ આપવામાં આવતી. ઓગણીસમી સદીના મધ્યકાળના અરસામાં જો કે પંચાયતે તેની બધી સત્તા ગુમાવી દીધી હતી અને ખાસ કરીને, દ્વિપત્નીત્વને સજાપાત્ર ફોજદારી ગુનો બનાવતા પારસી લગ્ન કાનૂનો પસાર કરાયા તેની પૂર્વસંધ્યાએ ઘણા પારસી-ઓએ પ્રથમ પત્નીની હયાતીમાં જ બીજી પત્ની કરી લીધી હતી. દાદાભાઈ પણ આવું કરે એવી તેમની માતાની ઇચ્છા હતી, પણ દાદાભાઈ અંત:સ્ફૂરણાથી જ ધૃણાસ્પદ લાગતી આ દરખાસ્તથી વિમુખ રહ્યા હતા.

માતાની ઇચ્છાઓનો અનાદર કરવાનું તેમને માટે કષ્ટમય હતું. છતાં દાદાભાઈને એમ લાગ્યા વિના રહ્યાં નહિ કે માતાનું વલણ આ બાબતમાં ગેરવાજબી અને અન્યાયી હતું. બીજી બાજુ, એમની માતાને એમ લાગ્યુ હતુ કે દાદાભાઈ જડ અને જક્કી હતા. સંતપણું અને આત્મ-ત્યાગ એ સારા ગુણો છે, પણ દરેક સદ્‌ગુણમાં અતિરેક થાય ત્યારે તે, ભલે એક ગુનામાં નહિ, એક મૂર્ખાઈમાં તો પલટાઈ જાય છે, અને માતાને લાગતું હતું કે દાદા-ભાઈ આ રીતે પોતાના જીવનનો ભોગ આપવામાં વાજબી ન હતા. બુદ્ધિ ઉપર લાગણીને સવાર થવા નહિ દેવા દાદાભાઈને સમજાવવા છેવટે માતાએ પોતાના ભાઈ રૂસ્તમજી દેસાઈને અરજ કરી. માતાની સલાહ શિરોધાર્ય ગણવા ભાણેજને સમજાવવાનો મામાએ પ્રયાસ કર્યો, પણ એમને સફળતા મળી નહિ, કેવળ ત્યાગનું જ એ ઉદાહરણ હતું—ગમે તેવો કઠિન અને અણગમતો છતાં એ નિર્ભેળ ત્યાગનો કિસ્સો હતો. માનવતાને નામે પોતાની માતાને દાદાભાઈએ છેવટની અરજ કરી. તેમણે કહ્યું: 'મને મારી પત્નીને સ્થાને મૂકો. ધારો કે, હું તમારો પુત્ર તેના જેવી ખામીઓથી ભરેલો છું એ સંજોગોમાં તમે મારી પત્નીને બીજો પતિ કરી લેવાનું કહેત ખરાં? આ પછી તેમની માતાએ આ બાબતને પડતી મૂકી.

દાદાભાઈ બીજી વાર જયારે ઈંગ્લેન્ડ ગયેલા ત્યારે આ પરિસ્થિતિ હતી. તેમના વસવાટની સામે એક અંગ્રેજ તબીબ ડૉ. આર્ચરનું ઘર હતું. તેમને ત્રણ કેળવાયેલી અને બુદ્ધિશાળી પુત્રીઓ હતી. દાદાભાઈ વખતોવખત એ ઘરની મુલાકાત લેતા. મંચેરજી કામાથી આ ઓળખાણ સહન થઈ શકી નહિ. તુરતમાં એવી અફવાઓ ફેલાઈ કે દાદાભાઈ વટલાઈને ખ્રિસ્તી બની ગયા છે અને એક અંગ્રેજ સ્ત્રીને પરણવા માગે છે. આ અહેવાલો દાદાભાઈની માતાને કાને પહોંચ્યા. તેમણે કાકલૂદીભર્યો વિરોધ પાઠવ્યો અને આવું પગલું નહિ લેવા અનુનય કર્યો. તેમણે એક પત્રમાં લખાવ્યું: "બીજી પત્ની કરી લેવા તને સમજાવવા મેં પ્રયાસ કર્યો હતો, પણ તેં મારી વાત કાને ધરી નહિ, હવે એક અંગ્રેજ સ્ત્રીને પરણવાનું તું વિચારે છે અને એમ કરીને આપણા કુટુમ્બને તારે કલંક લગાડવું છે?'

દાદાભાઈને ભારે આઘાત લાગ્યો. તેમનું ગૌરવ હણાતું હતું; એટલું જ નહિ, પોતાની પત્ની અને માતાનાં સુખ અને મનની શાંતિ હોડમાં મુકાયાં હતાં. તેઓ સીધા પી. એન્ડ ઓ. કંપનીની ઑફિસે ગયા અને મુંબઈની ટિકિટ કઢાવી.

રાતના બાર વાગ્યા હતા. (સપ્ટેમ્બર ૯, ૧૮૬૩) જયારે મુંબઈ-માંના દાદાભાઈ—પરિવારના ઘરને બારણે એક આગંતુકે ટકોરા માર્યા. માણેકબાઈ અને ગુલબાઈ ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં, પણ કુટુમ્બના એક મિત્ર અને કારભારી બારણે દોડી ગયા.

'કોણ છો?' તેમણે પૂછયું.

'હું દાદાભાઈ છું.' જવાબ મળ્યો.

'શું?' અંદરથી કારભારી ગર્જ્યો, "પાજી, ઈંગ્લેન્ડમાં બેઠેલા દાદાભાઈનું નામ લેવાની તું હિંમત કરે છે? ચાલ્યો જા, નહિતર તારાં હાડકાં ખોખરાં કરી નાખીશ!'

'માકુ', આગંતુકે મૃદુભાવે એ માણસને નામથી બોલાવ્યો. 'કૃપા કરીને બારણાં ખોલ.'

આ શબ્દોની માકુ પર જાદુઈ અસર થઈ. એ પરિચિત સ્વર ઓળખી જઈને તેણે હર્ષથી ઘેલા બની બારણાં ખોલ્યાં અને દાદાભાઈને બાથમાં લઈ લીધા.

પછી માતાપુત્રનું મિલન થયું અને એ બાદ પતિ અને પત્નીનું. તેમની આંખો આંસુભીની હતી. થોડી મિનિટોમાં જ દાદાભાઈએ બધી ગેરસમજો દૂર કરી દીધી. તેઓ હજી ય એમની વહાલી માતાના એ જ નિષ્કલંક પુત્ર હતા, પોતાની દુભાયેલી પત્નીના એ જ વફાદાર પતિ હતા.

—આર. પી. મસાની લિખિત - દાદાભાઈ નવરોજી—ધ ગ્રાન્ડ ઓલ્ડ મૅન ઑવ ઈન્ડિયા' એ પુસ્તકમાંથી સાભાર.

અનુ. હિંમતલાલ મહેતા

# મીરાંબાઈ

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી મૃણાલિની દેસાઈએ આપેલા વ્યાખ્યાનનો સારભાગ અહીં પ્રગટ કર્યો છે.]

બાળવયમાં "અમૃતસિદ્ધિ" નાટક જોયા પછી મીરાંબાઈ તરફ વધુ આકર્ષણ વધ્યું હતું. બાળ ગાંધર્વે એમાં મીરાંનું કામ ખૂબ ભવ્ય, સુંદર કર્યું છે. શું મીઠો કંઠ હતો! ત્યારથી મીરાંનું ચિત્ર મનમાં વસેલું છે. એ પછી મીરાં વિશે ઘણી વાતો વાંચી–સાંભળી. એમાં ઈતિહાસનો ભાગ ઓછો હોવા છતાં નાખી દેવા જેવું નથી. એમાં વિચારવા જેવું આકર્ષક છે.

મીરાં જે દેશમાં જન્મ્યાં એ ચિતોડનો અને એ રજપૂતોનો ઈતિહાસ પણ જોયો છે. મીરાંની યાદ એથી તો વધુ મજબૂત બની છે. મીરાં સોરઠી, મારવાડી, વ્રજ વગેરે ભાષાઓમાંની એક આદ્યકવયિત્રી છે. ચિતોડનો ઈતિહાસ એટલો જ્વલંત છે. એના ગઢના પથ્થરે પથ્થરે ઈતિહાસ પથરાયેલો છે અને એથી જ ત્યાં જઈને જોવાનું મન થયું હતું.

આ સ્થાનમાં એક મીરાંનું મંદિર છે. ઈશાન તરફે એક ડોકાબારી પણ છે. આટલાં વર્ષો થયા પરંતુ મંદિર અબાધિત એવું જ રહ્યું છે. એ બધું જોઈને ખૂબ જ આનંદ થયો. આ એ જ સ્થળ છે કે જ્યાં મીરાં લોકલાજ ત્યજીને પગે ઘૂંઘરું બાંધી નાચ્યાં હતાં. એ મંદિરના ગર્ભગૃહની અંદર કોઈ મૂર્તિ જ નથી. નિરાશા થઈ. ત્યાંથી દૂરના આંબેરમાં જગતનારાયણનું મંદિર છે. ત્યાં એ મૂર્તિ પધરાવાઈ છે, એ કાગળ પર છાપેલી મૂર્તિ હોય એવું મેં અનુભવ્યું!

આ પછી હું શ્રીનાથજી ગઈ હતી. ત્યાંનો પ્રસંગ પણ અદ્‌ભુત છે. ૧૭-૧૮ વર્ષની એક બાઈ પોતાની બાળકીને કાંખમાં લઈને દર્શન માટે દોડતી દેખાઈ. એ બાઈની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં અને એ ભાવવિભોર થઈને બોલતી હતી: "ઓ! મારા નાથજીઓ!" અને મને થયું, મીરાં કોઈક જગ્યાએ સ્વરૂપભાવે જન્મી હશે. એમાં નિ:શંક ઈતિહાસ, અધ્યાત્મ નહીં પણ હોય!

રાજા દાદુની પુત્રવધૂએ ફૂલડીમાં લક્ષ્મીનો જન્મ આપ્યો હતો. એને જોવા માટે રાવ (દાદા) જાય છે. એને જોઈને દાદાએ કહ્યું કે આ મારી મીરાત છે. મીરાત એટલે લક્ષ્મી. સૂર્યનો એકાદ ખંડ એના જન્મટાંકણે પૃથ્વી પર પડયો હોવાનું ય મનાય છે. સૂર્યના એક ખંડને મીરાત કહે છે. આ યોગાનુયોગે એ બાળકીનું નામ મીરાં પાડયું.

એ વખતે છઠ્ઠીના લેખ લખાતા હતા. જોષીએ જોષ જોયા. જોષી કહે, એની આવરદા બહુ લાંબી છે, એનાં બંને કૂળ ઉત્તમ છે, પણ એનો સૌભાગ્યકાળ બહુ ટૂંકો લાગે છે. એમાં પણ નવું છે. એનું સૌભાગ્ય જાય છે. એને સૌભાગ્યના સૌભાગ્ય એવા કોઈ પ્રાપ્ત થાય છે અને યુગોપર્યંત સંતાનોની પરંપરા ચાલ્યા જ કરવાની.

મીરાં નાની હતી] ત્યારથી જ એ ભકિતમય વાતાવરણમાં ઉછેરવા લાગી. મોટી થઈ તો ય એ માત્ર ભકિતમાં મગ્ન રહેવા લાગી, એવું ચિત્ર ઊભું થયું છે પરંતુ આવું ચિત્ર મને દેખાતું નથી. મીરાં રજપૂતકન્યા હતી. એને રાજકાજના દાવપેચ અને દુનિયાની દુનિયાદારીનું ભાન છે. જીવન સાથે લડી લેવાનું બળ પણ એના કાંડામાં છે.

દાદુજીએ મીરાંને ક્ષાત્રવિદ્યાનું જ્ઞાન સુદ્ધાં આપ્યું હતું. ખોટી રીતે કોઈને મારી ન બેસાય એનો વિવેક પણ એનામાં છે. એનામાં નિર્ભયતા હોવા છતાં દયાળુ સંસ્કારી દૂદાજીના સદ્‌ગુણો જોવા મળે છે.

ચિતોડનું માગું આવે છે. ભોજરાજ જોવા પધારે છે. મીરાં એને વારે છે કે રાજકુમાર, મારાં તો લગ્ન થઈ ગયાં છે, માટે લગ્નની ભાંજગડમાં પડશો નહીં. ભોજે પ્રશ્ન કર્યો કે તો પછી દાદુજીએ લગ્નનું માગું કેમ સ્વીકારી લીધું?

રાણાસંગના યુવરાજ ભોજમાં એક ઉચ્ચ ખમીર હતું. મીરાંની વાત જાણી સમજી અને કહે છે. મીરાં, કોઈક દિવસ તો લગ્ન કરવું જ છે, હું તારું રહસ્ય જાળવી શકીશ, હું પણ મારા મન સાથે લડત ચલાવી શકીશ. અને ભોજ મીરાંનું પોતાની પત્નીનું ગૌરવ, માન જાળવી શકે છે.

મીરાં અને ભોજનાં લગ્ન થાય છે. એમના દાંપત્યજીવનમાં અદ્‌ભુત રસ પેદા થાય છે. બંને વચ્ચેનો પ્રેમ જ અદ્‌ભુત છે. એ પટરાણી થવાની છે. ભોજ જાણતા હતા કે એ સ્થાને મીરાં જ આવી શકે.

એક દિવસ એક ભકત આંગણે આવ્યાનો સંદેશ આવ્યો. મીરાં લાગલી દોડતાં જઈ એને લઈ આવ્યાં. ભિખારી શા વેષ જેવા એ ભકતની આરતી રાજરાણી ઉતારે છે એ જોઈને રાજમાતા કર્મદેવીને હાડોહાડ ઝાળ લાગી જાય છે. એ મીરાંને કર્મદેવી રાજમહેલના એક ખંડભણી દોરી જઈ એને અનેક ભવ્ય તૈલચિત્રમાંથી એક પક્ષીનું ચિત્ર બતાવે છે અને એના ભાતીગળ જીવનની ઝાંખી કરાવી એને કર્મદેવી જાણ કરે છે કે એમની આબરૂ ચાલી ન જાય તે જોવાનું ચૂકતાં નહીં. ધ્યાનમાં રાખો કે પરપુરુષને તમારું દર્શન આપી તમે એ આબરૂ સાચવી શકયાં નથી. અને એ સાંભળી મીરાંબાઈએ સાસુજીને વચન આપ્યું હતું કે 'મારાથી ચિતોરનું ગૌરવ કદી ય ઘવાશે નહીં.' છતાં સાધુ- સંતો સાથે એ નિરાંતે રહી છે.

આ ઘટના પછી એક પ્રસંગ બને છે. એક ભકત આવીચડેલા. મીરાંએ એનું સ્વાગત કર્યું અને ભકત તેને કહે છે કે મારી એક માગણી છે અને તે તમારા હાથમાં છે. મીરાં તો ભકતોની ઈચ્છાઓ પૂરી કરવા તત્પર રહેતી; અને એણે હા કહી. એથી ભકતે મર્યાદા લોપીને જણાવ્યું કે મારી ઈચ્છા તમારી સાથે શરીર-સુખ ભોગવવાની છે. મીરાં દંગ તો થઈ પણ એને જવાબમાં કહે છે કે ભકત તારી ઈચ્છા આઠ દિવસ પછી પૂરી થશે.

એ સાધુ રોજ મહેલ પર આવતો રહ્યો. આ તરફ ચારેબાજુ આ વાત ફેલાઈ ગઈ હતી, રાજમાતા ક્રોધે ભરાયાં હતાં, પણ એ કરે પણ શું? રાજસેના યુદ્ધમાં હતી. રણમાં એ વિજયી નીવડી હતી પણ હજુ એ દૂર હતી.

સેના આવતાં ભોજરાજ પણ આવ્યા. મીરાં એને મળે છે. ભોજ ખૂબ ઘવાયા હોય છે. ભોજ મીરાંને જાણતા હતા. એ મીરાંને સતી થવાની ના કહે છે અને મીરાં પાસેથી વચન લે છે કે તું જ્યારે ગિરધરગોપાળને મળે ત્યારે મને યાદ કરજે.

ભોજરાજને મીરાં પેલા સાધુની વાસનાની વાત કરે છે અને જણાવે છે કે હું તેની વાસના પૂરી કરીશ. તમે, હું ન આવું ત્યાં સુધી ઘડી બે ઘડી થોભી જજો, વિદાય ન લેતા.

આઠમા દિવસે અગિયારસના દિવસે મંદિરની પાસેના ચોગાનમાં મીરાંએ મોટા એક માંડવા હેઠળ પલંગ બીછાવ્યો છે. ચોતરફ પ્રજા ચિત્રની માફક ત્યાં ઠરી ગઈ છે. મીરાં એ તરફ જતાં પહેલાં પોતાની નણંદને કહે છે કે તમે તમારા ભાઈ પાસે હવે જાવ. થઈ રહ્યું. બધાં રાજરીત પ્રમાણે ત્યાંથી ચાલી ગયા અને પછી ભકતને ઉદ્દેશીને મીરાં કહે છે કે યુવરાજ છેલ્લી ઘડીએ છે, મારી પાસે ઝાઝો સમય નથી, તું તારી કામના પૂર્ણ કર.

સાધુ, મીરાંને કહે છે કે તું તો બ્રહ્મચારિણી છે. તને દુનિયાદારીનું શું કંઈ ભાન છે? તું દુનિયાદારીની રીત જાણતી નથી. અને એ પલંગને મહેલમાં લઈ જવા કહે છે.

આ બાજુ મંદિરની બે દીવીઓની એક જ્યોત બની, અને મંદિરની મૂર્તિ જાણે કે બળી રહી છે એવું થયું. સાધુએ મોં ફેરવીને જોયું તો તે બળતી મૂર્તિ એણે મીરાંમાં જોઈ. સાધુને એ મૂર્તિ ચોતરફ દેખાવા લાગી. એ ગાંડાની પેઠે માથું પછાડવા લાગ્યો.

મીરાં એને કહે છે કે મને વાંધો નથી, તું પલંગને ગમે ત્યાં

મૂક. ગિરધરગોપાળ ન હોય એવી કોઈ પણ જગ્યાએ હું જવા તૈયાર છું, પણ એવી જગ્યા ક્યાં હતી?

નણંદ, ભાઈ પાસે ન જવાને બદલે એક સ્થંભ પાછળ સંતાઈને તમાશો જોયા કરતી હતી. એ શું થાય છે તેની રાહ જોતી હતી. એ દોડી આવી અને મીરાંને પગે પડે છે. પેલો સાધુ પણ મીરાંને ક્ષમા માગતો પગે પડે છે.

પછી મીરાં ગુવરાજ પાસે ગઈ અને ભોજને કહે છે કે મેં ગૌરવ સાચવ્યું છે, હવે તમે સુખેથી સિધાવો. ભોજરાજ ગયા અને મીરાંની પાછળનું એક મોટું પીઠબળ પણ ગયું, એ પછી રાજમહેલમાં અનેક બળો મીરાં વિરુદ્ધ કામ કરતાં હોવા છતાં દાદાના સેવકો અને નણંદે મીરાંને સતત ટેકો આપ્યા કર્યો હતો.

માળવાના લોકો ઝેર પચાવી શકે એવા હોય છે. મીરાંને વિષ અપાયું ત્યારે નહીં, એની ચોપાસ ફૂલ સાથે નાગ મોકલાયો ત્યારે નહીં પણ એક દિવસ એ નાહીને આવી ત્યારે એણે પોતાના ગિરધર ગોપાળને મંદિરમાં ન જોયાં અને એ ચાલી નીકળે છે. 'ડાબો મેવાળ મૂક્યો, મીરાં ચાલી વૃન્દાવન.'

એ વૃન્દાવનમાં એક વિખ્યાત ગોસાંઈ રહેતા. એ ખૂબ સારો સત્સંગ કરતા. મીરાં એ તરફ ગઈ. પણ એ સ્ત્રીનું મોં જોતા નહીં. મીરાંએ મોકલેલા સંદેશાનો કોઈ જવાબ ન મળતાં બે-ત્રણ દિવસ રહીને મીરાંએ એમને કહેવડાવ્યું કે તમે વૃન્દાવનમાં રહીને હજુ પુરુષ રહ્યા છો? ધન્ય છે તમને! આ સાંભળી ગોસાંઈની આંખ ખૂલી. મીરાંને મળવાની છૂટ આપી. બંને મળ્યાં અને કૃષ્ણમય તલ્લીન થઈ ગયાં.

એક દિવસ મીરાં એક ઝાડ હેઠળ સૂઈ ગયા હતા. ત્યાં દિલ્હીશ્વર તાનસેન સાથે ચિતોડની મહારાણીને જોવા આવ્યો હતો. એ બંને ઝાડ પર હતા. મીરાંએ એ પહેલાં ભક્તો સાથે ગાયું, નાચ્યું ય હતું. દિલ્હીશ્વરે મહારાણીને જોયાં એટલું જ નહીં; એના દર્શન કર્યાં અને ગાયન પણ સાંભળ્યું. પોતાની રાજમુદ્રા અને નવલખો હાર ત્યાં મૂકી બંને ચાલી ગયા. અહીં પણ મીરાંએ ચિતોડનું ગૌરવ સાચવી લીધું છે.

રાજમુદ્રા અને નવલખા હારને મીરાં યમુના રાણીને આપી દેવાનું જ કહે છે. યમુનારાણી ગિરધરને મળશે ત્યારે એનો સંતોષ થશે.

બે-ચાર દિવસ બાદ ઉદય ચિતોડથી આવે છે. એ પગે પડે છે અને માતાતુલ્ય ભાભીને પાછા ફરવાની વિનંતિ કરે છે. કહે છે કે ત્યાં સૌ અનાથ થઈ ગયાં છે. સતીનો રોષ હોય ત્યાં કોણ સુખી થાય. મીરાં કહે છે કે હું શા માટે ચિતોડને શાપ આપું? ચિતોડે મને ભોજ આપ્યો અને તમે બધાં મળ્યાં.

વૃન્દાવનમાં રહેવાના દિવસો પૂરાં થયાનું જાણી મીરાં દ્વારકા જવા નીકળી પડયાં. પદયાત્રામાં ગીતો-ભજનો ફેલાતાં ગયાં અને આમ એ પદો દરેક ભાષામાં પ્રસરી ગયાં.

દ્વારકામાં મીરાંએ વિયોગ ન જોયો, વૈભવ જોયો. ત્યાં યમુના નથી—પણ સાગર છે. મીરાં પણ હવે વૃદ્ધ થઈ હતી. એની છેલ્લી સંધ્યા આવી હતી. સાગરમાં સ્નાન કરી એણે ભજન ઉપાડયું:

"જૂનું તો થયું રે દેવળ-" ગાતાંગાતાં વેગ વધી ગયો. ગાતાં ગાતાં ચોપાસ લોકો ય ભાન ભૂલી ગયા. પદ પૂરું થયું. બધું શાંત થયું ત્યારે કોઈએ મીરાંને ન ભાળી. કોઈને કશું જ સમજાયું નહીં. ત્યાં ઉદાબાઈ હતાં. એમના હાથમાં મીરાંનાં કપડાની એક ચીર હાથ લાગી. એ સાચવીને તેઓ ચિતોડ લઈ ગયાં હતાં.

આ તરફ ગોવિંદજીમહારાજ ભટકતા [ભટકતા ચિતોડ આવે છે અને વિધર્મીઓનાં ધાડાંથી બચવા—બચાવવા ગિરધરલાલની મૂર્તિને ત્યાંથી લઈ જઈ શ્રીનાથજીની સ્થાપના કરે છે. ચિતોડના રાજા અને મીરાં ત્યાં જીવીત છે. પેલી ચીર પણ ત્યાં જ છે. ગિરધરલાલ પણ ત્યાં રમે છે.

એ મૂર્તિની સામે થોડીકવાર વધુ જોઈએ તો આપણે ગાંડા થઈ જઈએ એવી મસ્ત છે અને એથી કદાચ ક્ષણ- બે ક્ષણ માટે દર્શન અપાતાં હશે. કદાચ ભક્તો ગાંડા ય થઈ જતા હશે, પેલી ૧૬-૧૮ વર્ષની યુવતીની પેઠે!

મૃણાલિની દેસાઈ

# * માઓ અને વ્યક્તિપૂજા *

ચીન અને અમેરિકા વચ્ચે સમાધાનની ભૂમિકા કેટલે અંશે દઢ બની છે કે ઈઝરાયલ-આરબ યુદ્ધને કારણે તથા વૉટરગેટ પ્રકરણને કારણે કેટલે અંશે ઢીલી બની છે તે કહેવું કઠણ છે. પરંતુ માઓ-ત્સે તુંગનું માનસ કેમ કામ કરે છે તે જાણવાનો જો આપણે પ્રયત્ન કરીએ તો, આ પ્રશ્ન અંગે આપણે પોતપોતાનો અભિપ્રાય બાંધી શકીએ. એમ તો "માઓના વિચારો"ની લાખો ને કરોડો નકલ છપાઈ છે છતાં, હમણાં જ જે વિગતો બહાર આવી છે તે ઉપરથી જણાય છે કે માઓત્સે તુંગે પોતાના અંતરના ઊંડાણમાં છુપાયેલા વિચારોને તો પોતાના ઉક્ત પુસ્તકમાં અભિવ્યક્તિ આપી જ નથી

૧૯૫૬ના જાન્યુઆરીમાં ચીનની સેન્ટ્રલ કમિટીની એક બેઠક મળી હતી અને એ બેઠક સમક્ષ પ્રવચન કરતાં માઓત્સે તુંગે જણાવ્યું હતું કે: "આપણો પ્રદેશ વિશાળ છે, આપણી જનસંખ્યા વિશાળ છે, આપણી ભૌગોલિક પરિસ્થિતિ સગવડભરી છે. જો હવે પછીનાં ૩૦-૪૦ વર્ષમાં આપણે દુનિયાનું સર્વોપરી રાષ્ટ્ર નહિ બની શકીએ તો તે ચીની પ્રજા માટે અસહ્ય હશે." હમણાં જ ચીનમાં જ ખાસ કરીને પ્રસાર કરવા માટે છપાયેલાં ભાષણો, ઉદગારો વગેરેના સંચયનાં પુસ્તકોમાંથી ઉપરનું અવતરણ મે ટાંક્યું છે. ૧૯૫૬માં અપાયેલાં ભાષણોની વિગતો આજે પ્રસિદ્ધ કરવામાં આવે એની સૂચકતા પણ લક્ષમાં લેવા જેવી છે. આ પુસ્તકોની ફોટો- ઓફસેટ નકલો, પશ્ચિમના ચીનવિષયક નિષ્ણાતોના હાથમાં આવી છે અને આ નકલો કોઈ બનાવટ છે એમ તેમને લાગતું નથી.

આ પુસ્તકો ચીની ભાષામાં લખાયેલાં ૧૦૦૦ પાનાનાં છે અને અંગ્રેજીમાં એનો તરજૂમો કરવામાં આવે તો ખાસ્સા પાંચ લાખ શબ્દો થાય એમ છે. ચીનના સમકાલીન બનાવો પર સૌથી વધારે પ્રકાશ પાડનારા જો કોઈ દસ્તાવેજો હોય તો તે આ પુસ્તકો છે.

આ પુસ્તકોમાં, માઓત્સે તુંગ, જાતજાતના મિજાજમાં અને જાતજાતના સ્વાંગમાં જોવા મળે છે. ૧૯૫૫ની આજુબાજુ એની સત્તાને કોઈ સીમા નહોતી. કલેકટીવાઈઝેશન—ખેડૂતોમાં સામૂહીકરણના એના કાર્યક્રમને પૂરી સફળતા મળી હતી અને એ સફળતાના મદમાં એણે 'હજારો ફૂલે ખીલને દો'ની વાત કરી હતી. અત્રે એ જણાવવું જરૂરી છે કે માઓત્સેતુંગ પોતે જ, આ પુસ્તકોમાં નોંધે છે કે આ "હજારો ફૂલે ખીલને દો'ની નીતિ સામે પક્ષના ૯૦ ટકા સભ્યોનો ઘણો વિરોધ હતો! આ લોકોએ તો માઓ સામેના પ્રતિધડાકારૂપે ચાંગ-કાઈ-શેકનાં પ્રવચનોનો સંચય પ્રસિદ્ધ કરવાની પણ ધમકી આપી હતી. અલબત્ત, તેમણે આને માટે એવું બહાનું બતાવ્યું હતું કે આ સંચય બહાર પાડવાથી લોકોને ખબર પડશે કે ચાંગ-કાઈ-શેક કેવો અધમ માણસ છે. અલબત્ત આ સંગ્રહ બહાર નહોતો પડયો એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

૧૯૫૮માં માઓત્સે તુંગે "ગ્રેટ લીપ ફોરવર્ડ"- આગેકૂચના રસ્તા પર મહાન કૂદકાનો નારો જારી કર્યો હતો અને નાણાં ખાતાના અમલદારોની રોજેરોજની ઝાટકણી શરૂ કરી હતી. એણે તો નાણાં ખાતાના અમલદારોને જણાવી દીધું હતું, કે છેલ્લા ૧૮ મહિનાઓથી તમારા રિપોર્ટો હું વાંચતો જ નથી. તમારી વિચારણા મને ગમતી નથી. એણે તો પોતેજ, ચીનમાં લોખંડના અભૂતપૂર્વ ઉત્પાદનની યોજના ઘડી હતી અને અમેરિકા, બ્રિટન, રશિયા વગેરે બધા દેશો કરતાં ૧૦-૧૫ વર્ષમાં ચીન વધારે લોખંડ ઉત્પન્ન કરતું થઈ જાય એવી હાકલ પ્રજાને કરી હતી. આ હાકલના અનુસંધાનમાં ચીનમાં ઠેરઠેર નાની નાની બ્લાસ્ટ ફરનેસ બંધાઈ હતી. તે તો ઘણાને ખબર હશે જ, પરંતુ થોડા જ સમયમાં આ પ્રયોગ ફસકાઈ ગયો અને માઓને પોતાની ભૂલ સમજાઈ હતી. આ

ભૂલનો સ્વીકાર કરવામાં પણ એણે પાછી પાની કરી નહોતી અને ઊલટું, એણે એની પોતાની જાતની જે ટીકા કરી હતી તે ટીકાની વાત પક્ષના આમ-સભ્યો સુધી ન પહોંચાડવાની સેન્ટ્રલ કમિટીના સભ્યોની નીતિની પણ ટીકા કરી હતી.

અને ૧૯૬૨ના જાન્યુઆરીમાં, ૭૦૦૦ અગ્રણીઓની સભા સમક્ષ પ્રવચન કરતાં એણે જણાવ્યું હતું કે: "આપણે જે સમાજવાદી પુનર્રચના કરી રહ્યા છીએ તેમાં ઘણે ઠેકાણે આંધળાના ગોળીબાર જેવું થયું છે. આપણી જરૂરતનાં ઘણાં ક્ષેત્રો પ્રત્યે આપણે આંખ આડા કાન કર્યા છે. મારો જ દાખલો લ્યોને! આર્થિક વિકાસમાં હું ઝાઝું સમજતો નથી. ઉદ્યોગો અને વેપારની બાબતમાં પણ હું ઝાઝું સમજતો નથી. ખેતીવાડીની બાબતમાં હું થોડુંઘણું સમજું છું પરંતુ તે પણ તુલનાત્મક દષ્ટિએ. હું ઘણું બધું સમજતો નથી એ મારે કબૂલ કરવું જોઈએ."

આ અને આવાં બીજાં ઉદ્ધરણો જે ઉક્ત દસ્તાવેજોમાં છે તે ઉપરથી માઓ ખરેખર તો કોઈ મધ્યમ માર્ગ અપનાવવાનો પ્રયત્ન કરી રહેલા હોય એમ લાગવા માંડે છે. એક સમયે તો એણે "રશિયાના ક્રાન્તિજન્ય ઉત્સાહ" તથા "અમેરિકાની વ્યવહારદક્ષતાની ભાવના"નાં પણ વખાણ કર્યાં હતાં.

માઓ જેમ પોતાની ટીકા કરતા તેમ ભૂલ કરીને, એ કબૂલ કરી લેતા, પોતાના વફાદાર અન્તેવાસીઓ પ્રત્યે પણ ઉદારભાવ રાખતા-એ આ દસ્તાવેજો પરથી જણાય છે. પરંતુ અણુયુદ્ધના ભયે માઓનું માથું ફેરવી નાખ્યું હતું અને એણે એક સમયે જણાવ્યું હતું કે "આપણને અણુયુદ્ધનો અનુભવ નથી. તેથી એવા યુદ્ધમાં કેટલા માણસો મરી જશે એ આપણે કહી શકીએ એમ નથી, આપણે આશા રાખીએ કે આવા યુદ્ધમાં દુનિયાની અરધી વસતિ તો જળવાઈ રહેશે-કાંઈ નહિ તો એક તૃતિયાંશ તો જળવાઈ રહેશે. બે અબજ ૯૦ કરોડની વસતિમાંથી ૯૦ કરોડની જળવાઈ રહે તો પણ વાંધો નથી. આવી પરિસ્થિતિમાં મૂડીવાદ થોડાં વરસોમાં સાફ થઈ જશે અને દુનિયામાં ચિરશાંતિ સ્થપાશે. આમાં શું ખોટું છે."

માઓત્સે તુંગે આ વાત પંડિત નહેરુને પણ કરી હતી એવો ઉલ્લેખ પણ ઉક્ત દસ્તાવેજોમાં છે. પંડિત નહેરુ તો આ વાત સાંભળીને આભા જ બની ગયા હતા અને તેમણે તો જણાવ્યું હતું કે "અણુયુદ્ધ થાય તો બધી જ સરકારો સાફ થઈ જાય અને શાંતિની મંત્રણા કરવા માટે કોઈ બાકી નહિ રહે." આના જવાબમાં માઓત્સે તુંગે જણાવ્યું હતું કે "એવું થાય તેમાં પણ શો વાંધો છે? જો અણુયુદ્ધ થાય અને તમારી સરકાર એમાં સાફ થઈ જાય તો સામાન્ય પ્રજાજનો બીજી સરકાર સ્થાપશે અને શાંતિની ચર્ચા કરશે. દુનિયાની બાબતો અંગે તમારે આત્યંતિક રીતે વિચાર ન કરવો જોઈએ, કારણ કે જો તમે એમ કરવા જશો તો તમારી ઊંઘ હરામ થઈ જશે." પરંતુ પંડિત નહેરુ સાથે આવી લોહિયાળ વાત થયા પછી થોડા જ દિવસમાં, અમેરિકા સાથેની મંત્રણા માઓત્સે તુંગે શરૂ કરી હતી અને તાઈવાનની સામુદ્રધુની અંગે ઊભી થયેલી કટોકટી હળવી બનાવી દીધી હતી.

વ્યકિતપૂજા અમુક અંશે જરૂરી છે એવું હમણાં જ આપણાં વડા પ્રધાન શ્રીમતી ગાંધીએ એક મુલાકાત દરમિયાન જણાવ્યું હતું. માઓત્સે તુંગના ઉક્ત દસ્તાવેજોમાં પણ આવા જ પ્રકારનો સૂર કેટલીકવાર સાંભળવા મળે છે. માઓત્સે તુંગના દોસ્ત સમા ગણાતા વિખ્યાત પત્રકાર એડગર સ્નોને એમણે એક વખત જણાવ્યું હતું કે "વ્યકિતપૂજામાં હું માનતો નથી, પરંતુ સાંસ્કૃતિક ક્રાંતિ સમયે મારા વિરોધીઓ સામેના એક શસ્ત્ર તરીકે મેં એનો ઉપયોગ કર્યો હતો." બાકી એણે એક વખત એમ પણ કહ્યું હતું કે "કોઈ પણ માણસ સર્વાંગસંપૂર્ણ ન હોઈ શકે, હું પણ નથી." અને એ પછી એણે, એના અંગેનાં તે વખાણનાં વિશેષણો સરકારી યાદીઓ વગેરેમાં આવતાં તે કઢાવી નાખવાનાં પગલાં લીધાં હતાં. ચીને પહેલવહેલો હાઈડ્રોજન બોંબ ફોડયો ત્યારે એ બોંબ "ચીનના મહાન નેતા, મહાન શિક્ષક, સર્વોચ્ચ સેનાપતિ અને સર્વોચ્ચ સુકાની માઓત્સે તુંગની રાહબરી હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો." એવી જે શબ્દરચના એ અંગેની યાદીમાં હતી તે બધું માઓત્સે તુંગે પોતે કઢાવી નાખ્યું હતું.

સાંસ્કૃતિક ક્રાંતિ દરમિયાન ઊભા કરવામાં આવેલા રેડગાર્ડ દળના ચાર સેનાપતિઓ જ્યારે તુમાખી દર્શાવવા લાગ્યા ત્યારે તેમને ઠેકાણે લાવવા માઓત્સે તુંગે તેમની વાતચીતો ટેપ-રેકોર્ડ કરાવી લીધી હતી. (વોટરગેટ!) અને એ પછી એણે એ ચારેને જણાવ્યું હતું કે "હું કોઈની વાતચીત ટેપરેકોર્ડ કરવામાં માનતો નથી પરંતુ આ વખતે બધું મેં ટેપ-રેકોર્ડ કર્યું છે. જેથી તમે દેહાતમાં જઈને ગમેતેમ બોલો તો હું આ ટેપ જાહેર કરી દઈશ."

આવતા ડિસેમ્બર માસમાં માઓને ૮૦મું વર્ષ બેસશે. ઉમ્મરની અસર એના પર થતી જાય છે એટલે, ઉક્ત દસ્તાવેજોમાં જેમ વરસો વધતાં જાય છે તેમ માઓનાં ભાષણો વગેરે ઓછાં અને ટૂંકાં થતાં જણાય છે. આ ઉમ્મરને કારણે હવે વિગતો નક્કી કરવાનું કામ એ વધુને વધુ પ્રમાણમાં પોતાના સહકાર્યકરો પર છોડતા જતા જણાય છે અને એ સહકાર્યકરોમાં ખાસ છે ચાઉ-એન-લાઈ. એ તો જાણે વૃદ્ધ થતા જણાતા જ નથી.

બાકી આ દસ્તાવેજો વાંચતાં એક છાપ તો ઊઠે જ છે કે માઓ એક અડીખમ અદ્ભુત આત્મવિશ્વાસ ધરાવનારા અને પ્રત્યુત્પન્નમતિવાળા આદમી છે. એનો મુકાબલો કરવો, કોઈ પણ ચીની આગેવાન માટે મુશ્કેલ છે.

—મનુભાઈ મહેતા.

## રણમાં મૃતદેહ

એક સૈનિક ધૂળથી ખરડાયેલો - ચત્તોપાટ,
એ યહૂદી પણ હોઈ શકે,
એ આરબ પણ હોઈ શકે;
લોખંડી ટોપીએ ઢાંકી દીધું છે એનું મોં.
સૂરજને હવે એની આંખો જોઈ શકે એમ નથી.
એની બાજુમાં પાણીનો એક ખાલી ચંબૂ.
ખુલ્લા થઈ ગયેલા હાથથી દૂર
એક નિષ્પ્રાણ બેયોનેટ,
થોડીક ધૂળથી ઢંકાયેલો દેહ –
હવે થોડાક વધુ દિવસ,
થોડીક વધુ ધૂળ –
પછી ધરતી ઉપર કોઈ નિશાની નહીં રહે.
પછી બળબળતી રેતી ઉપર
કોઈ ફૂલ નહીં મૂકે.
માત્ર થોડા દિવસો પછી
ગૂમ થયેલા સૈનિકોની યાદીમાં એનું નામ ......!

—વિપિન પરીખ

# માર્ગરેટ મીડ સાથે ચંદ ક્ષણો

માથે રૂપેરી વાળનાં ગૂંચળાં, લાકડીને ટેકે ચાલતો બેઠી દડીનો દેહ અને કોઈ જાતના અવઢવ વગરની સોંસરી વાતો—આ બધું માર્ગરેટ મીડના વાર્ધકયને જાણે એક પ્રકારની ગરિમા બક્ષે છે. સમોઆના આદિવાસીઓ સાથે રહીને એણે એમના જીવનનું પારદર્શી નિરીક્ષણ કર્યું. देवो भूत्वा देवं यजेत् ન્યાયે એ લોકો ખાય તે ખાઈને, એમની બોલી બોલીને અને એમના જીવન સાથે ઓતપ્રોત થઈને એણે Coming of Age in samoa પુસ્તક લખ્યું. નૃવંશશાસ્ત્રી (Anthropologist) હોવા છતાં મીડનું ચિંતન માનવની અખિલાઈને આરપાર જોનારું છે. આકાશની માફક જીવનના પણ ટુકડા ન જ પડાય. જાગતિક સમસ્યાઓને મીડ, માનવઅસ્તિત્વના વિશાળ સંદર્ભમાં જુએ છે. કદાચ આ જ બાબત બીજા નૃવંશશાસ્ત્રીઓથી એને જુદા પાડે છે.

યુદ્ધની સમસ્યાઓ, આંતરરાષ્ટ્રીય સંજ્ઞાત્મક લિપિ, તરુણ પેઢીના પ્રશ્નો, જાતીય પ્રશ્નો અને કુટુંબજીવન વિશે એણે ખૂબ વિચાર્યું, લખ્યું અને કહ્યું. મીડનો હવાલો આપ્યા વગર ભાગ્યે જ કોઈ સમાજશાસ્ત્રી, નૃવંશશાસ્ત્રી કે સંતુલનશાસ્ત્રી (Ecologist) પોતાનું ભાષણ પૂરું કરે. નહેરુ મેમોરિયલ લેકચર આપવા તેઓ દિલ્હી આવ્યા ત્યારે એક આખો દિવસ મુંબઈમાં પણ એમનો ભરચક કાર્યક્રમ રહ્યો. એમની મુલાકાત માટે દસ મિનિટ પણ મેળવવી શકય ન હતી તેથી પત્રકાર પરિષદમાં પ્રશ્નો પૂછીને મન વાળવું પડયું. મેં બે પ્રશ્નો પૂછયા અને બીજા પ્રશ્નો પણ પૂછાયા. પ્રશ્નોત્તરી ઉપરાંત તેમણે જે કેટલીક વાતો કરી તે ટૂંકમાં જોઈ લઈએ.

હું: મેકિસકન સમાજશાસ્ત્રી ઈવાન ઈલિચ શાળાવિહીન સમાજ (Deschooling Society)ની વાત કરે છે. આ અંગે તમારા પ્રતિભાવો જણાવશો?

મીડ: 'શાળાવિહીન સમાજ' શબ્દ અલબત્ત ખૂબ વિશાળ સંદર્ભમાં વપરાયો છે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ—એમ કેળવણીના બધા તબક્કાઓને ધ્યાનમાં રાખીને ઈલિચે આ શબ્દ વાપર્યો છે. નિશાળમાં નિષ્ફળ તે જીવનમાં નિષ્ફળ એ બાબત સામે ઈલિચને વાંધો છે. કૌશલ્યો (Skills) કે ઉદ્યોગની તાલીમ માટે શાળાઓમાં શું થાય છે? શાળાઓની સમગ્ર વ્યવસ્થા જાણે અમાનવીય (dehumanizing) હોય એવું લાગે છે.

ગરીબ દેશોમાં માત્ર ત્રણ વર્ષની શાળાઓનો વિચાર પણ કરી શકાય. ઈવાન ઈલિચે આ વિચાર આપીને મોટી સેવા કરી છે.

હું:- કલિંગ પારિતોષિક સ્વીકારતી વખતે તમે દુનિયામાં એક સમાન કુદરતી ભાષા વિકસાવવાનું સૂચન કરેલું. એસ્પારાન્ટો હોવા છતાં આવું સૂચવવા પાછળના તમારા વિચારો જણાવી શકો?

મીડ: એસ્પારાન્ટો એ કુદરતી ભાષા નથી. વળી એમાં યુરોપિયન ભાષાઓની અસર વધારે છે. કોઈ એક ખંડ કે દેશની ભાષાના પ્રભુત્વવાળી ભાષાથી રાજકારણ જન્મે. હું અકુદરતી (non-natural) ભાષાની વાત પણ નથી કરતી. એસ્પારાન્ટો તદ્દન નવી ભાષા છે, તેથી અકુદરતી છે. ઉપગ્રહો દ્વારા નવી ભાષાનો પ્રસાર કરી શકાશે. આંતરરાષ્ટ્રીય રસાયણશાસ્ત્રીઓની પરિષદ થાય તો ત્યાં કઈ ભાષા વપરાશે? સંજ્ઞાઓ એમાં મદદરૂપ થશે. ચીનના બે સંતો જુદીજુદી ભાષા બોલતા હોય છતાં ચિત્રોવાળી સંજ્ઞાત્મક લિપિને કારણે લખીને પોતાની વાત સમજાવી શકે છે. આજે ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવરસાયણશાસ્ત્ર (Biochemistry)જેવા વિષયોમાં સંજ્ઞાઓ છે જ. ઉપગ્રહોનો ઉપયોગ રાજકારણની વાહિયાત વાતોને બદલે આવી સંજ્ઞાત્મક લિપિના પ્રસાર માટે કરી શકાય.

> **કેદખાનું**
>
> આપણે નિશાળને કેદખાનું બનાવતા રહીએ છીએ. જો આપણે હાઈસ્કૂલોને કેદખાનામાં ફેરવી નાખીએ તો પછી તોફાનોની જ આશા રાખવી રહી.
>
> —માર્ગરેટ મીડ

કુ. કરંજિયા: સમોઆના મુકત સાહચર્ય તરફ આપણે પાછા જઈ શકીશું ખરા?

મીડ: સમાઓમાં મુકત સાહચર્ય નથી. એ લોકો માટે તો યૌન એ સૌથી રસપ્રદ બાબત છે. કોઈ કદી કાળની દષ્ટિએ પાછળ ન જઈ શકે. ગમે તેટલો માલદાર માણસ પણ સોળમી સદી પાછી નહીં મેળવી શકે.

આ ઉપરાંત બીજા પ્રશ્નોના જવાબમાં એમણે જે વિચારો વ્યકત કર્યા તે ટૂંકમાં જોઈ લઈએ.

○ આપણા મગજનો ડાબો ગોળાર્ધ તાર્કિક ગાણિતિક અને વૈજ્ઞાનિક બાબતો માટે અને જમણો ગોળાર્ધ કાવ્યાત્મક (Poetic), ચિન્તનાત્મક અને દાર્શનિક બાબતો માટે છે એવું વૈજ્ઞાનિકો કહે છે. આ બાબત હજી આખરી સાબિત નથી થઈ, પણ એ સૂચક જરૂર છે. વૈજ્ઞાનિકો પણ આ બંને ગોળાર્ધનો પૂરો ઉપયોગ નથી કરતા. મહાન વૈજ્ઞાનિકો બંનેનો ઉપયોગ કરે છે ખરા. ડાબોડી અને જમોડીપણાને પણ આ બાબત સાથે સાંકળવામાં આવે છે.

○ સ્ત્રીમુકિત આંદોલન (Women's Lib) અંગે મીડે સરસ વાતો કહી. આટલાં વર્ષો સુધી સ્ત્રીઓ પોતાની પછીની પેઢી (next generation)માટે જ કામ કરતી આવી છે અને વેઠતી રહી છે. સ્ત્રીમુકિત આંદોલન તો ઔદ્યોગીકરણ થયું ત્યારનું શરૂ થઈ ચૂકયું ગણાય. હવે પછીના સમયમાં કુટુંબો ઓછાં હશે અને નાનાં હશે. ઘણા લોકો પરણશે જ નહીં, જેઓ પરણશે તેમાંના કેટલાયને બાળકો નહીં હોય. વસતિ વિસ્ફોટને કારણે વધુ બાળકોની મોટી સંખ્યા જરૂરી નહીં રહે. માણસો માત્ર માબાપ તરીકે જ નહીં પણ વ્યકિતઓ તરીકે વધુ સમય ગાળી શકશે. જ્યાં સંયુકત કુટુંબો હોય ત્યાં બે પેઢીની પ્રથા (two generation system) વિચારી શકાય; જેમાં મોટેરાંઓ પોતાના પૌત્રોથી માંડ એકાદ ફળિયું દૂર રહે. આવું ન થાય તો કામ કરનારી માતાઓ (working mothers)ની સંખ્યા વધારે હોવાને કારણે બાળકો પર પૂરતું ધ્યાન આપવું મુશ્કેલ બનશે.

મુલાકાત પૂરી થઈ. મુંબઈ યુનિવર્સિટીએ મીડને માનાર્હ ઉપાધિ આપી. એસ. એન. ડી. ટી.એ એમને એક ખાસ સમારંભ યોજી માનપત્ર આપ્યું. એ જ દિવસે સવારથી જે વર્કશૉપ ચાલ્યો તે જુદો. આટલી ઉંમરે મીડની કાર્યશકિત અને વિચારશકિત યુવાનને શરમાવે તેવી લાગી. બોત્તેર વર્ષનાં યુવાન ડોસીમા તે જ રાત્રે પોતાની દીકરી અને તેનાં ભટૂરિયાંને મળવા તહેરાન ઊપડી ગયાં.

—ડૉ. ગુણવંત શાહ

# ☆ વિચારોનું સામર્થ્ય ☆

આપણે માણસ છીએ : સ્વાભાવિક છે કે ક્યારેક આપણને વિદ્રોહ કરવાનું મન થઈ જાય - તો તમે, કોની સામે વિદ્રોહ જગાવશો? હું કહું છું, સૌપ્રથમ તમે તમારી જાત ઉપર વિદ્રોહ જગાવો - તમારા વિચારો સામે બંડ ઉઠાવો; કારણ કે તમે જાણેઅજાણ્યે જાતથી; વિચારોથી, આચારથી, વાણીથી કોઈને કોઈનો ઉપહાસ કરીબેઠા છો.

હા, તમને વિનિપાત સર્જવાનું પણ મન થઈ જતું હશે, પણ જ્યારે આવો વિચાર આવે ત્યારે તમે, તમારા મનદ્વારા સર્જાતા વિકારોનો જ વિનિપાત સર્જી દેજો - આ મનના વિકારો એ તમારી અવદશાનું પહેલું પગથિયું છે.

તમને કોઈના ઉપર પ્રહાર કરવાનું મન નથી થતું એમ કેમ માની શકાય? કદાચ ન પણ થતું હોય - પણ જીવનમાં કોઈક દિવસ આવા સંજોગો ઊભા થાય તો, તમારા રોષને તમે દાબીને, કોઈક નિર્જીવ વસ્તુ પર પ્રહાર કરી લેજો-જેથી કોઈના આત્માને દુભવ્યાના પાપથી બચી શકો.

તમે ગુસ્સો કરવાનું ટાળી શકતા નથી. પણ જીવનમાં રોષ વ્યક્ત કરવાનો સમય અનિવાર્ય જ બને તો, તમે એના ઉપર રોષ ઠાલવજો, જેણે માનવતાનું ઘોર અપમાન કર્યું હોય - સત્યને કચડી નાખવાનો પ્રયત્ન કર્યો હોય!

તમે કોઈની મશ્કરી કરતા જ નથી, એવું નિર્ભયપણે ન કહી શકો, કારણકે આવા સામાન્ય અવગુણોથી અલિપ્ત રહેવું જીવનમાં અઘરું છે: પણ જ્યારે મશ્કરી કરવાનું મન થાય તો એવા માણસની કદી મશ્કરી ન કરતાં જે પોતાના સંજોગોને આધિન થઈને મૌન હોય. કદાચ એના મૌનમાંથી તમારા માટે એવો નિસાસો પણ સરી જશે જે તમારે માટે એક આઘાત સર્જી નાખે.

આપણે માણસ છીએ: રૂદનથી અલિપ્ત હોઈ શકીએ? પણ કદાચ તમને કોઈ દિવસ રડવાનું મન થાય તો તમે એવી વ્યક્ત પાછળ આંસુ સારજો કે જે તમારે માટે જ નહીં, જીવમાત્ર માટે - જગત માટે-દયાળુ હોય. દેવતુલ્ય વ્યકિત પાછળના એ તમારાં આંસુ ધરતી પરથી કદી પણ સુકાવાના નથી.

વર્તમાનમાં જીવતા જીવતા ભૂતકાળમાં સરીગયેલી પળોમાં ખોવાયેલા કોઈને યાદ ન જ કરીએ એટલા આપણે—માણસો સમર્થ નથી! પરંતુ જ્યારે આવી યાદના દીવા ઝળહળાવવા હોય ત્યારે એ યાદના દીવા એમની સમયસમાધિ પર મુકજો. જે સંસારના અવગુણોથી ખરેખર પર હોય! તમારી યાદની અંજલિનું મહાત્મ્ય આમાં જ છે!

તમને સફર કરવાનું પણ મન થતું હશે - પણ સફર કરો તો એવી જગ્યાએ સફર કરજો, જ્યાં પ્રકૃતિ સોળે-કળાએ ખીલી ઊઠી હોય! જ્યાંથી તમને ઉન્નત બનવાની પ્રેરણા મળશે. આ સંસારના સર્વશ્રેષ્ઠ સર્જક ઈશ્વર પ્રત્યે વધુ નજીક જવા માટે માર્ગ મળશે, તમને તમારી જાતને ઓળખવાની સંવેદના જાગશે - આવી જગ્યા સ્વર્ગથી પણ અધિક સુંદર છે.

તમે અન્ય માટે લાગણી અનુભવો એ સ્વાભાવિક છે. પોતાના માટે લાગણી અનુભવવી એ વધુ સ્વાભાવિક છે - પણ ક્યારેક એવી વ્યકિતઓ માટે પણ લાગણી અનુભવજો; જે અનાથ હોય! તમારી લાગણીનું સાચું મૂલ્ય ત્યાં જ અંકાવાનું છે!

અને જો તમને નિસાસા નાખવાનું મન થાય તો તમારી જાત ઉપર નિસાસા નાખીને તમારી જાતને અન્યાય નહીં કરતા—પણ એવી મૃત વ્યકિત પર નિસાસા નાખજો, જેના હુકમથી હજારો અને લાખો નિર્દોષ માનવીઓ રહેંસાઈ ગયા હોય!

કોઈને છેતરવાનું કૃત્ય તમે નથી જ કર્યું એવું અસત્ય ન બોલો. કદાચ અન્યને છેતરીને તમે આત્માનંદ અનુભવ્યો પણ હશે; આ આનંદ એ થોડી પળોનો આનંદ છે. તમે અન્યને છેતરી રહ્યા છો એવા આભાસમાં જીવવાનું માંડીવાળો. સત્ય એ છે કે તમે તમારી જાતને છેતરી રહ્યા છો.. કદી, કોઈ કાળે અંધકારમાં જ જીવવાનું હોતું નથી!

સ્વાભાવિક છે કે તમને અન્ય કોઈને ઓળખવાની લાગણી પેદા થાય! પણ તમે તમારી જાતને ઓળખો છો? જ્યાં સુધી આપણે આપણી જાતને ઓળખતા નથી ત્યાં સુધી અન્યને ઓળખવાનો અવાસ્તવિક તરફડાટ આપણને બેચેન બનાવી દેશે. આપણે આપણી જાતને ઓળખીએ છીએ તો જગતને ઓળખ્યાનો આનંદ પ્રાપ્ત થાય છે!

જો તમને વિચારવાનું મન થાય તો માત્ર તમારા માટે જ વિચારવાનું ટાળજો - તમારા પોતાના સ્વાર્થ માટે જ વિચારવાનું ત્યજી, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટે વિચારજો. પ્રત્યેકના વિચારોમાં રાષ્ટ્રને ઉન્નત બનાવવાનો વિચાર હોય એ રાષ્ટ્ર જ સંસારમાં શ્રેષ્ઠ પુરવાર થાય છે.

શું તમે કોઈને પણ તિરસ્કારતા નથી એવું તમે કહી શકો?... ના. પણ જ્યારે તિરસ્કાર કરવાનું તમને મન થાય તો તમે એને તિરસ્કારજો જેણે આ રળિયામણી ધરતીને પ્રાણીઓ અને માનવીઓનાં રક્તથી કલંકિત કરી હોય!

અને તમને પ્રણય વર્ષાવવાનું મન થાય એ પણ એટલું જ સ્વાભાવિક છે. પરંતુ તમારા પ્રણયસાગરના બુંદ એના પર વર્ષાવજો; જેને જગત ધૂત્કારતું હોય! તમારા પ્રણયની સાચી કસોટી ત્યાં છે.

તમને વાંચવાનું મન થાય એ સ્વાભાવિક છે; શાસ્ત્રોનાં - ધર્મોનાં પોથાં વાચીને તમે તમારી જાતને ન ઘડી શકો તો એ વાંચવાનું ટાળજો; પરંતુ એવું વાંચજો જે માત્ર તમને જ નહીં, અન્યને પણ ગમે તે રીતે, ગમે તે કાળે, ગમે તે ભાવે ઉપયોગી હોય - સર્જકો દ્વારા સર્જાતા મૌલિક 'સાહિત્ય'નો ઉપહાસ કદાપિ ન કરતા—કારણકે કોઈ પણ સર્જનમાં જીવનનો સાચો ધબકાર હોય છે!

તમને કદાચ કોઈને નમવાનું મન થાય તો, તમે તમારાં માતા-પિતાનાં ચરણોમાં જ નમજો; આનાથી વધુ પૂજ્યસ્થાન આ જગતમાં ક્યાંય નથી.

જો તમને આરતી ઉતારવાનું મન થાય તો સર્વપ્રથમ સૂર્યની આરતી ઉતારજો; એનું આપણી નજર સમક્ષનું અગમ્ય અસ્તિત્વ જ આપણને ધન, ધાન અને જીવન આપે છે એટલું જ નહીં, પળે પળનું એનું અસ્તિત્વ આપણને ઉન્નતપણે જીવવાનું જ્ઞાન પૂરું પાડે છે. અદશ્ય અનેક દેવો કરતાં, પ્રત્યક્ષ એક દેવ વધુ પૂજ્ય છે.

તમને કદાચ ભૂખ્યા રહેવાનું મન થાય તો - અન્ન બચાવવાના લોભને મારીને, એ ટાણાનું અન્ન - જમણ કોઈ ભૂખ્યાને આપજો. તમને આથી વધુ નૈતિક બળ સાંપડશે.

જો તમને કોઈને કાંઈ આપવાનું મન થાય તો ધનરાશિ આપ્યાથી એને સુખ અને શાંતિ મળશે એવી કલ્પનામાં રાચવાનું તમે માંડીવાળજો— પરંતુ જો આપવું જ હોય તો, તમારી પાસે રહેલા સારા વિચારો આપજો, સારા સિદ્ધાંતો આપજો, સારા આદર્શો આપજો. માનવજીવનની અમૂલ્ય, ન ભૂલી શકાય એવી સંસ્કાર-સરિતા સાગર બને છે ત્યારે એ જગત માટે કલ્યાણમય બની જાય છે.

જો તમારે કાંઈ માંગવું હોય; ઈશ્વર પાસે, તો તમે સદાય પુરુષાર્થ માગજો. ભૂલજો નહિ કે આપણા જીવનને મહેકાવી શકે એવું કોઈ જો મહેકતું ફૂલ હોય તો તે પુરુષાર્થનું ફૂલ છે.

હું તમને મારા આ બધા જ શાશ્વત ને મૂલ્યવાન વિચારો આપું છું - એ વિચારો આપ્યાનું તમારી પાસે કોઈ દિવસ મૂલ્ય માગવા નહીં આવું. આ વિચારોના સામર્થ્યને સમજી એને અપનાવશો તો અતિ મોંઘું મૂલ્ય સાંપડયાનો સંતોષ હું અનુભવીશ.

—ગુણવંત ભટ્ટ.

# એ માટે કોણ જવાબદાર?

**મા**ણસ જીવનમાં જે કંઈ પ્રાપ્ત કરવા માગતો હોય એમાં સંજોગો, વાતાવરણ અને અન્ય વ્યક્તિઓ પણ ભાગ ભજવતા હશે, એનો ઈનકાર થઈ શકે નહિ. પણ મુખ્યત્વે તો માણસ જે કંઈ છે, અને એ જે કંઈ બનવા માગે છે, એ માટે જે કંઈ પુરુષાર્થ કરવાનો હોય તે એણે જ કરવાનો છે. માણસ પોતાનું કર્તવ્ય બરાબર બજાવીને, પોતાની ફરજ અને જવાબદારી બરાબર સમજીને પોતે જીવનમાં નક્કી કરેલા ધ્યેય અને લક્ષ્યને પહોંચી શકે છે. આ કામ માણસે પોતે જ કરવાનું છે, બીજો કોઈ એ કરી શકે નહિ. એ જ રીતે, આપણને નિષ્ફળતા મળે કે આપણે પ્રતિકૂળ સંજોગોનો ભોગ બનીને અટકી પડીએ તો એમાં ય તે આપણે બીજાને દોષ નહિ દેવો જોઈએ, ક્યાંક આપણા પ્રયત્નમાં જ કચાશ હશે.

ઘણીવાર એવું બને છે કે જ્યારે આપણને જીવનમાં નિષ્ફળતા મળે, આપણી ધારી ઉન્નતિ થાય નહિ, તો આપણે એ માટેનાં કારણો આપણામાં શોધતા નથી પણ આપણી સાથે જેઓ જોડાયેલા હોય, આપણી આસપાસ જે સંજોગો ઊભા થયા હોય એને આપણે દોષ દઈએ છીએ અને એમ માનીએ છીએ કે આપણી સામે આ પ્રકારના સંજોગો ઊભા થયા ન હોત તો જરૂર આપણને સફળતા મળત, આપણા જીવને આપણે ધારેલી દિશાને પકડી હોત.

આવી નિષ્ફળતા માટે બાહ્ય કારણો કે સંજોગો કેટલેકઅંશે જવાબદાર હોય એવું બની શકે છે, એનો ઈનકાર થઈ શકે નહિ. પરન્તુ એ સાથે જે માણસ પોતાના જીવનનો વિકાસ સાધવા માગે છે અને પોતાના માર્ગ પર અટલ રહેવા માગે છે એ માણસ નિષ્ફળતા કે અવરોધોથી અટકતો નથી. એ તો આ બધાનો સામનો કરીને પોતાની જીવનયાત્રાને બરાબર આગળ ધપાવે છે. આવો માણસ સમજતો હોય છે કે પોતે જે કંઈ સિદ્ધ કરવા માગે છે એની પહેલી અને છેલ્લી જવાબદારી પોતાની છે, બીજા કોઈની કે બીજા કશાની નથી.

આ રીતે જવાબદારીનું મૂલ્ય સમજતો માણસ એ પણ બરાબર જાણતો હોય છે કે પોતાની વિશિષ્ટ બુદ્ધિ, શક્તિ કે વિકાસ સાધવાની પોતાનામાં રહેલી સંભાવનાઓનો એણે પોતે જ પૂરેપૂરો અને તમન્ના તેમ જ ઉત્સાહથી ઉપયોગ કરવાનો છે, પોતાની શક્તિનો જો એ પોતે સંપૂર્ણપણે ઉપયોગ કરવા ન માગતો હોય તો બીજું કોઈ એને એમ કરવાની ફરજ પાડી શકશે નહિ. આ સમજનાર માણસને જો પોતે ઉપાડેલા કામમાં અવરોધો ઊભા થાય કે મુશ્કેલીઓ આવે તો એ એમાંથી બહાર નીકળવાની શક્તિ ધરાવતો હોય છે. આવો માણસ કદી બીજાને કે સંજોગોને દોષ દઈને બેસી રહેતો નથી. એ તો નિષ્ફળતા મળતાં સૌપ્રથમ પોતાની અંદર દૃષ્ટિ કરે છે અને પોતે પોતાની પૂરી શક્તિ, તાકાત અને પોતાની બુદ્ધિને જોઈએ એટલા પ્રમાણમાં કામે લગાડી હતી કે નહિ અને એમાં ક્યાં ખામી રહી ગઈ હતી, ક્યાંક પોતે શિથિલતા કે પ્રમાદ બતાવ્યાં હતાં કે નહિ એ શોધી કાઢે છે. પોતાને જો પ્રતીતિ થાય કે તાત્કાલિક પોતાને જે સહન કરવું પડયું એ માટે પોતે જવાબદાર હતો તો પછી એ બીજાને દોષ દેવાને બદલે પોતાની ઊણપનું, પોતાની ખામીનું નિવારણ કરવા પર પ્રથમ ધ્યાન આપશે. આ રીતે પોતાની જવાબદારીનો સ્વીકાર કરીને અને પોતાની ઊણપોનું નિવારણ કરીને આવો માણસ ફરી આગળ વધે છે અને એમાં છેવટે એને કામયાબી મળે જ છે.

આપણા સંપર્કમાં એવા લોકો પણ આવે છે કે જેઓ જીવનમાં અમુક વ્યવસાય કે અમુક પ્રવૃત્તિ અપનાવી બેઠા હોય, એમાં અમુક અંશે સફળ પણ થયા હોય પણ એ સાથે સતત તેઓ અસંતોષમાં રહેતાં હોય છે. તેઓ વારંવાર એમ કહેતાં હોય છે કે હું મારા જીવનને અમુક રીતે જ ઘડવા માગતો હતો, અમુક વ્યવસાય માટે તૈયાર થવા માગતો હતો, પણ મારાં મા-બાપની મહત્ત્વાકાંક્ષા અત્યારે હું જે વ્યવસાયમાં છું એમાં આગળ વધુ એવી હતી, એટલે મારે આમાં આવવું પડયું, પણ હજુ મને તો હું જે કરવા માગતો હતો એનું જ આકર્ષણ છે. આ જ રીતે કેટલાક પોતાના મિત્રોને કે પોતાના સાથીઓને પોતે અપનાવેલા અણગમતા કામ કે પ્રવૃત્તિ માટે કારણભૂત ગણતા હોય છે. અમુક અંશે આવું બનતું હોય છે એ સ્વીકારવું પડે તેમ છે, પણ એ સાથે આપણી જે મહત્ત્વાકાંક્ષા હોય છે એ પ્રતિ જવા માટે આપણામાં ઘણી વાર એટલી તીવ્રતા હોતી નથી અને એટલે આપણા તે વિશે થોડું દબાણ આવતાં જ આપણે આપણા આગ્રહને છોડીને બીજી દિશામાં વળી જઈએ છીએ. કેટલીક વાર આપણે આવા દબાણને ટાળી શકીએ તેમ હોઈએ છીએ અને આપણે આપણું દૃષ્ટિબિન્દુ આપણાં મા-બાપ કે મિત્રોને ગળે છેવટે તો ઉતારી શકીશું એમ પણ ઊંડે ઊંડે આપણને લાગતું હોય છે. આમ છતાં યે આપણે જાતજાતના કારણો આગળ કરીને એમની વાતને સ્વીકારી લેતા હોઈએ છીએ, એમાં ગોઠવાઈ જતા હોઈએ છીએ, પણ અંદરથી આપણે બતાવેલી નિર્બળતા વિશે આપણું મન આપણને કોરીખાતું હોય છે. એટલે કેટલીકવાર જે કંઈ આપણે સ્વીકાર્યું એમાં આપણી કોઈ ઊણપ નહોતી, આપણી કોઈ જવાબદારી નહોતી એમ આપણને અને બીજાને વખતોવખત સમજાવવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ.

પણ આપણા મનમાં અમુક લક્ષ્ય નક્કી થઈ ચૂકયું હોય, એ માર્ગે જ્યાં સુધી આપણે નહિ જઈએ ત્યાં સુધી આપણને ચેન નહિ પડે એવું આપણને લાગતું હોય તો પછી બીજાઓ આપણને પોતાને અનુકૂળ એવી દિશામાં લઈ જવા પ્રયત્ન કરે, દબાણ કરે, સમજાવે-પટાવે, ગમે તેવી શંકા-ભય બતાવે તો પણ આપણને આપણા નક્કી થયેલા લક્ષ્ય તરફ જવામાં જ રસ હોય છે, આપણું એ કર્તવ્ય થઈ ગયું હોય છે, આપણને પ્રતીતિ થઈ ગઈ હોય છે કે એ માર્ગે જઈને જ આપણા પોતાની અને સમાજ પ્રત્યેની આપણી ફરજ તેમ જ આપણી જવાબદારી આપણે પૂરી કરી શકીશું. અને આપણને જ્યારે જ્યારે આવી પ્રતીતિ થઈ હોય છે એ પછી આપણે એ ધ્યેય તરફ, એ લક્ષ્ય તરફ જઈને જ જંપીએ છીએ.

એટલે, જો માણસ આટલું સમજે કે 'હું જ, અન્ય કોઈ નહિ, મારા પોતાના જીવનઘડતર માટે જવાબદાર છું. જો મારામાં વિશિષ્ટ બુદ્ધિપ્રતિભા, શક્તિ કે સંભાવના હોય અને જો એનો હું ઉપયોગ ન કરતો હોઉં તો એ મારી ઊણપ છે, કેમકે મારી બુદ્ધિ અને શક્તિને ધારું ત્યારે હું જ ઉપયોગમાં લઈ શકું, બીજું કોઈ એમ કરવા મને ફરજ પાડે તો પણ એમાં કંઈ વળે નહિ. એ જ રીતે જીવનમાં હું મારા ફાળે આવતું કર્તવ્યપાલન ન કરું અને મને નિરાશા, વિફલતા મળે, જીવનમાં સુખ-સંતોષનો અભાવ રહે તો એ માટે હું બીજા કોઈને દોષ આપું તો એનો કંઈ અર્થ નથી, મારે જ મારા જીવન પ્રત્યેનું કર્તવ્ય બજાવવું જોઈએ.' તો પછી માણસ પોતાના જીવનને વધુ સભર અને આનંદપૂર્ણ બનાવી શકે.

—અનિલ શેઠ

## અમરતાની ચિંતા!

અમરતાની ચિન્તામાં ખોવાયેલા રહેવાનું ઊંચા વર્ગના લોકો અને ખાસ કરીને સ્ત્રીઓને પાલવી શકે, જેમને કંઈ કરવાકારવવાનું નથી હોતું.

પણ, જે સમર્થલોકોને જીવનમાં કંઈક કરીછૂટવું હોય છે, તેમને રોજ કંઈક પેદા કરવા માટે શ્રમ અને સંઘર્ષ કરવો પડે છે. તેઓ પરલોકની ચિન્તા નથી કરતાં અને આ લોકમાં એ ક્રિયાશીલ અને ઉપયોગી માણસો બને છે.

—ગેટે

# શ્રી માતાજી: આધ્યાત્મિકતાનો આવિષ્કાર

પોંડિચેરી – એ નકશા પર બતાવી શકાય એવું બિન્દુ નથી. ભારતનું એક યાત્રાતીર્થ છે. માનવનો આધ્યાત્મિક વિસામો છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીની યોગચેતનાનું ગંગોત્રીધામ છે.

૨૧મી ફેબ્રુઆરી ૧૮૭૮માં પેરિસમાં માતાજીનો જન્મ થયો હતો. શૈશવથી જ એમને અકળ અનુભવો થતા રહ્યા હતા. આંખની આસપાસ પ્રકાશનું અવતરણ થતું હોય એવું એમને લાગ્યા કરતું. પણ શૈશવ છાપને ગ્રહણ કર્યા કરે છે. માણસ સમજતો થાય છે પછી એ અકળ આધ્યાત્મિક ઘટનાને સકળના સંદર્ભમાં અર્થઘટન આપે છે.

એક ફ્રેન્ચ સન્નારી – મીરાં પૉલ રિશૅાર–નું માતાજીમાં રૂપાંતર થયું એ માત્ર રાતોરાતનો ચમત્કાર નથી. કેટલીક વસ્તુઓ હોય છે અને જે હોય છે તે છે જ. એટલે એના ખુલાસાઓ આપવાના હોતા નથી.

નાનપણથી જ માતાજી ઓછાબોલા અને અંતર્મુખી. પેરિસની પાસેનું એક પ્રચલિત અરણ્ય. એમાં સદીઓ જૂનાં વૃક્ષો. માતાજી ઘણીયે વાર એ અરણ્યમાં જતાં અને વૃક્ષની નીચે બેસતાં ત્યારે એમને સમાધી લાગી જતી. વૃક્ષો, પંખીઓ, પાંદડાં અને ફૂલો સાથે એમની આત્મીયતા બંધાઈ જતી અને આ સૃષ્ટિમાં જ્યાં જ્યાં ચૈતન્ય છે ત્યાં ત્યાં દિવ્યત્વનો આવિષ્કાર છે એની ઊંડે ઊંડે જાણે કે પ્રતીતિ થતી જતી.

સામાન્ય રીતે માતાજીએ એમના ભૂતકાળ વિષે ઝાઝી વાત કરી નથી. પણ તેર વર્ષની ઉંમરે એમને થયેલા અનુભવની એક વાત નોંધાઈ છે. કેટલીયે રાત સુધી એમને એમ લાગ્યું હતું કે પોતે જાણે કે રાતને સમયે શરીરમાંથી બહાર નીકળી જાય છે અને એ સમયે એમના શરીર ઉપર હોય છે ભવ્ય સોનેરી વસ્ત્ર. આ વસ્ત્ર જાણે કે વિરાટ થઈને ફેલાતું જતું અને એની છાયામાં કેટલાયે નાનાં મોટાં સ્ત્રી-પુરુષો એક પ્રકારની શાંતિનો અનુભવ કરતાં હોય એવી લાગણી થતી. સંસારની યાતનાથી પીડાતા પ્રત્યેક જીવ–ને માતાની શાતા મળતી. વિષાદ પુરુષને શાતા આપવાના આ અનુભવથી એમને પોતાને કંઈક કળ વળતી. જીવનનું પ્રયોજન અને એની સાર્થકતાનો મર્મ સમજાતો.

૨૯મી માર્ચ ૧૯૧૪. માતાજીનો પોંડિચેરી પ્રવેશનો પ્રથમ દિવસ. એ જ દિવસે તેઓ શ્રી અરવિંદને મળ્યાં અને એમને જોતાંની સાથે જાણે કે જેમને પોતે સ્વપ્નમાં જોયા હતા અને જીવનમાં ઝંખ્યા હતા એવા ગુરુનો સાક્ષાત્કાર થયો. પોતાનો નવો જન્મ થયો હોય એવી એમને લાગણી થઈ. આધ્યાત્મિકતાનો રસ્તો અહીંથી ઊઘડતો હોય એવું એમને ભીતરથી લાગવા માંડયું.

ફરી પાછા એ પેરિસ ગયા. જાપાન ગયા. બધે જ જાણે કે રણનો અનુભવ. પણ આ રણમાં એક ગુપ્ત ઝરણ પણ વહેતું હોય એનાથી એ પૂરેપૂરા પરિચિત હતાં. પોતે જાણે કે પંખી છે. પાંખો પણ ફૂટી છે અને આંખ સામે સાચું આકાશ તો હવે ઊઘડતું આવે છે.

– અને ખરે જ. આકાશ ઊઘડયું પણ ખરું. બધી જ પ્રતીક્ષાનો અંત આવ્યો. ભૂતકાળને – પાછળ મૂકી– ૨૪મી એપ્રિલ ૧૯૨૦માં કાયમના વસવાટ માટે માતાજી પોંડિચેરી આવી પહોંચ્યા.

શ્રી માતાજીએ જ્યારે પોંડિચેરીમાં વસવાટ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે આશ્રમ કે એવું કશું નહોતું, પણ બધું ધીમે ધીમે સાકાર થવા માંડયું. શ્રી માતાજી આશ્રમના કુળદેવી થયા. 'ૐ આનન્દમયી, ચૈતન્યમયી, સત્યમયી પરમે' એ મંત્રશકિત થયા. આશ્રમ એટલે માનવહૃદયની સ્વચ્છતા અને સૌન્દર્યનું કર્મરૂપ.

આશ્રમની કોઈ પણ પ્રવૃત્તિ એવી નથી કે જેમાં માતાજીનો પ્રવેશ ન હોય. પણ આ બધી બાહ્ય પ્રવૃત્તિઓ પાછળ કોઈ સૂક્ષ્મ સ્ફૂર્તિનું કાર્ય નિરંતર થયા કરે છે. એક વૃક્ષ પણ પોતાની ડાળીઓને ઊંચે ને ઊંચે ફેલાવી સૂર્યપ્રકાશને ઝંખે છે. વૃક્ષને પણ જો આવા કશાકની નિતાંત ઝંખના રહે છે, તો માનવને આ પ્રકાશ માટે તો કેટલી બધી પ્રબળ અભિપ્સા હોવી જોઈએ?

માતાજીને મન પ્રત્યેક પુષ્પ પણ પ્રતીક છે. તો માનવપુષ્પનું તો એમને મન કેટલું અધિક મૂલ્ય હશે. માનવની પાંખડીઓ ખરી ન પડે – એ માટે તો એમની કૃપા સતત વહ્યા કરતી. એમના સ્મિતમાં સાધકોને સંજીવનીનો અનુભવ થતો.

માતાજીનો દેહવિલય થયો. જો કે માતાજીનું વ્યકિતત્વ દેહમાં બધાય એટલું સીમિત કયારેય ન્હોતું. દેહની બહાર એ નીકળી ગયા છે, પણ એમના સનાતન સ્મિતનું અદશ્ય રેશમી વસ્ત્ર માનવવેદનાનું વૈકુંઠમાં રૂપાંતર કરી આપવા માટે ઉત્સુક છે–જો આપણી પાસે પૂર્ણ શરણાગતિની અભીપ્સા હોય તો!

–સુરેશ દલાલ.

## કૃપાથી તારી

કૃપાથી તારી, મા, સરવર સમું આભ ઊઘડે
અને પંખીઓનાં કમળ ટહુકાઓ વિલસતા;
વિશાળા આકાશી તટ પર કશું વૃક્ષ વિકસે!
અહો! પર્ણે પર્ણે તવ સ્મિતભર્યો છંદ છલકે!

અજાણ્યું ન લાગે અહીં અવ મને કાંઇ કશું યે,
હવામાં હું કૂણા અદીઠ કરનો સ્પર્શ ગ્રહતો.
કૃપાથી તારી, મા, પથ મળી ગયો, નીરવ ગતિ.
ચલાવ્યો ચાલું છું: શિર પર નથી ભાર વહતો!

તમે તો પાસે છો: નસ નસ મહીં નામ રટણા
અનિદ્રા – નિદ્રામાં મધુર પ્રકટે કૈંક શમણાં –
વસ્યાં છો આવીને ક્ષણ ક્ષણ મહીં શાશ્વત થઈ;
તમે આ મંદિરે ઝળહળ થતા જ્યોતિ–કુસુમ!

તમે મારી વાચા, હૃદયદલની આરત તમે,
તમારા સાન્નિધ્યે જગસકલનો થાક વિરમે!

## શાન્તિ ભણી

જીવનથી ખુશ રહો, કારણ કે તે તમને પ્રેમની મહત્તા, કર્મનું રહસ્ય, ખેલદિલીનો આનંદ અને કુદરતનાં તત્ત્વોને સમજવાની તક આપે છે.

તમારી પાસે જે દુન્યવી ચીજો છે તેનાથી સંતોષ માનો, પરંતુ જ્યાં સુધી એક ઉત્કૃષ્ટ માનવી ન બનો ત્યાં સુધી તમારી જાતમાં પુરાઈ કદાપિ સંતોષ ન માની લેતા.

આ જીવનમાં કંઈ છોડવા જેવી વસ્તુ હોય તો હરેક પ્રકારની બૂરાઈ છે અને કશાથી બીવા જેવું હોય તો નબળી મનોદશા છે.

તમારા અજંપા અને ઉકળાટોને બદલે જે કંઈ તમારી પાસે સારું છે તેને તમારા જીવનનું સંચાલક બળ બનવા દો.

ઉમદા રીતભાત અને ભલા દિલ સિવાય બીજા કશાની અપેક્ષા તમારા પડોશીઓ પાસેથી ન રાખશો.

શત્રુનો વિચાર છોડી મિત્રોનો અને પ્રભુએ આપેલા એક એક દિવસનો વિચાર કરી શરીર અને આત્માના સમન્વયની સાચવણી સાથે સર્જનહારની આ દુનિયામાં સર્વ વ્યવહારો કરો.

જીવનમાં શાન્તિસ્થાપન કરવાનો આ માર્ગ છે.

મૂળ અંગ્રેજી પરથી:
અનુવાદક: શારદાબેન બાબુભાઈ શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪. ટે નં ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. MH. 117

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૫ : અંક : ૧૬

મુંબઇ, ડિસેમ્બર ૧૬, ૧૯૭૩ રવિવાર
વાર્ષિક લવાજમ રૂા. ૭, પરદેશ માટે શિલિંગ : ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૦–૪૦ પૈસા

તંત્રી : ચીમનલાલ ચકુભાઈ શાહ

## સ્થાપિત હિતોનું વર્ચસ્વ

"સ્થાપિત હિતોનું વર્ચસ્વ" વિષે કાંઈ કહું તે પહેલાં સ્થાપિત હિત એટલે શું તે સમજી લઈએ. સ્થાપિત હિત શબ્દ અંગ્રેજી Vested interest નો અનુવાદ છે. મોટેભાગે આર્થિક સમસ્યાઓની વિચારણામાં આ શબ્દ છૂટથી વપરાય છે. પણ સ્થાપિત હિત ઘણો વ્યાપક અનુભવ છે અને જીવનના દરેક ક્ષેત્રમાં તેનું વર્ચસ્વ છે.

સમાજમાં રહેતો માનવી અનેક સંબંધોથી બંધાય છે. સમાજ એટલે માનવીય સંબંધોનો સમૂહ. એક જ વ્યકિત નિર્જન અરણ્યમાં હોય તો તેને કોઈ એવો સંબંધ નથી કે જેમાં સ્થાપિત હિત થાય. સમાજમાં હોઈએ છીએ ત્યારે કુટુંબ, જ્ઞાતિ, દેશ વગેરેના અંગ તરીકે સંબંધોથી વીંટળાઈએ છીએ. આ સંબંધો રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક એવા અનેક પ્રકારના હોય છે. દરેક વ્યકિતને પોતાનો સ્વાર્થ - પોતાનું હિત - હોય છે અને તે હિતને સફળ કરવા તેની પ્રવૃત્તિ હોય છે. બધી વ્યકિતઓનાં હિતો સમાજ અને પરસ્પરના સુમેળવાળાં નથી હોતાં. સામાજિક રચનાને કારણે, સંજોગોને કારણે, કેટલીક વ્યકિતઓ અધિકારસ્થાને હોય છે ત્યારે વધારે લાભ મેળવે છે. જે લાભ મળ્યો હોય, જે સ્થાન પ્રાપ્ત કર્યું હોય એવા પોતાના હિતને જાળવી રાખવા, કાયમ કરવા, અને તેને વધારવા સ્વાભાવિક રીતે દરેક વ્યકિત પ્રયત્ન કરે છે. આ તેનું સ્થાપિત હિત થઈ જાય છે. તેમાં તેનો Vested interest જામી જાય છે. દરેક અધિકાર સામે ફરજ હોય છે, પોતાના લાભ સાથે બીજાના લાભ પણ લક્ષમાં લેવા જોઈએ એ વિસરાઈ જાય છે. પછી આવાં સ્થાપિત હિતોનો બચાવ કરવા માટે મનુષ્ય અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. સમાન હિતવાળા સંગઠિત થાય છે અને પોતાના પક્ષો અથવા મંડળો રચે છે. આવા પક્ષીય સંગઠનથી સંઘર્ષ પેદા થાય છે અને તે અનેક સમસ્યાઓ પેદા કરે છે.

અધિકાર અથવા સત્તા ભોગવવી માણસને ગમે છે. તેવી રીતે ધન પ્રાપ્ત કરવું, કીર્તિ મેળવવી એ પણ ગમે છે. પોતાના હિત માટે બીજાનું અહિત કરવું, શોષણ કરવું, એવું સમાજમાં ચાલતું આવે છે, પણ વર્તમાનમાં અત્યાધિક છે.

રાજકીય ક્ષેત્રે સ્થાપિત હિત એટલે સત્તા પર જે વ્યકિતઓ કે પક્ષ હોય તેણે પોતાની સત્તા ટકાવી રાખવાની ભાવના; આર્થિક ક્ષેત્રે સ્થાપિત હિત એટલે વધારે મિલકત અથવા આવકનાં સાધનોની માલેકી જેની હોય તે માલેકીહક્કોનું રક્ષણ; ધાર્મિક ક્ષેત્રે સ્થાપિત હિત એટલે ધર્મગુરુઓ હોય, બ્રાહ્મણો, શંકરાચાર્ય, પોપ, વડા મુલ્લાંજી-માત્ર દષ્ટાંતો જ આપું છું - તેમણે પોતાનું અધિકાર-સ્થાન જાળવી રાખવાની રચના. સામાજિક ક્ષેત્રે જ્ઞાતિની શેઠાઈ હોય, વ્યાપારી મંડળનું અધિકારપદ હોય, શૈક્ષણિક સંસ્થાઓમાં વહીવટની સત્તા હોય, સામાજિક સેવાઓની સંસ્થાઓમાં સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં હોય – આ બધામાં તે તે વ્યકિતઓનું સ્થાપિત હિત થઈ જાય છે અને તેને ટકાવી રાખવાના માર્ગો શોધે છે. માણસ પછી પોતાની જાતને એમ મનાવે છે કે જે પદ, સત્તા, સ્થાન કે અધિકાર પોતે ભોગવે છે તે સમાજના હિતમાં છે અને પોતે સમાજના હિતમાં તેનો ઉપયોગ કરે છે અથવા કરશે - આ ભ્રમણા છે. પોતાની જાતને છેતરવાની કળા માણસને આવડે છે. તે જ રીતે જનતાને એમ મનાવવા પ્રયત્ન કરે છે કે તેમનું વર્તન જનકલ્યાણ અર્થે છે.

સ્થાપિત હિતોવાળા બધા વર્ગો મોટે ભાગે શકિતશાળી અને સાધનવાળા હોય છે. બીજા વર્ગો, જેનું હિત જોખમાય છે તેઓ, સાધનરહિત અને નિર્બળ હોય છે. પરિણામે તેમનો સંઘર્ષ અસમાન અને મોટે ભાગે નિર્બલ તત્ત્વોને અન્યાયમાં પરિણમતો હોય છે.

સ્થાપિત હિતોવાળા વર્ગો અનેકવિધ સીધી અને આડકતરી રીતે બીજા વર્ગોને સાથ આપવા ફરજ પાડી શકે છે. લાંચ, લાલચ, ધમકી, અત્યાચાર, બધાં હથિયારો અજમાવે છે. એટલી હદ સુધી કે જે વર્ગનું શોષણ થતું હોય તેવા વર્ગો એમ માનવા પ્રેરાય કે આમ જ હોય, અને વિરોધ ઉઠાવવાની તેની શકિત કે વૃત્તિ ક્ષીણ થઈ જાય. પીંજરામાં રહેલ પંખીને છોડીએ તો ય પીંજરામાં પાછું આવે તેમ ગુલામને પોતાની ગુલામીમાં જ સલામતી લાગે એટલી માનસિક પરાધીનતા તેને ઘેરી વળે.

સ્થાપિત હિતવાળા પોતાને સમાજમાં માન અને આદર મળે એવી વ્યવસ્થા કરે છે. કાંઈક દાન કરતા હોય, થોડા સામાજિક સેવાનાં કાર્યો કરતા હોય, ધર્મગુરુઓ તેમની પ્રશંસા કરે એ રીતે ધાર્મિક વિધિ–વિધાનોમાં આગળ પડતો ભાગ લેતા હોય, પ્રચારનાં સાધનો – વર્તમાનપત્રો, વગેરે પોતાને કબજે હોય, રાજ્ય-સત્તા ઉપર એટલું વર્ચસ્વ ભોગવે કે કાયદાઓ પણ સ્થાપિત હિતોને ટકાવી રાખવામાં મદદરૂપ થાય. સ્થાપિત હિતવાળા ધર્મ અને નીતિને નામે પોતાનાં હિતોનો બચાવ કરે. નબળા વર્ગોની આર્થિક અને માનસિક અસહાયતા કે પામરતા એટલા મોટા પ્રમાણમાં પેદા કરે કે આવા વર્ગો મુકિતનો વિચાર પણ ન કરે. અન્યાયનો પ્રતિકાર કરવાની શકિત હણાઈ જાય તેને જાગ્રત કરવી ભગીરથ કાર્ય છે. આવી પરિસ્થિતિને પહોંચી વળવાના બે માર્ગો છે: હિંસક વિરોધ અથવા માણસના આત્માને જાગ્રત કરવો.

આ પરિસ્થિતિ દુનિયાના ઈતિહાસમાં નવી નથી. એટલું જ કે વર્તમાન યુગમાં તેની વ્યાપકતા અને વિષમતા ભયંકર હદે પહોંચી છે. માણસમાં સ્વાર્થની માત્રા ઘણી ઊંડી અને તીવ્ર છે, પણ સામાન્ય રીતે તેની મર્યાદા હોય છે. માનવીની ઈન્સાનિયત તેને હેવાન બનતો અટકાવે છે. વર્તમાન સમયમાં આવી બધી મર્યાદાઓ લોપ

થતી જણાય છે અને સ્વાર્થનું તાંડવ વિકરાળ સ્વરૂપે ખેલાઈ રહ્યું છે.

ભર્તૃહરિએ માણસની ચાર કોટિ કહી છે:

एते सत्पुरुषाः परार्थ घटकाः, स्वार्थान् परित्यज्य ये,
सामान्यास्तु परार्थमुद्यमृताः, स्वार्थाविरोधेन ये ।
ते मि मानवराक्षसाः परहितम्, स्वार्थाय निघ्नन्ति ये ।
ये तुघ्नन्ति निरर्थकम् परहितम्, ते के न जानि महे ।।

સત્પુરુષો છે જે પોતાનો સ્વાર્થ ત્યજી પરાર્થ કરે છે. સામાન્ય માનવી સ્વાર્થ અને પરાર્થ બન્ને અવિરોધપણે આચરે છે. પોતાના સ્વાર્થ માટે પરહિત હણે તે માનવ - રાક્ષસ છે. પણ વિના કારણ, પોતાનું હિત પણ ન સધાય ત્યાં પણ પરહિત હણે તેવા મનુષ્યને શું કહેવું એ, ભર્તૃહરિ કહે છે, મને સમજાતું નથી.

સમાજનું સ્વાસ્થ્ય અને શાંતિ સ્વ અને પરહિતમાં વિરોધ ન થાય તેવા આચરણમાં રહેલાં છે. વર્તમાન જીવનની વિકટ સમસ્યાઓનું મૂળ સ્થાપિત હિતોવાળા વર્ગોના અનહદ લોભ અને સ્વાર્થમાં રહ્યું છે. માનવીસંબંધો સ્વેચ્છાએ સમાનતાની ભાવના પર રચવા, માણસ તત્પર થતો નથી. પરિણામે સંઘર્ષો તીવ્ર થતા જાય છે. સ્થાપિત હિતોવાળા પોતાના સાચા હિત પ્રત્યે પણ અંધ બને છે અને પોતાનો વિનાશ નોતરે છે. જીવનસંગ્રામમાં પરસ્પરનાં હિતોની અથડામણ કેટલેક દરજ્જે અનિવાર્ય છે. પણ જીવનની સફળતા એમાં રહી છે કે વિરોધને શમાવી સમતા અને સામંજસ્ય પેદા કરવું. Life is a perpetual struggle to resolve conflicts. તેથી ઉપનિષદમાં કહ્યું છે: तेन त्यक्तेन भुंजीथाः ત્યાગ કરીને ભોગવો. સામાન્ય રીતે ત્યાગ અને ભોગ પરસ્પર વિરોધી છે, પણ સમાનતાની ભાવના જાગે તો ત્યાગ એ સાચો આનંદ બને છે. જેઓ સંકુચિત સ્વાર્થમાં રચ્યા-પચ્યા રહે છે અને પરહિત પ્રત્યે સર્વથા દુર્લક્ષ કરે છે તે પોતે પણ સાચી રીતે સુખી થતા નથી. સ્વહિત અને પરહિત વચ્ચે વિરોધ નથી એ સમજવું સાચા સુખની ગુરુચાવી છે. ત્યાગ અને ભોગ વચ્ચેનો ભેદ નાબૂદ કરવાની આ યુકિત છે. તેથી જ ભારતવર્ષની સદાયે ભાવના રહી છે કે:

सर्वेजनाः सुखिनो भवन्तु, सर्वे सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःखमाप्नुयात् ।।

માણસને સાચા માર્ગે વાળવો શી રીતે? બે ઉપાય છે: મોટે ભાગે માણસનું વર્તન અનુકરણથી થાય છે. બીજાનું જોઈ, પોતે તેમ વર્તે છે. બીજાને લૂંટ કરતા જુએ તો લૂંટમાં જોડાય, બીજાને બલિદાન આપતા જુએ તો બલિદાન કરવા તત્પર થાય. અત્યારે બધા લૂંટવામાં પડયા છે, સ્થાપિત હિતોના રક્ષણમાં અને તેને વિસ્તારવામાં. તેથી મજૂરથી માંડી માલિકના બધા વર્ગો પોતાના અધિકારો અને હક્કોની જ લડતમાં પડયા છે. પરિણામે સંઘર્ષ અતિ તીવ્ર થતો જાય છે. આ દિશા બદલવી હોય તો આગેવાન વ્યકિતઓએ શરૂઆત કરવી જોઈએ. જનતા તેનું અનુકરણ કરશે. महाजनः येन गतः स पन्थाः આ આપણો પરંપરાગત આચરણનો માર્ગ રહ્યો છે.

પણ આ આંધળો માર્ગ છે. સાચો માર્ગ સમજપૂર્વક માણસ સ્વીકારે ત્યારે ખરેખર તેનું અંતર જુદી દિશા લે છે. પછી મનમાં શંકા નહિ રહે. આત્મપ્રતીતિ થાય ત્યારે બીજા કરે કે ન કરે તો પણ પોતે સાચા માર્ગે રહેશે. આ પ્રતીતિ એટલે સ્વ અને પરહિત વચ્ચે વિરોધ નથી તેનું ભાન થવું. જેને ત્યાગ કહીએ છીએ તે ખરી રીતે સ્વનું વિસ્તરણ છે. Self-Sacrifice means, not selfishly extenguishing the self, but lovingly devoting it to the service of others.

બધા ધર્મોએ આ માર્ગને જ સાચા સુખનો માર્ગ કહ્યો છે. માણસ જેટલે દરજ્જે તે આચરે તેટલે દરજ્જે સાચું સુખ પામે છે. સંકુચિત સ્વાર્થ-સ્થાપિત હિતોને વળગી રહેવું-તે અંતે દુઃખનો માર્ગ છે.

['આકાશવાણી'ના સૌજન્યથી વાર્તાલાપ: ૪-૧૨-'૭૩] **ચીમનલાલ ચકુભાઈ**

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

**અદ્ભુત દર્શન**

જૈનદર્શનમાં નવ તત્ત્વ મુખ્ય છે. તેમાં જીવતત્ત્વનો વિચાર અતિ ગહનતાથી કરવામાં આવ્યો છે. છ કાયના જીવ કહ્યા છે-પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. સકલ વિશ્વ સૂક્ષ્મ જીવોથી સભર છે. એ માન્યતા જૈન ધર્મની વિશેષતા છે. હવે એ માત્ર માન્યતા કે શ્રદ્ધાનો વિષય નથી રહ્યો, વિજ્ઞાન સ્વીકારે છે. જગદીશચંદ્ર બોઝે પ્રથમ પુરવાર કર્યું કે વનસ્પતિ સજીવ છે. આ વિષયમાં હવે ઘણી શોધખોળ અને પ્રયોગો થયા છે. Secret life of Plants નામનું પુસ્તક બે વૈજ્ઞાનિકોએ તાજેતરમાં પ્રકટ કર્યું છે. તેમાં પુરવાર કર્યું છે કે, "Lowly vegetable matter—the carrot you peel, the onion you slice—seems to possess feelings, intelligence, will and hitherto untapped powers of communication, not only with fellow plants but with man and possibly with mysterious presences in outer space." વનસ્પતિ જેવાં કે ગાજર કે કાંદામાં લાગણી, બુદ્ધિ અને ઈચ્છાશકિત છે એટલું જ નહિ પણ બીજી વનસ્પતિ અને મનુષ્ય સાથે અને કદાચ વિશ્વમાં પણ સંદેશાવ્યવહાર કરવાની શકિત છે. આ પ્રયોગો કેવા માણસોએ કર્યા છે? Many of these experiments were conducted by reputable, hard-headed scientists. લબ્ધપ્રતિષ્ઠ અને પ્રખર બુદ્ધિવાદી વૈજ્ઞાનિકોએ આ પ્રયોગો કર્યા છે. આ પુસ્તકની સમાલોચના કરતાં કહ્યું છે, This book bristles with hard facts and astounding scientific lore. આ પુસ્તક વાસ્તવિક હકીકતોથી ભરપૂર છે અને અદ્ભુત વૈજ્ઞાનિક વિદ્યાની ખાણ છે.

આપણને આશ્ચર્ય થાય કે આવા પ્રકારની વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓ ન હતી તેવે સમયે જૈન ધર્મમાં આ અદ્ભુત દર્શન કયાંથી આવ્યું? મને હમેશાં થતું રહ્યું છે કે જૈનદર્શનમાં જીવશાસ્ત્ર-બાયોલોજીનું અતિગહન જ્ઞાન છે. વર્તમાન જીવશાસ્ત્ર હજી તે કક્ષાએ પહોંચ્યું નથી. કોઈ સારો બાયોલોજિસ્ટ - જૈનદર્શનની પરિભાષાથી પરિચિત હોય તેવી વ્યકિત-જૈન ધર્મનાં જીવ અને અજીવ તત્ત્વોનો ઊંડો અભ્યાસ કરે તો જીવશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાન - બાયોલોજી અને ફિઝિકસ - વિષે ઘણું જાણવાનું મળે. અજીવ તત્ત્વ -પુદ્ગલ - ની પણ એવી જ વિશદ અને ગહન વિચારણા જૈનદર્શનમાં છે. તેનો પરમાણુવાદ અને ધર્માસ્તિકાય (ગતિ), અધર્માસ્તિકાય (સ્થિતિ), આકાશ અને કાલ, પરિભાષાના ભારમાં ડૂબી ગયા છે. કુંદકુંદાચાર્યના મહાન ગ્રંથ 'પંચાસ્તિકાય'માં ષડ્ દ્રવ્યોની તલસ્પર્શી મીમાંસા છે.

આ દર્શન અંતઃસ્ફુરણા કે આત્મદર્શનનું પરિણામ હશે? અહિંસા માત્ર લાગણીનો વિષય નથી, જીવતત્ત્વના ગહન જ્ઞાનનું પરિણામ છે.

**અકલ્પ્ય સિદ્ધિ**

અવકાશી અવગાહનમાં અમેરિકાએ છોડેલ પાયોનિયર-૧૦ યાને અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ૨૧ મહિનાની યાત્રા પછી આ યાન જ્યુપિટર સુધી - ૬ કરોડ માઈલ દૂર - પહોંચી ગયું છે

અને ત્યાંથી જ્યુપિટરનાં ચિત્રો મોકલાવે છે. વૈજ્ઞાનિકોને ભય હતો કે જ્યુપિટરનું ઝંઝાવાતી હવામાન અને આકર્ષણ–વેગ જોતાં આ યાન ત્યાં સુધી પહોંચશે કે નહિ અને પહોંચે તો પણ ટકી શકશે કે નહિ; પણ આ યાન હવે જ્યુપિટરથી પણ આગળ જશે એમ લાગે છે. કલાકના ૮૨ હજાર માઈલની ઝડપે જતું આ યાન સમસ્ત સૂર્યમંડળને ભેદી ૧૯૮૭માં તેની પાર જશે એવી ગણતરી છે. ૧૯૭૯ સુધી આ યાન સાથેનો સંપર્ક પૃથ્વી ઉપરથી જાળવી શકાશે એમ માનવામાં આવે છે. માનવીની અવકાશ યાત્રામાં સૌથી વધારે દૂર આ યાન પહોંચ્યું છે છતાં પૃથ્વી ઉપરથી તેનું નિયંત્રણ બરાબર થઈ રહ્યું છે. વિજ્ઞાનની અને માનવીબુદ્ધિની આ મહાન સિદ્ધિ છે. કેવાં અદ્‌ભુત યંત્રો તેમાં મૂકયાં છે અને ગણિતની કેટલી ચોક્કસ ગણના થઈ છે તે સામાન્ય માણસને ખ્યાલ ન આવે. વિશ્વની રચનાનું રહસ્ય પામવા મથતો માનવી બ્રહ્માંડમાં કયાંય પૃથ્વી જેવું જીવન અને બુદ્ધિશાળી પ્રાણીનું અસ્તિત્વ છે કે નહિ તે જાણી શકે તો આ બધા પ્રયત્નો સાર્થક છે. આ પ્રયોગોમાં ભારે મોટો ખર્ચ થાય છે અને તેના વાજબીપણા વિશે શંકા ઉઠાવવામાં આવી છે. મને આ અવકાશી અવગાહનમાં એટલો બધો ઊંડો રસ છે કે આ ખર્ચને હું નિરર્થક નથી ગણતો. રશિયા–અમેરિકા જેવા દેશો આટલું મોટું ખર્ચ કરવા શકિતમાન છે. યુદ્ધમાં અબજો ખરચાય તેના કરતાં આ ખર્ચ અનેક રીતે વાજબી છે. માણસના જ્ઞાનની સીમા વિસ્તરે અને તેમાંથી સરજનહારની લીલાનું કાંઈક આપણને ભાન થાય એ સદા આવકારપાત્ર છે.

**તેલનું રાજકારણ**

આરબ - ઈઝરાયલ સંઘર્ષમાં, ઈઝરાયલને દબાવવા અને નમાવવા આરબ રાજ્યોએ, લશ્કર કરતાં પણ વધારે અસરકારક શસ્ત્ર, તેલનું ઉગામ્યું છે. આરબ રાજ્યોએ તેલનું ઉત્પાદન ઘટાડયું અને નિકાસ ઓછી કરી તેથી અમેરિકા, પશ્ચિમ યુરોપ, બ્રિટન, જાપાન વગેરે મોટા ઔદ્યોગિક દેશો અને આપણા જેવા વિકસતા દેશોમાં આર્થિક કટોકટી ઊભી થઈ છે. મોટા ભાગનું ઔદ્યોગિક ઉત્પાદન અને સામાન્ય જીવન, તેલ, પેટ્રોલ વગેરે વસ્તુઓ ઉપર કેટલું બધું અવલંબિત છે તેનો હવે ખ્યાલ આવે છે. પેટ્રો–કેમિકલ પેદાશ, ગેસ, વીજળી, જીવનની ઘણી જરૂરિયાતો, બધાંનો આધાર મોટા પ્રમાણમાં તેલ, પેટ્રોલ વગેરેના ઉપયોગ ઉપર છે. ઔદ્યોગિક વિકાસ અને જીવનની જરૂરિયાતો એટલાં બધાં વધારી દીધાં છે કે તેમાં થોડો પણ ઘટાડો કરવો પડે તો આંચકો લાગે છે. મધ્યપૂર્વના તેલ ઉપર સમૃદ્ધ દેશો કેટલા પરાવલંબી છે તેનો પણ હવે ખ્યાલ આવે છે. આ કટોકટી કેટલી ચાલશે, આરબ રાજ્યો તેને કેટલે દરજ્જે લઈ જશે તે કહેવું મુશ્કેલ છે, પણ તેના ભયથી મોટા દેશો ધ્રૂજી ઊઠયા છે. હજી તો આરબ રાજ્યોએ દસ ટકા કાપ મૂકયો છે તેમાં આટલો ભય પેદા કરી શકયા. કારખાનાઓ બંધ થશે, ઉત્પાદન ઘટશે, બેરોજગારી વધશે, મોંઘવારી વધશે, ઘરમાં ગેસ, વીજળી નહિ મળે, ઠંડીમાં ઠૂંઠવાવું પડશે, શેરોમાં મોટી મંદી આવી વગેરે અનેક પરિણામો આ બે મહિનામાં દેખાયાં છે. આરબ રાજ્યોની આ ધાકધમકી કેટલેક દરજ્જે સફળ થઈ છે. દરેક દેશ પોતાનો સ્વાર્થ જુએ છે, મધ્યપૂર્વના યુદ્ધથી અમેરિકા અને પશ્ચિમ યુરોપ તથા બ્રિટન વચ્ચે અંતર પડયું હતું તે હવે વધ્યું છે અને પરસ્પરની આકરી ટીકા શરૂ થઈ છે. અમેરિકાની પરવા કર્યા વિના યુરોપિયન મજિયારી બજારના નવ દેશો અને જાપાને આરબ રાજ્યોની માંગણી – ઈઝરાયલે તુરત ૧૯૬૭ની હરોળ પર પાછા જવું–ને ટેકો આપ્યો છે. યુરોપના નવ દેશોમાં પણ ફાટફૂટ પડી છે. હોલેન્ડનું વલણ ઈઝરાયલ તરફનું હતું. તેથી આરબ રાજ્યોએ હોલેન્ડને તેલ આપવું સદંતર બંધ કર્યું, તો મજિયારી બજારના બીજા આઠ દેશો હોલેન્ડને મદદ કરવા તૈયાર નથી. જર્મનીના વિલી બ્રાન્ટે ભારપૂર્વક કહ્યું કે નવ દેશો સર્વસંમત નીતિ ન સ્વીકારે તો મજિયારી બજારનો અર્થ શો છે? પણ કોઈ સાંભળવા તૈયાર નથી. ઈઝરાયલની પડખે માત્ર અમેરિકા રહ્યું છે. તે પણ કેટલું દબાણ લાવશે તે કહેવું મુશ્કેલ છે. આરબ રાજ્યોએ કોઈની શરમ રાખી નથી અને માત્ર પોતાનો સ્વાર્થ જોયો છે. આપણે સદા આરબોને ટેકો આપ્યો છે છતાં આપણને પણ છોડયા નથી.

ઈઝરાયલ માટે ઘણી વિકટ સ્થિતિ છે. કાયમી શાન્તિ કરારો અને સલામત સીમાડાઓ નક્કી ન થાય તે પહેલાં ૧૯૬૭ની હરોળ ઉપર પાછા જાય તો પછી આરબ રાજ્યો કોઈ દાદ ન આપે અને ઈઝરાયલનું ભાવિ જોખમાય.

આરબ રાજ્યોની આ ધાકધમકીનો સંગઠિત રીતે સામનો કરવાને બદલે ઔદ્યોગિક દેશો દરેક પોતાનો સ્વાર્થ સાચવવામાં પડયા છે. આરબ રાજ્યોએ પહેલી વખત આવી એકતા સાધી છે. તેલની અઢળક કમાણી હતી એટલે કેટલોક સમય તે આવક ઓછી થાય તો તેમને પોસાય તેમ છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા દરેક દેશ તેલ-પેટ્રોલનો ઉપયોગ મર્યાદિત કરવા પગલાં લઈ રહ્યો છે. આરબ દેશો ઉપરનું આ અવલંબન કાયમ માટે ઓછું કરવા લાંબા ગાળાનાં પગલાં પણ વિચારણામાં છે. તેલનું ઉત્પાદન દુનિયાના બીજા દેશોમાં વધારી શકાય તેમ છે. કોલસા અને અણુશકિતનો ઉપયોગ વધારે કરવો એ પણ એક માર્ગ છે. પણ આ પગલાંને સફળ કરતાં કેટલાંક વર્ષો જાય તે દરમ્યાન હાડમારી વેઠવી પડે તે માટે ઔદ્યોગિક દેશો તૈયાર જણાતા નથી. મક્કમતાથી આરબ રાજ્યોની આ ધમકીનો સામનો કરવામાં આવે તો પરિસ્થિતિ કાબૂ-બહારની નથી એમ નિષ્ણાતો માને છે. આરબ રાજ્યોને કાયમી મોટું નુકસાન થશે એવી ખાતરી થાય તો તેમની સાન ઠેકાણે આવે.

કિસિન્જરે મધ્યપૂર્વનો યુદ્ધવિરામ કરાવ્યો ત્યારે તેને અભિનંદન આપવામાં આવ્યાં. પણ અમેરિકામાં એક વર્ગ હવે માને છે કે કિસિન્જરે ઉતાવળ કરીને ભૂલ કરી છે. યુદ્ધવિરામ કર્યું ત્યારે ઈઝરાયલનાં દળો સુએઝની પશ્ચિમે વેગથી આગળ વધી રહ્યાં હતાં. ઓકટોબરની ૨૪મી તારીખે ઈજિપ્તનું વીસ હજારનું સૈન્ય ઘેરી લીધું હતું અને બે–ત્રણ દિવસમાં કેરો સુધી પહોંચી જાત. ત્યારે કિસિન્જર મોસ્કો દોડી ગયા અને ઓકટોબરની ૨૨મી તારીખની હરોળ ઉપર થંભી જવાનું સ્વીકાર્યું. આમ કરવામાં બધી રીતે રશિયા અને આરબ રાજ્યોને લાભ થયો. ઈજિપ્ત હારવાની અણી પર હતું ત્યારે રશિયાએ સીધી દરમિયાનગીરી કરવાની ધમકી આપી. નિક્સને દુનિયાના બધા દેશોમાં અમેરિકન સૈન્યોને તૈયાર રહેવાની ચેતવણી જાહેર કરી, કયુબા જેવી કટોકટી પેદા થઈ. પણ રશિયા સાથેના સંબંધો ગમે તે ભોગે સારા રાખવાની અમેરિકાની નીતિને કારણે, ઈઝરાયલ ઉપર ભારે દબાણ લાવી, ઓકટોબર ૨૨મીની હરોળ કબૂલ કરાવી. આ પહેલાં, આરબ રાજ્યોએ તેલ બંધ કરવાની ધમકી આપી જ હતી. કિસિન્જરે આ બાબત દુર્લક્ષ કર્યું. જો તેણે આગ્રહ રાખ્યો હોત કે યુદ્ધવિરામ થાય તે પહેલાં, આરબ રાજ્યોએ ખાતરી આપવી કે આવું કોઈ પગલું તે નહિ લે તો તે વખતે આરબ રાજ્યોએ એ હકીકત સ્વીકારવી પડત અને આ કટોકટીમાંથી કદાચ બચી ગયા હોત. પોતાને અનુકૂળ યુદ્ધવિરામ પ્રાપ્ત કર્યા પછી, હવે આ ધમકી શરૂ કરી છે અને કાયમી શાન્તિ કે સલામત સીમાડાઓ નક્કી કર્યા વિના, ઈઝરાયલને ૧૯૬૭ની હરોળ ઉપર પાછા જવાની ફરજ પાડવી છે. શાંતિ મંત્રણાઓ જીનિવામાં થોડા દિવસમાં શરૂ થવાની છે ત્યારે આ પરિસ્થિતિમાં અમેરિકા કેટલું દબાણ લાવી શકશે તે જોવાનું રહે છે.

**મુકત જેલ**

જેલ અને તે મુકત, પરસ્પરવિરોધી વસ્તુ છે, પણ જયપ્રકાશ નારાયણની સૂચનાથી, ચંબલ ઘાટીના બાગીઓ જેણે શરણાગતિ કરી છે અને જેમને જેલની સજા થઈ છે તેમને માટે મુકત

જેલનો પ્રયોગ મધ્ય પ્રદેશની સરકારે શરૂ કર્યો છે, જેનું ઉદ્‌ઘાટન જયપ્રકાશ નારાયણે થોડા દિવસ પહેલાં કર્યું. આવી મુકત જેલમાં ઓરડીમાં કે જેલની ચાર દીવાલોમાં પુરાઈ રહેવાનું નથી પણ કેદીઓ મુકત હેરફેર કરી શકે અને છૂટથી રહે, જો કે કાંટાની વાડ હોય છે. કેદીઓને છૂટથી તેમની મૌખિક બાંયધરી ઉપર બહાર પણ જવા દેવામાં આવે છે. કેદીઓ સાથે માણસાઈભર્યું વર્તન રાખવાનો આ પ્રયોગ છે. એની પાછળ એવી કલ્પના છે કે કેદીને સુધરવાની તક આપવી. જેલના માણસાઈવિહોણા જીવન અને કેદી સાથેના કડક વર્તનથી કેદી વધારે રીઢો થાય છે. ચંબલ ઘાટી અને બુંદેલખંડના બાગીઓનું હૃદયપરિવર્તન કરવાના આ પ્રયોગમાં જયપ્રકાશ નારાયણ તેથી પણ આગળ જવા ઈચ્છે છે. તેમને ધંધારોજગાર અપાવવા, તેઓ જેલમાં છે ત્યાં સુધી તેમનાં કુટુમ્બોની સારસંભાળ રાખવી, તેમનાં બાળકોના શિક્ષણનો પ્રબંધ કરવો વગેરે કામ પણ શાન્તિસેના મારફત તેઓ કરવા ઈચ્છે છે. આ પ્રયોગમાં સરકાર અને પોલીસ સામે કેટલીક વખત શાન્તિસેનાના કાર્યકરો તરફથી ફરિયાદ થાય છે કે તેમનો પૂરો સહકાર નથી. પોલીસને કાયદો અને વ્યવસ્થા જાળવવાનાં હોય છે અને જેટલો વિશ્વાસ સર્વોદય કાર્યકર્તાઓ બાગીઓ ઉપર મૂકવા ઈચ્છે છે તેટલો વિશ્વાસ પોલીસને ન હોય તે સ્વાભાવિક છે. એવા પણ બનાવો બન્યા છે કે જ્યાં આવો વિશ્વાસ અસ્થાને હતો તેમ જણાય. માણસનું હૃદયપરિવર્તન પૂરેપૂરું એકસાથે થતું નથી. ફરી જૂની ઘરેડમાં પડવાની લાલચ અથવા તકનો લાભ લેવા મન ખેંચાય છે. જીવનપલટો કષ્ટમય છે અને હાડમારીઓ વેઠવા તૈયાર થવું જોઈએ. હૃદયપરિવર્તન પંપાળવાથી નથી થતું. તેમની માગણીઓ અથવા અપેક્ષાઓ પૂરી ન થાય તો ફરી એ જ માર્ગે જવાની તૈયારી બતાવે તે બરાબર નથી. કરોડો ગરીબ માણસો છે. બાગીઓએ પણ પોતાના ગત જીવનનો સાચો પશ્ચાત્તાપ કરી અને પ્રમાણિક મહેનતમજૂરી કરી પોતાની આજીવિકા કમાવાની તૈયારી દાખવવી જોઈએ. છતાં કેદીઓ સાથે માણસાઈભર્યા વર્તનનો પ્રયોગ જરૂર આવકારદાયક છે. તેમાં થોડું જોખમ હોય તો પણ ખેડવા જેવું છે.

## ગુજરાતની પેટા–ચૂંટણીઓ

ગુજરાતમાં કચ્છ - માંડવીની ધારાસભાની બેઠક માટે અને સાબરકાંઠાની લોકસભાની બેઠક માટે ચૂંટણીઓ થઈ તેમાં માંડવીમાં સાંકડી બહુમતીથી શાસક કૉંગ્રેસે બેઠક મેળવી અને સાબરકાંઠામાં સારી બહુમતીથી સંસ્થા કૉંગ્રેસનાં ઉમેદવાર કુમારી મણિબહેન પટેલ વિજયી થયાં. માંડવીમાં મુખ્ય મંત્રી શ્રી ચીમનભાઈ પટેલની સલાહથી શ્રી ઝુમખલાલે ઉમેદવારી પાછી ખેંચી લીધી ન હોત તો શાસક કૉંગ્રેસને ભારે પડી જાત. જનસંઘે માંડવીમાં સારી શકિત બતાવી. સાબરકાંઠામાં શાસક કૉંગ્રેસ અને સંસ્થા કૉંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા હતી. સ્વતંત્ર પક્ષના ઉમેદવાર શ્રી મનુભાઈ અમરશી માટે કોઈ આશા ન હતી. સાબરકાંઠામાં શાસક કૉંગ્રેસની હાર થઈ તે શ્રી ચીમનભાઈ પટેલને માટે સારો એવો ધક્કો કહેવાય. સરદાર પટેલના નામની કેટલી અસર થઈ તે કહેવું મુશ્કેલ છે, પણ અનહદ મોંઘવારીથી શાસક કૉંગ્રેસ પ્રત્યે પ્રજાનો અણગમો છે તે હકીકત છે. શાસક કૉંગ્રેસ સામેના શ્રી મોરારજીભાઈના વિરોધને આથી બળ મળશે. તેમણે તુરત જાહેર કર્યું કે ઉત્તર પ્રદેશમાં પણ શાસક કૉંગ્રેસ હારી જશે અને ઈન્દિરા ગાંધીની સરકાર ટકશે નહિ. પેટા-ચૂંટણીઓ પ્રજામાનસનો પડઘો પાડે છે, પણ તેને વધારે પડતું મહત્ત્વ આપી ન શકાય. સ્થાનિક કારણો તેમાં વધારે ભાગ ભજવે છે. સામાન્ય ચૂંટણીનાં ધોરણ બીજાં હોય છે. છતાં પેટા-ચૂંટણીઓનાં પરિણામો પણ સૂચક લેખાય.

ચીમનલાલ ચકુભાઈ

# ☆ શિકાર હઠાવો ☆

ગયે મહિને એક સાંજના મારા એક મિત્રના નિવાસસ્થાને ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી ચીમનભાઈ પટેલને મળવાનું બન્યું- બેઠી દડીના, વધી રહેલી ટાલવાળા, શકિતથી ઊભરાતા અને તેમની આંખોમાં એક ચમકારો જોવા મળતો હતો. રાજ્યના રાજકારણની અને રાહતકાર્યો માટે ભંડોળ પ્રાપ્ત કરવાની બાબતોમાં તેઓ પરોવાયેલા હતા. તેઓ ત્યાંથી જવાની તૈયારીમાં હતા ત્યારે મારી તરફ વળ્યા અને કહ્યું: "તમે કેમ ગુજરાતમાં આવતા નથી? તમને બતાવવાની ઈચ્છા થાય એવું ઘણું બધું અમે કરી રહ્યા છીએ."

હું ઈચ્છતો'તો એવી જ આ તક હતી. મેં કહ્યું: "ચીમનભાઈ, તમારી સાથે હું એક સોદો કરીશ, જેમાં મને લગની છે તેવું કંઈક તમે કરો તો બદલામાં તમારા રાજ્યને શકય તેટલી વધુ પ્રસિદ્ધિ આપવાનું હું વચન આપું છું."

તેમની આંખોમાં આશંકાનો ભાવ ફેલાયો. તેમનું નિમંત્રણ પાછું ખેંચી લે તે પહેલાં, મેં એક મનગમતો વિષય છેડયો: "૧૯૭૪ના વર્ષને મહાવીર જયંતીના માનમાં 'તું હત્યા કરીશ નહિ વર્ષ' તરીકે જાહેર કરો. બંદૂકો અને દારૂગોળાના વેચાણ પર, શિકાર માટેના પરવાના આપવા પર અને રેસ્ટોરાંમાં શિકારની વાનગીઓ (તેતર, હરણ ઈત્યાદિનું માંસ) પીરસવા પર પ્રતિબંધ ફરમાવો. ગુજરાતીઓ મહદ્ અંશે નિરામિષાહારી છે; જૈન ધર્મની પ્રબળ અસર ત્યાં છે; એ ગાંધીજીનું વતન છે. તમે જો એ નહિ કરી શકો તો બીજું તો કોઈ જ કરી શકશે નહિ. તમે પહેલ કરી દોરવણી આપો અને બીજાં રાજ્યો અનુસરશે."

ચીમનભાઈ થોડી વાર વિચારમાં પડી જઈ માથું ખજવાળવા લાગ્યા. પછી વિદાય માટે હાથ લંબાવતાં જવાબમાં કહ્યું, "હું મારા સાથીદારો સાથે સલાહમસલત કરીશ અને તમને જણાવીશ." મેં તેમનો હાથ છોડયો નહિ, "પ્લીઝ, આ સૌથી ભારે મહત્ત્વની વાત છે. મહાવીરનું નામ ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીઓનાં જીવન માટેના આદરના પર્યાય સમાન છે. તેમની સ્મૃતિને તમે ખરેખર જ માન આપવા ઈચ્છતા હો તો એવું કંઈક કરો, જે થયેલું જોવાનું એમને પણ ગમ્યું હોત. તમને તેમના આશીર્વાદ સાંપડશે, જૈનો તથા પોતાની જાતને શિકારીઓ ગણાવે છે તેવા મૂર્ખ લોકો દ્વારા હત્યા પામતાં કરોડો મૂંગાં પ્રાણીઓ તથા આપણા વન્ય જીવનના નિકંદન વિશે સચિંત એવા બીજા કરોડો લોકો તમારા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી અનુભવશે."

ચીમનભાઈએ મારી પકડમાંથી પોતાનો હાથ ખેંચી લીધો અને પુન: કહ્યું: "હું એ વિશે વિચાર કરીશ."

ચમત્કાર સર્જાયો છે! ગયે રવિવારે ચીમનભાઈએ ફોન દ્વારા મને જાણ કરી કે તેમના પ્રધાનમંડળે ૧૯૭૪ના આખા વર્ષ દરમિયાન, શિકાર પર પ્રતિબંધ મૂકવાની યોજનાને બહાલ રાખી છે. ગુજરાત અગ્રેસર બન્યું છે. હવે બીજાં રાજ્યોએ તેને અનુસરવાનું રહે છે.

આપણી થોડીઘણી જે વન્ય જીવસૃષ્ટિ શેષ રહી છે તેનું જતન કરવાની જરૂરિયાત વિશે મારા જેટલી જ ઊંડી ધગશ ધરાવતા હોય તેવા મારા બધા વાચકોને, શિકાર પર પ્રતિબંધ મૂકવા, રેસ્ટોરાંમાં શિકારનાં પશુપક્ષીઓનાં માંસનું તથા સ્ટોરોમાં પ્રાણીઓનાં ચર્મનું વેચાણ અટકાવવા તેમની રાજ્ય સરકારો પર દબાણ લાવવા હૃદયપૂર્વકની અપીલ કરું છું. રાજકારણીઓ સુધી પહોંચવાનું તમારાથી બને નહિ તો, આ પ્રમાણે તુરત કરવામાં આવે એવી માગણી કરતા પત્રો અને તારોનું વડા પ્રધાનના સચિવાલય પર પૂર વહાવો.

જૈન સંસ્થાઓએ આને એક અખિલ ભારતીય પ્રજાકીય આંદોલન બનાવવામાં આગેવાની લેવી જોઈએ. અત્યાર સુધી તેઓએ જેનું આયોજન કર્યું છે તે માત્ર "ઉજવણી" છે– તેનો જે કંઈ અર્થ થતો હોય તે ખરો! ટપાલની ટિકિટો બહાર પાડવાનો, પરિસંવાદો રાખવાનો અને સરઘસો યોજવાનો અંતે અર્થ શો છે? વૃક્ષો રોપવામાં; વેરાન વિસ્તારોને પક્ષીઓ અને પ્રાણીઓને શીતળ આશ્રય અને ખોરાક મળી રહે તેવી હરિયાળી વડે છાવરી દેવામાં; તેઓ જ્યાં તૃષા છીપાવી શકે તેવાં તળાવો ખોદવામાં નાણાંનો વધુ સારો સદુપયોગ કરી શકાશે. ત્યારે અને ત્યારે જ આ મહાન પ્રસંગની સાચી અને ઉચિત ઉજવણી થયેલી ગણાશે.

'ઈલસ્ટ્રેટેડ વીકલી'માંથી સાભાર —ખુશવંતસિંઘ

# ☆ સમૃદ્ધિની મેદવૃદ્ધિ ☆

હમણાં ક્યાંક વાંચ્યું કે જાપાનમાં બાળકોમાં વજનવૃદ્ધિની એક નવી સમસ્યા ઊભી થઈ છે. કારણ? જાપાન હવે ઘણો સમૃદ્ધ દેશ થયો છે. તેની પાસે સાધન-સંપત્તિ વધ્યાં છે. આથી પ્રજાનું ખોરાકનું પ્રમાણ વધ્યું છે અને ખોરાકની ગુણવત્તા પણ વધી છે. બાળકો ઘણી કેલરીવાળા પદાર્થો ખાય છે અને ઘણા પ્રમાણમાં ખાય છે. એટલે કે તેઓ વધુ પડતા પોષણને લીધે જાડાં થઈ જાય છે. આને લીધે નાનપણથી જ આંતરડાં પર ઘણો બોજો ને તાણ પડે છે. શરીરની તંદુરસ્તી માટે આ નુકસાનકારક બાબત છે. આથી વજનવૃદ્ધિને રોકવાનો પ્રશ્ન ડૉકટરોમાં તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે ગંભીરતાથી ચર્ચાઈ રહ્યો છે.

બીજા વિશ્વયુદ્ધમાં લગભગ નષ્ટભ્રષ્ટ થઈ ગયા પછી જર્મનીએ અને જાપાને જે ચમત્કારિક આર્થિક-ઔદ્યોગિક પ્રગતિ સાધી છે તેનાથી લગભગ આખી દુનિયા અંજાયેલી છે. યુદ્ધની બરબાદીમાંથી બેઠા થવા જાપાને પોતાની સામે એક ધ્યેય રાખ્યું: ભૌતિક સમૃદ્ધિ. ગમે તે ભોગે ભૌતિક સમૃદ્ધિ. જાપાનીઓએ પોતાનાં તનમનપ્રાણ રેડી આ ધ્યેયને પ્રાપ્ત કરવા એકનિષ્ઠ મહેનત કરી. પ્રજાનું જીવનધોરણ ઊંચું આવ્યું. ન ધારેલાં સાધન-સગવડ તેને પ્રાપ્ત થયાં. પશ્ચિમે શોધેલાં વિજ્ઞાન – ટેક્નોલૉજીનું પશ્ચિમ કરતાં યે જાપાન વધુ ભકત બન્યું, અને એક તબક્કે જાપાનને લાગ્યું પણ ખરું કે પોતે આર્થિક દુનિયાના સર્વોચ્ચ શિખરે પહોંચી ગયું છે.

અને આમ લાગે તે સ્વાભાવિક હતું. તેની ઉત્પાદન-વૃદ્ધિનો દર છેલ્લાં થોડાં વર્ષોમાં ૧૨ ટકાનો થઈ ગયો છે. આ એક અભૂતપૂર્વ આંક છે. પશ્ચિમના વિકસિત દેશોમાં પણ આ દર વધુમાં વધુ ૬ ટકાનો છે. જાપાનના બનાવેલા ટેલિવિઝન, કાર, કૅમેરા અને બીજાં ઈલેકટ્રોનિક સાધનોએ આખી દુનિયાની બજારો છલકાવી દીધી છે.

પણ કોઈ પણ પ્રાપ્તિ કિંમત ચૂકવ્યા વિના થતી નથી. જાપાનને પણ આ આર્થિક ઉન્નતિની કિંમત ચૂકવવી પડી રહી છે. સમયની સાથોસાથ માણસનું જ્ઞાન વધે, તે નવી નવી શોધો કરે, એ શોધો ને તેની શકિતઓનું જીવનમાં વિનિયોજન થાય અને મનુષ્ય-જીવન ઘણા સ્તરોએ સમૃદ્ધ બને એ સ્વાભાવિક છે અને અમુક દષ્ટિએ ઉચિત પણ છે. અભાવ, તંગી, અછત નહિ પણ ભરપૂરતા ને સભરતાની પરિસ્થિતિ માણસને તેની શ્રેષ્ઠ અભિવ્યકિત કરવા માટેની ક્ષમતા પૂરી પાડે છે. પણ કોઈ પણ વ્યકિતની કે રાષ્ટ્રની જો માત્ર આર્થિક પ્રગતિ જ થાય અને એની સાથે 'બીજું કાંઈક' ન બને, તો માણસે જેની કદી કલ્પના ન કરી હોય તેવાં સંકટો તેમાંથી પાંગરે છે. જાપાને ભૌતિક સ્તરે ઘણો વિકાસ કર્યો છે, ને તેમાંથી તેની મોટી મોટી સમસ્યાઓ સર્જાઈ છે. તેની હવા ઝેરી ધુમાડાથી અતિશય દૂષિત થઈ ગઈ છે. તેના રસ્તા પર દોડતી લાખો મોટરગાડીઓ વરસે દહાડે દસ લાખ માણસોને પોતાની હડફેટમાં લે છે. આ મોટરગાડીઓ અટવાઈ પડે છે ત્યારે માઈલોના માઈલો સુધી 'ટ્રાફિક જામ' થઈ જાય છે. વળી જાપાનને સમજાવા માંડ્યું છે કે કોઈ યે આર્થિક પ્રગતિ બીજા દેશોના રાજકીય કે લશ્કરી દબાણથી સર્વથા મુકત રહી શકતી નથી. જે આર્થિક મૂલ્યોમાં તેને આટલી બધી શ્રદ્ધા હતી તે મૂલ્યો વિશ્વ-રાજકારણનાં પરિબળો હેઠળ ડગમગતાં મૂલ્યો જણાયાં છે.

અને હવે તેના નિષ્ણાતો શો ઉપાય સૂચવે છે?

ઉત્પાદનનો દર ઘટાડવાનો, આર્થિક દોડ જરા ઓછી કરવાનો.

આપણા ભારત જેવા દેશમાં જ્યાં ઉત્પાદન ઘણું ઓછું છે અને દેશના પણ કરોડને રોજિંદી જરૂરિયાતની ચીજો પણ મળતી નથી, ત્યાં ઉત્પાદનનો વેગ ઘટાડવાની વાત કંઈક નવાઈભરેલી લાગે, પણ કેવળ આર્થિક વિકાસને જ અંતિમ ધ્યેય માની તે તરફ ગતિ કરવાથી એક વાર છેવટે આવો તબક્કો આવે છે એ વાત ભૂલવા જેવી નથી.

'સ્કાય ઈઝ ધ લિમિટ' એવો એક શબ્દપ્રયોગ ઘણી બાબતોના સંદર્ભમાં હમણાં હમણાં થાય છે. ભૌતિક વિકાસ માટે પણ 'સ્કાય ઈઝ ધ લિમિટ', એટલે કે એને કોઈ મર્યાદા નથી, એમ ઘણાં માને છે. પણ અમર્યાદ વિસ્તારનાં કેવાં પરિણામો આવી શકે એની ઝાંખી બીજાઓને થાય ન થાય, જાપાનને થવા લાગી છે. પ્રસિદ્ધ ઈતિહાસવિદ આર્નોલ્ડ ટૉયન્બીએ કહ્યું હતું કે અમર્યાદ આર્થિક પ્રગતિને જીવનનું ધ્યેય બનાવવું એ અનૈતિક છે, કારણ કે તેમાં લાલસાનો મહિમા થાય છે અને વળી ભૌતિક સમૃદ્ધિની અંતહીન ભૂખ છેવટ એ રીતે ય વિનાશ નોતરે છે કે કુદરતનાં સાધનસ્રોતો તો અમર્યાદ નથી જ. માણસ પોતાની બુદ્ધિ વડે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને આ સાધનસ્રોતોમાંથી શકય તેટલો વધારેમાં વધારે લાભ મેળવી લેશે અને એક દિવસ તેને ભયાનક અભાવોનો સામનો કરવો પડશે. જાપાન આ નવી સમજના ઉંબરે પહોંચ્યું છે. વધારે પડતા ખોરાકથી જેમ બાળકોમાં મેદવૃદ્ધિની સમસ્યા ઊભી થઈ છે, તેમ વધુ પડતી સમૃદ્ધિએ પણ સમસ્યાઓ સર્જી છે, અને હવે તે આ સમસ્યાઓ ઉકેલવાના પ્રયત્નો કરે છે. આર્નોલ્ડ ટૉયન્બીએ બુદ્ધ, ઈસુ અને સંત ફ્રાન્સિસના માર્ગે ગયા વિના માનવજાતનો છૂટકો નથી એમ ભાખ્યું છે. જાપાનના એક વિચારક કોનોસુકે માત્સુશિતા કહે છે કે એક લિટરના માપના વાસણમાં બે લિટર પાણી ન સમાઈ શકે, પણ ત્રણ લિટરના માપના વાસણમાં બે લિટર સહેલાઈથી સમાઈ શકે...એટલે કે પાણી કરતાં વાસણ મોટું હોવું જોઈએ. ખોરાક કરતાં પેટની પાચનશકિત વધુ હોવી જોઈએ. સમૃદ્ધિ કરતાં સમૃદ્ધિનો ધારણ કરનાર વધુ ખમતીધર હોવો જોઈએ.

અહીં 'પેટર્ન ઓફ કલ્ચર'ના વિખ્યાત લેખક રૂથ બેનેડિકટની એક વાત યાદ આવે છે. અમેરિકાનાં આ વિદૂષી માનવવંશશાસ્ત્રીએ કેટલીક જાતિઓ અને તેમની સભ્યતાના પોતાના અભ્યાસ વખતે એક સમાજને 'સિનર્જિક સોસાયટી' નામ આપ્યું હતું. આ સમાજમાં, જે માણસ પાસે વધુ ધનસામગ્રી હોય તે નહિ, પણ જે વધુ પ્રમાણમાં પોતાની ધન-સંપત્તિ વહેંચી દઈ શકે, તેને શ્રીમંત ગણવામાં આવે છે. એ સમાજનો શ્રીમંત માણસ એ છે, જેની પાસે આજે સો ગાયો છે, પણ કાલે જેણે એ ગાયો લોકોમાં આપી દીધી છે. આ સમાજમાં, માલિકી તો વ્યકિતની હોય છે, પણ વસ્તુનો ઉપયોગ બધાને માટે હોય છે. આથી એક જણ પાસે પૈસા આવે કે મોટરકાર આવે તો ગામનાં બધાં લોકો રાજી થાય છે કે ચાલો, આપણને ય ફાયદો થશે; એની પાસે વસ્તુ આવી છે એટલે આપણને ય તે વાપરવા મળશે. પેલાની માલિકીનો અર્થ તો એટલો જ કે તે કારની સારસંભાળ રાખે, એમાં પેટ્રોલ ભરાવે, એની મરામત કરાવે; પણ એનો ઉપયોગ તો સહુ કોઈ કરે. આને કારણે એ સમાજમાં સ્પર્ધા નથી, ઈર્ષા નથી, દેખાદેખી નથી, ગળાંકાપ હરીફાઈ નથી. એક જગ્યાએ તે એક માણસ પાસે ઘણાં બધાં ઘેટાં-બકરાં જુએ છે અને ગામના બીજા એક માણસને પૂછે છે: તમારામાં સૌથી શ્રીમંત ફલાણો માણસ કે? તો પેલો મોં મચકોડીને જવાબ આપે છે: ના રે, એ શાનો સૌથી શ્રીમંત? એ તો પોતાની વસ્તુ પોતાની પાસે જ રાખે છે. શ્રીમંત તો અમુક

અમુક જણ છે, જેણે કાલે મેળામાં પોતાનાં બધાં ઘેટાં લોકોને આપી દીધાં હતાં.

એટલે કે પોતાની પાસે વસ્તુઓ હોવી તે નહિ પણ પોતે બીજાઓને વસ્તુઓ આપવા શકિતમાન બનવું તે સમૃદ્ધિની નિશાની છે.

આર્થિક પ્રગતિની સાથોસાથ જે 'બીજું કાંઈક' બનવું જોઈએ તે આ.

આવો સિનર્જિક સમાજ, જ્યાં વસ્તુઓની વિપુલતા છે પણ એને વધુ ને વધુ મેળવવાની લાલસા નથી, કોઈ લઈ જશે તો — સામ્યવાદી સરકાર છીનવી લેશે તો ? - એવો ભય કે અસલામતી નથી, જ્યાં બધું જેમનું તેમ પોતાની પાસે જાળવી રાખવા માટેની માનસિક તાણ નથી, અસૂયા નથી, સ્પર્ધા નથી, પોતાનું છે તે બીજાઓ માટે પણ છે એવી જ્યાં ઉદારતા છે અને એ ઉદારતા જ સાચી શ્રીમં-તાઈ મનાય છે એવા સમાજની રચના કદાચ આ સમૃદ્ધિની મેદ-વૃદ્ધિમાંથી ઊભાં થતાં દૂષણોનો જવાબ હોઈ શકે.

કુન્દનિકા કાપડિયા

## શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના નવા ચૂંટાયેલા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ સભ્યોની યાદી

### ટ્રસ્ટીઓ

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) ,, ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ
(૩) ,, ચીમનલાલ ઉજમસી શાહ
(૪) ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
(૫) ,, રતિલાલ ચીમનલાલ કોઠારી

### હોદ્દેદારો

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ —પ્રમુખ
(૨) ,, ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ—ઉપ-પ્રમુખ
(૩) ,, રમણીકલાલ મણિલાલ શાહ —કોષાધ્યક્ષ
(૪) ,, મનુભાઈ ગુલાબચંદ કાપડિયા —મંત્રી
(૫) ,, બાબુભાઈ ગુલાબચંદ શાહ — મંત્રી

### સભ્યો

(૧) શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ
(૨) ,, શાન્તિલાલ મગનલાલ શાહ
(૩) ,, દુર્લભજી કેશવજી ખેતાણી
(૪) ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
(૫) ,, ગિરજાશંકર ઉમિયાશંકર મહેતા
(૬) ,, બાબુભાઈ ગુલાબચંદ શાહ
(૭) ,, દીપચંદ એસ. શાહ
(૮) ,, ખુશાલચંદ કે. સંઘવી
(૯) ,, પ્રવીણચન્દ્ર ફૂલચંદ શાહ
(૧૦) ,, રમણીકલાલ મણિલાલ શાહ
(૧૧) ,, જયંતીલાલ લલ્લુભાઈ પરીખ
(૧૨) ,, જગજીવન પોપટલાલ શાહ
(૧૩) ડૉ. રમણલાલ ચી. શાહ
(૧૪) શ્રી ધનકુમાર ઠાકોરદાસ ઝવેરી
(૧૫) ,, મધુકાન્ત કેશવલાલ શાહ
(૧૬) ,, અનન્તરાય સી. શેઠ
(૧૭) ,, ચીમનલાલ જે. શાહ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય માટે ચેરિટી શોનું આયોજન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયમાં દર વર્ષે સારી એવી રકમની ખાધ રહે છે. છેલ્લાં ચાર-પાંચ વર્ષની ખાધ આવક - જાવકના ખાતામાં ઊભી છે - તે ખાધને સરભર કરવા માટે અને ભવિષ્યની જરૂરિયાતને પહોંચીવળવાના આશયથી વાચનાલય અને પુસ્તકાલય માટે એક ચેરિટી શોનું આયોજન કરવાનો સંઘે નિર્ણય કર્યો છે. આના માટે ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં બિરલા માતુશ્રી સભા-ગૃહ નક્કી કરવા માટેના પ્રયત્નો ચાલે છે, તેમ જ સારું નાટક પસંદ કરવા માટે તજવીજ ચાલે છે. એક સુવેનિર પણ પ્રગટ કરવાનું છે. તેની જાહેરખબરો માટે આખા પાના માટે રૂા. ૫૦૦, અર્ધા પાના માટે રૂા. ૨૫૦ અને ચોથા ભાગના પાના માટે રૂા. ૧૨૫, ઉપરાંત કવરપેઈજના બીજા અને ત્રીજા પાનાના રૂા. ૧,૦૦૦ અને છેલ્લા પાનાના રૂા. ૧,૫૦૦ના દરો ઠરાવ્યા છે.

આ સુવેનિરદ્વારા અને ડોનેશન કાર્ડોદ્વારા રૂપિયા એક લાખ એકઠા કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આના માટે દરેકનો સહકાર અનિવાર્ય બને છે. માટે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના હિતેચ્છુઓ—ચાહકો—શુભેચ્છકોને આથી નમ્ર છતાં આગ્રહ-ભરી વિનંતિ કરવામાં આવે છે કે પોતે જાહેરાતો આપે તેમ જ પોતાના વર્તુળમાંથી મેળવી આપે. આના માટે રીત-સરના સરકયુલરો દરેકને હવે પછી વિગતો સાથે મોકલવામાં આવશે.

શાન્તિલાલ દેવજી નન્દુ
મંત્રી, મ. મો. શાહ સા. વા. પુ.

## દુઃખદ અવસાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઘણા જૂના સભ્ય અને શુભે-ચ્છક શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહનું તા. ૧૪-૧૨-'૭૩ ના રોજ વહેલી સવારે તેમના ચોપાટીના નિવાસસ્થાને અવસાન થયું છે તેની નોંધ લેતાં અમે દુઃખ અનુભવીએ છીએ.

સ્વ. દીપચંદભાઈ આપણા સંઘના ૧૯૪૬ થી ૧૯૫૧ સુધી મંત્રીપદે હતા તેમ જ સંઘસંચાલિત શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયના પણ ૧૯૫૧ અને ૧૯૫૭ના વર્ષમાં મંત્રી હતા અને વર્ષો સુધી સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે રહ્યા હતા. સ્વ. પરમાનંદભાઈ તેમ જ સંઘના બીજા કાર્યકરો સાથે તેઓએ ઘણાં વરસો સુધી સંઘની દરેક પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો હતો. તેમના અવસાનથી તેમનાં કુટુંબીજનો — ખાસ કરીને તેમનાં પત્ની શ્રી ધીરજબહેન, દીકરી શ્રીમતી તારાબહેન શાહ તથા તેમના જમાઈ પ્રાધ્યાપક રમણલાલ ચી. શાહ (જેઓ બે વર-સથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખપદ સંભાળે છે) — પર આવી પડેલા આઘાતમાં અમે સહભાગી થઈએ છીએ.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ☆ જગતનું સૌથી વિચિત્ર પ્રાણી: માણસ ☆

અમીબાથી આદમ સુધીની વિકાસયાત્રાને ડાર્વિને ઉત્ક્રાંતિ કહી. ઉત્ક્રાંતિના દાદરાના ટોચને પગથિયે બેઠેલો માણસ અનેક વિચિત્રતાઓનું કૌતુકાલય (મ્યુઝિયમ) બની ગયો છે. શરીરની ગૂંચ જન્માંતર (ટ્રાન્સમાઈગ્રેશન)ની પ્રક્રિયા સાથે વધતી ગઈ અને એ જગતનો જનાવરશ્રેષ્ઠ બની બેઠો. એના મનની વિચિત્રતાઓની તો વાત કરીએ તેટલી ઓછી. સુખની તમામ સગવડો વચ્ચે એ દુ:ખી છે. વસતિ વધે છે તોય માણસ જાણે રોબિન્સન ક્રુઝો બનતો જાય છે. સુખની શોધમાં એણે દિશાવિહીન દોડ લગાવી છે.

અવકાશયુગમાં સૌથી મોટી સમસ્યા અવકાશના અભાવની છે. હોસ્પિટલો દરદીઓથી ઊભરાય છે. શાળા-કૉલેજો વિદ્યાર્થીઓથી છલકાય છે. સ્ટેશન કે બસડેપો પર માણસો જ માણસો. ફૂટપાથ કે શેરીઓમાં ભીડને કારણે ચાલતાં ત્રાસ છૂટે. આ તો થઈ સ્થળના અવકાશની વાત.

સમયની વાત કરીએ. માણસે ચોવીસ કલાકને ખીચોખીચ ભરી દીધા છે. એપોઈન્ટમેન્ટ્સ અને ડિસેપોઈન્ટમેન્ટ્સ બંને જાણે વધતાં જ રહે છે. નિરાંતે એ કશુંય નથી કરતો. ઘડિયાળ એના રઘવાટને 'નિયમિત' બનાવે છે. સમયના શ્વાસોચ્છ્વાસનું વાહન ક્ષણ છે. રઘવાટને કારણે આ શ્વાસોચ્છ્વાસ લયબદ્ધ નથી બનતો. વીણાના ઢીલા પડી ગયેલા તારમાંથી અને મૃદંગના ઊતરી ગયેલા ચામડામાંથી નીકળે એવા બેસૂરા સંગીત જેવું જીવન હવે આપણને કોઠે પડી ગયું છે.

માણસને જોઈએ છે આરોગ્ય, પણ રોગ તરફ એ પૂરા ભાન સાથે દોડે છે. એને ઝંખના છે શાંતિની, પણ ઘોંઘાટ વગર એને ચેન નથી પડતું. આકાંક્ષા છે એકાંતની પણ ટોળું છોડવાની તૈયારી નથી. બેડી પહેરીને સૂવા ટેવાયેલો કેદી મુકત થાય પછી પણ પગ પર કોઈ વજન ન હોય ત્યાં સુધી ઊંઘી શકતો નથી. એ બિચારો આદતથી મજબૂર છે. મુંબઈથી ગામડે ગયેલો માણસ શાંતિને કારણે બેચેન બને છે. કેટલાક લોકો પોતાને બી. પી. છે એમ કહેવામાં ગૌરવ અનુભવે છે. શિક્ષણના ક્ષેત્રે ખૂબ જાણીતી એક વ્યકિત સાથે મારે એક સુંદર ગેસ્ટહાઉસમાં ચાર દિવસ રહેવાનું થયેલું. એમને રાત્રે ઊંઘ ન આવે. સવારે નાસ્તા માટે મળીએ ત્યારે આ જ વાત શરૂ થાય. જે દિવસે એમને ઊંઘ આવે ત્યારે જાણે એક સારા સમાચાર હોય એ રીતે કહે: 'આજે રાતના તો મને ઊંઘ આવી ગઈ.'

એક ફિલ્મ અદાકાર હમેશાં ફરિયાદ કરે કે તેઓ જ્યાં જાય ત્યાં લોકો હસ્તાક્ષર માટે પડાપડી કરીને એમને ખૂબ તંગ કરે છે. કોઈકે એમને કહ્યું કે તમે બેત્રણ વખત મક્કમતાથી ના પાડી દો તો પછી લોકો સમજી જશે. અદાકારે કહ્યું: કોઈ હસ્તાક્ષર માટે, પડાપડી ન કરે તોય અકળામણ થાય છે. ટાગોરની એક વાર્તામાં સાંકળ ગૂંથનારની વાત કરવામાં આવી છે. એ જેમ જેમ સાંકળ ગૂંથતો જાય તેમ પોતે જ બંધાતો જાય છે. બંધન પણ કાળક્રમે કોઠે પડી જાય છે.

વૈભવનાં સાધનો વધતાં જ રહે છે તે સાથે આપણી પાસે જે કંઈ છે એને ભોગવવાની ક્ષમતા ગુમાવતા જઈએ છીએ. જેટલું હોય એટલું ઓછું જ પડે એવી માનસિક બીમારી વધતી જાય છે. મોટરમાં જ ફર્યા કરીએ છીએ અને પછી ચાલવાની ખાસ વ્યવસ્થા ઊભી કરીએ છીએ. ચોખાને પૉલિશ કરીને ખાઈએ છીએ અને પછી વિટામિનની ગોળીઓ આરોગીએ છીએ. તળેલું ખાવાનું બંધ કરવા માટે હાર્ટએટેક જરૂરી બને છે.

નેપોલિયનની પ્રાર્થના અહીં યાદ આવે છે: "મેં સામ્રાજ્યો માગ્યાં તો તેં આપ્યાં, પણ મારા આત્માની પેટીની અંદર પુરાયેલી એ મારી વિનવણીને તેં કેમ નહીં સાંભળી? મારા એ આર્તનાદમાં સ્નેહાળ અને મૂંગી કરુણાને તેં તારા કાન સુધી પહોંચવા કેમ ન દીધી? જે અનંતકાળથી અનંત માનવસ્વરમાં, અનંત આસ્થાપૂર્વક તારી પાસે માગતી રહી છે, 'પ્રભો, બધું આપતાં પહેલાં કૃપા કરી મને એ બતાવ કે મારે તારી પાસે શું માગવું."

માણસ જો દુ:ખનું પૃથક્કરણ કરે તો એને સમજતાં વાર નહીં લાગે કે ઘણાંખરાં દુ:ખો એણે જાતે ઊભાં કરેલાં છે. મહાત્મા ઑગસ્ટીન આ વાત ખૂબ જ માર્મિક રીતે મૂકે છે: "તમે આપેલું દુ:ખ મને પ્રાણથી પ્યારું છે. પ્રભુ, એ ક્રમ તોડતા નહીં. દુ:ખના પર્વતો મારા આત્મા પર ફેંકતા જાવ પણ એક દયા મારી પર કરજો કે મારા પોતાનાં ઊભાં કરેલાં દુ:ખોથી મને અસ્પૃશ્ય રાખજો."

માણસની વિચિત્રતાની છબી જોયા પછી એક વધુ વાત જાણી લઈએ. આર્થર કૉસ્લર યુરોપનો જાણીતો નવલકથાકાર છે. પહેલાં એ સામ્યવાદી હતો, હવે નથી. યુરોપીય સંસ્કૃતિમાં પોતાનો ફાળો આપવા બદલ થોડાં વર્ષો પર એને કોપનહેગનમાં સોનિંગ પારિતોષિક મળ્યું. એને સ્વીકારતી વખતે એણે એક મહત્ત્વની વાત કરેલી. એણે કહેલું કે પોતાની જ ઉપજાતિ (Species)નાં એટલે કે પોતાની જ યોનિનાં પ્રાણીઓમાં વ્યકિતગત કે સામૂહિક કતલ માત્ર માનવપ્રાણીઓ જ કરે છે. અપવાદરૂપ થોડીક કીડીઓ અને ઉંદરોની જાતો સિવાય આખા પ્રાણીજગતમાં આવી હિંસા થતી નથી.

કૉસ્લરની વાત આપણી પ્રજ્ઞાને હચમચાવી મૂકે તેવી છે ને! લાખો વર્ષે ઉત્ક્રાંતિના ક્રમે આપણે જે મેળવ્યું તેનું સરવૈયું શું આ જ? વર્ષો વીતે છે અને આપણા તનમનની વિચિત્રતાઓનો ગુણાકાર થતો રહે છે કે શું? જવાબ ઢૂંઢવો સહેલો નથી. ચેખોવના શબ્દોમાં કદાચ આપણને જવાબ મળી જાય:

"પ્રત્યેક ક્ષણે તક મળતાં હું મારી અંદરના પશુનો નિયામક થવા માગું છું."

ડૉ. ગુણવંત શાહ

## વત્સો યાદ રાખજો

થાઈ પર્વત આગળ રહીને પસાર થતાં કન્ફયૂશિયસની નજર એક બાઈ ઉપર પડી. એક કબર આગળ બેસીને બાઈ કરુણ કલ્પાંત કરી રહી હતી. ગુરુએ પોતાનું વાહન તેની દિશામાં હંકાર્યું, અને ત્ઝે લુને તેને શું થયું છે એ પૂછવા મોકલ્યો.

"જેને દુ:ખ ઉપર દુ:ખ આવી પડયાં હોય તેના જેવું તારું કલ્પાંત છે.' ત્ઝે લુએ કહ્યું.

'એમ જ છે'. બાઈએ જવાબ આપ્યો: 'પહેલાં એકવાર આ સ્થળે મારા સસરાને વાઘે મારી નાખ્યો હતો, પછી મારા પતિને મારી નાખ્યો, અને હવે મારો પુત્ર પણ એ જ રીતે માર્યો ગયો છે.'

ગુરુએ પૂછ્યું: 'તો પછી તું શા માટે આ સ્થાનનો ત્યાગ કરી જતી નથી?'

જવાબ મળ્યો: 'કારણકે, અહીં શાસન જુલમગાર નથી.' એટલે પછી ગુરુએ કહ્યું: 'વત્સો, આ યાદ રાખજો, જુલમગાર શાસન એ વાઘના કરતાં પણ વધારે ભયાનક હોય છે.'

– 'બર્ટ્રાન્ડ રસેલ'

## મૃગશીર્ષ*

છો માર્યું વ્યાધે શર સીધ્ધું હાર્દમાં
દોડે છતાં આ મૃગશીર્ષ નિત્યે
આકાશને એક ખૂણેથી બીજે
કાઢયા વિના એ શર કાયમાંથી.
દોડી શકે જો મૃગશીર્ષ જેમ
પ્રારબ્ધ વિંધ્યો પુરુષાર્થ મારો!

(*માગસર મહિનાનું ખાસ નક્ષત્ર કે જેમાં તારાઓ, દોડતાં હરણ તથા તેની પાછળ પડેલા શિકારીની આકૃતિ ધરાવે છે. હરણની છાતીમાં તીર પણ તારાઓ દ્વારા અંકાયું છે.)

ગીતા પરીખ

# તેલનું અર્થકારણ

ખનિજ તેલના ઉત્પાદક આરબ દેશોએ ઈઝરાયલ અને ઈજિપ્ત વચ્ચેના ચોથા યુદ્ધમાં પોતાની આ કુદરતી સમૃદ્ધિનો યુદ્ધના એક અસ્ત્ર તરીકે ઉપયોગ કરીને જગતના વિકસેલા અને વિકસી રહેલા, ઔદ્યોગિક અને પછાત, સમૃદ્ધ અને બિનસમૃદ્ધ તમામ દેશો માટે એકાએક એવી સમસ્યા ઊભી કરી છે કે તેનાં પરિણામો કેવાં આવશે તે વિશે અત્યારથી કોઈ કાંઈ આગાહી કરી શકે નહિ. યુરોપના ઔદ્યોગિક દેશોને મોકલાવાતા તેલના પુરવઠામાં આરબ દેશોએ એવે સમયે કાપ મૂક્યો છે કે જ્યારે હવામાનને કારણે શીત કટિબંધમાં આવેલા એ દેશોમાં ઠંડી પડવા લાગે તથા એ ઠંડીથી બચવા ઘરમાં અને દુકાનોમાં, કારખાનાઓમાં અને મકાનોમાં ગરમી પેદા કરવા તેલ યા બીજા કોઈ પ્રકારના બળતણનો ઉપયોગ કરવો જ પડે; અને આવે સમયે તેલના પુરવઠામાં કાપ મૂકીને આરબ દેશોએ તેલના ઉપયોગમાં બચાવ કરવાના પ્રતિકારનાં પગલાં પણ મુશ્કેલ બનાવ્યાં છે અને આજે આરબ દેશોના ખનિજ તેલના આ બ્રહ્માસ્ત્રની પ્રચંડ વિનાશક શકિતથી હેબતાઈ જઈને યુરોપ અને અમેરિકાના ઔદ્યોગિક દેશો તથા જાપાન તેના પ્રતિકારના અવનવા માર્ગો અપનાવી રહ્યા છે. હજી તો આરબ દેશોના તેલયુદ્ધનો આ આરંભ જ છે. હજી તો તેલના પુરવઠા પરના કાપ મુકાયા પહેલાં રવાના થયેલાં તેલજહાજો મધદરિયે જ છે. તેઓએ પોતાના અગાઉના ભરેલા ભંડારો ખાલી કર્યા નથી તથા ઘણાખરા દેશોમાં રહેતા સહેજે દોઢબે મહિનો ચાલે તેટલા માલના જથ્થા ભરેલા છે. પણ કપાયેલા પુરવઠા સાથે રવાના થયેલાં જહાજો ઓછો ને ઓછો માલ ઉતારતાં જાય તથા અગાઉના પડેલા માલના જથ્થા વપરાતા જાય ત્યારે કેવી પરિસ્થિતિ ઊભી થશે એની તો કલ્પના જ કરવાની રહી. કારણ કે ઔદ્યોગિક દેશના સમગ્ર આર્થિક વિકાસની ઈમારતનું ચણતર ઔદ્યોગિક કારખાનાઓના સંચા ચાલુ રાખતા બળતણ ઉપર છે; અને એકસો પંદર વર્ષ પહેલાં ખનિજ તેલની શોધ થયા પછી ક્રમશઃ વધુ ને વધુ પ્રમાણમાં ખનિજ તેલ કોલસાને સ્થાનભ્રષ્ટ કરી રહેલ છે. જગતના ભાવિ આર્થિક પ્રવાહોની અવાર-નવાર આગાહી કરતા તજજ્ઞો છેલ્લાં પચાસ વર્ષમાં ઔદ્યોગિક વિકાસમાં કોલસાના ઘટેલા પ્રભુત્વની રેખાઓનું ઢળતું ને ઢળતું આલેખન કરતા આવ્યા છે અને લગભગ આ જ દાયકામાં તેઓની આગાહી મુજબ શકિતસર્જનના મહદ્ કાર્યમાં ખનિજ તેલ કોલસાની આગળ નીકળી જનાર હતું. આરબ દેશોએ બરાબર આ જ અરસામાં ઉગામેલા તેલના બ્રહ્માસ્ત્રથી કદાચ હવે તેઓને આ રેખાંકન નવેસરથી કરવું પડે એવા સંજોગો ઊભા કર્યા છે.

### ખનિજ તેલના ભાવોમાં કરાયેલો આકરો વધારો

આરબ દેશોએ ખનિજ તેલની પોતાની સમૃદ્ધિનો ઈઝરાયલ સામેના યુદ્ધમાં એક અમોઘ શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને તેના ઉત્પાદનમાં કાપ મૂકવાની સાથેસાથે તેઓએ એક બીજું એવું જ સર્વગ્રાહી પગલું ભર્યું છે, જેનાથી ઔદ્યોગિક દેશોના અર્થકારણ પર ધારી અસર તો થાય જ, પણ આરબ દેશો જોડે જેને જરા પણ વૈમનસ્ય ન હોય, ઈઝરાયલ જોડેના ઝઘડામાં જેઓએ જરા પણ દરમ્યાનગીરી કરી ન હોય, કે આરબ દેશોની વિરુદ્ધનું કાંઈ પગલું ભરેલું ન હોય તેવા ભારત જેવા તટસ્થ દેશોના અર્થકારણ પર પણ ભારે પ્રતિકૂળ અસર થવાની દહેશત ઊભી થઈ છે. આ પગલું છે ખનિજ તેલના ઉત્પાદનના ઘટાડાની સાથેસાથે તેના ભાવોમાં એકાએક બમણો અને ત્રણગણો વધારો કરવાનું. માત્ર બાર જ મહિના પહેલાં ખનિજ તેલનો સર્વમાન્ય ભાવ એક બેરલ એટલે કે તેલ ભરવામાં સર્વત્ર વપરાતા બસો લિટરના પીપનો એક ડૉલર અને ત્રીસ સેન્ટ કે એની આજુબાજુનો ભાવ બોલાતો હતો અને ત્યારે તેના ભાવમાં દસ-વીસ સેન્ટનો વધારો થાય તે સામે પણ ભારે ઊહાપોહ થતો હતો. પણ તેલ-યુદ્ધ શરૂ થાય તે પહેલાં જ આરબ દેશોએ ખનિજ તેલના ભાવમાં વધારો કરવાની શરૂ કરી દીધેલી પ્રવૃત્તિને યુદ્ધના આરંભ બાદ એકદમ વેગ આપ્યો છે તથા માત્ર બાર જ મહિનામાં ખનિજ તેલના ભાવ ત્રણગણા, બેરલના ત્રણ ડૉલર અને આઠ સેન્ટ જેટલા તો કયારના બોલાવી દીધા છે અને હજી તેઓ ભાવો વધારતા જ જાય છે. તેલના પુરવઠા પર કાપ મૂકવાની તેઓની પ્રવૃત્તિ તો માત્ર યુરોપના સાત ઔદ્યોગિક દેશો તથા અમેરિકા અને જાપાન એમ નવ દેશોને જ સ્પર્શે છે. અને આરબ દેશોએ આ કાપમાંથી આપણને બાકાત રાખીને આપણા પર ભારે ઉપકાર કર્યો હોય તેવો દેખાવ કરાઈ રહ્યો છે, પણ તેલના ભાવવધારાની પ્રવૃત્તિ તો કાપવાળા અને કાપ વગરના સર્વ દેશોને એકસાથે સ્પર્શી જાય છે; અને એકાએક ખનિજ તેલના ચડાવી દેવાયેલા ત્રણગણા ભાવને કારણે કાપ હોય કે ન હોય પણ તેલની આયાત પર કાપ મૂકવાનું, કાપ વગરના અનેક દેશો માટે અનિવાર્ય બની રહેશે અને એ કારણે તેલનો પુરવઠો ઘટવાની તથા તેના ભાવ વધવાની આપણા દેશના અર્થકારણ પર કેવી અસર થાય તે હવે જોઈએ.

* * *

### બાર વર્ષમાં તેલની આયાતમાં ત્રણગણો વધારો

છવ્વીસ વર્ષ પહેલાં આપણે સ્વતંત્ર થયા ત્યારે ખનિજ તેલનું દેશમાં ઘણું જ ઓછું ઉત્પાદન થતું હતું. તેલનું વિશુદ્ધિકરણ કરવાના એટલે કાચા ખનિજ તેલમાંથી પેટ્રોલ, કેરોસીન વગેરે રોજ-બ-રોજના વપરાશની વસ્તુઓ બનાવવાનું કોઈ કારખાનું પણ દેશમાં બંધાયું નહોતું અને એ માટે આપણે સદંતર પરાધીન હતા. બે દાયકા પહેલાં મુંબઈમાં રિફાઈનરીઓ ઊભી થઈ તથા વિશુદ્ધિકરણનાં પ્રથમ કારખાનાં સોળ-સત્તર વર્ષ અગાઉ ચાલુ થયાં અને એ પછીનાં બે-ત્રણ વર્ષમાં ગુજરાતનાં તેલક્ષેત્રોમાં પણ શારકામ શરૂ થયાં અને એમ સ્વાતંત્ર્ય બાદ કાચા ખનિજ તેલના ઉત્પાદનમાં તેમ જ કાચા તેલમાંથી રોજ-બ-રોજના વપરાશની વસ્તુઓ બનાવવાની દિશામાં આપણે ઠીક ઠીક પ્રગતિ કરી છે એમ કહી શકાય.

નવી રિફાઈનરીઓ ચાલવા લાગી તેમ તેમ કાચા ખનિજ તેલની આયાત વધતી ગઈ અને તૈયાર પેદાશોની આયાત ઘટતી ગઈ, જે છેલ્લાં બાર વર્ષના કાચા તેલની આયાતના નીચે આપેલા આંકડાઓ પરથી સ્પષ્ટ થશે.

**ખનિજ તેલ અને તેલની પેદાશોની આયાત**

| વર્ષ | કુલ આયાત (કરોડ રૂપિયા) | ક્રુડ તેલ | પેટ્રોલ, ઘાસલેટ વગેરે પેદાશો |
|---|---|---|---|
| ૧૯૬૦-૬૧ | ૬૯.૫૨ | ૧૭.૩૬ | ૫૨.૦૭ |
| ૧૯૬૫-૬૬ | ૬૮.૪૨ | ૩૪.૮૭ | ૩૩.૩૫ |
| ૧૯૬૯-૭૦ | ૧૩૭.૯૧ | ૯૬.૩૩ | ૪૧.૨૪ |
| ૧૯૭૦-૭૧ | ૧૩૬.૦૧ | ૧૦૫.૯૦ | ૩૦.૦૦ |
| ૧૯૭૧-૭૨ | ૧૯૪.૫૭ | ૧૪૭.૪૭ | ૪૬.૬૭ |
| ૧૯૭૨-૭૩ | ૨૦૪.૨૭ | ૧૪૪.૮૩ | ૫૯.૨૧ |

આ જ સમય દરમિયાનમાં આપણા દેશમાં તેલની પેદાશોનું ઉત્પાદન ત્રણગણું વધ્યું છે, જે નીચેના કોષ્ટક પરથી સમજાશે :

**તેલની પેદાશોનું ઉત્પાદન**

| | | |
|---|---|---|
| ૧૯૬૦ | ૫૭,૪૮,૦૦૦ | ટન |
| ૧૯૬૫ | ૯૧,૨૦,૦૦૦ | ટન |
| ૧૯૬૯ | ૧,૬૧,૪૦,૦૦૦ | ટન |
| ૧૯૭૦ | ૧,૭૦,૮૮,૦૦૦ | ટન |
| ૧૯૭૧ | ૧,૮૨,૦૪,૦૦૦ | ટન |
| ૧૯૭૨ | ૧,૮૨,૨૮,૦૦૦ | ટન |

હાલ આપણા દેશમાં પેટ્રોલ, ઘાસલેટ, ડીઝલ, નેપ્થા વગેરે તેલની પેદાશોની કુલ લગભગ બે કરોડ ટન જેટલી ખપત છે. આ ખપતને પહોંચી વળવા લગભગ બોતેર લાખ ટન જેટલું, એટલે કે ત્રીજા ભાગનું ખનિજ તેલ દેશમાંથી મળી આવે છે અને લગભગ એક કરોડ અઠ્ઠાવીસ લાખ ટન જેટલા તેલની આયાત કરવી પડે છે. આમ જ્યાં સુધી કુલ કાચા તેલનું વધુ ખનિજ મેળવાય નહિ ત્યાં સુધી તેલની જરૂરિયાતોને પહોંચી વળવા આપણે પરદેશ પર આધાર રાખવો જ રહ્યો અને આયાત મોંઘી પડે તો તેના પર કાપ મૂકવો પડે.

**થોડો નિકાસવેપાર**

દેશમાં તેલના વિશુદ્ધિકરણનાં કારખાનાં શરૂ થતાં છેલ્લાં દસ–બાર વર્ષથી તેલની આયાતની સામે આપણે થોડીઘણી તેલની પેદાશોની નિકાસ પણ શરૂ કરી છે. નિકાસના આંકડા નીચે મુજબ છે :

**તેલની પેદાશોની નિકાસ**

| વર્ષ | કરોડ રૂપિયા |
|---|---|
| ૧૯૬૦–૬૧ | ૭.૪૧ |
| ૧૯૬૫–૬૬ | ૯.૩૧ |
| ૧૯૬૯–૭૦ | ૯.૪૯ |
| ૧૯૭૦–૭૧ | ૧૨.૫૮ |
| ૧૯૭૧–૭૨ | ૧૧.૫૮ |
| ૧૯૭૨–૭૩ | ૩૨.૧૨ |

આમ તેલના ઉદ્યોગમાં આપણે પરદેશથી તેલ આયાત કરી તેમાંથી બનાવેલી વસ્તુઓ નિકાસ કરવાની પ્રવૃત્તિનો હજુ તો આરંભ કર્યો હતો તે અરસામાં જ તેલની કટોકટી આવી પડી છે અને તેની સર્વપ્રથમ અસર તો ખનિજ તેલની બનાવટોના આપણા નિકાસવેપાર પર પડયા વગર રહેવાની નથી.

**પેટ્રો–કેમિકલ્સ ઉદ્યોગો**

માત્ર છેલ્લા દાયકામાં જ આપણા તેલઉદ્યોગે સાધેલી પ્રગતિની સાથેસાથે તેલની બનાવટોમાંથી રસાયણો બનાવવાના આધુનિક પેટ્રો–કેમિકલ્સ ઉદ્યોગનું આપણા દેશમાં મંડાણ થઈ ચૂક્યું છે. આ ઉદ્યોગ પર પણ તેલની કટોકટીની પ્રતિકૂળ અસર થયા વગર રહેશે નહિ. તેને તેલની પેદાશોના વધુ દામ ચૂકવવા પડશે તથા પરિણામે પોતાની બનાવટોના ભાવ વધારવા પડશે અને તેના વધેલા ભાવને કારણે એ બનાવટોમાંથી ઉત્પન્ન થતી અનેક ચીજ-વસ્તુઓના ભાવ વધશે અને એક વિષચક્રની જબરજસ્ત પ્રક્રિયા ખડી થઈ જશે. રાસાયણિક ખાતર, માનવસર્જિત રેસાઓ બનાવવાનાં દ્રવ્યો, પ્લાસ્ટિક વગેરે અનેક ઉદ્યોગો આ પ્રક્રિયામાં સપડાઈ જશે. આ પ્રક્રિયાની દેશના સમગ્ર અર્થકારણ પર કેવી અસર થશે તે તો હજી જોવાનું જ રહે છે. તેનો અત્યારથી કાંઈ કયાસ કાઢવાનું શકય નથી. કારણ કે તેલના ભાવ વધારવાની આરબ દેશોની પ્રવૃત્તિ હજી ગતિમાન છે. તે કેવો વળાંક લેશે કે કયાં જઈ અટકશે તથા બેરલના દસ ડૉલર જેટલા ભાવ લેવાના બોલાઈ રહેલા આંકડાને તેઓ કયારના વટાવી ગયા છે. ઈરાનને તાજેતરમાં પોતાના તેલના લિલામમાં સોળથી સત્તર ડૉલર ઊપજ્યા છે.

**તેલનો કેટલો બચાવ થઈ શકે?**

આમ છતાં ચોક્કસ પ્રમાણમાં ખનિજ તેલની આયાત તો કરવી જ પડે. મોટરમાં વપરાતા પેટ્રોલનો થોડોઘણો બચાવ થઈ શકે, પણ તેના પર વધુ પડતો કાપ શકય નથી. ઘાસલેટ હજી આપણા દેશમાં ઘરગથ્થુ બળતણનો મુખ્ય આધાર છે અને તેના વપરાશમાં પણ વધુ પડતા પ્રમાણમાં બચાવ શકય નથી. દેશમાં તેલની નવ નવ રિફાઈનરીઓ બંધાવા લાગતાં વીજળીનાં કેટલાંક કારખાનાં તથા કાપડની કેટલીક મિલો કોલસાને બદલે બળતણ તરીકે તેલના ઉપયોગ તરફ વળ્યાં હતાં. ખુદ રેલવે તંત્રે પણ એન્જિનોમાં કોલસા બાળવાને બદલે ડીઝલ તેલનો ઉપયોગ સારા પ્રમાણમાં વધારી દીધો છે અને કોલસાથી ચાલતાં વરાળનાં એન્જિનો બનાવવાનું જ બંધ કર્યું છે. આ બધાં કારખાનાંઓ તથા કાપડની મિલો ફરી તેલને બદલે કોલસા વાપરવા લાગે તો તેલની ખપતમાં સારો જેવો બચાવ થઈ શકે તેમ છે અને તેલના વધતા ભાવોની આપણા દેશના અર્થકારણ પર પડનારી વ્યાપક અસરને પહોંચી વળવા તેની ખપતમાં બચાવ કરવાની જે જરૂર ઊભી થવાની છે તેને કારખાનાઓ તથા એન્જિનોમાં તેલના બળતણ તરીકે થતા ઉપયોગમાં ઘટાડો કરીને જ પહોંચી શકાશે.

છેલ્લાં કેટલાંક વર્ષથી આપણા દેશમાં ખનિજ તેલના એક દ્રવ્ય નેપ્થાને આધારે રાસાયણિક ખાતરના કારખાનાનું આયોજન થઈ રહ્યું છે. નેપ્થાને બદલે રાસાયણિક ખાતરના ઉત્પાદનમાં કોલસા અને ખાસ કરીને લિગ્નાઈટના નામથી ઓળખાતા કાચા કોલસાનો ઉપયોગ થઈ શકે છે, અને રાસાયણિક ખાતરના કારખાનાનું એ રીતે આયોજન કરવાની હિમાયત પણ થયા કરી છે, છતાં એ બાબત પર જોઈએ તેટલું લક્ષ આપાયું નથી. હવે તે અનિવાર્ય બનશે. આમ તેલને સ્થાને મોટા ઉદ્યોગોમાં, વીજળીના કારખાનાઓમાં, કાપડની મિલોમાં અને રેલવેનાં એન્જિનોમાં ફરી કોલસાનો ઉપયોગ ચાલુ થાય તો ખનિજ તેલની આયાતમાં સારા પ્રમાણમાં બચાવ થઈ શકે તેમ છે.

**પ્રશ્ન કોલસાની હેરફેરનો છે**

એટલે તેલની અછતને પહોંચી વળવાનો સહેલામાં સહેલો તથા સરળમાં સરળ ઉપાય તેને બદલે કોલસાનો ઉપયોગ વધારવાનો છે. કોલસાની આપણા દેશમાં અછત નથી, બલ્કે છત છે. આપણે તેનું પૂરતું ઉત્પાદન કરી શકતા નથી અને જે માલનું ઉત્પાદન થાય છે તેને પણ કાર્યક્ષમ રીતે ખસેડી શકતા નથી. આપણા દેશના અર્થકારણના આણઊકલ્યા જટિલ પ્રશ્નોમાં કોલસાની યોગ્ય હેરફેરનો પ્રશ્ન અગ્રસ્થાને રહેલો છે. આજે પણ એ જ પ્રશ્ન અગ્રસ્થાને છે અને માત્ર આ એક પ્રશ્નનું નિરાકરણ થાય તો બીજા ઘણા દેશો કરતાં આરબ દેશોએ આજે પોતાના રાજકીય હેતુ માટે ઉગામેલા તેલના શસ્ત્રનો પ્રતિકાર આપણે વધુ સારી રીતે કરી શકીશું.

**મોહનલાલ ગાંધી**

## સૌના ઉપર પ્રેમ રાખો

★ સૌના ઉપર પ્રેમ રાખો અને પછી જેમ ઈચ્છો તેમ કરો.
**—સન્ત ઓગસ્ટીન.**

★ તારું કોઈ બગાડે તો એ પોતાનું હિત સાધવા બગાડે. આમ તારા કરતાં એનું પોતાનું હિત એ વધારે પસંદ કરે તો તેમાં એના ઉપર ક્રોધ કરવાનું કારણ શું? **—બેકન.**

★ કોઈના ઉપર વેર રાખવું એટલે આપણને વાગેલા ઘાને દુખતો રાખવો. **—બેકન.**

# શબ્દનો લય મૌનમાં

આપણે ત્યાં મૌનમંદિરો હોય તો સારું એવી હવા હમણાં હમણાં ફેલાવા માંડી છે. અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં અને દેશનાં અન્ય સ્થળોએ આવાં મંદિરો અસ્તિત્વમાં આવવાં માંડયાં છે. ભારતીય ધર્મમાં આદિકાળથી મૌનનો મહિમા થતો આવ્યો છે. પણ વીજળીના આગમન સાથે, રેડિયો, ટેલિવિઝન, લાઉડસ્પીકરો વગેરે સાધનોએ એટલો ઘોંઘાટ વધારી દીધો છે કે માણસ તેનાથી વાજ આવી ગયો છે. કારખાનાં, મિલો, વાહનવ્યવહારનાં સાધનો આદિ એટલો ભયંકર અવાજ કરે છે કે માણસ ખરેખર તંગ થઈ ગયો છે. ઘોંઘાટ વિનાનો દિવસ શહેરીઓ માટે દોહ્યલો બની ગયો છે. એ પરિસ્થિતિમાં મૌનસ્થાનો અથવા મૌનમંદિરો પ્રત્યે માણસ આકર્ષાય તે સમજી શકાય તેવું છે.

એવાં સ્થાનકોની સગવડ હોય ત્યાં વ્યકિતને ઓછી મૂંઝવણ નડે અને અવાજથી કંટાળે ત્યારે ત્યાં જઈને અનુકૂળતા પ્રમાણે સમય ગાળી શકે. પણ આવાં સ્થાનકો ધમાલ—ધાંધલવાળા વિસ્તારમાં રાખી શકાય નહીં. જ્યાં વાહનવ્યવહારની અને માણસોની ઓછી અવરજવર હોય કે બિલકુલ અવરજવર ન હોય ત્યાં આવાં સ્થાનો રાખી શકાય. પણ શહેરમાં એવાં સ્થાનોય સલામત નથી. વારે-તહેવારે કે શુભ પ્રસંગે દિવસ—રાતનો મોટો ભાગ સિનેમાનાં ગીતો લાઉડસ્પીકર ઉપરથી એટલા મોટા અવાજે મુકાતાં હોય છે કે એનાથી બચવા માટે બારી-બારણાં બંધ જ કરવાં પડે.

આવી વિષમ પરિસ્થિતિમાં નિ:શબ્દતાનું, નીરવતાનું, શાંતિનું મહાત્મ્ય સમજાય છે. પ્રાચીન કાળથી આપણા દેશમાં અને એશિયાના અન્ય દેશોમાં અવાજવિહોણી અવસ્થા હાંસલ કરવા વિચારકોએ ચિંતન કર્યું છે. ઝેન માર્ગમાં એવી કથા છે કે જાપાનમાં થઈ ગયેલા ઝેન ધર્મગુરુ શોઈચી મૌનના મોટા ચાહક હતા. એક આંખવાળા આ ગુરુ પરમ જ્ઞાનીપુરુષ હતા. ટોફુકુના મંદિરમાં તેઓ શિષ્યો સાથે રહેતા. દિવસ-રાત આ મંદિરમાં નીરવ શાંતિ પથરાઈ રહેતી. ધ્વનિને એક પણ સૂર વાતાવરણને સ્પર્શતો નહીં. ગુરુએ મંદિરમાં ધાર્મિક સ્તોત્રો ઉચ્ચારવાની ય મના કરેલી એટલે એમના શિષ્યો દિવસ-રાત ધ્યાનમાં મગ્ન રહેતા. એક દિવસ ધર્મગુરુ કાળધર્મને પામ્યા. મંદિરની બાજુમાં દશકાઓથી રહેતી સ્ત્રીએ મંદિરમાં ઘંટનાદ થતો અને સ્તોત્રો ઉચ્ચારાતાં સાંભળ્યાં. એને ખાતરી થઈ ગઈ કે શોઈચીએ દેહ છોડી દીધો છે. નીરવ શાંતિને અહીં જીવન સાથે સંબંધ હતો, અવાજને મૃત્યુ સાથે. બહારના અવાજમાં પોતાનો અવાજ ન ઉમેરવા, પોતાના અંદરના ઈશ્વરને ન ડહોળાવા દેવા મૌન અસ્તિત્વમાં આવ્યું.

સદીઓ પહેલાં આપણે ત્યાં દક્ષિણામૂર્તિએ એક શ્લોકમાં મૌનની વિશિષ્ટતાને ઉત્તમ રીતે પ્રગટ કરી છે:

> चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्याः गुरुर्युवा ।
> गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ।।

આ શ્લોકનું શાંતિથી પઠન કરતાં એક અનોખું દશ્ય આપણી નજર સમક્ષ ખડું થશે.

વટવૃક્ષ નીચે ગુરુ અને શિષ્યો એકત્રિત થયા છે. મધ્યકાલીન યુગ સુધી આપણા દેશમાં એ ઘટના સામાન્ય હતી. આ સદીમાં પણ શાંતિનિકેતન અને ગાંધીપ્રેરિત કેટલીક સંસ્થાઓમાં આ દશ્ય જોવા મળે છે. પણ વિચિત્ર બાબત, જલદી ન સમજાય તેવી બાબત, પછી આવે છે: શિષ્યો વૃદ્ધ છે, ગુરુ યુવાન છે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર નજર કરીએ તો તેમાં ઊઘડતાં ફૂલ જેવાં સુંદર બાળકો, સાગરનાં મોજાંઓની જેમ ઊછળતા કિશોરો, પરોઢના આકાશી રંગો જેવા ચંચળ યુવાનો જોવા મળે છે. શિક્ષકો અને અધ્યાપકો જૂજ અપવાદ સિવાય શિષ્યોથી ઉમ્મરે મોટા જ રહ્યા છે. આ શ્લોકમાં એથી ઊલટું કહ્યું છે. વિશેષ વિચારણા માગી લે તેવું કહ્યું છે. પણ આપણે મૌનની વાત કરી રહ્યા છીએ. શ્લોકની બીજી પંકિતમાં ગુરુ કશું બોલ્યા વિના વ્યાખ્યાન આપે છે તે વિચારવા જેવું છે. મૌન અને વ્યાખ્યાન એ બંને શબ્દો પાસેપાસે આવે ત્યારે અને એકબીજાની સાથે આ રીતે સંબંધિત હોય ત્યારે દેખીતી મુશ્કેલી ઊભી કરે છે! મૌનમાં બોલાતી વાણીને અવકાશ નથી. શબ્દ ત્યાં શાંત થઈ જાય છે. વ્યાખ્યાનને વાણી સાથે જ લેવાદેવા છે, શબ્દોને તેનો સધિયારો લેવો પડે છે. આપણે એમ માનીએ છીએ કે ચર્ચાથી, સમજાવટથી કે વાતચીતથી વ્યકિતના સંશયો છેદી શકાય છે. અહીં એ કાર્ય મૌન કરે છે. ગુરુ બોલતા નથી છતાં શિષ્યોના સંશયો નષ્ટ થઈ ગયા છે. અહીં મૌન ભાષા બની ગઈ છે. ગુરુ શાંત છે, છતાં વિદ્યાર્થીઓનાં ચિત્તમાં દોડધામ છે. વિચારોના સરવાળા - બાદબાકી, ગુણાકાર - ભાગાકાર થઈ રહ્યા છે- સારા - નરસાંનો વિવેક ચાલી રહ્યો છે; સત્યની ઊંડી ખોજ ચાલી રહી છે. ગુરુની દષ્ટિ અથવા કહો કે સમગ્ર ચેતના શિષ્યોમાં જિજ્ઞાસાનું સ્પંદન શરૂ કરે છે. એટલે અહીં એટલું ફલિત થયું કે મૌનથી ક્રિયા અટકતી નથી. ઉચ્ચારેલો શબ્દ જેમ કોઈ વ્યકિતમાં ગતિનો સંચાર કરે છે તેમ આચરણમાં ઊતરેલો શબ્દ પણ વ્યકિત ઉપર ઊંડી અસર કરે છે. સમર્થ વ્યકિતઓનાં ચક્ષુઓમાં વાણી મૌન ધારણ કરીને બેઠી હોય છે એમ કહેવાય છે. એમની દષ્ટિ જ આપણા ચિત્તને ઉચ્ચ અને દિવ્ય વિચારોથી ભરી દેતી હોય છે. પરમતત્ત્વ સાથે સંપૂર્ણ અનુસંધાન થઈ ગયા પછી વાણી અને મૌન વચ્ચેનો ભેદ ઓગળી જાય છે. પછી વાણી અને મૌનની સમાન અસર ઊપજતી હોય છે.

વિનોબાએ 'ગીતાઈ ચિન્તનિકા'ની પ્રસ્તાવનામાં કહ્યું છે કે 'એ પણ ભૂલવું ન જોઈએ કે આત્મચિંતનની મંઝિલ હાંસલ કરવા માટે આખરે શબ્દને અલગ જ રાખી દેવો પડે છે. પરંતુ આ કામ પણ શબ્દની મદદથી જ થયા કરતું હોય છે.' જ્ઞાનદેવે 'અમૃતાનુભવ'માં શબ્દનું વારંવાર ખંડન કર્યું છે. તેઓ કહે છે:

**તૈસા આત્મા સચ્ચિદાનંદુ । આપણ યા આપણ સિદ્ધુ ।।**
**આતાં કાય દે શબ્દુ । તયાચે તયા ।।**

'તે જ પ્રમાણે સચ્ચિદાનંદરૂપ આત્મા સ્વત: સિદ્ધ છે જ; એટલે શબ્દ આત્માને આત્મત્વ શું આપવાનો હતો વારુ? નિત્ય પ્રાપ્તને શબ્દ શું આપી શકે?' આની આલોચના કરતાં વિનોબાએ કહ્યું છે કે આથી શબ્દનું ખંડન તો થયું, પણ શબ્દની મદદથી જ. એટલે કે શબ્દ જ ચઢિયાતો સાબિત થયો. એટલે કે તુકારામની એ અંગેની ભૂમિકા સ્વીકારવી જ વધુ વાસ્તવવાદી થશે કે 'આમ્હાં ઘરીં ધન શબ્દાચીં ચ રત્ને'. શબ્દાચીં ચ શસ્ત્ર જતન કરૂં. શબ્દ ચ આમુચ્યા જીવા ચેં જીવન.' શબ્દરૂપી રત્ન જ અમારું ધન અને શસ્ત્ર છે. શબ્દ જ અમારો જીવન-રસ છે. એનું અમે રક્ષણ કરીશું.' આમ જ્ઞાનદેવે શબ્દનું ખંડન કર્યું છે અને તુકારામે શબ્દનું મંડન કર્યું છે. તો પછી સાચું શું? શબ્દથી શબ્દને પૂરેપૂરો નહીં પમાય તે. શબ્દને પામવા માટે એનું જ અંતિમ બિંદુ મૌન છે, તેને જાણવું પડશે અને તેને શરણે જવું પડશે. શબ્દ મૌનમાં લય પામે છે ત્યારે તે પરાવાણી બની જાય છે.

**કાન્તિલાલ કાલાણી**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. ટે નં ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.